Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી ભાગ-૯

આદિ શંકરાચાર્ય વિરચિત

છાંદોગ્યોપનિષદ્-ભાષ્ય

(મૂળ સંસ્કૃત અને ગુજરાતી અનુવાદ સહિત)

સંપાદક
ગૌતમ પટેલ

પ્રકાશક
સંસ્કૃત સેવા સમિતિ
અમદાવાદ

અનુવાદક
નીલમ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

RA
220
પટેલ - દ
129357
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સંસ્કૃત સેવા સમિતિએ કેટલાક સમયથી એક મહત્ત્વાકાંક્ષી આયોજન વિશ્વના સંસ્કૃત પ્રેમીઓની સહાયથી આરંભ્યુ છે, એ છે આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી. આદિ શંકરાચાર્ય જેવી મહાન વિભૂતિ ભારતની ભૂમિમાં અવતરી અને તેઓશ્રીએ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનો પુનરુદ્ધાર કર્યો. મૃતપ્રાયઃ બનેલી વૈદિક વિચારધારાને પુનઃ પ્રસ્થાપિત કરી. જો આદિ શંકરાચાર્ય ન હોત તો આજે આપણે હિન્દુ ન હોત, આ નક્કર હકીકત છે.

આ મહાન આચાર્યે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા, વિષ્ણુસહસ્ર-નામ વગેરે ગ્રંથો ઉપર ભાષ્યો રચ્યાં છે. તો વિવેકચૂડામણિ જેવા અનેક મૌલિક પ્રકરણ ગ્રંથોનું સર્જન કર્યું છે. બીજી બાજુ અનેક દેવ-દેવીઓના સ્તોત્રોની રચના કરી છે. આ સહુને ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કરવાનું આયોજન સંસ્કૃત સેવા સમિતિએ કર્યું.

તેનો નવમો ભાગ છાંદોગ્યોપનિષદ્-ભાષ્ય પ્રકાશિત થઈ રહ્યો છે.

શ્રીમતી નીલમ ગૌતમ પટેલ

૧૬ નવે. ૧૯૪૪માં જન્મેલા શ્રીમતી નીલમ ગૌતમ પટેલ સંસ્કૃતમાં એમ.એ.; એમ. ફિલની પદવી ધરાવે છે. તબિયતની નાજુકતાને કારણે પી.એચ.ડી. અપૂર્ણ રહ્યું. તેઓ દ્વારા સંપાદિત કાલિદાસના ઋતુસંહારની અમરકીર્તિગણિની ટીકા વિદ્વાનોમાં નોંધપાત્ર બની છે. મેઘદૂત પરના ગુજરાતી રૂપાન્તરો, જપમાળા આદિ શંકરાચાર્ય ગ્રંથાવલી વગેરે ગ્રંથોના પ્રણયનમાં તેઓએ લેખિકા કે સંપાદિકા તરીકે સેવા આપી છે.

અનેક રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય પરિસંવાદોમાં કે સંસ્કૃતના પ્રચાર પ્રસારમાં તેઓ તેમનાં પતિ ગૌતમ પટેલની સાથે યુ.એસ.એ., યુ.કે. ઇટલી, સ્વીઝરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, કેનેડા વગેરે સ્થળે તેમજ ભારતમાં અનેક સ્થળે પરિભ્રમણ કરી ચૂક્યા છે અને કરી રહ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Blessing Dipak



Parama Pujya Brahmalin Swami Krupalanadji Maharaja

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Maniben C. Patel
Mother

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Chhotabhai N. Patel
Father

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Nirmala & Gopal Patel

Maniben - Nirmala



Patel Family

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



Maniben & Dipak



Uncle Shankerbhai Patel



Rajnikant (Bhikhu)

Dr. Amber Patel

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રકાર :
નિર્મલા અને ગોપાલ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રકાર :
નિર્મલા અને ગોપાલ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રકાર :
નિર્મલા અને ગોપાલ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી ભાગ-૯

આદિ શંકરાચાર્ય વિરચિત

છાન્દોગ્યોપનિષદ્-ભાષ્ય

(મૂળ સંસ્કૃત અને ગુજરાતી અનુવાદ સહિત)



: સંપાદક :
ગૌતમ પટેલ

: અનુવાદક :
નીલમ પટેલ

पुस्तकालय
129357
गुरुकांगड़ी विश्वविद्यालय

R220,PAT-C
129357

સંસ્કૃત સેવા સમિતિ

અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Adi Shankaracharya Granthavali Part IX
Shri Shankaracharya Virachita
CHHANDOGYOPANISHAD-BHASHYA
[With Sanskrit Text and Gujarati Translation]

❖

© Editor, Gautam Patel

❖

Translator : Nilam Patel

❖

Copies : 1000
Price : Rs. 400/-
First Edition : 2009

❖

Publisher :
SANSKRIT SEVA SAMITI
"Valam", L-111, Swatantrya Senani Nagar,
Nava Wadaj, **Ahmedabad - 380 013**. INDIA.
Phone : (079) 27621610 • 99250-11901

❖

Typesetter :
TITHI GRAPHICS
B/2, Uma Flats, B/h. Vishramnagar,
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380 052.
Phone : (079) 27476419 • 9824555083

❖

Printer :
GUJARAT OFFSET
Vatva, **Ahmedabad.**

RA
220
પટેલ -દ

અનુક્રમ

- પ્રથમ અધ્યાય ૧-૪૫
- દ્વિતીય અધ્યાય ૪૬-૭૯
- તૃતીય અધ્યાય ૮૦-૧૧૭
- ચતુર્થ અધ્યાય ૧૧૮-૧૫૦
- પાંચમો અધ્યાય ૧૫૧-૧૯૫
- છઠ્ઠો અધ્યાય ૧૯૬-૨૪૨
- સાતમો અધ્યાય ૨૪૩-૨૭૪
- આઠમો અધ્યાય ૨૭૫-૩૨૧
- મંત્રાનુક્રમણિકા ૩૨૨-૩૨૮



: સૌજન્ય :
દીપકબેન પટેલ
ન્યુ જર્સી, યુ.એસ.એ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીપકબેનનું દીપક કાર્ય

વિશ્વમાં તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે જો કેવળ દસ જ વ્યક્તિનું નામ આપવાનું હોય તો તેમાં આદિ શંકરાચાર્યનું નામ અવશ્ય આવે અને આવે જ. તેઓને ભારતીય પરંપરામાં જગદ્‌ગુરુનું હુલામણું બિરૂદ આપવામાં આવ્યું છે અને વિચારકો સર્વથા સહમત થાય છે કે આ બિરૂદ કેવળ તેઓશ્રીના તત્ત્વજ્ઞાનક્ષેત્રે પ્રદાનને આધારે છે.

આદિ શંકરાચાર્ય જ્યારે આવ્યા ત્યારે ભારતની ભૂમિમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે એક પ્રકારનો અંધકાર પ્રવર્તતો હતો. ધર્મનું સ્થાન આડંબરે લીધું હતું. સંપ્રદાયો અનેક થઈ ગયા હતા અને સહુ પોતપોતાનો શંખ ફૂંકતા હતા. સામાન્ય માનવી તો દ્વિધામાં હતો. વહેમ અને જડતાએ સમાજમાં પોતાના મૂળ બહુ જ ઊંડા નાંખી દીધા હતા. ધર્મના નામે ચાલતી લૂંટથી પ્રજા 'ત્રાહિ મામ્ ત્રાહિ મામ્' પોકારી ઉઠી હતી. વાસ્તવમાં સામાન્ય માનવી દિશાશૂન્ય અને દશાહીન બની ગયો હતો.

આ સમયે આદિ શંકરાચાર્ય પધાર્યા. જાણે ગાઢ અંધકારમાં તેજસ્વી સૂર્યોદય થયો. તેઓ જન્મજાત પ્રતિભાથી યુક્ત હતા. પરંપરામાં પ્રચલિત એક શ્લોક મુજબ આઠ વર્ષની વયે તેઓને ચારેય વેદનું જ્ઞાન હતું. બાર વર્ષની વયે તેઓ સઘળા શાસ્ત્રોના જાણકાર બની ગયા. વધુ તો શું, સોળ વર્ષની વયે અનેક ગ્રંથો ઉપર વિદ્વત્તાપૂર્ણ ભાષ્યોની રચના કરી અને સમગ્ર ભારતમાં પગે ચાલીને બે વાર પરિભ્રમણ કર્યું. દ્વારકા, જગન્નાથપુરી, જોષીમઠ (બદરીનારાયણ પાસે) અને શૃંગેરીમાં મઠોની સ્થાપના કરી. ભારતભ્રમણ દરમ્યાન અનેક વિરોધીઓને પોતાની આગવી વિદ્વત્તાથી શાસ્ત્રાર્થમાં પરાસ્ત કર્યા અને ફક્ત ૩૨ વર્ષની ઉંમરે બ્રહ્મલીન થઈ ગયા.

સનાતન ધર્મ (જેને આજ હિન્દુ ધર્મ કહીએ છીએ) તેનો પુનરુદ્ધાર કર્યો. અદ્વૈતવાદ-કૈવલાદ્વૈતવાદની અનેક દાખલા-દલીલો અને તર્કપુરઃસર સ્થાપના કરી. ઉપનિષદ્‌ના વિચારોને વ્યવસ્થિત રીતે રજૂ કર્યા. આપણને આશ્ચર્ય થાય તે રીતે સ્તોત્રો, પ્રકરણગ્રંથો અને ભાષ્યોની રચના કરી. એમને આપણી પરંપરા અવતારી પુરુષ માને છે અને ભગવાન શિવનો અવતાર ગણાવે છે.

આજનો બુદ્ધિજીવી વર્ગ કદાચ અવતારની વાત માને કે ન માને પણ એક અલૌકિક, દિવ્ય કે ચમત્કારિક શક્તિથી આદિ શંકરાચાર્ય સંપન્ન હતા. આવી પ્રતિભા સામાન્ય માનવીની ન હોઈ શકે, તે તો કોઈ દિવ્ય વિભૂતિ જ હોઈ શકે.

આદિ શંકરાચાર્યના ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય અને સામાજિક ક્ષેત્રના પ્રદાન ઉપર તો અનેક ગ્રંથો રચાયા છે અને રચાશે. તો પણ તેઓનું સમગ્રતયા મૂલ્યાંકન અપૂર્ણ જ રહેવાનું. જેવું બુદ્ધ, મહાવીર કે ગાંધીની બાબતમાં છે તેવું જ આ ઐતિહાસિક વિભૂતિનું છે.

આજની તારીખમાં આદિ શંકરાચાર્યના તત્ત્વજ્ઞાન ઉપર જર્મની, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રીયા, નેધરલેન્ડ, ફ્રાન્સ, ઈટલી, સ્વીત્ઝર્લેન્ડ, જાપાન, ચીન, રશિયા અને આફ્રિકામાં પણ અધ્યયન, સંશોધન કે ગ્રંથોની રચના કરનારાઓ છે, આ દર્શાવે છે કે આમને જે જગદ્‌ગુરુ કહેવામાં આવ્યા છે તેમાં કોઈ અતિશયોક્તિ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવીરને યજ્ઞની વેદિ ઉપર હોમાતા હોઈ પશુની ચીસ સંભળાઈ અને તેમની કરુણા જાગી ઉઠી. બુદ્ધે રોગી, વૃદ્ધ કે મૃતાત્માને જોયો અને તેમનું હૃદય પીગળી ગયું. જ્યારે આદિ શંકરાચાર્યે માનવમાત્રને દુઃખી જોયો. માનવી પોતાના આત્માના શુદ્ધ, બુદ્ધ, નિત્ય, નિરંજન અને નિર્વિકારી સ્વરૂપને ભૂલી ગયો અને પોતાને અશુદ્ધ, અબુધ, અનિત્ય માનીને સંસારમાં ભ્રાન્તિથી ભટકવા લાગ્યો. પરિણામે સદા સુખી એવો એ 'સદા દુઃખી છું' એવી ભાવનાથી પીડાવા લાગ્યો. તેને 'તું જીવ નહીં પણ શિવ છું' એવું ભાન આદિ શંકરાચાર્યે સિદ્ધ કરી બતાવ્યું. 'शिवोऽहम् शिवोऽहम्'નો મંત્ર આપ્યો. સંસારમાં રહીને પણ જળમાં કમળના પત્રની જેમ નિર્લેપ રહેવાની ગુરુ ચાવી તેમણે આપી.

આ આદિ શંકરાચાર્યનું વિપુલ-અતિવિપુલ સાહિત્ય સંસ્કૃતમાં છે અને મોટાભાગનું તેમાંથી અંગ્રેજીમાં અનુદિત થયું છે. ગુજરાતીમાં અનેક સમ્માન્ય વિદ્વાનોએ તેઓના સાહિત્યને જુદી જુદી રીતે રજૂ કરવાનો પ્રયત્ન પણ કર્યો છે. પણ તેમનું સમગ્ર સાહિત્ય કેવળ એક જ સ્થળે મળતું નથી. આથી, સંસ્કૃત સેવા સમિતિએ ''આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી'' પ્રકાશિત કરવાનો સંકલ્પ કર્યો. પ્રભુની કૃપા થઈ અને આજ સુધીમાં આઠ ગ્રંથો પ્રકાશિત થઈ ગયા.

આજે ગુડી પડવાના મંગલમય દિવસે આદિ શંકરાચાર્ય ગ્રંથાવલીના નવમા ભાગ તરીકે છાન્દોગ્યોપનિષદ્-ભાષ્ય પ્રજાના હાથમાં મૂકતા આનંદ થાય છે. આમાં નિમિત્ત બન્યા તે સુશ્રી દીપકબેન પટેલ.

અમેરિકામાં ન્યુ જર્સીના કરણીના મંદિરમાં આદિ શંકરાચાર્યના તત્ત્વબોધ નામના ગ્રંથ ઉપર પ્રવચનો ચાલતા હતા. આ પ્રસંગે સુશ્રી દીપકબેન પટેલ ઉપસ્થિત હતા. સંસ્કાર અને સંસ્કૃતિના સાચા અર્થમાં ઉપાસક એક ગુજરાતી અમેરિકામાં અમેરિકાના બાળકોને ભણાવે અને તે પણ અભૂતપૂર્વ સફળતાપૂર્વક, વર્ષો સુધી ભણાવે. આને આગવી સિદ્ધિ જ ગણાવી શકાય. સ્વભાવે મિલનસાર અને અદમ્ય ઉત્સાહી એવા સુશ્રી દીપકબેને આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી શ્રેણીમાં એક ગ્રંથ પ્રકાશિત કરવાનો સંકલ્પ કર્યો અને આજે આ ગ્રંથ પ્રકાશિત થાય છે તેનો આનંદ છે.

સુશ્રી દીપકબેને આ ગ્રંથમાં અન્યત્ર પોતાનો અને પોતાના પરિવારનો જે પરિચય આપ્યો છે તે ઉપરથી કહી શકાય કે મોરના ઈંડા ચીતરવા ન પડે. સમાજને ઉપયોગી થવાના સંસ્કાર તેઓને પોતાના ઘરના અને કુટુંબના વાતાવરણમાંથી પ્રાપ્ત થયા છે અને એ સંસ્કાર વારસાને તેઓએ દીપાવ્યો છે, એ અર્થમાં એ સાચા 'દીપક' છે. એમણે પોતાના જીવનનું કલ્યાણ કર્યું છે. અનેક સંતોના આશીર્વાદ મેળવ્યા છે અને 'आत्मदीपो भव' - 'તું તારો દીપક બન' એ ભારતીય સંસ્કૃતિના સંદેશને આત્મસાત્ કર્યો છે. અને આમ તેઓ કુલદીપક, ધર્મદીપક, સંસ્કૃતિ-દીપક, સંસ્કાર-દીપક અને સ્વયંના આત્મદીપક છે. પ્રભુ એમની અને એમના કુટુંબની દીપક બની અન્યને પ્રકાશિત કરવાની પ્રવૃત્તિ સતત વધારતા રહે તેવી પ્રાર્થના.

સંસ્કૃત સેવા સમિતિના સહુ સદસ્યો તરફથી અને મારી તરફથી હું એમનો હૃદયથી આભાર માનું છું.

ગુડી પડવો, ચૈત્ર સુદ એકમ, ૨૦૬૫ - **ગૌતમ પટેલ**
૨૭ માર્ચ, ૨૦૦૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

DEDICATION

We dedicate this "Chhandogyopanishad - with the Commentary of Adi Shankaracharya" having the importance beyond words, to the sweet memory of our father and mother who have poured in our lives the faultless flow of the Truth, Beauty and Goodness. We, two sisters viz. Dipaka and Niramala and two brothers viz. Rajani (Bhikhu) and Suresh, have lost the shelter of umbrella of our loving father at very early age, but our revered mother Maniba never made us an object of regret, on the contrary, she, like the crest-jewel of Lord Vishnu, filled our lives with the light of higher education, valuable Samskars and the art of living in life. She, in short, has made an lives full of fragrance. Our brother-in-law Mr. Gopal, our brother's wife Mrs. Judi (an English woman) has mixed with our family in such a way that our mother considered herself not having four but six children. We all have stayed together and have enjoyed life like anything.

Our revered elder uncle named Shankarbhai, along with our mother, have played very important-role in the upbringing of our life. He has, disregarding the prevailing social beliefs of those days and going almost against the common man's opinion, send me for higher study in co-education. When I was attending evening classes of law-school, still I recall, he used to say, "I am least bothered about my daughter, she like Arjuna of *Bhagavad-Gita*, in the company of Lord Krishna, would make her life excellent." This was my inspiration which has enabled me to lead a peaceful life even in Western country like USA. In those days, I was unaware of the fact that a daughter of East like me would educate the children of the West. My dream was always to be a teacher; my school became for me a penance-groove and children my life, and education my faith which have provided enough courage to lead the life happily and peacefully. If 'education' is removed from my life a lacuna will be created and I would be no where. Whatever am I today is due to my family members, my teachers and especially my revered father, whom though I have not served physically but have given a love and devotion. His ever showering grace I feel even today. I would like to quote some of his words –

"You have not to make be your preceptor, I am only your father. My Dipaka will achieve everything with love and faith in her life. My dear child ! never bring the colours of West here, better carry Eastern colours there for them. Courage and faith can do miracles in life, everything will be easy by these valuable virtues in life." In fact I have learnt the lession from my father that the faith is always firm like a rock and fresh like a foam.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

In my life alongwith my family members I cannot forget two daughters Smt. Amar and Smt. Lisa. They have given me unique love and devotion.

My grandfather called me *"Tulasi of Yogeshwara"* while Swami Chinmayanandji has called me *"Muni"*. These such unforgettable experiences are the treasure of my life and I have a faith in my heart of the hearts that these would continue to be a solace of my life and would spread the fragrance in my life forever.

A happy accident which took place in our life is worth nothing. We all the four brothers and sisters are born on Ekadasi (eleventh day of every half of the month). I was born on *Kartika-Shukla-Ekadasi* i.e. when the *Tulasi-Vivaha* is celebrated. My elder sister and both the brothers are born on *Magashara-Ekadasi* and *Vaishakha Ekadasi* respectively. My mother was always singing on my birthday a Bhajan *"Dhana Dhana re Ganga ane Tulasi Bare Kumvara."*

In USA I am residing alone yet I have never experienced loneliness. This is only due to the reminiscences of my previous birth and the blessings of my elders in this life as well as the nectar like glances of Saints, whose presence I have always experienced.

I was attending the religious discourses of Dr. Gautam Patel at Karani Temple. I learnt about his project of translating in Gujarati all the works of Adi Shankaracharya. I saw some of the volumes already printed in a proper manner. I, being Hindu by birth, new the values of the works of Adi Shankaracharya, whose contribution in the history of Hindu Religion is unique. He was the real philosopher who brought the Upanishadic Monism to the door of each and every Hindu by his commentaries and beautiful *Stotras*-devotional poems and some minor works on philosophy. I felt it is worth while to support the activity of Sanskrit Seva Samiti and I have willingly expressed my desire for printing of one volume. I am happy to note that the proposed volume has seen the day light. I congratulate translator and editor. May God bless them.

May God, the Almighty, Shri Yogeshwar bless all with Pleasure, Peace and Prosperity.

Om Shanti, Shanti, Shanti.

Om Peace, Peace, Peace.

Gudi Padwo, 2065
27th March, 2009
Contact : (001) 201-798-6533

- Dipak C. Patel
253, Manhutton Ave.,
Jerssy City, N.J. 07307.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीशाङ्करभाष्यसहिता

॥ छान्दोग्योपनिषद् ॥

ॐ

શાંતિપાઠ

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि । सर्वं ब्रह्मौपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणस्त्वनिराकणं मेऽस्तु । तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु ॥

ॐ शान्तिः । शान्तिः । शान्तिः ।

મારાં અંગો તેમજ વાણી, પ્રાણ, આંખો, કાન, શક્તિ અને બધી જ ઇન્દ્રિયો પુષ્ટ હો, ઉપનિષદ્‌માં દર્શાવવામાં આવેલ આ સઘળું બ્રહ્મ છે. હું બ્રહ્મનો ત્યાગ ન કરું, બ્રહ્મ મારો ત્યાગ ન કરે. મારો ત્યાગ ન હો, ત્યાગ ન હો. ઉપનિષદમાં જે આત્મામાં લાગેલા ધર્મો છે તે મારામાં હો, તે મારામાં હો.

ॐ

(આધિભૌતિક) શાંતિ; (આધિદૈવિક) શાંતિ; (આધ્યાત્મિક) શાંતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीशाङ्करभाष्यसहिता

॥ छान्दोग्योपनिषद् ॥

प्रथमोऽध्यायः

प्रथमः खण्डः

शाङ्करभाष्यम् :- ओमित्येतदक्षरमित्याद्यष्टाध्यायी छान्दोग्योपनिषत् । तस्याः संक्षेपतोऽर्थजिज्ञासुभ्य ऋजुविवरणमल्पग्रन्थमिदमारभ्यते । ★ तत्र सम्बन्धः-समस्तं कर्माधिगतं प्राणादिदेवताविज्ञानसहितमर्चिरादिमार्गेण ब्रह्मप्रतिपत्तिकारणम् । केवलं च धूमादिमार्गेण चन्द्रलोकप्रतिपत्तिकारणम् । स्वभावप्रवृत्तानां च मार्गद्वयपरिभ्रष्टानां कष्टाधोगतिरुक्ता । ★ न चोभयोर्मार्गयोरन्यतरस्मिन्नपि मार्ग आत्यन्तिकी पुरुषार्थसिद्धिरित्यतः कर्मनिरपेक्षमद्वैतात्मविज्ञानं संसारगतित्रयहेतूपमर्देन वक्तव्यमित्युपनिषदारभ्यते । ★ न चाद्वैतात्मविज्ञानादन्यत्रात्यन्तिकी निःश्रेयसप्राप्तिः । वक्ष्यति हि – **'अथ येऽन्यथातो विदुरन्यराजानस्ते क्षय्यलोका भवन्ति ।'** (छा.उप. ७-२५-२) **'विपर्यये च स स्वराड् भवति'** (छा.उप. ७-२५-२) इति । ★ तथा द्वैतविषयानृताभिसंधस्य बन्धनं तस्करस्येव तप्तपरशुग्रहणे बन्धदाहभावः संसारदुःखप्राप्तिश्चेत्युक्त्वाद्वैतात्मसत्याभिसंधस्यातस्करस्येव तप्तपरशुग्रहणे बन्धदाहाभावः संसारदुःखनिवृत्तिर्मोक्षश्चेति । ★ अत एव न कर्मसहभावि अद्वैतात्मदर्शनम् । क्रियाकारकफलभेदोपमर्देन **'सत्...एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) इत्येवमादिवाक्यजनितस्य बाधकप्रत्ययानुपपतेः । कर्मविधिप्रत्यय इति चेत् ? न, कर्तृभोक्तृस्वभावविज्ञानवतस्तज्जनितकर्मफलरागद्वेषादिदोषवतश्च कर्मविधानात् । ★ अधिगतसकलवेदार्थस्य कर्मविधानादद्वैज्ञानवतोऽपि कर्मेति चेत् ? ★ न, कर्माधिकृतविषयस्य कर्तृभोक्त्रादिज्ञानस्य स्वाभाविकस्य **'सत्.....एकमेवाद्वितीयम्'** (छा.उप. ७-२५-२) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) इत्यनेनोपमर्दितत्वात् । तस्मादविद्यादिदोषवत एव कर्माणि विधीयन्ते नाद्वैतज्ञानवतः । अत एव हि वक्ष्यति–**'सर्व एते पुण्यलोका भवन्ति ब्रह्मसंस्थोऽमृतत्वमेति'** (छा.उप. २-२३-१) इति । ★ तत्रैतस्मिन्नद्वैतविद्याप्रकरणेऽभ्युदयसाधनान्युपासनान्युच्यन्ते । कैवल्यसंनिकृष्टफलानि चाद्वैतादीषद्विकृतब्रह्मविषयाणि **'मनोमयः प्राणशरीर'** इत्यादीनि, कर्मसमृद्धिफलानि च कर्माङ्गसम्बन्धीनि । रहस्यसामान्यान्मनोवृत्तिसामान्याच्च, यथाद्वैतज्ञानं मनोवृत्तिमात्रं तथान्यान्यप्युपासनानि मनोवृत्तिरूपाणीत्यस्ति हि सामान्यम् । कस्तर्ह्यद्वैतज्ञानस्योपासनानां च विशेषः ? उच्यते – ★ स्वाभाविकस्यात्मन्यक्रियेऽध्यारोपितस्य कर्त्रादिकारकक्रियाफलभेदविज्ञानस्य निवर्तकमद्वैतविज्ञानम्, रज्ज्वादाविव सर्पाद्यध्यारोपलक्षणज्ञानस्य रज्ज्वादिस्वरूपनिश्चयः प्रकाशनिमित्तः । उपासनं तु यथाशास्त्रसमर्थितं किञ्चिदालम्बनमुपादाय तस्मिन् समानचित्तवृत्तिसंतानकरणं तद्विलक्षणप्रत्ययानन्तरितमिति विशेषः । ★ तान्येतान्युपासनानि सत्त्वशुद्धिकरत्वेन वस्तुतत्त्वावभासकत्वादद्वैतज्ञानोपकारकाण्यालम्बनविषयत्वात्सुसाध्यानि चेति पूर्वमुपन्यस्यन्ते । तत्र कर्माभ्यासस्य दृढीकृतत्वात्कर्मपरित्यागेनोपासन एव दुःखं चेतःसमर्पणं कर्तुमिति कर्माङ्गविषयमेव तावदादावुपासनमुपन्यस्यते–

શાંકરભાષ્ય :- ઓમેત્યેતદક્ષરમ્ વગેરે (મંત્રથી આરંભ થનાર આ) આઠ અધ્યાયોવાળું છાંદોગ્ય ઉપનિષદ્ છે. તેનો સંક્ષેપમાં અર્થ જાણવાની ઇચ્છાવાળાઓ માટે આ નાનકડા ગ્રંથનો આરંભ કરવામાં આવે છે.

તેમાં સંબંધ દર્શાવે છે. (વિહિત અને નિષિદ્ધ રૂપે) જાણેલા સમગ્ર કર્મનો પ્રાણ વગેરે દેવતાઓનું વિજ્ઞાનપૂર્વક અનુષ્ઠાન કરવાથી તે અર્ચિ વગેરે (દેવયાન) માર્ગથી બ્રહ્મલોકની પ્રાપ્તિનું કારણ બને છે તથા કેવળ (ઉપવાસના રહિત) કર્મ ધૂમાદિ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

માર્ગે ચંદ્રલોકની પ્રાપ્તીનું કારણ બને છે. અને સ્વભાવાનુસાર પ્રવૃત્ત બંને માર્ગોથી પતિત થનારાની કષ્ટદાયી અધોગતિ કહેવામાં આવી છે.

આ બંને માર્ગોમાંથી કોઈપણ એક માર્ગથી આત્યંતિક પુરુષાર્થની સિદ્ધિ થઈ શકતી નથી. માટે સંસારની ત્રણ પ્રકારની ગતિઓના કારણભૂત કર્મનું નિરાકરણ કરીને કર્મની અપેક્ષા વિનાના અદ્વૈત આત્મવિજ્ઞાનનું પ્રતિપાદન કરવું જોઈએ. એ માટે આ ઉપનિષદ્નો આરંભ કરવામાં આવે છે.

અદ્વૈત આત્મવિજ્ઞાન વિના બીજી રીતે આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થઈ શકતી નથી. જેમ કે આગળ કહે છે કે - **'જે લોકો આ (અદ્વૈતાત્મવિજ્ઞાન)થી વિપરીત જાણે છે, તે અન્યરાજ (અનાત્માને વશ) થતાં બીજા ક્ષીણ થનારા લોકોમાં જાય છે.'** (છા.ઉપ. ૭-૨૫-૨) પરંતુ આનાથી વિપરીત આત્મજ્ઞાન થવાથી (શ્રુતિ કહે છે કે) **'તે સ્વરાટ્ બને છે.'** (છા.ઉપ. ૭-૨૫-૨)

વળી તપેલા પરશુને ગ્રહણ કરવાથી ચોરના બળવા અને બંધનમાં પડવાની જેમ દ્વૈત વિષયરૂપ મિથ્યામાં અભિનિવેશ રાખનારા(પુરુષ)ને બંધન થાય છે તથા તેને સાંસારિક દુઃખોની પ્રાપ્તિ થાય છે. આમ બતાવીને (શ્રુતિ) અદ્વૈત આત્મારૂપ પરમ સત્યમાં અભિનિવેશ-આગ્રહ રાખનાર પુરુષને, જે પુરુષ ચોર નથી તેના ગરમ પરશુને ગ્રહણ કરવાથી દાહ અને બંધન થતા નથી તેમ, સંસાર દુઃખની નિવૃત્તિ અને મોક્ષની પ્રાપ્તિ દર્શાવશે.

આ માટે અદ્વૈતાત્મદર્શન કર્મની સાથે રહેનાર નથી. કારણ કે ક્રિયા, કારક અને ફળરૂપ ભેદનો બાધ કરીને **'સત્ (બ્રહ્મ) એક અને અદ્વિતીય છે.'** (છા.ઉપ. ૬-૨-૧) **'આ સર્વ આત્મા જ છે.'** (છા.ઉપ. ૭-૨૫-૨) વગેરે વાક્યોથી ઉત્પન્ન થનારા(અદ્વૈત આત્મજ્ઞાન)નું કોઈ બાધક નથી. જો કહો કે કર્મવિધિવિષયક જ્ઞાન જ (તેનો બાધક) છે, તો એવું નથી, કારણ કે જે પોતાને સ્વભાવથી જ કર્તા-ભોક્તારૂપ જાણનાર અને તેનાથી થનારા કર્મફળમાં રાગદ્વેષરૂપ દોષોવાળા માટે કર્મનું વિધાન કરવામાં આવ્યું છે.

પૂર્વપક્ષી :- જો સંપૂર્ણ વેદના અર્થને જાણનાર માટે કર્મનું વિધાન કરવામાં આવ્યું છે, અદ્વૈતાત્મજ્ઞાનીએ પણ કર્મ કરવું જોઈએ ?

સિદ્ધાન્તી :- ના, કારણ કે કર્મના અધિકારી સાથે સંબંધ રાખનાર કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે રૂપ સ્વાભાવિક વિજ્ઞાન **'સત્ (બ્રહ્મ) એક અને અદ્વિતીય છે.'** (છા.ઉપ. ૬-૨-૧) **'આ સર્વ આત્મા જ છે'** (છા.ઉપ. ૭-૨૫-૫) વગેરે વાક્યોથી બાધિત થઈ જાય છે. માટે કર્મોનું વિધાન અવિદ્યા વગેરે દોષવાળા(પુરુષ)ને માટે જ કરવામાં આવ્યું છે, અદ્વૈતાત્મજ્ઞાનીને માટે કરવામાં આવ્યું નથી. એટલા માટે (શ્રુતિ) આગળ કહેશે. **'આ સર્વ (કર્મકાંડી) પુણ્યલોકોને પ્રાપ્ત કરે છે તથા બ્રહ્મનિષ્ઠ અમૃતત્વ(મોક્ષ)ને પ્રાપ્ત થાય છે.'** (છા.ઉપ. ૨-૨૩-૧)

ત્યાં આ વિદ્યાવિષયક પ્રકરણમાં અભ્યુદયની સાધન બનેલી એવી ઉપાસનાઓ બતાવવામાં આવે છે. કૈવલ્ય એટલે મોક્ષરૂપ ફળની સમીપવર્તી અદ્વૈતબ્રહ્મની અપેક્ષાએ 'मनोमयः प्राणशरीरः' વગેરે વાક્યોથી કંઈક વિકારને પ્રાપ્ત થયેલા બ્રહ્મ સાથે સંબંધ રાખનારી તે ઉપાસનાઓનો કર્માંગ સાથે સંબંધ છે અને કર્મફળની સમૃદ્ધિ જ તેનું ફળ છે. કારણ કે રહસ્ય(ઉપનિષદ્)માં તથા મનોવૃત્તિરૂપ થવામાં (આત્મજ્ઞાન અને ઉપાસનાઓની) સમાનતા છે. જેવી રીતે અદ્વૈતજ્ઞાન મનોવૃત્તિ માત્ર છે તેવી રીતે અન્ય ઉપાસનાઓ પણ મનોવૃત્તિરૂપ જ છે. આટલી તેમાં સમાનતા છે. તો પછી અદ્વૈતજ્ઞાન અને ઉપાસનાઓમાં વિશેષતા એટલે અંતર શું છે ? તો બતાવવામાં આવે છે કે –

અદ્વૈતાત્મવિજ્ઞાનં અક્રિય આત્મામાં સ્વભાવથી જ આરોપિત કર્તા વગેરે કારક, ક્રિયા અને ફળના ભેદજ્ઞાનની નિવૃત્તિ કરનારું છે, જેવી રીતે કે પ્રકાશના કારણે થનાર રજ્જુ વગેરેના સ્વરૂપનો નિશ્ચય રજ્જુ વગેરેમાં આરોપિત સર્પાદિના જ્ઞાનને નિવૃત્ત કરનારો છે. પરંતુ ઉપાસના તો કોઈ શાસ્ત્રમાં દર્શાવેલ આલંબનનો સ્વીકાર કરીને તેમાં વિલક્ષણ પ્રતીતિ દ્વારા એક સરખી ચિત્તવૃત્તિના પ્રવાહનું કારણ છે – આ જ તે બન્નેમાં અંતર છે એ એની વિશેષતા છે.

તે આ ઉપાસનાઓ ચિત્તશુદ્ધિ કરીને વસ્તુતત્ત્વની પ્રકાશિકા હોવાથી અદ્વૈતજ્ઞાનમાં ઉપકારિણી છે તથા આલંબન યુક્ત હોવાથી સુગમતાથી સાધી શકાય છે - એટલા માટે તેનું પહેલાં નિરૂપણ કરવામાં આવે છે. ત્યાં કર્મના અભ્યાસની દૃઢતા હોવાથી કર્મનો પરિત્યાગ કરીને ઉપાસનામાં જ ચિત્તને લગાડવું દુઃખદાયક એટલે કઠિન છે. આનાથી સર્વ પ્રથમ કર્મ જેનું અંગ છે તેવી ઉપાસનાનો જ ઉલ્લેખ કરવામાં આવે છે.

ओमित्येतदक्षरमुद्गीथमुपासीत । ओमिति ह्युद्गायति तस्योपव्याख्यानम् ॥ १ ॥

ॐ આ અક્ષર ઉદ્ગીથ છે. તેની ઉપાસના કરવી જોઈએ. 'ॐ' એવો (ઉચ્ચાર કરીને યજ્ઞમાં ઉદ્ગાતા) ઉદ્ગાન (ઉચ્ચસ્વરમાં સામગાન) કરે છે. તે(ઉદ્ગીથોપાસના)ની વ્યાખ્યા કરવામાં આવે છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- ओमित्येतदक्षरमुद्गीथमुपासीत । ओमित्येतदक्षरं परमात्मनोऽभिधानं नेदिष्ठम् । तस्मिन्हि प्रयुज्यमाने स प्रसीदति प्रियनामग्रहण इव लोकः । तदिहेतिपरं प्रयुक्तमभिधायकत्वाद्व्यावर्तितं शब्दस्वरूपमात्रं प्रतीयते । तथा चार्चादिवत्परस्यात्मनः प्रतीकं सम्पद्यते । एवं नामत्वेन प्रतीकत्वेन च परमात्मोपासनसाधनं श्रेष्ठमिति सर्ववेदान्तेष्ववगतम् । जपकर्मस्वाध्यायाद्यन्तेषु च बहुशः प्रयोगात्प्रसिद्धमस्य श्रैष्ठ्यम् । ★ अतस्तदेतदक्षरं वर्णात्मकमुद्गीथभक्त्यवयवत्वादुद्गीथशब्दवाच्यमुपासीत । कर्माङ्गावयवभूत ऊँकारे परमात्मप्रतीके दृढामैकाग्र्यलक्षणां मतिं संतनुयात् । ★ स्वयमेव श्रुतिरोङ्कारस्योद्गीथशब्दवाच्यत्वे हेतुमाह—**ओमिति ह्युद्गायति** । ओमित्यारभ्य हि यस्मादुद्गायत्यत उदगीथ ओङ्कार इत्यर्थः । ★ तस्योपव्याख्यानम्—तस्याक्षरस्योपव्याख्यानमेवमुपासन-मेवंविभूत्येवं-फलमित्यादिकथनमुपव्याख्यानम्, प्रवर्तत इति वाक्यशेषः ॥ १ ॥

શાંકરભાષ્ય :- ઉદ્ગીથશબ્દ વાચ્ય 'ૐ' આ અક્ષરની ઉપાસના કરો - 'ૐ' આ અક્ષર પરમાત્માનું સૌથી નિકટનું નામ છે. તેનો પ્રયોગ (ઉચ્ચારણ) કરવાથી તે (પરમાત્મા) પ્રસન્ન થાય છે, જેમ લોકો પોતાના પ્રિય નામનું ઉચ્ચારણ કરવાથી પ્રસન્ન થાય છે. તે (ઓમકાર) અહીં ઈતિપરક (જેના આગળ 'ઈતિ' શબ્દ છે એમ) પ્રયુક્ત થયો હોવાથી વ્યાવર્તિત (પૃથક્ નિર્દિષ્ટ) બનીને કેવળ શબ્દસ્વરૂપથી પ્રતીત થાય છે અને આ પ્રકારે પૂજા (માટેની મૂર્તિ) વગેરેની જેમ પરમાત્માનું પ્રતીક જ બની જાય છે. આ રીતે નામરૂપે અને પ્રતિકરૂપે આ (ૐ) પરમાત્માની ઉપાસનાનું ઉત્તમ સાધન છે. આવું બધા વેદાંતગ્રંથોમાંથી જાણવામાં આવે છે. જપ, કર્મ અને સ્વાધ્યાયના આદિ અને અંતમાં આ(ૐ)નો વધુ પ્રમાણમાં પ્રયોગ થવાને કારણે તેની શ્રેષ્ઠતા સુપ્રસિદ્ધ છે.

આથી તે આ વર્ણરૂપ અક્ષર (ૐ) ઉદ્ગીથભક્તિનો અવયવ હોવાથી ઉદ્ગીથ શબ્દ દ્વારા વાચ્ય છે, માટે તેની ઉપાસના કરો. અર્થાત્ (ઉદ્ગીથ) કર્મના અંગભૂત અને પરમાત્માના પ્રતીક સ્વરૂપ ઓમકારમાં સુદૃઢ એકાગ્રતારૂપ બુદ્ધિને જોડી દો.

ઓમકારના ઉદ્ગીથ શબ્દવાચ્યરૂપ હોવામાં સ્વયં શ્રુતિ જ કારણ બતાવે છે - **'ૐ' એમ કહીને ઉદ્ગાન કરે છે'** - કારણ કે ઉદ્ગાતા 'ૐ' આ અક્ષરથી આરંભ કરીને ઉદ્ગાન કરે છે, એટલા માટે ઉદ્ગીથ એટલે ઓમકાર એવો અર્થ થાય.

(અહીં) તેનું ઉપ-વ્યાખ્યાન પ્રારંભ કરવામાં આવે છે. તે અક્ષરની સમ્યગ્ વ્યાખ્યા કરવામાં આવે છે. આવી રીતે તેની ઉપાસના થાય છે, આ તેની વિભૂતિ છે અને આ તેનું ફલ છે, વગેરે પ્રકારનું કથન તે ઉપવ્યાખ્યાન છે. અહીં પ્રવર્તતે (આરંભ કરવામાં આવે છે) આ ક્રિયાપદ વાક્યશેષ છે. ॥ ૧ ॥

एषां भूतानां पृथिवी रसः पृथिव्या आपो रसः । अपामोषधयो रस ओषधीनां पुरुषो रसः पुरुषस्य वाग्रसो वाच ऋग्रस ऋचः साम रसः साम्न उद्गीथो रसः ॥ २ ॥

આ (ચરાચર) પ્રાણીઓનો રસ પૃથ્વી છે. પૃથ્વીનો રસ જળ છે, જળનો રસ ઔષધિઓ છે, ઔષધિઓનો રસ પુરુષ છે, પુરુષનો રસ વાક્ છે, વાક્નો રસ ઋક્ છે, ઋક્નો રસ સામ છે અને સામનો રસ ઉદ્ગીથ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- एषां चराचराणां भूतानां पृथिवी रसो गतिः परायणमवष्टम्भः । पृथिव्या आपो रसोऽप्सु हि ओता च प्रोता च पृथिवी, अतस्ता रसः पृथिव्याः । अपामोषधयो रसः, अप्परिणामत्वादोषधीनाम् । तासां पुरुषो रसः, अन्नपरिणामत्वा-त्पुरुषस्य । तस्यापि पुरुषस्य वाग्रसः, पुरुषावयवानां हि वाक्सारिष्ठा, अतो वाक् पुरुषस्य रस उच्यते । तस्या अपि वाच ऋग्रसः सारतरा । ऋचः साम रसः सारतरम् । तस्यापि साम्न उद्गीथः प्रकृतत्वादोंकारः सारतरः ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ ચરાચર ભૂતોનો પૃથ્વી રસ - ગતિ - પરાયણ અર્થાત્ આશ્રય છે. પૃથ્વીનો રસ આપ (પાણી) છે, કારણ કે પૃથ્વી જળમાં જ ઓતપ્રોત છે, એટલા માટે તે (જળ) પૃથ્વીનો રસ છે. જળનો રસ ઔષધિઓ છે, કારણ કે ઔષધિઓ જળનું જ પરિણામ છે. તે(ઔષધિઓ)નો રસ પુરુષ છે, કારણ કે પુરુષ અન્નનું જ પરિણામ છે. તે પુરુષનો રસ પણ વાક્ છે. પુરુષના અવયવોમાં વાક્ જ સહુથી અધિક સારવાળી છે, માટે વાક્ને પુરુષનો રસ કહેવામાં આવે છે. તે વાણીનો પણ તેનાથી પણ અધિક સારભૂત રસ ઋચા છે, ઋક્(ઋચા)નો રસ સામ છે તે તેનાથી પણ વધુ સારવાન છે. તથા તે સામનો પણ રસ ઉદ્ગીથ (ૐકાર) છે. અહીં ૐકારનું પ્રકરણ હોવાથી તે સહુથી વધુ સારવાળો છે. ॥ ૨ ॥

एवम्— આવી રીતે —

स एष रसानाꣳ रसतमः परमः परार्ध्योऽष्टमो यदुद्गीथः ॥ ३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આ ઉદ્ગીથ ૐકાર સંપૂર્ણ રસોમાં રસતમ, (ઉત્કૃષ્ટ), પરમાત્માનું પ્રતીક, ઉત્તમ સ્થાનને યોગ્ય અને (પૃથ્વી વગેરે રસોમાં) આઠમો છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स एष उद्गीथाख्य ॐकारो भूतादीनामुत्तरोत्तररसानामतिशयेन रसो रसतमः परमः परमात्मप्रतीकत्वात् । परार्ध्यः—अर्धं स्थानं परं च तदर्धं च परार्धं तदर्हतीति परार्ध्यः परमात्मस्थानार्हः परमात्मवदुपास्यत्वादित्यभिप्रायः । अष्टमः पृथिव्यादिरससंख्यायां यदुद्गीथो य उद्गीथः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે આ ઉદ્ગીથસંજ્ઞક ૐકાર ભૂત વગેરેના ઉત્તરોત્તર (એક પછી એક) રસોમાં અતિશય રસવાન અર્થાત્ રસતમ છે, પરમાત્માનું પ્રતીક હોવાને કારણે પરમ (ઉત્કૃષ્ટ) છે, પરાર્ધ્ય છે, - અર્ધ કહે છે સ્થાનને જે પર હોઈને અર્ધ પણ હોય તેનું નામ પરાર્ધ છે, તાત્પર્ય આ છે કે પરમાત્મા સમાન ઉપાસના કરવા યોગ્ય હોવાને કારણે આ પરમાત્માનું સ્થાન લેવા યોગ્ય છે. તથા જે ઉદ્ગીથ છે પૃથ્વી વગેરે રસોની ગણનામાં આઠમું છે. ॥ ૩ ॥

वाच ऋग्रस इत्युक्तम् — વાણીનો રસ ઋક્ છે—એમ કહેવામાં આવ્યું છે —

कतमा कतमर्क्कतमत्कतमत्साम कतमः कतम उद्गीथ इति विमृष्टं भवति ॥ ४ ॥

કોણ કોણ ઋક્ છે. કોણ કોણ સામ છે અને કોણ કોણ ઉદ્ગીથ છે તેનો વિચાર કરવામાં આવે છે ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- सा कतमा ऋक् ? कतमत्तत्साम ? कतमो वा स उद्गीथः ? कतमा कतमेति वीप्सादरार्था । ★ ननु **'वा बहूनां जातिपरिप्रश्ने डतमच् ।'** (पा.सू. १५-३-९३) न ह्यत्र ऋग्जातिबहुत्वम्, कथं डतमच्प्रयोगः ? ★ नैष दोषः, जातौ परिप्रश्नो जातिपरिप्रश्न इत्येतस्मिन्विग्रहे जातावृग्व्यक्तीनां बहुत्वोपपत्तेः । न तु जातेः परिप्रश्न इति विगृह्यते । ★ ननु जातेः परिप्रश्न इत्यस्मिन् विग्रहे कतमः कठ इत्याद्युदाहरणमुपपन्नम्, जातौ परिप्रश्न इत्यत्र तु न युज्यते । ★ तत्रापि कठादिजातावेव व्यक्तिबहुत्वाभिप्रायेण परिप्रश्न इत्यदोषः । यदि जातेः परिप्रश्नः स्यात्कतमा कतमर्गित्यादावुपसंख्यानं कर्तव्यं स्यात् । विमृष्टं भवति विमर्शः कृतो भवति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- કોણ આ ઋક્ છે ? કોણ તે શામ છે ? અને કોણ તે ઉદ્ગીથ છે ? कतमा-कतमा (કોણ કોણ) આ દ્વિરુક્તિ આદરને માટે છે.

પૂર્વપક્ષી :- 'वा बहूनां जातिपरिप्रश्नेडतमच्' (૧૫-૩-૯૩) આ પાણિનીના સૂત્ર અનુસાર અનેક જાતિના લોકોમાંથી કોઈ એક જાતિનો નિશ્ચય કરવાને માટે પ્રશ્ન થવાથી 'डतमच्' પ્રત્યયનો પ્રયોગ ઈષ્ટ માનવામાં આવ્યો છે, પરંતુ અહીં ઋક્ જાતિનું બહુત્વ - અનેક હોવાપણું સંભવતું નથી, તો પછી 'डतमच्' પ્રત્યયનો પ્રયોગ કેવી રીતે કરવામાં આવ્યો ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે 'जातिपरिप्रश्न' આ પદના 'જાતિમાં પરિપ્રશ્ન' એવો વિગ્રહ કરવાથી ઋક્ જાતિમાં ઋક્ વ્યક્તિઓ(વિભિન્ન ઋચાઓ)ની અનેકતા તો શક્ય છે. અહીં 'જાતિનો પરિપ્રશ્ન' એવો વિગ્રહ કરવામાં આવતો નથી.

પૂર્વપક્ષી :- પરંતુ 'જાતિનો પરિપ્રશ્ન' એવો વિગ્રહ કરવા જ 'कतमः कठः' (આપનામાં કઠશાખાવાળા કોણ છે ?) વગેરે ઉદાહરણ શક્ય છે, 'જાતિમાં પરિપ્રશ્ન' એવો વિગ્રહ થવાથી ઉદાહરણ આપી શકાય નહીં.

સિદ્ધાન્તી :- ત્યાં પણ કઠ વગેરે જાતિમાં જ વ્યક્તિઓની અનેકતાના અભિપ્રાયમાં આવો પ્રશ્ન કરવામાં આવે છે - આમ કોઈ દોષ નથી. જો આ પ્રશ્ન (ઋગાદિ) જાતિથી સંબંધ રાખે તો (પૂર્વોક્ત સૂત્રથી) કઈ કઈ ઋક્ છે ?' વગેરેનું ઉપાખ્યાન કરવું પડત. (હવે આ) વિમૃષ્ટ બને છે. અર્થાત્ તેનો વિચાર કરવામાં આવે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- विमर्शे हि कृते सति प्रतिवचनोक्तिरुपपन्ना—

શાંકરભાષ્ય :- આવી રીતે વિચાર કરતાં જ આ પ્રતિવચન (ઉત્તર) રૂપ ઉક્તિ સંગત થઈ શકે છે કે —

वागेवर्क् प्राणः सामोमित्येतदक्षरमुद्गीथः । तद्वा एतन्मिथुनं यद्वाक्च प्राणश्चर्क् च साम च ॥ ५ ॥

વાક્ જ ઋક્ છે, પ્રાણ સામ છે અને ૐ આ અક્ષર ઉદ્ગીથ છે. આ જે ઋક્ અને સામરૂપ વાક્ અને પ્રાણ છે તે પરસ્પર મિથુન (એટલે જોડાયેલાં) છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- वागेवर्क् प्राणः साम, ओमित्येतदक्षरमुद्गीथ इति । वागृचोरेकत्वेऽपि नाष्टमत्वव्याघातः, पूर्वस्माद्वाक्यान्तरत्वात्, आसिगुणसिद्धये हि ओमित्येतदक्षरमुद्गीथ इति । ★ वाक्प्राणावृक्सामयोनी इति वागेवर्क् प्राणः सामेत्युच्यते । यथाक्रममृक्साम-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

योन्योर्वाक्प्राणयोर्ग्रहणे हि सर्वासामृचां सर्वेषां च साम्नामवरोधः कृतः स्यात् । सर्वर्क्सामावरोधे चर्क्सामसाध्यानां सर्वकर्मणामवरोधः कृतः स्यात् । तदवरोधे च सर्वे कामा अवरुद्धाः स्युः । ओमित्येतदक्षरमुद्गीथ इति भक्त्याशङ्का निवर्त्यते । ★ तद्वा एतदिति मिथुनं निर्दिश्यते किं तन्मिथुनम् ? इत्याह—यद्वाक्च प्राणश्च सर्वर्क्सामकारणभूतौ मिथुनम् । ऋक्च साम चेति ऋक्सामकारणावृक्साम-शब्दोक्तावित्यर्थः । न तु स्वातन्त्र्येण ऋक्च साम च मिथुनम् । अन्यथा हि वाक्च प्राणश्चेत्येकं मिथुनमृक्च चापरं मिथुनमिति द्वे मिथुने स्याताम् । तथा च तद्वैतन्मिथुनमित्येकवचननिर्देशोऽनुपपन्नः स्यात् । तस्मादृक्सामयोन्योर्वाक्प्राणयोरेव मिथुनत्वम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- વાણી જ વાક્ છે, પ્રાણ સામ છે તથા ૐ આ અક્ષર ઉદ્ગીથ છે. આવી રીતે વાક્ અને ઋક્‌ની એકતા હોવા છતાં પણ (ત્રીજા મંત્રમાં બતાવવામાં આવેલાં ઉદ્ગીથના) અષ્ટમત્વનો (આઠમું હોવાપણાનો) વ્યાઘાત થતો નથી, કારણકે આ પૂર્વવાક્યથી અલગ વાક્ય છે, 'ओमेत्येतदक्षरमुद्गीथः' આ વચન ઓમકારના વ્યાપ્તિ ગુણની સિદ્ધિને માટે પ્રયુક્ત થયું છે.

વાક્ અને પ્રાણ ક્રમશઃ ઋક્ અને સામરૂપી યોનિવાળા છે. એટલા માટે વાક્ જ ઋક્ છે અને સામ પ્રાણ છે, એવું કહેવામાં આવે છે. ક્રમશઃ ઋક્ અને સામના કારણરૂપ વાક્ અને પ્રાણને ગ્રહણ કરવાથી સઘળી ઋચાઓ અને સઘળા સામનો અંતર્ભાવ થઈ જાય છે તથા સંપૂર્ણ ઋક્ અને સંપૂર્ણ સામનો (અંતર્ભાવ) થવાથી ઋક્ અને સામથી સિદ્ધ થનારા સંપૂર્ણ કર્મોનો અંતર્ભાવ થઈ જાય. આમ અંતર્ભાવ થવાથી સમસ્ત કામનાઓ તેનામાં અંતર્ભૂત થઈ જાય. 'ઉદ્ગીથ' શબ્દથી સંપૂર્ણ ઉદ્ગીથ ભક્તિ લેવામાં ન આવે, આ આશંકાને 'ઓમ' આ અક્ષર જ ઉદ્ગીથ છે એમ કહીને દૂર કરવામાં આવે છે.

'तद्वा एतत्' વગેરે વાક્યથી મિથુન(પરસ્પર જોડાયેલા)નો નિર્દેશ કરવામાં આવે છે. આ મિથુન (યુગલ) કોણ છે ? આ કહે છે - આ જે સંપૂર્ણ ઋક્ અને સામના કારણભૂત વાક્ અને પ્રાણ છે તે મિથુન (યુગલ) છે. 'ऋक् च साम च' આમાં ઋક્ અને સામને કારણે જ 'ઋક્ અને સામ' શબ્દોથી કહેવામાં આવે છે. ઋક્ અને સામ સ્વતંત્રતાથી મિથુન (યુગલ) નથી, નહીં તો વાક્ અને પ્રાણ આ એક મિથુન તથા ઋક્ અને સામ - આ બીજું મિથુન આવી રીતે બે મિથુન હોત, અને એમ થવાથી 'तद्वा एतन्मिथुनम्' આ વાક્યમાં જે એકવચનનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તે અસંગત થઈ જાત. માટે ઋક્ અને સામના કારણભૂત વાક્ અને પ્રાણ જ મિથુન (યુગલ) છે. ॥ ૫ ॥

तदेतन्मिथुनमोमित्येतस्मिन्नक्षरे सꣳसृज्यते यदा वै मिथुनौ समागच्छत आपयतो वै तावन्योन्यस्य कामम् ॥ ६ ॥

તે આ મિથુન (યુગલ) ૐ આ અક્ષરમાં જોડાય છે. જ્યારે બે મિથુન પરસ્પર મળે છે ત્યારે એક બીજાની કામનાઓને પ્રાપ્ત કરનારા થાય છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तदेतदेवंलक्षणं मिथुनमोमित्येतस्मिन्नक्षरे संसृज्यते । एवं सर्वकामावाप्तिगुणविशिष्टं मिथुनमोंकारे संसृष्टं विद्यत इत्योंकारस्य सर्वकामावाप्तिगुणवत्त्वं प्रसिद्धम् । वाङ्मयत्वमोंकारस्य प्राणनिष्पाद्यत्वं च मिथुनेन संसृष्टत्वम् । ★ मिथुनस्य कामापयितृत्वं प्रसिद्धमिति दृष्टान्त उच्यते—यथा लोके मिथुनौ मिथुनावयवौ स्त्रीपुंसौ यदा समागच्छतो ग्राम्यधर्मतया संयुज्येयातां तदापयतः प्रापयतोऽन्योन्यस्येतरेतरस्य तौ कामम् । तथा च स्वात्मानुप्रविष्टेन मिथुनेन सर्वकामाप्तिगुणवत्त्वमोंकारस्य सिद्धमित्यभिप्रायः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- તે આ એવા લક્ષણવાળા મિથુન (યુગલ) ૐ એ અક્ષરમાં જોડાય છે. આ રીતે સંપૂર્ણ કામનાઓની પ્રાપ્તિરૂપ ગુણથી યુક્ત મિથુન (યુગલ) ઓમકારમાં જોડાઈને રહે છે, એટલે ઓમકારનું સંપૂર્ણ કામનાઓની પ્રાપ્તિરૂપ ગુણથી યુક્ત થવું સિદ્ધ થાય છે. ઓમકારનું વાક્મય થવું અને પ્રાણથી જ નિષ્પન્ન થવું એ મિથુન દ્વારા જોડાયેલું છે.

મિથુનનો કામનાઓની પ્રાપ્તિ કરાવવી આપવાનો ગુણ (યુગલ) પ્રસિદ્ધ છે.. એ દૃષ્ટાંતથી બતાવવામાં આવે છે - જેવી રીતે લોકોમાં મિથુન એટલે મિથુનના અવયવભૂત સ્ત્રી અને પુરુષ પરસ્પર જોડાય છે - ગ્રામ્યવ્યવહાર(રતિ)ને માટે પરસ્પર સંસર્ગ કરે છે, ત્યારે તેઓ એકબીજાની કામના પૂર્ણ કરી દે છે. આવી રીતે પોતામાં અનુપ્રવિષ્ટ મિથુન (યુગલ) દ્વારા ઓમકારનું સંપૂર્ણ કામનાઓની પ્રાપ્તિરૂપ ગુણોથી યુક્ત થવું સિદ્ધ થાય છે એવો તેનો અભિપ્રાય છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तदुपासकोऽप्युद्गाता तद्धर्मा भवतीत्याह—

શાંકરભાષ્ય :- તે(ઓમકાર)નો ઉપાસક ઉદ્ગાતા પણ તેના સમાન ધર્મવાળો બને છે, એ કહે છે —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

आपयिता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्ते ॥ ७ ॥

જે વિદ્વાન (ઉપાસક) આવી રીતે આ ઉદ્‌ગીથરૂપ અક્ષરની ઉપાસના કરે છે, તે સંપૂર્ણ કામનાઓની પ્રાપ્તિ કરાવનાર થાય છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- आपयिता ह वै कामानां यजमानस्य भवति । य एतदक्षरमेवमाप्तिगुणवदुद्गीथमुपास्ते तस्यैतद्यथोक्तं फलमित्यर्थः । **'तं यथा यथोपासते तदेव भवति'** (मं.ब्रा. २०) इति श्रुतेः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- યજમાનની કામનાઓને પ્રાપ્ત કરાવનાર હોય છે. તાત્પર્ય એ છે કે જે આ રીતે આ આપ્તિગુણવાળા અક્ષર ઉદ્‌ગીથની ઉપાસના કરે છે તેને આ પૂર્વોક્ત ફળ પ્રાપ્ત થાય છે, જેમકે **'તેની જેવી જેવી ઉપાસના કરે છે તેવો તે થઈ જાય છે.'** (મં.બ્રા. ૨૦) આ શ્રુતિથી સિદ્ધ થાય છે. ॥ ૭ ॥

समृद्धिगुणवांश्चोंकारः, कथम् ? અને ઓમકાર સમૃદ્ધિ ગુણવાળો છે, તો કેવી રીતે ?

तद्वा एतदनुज्ञाक्षरं यद्धि किं चानुजानात्योमित्येव तदाह एषा एव समृद्धिर्यदनुज्ञा । समर्धयिता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्ते ॥ ८ ॥

તે આ ઉંકાર જ અનુજ્ઞા (અનુમતિ સૂચક) અક્ષર છે. (મનુષ્ય) કોઈને જે કંઈ અનુમતિ આપે છે તો 'ઉં' (હા) એમ જ કહે છે. આ અનુજ્ઞા એની સમૃદ્ધિ છે. જે આ રીતે જાણનાર પુરુષ આ ઉદ્‌ગીથ અક્ષરની ઉપાસના કરે છે, તે નિશ્ચય જ સંપૂર્ણ કામનાઓને સમૃદ્ધ કરનાર થાય છે. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- तद्वा एतत्प्रकृतमनुज्ञाक्षरमनुज्ञा च साक्षरं च तत् । अनुज्ञा चानुमतिरोङ्कार इत्यर्थः । कथमनुज्ञा ? इत्याह श्रुतिरेव–यद्धि किं च यत्किं च लोके ज्ञानं धनं वानुजानाति विद्वान्धनी वा तत्रानुमतिं कुर्वन्नोमित्येव तदाह । तथा च वेदे– **'त्रयस्त्रिंशदित्योमिति होवाच'** (बृ.उप. ३-९-१) इत्यादि । तथा च लोकेऽपि तवेदं धनं गृह्णामीत्युक्त ओमित्येवाह ॥ ★ अत एषा उ एवैषैव समृद्धिर्यदनुज्ञाः, यानुज्ञा सा समृद्धिस्तन्मूलत्वादनुज्ञायाः । समृद्धो ह्योमित्यनुज्ञां ददाति । तस्मात् समृद्धिगुणवानोङ्कार इत्यर्थः । समृद्धिगुणोपासकत्वात्तद्धर्मा सन् समर्धयिता ह वै कामानां यजमानस्य भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्त इत्यादि पूर्ववत् ॥ ८ ॥

શાંકરભાષ્ય :- આ ઓમકાર (જેનું પ્રકરણ ચાલી રહ્યું છે) તે અનુજ્ઞાક્ષર છે. જે અનુજ્ઞા હોય અને અક્ષર પણ હોય તેને અનુજ્ઞાક્ષર કહે છે. અનુજ્ઞા અનુમતિનું નામ છે, અર્થાત્ ઉંકાર અનુજ્ઞા છે. તે અનુજ્ઞા કેવી રીતે છે ? તે સ્વયં શ્રુતિ જ બતાવે છે - લોકોમાં કોઈ વિદ્વાન અથવા ધનવાન મનુષ્ય જે કોઈ જ્ઞાન અથવા ધનને માટે અનુમતિ આપે છે અનુમતિ આપતાં ત્યાં 'ઉં' એમ કહે છે. તથા વેદમાં પણ **'તેત્રીસ એમ કહેવાથી (શાકલ્યએ) 'ઉં' એમ કહ્યું.'** (બૃ.ઉપ. ૩-૯-૧) વગેરે (ઉદાહરણ) છે અને લોકોમાં પણ 'હું તારું આ ધન લઉં છું' એવું કહેવાથી 'ઉં' (હા) એમ (ઉત્તરમાં) કરે છે.

માટે 'एषा उ एव' અર્થાત્ આ જ સમૃદ્ધિ છે જે અનુજ્ઞા કહેવાય છે. જે અનુજ્ઞા છે તે જ સમૃદ્ધિ છે, કારણ કે અનુજ્ઞા તે (સમૃદ્ધિમૂલક) હોય છે. સમૃદ્ધ પુરુષ જ 'ઉં' એવી અનુજ્ઞા આપે છે. માટે તાત્પર્ય આ છે કે ઓમકાર સમૃદ્ધિ ગુણવાળો છે. જે આ જાણનાર પુરુષ આ ઉદ્‌ગીથની ઉપાસના કરે છે, તે સમૃદ્ધિ ગુણયુક્ત વસ્તુનો ઉપાસક હોવાથી તેના જેવા ધર્મવાળો થઈને પોતાના યજમાનની કામનાઓને સમૃદ્ધ કરનારો બને છે - વગેરે પૂર્વવત્ જાણવું જોઈએ. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- अथेदानीमक्षरं स्तौत्युपास्यत्वात्प्ररोचनार्थम्, कथम् ?

શાંકરભાષ્ય :- હવે શ્રુતિ તે અક્ષર 'ઉં'માં રુચિ ઉત્પન્ન કરવા માટે ઉપાસ્ય હોવાથી તેની સ્તુતિ કરે છે, કેવી રીતે ?

तेनेयं त्रयी विद्या वर्तत ओमित्याश्रावयत्योमिति शꣳसत्योमित्युद्गायत्येतस्यैवाक्षरस्यापचित्यै महिम्ना रसेन ॥ ९ ॥

તે અક્ષરથી જ આ (ઋગ્વેદાદિરૂપ) ત્રયીવિદ્યા પ્રવૃત્ત થાય છે. 'ઉં' એમ કહીને જ (અધ્વર્યુ) આશ્રાવણ કરે છે, 'ઉં' એમ કહીને જ હોતા શેસન કરે છે તથા 'ઉં' એમ કરીને જ ઉદ્‌ગાતા ઉદ્‌ગાન કરે છે. આ અક્ષર(પરમાત્મા)ની પૂજાને માટે છે. તથા તેના જ મહિમા અને રસ(વ્રીહિ-યવાદિ હવિ)ના દ્વારા (સર્વકર્મ પ્રવૃત્ત થાય છે). ॥ ૯ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- तेनाक्षरेण प्रकृतेनेयमृग्वेदादिलक्षणा त्रयीविद्या त्रयीविद्याविहितं कर्मेत्यर्थः । न हि त्रयीविद्यैवाश्रावणादिभिर्वर्तते । कर्म तु तथा प्रवर्तत इति प्रसिद्धम् । कथम् ? ओमित्याश्रावयत्योमिति शंसत्योमित्युद्गायतीति लिङ्गाच्च सोमयाग इति गम्यते । ★ तच्च कर्मैतस्यैवाक्षरस्यापचित्यै पूजार्थम् । परमात्मप्रतीकं हि तत् । तदपचितिः परमात्मन एव सा । **'स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः'** (गीता १८-४६) इति स्मृतेः । ★ किं चैतस्यैवाक्षरस्य महिम्ना महत्त्वेन ऋत्विग्यजमानादिप्राणैरित्यर्थः । तथैतस्यैवाक्षरस्य रसेन व्रीहियवादिरसनिर्वृत्तेन हविषेत्यर्थः, यागहोमाद्यक्षरेण क्रियते । तच्चादित्यमुपतिष्ठते । ततो वृष्ट्यादिक्रमेण प्राणोऽन्नं च जायते । प्राणैरन्नेन च यज्ञस्तायते । अत उच्यते **'अक्षरस्य महिम्ना रसेन'** इति ॥ ९ ॥

શાંકરભાષ્ય :- તે આ પ્રકૃત્ત અક્ષરથી ઋગ્વેદાદિ રૂપ ત્રયીવિદ્યાથી વિધાન કરવામાં આવેલું કર્મ પ્રવૃત થાય છે, કારણ કે આશ્રવણ વગેરે કર્મો દ્વારા ત્રયીવિદ્યા જ પ્રવૃત્ત થતી નથી. હા, આ કર્મ એવી રીતે પ્રવૃત થયા કરે છે એ પ્રસિદ્ધ છે. કેવા પ્રકારે ? (તો બતાવવામાં આવે છે -) ૐ એમ કહીને (અધ્વર્યુ) આશ્રાવણ કરે છે, ૐ એમ કહીને (હોતા) શંસન કરે છે. અને ૐ એમ કહીને (ઉદ્ગાતા) ઉદ્ગાન કરે છે. આવી રીતે આશ્રાવણ વગેરે ત્રણે કર્મોના સમાહારરૂપ લિંગ(લક્ષણ)થી આ સોમયાગ છે એવું સમજાય છે.

તથા તે કર્મ પણ આ અક્ષરની જ અપચિતિ એટલે પૂજાને માટે છે, કારણ કે એ પરમાત્માનું પ્રતીક છે. માટે તેની પૂજા પરમાત્માની જ પૂજા છે, જેમકે **'પોતાના કર્મથી તેનું પૂજન કરીને મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે.'** (ગીતા ૧૮-૪૭) આ સ્મૃતિથી સિદ્ધ થાય છે.

તથા આ અક્ષરનો મહિમા - એટલે મહત્ત્વથી ઋત્વિજ તેમજ યજમાન વગેરેના પ્રાણોથી જ તથા આ અક્ષરના રસ - વ્રીહિ - યવાદિરસથી નિષ્પન્ન થયેલા હવિષથી જ યજ્ઞ હોમ વગેરે કરવામાં આવે છે. તે કર્મ આદિત્યને પ્રાપ્ત થાય છે. તો પછી તેનાથી વૃષ્ટિ વગેરે ક્રમથી પ્રાણ અને અન્નની ઉત્પત્તિ થાય છે તથા પ્રાણ અને અન્નથી યજ્ઞનો વિસ્તાર કરવામાં આવે છે. એટલા માટે **'આ અક્ષરના મહિમાથી અને રસથી'** એમ કહેવામાં આવ્યું છે. ॥ ૯ ॥

शाङ्करभाष्यम् :- तत्राक्षरविज्ञानवतः कर्म कर्तव्यमिति स्थितमाक्षिपति–

શાંકરભાષ્ય :- એવી અવસ્થામાં અક્ષરરૂપી વિજ્ઞાનવાળાએ કર્મ કરવું જોઈએ - આ અવસ્થામાં શ્રુતિ આક્ષેપ કરે છે –

तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद । नाना तु विद्या चाविद्या च यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवतीति खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति ॥ १० ॥

જે આ(અક્ષર)ને આ પ્રકારે જાણે છે અને જે નથી જાણતા તે બંને તેના દ્વારા (કર્મ) કરે છે. પરંતુ વિદ્યા અને અવિદ્યા - બંને અલગ અલગ (ફળ આપનારી) છે. જે કર્મ વિદ્યા, શ્રદ્ધા અને યોગથી યુક્ત થઈને કરવામાં આવે છે તે જ બળવત્તર બને છે, આ સર્વ આ અક્ષરની જ વ્યાખ્યા છે. ॥ ૧૦ ॥

शाङ्करभाष्यम् :- तेनाक्षरेणोभौ यश्चैतदक्षरमेवं व्याख्यातं वेद यश्च कर्ममात्रविदक्षरयाथात्म्यं न वेद तावुभौ कुरुतः कर्म । तयोश्च कर्मसामर्थ्यादेव फलं स्यात्किं तत्राक्षरयाथात्म्यविज्ञानेनेति । दृष्टं हि लोके हरीतकीं भक्षयतोस्तद्रसाभिज्ञेतरयोर्विरेचनम् । नैवम्, यस्मान्नाना तु विद्या चाविद्या च भिन्ने हि विद्याविद्ये । तु शब्दः पक्षव्यावृत्त्यर्थः । ★ न ओंकारस्य कर्माङ्गत्वमात्रविज्ञानमेव रसतमात्रिसमृद्धिगुणवद्विज्ञानम्, किं तर्हि ? ततोऽभ्यधिकम् । तस्मात्तदङ्गाधिक्यात्फलाधिक्यं युक्तमित्यभिप्रायः । दृष्टं हि लोके वणिक्छबरयोः पद्मरागादिमणिविक्रये वणिजो विज्ञानाधिक्यात्फलाधिक्यम् । तस्माद्यदेव विद्यया विज्ञानेन युक्तः सन् करोति कर्म श्रद्धया श्रधानश्च सन्नुपनिषदा योगेन युक्तश्चेत्यर्थः, तदेव कर्म वीर्यवत्तरमविद्वत्कर्मणोऽधिकफलं भवतीति । विद्वत्कर्मणो वीर्यवत्तरत्ववचनादविदुषोऽपि कर्म वीर्यवदेव भवतीत्यभिप्रायः । ★ न चाविदुषः कर्मण्यनधिकारः । औषस्त्ये काण्डेऽविदुषामप्यार्त्विज्यदर्शनात् । रसतमात्रिसमृद्धिगुणवदक्षरमित्येकमुपासनम्, मध्ये प्रयत्नान्तरादर्शनात् । अनेकैर्हि विशेषणैरनेकधोपास्यत्वात खल्वेतस्यैव प्रकृतस्योद्गीथाख्यस्याक्षरस्यौपव्याख्यानं भवति ॥ १० ॥

શાંકરભાષ્ય :- તે અક્ષર દ્વારા બંને પ્રકારના લોકો કર્મ કરે છે, (કોણ કોણ ?) જે આ અક્ષરને જેમ કે ઉપર વ્યાખ્યા કરવામાં આવી છે તેવી રીતે જાણે છે, અને જે કેવળ કર્મને જ જાણે છે, અક્ષરના યથાર્થ સ્વરૂપને જાણતા નથી, તે બંને કર્મ કરે છે. (હવે કોઈ કહે કે) તેને કર્મના સામર્થ્યથી જ ફળની પ્રાપ્તિ થઈ જશે, અક્ષરના યાથાત્મ્યને જાણવાની શું આવશ્યકતા છે, કારણ કે લોકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

હરીતકી(હરડે)ના રસને જાણનારા અને ન જાણનારા આ બંનેને હરીતકી ખાવાથી દસ્ત (ઝાડા) થઈ જતાં જોયાં છે. તો એમ કહેવું બરાબર નથી, કારણ કે વિદ્યા અને અવિદ્યા આ બંનેમાં ભેદ છે - વિદ્યા અને અવિદ્યા બંને અલગ અલગ છે. 'તુ' શબ્દ પક્ષની વ્યાવૃત્તિ કરવા માટે છે.

ઓમકાર રસતમ તથા આપ્તિ અને સમૃદ્ધિ ગુણોથી યુક્ત છે - એવું જાણવું તેને કેવળ કર્માંગમાત્ર જાણવા બરાબર નથી, તો પછી કેવું છે ? તેનાથી ઘણું વધારે છે માટે અભિપ્રાય આ છે કે કર્માંગની અધિકતા કરતા તેના ફળની અધિકતા વધુ યોગ્ય જ છે. લોકમાં આ જોવામાં આવી જ રહ્યું છે કે વ્યાપારી અને ભીલ આ બંનેમાંથી વ્યાપારીને પદ્મરાગાદિ મણિઓના વેચાણનું અધિક જ્ઞાન હોવાને કારણે અધિક ફળ પ્રાપ્ત થાય છે. માટે વિદ્યાથી યુક્ત થઈને શ્રદ્ધાથી એટલે કે શ્રદ્ધાળુ થઈને અને ઉપનિષદ્ અર્થાત્ યોગથી યુક્ત થઈને જે કર્મ કરે છે તે જ વધુ બળવાન બને છે - અવિદ્વાનના કર્મથી અધિક ફળ આપનાર થાય છે. વિદ્વાનનું કર્મ વધુ બળવાન બતાવવામાં આવ્યું છે, આનાથી આ અભિપ્રાય સૂચિત થાય છે કે અવિદ્વાનનું કર્મ પણ પ્રબળ તો છે.

અવિદ્વાનનો કર્મમાં અધિકાર ન થાવ - એવી વાત પણ નથી, કારણ કે ઔષસ્ત્યકાંડમાં (આ અધ્યાયના દસમા ખંડમાં) અવિદ્વાનોને પણ ઋત્વિક્ કર્મ કરતાં જોવામાં આવે છે. તે અક્ષર રસતમ તથા આપ્તિ અને સમૃદ્ધિ ગુણોથી યુક્ત છે - એવી એક ઉપાસના છે, કારણકે (તેનું નિરૂપણ કરતી વખતે) વચ્ચે કોઈ બીજો પ્રયત્ન દેખાતો નથી. અનેક વિશેષણો દ્વારા અનેક પ્રકારે ઉપાસ્ય હોવાને કારણે નિશ્ચય જ આ બધું આ ઉદ્ગીથસંજ્ઞક પ્રકૃત અક્ષર(ૐ)ની જ વ્યાખ્યા બને છે. ॥ ૧૦ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये प्रथमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १ ॥

છાંદોગ્યોપનિષદ્માં પ્રથમ અધ્યાયના પહેલા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वितीयः खण्डः

देवासुरा ह वै यत्र संयेतिर उभये प्राजापत्यास्तद्ध देवा उद्गीथमाजह्रुरनेनैनानभिभविष्याम इति ॥ १ ॥

शाङ्करभाष्यम् :- देवासुरा देवाश्चासुराश्च । देवा दीव्यतेर्द्योतनार्थस्य शास्त्रोद्भासिता इन्द्रियवृत्तयः । असुरास्तद्विपरीताः स्वेष्वेवासुषु विष्वग्विषयासु प्राणनक्रियासु रमणात्स्वाभाविक्यस्तम आत्मिका इन्द्रियवृत्तय एव । ह वा इति पूर्ववृत्तोद्भासकौ निपातौ । यत्र यस्मिन्निमित्त इतरेतरविषयापहारलक्षणे संयेतिरे । संपूर्वस्य यततेः सङ्ग्रामार्थत्वमिति सङ्ग्रामं कृतवन्त इत्यर्थः । ★ शास्त्रीयप्रकाशवृत्त्यभिभवनाय प्रवृत्ताः स्वाभाविक्यस्तमोरूपा इन्द्रियवृत्तयोऽसुराः । तथा तद्विपरीताः शास्त्रार्थविषयविवेकज्योतिरात्मानो देवाः स्वाभाविक तमोरूपासुराभिभवनाय प्रवृत्ता इत्यन्योन्याभिभवोद्भवरूपः सङ्ग्राम इव सर्वप्राणिषु प्रतिदेहं देवासुरसङ्ग्रामोऽनादिकालप्रवृत्त इत्यभिप्रायः । स इह श्रुत्याख्यायिकारूपेण धर्माधर्मोत्पत्तिविवेकविज्ञानाय कथ्यते प्राणविशुद्धिविज्ञानविधिपरतया । ★ अत उभयेऽपि देवासुराः प्रजापतेरपत्यानीति प्राजापत्याः । प्रजापतिः कर्मज्ञानाधिकृतः पुरुषः '**पुरुष एवोक्थमयमेव महान्प्रजापतिः**' इति श्रुत्यन्तरात् । तस्य हि शास्त्रीयाः स्वाभाविक्यश्च करणवृत्तयो विरुद्धा अपत्यानीव, तदुद्भवत्वात् । ★ तत्तत्रोत्कर्षापकर्षलक्षणनिमित्ते ह देवा उद्गीथमुद्गीथभक्त्युपलक्षितमौद्गात्रं कर्माजहुराहृतवन्तः । तस्यापि केवलस्याहरणासम्भवाज्ज्योतिष्टोमाद्याहृतवन्त इत्यभिप्रायः । तत्किमर्थमाजहुः ? इत्युच्यते — अनेन कर्मणैनानसुरानभिभविष्याम इत्येवमभिप्रायाः सन्तः ॥ १ ॥

પ્રસિદ્ધ છે, (પૂર્વકાળમાં) પ્રજાપતિના પુત્ર દેવ અને અસુર પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. તેઓમાંથી દેવતાઓએ આમ વિચારીને કે આના દ્વારા તેમનો પરાજય કરીશું, ઉદ્ગીથનું અનુષ્ઠાન કર્યું. ॥ ૧ ॥

શાંકરભાષ્ય :- દેવાસુરાઃ- દેવ અને અસુરો 'દેવ' શબ્દ દ્યોતનાર્થક 'દિવ' ધાતુથી સિદ્ધ થયો છે. તેનો અભિપ્રાય શાસ્ત્રોથી પ્રકાશિત ઈન્દ્રિય વૃત્તિઓ છે. તથા તેનાથી વિપરીત, જે પોતાના જ અસુઓ(પ્રાણો)માં એટલે કે વિવિધ વિષયોમાં જનારી પ્રાણની ક્રિયાઓમાં જ રમણ કરનારી હોવાને કારણે સ્વભાવથી તમોમયી ઈન્દ્રિય વૃત્તિઓ છે તે જ 'અસુર' કહેવાય છે. 'હ' અને 'વૈ' એ પૂર્વ વૃત્તાંતને સૂચિત કરનારા નિપાનો છે. 'યત્ર' જે નિમિત્તે અર્થાત્ એકબીજાના વિષયોના અપહરણરૂપ જે કોઈ નિમિત્તે યુદ્ધ કરવા લાગ્યા 'સમ્' ઉપસર્ગપૂર્વક 'યત્' ધાતુનો અર્થ સંગ્રામ હોવાને કારણે તેનો અભિપ્રાય 'તેઓએ સંગ્રામ કર્યો' એમ થાય.

શાસ્ત્રીય પ્રકાશવૃત્તિનો પરાજય કરવાને માટે પ્રવૃત્ત થયેલી સ્વભાવથી જ તમોગુણમયી ઈન્દ્રિય વૃત્તિઓ અસુર છે. તથા તેનાથી વિપરીત શાસ્ત્રાર્થ વિષયક વિવેક જ્યોત સ્વરૂપ દેવો સ્વાભાવિક તમોરૂપ અસુરોના પરાજય કરવાને માટે પ્રવૃત્ત થયેલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આવી રીતે પરસ્પરની વૃત્તિઓના અભિભવ–ઉદ્ભવરૂપ સંગ્રામના જેવો આ દેવાસુર સંગ્રામ અનાદિકાળથી બધા પ્રાણીઓના પ્રત્યેક દેહમાં થતો આવ્યો છે - એવો આનો અભિપ્રાય છે. અહીં શ્રુતિ ધર્માધર્મની ઉત્પત્તિના વિવેકનો બોધ કરાવા માટે પ્રાણોની વિશુદ્ધિના વિજ્ઞાનનું વિધાન કરતાં કરતાં આખ્યાયિકારૂપે તેનું વર્ણન કરી રહી છે.

આનાથી આ દેવ અને અસુર, બંને પ્રજાપતિના પુત્ર છે એટલા માટે પ્રાજાપત્ય. **'પુરુષ જ ઉક્થ છે, તે જ મહાન પ્રજાપતિ છે.'** આ અન્ય શ્રુતિ અનુસાર પ્રજાપતિ, કર્મ અને જ્ઞાન(ઉપાસના)ના અધિકારી પુરુષનું નામ છે (બ્રહ્માનું નહીં). તેની જ શાસ્ત્રીય અને સ્વાભાવિક - આ પરસ્પર વિરુદ્ધ ઈન્દ્રિય વૃત્તિઓ સંતાન જેવી છે, કારણ કે તેનો આવિર્ભાવ તેનાથી જ થાય છે.

ઉત્કર્ષ - અપકર્ષરૂપ નિમિત્તને કારણે થનારા તે સંગ્રામમાં દેવોએ ઉદ્ગીથનું એટલે કે ઉદ્ગીથભક્તિથી ઉપલક્ષિત ઉદ્ગાતાના કર્મનું આહરણ-અનુષ્ઠાન કર્યું. એકલા તેનું જ અનુષ્ઠાન થવું અસંભવ હોવાને કારણે તેમણે જ્યોતિષ્ટોમ વગેરેનું અનુષ્ઠાન કર્યું - આવો તેનો અભિપ્રાય છે. તેમણે તેનું અનુષ્ઠાન શા માટે કર્યું ? એ બતાવે છે - આ કર્મથી આપણે આ અસુરોનો પરાજય કરી દઈશું - આવા અભિપ્રાયવાળા થઈને (તેમણે ઉદ્ગીથનું અનુષ્ઠાન કર્યું.) ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यदा च तदुद्गीथं कर्माजिहर्षवस्तदा –

શાંકરભાષ્ય :- જે સમયે તેમણે તે ઉદ્ગીથ કર્મનું અનુષ્ઠાન કરવાનું વિચાર્યું તે સમયે –

ते ह नासिक्यं प्राणमुद्गीथमुपासांचक्रिरे । तꣳ ह्यसुराः पाप्मना विविधुस्तस्मात्तेनोभयं जिघ्रति सुरभि च दुर्गन्धि च पाप्मना ह्येष विद्धः ॥ २ ॥

शाङ्करभाष्यम् :- ते ह देवा नासिक्यं नासिकायां भवं प्राणं चेतनावन्तं घ्राणं प्राणमुद्गीथकर्तारमुद्गातारमुद्गीथभक्त्योपासांचक्रिरे कृतवन्त इत्यर्थः । नासिक्यप्राणदृष्ट्योद्गीथाख्यमक्षरमोङ्कारमुपासांचक्रिर इत्यर्थः । एवं हि प्रकृतार्थपरित्यागोऽप्रकृतार्थोपादानं च न कृतं स्यात् । **'खल्वेतस्यैवाक्षरस्य'** इत्योङ्कारो ह्युपास्यतया प्रकृतः । ★ ननूद्गीथोपलक्षितं कर्माहृतवन्त इत्यवोचः, इदानीमेव कथं नासिक्यप्राणदृष्ट्योङ्कारमुपासांचक्रिर इत्यात्थ ? ★ नैष दोषः, उद्गीथकर्मण्येव हि तत्कर्तृप्राणदेवतादृष्ट्योद्गीथभक्त्यवयवश्चोङ्कार उपास्यत्वेन विवक्षितो न स्वतन्त्रः । अतस्तादर्थ्येन कर्माहृतवन्त इति युक्तमेवोक्तम् । ★ तमेवं देवैर्वृतमुद्गातारं हासुराः स्वाभाविकतम आत्मानो ज्योतीरूपं नासिक्यं प्राणं देवं स्वकीयेन पाप्मना अधर्मासङ्गरूपेण विविधुर्विद्धवन्तः संसर्गं कृतवन्त इत्यर्थः । स हि नासिक्यः प्राणः कल्याणगन्धग्रहणाभिमानासङ्गाभिभूतविवेकविज्ञानो बभूव । स तेन दोषेण पाप्मसंसर्गी बभूव । तदिदमुक्तमसुराः पाप्मना विविधुरिति । ★ यस्मादासुरेण पाप्मना विद्धस्तस्मात्तेन पाप्मना प्रेरितो घ्राणः प्राणो दुर्गन्धग्राहकः प्राणिनाम् । अतस्तेनोभयं जिघ्रति लोकः सुरभि च दुर्गन्धि च पाप्मना ह्येष यस्माद्विद्धः । उभयग्रहणमविवक्षितम्, **'यस्योभयं हविरार्तिमार्च्छति'** इति यद्वत् । **'यदेवेदमप्रतिरूपं जिघ्रति'** (बृ.उप. १-३-३) इति समानप्रकरणश्रुतेः ॥ २ ॥

તેઓએ નાસિકામાં રહેનારા પ્રાણના રૂપે ઉદ્ગીથની ઉપાસના કરી. પરંતુ અસુરોએ તેમને પાપથી વિદ્ધ કરી દીધા. આનાથી તે સુગંધ અને દુર્ગંધ બંનેને સૂંઘે છે, કારણ કે તે પાપથી વીંધાયેલ છે. ॥ ૨ ॥

શાંકરભાષ્ય :- પ્રસિદ્ધ છે, તે દેવોએ નાસિક્ય-નાસિકામાં રહેનારા પ્રાણ એટલે કે ચેતનાવાન ઘ્રાણેન્દ્રિયની, ઉદ્ગીથકર્તા - ઉદ્ગીતાની ઉદ્ગીથ ભક્તિથી ઉપાસના કરી, તાત્પર્ય આ છે કે ઉદ્ગીથસંજ્ઞક ઓમકાર અક્ષરની નાસિકામાં રહેનારા પ્રાણના રૂપે ઉપાસના કરી. આવી રીતે પ્રકૃત અર્થનો પરિત્યાગ અને અપ્રકૃત અર્થનું ગ્રહણ ન કરવું પડત. કારણ કે 'खल्वैतस्यैवाक्षरस्य' આ શ્રુતિ વચન પ્રમાણે અહીં ઉપાસ્યરૂપે ઓમકારનું જ પ્રકરણ છે.

પૂર્વપક્ષી :- પરંતુ તમે તો કહ્યું હતું કે તેમે 'ઉદ્ગીથ' શબ્દથી ઉપલક્ષિત કર્મનું અનુષ્ઠાન કર્યું. હવે એમ કેમ કહો છો કે ઉદ્ગીથસંજ્ઞક ઓમકાર અક્ષરની જ નાસિકામાં રહેલા પ્રાણના રૂપમાં ઉપાસના કરી ?

સિદ્ધાન્તી :- આ દોષ નથી, કારણ કે અહીં ઉદ્ગીથ કર્મમાં જ તેના કર્તા પ્રાણદેવતાની દૃષ્ટિથી ઉદ્ગીથ ભક્તિના અવયવભૂત ઓમકાર ઉપાસ્યરૂપે વિવક્ષિત છે - સ્વતંત્ર ઓમકાર નથી. આથી તેના માટે તે અર્થમાં (ઉદ્ગાતાના) કર્મનું અનુષ્ઠાન કર્યું - એમ જે કહ્યું છે તે યોગ્ય જ છે.

દેવોથી આ પ્રકારે વરણ કરવામાં આવેલા તે ઉદ્ગાતા જ્યોતિસ્વરૂપ નાસિકાસ્થિત પ્રાણદેવનો સ્વભાવથી જ તમોમય અસુરોએ અધર્મ અને આસક્તિરૂપ પોતાના પાપથી વેધ કર્યો, વીંધી નાખ્યા. અર્થાત્ તેનાથી જોડી દીધું. તે નાસિકાસ્થિત પ્રાણમાં પુણ્ય ગંધને ગ્રહણ કરવાનું અભિમાન અને આસક્તિરૂપ દોષ આવી જવાથી તેના વિવેક અને વિજ્ઞાનનો અભાવ થઈ ગયો. તે દોષને કારણે તે પાપથી સંસર્ગ રાખનાર થઈ ગયા. આનાથી આ કહ્યું છે કે અસુરોએ તેને પાપથી વિંધી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

કારણ કે (પ્રાણ) આસુર પાપથી વિદ્ધ છે એટલા માટે પાપથી પ્રેરિત થયેલો તે પ્રાણીઓનો પ્રાણસંજ્ઞક પ્રાણ દુર્ગંધને ગ્રહણ કરનાર છે. આનાથી લોક સુગંધ અને દુર્ગંધ બંનેને જ સૂંઘે છે, કારણ કે આ પાપથી વિંધાયેલો છે. જેવી રીતે 'જેના દ્રવાત્મક અને પુરોડાશાત્મક બંને હવિઓ દૂષિત થઈ જાય (તે ઈન્દ્ર દેવને માટે પાંચ શકોરાઓમાં ભાત અર્પણ કરે)' આ વાક્યમાં 'બંને' પદ વિવક્ષિત નથી. તેવી રીતે અહીં પણ 'ઉભય' પદને ગ્રહણ કરવું વિવક્ષિત નથી. (બૃહદારણક શ્રુતિમાં પણ) આના સમાન પ્રકરણમાં આમ સાંભળવામાં આવ્યું છે કે 'જે આ પ્રતિકૂળ ગંધને સૂંઘે છે.' (બૃ.ઉપ. ૧-૩-૩) (આનાથી પણ આ સિદ્ધ થાય છે કે અહીં 'ઉભય' પદને ગ્રહણ કરવું ઉચિત નથી). ॥ ૨ ॥

अथ ह वाचमुद्गीथमुपासांचक्रिरे । ताꣳ हासुराः पाप्मना विविधुस्तस्मात्तयोभयं वदति सत्यं चानृतं च पाप्मना ह्येषा विद्धा ॥ ३ ॥

अथ ह चक्षुरुद्गीथमुपासांचक्रिरे । तद्धासुराः पाप्मना विविधुस्तस्मात्तेनोभयं पश्यति दर्शनीयं चादर्शनीयं च पाप्मना ह्येतद्विद्धम् ॥ ४ ॥

अथ ह श्रोत्रमुद्गीथमुपासांचक्रिरे । तद्धासुराः पाप्मना विविधुस्तस्मात्तेनोभयꣳ शृणोति श्रवणीयं चाश्रवणीयं च पाप्मना ह्येतद्विद्धम् ॥ ५ ॥

अथ ह मन उद्गीथमुपासांचक्रिरे । तद्धासुराः पाप्मना विविधुस्तस्मात्तेनोभयꣳ संकल्पयते संकल्पनीयं चासंकल्पनीयं च पाप्मना ह्येतद्विद्धम् ॥ ६ ॥

ફરીથી તેમણે વાણીના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરી. પરંતુ અસુરોએ તેને પાપથી વિંધી દીધી. માટે લોક તેના દ્વારા સત્ય અને મિથ્યા બંને બોલે છે, કારણ કે તે પાપથી વિંધાયેલી છે. ॥ ૩ ॥

પછી તેમણે ચક્ષુના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરી. અસુરોએ તેને પાપથી વીંધી દીધા. માટે લોક તેનાથી જોવાયોગ્ય અને ન જોવાયોગ્ય બંને પ્રકારના પદાર્થોને જોવે છે, કારણ કે તે (ચક્ષુ-ઈન્દ્રિય) પાપથી વિંધાયેલી છે. ॥ ૪ ॥

પછી તેમણે શ્રોત્રના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરી. અસુરોએ તેને પાપથી વીંધી દીધો. માટે લોક તેનાથી સાંભળવા યોગ્ય અને ન સાંભળવા યોગ્ય બંને પ્રકારની વાતોને સાંભળે છે, કારણ કે તે (શ્રોત્રેન્દ્રિય) પાપથી વિંધાયેલી છે. ॥ ૫ ॥

પછીથી તેમણે મનના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરી. અસુરોએ તેને પાપથી વીંધી દીધું. માટે તેના દ્વારા લોક સંકલ્પ કરવા યોગ્ય અને સંકલ્પ ન કરવા યોગ્ય બંનેનો સંકલ્પ કરે છે, કારણ કે તે પાપથી વિંધાયેલો છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- मुख्यप्राणस्योपास्यत्वाय तद्विशुद्धत्वानुभवार्थोऽयं विचारः श्रुत्या प्रवर्तितः । अतश्चक्षुरादि देवताः क्रमेण विचार्यासुरेण पाप्मना विद्धा इत्यपोह्यन्ते । समानमन्यत् । अथ ह वाचं चक्षुः श्रोत्रं मन इत्यादि । अनुक्ता अप्यन्यास्त्वग्रसनादिदेवता द्रष्टव्याः **'एवमु खल्वेता देवताः पाप्मभिः'** (बृ.उप. १-३-६) इति श्रुत्यन्तरात् ॥ ३-६ ॥

શાંકરભાષ્ય :- મુખ્ય પ્રાણને ઉપાસ્ય બનાવવા માટે તેની વિશુદ્ધતાનો અનુભવ કરાવવાના પ્રયોજનથી શ્રુતિએ આ વિચારનો આરંભ કર્યો છે. એટલે ચક્ષુ વગેરે દેવ આસુર પાપથી વિદ્ધ છે - આ રીતે ક્રમશઃ વિચાર કરીને તેનો અપવાદ કરવામાં આવે છે. બાકી બધું પણ આના સમાન જ છે. આવી રીતે તેમણે વાક્, ચક્ષુ, શ્રોત્ર અને મન વગેરેને પણ (પાપથી વિદ્ધ કરી દીધા) **'આ પ્રકારે ચોક્કસ એ દેવ પાપથી જોડાયેલ છે'** (બૃ.ઉપ. ૧-૩-૬) આ અન્ય શ્રુતિ પ્રમાણે, અહીં જેનું નામ લેવામાં આવ્યું નથી, તે ત્વક્ (ત્વચા) તેમજ રસના (જીભ) વગેરે અન્ય દેવોને પણ એવી રીતે જ પાપવિદ્ધ સમજવા જોઈએ. ॥ ૩-૬ ॥

शाङ्करभाष्यम् :- आसुरेण विद्धत्वाद्घ्राणादिदेवता अपोह्य –

શાંકરભાષ્ય :- આસુરોના પાપથી વિદ્ધ હોવાથી ઘ્રાણ વગેરે દેવોનો ત્યાગ કરીને –

अथ ह य एवायं मुख्यः प्राणस्तमुद्गीथमुपासांचक्रिरे । तꣳ हासुरा ऋत्वा विदध्वंसुर्यथाश्मानमाखणमृत्वा विध्वꣳसेत ॥ ७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પછી આ જે પ્રસિદ્ધ મુખ્ય પ્રાણ છે તેના રૂપમાં ઉદ્‌ગીથની ઉપાસના કરી. તે (પ્રાણના) સમીપ પહોંચીને અસુરગણ આવી રીતે વિધ્વસ્ત થઈ ગયા જેવી રીતે દુર્ભેદ પથ્થરની પાસે પહોંચીને માટીનું ઢેફું નષ્ટ થઈ જાય છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरं य एवायं प्रसिद्धो मुखे भवो मुख्यः प्राणस्तमुद्गीथमुपासांचक्रिरे । तं ह्यसुराः पूर्ववदृत्वा प्राप्य विदध्वंसुर्विनष्टाः, अभिप्रायमात्रेण, अकृत्वा किञ्चिदपि प्राणस्य । ★ कथं विनष्टाः ? इत्यत्र दृष्टान्तमाह–यथा लोकेऽश्मानमाखणम्–न शक्यते खनितुं कुद्दालादिभिरपि, टङ्कैश्चच्छेत्तुं न शक्योऽखणः, अखण एव आखणस्तमृत्वा सामर्थ्याल्लोष्टः पांसुपिण्डः श्रुत्यन्तराच्चाश्मनि क्षिप्तोऽश्मभेदनाभिप्रायेण तस्याश्मनः किञ्चिदप्यकृत्वा स्वयं विवंध्सेत विदीर्येतैवं विदध्वंसुरित्यर्थः । एवं विशुद्धोऽसुरैरधर्षितत्वात् प्राण इति ॥ ७ ॥

શાંકરભાષ્ય :- હવે આના પછી જો કે આ પ્રસિદ્ધ મુખ્ય મુખમાં ઉત્પન્ન થનાર પ્રાણ છે તેના રૂપમાં ઉદ્‌ગીથની ઉપાસના કરી. અસુરગણ પૂર્વવત્ તેને પ્રાપ્ત થતાં જ - પ્રાણનું કંઈ પણ ન બગાડતાં તેને વિદ્ધ કરવાનો સંકલ્પ કરીને જ વિધ્વસ્ત થઈ ગયો.

તે કેવી રીતે નષ્ટ થઈ ગયો ? આમાં દૃષ્ટાંત કહે છે – જેવી રીતે લોકમાં આખણ - પાષાણને પ્રાપ્ત થઈને – જેને કોદાળી વગેરેથી પણ ન ખોદી શકાય તથા જે ટાંકણાથી પણ છીણી ન શકાય તેને 'અખણ' કહે છે તે અખણ જ 'આખણ' (અભેદ્ય) કહેવામાં આવ્યું છે તેને પ્રાપ્ત કરીને અર્થાત્ પાષાણની જેમ તેને ફોડવાના અભિપ્રાયથી ફેંકવામાં આવેલા લોષ્ટ પાંસુપિંડ એટલે કે માટીનું ઢેફું તે પથ્થરનું કંઈપણ ન બગાડીને સ્વયં નષ્ટ થઈ જાય છે, વિદીર્ણ થાય છે તેમ અસુરો પણ વિનષ્ટ થઈ ગયા. આવી રીતે અસુરોથી પરાભૂત ન હોવાને કારણે મુખ્ય પ્રાણ શુદ્ધ રહ્યો - આ તેનું તાત્પર્ય છે. અહીં પ્રકરણના સામર્થ્યથી અને બીજી શ્રુતિ અનુસાર 'લોષ્ટ' શબ્દ અધ્યાહૃત કરવામાં આવ્યો છે. (૭)

शाङ्करभाष्यम् :- एवंविदः प्राणात्मभूतस्येदं फलमाह–

શાંકરભાષ્ય :- આવી રીતે જાણવામાં આવેલા પ્રાણાત્મભૂત વ્યક્તિને માટે શ્રુતિ આ ફળ બનાવે છે –

एवं यथाश्मानमाखणमृत्वाविध्वꣳसत एवꣳहैव स विध्वꣳसते य एवंविदि पापं कामयते यश्चैनमभिदासति स एषोऽश्माखणः ॥ ८ ॥

જેવી રીતે (માટીનું ઢેફું) દુર્ભેદ્ય પથ્થરને પ્રાપ્ત થઈને વિનષ્ટ થઈ જાય છે તેવી રીતે તે વ્યક્તિ નાશને પ્રાપ્ત થાય છે જે આમ જાણનાર પુરુષના પ્રતિ પાપાચારની કામના કરે છે અથવા જે તેને મારે છે. કારણ કે આ (પ્રાણોપાસક) અભેદ્ય પાષાણ જ છે. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- यथाश्मानमिति, एष एव दृष्टान्तः, एवं हैव स विध्वंसते विनश्यति, कोऽसौ ? इत्याह–य एवंविदि यथोक्तप्राणविदि पापं तदनर्हं कर्तुं कामयत इच्छति यश्चाप्येनमभिदासति हिनस्ति प्राणविदं प्रत्याक्रोशताडनादि प्रयुङ्क्ते सोऽप्येवमेव विध्वंसत इत्यर्थः । यस्मात्स एष प्राणवित् प्राणभूतत्वादश्माखण इवाश्माखणोऽधर्षणीय इत्यर्थः । ★ ननु नासिक्योऽपि प्राणो वाय्वात्मा यथा मुख्यस्तत्र नासिक्यः प्राणः पाप्मना विद्धः प्राण एव सन्न मुख्यः कथम् ? ★ नैष दोषः, नासिक्यस्तु स्थानकरणवैगुण्याद्विद्धो वाय्वात्मापि सन्, मुख्यस्तु तदसम्भवात् स्थानदेवताबलीयस्त्वान्न विद्ध इति युक्तम् । यथा वास्यादयः शिक्षावत्पुरुषाश्रयाः कार्यविशेषं कुर्वन्ति नान्यहस्तगतास्तद्वद्दोषवद्घ्राणसचिवत्वाद्विद्धा घ्राणदेवता न मुख्यः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે પાષાણને પ્રાપ્ત થઈને વગેરે - આ જ આમાં દૃષ્ટાંત છે. તેવી રીતે ચોક્કસ તે નષ્ટ થઈ જાય છે, કોણ તે નષ્ટ થઈ જાય છે ? તો બતાવે છે - જે આવી રીતે પૂર્વોક્ત પ્રાણને જાણનારા ઉપાસકના પ્રત્યે તેનો અયોગ્ય પાપાચાર કરવાની કામના - ઇચ્છા કરે છે, તથા જે તેનું હનન કરે છે - આ પ્રાણવેત્તા પ્રત્યે આક્રોશ તાડનાદિનો પ્રયોગ કરે છે તે પણ આવી રીતે નષ્ટ થઈ જાય છે. કારણ કે આ (પ્રાણવેત્તા) પ્રાણ સ્વરૂપ હોવાને કારણે દુર્ભેદ્ય પાષાણ સમાન દુર્ભેદ્ય અર્થાત્ દુર્ધર્ષ છે. એવો એનો અર્થ છે.

પૂર્વપક્ષી :- જેવી રીતે મુખ્ય પ્રાણ છે તેવી રીતે નાસિકાસ્થિત પ્રાણ પણ વાયુરૂપ છે, પરંતુ પ્રાણરૂપ હોવાથી પણ કેવળ નાસિકાગત પ્રાણ જ પાપથી વિદ્ધ છે, મુખ્ય પ્રાણ નહીં તે કેવી રીતે ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી. નાસિકામાં રહેનારો પ્રાણ તો વાયુરૂપ હોવાથી પણ સ્થાનની ઈન્દ્રિયના દોષને કારણે અસુરો દ્વારા પાપથી વિદ્ધ થઈ ગયો છે, પરંતુ મુખ્ય પ્રાણ આશ્રયદોષની અસંભવનાને કારણે તથા સ્થાન દેવથી પ્રબલતર હોવાને કારણે પાપથી વિદ્ધ થયો નથી - આ યોગ્ય જ છે. જેવી રીતે વાંસલો વગેરે ઓજાર સુશિક્ષિત પુરુષના હાથમાં રહેવાથી વિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

કાર્ય કરે છે, પરંતુ બીજાના હાથમાં પડવાથી તેવું કરતાં નથી, તેવી રીતે દોષયુક્ત ઘ્રાણના સાથી હોવાથી ઘ્રાણદેવ પાપથી વિદ્ધ છે અને મુખ્ય પ્રાણ પાપથી વિદ્ધ થતો નથી. ॥ ૮ ॥

यस्मान्न विद्धोऽसुरैर्मुख्यस्तस्मात् – કારણ કે મુખ્ય પ્રાણ અસુરો દ્વારા પાપ વિદ્ધ થયો નથી, તેથી –

नैवैतेन सुरभि न दुर्गन्धि विजानात्यपहतपाप्मा ह्येष तेन यदश्नाति यत्पिबति तेनेतरान्प्राणानवति । एतमु एवान्ततोऽवित्त्वोत्क्रामति व्याददात्येवान्तत इति ॥ ९ ॥

લોક આ(મુખ્ય પ્રાણ)ના દ્વારા ન સુગંધને જાણે છે અને ન દુર્ગંધને જાણે છે, કારણ કે અહીં પાપનું કાર્ય દેખાતું નથી. એટલે આ જે કાંઈ ખાય છે અથવા પીએ છે તેનાથી અન્ય પ્રાણોનું (ઈન્દ્રિયોનું) રક્ષણ કરે છે. અંતમાં આ મુખ્ય પ્રાણને પ્રાપ્ત ન થવાથી (ઘ્રાણાદિ પ્રાણ સમુહ) ઉત્ક્રમણ કરે છે અને આનાથી અંતમાં પુરુષ મુખ પહોળું કરે છે. ॥ ૯ ॥

शाङ्करभाष्यम् :- नैवैतेन सुरभि दुर्गन्धि वा विजानाति घ्राणेनैव तदुभयं विजानाति लोकः । अतश्च पाप्मकार्यादर्शनादपहत-पाप्मापहतो विनाशितोऽपनीतः पाप्मा यस्मात्सोऽयमपहतपाप्मा ह्येष विशुद्ध इत्यर्थः । ★ यस्माच्चात्मंभरयः कल्याणाद्यासङ्गवत्त्वाद्-घ्राणादयो न तथात्मंभरिर्मुख्यः, किं तर्हि ? सर्वार्थः कथम् ? इत्युच्यते–तेन मुख्येन यदश्नाति यत्पिबति लोकस्तेनाशितेन पीतेन चेतरान् घ्राणादीनवति पालयति । तेन हि तेषां स्थितिर्भवतीत्यर्थः । अतः सर्वभरिः प्राणोऽतो विशुद्धः । ★ कथं पुनर्मुख्याशितपीताभ्यां स्थितिरेषां गम्यते ? इत्युच्यते–एतं मुख्यं प्राणम्, मुख्यप्राणस्य वृत्तिमन्नपाने इत्यर्थः, अन्ततोऽन्ते मरणकालेऽवित्त्वालब्ध्वोत्क्रामति घ्राणादिप्राणसमुदाय इत्यर्थः । अप्राणो हि न शक्नोत्यिशतुं पातुं वा । तेन तदोत्क्रान्तिः प्रसिद्धा घ्राणादिकलापस्य । दृश्यते ह्युत्क्रान्तौ प्राणस्याशिशिषा । अतो व्याददात्येवास्यविदारणं करोतीत्यर्थः । तद्ध्यन्नालाभ उत्क्रान्तस्य लिङ्गम् ॥ ९ ॥

શાંકરભાષ્ય :- લોક આ મુખ્ય પ્રાણના દ્વારા ન સુગંધને જાણે છે અને ન દુર્ગંધને પણ આ બંનેને તે ઘ્રાણ દ્વારા જ જાણે છે. એટલે પાપનું કાર્ય ન દેખાવાને કારણે આ અપહતપાપ્મા છે. જેનાથી પાપ અપહત-વિનાશિત અર્થાત્ દૂર કરી દીધું છે તે આ મુખ્ય પ્રાણ અપહતપાપ્મા અર્થાત્ વિશુદ્ધ છે, એવો અર્થ છે.

કારણ કે ઘ્રાણાદિ ઈન્દ્રિયો પોતપોતાના કલ્યાણમાં આસક્ત હોવાથી પોતાનું જ પોષણ કરનારી છે અને મુખ્ય પ્રાણ તેવી રીતે પોતાનું જ પોષણ કરનાર નથી, તો પછી તે કેવો છે ? તે તો સર્વનો હિતકારી છે. કેવી રીતે ? તો કહે છે – તે મુખ્ય પ્રાણના દ્વારા લોકો જે કાંઈ ખાયપીવે છે તે ખાધેલા પીધેલાથી તે મુખ્ય પ્રાણ ઘ્રાણાદિ બીજા પ્રાણોનું પોષણ કરે છે, કારણ કે તેનાથી તે(સર્વ)ની સ્થિતિ થાય છે. એટલા માટે મુખ્ય પ્રાણ સર્વનું પોષણ કરનાર છે, એટલે તે વિશુદ્ધ છે.

પૂર્વપક્ષી :- પરંતુ મુખ્ય પ્રાણદ્વારા ખાધેલા-પીધેલા પદાર્થોથી અન્ય પ્રાણોની સ્થિતિ કેવા પ્રકારે જાણવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- આ મુખ્ય પ્રાણને અર્થાત્ આ મુખ્ય પ્રાણની વૃત્તિરૂપ અન્નપાનને ન મેળવીને અંત સમયે-મરણકાળે ઘ્રાણાદિ ઈન્દ્રિય-સમુદાય ઉત્ક્રમણ કરે છે, કારણ કે પ્રાણહીન પુરુષ ખાવામાં અથવા પીવામાં શક્તિમાન હોતો નથી. આનાથી તે સમયે ઘ્રાણ વગેરે ઈન્દ્રિય-સમૂહની ઉત્ક્રાન્તિ પ્રસિદ્ધ છે. ઉક્રમણના સમયે પ્રાણની ભોજન કરવાની ઇચ્છા સ્પષ્ટ જોવામાં આવે છે. આનાથી તે સમયે તે મુખ ખોલે છે. આ ઉત્ક્રમણ કરનારા ઘ્રાણાદિને પ્રાપ્ત ન થવાનું લક્ષણ છે. ॥ ૯ ॥

तꣳ हाङ्गिरा उद्गीथमुपासांचक्र एतमु एवाङ्गिरसं मन्यन्तेऽङ्गानां यद्रसः ॥ १० ॥

અંગિરા ઋષિએ આ(મુખ્ય પ્રાણ)ના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરી હતી. એટલે આ પ્રાણને જ અંગિરસ માને છે, કારણ કે આ અંગોનો રસ છે. ॥ ૧૦ ॥

शाङ्करभाष्यम् :- तं हाङ्गिरास्तं मुख्यं प्राणं हाङ्गिरा इत्येवंगुणमुद्गीथमुपासांचक्र उपासनं कृतवान्बको दाल्भ्य इति वक्ष्यमाणेन संबध्यते । तथा बृहस्पतिरिति, आयास्य इति चोपासांचक्रे बक इत्येवं संबन्धं कृतवन्तः केचित्, **'एतमु एवाङ्गिरसं बृहस्पतिमायास्यं प्राणं मन्यन्ते'** इति वचनात् । ★ भवत्येवं यथाश्रुतासंभवे संभवति तु यथाश्रुतम्, ऋषिचोदनायामपि श्रुत्यन्तरवत्, **'तस्माच्छतर्चिन इत्याचक्षत एतमेव सन्तमृषिमपि'** । तथा माध्यमो गृत्समदो विश्वामित्रो वामदेवोऽत्रिरित्यादीन् ऋषीनेव प्राणमापादयति श्रुतिः । तथैतानप्यृषीन् प्राणोपासकानङ्गिरोबृहस्पत्यायास्यान्प्राणं करोत्यभेदविज्ञानाय **'प्राणो ह पिता प्राणो माता'** इत्यादिवच्च । तस्माद्दृषिरङ्गिरा नाम प्राण एव सन्नात्मानमङ्गिरसं प्राणमुद्गीथमुपासांचक्र इत्येतत् । यद्यस्मात्सोऽङ्गानां प्राणः सन्रसस्तेनासावाङ्गिरसः ॥ १० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- 'तं हाङ्गिराः' અર્થાત્ અંગિરા - એવા આ ગુણવાળા આ મુખ્ય પ્રાણરૂપ ઉદ્ગીથની દાલ્ભ્ય બકે ઉપાસના કરી - આ આનો પછી કહેવાનાર સાથે સંબંધ છે. તથા કોઈ કોઈએ 'દલ્ભપુત્ર બકે બૃહસ્પતિ અને આયાસ્ય ગુણવાળા પ્રાણરૂપ ઉદ્ગીથની ઉપાસના કરી' - આવી રીતે તેનો સંબંધ બતાવ્યો છે, કારણ કે અહીં **'આ પ્રાણને જ અંગિરસ બૃહસ્પતિ અને આયાસ્ય માને છે'** એવું વચન છે.

ઠીક છે, જો યથાશ્રુત અર્થ (શ્રુતિનો સરલ અર્થ) શક્ય ન હોય તો (દૂરાન્વયી) આવો અર્થ પણ લેવામાં આવી શકે. પરંતુ અહીં તો **'એટલે ઋષિ હોવાથી પણ આને (પ્રાણને) 'शतर्चिन' એમ કહીને પુકારે છે.'** આ અન્ય શ્રુતિ અનુસાર ઋષિઓના પ્રતિપાદન કરવામાં પ્રવૃત્ત યથાશ્રુત અર્થ પણ શક્ય છે. આવી રીતે શ્રુતિ માધ્યમ, ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ અને અત્રિ વગેરે ઋષિઓને જ પ્રાણ ભાવની પ્રાપ્તિ કરાવે છે, એમ જ **'પ્રાણ પિતા છે, પ્રાણ માતા છે'** વગેરે સમાન અંગિરા, બૃહસ્પતિ અને આયાસ્ય આ પ્રાણોપાસક ઋષિઓને પણ શ્રુતિ અભેદ વિજ્ઞાનને માટે પ્રાણ બનાવે છે. તેથી અંગિરા નામના ઋષિએ પ્રાણસ્વરૂપ થઈને જ અંગિરસ આત્મા પ્રાણરૂપ ઉદ્ગીથની ઉપાસના કરી, કારણ કે પ્રાણ હોવાના કારણે આ અંગોનો રસ છે, એટલા માટે આંગિરસ છે. ॥ ૧૦ ॥

तेन तꣳ ह बृहस्पतिरुद्गीथमुपासांचक्र एतमु एव बृहस्पतिं मन्यन्ते वाग्घि बृहती तस्या एष पतिः ॥ ११ ॥

આનાથી બૃહસ્પતિએ તે પ્રાણના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરી. લોકો આ પ્રાણને જ બૃહસ્પતિ માને છે, કારણ કે વાક્ જ બૃહતી છે અને તે તેના પતિ છે. ॥ ૧૧ ॥

शाङ्करभाष्यम् :- तथा वाचो बृहत्याः पतिस्तेनासौ बृहस्पतिः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- તથા આ વાક્ એટલે કે બૃહતીનો પતિ છે, એટલા માટે બૃહસ્પતિ છે. ॥ ૧૧ ॥

तेन तꣳ हायास्य उद्गीथमुपासांचक्र एतमु एवायास्यं मन्यन्त आस्याद्यदयते ॥ १२ ॥

આનાથી આયાસ્યે એ આ પ્રાણના રૂપમાં જ ઉદ્ગીથની ઉપાસના કરી. લોકો આ પ્રાણને જ આયાસ્ય માને છે, કારણ કે આ આસ્ય(મુખ)થી નીકળે છે. ॥ ૧૨ ॥

शाङ्करभाष्यम् :- तथा यद्यस्मादास्यादयते निर्गच्छति तेनायास्य ऋषिः प्राण एव सन्नित्यर्थः । तथान्योऽप्युपासक आत्मानमेवाङ्गिरसादिगुणं प्राणमुद्गीथमुपासीतेत्यर्थः ॥ १२ ॥

શાંકરભાષ્ય :- તથા કારણ કે આ આસ્ય(મુખ)થી નીકળે છે, એટલા માટે આયાસ્ય ઋષિએ પ્રાણરૂપ થઈને જ (આ પ્રાણમય ઉદ્ગીથની ઉપાસના કરી) આ તેનું તાત્પર્ય છે. અન્ય ઉપાસકે પણ આંગિરસ વગેરે ગુણોથી યુક્ત આત્મસ્વરૂપ પ્રાણના રૂપમાં જ ઉદ્ગીથની ઉપાસના કરવી જોઈએ એવું તાત્પર્ય છે. ॥ ૧૨ ॥

तेन तꣳ ह बको दाल्भ्यो विदांचकार । स ह नैमिशीयामुद्गाता बभूव स ह स्मैभ्यः कामानागायति ॥ १३ ॥

એટલે દલ્ભના પુત્ર બકે (પૂર્વોક્તરૂપથી) તેને જાણ્યું તે નૈમિષારણ્યમાં યજ્ઞ કરનારાના ઉદ્ગાતા થયા અને તેણે તેની કામનાપૂર્તિ માટે ઉદ્ગાન કર્યું. ॥ ૧૩ ॥

शाङ्करभाष्यम् :- न केवलमङ्गिरःप्रभृतय उपासांचक्रिरे, तं ह बको नाम दल्भस्यापत्यं दाल्भ्यो विदांचकार यथा दर्शितं प्राणं विज्ञातवान् । विदित्वा च स ह नैमिशीयानां सत्रिणामुद्गाता बभूव । स च प्राणविज्ञानसामर्थ्यादेभ्यो नैमिशीयेभ्यः कामानागायति स्म हागीतवान्किलेत्यर्थः ॥ १३ ॥

શાંકરભાષ્ય :- કેવળ અંગિરા વગેરેએ જ પ્રાણરૂપ ઉદ્ગીથની ઉપાસના ના કરી, પરંતુ દલ્ભના પુત્ર બકે પણ તેને (આ પ્રકારે) જાણ્યું હતું. અર્થાત્ પહેલાં દર્શાવેલા પ્રાણનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આવી રીતે તેને જાણીને તે નૈમિષારણ્યમાં યજ્ઞ કરનારાઓમાં ઉદ્ગાતા થયા તથા આ પ્રાણવિજ્ઞાનના સામર્થ્યથી તેણે તે નૈમિશીય યાજ્ઞિકોની કામનાઓની (પૂર્તિને માટે) ગાન કર્યું. ॥ ૧૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

आगाता ह वै कामानां भवति य एतदेवं विद्वानक्षरमुद्गीथमुपास्त इत्यध्यात्मम् ॥ १४ ॥

આને આમ જાણનારો જે વિદ્વાન આ ઉદ્ગીથસંજ્ઞક અક્ષર(ઓમકાર)ની આવી રીતે ઉપાસના કરે છે, તે કામનાઓના આગાન કરનારા હોય છે – એવી આ આધ્યાત્મ ઉપાસના છે. ॥ ૧૪ ॥

शाङ्करभाष्यम् :- तथा अन्योऽप्युद्गाता आगाता ह वै कामानां भवति य एवं विद्वान्यथोक्तगुणं प्राणमक्षरमुद्गीथमुपास्ते । तस्यैतद् दृष्टं फलमुक्तम्, प्राणात्मभावस्त्वदृष्टं **'देवो भूत्वा देवानप्येति'** इति श्रुत्यन्तरात्सिद्धमेवेत्यभिप्रायः । इत्यध्यात्ममेतदात्म-विषयमुद्गीथोपासनमित्युक्तोपसंहारोऽधिदैवतोद्गीथोपासने वक्ष्यमाणे बुद्धिसमाधानार्थः ॥ १४ ॥

શાંકરભાષ્ય :- અને આ પ્રકારે જાણનારા જે વિદ્વાન આ ઉદ્ગીથ સંજ્ઞક અક્ષરની ઉપર્યુક્ત ગુણવિશિષ્ટ પ્રાણરૂપથી ઉપાસના કરે છે, તે અન્ય ઉદ્ગાતા પણ કામનાઓના આગાન કરનારા થઈ જાય છે. આ તેનું દૃષ્ટ ફળ કહેવામાં આવ્યું છે. **'દેવ થઈને જ દેવોને પ્રાપ્ત થાય છે.'** આ અન્ય શ્રુતિ અનુસાર પ્રાણ સ્વરૂપતાની પ્રાપ્તિ રૂપ અદૃષ્ટ ફળ તો સિદ્ધ જ છે એવો અભિપ્રાય છે. ઇત્યધ્યાત્મમ્-આ ઉદ્ગીથોપાસના આત્મવિષયિણી છે - આવી રીતે જે પૂર્વોક્ત કથનનો ઉપસંહાર કરવામાં આવ્યો છે તે આગળ કહેવામાં આવશે તે અધિદૈવત ઉદ્ગીથોપાસનામાં બુદ્ધિને સમાહિત કરવાને માટે છે. ॥ ૧૪ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये द्वितीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ २ ॥

છાંદોગ્યોપનિષદ્માં પ્રથમ અધ્યાયના બીજા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

तृतीयः खण्डः

अथाधिदैवतं य एवासौ तपति तमुद्गीथमुपासीतोद्यन्वा एष प्रजाभ्य उद्गायति । उद्यꣳस्तमोभयमपहन्त्यपहन्ता ह वै भयस्य तमसो भवति य एवं वेद ॥ १ ॥

હવે અધિદૈવત ઉપાસનાનું વર્ણન કરવામાં આવે છે - જે તે (આદિત્ય) તપે છે, તેના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરવી જોઈએ. આ ઉદિત થઈને પ્રજાઓને માટે ઉદ્ગાન કરે છે, ઉદિત થઈને અંધકાર અને ભયનો નાશ કરે છે. જે આ રીતે આને જાણે (તેની ઉપાસના કરે) છે તે નિશ્ચય જ અંધકારનો અને ભયનો નાશ કરનાર થાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरमधिदैवतं देवताविषयमुद्गीथोपासनं प्रस्तुतमित्यर्थः अनेकधोपास्यत्वादुद्गीथस्य । य एवासावादित्य-स्तपति तमुद्गीथमुपासीतादित्यदृष्ट्योद्गीथमुपासीतेत्यर्थः । तमुद्गीथमित्युद्गीथशब्दोऽक्षरवाची सन्कथमादित्ये वर्तते ? इत्युच्यते– ★ उद्यन्नुद्गच्छन्वा एष प्रजाभ्यः प्रजार्थमुद्गायति प्रजानामन्नोत्पत्त्यर्थम् । न ह्यनुद्यति तस्मिन् व्रीह्यादेर्निष्पत्तिः स्यादत उद्गायतीवोद्गायति, यथैवोद्गातान्नार्थम् । अत उद्गीथः सवितेत्यर्थः । ★ किं चोद्यन्नैशं तमस्तज्जं च भयं प्राणिनामपहन्ति तमेवं गुणं सवितारं यो वेद सोऽपहन्ता नाशयिता ह वै भयस्य जन्ममरणादिलक्षणस्य आत्मनस्तमसश्च तत्कारणस्य अज्ञानलक्षणस्य भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- આના પછી અધિદૈવત અર્થાત્ દેવ વિષયક ઉદ્ગીથોપાસનાનો આરંભ કરવામાં આવે છે, કારણ કે ઉદ્ગીથ અનેક પ્રકારે ઉપાસનીય છે. જેમ કે આ આદિત્ય તપે છે, તેની ઉદ્ગીથરૂપે ઉપાસના કરો, અર્થાત્ આદિત્ય દૃષ્ટિથી ઉદ્ગીથની ઉપાસના કરો. 'તમુદ્ગીથમ્' આમાં 'ઉદ્ગીથ' શબ્દ અક્ષરવાચક હોઈને પણ કેવા પ્રકારે આદિત્યમાં સંગત થાય છે ? આ બતાવવામાં આવે છે –

આ (આદિત્ય) ઉદિત થતાં - ઉપરની તરફ જતાં જતાં - પ્રજાને માટે - પ્રજાઓના અન્નની ઉત્પત્તિના માટે - ઉદ્ગાન કરે છે, કારણ કે તેના ઉદિત ન થવાથી વ્રીહિ વગેરેની નિષ્પત્તિ થઈ શકતી નથી, એટલે જેવી રીતે ઉદ્ગાતા અન્નને માટે ઉદ્ગાન કરે છે, તેવી રીતે તે ઉદ્ગાન કરે છે. એટલે સૂર્ય ઉદ્ગીથ છે – આ આનું તાત્પર્ય છે.

આના સિવાય, તે ઉદિત થઈને રાત્રિના અંધકાર અને તેનાથી થનારા પ્રાણીઓના ભયનો પણ નાશ કરે છે. જે આ રીતે ગુણથી યુક્ત સવિતાની ઉપાસના કરે છે, તે જન્મ-મરણાદિરૂપ આત્માના ભય અને અંધકારનો અર્થાત્ તેના કારણભૂત અજ્ઞાનનો નાશ કરનાર થાય છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- यद्यपि स्थानभेदात्प्राणादित्यौ भिन्नाविव लक्ष्येते तथापि न स तत्त्वभेदस्तयोः, कथम् ?

શાંકરભાષ્ય :- જો સ્થાનભેદને કારણે પ્રાણ અને આદિત્ય અલગ દેખાય છે (જોવામાં આવે છે), છતાં પણ તે તેનો તાત્ત્વિક ભેદ નથી. કેવી રીતે ? (આ બતાવે છે) –

समान उ एवायं चासौ चोष्णोऽयमुष्णोऽसौ स्वर इतीममाचक्षते स्वर इति प्रत्यास्वर इत्यमुं तस्माद्वा एतमिममुं चोद्गीथमुपासीत ॥ २ ॥

આ (પ્રાણ) અને તે (સૂર્ય) પરસ્પર સમાન છે. આ પ્રાણ ઉષ્ણ (ગરમ) છે તે સૂર્ય પણ ઉષ્ણ (ગરમ) છે. આ(પ્રાણ)ને 'स्वर' એમ કહે છે અને તે(સૂર્ય)ને 'स्वर' તેમજ 'प्रत्यास्वर' એમ કહે છે. એટલે આ (પ્રાણ) અને તે(સૂર્ય)ની ઉદ્ગીથરૂપે ઉપાસના કરો. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- समान उ एव तुल्य एव प्राणः सवित्रा गुणतः, सविता च प्राणेन । यस्मादुष्णोऽयं प्राण उष्णस्चासौ सविता किं च स्वर इतीमं प्राणमाचक्षते कथयन्ति, तथा स्वर इति प्रत्यास्वर इति चामुं सवितारम् । यस्मात्प्राणः स्वरत्येव न पुनर्मृतः प्रत्यागच्छति, सविता त्वस्तमित्वा पुनरप्यहन्यहनि प्रत्यागच्छति, अतः प्रत्यास्वरः । अस्माद्गुणतो नामतश्च समानावितरेतरं प्राणादित्यौ । अतः तत्त्वाभेदादेतं प्राणमिममुं चादित्यमुद्गीथमुपासीत ॥ २ ॥

શાંકરભાષ્ય :- ગુણદૃષ્ટિથી પ્રાણ સૂર્યના સમાન છે તથા સૂર્ય પ્રાણના સમાન છે, કારણ કે આ પ્રાણ ઉષ્ણ છે અને તે સૂર્ય પણ ઉષ્ણ છે. તથા આ પ્રાણને 'स्वर' એમ કહે છે અને તે સૂર્યને પણ 'स्वर' તેમજ 'प्रत्यास्वर' એમ કહે છે, કારણ કે પ્રાણ તો કેવળ સ્વરણ (ગમન) જ કરે છે - મરણ પછી તે ફરીથી પાછો આવતો નતી, પરંતુ સૂર્ય પ્રતિદિન અસ્તમિત થઈને પાછા આવે છે, એટલા માટે તે પ્રત્યાસ્વર છે, આ રીતે ગુણ અને નામથી પણ આ પ્રાણ અને આદિત્ય એકબીજાના સમાન જ છે. એટલે તત્ત્વતઃ અભેદ હોવાને કારણે આ પ્રાણ અને તે સૂર્યરૂપથી ઉદ્ગીથની ઉપાસના કરો. ॥ ૨ ॥

अथ खलु व्यानमेवोद्गीथमुपासीत यद्वै प्राणिति स प्राणो यदपानिति सोऽपानः । अथ यः प्राणापानयोः सन्धिः स व्यानो यो व्यानः स वाक् । तस्मादप्राणन्नपानन्वाचमभिव्याहरति ॥ ३ ॥

હવે વ્યાનદૃષ્ટિથી જ ઉદ્ગીથની ઉપાસના કરો. પુરુષ જે પ્રાણન કરે છે તે પ્રાણ છે અને જે અપશ્વાસ લે છે તે અપાન છે. તથા પ્રાણ અને અપાનની જે સંધિ છે તે જ વ્યાન છે. જે વ્યાન છે તે વાક્ છે. આનાથી પ્રાણ અને અપાન ક્રિયા ન કરતાં વાણી બોલે છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ खल्विति प्रकारान्तरेणोपासनमुद्गीथस्योच्यते, व्यानमेव वक्ष्यमाणलक्षणं प्राणस्यैव वृत्तिविशेषमुद्गीथमुपासीत । अधुना तस्य तत्त्वं निरूप्यते–यद्वैपुरुषः प्राणिति मुखनासिकाभ्यां वायुं बहिर्निःसारयति, स प्राणाख्यो वायोर्वृत्तिविशेषः, यदपानित्यपश्वसिति ताभ्यामेवान्तराकर्षति वायुं सोऽपानोऽपानाख्या वृत्तिः । ततः किम् ? इत्युच्यते–अथ य उक्तलक्षणयोः प्राणापानयोः सन्धिस्तयोरन्तरा वृत्तिविशेषः, स व्यानः, यः सांख्यादिशास्त्रप्रसिद्धः श्रुत्या विशेषनिरूपणान्नासौ व्यान इत्यभिप्रायः । ★ कस्मात्पुनः प्राणापानौ हित्वा महतायासेन व्यानस्यैवोपासनमुच्यते ? वीर्यवत्कर्महेतुत्वात् । कथं वीर्यवत्कर्महेतुत्वमित्याह–यो व्यानः सा वाक् व्यानकार्यत्वाद्वाचः । यस्माद्व्याननिर्वर्त्या वाक् तस्मादप्राणन्नपानन्प्राणापानव्यापारावकुर्वन्वाचमभिव्याहरत्युच्चारयति लोकः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'अथ खलु' હવે પ્રકારાન્તરથી ઉદ્ગીથની ઉપાસના કહેવામાં આવે છે. પ્રાણના જ વૃત્તિવિશેષ જે આગળ કહેવામાં આવશે તે લક્ષણોથી યુક્ત વ્યાન છે, તેના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરો. હવે તેના તત્ત્વનું નિરૂપણ કરવામાં આવે છે. પુરુષ જે પ્રાણન કરે છે અર્થાત્ મુખ અને નાસિકાદ્વારા વાયુને બહાર કાઢે છે, તે વાયુની પ્રાણ નામની વૃત્તિવિશેષ છે, તથા તે જે અપશ્વાસ કરે છે, અર્થાત્ તે(મુખ અને નાસિકા)ના દ્વારા વાયુને અંદર ખેંચે છે તે તેની અપાનસંજ્ઞક વૃત્તિ છે. આનાથી શું સિદ્ધ થયું ? આમાં બતાવવામાં આવે છે - તે ઉપર્યુક્ત લક્ષણવાળા પ્રાણ અને અપાનની જે સંધિની તેની વચ્ચેનો વૃત્તિવિશેષ છે, તે વ્યાન છે. શ્રુતિ દ્વારા વિશેષરૂપે નિરૂપણ કરવામાં આવેલું હોવાને કારણે અહીં તે વ્યાન અભિપ્રેત નથી કે જે સાંખ્યાદિ શાસ્ત્રમાં પ્રસિદ્ધ (સર્વદેહવ્યાપી) વ્યાન છે, આવું તેનું તાત્પર્ય છે.

પરંતુ કેમ પ્રાણ અને અપાનને છોડીને અત્યંત પરિશ્રમથી વ્યાનની જ ઉપાસનાનું નિરૂપણ કરવામાં આવ્યું ? (તો કહે છે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

કારણ કે આ વીર્યવાન કર્મની નિષ્પત્તિનું કારણ છે તે (આ વીર્યવાન કર્મની નિષ્પત્તિ કારણ) કેવી રીતે છે ? આ માટે કહે છે – જે વ્યાન છે, તે વાણી છે, કારણ કે વાણી વ્યાનનું કાર્ય છે. વાણી વ્યાનથી નિષ્પન્ન થનારી છે, માટે લોક પ્રાણન અને અપાનન અર્થાત્ પ્રાણ અને અપાનની ક્રિયાઓ ન કરતાં વાણીનું અભિવ્યાહરણ-ઉચ્ચારણ કરે છે. ॥ ૩ ॥

या वाक्सर्क्तस्मादप्राणन्नपानन्नृचमभिव्याहरति यर्क्तत्साम तस्मादप्राणन्नपानन्साम गायति यत्साम स उद्गीथस्तस्मादप्राणन्नपानन्नुद्गायति ॥ ४ ॥

જે વાક્ છે તે ઋક્ છે. આનાથી પુરુષ પ્રાણ અને અપાનની ક્રિયા ન કરતાં ઋક્નું ઉચ્ચારણ કરે છે. જે ઋક્ છે તે સામ છે. તેથી પ્રાણ અને અપાનની ક્રિયા ન કરતાં સામગાન કરે છે. જે સામ છે તે ઉદ્ગીથ છે. તેથી પ્રાણ અને અપાનની ક્રિયા ન કરતાં ઉદ્ગાન કરે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तथा वाग्विशेषामृचम्, ऋक्संस्थं च साम, सामावयवं चोद्गीथम्, अप्राणन्नपानन्व्यानेनैव निर्वर्तयतीत्यभिप्रायः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે વાગ્વિશેષ ઋક્, ઋક્ સ્થિત સામ અને સામના અવયવભૂત ઉદ્ગીથને પણ પુરુષ પ્રાણ અને અપાનની ક્રિયા ન કરતાં કેવળ વ્યાનને જ સંપન્ન કરે છે. એવો આનો અભિપ્રાય છે. ॥ ૪ ॥

न केवलं वागाद्यभिव्याहरणमेव– કેવળ વાણી વગેરેના ઉચ્ચારણ જ નહીં –

अतो यान्यन्यानि वीर्यवन्ति कर्माणि यथाग्नेर्मन्थनमाजेः सरणं दृढस्य धनुष आयमनमप्राणन्नपानꣳस्तानि करोत्येतस्य हेतोर्व्यानमेवोद्गीथमुपासीत ॥ ५ ॥

આના સિવાય જે વધુ પણ વીર્યવાળાં કર્મ છે, જેમ અગ્નિનું મન્થન, કોઈ સીમા સુધી દોડવું તથા સુદૃઢ ધનુષ્યને ખેંચવું છે – આ સર્વ કર્મોને પણ પુરુષ પ્રાણ અને અપાનની ક્રિયા ન કરતાં પણ કરે છે. આ કારણે વ્યાન દૃષ્ટિથી જ ઉદ્ગીથની ઉપાસના કરવી જોઈએ. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अतोऽस्मादन्यान्यपि यानि वीर्यवन्ति कर्माणि प्रयत्नाधिक्यनिर्वर्त्यानि-यथाग्नेर्मन्थनम्, आजेर्मर्यादायाः सरणं धावनम्, दृढस्य धनुष आयमनमाकर्षणम्-अप्राणन्नपानंस्तानि करोति । ★ अतो विशिष्टो व्यानः प्राणादिवृत्तिभ्यः । विशिष्टस्योपासनं ज्यायः फलवत्त्वाद्राजोपासनवत् । एतस्य हेतोरेतस्मात्कारणाद्व्यानमेवोद्गीथमुपासीत, नान्यद्वृत्त्यन्तरम् । कर्मवीर्यवत्तरत्वं फलम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- આના સિવાય જે બીજા પણ અધિક પ્રયત્નથી સિદ્ધ થનારા વીર્યયુક્ત કર્મ છે - જેમકે અગ્નિનું મંથન, કેટલીક હદ સુધી દોડવું અને સુદૃઢ ધનુષ્યને ખેંચવું – તેને પણ પુરુષ પ્રાણ અને અપાનની ક્રિયા ન કરતાં કરતાં પણ કરે છે.

એટલે પ્રાણાદિ વૃત્તિઓની અપેક્ષાએ વ્યાન વિશિષ્ટ છે, અને રાજાની ઉપાસના જેમ ફળવતી હોવાને કારણે વિશિષ્ટની ઉપાસના પણ ઉત્કૃષ્ટતર છે. આ હેતુથી અર્થાત્ આ કારણે વ્યાનરૂપથી જ ઉદ્ગીથની ઉપાસના કરવી જોઈએ - વાયુની અન્ય વૃત્તિઓના રૂપે નહીં. કર્મને અધિક પ્રબળ બનાવવું એ જ આનું ફળ છે. ॥ ૫ ॥

अथ खलूद्गीथाक्षराण्युपासीतोद्गीथ इति प्राण एवोत्प्राणेन ह्युत्तिष्ठति वाग्गीर्वाचो ह गिर इत्याचक्षतेऽन्नं थमन्ने हीदꣳसवꣳस्थितम् ॥ ६ ॥

આના પછી ઉદ્ગીથાક્ષરોની - ઉદ્ગીથ આ નામના અક્ષરોની ઉપાસના કરવી જોઈએ - ઉદ્ગીથ આ શબ્દમાં પ્રાણ જ 'उत्' છે, કારણ કે પ્રાણથી જ ઊઠે છે, વાણી જ 'गी' છે, કારણ કે વાણીને 'गिरा' કહે છે તથા અન્ન જ 'थ' છે, કારણ કે અન્નમાં આ સર્વે રહેલાં છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- अथाधुना खलूद्गीथाक्षराण्युपासीत भक्त्यक्षराणि मा भूवन्नित्यतो विशिनष्टि–उद्गीथ इति, उद्गीथनामाक्षराणीत्यर्थः । नामाक्षरोपासनेऽपि नामवत एवोपासनं कृतं भवेदमुकमिश्रा इति यद्वत् । ★ प्राण एव उत्, उदित्यस्मिन्नक्षरे प्राण-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

दृष्टिः । कथं प्राणस्योत्त्वमित्याह—प्राणेन ह्युत्तिष्ठति सर्वोऽप्राणस्यावसाददर्शनात्, अतोऽस्त्युदः प्राणस्य च सामान्यम् । वाग्गीः, वाचो ह गिर इत्याचक्षते शिष्टाः । तथान्नं थम्, अन्ने हीदं सर्वस्थितमतोऽस्त्यन्नस्य थाक्षरस्य च सामान्यम् ॥ ६ ॥

શાંકરભાષ્ય :- આના પછી હવે ઉદ્‌ગીથના અક્ષરોની ઉપાસના કરવી જોઈએ. 'उद्गीथ' શબ્દથી ઉદ્‌ગીથ ભક્તિના અક્ષર ન સમજી લેવામાં આવે એટલા માટે 'उद्गीथ' આ વિશેષણ લગાડે છે. તાત્પર્ય આ છે કે 'उद्गीथ' આ નામના અક્ષરોની ઉપાસના કરો, કારણ કે 'અમુક મિશ્ર' એમ કહેવાથી જેમ તે નામવાળા વ્યક્તિ વિશેષનો બોધ થાય છે, તેવી રીતે નામના અક્ષરોની ઉપાસના કરવાથી પણ નામવાળાની ઉપાસના કરવામાં આવે છે.

પ્રાણ જ 'उत्' છે, અર્થાત્ 'उत्' આ અક્ષરમાં પ્રાણદૃષ્ટિ કરવી જોઈએ. પ્રાણ કેવી રીતે 'उत्' છે, તો બતાવે છે - સર્વ લોક પ્રાણથી જ ઊઠે છે, કારણકે પ્રાણહીનની શિથિલતા જોવામાં આવી છે, એટલે उत् અને પ્રાણની સમાનતા સ્પષ્ટ જ છે. વાક્ 'गी' છે, કારણ કે શિષ્ટ લોક વાક્‌ને 'गिरा' એમ કહે છે તથા અન્ન 'थ' છે, કારણ કે અન્નમાં જ સર્વે સ્થિત (રહેલાં) છે, એટલે અન્ન અને થ અક્ષરની સમાનતા છે. ॥ ६ ॥

❀

शाङ्करभाष्यम् :- त्रयाणां श्रुत्युक्तानि सामान्यानि तानि तेनानुरूपेण शेषेष्वपि द्रष्टव्यानि—

શાંકરભાષ્ય :- આ ત્રણેની ઉપાસના શ્રુતિએ બતાવી છે - તેના પ્રમાણે બાકી રહેલાં સ્થાનોમાં પણ સમજવી જોઈએ —

द्यौरेवोदन्तरिक्षं गीः पृथिवी थमादित्य एवोद्वायुर्गीरग्निस्थः सामवेद एवोद्यजुर्वेदो गीऋग्वेदस्थं दुग्धेऽस्मै वाग्दोहं यो वाचो दोहोऽन्नवानन्नादो भवति य एतान्येवं विद्वानुद्गीथाक्षराण्युपास्त उद्गीथ इति ॥ ७ ॥

ધ્યૌ જ 'उत्' છે અંતરિક્ષ 'गी' છે અને પૃથ્વી 'थ' છે. આદિત્ય જ 'उत्' છે, વાયુ गी છે અને અગ્નિ 'थ' છે. સામવેદ જ 'उत्' છે, યજુર્વેદ 'गी' છે ઋગ્વેદ 'थ' છે. આ અક્ષરોને આવી રીતે જાણનારા જે વિદ્વાન 'उद्गीथ' આવી રીતે આ ઉદ્‌ગીથાક્ષરોની ઉપાસના કરે છે તેઓના માટે વાણી, જે (ઋગ્વેદાદિ) વાકનું દોહન છે, તેનું દોહન કરે છે, તથા તે અન્નવાન અને અન્નનો ભોક્તા બને છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- द्यौरेव उत्, उच्चैःस्थानात् । अन्तरिक्षं गीर्गिरणाल्लोकानाम् । पृथिवी थं प्राणिस्थानात् । आदित्य एव उत्: ऊर्ध्वत्वात् । वायुर्गीरग्न्यादीनां गिरणात् । अग्निस्थं यज्ञकर्मावस्थानात् । सामवेद एव उत्, स्वर्गसंस्तुतत्वात् । यजुर्वेदो गीर्यजुषां प्रत्तस्य हविषो देवतानां गिरणात् । ऋग्वेदस्थम्, ऋच्यध्यूढत्वात्साम्नः । ★ उद्गीथाक्षरोपासनफलमधुनोच्यते—दुग्धे दोग्ध्यस्मै साधकाय । का सा ? वाक्, कम् ? दोहम्, कोऽसौ दोहः ? इत्याह—यो वाचो दोहः । ऋग्वेदादिशब्दसाध्यं फलमित्यभिप्रायः, तद्वाचो दोहस्तं स्वयमेव वाग्दोग्ध्यात्मानमेव दोग्धि । किं चान्नवान्प्रभूतान्नोऽन्नादश्च दीप्ताग्निर्भवति य एतानि यथोक्तान्येवं यथोक्तगुणान्युद्गीथाक्षराणि विद्वान्सन्नुपास्त उद्गीथ इति ॥ ७ ॥

શાંકરભાષ્ય :- ઊંચા સ્થાનવાળા હોવાથી દ્યુલોક જ 'उत्' છે, લોકોનું ગિરણ કરવા(ગળી જવા)થી અંતરિક્ષ 'गी' છે અને પ્રાણીઓનું સ્થાન હોવાથી પૃથ્વી 'थ' છે. ઉપર હોવાના કારણે આદિત્ય જ 'उत्' છે. અગ્નિ વગેરેને ગળી જવાથી કારણે વાયુ 'गी' છે અને યજ્ઞ સંબંધી કર્મનું અવસ્થાન (આશ્રય) હોવાથી અગ્નિ જ 'थ' છે તથા સ્વર્ગમાં સ્તુત્ય હોવાને કારણે સામવેદ જ 'उत्' છે, યજુર્વેદ 'गी' છે, કારણ કે યજુર્વેદીઓએ આપેલા હવિને દેવ લોકો ગળી જાય છે. તથા ઋગ્વેદ 'थ' છે, કારણ કે ઋકમાં જ સામ અધિષ્ઠિત છે.

હવે ઉદ્‌ગીથાક્ષરોની ઉપાસનાનું ફળ કહેવામાં આ સાધકના માટે દોહન કરે છે, કોણ ? વાક્, કોનું દોહન કરે છે ? દોહનું, તે દોહ શું છે ? આ માટે કહે છે - જે વાણીનું દોહ છે, અભિપ્રાય આ છે કે જે ઋગ્વેદાદિ શબ્દથી સાધ્ય ફળ છે, તે વાણીનો દોહ છે, તેને વાણી સ્વયં જ દોહે છે. પોતાને જ દોહે છે. આ જ નહીં તે અન્નવાન - બહુ - અન્નવાળા અને અન્નના ભોક્તા પણ બની જાય છે, તેની જઠરાગ્નિ ઉદ્દીપ્ત રહે છે, જે આ ઉપર્યુક્ત ઉદ્‌ગીથાક્ષરોની તેને ઉપર્યુક્ત ગુણોથી વિશિષ્ટ જાણીને 'उद्गीथ' આ રૂપે ઉપાસના કરે છે. ॥ ૭ ॥

❀

अथ खल्वाशीःसमृद्धिरुपसरणानीत्युपासीत येन साम्ना स्तोष्यन्स्यात्तत्सामोपधावेत् ॥ ८ ॥

હવે ચોક્કસ જ કામનાઓની સમૃદ્ધિની ઉપાસના કરો - જે સામના દ્વારા ઉદ્‌ગાતાએ કરવાની હોય તે સામનું (તેની ઉત્પત્તિ વગેરેના ક્રમથી) ચિંતન કરો. ॥ ૮ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- अथ खल्विदानीमाशीः समृद्धिराशिषः कामस्य समृद्धिर्यथा भवेत्तदुच्यत इति वाक्यशेषः । उपसरणान्युपसर्तव्यान्युपगन्तव्यानि ध्येयानीत्यर्थः, कथम् ? इत्युपासीत-एवमुपासीत, तद्यथा—येन साम्ना येन सामविशेषेण स्तोष्यन्स्तुतिं करिष्यन् स्याद्भवेदुद्गाता तत्सामोपधावेदुपसरेच्चिन्तयेदुत्पत्त्यादिभिः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- આના પછી હવે ચોક્કસ આશીઃ સમૃદ્ધિ જેવી રીતે આશીઃ અર્થાત્ કામનાની સમૃદ્ધિ થશે તે બતાવવામાં આવે છે, તેવી રીતે આ વાક્યની પૂર્તિ કરવી જોઈએ. ઉપસરણ-ઉપસર્તવ્ય-ઉપગન્તવ્ય અર્થાત્ ધ્યેય આની કેવી રીતે ઉપાસના કરવી જોઈએ ? આની ઉપાસના આવી રીતે કરો, જેમ જે સામથી અર્થાત્ જે સામવિશેષથી ઉદ્ગાતાને સ્તુતિ કરવી હોય તે સામનું તેની ઉત્પત્તિ વગેરેનાં ક્રમથી ઉપધાવન-ઉપસરણ અર્થાત્ ચિંતન કરવું જોઈએ. ॥ ૮ ॥

यस्यामृचि तामृचं यदर्षेयं तमृषिं यां देवतामभिष्टोष्यन्स्यात्तां देवतामुपधावेत् ॥ ९ ॥

(તે સામ) જે ઋચામાં (પ્રતિષ્ઠિત હોય) તે ઋચાના, જે ઋષિવાળા હોય તે ઋચાના તેના દેવ વગેરેની સાથેનું ચિંતન કરો તથા તે સામ જે ઋષિવાળા હોય તે ઋષિના અને જે દેવની સ્તુતિ કરનારા હોય તે દેવનું પણ ચિંતન કરો ॥ ૯ ॥

शाङ्करभाष्यम् :- यस्यामृचि तत्साम तां चर्चमुपधावेद्देवतादिभिः । यदार्षेयं साम तं चर्षिम् । यां देवतामभिष्टोष्यन्स्यात्तां देवतामुपधावेत् ॥ ९ ॥

શાંકરભાષ્ય :- એ સામ જે ઋચામાં પ્રતિષ્ઠિત હોય એ ઋચાના એ દેવતા સહિત ચિંતન કરવું. વળી જે સામ જે ઋષિવાળો હોય અને જે દેવતાની સ્તુતિ કરનાર હોય તે દેવતાનું ચિંતન કરવું. ॥ ૯ ॥

येनच्छन्दसा स्तोष्यन्स्यात्तच्छन्द उपधावेद्येन स्तोमेन स्तोष्यमाणः स्यात्तꣳस्तोममुपधावेत् ॥ १० ॥

તે જે છંદ દ્વારા સ્તુતિ કરનારા હોય તે છંદનું ઉપધાવન કરો તથા સ્તોમથી સ્તુતિ કરનારા હોય તે સ્તોમનું ચિંતન કરો. ॥ ૧૦ ॥

शाङ्करभाष्यम् :- येनच्छन्दसा गायत्र्यादिना स्तोष्यन्स्यात्तच्छन्द उपधावेत् । येन स्तोमेन स्तोष्यमाणः स्यात्, स्तोमाङ्गफलस्य कर्तृगामित्वादात्मनेपदं स्तोष्यमाण इति, तं स्तोममुपधावेत् ॥ १० ॥

શાંકરભાષ્ય :- તે જે ગાયત્રી વગેરે છંદથી સ્તુતિ કરનારા હોય તે છંદનું ઉપધાવન કરો (ચિંતન કરો) તથા જે સ્તોમથી સ્તુતિ કરનારા હોય તે સ્તોમનું ચિંતન કરો. સ્તોમકર્મનું અંગભૂત ફળ કર્તાને પ્રાપ્ત થનાર હોવાથી અહીં 'स्तोष्यमाणः' આ પદમાં આત્મનેપદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ॥ ૧૦ ॥

यां दिशमभिष्टोष्यन्स्यात्तां दिशमुपधावेत् ॥ ११ ॥

જે દિશાની સ્તુતિ કરનાર હોય તે દિશાનું ચિંતન કરો. ॥ ૧૧ ॥

शाङ्करभाष्यम् :- यां दिशमभिष्टोष्यन्स्यात्तां दिशमुपधावेदधिष्ठात्रादिभिः ॥ ११ ॥

શાંકરભાષ્ય :- (તે સામ) જે દિશાની સ્તુતિ કરનારા હોય તે દિશાના તેના અધિષ્ઠાતા દેવ વગેરે સહિતનું ચિંતન કરો. ॥ ૧૧ ॥

आत्मानमन्तत उपसृत्य स्तुवीत कामं ध्यायन्नप्रमत्तोऽभ्याशो ह यदस्मै स कामः समृध्येत यत्कामः स्तुवीतेति यत्कामः स्तुवीतेति ॥ १२ ॥

અંતમાં પોતાના સ્વરૂપનું ચિંતન કરીને પોતાની કામનાનું ચિંતન કરતાં કરતાં અપ્રમત્ત થઈને સ્તુતિ કરો. જે ફળની ઈચ્છાથી યુક્ત થઈને તે સ્તુતિ કરે છે તે જ ફળ તત્કાળ સમૃદ્ધિને પ્રાપ્ત થાય છે. ॥ ૧૨ ॥

शाङ्करभाष्यम् :- आत्मानमुद्गाता स्वं रूपं गोत्रनामादिभिः सामादीन्क्रमेण स्वं चात्मानमन्ततोऽन्त उपसृत्य स्तुवीत । कामं ध्यायन्नप्रमत्तः स्वरोष्मव्यञ्जनादिभ्यः प्रमादमकुर्वन् । ततोऽभ्याशः क्षिप्रमेव ह यद्यत्रास्मा एवंविदे स कामः समृध्येत समृद्धिं गच्छेत् । कोऽसौ ? यत्कामो यः कामोऽस्य सोऽयं यत्कामः सन् स्तुवीतेति द्विरुक्तिरादरार्था ॥ १२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- ઉદ્‌ગાતાએ કરવું જોઈએ કે ગોત્ર અને નામ વગેરે સહિત પોત-પોતાના સ્વરૂપનું ચિંતન કરતાં અર્થાત્ સામાદિ ક્રમથી અંતમાં પોતાનું સ્મરણ કરતાં કરતાં સ્તુતિ કરે. (કેવી રીતે સ્તુતિ કરવી ?) ફળનું ચિંતન કરતાં અપ્રમત્ત થઈને અર્થાત્ સ્વર, ઉષ્મ તેમજ વ્યંજનાદિ વર્ણોચ્ચારણમાં પ્રમાદ ન કરીને (સ્તુતિ કરો). આવી રીતે જાણનારા તે ઉપાસકની જે કામના થાય છે તે શીઘ્ર જ સમૃદ્ધ (સફળ) થઈ જાય છે. તે કામના કઈ છે ? તે ઉપાસક યત્કામ અર્થાત્ જે કામનાવાળા થઈને સ્તુતિ કરે છે. (મંત્રમાં) 'यत्कामः स्तुवीत' આ પદોનો બે વાર પ્રયોગ આદરને માટે છે. ॥ ૧૨ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये तृतीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ ३ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પ્રથમ અધ્યાયના ત્રીજા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्थः खण्डः

ओमित्येतदक्षरमुद्गीथमुपासीतोमिति ह्युद्गायति तस्योपव्याख्यानम् ॥ १ ॥

'ૐ' આ અક્ષર ઉદ્‌ગીથ છે - આવી રીતે આની ઉપાસના કરો. 'ૐ' એવું (ઉચ્ચારણ કરીને યજ્ઞમાં ઉદ્‌ગાતા) ઉદ્‌ગાન કરે છે. તે(ઉદ્‌ગીથોપાસના)ની જ વ્યાખ્યા કરવામાં આવે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- ओमित्येतदित्यादिप्रकृतस्याक्षरस्य पुनरुपादानमुद्गीथाक्षराद्युपासनान्तरितत्वादन्यत्र प्रसङ्गो मा भूदित्येवमर्थम् । प्रकृतस्यैवाक्षरस्यामृताभयगुणविशिष्टस्योपासनं विधातव्यमित्यारम्भः । ओमित्यादि व्याख्यातम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- પૂર્વ - પ્રસ્તાવિત ઓમકાર અક્ષરના જે 'ओमित्येतत्' વગેરે દ્વારા એટલા માટે પુનઃ ગ્રહણ કરવામાં આવ્યું, જેથી વચ્ચે 'उद्गीथ' શબ્દના અક્ષરોની ઉપાસનાથી વ્યવહિત થવાથી અન્યત્ર પ્રસંગ થઈ જાય નહીં. તે પૂર્વપ્રસ્તાવિત અક્ષરના જ અમૃત અને અભય ગુણવિશિષ્ટ સ્વરૂપની ઉપાસનાનું વિધાન કરવું જોઈએ - તેના માટે (આગળનો ગ્રંથ) આરંભ કરવામાં આવે છે. ઓમિત્યાદિ મંત્રની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી ગઈ છે. ॥ ૧ ॥

देवा वै मृत्योर्बिभ्यतस्त्रयीं विद्यां प्राविशꣳस्ते छन्दोभिरच्छादयन्यदेभिरच्छादयꣳस्तच्छन्दसां छन्दस्त्वम् ॥ २ ॥

(એકવાર) મૃત્યુથી ભય પામતા દેવોએ ત્રયીવિદ્યામાં પ્રવેશ કર્યો. તેમણે પોતાને છંદોથી આચ્છાદિત કરી દીધા. દેવોએ જે તેમના દ્વારા પોતાને આચ્છાદિત કર્યા તે જ છંદોનું છંદપણું છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- देवा वै मृत्योर्मारकाद्बिभ्यतः किं कृतवन्तः ? इत्युच्यते—त्रयीं विद्यां त्रयीविहितं कर्म प्राविशन् प्रविष्टवन्तो वैदिकं कर्म प्रारब्धवन्त इत्यर्थः, तन्मृत्योस्त्राणं मन्यमानाः । किं च ते कर्मण्यविनियुक्तैश्छन्दोभिर्मन्त्रैर्जपहोमादि कुर्वन्त आत्मानं कर्मान्तरेष्वच्छादयंश्छादितवन्तः । यद्यस्मादेभिर्मन्त्रैरच्छादयंस्तत्तस्माच्छन्दसां मन्त्राणां छादनाच्छन्दस्त्वं प्रसिद्धमेव ॥ २ ॥

શાંકરભાષ્ય :- પ્રસિદ્ધ દેવોએ મારક મૃત્યુથી ભય પામતા શું કર્યું ? આ કહેવામાં આવે છે - તેમણે ત્રયી વિદ્યામાં - વેદત્રયી દ્વારા પ્રતિપાદિન કર્મમાં પ્રવેશ કર્યો. અર્થાત્ વૈદિક કર્મને જ મૃત્યુથી બચવાનું સાધન સમજીને તેમણે તેનો આરંભ કરી દીધો. અને વળી કર્મમાં જેનો વિનિયોગ નથી તે છંદો-મંત્રો-થી જપ તથા હોમાદિ કરતાં કરતાં તેમણે પોતાને કર્માંતરોમાં આચ્છાદિત કરી દીધા. કારણ કે તેમણે પોતાને એ મંત્રોથી આચ્છાદિત કરી દીધા હતા, એટલા માટે છાદન કરવાથી છંદો એટલે કે મંત્રોનું છંદપણું પ્રસિદ્ધ જ છે. ॥ ૨ ॥

तानु तत्र मृत्युर्यथा मत्स्यमुदके परिपश्येदेवं पर्यपश्यदृचि साम्नि यजुषि । ते नु विदित्वोर्ध्वा ऋचः साम्नो यजुषः स्वरमेव प्राविशन् ॥ ३ ॥

જેવી રીતે (માછીમાર) જળમાં માછલીઓને જોઈ લે છે. તેવી રીતે ઋક્, સામ અને યજુઃ સંબંધી કર્મોમાં લાગેલા તે દેવોને મૃત્યુએ જોઈ લીધું. આ વાતને જાણી લીધા પછી તે દેવોએ ઋક્, સામ અને યજુઃ સંબંધી કર્મોમાંથી નિવૃત્ત થઈને સ્વર(ૐ એ અક્ષર)માં જ પ્રવેશ કર્યો. ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- तांस्तत्र देवान्कर्मपरान्मृत्युर्यथा लोके मत्स्यघातको मत्स्यमुदके नातिगम्भीरे परिपश्येद्वडिशोदकस्रावोपायसाध्यं मन्यमानः, एवं पर्यपश्यद्दृष्टवान्मृत्युः, कर्मक्षयोपायेन साध्यान्देवान्मेन इत्यर्थः । क्वासौ देवान्ददर्श ? इत्युच्यते—ऋचि साम्नि यजुषि । ऋग्यजुःसामसम्बन्धिकर्मणीत्यर्थः । ते नु देवा वैदिकेन कर्मणा संस्कृताः शुद्धात्मानः सन्तो मृत्योश्चिकीर्षितं विदितवन्तः । विदित्वा च त ऊर्ध्वा व्यावृत्ताः कर्मभ्य ऋचः साम्नो यजुष ऋग्यजुःसामसम्बद्धात्कर्मणोऽभ्युत्थायेत्यर्थः । तेन कर्मणा मृत्युभयापगमं प्रति निराशास्तदपास्यामृताभयगुणमक्षरं स्वरं स्वरशब्दितं प्राविशन्नेव प्रविष्टवन्तः, ॐकारोपासनपराः संवृत्ताः । एवशब्दोऽवधारणार्थः सन्समुच्चयप्रतिषेधार्थः । तदुपासनपराः संवृत्ता इत्यर्थः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે લોકમાં માછલી પકડવાનો આંકડો લગાડવા અને જળ ઉલેચવા વગેરે ઉપાયોથી માછલીઓને પકડી શકાય છે, એવું માનનારા માછીમાર માછલીઓને (છીછરા) પાણીમાં જોઈ લે છે તેવી રીતે મૃત્યુએ કર્મ પરાયણ દેવોને ત્યાં (સંતાયેલા) જોઈ લીધા, અર્થાત્ મૃત્યુએ એ સમજી લીધું કે દેવોને કર્મક્ષય રૂપ ઉપાયથી પોતાને અધીન કરી શકાય છે. તેણે દેવોને ક્યાં જોયા ? આ કહેવામાં આવે છે - ઋક્, સામ અને યુજુમાં અર્થાત્ ઋક્, યજુઃ અને સામ સંબંધી કર્મોમાં. વૈદિક કર્માનુષ્ઠાનના કારણે શુદ્ધચિત્ત થયેલા તે દેવોએ 'મૃત્યુ શું કરવા ઇચ્છે છે ?' આ જાણી લધું. અને આ જાણીને તે ઋક્, સામ અને યજુઃથી અર્થાત્ ઋક્, યજુઃ અને સામસંબંધી કર્મથી નિવૃત્ત થઈને ઉપરની તરફ ઊઠ્યા તે કર્મથી મૃત્યુના ભયની નિવૃત્તિના પ્રત્યે નિરાશ થવાથી તેને છોડીને અમૃત અને અભય ગુણવિશિષ્ટ અક્ષર એટલે સ્વરમાં સ્વરસંજ્ઞક અક્ષરમાં જ પ્રવિષ્ટ થઈ ગયા અર્થાત્ ઓમકારોપાસનામાં જોડાઈ ગયા. અહીં 'एव' શબ્દ અવધારણા માટે હોઈને (પૂર્વ સ્થાનોની સાથે સ્વરના) સમુચ્ચયનો પ્રતિષેધ કરવાને માટે છે. તાત્પર્ય આ છે કે તે તેની ઉપાસનામાં જોડાઈ ગયા. ॥ ૩ ॥

❀

शाङ्करभाष्यम् :- कथं पुनः स्वरशब्दवाच्यत्वमक्षरस्य ? इत्युच्यते—

શાંકરભાષ્ય :- પરંતુ તે અક્ષર 'ગ્વર' શબ્દનો વાચ્યાર્થ કેવી રીતે છે ? આ કહેવામાં આવે છે -

यदा वा ऋचमाप्नोत्योमित्येवातिस्वरत्येवꣳ सामैवं यजुरेष उ स्वरो यदेतदक्षरमेतदमृतमभयं तत्प्रविश्य देवा अमृता अभया अभवन् ॥ ४ ॥

જ્યારે (ઉપાસક અધ્યયન દ્વારા) ઋક્‌ને પ્રાપ્ત કરે છે તે સમયે તે 'ૐ' એમ ઉચ્ચારણ કરે છે. આવી રીતે તે સામ અને યજુઃને પણ પ્રાપ્ત કરે છે. આ સ્વર અમૃત અને અભયરૂપ છે, તેમાં પ્રવેશીને દેવગણ અમૃત અને અભય થઈ ગયા હતા. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- यदा वा ऋचमाप्नोत्योमित्येवातिस्वरत्येवं सामैवं यजुः । एष उ स्वरः । कोऽसौ ? यदेतदक्षरमेतदमृतमभयम्, तत्प्रविश्य यथागुणमेवामृता अभयाश्चाभवन् देवाः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- જે સમયે (ઉપાસક) ઋક્‌ને પ્રાપ્ત કરે છે તે સમયે તે 'ૐ' એમ કહીને જ ખૂબ આદરથી ઉચ્ચારણ કરે છે. આવી રીતે તે સામ અને યજુને પણ પ્રાપ્ત કરે છે. આ જ સ્વર છે, તે (સ્વર) કોણ છે ? આ જે અમૃત અને અભય અક્ષર છે, તેમાં પ્રવેશીને તેના જ ગુણ સમાન દેવગણ પણ અમૃત અને અભય થઈ ગયા. ॥ ૪ ॥

❀

स य एतदेवं विद्वानक्षरं प्रणौत्येतदेवाक्षरꣳस्वरममृतमभयं प्रविशति तत्प्रविश्य यदमृता देवास्तदमृतो भवति ॥ ५ ॥

તે જે આને આ પ્રકાર જાણીને આ અક્ષરની સ્તુતિ (ઉપાસના) કરે છે, આ અમૃત અને અભયરૂપ અક્ષરમાં તે પ્રવેશે છે તથા આમાં પ્રવેશીને જેમ દેવગણ અમર થઈ ગયા હતા, તેમ અમર થઈ જાય છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- स योऽन्योऽपि देववदेवैतदक्षरमेवममृतमभयगुणं विद्वान्प्रणौति स्तौति—उपासनमेवात्र स्तुतिरभिप्रेता—स तथैवैतदेवाक्षरं स्वरममृतमभयं प्रविशति । ★ तत्प्रविश्य च राजकुलं प्रविष्टानामिव राज्ञोऽन्तरङ्गबहिरङ्गतावन्न परस्य ब्रह्मणोऽन्तरङ्गबहिरङ्गताविशेषः, किं तर्हि ? यदमृता देवा येनामृतत्वेन यदमृता अभूवंस्तेनैवामृतत्वेन विशिष्टस्तदमृतो भवति न न्यूनता नाप्यधिकतामृतत्व इत्यर्थः ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તે દેવો સમાન જે બીજા ઉપાસક પણ આ અક્ષરને આ રીતે અમૃત અને અભય ગુણથી વિશિષ્ટ જાણીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તેની સ્તુતિ કરે છે - અહીં સ્તુતિનો અભિપ્રાય ઉપાસના જ છે - તે તેવી રીતે (તે દેવોના જ સમાન) આ અમૃત અને અભય રૂપ અક્ષરમાં જ પ્રવેશે છે.

વળી તેમાં પ્રવેશીને, જેવી રીતે રાજકુળમાં પ્રવેશ કરનારાઓમાં કોઈ રાજાના અંતરંગ રહે છે અને કોઈ બહિરંગ રહે છે, એવી રીતે પર બ્રહ્મમાં અંતરંગ - બહિરંગનો ભેદ રહેતો નથી. તો પછી શું રહે છે ? જે અમૃતત્વથી દેવગણ અમર થઈ ગયા હતા તે અમૃતત્વથી વિશિષ્ટ થઈને એ પણ તેના જ સમાન અમર થઈ જાય છે. આના અમૃતત્વમાં ના તો ન્યૂનતા રહે છે ના તો અધિકતા પણ. ॥ ५ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये चतुर्थखण्डभाष्यं सम्पूर्णम् ॥ ४ ॥

છાંદોગ્યોપનિષદ્માં પ્રથમ અધ્યાયના ચોથા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पुस्तकालय
129357
गुरुकुल कांगड़ी विश्वविद्यालय
RA
220
पटेल - द

पञ्चमः खण्डः

शाङ्करभाष्यम् :- प्राणादित्यदृष्टिविशिष्टस्योद्गीथस्योपासनमुक्तमेवानूद्य प्रणवोद्गीथयोरेकत्वं कृत्वा तस्मिन्प्राणरश्मिभेदगुण-विशिष्टदृष्ट्याक्षरस्योपासनमनेकपुत्रफलमिदानीं वक्तव्यमित्यारभ्यते–

શાંકરભાષ્ય :- પૂર્વોક્ત પ્રાણ અને આદિત્યદૃષ્ટિથી વિશિષ્ટ ઉદ્ગીથોપાસનાનો જ અનુવાદ (પુનરુલ્લેખ) કરીને પ્રણવ અને ઉદ્ગીથની એકતા કરતાં હવે તે પ્રસંગે પ્રાણ અને રશ્મિઓના ભેદરૂપ ગુણથી યુક્ત દૃષ્ટિથી તે અક્ષરની (ઉદ્ગીથાવયવભૂત ઓમકારની) અનેક પુત્રરૂપી ફળવાળી ઉપાસનાનું નિરૂપણ કરવાનું છે - એટલા માટે (આગળનો ગ્રંથ) આરંભ કરવામાં આવે છે –

अथ खलु य उद्गीथः स प्रणवो यः प्रणवः स उद्गीथ इत्यसौ वा आदित्य उद्गीथ एष प्रणव ओमिति ह्येष स्वरन्नेति ॥ १ ॥

ચોક્કસ જ જે ઉદ્ગીથ છે તે પ્રણવ છે અને જે પ્રણવ છે તે ઉદ્ગીથ છે. આવી રીતે આ આદિત્ય ઉદ્ગીથ છે, આ જ પ્રણવ છે, કારણ કે આ (આદિત્ય) 'ૐ' એવું ઉચ્ચારણ કરતાં ગમન કરે છે. ॥ १ ॥

शाङ्करभाष्यम् :- अथ खलु य उद्गीथः स प्रणवो बह्वृचानाम्, यश्च प्रणवस्तेषां स एव छान्दोग्य उद्गीथशब्दवाच्यः । असौ वा आदित्य उद्गीथ एष प्रणवः । प्रणवशब्दवाच्योऽपि स एव बह्वृचानां नान्यः । ★ उद्गीथ आदित्यः, कथम् ? उद्गीथाख्यमक्षरमोमित्येतदेष हि यस्मात्स्वरन्नुच्चारयन्ननेकार्थत्वाद्धातूनाम्, अथवा स्वरन्नाच्छन्नेति, अतोऽसावुद्गीथः सविता ॥ १ ॥

શાંકરભાષ્ય :- ચોક્કસ જ જે ઉદ્ગીથ છે તે જ ઋગ્વેદિઓનો પ્રણવ છે તથા તેનો જે પ્રણવ છે તે જ છાંદોગ્ય-ઉપનિષદમાં 'ઉદ્ગીથ' શબ્દથી કહેવામાં આવ્યો છે. આ આદિત્ય જ ઉદ્ગીથ છે. આ જ પ્રણવ છે, અર્થાત્ ઋગ્વેદિઓને ત્યાં પ્રણવ શબ્દવાચ્ય પણ તે જ છે, કોઈ બીજો નથી.

ઉદ્ગીથ આદિત્ય કેવી રીતે ? કારણકે આ ઉદ્ગીથસંજ્ઞક અક્ષરને 'ૐ' આવી રીતે સ્વરન્ - ઉચ્ચારણ કરતાં કરતાં જાય છે. ધાતુઓના અનેક અર્થ થાય છે માટે (એટલા માટે 'સ્વરન્'નો અર્થ 'ઉચ્ચારણ કરતાં કરતાં' એવો પણ થાય.) અથવા સ્વરન્ એટલે ચાલનાર (સૂર્ય) એટલે આ સવિતા ઉદ્ગીથ જ છે. ॥ १ ॥

एतमु एवाहमभ्यगासिषं तस्मान्मम त्वमेकोऽसीति ह कौषीतकिः पुत्रमुवाच रश्मीस्त्वं पर्यावर्तयाद्बहवो वै ते भविष्यन्तीत्यधिदैवतम् ॥ २ ॥

મેં મુખ્યતઃ આનું ગાન કર્યું હતું. આનાથી તું મારો એક (પુત્ર) છે એવું કૌષીતકિએ પોતાના પુત્રને કહ્યું. એટલે તું રશ્મિઓનું (આદિત્યથી) ભેદરૂપથી ચિંતન કર. આનાથી નિશ્ચય જ તારા બહુ જ પુત્ર હશે. આ અધિદૈવત (ઉપાસના) છે. ॥ २ ॥

शाङ्करभाष्यम् :- तमेतमु एवाहमभ्यगासिषमाभिमुख्येन गीतवानस्म्यादित्यरश्म्यभेदं कृत्वा ध्यानं कृतवानस्मीत्यर्थः । तेन तस्मात्कारणान्मम त्वमेकोऽसि पुत्र इति ह कौषीतकिः कुषितकस्य अपत्यं कौषितकिः पुत्रमुवाचोक्तवान् । अतो रश्मीनादित्यं च भेदेन त्वं पर्यावर्तयात्पर्यावर्तयेत्यर्थः, त्वं योगात् । एवं बहवो वै ते तव पुत्रा भविष्यन्तीत्यधिदैवतम् ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- ચોક્કસ આનું મેં મુખ્યરૂપે ગાન કર્યું હતું, અર્થાત્ મેં આદિત્ય અને તેની રશ્મિઓનો અભેદ કરીને ધ્યાન કર્યું હતું એવો અર્થ છે. તે કારણે 'તું મારો એક જ પુત્ર છે' - એવું કોષીતકિ-કુષીતકના પુત્ર કૌષીતકિએ પોતાના પુત્રને કહ્યું. એટલે તું સૂર્ય અને રશ્મિઓનું ભેદપૂર્વક ચિંતન કર. (શ્રુતિમાં કર્તૃપદ) 'त्वं' હોવાને કારણે પર્યાવર્તયાત્ ને (આ પ્રથમ પુરુષની) બદલે 'पर्यावर्तय' એમ અર્થ કરવો. આવી રીતે (ઉપાસના કરવાથી) તારા બહુ પુત્રો ઉત્પન્ન થશે. આ અધિદૈવત ઉપાસના છે. ॥ ૨ ॥

अथाध्यात्मं य एवायं मुख्यः प्राणस्तमुद्गीथमुपासीतोमिति ह्येष स्वरन्नेति ॥ ३ ॥

હવે આધ્યાત્મ ઉપાસના છે - આ જે મુખ્ય પ્રાણ છે તેના રૂપમાં ઉદ્ગીથની ઉપાસના કરો, કારણ કે આ 'ૐ' આ રીતે અનુજ્ઞા કરતાં કરતાં જાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरमध्यात्ममुच्यते । य एवायं मुख्यः प्राणस्तमुद्गीथमुपासीतेत्यादि पूर्ववत् । तथोमिति ह्येष प्राणोऽपि स्वरन्नेत्योमिति ह्यनुज्ञां कुर्वन्निव वागादिप्रवृत्त्यर्थमेतीत्यर्थः । न हि मरणकाले मुमूर्षोः समीपस्थाः प्राणस्योंकरणं शृण्वन्तीति । एतत्सामान्यादादित्येऽप्योंकरणमनुज्ञामात्रं द्रष्टव्यम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- હવે પછી આધ્યાત્મ ઉપાસના કહેવામાં આવે છે - આ જે મુખ્ય પ્રાણ છે, તેની જ ઉદ્ગીથ તરીકે ઉપાસના કરો - આવી રીતે પૂર્વવત્ સમજવું જોઈએ. તથા આ પ્રાણ પણ 'ૐ' આવી રીતે કહેતાં કહેતાં અર્થાત્ વાગાદિની પ્રવૃત્તિના માટે 'ૐ' આવી રીતે અનુજ્ઞા કરતાં કરતાં જાય છે. મરણ કાળમાં મરનારા પુરુષના સમીપ રહેનારા લોકો પ્રાણનો 'ૐ' ઉચ્ચારણ કરવાનું સાંભળતાં નથી. (એટલા માટે 'અનુજ્ઞા કરતાં કરતાં' કહ્યું છે). આ સાદૃશ્યના કારણે આદિત્યમાં પણ ઓમકાર ઉચ્ચારણ કેવળ અનુજ્ઞા માટે સમજવું જોઈએ. ॥ ૩ ॥

एतमु एवाहमभ्यगासिषं तस्मान्मम त्वमेकोऽसीति ह कौषीतकिः पुत्रमुवाच प्राणाः स्त्वं भूमानमभिगायताद्बहवो वै मे भविष्यन्तीति ॥ ४ ॥

'મેં કેવળ આ(એક)નું ગાન કર્યું હતું, એટલા માટે તું એક જ પુત્ર થયો' – આવું કોષીતકિએ પોતાના પુત્રને કહ્યું 'એટલે 'મને બહુ જ પુત્ર થશે' આ અભિપ્રાયથી ભેદગુણ વિશિષ્ટ પ્રાણોનું તું મુખ્યતયા ગાન કર.' ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- एतमु एवाहमभ्यगासिषमित्यादि पूर्ववदेव । अतो वागादीन् मुख्यं च प्राणं भेदगुणविशिष्टमुद्गीथं पश्यन्भूमानं मनसाभिगायतात् पूर्ववदावर्तयेत्यर्थः । बहवो वै मे मम पुत्रा भविष्यन्तीत्येवमभिप्रायः सन्नित्यर्थः । ★ प्राणादित्यैकत्वोद्गीथदृष्टेरेकपुत्रत्वफलदोषेणापोदितत्वाद्रश्मिप्राणभेददृष्टेः कर्तव्यता चोद्यतेऽस्मिन्काण्डे बहुपुत्र फलत्वार्थम् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'एतमु एवाहमभ्यगासिषम्' વગેરે વાક્યોનો અર્થ પૂર્વવત્ સમજવો જોઈએ. એટલે તું વાગાદિ અને મુખ્ય પ્રાણ આની દૃષ્ટિએ ઉદ્ગીથને ભેદગુણવિશિષ્ટ જોતાં જોતાં તેનું મનથી બહુત્વરૂપે અભિગાન અર્થાત્ પૂર્વવત્ આવર્તન કર. તાત્પર્ય છે કે આ છે કે 'મારા બહુ પુત્રો થશે' આવા અભિપ્રાયથી યુક્ત થઈને (તેની ઉપાસના કર.).

એક પુત્ર પ્રાપ્તિરૂપ ફળના દોષથી પ્રાણ અને આદિત્યના એકસ્વરૂપ ઉદ્ગીથ દૃષ્ટિની નિંદા કરવાને કારણે આ ખંડમાં અનેક પુત્રરૂપ ફળની પ્રાપ્તિને માટે રશ્મિ અને પ્રાણ આની ભેદદૃષ્ટિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ॥ ૪ ॥

अथ खलु य उद्गीथः स प्रणवो यः प्रणवः स उद्गीथ इति होतृषदनाद्धैवापि दुरुद्गीतमनुसमाहरतीत्यनुसमाहरतीति ॥ ५ ॥

ચોક્કસ જે ઉદ્ગીથ છે. તે જ પ્રણવ છે તથા જે પ્રણવ છે, તે જ ઉદ્ગીથ છે - આવી રીતે (ઉપાસના કરીને) ઉદ્ગાતા હોતાના કર્મમાં કરવામાં આવેલા ઉદ્ગાન સંબંધી દોષનું અનુસંધાન (સંશોધન) કરે છે, અનુસંધાન કરે છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथ खलु य उद्गीथ इत्यादि प्रणवोद्गीथैकत्वदर्शनमुक्तं तस्यैतत्फलमुच्यते—होतृषदनाद्धोता यत्रस्थः शंसति तत्स्थानं होतृषदनं हौत्रात्कर्मणः सम्यक्प्रयुक्तादित्यर्थः । न हि देशमात्रात् फलमाहर्तुं शक्यम् । किं तत् ? हैवापि दुरुद्गीतं दुष्टमुद्गीतमुद्गानं कृतमुद्गात्रा स्वकर्मणि क्षतं कृतिमत्यर्थः, तदनुसमाहरत्यनुसंधत्त इत्यर्थः । चिकित्सयेव धातुवैषम्यसमीकरणमिति ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- 'अथ खलु य उद्गीथः' વગેરે વાક્યોથી પ્રણવ અને ઉદ્ગીથની એકતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેનું આ ફળ કહેવામાં આવે છે - होतृषदनात् - જ્યાં રહીને હોતા શંસન કર્મ કરે છે તે સ્થાનનું નામ હોતૃષદન છે. (તેનાથી) અર્થાત્ સમ્યક્ પ્રકારથી અનુષ્ઠાન કરેલા હોતાના કર્મથી - કારણ કે કેવળ દેશમાત્રથી કોઈ ફળની પ્રાપ્તિ થઈ શકતી નથી. તે શું છે ? ઉદ્ગાતા દ્વારા જે ઉદ્ગીત દોષયુક્ત ઉદ્ગાન કરેલું હોય છે અર્થાત્ પોતાના કર્મમાં કોઈ દોષ કર્યો હોય છે તેનું તે (ઉદ્ગતા) સમાહાર અર્થાત્ અનુસંધાન (સુધાર) કરી દે છે, જેવી રીતે ચિકિત્સા દ્વારા ધાતુઓની વિષમતાને બરાબર કરી દે છે. ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये पञ्चमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ५ ॥

છાંદોગ્યોપનિષદ્માં પ્રથમ અધ્યાયના પાંચમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षष्ठः खण्डः

शाङ्करभाष्यम् :- अथेदानीं सर्वफलसंपत्त्यर्थमुद्गीथस्य उपासनान्तरं विधित्स्यते–

શાંકરભાષ્ય :- હવે સમગ્ર ફળની પ્રાપ્તિને માટે શ્રુતિ ઉદ્ગીથની અન્ય પ્રકારની ઉપાસનાઓનું વિધાન કરવા ઇચ્છે છે –

इयमेवर्गग्निः साम तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम तस्मादृच्यध्यूढꣳ साम गीयत इयमेव साग्निरमस्तत्साम ॥ १ ॥

આ (પૃથ્વી) જ ઋક્ છે અને અગ્નિ સામ છે. તે આ (અગ્નિસંજ્ઞક) સામ આ ઋક્માં અધિષ્ઠિત છે. એટલે ઋક્માં અધિષ્ઠિત સામનું જ ગાન કરવામાં આવે છે. આ પૃથ્વી જ 'सा' છે અને અગ્નિ 'अम' છે. આવી રીતે તે (બંને મળીને) સામ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- इयमेव पृथिवी ऋक् ऋचि पृथिवीदृष्टिः कार्या । तथाग्निः साम, साम्न्यग्निदृष्टिः । कथं पृथिव्यग्न्योर्ऋक्सामत्वम् ? इत्युच्यते–तदेतत्तदेतदग्न्याख्यं सामेतस्यां पृथिव्यामृच्यध्यूढमधिगतमुपरिभावेन स्थितमित्यर्थः, ऋचीव साम । तस्मादत एव कारणादृच्यध्यूढमेव साम गीयत इदानीमपि सामगैः । ★ यथा च ऋक्सामनी नात्यन्तं भिन्ने अन्योन्यं तथैतौ पृथिव्यग्नी । कथम् ? इयमेव पृथिवी सा सामनामार्धशब्दवाच्या । इतरार्धशब्दवाच्योऽग्निरमस्तदेतत्पृथिव्यग्निद्वयं सामेकशब्दाभिधेयत्वमापन्नं साम । तस्मान्नान्योन्यं भिन्नं पृथिव्यग्निद्वयं नित्यसंश्लिष्टमृक्सामनी इव । तस्माच्च पृथिव्यग्न्योर्ऋक्सामत्वमित्यर्थः । सामाक्षरयोः पृथिव्यग्निदृष्टिविधानार्थमियमेव साग्निरम इति केचित् ॥ १ ॥

શાંકરભાષ્ય :- આ પૃથ્વી જ ઋક્ છે. અર્થાત્ ઋક્માં પૃથ્વીદૃષ્ટિ કરવી જોઈએ. તથા અગ્નિ સામ છે, સામમાં અગ્નિદૃષ્ટિ કરવી જોઈએ. પૃથ્વી અને અગ્નિ ઋક્ તેમજ સામ કેવી રીતે છે ? તો કહેવામાં આવે છે - આ જે અગ્નિ સંજ્ઞક સામ છે આ પૃથ્વી સંજ્ઞક ઋક્માં અધ્યૂઢ છે, અધિગત છે એટલે કે ઉપરિ ભાવથી રહેલ છે, જેવી રીતે સામ ઋક્માં અધિષ્ઠિત રહે છે. એટલે આ વખતે પણ સામગાન કરનારા બ્રાહ્મણો દ્વારા ઋક્માં અધિષ્ઠિત સામનું ગાન કરવામાં આવે છે.

જેવી રીતે ઋક્ અને સામ એકબીજાથી અત્યંત ભિન્ન નથી, તેવી રીતે આ પૃથ્વી અને અગ્નિ પણ અત્યંત ભિન્ન નથી. કેવી રીતે ? આ પૃથ્વી જ 'सा' - સામ નામના અર્ધા શબ્દ દ્વારા પ્રતિપાદ્ય છે તથા તેના અન્ય નામાર્ધ 'अम' શબ્દનો વાચ્ય અગ્નિ અમ છે. આવી રીતે 'साम' આ એક શબ્દના વાચ્યત્વને પ્રાપ્ત થયેલા તે જ આ પૃથ્વી અને અગ્નિ બંનેને સામ કહેવામાં આવે છે. એટલે ઋક્ અને સામના સમાન સર્વદા મળેલા હોવાને કારણે આ પૃથ્વી અને અગ્નિ એકબીજાથી ભિન્ન નથી. ભાવ આ કે આનાથી પૃથ્વી અને અગ્નિને ઋક્ તેમજ.સામ કહેવામાં આવ્યા છે. કોઈ કોઈનો મત છે કે 'साम' શબ્દના અક્ષરોમાં પૃથ્વી અને અગ્નિ દૃષ્ટિનું વિધાન કરવાને માટે જ 'इयमेव सा अग्निरमः' એવો ઉપદેશ કરવામાં આવ્યો છે. ॥ ૧ ॥

अन्तरिक्षमेवर्ग्वायुः साम तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम । तस्मादृच्यध्यूढꣳ साम गीयतेऽन्तरिक्षमेव सा वायुरमस्तत्साम ॥ २ ॥

અંતરિક્ષ જ ઋક્ છે અને વાયુ સામ છે. તે આ સામ આ ઋક્માં અધિષ્ઠિત છે, એટલે ઋક્માં અધિષ્ઠિત સામનું જ ગાન કરવામાં આવે છે. અંતરિક્ષ જ 'सा' છે અને વાયુ 'अम' છે. આવી રીતે આ (બંને મળીને) સામ છે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

द्यौरेवर्गादित्यः साम तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम । तस्मादृच्यध्यूढꣳ साम गीयते । द्यौरेव सादित्योऽमस्तत्साम ॥ ३ ॥

દ્યૌ જ ઋક્ છે અને આદિત્ય સામ છે. તે આ (આદિત્ય રૂપ) સામ આ (દ્યૌરૂપ) ઋક્માં અધિષ્ઠિત છે. એટલે ઋક્માં સામનું જ ગાન કરવામાં આવે છે. દ્યૌ જ 'સા' છે અને આદિત્ય 'અમ' છે. આ પ્રકારે એ (બંને મળીને) સામ છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अन्तरिक्षमेवर्ग्वायुः सामेत्यादि पूर्ववत् ॥ २-३ ॥

શાંકરભાષ્ય :- અંતરિક્ષ જ ઋક્ છે અને વાયુ સામ છે વગેરે પૂર્વની જેમ સમજવું જોઈએ ॥ ૨-૩ ॥

नक्षत्राण्येवर्क्चन्द्रमाः साम तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम । तस्मादृच्यध्यूढꣳ साम गीयते । नक्षत्राण्येव सा चन्द्रमा अमस्तत्साम ॥ ४ ॥

નક્ષત્ર જ ઋક્ છે અને ચંદ્રમા સામ છે. તે આ (ચંદ્રમારૂપ) સામ આ (નક્ષત્રરૂપ) ઋક્માં અધિષ્ઠિત છે. એટલે ઋક્માં અધિષ્ઠિત સામનું ગાન કરવામાં આવે છે. નક્ષત્ર જ 'સા' છે અને ચંદ્રમા 'અમ' છે, આવી રીતે આ (બંને મળીને) સામ છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- नक्षत्राणामधिपतिश्चन्द्रमा अतः स साम ॥ ४ ॥

શાંકરભાષ્ય :- ચંદ્રમા નક્ષત્રોના અધિપતિ છે એટલા માટે તે સામ છે. ॥ ૪ ॥

अथ यदेतदादित्यस्य शुक्लं भाः सैवर्गथ यन्नीलं परः कृष्णं तत्साम तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम । तस्मादृच्यध्यूढꣳ साम गीयते ॥ ५ ॥

હવે આ જે આદિત્યની શુક્લ જ્યોતિ છે તે જ ઋક્ છે અને તેમાં જે નીલવર્ણ અત્યંત શ્યામ જોવામાં આવે છે તે સામ છે. તે આ (નીલવર્ણરૂપ) સામ આ (શુક્લ જ્યોતિ રૂપ) ઋક્માં અધિષ્ઠિત છે. એટલે ઋક્માં અધિષ્ઠિત સામનું ગાન કરવામાં આવે છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथ यदेतदादित्यस्य शुक्लं भाः शुक्ला दीप्तिः सैवर्क् । अथ यदादित्ये नीलं परः कृष्णं परोऽतिशयेन कार्ष्ण्यं तत्साम, तद्ध्येकान्तसमाहितदृष्टेर्दृश्यते ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હવે આ જે આદિત્યની શુક્લ પ્રભા - શુક્લ દીપ્તિ છે તે જ ઋક્ છે. તથા આદિત્યમાં જે નીલવર્ણ અત્યંત શ્યામ છે તે સામ છે, પરંતુ તે તો એકમાત્ર સમાહિત દૃષ્ટિવાળા પુરુષને જ દેખાય છે. ॥ ૫ ॥

अथ यदेवैतदादित्यस्य शुक्लं भाः सैव साम यन्नीलं परः कृष्णं तदमस्तत्सामाथ य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आप्रणखात्सर्व एव सुवर्णः ॥ ६ ॥

હવે આ જે આદિત્યનો શુક્લ પ્રકાશ છે તે જ 'સા' છે અને જે નીલવર્ણ અત્યંત શ્યામ છે તે જ 'અમ' છે. એ જ બંને મળીને સામ છે. તથા આ જે આદિત્ય મંડળના અંતર્ગત સુવર્ણમય જેવો પુરુષ દેખાય છે, જે સુવર્ણ સમાન દાઢી-મૂછવાળો અને સુવર્ણ જેવા કેશવાળો છે તથા જે નખ પર્યંત પૂરે પૂરો સુવર્ણ (જેવો) જ છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- ते एवैते भाः शुक्लकृष्णत्वे सा चामश्च साम । अथ य एषोऽन्तरादित्य आदित्यस्यान्तर्मध्ये हिरण्मयो हिरण्मय इव हिरण्मयः । न हि सुवर्णविकारत्वं देवस्य सम्भवति ऋक्सामगेष्णत्वापहतपाप्मत्वासम्भवात् । न हि सौवर्णेऽचेतने पाप्मादिप्राप्तिरस्ति येन प्रतिषिध्येत । चाक्षुषे चाग्रहणात् । अतो लुप्तोपम एव हिरण्मयशब्दो ज्योतिर्मय इत्यर्थः । उत्तरेष्वपि समाना योजना । ★ पुरुषः पुरि शयनात्पूरयति वा स्वेनात्मना जगदिति, दृश्यते निवृत्तचक्षुर्भिः समाहितचेतोभिर्ब्रह्मचर्यादिसाधनापेक्षैः । तेजस्विनोऽपि श्मश्रुकेशादयः कृष्णाः स्युरित्यतो विशिनष्टिहिरण्यश्मश्रुर्हिरण्यकेश इति । ज्योतिर्मयान्येवास्य श्मश्रूणि केशाश्चेत्यर्थः । आप्रणखात्प्रणखो नखाग्रं नखाग्रेण सह सर्वः सुवर्ण इव भारूप इत्यर्थः ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- હવે એ શુક્લત્વ તેમજ કૃષ્ણત્વરૂપ પ્રકાશ ક્રમશઃ 'સા' અને 'અમ' હોવાને કારણે સામ છે. તથા આ જે આદિત્ય અંતર્ગત - આદિત્યના મધ્યમાં હિરણ્યમય-સુવર્ણ સદૃશ હોવાને કારણે સુવર્ણમય કારણ કે સૂર્યદેવના સુવર્ણના વિકાર રૂપ હોવું સંભવિત નથી, (વિકાર રૂપ હોવાથી) તેના ऋक् તેમજ સામ રૂપ પાંખોવાળો તથા નિષ્પાપ હોવું સંભવિત ન હોઈ શકે, કારણ કે સુવર્ણમય અચેતન પદાર્થોમાં તો પાપ વગેરેની સંભાવના જ નથી, જેના કારણે તેનો પ્રતિષેધ કરવામાં આવે. આના સિવાય, નેત્રસ્થ ઉપાસ્ય પુરુષમાં (સુવર્ણ વિકારત્વનું) ગ્રહણ પણ કરવામાં આવતું નથી. એટલા માટે આ હિરણમય શબ્દ લુપ્તોપમા જ છે. એટલે આનો અર્થ જ્યોતિર્મય છે. આગળ (હિરણ્યમયાદિ શબ્દોનો અર્થ પણ) આની જેમ જ કરવો એવી યોજના છે.

(આવો જે હિરણ્યમય) પુરુષ, (શરીર રૂપ) પુરમાં શયન કરવાને કારણે અથવા પોતાના દ્વારા આખા જગતને પૂર્ણ કરે છે એટલા માટે આ પુરુષ કહેવાય છે. જેની ઈન્દ્રિયો બાહ્ય વિષયોથી નિવૃત્ત થઈ ગઈ છે તે સમાહિત ચિત્ત અને બ્રહ્મચર્યાદિ સાધનવાળા પુરુષોને દેખાય છે - તેજસ્વી હોવાથી પણ તેના દાઢી મૂંછ વગેરે તો કાળા જ હશે, એટલે શ્રુતિ તેની વિશેષતા આ રીતે બતાવે છે - જે સોનેરી શ્મશ્રુ અને સોનેરી વાળવાળા છે, અર્થાત્ તેના દાઢી-મૂંછ અને વાળ પણ જ્યોતિર્મય જ છે. તાત્પર્ય આ છે કે આ નખપર્યન્ત અર્થાત્ નખાગ્રથી માંડીને આખે આખો સુવર્ણ સમાન પ્રકાશ સ્વરૂપ જ છે. ॥ ६ ॥

तस्य यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी तस्योदिति नाम स एष सर्वेभ्यः पाप्मभ्य उदित उदेति ह वै सर्वेभ्यः पाप्मभ्यो य एवं वेद ॥ ७ ॥

તેના બંને નેત્ર વાંદરાના બેસવાના સ્થાન જેવા સમાન અરુણ વર્ણવાળા પુંડરીક(કમળ)ના જેવા છે. તેનું 'उत्' એવું નામ છે, કારણ કે તે સંપૂર્ણ પાપોથી ઉપર ગયેલો છે. જે આવી રીતે જાણે છે તે ચોક્કસ સઘળા પાપોથી ઉપર ઊઠી જાય છે. ॥ ७ ॥

शाङ्करभाष्यम् :- तस्यैवं सर्वतः सुवर्णवर्णस्याप्यक्ष्णोर्विशेषः । कथम् ? तस्य यथा कपेर्मर्कटस्यासः कप्यासः, आसेरुपवेशनार्थस्य करणे घञ्, कपिपृष्ठान्तो येनोपविशति । कप्यास इव पुण्डरीकमत्यन्ततेजस्वि, एवमस्य देवस्याक्षिणी । उपमितोपमानत्वान्न हीनोपमा । ★ तस्यैवंगुणविशिष्टस्य गौणमिदं नामोदिति । कथं गौणत्वम् ? स एष देवः सर्वेभ्यः पाप्मभ्यः पाप्मना सह तत्कार्येभ्य इत्यर्थः । 'य आत्मापहतपाप्मा' इत्यादि वक्ष्यति । उदित उद् इत उद्गत इत्यर्थः, अतोऽसावुन्नामा । तमेवंगुणसम्पन्नमुन्नामानं यथोक्तेन प्रकारेण यो वेद सोऽप्येवमेवोदेत्युद्गच्छति सर्वेभ्यः पाप्मभ्यः । ह वा इत्यवधारणार्थौ निपातौ उदेत्येवेत्यर्थः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે સર્વ બાજુઓથી સુવર્ણ વર્ણના હોવાથી પણ તેના નેત્રોમાં વિશેષતા છે. કેવી રીતે ? જેમ કપિ-વાંદરના આસનું, નામ કપ્યાસ છે, ઉપવેશન (બેઠવું) અર્થના વાચક 'आस्' ધાતુથી કરણમાં 'घञ्' પ્રત્યય થવાથી 'आस' શબ્દ સિદ્ધ થાય છે. એટલે 'कप्यास'નો અર્થ વાંદરાની પીઠનો અંતિમ ભાગ છે, જેનાથી તે બેસે છે. (અહીં પુંડરીકને 'कप्यास') થી ઉપમિત કરવામાં આવ્યા છે કપ્યાસની જેમ પુંડરિક અત્યંત તેજસ્વી છે તેવી આ દેવની બન્ને આંખો છે. ઉપમિતોપમાન હોવાને કારણે અહીં હીનોપમા નથી.

આવા ગુણવાળા તે આદિત્યાન્તર્ગત પુરુષનું 'उत्' આ નામ ગૌણ (ગુણ ઉપર આધારિત) છે. આની ગૌણતા કેવી રીતે છે ? તે આ દેવ સંપૂર્ણ પાપોથી અર્થાત્ પાપોસહિત તેના કાર્યોથી ઉદિત અર્થાત્ ઉપર ગયો છે, એટલા માટે તે 'उत्' નામવાળો છે. જેમ કે **'જે આત્મા પાપથી દૂર થયેલો છે'** વગેરે રૂપે શ્રુતિ આગળ કહેશે. એવા ગુણથી યુક્ત તે 'उत्' નામવાળા પુરુષને જે પૂર્વોક્ત પ્રકારે જાણે છે તે પણ આવી રીતે સંપૂર્ણ પાપોથી ઉપર ઊઠી જાય છે. 'ह' અને 'वै' એ નિશ્ચયાર્થક નિપાત છે - અર્થાત્ ઉપર ઊઠી જ જાય છે. ॥ ७ ॥

शाङ्करभाष्यम् :- तस्योद्गीथत्वं देवस्यादित्यादीनामिव विवक्षितत्वादाह–

શાંકરભાષ્ય :- આદિત્ય વગેરે સમાન તે (उत् - સંજ્ઞક) દેવનું ઉદ્ગીથત્વ કહેવાની ઈચ્છાથી શ્રુતિ કહે છે –

तस्यर्क्च साम च गेष्णौ तस्मादुद्गीथस्तस्मात्त्वेवोद्गातैतस्य हि गाता । स एष ये चामुष्मात्पराञ्चो लोकास्तेषां चेष्टे देवकामानां चेत्यधिदैवतम् ॥ ८ ॥

તે(દેવ)ના ऋक् અને સામ - એ બે પક્ષ છે. તેમાં તે દેવ ઉદ્ગીથ રૂપ છે, અને આનાથી (આનું ગાન કરનારા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ઉદ્ગાતા કહેવાય છે, કારણકે તે આ (उत्) નું જ ગાન કરનાર હોય છે. તે આ (ઉત્ નામનો દેવ આદિત્યલોક)થી ઉપરના લોકમાં છે અને જે દેવોની કામનાઓ છે, તેમનું શાસન કરે છે. આ અધિદૈવત ઉદ્ગીથોપાસના છે. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- तस्यर्क्च साम च गेष्णौ पृथिव्याद्युक्तलक्षणे पर्वणी । सर्वात्मा हि देवः । परापरलोककामेशितृत्वादुपपद्यते पृथिव्यग्न्याद्यृक्सामगेष्णत्वम्, सर्वयोनित्वाच्च । ★ यत एवमुन्नामा चासावृक्सामगेष्णश्च तस्मादृक्सामगेष्णत्वप्राप्तमुद्गीथत्वमुच्यते परोक्षेण परोक्षप्रियत्वाद्देवस्य, तस्मादुद्गीथ इति । तस्मात्त्वेव हेतोरुदं गायतीत्युद्गाता । तस्माद्ध्येतस्य यथोक्तस्योन्नाम्नो गातासावतो युक्तोद्गातेति नामप्रसिद्धिरुद्गातुः । ★ स एष देव उन्नामा ये चामुष्मादादित्यात्पराञ्चः परागञ्चनादूर्ध्वा लोकास्तेषां लोकानां चेष्टे न केवलमीशितृत्वमेव चशब्दाद्धारयति च, **'स दाधार पृथिवीं द्यामुतेमाम्'** (ऋ.वे. १०-१२१-१, यजु. २५-१०) इत्यादि-मन्त्रवर्णात् । किं च देवकामानामीष्ट इत्येतदधिदैवतं देवताविषयं देवस्योद्गीथस्य स्वरूपमुक्तम् ॥ ८ ॥

શાંકરભાષ્ય :- તે(દેવ)ના ઋક્ અને સામ ગેષ્ણ છે અર્થાત્ પૂર્વોક્ત પૃથ્વી અને અગ્નિ વગેરે તેના બંને પક્ષ છે, કારણકે તે દેવ સર્વરૂપ છે. તે પરલોક અને આ લોક સંબંધી કામનાઓનું શાસન કરનારા છે, એટલે તેનું પૃથ્વી અને અગ્નિ વગેરે રૂપ ઋક્ અને સામમય પાંખોથી યુક્ત હોવું ઉચિત જ છે. તથા સર્વનું કારણ હોવાથી પણ (તેનું ઋક્ - સામ રૂપ પક્ષોવાળું હોવું ઉચિત છે).

આવી રીતે કારણ કે તે 'उत्' નામવાળા છે તથા ઋક્ અને સામ તેના પક્ષ છે, એટલા માટે ઋક્ - સામ રૂપ પક્ષોવાળો હોવાથી તેમાં પ્રાપ્ત ઉદ્ગીથત્વનું પરોક્ષ રૂપે પ્રતિપાદન થઈ જાય છે, કારણ કે તે દેવ પરોક્ષ પ્રિય છે. એટલા માટે તે ઉદ્ગીથ છે એમ કહ્યું. આ જ હેતુથી, કારણ કે (યજ્ઞમાં ઉદ્ગાન કરનારા) ઉત્નું ગાન કરે છે એટલા માટે તે ઉદ્ગાતા કહેવાય છે. માટે તે ઉપર્યુક્ત 'उत्' નામના દેવનું ગાન કરે છે એટલા માટે ઉદ્ગાતાનું ઉદ્ગાતા એવું નામ પ્રસિદ્ધ હોવું ઉચિત જ છે.

તે જ આ ઉત્ નામના દેવ આ આદિત્ય લોકથી પરે (ઉપર) જવાને કારણે જે પરાઙ્ એટલે ઉપરના લોક છે તે લોકોનું શાસન કરે છે. તે કેવળ શાસનકર્તા જ નથી, 'च' શબ્દથી આ પણ સિદ્ધ થાય છે કે તે તેને ધારણ પણ કરે છે, જેમ કે **'તેણે આ પૃથ્વીને અને દ્યુલોકને ધારણ કર્યાં'** (ઋ.વે.૧૦-૧૨૧-૧, યજુ. ૨૫-૧૦) વગેરે મંત્રવર્ણથી સિદ્ધ બાય છે. આ જ નહીં, તે દેવોની કામનાઓના પણ શાસક છે - આવી રીતે આ તે દેવનું ઉદ્ગીથના અધિદૈવત-દેવ વિષયક સ્વરૂપ કહેવામાં આવ્યું છે. ॥ ૮ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये षष्ठखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં પ્રથમ અધ્યાયના છઠ્ઠા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तमः खण्डः

अथाध्यात्मं वागेवर्क्प्राणः साम तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम तस्मादृच्यध्यूढꣳ साम गीयते । वागेव सा प्राणोऽमस्तत्साम ॥ १ ॥

હવે અધ્યાત્મ ઉપાસના છે - વાણી જ ઋક્ છે અને પ્રાણ સામ છે. આ (વાક્ રૂપ) ઋક્માં (પ્રાણરૂપ) સામ અધિષ્ઠિત છે. એટલે ઋક્માં અધિષ્ઠિત સામનું ગાન કરવામાં આવે છે. વાક્ જ 'સા' છે અને પ્રાણ 'અમ' છે. આવી રીતે એ (બંને મળીને) સામ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथाधुनाध्यात्ममुच्यते—वागेवर्क्प्राणः साम, अधरोपरिस्थानत्वसामान्यात् । प्राणो घ्राणमुच्यते सह वायुना । वागेव सा प्राणोऽम इत्यादि पूर्ववत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- આધિદૈવિક ઉપાસના પછી હવે અધ્યાત્મ ઉપાસનાનું વર્ણન કરવામાં આવે છે - નીચે અને ઉપરનું સ્થાન સમાન હોવાને કારણે વાક્ જ ઋક્ છે અને પ્રાણ સામ છે. વાયુ સહિત ઘ્રાણેન્દ્રિય જ અહીં પ્રાણ કહેવામાં આવે છે. વાક્ જે 'સા' છે અને પ્રાણ 'અમ' છે વગેરે કથન પૂર્વવત્ સમજવું જોઈ. ॥ ૧ ॥

चक्षुरेवर्गात्मा साम तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम तस्मादृच्यध्यूढꣳ साम गीयते । चक्षुरेव सात्मामस्तत्साम ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

ચક્ષુ જ ઋક્ છે અને આત્મા સામ છે. આવી રીતે આ (ચક્ષુરૂપ) ઋક્માં આ (આત્મારૂપ) સામ અધિષ્ઠિત છે. એટલા માટે ઋક્માં અધિષ્ઠિત સામનું ગાન કરવામાં આવે છે. ચક્ષુ 'સા' છે અને આત્મા 'અમ' છે. આવી રીતે એ (બંને મળીને) સામ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- चक्षुरेव ऋक्, आत्मा साम, आत्मेति च्छायात्मा तत्स्थत्वात्साम ॥ २ ॥

શાંકરભાષ્ય :- ચક્ષુ જ ઋક્ છે અને આત્મા સામ છે. અહીં 'आत्मा' શબ્દથી છાયાત્માનું ગ્રહણ થાય છે, કારણ કે તે (નેત્રમાં) સ્થિત હોવાને કારણે સામ છે. ॥ ૨ ॥

श्रोत्रमेवङ्र्मनः साम तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम तस्मादृच्यध्यूढꣳ साम गीयते । श्रोत्रमेव सा मनोऽमस्तत्साम ॥ ३ ॥

શ્રોત્ર જ ઋક્ છે અને મન સામ છે. આવી રીતે આ (શ્રોત્ર રૂપ) ઋક્માં આ (મનરૂપ) સામ અધિષ્ઠિત છે. એટલે ઋકમાં અધિષ્ઠિત સામનું જ ગાન કરવામાં આવે છે. શ્રોત્ર 'સા' છે અને મન 'અમ' છે. આવી રીતે એ (બંને મળીને) સામ છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- श्रोत्रमेवङ्र्मनः साम, श्रोत्रस्याधिष्ठातृत्वान्मनसः सामत्वम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- શ્રોત્ર જ ઋક્ છે અને મન સામ છે. શ્રોત્રના અધિષ્ઠાતા હોવાને કારણે મનની સામરૂપતા છે. ॥ ૩ ॥

अथ यदेतदक्ष्णः शुक्लं भाः सैवर्गथ यन्नीलं परः कृष्णं तत्साम । तदेतदेतस्यामृच्यध्यूढꣳ साम । तस्मादृच्यध्यूढꣳ साम गीयते । अथ यदेवैतदक्ष्णः शुक्लं भाः सैव साथ यन्नीलं परः कृष्णं तदमस्तत्साम ॥ ४ ॥

હવે આ જે આંખોનો શુક્લ પ્રકાશ છે તે ઋક્ છે અને જે નીલવર્ણ અત્યંત શ્યામ છે તે સામ છે. આવી રીતે આ (શુક્લ પ્રકાશરૂપ) ઋક્માં આ (નીલવર્ણ અત્યંત શ્યામરૂપ) સામ અધિષ્ઠિત છે. એટલે ઋક્માં અધિષ્ઠિત સામનું ગાન કરવામાં આવે છે. તથા આ જે નેત્રનો શુક્લ પ્રકાશ છે તે 'સા' છે અને જે નીલવર્ણ પરમ શ્યામ છે તે જ 'અમ' છે. આવી રીતે એ (બંને મળીને) સામ છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथ यदेतदक्ष्णः शुक्लं भाः सैवर्क् । अथ यन्नीलं परः कृष्णमादित्य इव दृक्शक्त्यधिष्ठानं तत्साम ॥ ४ ॥

શાંકરભાષ્ય :- હવે આ જે નેત્રોનો શુકલ પ્રકાશ છે તે જ ઋક્ છે અને જે સૂર્ય સમાન દૃક્ શક્તિના અધિષ્ઠાનભૂત નીલવર્ણ અતિશય શ્યામ છે તે સામ છે. ॥ ૪ ॥

अथ य एषोऽन्तरक्षिणि पुरुषो दृश्यते सैवर्क्तत्साम तदुक्थं तदद्यजुस्तद्ब्रह्म । तस्यैतस्य तदेव रूपं यदमुष्य रूपं यावमुष्य गेष्णौ तौ गेष्णौ यन्नाम तन्नाम ॥ ५ ॥

હવે આ જે નેત્રોના મધ્યમાં પુરુષ દેખાય છે તે જ ઋક્ છે, તે જ સામ છે તે જ ઉકથ છે, તે જ યજુઃ છે અને તે જ બ્રહ્મ (વેદ) છે. તે આ પુરુષનું તે જ રૂપ છે જે તે(આદિત્ય અંતર્ગત પુરુષ)નું રૂપ છે. જે તેનો પક્ષ છે તે જ આનો પક્ષ છે, જે તેનું નામ છે તે જ તેનું નામ છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथ य एषोऽन्तरक्षिणि पुरुषो दृश्यते, पूर्ववत् । सैवर्गध्यात्मं वागाद्या पृथिव्याद्या चाधिदैवतम् । प्रसिद्धा च ऋक्पादबद्धाक्षरात्मिका तथा साम । उक्थसाहचर्याद्वा स्तोत्रं साम ऋक् शस्त्रमुक्थादन्यत् । तथा यजुःस्वाहास्वधावषडादि सर्वमेव वाग्यजुस्तत्स एव, सर्वात्मकत्वात्सर्वयोनित्वाच्चेति ह्यवोचाम । ऋगादिप्रकरणात्तद्ब्रह्मेति त्रयो वेदाः । ★ तस्यैतस्य चाक्षुषस्य पुरुषस्य तदेव रूपमतिदिश्यते । किं तत् ? यदमुष्यादित्यपुरुषस्य । हिरण्मय इत्यादि यदधिदैवतमुक्तम् । यावमुष्य गेष्णौ पर्वणी तावेवास्यापि चाक्षुषस्य गेष्णौ । यच्चामुष्य नामोदित्युद्गीथ इति च तदेवास्य नाम । ★ स्थानभेदाद्रूपगुणनामातिदेशा-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

दीशितृत्वविषयभेदव्यपदेशाच्चादित्यचाक्षुषयोर्भेद इति चेत् ? न, अमुनानेनैवेत्येकस्योभयात्मप्राप्त्यनुपपत्तेः । ★ द्विधाभावेनोपपद्यत इति चेत्, वक्ष्यति हि **'स एकधा भवति त्रिधा भवति'** इत्यादि, मन, चेतनस्यैकस्य निरवयवत्वाद् द्विधाभावानुपपत्तेः । तस्मादध्यात्माधिदैवतयोरेकत्वमेव । यत्तु रूपाद्यतिदेशो भेदकारणमवोचो न तद्भेदावगमाय । किं तर्हि ? स्थानभेदात् भेदाशङ्का मा भूदित्येवमर्थम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હવે આ જે નેત્રોના મધ્યમાં પુરુષ દેખાય છે - આ વાક્યનું તાત્પર્ય પૂર્વવત્ સમજવું જોઈએ. તે જ વાગાદિ અધ્યાત્મ અને પૃથ્વી વગેરે અધિદૈવત ऋक् છે. જેનાથી પાદ નિયત અક્ષરોથી બંધાયેલા હોય છે તે ऋक् તો પ્રસિદ્ધ જ છે - તથા તે જ સામ છે. અથવા ઉક્થનું સહચારી હોવાથી સ્તોત્ર સામ છે અને ઉક્થથી ભિન્ન જે શસ્ત્ર (મંત્ર વિશેષ) છે તે જ ऋक् છે, તથા સ્વાહા, સ્વધા અને વષટ્ વગેરે સંપૂર્ણ વાક્ય જ યજુઃ છે. સર્વાત્મક અને સર્વનું કારણ હોવાને કારણે તે યજુઃ સ્વયં પુરુષ જ છે - એવું અમે પહેલાં કહી ચૂક્યા છીએ. અહીં ऋગાદિનું પ્રકરણ હોવાને કારણે 'તે જ બ્રહ્મ છે' આ વાક્યમાં (બ્રહ્મ શબ્દથી) ત્રણે વેદ સમજવા જોઈએ.

તે આ નેત્રસ્થ પુરુષનું તે જ રૂપ દર્શાવવામાં આવે છે તે રૂપ શું છે ? જે રૂપ તે આદિત્ય અંતર્ગત પુરુષ હતો જેનું હિરણ્યમય વગેરે અધિદૈવત રૂપથી વર્ણન કરવામાં આવ્યું હતું. જે તે(આદિત્ય પુરુષ)ના પક્ષ હતા તે જ આ નેત્રાન્તર્ગત પુરુષનો પણ પક્ષ છે. જે તેનામાં 'ઉત્' અથવા 'ઉદ્ગીથ' વગેરે નામ હતાં, તે જ આના પણ નામ છે.

જો કહો કે આશ્રયના ભેદ હોવાથી, (આદિત્ય અંતર્ગત પુરુષના) રૂપ, ગુણ અને નામનો (ચાક્ષુષ પુરુષમાં) અતિદેશ હોવાથી તથા ઈશિતૃત્વ(શાસન)ના વિષયોનો ભેદ બતાવવામાં આવતાં આદિત્ય અને નેત્ર અંતર્ગત પુરુષોનો ભેદ છે તો એવું કહેવું બરાબર નથી. કારણ કે એવું માનવાથી (મંત્ર સાત અને આઠમાં) 'અમુના', 'અનેનૈવ' આ શબ્દોથી પ્રતિપાદિત એકના દ્વારા જ બંનેની પ્રાપ્તિ શક્ય બનશે નહીં.

જો કહો કે તે આ બંનેને બે રૂપે પ્રાપ્ત થાય છે, જેમ કે **'તે એક રૂપ થાય છે, તે ત્રણ રૂપ થાય છે'** વગેરે રૂપથી શ્રુતિ કહેશે પણ - તો આ પણ બરાબર નથી, કારણ કે નિરવયવ હોવાને કારણે એક જ ચેતનાના બે રૂપ હોવા સંભવ નથી. માટે અધ્યાત્મ અને અધિદૈવત - આ બંનેની એકતા જ છે અને તમે જે રૂપાદિના અતિદેશને ભેદનું કારણ કહ્યું, તો તે તેનો ભેદ સૂચિત કરવાને માટે નથી. તો તે શા માટે છે ? તે તો, આશ્રયનો ભેદ હોવાથી કદાચ તેના ભેદની આશંકા ન થઈ જાય - એટલા માટે છે. ॥ ૫ ॥

स एष ये चैतस्मादर्वाञ्चो लोकास्तेषां चेष्टे मनुष्यकामानां चेति । तद्य इमे वीणायां गायन्त्येतं ते गायन्ति तस्मात्ते धनसनयः ॥ ६ ॥

તે આ (ચાક્ષુષ પુરુષ) જે આ(અધ્યાત્મ આત્મા)થી નીચેના લોકોનું તથા માનવીય કામનાઓનું શાસન કરે છે. એટલે જેઓ આ વીણામાં ગાન કરે છે તે તેમનું ગાન કરે છે આનાથી તે ધનવાન બને છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- स एष चाक्षुषः पुरुषो ये चैतस्मादाध्यात्मिकादात्मनोऽर्वाञ्चोऽर्वागगता लोकास्तेषां चेष्टे मनुष्यसम्बन्धिनां च कामानाम् । तत्तस्माद्य इमे वीणायां गायन्ति गायकास्त एतमेव गायन्ति । यस्मादीश्वरं गायन्ति तस्मात्ते धनसनयो धनलाभयुक्ता धनवन्त इत्यर्थः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- તે આ ચાક્ષુષ પુરુષ જે આ આધ્યાત્મિક આત્માથી નીચેના લોક છે, તેના તથા મનુષ્ય સંબંધી કામનાઓનું શાસન કરે છે. એટલે જે એ ગાયક લોકો વીણામાં ગાન કરે છે તે તેનું ગાન કરે છે. કારણ કે તે ઈશ્વરનું જ ગાન કરે છે, એટલા માટે તે ધનલાભયુક્ત અર્થાત્ ધનવાન થાય છે. ॥ ૬ ॥

अथ य एतदेवं विद्वान्साम गायत्युभौ स गायति सोऽमुनैव स एष ये चामुष्मात्पराञ्चो लोकास्ताꣳश्चाप्नोति देवकामाꣳश्च ॥ ७ ॥

હવે જે આ રીતે (ચાક્ષુષ અને આદિત્ય બંને પુરુષોની એકતા) જાણનારા પુરુષ સામગાન કરે છે તે (ચાક્ષુષ અને આદિત્ય) બંનેનું ગાન કરે છે. તથા તે આના દ્વારા જે આ(આદિત્ય લોક)થી ઉપરના લોક અને દેવોના ભોગને પ્રાપ્ત કરે છે. ॥ ૭ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- अथ य एतदेवं विद्वान्यथोक्तं देवमुद्गीथं विद्वान्सामगायत्युभौ स गायति चाक्षुषमादित्यं च । तस्यैवंविदः फलमुच्यते—सोऽमुनैवादित्येन स एष ये चामुष्मात्पराञ्चो लोकास्तांश्चाप्नोति आदित्यान्तर्गतदेवो भूत्वेत्यर्थो देवकामांश्च ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આ ઉપર કહેલા દેવને જે આ રીતે જાણનારા પુરુષ સામગાન કરે છે તે ચાક્ષુષ અને આદિત્ય બંને પુરુષોનું ગાન કરે છે. આવી રીતે જાણનારાનું ફળ કહેવામાં આવે છે - તે આ ઉપાસક આ આદિત્યના દ્વારા જે આના ઉપરના લોક છે તેને પ્રાપ્ત થાય છે: તાત્પર્ય આ છે કે આદિત્ય અંતર્ગત દેવરૂપ થઈને તે એને અને દેવોના ભોગોને પ્રાપ્ત કરે છે. ॥ ૭ ॥

अथानेनैव ये चैतस्मादर्वाञ्चो लोकास्ताꣳश्चाप्नोति मनुष्यकामाꣳश्च तस्मादु हैवंविदुद्गाता ब्रूयात् ॥ ८ ॥

તથા આના દ્વારા જે આનાથી નીચેના લોક છે તેને અને મનુષ્ય સંબંધી કામનાઓને પ્રાપ્ત કરે છે. એટલે આવી રીતે જાણનારા ઉદ્‌ગાતા (યજમાનને આવી રીતે) કહે. ॥ ૮ ॥

कं ते काममागायानीत्येष ह्येव कामागानस्येष्टे य एवं विद्वान्साम गायति साम गायति ॥ ९ ॥

'હું તારા માટે કઈ ઈષ્ટ કામનાઓનું આગાન કરું' કારણ કે આ ઉદ્‌ગાતા કામનાઓના આગાનમાં સમર્થ હોય છે, જો કે આવી રીતે જાણનારા થઈને સામગાન કરે છે, સામગાન કરે છે. ॥ ૯ ॥

शाङ्करभाष्यम् :- अथानेनैव चाक्षुषेणैव ये चैतस्मादर्वाञ्चो लोकास्तांश्चाप्नोति मनुष्यकामांश्च चाक्षुषो भूत्वेत्यर्थः । तस्मादु हैवंविदुद्गाता ब्रूयाद्यजमानं कमिष्टं ते तव काममागायानीति । एष हि यस्मादुद्गाता कामागानस्योद्गानेन कामं संपादयितुमीष्टे समर्थ इत्यर्थः । कोऽसौ ? य एवं विद्वान्साम गायति साम गायति । द्विरुक्तिरुपासनसमाप्त्यर्था ॥ ८-९ ॥

શાંકરભાષ્ય :- તથા આ ચાક્ષુષ પુરુષના દ્વારા જે આનાથી નીચેના લોક છે તેને મનુષ્ય સંબંધી ભોગોને તે પ્રાપ્ત કરે છે. અભિપ્રાય આ કે ચાક્ષુષ પુરુષ થઈને જ તે સર્વને પ્રાપ્ત કરે છે. તેથી આવી રીતે જાણનારા ઉદ્‌ગાતા યજમાનને કહે કે 'હું તારા માટે કઈ ઈષ્ટ કામનાઓનું આગાન કરું ?' કારણ કે આ ઉદ્‌ગાતા ઈષ્ટ કામના સંબંધી આગાનના ઉદ્‌ગાનથી તે કામનાઓને સંપન્ન કરવામાં સમર્થ થાય છે. તે (ઉદ્‌ગાતા) કોણ છે ? જે આવી રીતે જાણનારા થઈને સામ ગાન કરે છે, સામ ગાન કરે છે. આ દ્વિરુક્તિ ઉપાસનાની સમાપ્તિના માટે છે. ॥ ૮-૯ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये सप्तमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ७ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પ્રથમ અધ્યાયના સાતમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टमः खण्डः

शाङ्करभाष्यम् :- अनेकधोपास्यत्वादक्षरस्य प्रकारान्तरेण परोवरीयस्त्वगुणफलमुपासनान्तरमानिनाय । इतिहासस्तु सुखावबोधनार्थः ।

શાંકરભાષ્ય :- અક્ષર (ઓમકાર) અનેક પ્રકારે ઉપાસનીય હોવાથી શ્રુતિ પ્રકારાન્તરથી તેની ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ ગુણ વિશિષ્ટ ફળવાળી એક અન્ય ઉપાસના પ્રસ્તુત કરે છે. અહીં (આપેલો) ઈતિહાસ સરળતાથી સમજાવવાને માટે છે.

त्रयो होद्गीथे कुशला बभूवुः शिलकः शालावत्यश्चैकितायनो दाल्भ्यः प्रवाहणो जैवलिरिति ते होचुरुद्गीथे वै कुशलाः स्मो हन्तोद्गीथे कथां वदाम इति ॥ १ ॥

શાલાવાનના પુત્ર શિલક, ચિકિતાયનના પુત્ર દાલ્ભ્ય અને જીવલણના પુત્ર પ્રવાહણ - એ ત્રણે ઉદ્‌ગીથ વિદ્યામાં કુશલ હતાં તેમણે (પરસ્પર) કહ્યું - આપણે લોકો ઉદ્‌ગીથ વિદ્યામાં નિપુણ છીએ, તેથી ઉદ્‌ગીથના વિષયમાં પરસ્પર વાર્તાલાપ કરીએ'. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- त्रयस्त्रिसंख्याकाः, ह इत्यैतिह्यार्थः, उद्गीथ उद्गीथज्ञानं प्रति कुशला निपुणा बभूवुः । कस्मिंश्चिद्देशे काले च निमित्ते वा समेतानामित्यभिप्रायः । न हि सर्वस्मिञ्जगति त्रयाणामेव कौशलमुद्गीथादिविज्ञाने । श्रूयन्ते ह्युषस्तिजानश्रुतिकैकेयप्रभृतयः सर्वज्ञकल्पाः । ★ के ते त्रयः ? इत्याह—शिलको नामतः शालावतोऽपत्यं शालावत्यः चिकितायनस्यापत्यं चैकितायनः,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

दल्भगोत्रो दाल्भ्यो द्व्यामुष्यायणो वा । प्रवाहणो नामतो जीवलस्यापत्यं जैवलिरित्येते त्रयः । ★ ते होचुरन्योन्यमुद्गीथे वै, कुशला निपुणा इति प्रसिद्धाः स्मः । अतो हन्त यद्यनुमतिर्भवतामुद्गीथ उद्गीथज्ञाननिमित्तां कथां विचारणां पक्षप्रतिपक्षोपन्यासेन वदामो वादं कुर्म इत्यर्थः । ★ तथा च तद्विद्यसंवादे विपरीतग्रहनाशोऽपूर्वविज्ञानोपजनः संशयनिवृत्तिश्चेति । अतस्तद्विद्यसंयोगः कर्तव्य इति चेतिहासप्रयोजनम् । दृश्यते हि शिलकादीनाम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- त्रयः- ત્રણ સંખ્યાવાળા, 'ह' આ નિપાત ઇતિહાસને સૂચિત કરવાને માટે છે, ઉદ્ગીથમાં - ઉદ્ગીથ વિદ્યામાં કુશળ-નિપુણ હતાં. તાત્પર્ય આ છે કે કોઈ દેશ અને કાળમાં અથવા કોઈ નિમિત્ત વિશેષથી એકત્રિત થયેલા પુરુષોમાં (એ ત્રણ વ્યક્તિ ઉદ્ગીથમાં નિપુણ હતાં) સમગ્ર સંસારની અંદર ઉદ્ગીથ વગેરેના જ્ઞાનમાં આ ત્રણની જ કુશલતા થાય - એવી વાત નથી, કારણ કે શ્રુતિમાં ઉષસ્તિ, જાનશ્રુતિ અને કૈકેય વગેરે સર્વજ્ઞકલ્પ પુરુષ પણ પ્રસિદ્ધ છે.

તે ત્રણ કોણ હતાં ? (આ વિષયમાં) શ્રુતિ કહે છે - શિલક જેમનું નામ હતું તે શાલાવાનના પુત્ર શાલાવત્ય, ચિકિતાયનના પુત્ર ચૈકિતાયન, જે દલ્ભ ગોત્રમાં ઉત્પન્ન થવાને કારણે દાલ્ભ્ય કહેવામાં આવ્યા છે. અથવા તે દ્વયામુષ્યાયણ હશે. તથા નામથી પ્રવાહણ અને જીવલના પુત્ર હોવાથી જૈવલિ કહેવાતા એ ત્રણ પુરુષ હતાં.

તેઓએ પરસ્પર એકબીજાને કહ્યું - 'આપણે લોકો ઉદ્ગીથમાં કુશળ-નિપુણ છીએ - આવી રીતે પ્રસિદ્ધ છીએ. એટલે જો આપ લોકોની સંમતિ હોય તો ઉદ્ગીથમાં - ઉદ્ગીથ વિદ્યાના સંબંધમાં કથા-વિચાર કરીએ, અર્થાત્ પક્ષ પ્રતિપક્ષના સ્થાપનપૂર્વક પરસ્પર વિવાદ કરીએ.'

આવી રીતે તે જાણનાર પુરુષોના પારસ્પારિક સંવાદથી વિપરીત ગ્રહણનો નાશ, અપૂર્વ જ્ઞાનની ઉત્પત્તિ અને સંશયની નિવૃત્તિ થાય છે. એટલે તે તે વિષયોના જ્ઞાતા પુરુષોનો સંગ કરવો જોઈએ. આ પણ આ ઇતિહાસનું પ્રયોજન છે. આ જ વાત શિલકાદિના પ્રસંગમાં પણ જોવામાં આવે છે. ॥ ૧ ॥

तथेति ह समुपविविशुः स ह प्रवाहणो जैवलिरुवाच भगवन्तावग्रे वदतां ब्राह्मणयोर्वदतोर्वाचꣳ-श्रोष्यामीति ॥ २ ॥

ત્યારે તે 'બહુ જ સારું' એવું કહીને બેસી ગયા. પછી જીવલના પુત્ર પ્રવાહણે કહ્યું - 'પહેલાં આપ બંને પૂજ્યવર પ્રતિપાદન કરો. હું આપ બ્રાહ્મણોની કહેલી વાણીને સાંભળીશ.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तथेत्युक्त्वा ते समुपविविशुर्होपविष्टवन्तः किल । तत्र राज्ञः प्रागल्भ्योपपत्तेः स ह प्रवाहणो जैवलिरुवाचेतरौ भगवन्तौ पूजावन्तावग्रे पूर्वं वदताम् । ब्राह्मणयोरिति लिङ्गाद्राजासौ युवयोर्ब्राह्मणयोर्वदतोर्वाचं श्रोष्यामि । अर्थरहितामित्यपरे वाचमिति विशेषणात् ॥ २ ॥

શાંકરભાષ્ય :- પછી તે 'બહુ જ સારું' એમ કહીને બેસી ગયા. તેઓમાં (બ્રાહ્મણોના પહેલાં બોલવાથી) રાજા (ક્ષત્રિય)ની પ્રગલ્ભતા (ધૃષ્ટતા) સિદ્ધ થાય છે, એટલા માટે તે જીવલના પુત્ર પ્રવાહણે બાકીના બંનેને કહ્યું - પહેલાં આપ ભગવાન પૂજનીય લોકો કહે, આપ બ્રાહ્મણોએ કહેલાં શબ્દોને હું શ્રવણ કરીશ. 'આપ બંને બ્રાહ્મણોના' આ કથનરૂપ લિંગથી જ્ઞાત થાય છે કે તે ક્ષત્રિય છે. 'वाचम्' એવું વિશેષણ હોવાને કારણે બીજા વ્યાખ્યાકાર 'અર્થહીન શબ્દ માત્ર સાંભળીશ' એવો અર્થ કરે છે. ॥ ૨ ॥

स ह शिलकः शालावत्यश्चैकितायनं दाल्भ्यमुवाच हन्त त्वा पृच्छानीति पृच्छेति होवाच ॥ ३ ॥

ત્યારે તે શાલાવાનના પુત્ર શિલકે ચિકિતાયનના પુત્ર દાલ્ભ્યને કહ્યું - 'જો તમારી અનુમતિ હોય તો હું તમને પુછું ?' તેમણે કહ્યું. 'પૂછો.' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- उक्तयोः स ह शिलकः शालावत्यश्चैकितायनं दाल्भ्यमुवाच—हन्त यद्यनुमंस्यसे त्वा त्वां पृच्छानीत्युक्त इतरः पृच्छेति होवाच ॥ ३ ॥

શાંકરભાષ્ય :- ઉપર્યુક્ત બંનેમાંથી શાલાવાનના પુત્ર શિલકે ચૈકિતાયન દાલ્ભ્યને કહ્યું - 'જો તમે અનુમતિ આપો તો હું તમને પુછું.' ત્યારે આવી રીતે કહેવામાં આવતાં બીજાએ 'પૂછો' એમ કહ્યું. ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

લબ્ધાનુમતિરાહ – તેમની અનુમતિ મેળવીને (શિલકે) કહ્યું –

का साम्नो गतिरिति स्वर इति होवाच । स्वरस्य का गतिरिति प्राण इति होवाच । प्राणस्य का गतिरित्यन्नमिति होवाचान्नस्य का गतिरित्याप इति होवाच ॥ ४ ॥

'સામની ગતિ (આશ્રય) શું છે ?' આ માટે બીજાએ 'स्वर' એમ કહ્યું. 'સ્વરની ગતિ શું છે ?' એવો પ્રશ્ન થવાથી બીજાએ 'प्राण' એમ કહ્યું. 'પ્રાણની ગતિ શું છે ? આ માટે બીજાએ 'अन्न' એમ કહ્યું. તથા 'અન્નની ગતિ શું છે ?' એમ પૂછવામાં આવતાં દાલ્ભ્યે 'જલ' એમ કહ્યું. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- का साम्नः प्रकृतत्वादुद्गीथस्य । उद्गीथो ह्यत्रोपास्यत्वेन प्रकृतः । **'परोवरीयांसमुद्गीथम्'** (१-९-२) इति च वक्ष्यति । गतिराश्रयः परायणमित्येतत् । एवं पृष्टो दाल्भ्य उवाच–स्वर इति, स्वरात्मकत्वात् साम्नः । यो यदात्मकः स तद्गतिस्तदाश्रयश्च भवतीति युक्तं मृदाश्रय इव घटादिः । ★ स्वरस्य का गतिरिति प्राण इति होवाच । प्राणनिष्पाद्यो हि स्वरस्तस्मात्स्वरस्य प्राणो गतिः । प्राणस्य का गतिरित्यन्नमिति होवाच । अन्नावष्टम्भो हि प्राणः । **'शुष्यति वै प्राण ऋतेऽन्नात्'** (बृ.उप. ५-१२-१) इति हि श्रुतेः । **'अन्नं दाम'** (बृ.उप. २-२-१) इति च । अन्नस्य का गतिरित्याप इति होवाच । अप्सम्भत्वादन्नस्य ॥ ४ ॥

શાંકરભાષ્ય :- સામની-પ્રકરણ પ્રાપ્ત થવાને કારણે ઉદ્ગીથની ગતિ - આશ્રય અર્થાત્ પરાયણ શું છે ? કારણ કે અહીં ઉપાસ્ય રૂપે ઉદ્ગીથનું જ પ્રકરણ છે, જેમ કે 'परोवरीयांसमुद्गीथमुपास्ते' (१-९-२) વગેરે શ્રુતિમાં પણ કહેશે. આવી રીતે પૂછવાથી દાલ્ભ્યે કહ્યું - 'स्वर' કારણ કે સામ સ્વર સ્વરૂપ છે. જેવી રીતે (મૃત્તિકામય) ઘટાદિ પદાર્થોનું મૃત્તિકા જ આશ્રય હોય છે, તેવી રીતે જે પદાર્થ યદાત્મક - જેના સ્વરૂપથી યુક્ત-હોય છે તે પદાર્થની તે જ ગતિ અને આશ્રય પણ થાય છે - આ ઉચિત જ છે.

'સ્વરની ગતિ શું છે ?' એવો પ્રશ્ન થવાથી (દાલ્ભ્યે) 'प्राण' એમ કહ્યું, કારણ કે સ્વર પ્રાણથી જ નિષ્પન્ન થનારા છે, એટલા માટે સ્વરની ગતિ પ્રાણ છે. 'પ્રાણની ગતિ શું છે ?' એમ પુછવાથી તેમણે કહ્યું 'अन्न' કારણ કે પ્રાણ અન્નના જ આશ્રયે રહેનારા છે, જેમ કે **'અન્ન વિના પ્રાણ સૂકાઈ જાય છે'** (બૃ.ઉપ. ૫-૧૨-૧) આ શ્રુતિથી સિદ્ધ થાય છે તથા **'અન્ન આ (વત્સસ્થાનીય પ્રાણની) દોરી છે'** (બૃ.ઉપ. ૫-૧૨-૧) એવી શ્રુતિ પણ છે. પછી અન્નની ગતિ શું છે ?' એવો પ્રશ્ન થવાથી દાલ્ભ્યે કહ્યું - 'आप' કારણ કે અન્ન આપ-જળથી જ ઉત્પન્ન થનારું છે. ॥ ૪ ॥

अपां का गतिरित्यसौ लोक इति होवाचामुष्य लोकस्य का गतिरिति न स्वर्गं लोकमतिनयेदिति होवाच स्वर्गं वयं लोकꣳ सामाभिसंस्थापयामः स्वर्गसꣳ स्तावꣳहि सामेति ॥ ५ ॥

'જળની ગતિ શું છે ?' એવો પ્રશ્ન થવાથી તેમણે 'તે લોક' એમ કહ્યું. 'તે લોકની ગતિ શું છે ?' આ માટે દાલ્ભ્યે કહ્યું કે સ્વર્ગ લોકનું અતિક્રમણ કરીને સામને કોઈપણ બીજી કોઈના આશ્રયે લઈ શકે નહીં. અમે સામને સ્વર્ગલોકમાં સ્થાપિત કરીએ છીએ, કારણ કે સામની સ્વર્ગ રૂપે સ્તુતિ કરવામાં આવી છે.' ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अपां का गतिरित्यसौ लोक इति होवाच । अमुष्माल्लोकाद् वृष्टिः सम्भवति । अमुष्य लोकस्य का गतिः ? इति पृष्टो दाल्भ्य उवाच । स्वर्गममुं लोकमतीत्याश्रयान्तरं साम न नयेत् कश्चिदिति होवाच । ★ अतो वयमपि स्वर्गं लोकं सामाभिसंस्थापयामः । स्वर्गलोकप्रतिष्ठं साम जानीम इत्यर्थः । स्वर्गसंस्तावं स्वर्गत्वेन संस्तवनं संस्तावो यस्य तत्साम स्वर्गसंस्तावं हि यस्मात् **'स्वर्गो वै लोकः साम वेद'** इति श्रुतिः ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'જળની ગતિ શું છે ?' આ માટે દાલ્ભ્યે 'તે લોક' એમ કહ્યું, કારણ કે તે લોકથી જ વૃષ્ટિ સંભવે છે. 'તે લોકની શું ગતિ છે ?' એમ પુછવાથી દાલ્ભ્યે કહ્યું - 'તે સ્વર્ગલોકનું અતિક્રમણ કરીને કોઈ સામને બીજા આશ્રયમાં લઈ જઈ શકતું નથી.'

એટલે અમે પણ સામને સ્વર્ગ લોકમાં જ સ્થાપિત કરીએ છીએ. અર્થાત્ સામને સ્વર્ગલોકમાં જ પ્રતિષ્ઠિત સમજીએ છીએ, કારણ કે સામ સ્વર્ગસંસ્તાવ અર્થાત્ જેનું સ્વર્ગરૂપથી સંસ્તવન કરવામાં આવ્યું છે, એવો સ્વર્ગસંસ્તાવ છે. **'ચોક્કસ સ્વર્ગલોક સામ છે એમ જાણે છે'** આ શ્રુતિ પણ છે. ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तꣳह शिलकः शालावत्यश्चैकितायनं दाल्भ्यमुवाचाप्रतिष्ठितं वै किल ते दाल्भ्य साम यस्त्वेतर्हि ब्रूयान्मूर्धा ते विपतिष्यतीति मूर्धा ते विपतेदिति ॥ ६ ॥

તે ચિકિતાનપુત્ર દાલ્ભ્યને શાલાવાનના પુત્ર શિલકે કહ્યું - 'હે દાલ્ભ્ય ! તારો સામ ચોક્કસ જ અપ્રતિષ્ઠિત છે. જે આ વખતે કોઈ (સામવેત્તા) આ કહી દે કે 'તારું મસ્તક પૃથ્વી પર પડી જાય' તો નિશ્ચય જ તારું મસ્તક પડી જશે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तमितरः शिलकः शालावत्यश्चैकितायनं दाल्भ्यमुवाच–अप्रतिष्ठितमसंस्थितं परावरीयस्त्वेनासमाप्तगति सामेत्यर्थः । वा इत्यागमं स्मारयति किलेति च दाल्भ्य ते तव साम । यस्त्वसहिष्णुः सामविदेतर्ह्येतस्मिन्काले ब्रूयात्कश्चि-द्विपरीतविज्ञानमप्रतिष्ठितं साम प्रतिष्ठितमिति एवं वादापराधिनं मूर्धा शिरस्ते विपतिष्यति विस्पष्टं पतिष्यतीति । एवमुक्तस्यापराधिनस्तथैव तद्विपतेन्न संशयो न त्वहं ब्रवीमीत्यभिप्रायः । ★ ननु मूर्धपातार्हं चेदपराधं कृतवानतः परेणानुक्तस्यापि पतेन्मूर्धा न चेदपराध्युक्तस्यापि नैव पतति । अन्यथाकृताभ्यागमः कृतनाशश्च स्याताम् । ★ नैष दोषः, कृतस्य कर्मणः शुभाशुभस्य फलप्राप्तेर्देशकालनिमित्तापेक्ष-त्वात् । तत्रैवं सति मूर्धपातनिमित्तस्याप्यज्ञानस्य पराभिव्याहारनिमित्तापेक्षत्वमिति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- તે ચૈકિતાયન દાલ્ભ્યને બીજા શાલાવત્ય શિલકે કહ્યું - 'હે દાલ્ભ્ય ! ચોક્કસ તારો સામ અપ્રતિષ્ઠિત - અસંસ્થિત અર્થાત્ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ રૂપે અસમાપ્ત ગતિવાળો છે.' 'વૈ' અને 'किल' આ નિપાતોથી શ્રુતિ આગમ એટલે ઉપદેશ પરંપરાનું સ્મરણ કરાવે છે કે દાલ્ભ્ય તારો આ સામ છે. જો આ વખતે કોઈ અસહિષ્ણુ સામવેત્તા અપ્રતિષ્ઠિત સામને 'આ પ્રતિષ્ઠિત છે' આવી રીતે કહેવાનો અપરાધ કરનારા તમને વિપરીત વિજ્ઞાનવાનવાળાને કહે કે 'તારું મસ્તક પડી જશે, ચોક્કસ પણે પતિત થઈ જશે' તો આવી રીતે કહેવાથી તારું અપરાધીનું મસ્તક તેવી રીતે પડી જશે - આમાં સંશય નથી. તાત્પર્ય આ છે કે હું તો આવું કહેતો નથી (જો કોઈ અન્ય કહી દેશે તો અવશ્ય એમ જ થશે).

પૂર્વપક્ષી :- જો મસ્તક પડી જવા યોગ્ય અપરાધ કર્યો હોય તો બીજાના ના હોવાથી પણ મસ્તક પડી જ જશે અને જો તે એવો અપરાધી નથી તો બીજાનાં કહેવાથી પણ પડી જશે નહીં, તો કર્યા વગરની પ્રાપ્તિ અને કરેલાનો નાશ આ બંને દોષ પ્રાપ્ત થાય છે.

સિદ્ધાન્તી :- આ દોષ નથી, કારણ કે કરેલાં શુભ અને અશુભ કર્મોના ફળની પ્રાપ્તિ દેશ, કાળ અને નિમિત્તની અપેક્ષાવાળી હોય છે. આવી સ્થિતિમાં મૂર્ધપાતનાં નિમિત્તભૂત જે અજ્ઞાન છે, તે પણ બીજાના કથનરૂપ નિમિત્તની અપેક્ષાવાળું જ છે. ॥ ૬ ॥

एवमुक्तो दाल्भ्य आह – આમ કહેવાથી દાલ્ભ્યે કહ્યું –

हन्ताहमेतद्भगवतो वेदानीति विद्धीति होवाचामुष्य लोकस्य का गतिरित्ययं लोक इति होवाचास्य लोकस्य का गतिरिति न प्रतिष्ठां लोकमतिनयेदिति होवाच प्रतिष्ठां वयं लोकꣳसामाभिसꣳस्थापयामः प्रतिष्ठा-सꣳस्तावꣳहि सामेति ॥ ७ ॥

હું આ વાત શ્રીમાન પાસેથી જાણવા ઇચ્છું છું. આથી (શિલકે) કહ્યું - 'જાણી લો' ત્યારે 'તે લોકની ગતિ શું છે ?' એમ પૂછવાથી તેણે 'આ લોક' એમ કહ્યું. પછી 'આ લોકની ગતિ શું છે ?' એવો પ્રશ્ન થવાથી 'આ પ્રતિષ્ઠિત લોકનું અતિક્રમણ કરીને સામને અન્યત્ર નહીં લઈ જવો જોઈએ.' એમ કહ્યું. અમે પ્રતિષ્ઠિત એવા આ લોકમાં સામને સ્થાપિત કરીએ છીએ. કારણ કે સામનું પ્રતિષ્ઠારૂપે જ સ્તવન કરવામાં આવ્યું છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- हन्ताहमेतद्भगवतो वेदानि यत्प्रतिष्ठं सामेत्युक्तः प्रत्युवाच शालावत्यो विद्धीति होवाच । अमुष्य लोकस्य का गतिरिति पृष्टो दाल्भ्येन शालावत्योऽयं लोक इति होवाच । अयं हि लोको यागदानहोमादिभिरमुं लोकं पुष्यतीति । **'अतः प्रदानं देवा उपजीवन्ति'** इति हि श्रुतयः । प्रत्यक्षं हि सर्वभूतानां धरणी प्रतिष्ठेति । अतः साम्नोऽप्ययं लोकः प्रतिष्ठैवेति युक्तम् । ★ अस्य लोकस्य का गतिः ? इत्युक्त आह शालावत्यः । न प्रतिष्ठामिमं लोकमतीत्य नयेत्साम कश्चित् । अतो वयं प्रतिष्ठां लोकं सामाभिसंस्थापयामः । यस्मात्प्रतिष्ठासंस्तावं हि प्रतिष्ठात्वेन संस्तुतं सामेत्यर्थः । **'इयं वै रथन्तरम्'** इति च श्रुतिः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- 'જેમાં સામ પ્રતિષ્ઠિત છે આ વાત હું શ્રીમાન પાસેથી જાણવા ઇચ્છું છું.' આમ કહેવામાં આવતાં શાલાવત્યે ઉત્તર આપ્યો - 'જાણી લો' 'તે લોકની ગતિ શું છે ?' આવી રીતે દાલ્ભ્યને પૂછવામાં આવતાં શાલાવત્યએ 'આ લોક' એમ કહ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

કારણ કે આ લોક જ યાગ, દાન અને હોમાદિ દ્વારા તે લોકનું પોષણ કરે છે. આ વિષયમાં **'અહીંના દાનના આશ્રયથી દેવગણ જીવિત રહે છે.'** એવી શ્રુતિઓ પણ છે. સમગ્ર પ્રાણીઓની પ્રતિષ્ઠા પૃથ્વી છે - આ પ્રત્યક્ષ જ છે. એટલે સામની પણ આ જ લોક પ્રતિષ્ઠા છે - એમ માનવું ઉચિત છે.

'આ લોકની ગતિ શું છે ?' આવી રીતે પૂછવામાં આવતાં શાલાવત્યે કહ્યું - 'કોઈએ પણ પ્રતિષ્ઠાભૂત આ લોકનું અતિક્રમણ કરીને સામને અન્યત્ર લઈ જવો જોઈએ નહીં, એટલે અમે પ્રતિષ્ઠાભૂત આ લોકમાં જ સામને સર્વ પ્રકારે સ્થાપિત કરીએ છીએ કારણ કે સામ પ્રતિષ્ઠાસંસ્તાવ-પ્રતિષ્ઠારૂપે સ્તુત છે. **'આ (પૃથ્વી) જ રથંતર સામ છે.'** એવી શ્રુતિ પણ છે. ॥ ૭ ॥

तꣳह प्रवाहणो जैवलिरुवाचान्तवद्वै किल ते शालावत्य साम यस्त्वेतर्हि ब्रूयान्मूर्धा ते विपतिष्यतीति मूर्धा ते विपतेदिति हन्ताहमेतद्भगवतो वेदानीति विद्धीति होवाच ॥ ८ ॥

ત્યારે તે જીવલના પુત્ર પ્રવાહણે કહ્યું - 'હે શાલાવત્ય ! ચોક્કસ તમારો સામ અંતવાળો છે. જો કોઈ એમ કહી દે છે કે તમારું મસ્તક પડી જશે તો તમારું મસ્તક પડી જાય.' (શાલાવત્યે કહ્યું) 'હું આપ શ્રીમાન પાસેથી જાણવા ઇચ્છું છું.' આ માટે પ્રવાહણે 'જાણી લો' એમ કહ્યું. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- तमेवमुक्तवन्तं ह प्रवाहणो जैवलिरुवाचान्तवद्वै किल ते शालावत्य सामेत्यादि पूर्ववत् । ततः शालावत्य आह—हन्ताहमेतद्भगवतो वेदानीति विद्धीति होवाच ॥ ८ ॥

આવી રીતે કહેનારા તે શાલાવત્ય પ્રતિ જીવલના પુત્ર પ્રવાહણે 'હે શાલાવત્ય ! તમારો સામ ચોક્કસ અંતવાળો છે' વગેરે પૂર્વવત્ કહ્યું. ત્યારે શાલાવત્યે કહ્યું. 'હું આને આપ શ્રીમાન પાસેથી જાણવા ઇચ્છું છું.' ત્યારે બીજા (પ્રવાહણ) એ કહ્યું - 'જાણી લો.' ॥ ૮ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये अष्टमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ८ ॥
છાંદોગ્યોપનિષદ્માં પ્રથમ અધ્યાયના આઠમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

नवमः खण्डः

इतरोऽनुज्ञात आह — (પ્રવાહણની) અનુમતિ મેળવીને બીજાએ (શિલકે) કહ્યું —

अस्य लोकस्य का गतिरित्याकाश इति होवाच सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्त आकाशं प्रत्यस्तं यन्त्याकाशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायणम् ॥ १ ॥

'આ લોકની ગતિ શું છે ?' પ્રવાહણે કહ્યું - આકાશ, કારણ કે એ સમસ્ત ભૂત આકાશથી જ ઉત્પન્ન થાય છે, આકાશમાં જ લયને પ્રાપ્ત થાય છે અને આનાથી આકાશ જ મોટું છે, એટલે આકાશ જ આનો આશ્રય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अस्य लोकस्य का गतिरिति आकाश इति होवाच प्रवाहणः । आकाश इति च पर आत्मा **'आकाशो वै नाम'** (छा.उप. ८-१४-१) इति श्रुतेः । तस्य हि कर्म सर्वभूतोत्पादकत्वम् । तस्मिन्नेव हि भूतप्रलयः । **'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३), **'तेजः परस्यां देवतायाम्'** (छा.उप. ६-८-६) इति हि वक्ष्यति । ★ सर्वाणि ह वा इमानि भूतानि स्थावरजङ्गमान्याकाशादेव समुत्पद्यन्ते तेजोऽबन्नादिक्रमेण सामर्थ्यात् । आकाशं प्रत्यस्तं यान्ति प्रलयकाले तेनैव विपरीतक्रमेण । हि यस्मादाकाश एवैभ्यः सर्वेभ्यो भूतेभ्यो ज्यायान्महत्तरोऽतः स सर्वेषां भूतानां परमयनं परायणं प्रतिष्ठा त्रिष्वपि कालेष्वित्यर्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'આ લોકની શું ગતિ છે ?' આ માટે પ્રવાહણે કહ્યું, 'આકાશ.' અહીં 'આકાશ' શબ્દથી પરમાત્મા વિવક્ષિત છે. (ભૂતાકાશ નહીં) જેમ કે **'આકાશ જ નામ (અને રૂપનું નિર્વાહ કરનારા છે)'** (બૃ.ઉપ. ૮-૧૪-૧) આ શ્રુતિથી સિદ્ધ થાય છે. સંપૂર્ણ ભૂતોને ઉત્પન્ન કરવા આ તેનું કાર્ય છે અને તેમાં જ ભૂતોનો પ્રલય થાય છે, જેમકે શ્રુતિ **'તેણે તેજની રચના કરી'** (બૃ.ઉપ. ૬-૨-૩)' **'તેજ ઉપરના દેવોમાં લીન થાય છે'** (છા.ઉપ. ૬-૮-૬) વગેરે પ્રકારે આગળ કહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સંપૂર્ણ ચરાચર ભૂત તેજ, જળ અને અન્ન આ ક્રમથી આકાશથી જ ઉત્પન્ન થાય છે અને પ્રલય કાળમાં તે જ વિપરીત ક્રમથી આકાશમાં જ લીન થઈ જાય છે, કારણ કે આકાશ જ આ સમસ્ત ભૂતોથી મોટું છે. એટલે તે જ સમસ્ત ભૂતોના પરાયણ-પરમ આશ્રય અર્થાત્ ત્રણે કાળોમાં તેની પ્રતિષ્ઠા છે. ॥ ૧ ॥

स एष परोवरीयानुद्गीथः स एषोऽनन्तः परोवरीयो हास्य भवति परोवरीयसो ह लोकाञ्जयति य एतदेवं विद्वान्परोवरीयाꣳसमुद्गीथमुपास्ते ॥ २ ॥

તે આ ઉદ્‌ગીથ પરમ ઉત્કૃષ્ટ છે, આ અનંત છે. જે આને આ પ્રકારે જાણનારા વિદ્વાન આ પરમોત્કૃષ્ટ (પરમાત્માભૂત) ઉદ્‌ગીથની ઉપાસના કરે છે તેમનું જીવન પરમોત્કૃષ્ટ થઈ જાય છે અને તે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ લોકોને જીતી લે છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- यस्मात्परं परं वरीयो वरीयसोऽप्येष वरः परश्च वरीयांश्च परोवरीयानुद्गीथः परमात्मा सम्पन्न इत्यर्थः । अत एव स एषोऽनन्तोऽविद्यमानान्तः । ★ तमेतं परोवरीयांसं परमात्मभूतमनन्तमेवं विद्वान्परोवरीयांसमुद्गीथमुपास्ते, तस्यैतत्फलमाह– परोवरीयः परं परं वरीयो विशिष्टतरं जीवनं हास्य विदुषो भवति दृष्टं फलमदृष्टं च परोवरीयस उत्तरोत्तरविशिष्टतरानेव ब्रह्माकाशान्ताँल्लोकाञ्जयति य एतदेवं विद्वानुद्गीथमुपास्ते ॥ २ ॥

શાંકરભાષ્ય :- કારણ કે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ - શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ અર્થાત્ પર અને ઉત્કૃષ્ટ રૂપ આ ઉદ્‌ગીથ જ પરમાત્મ ભાવથી સંપન્ન થાય છે એટલા માટે તે આ ઉદ્‌ગીથ અનંત-જેનો કોઈ અંત નથી - એવું છે.

તે આ ઉપર ઉત્કૃષ્ટ પરમાત્મભૂત અનંત ઉદ્‌ગીથને આવી રીતે જાણનારા જે વિદ્વાન આ પરમોત્કૃષ્ટ ઉદ્‌ગીથની ઉપાસના કરે છે, તેના માટે શ્રુતિ આ ફળ બતાવે છે - જે આને સારી રીતે જાણનારા વિદ્વાન ઉદ્‌ગીથની ઉપાસના કરે છે તે વિદ્વાનને આ ફળ દૃષ્ટ થાય છે કે તે વિદ્વાનનું જીવન ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર થઈ જાય છે તથા અદૃષ્ટ ફળ આ હોય છે કે તે ઉત્તરોત્તર બ્રહ્માકાશ પર્યંત વિશિષ્ટ લોકોને જીતી લે છે. ॥ ૨ ॥

तꣳहैतमतिधन्वा शौनक उदरशाण्डिल्यायोक्त्वोवाच यावत्त एनं प्रजायामुद्गीथं वेदिष्यन्ते परोवरीयो हैभ्यस्तावदस्मिꣳल्लोके जीवनं भविष्यति ॥ ३ ॥

શુનકના પુત્ર અતિધન્વાએ ઉદરશાડિલ્યને કહ્યું - જ્યાં સુધી તારી સંતતિમાંથી (કોઈ પણ) આ ઉદ્‌ગીથને જાણશે ત્યાં સુધી આ લોકમાં તેમનું જીવન ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર થતું જશે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- किं च तमेतमुद्गीथं विद्वानतिधन्वा नामतः शुनकस्यापत्यं शौनक उदरशाण्डिल्याय शिष्यायैतमुद्गीथदर्शनमुक्त्वोवाच । यावत्ते तव प्रजायां प्रजासंततावित्यर्थः । एनमुद्गीथं त्वत्संततिजा वेदिष्यन्ते ज्ञास्यन्ति तावन्तं कालं परोवरीयो हैभ्यः प्रसिद्धेभ्यो लौकिकजीवनेभ्य उत्तरोत्तरविशिष्टतरं जीवनं तेभ्यो भविष्यति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તથા આ ઉદ્‌ગીથને જાણનારા અતિધન્વા નામના શૌનકે - શુનકના પુત્રે પોતાના શિષ્ય ઉદર શાંડિલ્યના પ્રત્યે આ ઉદ્‌ગીથવિદ્યાનું વર્ણન કરીને કહ્યું - 'જ્યાં સુધી તારી પ્રજામાં અર્થાત્ તારી સંતતિમાં તારા ગોત્રજ આ ઉદ્‌ગીથને જાણશે ત્યાં સુધી તેટલા સમય સુધી તેને આ પ્રસિદ્ધ લૌકિક જીવનની અપેક્ષાએ ઉત્તરોત્તર વિશિષ્ઠ જીવન પ્રાપ્ત થશે. ॥ ૩ ॥

तथामुष्मिꣳल्लोके लोक इति । स य एतदेवं विद्वानुपास्ते परोवरीय एव हास्यास्मिँल्लोके जीवनं भवति तथामुष्मिꣳल्लोके लोक इति लोके लोक इति ॥ ४ ॥

તથા પરલોકમાં પણ તેને (ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ) લોકની પ્રાપ્તિ થાય છે. જે આને આ રીતે જાણનારો પુરુષ આની ઉપાસના કરે છે, તેનું જીવન નિશ્ચય જ આ લોકમાં ઉત્કૃષ્ટતર થાય છે. તથા પરલોકમાં પણ તેને (ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર) લોક પ્રાપ્ત થાય છે. પરલોકમાં તેને (ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર) લોક પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तथादृष्टेऽपि परलोकेऽमुष्मिन्परोवरीयाँल्लोको भविष्यतीत्युक्तवाञ्शाण्डिल्यायातिधन्वाशौनकः । स्यादेतत्फलं पूर्वेषां महाभाग्यानां नैदंयुगीनानामित्याशङ्कानिवृत्तय आह–स यः कश्चिदेतदेवं विद्वानुद्गीथमेतर्ह्युपास्ते तस्याप्येवमेव परोवरीय एव हास्यास्मिँल्लोके जीवनं भवति तथामुस्मिँल्लोके लोक इति लोके लोक इति ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- 'તથા અદૃષ્ટ પરલોકમાં પણ તેને ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ લોકની જ પ્રાપ્તિ થશે' એવું શુકનપુત્ર અતિધન્વાએ શાંડિલ્યના પ્રત્યે કહ્યું. 'આ ફળ પૂર્વકાલિક પરમ ભાગ્યશાળી પુરુષોને પ્રાપ્ત થતું હશે, વર્તમાન યુગના પુરુષોને થઈ શકતું નથી' એવી આશંકાની નિવૃત્તિને માટે શ્રુતિ કહે છે - આ વખતે પણ તેને આ પ્રકારે જાણનારા જે કોઈ પુરુષ ઉદ્‌ગીથની ઉપાસના કરે છે તેનું પણ આ લોકમાં તેવી રીતે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર જ જીવન થાય છે તથા પરલોકમાં પણ તેને ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ લોકની જ પ્રાપ્તિ થાય છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये नवमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ९ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પ્રથમ અધ્યાયના નવમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

दशमः खण्डः

शाङ्करभाष्यम् :- उद्गीथोपासनप्रसङ्गेन प्रतिहारविषयमप्युपासनं वक्तव्यमितीदमारभ्यते । आख्यायिका तु सुखावबोधार्था ।

શાંકરભાષ્ય :- ઉદ્‌ગીથોપાસનાના પ્રસંગથી અહીં પ્રસ્તાવ તેમજ પ્રતિહાર વિષયક ઉપાસના પણ બતાવવી જોઈએ, એટલા માટે આગળના ગ્રંથનો આરંભ કરવામાં આવે છે. અહીં જે આખ્યાયિકા છે, તે સરળતાથી સમજવા માટે છે.

मटचीहतेषु कुरुष्वाटिक्या सह जाययोषस्तिर्ह चाक्रायण इभ्यग्रामे पद्राणक उवास ॥ १ ॥

બરફના કરા અને પથ્થર પડવાથી હણાઈ ગયેલા કુરુદેશમાં ઈભ્ય ગામના અંદર 'આટિકી' (જેના સ્તનાદિ સ્ત્રીજનોચિત ચિહ્ન પ્રગટ થયા નથી એવી) પત્નીની સાથે ચક્રના પુત્ર ઉપસ્તિ દુર્ગતિની અવસ્થામાં રહેતાં હતાં. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- मटचीहतेषु मटच्योऽशनयस्ताभिर्हतेषु नासितेषु कुरुषु कुरूसस्येष्वित्यर्थः । ततो दुर्भिक्षे जात आटिक्यानुपजातपयोधरादिस्त्रीव्यञ्जनया सह जाययोषस्तिर्ह नामतश्चक्रस्यापत्यं चाक्रायणः । इभो हस्ती तमर्हतीतीभ्य ईश्वरो हस्त्यारोहो वा, तस्य ग्राम इभ्यग्रामस्तस्मिन्प्रद्राणकोऽन्नालाभात् । द्रा कुत्सायां गतौ । कुत्सितां गतिं गतोऽन्त्यावस्थां प्राप्त इत्यर्थः । उवासोषितवान् कस्यचिद्गृहमाश्रित्य ॥ १ ॥

શાંકરભાષ્ય :- (કુરુઓના) મરચીહત હોવાથી મટચી કરા અને પથ્થરને કહે છે, તેનાથી કુરુદેશના અર્થાત્ કુરુદેશની ખેતીના હત-નષ્ટ થઈ જવાથી તથા તેના કારણે દુર્ભિક્ષ થઈ જવાથી આટિકી અર્થાત્ એટલે જેના સ્તનાદિ સ્ત્રીજનોચિત ચિહ્ન પ્રગટ થયા નથી એવી સ્ત્રીની સાથે ઉષસ્તિ નામના ચાકાયણ - ચક્રના પુત્ર ઈભ્ય ગ્રામમાં - ઈભ હાથીને કહે છે, તેની પાત્રતા રાખનારા વ્યક્તિ ઈભ્ય - ધનવાન અથવા હાથીવાન - કહેવાય છે, તેના ગ્રામને ઈભ્ય ગ્રામ કહે છે, તેમાં અન્ન પ્રાપ્ત ન થવાને કારણે પ્રદ્રાણક થયા. 'દ્રા' ધાતુનો પ્રયોગ કુત્સિત ગતિના અર્થમાં થાય છે, એટલે કુત્સિત ગતિ એટલે દુરવસ્થાને પ્રાપ્ત થઈ કોઈના ઘરનો આશ્રય લઈને નિવાસ કરતા હતાં. ॥ ૧ ॥

स हेभ्यं कुल्माषान्खादन्तं बिभिक्षे तꣳहोवाच । नेतोऽन्ये विद्यन्ते यच्च ये म इम उपनिहिता इति ॥ २ ॥

તેણે ભુંજેલા અડદ ખાનારા એક મહાવત પાસે યાચના કરી. ત્યારે તેણે તેને કહ્યું - મારી પાસે બીજું કંઈ નથી. જે કાંઈ હતાં તે સર્વે મેં (મારા ભોજનપાત્રમાં) રાખી લીધા છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- सोऽन्नार्थमटन्निभ्यं कुल्माषान्कुत्सितान्माषान्खादन्तं भक्षयन्तं यदृच्छयोपलभ्य बिभिक्षे याचितवान् । तमुषस्तिं होवाचेभ्यः । नेतोऽस्मान्मया भक्ष्यमाणादुच्छिष्टराशेः कुल्माषा अन्ये न विद्यन्ते । यच्च ये राशौ मे ममोपनिहिताः प्रक्षिप्ता इमे भाजने किं करोमि ? ॥ २ ॥

શાંકરભાષ્ય :- અન્નને માટે ફરતાં ફરતાં તેમણે અકસ્માત્ એક હાથીવાળાને ભુંજેલા અડદ ખાતાં જોઈને તેની યાચના કરી. તે ઉપસ્તિને હાથીવાળાએ કહ્યું – 'મારા દ્વારા ખવાતા આ જૂઠા (એંઠા) અડદોના સમૂહ સિવાય મારી પાસે વધારે અડદ નથી. જે એકત્રિત હતાં તે સર્વે મારા આ પાત્રમાં ભરી દેવામાં આવ્યા છે, હવે હું શું કરું ?' ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

इत्युक्तः प्रत्युवाचोषस्तिः – એમ કહેવામાં આવતાં ઉષસ્તિએ ઉત્તર આપ્યો –

एतेषां मे देहीति होवाच तानस्मै प्रददौ हन्तानुपानमित्युच्छिष्टं वै मे पीतꣳस्यादिति होवाच ॥ ३ ॥

'તું મને આ આપી દે' - એમ ઉષસ્તિએ કહ્યું. ત્યારે મહાવતે તે અડદ તેને આપી દીધાં અને કહ્યું 'આ અનુપાન પણ લો.' આ માટે તે બોલ્યા - 'આને લેવાથી મારા દ્વારા નિશ્ચય જ ઉચ્છિષ્ટ પાણી પીવામાં આવશે.' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एतेषामेतानित्यर्थः, मे मह्यं देहीति होवाच । तान्स इभ्योऽस्मां उषस्तये प्रददौ प्रदत्तवान् । अनुपानाय समीपस्थमुदकं हन्त गृहाणानुपानमित्युक्तः प्रत्युवाच–उच्छिष्टं वै मे ममेदमुदकं पीतं स्याद्यदि पास्यामि ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'एतेषाम्' આ (ષષ્ઠયન્ત પદ)નો અર્થ 'एतान्' (આને) છે. અર્થાત્ 'તુ મને આ અડદ જ આપ' એમ ઉષસ્તિને કહ્યું. ત્યારે તે મહાવતે ઉષસ્તિને તે અડદ આપી દીધા તથા પીવાને માટે પાસે રાખેલું પાણી લઈને બોલ્યો - 'ભાઈ ! અનુપાન પણ લઈ લો.' એમ કહેવામાં આવતાં ઉષસ્તિએ કહ્યું - 'પણ જો હું આ પાણીને પીશ તો ચોક્કસ જ મારા દ્વારા આ ઉચ્છિષ્ટ પાણી પીવામાં આવશે (અર્થાત્ મને ઉચ્છિષ્ટ પાણી પીવાનો દોષ લાગશે).' ॥ ૩ ॥

इत्युक्तवन्तं प्रत्युवाचेतरः – આવી રીતે કહેનારા તે ઉષસ્તિને બીજાએ (મહાવતે) કહ્યું –

न स्विदेतेऽप्युच्छिष्टा इति न वा अजीविष्यमिमानखादन्निति होवाच कामो म उदकपानमिति ॥ ४ ॥

'શું આ (અડદ) પણ ઉચ્છિષ્ટ નથી ?' તેણે કહ્યું – 'આને ખાધા વગર તો હું જીવિત રહી શકતો નથી. જળપાન તો મને યથેચ્છ માત્રામાં મળે છે.' ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- किं न स्विदेते कुल्माषा अप्युच्छिष्टा इत्युक्त आहोषस्तिर्न वा अजीविष्यं न जीविष्यामीमान्कुल्माषान-खादन्नभक्षयन्निति होवाच । काम इच्छातो मे ममोदकपानं लभ्यत इत्यर्थः । ★ अतश्चैतामवस्थां प्राप्तस्य विद्याधर्मयशोवतः स्वात्मपरोपकारसमर्थस्यैतदपि कर्म कुर्वतो नागःस्पर्श इत्यभिप्रायः । तस्यापि जीवितं प्रत्युपायान्तरेऽजुगुप्सिते सति जुगुप्सितमेतत्कर्म दोषाय । ज्ञानावलेपेन कुर्वतो नरकपातः स्यादेवेत्यभिप्रायः, प्रद्राणकशब्दश्रवणात् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'શું એ અડદ પણ ઉચ્છિષ્ટ નથી ?' એમ કહેવામાં આવતાં ઉષસ્તિએ કહ્યું - 'આ અડદોને ખાધા વિના-ભક્ષણ કર્યા વિના તો હું જીવિત રહી શકતો નથી. જળપાન તો મને ઇચ્છાનુસાર મળી જાય છે.

એટલે આનો આ અભિપ્રાય છે કે આ અવસ્થાને પ્રાપ્ત થયેલા, વિદ્યા, ધર્મ અને યશથી સંપન્ન તથા પોતાના અને બીજાના ઉપકારમાં સમર્થ પુરુષને એવાં કર્મ કરતાં કરતાં પણ પાપનો સ્પર્શ થઈ શકતો નથી. તેના પણ જીવનનો જો કોઈ બીજો અનિંદ્ય ઉપાય હોય તો આ નિંદનીય કર્મ દોષના માટે જ થાય. જ્ઞાનાભિમાનવશ એવું કર્મ કરનારા પુરુષનું પણ નરકમાં પતન થશે જ - આ આનો અભિપ્રાય છે, કારણકે શ્રુતિમાં 'પ્રદ્રાણક' શબ્દનો પ્રયોગ છે. ॥ ૪ ॥

स ह खादित्वातिशेषाञ्जायाया आजहार साग्र एव सुभिक्षा बभूव तान्प्रतिगृह्य निदधौ ॥ ५ ॥

તેને ખાઈને તે બચેલા અડદોને પોતાની પત્નીને માટે લઈ આવ્યા. તે પહેલાં જ ખૂબ ભિક્ષા પ્રાપ્ત કરી ચૂકી હતી. એટલે તેણે તેને લઈને રાખી લીધા. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- तांश्च स खादित्वातिशेषानतिशिष्टाञ्जायायै कारुण्यादाजहार । साटिक्यग्र एव कुल्माषप्राप्तेः सुभिक्षा शोभनभिक्षा लब्धात्रेत्येतद्बभूव संवृत्ता । तथापि स्त्रीस्वाभाव्यादनवज्ञाय तान्कुल्माषान्पत्युर्हस्तात्प्रतिगृह्य निदधौ निक्षिप्तवती ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તેને ખાઈને તે બચેલા અડદોને કરુણાવશ પોતાની પત્નીને માટે લઈ આવ્યા. તે આટિકી અડદોના મળતાં પહેલાં જ સુભિક્ષા-શોભન ભિક્ષા લઈ ચૂકી હતી. તો પણ સ્ત્રીસ્વભાવવશ, (પતિના આપેલાં) તે અડદોની અવહેલના ના કરીને તેને પતિના હાથમાંથી લઈને રાખી લીધાં. ॥ ૫ ॥

स ह प्रातः संजिहान उवाच यद्बतान्नस्य लभेमहि लभेमहि धनमात्राꣳ राजासौ यक्ष्यते स मा सर्वैरार्त्विज्यैर्वृणीतेति ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તેણે પ્રાતઃ કાળે શય્યા ત્યાગ કરીને પછી કહ્યું - 'જો અમને કંઈ અન્ન (કદાચ) મળી જાય તો અમે કંઈક ધન પ્રાપ્ત કરી લઈશું કારણ કે તે રાજા યજ્ઞ કરશે, તે સમગ્ર ઋત્વિક્ કર્મોને માટે મારું વરણ કરી લેશે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- स तस्याः कर्म जानन्प्रातरुषःकाले संजिहानः शयनं निद्रां वा परित्यजन्नुवाच पत्न्याः शृण्वन्त्याः, यद्यदि बतेतिखिद्यमानोऽन्नस्य स्तोकं लभेमहि तद्भुक्त्वान्नं समर्थो गत्वा लभेमहि धनमात्रां धनस्याल्पम् । ततोऽस्माकं जीवनं भविष्यतीति । ★ धनलाभे च कारणमाह—राजासौ नाति दूरे स्थाने यक्ष्यते । यजमानत्वात्तस्यात्मनेपदम् । स च राजा मा मां पात्रमुपलभ्य सर्वैरार्त्विज्यैर्ऋत्विक्कर्मभिर्ऋत्विक्कर्मप्रयोजनायेत्यर्थो वृणीतेति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- તે પોતાની પત્નીના તે કાર્યને (કે જે તેણે અડદને બચાવીને રાખ્યા હતાં) જાણતાં હતાં, એટલે સવારે - ઉષઃકાળે શય્યા અથવા નિંદ્રાનો ત્યાગ કરીને પણ તેણે પોતાની પત્નીને સંભળાવતાં બોલ્યા - 'જો (ભૂખથી) ખિન્ન થતાં અમને થોડું અન્ન મળી જાય - અહીં 'बत' અહીં અવ્યયનું તાત્પર્ય છે. 'ખિન્ન થતાં થતાં' - તો તે અન્નને ખાઈને સામર્થ્યવાન બની (થોડે દૂર) જઈને અમે ધનની માત્રા અર્થાત્ થોડું ધન પ્રાપ્ત કરી લઈશું અને તેનાથી અમારું જીવન નિર્વાહ થઈ જશે.

ધનલાભમાં કારણ બતાવે છે - અહીંથી થોડે જ દૂર તે રાજા યજ્ઞ કરશે. યજમાન હોવાને કારણે તેના માટે 'यक्ष्यते' આવો આત્મનેપદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તે રાજા મને સુપાત્ર સમજીને સમગ્ર આર્ત્વિજ્યો - ઋત્વિક્ કર્મો કરાવવાનાં પ્રયોજન માટે મારું વરણ કરી લેશે. ॥ ૬ ॥

तं जायोवाच हन्त पत इम एव कुल्माषा इति तान्खादित्वामुं यज्ञं विततमेयाय ॥ ७ ॥

તેનાથી તેની પત્નીએ કહ્યું - 'સ્વામિન્ ! (તમે આપેલાં) તે અડદ જ આ હાજર છે, (આને લો).' ઉષસ્તિ તેને ખાઈને ઋત્વિજો દ્વારા વિસ્તારપૂર્વક કરવામાં આવેલાં તે યજ્ઞમાં ગયા. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- एवमुक्तवन्तं जायोवाच—हन्त गृहाण हे पत इम एव ये मद्धस्ते विनिक्षिप्तास्त्वया कुल्माषा इति । तान्खादित्वामुं यज्ञं राज्ञो विततं विस्तारितमृत्विग्भिरेयाय ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે કહેનારા ઉષસ્તિને તેની પત્નીને કહ્યું - 'હે સ્વામિન્ ! આપ આ અડદોને જ લો જેને આપે મારા હાથમાં આપ્યા હતાં' ઉષસ્તિ તેને ખાઈને રાજાના તે વિતત - ઋત્વિજો દ્વારા વિસ્તારપૂર્વક સંપાદિત થનારા યજ્ઞમાં ગયા. ॥ ૭ ॥

तत्रोद्गातृनास्तावे स्तोष्यमाणानुपोपविवेश स ह प्रस्तोतारमुवाच ॥ ८ ॥

ત્યાં (જઈને તે) આસ્તાવ(સ્તુતિ)ના સ્થાનમાં સ્તુતિ કરતાં કરતાં ઉદ્ગાતાની પાસે બેસી ગયા અને તેમણે પ્રસ્તોતાને કહ્યું. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- तत्र च गत्वोद्गातृनुद्गातृपुरुषानागत्य स्तुवन्त्यस्मिन्नित्यास्तावस्तस्मिन्नास्तावे स्तोष्यमाणानुपोपविवेश समीप उपविष्टस्तेषामित्यर्थः । उपविश्य स ह प्रस्तोतारमुवाच ॥ ८ ॥

શાંકરભાષ્ય :- અને ત્યાં જઈને તે ઉદ્ગાતા લોકોની પાસે આવીને આસ્તાવમાં - જે સ્થાનમાં (પ્રસ્તોતાગણ) સ્તુતિ કરે છે, તેને આસ્તાવ કહે છે, તેમાં - સ્તુતિ કરતાં કરતાં ઉદ્ગાતાઓની પાસે બેસી ગયા. તથા ત્યાં બેસીને તેણે પ્રસ્તોતાને કહ્યું. ॥ ૮ ॥

प्रस्तोतर्या देवता प्रस्तावमन्वायत्ता तां चेदविद्वान्प्रस्तोष्यसि मूर्धा ते विपतिष्यतीति ॥ ९ ॥

'હે પ્રસ્તોતા ! જે દેવ પ્રસ્તાવ-ભક્તિમાં અનુગત છે જો તું તેને જાણ્યા વિના પ્રસ્તવન કરીશ તો તારું મસ્તક પડી જશે. ॥ ૯ ॥

शाङ्करभाष्यम् :- हे प्रस्तोतरित्यामन्त्र्याभिमुखीकरणाय । या देवता प्रस्तावं प्रस्तावभक्तिमनुगतान्वायत्ता तां चेद्देवतां प्रस्तावभक्तेरविद्वान्सन् प्रस्तोष्यसि विदुषो मम समीपे । तत्परोक्षेऽपि चेद्विपतेत्तस्य मूर्धा कर्ममात्रविदामनधिकार एव कर्मणि स्यात् । तच्चानिष्टम्, अविदुषामपि कर्मदर्शनात्, दक्षिणमार्गश्रुतेश्च । अनधिकारे चाविदुषामुत्तर एवैको मार्गः श्रूयेत । च स्मार्तकर्मनिमित्त एव दक्षिणः पन्थाः, **'यज्ञेन दानेन'** इत्यादिश्रुतेः । **'तथोक्तस्य मया'** इति च विशेषणाद्विद्वत्समक्षमेव कर्मण्यनधिकारो न

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सर्वत्राग्निहोत्रस्मार्तकर्माध्ययनाधिषु च, अनुज्ञायास्तत्र तत्र दर्शनात् । कर्ममात्रविदामप्यधिकारः सिद्धः कर्मणीति । मूर्धा ते विपतिष्यतीति ॥ ९ ॥

શાંકરભાષ્ય :- 'હે પ્રસ્તોતા ! આવી રીતે પોતાની બાજુ લક્ષ્ય કરાવવાને માટે સંબોધન કરીને (તે બોલ્યા) 'જે દેવ પ્રસ્તાવમાં - પ્રસ્તાવભક્તિમાં અન્વાયત્ત એટલે અનુગત છે, જો તે પ્રસ્તાવ ભક્તિના દેવને જાણ્યા વિના જ તું તેમના, તેને જાણનાર મારા સમીપ, પ્રસ્તવન કરશે તો તારું મસ્તક પડી જશે.' જો આ માનવામાં આવે કે દેવ - જ્ઞાનીઓના પરોક્ષમાં પણ મસ્તક પડી જશે તો કેવળ કર્મનું જ જ્ઞાન રાખનારાઓનો કર્મમાં અનધિકાર જ સિદ્ધ થશે. અને આ વાત માનવા લાયક નથી, કારણ કે કર્મ તો અવિદ્વાનોને પણ કરતાં જોવામાં આવે છે અને દક્ષિણ માર્ગનું પ્રતિપાદન કરનારી શ્રુતિથી પણ આ જ સિદ્ધ થાય છે. અને જો તેનો અધિકાર ન હોત તો શ્રુતિમાં એક માત્ર ઉત્તરમાર્ગનું જ પ્રતિપાદન કરવામાં આવ્યું હોત, કારણ કે દક્ષિણમાર્ગ કેવળ સ્માર્ત કર્મના જ કારણે પ્રાપ્ત થનાર નથી, જેમ કે **'યજ્ઞથી દાનથી'** વગેરે શ્રુતિથી પણ સિદ્ધ થાય છે. તથા 'મારા દ્વારા આ પ્રકારે કરેલાં' આ વાક્ય દ્વારા વિશેષ રૂપે નિરૂપણ કરવાને કારણે પણ વિદ્વાનના સામે જ તેને કર્મનો અધિકાર નથી. અગ્નિહોત્ર, સ્માર્ત કર્મ અને અધ્યયનાદિ સમગ્ર કર્મોમાં એવો નિયમ નથી, કારણ કે જ્યાં - ત્યાં (અવિદ્વાનને માટે પણ) કર્માનુષ્ઠાનની આજ્ઞા જોવામાં આવે છે. એટલે આ સિદ્ધ થયું કે કેવળ કર્મમાત્રનું જ્ઞાન રાખનારાનો પણ કર્મમાં અધિકાર છે. તારું માથું પડી જશે. ॥ ૯ ॥

एवमेवोद्गातारमुवाचोद्गातर्या देवतोद्गीथमन्वायत्ता तां चेदविद्वानुद्गास्यसि मूर्धा ते विपतिष्यतीति ॥ १० ॥

આવી રીતે તેણે ઉદ્‌ગાતાને પણ કહ્યું - 'હે ઉદ્‌ગાતા ! જે દેવ ઉદ્‌ગીથમાં અનુગત છે જો તું તેને જાણ્યા વિના ઉદ્‌ગાન કરીશ તો તારું મસ્તક પડી જશે.' ॥ ૧૦ ॥

एवमेव प्रतिहर्तारमुवाच प्रतिहर्तर्या देवता प्रतिहारमन्वायत्ता तां चेदविद्वान्प्रतिहरिष्यसि मूर्धा ते विपतिष्यतीति ते ह समारतास्तूष्णीमासांचक्रिरे ॥ ११ ॥

આવી રીતે પ્રતિહર્તાને પણ કહ્યું - 'હે પ્રતિહર્ત ! જે દેવ પ્રતિહારમાં અનુગત છે જો તું તેને જાણ્યા વિના પ્રતિહરણ કરીશ તો તારું મસ્તક પડી જશે.' ત્યારે તે પ્રસ્તોતા વગેરે પોતપોતાના કર્મોથી ઉપરત થઈ મૌન થઈને બેસી ગયા. ॥ ૧૧ ॥

शाङ्करभाष्यम् :- एवमेवोद्गातारं प्रतिहर्तारमुवाचेत्यादि समानमन्यत् । ते प्रस्तोत्रादयः कर्मभ्यः समारता उपरताः सन्तो मूर्धपातभयात्तूष्णीमासांचक्रिरेऽन्यच्चाकुर्वन्तः, अर्थित्वात् ॥ १०-११ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે ઉદ્‌ગાતાને તથા પ્રતિહર્તાને કહ્યું - વગેરે શેષ અર્થ પૂર્વવત્ છે. ત્યારે તે પ્રસ્તોતા વગેરે કર્મથી સમારત અર્થાત્ ઉપરત થઈને મસ્તક પડી જવાના ભયથી ચૂપ થઈને બેસી ગયા અને અર્થી (ધનપ્રાપ્ત કરનાર) હોવાને કારણે તેમણે બીજું કંઈ કર્યું નહીં. ॥ ૧૦-૧૧ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये दशमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १० ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પ્રથમ અધ્યાયના દશમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकादशः खण्डः

अथ हैनं यजमान उवाच भगवन्तं वा अहं विविदिषाणीत्युषस्तिरस्मि चाक्रायण इति होवाच ॥ १ ॥

હવે તેને યજમાને કહ્યું - 'હું આપ પૂજ્ય-ચરણને જાણવા ઇચ્છું છું.' તેણે કહ્યું - 'હું ચક્રનો પુત્ર ઉષસ્તિ છું.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरं हैनमुषस्तिं यजमानो राजोवाच । भगवन्तं वै पूजावन्तमहं विविदिषाणि वेदितुमिच्छामीत्युक्त उषस्तिरस्मि चाक्रायणस्तवापि श्रोत्रपथमागतो यदीति होवाचोक्तवान् ॥ १ ॥

શાંકરભાષ્ય :- તે પછી તે ઉષસ્તિને યજમાન રાજાએ કહ્યું - 'હું ભગવાનને પૂજનીયને જાણવા ઇચ્છું છું. એમ કહેવામાં આવતાં તેમણે કહ્યું - 'જો તમે સાંભળ્યું હોય તો હું ચક્રનો પુત્ર ઉષસ્તિ છું.' ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स होवाच भगवन्तं वा अहमेभिः सर्वैरार्त्विज्यैः पर्यैषिषं भगवतो वा अहमवित्त्यान्यानवृषि ॥ २ ॥

તેણે કહ્યું, 'મેં આ સર્વ ઋત્વિક્ કર્મોને માટે શ્રીમાનને શોધ્યા હતાં. શ્રીમાનના ન મળવાથી મેં બીજા ઋત્વિજોનું વરણ કર્યું હતું. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स ह यजमान उवाच—सत्यमेवमहं भगवन्तं बहुगुणमश्रौषं सर्वैश्च ऋत्विक्कर्मभिरार्त्विज्यैः पर्यैषिषं पर्येषणं कृतवानस्मि । अन्विष्य भगवतो वा अहमवित्त्यालाभेनान्यानिमानवृषि वृतवानस्मि ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે યજમાને કહ્યું - 'આ બરાબર જ છે, મેં શ્રીમાનને બહુ ગુણવાન સાંભળ્યા છે. મેં સંપૂર્ણ ઋત્વિક કર્મોને માટે આપની શોધ કરી હતી. શોધતાં શોધતાં શ્રીમાનના ન મળવાથી જ મેં આ બીજા ઋત્વિજોનું વરણ કર્યું છે. ॥ ૨ ॥

भगवाꣳस्त्वेव मे सर्वैरार्त्विज्यैरिति तथेत्यथ तर्ह्येत एव समतिसृष्टाः स्तुवतां यावत्त्वेभ्यो धनं दद्यास्तावन्मम दद्या इति तथेति ह यजमान उवाच ॥ ३ ॥

'મારાં સર્વે ઋત્વિક્ કર્મોને માટે શ્રીમાન જ રહે' - એમ સાંભળીને ઉષસ્તિએ 'બરાબર છે' એમ કહ્યું. (અને બોલ્યા) 'અચ્છા તો મારા દ્વારા પ્રસન્નતાથી આજ્ઞા આપવામાં આવેલાં એ લોકો સ્તુતિ કરે, અને તમે જેટલું ધન તેઓને આપો એટલું ધન મને આપજો.' ત્યારે યજમાને 'એવું જ થશે' એમ કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अद्यापि भगवांस्त्वेव मे मम सर्वैरार्त्विज्यैर्ऋत्विक्कर्मार्थमस्त्वित्युक्तस्तथेत्याहोषस्तिः । किं त्वथैवं तर्ह्येत एव त्वया पूर्वं वृता मया समतिसृष्टा मया सम्यक्प्रसन्नेनानुज्ञाताः सन्तः स्तुवताम् । त्वया त्वेतत्कार्यम्, यावत्त्वेभ्यः प्रस्तोत्रादिभ्यः सर्वेभ्यो धनं दद्याः प्रयच्छसि तावन्मम दद्याः । इत्युक्तस्तथेति ह यजमान उवाच ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'હજી પણ શ્રીમાન જ મારા સંપૂર્ણ ઋત્વિક્ કર્મોને માટે રહો,' એમ કહેવામાં આવતાં ઉષસ્તિએ કહ્યું - 'બરાબર, પરંતુ તમે પહેલાં જેનું વરણ કરી લીધું છે તે જ ઋત્વિક્ ગણ મારા દ્વારા સમતિસૃષ્ટ થાવ - પ્રસન્નતાથી આજ્ઞા પ્રાપ્ત કરીને સ્તવન કરો. તમારે તો આમ કરવું પડશે કે જેટલું ધન તમે આ સંપૂર્ણ પ્રસ્તોતા વગેરેને આપો તેટલું મને આપજો.' એમ કહેવામાં આવતાં યજમાને 'એમ જ થશે.' આ કહ્યું ॥ ૩ ॥

अथ हैनं प्रस्तोतोपससाद प्रस्तोतर्या देवता प्रस्तावमन्वायत्ता तां चेदविद्वान्प्रस्तोष्यसि मूर्धा ते विपतिष्यतीति मा भगवानवोचत्कतमा सा देवतेति ॥ ४ ॥

તે પછી તે(ઉષસ્તિ)ની પાસે (શિષ્યભાવથી) પ્રસ્તોતા આવ્યા (અને બોલ્યા) 'ભગવન્ ! આપે મને જે કહ્યું હતું કે હે પ્રસ્તોતા ! જે દેવ પ્રસ્તાવમાં અનુગત છે જો તું તેને જાણ્યા વિના પ્રસ્તવન કરશે તો તારું માથું પડી જશે - તો તે દેવ કોણ છે ?' ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथ हैनमौषस्त्यं वचः श्रुत्वा प्रस्तोतोपससादोषस्तिं विनयेनोपजगाम । प्रस्तोतर्या देवतेत्यादि मा मां भगवानवोचत्पूर्वम्, कतमा सा देवता ? या प्रस्तावभक्तिमन्वायत्तेति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે પછી ઉષસ્તિનું આ વચન સાંભળીને પ્રસ્તોતા ઉષસ્તિ ઉપસન્ન થયા - વિનીત ભાવથી ઉષસ્તિની સમીપ આવ્યા (અને બોલ્યા) - 'શ્રીમાને જે પહેલાં 'હે પ્રસ્તોતા ! જે દેવ પ્રસ્તાવમાં અનુગત છે.' વગેરે વાક્ય મને કહ્યું હતું તો તે દેવ કોણ છે, જે કે પ્રસ્તાવભક્તિમાં અનુગત છે ?' ॥ ૪ ॥

प्राण इति होवाच सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते । सैषा देवता प्रस्तावमन्वायत्ता । तां चेदविद्वान्प्रास्तोष्यो मूर्धा ते व्यपतिष्यत्तथोक्तस्य मयेति ॥ ५ ॥

તે (ઉષસ્તિ)એ 'તે (દેવતા) પ્રાણ છે' એમ કહ્યું - 'કારણ કે આ સર્વ ભૂત પ્રાણમાં જ પ્રવેશે છે અને પ્રાણથી જ ઉત્પન્ન થાય છે. તે આ પ્રાણ દેવ જ પ્રસ્તાવમાં અનુગત છે, જો તું તેને જાણ્યા વિના જ પ્રસ્તવન કરત તો મેં જે કહ્યું છે તેમ તારું મસ્તક પડી જા.' ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- पृष्टः प्राण इति होवाच । युक्तं प्रस्तावस्य प्राणो देवतेति । कथम् ? सर्वाणि स्थावरजङ्गमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्रलयकाले प्राणमभि लक्षयित्वा प्राणात्मनैव, उज्जिहते प्राणादेवोद्गच्छन्तीत्यर्थ उत्पत्तिकाले । अतः सैषा देवता प्रस्तावमन्वायत्ता । ★ तां चेदविद्वांस्त्वं प्रास्तोष्यः प्रस्तवनं प्रस्तावभक्तिं कृतवानसि यदि मूर्धा शिरस्ते व्यपतिष्यद्विपतितमभविष्यत्तथोक्तस्य मया तत्काले मूर्धा ते विपतिष्यतीति । अतस्त्वया साधु कृतम्, मया निषिद्धः कर्मणो यदुपरममकार्षीरित्यभिप्रायः ॥ ५ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે પૂછવામાં આવતાં તેણે 'તે દેવ પ્રાણ છે' એમ કહ્યું. પ્રાણ પ્રસ્તાવના દેવ છે - એ યોગ્ય છે. કેવી રીતે ? કારણ કે સંપૂર્ણ સ્થાવર-જંગમ પ્રાણી પ્રલયકાળમાં પ્રાણમાં જ પ્રવેશ કરે છે, અર્થાત્ પ્રાણની તરફ લક્ષ્ય કરીને પ્રાણ રૂપથી જ (તેમાં રહે છે) અને ઉત્પત્તિ કાળમાં તેમાંથી ઉદ્ગત થાય છે અર્થાત્ તે પ્રાણથી જ ઉત્પન્ન થાય છે. એટલે તે આ (પ્રાણ) દેવ પ્રસ્તાવમાં અનુગત છે.

તું જો તેને જાણ્યા વિના જ પ્રસ્તવન-પ્રસ્તાવભક્તિ કરત તો તારું મૂર્ધ્ના એટલે કે મસ્તક પડી જાત અર્થાત્ તે સમયે મારા દ્વારા કહેવાયું છે તેમ 'તારું મસ્તક પડી જશે' તારું મસ્તક અવશ્ય પડી જાત. એટલે અભિપ્રાય આ છે કે તેં જે મારા દ્વારા નિષેધ કરવાથી કર્મથી ઉપરામ થયો તે સારું જ કર્યું છે. ॥ ૫ ॥

अथ हैनमुद्गातोपससादोद्गातर्या देवतोद्गीथमन्वायत्ता तां चेदविद्वानुद्गास्यसि मूर्धा ते विपतिष्यतीति मा भगवानवोचत्कतमा सा देवतेति ॥ ६ ॥

તે પછી તેની પાસે ઉદ્ગાતા આવ્યા (અને બોલ્યા) - 'ભગવન્ ! તમે મને જે કહ્યું હતું કે હે ઉદ્ગાતા ! જે દેવ ઉદ્ગીથમાં અનુગત છે જો તેને જાણ્યા વિના જ તું ઉદ્ગાન કરીશ તો તારું મસ્તક પડી જશે - તો તે દેવ કોણ છે ?' ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तथोद्गाता पप्रच्छ कतमा सोद्गीथभक्तिमनुगतान्वायत्ता देवता ? इति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે તેને ઉદ્ગાતાએ પણ પૂછ્યું છે તે ઉદ્ગીથભક્તિમાં અનુગત કોણ હોય છે ? ॥ ૬ ॥

आदित्य इति होवाच सर्वाणि ह वा इमानि भूतान्यादित्यमुच्चैः सन्तं गायन्ति सैषा देवतोद्गीथमन्वायत्ता तां चेदविद्वानुदगास्यो मूर्धा ते व्यपतिष्यत्तथोक्तस्य मयेति ॥ ७ ॥

(ઉષસ્તિએ) 'તે (દેવ) આદિત્ય છે' એમ કહ્યું, કારણ કે એ સર્વે ભૂત ઊંચે ઊઠેલા આદિત્યનું જ ગાન કરે છે. તે આ આદિત્ય દેવ ઉદ્ગીથમાં અનુગત છે. જો તું તેને જાણ્યા વિના જ ઉદ્ગાન કરત તો મારા દ્વારા કહેવામાં આવ્યું છે તેમ તારું મસ્તક પડી જાત. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- पृष्ट आदित्य इति होवाच । सर्वाणि ह वा इमानि भूतान्यादित्यमुच्चैरूर्ध्वं सन्तं गायन्ति शब्दयन्ति स्तुवन्तीत्यभिप्रायः, उच्छब्दसामान्यात्, प्रशब्दसामान्यादिव प्राणः । अतः सैषा देवतेत्यादि पूर्ववत् ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે પૂછવામાં આવતાં તેણે 'તે (દેવ) આદિત્ય છે' એમ કહ્યું, કારણ કે એ સર્વ પ્રાણી ઊંચે અર્થાત્ ઉપર વિદ્યમાન આદિત્યનું જ ગાન કરે છે, શબ્દનો પ્રયોગ કરે છે, અર્થાત્ સ્તવન કરે છે, પ્રસ્તાવથી 'પ્ર' શબ્દમાં સમાનતા હોવાને કારણે જેવી રીતે પ્રાણ-પ્રસ્તાવ દેવ હતાં તેવી રીતે અહીં (ઉદ્ગત આદિત્ય અને ઉદ્ગીથની) 'ઉત્' શબ્દમાં સમાનતા હોવાથી આ ઉદ્ગીથ દેવ છે, 'એટલે તે આ દેવ' વગેરેનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૭ ॥

अथ हैनं प्रतिहर्तोपससाद प्रतिहर्तर्या देवता प्रतिहारमन्वायत्ता तां चेदविद्वान्प्रतिहरिष्यसि मूर्धा ते विपतिष्यतीति मा भगवानवोचत्कतमा सा देवतेति ॥ ८ ॥

હવે પ્રતિહર્તા તેમની પાસે આવ્યા (અને બોલ્યા) 'ભગવન્ ! આપે જે મને કહ્યું હતું કે હે પ્રતિહર્તા ! જે દેવ પ્રતિહારમાં અનુગત છે જો તેને જાણ્યા વિના પ્રતિહરણ કરીશ તો તારું મસ્તક પડી જશે - તો તે દેવ કોણ છે ?' ॥ ૮ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- एवमेवाथ हैनं प्रतिहर्तोपससाद कतमा सा देवता प्रतिहारमन्वायत्तेति ? ॥ ८ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે ફરીથી તેની પાસે પ્રતિહર્તા આવ્યા અને બોલ્યા કે પ્રતિહારમાં અનુગત એ દેવ કોણ છે ?' ॥ ८ ॥

अन्नमिति होवाच सर्वाणि ह वा इमानि भूतान्यन्नमेव प्रतिहरमाणानि जीवन्ति सैषा देवता प्रतिहारमन्वायत्ता तां चेदविद्वान्प्रत्यहरिष्यो मूर्धा ते व्यपतिष्यत्तथोक्तस्य मयेति तथोक्तस्य मयेति ॥ ९ ॥

તેણે 'તે (દેવ) અન્ન છે' એમ કહ્યું, કારણ કે એ સર્વ ભૂત પોતાના પ્રતિ અન્નનું જ આહરણ કરતાં કરતાં જીવિત રહે છે. તે આ અન્ન દેવ પ્રતિહારમાં અનુગત છે. જો તું તેને જાણ્યા વિના જ પ્રતિહરણ કરત તો મારા દ્વારા જે કહેવાયું છે તેમ તારું મસ્તક પડી જાત. ॥ ९ ॥

शाङ्करभाष्यम् :- पृष्टोऽन्नमिति होवाच । सर्वाणि ह वा इमानि भूतान्यन्नमेवात्मानं प्रति सर्वतः प्रतिहरमाणानि जीवन्ति । सैषा देवता प्रतिशब्दसामान्यात्प्रतिहारभक्तिमनुगता । समानमन्यत्तथोक्तस्य मयेति । प्रस्तावोद्गीथ प्रतिहारभक्तीः प्राणादित्यान्नदृष्ट्योपासीतेति समुदायार्थः । प्राणाद्यापत्तिः कर्मसमृद्धिर्वा फलमिति ॥ ९ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે પૂછવામાં આવતાં તેણે '(તે દેવ) અન્ન છે' એવો ઉત્તર આપ્યો, કારણ કે એ સંપૂર્ણ ભૂત સર્વ તરફથી પોતાની તરફ અન્નનું પ્રતિહરણ કરતાં કરતાં જ જીવિત રહે છે. તે આ દેવ 'પ્રતિ' શબ્દમાં સાદૃશ્ય હોવાને કારણે પ્રતિહાર ભક્તિમાં અનુગત છે. ('तां चेदविद्वान्' અહીંથી લઈને) 'तथोक्तस्य मया' અહીં સુધી શેષ (બાકીનો) અર્થ પહેલાંનાં જેવો છે. સમુદાયાર્થ ('प्राण इति होवाच' વગેરે સર્વ મંત્રોનો સારાંશ) આ છે કે પ્રસ્તાવ, ઉદ્ગીથ અને પ્રતિહાર ભક્તિઓની ક્રમશઃ પ્રાણ, આદિત્ય અને અન્નદૃષ્ટિથી ઉપાસના કરવી જોઈએ. પ્રાણાદિની પ્રાપ્તિ અથવા કર્મમાં સમૃદ્ધિ એ આ ઉપાસનાનું ફળ છે. ॥ ९ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये एकादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ ११ ॥

છાંદોગ્યોપનિષદ્માં પ્રથમ અધ્યાયના અગિયારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वादशः खण्डः

अथातः शौव उद्गीथस्तद्ध बको दाल्भ्यो ग्लावो वा मैत्रेयः स्वाध्यायमुद्वव्राज ॥ १ ॥

તે પછી હવે (અન્નલાભને માટે અપેક્ષિત) શૌવ ઉદ્ગીથનો આરંભ કરવામાં આવે છે. ત્યાં પ્રસિદ્ધ છે કે (પૂર્વકાળમાં) દલ્ભનો પુત્ર બક અથવા મિત્રાનો પુત્ર ગ્લાવ સ્વાધ્યાય માટે (ગામની બહાર) જળાશયની પાસે ગયા. ॥ १ ॥

शाङ्करभाष्यम् :- अतीते खण्डेऽन्नाप्राप्तिनिमित्ता कष्टावस्थोक्तोच्छिष्टपर्युषितभक्षणलक्षणा सा मा भूदित्यन्नलाभाय अथानन्तरं शौवः श्वभिर्दृष्ट उद्गीथ उद्गानं सामातः प्रस्तूयते । ★ तत्तत्र ह किल बको नामतो दल्भस्यापत्यं दाल्भ्यो ग्लावो वा नामतो मित्रायाश्चापत्यं मैत्रेयः । वाशब्दश्चार्थे द्व्यामुष्यायणो ह्यसौ । वस्तुविषये क्रियास्विव विकल्पानुपपत्तेः । **'द्विनामा द्विगोत्रः'** इत्यादि हि स्मृतिः । दृश्यते चोभयतः पिण्डभाक्त्वम् । उद्गीथे बद्धचित्तत्वादृषावनादराद्वा वाशब्दः स्वाध्यायार्थः । स्वाध्यायं कर्तुं ग्रामाद्बहिरुद्वव्राजोद्गतवान्विविक्तदेशस्थोदकाभ्याशम् । ★ उद्वव्राज प्रतिपालयाञ्चकारेति चैकवचनाल्लिङ्गादेकोऽसावृषिः । श्वोद्गीथ-कालप्रतिपालनादृषेःस्वाध्यायकरणमन्नकामनयेति लक्ष्यत इत्यभिप्रायतः ॥ १ ॥

શાંકરભાષ્ય :- પાછળના ખંડમાં અન્નની અપ્રાપ્તિથી થનારી ઉચ્છિષ્ટ અને પર્યુષિત (વાસી) અન્નભક્ષણરૂપ કષ્ટમયી અવસ્થાનું વર્ણન કરવામાં આવ્યું હતું, તેવી ફરી પ્રાપ્ત થાય નહીં - એટલા માટે હવે આનાથી આગળ અન્ન પ્રાપ્તિ માટે શૌવ-શ્વાનો (કુતરાઓ) દ્વારા જોવાયેલા ઉદ્ગીથ-ઉદ્ગાન સામને પ્રસ્તુત કરવામાં આવે છે.

ત્યાં પ્રસિદ્ધ છે કે બક નામના દાલ્ભ્ય-દલ્ભનો પુત્ર અથવા ગ્લાવ નામના મૈત્રેય-મિત્રનો પુત્ર અહીં 'वा' શબ્દ 'च' (બીજા)ના અર્થમાં છે. અવશ્ય જ તે દ્વયામુષ્યાયણ છે, કારણ કે વસ્તુના વિષયમાં ક્રિયાઓનો સમાન વિકલ્પ હોવો સંભવ નથી. 'द्विनामा द्विगोत्रः' વગેરે વાક્ય સ્મૃતિમાં પ્રસિદ્ધ પણ છે. (જે ગોત્રમાં પુત્ર ઉત્પન્ન થાય છે અને જ્યાં તે ધર્મપૂર્વક દત્તક લેવામાં આવે છે તે) બંને તરફથી પિંડ ગ્રહણ કરવાનું જોવામાં આવે છે. અથવા ઉદ્ગીથ વિદ્યામાં બદ્ધચિત્ત હોવાથી ઋષિઓમાં અનાદર હોવાને કારણે 'वा' શબ્દનો પ્રયોગ સ્વાધ્યાયને માટે કરવામાં આવ્યો છે. સ્વાધ્યાય કરવાને માટે ગામથી બહાર 'उद्वव्राज' એકાંત દેશમાં રહેલાં જળાશયની પાસે ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

'उद्वव्राज' અને 'प्रतिपालयाञ्चकार' આ ક્રિયાઓમાં એકવચન હોવાથી સિદ્ધ થાય છે કે આ એક જ ઋષિ છે. (ત્રીજા મંત્રમાં કરેલાં) શ્વાનોના ઉદ્ગીથકાળની પ્રતિક્ષા કરવાથી તાત્પર્યતઃ આ લક્ષિત થાય છે કે ઋષિનો સ્વાધ્યાય એ અન્નની કામનાથી (કરાયેલ) છે. ॥ ૧ ॥

तस्मै श्वा श्वेतः प्रादुर्बभूव तमन्ये श्वान उपसमेत्योचुरन्नं नो भगवानागायत्वशनायाम वा इति ॥ २ ॥

તેમની પાસે એક સફેદ કુતરો પ્રગટ થયો. તેની પાસે બીજા કુતરાઓએ આવીને કહ્યું - 'ભગવન્ ! આ અમારા માટે અન્નનું આગાન કરો. અમને તે અન્નનું ભક્ષણ કરવાની ઇચ્છા છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स्वाध्यायेन तोषिता देवतर्षिर्वा श्वरूपं गृहीत्वा श्वा श्वेतः संस्तस्मा ऋषये तदनुग्रहार्थं प्रादुर्बभूव प्रादुश्चकार । तमन्ये शुक्लं श्वानं क्षुल्लकाः श्वान उपसमेत्योचुरुक्तवन्तोऽन्नं नाऽस्मभ्यं भगवानागायत्वागानेन निष्पादयत्वित्यर्थः । ★ मुख्यप्राणं वागादयो वा प्राणमन्वन्नभुजःस्वाध्यायपरितोषिताः सन्तोऽनुगृह्णीयुरेनं श्वरूपमादायेति युक्तमेवं प्रतिपत्तम् ॥ अशनायाम वै बुभुक्षिताः स्मो वा इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- સ્વાધ્યાયથી સંતુષ્ટ થઈને તે ઋષિના નિમિત્તે-તેની ઉપર અનુગ્રહ કરવાને માટે (કોઈ) દેવ અથવા ઋષિ શ્વાનરૂપ ધારણ કરીને શ્વેત કુતરો બનીને પ્રગટ થયા. તે શ્વેત શ્વાનને બીજા નાના નાના કુતરાઓએ સમીપ આવીને કહ્યું - 'ભગવન્ ! આપ અમારા માટે અન્નનું આગાન કરો અર્થાત્ આગાન દ્વારા અન્નનું નિષ્પાદન કરો.'

અથવા મુખ્ય પ્રાણથી વાગાદિ ગૌણ પ્રાણોને આવી રીતે કહ્યું, કારણ કે મુખ્ય પ્રાણની પાછળ અન્ન ગ્રહણ કરનારા વાગાદિ ગૌણ પ્રાણ તેના સ્વાધ્યાયથી સંતુષ્ટ થઈ શ્વાનરૂપ ધારણ કરીને 'તેના ઉપર અનુગ્રહ કરો' - એમ માનવું ઉચિત જ છે. 'અવશ્ય જ અમને અશન(ભોજન)ની ઇચ્છા છે અર્થાત્ અમે નિશ્ચય જ ભૂખ્યા છીએ.' ॥ ૨ ॥

तान्होवाचैहैव मा प्रातरुपसमीयातेति तद्ध बको दाल्भ्यो ग्लावो वा मैत्रेयः प्रतिपालयाञ्चकार ॥ ३ ॥

તેનાથી તે (શ્વેત શ્વાન)ને કહ્યું - તું પ્રાતઃ કાળ અહીં મારી પાસે આવજે. ત્યારે દાલ્ભ્ય બક અથવા મૈત્રેય ગ્લાબ તેની પ્રતીક્ષા કરી રહ્યા. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एवमुक्ते श्वा श्वेत उवाच तान्क्षुल्लकाञ्शुन इहैवास्मिन्नेव देशे मा मां प्रातः प्रातःकाल उपसमीयातेति । दैर्घ्यं छान्दसं समीयातेति । प्रमादपाठो वा । प्रातःकालकरणं तत्काल एव कर्तव्यार्थम् । अन्नदस्य वा सवितुरपराह्णेऽनाभिमुख्यात् । ★ तत्तत्रैव ह बको दाल्भ्यो ग्लावो वा मैत्रेय ऋषिः प्रतिपालयाञ्चकार प्रतीक्षणं कृतवानित्यर्थः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- એમ કહેવામાં આવતાં શ્વેત કુતરાએ તે નાના નાના કુતરાઓને કહ્યું - 'તમે સવારે આ જ સ્થાને મારી પાસે આવજો.' 'समीयात' આ ક્રિયાપદમાં દીર્ઘપાઠ છાંદસ છે અથવા પ્રમાદના કારણે છે. સવારની જે નિયુક્તિ કરવામાં આવી છે તે તે જ સમયે ઉદ્ગાનની કર્તવ્યતા સૂચિત કરવાને માટે અથવા મધ્યાહ્નોત્તર કાળમાં અન્નદાતા સૂર્ય ઉદ્ગાતાના સન્મુખ રહેતાં નથી, આ સૂચિત કરવાને માટે છે.

ત્યારે દાલ્ભ્ય બક અથવા મૈત્રેય ગ્લાવ નામના ઋષિ તે જ સ્થાન પર 'प्रतिपालयाञ्चकार' પ્રતીક્ષા કરી રહ્યા. આ આનું તાત્પર્ય છે. ॥ ૩ ॥

ते ह यथैवेह बहिष्पवमानेन स्तोष्यमाणाः सꣳरब्धाः सर्पन्तीत्येवमाससृपुस्ते ह समुपविश्य हिं चक्रुः ॥ ४ ॥

તે કુતરાઓએ, જેવી રીતે કર્મમાં બહિષ્પવમાન સ્તોત્રથી સ્તવન કરનારા ઉદ્ગાતા મળીને ભ્રમણ કરે છે તેવી રીતે ભ્રમણ કર્યું અને પછી ત્યાં બેસીને હિંકાર કરવા લાગ્યા. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- ते श्वानस्तत्रैवागम्य ऋषेः समक्षं यथैवेह कर्माणि बहिष्पवमानेन स्तोत्रेण स्तोष्यमाणा उद्गातृपुरुषाः संरब्धाः संलग्ना अन्योन्यमेव मुखेनान्योन्यस्य पुच्छं गृहीत्वा ससृपुरासृप्तवन्तः परिभ्रमणं कृतवन्त इत्यर्थः । त एवं संसृप्त्य समुपविश्योपविष्टाः सन्तो हिं चक्रुर्हिंकारं कृतवन्तः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે કુતરાઓએ ત્યાં તે ઋષિની સન્મુખ આવીને, જેવી રીતે કર્મમાં બહિષ્પવમાન સ્તોત્રથી સ્તવન કરનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ઉદ્‌ગાતા લોક એક-બીજાને મળીને ચાલે છે તેવી રીતે મુખથી એકબીજાની પૂંછડી પકડીને સર્પણ-પરિભ્રમણ કર્યું. તેમણે આવી રીતે પરિભ્રમણ કરી ત્યાં બેસીને હિંકાર કર્યો. ॥ ૪ ॥

ओ ३ मदा ३ मों ३ पिबा ३ मों ३ देवो वरुणः प्रजापतिः सविता २ न्नमिहा २ हरदन्नपते ३ ऽन्नमिहा २ हरा २ हरो ३ मिति ॥ ५ ॥

ॐ આપણે ખાઈએ છીએ, ॐ દેવ, વરુણ, પ્રજાપતિ, સૂર્યદેવ અહીં અન્ન લાવે. હે અન્નપતે ! અહીં અન્ન લાવો, અન્ન લાવો, ॐ ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- ओमदामों पिबामों देवो द्योतनात्, वरुणो वर्षणाज्जगतः, प्रजापतिः पालनात्प्रजानाम्, सविता प्रसवितृत्वात्सर्वस्यादित्य उच्यते । एतैः पर्यायैः स एवंभूत आदित्योऽन्नमस्मभ्यमिहाहरदाहरत्विति । ★ त एवं हिं कृत्वा पुनरप्यूचुः—स त्वं हेऽन्नपते ! स हि सर्वस्यान्नस्य प्रसवितृत्वात्पतिः । न हि तत्पाकेन विना प्रसूतमन्नमणुमात्रमपि जायते प्राणिनाम् । अतोऽन्नपतिः । हेऽन्नपतेऽन्नमस्मभ्यमिहाहराहरेति । अभ्यास आदरार्थः । ओमिति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'ॐ આપણે ખાઈએ છીએ, ॐ આપણે પીએ છીએ, ॐ ! આદિત્ય જ દ્યોતનશીલ હોવાને કારણે દેવ, જગતની વર્ષા કરવાને કારણે વરુણ પ્રજાઓનું પાલન કરવાથી પ્રજાપતિ તથા સર્વના પ્રસવિતા હોવાને કારણે સવિતા કહેવાય છે. આ પર્યાયોના કારણે એવા ગુણોવાળા તે આદિત્ય અમારે માટે અહીં અન્ન લાવે.'

આવી રીતે હિંકાર કરીને તેમણે ફરી પણ કહ્યું - 'તે જ તું છે અન્નપતિ ! સંપૂર્ણ અન્નના ઉત્પત્તિ કર્તા હોવાને કારણે તે જ અન્નપતિ છે, કારણ કે તેના પાક વિના ઉત્પન્ન થઈ જવાથી પણ પ્રાણીઓને માટે અણુમાત્ર પણ અન્ન ઉત્પન્ન થતું નથી, એટલે તે અન્નપતિ છે - હે અન્નપતિ ! તું અમારા માટે અહીં અન્ન લાવ.' 'આહાર' આ શબ્દની પુનરાવૃત્તિ આદરને માટે છે. ઓમેતિ - (આ પદ ઉપાસનાની સમાપ્તિ સૂચિત કરવાને માટે છે). ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પ્રથમ અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

शाङ्करभाष्यम् :- भक्तिविषयोपासनं सामावयवसंबद्धमित्यतः सामावयवान्तरस्तोभाक्षरविषयाण्युपासनान्तराणि संहतान्युपदिश्यन्तेऽनन्तरं सामावयवसंबद्धत्वाविशेषात्—

શાંકરભાષ્ય :- સામભક્તિ વિષયક ઉપાસના સામાવયવો સાથે જોડાયેલી છે. એટલે અહીંથી આગળ સામના એક અવયવ માત્ર સ્તોભાક્ષરવિષયક અન્ય સંહત ઉપાસનાઓનું વર્ણન કરવામાં આવે છે, કારણ કે તેનું પણ સામાવયવ રૂપથી (સામ ભક્તિની સાથે) સંબદ્ધ હોવું એક સરખું છે :-

अयं वाव लोको हाउकारो वायुर्हाइकारश्चन्द्रमा अथकारः । आत्मेहकारोऽग्निरीकारः ॥ १ ॥

આ લોક જ હાઉકાર છે, વાયુ હાઈકાર છે. ચંદ્રમા અથકાર છે. આત્મા ઈહકાર છે અને અગ્નિ ઈકાર છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अयं वावायमेव लोको हाउकारः स्तोभो रथन्तरे साम्नि प्रसिद्धः । **'इयं वै रथन्तरम्'** इत्यस्मात्संबन्धसामान्याद्धाउकारस्तोभोऽयं लोक इत्येवमुपासीत् । वायुर्हाइकारः । वामदेव्ये सामनि हाइकारः प्रसिद्धः । वाय्वप्संबन्धश्च वामदेव्यस्य साम्नो योनिरिति । अस्मात् सामान्याद्धाइकारं वायुदृष्ट्योपासीत । ★ चन्द्रमा अथकारः । चन्द्रदृष्ट्याथकारमुपासीत । अत्रे हीदं स्थितम् । अन्नात्मा चन्द्रः । थकाराकारसामान्याच्च । आत्मेहकारः । इहेति स्तोभः प्रत्यक्षो ह्यात्मेहेति व्यपदिश्यते, इहेति च स्तोभः, तत्सामान्यात् । अग्निरीकारः । ईनिधनानि चाग्नेयानि सर्वाणि सामानीत्यतस्तत्सामान्यात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- આ લોક જ રથન્તર સામમાં પ્રસિદ્ધ હાઉકાર સ્તોભ છે. **'આ જ રથાંતર છે'** આ સંબંધ સામાન્યથી હાઉકાર સ્તોભ જ આ લોક છે - આવી રીતે ઉપાસના કરો. વાયુ હાઈકાર છે, વામદેવ્ય સામમાં હાઈકાર સ્તોભ પ્રસિદ્ધ છે. વાયુ અને જળનો સંબંધ જ વામદેવ્ય સામનું મૂળ છે. એટલે આ સમાનતાને કારણે હાઈકાર સામની વાયુદૃષ્ટિથી ઉપાસના કરવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ચંદ્રમા અથકાર છે. અથકારની ઉપાસના ચંદ્ર દૃષ્ટિએ કરવી જોઈએ, કારણ કે આ (ચંદ્રમા) અન્નમાં જ રહેલ છે. ચંદ્રમા અન્ન સ્વરૂપ જ છે. થકાર અને અકારમાં સમાનતા હોવાને કારણે પણ (અન્નરૂપ, ચંદ્રમાની અથકાર રૂપે ઉપાસના કરવી જોઈએ) આત્મા ઈહકાર છે, 'ઇહ' આ (એક પ્રકારના) સ્તોભ હોય છે. પ્રત્યક્ષ જ આત્મા 'ઇહ' એમ કહીને નિર્દેશ કરવામાં આવે છે અને 'ઇહ' એમ સ્તોભ પણ થાય છે, એટલે તેની સમાનતાને કારણે (આત્મા ઈહકાર છે). અગ્નિ ઈકાર છે. સંપૂર્ણ આગ્નેય સામ 'ઈ' માં સમાપ્ત થનાર છે એટલે તે સદશતાને કારણે અગ્નિ ઈકાર છે. ॥ ૧ ॥

आदित्य ऊकारो निहव एकारो विश्वे देवा औहोयिकारः प्रजापतिर्हिंकारः प्राणः स्वरोऽन्नं या वाग्विराट् ॥ २ ॥

આદિત્ય ઊકાર છે, નિહવ એકાર છે, વિશ્વેદેવો ઔહોયિકાર છે, પ્રજાપતિ હિંકાર છે. તથા પ્રાણસ્વર છે, અન્ન યા છે તેમજ વિરાટ્ વાક્ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- आदित्य ऊकारः । ऊच्चैरूर्ध्वं सन्तमादित्यं गायन्तीत्यूकारश्चायं स्तोभः । आदित्यदैवत्ये साम्नि स्तोभ ऊ इत्यादित्य ऊकारः । निहव इत्याह्वानमेकारः स्तोभः । एहीति चाह्वयन्तीति तत्सामान्यात् । विश्वे देवा औहोयिकारः । वैश्वदेव्ये साम्नि स्तोभस्य दर्शनात् । प्रजापतिर्हिंकारः । आनिरुक्त्याद्धिंकारस्य चाव्यक्तत्वात् । ★ प्राणः स्वरः, स्वर इति स्तोभः । प्राणस्य च स्वरहेतुत्वसामान्यात् । अन्नं या । या इति स्तोभोऽन्नम् । अन्नेन हीदं यातीत्यतस्तत्सामान्यात् । वागिति स्तोभो विराडन्नं देवताविशेषो वा । वैराजे साम्नि स्तोभदर्शनात् ॥ २ ॥

શાંકરભાષ્ય :- આદિત્ય ઊકાર છે, ઊંચા અર્થાત્ ઉપરની બાજુ રહેલા આદિત્યનું જ (ઉદ્ગાતા લોકો) ગાન કરે છે, એટલે ઉકાર જ આ સ્તોભ છે. આદિત્ય દેવસંબંધી સામમાં ઊ સ્તોભ છે, એટલે આદિત્ય ઊકાર છે - (એવી ઉપાસના કરો). નિહવ આહ્વાનને કહે છે, તે એકાર સ્તોભ છે, કારણ કે 'एहि' એમ કહીને લોકો પોકારે છે, તે સાદશ્યતાને કારણે (નિહવ એકાર છે). વિશ્વેદેવો ઔહોયિકાર છે, કારણ કે વૈશ્વદેવ્ય સામમાં આ સ્તોભ જોવામાં આવે છે. પ્રજાપતિ હિંકાર છે, કારણ કે તેનું કોઈપણ પ્રકારે નિર્વચન કરી શકાતું નથી. તથા હિંકાર પણ અવ્યક્ત છે.

પ્રાણ સ્વર છે, 'સ્વર' આ એક પ્રકારનો સ્તોભ છે. સ્વરનું કારણ હોવાથી તેના પ્રાણની સાદશતા હોવાને કારણે (પ્રાણ સ્વર છે). અન્ન 'યા' છે. 'યા' આ સ્તોભ અન્ન છે, કારણ કે અન્નથી જ આ પ્રાણી યાત્રા કરે છે. એટલે તેની સમાનતા હોવાને કારણે અન્ન 'યા' છે. 'વાક્' આ સ્તોભ વિરાટ્ - અન્ન અથવા દેવવિશેષ છે, કારણ કે વૈરાજ સામમાં સ્તોભ જોવામાં આવે છે. ॥ ૨ ॥

अनिरुक्तस्त्रयोदशः स्तोभः संचरो हुंकारः ॥ ३ ॥

જેનું (વિશેષ રૂપે) નિરૂપણ કરવામાં આવતું નથી અને જે (કાર્યરૂપે) સંચાર કરનારા છે તે તેરમો સ્તોભ હુંકાર છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अनिरुक्तोऽव्यक्तत्वादिदं चेदं चेति निर्वक्तुं न शक्यत इत्यतः संचरो विकल्प्यमानस्वरूप इत्यर्थः । कोऽसौ ? इत्याह–त्रयोदशः स्तोभो हुंकारः । अव्यक्तो ह्ययमतोऽनिरुक्तविशेष एवोपास्य इत्यभिप्रायः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- જે અવ્યક્ત હોવાને કારણે 'આ અને આ' એ રીતે નિરૂપિત કરવામાં આવતાં નથી, એટલા માટે અનિરુક્ત છે અને સંચર અર્થાત્ વિકલ્પ્યમાન સ્વરૂપ છે, તે શું છે ? તો કહે છે - તે તેરમો સ્તોભ હુંકાર છે. તે અવ્યક્ત જ છે, એટલે અનિરુક્ત વિશેષરૂપે જ ઉપાસનીય છે - આ તેનો અભિપ્રાય છે. ॥ ૩ ॥

स्तोभाक्षरोपासनाफलमाह – હવે સ્તોભાક્ષરોની ઉપાસનાનું ફળ બતાવે છે –

दुग्धेऽस्मै वाग्दोहं यो वाचो दोहोऽन्नवानन्नादो भवति य एतामेवꣳसाम्नामुपनिषदं वेदोपनिषदं वेद ॥ ४ ॥

જે આ રીતે આ સામ સંબંધી ઉપનિષદને જાણે છે ઉપનિષદને જાણે છે તેને વાણી, જે વાણીનું ફળ છે તે ફળને આપે છે તથા તે અન્નવાન અને અન્ન ભક્ષણ કરનારા થાય છે. ॥ ૪ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- दुग्धेऽस्मै वाग्दोहमित्याद्युक्तार्थम् । य एतामेवं यथोक्तलक्षणां साम्नां सामावयवस्तोभाक्षरविषयामुपनिषदं दर्शनं वेद तस्यैतद्योक्तं फलमित्यर्थः । द्विरभ्यासोऽध्यायपरिसमाप्त्यर्थः सामावयवविषयोपासनाविशेषपरिसमाप्त्यर्थो वेति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'दुग्धेऽस्मै वाग्दोहम्' વગેરે વાક્યનો અર્થ પહેલાં (છા.ઉપ. ૧-૩-૭)માં કહેવામાં આવી ગયો છે. જે આ ઉપર્યુક્ત લક્ષણ વિશિષ્ટ સામની સામાવયવભૂત સ્તોભાક્ષર સંબંધી ઉપનિષદને જાણે છે, તેને આ પૂર્વોક્ત ફળ મળે છે - આવું તેનું તાત્પર્ય છે. 'उपनिषदं वेद उपनिषदं वेद' આ પુનરુક્તિ અધ્યાયની સમાપ્તિ સૂચિત કરવાને માટે છે. અથવા સામાવયવવિષયક ઉપાસના વિશેષની સમાપ્તિ બતાવવા માટે છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि प्रथमाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં પ્રથમ અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

इति श्रीमद्गोविन्दभगवत्पूज्यपादशिष्यपरमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकरभगवत्पादकृतौ छान्दोग्योपनिषद्भाष्ये प्रथमोऽध्यायः समाप्तः ॥ १ ॥



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वितीयोऽध्यायः

प्रथमः खण्डः

शाङ्करभाष्यम् :- ओमित्येतदक्षरमित्यादिना सामावयवविषयमुपासनमनेकफलमुपदिष्टम् । अनन्तरं च स्तोभाक्षरविषयमुपासनमुक्तम् । सर्वथापि सामैकदेशसम्बद्धमेव तदिति । अथेदानीं समस्ते साम्नि समस्तसामविषयाण्युपासनानि वक्ष्यामीत्यारभते श्रुतिः । युक्तं ह्येकदेशोपासनानन्तरमेकदेशिविषयमुपासनमुच्यत इति ।

શાંકરભાષ્ય :- (પ્રથમ અધ્યાયમાં) 'ओमित्येतदक्षरम्' વગેરે મંત્ર દ્વારા અનેક ફળ આપનારી સામાવયવ સંબંધિની ઉપાસનાઓનો ઉપદેશ કરવામાં આવ્યો. તેના પછી સામના અવયવભૂત સ્તોભાક્ષર વિષયિણી ઉપાસનાનું નિરૂપણ થયું. તે પણ સર્વથા સામના એક દેશથી જ સંબંધ રાખે છે. તેના પછી હવે હું સમસ્ત સામમાં થનારી અર્થાત્ સમસ્ત સામથી સંબંધ રાખનારી ઉપાસનાઓનું વર્ણન કરીશ - આ આશયથી શ્રુતિ આરંભ કરે છે. એક દેશ(અર્થાત્ અવયવ)થી સંબંધ રાખનારી ઉપાસના પછી એક દેશીને વિષય કરનારી ઉપાસનાનું વર્ણન કરવામાં આવે એ બરાબર જ છે.

ॐ समस्तस्य खलु साम्न उपासनꣳसाधु यत्खलु साधु तत्सामेत्याचक्षते यदसाधु तदसामेति ॥ १ ॥

ॐ સમસ્ત સામની ઉપાસના સારી છે. જે સારું હોય તેને સામ કહે છે અને જે સારું ન હોય તે અસામ કહેવાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- समस्तस्य सर्वावयवविशिष्टस्य पाञ्चभक्तिकस्य साप्तभक्तिकस्य चेत्यर्थः । खल्विति वाक्यालङ्कारार्थः साम्न उपासनं साधु । समस्ते साम्नि साधुदृष्टिविधिपरत्वान्न पूर्वोपासननिन्दार्थत्वं साधुशब्दस्य । ★ ननु पूर्वत्राविद्यमानं साधुत्वं समस्ते साम्न्यभिधीयते, न, साधु सामेत्युपास्त इत्युपसंहारात् । साधुशब्दः शोभनवाची कथमवगम्यते ? इत्याह—यत्खलु लोके साधु शोभनमनवद्यं प्रसिद्धं तत्सामेत्याचक्षते कुशलाः । यदसाधु विपरीतं तदसामेति ॥ १ ॥

શાંકરભાષ્ય :- સમસ્ત અર્થાત્ સંપૂર્ણ અવયવોથી યુક્ત એટલે પાંચ ભક્તિક અને સાપ્તભક્તિક સામની ઉપાસના સાધુ અર્થાત્ સારી છે. 'खलु' આ નિપાત વાક્યની શોભા વધારવા માટે છે. સામની ઉપાસના સારી છે સમસ્ત સામમાં સાધુ દૃષ્ટિનું વિધાન કરવામાં પ્રવૃત્ત હોવાને કારણે 'साधु' શબ્દ પૂર્વ ઉપાસનાની નિંદાને માટે નથી. જો કહો કે પૂર્વ ઉપાસનામાં ન રહેનારી જ સાધુતા સમસ્ત સામમાં બતાવવામાં આવે છે તો એમ કહેવું બરાબર નથી, કારણ કે (પૂર્વોક્ત ઉપાસનાનો) 'સામ સાધુ છે આવી રીતે ઉપાસના કરો' એમ કહીને ઉપસંહાર કર્યો છે. 'साधु' શબ્દ શોભન અર્થનો બોધક છે - આ કેવી રીતે જાણી શકાય છે ? આ માટે કહે છે - લોકોમાં જે વસ્તુ સાધુ-શોભન અર્થાત્ નિર્દોષરૂપે પ્રસિદ્ધ છે તેને નિપુણ લોકો 'સામ' એમ કહીને પોકારે છે. તથા જે અસાધુ એટલે વિપરીત હોય છે, તેને 'અસામ' કહે છે. ॥ ૧ ॥

तदुताप्याहुः साम्नैनमुपागादिति साधुनैनमुपागादित्येव तदाहुरसाम्नैनमुपागादित्यसाधुनैनमुपागादित्येव तदाहुः ॥ २ ॥

આ વિષયમાં કહે છે - (જ્યારે કહેવામાં આવે કે અમુક પુરુષ) આ(રાજા વગેરે)ની પાસે સામ દ્વારા જાય તો (એમ કહીને) લોકો આ જ કહે છે કે તે આની પાસે સાધુભાવથી ગયા અને (જ્યારે એમ કહેવામાં આવે કે) તે આની પાસે અસામ દ્વારા ગયા તો (આનાથી) લોકો આ જ કહે છે કે તે આની પાસે અસાધુ ભાવથી ગયો છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्रैव साध्वसाधुविवेककरण उताप्याहुः । साम्नैनं राजानं सामन्तं चोपागादुपगतवान् । कोऽसौ ? यतोऽसाधुत्वप्राप्त्याशङ्का स इत्यभिप्रायः । शोभनाभिप्रायेण साधुनैनमुपागादित्येव तत्तत्राहुर्लौकिका बन्धनाद्यसाधुकार्यमपश्यन्तः । यत्र पुनर्विपर्ययो बन्धनाद्यसाधुकार्यं पश्यन्ति तत्रासाम्नैनमुपागादित्यसाधुनैनमुपागादित्येव तदाहुः ॥ २ ॥

શાંકરભાષ્ય :- ત્યાં - તે સાધુ-અસાધુનો વિવેક કરવામાં જ કહે છે કે (જ્યારે આ કહેવામાં આવે છે કે) આ રાજા અથવા સામંતની પાસે સામ રૂપે ગયા - કોણ ગયું ? જેનાથી કે અસાધુત્વની પ્રાપ્તિની આશંકા હતી તે - એવું આનું તાત્પર્ય છે - તો તેના બંધન વગેરે અસાધુ કાર્યોને ન જોનારા લૌકિક પુરુષ આ જ કહે છે કે તે તે(રાજા અથવા સામંત)ની પાસે શોભન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

અભિપ્રાયથી-સાધુ ભાવથી ગયા. અને જ્યાં આનાથી વિપરીત બંધન વગેરે અસાધુ કાર્ય જોવે છે ત્યાં તે એમ જ કહે છે કે તે તેની પાસે અસાધુ-અસાધુરૂપે ગયા. ॥ ૨ ॥

अथोताप्याहुः साम नो बतेति यत्साधु भवति साधु बतेत्येव तदाहुरसाम नो बतेति यदासाधु भवत्यसाधु बतेत्येव तदाहुः ॥ ३ ॥

આની પછી એમ પણ કહે છે કે અમારો સામ (શુભ થયો) અર્થાત્ જ્યારે શુભ હોય છે તો 'અહા ! બહુ સારું થયું' એમ કહે છે, અને એમ પણ કહે છે - 'અમારો અસામ થયો' અર્થાત્ જ્યારે અશુભ થાય છે તો 'ઓહ ! ખરાબ થયો !' એમ કહે છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथोताप्याहुः स्वसंवेद्यं साम नोऽस्माकं बतेत्यनुकम्पयन्तः संवृत्तमित्याहुः । एतत्तैरुक्तं भवति यत् साधु भवति साधु बतेत्येव तदाहुः । विपर्यये जातेऽसाम नो बतेति । यदसाधु भवत्यसाधु बतेत्येव तदाहुः । तस्मात्सामसाधुशब्दयोरेकार्थत्वं सिद्धम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- આના પછી એમ પણ કહે છે કે 'અહા ! તે સ્વયં જ અનુભવ કરવા યોગ્ય સામ અમને પ્રાપ્ત થઈ ગયો છે. 'બત' આ નિપાતનો આશય આ છે કે તે અનુકંપા કરતાં કહે છે. અર્થાત્ તેના દ્વારા આ પ્રતિપાદિત થાય છે કે જે સાધુ હોય છે તે જ 'અહા ! આ સાધુ' એમ કહેવામાં આવે છે તથા વિપરીત થવાથી 'ઓહ ! અમારે માટે આ અસામ છે' એમ કહે છે. જે અસાધુ હોય છે તે જ 'અહો ! આ અસાધુ (ખરાબ) છે' એમ કહેવામાં આવે છે. આનાથી સામ અને સાધુ શબ્દોની એકાર્થકતા સિદ્ધ થાય છે. ॥ ૩ ॥

स य एतदेवं विद्वान्साधु सामेत्युपास्तेऽभ्याशो ह यदेनꣳसाधवो धर्मा आ च गच्छेयुरुप च नमेयुः ॥ ४ ॥

આને આવો જાણનારા જે પુરુષ 'સામ સાધુ છે' આવી રીતે ઉપાસના કરે છે તેની પાસે, જે સાધુ ધર્મ છે તે તરત જ આવી જાય છે અને તેને પ્રત્યે વિનમ્ર થઈ જાય છે. નમન કરે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अतः स यः कश्चित्साधु सामेति साधुगुणवत्सामेत्युपास्ते समस्तं साम साधुगुणवद्विद्वांस्तस्यैतत्फलम् अभ्याशो ह क्षिप्रं ह, यदिति क्रियाविशेषणार्थम्, एनमुपासकं साधवः शोभना धर्माः श्रुतिस्मृत्यविरुद्धा आ च गच्छेयुरागच्छेयुश्च । न केवलमागच्छेयुरुप च नमेयुरुपनमेयुश्च भोग्यत्वेनोपतिष्ठेयुरित्यर्थः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- એટલે તે જે કોઈ પુરુષ સામ સાધુ છે એટલે કે સામ સાધુગુણવિશિષ્ટ છે - એવી ઉપાસના કરે છે અર્થાત્ સમસ્ત સામને સાધુ ગુણવાળા જાણે છે તેને આ ફળ મળે છે. આ ઉપાસકને જે શ્રુતિ સ્મૃતિથી અવિરુદ્ધ શુભ ધર્મ છે, તે અભ્યાશ અર્થાત્ તરત જ પ્રાપ્ત થઈ જાય છે. અહીં જે 'यत्' પદ છે તે ક્રિયાવિશેષણને માટે છે. કેવળ પ્રાપ્ત જ થતાં નથી તેના પ્રત્યે વિનમ્ર પણ થઈ જાય છે, અર્થાત્ ભોગ્યરૂપે ઉપસ્થિત થઈ જાય છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये प्रथमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના પ્રથમ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वितीयः खण्डः

शाङ्करभाष्यम् :- कानि पुनस्तानि साधुदृष्टिविशिष्टानि समस्तानि सामान्युपास्यानि ? इति, इमानि तान्युच्यन्ते लोकेषु पञ्चविधमित्यादीति ।

શાંકરભાષ્ય :- પછી તે સાધુ દૃષ્ટિ વિશિષ્ટ ઉપાસના કરવા યોગ્ય સમસ્ત સામ કયા છે ? એવી આશંકા થવાથી કહે છે - તે 'लोकेषु पञ्चविधम्' વગેરે મંત્રો દ્વારા કહેવામાં આવે છે –

लोकेषु पञ्चविधꣳ सामोपासीत पृथिवी हिंकारः । अग्निः प्रस्तावोऽन्तरिक्षमुद्गीथ आदित्यः प्रतिहारो द्यौर्निधनमित्यूर्ध्वेषु ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ૐ ૐ

લોકમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરવી જોઈએ (જેમ કે) પૃથ્વી હિંકાર છે, અગ્નિ પ્રસ્તાવ છે. અંતરીક્ષ ઉદ્‌ગીથ છે, આદિત્ય પ્રતિહાર છે અને દ્યુલોક નિધન છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- ननु लोकादिदृष्ट्या तान्युपास्यानि साधु दृष्ट्या चेति विरुद्धम् । ★ न, साध्वर्थस्य लोकादिकार्येषु कारणस्यानुगतत्वात्, मृदादिवद्घटादिविकारेषु । साधुशब्दवाच्योऽर्थो धर्मो ब्रह्म वा सर्वथापि लोकादिकार्येष्वनुगतम् । अतो यथा यत्र घटादिदृष्टिर्मृदादिदृष्ट्यनुगतैव सा, तथा साधुदृष्ट्यनुगतैव लोकादिदृष्टिः, धर्मादिकार्यत्वाल्लोकादीनाम् । यद्यपि कारणत्वमविशिष्टं ब्रह्मधर्मयोः, तथापि धर्म एव साधुशब्दवाच्य इति युक्तम्, साधुकारी साधुर्भवतीति धर्मविषये साधु शब्दप्रयोगात् । ★ ननु लोकादिकार्येषु कारणस्यानुगतत्वादर्थप्राप्तैव तद्दृष्टिरिति 'साधु सामेत्युपास्ते' इति न वक्तव्यम् । ★ न, शास्त्रगम्यत्वात्तद् दृष्टेः । सर्वत्र हि शास्त्रप्रापिता एव धर्मा उपास्या न विद्यमाना अप्यशास्त्रीयाः । ★ लोकेषु पृथिव्यादिषु पञ्चविधं पञ्चभक्तिभेदेन पञ्चप्रकारं साधु समस्तं सामोपासीत । कथम् ? पृथिवी हिंकारः । लोकेष्विति या सप्तमी तां प्रथमात्वेन विपरिणमय्य पृथिवी-दृष्ट्या हिंकारे पृथिवी हिंकार इत्युपासीत । व्यत्यस्य वा सप्तमीश्रुतिं लोकविषयां हिंकारादिषु पृथिव्यादिदृष्टिं कृत्वोपासीत । ★ तत्र पृथिवी हिंकारः, प्राथम्यसामान्यात् । अग्निः प्रस्तावः, अग्नौ हि कर्माणि प्रस्तूयन्ते, प्रस्तावश्च भक्तिः । अन्तरिक्षमुद्गीथः, अन्तरिक्षं हि गगनम्, गकारविशिष्टश्चोद्गीथः । आदित्यः प्रतिहारः, प्रतिप्राण्यभिमुखत्वान्मां प्रति मां प्रतीति । द्यौर्निधनम्, दिवि निधीयन्ते हीतो गता इत्यूर्ध्वेषूर्ध्वगतेषु लोकदृष्ट्या सामोपासनम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- પૂર્વપક્ષી :- પરંતુ તે સમસ્ત સામોની લોકાદિ દૃષ્ટિથી અને સાધુ દૃષ્ટિથી પણ ઉપાસના કરવી જોઈએ - એવું કહેવું તો પરસ્પર વિરુદ્ધ છે ?

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે જેવી રીતે માટી વગેરે પોતાના વિકાર ઘટાદિમાં અનુગત થાય છે તેવી રીતે (સર્વનું) કારણભૂત સાધુ પદાર્થ લોકાદિ કાર્યવર્ગમાં અનુગત છે. સાધુ શબ્દનો વાચ્યાર્થ ધર્મ અથવા બ્રહ્મ સર્વ પ્રકારે લોકાદિ કાર્યવર્ગમાં વ્યાપ્ત છે. એટલે જેવી રીતે જ્યાં ઘટાદિ દૃષ્ટિ હોય છે ત્યાં તે મૃત્તિકાદિ દૃષ્ટિથી અનુગત જ થાય છે, તેવી રીતે લોકાદિ દૃષ્ટિ પણ સાધુ દૃષ્ટિથી અનુગત જ થાય છે, કારણ કે એ લોકાદિ ધર્માદિના કાર્ય જ હોય છે. જ્યારે પણ બ્રહ્મ અને ધર્મના પ્રપંચ કારણત્વ તો સમાન છે તો પણ 'સાધુ' શબ્દનો વાચ્ય ધર્મ જ છે - એમ માનવું બરાબર છે, કારણ કે 'સાધુ કરનારા સાધુ હોય છે,' આવી રીતે ધર્મના વિષયમાં જ 'સાધુ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

પૂર્વપક્ષી :- લોકાદિ કાર્યમાં તેનું કારણ અનુગત હોવાને કારણે તેમાં સાધુ દૃષ્ટિ હોવી તો સ્વતઃ સિદ્ધ છે. આવી અવસ્થામાં 'સામ સાધુ છે આવી રીતે ઉપાસના કરે છે.' આવું કરવું જોઈતું ન હતું.

સિદ્ધાન્તી :- ના, કારણ કે તે દૃષ્ટિ શાસ્ત્રથી જ પ્રાપ્ત થઈ શકે છે. બધે શાસ્ત્ર વિહિત ધર્મ જ ઉપાસનીય હોય છે, અશાસ્ત્રીય ધર્મ વિદ્યમાન રહેવાથી પણ ઉપાસનીય થતો નથી.

પૃથ્વી વગેરે લોકોમાંપંચિધ-પાંચ પ્રકારની ભક્તિના ભેદથી પાંચ પ્રકારના સાધુ ગુણ વિશિષ્ટ સમસ્ત સામની ઉપાસના કરવી જોઈએ. તો કેવી રીતે ? (આ બતાવે છે) - પૃથ્વી હિંકાર છે. 'લોકેષુ' આ પદમાં જે સપ્તમી વિભક્તિ છે તેને પ્રથમા વિભક્તિના રૂપથી પરિણત કરીને હિંકારમાં પૃથ્વી દૃષ્ટિ દ્વારા અર્થાત્ 'પૃથ્વી હિંકાર છે' આવી રીતે ઉપાસના કરો. અથવા 'લોકેષુ' આ પદની સપ્તમી-શ્રુતિને હિંકારાદિમાં કરીને અને ત્યાંની કર્મ વિભક્તિ લોક શબ્દમાં કરી હિંકારાદિમાં પૃથ્વી વગેરે દૃષ્ટિ કરીને ઉપાસના કરવી જોઈએ.

તેમાં પૃથ્વી હિંકાર છે, કારણ કે તે બંનેમાં 'પ્રથમતા' આ ગુણ સમાન છે. અગ્નિ પ્રસ્તાવ છે, કારણ કે અગ્નિમાં જ કર્મોનો પ્રસ્તાવ કરવામાં આવે છે અને પ્રસ્તાવ પણ એક પ્રકારની સામભક્તિ છે. અંતરિક્ષ ઉદ્‌ગીથ છે. અંતરિક્ષ ગગન(આકાશ)ને કહે છે અને ઉદ્‌ગીથ પણ ગકાર વિશિષ્ટ છે (એટલા માટે તે બંનેમાં સાદૃશ્ય છે). આદિત્ય પ્રતિહાર છે કારણ કે તે પ્રત્યેક પ્રાણીના અભિમુખ છે. સર્વ લોક આ અનુભવ કરે છે કે તે 'માં પ્રતિ માં પ્રતિ' મારી સન્મુખ છે, મારી સન્મુખ છે. તથા દ્યૌ નિધન છે, કારણ કે અહીંથી (મરીને) જનારા લોકોને દ્યુલોકમાં રાખવામાં આવે છે. આવી રીતે ઉત્તરોત્તર ઉર્ધ્વગત-ઉપરના લોકોમાં લોક દૃષ્ટિથી કરવામાં આવતી ઉપાસના બતાવવામાં આવી. ॥ ૧ ॥

अथावृत्तेषु द्यौर्हिंकार आदित्यः प्रस्तावोऽन्तरिक्षमुद्गीथोऽग्निः प्रतिहारः पृथिवी निधनम् ॥ २ ॥

હવે અધોમુખ લોકોમાં સામોપાસનાનું નિરૂપણ કરવામાં આવે છે - દ્યુલોક હિંકાર છે, આદિત્ય પ્રસ્તાવ છે, અંતરિક્ષ ઉદ્‌ગીથ છે, અગ્નિ પ્રતિહાર છે અને પૃથ્વી નિધન છે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- अथावृत्तेष्ववाङ्मुखेषु पञ्चविधमुच्यते सामोपासनम् । गत्यागतिविशिष्टा हि लोकाः । यथा ते, तथा-दृष्ट्यैव सामोपासनं विधीयते यतः, अत आवृत्तेषु लोकेषु द्यौर्हिंकारः प्राथम्यात् । आदित्यः प्रस्तावः, उदितेह्यादित्ये प्रस्तूयन्ते कर्माणि प्राणिनाम् । अन्तरिक्षमुद्गीथः पूर्ववत् । अग्निः प्रतिहारः, प्राणिभिः प्रतिहरणादग्नेः । पृथिवी निधनम्, तत आगतानामिह निधनात् ॥ २ ॥

શાંકરભાષ્ય :- હવે આવૃત્ત અર્થાત્ પુનરાવૃત્તિના સમયે અધોમુખ લોકોમાં પાંચ પ્રકારની સામોપાસનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે, કારણ કે એ લોક ગમન અને આગમન(બંને પ્રકારની વૃત્તિઓ)થી યુક્ત છે. ગમન અને આગમન-કાળમાં જેવી રીતે તે રહે છે તે જ દૃષ્ટિથી તેનામાં સામોપાસનાનું વિધાન કરવામાં આવે છે, એટલા માટે આગમન કાળમાં તે અધોમુખ લોકોમાં પ્રથમ હોવાને કારણે દ્યુલોક હિંકાર છે, આદિત્ય પ્રસ્તાવ છે, કારણ કે સૂર્યનો ઉદય થવાથી જ પ્રાણીઓના કર્મ પ્રસ્તુત થાય છે, તથા પહેલાની જેમ જ અંતરિક્ષ ઉદ્ગીથ છે, અગ્નિ પ્રતિહાર છે, કારણ કે પ્રાણીઓ દ્વારા તેનું પ્રતિહરણ (એક સ્થાનથી બીજા સ્થાનમાં લઈ જવાની ક્રિયા) થાય છે અને પૃથ્વી નિધન છે, કારણ કે ત્યાંથી આવેલાં પ્રાણીઓને આમાં જ રાખવામાં આવે છે. ॥ ૨ ॥

उपासनफलम् — ઉપાસનાનું ફળ હવે કહેવામાં આવે છે :—

कल्पन्ते हास्मै लोका ऊर्ध्वाश्चावृत्ताश्च य एतदेवं विद्वाँल्लोकेषु पञ्चविधं सामोपास्ते ॥ ३ ॥

જે આને આવી રીતે જાણનારા પુરુષ લોકોમાં પંચવિધ સામની ઉપાસના કરે છે તેના પ્રત્યે ઊર્ધ્વ અને અધોમુખ લોક (ભોગ્યરૂપે) ઉપસ્થિત થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- कल्पन्ते समर्था भवन्ति हास्मै लोका ऊर्ध्वाश्चावृत्ताश्च गत्यागतिविशिष्टा भोग्यत्वेन व्यतिष्ठन्त इत्यर्थः । य एतदेवं विद्वाँल्लोकेषु पञ्चविधं समस्तं साधु सामेत्युपास्ते, इति सर्वत्र योजना पञ्चविधे सप्तविधे च ॥ ३ ॥

શાંકરભાષ્ય :- કલ્પન્તે-સમર્થ થાય છે (ભોગ્યરૂપે પ્રાપ્ત થાય છે) અર્થાત્ તેના પ્રત્યે ગમનાગમન કાળની સ્થિતિથી યુક્ત ઊર્ધ્વ તેમજ અધોમુખ લોક ભોગ્યરૂપે ઉપસ્થિત થાય છે. (કોના પ્રત્યે ?) જે આને આવી રીતે જાણનારો પુરુષ 'લોકોમાં પાંચ પ્રકારના સમસ્ત સામ સાધુ ગુણ વિશિષ્ટ છે' આવી રીતે ઉપાસના કરે છે. આવી રીતે પંચવિધ અને સપ્તવિધ સામની ઉપાસનામાં પણ સર્વત્ર આ વાક્યની યોજના કરવી જોઈએ. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये द्वितीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ २ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના દ્વિતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

तृतीयः खण्डः

वृष्टौ पञ्चविधꣳसामोपासीतपुरोवातो हिंकारो मेघो जायते स प्रस्तावो वर्षति स उद्गीथो विद्योतते स्तनयति स प्रतिहारः ॥ १ ॥

વૃષ્ટિમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરો. પૂર્વીય વાયુ હિંકાર છે, મેઘ જે ઉત્પન્ન થાય છે તે પ્રસ્તાવ છે, જે વરસે છે તે ઉદ્ગીથ છે, જે ચમકે છે અને ગર્જના કરે છે તે પ્રતિહાર છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- वृष्टौ पञ्चविधं सामोपासीत, लोकस्थितेर्वृष्टिनिमित्तत्वादानन्तर्यम् । पुरोवातो हिंकारः, पुरोवाताद्युद्ग्रहणान्ता हि वृष्टिः, यथा साम हिंकारादिनिधनान्तम्, अतः पुरोवातो हिंकारः प्राथम्यात् । मेघो जायते स प्रस्तावः. प्रावृषि मेघजनने वृष्टेः प्रस्ताव इति हि प्रसिद्धिः । वर्षति स उद्गीथः श्रैष्ठ्यात् । विद्योतते स्तनयति स प्रतिहारः, प्रतिहृतत्वात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- વૃષ્ટિમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરો. લોકોની સ્થિતિ વૃષ્ટિને કારણે થવાથી આની લોક સંબંધીની ઉપાસનાનું પછીથી નિરૂપણ કરવામાં આવ્યું છે. પૂર્વીય વાયુ હિંકાર છે. પૂર્વીય વાયુથી લઈને જળ ગ્રહણ પર્યંત વૃષ્ટિ કહેવામાં આવે છે, જેવી રીતે કે હિંકારથી લઈને નિધન પર્યંત સામ કહેવામાં આવે છે. એટલે પ્રથમ હોવાને કારણે પૂર્વીય વાયુ હિંકાર છે. મેઘ જે ઉત્પન્ન થાય છે તે પ્રસ્તાવ છે, વર્ષા ઋતુમાં મેઘ ઉત્પન્ન થવાથી જ વૃષ્ટિ પ્રસ્તુત થાય છે. આ પ્રસિદ્ધ જ છે. મેઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

જે વરસે છે તે જ શ્રેષ્ઠતાના કારણે ઉદ્‌ગીથ છે, તથા જે વિજળી ચમકે છે અને અવાજ કરે છે - તે પ્રતિહત હોવા(આમ તેમ ફેલાવાને)ને કારણે પ્રતિહાર છે. ॥ ૧ ॥

उद्गृह्णाति तन्निधनं वर्षति हास्मै वर्षयति ह य एतदेवं विद्वान्वृष्टौ पञ्चविधꣳसामोपास्ते ॥ २ ॥

મેઘ જે જળ ગ્રહણ કરે છે - આ નિધન છે, જે આને આવી રીતે જાણનારા પુરુષ વૃષ્ટિમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરે છે તેના માટે વર્ષા થાય છે અને તે (સ્વંય પણ) વર્ષા કરાવી લે છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- उद्गृह्णाति तन्निधनम्, समाप्तिसामान्यात् । फलमुपासनस्य—वर्षति हास्मा इच्छातः । तथा वर्षयति हासत्यामपि वृष्टौ य एतदित्यादि पूर्ववत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- (વાદળ) જે જળ ગ્રહણ કરે છે આ નિધન છે, કારણ કે સમાપ્તિમાં આ બંનેની ઉપાસના છે. (અર્થાત્ જળ ગ્રહણ અને નિધન બંને છેલ્લાં કાર્યો છે.) હવે આ ઉપાસનાનું ફળ બતાવે છે. તેની ઇચ્છાનુસાર મેઘ વર્ષા કરે છે, તથા વૃષ્ટિના ન થવાથી પણ તે વર્ષા કરાવી દે છે. 'य एतदेवम्' વગેરે શેષ વાક્યનો અર્થ પૂર્વવત્ સમજવો જોઈએ. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये तृतीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ ३ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં દ્વિતીય અધ્યાયના તૃતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्थः खण्डः

सर्वास्वप्सु पञ्चविधꣳसामोपासीत मेघो यत्संप्लवते स हिंकारो यद्वर्षति स प्रस्तावो याः प्राच्यः स्यन्दन्ते स उद्गीथो याः प्रतीच्यः स प्रतिहारः समुद्रो निधनम् ॥ १ ॥

સર્વ પ્રકારના જળમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરો. મેઘ જે ઘનીભાવને પ્રાપ્ત થાય છે - તે હિંકાર છે, જે વરસે છે તે પ્રસ્તાવ છે, (નદીઓ) જે પૂર્વ તરફ વહે છે તે ઉદ્‌ગીથ છે તથા જે પશ્ચિમ તરફ વહે છે તે પ્રતિહાર છે અને સમુદ્ર નિધન છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- सर्वास्वप्सु पञ्चविधं सामोपासीत । वृष्टिपूर्वकत्वात्सर्वासामपामानन्तर्यम् । मेघो यत्संप्लवत एकीभावेनेतरेतरं घनीभवति मेघो यदा उन्नतस्तदा संप्लवत इत्युच्यते । तदापामारम्भः स हिंकारः । यद्वर्षति स प्रस्तावः, आपः सर्वतो व्यासुं प्रस्तुताः । याः प्राच्यः स्यन्दन्ते स उद्गीथः, श्रैष्ठ्यात् । याः प्रतीच्यः स प्रतिहारः प्रतिशब्दसामान्यात् । समुद्रो निधनम्, तन्निधनत्वादपाम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- સર્વ પ્રકારના જળોમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરો. સંપૂર્ણ જળ વૃષ્ટિપૂર્વક જ થાય છે એટલા માટે વૃષ્ટિવિષયક ઉપાસના પછી જળ વિષયક ઉપાસનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. મેઘ જે સંપ્લવન કરે છે અર્થાત્ પરસ્પર એક થઈને ઘનીભૂત થાય છે. 'संप्लवते'નું 'ઘનીભૂત થાય છે' અર્થ એટલા માટે કરવામાં આવ્યો છે કે જ્યારે મેઘ ઊંચે જાય છે ત્યારે તે સંપ્લવન કરે છે - એમ કહેવામાં આવે છે. તે ઘનીભૂત થવાને જ સમયે જળનો પ્રારંભ થાય છે. એટલે તે (સંપ્લવન) હિંકાર છે. તે જે વરસે છે તેને પ્રસ્તાવ કહેવામાં આવે છે, કારણ કે તે જ સમયે જળનું સર્વત્ર વ્યાપ્ત થવાનું આરંભાય છે. જે જળ (ગંગાદિ નદીઓના રૂપે) પૂર્વ તરફ વહે છે તે ઉત્કૃષ્ટ હોવાને કારણે ઉદ્‌ગીથ અને જે પ્રતીચી (પશ્ચિમ)ની તરફ વહે છે તે 'પ્રતિ' શબ્દમાં સમાન હોવાના કારણે પ્રતિહાર કહેવામાં આવે છે તથા સમુદ્ર નિધન છે, કારણ કે તેમાં જળોનો સંચય થાય છે. ॥ ૧ ॥

न हाप्सु प्रैत्यप्सुमान्भवति य एतदेवं विद्वान्सर्वास्वप्सु पञ्चविधꣳसामोपास्ते ॥ २ ॥

જે આને આવી રીતે જાણનારા પુરુષ સર્વ પ્રકારના જળમાં પંચવિધ સામની ઉપાસના કરે છે તે જળમાં મરતાં નથી અને જળમાં સંપન્ન થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- न हाप्सु प्रैति, नेच्छति चेत् । अप्सुमानम्मान्भवति फलम् ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય : જો તે ઇચ્છા ન કરે તો જળમાં મૃત્યુને પ્રાપ્ત થતાં નથી તથા તે અપ્સુમાન અર્થાત્ (ઇચ્છાનુકૂળ) જળથી સંપન્ન થાય છે. આ આ(ઉપાસના)નું ફળ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये चतुर्थखण्डभाष्यं सम्पूर्णम् ॥ ४ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના ચતુર્થ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चमः खण्डः

ऋतुषु पञ्चविधꣳसामोपासीत वसन्तो हिंकारो ग्रीष्मः प्रस्तावो वर्षा उद्गीथः शरत्प्रतिहारो हेमन्तो निधनम् ॥ १ ॥

ઋતુઓમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરો. વસંત હિંકાર છે, ગ્રીષ્મ પ્રસ્તાવ છે, વર્ષા ઉદ્ગીથ છે, શરદ પ્રતિહાર છે અને હેમંત નિધન છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- ऋतुषु पञ्चविधं सामोपासीत । ऋतुव्यवस्थाया यथोक्ताम्बुनिमित्तत्वादानन्तर्यम् । वसन्तो हिंकारः, प्राथम्यात् । ग्रीष्मः प्रस्तावः, यवादिसंग्रहः प्रस्तूयते हि प्रावृडर्थम् । वर्षा उद्गीथः, प्राधान्यात् । शरत्प्रतिहारः, रोगिणां मृतानां च प्रतिहरणात् । हेमन्तो निधनम्, निवाते निधनात्प्राणिनाम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- ઋતુઓમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરો. ઋતઓની વ્યવસ્થા પૂર્વોક્ત જળરૂપ નિમિત્તથી થતી હોય છે, આ કારણે આ ઋતુ વિષયક સામોપાસના તેના પછી કહેવામાં આવી છે (તેનામાં) સર્વ પ્રથમ હોવાને કારણે વસંત હિંકાર છે. ગ્રીષ્મ પ્રસ્તાવ છે, કારણ કે (આ સમયે) વર્ષા ઋતુને માટે જવ આદિ અન્નોના સંગ્રહનો પ્રસ્તાવ કરવામાં આવે છે. પ્રધાનતાને કારણે વર્ષા ઉદ્ગીથ છે. રોગી અને મૃત પ્રાણીઓનું પ્રતિહરણ કરવાને કારણે શરદ ઋતુ પ્રતિહાર (એક જગ્યાએથી બીજા સ્થાને લઈ જાય) છે તથા વાયુના અભાવમાં પ્રાણીઓનું નિધન થતું હોવાને કારણે હેમંત ઋતુ નિધન છે. ॥ ૧ ॥

फलम्– (આ) ઉપાસનાનું ફળ (કહે છે) -

कल्पन्ते हास्मा ऋतव ऋतुमान्भवति य एतदेवं विद्वानृतुषु पञ्चविधꣳसामोपास्ते ॥ २ ॥

જે આને આવી રીતે જાણનારા પુરુષ ઋતુઓમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરે છે તેને ઋતુ પોતાને અનુરૂપ ભોગ આપે છે અને તે ઋતુમાન (ઋતુ સંબંધી ભોગોથી સંપન્ન) થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- कल्पन्ते ह ऋतुव्यवस्थानुरूपं भोग्यत्वेनास्मा उपासकायर्तवः । ऋतुमानार्तवैर्भोगैश्च सम्पन्नो भवतीत्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ ઉપાસનાને માટે ઋતુઓ પોતાના કાળની વ્યવસ્થા અનુરૂપ ફળ ભોગ્ય-રૂપે ઉપસ્થિત કરવામાં સમર્થ હોય છે અને તે ઋતુમાન થાય છે, અર્થાત્ ઋતુ સંબંધી ભોગોથી સંપન્ન થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये पञ्चमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ५ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના પાંચમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षष्ठः खण्डः

पशुषु पञ्चविधꣳसामोपासीताजा हिंकारोऽवयः प्रस्तावो गाव उद्गीथोऽश्वाः प्रतिहारः पुरुषो निधनम् ॥ १ ॥

પશુઓમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરો. બકરો હિંકાર છે, ઘેટું પ્રસ્તાવ છે, ગાયો ઉદ્ગીથ છે, અશ્વ પ્રતિહાર છે અને પુરુષ નિધન છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- पशुषु पञ्चविधꣳसामोपासीत । सम्यग्वृत्तेष्वृतुषु पशव्यः काल इत्यानन्तर्यम् । अजा हिंकारः, प्राधान्यात्प्राथम्याद्वा, **'अजः पशूनां प्रथमः'** इति श्रुतेः । अवयः प्रस्तावः, साहचर्यदर्शनादजावीनाम्, गाव उद्गीथः, श्रैष्ठ्यात् । अश्वाः प्रतिहारः, प्रतिहरणात्पुरुषाणाम् । पुरुषो निधनम्, पुरुषाश्रयत्वात्पशूनाम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- પશુઓમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરો. ઋતુઓના વ્યવસ્થિત વર્તવાથી પશુઓને માટે અનુકૂળ સમય રહે છે. એટલા માટે આ ઉપાસના તેના પછીથી કહેવામાં આવી છે. સર્વમાં પ્રધાન હોવાને કારણે અથવા **'પશુઓમાં સર્વ પ્રથમ બકરો છે.'** આ શ્રુતિ અનુસાર સર્વ પ્રથમ હોવાને કારણે બકરો હિંકાર છે. બકરો અને ઘેટાનું સહચર્ય જોવામાં આવતાં ઘેટું પ્રસ્તાવ છે. સર્વ શ્રેષ્ઠ હોવાને કારણે ગાયો ઉદ્ગીથ છે. પુરુષોનું પ્રતિહરણ (વહન) કરવાને કારણે ઘોડા પ્રતિહાર છે તથા પશુવર્ગ પુરુષના આશ્રિત છે, એટલે પુરુષ નિધન છે. ॥ ૧ ॥

ફલમ્– આ ઉપાસનાનું ફળ (કહે છે) -

भवन्ति हास्य पशवः पशुमान्भवति य एतदेवं विद्वान्पशुषु पञ्चविधꣳसामोपास्ते ॥ २ ॥

જે આને આવી રીતે જાણનારા પુરુષ પશુઓમાં પંચવિધ સામની ઉપાસના કરે છે તેને પશુ પ્રાપ્ત થાય છે અને તે પશુધનથી સંપન્ન થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- भवन्ति हास्य पशवः, पशुमान्भवति पशुफलैश्च भोगत्यागादिभिर्युज्यत इत्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તેને પશુ પ્રાપ્ત થાય છે અને તે પશુવાન થાય છે અર્થાત્ તે પશુઓથી પ્રાપ્ત થનાર ફળ-ભોગ તેમજ દાનાદિથી યુક્ત થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये षष्ठखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના છઠ્ઠા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तमः खण्डः

प्राणेषु पञ्चविधं परोवरीयः सामोपासीत प्राणो हिंकारो वाक्प्रस्तावश्चक्षुरुद्गीथः श्रोत्रं प्रतिहारो मनो निधनं परोवरीयाꣳसि वा एतानि ॥ १ ॥

પ્રાણોમાં પાંચ પ્રકારના પરોવરીય (ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ) ગુણ વિશિષ્ટ સામની ઉપાસના કરો. (તેમાં) પ્રાણ હિંકાર છે, વાક્ પ્રસ્તાવ છે, ચક્ષુ ઉદ્ગીથ છે, શ્રોત્ર પ્રતિહાર છે અને મન નિધન છે. આ ઉપાસનાઓ નિશ્ચય પરોવરીય (ઉત્તરોત્તર શ્રેષ્ઠ) છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- प्राणेषु पञ्चविधं परोवरीयः सामोपासीत । परं परं वरीयस्त्वगुणवत्प्राणदृष्टिविशिष्टं सामोपासीतेत्यर्थः । प्राणो घ्राणं हिंकारः, उत्तरोत्तरवरीयसां प्राथम्यात् । वाक्प्रस्तावः, वाचा हि प्रस्तूयते सर्वम्, वाग्वरीयसी प्राणात्, अप्राप्तमप्युच्यते वाचा, प्राप्तस्यैव तु गन्धस्य ग्राहकः प्राणः । ★ चक्षुरुद्गीथः, वाचो बहुतरविषयं प्रकाशयति चक्षुरतो वरीयो वाचः, उद्गीथः श्रैष्ठ्यात् । श्रोत्रं प्रतिहारः, प्रतिहृतत्वात्, वरीयश्चक्षुषः सर्वतः श्रवणात् । मनो निधनम्, मनसि हि निधीयन्ते पुरुषस्य भोग्यत्वेन सर्वेन्द्रियाहृता विषयाः, वरीयस्त्वं च श्रोत्रान्मनसः, सर्वेन्द्रियविषयव्यापकत्वात्, अतीन्द्रियविषयोऽपि मनसो गोचर एवेति । यथोक्तहेतुभ्यः परोवरीयांसि प्राणादीनि वा एतानि ॥ १ ॥

શાંકરભાષ્ય :- પ્રાણોમાં પાંચ પ્રકારના પરોવરીય સામની ઉપાસના કરો અર્થાત્ ઉત્તરોત્તર શ્રેષ્ઠગુણવાન પ્રાણદૃષ્ટિ યક્ત સામની ઉપાસના કરો. તે ઉત્તરોત્તર શ્રેષ્ઠ પ્રાણોમાં પ્રથમ હોવાને કારણે પ્રાણ ઘ્રાણેન્દ્રિય હિંકાર છે. વાણી પ્રસ્તાવ છે, કારણ કે વાણીથી સર્વનો પ્રસ્તાવ કરવામાં આવે છે. વાણી પ્રાણની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે, (કારણ કે) વાણીથી અપ્રાપ્ત વસ્તુનું પણ નિરૂપણ કરવામાં આવે છે અને પ્રાણ કેવળ પ્રાપ્ત થયેલાં ગંધને જ ગ્રહણ કરનાર છે.

ચક્ષુ ઉદ્ગીથ છે, ચક્ષુ વાણીથી પણ અધિક વિષયને પ્રકાશિત કરે છે, એટલે તે વાણીથી ઉત્કૃષ્ટ છે અને ઉત્કૃષ્ટ હોવાને કારણે જ ઉદ્ગીથ છે. શ્રોત્ર (કાન) પ્રતિહાર છે, કારણ કે તે પ્રતિહત છે તથા સર્વ તરફથી શ્રવણ કરવાને કારણે તે નેત્રની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

અપેક્ષાએ ઉત્કૃષ્ટ પણ છે. મન નિધન છે, કારણ કે ભોગ્યરૂપે પુરુષની સંપૂર્ણ ઈન્દ્રિયો દ્વારા લાવવામાં આવેલાં વિષય મનમાં રાખવામાં આવે છે, તથા સંપૂર્ણ ઈન્દ્રિયોના વિષયોમાં વ્યાપક હોવાને કારણે શ્રોત્રની અપેક્ષાએ મનની ઉત્કૃષ્ટતા પણ છે. તાત્પર્ય આ છે કે જે પદાર્થ અન્ય ઈન્દ્રિયોની પહોંચથી બહાર છે તે પણ મનનો વિષય તો છે જ. ઉપર્યુક્ત હેતુઓથી એ પ્રાણાદિ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ છે. ॥ ૧ ॥

परोवरीयो हास्य भवति परोवरीयसो ह लोकाञ्जयति य एतदेवं विद्वान् प्राणेषु पञ्चविधं परोवरीयः सामोपास्त इति तु पञ्चविधस्य ॥ २ ॥

જે આને આવી રીતે જાણનારા પુરુષ પ્રાણોમાં પાંચ પ્રકારના ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર સામની ઉપાસના કરે છે તેનું જીવન ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર થતું જાય છે અને તે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર લોકોને જીતી લે છે. આ પાંચ પ્રકારની સામોપાસનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- एतद्दृष्ट्या विशिष्टं यः परोवरीयः सामोपास्ते परोवरीयो हास्य जीवनं भवतीत्युक्तार्थम् । इति तु पञ्चविधस्य साम्न उपासनमुक्तमिति सप्तविधे वक्ष्यमाणविषये बुद्धिसमाधानार्थम् । निरपेक्षो हि पञ्चविधे वक्ष्यमाणे बुद्धिं समाधित्सति ॥ २ ॥

શાંકરભાષ્ય :- જે પુરુષ આ પ્રાણ દૃષ્ટિથી યુક્ત ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર સામની ઉપાસના કરે છે તેમનું જીવન ચોક્કસ જ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટતર થતું જાય છે - આ અર્થ પહેલાં (છા.ઉપ. ૧-૯-૨માં) કહેવાઈ ગયો છે. આવી રીતે આ પાંચ પ્રકારના સામની ઉપાસના કહેવાઈ છે, આ વાત શ્રુતિએ આગળ કહેવામાં આવેલી સપ્તવિધ સામોપાસનામાં બુદ્ધિને સમાહિત કરવાને માટે કરી છે, કારણ કે પંચવિધ સામોપાસનામાં નિરપેક્ષ થયેલો પુરુષ જ આગળ કહેવામાં આવેલી ઉપાસનામાં બુદ્ધિને સમાહિત કરવા ઇચ્છશે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये सप्तमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ७ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના સાતમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टमः खण्डः

अथ सप्तविधस्य वाचि सप्तविधꣳसामोपासीत यत्किं च वाचो हुमिति स हिंकारो यत्प्रेति स प्रस्तावो यदेति स आदिः ॥ १ ॥

હવે સપ્તવિધ સામની (ઉપાસનાના પ્રકરણનો આરંભ કરવામાં આવે છે) વાણીમાં સપ્તવિધ સામની ઉપાસના કરવી જોઈએ. વાણીમાં જ કોઈ 'હું' એવું સ્વરૂપ છે તે હિંકાર છે, જે કાંઈ 'પ્ર' એવું સ્વરૂપ છે તે પ્રસ્તાવ છે અને જે કાંઈ 'આ' એવું સ્વરૂપ છે તે આદિ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरं सप्तविधस्य समस्तस्य साम्न उपासनं साध्विदमारभ्यते । वाचीति सप्तमी पूर्ववत् । वाग्दृष्टिविशिष्टं सप्तविधं सामोपासीतेत्यर्थः । यत्किञ्च वाचः शब्दस्य हुमिति यो विशेषः स हिंकारो हकारसामान्यात् । यत्प्रेति शब्दरूपं स प्रस्तावः प्रसामान्यात् । यत् आ इति स आदिः, आकारसामान्यात् आदिरित्योङ्कारः, सर्वादित्वात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે આના પછી આ સપ્તવિધ સમસ્ત સામની સાધુ ઉપાસનાનો આરંભ કરવામાં આવે છે. શ્રુતિમાં 'वाचि' આ પદની સપ્તમી વિભક્તિ પૂર્વવત્ ('लोकेषु' વગેરે પદોની સપ્તમી જેવી) સમજવી જોઈએ. આનું તાત્પર્ય આ છે કે વાગ્દૃષ્ટિ વિશિષ્ટ સપ્તવિધ સામની ઉપાસના કરવી જોઈએ. જે કાંઈ વાણી અર્થાત્ શબ્દનું 'હું' એવું વિશેષ રૂપ છે તે હિંકાર છે, કારણ કે 'હું' અને હિંકારમાં હકારની સમાનતા છે, જે કાંઈ 'પ્ર' એવાં શબ્દરૂપ છે તે પ્રસ્તાવ છે, કારણ કે તે બંનેમાં 'પ્ર' શબ્દનું સાદૃશ્ય છે. તથા જે કાંઈ 'આ' એવું શબ્દરૂપ છે તે આકારમાં સમાનતા હોવાને કારણે આદિ છે. 'આદિ' આ ઓમકારનો વાચક છે, કારણ કે એ સર્વનો આદિ છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

यदुदिति स उद्गीथो यत्प्रतीति स प्रतिहारो यदुपेति स उपद्रवो यन्नीति तन्निधनम् ॥ २ ॥

જે કાંઈ 'उत' એવું (શબ્દરૂપ) છે તે ઉદ્‌ગીથ છે, જે કાંઈ 'उप' (એવો શબ્દ) છે તે પ્રતિહાર છે, જે કાંઈ 'प्रति' એવો શબ્દ) છે તે ઉપદ્રવ છે અને જે કાંઈ 'उप' એવું (શબ્દરૂપ) છે તે નિધન છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- यदुदिति स उद्गीथः, उत्पूर्वत्वादुद्गीथस्य । यत्प्रतीति स प्रतिहारः, प्रतिसामान्यात् । यदुपेति स उपद्रव उपोपक्रमत्वादुपद्रवस्य । यन्नीति तन्निधनम्, निशब्दसामान्यात् ॥ २ ॥

શાંકરભાષ્ય :- જે કાંઈ 'उत' એવું શબ્દરૂપ છે તે ઉદ્‌ગીથ છે કારણ કે 'उद्गीथ' શબ્દના આરંભમાં 'उत्' છે, જે કાંઈ 'प्रति' એવું શબ્દરૂપ છે તે પ્રતિહાર છે, કારણ કે તેનામાં 'प्रति' શબ્દનું સાદૃશ્ય છે, જે કાંઈ 'उप' એવું શબ્દરૂપ છે તે ઉપદ્રવ છે, કારણ કે ઉપદ્રવ શબ્દના આરંભમાં 'उप' શબ્દ છે તથા જે કાંઈ 'नि' એવું શબ્દ રૂપ છે તે નિધન છે, કારણ કે 'नि' અને 'निधन'માં 'नि' શબ્દની સમાનતા છે. ॥ ૨ ॥

दुग्धेऽस्मै वाग्दोहं यो वाचो दोहोऽन्नवानन्नादो भवति य एतदेवं विद्वान्वाचि सप्तविधꣳसामोपास्ते ॥ ३ ॥

જે આને આવી રીતે જાણનારો પુરુષ વાણીમાં સપ્તવિધ સામની ઉપાસના કરે છે તેને વાણી, જે કાંઈ વાણીનો દોહ (સાર) છે તેને આપે છે તથા તે પ્રચુર અન્નથી સંપન્ન અને તેનો ભોક્તા થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- दुग्धेऽस्मा इत्याद्युक्तार्थम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'दुग्धेऽस्मै' વગેરે શ્રુતિનો અર્થ પહેલાં (છા.ઉપ. ૧-૩-૭માં) કહેવામાં આવી ગયો છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये अष्टमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ८ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં દ્વિતીય અધ્યાયના આઠમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

नवमः खण्डः

अथ खल्वमुमादित्यꣳसप्तविधꣳसामोपासीत सर्वदा समस्तेन साम मां प्रति मां प्रतीति सर्वेण समस्तेन साम ॥ १ ॥

હવે તે આદિત્યના રૂપે સપ્તવિધ સામની ઉપાસના કરવી જોઈએ. આદિત્ય સર્વદા સમ છે, એટલાં માટે તે સામ છે. મારા પ્રત્યે, મારા પ્રત્યે એવો અનુભવનું કારણ તે સર્વ પ્રત્યે સમ છે, એટલા માટે સામ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अवयवमात्रे साम्न्यादित्यदृष्टिः पञ्चविधेषूक्ता प्रथमे चाध्याये । अथेदानीं खल्वमुमादित्यं समस्ते साम्न्यवयवविभागशोऽध्यस्य सप्तविधं सामोपासीत । कथं पुनः सामत्वमादित्यस्य ? इत्युच्यते– ★ उद्गीथत्वे हेतुवदादित्यस्य सामत्वे हेतुः । कोऽसौ ? सर्वदा समो वृद्धिक्षयाभावात्तेन हेतुना सामादित्यो मां प्रति मां प्रतीति तुल्यां बुद्धिमुत्पादयति, अतः सर्वेण समोऽतः साम समत्वादित्यर्थः । ★ उद्गीथभक्तिसामान्यवचनादेव लोकादिषूक्तसामान्याद्धिंकारादित्वं गम्य इति हिंकारादित्वे कारणं नोक्तम् । सामत्वे पुनः सवितुरनुक्तं कारणं न सुबोधमिति समत्वमुक्तम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- પંચવિધ સામોપાસનાઓના પ્રસંગે તથા પ્રથમ અધ્યાયમાં કેવળ અવયવ માત્ર સામમાં આદિત્ય દૃષ્ટિ કહેવામાં આવી છે. તેના પછી હવે આ કહેવામાં આવે છે કે તે આદિત્યને સમસ્ત સામમાં તેના અવયવ વિભાગ અનુસાર આરોપિત કરીને સપ્તવિધ સામની ઉપાસના કરો. તો પછી આદિત્યની સામરૂપતા કેવી રીતે છે ? આ બતાવવામાં આવે છે –

આદિત્યના ઉદ્‌ગીથ રૂપ થવામાં જેવી રીતે હેતુ છે તેવી રીતે તેના સામ રૂપ થવામાં પણ છે. તે (હેતુ) શું છે ? વૃદ્ધિ અને ક્ષયનો અભાવ હોવાને કારણે આદિત્ય સર્વદા સમ છે એટલા માટે તે સામ છે. તે 'મારા પ્રત્યે, મારા પ્રત્યે' આવી રીતે સર્વમાં સમાન બુદ્ધિ ઉત્પન્ન કરે છે એટલા માટે તે સર્વ સાથે સમાન છે, એટલે આ સમતાને કારણે તે સામ છે.

ઉદ્‌ગીથ ભક્તિમાં સમાનતા બતાવવાથી જ (અર્થાત્ ઉદ્‌ગીથની સાથે આદિત્યનું ઊર્ધ્વત્વમાં સાદૃશ્ય છે - એવું જે શ્રુતિએ કહ્યું છે તેના અનુસાર જ) લોકાદિમાં પણ (સામાવયવોની સાથે) સાદૃશ્ય બતાવવામાં આવતાં તેનું હિંકારાદિ રૂપ હોવું જાણવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

આવે છે - આનાથી (શ્રુતિમાં આદિત્યાવયવોના) હિંકારાદિ રૂપ હોવામાં કારણ બતાવવામાં આવ્યું ન હતું. પરંતુ આદિત્યની સામરૂપતામાં બતાવવામાં નહિ આવેલું કારણ સુગમતાથી જાણી શકાતું નથી એટલા માટે તેના સંબંધમાં સમત્વરૂપ કારણ બતાવવામાં આવ્યું છે. ॥ ૧ ॥

तस्मिन्निमानि सर्वाणि भूतान्यन्वायत्तानीति विद्यात्तस्य यत्पुरोदयात्स हिंकारस्तदस्य पशवोऽन्वायत्तास्तस्मात्ते हिं कुर्वन्ति हिंकारभाजिनो ह्येतस्य साम्नः ॥ २ ॥

તે આદિત્યમાં એ સંપૂર્ણ ભૂત અનુગત છે - એમ જાણો. જે તે આદિત્યના ઉદય પહેલાં છે તે હિંકાર છે. તે સૂર્યનું જે હિંકારરૂપ છે તેના પશુ અનુગત છે, તેનાથી તે હિંકાર કરે છે. એટલે તે જ આ આદિત્યરૂપ સામના હિંકારનું ભાજન છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्मिन्नादित्येऽवयवविभागश इमानि वक्ष्यमाणानि सर्वाणि भूतान्यन्वायत्तान्यनुगतान्यादित्यमुपजीव्यत्वेनेति विद्यात् । कथम् ? तस्यादित्यस्य यत्पुरोदयाद्धर्मरूपम्, स हिंकारो भक्तिस्तत्रेदं सामान्यं यत्तस्य हिंकारभक्तिरूपम् । ★ तदस्यादित्यस्य साम्नः पशवो गवादयोऽन्वायत्ता अनुगतास्तद्भक्तिरूपमुपजीवन्तीत्यर्थः । यस्मादेवं तस्मात्ते हिंकुर्वन्ति पशवः प्रागुदयात् । तस्माद्धिंकारभाजिनो ह्येतस्यादित्याख्यस्य साम्नः तद्भक्तिभजनशीलत्वाद्धि त एवं वर्तन्ते ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આદિત્યમાં આ આગળ બતાવવામાં આવનારા સમસ્ત ભૂત અવયવ વિભાગાનુસાર તેના ઉપજીવ્યરૂપથી અન્વાયત્ત - અનુગત છે - એમ જાણો. તે કેવી રીતે (અનુગત છે) ? તે આદિત્યના ઉદયના પહેલાં જે ધર્મરૂપ (ધર્માનુષ્ઠાનનું પ્રેરકરૂપ) છે તે હિંકાર ભક્તિ છે. તે ધર્મરૂપમાં આ જ સાદૃશ્ય છે કે તે તે(આદિત્ય સંજ્ઞક સામ)ના હિંકાર ભક્તિરૂપ છે.

તે આ આદિત્યરૂપ સામના ગૌ વગેરે પશુ અન્વાયત્ત - અનુગત છે, અર્થાત્ તે હિંકાર ભક્તિરૂપે તેના ઉપજીવી છે. કારણ કે એવું છે એટલા માટે તે પશુ સૂર્યોદયથી પહેલાં હિંકાર શબ્દ કરે છે. એટલે તે આ આદિત્ય સંજ્ઞક સામના હિંકારપાત્ર છે. તે હિંકાર ભક્તિના સેવનમાં તત્પર રહેવાથી જ તે આવી રીતે વરતે છે. (અર્થાત્ સૂર્યોદયથી પહેલાં હિંકાર કરે છે.) ॥ ૨ ॥

अथ यत्प्रथमोदिते स प्रस्तावस्तदस्य मनुष्या अन्वायत्तास्तस्मात्ते प्रस्तुतिकामाः प्रशꣳसाकामाः प्रस्तावभाजिनो ह्येतस्य साम्नः ॥ ३ ॥

હવે સૂર્યની પહેલાં પહેલા (તેનો) ઉદય થવાથી જે રૂપ હોય છે તે પ્રસ્તાવ છે. તેના તે રૂપના મનુષ્ય અનુગામી છે, એટલે તે પ્રસ્તુતિ (પ્રત્યક્ષ સ્તુતિ અને પ્રશંસા (પરોક્ષ સ્તુતિ)ની ઈચ્છાવાળા છે. કારણ કે તે આ સામની પ્રસ્તાવભક્તિનું સેવન કરનારા છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ यत्प्रथमोदिते सवितृरूपं तदस्यादित्याख्यस्य साम्नः प्रस्तावस्तदस्य मनुष्या अन्वायत्ताः पूर्ववत् । तस्मात्ते प्रस्तुतिं प्रशंसां कामयन्ते । यस्मात्प्रस्तावभाजिनो ह्येतस्य साम्नः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- હવે સૂર્યના પહેલે પહેલ ઉદય થવાથી જે તેનું રૂપ હોય છે તે આ આદિત્ય સંજ્ઞક સામનો પ્રસ્તાવ છે, પૂર્વવત્ (અર્થાત્ પશુઓ સમાન) તેના તે રૂપના મનુષ્ય અનુગામી છે તેનાથી તે પ્રસ્તુતિ અને પ્રશંસાની ઈચ્છા કરે છે, કારણ કે તે આ સામના પ્રસ્તાવને પ્રાપ્ત થનારા છે. ॥ ૩ ॥

अथ यत्सङ्गववेलायाꣳस आदिस्तदस्य वयाꣳस्यन्वायत्तानि तस्मात्तान्यन्तरिक्षेऽनारम्बणान्यादायात्मानं परिपन्त्यादिभाजीनि ह्येतस्य साम्नः ॥ ४ ॥

હવે આદિત્યનું જે રૂપ સંગવવેળામાં (સૂર્યોદયના ત્રણ મુહૂર્ત પછીના સમયે) રહે છે તે આદિ છે. તેના તે રૂપના અનુગત પક્ષીગણ છે, કારણ કે તે આ સામના આદિને પ્રાપ્ત કરનારા છે, એટલા માટે તે અંતરિક્ષમાં પોતાને નિરાધારરૂપે સર્વ બાજુએ લઈ જાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथ यत्सङ्गववेलायां गवां रश्मीनां सङ्गमनं सङ्गमो यस्यां वेलायां गवां वा वत्सैः सा सङ्गववेला तस्मिन्काले यत्सावित्रं रूपं स आदिर्भक्तिविशेष ओङ्कारस्तदस्य वयांसि पक्षिणोऽन्वायत्तानि । ★ यत एवं तस्मात्तानि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

वयांस्यन्तरिक्षेऽनारम्बणान्यनालम्बनान्यात्मानमादायात्मानमेवालम्बनत्वेन गृहीत्वा परिपतन्ति गच्छन्त्यत आकारसामान्यादादिभक्तिभाजीनि ह्येतस्य साम्नः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે પછી સંગવવેળાએ - જે વેળાએ ગાય એટલે સૂર્ય કિરણોનો સંગમ થાય છે અથવા જેમાં ગાયોનો વાછરડાઓ સાથે સંગમ થાય છે તેને સંગવવેળા કહે છે, તે કાળમાં સૂર્યદેવનું જે રૂપ હોય છે તે આદિ-ભક્તિવિશેષ ઓમકાર છે. તેના તે રૂપના અનુગામી પક્ષીગણ છે.

કારણ કે એવું છે એટલા માટે તે પક્ષીગણ આકાશમાં અનારમ્ભણ આશ્રય વિના જે પોતાને આલંબનરૂપે ગ્રહણ કરીને સર્વ બાજુએ ઊડે છે. એટલે ('आदायात्मानं परिपतन्ति' તેના આરંભમાં) આકાર રૂપ સાદૃશ્ય હોવાને કારણે તે આ સામની આદિ સંજ્ઞક ભક્તિના ભાગીદાર છે. ॥ ૪ ॥

अथ यत्सम्प्रति मध्यन्दिने स उद्गीथस्तदस्य देवा अन्वायत्तास्तस्मात्ते सत्तमाः प्राजापत्यानामुद्गीथभाजिनो ह्येतस्य साम्नः ॥ ५ ॥

હવે જે મધ્ય દિવસમાં (ખરા બપોરે) આદિત્યનું રૂપ હોય છે તે ઉદ્ગીથ છે. તેના તે રૂપના દેવલોકો અનુગત છે. આનાથી તે પ્રજાપતિથી ઉત્પન્ન થયેલાં પ્રાણીઓમાં સર્વ શ્રેષ્ઠ છે, કારણ કે તે આ સામની ઉદ્ગીથ ભક્તિના ભાગીદાર છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथ यत्सम्प्रति मध्यन्दिन ऋजुमध्यन्दिन इत्यर्थः । स उद्गीथभक्तिस्तदस्य देवा अन्वायत्ताः, द्योतनातिशयात्तत्काले । तस्मात्ते सत्तमा विशिष्टतमाः प्राजापत्यानां प्रजापत्यपत्यानामुद्गीथभाजिनो ह्येतस्य साम्नः ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હવે જે સંપ્રતિ મધ્યંદિનમાં અર્થાત્ ખરા બપોરે (આદિત્યનું રૂપ હોય) છે તે ઉદ્ગીથ ભક્તિ છે, તેના તે રૂપના અનુગામી દેવલોકો છે, કારણ કે તે સમયે તેઓ અત્યંત પ્રકાશશીલ હોય છે. આનાથી તે પ્રાજાપત્યોમાં - પ્રજાપતિના પુત્રોમાં સત્તમ-વિશિષ્ટતમ હોય છે, કારણ કે તે આ સામની ઉદ્ગીથ ભક્તિના ભાગીદાર છે. ॥ ૫ ॥

अथ यदूर्ध्वं मध्यन्दिनात्प्रागपराह्णात्स प्रतिहारस्तदस्य गर्भा अन्वायत्तास्तस्मात्ते प्रतिहृता नावपद्यन्ते प्रतिहारभाजिनो ह्येतस्य साम्नः ॥ ६ ॥

હવે આદિત્યનું જે રૂપ મધ્યાહ્ન પછી અને અપરાહ્ન પહેલાં હોય છે તે પ્રતિહાર છે. તેના તે રૂપના અનુગામી ગર્ભ છે. આનાથી તે પ્રતિહત (ઉપરની બાજુ આકૃષ્ટ) કરવામાં આવતાં નીચે પડતાં નથી, કારણ કે તે આ સામની પ્રતિહાર ભક્તિના પાત્ર છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- अथ यदूर्ध्वं मध्यन्दिनात्प्रागपराह्णाद्यद्रूपं सवितुः स प्रतिहारस्तदस्य गर्भा अन्वायत्ताः । अतस्ते सवितुः प्रतिहारभक्तिरूपेणोर्ध्वं प्रतिहृताः सन्तो नावपद्यन्ते नाधः पतन्ति तद्द्वारे सत्यपीत्यर्थः । यतः प्रतिहारभाजिनो ह्येतस्य साम्नो गर्भाः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- હવે આદિત્યનું જે રૂપ મધ્યાહ્ન પછી અને અપરાહ્ન પહેલાં હોય છે તે પ્રતિહાર છે. તેના તે રૂપના અનુગામી ગર્ભ છે. એટલે તે સૂર્યની પ્રતિહાર ભક્તિ રૂપે ઉપરની બાજુ પ્રતિહત (આકૃષ્ટ) હોવાને કારણે, પતનના દ્વારે રહેલાં છે તો પણ પડતાં નથી - નીચે પડતાં નથી, કારણ કે ગર્ભ આ સામની પ્રતિહાર ભક્તિનો ભાગીદાર છે. ॥ ૬ ॥

अथ यदूर्ध्वमपराह्णात्प्रागस्तमयात्स उपद्रवस्तदस्यारण्या अन्वायत्तास्तस्मात्ते पुरुषं दृष्ट्वा कक्षꣳश्वभ्रमित्युपद्रवन्त्युपद्रवभाजिनो ह्येतस्य साम्नः ॥ ७ ॥

હવે આદિત્યનું જે રૂપ અપરાહ્ન પછી અને સૂર્યાસ્ત પહેલાં હોય છે તે ઉપદ્રવ છે. તેના તે રૂપના અનુગામી વન્ય પશુ છે. આનાથી તે પુરુષને જોઈને ભયવશ અરણ્ય (વન) અથવા ગુફામાં ભાગી જાય છે, કારણ કે તે આ સામની ઉપદ્રવ ભક્તિના ભાગીદાર છે. ॥ ૭ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- अथ यदूर्ध्वमपराह्णात्प्रागस्तमयात्स उपद्रवस्तदस्यारण्याः पशवोऽन्वायत्ताः । तस्मात्ते पुरुषं दृष्ट्वा भीताः कक्षमरण्यं श्वभ्रं भयशून्यमित्युपद्रवन्त्युपगच्छन्ति, दृष्ट्वोपद्रावणादुपद्रवभाजिनो ह्येतस्य साम्नः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- હવે આદિત્યનું જે રૂપ અપરાહ્ન પછી અને સૂર્યાસ્ત પહેલાં હોય છે તે ઉપદ્રવ છે. આના તે રૂપના અનુગામી વન્ય પશુ છે. આનાથી તે પુરુષને જોઈને ભયભીત થઈ કક્ષમાં વનમાં અથવા ભયશૂન્ય ગુફામાં ભાગી જાય છે. આવી રીતે જોઈને ભાગવાને કારણે તે આ સામની ઉપદ્રવ ભક્તિના ભાગીદાર છે. ॥ ૭ ॥

अथ यत्प्रथमास्तमिते तन्निधनं तदस्य पितरोऽन्वायत्तास्तस्मात्तान्निदधति निधनभाजिनो ह्येतस्य साम्न एवं खल्वमुमादित्यꣳसप्तविधꣳसामोपास्ते ॥ ८ ॥

હવે આદિત્યનું જે રૂપ સૂર્યાસ્તથી પહેલાં હોય છે તે નિધન છે. તેના તે રૂપના અનુગત પિતૃગણ છે, આનાથી (શ્રાદ્ધ કાળમાં) તેને દર્ભપર સ્થાપિત કરે છે, કારણ કે તે પિતૃગણ ચોક્કસ આ સામની નિધન ભક્તિના પાત્ર છે. આવી રીતે આ આદિત્યરૂપ સપ્તવિધ સામની ઉપાસના કરે છે. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- अथ यत्प्रथमास्तमितेऽदर्शनं जिगमिषति सवितरि तन्निधनं तदस्य पितरोऽन्वायत्तास्तस्मात्तान्निदधति पितृपितामहप्रपितामहरूपेण दर्भेषु निक्षिपन्ति तांस्तदर्थं पिण्डान्वा स्थापयन्ति । निधनसम्बन्धान्निधनभाजिनो ह्येतस्य साम्नः पितरः । एवमवयवशः सप्तधा विभक्तं खल्वमुमादित्यं सप्तविधं सामोपास्ते यस्तस्य तदापत्तिः फलमिति वाक्यशेषः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- હવે સૂર્યાસ્તથી પહેલાં અર્થાત્ સૂર્ય જ્યારે અદૃશ્ય થવા ઇચ્છે છે તે વખતે તેનું જે રૂપ છે તે નિધન છે. તેના તે રૂપના અનુગત પિતૃગણ છે. આનાથી તેને નિહિત કરે છે અર્થાત્ પિતા, પિતામહ અને પ્રપિતામહ રૂપે તેઓને દર્ભો ઉપર સ્થાપિત કરે છે (મૂકે છે) અથવા તેના ઉદ્દેશ્યથી પિંડ રાખે છે. આવી રીતે નિધનનો સંબંધ હોવાને કારણે તે પિતૃગણ આ સામની નિધનભક્તિના પાત્ર છે. આવી રીતે અવયવરૂપે સાત ભાગોમાં વિભક્ત થયેલાં આ આદિત્ય રૂપ સપ્તવિધ સામની જે ઉપાસના કરે છે તેને (આદિત્ય રૂપતાની) પ્રાપ્તિ રૂપ ફળ મળે છે - આ વાક્ય શેષ છે. ॥ ૮ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये नवमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ९ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના નવમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

दशमः खण्डः

शाङ्करभाष्यम् :- मृत्युरादित्यः अहोरात्रादिकालेन जगतः प्रमापयितृत्वात्तस्यातितरणायेदं सामोपासनमुपदिश्यते—

શાંકરભાષ્ય :- દિવસ અને રાત્રી વગેરે કાળ દ્વારા જગતના પ્રમાપયિતા (અર્થાત્ માપનાર) હોવાને કારણે આદિત્ય મૃત્યુ છે, તેને પાર કરવાને માટે આ સામોપાસનાનો ઉપદેશ કરવામાં આવે છે.

अथ खल्वात्मसंमितमतिमृत्यु सप्तविधꣳसामोपासीत हिङ्कार इति त्र्यक्षरं प्रस्ताव इति त्र्यक्षरं तत्समम् ॥ १ ॥

હવે સમાન અક્ષરોવાળા મૃત્યુથી અતીત સપ્તવિધ સામની ઉપાસના કરો. 'હિંકાર' આ ત્રણ અક્ષરોવાળો છે તથા 'પ્રસ્તાવ' આ પણ ત્રણ અક્ષરોવાળો છે, એટલે તેના સમાન છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ खल्वनन्तरमादित्यमृत्युविषयसामोपासनस्यात्मसंमितं स्वावयवतुल्यतया मितं परमात्मतुल्यतया वा संमितमतिमृत्यु मृत्युजयहेतुत्वात् । यथा प्रथमेऽध्याय उद्गीथभक्तिनामाक्षराण्युद्गीथ इत्युपास्यत्वेनोक्तानि, तथेह साम्नः सप्तविधभक्तिनामाक्षराणि समाहृत्य त्रिभिस्त्रिभिः समतया सामत्वं परिकल्प्योपास्यत्वेनोच्यन्ते । ★ तदुपासनेन मृत्युगोचराक्षरसंख्यासामान्येन तं मृत्युं प्राप्य तदतिरिक्ताक्षरेण तस्यादित्यस्य मृत्योरतिक्रमणायैव संक्रमणं कल्पयति । अतिमृत्यु सप्तविधं सामोपासीत मृत्युमतिक्रान्तमतिरिक्ताक्षरसंख्ययेत्यतिमृत्यु साम । तस्य प्रथमभक्तिनामाक्षराणि हिङ्कार इत्येतत्त्र्यक्षरं भक्तिनाम । प्रस्ताव इति च भक्तेस्त्र्यक्षरमेव नाम तत्पूर्वेण समम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે ચોક્કસ આદિત્યરૂપ મૃત્યુના વિષયભૂત સામની ઉપાસના પછી આત્મસંમિત-પોતાના અવયવો(સામવયવો)ની તુલ્યતા દ્વારા પરિચિત અથવા પરમાત્મસદૃશતાને કારણે જ્ઞાન, જે મૃત્યુને જીતવાનો હેતુ હોવાને કારણે અતિમૃત્યુ છે, (તે સપ્તવિધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સામની ઉપાસના કરો - આ કહેવામાં આવે છે). જેવી રીતે પ્રથમ અધ્યાયમાં ઉદ્‌ગીથ ભક્તિના નામનો અક્ષર 'ઉદ્‌ગીથ છે' તે સામ ઉપાસ્યરૂપે કહેવામાં આવેલ છે, તેવી રીતે અહીં સામની સાત પ્રકારની ભક્તિઓના નામોના અક્ષરોને એકત્રિત કરીને ત્રણ ત્રણ અક્ષરો દ્વારા સમત્વ હોવાને કારણે તેના સામત્વની કલ્પના કરીને તેને ઉપાસ્ય રૂપે કહેવામાં આવે છે.

મૃત્યુના વિષયભૂત અક્ષરોની સંખ્યા(જે એકવીસ છે તે)ની સદશતાને કારણે તે અક્ષરોની ઉપાસના કરવાથી મૃત્યુ(આદિત્ય)ને પ્રાપ્ત કરીને તેનાથી અતિરિક્ત અક્ષર દ્વારા તે આદિત્યરૂપ મૃત્યુના અતિક્રમણને માટે જ શ્રુતિ (ઉપાસકના) સંક્રમણની કલ્પના કરે છે. (શ્રુતિમાં જે કહ્યું છે કે) અતિમૃત્યુ સપ્તવિધ સામની ઉપાસના કરો તો અતિરિક્ત અક્ષર સંખ્યા(બાવીસમી)ના દ્વારા મૃત્યુનું અતિક્રમણ કરવાને કારણે સામ અતિમૃત્યુ છે. તે સામની પ્રથમ ભક્તિના નામાક્ષર 'હિંકાર' છે આ ભક્તિનામ ત્રણ અક્ષરોવાળો છે, તથા 'પ્રસ્તાવ' આ પ્રસ્તાવભક્તિનું નામ પણ ત્રણ અક્ષરોવાળું જ છે, એટલે પહેલાં નામ સમાન છે. ॥ ૧ ॥

आदिरिति द्व्यक्षरं प्रतिहार इति चतुरक्षरं तत इहैकं तत्समम् ॥ २ ॥

'आदि' આ બે અક્ષરોવાળું નામ છે અને 'प्रतिहार' આ ચાર અક્ષરોવાળું નામ છે. આમાંથી એક અક્ષર કાઢીને આદિમાં ભેળવવાથી તે સમાન થઈ જાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- आदिरिति द्व्यक्षरं सप्तविधस्य साम्नः संख्यापूरण ओङ्कार आदिरित्युच्यते । प्रतिहार इति चतुरक्षरम् । तत इहैकमक्षरमवच्छिद्याक्षरयोः प्रक्षिप्यते । तेन तत्सममेव भवति ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'આદિ' આ બે અક્ષરોવાળું છે. સાત પ્રકારના સામની સંખ્યાને પૂર્ણ કરવામાં ઓમકાર 'આદિ' આ નામથી કહેવામાં આવે છે. તથા 'પ્રતિહાર' ચાર અક્ષરોવાળું નામ છે. અહીં તેમાંથી એક અક્ષર કાઢી લઈને આદિના બે અક્ષરોમાં ભેળવી દેવામાં આવે છે. આનાથી તે તેના સમાન થઈ જાય છે. ॥ ૨ ॥

उद्गीथ इति त्र्यक्षरमुपद्रव इति चतुरक्षरं त्रिभिस्त्रिभिः समं भवत्यक्षरमतिशिष्यते त्र्यक्षरं तत्समम् ॥ ३ ॥

'ઉદ્‌ગીથ' આ ત્રણ અક્ષરોનું અને 'ઉપદ્રવ' આ ચાર અક્ષરોનું નામ છે. એ બંને ત્રણ-ત્રણ અક્ષરોમાં તો સમાન છે, પરંતુ એક અક્ષર બચી જાય છે. એટલે ('અક્ષર' હોવાને કારણે) ત્રણ અક્ષરોવાળું હોવાથી તો તે (એક) પણ તેના સમાન જ છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- उद्गीथ इति त्र्यक्षरमुपद्रव इति चतुरक्षर त्रिभिस्त्रिभिः समं भवत्यक्षरमतिशिष्यतेऽतिरिच्यते । तेन वैषम्ये प्राप्ते साम्नः समत्वकरणायाह तदेकमपि सदक्षरमिति त्र्यक्षरमेव भवति । अतस्तत्समम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'ઉદ્‌ગીથ' આ નામ ત્રણ અક્ષરોવાળું છે અને 'ઉપદ્રવ' આ ચાર અક્ષરોવાળું. ત્રણ-ત્રણ અક્ષરોથી આ સમાન છે, પરંતુ એક અક્ષર બચી જાય છે એટલે કે વધે છે. તેના કારણે આમાં વિષમતા પ્રાપ્ત થવાથી સામનું સમત્વ કરવાને માટે શ્રુતિ કહે છે કે તે એક હોવાથી પણ 'અક્ષર' છે. એટલા માટે તે નામ પણ ત્રણ અક્ષરોવાળું જ છે. એટલે તેની સમાન છે. ॥ ૩ ॥

निधनमिति त्र्यक्षरं तत्सममेव भवति तानि ह वा एतानि द्वाविंशतिरक्षराणि ॥ ४ ॥

'निधन' આ નામ ત્રણ અક્ષરોનું છે, એટલે આ તેના સમાન છે. તે જ આ બાવીસ અક્ષર છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- निधनमिति त्र्यक्षरं तत्सममेव भवति । एवं त्र्यक्षरसमतया सामत्वं संपाद्य यथाप्राप्तान्येवाक्षराणि संख्यायन्ते । तानि ह वा एतानि सप्तभक्तिनामाक्षराणि द्वाविंशतिः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'નિધન' આ ત્રણ અક્ષરોવાળું નામ છે, એટલે આ તેના સમાન જ છે. આવી રીતે ત્રણ અક્ષરોમાં સમાનતા હોવાને કારણે તેની સમાનતા સંપાદિત (પ્રાપ્ત) કરીને આવી રીતે પ્રાપ્ત થયેલા અક્ષરોની ગણના કરવામાં આવે છે - ચોક્કસ તે આ સાત ભક્તિઓના નામાક્ષર બાવીસ છે. ॥ ૪ ॥

एकविंशत्यादित्यमाप्नोत्येकविंशो वा इतोऽसावादित्यो द्वाविंशेन परमादित्याज्जयति तन्नाकं तद्विशोकम् ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

એકવીસ અક્ષરો દ્વારા સાધક આદિત્ય લોક પ્રાપ્ત કરે છે, કારણ કે આ લોકથી તે આદિત્ય ચોક્કસ એકવીસમો છે. બાવીસમાં અક્ષર દ્વારા તે આદિત્યથી ઉપર તે દુઃખહીન તેમજ શોકરહિત લોકને જીતી લે છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- तत्रैकविंशत्यक्षरसंख्ययादित्यमाप्नोति मृत्युम् । यस्मादेकविंश इतोऽस्माल्लोकादसावादित्यः संख्यया । **'द्वादश मासाः पञ्चर्तवस्त्रय इमे लोका असावादित्य एक विंशः'** इति श्रुतेः । अतिशिष्टेन द्वाविंशेनाक्षरेण परं मृत्योरादित्याज्जयत्याप्नोतीत्यर्थः । यच्च तदादित्यात्परं किं तत् ? नाकं कमिति सुखं तस्य प्रतिषेधोऽकं तन्न भवतीति नाकं कमेवेत्यर्थः, अमृत्युविषयत्वात् । विशोकं च तद्विगतशोकं मानसदुःखरहितमित्यर्थः । तदाप्नोतीति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- ત્યાં તે એકવીસ અક્ષર સંખ્યા દ્વારા તો આદિત્યલોકરૂપ મૃત્યુને પ્રાપ્ત કરે છે, કારણ કે આ લોકની અપેક્ષા તે આદિત્યલોક સંખ્યામાં એકવીસમો છે. જેમકે **'બાર મહિના, પાંચ ઋતુઓ, ત્રણ આ લોક અને એકવીસમો તે આદિત્યલોક'** વગેરે શ્રુતિથી સિદ્ધ થાય છે. બચેલા બાવીસમાં અક્ષર દ્વારા તે મૃત્યુ એટલે આદિત્યલોકથી ઉપર ઉત્કૃષ્ટ લોકને જીતી લે છે એટલે પ્રાપ્ત કરી લે છે. તે આદિત્યલોકથી જે ઉપર છે તે શું છે ? તે નાક છે - ક સુખને કહે છે તેનો પ્રતિષેધ અક છે, તે જેનામાં ન હોય તેને નાક કહે છે, અર્થાત્ મૃત્યુનો વિષય ન હોવાને કારણે તે ક (સુખ) જ છે. તથા તે વિશોક-શોક રહિત અર્થાત્ માનસિક દુઃખ વિનાનો છે. તે જ (લોક)ને તે પ્રાપ્ત કરી લે છે. ॥ ૫ ॥

उक्तस्यैव पिण्डितार्थमाह– શ્રુતિ ઉપર કહેલી વાતનો જ સારાંશ કહે છે –

आप्नोति हादित्यस्य जयं परो हास्यादित्यजयाज्जयो भवति य एतदेवं विद्वानात्मसंमितमतिमृत्यु सप्तविधꣳ सामोपास्ते सामोपास्ते ॥ ६ ॥

(તે પુરુષ) આદિત્ય લોકનો જય પ્રાપ્ત કરે છે તથા તેને આદિત્યના વિજયથી પણ ઉત્કૃષ્ટ જય પ્રાપ્ત થાય છે, જે આ ઉપાસનાને આવી રીતે જાણનારા થઈને આત્મસંમિત અને મૃત્યુથી અતીત સપ્તવિધ સામની ઉપાસના કરે છે - સામની ઉપાસના કરે છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- एकविंशतिसंख्ययादित्यस्य जयमाप्नोति । परो हास्यैवंविद आदित्यजयान्मृत्युगोचरात्परो जयो भवति द्वाविंशत्यक्षरसंख्ययेत्यर्थः । य एतदेवं विद्वानित्याद्युक्तार्थम् । तस्यैतद्यथोक्तं फलमिति । द्विरभ्यासः सप्तविध्यसमाप्त्यर्थः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- એકવીસની અક્ષર-સંખ્યા દ્વારા આદિત્યલોકનો જય પ્રાપ્ત કરે છે, એટલે તાત્પર્ય આ છે કે આવી રીતે જાણનારા આ ઉપાસક બાવીસની અક્ષર સંખ્યા દ્વારા આ મૃત્યુગોચર આદિત્ય જયની અપેક્ષા કરતાં પણ ઉત્કૃષ્ટ જયને પ્રાપ્ત થાય છે. 'य एतदेवं विद्वान्' વગેરે વાક્યનો અર્થ પહેલાં કહેવામાં આવી ગયો છે. તેને આ ઉપર્યુક્ત ફળ પ્રાપ્ત થાય છે. 'सामोपास्ते-सामोपास्ते' આ દ્વિરુક્તિ સામની ઉપાસનાની સપ્તવિધતાની સમાપ્તિ સૂચિત કરવાને માટે છે. ॥ ૬ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये दशमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १० ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના દશમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकादशः खण्डः

शाङ्करभाष्यम् :- विना नामग्रहणं पञ्चविधस्य सप्तविधस्य च साम्न उपासनमुक्तम् । अथेदानीं गायत्रादिनामग्रहणपूर्वकं विशिष्टफलानि सामोपासनान्तराण्युच्यन्ते । यथाक्रम गायत्रादीनां कर्मणि प्रयोगस्तथैव–

શાંકરભાષ્ય :- (અહીં સુધી) નામ લીધા વિના પંચવિધ તેમજ સપ્તવિધ સામની ઉપાસનાનું વર્ણન કરવામાં આવ્યું. હવે આગળ 'ગાયત્ર' વગેરે નામ લઈને વિશિષ્ટ ફળવતી અન્ય ઉપાસનાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે. ગાયત્ર વગેરે ઉપાસનાઓનો તેના ક્રમ પ્રમાણે કર્મમાં પ્રયોગ કરવામાં આવે છે, તેના અનુસાર –

मनो हिंकारो वाक्प्रस्तावश्चक्षुरुद्गीथः श्रोत्रं प्रतिहारः प्राणो निधनमेतद्गायत्रं प्राणेषु प्रोतम् ॥ १ ॥

મન હિંકાર છે, વાક્ પ્રસ્તાવ છે, ચક્ષુ ઉદ્ગીથ છે, શ્રોત્ર પ્રતિહાર છે અને પ્રાણ નિધન છે, આ ગાયત્ર સંજ્ઞક સામ પ્રાણોમાં પ્રતિષ્ઠિત છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- मनो हिंकारो मनसः सर्वकरणवृत्तीनां प्राथम्यात् । तदानन्तर्याद्वाक्प्रस्तावश्चक्षुरुद्गीथः श्रैष्ठ्यात् । श्रोत्रं प्रतिहारः प्रतिहतत्वात् । प्राणो निधनं यथोक्तानां प्राणे निधनात्स्वापकाले । एतद्गायत्रं साम प्राणेषु प्रोतं गायत्र्याः प्राणसंस्तु-तत्वात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- સંપૂર્ણ ઇન્દ્રિયવૃત્તિઓમાં મનની પ્રથમતા હોવાને કારણે મન હિંકાર છે, તેની પશ્ચાદવર્તી હોવાથી વાક્ પ્રસ્તાવ છે, ઉત્કૃષ્ટ હોવાને કારણે ચક્ષુ ઉદ્‌ગીથ છે, પ્રતિહત હોવાને કારણે શ્રોત્ર પ્રતિહાર છે તથા પ્રાણ નિધન છે, કારણ કે સુષુપ્તિકાળમાં પૂર્વોક્ત સંપૂર્ણ ઇન્દ્રિયવર્ગ પ્રાણમાં લીન થઈ જાય છે. આ ગાયત્ર (નામનો) સામ પ્રાણોમાં પ્રતિષ્ઠિત છે, કારણ કે ગાયત્રીનું પ્રાણરૂપે સ્તવન કરવામાં આવ્યું છે. ॥ ૧ ॥

स य एवमेतद्गायत्रं प्राणेषु प्रोतं वेद प्राणी भवति सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या महामनाः स्यात्तद्व्रतम् ॥ २ ॥

તે જે આ પ્રકારે ગાયત્ર સંજ્ઞક સામને પ્રાણોમાં પ્રતિષ્ઠિત થયેલ જાણે છે, તે પ્રાણવાન થાય છે, પૂર્ણ આયુષ્યનો ઉપભોગ કરે છે, પ્રશસ્ત જીવન મેળવે છે, પ્રજા અને પશુઓ દ્વારા મહાન થાય છે તથા કીર્તિ દ્વારા મહાન થાય છે. તે મહામના (ઉદાર હૃદય) થાય છે. આ તેનું વ્રત છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स य एवमेतद्गायत्रं प्राणेषु प्रोतं वेद प्राणी भवति । अविकलकरणो भवतीत्येतत् । सर्वमायुरेति । **'शतं वर्षाणि सर्वमायुः पुरुषस्य'** इति इति श्रुतेः । ज्योगुज्ज्वलं जीवति । महान्भवति प्रजादिभिर्महांश्च कीर्त्या । गायत्रोपासक-स्यैतद्व्रतं भवति यन्महामनस्त्वम्, अक्षुद्रचित्तः स्यादित्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે જે આવી રીતે આ ગાયત્ર સંજ્ઞક સામને પ્રાણોમાં પ્રતિષ્ઠિત જાણે છે, તે પ્રાણવાન થાય છે અર્થાત્ અવિકલ ઇન્દ્રિયવાન થાય છે, તે પૂર્ણ આયુનો ઉપભોગ કરે છે. **'પુરુષની પૂર્ણ આયુ સો વર્ષ છે'** એવી શ્રુતિ છે. જ્યોક્ - ઉજ્જ્વળ જીવન પ્રાપ્ત કરે છે. પ્રજાદિના કારણે મહાન થાય છે. તથા કીર્તિથી મહાન થાય છે. આ જે મહામનસ્ત્વ (વિશાલ હૃદયતા) છે, એ ગાયત્રોપાસકનું વ્રત છે અર્થાત્ તેને ઉદારચિત હોવું જોઈએ એવો અર્થ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये एकादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ ११ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં દ્વિતીય અધ્યાયના અગિયારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वादशः खण्डः

अभिमन्थति स हिंकारो धूमो जायते स प्रस्तावो ज्वलति स उद्गीथोऽङ्गारा भवन्ति स प्रतिहार उपशाम्यति तन्निधनꣳसꣳशाम्यति तन्निधनमेतद्रथन्तरमग्नौ प्रोतम् ॥ १ ॥

અભિમન્થન કરે છે તે હિંકાર છે, ધુમાડો ઉત્પન્ન થાય છે - એ પ્રસ્તાવ છે, પ્રજ્વલિત થાય છે - એ ઉદ્‌ગીથ છે, તણખાઓ થાય છે - એ પ્રતિહાર છે તથા શાંત થતો જાય છે - એ નિધન છે અને સર્વથા શાંત થઈ જાય છે - એ નિધન છે. રથન્તર સામ અગ્નિમાં પ્રતિષ્ઠિત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अभिमन्थति स हिंकारः प्राथम्यात् । अग्नेर्धूमो जायते स प्रस्ताव आनन्तर्यात् । ज्वलति स उद्गीथो हविःसम्बन्धाच्छ्रैष्ठ्यं ज्वलनस्य । अङ्गारा भवन्ति स प्रतिहारोऽङ्गाराणां प्रतिहृतत्वात् । उपशमः सावशेषत्वाग्नेः संशमो निःशेषोपशमः समाप्तिसामान्यान्निधनम् । एतद्रथन्तरमग्नौ प्रोतम्, मन्थने ह्यग्नेर्गीयते ॥ १ ॥

શાંકરભાષ્ય :- (અગ્નિનું) અભિમંથન કરે છે - આ સર્વપ્રથમ હોવાને કારણે હિંકાર છે. અગ્નિથી જે ધુમાડો ઉત્પન્ન થાય છે તે આનું પશ્ચાદ્‌વર્તી હોવાને કારણે પ્રસ્તાવ છે. અગ્નિ બળે છે - તે ઉદ્‌ગીથ છે, હવિનો સંબંધ હોવાને કારણે અગ્નિના પ્રજ્વલિત થવાની શ્રેષ્ઠતા છે. તણખા થાય છે - એ પ્રતિહાર છે, કારણ કે તણખાઓનું પ્રતિહરણ કરવામાં આવે છે. અગ્નિના ઓલવાવામાં કસર રહી જવાને કારણે ઉપશમ અને તેના સર્વથા શાંત થઈ જવું સંશમ રૂપ નિધન છે, કારણ કે તેની સાથે સમાપ્તિમાં આની સમાનતા છે. આ રથન્તર સામ અગ્નિમાં અનુસ્યૂત છે તથા આ અગ્નિ-મંથન-કાળમાં ગાવામાં આવે છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स य एवमेतद्रथन्तरमग्नौ प्रोतं वेद ब्रह्मवर्चस्यन्नादो भवति सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या न प्रत्यङ्ङग्निमाचामेन्न निष्ठीवेत्तद्व्रतम् ॥ २ ॥

તે, જે પુરુષ આવી રીતે આ રથન્તર સામને અગ્નિમાં અનુસ્યૂત જાણે છે તે બ્રહ્મતેજ સંપન્ન અને અન્નનો ભોક્તા થાય છે, પૂર્ણ જીવનનો ઉપભોગ કરે છે, ઉજ્જ્વલ જીવન વ્યતીત કરે છે, પ્રજા અને પશુઓને કારણે મહાન થાય છે તથા કીર્તિને કારણે મહાન થાય છે. અગ્નિની બાજુ (તરફ) મુખ કરીને ભક્ષણ ન કરે અને થૂકે જ નહીં - આ વ્રત છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स य इत्यादि पूर्ववत् । ब्रह्मवर्चसी वृत्तस्वाध्यायनिमित्तं तेजो ब्रह्मवर्चसम्, तेजस्तु केवलं त्विड्भावः । अन्नादो दीप्ताग्निः । न प्रत्यङ्ङग्नेरभिमुखो नाचामेन्न भक्षयेत्किञ्चिन्न निष्ठीवेच्च श्लेष्मनिरसनं च न कुर्यात्तद्व्रतम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'स यः' વગેરે મંત્રનો અર્થ પૂર્વવત્ સમજવો જોઈએ. બ્રહ્મવર્ચસી - સદાચાર અને સ્વાધ્યાયના નિમિત્તે પ્રાપ્ત થયેલું તેજ 'બ્રહ્મવર્ચસ' કહેવાય છે, કેવળ તેજ તો ત્વિડ્ ભાવ(કાન્તિ)નું નામ છે. 'અન્નાદ'નો અર્થ દીપ્તાગ્નિ છે. અગ્નિ તરફ મુખ કરીને આચમન એટલે કાંઈપણ ભક્ષણ ન કરો અને ન નિષ્ઠવન-શ્લેષ્મા (કફ)નો ત્યાગ કરો - આ વ્રત છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

उपमन्त्रयते स हिंकारो ज्ञपयते स प्रस्तावः स्त्रिया सह शेते स उद्गीथः प्रति स्त्रीं सह शेते स प्रतिहारः कालं गच्छति तन्निधनं पारं गच्छति तन्निधनमेतद्वामदेव्यं मिथुने प्रोतम् ॥ १ ॥

પુરુષ જે સંકેત કરે છે, તે હિંકાર છે, જે તોષ આપે (પ્રસન્ન કરવા માટે મીઠી મીઠી વાતો કહે) છે તે પ્રસ્તાવ છે, સ્ત્રીની સાથે જે સૂવે છે, તે ઉદ્ગીથ છે, પોતાની અનેક પત્નીઓમાંથી પ્રત્યેકની સાથે શયન (અનુકૂળ વર્તન) કરે છે, તે પ્રતિહાર છે, (મિથુન દ્વારા જે) સમય વિતાવે છે, તે નિધન છે, મૈથુન આદિ ક્રિયાની જે સમાપ્તિ કરે છે, તે પણ નિધન જ છે, આ વામદેવ્ય સામ મિથુનમાં ઓત-પ્રોત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- उपमन्त्रयते संकेतं करोति प्राथम्यात्स हिंकारः । ज्ञपयते तोषयति स प्रस्तावः । सहशयनमेकपर्यङ्कगमनं स उद्गीथः श्रैष्ठ्यात् । प्रतिस्त्रीं शयनं स्त्रियोऽभिमुखीभावः स प्रतिहारः कालं गच्छति मैथुनेन पारं समाप्तिं गच्छति तन्निधनम् । एतद्वामदेव्यं मिथुने प्रोतम्, वाय्वम्बुमिथुनसम्बन्धात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- પુરુષ જે ઉપમંત્રણ - સંકેત કરે છે, તે પ્રથમ હોવાથી હિંકાર છે, જે જ્ઞાપન કરીને - મીઠી વાતો કરીને તોષ આપે છે, તે પ્રસ્તાવ છે. સ્ત્રી-પુરુષનું જે સાથે શયન કરવું - એક શય્યા પર જવું છે, તે ઉદ્ગીથ છે, કારણ કે (ઉત્તમ સંતાનની પ્રાપ્તિનો હેતુ હોવાને કારણે) તે ઉત્કૃષ્ટ છે. પોતાની અનેક પત્નીઓમાંથી પ્રત્યેકની સાથે શયન કરવું - સમ્મુખ અથવા અનુકૂળ થવું છે, તે પ્રતિહાર છે. પુરુષ મિથુન દ્વારા જે સમય વિતાવે છે તથા મૈથુન ક્રિયાની જે સમાપ્તિ કરે છે તે નિધન છે. આ વામદેવ્ય સામ મિથુનમાં ઓતપ્રોત છે, કારણ કે વાયુ અને જળના મિથુનથી આનો સંબંધ છે. ॥ ૧ ॥

स य एवमेतद्वामदेव्यं मिथुने प्रोतं वेद मिथुनी भवति मिथुनान्मिथुनात्प्रजायते सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या न काञ्चन परिहरेत्तद्व्रतम् ॥ २ ॥

જે પુરુષ આવી રીતે આ વામદેવ્ય સામને મિથુનમાં ઓતપ્રોત જાણે છે. તે મિથુનવાન છે. (દામ્પત્ય-સુખથી સંપન્ન) હોય છે, પ્રત્યેક મિથુનથી સંતાનને જન્મ આપે છે. આખા આયુષ્યનો ઉપભોગ કરે છે, ઉજ્જ્વલ જીવન વિતાવે છે. પ્રજા અને પશુઓને કારણે મહાન થાય છે તથા કીર્તિના કારણે મહાન થાય છે. જે ઉપાસકને અનેક પત્નીઓ હોય, તે તેમાંથી કોઈનો પણ પરિત્યાગ ન કરે, આ (વામદેવ્યોપાસનાનું) વ્રત છે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- स य इत्यादि पूर्ववत् । मिथुनी भवत्यविधुरोभवतीत्यर्थः । मिथुनान्मिथुनात्प्रजायत इत्यमोघरेतस्त्वमुच्यते । न काञ्चन काञ्चिदपि स्त्रियं स्वात्मतल्पप्राप्तां न परिहरेत्समागमार्थिनीम्, वामदेव्यसामोपासनाङ्गत्वेन विधानात् । एतस्मादन्यत्रप्रतिषेध-स्मृतयः । वचनप्रामाण्याच्च धर्मावगतेर्न प्रतिषेधशास्त्रेणास्य विरोधः ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'स यः' વગેરે મંત્રભાગનો અર્થ પૂર્વવત્ છે. મિથુનવાન થાય છે અર્થાત્ કદી વિધુર (પત્ની સાથેના સંયોગસુખથી વંચિત) થતો નથી. મિથુન-મિથુનથી સંતાનને જન્મ આપે છે, આ કથન દ્વારા તેની અમોઘ વીર્યતા બતાવવામાં આવે છે. પોતાની બહુ જ સ્ત્રીઓમાંથી જે કોઈ જયારે પણ સમાગમની ઇચ્છાથી પોતાની શય્યા ઉપર આવી જાય, તેનો પરિત્યાગ ન કરે, કારણ કે વામદેવ્ય સામોપાસનાના અંગ રૂપે આનું વિધાન કરવામાં આવ્યું છે. સ્મૃતિઓના નિષેધ-વચન આ વામદેવ્યોપાસનાથી અન્યત્ર લાગુ પડે છે. શ્રુતિના વચનોના પ્રમાણથી જ ધર્મનો નિશ્ચય થાય છે, એટલે નિષેધ શાસ્ત્રની સાથે આ વિધિનો વિરોધ નથી. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्दशः खण्डः

उद्यन्हिंकार उदितः प्रस्तावो मध्यन्दिन उद्गीथोऽपराह्णः प्रतिहारोऽस्तं यन्निधनमेतद्बृहदादित्ये प्रोतम् ॥ १ ॥

ઉદય પામતો (સૂર્ય) હિંકાર છે, ઉદય પામેલો પ્રસ્તાવ છે, મધ્યાહ્નનો સૂર્ય ઉદ્ગીથ છે, મધ્યાનોત્તર પ્રતિહાર છે અને જે અસ્તમિત થનારો સૂર્ય નિધન છે. આ બૃહત્સામ સૂર્યમાં સ્થિત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- उद्यन्सविता स हिंकारः प्राथम्याद्दर्शनस्य । उदितः प्रस्तावः प्रस्तवनहेतुत्वात् कर्मणाम् । मध्यन्दिन उद्गीथः श्रैष्ठ्यात् । अपराह्णः प्रतिहारः पश्वादीनां गृहान् प्रति हरणात् । यदस्तं यंस्तन्निधनं रात्रौ गृहे निधानात् प्राणिनाम् । एतद्बृहदादित्ये प्रोतं बृहत आदित्यदैवत्यत्वात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- ઉદય પામતો સૂર્ય તે હિંકાર છે, કારણ કે તેનું દર્શન સર્વ પ્રથમ થાય છે. ઉદય પામેલો સૂર્ય કર્મોના પ્રસ્તવનનો હેતુ હોવાથી પ્રસ્તાવ છે. મધ્યાહ્નકાલીન સૂર્ય ઉત્કૃષ્ટ હોવાને કારણે ઉદ્ગીથ છે. પશુ વગેરેને ઘરો તરફ લઈ જવાને કારણે અપરાહ્ન સૂર્ય પ્રતિહાર છે. તથા જે અસ્તને પ્રાપ્ત થનાર સૂર્ય છે તે રાતમાં સંપૂર્ણ પ્રાણીઓને પોતાના ઘરોમાં નિહિત કરનારો હોવાથી નિધન છે. આ બૃહત્સામ સૂર્યમાં સ્થિત છે, કારણ કે સૂર્ય બૃહત્નો દેવ છે. ॥ ૧ ॥

स य एवमेतद्बृहदादित्ये प्रोतं वेद तेजस्व्यन्नादो भवति सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या तपन्तं न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

તે પુરુષ, જે આવી રીતે આ બૃહત્સામને સૂર્યમાં રહેલો જાણે છે, તે તેજસ્વી અને અન્નનો ભોગ કરનારો થાય છે. તે સંપૂર્ણ આયુષ્યને પ્રાપ્ત થાય છે, ઉજ્જ્વલ જીવન વ્યતીત કરે છે, પ્રજા અને પશુઓને કારણે મહાન થાય છે તથા કીર્તિના કારણે મહાન થાય છે. તપતાં સૂર્યની નિંદા ન કરો – આ નિયમ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स य इत्यादि पूर्ववत् । तपन्तं न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'स यः' વગેરે શ્રુતિના અર્થ પૂર્વવત્ છે. તપતાં સૂર્યની નિંદા ન કરો. આ (બૃહત્સામોપાસકને માટે) નિયમ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये चतुर्दशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १४ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના ચૌદમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

पञ्चदशः खण्डः

अभ्राणि संप्लवन्ते स हिंकारो मेघो जायते स प्रस्तावो वर्षति स उद्गीथो विद्योतते स्तनयति स प्रतिहार उद्गृह्णाति तन्निधनमेतद्वैरूपं पर्जन्ये प्रोतम् ॥ १ ॥

વાદળ એકત્રિત થાય છે એ હિંકાર છે. મેઘ ઉત્પન્ન થાય છે. એ પ્રસ્તાવ છે. જળ વરસે છે - એ ઉદ્ગીથ છે. વીજળી ચમકે અને ગર્જે છે - એ પ્રતિહાર છે તથા વૃષ્ટિનો ઉપસંહાર થાય છે - એ નિધન છે. આ વૈરૂપ સામ મેઘમાં ઓતપ્રોત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अभ्राण्यब्भरणान्मेघ उदकसेक्तृत्वात् । उक्तार्थमन्यत् । एतद्वैरूपं साम पर्जन्ये प्रोतम् । अनेकरूपत्वादभ्रादिभिः पर्जन्यस्य वैरूप्यम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- જળ ધારણ કરવાને કારણે વાદળોનું નામ 'અભ્ર' છે તથા જળ સિંચન કરનારા હોવાને કારણે તે 'મેઘ' કહેવાય છે. બાકીના બધાનો અર્થ પહેલાં (ખંડ ૩ મંત્ર ૧ માં) કહેવામાં આવી ગયો છે. આ 'વૈરૂપ' નામનો સામ મેઘમાં અનુસ્યૂત છે. અભ્રાદિરૂપે અનેકરૂપ હોવાને કારણે પર્જન્યની વિવિધ રૂપતા છે. ॥ ૧ ॥

स य एवमेतद्वैरूपं पर्जन्ये प्रोतं वेद विरूपाꣳश्च सुरूपाꣳश्च पशूनवरुन्धे सर्वमायुरेति ज्योग्जीवति महान् प्रजया पशुभिर्भवति महान्कीर्त्या वर्षन्तं न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

તે પુરુષ, જે આવી રીતે આ વૈરૂપ સામને પર્જન્યમાં અનુસ્યૂત જાણે છે તે વિરૂપ અને સુરૂપ પશુઓનો અવરોધ કરે છે, પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત થાય છે, ઉજ્જ્વળ જીવન વ્યતીત કરે છે, પ્રજા અને પશુઓને કારણે મહાન થાય છે. તથા કીર્તિને કારણે મહાન થાય છે. વરસતાં મેઘની નિંદા ન કરો આ વ્રત છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- विरूपांश्च सुरूपांश्चाजाविप्रभृतीन् पशूनवरुन्धे प्राप्नोतीत्यर्थः । वर्षन्तं न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે બકરી અને ઘેટાં વગેરે વિરૂપ તેમજ સુરૂપ પશુઓનો અવરોધ કરે છે, અર્થાત્ તેને પ્રાપ્ત કરે છે. વરસતાં મેઘની નિંદા ન કરો - આ (વૈરૂપ સામોપાસકને માટે) નિયમ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये पञ्चदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १५ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના પંદરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षोडशः खण्डः

वसन्तो हिंकारो ग्रीष्मः प्रस्तावो वर्षा उद्गीथः शरत्प्रतिहारो हेमन्तो निधनमेतद्वैराजमृतुषु प्रोतम् ॥ १ ॥

વસંત હિંકાર છે, ગ્રીષ્મ પ્રસ્તાવ છે, વર્ષા ઉદ્ગીથ છે, શરદ ઋતુ પ્રતિહાર છે, હેમંત નિધન છે - આ વૈરાજ સામ ઋતુઓમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- वसन्तो हिंकारः प्राथम्यात् । ग्रीष्मः प्रस्ताव इत्यादि पूर्ववत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- સર્વ પ્રથમ હોવાને કારણે વસંત હિંકાર છે, ગ્રીષ્મ પ્રસ્તાવ છે વગેરે અર્થ પૂર્વવત્ સમજવા જોઈએ. ॥ ૧ ॥

स य एवमेतद्वैराजमृतुषु प्रोतं वेद विराजति प्रजया पशुभिर्ब्रह्मवर्चसेन सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्यर्तून्न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

તે પુરુષ, જે આવી રીતે આ વૈરાજ સામને ઋતુઓમાં અનુસ્યૂત જાણે છે, પ્રજા, પશુ અને બ્રહ્મતેજના કારણે શોભે છે, તે પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત થાય છે, ઉજ્જ્વળ જીવન વ્યતીત કરે છે, પ્રજા અને પશુઓને કારણે મહાન થાય છે તથા કીર્તિને કારણે મહાન થાય છે. ઋતુઓની નિંદા ન કરો - આ વ્રત છે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- एतद्वैराजमृतुषु प्रोतं वेद विराजति ऋतुवद्यथर्तव आर्तवैर्धर्मैर्विराजन्त एवं प्रजादिभिर्विद्वानित्युक्तमन्यत् । ऋतून्न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ વૈરાજ સામને જે ઋતુઓમાં અનુસ્યૂત જાણે છે તે ઋતુઓ સમાન વિરાજે છે. જેવી રીતે ઋતુઓ ઋતુસંબંધી ધર્મોને કારણે શોભાને પ્રાપ્ત થાય છે તેવી રીતે વિદ્વાન પ્રજા વગેરેને કારણે સુશોભિત થાય છે. અને સર્વ કહેવામાં આવી ગયું છે ઋતુઓની નિંદા ન કરો - આ (વૈરાજ સામોપાસકને માટે) નિયમ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये षोडशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १६ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના સોળમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तदशः खण्डः

पृथिवी हिंकारोऽन्तरिक्षं प्रस्तावो द्यौरुद्गीथो दिशः प्रतिहारः समुद्रो निधनमेताः शक्वर्यो लोकेषु प्रोताः ॥ १ ॥

પૃથ્વી હિંકાર છે, અંતરિક્ષ પ્રસ્તાવ છે, દ્યુલોક ઉદ્ગીથ છે, દિશાઓ પ્રતિહાર છે અને સમુદ્ર નિધન છે - આ શક્કરી સામ લોકોમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- पृथिवी हिंकार इत्यादि पूर्ववत् । शक्वर्य इति नित्यं बहुवचनम्, रेवत्य इव । लोकेषु प्रोताः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'पृथिवी हिंकारः' વગેરે શ્રુતિઓનો અર્થ પૂર્વવત્ છે, 'रेवत्यः' આ પદ સમાન 'शक्वर्यः' આ પદ હંમેશા બહુવચનાન્ત છે. (આ શક્વરી સામ) લોકોમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

स य एवमेताः शक्वर्यो लोकेषु प्रोता वेद लोकी भवति सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या लोकान्न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

તે પુરુષ જે આવી રીતે આ શક્વરી સામને લોકોમાં અનુસ્યૂત જાણે છે, લોકવાન થાય છે, તે સંપૂર્ણ આયુષ્યને પ્રાપ્ત થાય છે. ઉજ્જ્વલ જીવન વ્યતીત કરે છે. પ્રજા અને પશુઓને કારણે મહાન થાય છે તથા કીર્તિને કારણે મહાન થાય છે. લોકોની નિંદા ન કરો - આ વ્રત છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- लोकी भवति लोकफलेन युज्यत इत्यर्थः । लोकान्न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- લોકી થાય છે અર્થાત્ લોક સંબંધી ફળથી સંપન્ન થાય છે. લોકોની નિંદા ન કરો - આ (શક્વરી સામોપાસકને માટે) નિયમ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये सप्तदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १७ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના સત્તરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टादशः खण्डः

अजा हिंकारोऽवयः प्रस्तावो गाव उद्गीथोऽश्वाः प्रतिहारः पुरुषो निधनमेता रेवत्यः पशुषु प्रोताः ॥ १ ॥

બકરી હિંકાર છે, ઘેટાં પ્રસ્તાવ છે, ગાયો ઉદ્ગીથ છે, ઘોડા પ્રતિહાર છે અને પુરુષ નિધન છે - આ રેવતી સામ પશુઓમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अजा हिंकार इत्यादि पूर्ववत् । पशुषु प्रोताः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'अजा हिंकारः' વગેરે મંત્રના અર્થ પૂર્વવત્ છે. આ (રેવતી સામ) પશુઓમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स य एवमेता रेवत्यः पशुषु प्रोता वेद पशुमान् भवति सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या पशून्न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

આ પુરુષ જે આવી રીતે આ રેવતી સામને પશુઓમાં અનુસ્યૂત જાણે છે, પશુમાન થાય છે, તે પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત થાય છે, ઉજ્જ્વળ જીવન વ્યતીત કરે છે. પ્રજા અને પશુઓને કારણે મહાન થાય છે તથા કીર્તિને કારણે મહાન થાય છે. પશુઓની નિંદા ન કરો, આ નિયમ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- पशून्न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- પશુઓની નિંદા ન કરો - આ (રેવતી સામોપાસકને માટે) નિયમ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये अष्टादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १८ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના અઢારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकोनविंशः खण्डः

लोम हिंकारस्त्वक्प्रस्तावो माꣳसमुद्गीथोऽस्थि प्रतिहारो मज्जा निधनमेतद्यज्ञायज्ञीयमङ्गेषु प्रोतम् ॥ १ ॥

લોમ હિંકાર છે, ત્વચા પ્રસ્તાવ છે, માંસ ઉદ્ગીથ છે, અસ્થિ પ્રતિહાર છે અને મજ્જા નિધન છે. આ યજ્ઞાયજ્ઞીય સામ અંગોમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- लोम हिंकारो देहावयवानां प्राथम्यात् । त्वक्प्रस्ताव आनन्तर्यात् । मांसमुद्गीथः श्रैष्ठ्यात् । अस्थि प्रतिहारः प्रतिहतत्वात् । मज्जा निधनमानन्त्यात् । एतद्यज्ञायज्ञीयं नाम साम देहावयवेषु प्रोतम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- દેહના અવયવોમાં સર્વપ્રથમ હોવાને કારણે લોમ હિંકાર છે. લોમોથી અનંતર (પછી) હોવાને કારણે ત્વચા પ્રસ્તાવ છે. ઉત્કૃષ્ટ હોવાને કારણે માંસ ઉદ્ગીથ છે. પ્રતિહત હોવાને કારણે અસ્થિ પ્રતિહાર છે તથા સર્વના અંતમાં સ્થિત હોવાને કારણે મજ્જા નિધન છે. આ યજ્ઞાયજ્ઞીય નામક સામ દેહનાં અવયવોમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

स य एवमेतद्यज्ञायज्ञीयमङ्गेषु प्रोतं वेदाङ्गी भवति नाङ्गेन विहूर्छति सर्वमायुरेति ज्योग्जीवति महान्प्रजया पशुभिर्भवति महान्कीर्त्या संवत्सरं मज्ज्ञो नाश्नीयात्तद्व्रतं मज्ज्ञो नाश्नीयादिति वा ॥ २ ॥

તે પુરુષ, જે આવી રીતે આ યજ્ઞાયજ્ઞીય સામને અંગોમાં અનુસ્યૂત જાણે છે, અંગવાન થાય છે. તે અંગને કારણે કુટિલ થતો નથી, પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત થાય છે, ઉજ્જ્વળ જીવન વ્યતીત કરે છે, પ્રજા અને પશુઓને કારણે મહાન થાય છે તથા કીર્તિને કારણે મહાન થાય છે. એક વર્ષ સુધી માંસ ભક્ષણ ન કરો - આ વ્રત છે અથવા હંમેશા માંસભક્ષણ ન કરો એવો નિયમ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अङ्गी भवति समग्राङ्गो भवतीत्यर्थो नाङ्गेन हस्तपादादिना विहूर्छति न कुटिली भवति पङ्गुः कुणी वेत्यर्थः । संवत्सरं संवत्सरमात्रं मज्ज्ञो मांसानि नाश्नीयान्न भक्षयेत् । बहुवचनं मत्स्योपलक्षणार्थम् । मज्ज्ञो नाश्नीयात्सर्वदैव नाश्नीयादिति वा तद्व्रतम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- અંગી થાય છે અર્થાત્ પૂર્ણાંગ થાય છે. અંગ અર્થાત્ હાથ-પગ વગેરે દ્વારા કુટિલ એટલે લંગડો અથવા શ્મશ્રુ રહિત થતો નથી. સંવત્સર પર્યંત અર્થાત્ કેવળ એક વર્ષ માંસ ભક્ષણ ન કરો. 'मज्ज्ञः' આ પદમાં બહુવચન માછલીઓને ઉપલક્ષિત કરાવવા માટે છે (અર્થાત્ માંસ કે માછલી વગેરે ન ખાવો) અથવા 'मज्ज्ञो नाश्नीयात्' સર્વદા જ માંસ માછલી ન ખાવ એવો નિયમ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये एकोनविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १९ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના ઓગણીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

विंशः खण्डः

अग्निर्हिंकारो वायुः प्रस्ताव आदित्य उद्गीथो नक्षत्राणि प्रतिहारश्चन्द्रमा निधनमेतद्राजनं देवतासु प्रोतम् ॥ १ ॥

અગ્નિ હિંકાર છે, વાયુ પ્રસ્તાવ છે, આદિત્ય ઉદ્ગીથ છે, નક્ષત્ર પ્રતિહાર છે, ચંદ્રમા નિધન છે - આ રાજન્ સામ દેવોમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अग्निर्हिंकारः प्रथमस्थानत्वात् वायुः प्रस्ताव आनन्तर्यसामान्यात् । आदित्य उद्गीथः श्रैष्ठ्यात् । नक्षत्राणि प्रतिहारः प्रतिहतत्वात् । चन्द्रमा निधनं कर्मिणां तन्निधनात् । एतद्राजनं देवतासु प्रोतं देवतानां दीप्तिमत्त्वान् ॥ १ ॥

શાંકરભાષ્ય :- અગ્નિ હિંકાર છે, કારણ કે તેનું સ્થાન સર્વ પ્રથમ છે. આનંતર્યમાં તુલ્યતા હોવાને કારણે વાયુ પ્રસ્તાવ છે. ઉત્કૃષ્ટ હોવાને કારણે આદિત્ય ઉદ્ગીથ છે. પ્રતિહત હોવાને કારણે નક્ષત્ર પ્રતિહાર છે તથા ચંદ્રમા નિધન છે. આ રાજન્ સામ દેવોમાં અનુસ્યૂત છે, કારણ કે દેવગણ દીપ્તિમાન હોય છે. ॥ ૧ ॥

विद्वत्फलम्– આ ઉપાસનાના વિદ્વાનને પ્રાપ્ત થનારા ફળ –

स य एवमेतद्राजनं देवतासु प्रोतं वेदैतासामेव देवतानाꣳसलोकताꣳसार्ष्टिताꣳ सायुज्यं गच्छति सर्वमायुरेति ज्योग्जीवति महान् प्रजया पशुभिर्भवति महान् कीर्त्या ब्राह्मणान्न निन्देत्तद्व्रतम् ॥ २ ॥

તે પુરુષ, જે આવી રીતે આ રાજન સામને દેવોમાં અનુસ્યૂત જાણે છે, તે જ દેવોના સાલોક્ય, સાર્ષ્ટિત્વ, (તુલ્ય ઐશ્વર્ય) અને સાયુજ્યને પ્રાપ્ત થઈ જાય છે. તે સંપૂર્ણ આયુષ્યને પ્રાપ્ત થાય છે. ઉજ્જવળ જીવન વ્યતીત કરે છે, પ્રજા અને પશુઓ દ્વારા મહાન થાય છે તથા કીર્તિ દ્વારા મહાન થાય છે. બ્રાહ્મણોની નિંદા ન કરો - આ વ્રત છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- एतासामेवाग्न्यादीनां देवतानां सलोकतां समानलोकतां सार्ष्टितां समानर्द्धित्वं सायुज्यं सयुग्भावमेकदेहदेहित्वमित्येतत् । वाशब्दोऽत्र लुप्तो द्रष्टव्यः । सलोकतां वेत्यादि । भावनाविशेषतः फलविशेषोपपत्तेः । गच्छति प्राप्नोति । समुच्चयानुपपत्तेश्च । ब्राह्मणान्न निन्देत्तद्व्रतम् । **'एते वै देवाः प्रत्यक्षं यद्ब्राह्मणाः'** इति श्रुतेर्ब्राह्मणनिन्दा देवतानिन्दैवेति ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ અગ્નિ વગેરે દેવોમાં જ સલોકતા-સમાન લોકતા, સાર્ષ્ટિતા - સમાન ઐશ્વર્ય, સાયુજ્ય - પરસ્પર મળવાના ભાવને અર્થાત્ એક જ દેહના દેહિત્વને પ્રાપ્ત થઈ જાય છે. અહીં 'વા' શબ્દ લુપ્ત સમજવો જોઈએ. એટલે 'સલોકતા વા' વગેરે પાઠ જાણવો જોઈએ. કારણ કે ભાવના વિશેષથી ફળવિશેષની ઉત્પત્તિ થાય છે એટલે મેળવે છે. અને આ સર્વ ફળનો સમુચ્ચય થવો (અર્થાત્ એક જ ઉપાસકને આ સર્વ ફળની પ્રાપ્તિ) પણ સંભવ નથી. બ્રાહ્મણોની નિંદા ન કરો - આ આવી રીતે ઉપાસક માટે નિયમ છે. 'આ જે બ્રાહ્મણ છે પ્રત્યક્ષ દેવ જ છે' એવી શ્રુતિ હોવાને કારણે બ્રાહ્મણનિંદા દેવનિંદા જ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये विंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २० ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના વીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकविंशः खण्डः

त्रयी विद्या हिंकारस्त्रय इमे लोकाः प्रस्तावोऽग्निर्वायुरादित्यः स उद्गीथो नक्षत्राणि वयाꣳसि मरीचयः स प्रतिहारः सर्पा गन्धर्वाः पितरस्तन्निधनमेतत्साम सर्वस्मिन्प्रोतम् ॥ १ ॥

ત્રયી વિદ્યા હિંકાર છે. આ ત્રણ લોક પ્રસ્તાવ છે, અગ્નિ, વાયુ અને આદિત્ય - એ ઉદ્ગીથ છે. નક્ષત્ર, પક્ષી અને કિરણો - એ પ્રતિહાર છે, સર્પ, ગંધર્વ અને પિતૃગણ - એ નિધન છે. આ સમોપાસના સર્વમાં અનુસ્યૂત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- त्रयी विद्या हिंकारः । अग्न्यादिसाम्न आनन्तर्यं त्रयीविद्याया अग्न्यादिकार्यत्वश्रुतेः । हिंकारः प्राथम्यात्सर्वकर्तव्यानाम् । त्रय इमे लोकास्तत्कार्यत्वादनन्तरा इति प्रस्तावः । अग्न्यादीनामुद्गीथत्वं श्रैष्ठ्यात् । नक्षत्रादीनां

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

प्रतिहृतत्वात्प्रतिहारत्वम् । सर्पादीनां धकारसामान्यान्निधनत्वम् । ★ एतत्साम नामविशेषाभावात्सामसमुदायः सामशब्दः सर्वस्मिन्प्रोतम् । त्रयीविद्यादि हि सर्वम् । त्रयीविद्यादिदृष्ट्या हिंकारादिसामभक्तय उपास्याः । अतीतेष्वपि सामोपासनेषु येषु प्रोतं यद्यत्साम तद्दृष्ट्या तदुपास्यमिति । कर्माङ्गानां दृष्टिविशेषेणाज्यस्येव संस्कार्यत्वात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- ત્રયી વિદ્યા હિંકાર છે. ત્રયી વિદ્યા અગ્નિ વગેરેનું કાર્ય છે. આવી શ્રુતિ હોવાને કારણે ત્રયી વિદ્યા અગ્નિ વગેરે સામોપાસના પછી કહેવામાં આવી છે. સંપૂર્ણ કર્મોના આરંભમાં હોવાને કારણે ત્રયી વિદ્યા હિંકાર છે. તેનું કાર્ય હોવાને કારણે આ ત્રણ લોક તેના પશ્ચાદ્વર્તી છે, એટલે તે પ્રસ્તાવ છે. ઉત્કૃષ્ટતાને કારણે અગ્નિ વગેરેનું ઉદ્ગીથત્વ બતાવવામાં આવ્યું છે. તથા પ્રતિહત હોવાને કારણે નક્ષત્રાદિની પ્રતિહારતા છે અને ધકારમાં સમાનતા હોવાને કારણે સર્પાદિનું નિધનત્વ બતાવવામાં આવ્યું છે.

આ સામ - કોઈ નામ વિશેષના અભાવને કારણે આ સામસમુદાય અર્થાત્ 'સામ' શબ્દ સર્વમાં અનુસ્યૂત છે. ત્રયી વિદ્યા વગેરે સર્વ કાંઈ છે, તથા ત્રયી વિદ્યા વગેરે દૃષ્ટિથી જ હિંકાર વગેરે સામભક્તિઓની ઉપાસના કરવી જોઈએ. પાછળ બતાવવામાં આવેલી સામોપાસનાઓમાં પણ જેમાં જેમાં જે જે સામ અનુસ્યૂત છે આ ત્રયી વિદ્યા વગેરેની દૃષ્ટિથી તેની ઉપાસના કરવી જોઈએ. ('पत्न्यावेक्षितमाज्यं भवति' આ વાક્ય અનુસાર પત્નીની દૃષ્ટિ પડવાથી) જેમ આજય સંસ્કારયુક્ત થાય છે, તેવી રીતે સર્વ કર્માંગ દૃષ્ટિ વિશેષથી જ સંસ્કાર કરવામાં આવે તે યોગ્ય છે. ॥ ૧ ॥

सर्वविषयसामविदः फलम्– સર્વ વિષયક સામના વિદ્વાનને મળનારા ફળ –

स य एवमेतत्साम सर्वस्मिन्प्रोतं वेद सर्व ह भवति ॥ २ ॥

તે, જે આવી રીતે સર્વમાં અનુસ્યૂત આ સામને જાણે છે સર્વરૂપ થઈ જાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- सर्वं ह भवति सर्वेश्वरो भवतीत्यर्थः । निरुपचरितसर्वभावे हि दिक्स्थेभ्यो बलिप्राप्त्यनुपपत्तिः ॥ २ ॥

શાંકરભાષ્ય :- સર્વ થઈ જાય છે અર્થાત્ સર્વેશ્વર થઈ જાય છે, કારણ કે સર્વ ભાવનો ઉપચાર થયા વિના સંપૂર્ણ દિશાઓમાં રહેલાં પુરુષોથી બલિ પ્રાપ્ત થવો સંભવ નથી. ॥ ૨ ॥

तदेष श्लोको यानि पञ्चधा त्रीणि त्रीणि तेभ्यो न ज्यायः परमन्यदस्ति ॥ ३ ॥

આ વિષયમાં આ મંત્ર પણ છે - જે પાંચ પ્રકારના ત્રણ-ત્રણ બતાવવામાં આવ્યા છે, તેનાથી શ્રેષ્ઠ તથા તેનાથી અતિરિક્ત બીજું કોઈ નથી. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तदेतस्मिन्नर्थ एष श्लोको मन्त्रोऽप्यस्ति । यानि पञ्चधा पञ्चप्रकारेण हिंकारादिविभागैः प्रोक्तानि त्रीणि त्रीणि त्रयीविद्यादीनि तेभ्यः पञ्चत्रिकेभ्यो ज्यायो महत्तरं परं च व्यतिरिक्तमन्यद्वस्त्वनन्तरं नास्ति न विद्यत इत्यर्थः । तत्रैव हि सर्वस्यान्तर्भावः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- આ જ અર્થમાં આ શ્લોક એટલે મંત્ર પણ છે. હિંકારાદિ વિભાગો દ્વારા જે પાંચ પ્રકારથી બતાવવામાં આવેલાં ત્રણ-ત્રણ છે એટલે ત્રયી વિદ્યા વગેરે છે, તે પાંચ ત્રિકોની અપેક્ષાએ ઉત્કૃષ્ટ-મહાન અને તેનાથી ભિન્ન બીજી કોઈ વસ્તુ નથી. આ આનું તાત્પર્ય છે અર્થાત્ તેનામાં સંપૂર્ણ વસ્તુઓનો અંતર્ભાવ થઈ જાય છે. ॥ ૩ ॥

यस्तद्वेद स वेद सर्वं सर्वा दिशो बलिमस्मै हरन्ति सर्वमस्मीत्युपासीत तद्व्रतं तद्व्रतम् ॥ ४ ॥

જે તેને જાણે છે તે બધું જ જાણે છે. તેને સર્વ દિશાઓ બલિ સમર્પિત કરે છે. 'હું સર્વ કાંઈ છું' આવી રીતે ઉપાસના કરો - આ નિયમ છે, આ નિયમ છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- यस्तद्यथोक्तं सर्वात्मकं साम वेद स वेद सर्वं स सर्वज्ञो भवतीत्यर्थः । सर्वा दिशः सर्वदिक्स्था अस्मा एवंविदे बलिं भोगं हरन्ति प्रापयन्तीत्यर्थः । सर्वमस्मि भवामीत्येवमेतत्सामोपासीत तस्यैतदेव व्रतम् । द्विरुक्तिः सामोपासन-समाप्त्यर्था ॥ ४ ॥

શાંકરભાષ્ય :- જે પુરુષ આ પૂર્વોક્ત સર્વાત્મક સામને જાણે છે, તે સર્વને જાણે છે, અર્થાત્ તે સર્વજ્ઞ થઈ જાય છે. સંપૂર્ણ દિશાઓ-સંપૂર્ણ દિશાઓમાં સ્થિત પુરુષ આવી રીતે જાણનારા આ ઉપાસક પ્રતિ બલિ એટલે ભોગ લાવે છે, અર્થાત્ તેને ભોગોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પ્રાપ્તિ કરાવે છે. 'હું સર્વ કાંઈ છું.' આવી રીતે આ સામની ઉપાસના કરો - તે ઉપાસકને માટે આ જ નિયમ છે. અહીં જે દ્વિરુક્તિ છે તે સામોપાસનાની સમાપ્તિ માટે છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये एकविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २१ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના એકવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वाविंशः खण्डः

शाङ्करभाष्यम् :- सामोपासनप्रसङ्गेन गानविशेषादिसंपदुद्गातुरुपदिश्यते; फलविशेषसंबन्धात् ।

શાંકરભાષ્ય :- સામોપાસનાના પ્રસંગથી ઉદ્ગાતાને ગાનવિશેષાદિ સંપત્તિનો ઉપદેશ કરવામાં આવે છે, કારણ કે આનાથી ફળવિશેષનો સંબંધ થાય છે –

विनर्दि साम्नो वृणे पशव्यमित्यग्नेरुद्गीथोऽनिरुक्तः प्रजापतेर्निरुक्तः सोमस्य मृदु श्लक्ष्णं वायोः श्लक्ष्णं बलवदिन्द्रस्य क्रौञ्चं बृहस्पतेरपध्वान्तं वरुणस्य तान्सर्वानेवोपसेवेत वारुणं त्वेव वर्जयेत् ॥ १ ॥

હું સામના 'विनर्दि' નામના ગાનનું વરણ કરું છું, તે પશુઓને માટે હિતકર છે અને અગ્નિદેવ સંબંધી ઉદ્ગીથ છે. પ્રજાપતિનો ઉદ્ગીથ અનિરુક્ત છે, સોમનો નિરુક્ત છે, વાયુનો મૃદુલ અને શ્લક્ષ્ણ (સરળતાથી ઉચ્ચારણ કરવા યોગ્ય) છે, ઈન્દ્રનો શ્લક્ષ્ણ અને બળવાન છે, બૃહસ્પતિનો ક્રૌંચ (પક્ષીના શબ્દ સમાન) છે અને વરુણનો અપધ્વાન્ત (ફુટેલા કાંસાના સ્વર સમાન) છે. આ સર્વ ઉદ્ગીથોનું સેવન કરો, કેવળ વરુણસંબંધી ઉદ્ગીથનો જ પરિત્યાગ કરી દો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- विनर्दि विशिष्टो नर्दः स्वरविशेष ऋषभकूजितसमोऽस्यास्तीति विनर्दि गानमिति वाक्यशेषः । तच्च साम्नः सम्बन्धि पशुभ्यो हितं पशव्यमग्नेरग्निदैवत्यं चोद्गीथ उद्गानम् । तदहमेवं विशिष्टं वृणे प्रार्थय इति कश्चिद्यजमान उद्गाता वा मन्यते । ★ अनिरुक्तोऽमुकसम इत्यविशेषितः प्रजापतेः प्रजापतिदैवत्यः स गानविशेषः, अनिरुक्त्यात्प्रजापतेः । निरुक्तः स्पष्टः सोमस्य सोमदैवत्यः स उद्गीथ इत्यर्थः । मृदु श्लक्ष्णं च गानं वायोर्वायुदैवत्यं तत् । श्लक्ष्णं बलवच्च प्रयत्नाधिक्योपेतं चेन्द्रस्यैन्द्रं तद्गानम् । क्रौञ्चं क्रौञ्चपक्षिनिनादसमं बृहस्पतेर्बार्हस्पत्य तत् । अपध्वान्तं भिन्नकांस्यस्वरसमं वरुणस्यैतद्गानम् । तान् सर्वानेवोपसेवेत प्रयुञ्जीत वारुणं त्वेवैकं वर्जयेत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- વિનર્દિ - જેનું નર્દ એટલે સ્વર વિશેષ ઋષભ(બળદ)ના શબ્દ સમાન વિશિષ્ટ છે તે વિનર્દિ ગાન છે. અહીં 'ગાન' શબ્દ વાક્યશેષ છે. તે વિનર્દિ ગાન પશુઓને માટે હિતકર છે અને અગ્નિદેવ સંબંધી ઉદ્ગીથ - ઉદ્ગાન છે. આવી રીતના તે વિશિષ્ટ સામનું હું વરણ કરું છું અર્થાત્ તેના માટે પ્રાર્થના કરું છું - આવી રીતે કોઈ યજમાન અથવા ઉદ્ગાતા માને છે.

પ્રજાપતિનું જે ગાન વિશેષ છે, તે અનિરુક્ત છે અર્થાત્ અમુકના સમાન છે - આવી રીતે વિશેષરૂપે નિરૂપિત ન કરી શકાય, કારણ કે પ્રજાપતિ પણ વિશેષરૂપે નિરૂપિત કરી શકાય તેવા નથી. સોમના અર્થાત્ સોમદેવ સંબંધી જે ઉદ્ગીથ છે, તે નિરુક્ત એટલે સ્પષ્ટ છે. જે ગાન મૃદુ અને શ્લક્ષ્ણ છે, તે વાયુ એટલે વાયુદેવ સંબંધી છે. જે શ્લક્ષ્ણ અને બળવાન એટલે અધિક પ્રયત્નની અપેક્ષાવાળા છે, તે ઈન્દ્ર એટલે ઈન્દ્રસંબંધી ગાન છે. જે ક્રૌંચ એટલે ક્રૌંચ પક્ષીના શબ્દ સમાન છે, તે બૃહસ્પતિના એટલે બૃહસ્પતિદેવ સંબંધી ગાન છે. અપધ્વાન્ત અર્થાત્ ફુટેલા કાંસાના સ્વર સમાન જે છે, તે વરુણ દેવ સંબંધી ગાન છે. તે સર્વનું સેવન અર્થાત્ પ્રયોગ કરો, એકમાત્ર વરુણ સંબંધી ગાનનો જ ત્યાગ કરો. ॥ ૧ ॥

अमृतत्वं देवेभ्य आगायानीत्यागायेत्स्वधां पितृभ्य आशां मनुष्येभ्यस्तृणोदकं पशुभ्यः स्वर्गं लोकं यजमानायान्नमात्मन आगायानीत्येतानि मनसा ध्यायन्नप्रमत्तः स्तुवीत ॥ २ ॥

હું દેવોને માટે અમૃતત્ત્વનું આગાન કરું - આવી રીતે ચિંતન કરતાં કરતાં આગાન કરો. પિતૃગણ માટે સ્વધા, મનુષ્યો માટે આશા, પશુઓ માટે તૃણ અને જળ, યજમાન માટે સ્વર્ગલોક અને પોતાને માટે અન્નનું આગાન કરું - આવી રીતે આનું મનથી ધ્યાન કરતાં કરતાં પ્રમાદ રહિત થઈને સ્તુતિ કરો. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- अमृतत्वं देवेभ्य आगायानि साधयानि । स्वधां पितृभ्य आगायान्याशां मनुष्येभ्य आशां प्रार्थित-मित्येतत् । तृणोदकं पशुभ्यः स्वर्गं लोकं यजमानायान्नमात्मने मह्यमागायानीत्येतानि मनसा चिन्तयन्ध्यायन्नप्रमत्तः स्वरोष्म-व्यञ्जनादिभ्यः स्तुवीत ॥ २ ॥

શાંકરભાષ્ય :- હું દેવો માટે અમૃતત્વનું આગાન-સાધન કરું, પિતૃગણ માટે સ્વધાનું આગાન કરું, મનુષ્યો માટે આશા એટલે પ્રાર્થિત વસ્તુનું (આગાન કરું). પશુઓ માટે તૃણ અને જળ, યજમાન માટે સ્વર્ગલોક અને મારા માટે અન્નનું આગાન કરું - આવી રીતે આ વાતોનું મનથી ધ્યાન - ચિંતન કરતાં કરતાં સ્વર, ઉષ્મ અને વ્યંજનાદિના ઉચ્ચારણમાં પ્રમાદ રહિત થઈને સ્તુતિ કરો. ॥ ૨ ॥

सर्वे स्वरा इन्द्रस्यात्मनः सर्व ऊष्माणः प्रजापतेरात्मानः सर्वे स्पर्शा मृत्योरात्मानस्तं यदि स्वरेषूपालभेतेन्द्र शरणं प्रपन्नोऽभूवं स त्वा प्रति वक्ष्यतीत्येनं ब्रूयात् ॥ ३ ॥

બધા સ્વરો ઈન્દ્રનો આત્મા છે. બધો ઉષ્મવર્ગ પ્રજાપતિનો આત્મા છે, સઘળા સ્પર્શ વર્ણો મૃત્યુનો આત્મા છે. (આવી રીતે જાણનારા) તે ઉદ્‌ગાતાને જો કોઈ પુરુષ સ્વરોના ઉચ્ચારણમાં દોષ પ્રદર્શિત કરે તો તે તેને કહે કે હું ઈન્દ્રનો શરણાગત છું, તે જ તને આનો ઉત્તર આપશે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- सर्वे स्वरा अकारादय इन्द्रस्य बलकर्मणः प्राणस्यात्मानो देहावयवस्थानीयाः । सर्वं ऊष्माणः शषसहादयः प्रजापतेर्विराजः कश्यपस्य वात्मानः । सर्वे स्पर्शाः कादयो व्यञ्जनानि मृत्योरात्मानः । ★ तमेवंविदमुद्गातारं यदि कश्चित्स्वरेषूपालभेत स्वरस्त्वया दुष्टः प्रयुक्त इत्येवमुपालब्ध इन्द्रं प्राणमीश्वरं शरणमाश्रयं प्रपन्नोऽभूवं स्वरान्प्रयुञ्जानोऽहं स इन्द्रो यत्तव वक्तव्यं त्वा त्वां प्रति वक्ष्यति स एव देव उत्तरं दास्यतीत्येनं ब्रूयात् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- અકારાદિ સંપૂર્ણ સ્વર, બળ જ જેનું કર્મ છે તે ઈન્દ્ર એટલે પ્રાણનો આત્મા અર્થાત્ દેહાવયવ સ્થાનીય છે. શ, ષ; સ, હ વગેરે સમસ્ત ઉષ્મવર્ણ પ્રજાપતિનો અર્થાત્ વિરાટ અથવા કશ્યપનો આત્મા છે. ક વગેરે (ક વર્ગથી લઈને ૫ વર્ગ સુધી) સંપૂર્ણ સ્પર્શ વર્ગ એટલે વ્યંજન મૃત્યુનો આત્મા છે.

આવી રીતે જાણનારા ઉદ્‌ગાતાને જો કોઈ પુરુષ સ્વરોમાં ઉપાલંભ (ઠપકો) આપે - 'તેં દોષયુક્ત સ્વરનો પ્રયોગ કર્યો છે' - આવી રીતે ઉપાલંભ આપવાથી તે તેને આ ઉત્તર આપે કે સ્વરોનો પ્રયોગ કરતી વખતે હું ઈન્દ્ર અર્થાત્ પ્રાણરૂપ ઈશ્વરનો શરણાગત - આશ્રિત હતો, એટલે તને જે કંઈ ઉત્તર આપવાનો હશે, તે ઈન્દ્રદેવ જ આપશે. ॥ ૩ ॥

अथ यद्येनमूषस्मसूपालभेत प्रजापतिशरणं प्रपन्नोऽभूवं स त्वा प्रति पेक्ष्यतीत्येनं ब्रूयादथ यद्येनस्पर्शेषूपालभेत मृत्युःशरणं प्रपन्नोऽभूवं स त्वा प्रति धक्ष्यतीत्येनं ब्रूयात् ॥ ४ ॥

હવે જો કોઈ આને ઉષ્મવર્ણના ઉચ્ચારણમાં દોષ પ્રદર્શિત કરે તો તેને કહે કે 'હું પ્રજાપતિનો શરણાગત હતો, તે જ તને પીસશે.' અને જો કોઈ આને સ્પર્શોના ઉચ્ચારણમાં ઠપકો આપે તો તેને કહે કે 'હું મૃત્યુના શરણને પ્રાપ્ત હતો, તે જ તને દગ્ધ કરશે.' ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथ यद्येनमूष्मसु तथैवोपालभेत प्रजापतिं शरणं प्रपन्नोऽभूवं स त्वा त्वां प्रति पेक्ष्यति संचूर्णयिष्यतीत्येनं ब्रूयात् । अथ यद्येनं स्पर्शेषूपालभेत मृत्युं शरणं प्रपन्नोऽभूवं स त्वा त्वां प्रति धक्ष्यति भस्मीकरिष्यतीत्येनं ब्रूयात् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- જો તેવી રીતે કોઈ પુરુષ આને ઉષ્મવર્ણોના ઉચ્ચારણમાં દોષ પ્રદર્શિત કરે તો તે તેને કહે કે 'હું પ્રજાપતિના શરણને પ્રાપ્ત હતો, તે જ તને પીસશે અર્થાત્ (તારા મદને) સારી રીતે ચૂર્ણ કરશે.' અને જો કોઈ આને સ્પર્શોના ઉચ્ચારણમાં ઠપકો આપે તો તેને કહો કે 'હું મૃત્યુના શરણાગત હતો, તે જ તને દગ્ધ એટલે ભસ્મીભૂત કરશે.' ॥ ૪ ॥

सर्वे स्वरा घोषवन्तो बलवन्तो वक्तव्या इन्द्रे बलं ददानीति सर्व ऊष्माणोऽग्रस्ता अनिरस्ता विवृता वक्तव्याः प्रजापतेरात्मात्मानं परिददानीति सर्वे स्पर्शा लेशेनानभिनिहिता वक्तव्या मृत्योरात्मानं परिहराणीति ॥ ५ ॥

બધા સ્વરોનું ઘોષયુક્ત અને બળયુક્ત ઉચ્ચારણ કરવું જોઈએ, એટલે (તેનું ઉચ્ચારણ કરતી વખતે) 'હું ઈન્દ્રમાં બળનું આધાન કરું,' એવું (ચિંતન કરવું જોઈએ) સર્વ ઉષ્મવર્ણનું અગ્રસ્ત, અનિરસ્ત તેમજ વિવૃત્ત રૂપે ઉચ્ચારણ કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આવે છે. (એટલે તેને બોલતી વખતે એવું ચિંતન કરવું જોઈએ કે) 'હું પ્રજાપતિને આત્મદાન કરું.' સમસ્ત સ્પર્શવર્ણોને એકબીજાથી જરા પણ મેળવ્યા વિના જ બોલવા જોઈએ અને તે સમયે 'હું મૃત્યુથી મારો પરિહાર કરું' (એવું ચિંતન કરવું જોઈએ.) ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- यत इन्द्राद्यात्मानः स्वरादयोऽतः सर्वे स्वरा घोषवन्तो बलवन्तो वक्तव्याः । तथाहमिन्द्रे बलं ददानि बलमादधानीति । तथा सर्व ऊष्माणोऽग्रस्ता अन्तरप्रवेशिता अनिरस्ता बहिरप्रक्षिप्ता विवृता विवृतप्रयत्नोपेताः प्रजापतेरात्मानं परिददानि प्रयच्छानीति । सर्वे स्पर्शा लेशेन शनकैरनभिनिहिता अनभिनिक्षिप्ता वक्तव्या मृत्योरात्मानं बालानिव शनकैः परिहरद्भिर्मृत्योरात्मानं परिहराणीति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- કારણ કે આ સ્વરાદિ ઇન્દ્રાદિરૂપ છે, એટલે સઘળા પૂર્ણ સ્વર ઘોષયુક્ત અને બળયુક્ત બોલવાં જોઈએ. તથા (તે સમયે) 'હું ઈન્દ્રમાં બળનું આધાન કરું' એવું (ચિંતન કરવું જોઈએ). આવી રીતે સમસ્ત ઉષ્મવર્ણનું અગ્રસ્ત-અંદર પ્રવેશ કર્યા વિના કાઢવામાં આવેલા અને વિવૃત - વિવૃત પ્રયત્નથી યુક્ત ઉચ્ચારણ કરવું જોઈએ અને (તેનું ઉચ્ચારણ કરતી વખતે) 'હું પ્રજાપતિને આત્મદાન કરું' એવું (ચિંતન કરવું જોઈએ) તથા સંપૂર્ણ સ્પર્શવર્ણ લેશમાત્ર-થોડા પણ અનભિનિહિત-પરસ્પર મેળવ્યા વિના બોલવા જોઈએ અને (તે વખતે તે ચિંતન કરવું જોઈએ કે) જેવી રીતે લોકો ધીરે-ધીરે બાળકોને (જળ વગેરેથી) બચાવે છે તેવી રીતે હું પોતાને ધીરે-ધીરે મૃત્યુથી દૂર કરું. ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये द्वाविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २२ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના બાવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोविंशः खण्डः

शाङ्करभाष्यम् :- ओङ्कारस्योपासनविध्यर्थं त्रयो धर्मस्कन्धा इत्याद्यारभ्यते । नैवं मन्तव्यं सामावयवभूतस्यैवोद्गीथादिलक्षणस्योङ्कारस्योपासनात्फलं प्राप्यत इति । किं तर्हि ? यत्सर्वैरपि सामोपासनैः कर्मभिश्चाप्राप्यं तत्फलममृतत्वं केवलादोङ्कारोपासनात्प्राप्यत इति । तत्स्तुत्यर्थं सामप्रकरणे तदुपन्यासः—

શાંકરભાષ્ય :- ઓમકાર ઉપાસનાનું વિધાન કરવાને માટે 'त्रयो धर्मस्कन्धाः' વગેરે પ્રકરણનો આરંભ કરવામાં આવે છે. એવું માનવું ના જોઈએ કે એકમાત્ર સામના અવયવભૂત ઉદ્ગીથાદિ રૂપ ઓમકારની જ ઉપાસનાથી ફળની પ્રાપ્તિ થાય છે. તો પછી શું છે ? (એવો પ્રશ્ન થવાથી કહે છે). જે સર્વ સામ ઉપાસનાઓ અને કર્મોથી પણ અપ્રાપ્ય છે, તે અમૃતત્વરૂપ ફળ કેવળ ઓમકારોપાસનાથી જ પ્રાપ્ત થઈ જાય છે. એટલે તેની સ્તુતિ માટે સામોપાસનાના પ્રકરણમાં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે –

त्रयो धर्मस्कन्धा यज्ञोऽध्ययनं दानमिति प्रथमस्तप एव द्वितीयो ब्रह्मचार्याचार्यकुलवासी तृतीयोऽत्यन्तमात्मानमाचार्यकुलेऽवसादयन्सर्व एते पुण्यलोका भवन्ति ब्रह्मसंस्थोऽमृतत्वमेति ॥ १ ॥

ધર્મના ત્રણ સ્કંધ (આધાર સ્તંભ) છે - યજ્ઞ, અધ્યયન અને દાન - આ પહેલો સ્કંધ છે. તપ જ બીજો સ્કંધ છે. આચાર્ય કુળમાં રહેનારા બ્રહ્મચારી જે આચાર્યકુળમાં પોતાના શરીરને અત્યંત ક્ષીણ કરી દે છે, એ ત્રીજો સ્કંધ છે. આ સર્વ પુણ્યલોકના ભાગીદાર થાય છે. બ્રહ્મમાં સમ્યક્ પ્રકારે રહેલો (ઉપાસક) અમૃતત્વને પ્રાપ્ત કરે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- त्रयस्त्रिसंख्याका धर्मस्य स्कन्धा धर्मस्कन्धा धर्मप्रविभागा इत्यर्थः । के ते ? इत्याह—यज्ञोऽग्निहोत्रादिः । अध्ययनं सनियमस्य ऋगादेरभ्यासः । दानं बहिर्वेदि यथाशक्तिद्रव्यसंविभागो भिक्षमाणेभ्यः । इत्येष प्रथमो धर्मस्कन्धः । गृहस्थसमवेतत्वात्तन्निर्वर्तकेन गृहस्थेन निर्दिश्यते । प्रथम एक इत्यर्थो द्वितीयतृतीयश्रवणान्नाद्यार्थः । ★ तप एव द्वितीयस्तप इति कृच्छ्रचान्द्रायणादि तद्वांस्तापसः परिव्राड् वा न ब्रह्मसंस्थ आश्रमधर्ममात्रसंस्थो ब्रह्मसंस्थस्य त्वमृतत्वश्रवणात् । द्वितीयो धर्मस्कन्धः । ★ ब्रह्मचार्याचार्यकुले वस्तुं शीलमस्येत्याचार्यकुलवासी । अत्यन्तं यावज्जीवमात्मानं नियमैराचार्यकुलेऽवसादयन्क्षपयन्देहं तृतीयो धर्मस्कन्धः । अत्यन्तमित्यादिविशेषणान्नैष्ठिक इति गम्यते । उपकुर्वाणस्य स्वाध्यायग्रहणार्थत्वान्न पुण्यलोकत्वं ब्रह्मचर्येण । ★ सर्व एते त्रयोऽप्याश्रमिणो यथोक्तैर्धर्मैः पुण्यलोका भवन्ति । पुण्यो लोको येषां त इमे पुण्यलोका आश्रमिणो भवन्ति । अवशिष्टस्त्वनुक्तः परिव्राड् ब्रह्मसंस्थो ब्रह्मणि सम्यक्स्थितः सोऽमृतत्वं पुण्यलोकविलक्षणममरणभावमात्यन्तिकमेति नापेक्षिकं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

देवाद्यमृतत्ववत्, पुण्यलोकात् पृथगमृतत्वस्य विभागकरणात् । ★ यदि च पुण्यलोकातिशयमात्रममृतत्वमभविष्यत्ततः पुण्यलोकत्वाद्विभक्तं नावक्ष्यत् । विभक्तोपदेशाच्चात्यन्तिकममृतत्वमिति गम्यते । ★ अत्र चाश्रमधर्मफलोपन्यासः प्रणवसेवास्तुत्यर्थं न तत्फलविध्यर्थम् । स्तुतये च प्रणवसेवाया आश्रमधर्मफलविधये चेति हि भिद्येत वाक्यम् । तस्मात्स्मृतिसिद्धाश्रमफलानुवादेन प्रणवसेवाफलममृतत्वं ब्रुवन्प्रणवसेवां स्तौति । यथा पूर्णवर्मणः सेवा भक्तपरिधानमात्रफला राजवर्मणस्तु सेवा राज्यतुल्यफलेति तद्वत् । ★ प्रणवश्च तत्सत्यं परं ब्रह्म तत्प्रतीकत्वात् । **'एतद्ध्येवाक्षरं ब्रह्म, एतद्ध्येवाक्षरं परम्'** (क.उप. १-२-१६) इत्याद्याम्नायात्काठके युक्तं तत्सेवातोऽमृतत्वम् । ★ अत्राहुः केचिच्चतुर्णामाश्रमिणामविशेषेण स्वकर्मानुष्ठानात्पुण्यलोकतेहोक्ता ज्ञानवर्जितानां सर्व एते पुण्यलोका भवन्तीति । नात्र परिव्राडवशेषितः । परिव्राजकस्यापि ज्ञानं यमा नियमाश्च तप एवेति 'तप एव द्वितीयः' इत्यत्र तपःशब्देन परिव्राट्तापसौ गृहीतौ । अतस्तेषामेव चतुर्णां यो ब्रह्मसंस्थः प्रणवसेवकः सोऽमृतत्वमेतीति, चतुर्णामधिकृतत्वाविशेषाद् ब्रह्मसंस्थत्वेऽप्रतिषेधाच्च । स्वकर्मच्छिद्रे च ब्रह्मसंस्थतायां सामर्थ्योपपत्तेः । ★ न च यववराहादिशब्दवद्ब्रह्मसंस्थशब्दः परिव्राजके रूढः, ब्रह्मणि संस्थितिनिमित्तमुपादाय प्रवृत्तत्वात् । न हि रूढिशब्दा निमित्तमुपाददते । सर्वेषां च ब्रह्मणि स्थितिरुपपद्यते । यत्र यत्र निमित्तमस्ति ब्रह्मणि संस्थितिस्तस्य तस्य निमित्तवतो वाचकं सन्तं ब्रह्मसंस्थशब्दं परिव्राडेकविषये संकोचे कारणाभावान्निरोद्धुमयुक्तम् । न च पारिव्राज्याश्रमधर्ममात्रेणामृतत्वम्, ज्ञानानर्थक्यप्रसङ्गात् । ★ पारिव्राज्यधर्मयुक्तमेव ज्ञानममृतत्वसाधनमिति चेन्न, आश्रमधर्मत्वाविशेषात् । धर्मो वा ज्ञानविशिष्टोऽमृतत्वसाधनमित्येतदपि सर्वाश्रमधर्माणामविशिष्टम् । न च वचनमस्ति परिव्राजकस्यैव ब्रह्मसंस्थस्य मोक्षो नान्येषामिति । ज्ञानान्मोक्ष इति च सर्वोपनिषदां सिद्धान्तः । तस्माद्य एव ब्रह्मसंस्थः स्वाश्रमविहितकर्मवतां सोऽमृतत्वमेतीति । ★ न, कर्मनिमित्तविद्याप्रत्ययोर्विरोधात् कर्त्रादिकारककक्रियाफलभेदप्रत्ययत्त्वं हि निमित्तमुपादायेदं कुर्विदं मा कार्षीरिति कर्मविधयः प्रवृत्ताः । तच्च निमित्तं न शास्त्रकृतम्, सर्वप्राणिषु दर्शनात् । **'सद् एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) **'ब्रह्मैवेदं सर्वम्'** (नृसिंहो.उप. ७) इति शास्त्रजन्यप्रत्ययो विद्यारूपः स्वाभाविकं क्रियाकारकफलभेदप्रत्ययं कर्मविधिनिमित्तमनुपमृद्य न जायते भेदाभेदप्रत्ययोर्विरोधात् । न हि तैमिरिकद्विचन्द्रादिभेदप्रत्ययमनुपमृद्य तिमिरापगमे चन्द्राद्येकत्वप्रत्यय उपजायते, विद्याविद्याप्रत्ययोर्विरोधात् । ★ तत्रैवं सति यं भेदप्रत्ययमुपादाय कर्मविधयः प्रवृत्ताः स यस्योपमर्दित **'सद् एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) **'तत्सत्यम्'** (छा.उप. ६-८-७) **'विकारभेदोऽनृतम्'** इत्येतद्वाक्यप्रमाणजनितेनैकत्वप्रत्ययेन स सर्वकर्मभ्यो निवृत्तो निमित्त निवृत्तेः । स च निवृत्तकर्मा ब्रह्मसंस्थ उच्यते स च परिव्राडेवान्यस्यासम्भवात् । ★ अन्यो ह्यनिवृत्तभेदप्रत्ययः सोऽन्यत्पश्यञ्शृण्वन्मन्वानो विजानन्निदं कृत्वेदं प्राप्नुयामिति हि मन्यते । तस्यैवं कुर्वतो न ब्रह्मसंस्थता । वाचारम्भणमात्रविकारानृताभिसंधिप्रत्ययवत्त्वात् । न चासत्यमित्युपमर्दिते भेदप्रत्यये सत्यमिदमनेन कर्तव्यं मयेति प्रमाणप्रमेयबुद्धिरुपपद्यते । आकाश इव तलमलबुद्धिर्विवेकिनः । ★ उपमर्दितेऽपि भेदप्रत्यये कर्मभ्यो न निवर्तते चेत्प्रागिव भेदप्रत्ययोपमर्दनादेकत्वप्रत्ययविधायकं वाक्यमप्रमाणीकृतं स्यात् । अभक्ष्यभक्षणादिप्रतिषेधवाक्यानां प्रामाण्यवद्युक्तमेकत्ववाक्यस्यापि प्रामाण्यम्, सर्वोपनिषदां तत्परत्वात् । ★ कर्मविधीनामप्रामाण्यप्रसङ्ग इति चेत् ? ★ न, अनुपमर्दितभेदप्रत्ययवत्पुरुषविषये प्रामाण्योपपत्तेः, स्वप्नादिप्रत्यय इव प्राक्प्रबोधात् । ★ विवेकिनामकरणात्कर्मविधिप्रामाण्योच्छेद इति चेत् ? ★ न, काम्यविध्यनुच्छेददर्शनात् न हि, कामात्मता न प्रशस्तेत्येवं विज्ञानवद्भिः काम्यानि कर्माणि नानुष्ठीयन्त इति काम्यकर्मविधय उच्छिद्यन्तेऽनुष्ठीयन्त एव कामिभिरिति । तथा ब्रह्मसंस्थैर्ब्रह्मविद्भिर्नानुष्ठीयन्ते कर्माणीति न तद्विधय उच्छिद्यन्तेऽब्रह्मविद्भिरनुष्ठीयन्त एवेति । ★ परिव्राजकानां भिक्षाचरणादिवदुत्पन्नैकत्वप्रत्ययानामपि गृहस्थादीनामग्निहोत्रादिकर्मानिवृत्तिरिति चेत् ? ★ न, प्रामाण्यचिन्तायां पुरुषप्रवृत्तेरदृष्टान्तत्वात् । न हि नाभिचरेदिति प्रतिषिद्धमप्यभिचरणं कश्चित्कुर्वन्दृष्ट इति शत्रौ द्वेषरहितेनापि विवेकिनाभिचरणं क्रियते । न च कर्मविधिप्रवृत्तिनिमित्ते भेदप्रत्यये बाधितेऽग्निहोत्रादौ प्रवर्तकं निमित्तमस्ति । परिव्राजकस्येव भिक्षाचरणादौ बुभुक्षादि प्रवर्तकम् । ★ इहाप्यकरणे प्रत्यवायभयं प्रवर्तकमिति चेत् ? ★ न, भेदप्रत्ययवतोऽधिकृतत्वात् । भेदप्रत्ययवानुपमर्दितभेदबुद्धिर्विद्यया यः स कर्मण्यधिकृत इत्यवोचाम । यो ह्यधिकृतः कर्मणि तस्य तदकरणे प्रत्यवायो न निवृत्ताधिकारस्य, गृहस्थस्येव ब्रह्मचारिणो विशेषधर्माननुष्ठाने । ★ एवं तर्हि सर्वः स्वाश्रमस्थ उत्पन्नैकत्वप्रत्ययः परिव्राडिति चेत् ? ★ न, स्वस्वामित्वभेदबुद्ध्यनिवृत्तेः । कर्मार्थत्वाच्चेतराश्रमाणाम्, **'अथ कर्म कुर्वीय'** (बृ.उप. १-४-१७) इति श्रुतेः । तस्मात्स्वस्वामित्वाभावाद्भिक्षुरेक एव परिव्राट्, न गृहस्थादिः । ★ एकत्वप्रत्ययविधिजनितेन प्रत्ययेन विधिनिमित्तभेदप्रत्ययस्योपमर्दितत्वाद्यमनियमाद्यनुपपत्तिः परिव्राजकस्येति चेत् ? ★ न, बुभुक्षादिनैकत्वप्रत्ययात् प्रच्यावितस्योपपत्तेर्निवृत्त्यर्थत्वात् । न च प्रतिषिद्धसेवाप्राप्तिः,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

एकत्वप्रत्ययोत्पत्तेः प्रागेव प्रतिषिद्धत्वात् । न हि रात्रौ कूपे कण्टके वा पतित उदितेऽपि सवितरि पतति तस्मिन्नेव । तस्मात्सिद्धं निवृत्तकर्मा भिक्षुक एव ब्रह्मसंस्थ इति । ★ यत्पुनरुक्तं सर्वेषां ज्ञानवर्जितानां पुण्यलोकतेति, सत्यमेतत् । यच्चोक्तं तपःशब्देन परिव्राडप्युक्त इति, एतदसत्, कस्मात् ? परिव्राजकस्येव ब्रह्मसंस्थतासम्भवात् । स एव ह्यवशेषित इत्यवोचाम् । एकत्वविज्ञानवतोऽग्निहोत्रादिवत्तपोनिवृत्तेश्च । भेदबुद्धिमत एव हि तपःकर्तव्यता स्यात् । एतेन कर्मच्छिद्रे ब्रह्मसंस्थतासामर्थ्यम्, अप्रतिषेधश्च प्रत्युक्तः । तथा ज्ञानवानेव निवृत्तकर्मा परिव्राडिति ज्ञानवैयर्थ्यं प्रत्युक्तम् । ★ यत्पुनरुक्तं यववराहादिशब्दवत्परिव्राजके न रूढो ब्रह्मसंस्थशब्द इति तत्परिहृतम् । तस्यैव ब्रह्मसंस्थतासम्भवान्नान्यस्येति । ★ यत्पुनरुक्तं रूढशब्दा निमित्तं नोपाददत इति, तन्न, गृहस्थतक्षपरिव्राजकादिशब्ददर्शनात् । गृहस्थितिपारिव्राज्यतक्षणादिनिमित्तोपादाना अपि गृहस्थपरिव्राजकावाश्रमिविशेषे विशिष्टजातिमति च तक्षेति रूढा दृश्यन्ते शब्दाः । न यत्र यत्र तानि निमित्तानि तत्र तत्र वर्तन्ते, प्रसिद्ध्यभावात् । तथेहापि ब्रह्मसंस्थशब्दो निवृत्तसर्वकर्मतत्साधनपरिव्राडेकविषयेऽत्याश्रमिणि परमहंसाख्ये वृत्त इह भवितुमर्हति, मुख्यामृतत्वफलश्रवणात् । ★ अतश्चेदमेवैकं वेदोक्तं पारिव्राज्यम् । न यज्ञोपवीतत्रिदण्डकमण्डल्वादिपरिग्रह इति । **'मुण्डोऽपरिग्रहः'** (जाबा.उप. ५) **'असङ्गः'** इति च श्रुतिः, **'अत्याश्रमिभ्यः परमं पवित्रम्'** (श्वे.उप. ६-२१) इत्यादि च श्वेताश्वतरीये । **'निःस्तुतिर्निर्नमस्कारः'** इत्यादिस्मृतिभ्यश्च । **'तस्मात्कर्म न कुर्वन्ति यतयः पारदर्शिनः । तस्मादलिङ्गो धर्मज्ञोऽव्यक्तलिङ्गः'** इत्यादिस्मृतिभ्यश्च । ★ यत्तु सांख्यैः कर्मत्यागोऽभ्युपगम्यते, क्रियाकारकफलभेदबुद्धेः सत्यत्वाभ्युपगमात्, तन्मृषा । यच्च बौद्धैः शून्यताभ्युपगमादकर्तृत्वमभ्युपगम्यते, तदप्यसत्, तदभ्युपगन्तुः सत्त्वाभ्युपगमात् । यच्चाज्ञैरलसतयाकर्तृत्वाभ्युपगमः सोऽप्यसत्कारकबुद्धेरनिवर्तितत्वात्प्रमाणेन । तस्माद्वेदान्तप्रमाणजनितैकत्वप्रत्ययवत एव कर्मनिवृत्तिलक्षणं पारिव्राज्यं ब्रह्मसंस्थत्वं चेति सिद्धम् । एतेन गृहस्थस्यैकत्वविज्ञाने सति पारिव्राज्यमर्थसिद्धम् । ★ नन्वग्न्युत्सादनदोषभाक्स्यात्परिव्रजन्, **'वीरहा वा एष देवानां योऽग्निमुद्वासयते'** इति श्रुतेः, न, दैवोत्सादित्वादुत्सन्न एव हि स एकत्वदर्शने जाते **'अपागादग्नेरग्नित्वम्'** इति श्रुतेः । अतो न दोषभाग्गृहस्थः परिव्रजन्निति ॥ १ ॥

શાંકરભાષ્ય :- ધર્મસ્કંધ-ધર્મના સ્કંધ એટલે ધર્મના વિભાગ ત્રયઃ અર્થાત્ ત્રણ સંખ્યાવાળા છે. તે કયા છે ? આ માટે કહે છે કે યજ્ઞ-અગ્નિહોત્રાદિ, અધ્યયન-નિયમપૂર્વક ઋગ્વેદાદિનો અભ્યાસ અને દાન-વેદીની બહાર ભિક્ષા માંગનારાઓને યથાશક્તિ ધન આપવું - આવી રીતે આ પહેલો ધર્મ સ્કંધ છે. આ ધર્મ ગૃહસ્થ ધર્મ સંબંધી હોવાને કારણે તેના સાધક ગૃહસ્થ રૂપે તેમનો નિર્દેશ કરવામાં આવે છે. અહીં 'પ્રથમ' શબ્દનો અર્થ એક છે, શ્રુતિમાં 'દ્વિતીય, તૃતીય' શબ્દ હોવાને કારણે આનો પ્રયોગ આદ્ય અર્થમાં કરવામાં આવતો નથી.

તપ જ બીજો ધર્મસ્કંધ છે. 'તપ' આ શબ્દથી કૃચ્છ્રચાંદ્રાયણાદિ સમજવું જોઈએ, તેનાથી યુક્ત તપસ્વી અથવા પરિવ્રાજક, બ્રહ્મનિષ્ઠ નહીં પણ જે કેવળ આશ્રમ ધર્મમાં રહેલો છે, કારણ કે શ્રુતિએ બ્રહ્મનિષ્ઠને માટે તો અમૃતત્વની પ્રાપ્તિ બતાવી છે. આ બીજો ધર્મ સ્કંધ છે.

જેનો સ્વભાવ આચાર્યકુળમાં નિવાસ કરવાનો છે, તે આચાર્યકુળવાસી બ્રહ્મચારી, જે કે અત્યંત અર્થાત્ યાવજ્જીવન પોતાને નિયમો દ્વારા આચાર્યકુળમાં જ અવસન્ન કર્યા કરે છે, એટલે પોતાના દેહને ક્ષીણ કરતો રહે છે, એ ત્રીજો ધર્મસ્કંધ છે. 'અત્યન્તમ્' વગેરે વિશેષણોથી આ જાણવામાં આવે છે કે અહીં નૈષ્ઠિક બ્રહ્મચારી અભિપ્રેત છે, કારણ કે ઉપકુર્વાણ બ્રહ્મચારીનું બ્રહ્મચર્ય સ્વાધ્યાય માટે હોવાથી તેના દ્વારા પુણ્યલોકની પ્રાપ્તિ થઈ શકતી નથી.

આ સર્વ અર્થાત્ ત્રણે આશ્રમોવાળા ઉપર્યુક્ત ધર્મોને કારણે પુણ્યલોકમાં ભાગીદાર થાય છે. જેને પુણ્યલોક પ્રાપ્ત થાય તેને તે આશ્રમી પુણ્યલોક કહેવાય છે. આનાથી બચેલા, જેનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, તે ચતુર્થ (ચોથો) પરિવ્રાજક બ્રહ્મસંસ્થ બ્રહ્મમાં સમ્યક્ પ્રકારે રહીને થઈને અમૃતત્વને - પુણ્યલોકોથી ભિન્ન આત્યંતિક અમરણભાવને પ્રાપ્ત થાય છે, દેવાદિના અમરત્વની જેમ તેનું અમૃતત્વ આપેક્ષિત હોતું નથી, કારણ કે અહીં પુણ્યલોકથી અમૃતત્વનો અલગ વિભાગ કરવામાં આવ્યો છે.

જો પુણ્યલોકનું અતિશયમાત્ર (અધિકતા) જ અમૃતત્વ હોય તો પુણ્યલોકરૂપ જ હોવાને કારણે આનું તેનાથી પૃથક્ વર્ણન કરવામાં આવત નહીં. એટલે પૃથક્ ઉપદેશ કરવાને કારણે અહીં આત્યંતિક અમૃતત્વ જ અભિપ્રેત છે - એવું જાણવામાં આવે છે.

અહીં જે આશ્રમધર્મોના ફળોનો ઉલ્લેખ કર્યો છે, તે પ્રણવોપાસનાની સ્તુતિ માટે જ છે, તેના ફળોનું વિધાન કરવાને માટે નથી. પરંતુ જો આ કહેવામાં આવે કે 'આ વાક્ય પ્રણવસેવાની સ્તુતિને માટે અને આશ્રમધર્મના ફળના વિધાન કરવાને માટે પણ છે' તો વાક્યભેદ થઈ જશે. એટલે આ મંત્ર સ્મૃતિ પ્રતિપાદિત આશ્રમફળના અનુવાદ દ્વારા 'પ્રણવસેવાનું ફળ અમૃતત્વ છે.' આ બતાવતાં પ્રણવોપાસનાની જ સ્તુતિ કરે છે. જેવી રીતે (કોઈ કહે કે) પૂર્ણવર્માની સેવા ભોજન-વસ્ત્ર માત્ર ફળ આપનારી છે અને રાજવર્માની સેવા રાજ્ય સમાન ફળ આપનારી છે. તેવી રીતે અહીં સમજવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પ્રણવ જ તે સત્ય પરબ્રહ્મ છે, કારણ કે આ તેમનું પ્રતીક છે. કઠોપનિષદમાં **'આ અક્ષર જ બ્રહ્મ છે, આ અક્ષર જ પર છે.'** (ક.ઉપ. ૧-૨-૧૬) વગેરે શ્રુતિ હોવાથી તેની સેવા દ્વારા અમૃતત્વની પ્રાપ્તિ થવી યોગ્ય છે.

અહીં કેટલાક લોકો એવું કહે છે કે આ મંત્રમાં **'આ સર્વ પુણ્યલોકના ભાગીદાર થાય છે.'** આ વાક્ય દ્વારા જ્ઞાન રહિત ચારેય આશ્રમીઓને સમાન રૂપે પોતપોતાના કર્મોનું પાલન કરવાથી પુણ્યલોકની પ્રાપ્તિ બતાવવામાં આવી છે. આમાં પરિવ્રાજકને પણ છોડ્યા નથી. પરિવ્રાજકના પણ જ્ઞાન, યમ અને નિયમ - એ તપ જ છે, એટલે **'તપ જ બીજો ધર્મસ્કંધ છે'** આ વાક્યથી 'તપ' શબ્દથી પરિવ્રાજક અને વાનપ્રસ્થ બંનેનું ગ્રહણ કરવામાં આવ્યું છે. એટલે તે ચારેયમાં જે બ્રહ્મનિષ્ઠ પ્રણવોપાસક હોય છે, તે જ અમૃતત્વને પ્રાપ્ત થાય છે, કારણ કે આ ચારેયનો જ અધિકાર એકસરખો છે અને બ્રહ્મનિષ્ઠામાં પણ કોઈનો પ્રતિષેધ કરવામાં આવ્યો નથી, કારણ કે પોતપોતાના કર્મોના અનુષ્ઠાનથી અવકાશ મળવાથી બધાયને બ્રહ્મમાં રહેવાનું સામર્થ્ય હોવું સંભવે છે.

આના સિવાય 'यव' અને 'वराह' વગેરે શબ્દોની જેમ 'બ્રહ્મસંસ્થ' શબ્દ પરિવ્રાજકમાં રૂઢ પણ નથી, કારણ કે આ તો બ્રહ્મમાં સ્થિતિરૂપ નિમિત્તને લઈને પ્રવૃત્ત થયો છે. રૂઢ શબ્દ કોઈ નિમિત્તનો સ્વીકાર કરતો નથી. અને બ્રહ્મમાં સર્વની સ્થિતિ હોવી સંભવે છે. એટલે જ્યાં જ્યાં પણ બ્રહ્મમાં સ્થિતિરૂપ નિમિત્ત છે તે તે નિમિત્તવાનના વાચક હોવાથી બ્રહ્મસંસ્થ શબ્દ કેવળ પરિવ્રાટનો જ વાચક છે - એવા કોઈ સંકોચનું કોઈ કારણ ન હોવાથી તેને તે અર્થમાં નિરુદ્ધ કરવો ઉચિત નથી. આના સિવાય પારિવ્રાજ્ય (સંન્યાસ) આશ્રમધર્મ માત્રથી જ અમૃતત્વનું પ્રાપ્ત થવું સંભવ નથી, કારણ કે આનાથી જ્ઞાનની નિરર્થકતાનો પ્રસંગ ઉપસ્થિત થઈ જાય છે.

પૂર્વપક્ષી :- જો કહો કે પારિવ્રાજ્યધર્મ સહિત જ જ્ઞાન અમૃતત્વનું સાધન છે, તો એવું કહેવું બરાબર નથી, કારણ કે આશ્રમધર્મત્વમાં અન્ય આશ્રમોના ધર્મોથી કોઈ વિશેષતા નથી. અથવા જો એ કહો કે જ્ઞાન વિશિષ્ટ ધર્મ જ અમૃતત્વનું સાધન છે તો આ નિયમ પણ સમસ્ત આશ્રમધર્મોને માટે એક જેવો છે. એવું કોઈ શાસ્ત્ર વાક્ય પણ નથી કે એકમાત્ર બ્રહ્મનિષ્ઠ સંન્યાસીને જ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે, બીજાઓને નહીં. જ્ઞાનથી મોક્ષ થાય છે - આ જ સંપૂર્ણ ઉપનિષદોનો સિદ્ધાંત છે. એટલે પોતપોતાના આશ્રમધર્મનું પાલન કરનારાઓમાં જે કોઈપણ બ્રહ્મનિષ્ઠ હશે તે જ અમૃતત્વને પ્રાપ્ત થશે.

સિદ્ધાન્તી :- એવું ન બની શકે, કારણ કે કર્મના નિમિત્તભૂત પ્રત્યય અને જ્ઞાનોત્પાદક પ્રયત્નોમાં પરસ્પર વિરોધ છે. કર્તા વગેરે કારક, ક્રિયા અને ફળના ભેદથી યુક્ત થવારૂપ નિમિત્તને લીધે જ 'આ કરો' અને 'આ ના કરશો' આવી રીતની કર્મ વિધિઓ પ્રવૃત્ત થાય છે. અને તે નિમિત્ત શાસ્ત્રનું કરેલું નથી, કારણ કે તે સર્વ પ્રાણીઓમાં જોવામાં આવે છે. **'એક જ અદ્વિતીય સત્ છે.'** (છા.ઉપ. ૬-૨-૧) **'આ સર્વ આત્મા જ છે'** (છા.ઉપ. ૭-૨૫-૨) **'આ સર્વ બ્રહ્મ જ છે'** (નૃસિંહો.ઉપ. ૭) આ જે શાસ્ત્રજનિત વિદ્યારૂપ પ્રત્યય છે તે કર્મ વિધિ નિમિત્તક સ્વાભાવિક ક્રિયા, કારક અને ફળભેદ રૂપ પ્રત્યયને નષ્ટ કર્યા વિના ઉત્પન્ન થતાં નથી, કારણ કે ભેદ અને અભેદ પ્રત્યયોમાં પરસ્પર વિરોધ છે. તિમિર રોગના નષ્ટ થવાથી તિમિર રોગ જનિત દ્વિચંદ્રદર્શનાદિ ભેદ પ્રત્યયનો નાશ થયા વિના ચંદ્રાદિના એકત્વની પ્રતીતિ પણ થતી નથી, કારણ કે જ્ઞાન અને અજ્ઞાનની પ્રતીતિઓમાં પરસ્પર વિરોધ છે.

આવી અવસ્થામાં, જે ભેદ પ્રતીતિને સ્વીકારીને કર્મવિધિઓ પ્રવૃત્ત થઈ છે, તે ભેદ પ્રતીતિ જેની **'એક જ અદ્વિતીય સત્ છે'** (છા.ઉપ. ૬-૨-૧) **'તે જ સત્ય છે'** (છા.ઉપ. ૬-૮-૭) **'વિકાર રૂપ ભેદ મિથ્યા છે.'** વગેરે વાક્યપ્રમાણ જનિત એકત્વ પ્રતીતિ દ્વારા નષ્ટ થઈ ગઈ છે, તે જ કર્મવિધિ નિમિત્તની નિવૃત્તિ થઈ જવાથી સંપૂર્ણ કર્મોથી નિવૃત્ત થઈ જાય છે, તે કર્મોથી નિવૃત્ત થયેલો પુરુષ જ બ્રહ્મસંસ્થ કહેવાય છે, અને તે પરિવ્રાજક જ હોઈ શકે છે, કારણ કે બીજાઓને માટે એવું થવું અસંભવ છે.

તેનાથી ભિન્ન જેની ભેદપ્રતીતિ નિવૃત્ત થઈ નથી, તે અન્ય પદાર્થોને જોતો, સાંભળતો, માનતો અને જાણતો થઈને 'એમ કરીને આને પ્રાપ્ત કરીશ' એવું માને છે. એવું કરનારા તે પુરુષને બ્રહ્મનિષ્ઠતા થતી નથી, કારણ કે તે વાચારંભણ માત્ર વિકારમાં મિથ્યાભિનિવેશરૂપ પ્રતીતિ કરનારો હોય છે. આ અસત્ય છે - આવી રીતે ભેદ પ્રતીતિના બાધક થઈ જવાથી તેનામાં 'આ સત્ય છે, આનાથી મને આ કર્તવ્ય છે' આવી પ્રમા-પ્રમેયરૂપ બુદ્ધિ હોવી સંભવ નથી, જેવી રીતે કે વિવેકી પુરુષને આકાશમાં તલમલ બુદ્ધિ હોવી.

જો ભેદ પ્રતીતિના નષ્ટ થઈ જવાથી પણ બોધવાન પુરુષ ભેદજ્ઞાનની નિવૃત્તિ હોવાથી પૂર્વ સમાન કર્મોથી નિવૃત્ત ન થાય તો તે માનો કે એકત્વ વિધાયક વાક્યોને અપ્રમાણિત સિદ્ધ કરે છે. અભક્ષ્યભક્ષણનો પ્રતિષેધ કરનારા વાક્યોની પ્રામાણિકતાની જેમ એકત્વ પ્રતિપાદક વાક્યની પ્રામાણિકત પણ ઉચિત જ છે, કારણ કે સંપૂર્ણ ઉપનિષદો તેનું પ્રતિપાદન કરવામાં તત્પર છે.

પૂર્વપક્ષી :- આવી રીતે તો કર્મ વિધિઓની અપ્રામાણિકતાનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે.

સિદ્ધાન્તી :- ના, જે પુરુષનું ભેદ જ્ઞાન નિવૃત્ત થયું નથી તેના સંબંધમાં તેની પ્રામાણિકતા થઈ શકે છે, જેવી રીતે કે જાગવાથી પૂર્વ સ્વપ્નાદિનું જ્ઞાન પ્રામાણિક માનવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પૂર્વપક્ષી :- પરંતુ વિવેકીઓના ન કરવાથી તો કર્મવિધિની પ્રમાણતાનું ઉચ્છેદન માનવું જ પડશે.

સિદ્ધાન્તી :- ના, કારણ કે કામ્યવિધિનો ઉચ્છેદ થતો જોવામાં આવતો નથી. 'સકામતા સારી નથી' આવું જેને જ્ઞાન થઈ ગયું છે તે પુરુષો દ્વારા કામ્ય કર્મ કરવામાં આવતાં નથી, એટલે કામ્યકર્મોની વિધિઓનો ઉચ્છેદ થઈ ગયો છે - એવી વાત જોવામાં આવતી નથી. બલ્કિ (તે સમયે પણ) સકામ પુરુષો દ્વારા તેનું અનુષ્ઠાન કરવામાં આવે જ છે. આવી રીતે જે બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવેત્તાઓ દ્વારા કર્મોનું અનુષ્ઠાન કરવામાં આવતું નથી તો આનાથી તેની વિધિનો જ ઉચ્છેદ થઈ જતો નથી. જે બ્રહ્મવેત્તા નથી તેના દ્વારા તેનું અનુષ્ઠાન કરવામાં જ આવે છે.

પૂર્વપક્ષી :- જેવી રીતે સંન્યાસી લોકો ભિક્ષાટન કરે છે. તેવી રીતે જેને એકત્વજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું છે તે ગૃહસ્થોના પણ અગ્નિહોત્રાદિ કર્મોની નિવૃત્તિ ન થવી જોઈએ જો એવી શંકા હોય તો ?

સિદ્ધાન્તી :- ના, કારણ કે પ્રમાણતાનો વિચાર કરવામાં પુરુષ પ્રવૃત્તિ દૃષ્ટાંત રૂપ થઈ શકતી નથી. 'અભિચાર ના કરો' આવી રીતે પ્રતિષિદ્ધ હોવાથી પણ કોઈને અભિચાર કરતાં જોયા છે - આટલાથી જેનો શત્રુના પ્રત્યે દ્વેષભાવ પણ નથી તે વિવેકી પુરુષ - પણ અભિચાર કરવા લાગ્યા આ સંભવ નથી. આવી રીતે કર્મવિધિની પ્રવૃત્તિના નિમિત્તભૂત ભેદપ્રત્યયનો બાધ થઈ જવાથી બોધવાન પુરુષને અગ્નિહોત્રાદિ કર્મમાં પ્રવૃત્ત કરનારા કોઈ નિમિત્ત નથી, જેવી રીતે કે સંન્યાસીને ભિક્ષાટનાદિમાં પ્રવૃત્ત કરનારા ક્ષુધાદિરૂપ નિમિત્ત છે.

પૂર્વપક્ષી :- અહીં પણ નિત્યકર્મ ન કરવાથી પ્રત્યવાય હોવાનો ભય પ્રવૃત્ત કરનારા છે - જો એમ માનો તો ?

સિદ્ધાન્તી :- ના, કારણ કે કર્માનુષ્ઠાનના અધિકારી ભેદજ્ઞાની જ છે. જેની ભેદબુદ્ધિ જ્ઞાનથી નષ્ટ થઈ નથી તે ભેદજ્ઞાની જ કર્મનો અધિકારી છે - એમ અમે પહેલાં કહી ચૂક્યા છીએ. આવી રીતે જે કર્મનો અધિકારી છે તેને જ તેના ન કરવાથી પ્રત્યવાય થઈ શકે છે. જે તેના અધિકારથી બહાર છે તેને પ્રત્યવાય થઈ શકતો નથી, જેવી રીતે કે બ્રહ્મચારીના વિશેષ ધર્મનું અનુષ્ઠાન ન કરવાથી ગૃહસ્થને પ્રત્યવાય થઈ શકતો નથી.

પૂર્વપક્ષી :- આવી રીતે ત્યારે તો જેને એકત્વનું જ્ઞાન થઈ ગયું છે તે કોઈ પણ પુરુષ પોતાના આશ્રમમાં રહેતાં રહેતાં જ પરિવ્રાજક થઈ શકે છે ?

સિદ્ધાન્તી :- ના, કારણ કે તેની સ્વસ્વામીત્વરૂપ ભેદ બુદ્ધિ નિવૃત્ત થતી નથી, કારણ કે અન્ય આશ્રમ કર્માનુષ્ઠાન માટે જ છે, જેમ કે **'(સ્ત્રીપુત્રાદિની પ્રાપ્તિ) પછી હું કર્મ કરીશ'** (બૃ.ઉપ. ૧-૪-૧૭) આ શ્રુતિની સિદ્ધ થાય છે. એટલે સ્વસ્વામીત્વ ભાવનો અભાવ થઈ જવાથી એકમાત્ર ભિક્ષુ જ પરિવાટ્ થઈ શકે છે. ગૃહસ્થાદિ અન્ય આશ્રમાવલમ્બી થઈ શકતો નથી.

પૂર્વપક્ષી :- એકત્વની પ્રતીતિ કરાવનારા વિધિવાક્યથી ઉત્પન્ન થયેલા જ્ઞાન દ્વારા કર્મવિધિ નિમિત્તક ભેદ જ્ઞાનના નિવૃત્ત થઈ જવાથી તો સંન્યાસીને યમ-નિયમાદિનું પાલન કરવું પણ સંભવ નથી. (એટલે તેના સ્વેચ્છાચારી થઈ જવાનો સંભવ છે).

સિદ્ધાન્તી :- ના એવી વાત નથી, કારણ કે બુભુક્ષા (ખાવાની ઇચ્છા) વગેરે દ્વારા એકત્વ પ્રત્યયથી છુટો પાડી દેવાથી તેના દ્વારા અનુચિત કર્મોથી નિવૃત્તિના માટે તેનું પાલન કરવું સંભવ છે. તેના સિવાય તેના દ્વારા પ્રતિષિદ્ધ કર્મોનું સેવન કરવાનું પણ સંભવ નથી, કારણ કે તેનો પ્રતિષેધ તો તે એકત્વ જ્ઞાનની ઉત્પત્તિની પહેલાં જ કરી દીધો છે. રાત્રિના સમયે કુવા અથવા કાંટામાં પડનારો પુરુષ સૂર્યોદય થવાથી પણ તેમાં પડતો નથી. એટલે સિદ્ધ થાય છે કે કર્મોથી નિવૃત્ત થયેલો ભિક્ષુક જ બ્રહ્મનિષ્ઠ થઈ શકે છે.

તથા આ જે કહ્યું કે સંપૂર્ણ જ્ઞાનરહિત પુરુષોને પુણ્યલોકની પ્રાપ્તિ થાય છે તો બરાબર જ છે, પરંતુ એમ જે કહ્યું કે 'તપઃ' શબ્દથી સંન્યાસીનો પણ ઉલ્લેખ છે તે બરાબર નથી. કેમ ? કારણ કે પરિવ્રાજકની જ બ્રહ્મનિષ્ઠા હોવી સંભવ છે. અને તે જ (પુણ્યલોકને પ્રાપ્ત કરનારાઓમાંથી) બચી રહ્યો છે - આવું અમે પહેલાં કરી ચૂક્યા છીએ, કારણ કે એકત્વ વિજ્ઞાનવાનના તો અગ્નિહોત્રાદિ સમાન તપ પણ નિવૃત્ત થઈ જ જાય છે. ભેદ બુદ્ધિમાનમાં જ તપની કર્તવ્યતા પણ રહી શકે છે. આનાથી અન્ય આશ્રમવાળાઓને પણ કર્મોથી અવકાશ મળતાં બ્રહ્મસ્થિતિના સામર્થ્યનું તથા તેના માટે બ્રહ્મનિષ્ઠાના અપ્રતિષેધનો પણ નિષેધ કરી દીધો છે. તથા જ્ઞાની જ નિવૃત્ત કર્મા પરિવાટ્ થઈ શકે છે - આનાથી જ્ઞાનની નિરર્થકતાનું પણ ખંડન કરી દીધું છે.

તથા એવું જે કહ્યું કે 'યવ' અને 'વરાહ' વગેરે શબ્દ સમાન 'બ્રહ્મસંસ્થ' શબ્દ પરિવ્રાજકમાં રૂઢ નથી તેનો પણ પરિહાર કરી દીધો, કારણ કે તેની બ્રહ્મનિષ્ઠા હોવી સંભવ છે, બીજા કોઈની નહીં.

આના સિવાય વાદીએ જે કહ્યું કે રૂઢ શબ્દ નિમિત્તનો સ્વીકાર કરતાં નથી, તો એવી વાત નથી, કારણ કે ગૃહસ્થ, તક્ષા અને પરિવ્રાજકાદિ શબ્દ જોવામાં આવે છે. ઘરમાં રહેવું, પારિવ્રાજ્ય સર્વ કંઈનો ત્યાગ કરીને જતા રહેવું અને તક્ષણ-કાષ્ઠ છેદન વગેરે નિમિત્તોનો સ્વીકાર કરતાં કરતાં પણ 'ગૃહસ્થ' અને 'પરિવ્રાજક' શબ્દ આશ્રમવિશેષોમાં અને 'તક્ષા' શબ્દ જાતિ વિશેષમાં રૂઢ જોવામાં આવે છે. એ ગૃહસ્થાદિ શબ્દ જ્યાં જ્યાં તે નિમિત્તે છે ત્યાં ત્યાં પ્રવૃત્ત હોતો નથી, કારણ કે એવી પ્રસિદ્ધિ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

આવી રીતે અહીં પણ 'બ્રહ્મસંસ્થ' શબ્દની વૃત્તિ સંપૂર્ણ કર્મ અને તેના સાધનોથી નિવૃત્ત થયેલા એકમાત્ર અત્યાશ્રમી પરમહંસ પરિવ્રાજકમાં જ થવી ઉચિત છે, કારણ કે તેને જ મુખ્ય અમૃતત્વ રૂપ ફળની પ્રાપ્તિ સાંભળવામાં આવી છે.

એટલે એકમાત્ર આ જ વેદોક્ત પારિવ્રાજ્ય છે. યજ્ઞોપવિત, ત્રિદંડ અથવા કમંડળ વગેરેને ગ્રહણ કરવા મુખ્ય પારિવ્રાજ્ય નથી. આ વિષયમાં **'મુંડનવાળો પરિગ્રહ નહીં કરનાર'** (જા.બા.ઉપ. ૫) અને **'અસંગ'** એવી શ્રુતિ છે, તથા **'અત્યાશ્રમિયોં ને પરમ પવિત્ર (જ્ઞાનનો ઉપદેશ કર્યો)'** (શ્વે.ઉપ. ૬-૨૧) આ શ્વેતાશ્વતરીય શ્રુતિથી અને 'નિઃસ્તુતિર્નિર્નમસ્કારઃ' વગેરે સ્મૃતિઓથી તેમજ **'એટલે પારદર્શી યતિગણ કર્મ કરતાં નથી, એટલા માટે અલિંગ ધર્મજ્ઞ અને અવ્યક્ત લિંગ (થઈને વિચરે)'** વગેરે સ્મૃતિઓથી પણ આ વાત સિદ્ધ થાય છે.

ક્રિયા, કારક અને ફળરૂપ ભેદબુદ્ધિના સત્યત્વનો સ્વીકાર કરવાને કારણે સાંખ્યવાદી જે કર્મત્યાગનો સ્વીકાર કરે છે, તે બરાબર નથી. તથા બૌદ્ધોએ જે શૂન્યતાનો સ્વીકાર કરવાને કારણે અકર્તૃત્વનો સ્વીકાર કર્યો છે તે પણ બરાબર નથી. કારણ કે તેને તેનું અકર્તૃત્વ સ્વીકાર કરનારની પણ સત્તા માનવી પડશે (અને બૌદ્ધ લોકો આત્માની સત્તાનો સ્વીકાર કરતાં નથી). તથા અજ્ઞાની લોકો તો આળસવશ અકર્તૃત્વ સ્વીકાર કરી લે છે તે પણ બરાબર નથી, કારણ કે પ્રમાણ દ્વારા તેની કારક બુદ્ધિની નિવૃત્તિ થતી નથી. એટલે વેદાન્ત પ્રમાણજનિત એકત્વ જ્ઞાનવાનને જ કર્મનિવૃત્તિ રૂપ પારિવ્રાજ્ય અને બ્રહ્મનિષ્ઠત્વ થઈ શકે છે - એવું સિદ્ધ થાય છે. આનાથી ગૃહસ્થને પણ એકત્વ-વિજ્ઞાન થઈ જવાથી પારિવ્રાજ્ય અર્થતઃ સિદ્ધ થઈ જાય છે.

જો કહો કે પરિવ્રાજક હોવાથી તો તે અગ્નિ પરિત્યાગ રૂપ દોષનો ભાગીદાર થશે, જેમ કે **'જે અગ્નિનો ત્યાગ કરે છે તથા દેવોનો પુત્રઘ્ન થાય છે'** આ શ્રુતિથી સિદ્ધ થાય છે - તો એમ કહેવું બરાબર નથી, કારણ કે વિધાતા દ્વારા ઉચ્છિન્ન કરી દેવાને કારણે તે અગ્નિ એકત્વ દર્શન હોવાથી સ્વતઃ જ ત્યક્ત થઈ જાય છે, જેમ કે **'અગ્નિનું અગ્નિત્વ નિવૃત્ત થઈ ગયું'** એવું શ્રુતિથી સિદ્ધ થાય છે. એટલે પરિવ્રાજક થવાથી ગૃહસ્થ દોષનો ભાગીદાર થતા નથી. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यत्संस्थोऽमृतत्वमेति तन्निरूपणार्थमाह–

શાંકરભાષ્ય :- જેમાં રહેલો પુરુષ અમૃતત્વ પ્રાપ્ત કરી લે છે તેનું નિરૂપણ કરવાને માટે શ્રુતિ કહે છે –

प्रजापतिर्लोकानभ्यतपत्तेभ्योऽभितप्तेभ्यस्त्रयी विद्या संप्रास्रवत्तामभ्यतपत्तस्या अभितप्ताया एतान्यक्षराणि संप्रास्रवन्त भूर्भुवः स्वरिति ॥ २ ॥

પ્રજાપતિએ લોકોના ઉદ્દેશ્યથી ધ્યાન રૂપ તપ કર્યું. તે અભિતપ્ત લોકોથી ત્રયી વિદ્યાની ઉત્પત્તિ થઈ તથા તે અભિતપ્ત ત્રયી વિદ્યાથી 'ભૂઃ, ભુવઃ સ્વઃ' આ અક્ષર ઉત્પન્ન થયા. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- प्रजापतिर्विराट् कश्यपो वा लोकानुद्दिश्य तेषु सारजिघृक्षयाभ्यतपदभितापं कृतवान्ध्यानं तपः कृतवानित्यर्थः । तेभ्योऽभितप्तेभ्यः सारभूता त्रयी विद्या संप्रास्रवत्प्रजापतेर्मनसि प्रत्यभादित्यर्थः । तामभ्यतपत्, पूर्ववत् । तस्या अभितप्ताया एतान्यक्षराणि संप्रास्रवन्त भूर्भुवः स्वरिति व्याहृतयः ॥ २ ॥

શાંકરભાષ્ય :- પ્રજાપતિ અર્થાત્ વિરાટ અથવા કશ્યપજીએ લોકોના ઉદ્દેશ્યથી-તેમાંથી સાર ગ્રહણ કરવાની ઇચ્છાથી-અભિતાપ કર્યો, અર્થાત્ ધ્યાનરૂપ તપ કર્યું. આવી રીતે અભિપ્ત થયેલા તે ભૂતોથી તેની સારભૂતા ત્રયી વિદ્યા ઉત્પન્ન થઈ, તાત્પર્ય આ કે પ્રજાપતિના મનમાં ત્રયી વિદ્યાનું પ્રતિભાન થયું. પ્રજાપતિએ પૂર્વવત્ તેના ઉદ્દેશ્યથી પણ તપ કર્યું. તે અભિતપ્ત ત્રયી વિદ્યાથી ભૂઃ, ભુવઃ અને સ્વઃ- આ વ્યાહૃતિ રૂપ અક્ષરો ઉત્પન્ન થયા. ॥ ૨ ॥

तान्यभ्यतपत्तेभ्योऽभितप्तेभ्य ॐकारः संप्रास्रवत्तद्यथा शङ्कुना सर्वाणि पर्णानि संतृण्णान्येवमोङ्कारेणसर्वा वाक्संतृण्णोङ्कार एवेदꣳसर्वमोङ्कार एवेदꣳसर्वम् ॥ ३ ॥

(ફરીથી પ્રજાપતિએ) તે અક્ષરોની આલોચના કરી. તે આલોચિત અક્ષરોથી ૐકાર ઉત્પન્ન થયો. જેવી રીતે શંકુઓ (નસો) દ્વારા સઘળા પાંદડાઓ પાન વ્યાપ્ત રહે છે તેવી રીતે ઓમકારથી સંપૂર્ણ વાક્ વ્યાપ્ત છે. ઓમકાર જ આ સર્વ કંઈ છે - ઓમકાર જ આ સર્વ કંઈ છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तान्यक्षराण्यभ्यतपत्तेभ्योऽभितप्तेभ्य ॐकारः संप्रास्रवत्तद्ब्रह्म कीदृशम् ? इत्याह–तद्यथा शङ्कुना पर्णनालेन सर्वाणि पर्णानि पत्रावयवजातानि संतृण्णानि विद्धानि व्याप्तानीत्यर्थः । एवमोङ्कारेण ब्रह्मणा परमात्मनः प्रतीकभूतेन सर्वा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

वाक्शब्दजातं संतृण्णा । **'अकारो वै सर्वा वाक्'** इत्यादिश्रुतेः । ★ परमात्मविकारश्च नामधेयमात्रमित्यत ॐकार एवेदꣳसर्वमिति । द्विरभ्यास आदरार्थः । लोकादिनिष्पादनकथनमोङ्कारस्तुत्यर्थमिति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- (પછી તેણે) તે અક્ષરોની આલોચના કરી. તે આલોચિત અક્ષરોથી ૐકાર ઉત્પન્ન થયો. તે (ૐકારરૂપ) બ્રહ્મ કેવું છે ? આ માટે શ્રુતિ કહે છે - જેવી રીતે શંકુ-પાનની નસોથી સઘળા પાન-પાનના અવયવનો સમૂહ અનુવિદ્ધ અર્થાત્ વ્યાપ્ત રહે છે, આવી રીતે પરમાત્માના પ્રતીકભૂત ઓમકાર રૂપ બ્રહ્મ દ્વારા સંપૂર્ણ વાક્-શબ્દ સમૂહ વ્યાપ્ત છે, જેમ કે **'અકાર જ સંપૂર્ણ વાક્ છે'** વગેરે શ્રુતિઓથી સિદ્ધ થાય છે.'

જેટલું નામધેયમાત્ર છે સર્વ પરમાત્માનો જ વિકાર છે. એટલે આ સર્વ ઓમકાર જ છે. દ્વિરુક્તિ આદરને માટે છે. તથા લોકાદિને પ્રાપ્ત કરાવવું વગેરે જે કહેવામાં આવ્યું છે તે ઓમકારની સ્તુતિને માટે છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये त्रयोविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २३ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના ત્રેવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्विंशः खण्डः

शाङ्करभाष्यम् :- सामोपासनप्रसङ्गेन कर्मगुणभूतत्वान्निवर्त्योङ्कारं परमात्मप्रतीकत्वादमृतत्वहेतुत्वेन महीकृत्य प्रकृतस्यैव यज्ञस्याङ्गभूतानि सामहोममन्त्रोत्थानान्युपदिदिक्षन्नाह–

શાંકરભાષ્ય :- સામોપાસનાના પ્રસંગથી કર્મના ગુણભૂત (અંગ) થઈ જવાને કારણે હવે ૐકારને (ઉપાસના કાંડથી) નિવૃત્ત કરીને તે પરમાત્માનું પ્રતીક હોવાને કારણે અમૃતત્વનું સાધન છે - આવી રીતે તેને મહાન બતાવીને પ્રકરણ પ્રાપ્ત યજ્ઞના જ અંગભૂત સામ, હોમ, મંત્ર અને ઉત્થાનોના ઉપદેશ કરવાની ઇચ્છાથી શ્રુતિ કહે છે –

ब्रह्मवादिनो वदन्ति यद्वसूनां प्रातःसवनꣳरुद्राणां माध्यन्दिनꣳसवनमादित्यानां च विश्वेषां च देवानां तृतीयसवनम् ॥ १ ॥

બ્રહ્મવાદી કહે છે કે પ્રાતઃસવન વસુઓનું છે, મધ્યાહ્ન સવન રુદ્રોનું છે તથા તૃતીય સવન આદિત્ય અને વિશ્વેદેવોનું છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- ब्रह्मवादिनो वदन्ति यत्प्रातःसवनं प्रसिद्धं तद्वसूनाम् । तैश्च प्रातःसवनसंबद्धोऽयं लोको वशीकृतः सवनेशानैः । तथा रुद्रैर्माध्यन्दिनसवनेशानैरन्तरिक्षलोकः । आदित्यैश्च विश्वैर्देवैश्च तृतीयसवनेशानैस्तृतीयो लोको वशीकृतः । इति यजमानस्य लोकोऽन्यः परिशिष्टो न विद्यते ॥ १ ॥

શાંકરભાષ્ય :- બ્રહ્મવાદી લોકો કહે છે કે જે પ્રાતઃસવન પ્રસિદ્ધ છે તે વસુઓનું છે. તે સવનના અધીશ્વરો દ્વારા આ પ્રાતઃસવન સંબંધી લોક પોતાના વશીભૂત કરવામાં આવે છે. તથા મધ્યાહ્ન સવનના અધીશ્વર રુદ્રો દ્વારા અંતરિક્ષલોક અને તૃતીય સવનના સ્વામી આદિત્યો તથા વિશ્વેદેવો દ્વારા તૃતીય લોક પોતાને વશ કરાય છે. આવી રીતે યજમાન માટે આના અધિકારથી બચેલો બીજો કોઈ નથી. ॥ ૧ ॥

क्व तर्हि यजमानस्य लोक इति स यस्तं न विद्यात्कथं कुर्यादथ विद्वान्कुर्यात् ॥ २ ॥

તો પછી યજમાનનો લોક ક્યાં છે ? જે યજમાન તે લોકને જાણતા નથી તે કેવી રીતે યજ્ઞાનુષ્ઠાન કરશે ? એટલે તેને જાણનારા જ યજ્ઞ કરશે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अतः क्व तर्हि यजमानस्य लोको यदर्थं यजते । न क्वचिल्लोकोऽस्तीत्यभिप्रायः । **'लोकाय वै यजते यो यजते'** इति श्रुतेः, लोकाभावे च स यो यजमानस्तं लोकस्वीकरणोपायं सामहोममन्त्रोत्थानलक्षणं न विद्यान्न विजानीयात्सोऽज्ञः कथं कुर्याद्यज्ञम् । न कथञ्चन तस्य कर्तृत्वमुपपद्यत इत्यर्थः । ★ सामादिविज्ञानस्तुतिपरत्वान्नाविदुषः कर्तृत्वं कर्ममात्रविदः प्रतिषिध्यते । स्तुतये च सामादिविज्ञानस्याविद्वत्कर्तृत्वप्रतिषेधाय चेति हि भिद्येत वाक्यम् । आद्ये चौषस्त्ये काण्डेऽविदुषोऽपि कर्मास्तीति हेतुमवोचाम । अथैतद्वक्ष्यमाणं सामाद्युपायं विद्वान् कुर्यात् ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- માટે યજમાનનો તે લોક ક્યાં છે જેના માટે તે યજ્ઞાનુષ્ઠાન કરે છે ? તાત્પર્ય આ છે કે તે લોક ક્યાંય નથી. પરંતુ 'જે પણ યજ્ઞ કરે છે તે પુણ્યલોકના જ માટે કરે છે' એવી શ્રુતિ હોવાને કારણે જે યજમાન લોકના અભાવને કારણે સામ, હોમ, મંત્ર અને ઉત્થાન રૂપ લોક સ્વીકૃતિના ઉપાયને નહીં જાણનારા તે અજ્ઞાની કેવી રીતે યજ્ઞાનુષ્ઠાન કરી શકે ? તાત્પર્ય આ છે કે તેનું કર્તૃત્વ કોઈપણ પ્રકારે સંભવ નથી.

(આ વાક્ય) સામાદિ વિજ્ઞાનની સ્તુતિ કરનાર છે, એટલે આના દ્વારા કેવળ કર્મમાત્રના જ્ઞાતા અજ્ઞાનીના કર્તૃત્વનો પ્રતિષેધ કરવામાં આવતો નથી. '(આ વાક્ય) સામાદિ વિજ્ઞાનની સ્તુતિ માટે છે અને અવિજ્ઞાનના કર્મ-કર્તૃત્વનો પ્રતિષેધ કરવાને માટે પણ છે.' જો એમ માનવામાં આવે તો વાક્યભેદ થઈ જશે, કારણ કે પ્રથમ અધ્યાયના ઔષસ્ત્ય કાંડમાં (દસમા ખંડમાં) કર્મ અવિદ્વાનને માટે પણ છે - એવો અમે (કર્માનુષ્ઠાનમાં) હેતુ બતાવ્યો છે. એટલે આગળ બતાવવામાં આવનારા સામાદિ ઉપાયોને જાણનારા થઈને જ કર્મ કરો. ॥ ૨ ॥

❀

किं तद्वेद्यम् ? इत्याह– તે તેમનો જ્ઞાતવ્ય (સામ) શું છે ? તો શ્રુતિ બતાવે છે –

पुरा प्रातरनुवाकस्योपाकरणाज्जघनेन गार्हपत्यस्योदङ्मुख उपविश्य स वासवꣳ सामाभिगायति ॥ ३ ॥

પ્રાતરનુવાકનો આરંભ કરતાં પહેલાં તે (યજમાન) ગાર્હપત્યાગ્નિના પાછળની બાજુ ઉત્તરાભિમુખ બેસીને વસુદેવતા સંબંધી સામનું ગાન કરે છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- पुरा पूर्वं प्रातरनुवाकस्य शस्त्रस्य प्रारम्भाज्जघनेन गार्हपत्यस्य पश्चादुदङ्मुखः सन्नुपविश्य स वासवं वसुदैवत्यं सामाभिगायति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- પ્રાતરનુવાકથી પહેલાં અર્થાત્ પ્રાતઃકાળમાં વાંચવા યોગ્ય 'શસ્ત્ર' નામના સ્તોત્રપાઠ પહેલાં ગાર્હપત્યાગ્નિના પાછળની બાજુ ઉત્તરાભિમુખ બેસીને તે યજમાન વાસવ-વસુદેવતા સંબંધી સામનું ગાન કરે છે. ॥ ૩ ॥

❀

लो ३ कद्वारमपावा ३ र्णू ३३ पश्येम त्वा वयꣳरा ३३३३३ हु ३ म्आ ३३ ज्या ३ यो ३ आ ३२१११ इति ॥ ४ ॥

(હે અગ્નિ !) તમે આ લોકના દ્વાર ખોલી દો, જેનાથી અમે રાજ્ય પ્રાપ્તિને માટે તમારું દર્શન કરી લઈએ. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- लोकद्वारमस्य पृथिवीलोकस्य प्राप्तये द्वारमपावृणु हेऽग्ने तेन द्वारेण पश्येम त्वा त्वां राज्यायेति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- હે અગ્નિ ! તમે લોકદ્વાર - આ પૃથ્વીલોકની પ્રાપ્તિ માટે, તેનું દ્વાર ખોલી દો તે દ્વારથી અમે રાજ્યપ્રાપ્તિ માટે તમારું દર્શન કરીએ. ॥ ૪ ॥

❀

अथ जुहोति नमोऽग्नये पृथिवीक्षिते लोकक्षिते लोकं मे यजमानाय विन्दैष वै यजमानस्य लोक एतास्मि ॥ ५ ॥

તે પછી (યજમાન આ મંત્ર દ્વારા) હવન કરે છે - પૃથ્વીમાં રહેનારા આ લોક નિવાસી અગ્નિદેવને નમસ્કાર છે. મને યજમાનને તમે (પૃથ્વી) લોકની પ્રાપ્તિ કરાવો. આ નિશ્ચય જ યજમાનનો લોક છે, હું આને પ્રાપ્ત કરનાર છું. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरं जुहोत्यनेन मन्त्रेण नमोऽग्नये प्रह्वीभूतास्तुभ्यं वयं पृथिवीक्षिते पृथिवीनिवासाय लोकक्षिते पृथिवीलोकनिवासायेत्यर्थः । लोक मे मह्यं यजमानाय विन्द लभस्व । एष वै मम यजमानस्य लोक एता गन्तास्मि ॥ ५ ॥

શાંકરભાષ્ય :- આના પછી તે આ મંત્ર દ્વારા હવન કરે છે - અગ્નિદેવને નમસ્કાર છે. અમે પૃથ્વીમાં રહેનારા અને પૃથ્વીલોકનિવાસી તમારા પ્રત્યે વિનમ્ર થઈએ છીએ. મને યજમાનને તમે પુણ્ય લોકની પ્રાપ્તિ કરાવો. આ નિશ્ચય જ યજમાનનો લોક છે, હું આને પ્રાપ્ત કરનારો છું. ॥ ૫ ॥

❀

अत्र यजमानः परस्तादायुषः स्वाहापजहि परिघमित्युक्त्वोत्तिष्ठति तस्मै । वसवः प्रातःसवन संप्रयच्छन्ति ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આ લોકમાં યજમાન 'હું આયુષ્ય સમાપ્ત થયા પછી (પુણ્ય લોકને પ્રાપ્ત થઈશ) સ્વાહા' - એમ કહીને હવન કરે છે, અને 'પરિઘ(અર્ગલા)નો નાશ કરો' એમ કહીને ઉત્થાન કરે છે. વસુગણ તેને પ્રાતઃસવન પ્રદાન કરે છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- अत्रास्मिंल्लोके यजमानोऽहमायुषः परस्तादूर्ध्वं मृतः सन्नित्यर्थः, स्वाहेति जुहोति । अपजह्यपनय परिघं लोकद्वारार्गलमित्येतं मन्त्रमुक्त्वोत्तिष्ठति । एवमेतैर्वसुभ्यः प्रातःसवनसंबद्धो लोको निष्क्रीतः स्यात्ततस्ते प्रातःसवनं वसवो यजमानाय सम्प्रयच्छन्ति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- અહીં - આ લોકમાં યજમાન 'હું આયુષ્ય સમાપ્ત થતાં સુધી આયુષ્ય પછી અર્થાત્ મર્યા પછી (પુણ્યલોક પ્રાપ્ત કરીશ) સ્વાહા' એમ કરીને હવન કરે છે. 'તમે પરિઘ એટલે લોકદ્વારની અર્ગલાને દૂર કરો' - આ મંત્ર કહીને ઉત્થાન કરે છે. આવી રીતે આ (સામ, મંત્ર, હોમ અને ઉત્થાન)ના દ્વારા વસુઓથી પ્રાતઃસવન સંબદ્ધ લોક મૂલ્ય રૂપે પ્રાપ્ત કરી લેવામાં આવે છે. ત્યારે તે વસુગણ યજમાનને પ્રાતઃસવન પ્રદાન કરે છે. ॥ ૬ ॥

पुरा माध्यन्दिनस्य सवनस्योपाकरणाज्जघनेनाग्नीध्रीयस्योदङ्मुख उपविश्य स रौद्रꣳ सामाभिगायति ॥ ७ ॥

મધ્યાહ્ન સવનનો આરંભ કરતાં પહેલાં યજમાન દક્ષિણાગ્નિની પાછળ ઉત્તરાભિમુખ બેસીને રુદ્રદેવ સંબંધી સામનું ગાન કરે છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- तथाग्नीध्रीयस्य दक्षिणाग्नेर्जघनेनोदङ्मुख उपविश्य स रौद्रं सामाभिगायति यजमानो रुद्रदैवत्यं वैराज्याय ॥ ७ ॥

શાંકરભાષ્ય :- તથા આગ્નીધ્રીય એટલે દક્ષિણાગ્નિની પાછળની બાજુ ઉત્તરાભિમુખ બેસીને યજમાન વૈરાજ્ય પદની પ્રાપ્તિને માટે રુદ્રદેવ સંબંધી સામનું ગાન કરે છે. ॥ ૭ ॥

लोऽ३ कद्वारमपावाऽ३ र्णू ३३ पश्येम त्वा वयं वैरा ३३३३३ हु ३ म् आ ३३ ज्या ३ यो ३ आ ३२१११ इति ॥ ८ ॥

(હે વાયુ !) તમે અંતરિક્ષ લોકના દ્વાર ખોલી દો, જેનાથી વૈરાજ્ય પદની પ્રાપ્તિને માટે અમે તમારા દર્શન કરી શકીએ. ॥ ૮ ॥

अथ जुहोति नमो वायवेऽन्तरिक्षक्षिते लोकक्षिते लोकं मे यजमानाय विन्दैष वै यजमानस्य लोक एतास्मि ॥ ९ ॥

તે પછી (યજમાન આ મંત્ર દ્વારા) હવન કરે છે - અંતરિક્ષમાં રહેનારા અંતરિક્ષલોક નિવાસી વાયુદેવને નમસ્કાર છે. મને યજમાનને (અંતરિક્ષ) લોકની પ્રાપ્તિ કરાવો. આ નિશ્ચય જ યજમાનનો લોક છે, હું આને પ્રાપ્ત કરનાર છું. ॥ ૯ ॥

अत्र यजमानः परस्तादायुषः स्वाहापजहि परिघमित्युक्त्वोत्तिष्ठति तस्मै रुद्रा माध्यन्दिनꣳ सवनꣳ सम्प्रयच्छन्ति ॥ १० ॥

અહીં યજમાન 'હું આયુષ્ય સમાપ્ત થવાથી (અંતરિક્ષ લોક પ્રાપ્ત કરીશ) સ્વાહા એમ કહીને હવન કરે છે અને 'લોકદ્વારની અર્ગલાને દૂર કરો' એમ કહીને ઉત્થાન કરે છે. રુદ્ર ગણ તેને મધ્યાહ્ન સવન પ્રદાન કરે છે. ॥ ૧૦ ॥

शाङ्करभाष्यम् :- अन्तरिक्षक्षित इत्यादि समानम् ॥ ८-१० ॥

શાંકરભાષ્ય :- 'अन्तरिक्षक्षिते' વગેરે મંત્રોનો અર્થ (પાંચમા અને છઠ્ઠા મંત્ર) સમાન છે. ॥ ૮-૧૦ ॥

पुरा तृतीयसवनस्योपाकरणाज्जघनेनाहवनीयस्योदङ्मुख उपविश्य स आदित्यꣳ स वैश्वदेवꣳ सामाभिगायति ॥ ११ ॥

તૃતીય સવનનો આરંભ કરતાં પહેલાં યજમાન આહવનીયાગ્નિની પાછળ ઉત્તરાભિમુખ બેસીને આદિત્ય અને વિશ્વેદેવ સંબંધી સામનું ગાન કરે છે. ॥ ૧૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- तथाहवनीयस्योदङ्मुख उपविश्य स आदित्यदैवत्यमादित्यं वैश्वदेवं च सामाभिगायति क्रमेण स्वाराज्याय साम्राज्याय ॥ ११ ॥

શાંકરભાષ્ય :- તથા આહવનીયાગ્નિની પાછળ ઉત્તરાભિમુખ બેસીને તે સ્વારાજ્ય અને સામ્રાજ્ય પ્રાપ્તિને માટે ક્રમશઃ આદિત્યદેવ સંબંધી તથા વિશ્વેદેવ સંબંધી સામનું ગાન કરે છે. ॥ ૧૧ ॥

लो ३ कद्वारमपावा३ र्णू ३३ पश्येम त्वा वय स्वारा ३३३३३ हु ३ म् आ ३३ ज्या ३ यो ३ आ ३२१११ इति ॥ १२ ॥ आदित्यमथ वैश्वदेवं लो३कद्वारमपावा ३ र्णू ३३ पश्येम त्वा वय साम्रा ३३३३३ हु ३ म् आ ३३ ज्या ३ यो ३ आ ३२१११ इति ॥ १३ ॥

લોકનું દ્વાર ખોલી દો, જેનાથી અમે સ્વારાજ્ય પ્રાપ્તિને માટે તમારું દર્શન કરી શકીએ. આ આદિત્ય સંબંધી સામ છે, હવે વિશ્વેદેવ સંબંધી સામ કહે છે - લોકનું દ્વાર ખોલી દો, જેનાથી અમે સામ્રાજ્ય પ્રાપ્તિને માટે તમારું દર્શન કરી શકીએ. ॥ ૧૨-૧૩ ॥

अथ जुहोति नम आदित्येभ्यश्च विश्वेभ्यश्च देवेभ्यो दिविक्षिद्भ्यो लोकक्षिद्भ्यो लोकं मे यजमानाय विन्दत ॥ १४ ॥

તે પછી (યજમાન આ મંત્ર દ્વારા) હવન કરે છે - સ્વર્ગમાં રહેનારા દ્યુલોક નિવાસી આદિત્યોને અને વિશ્વેદેવોને નમસ્કાર છે. મને યજમાનને તમે પુણ્યલોકની પ્રાપ્તિ કરાવો. ॥ ૧૪ ॥

एष वै यजमानस्य लोक एतास्म्यत्र यजमानः परस्तादायुषः स्वाहापहत परिघमित्युक्त्वोत्तिष्ठति ॥ १५ ॥

આ નિશ્ચય જ યજમાનનો લોક છે, હું તેને પ્રાપ્ત કરવાનો છું. અહીં યજમાન 'આયુષ્ય સમાપ્ત થવાથી (હું આને પ્રાપ્ત કરીશ) સ્વાહા' – એમ કહીને હવન કરે છે અને 'લોકદ્વારની અર્ગલાને દૂર કરો' - એમ કહીને ઉત્થાન કરે છે. ॥ ૧૫ ॥

शाङ्करभाष्यम् :- दिविक्षिद्भ्य इत्येवमादि समानमन्यत् । विन्दतापहतेति बहुवचनमात्रं विशेषः । याजमानं त्वेतत् । एतास्म्यत्र यजमान इत्यादिलिङ्गात् ॥ १४-१५ ॥

શાંકરભાષ્ય :- 'दिविक्षिद्भ्यः' વગેરે બાકીનું બધું પહેલાની જેમ જ છે. 'विन्दत अपहत' આ ક્રિયાઓમાં બહુવચન હોવું જ પૂર્વની અપેક્ષાએ વિશેષ છે. આ મંત્ર યજમાન-સંબંધી છે, કારણ કે 'હું યજમાન આ લોકને પ્રાપ્ત કરનાર છું' વગેરે લિંગથી આ સ્પષ્ટ થાય છે. ॥ ૧૪-૧૫ ॥

तस्मा आदित्याश्च विश्वे च देवास्तृतीयसवनꣳ सम्प्रयच्छन्त्येष ह वै यज्ञस्य मात्रां वेद य एवं वेद य एवं वेद ॥ १६ ॥

તે(યજમાન)ને આદિત્ય અને વિશ્વેદેવ તૃતીય સવન પ્રદાન કરે છે. જે આવી રીતે જાણે છે, જે આવી રીતે જાણે છે તે નિશ્ચય જ યજ્ઞની માત્રા(યજ્ઞના યથાર્થ સ્વરૂપ)ને જાણે છે. ॥ ૧૬ ॥

शाङ्करभाष्यम् :- एष ह वै यजमान एवंविद् यथोक्तस्य सामादेर्विद्वान्यज्ञस्य मात्रां यज्ञयाथात्म्यं वेद यथोक्तम् । य एवं वेद य एवं वेदेति द्विरुक्तिरध्यायपरिसमाप्त्यर्था ॥ १६ ॥

શાંકરભાષ્ય :- एवंवित् - આવી રીતે પૂર્વોક્ત સામાદિને જાણનારા આ યજમાન નિશ્ચય જ યજ્ઞની માત્રા - યજ્ઞ પૂર્વોક્ત યથાર્થ સ્વરૂપને જાણે 'य एवं वेद य एवं वेद' આ દ્વિરુક્તિ અધ્યાયની સમાપ્તિ માટે છે. ॥ ૧૬ ॥

इति छान्दोग्योपनिषदि द्वितकीयाध्याये चतुर्विंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २४ ॥

છાંદોગ્યોપનિષદ્માં દ્વિતીય અધ્યાયના ચોવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

इति श्रीमद्गोविन्दभगवत्पूज्यपादशिष्यपरमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकरभगवत्पादकृतौ छान्दोग्योपनिषद्विवरणे द्वितीयोऽध्यायः सम्पूर्णः ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तृतीयोऽध्यायः

प्रथमः खण्डः

शाङ्करभाष्यम् :- ॐ असौ वा आदित्य इत्याद्यध्यायारम्भे सम्बन्धः । अतीतानन्तराध्यायान्त उक्तं **यज्ञस्य मात्रां वेदेति** यज्ञविषयाणि च सामहोममन्त्रोत्थानानि विशिष्टफलप्राप्तये यज्ञाङ्गभूतान्युपदिष्टानि । सर्वयज्ञानां च कार्यनिर्वृत्तिरूपः सविता महत्या श्रिया दीप्यते । स एष सर्वप्राणिकर्मफलभूतः प्रत्यक्षं सर्वैरुपजीव्यते । अतो यज्ञव्यपदेशानन्तरं तत्कार्यभूतसवितृविषयमुपासनं सर्वपुरुषार्थेभ्यः श्रेष्ठतमफलं विधास्यामीत्येवमारभते श्रुतिः—

શાંકરભાષ્ય :- 'ॐ असौ वा आदित्यः' વગેરે અધ્યાયના આરંભમાં પૂર્વોત્તર ગ્રંથનો સંબંધ (બતાવવામાં આવે છે). અવ્યવહિતપૂર્વ અધ્યાયના અંતમાં આ બતાવવામાં આવ્યું છે કે **'તે યજ્ઞના યથાર્થ સ્વરૂપને જાણી જાય છે.'** તથા તે જ અધ્યાયમાં વિશિષ્ટ ફળની પ્રાપ્તિને માટે યજ્ઞના અંગભૂત યજ્ઞ સંબંધી સામ, હોમ, મંત્ર અને ઉત્થાનોનો પણ ઉપદેશ કરવામાં આવ્યો છે. (આના દ્વારા) સંપૂર્ણ યજ્ઞનો કાર્ય નિષ્પત્તિ રૂપ (અર્થાત્ સંપૂર્ણ યજ્ઞ સાધનોના ફળસ્વરૂપ) સૂર્ય મહાન શ્રીથી દીપ્ત થઈ જાય છે. તે આ સૂર્યદેવ સંપૂર્ણ પ્રાણીઓના કર્મોના ફલસ્વરૂપ છે, એટલે સમસ્ત જીવ પ્રત્યક્ષ રીતે આના આશ્રયથી જીવન ધારણ કરે છે. માટે યજ્ઞનું નિરૂપણ કરીને પછી હું તેના ફળસ્વરૂપ સૂર્યની ઉપાસનાના, જે સંપૂર્ણ પુરુષાર્થોથી શ્રેષ્ઠતમ ફલવાળી છે - તેનું વિધાન કરીશ - આ ઉદ્દેશ્યથી શ્રુતિ આરંભ કરે છે :—

ॐ असौ वा आदित्यो देवमधु तस्य द्यौरेव तिरश्चीनवꣳशोऽन्तरिक्षमपूपो मरीचयः पुत्राः ॥ १ ॥

ॐ આ આદિત્ય ચોક્કસ દેવોનું મધુ છે. દ્યુલોક જ તેનો વાંકો વાંસ છે. (જેના ઉપર તે લટકેલો છે), અંતરિક્ષ મધપૂડો છે અને કિરણો (તેમાં રહેનારી) માખીઓના બચ્ચા છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- असौ वा आदित्यो देवमध्वित्यादि । देवानां मोदनान्मध्विव मध्वसावादित्यः । वस्वादीनां च मोदनहेतुत्वं वक्ष्यति सर्वयज्ञफलरूपत्वादादित्यस्य । ★ कथं मधुत्वम् ? इत्याह—तस्य मधुनो द्यौरेव भ्रामरस्येव मधुनस्तिरश्चीनश्चासौ वंशश्चेति तिरश्चीनवंशः । तिर्यग्गतेव हि द्यौर्लक्ष्यते । अन्तरिक्षं च मध्वपूपो द्युवंशे लग्नः सँल्लम्बत इवातो मध्वपूपसामान्यादन्तरिक्षं मध्वपूपो मधुनः सवितुराश्रयत्वाच्च । ★ मरीचयो रश्मयो रश्मिस्था आपो भौमाः सवित्राकृष्टाः **'एता वा आपः स्वराजो यन्मरीचयः'** इति हि विज्ञायन्ते । ता अन्तरिक्षमध्वपूपस्थरश्म्यन्तर्गतत्वाद् भ्रमबीजभूताः पुत्रा इव हिता लक्ष्यन्त इति पुत्रा इव पुत्रा मध्वपूपनाड्यन्तर्गता हि भ्रमरपुत्राः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'असौ वा आदित्यो देवमधु' વગેરે. દેવોને પ્રસન્ન કરનારા હોવાથી તે આદિત્ય મધુ(મધ)ના સમાન જાણે મધુ (મીઠો) છે. વસુ વગેરેને પ્રસન્ન કરવામાં તેની હેતુતાને શ્રુતિ આગળ (૩-૬-૧માં) પ્રતિપાદન કરશે, કારણ કે તે આદિત્ય સંપૂર્ણ યજ્ઞોના ફળ સ્વરૂપ છે.

આનું મધુત્વ કેવા પ્રકારે છે ? આ શ્રુતિ બતાવે છે - મધુકરના મધુ સમાન. આ મધુનો દ્યુલોક જ ત્રાંસો વાંસ છે. જે તિરશ્ચીન (ત્રાંસો) હોય અને વંશ (વાંસ) હોય તેને તિરશ્ચીનવંશ (ત્રાંસો વાંસ) કહે છે, કારણ કે દ્યુલોક ત્રાંસો દેખાય છે. તથા અંતરિક્ષ મધપૂડો છે, તે દ્યુલોક રૂપ વાંસમાં લાગીને જાણે લટકે છે, એટલે મધપુડા સમાન હોવાને કારણે તથા મધુરૂપ સૂર્યનો આશ્રય હોવાથી પણ અંતરિક્ષ લોક જ મધપૂડો છે.

મરીચિ - કિરણો અર્થાત્ સૂર્ય દ્વારા ખેંચેલા તેના કિરણોમાં રહેલા પાર્થિવ જળ - જેનાકે **'સ્વરાટ્ (સ્વંયપ્રકાશ સૂર્ય)ના જે કિરણો છે તે નિશ્ચય જળ છે.'** આ શ્રુતિ દ્વારા જ્ઞાન થાય છે, તે અંતરિક્ષ રૂપ મધપૂડામાં રહેલાં કિરણોના અંતર્ગત હોવાને કારણે મધુકરોના બીજભૂત પુત્રો(મધુમાખીઓના બચ્ચા)ના સમાન તેનામાં નિહિત જોવામાં આવે છે. એટલે (તે સૂર્ય રશ્મિસ્થ જળ) ભ્રમરપુત્રો સમાન પુત્ર રૂપ છે, કારણ કે મધપૂડાના છિદ્રોમાં જ ભ્રમરપુત્ર રહે છે. ॥ ૧ ॥

तस्य ये प्राञ्चो रश्मयस्ता एवास्य प्राच्यो मधुनाड्यः । ऋच एव मधुकृत ऋग्वेद एव पुष्पं ता अमृता आपस्ता वा एता ऋचः ॥ २ ॥ एतमृग्वेदमभ्यतप स्तस्याभितप्तस्य यशस्तेज इन्द्रियं वीर्यमन्नाद्य रसोऽजायत ॥ ३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

તે આદિત્યની જે પૂર્વદિશાના કિરણો છે, તે જ આ(અંતરિક્ષ રૂપ મધપૂડા)ના પૂર્વ દિશાવર્તી છિદ્ર છે. ઋક્ જ મધુકર છે, ઋગ્વેદ જ પુષ્પ છે, તે સોમ વગેરે અમૃત જ જળ છે. તે આ ઋક્(રૂપ મધુકરો) એ જ આ ઋગ્વેદનો અભિતાપ કર્યો. તે અભિતપ્ત ઋગ્વેદથી યશ, તેજ, ઈન્દ્રિય, વીર્ય અને અન્નાદ્યરૂપ રસ ઉત્પન્ન થયો. ॥ ૨-૩ ॥

शाङ्करभाष्यम् :- तस्य सवितुर्मध्वाश्रयस्य मधुनो ये प्राञ्चः प्राच्यां दिशि गता रश्मयस्ता एवास्य प्राच्यः प्रागञ्चनान्मधुनो नाड्यो मधुनाड्य इव मध्वाधारच्छिद्राणीत्यर्थः । ★ तत्र ऋच एव मधुकृतो लोहितरूपं सवित्राश्रयं मधु कुर्वन्तीति मधुकृतो भ्रमरा इव । यतो रसानादाय मधु कुर्वन्ति तत्पुष्पमिव पुष्पमृग्वेद एव । ★ तत्र ऋग्ब्राह्मणसमुदायस्यर्ग्वेदाख्यत्वाच्छब्दमात्राच्च भोग्यरूपरसनिस्रावासम्भवादृग्वेदशब्देनात्र ऋग्वेदविहितं कर्म । ततो हि कर्मफलभूतमधुरसनिस्रावसम्भवात् । मधुकरैरिव पुष्पस्थानीयादृग्वेदविहितात्कर्मण अप आदाय ऋग्भिर्मधुनिर्वर्त्यते । ★ कास्ता आपः ? इत्याह—ताः कर्मणि प्रयुक्ताः सोमाज्य-पयोरूपा अग्नौ प्रक्षिप्तास्तत्पाकाभिनिर्वृत्ता अमृता अमृतार्थत्वादत्यन्तरसवत्य आपो भवन्ति । तद्रसानादाय ता वा एता ऋचः पुष्पेभ्यो रसमाददाना इव भ्रमरा ऋचः एतमृग्वेदमृग्वेदविहितं कर्म पुष्पस्थानीयम् अभ्यतपन्नभितापं कृतवत्य इवैता ऋचः कर्मणि प्रयुक्ताः । ★ ऋग्भिर्हि मन्त्रैः शस्त्राद्यङ्गभावमुपगतैः क्रियमाणं कर्म मधुनिर्वर्तकं रसं मुञ्चतीत्युपपद्यते पुष्पाणीव भ्रमरैराचूष्य-माणानि । तदेतदाह—तस्यर्ग्वेदस्याभितप्तस्य, कोऽसौ रसः ? य ऋङ्मधुकराभितापनिःसृत इत्युच्यते । ★ यशो विश्रुतत्वं तेजो देहगता दीप्तिरिन्द्रियं सामर्थ्योपेतैरिन्द्रियैरवैकल्यं वीर्यं सामर्थ्यं बलमित्यर्थः, अन्नाद्यमन्नं च तदाद्यं च येनोपयुज्यमानेनाहन्यहनि देवानां स्थितिः स्यात्तदन्नाद्यमेष रसोऽजायत यागादिलक्षणात् कर्मणः ॥ २-३ ॥

શાંકરભાષ્ય :- મધુના આશ્રયભૂત તે સૂર્યરૂપ મધુના જે પૂર્વદિશામાં રહેલાં કિરણો છે તે જ પૂર્વની બાજુ જવાને કારણે તેની પૂર્વ મધુ નાડીઓ છે. મધુની નાડીઓના સમાન મધુનાડીઓ છે અર્થાત્ તે મધુના આધારભૂત છિદ્રો છે.

ત્યાં ઋચાઓ જ મધુકર છે, તે સૂર્યમાં રહેનારા લોહિત રૂપ મધુ ઉત્પન્ન કરે છે, એટલે ભ્રમરો સમાન તે જ મધુકર છે. જેનાથી રસોને ગ્રહણ કરીને તે મધુ કરે છે તે ઋગ્વેદ જ પુષ્પ સમાન પુષ્પ છે.

પરંતુ અહીં ઋગ્બ્રાહ્મણ સમુદાયનું જ નામ ઋગ્વેદ છે અને કેવળ શબ્દથી ભોગ્યરૂપ રસનું નીકળવું અસંભવ છે, એટલે 'ઋગ્વેદ' શબ્દથી અહીં ઋગ્વેદ વિહિત કર્મ અભિપ્રેત છે, કારણ કે તેનાથી કર્મનું ફળ બનેલા મધુરૂપ રસનું નીકળવું સંભવ છે. મધુકરો સમાન તે પુષ્પ સ્થાનીય ઋગ્વેદ વિહિત કર્મથી જ રસ ગ્રહણ કરીને ઋચાઓ દ્વારા મધુ તૈયાર કરવામાં આવે છે.

તે રસ શું છે ? તો શ્રુતિ બતાવે છે - તે કર્મોમાં પ્રયુક્ત અર્થાત્ અગ્નિમાં નાખેલાં સોમ, ઘૃત તેમજ દૂધરૂપ રસ અગ્નિપાકથી નિષ્પન્ન થયેલું અમૃત હોય છે અર્થાત્ અમૃતત્વ(મોક્ષ)નો હેતુ હોવાને કારણે તે (અમૃત સંજ્ઞક) જળ અત્યંત રસમય હોય છે. તે રસોને જ ગ્રહણ કરીને આ ઋચાઓને - પુષ્પોથી રસ ગ્રહણ કરનારા ભ્રમરો સમાન આ ઋચાઓને - ઋગ્વેદને - પુષ્પ સ્થાનીય ઋગ્વેદ વિહિત કર્મને અભિતપ્ત કર્યું. અર્થાત્ કર્મમાં પ્રયુક્ત થયેલી આ ઋચાઓએ માનો કે તેમનો અભિતાપ કર્યો.

શસ્ત્રાદિ યજ્ઞાંગભાવને પ્રાપ્ત થયેલાં ઋગાદિ મંત્રો દ્વારા કરવામાં આવેલું કર્મ ભ્રમરોથી ચૂસવામાં આવેલાં પુષ્પો સમાન મધુ બનાવનાર રસ છોડે છે - આ કથન બરાબર જ છે. આ જ વાતને આ શ્રુતિ બતાવે છે - તે અભિતપ્ત ઋગ્વેદનો તે કયો રસ છે ? જે મધુકરના અભિતાપથી નીકળેલો છે - એવું કહેવામાં આવે છે.

તે યાગાદિ રૂપ કર્મથી યશ - પ્રસિદ્ધિ, તેજ - દહેગત દીપ્તિ, ઈન્દ્રિય-સામર્થ્યયુક્ત ઈન્દ્રિયોને કારણે અવિકલતા, વીર્ય - સામર્થ્ય એટલે બળ અને અન્નાદ્ય - જે અન્ન હોય અને આદ્ય (ભક્ષ્ય) પણ હોય, જેનો પ્રતિદિન ઉપયોગ કરવાથી દેવોની સ્થિતિ થાય તેને અન્નાદ્ય કહે છે - એવો રસ ઉત્પન્ન થયો. ॥ ૨-૩ ॥

तद्व्यक्षरत्तदादित्यमभितोऽश्रयत्तद्वा एतद्यदेतदादित्यस्य रोहितꣳरूपम् ॥ ४ ॥

તે (યશ વગેરે રસ) વિશેષરૂપે વહ્યો. તેણે (જઈને) આદિત્યના પૂર્વ ભાગમાં આશ્રય લીધો. આ જે આદિત્યનું રોહિત (લાલ) રૂપ છે તે જ (રસ) છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- यशआद्यन्नाद्यपर्यन्तं तद्व्याक्षरद्विशेषेणाक्षरदगमत् । गत्वा च तदादित्यमभितः पार्श्वतः पूर्वभागं सवितुरश्रयदाश्रितवदित्यर्थः । अमुष्मिन्नादित्ये संचितं कर्मफलाख्यं मधु भोक्ष्यामह इत्येवं हि यशआदिलक्षणफलप्राप्तये कर्माणि क्रियन्ते मनुष्यैः केदारनिष्पादनमिव कर्षकैः । तत्प्रत्यक्षं प्रदर्श्यते श्रद्धाहेतोस्तद्वा एतत् । किं तत् ? यदेतदादित्यस्योद्यतो दृश्यतो रोहितं रूपम् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- યશથી લઈને આન્નાદ્ય સુધી તે રસ 'વ્યક્ષરત્' વિશેષ રૂપે વહી ગયો. તેણે જઈને સૂર્યને પાર્શ્વતઃ-સૂર્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પાછળના ભાગનો આશ્રય લીધો, આવું આનું તાત્પર્ય છે. આપણે આ આદિત્યમાં સંચિત થયેલાં કર્મફળ નામના મધુને ભોગવીશું - આવી રીતે યશ વગેરે રૂપ ફળની પ્રાપ્તિ માટે મનુષ્યો દ્વારા કર્મ કરવામાં આવે છે, જેમ કે ખેડનારા ખેડૂતો (ધાન્યાદિની પ્રાપ્તિ માટે) ક્યારીઓ બનાવે છે. શ્રદ્ધાની ઉત્પત્તિ માટે હવે તેને પ્રત્યક્ષ પ્રદર્શિત કરવામાં આવે છે - તે નિશ્ચય આ છે. તે શું છે ? આ જે ઉદય પામતાં સૂર્યનું રોહિત (લાલ) રૂપ જોવામાં આવે છે.

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये प्रथमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના પ્રથમ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वितीयः खण्डः

अथ येऽस्य दक्षिणा रश्मयस्ता एवास्य दक्षिणा मधुनाड्यो यजूꣳष्येव मधुकृतो यजुर्वेद एव पुष्पं ता अमृता आपः ॥ १ ॥

હવે આની જે દક્ષિણ દિશાના કિરણો છે તે આની દક્ષિણ દિશાવર્તિની મધુનાડીઓ છે, યજુઃ શ્રુતિઓ જ મધુકર છે, યજુર્વેદ જ પુષ્પ છે તથા તે (સોમાદિ રૂપ) અમૃત જ આ (જળ) છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ येऽस्य दक्षिणा रश्मय इत्यादि समानम् । यजूंष्येव मधुकृतो यजुर्वेदविहिते कर्मणि प्रयुक्तानि । पूर्ववन्मधुकृत इव । यजुर्वेदविहितं कर्म पुष्पस्थानीयं पुष्पमित्युच्यते । ता एव सोमाद्या अमृता आपः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'अथ येऽस्य दक्षिणा रश्मयः' વગેરે શ્રુતિનો અર્થ પૂર્વવત્ છે. યજુઃ શ્રુતિઓ જ મધુકર છે અર્થાત્ યજુર્વેદ વિહિત કર્મોમાં પ્રયુક્ત યજુર્મંત્ર જ પૂર્વવત્ મધુકરો સમાન છે. યજુર્વેદ વિહિત કર્મ જ પુષ્પસ્થાનીય હોવાને કારણે 'પુષ્પ છે' એમ કહેવાય છે. તથા તે સોમ વગેરે અમૃત આપ (જળ) છે. ॥ ૧ ॥

तानि वा एतानि यजूꣳष्येतं यजुर्वेदमभ्यतपꣳस्तꣳस्याभितप्तस्य यशस्तेज इन्द्रियं वीर्यमन्नाद्यꣳ रसोऽजायत ॥ २ ॥ तद्व्यक्षरत्तदादित्यमभितोऽश्रयत्तद्वा एतद्यदेतदादित्यस्य शुक्लꣳरूपम् ॥ ३ ॥

તે આ યજુઃ શ્રુતિઓએ આ યજુર્વેદનો અભિતાપ કર્યો. તે અભિતપ્ત યજુર્વેદથી યશ, તેજ, ઈન્દ્રિય, વીર્ય અને અન્નાદ્યરૂપ રસ ઉત્પન્ન થયો. તે રસે વિશેષ રૂપે ગમન કર્યું અને આદિત્યની પાસે (દક્ષિણ) ભાગમાં આશ્રય લીધો. આ જે આદિત્યનું શુકલ રૂપ છે, આ તેજ છે. ॥ ૨-૩ ॥

शाङ्करभाष्यम् :- तानि वा एतानि यजूंष्येतं यजुर्वेदमभ्यतपन्नित्येवमादि सर्वं समानम् । मध्वेतदादित्यस्य दृश्यते शुक्लं रूपम् ॥ २-३ ॥

શાંકરભાષ્ય :- તે શ્રુતિઓએ જ આ યજુર્વેદને અભિતપ્ત કર્યો - વગેરે પ્રકારે આ સર્વ અર્થ પૂર્વવત્ છે. આ જે આદિત્યનું શુકલ રૂપ જોવામાં આવે છે મધુ છે. ॥ ૨-૩ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये द्वितीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ २ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના દ્વિતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

तृतीयः खण्डः

अथ येऽस्य प्रत्यञ्चो रश्मयस्ता एवास्य प्रतीच्यो मधुनाड्यः सामान्येव मधुकृतः सामवेद एव पुष्पं ता अमृता आपः ॥ १ ॥

હવે આ જે આની પશ્ચિમ તરફની રશ્મીઓ છે તે જ આની પશ્ચિમની મધુનાડીઓ છે. સામશ્રુતિઓ જ મધુકર છે, સામવેદ વિહિત કર્મ જ પુષ્પ છે તથા તે (સોમાદિરૂપ) અમૃત જ આપ છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तानि वा एतानि सामान्येतꣳ सामवेदमभ्यतपꣳस्तस्याभितप्तस्य यशस्तेज इन्द्रियं वीर्यमन्नाद्यꣳरसोऽजायत ॥ २ ॥

તે આ સામશ્રુતિઓએ જ આ સામવેદવિહિત કર્મનો અભિતાપ કર્યો. તે અભિતપ્ત સામવેદથી જ યશ, તેજ, ઈન્દ્રિય, વીર્ય અને અન્નાદ્ય રૂપ રસ ઉત્પન્ન થયો. ॥ ૨ ॥

तद्व्यक्षरत्तदादित्यमभितोऽश्रयत्तद्वा एतद्यदेतदादित्यस्य कृष्णꣳरूपम् ॥ ३ ॥

તે રસે વિશેષ રૂપે ગમન કર્યું અને આદિત્યની સમીપ (પશ્ચિમ) ભાગમાં આશ્રય લીધો. આ જે આદિત્યનું કૃષ્ણ તેજ છે આ તે જ છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ येऽस्य प्रत्यञ्चो रश्मय इत्यादि समानम् । तथा साम्नां मधु एतदादित्यस्य कृष्णं रूपम् ॥ १-३ ॥

શાંકરભાષ્ય :- 'अथ येऽस्य प्रत्यञ्चो रश्मयः' વગેરે શ્રુતિઓનો અર્થ પૂર્વવત્ છે. તથા સામશ્રુતિઓનો જે મધુ છે તે જ આ આદિત્યનું કૃષ્ણ તેજ છે. ॥ ૧-૩ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये तृतीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ ३ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના તૃતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्थः खण्डः

अथ येऽस्योदञ्चो रश्मयस्ता एवास्योदीच्यो मधुनाड्योऽथर्वाङ्गिरस एव मधुकृत इतिहासपुराणं पुष्पं ता अमृता आपः ॥ १ ॥

હવે આની જે ઉત્તરદિશાના કિરણો છે તે જ આની ઉત્તર દિશાની મધુ નાડીઓ છે. અથર્વાંગિરસ શ્રુતિઓ જ મધુકર છે, ઈતિહાસપુરાણ જ પુષ્પ છે તથા તે (સોમાદિરૂપ) અમૃત જ આપ છે. ॥ ૧ ॥

ते वा एतेऽथर्वाङ्गिरस एतदितिहासपुराणमभ्यतपꣳस्तस्याभितप्तस्य यशस्तेज इन्द्रियं वीर्यमन्नाद्यꣳरसोऽजायत ॥ २ ॥

તે આ અથર્વાંગિરસ શ્રુતિઓએ જ આ ઈતિહાસ-પુરાણને અભિતપ્ત કર્યા. તે અભિતપ્ત થયેલા (ઈતિહાસ-પુરાણરૂપ પુષ્પ)થી જ યશ, તેજ, વીર્ય અને અન્નાદ્યરૂપ રસની ઉત્પત્તિ થઈ. ॥ ૨ ॥

तद्व्यक्षरत्तदादित्यमभितोऽश्रयत्तद्वा एतद्यदेतदादित्यस्य परं कृष्णꣳरूपम् ॥ ३ ॥

તે રસે વિશેષરૂપે ગમન કર્યું અને આદિત્યની પાસે (ઉત્તર) ભાગમાં આશ્રય લીધો. આ જે આદિત્યનું અત્યંત કૃષ્ણ રૂપ છે આ તે જ છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ येऽस्योदञ्चो रश्मय इत्यादि समानम् । अथर्वाङ्गिरसोऽथर्वणाङ्गिरसा च दृष्टा मन्त्रा अथर्वाङ्गिरसः कर्मणि प्रयुक्ता मधुकृतः । इतिहासपुराणं पुष्पम् । तयोश्चेतिहासपुराणयोरश्वमेधे पारिप्लवासु रात्रिषु कर्माङ्गत्वेन विनियोगः सिद्धः । मध्वेतदादित्यस्य परं कृष्णं रूपमतिशयेन कृष्णमित्यर्थः ॥ १-३ ॥

શાંકરભાષ્ય :- 'अथ येऽस्योदञ्चो रश्मयः' વગેરે મંત્રોનો અર્થ પૂર્વવત્ છે. અથર્વાંગિરસ - અથર્વા અને અંગિરા ઋષિઓએ પ્રત્યક્ષ કરેલાં મંત્ર અથર્વાંગિરસ કહેવાય છે. કર્મમાં પ્રયુક્ત થયેલાં તે જ મંત્ર મધુકર છે. ઈતિહાસ-પુરાણ જ પુષ્પ છે. તે ઈતિહાસ અને પુરાણોનો અશ્વમેધ યજ્ઞમાં પારિપ્લવ રાત્રીઓમાં કર્મોના અંગ રૂપે વિનિયોગ પ્રસિદ્ધ જ છે. આ આદિત્યનું જે પરમ કૃષ્ણ અર્થાત્ અતિશય શ્યામ રૂપ છે તે જ મધુ છે. ॥ ૧-૩ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये चतुर्थखण्डभाष्यं सम्पूर्णम् ॥ ४ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના ચતુર્થ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

पञ्चमः खण्डः

अथ येऽस्योर्ध्वा रश्मयस्ता एवास्योर्ध्वा मधुनाड्यो गुह्या एवादेशा मधुकृतो ब्रह्मैव पुष्पं ता अमृता आपः ॥ १ ॥

હવે આની જે ઊર્ધ્વ રશ્મીઓ છે તે જ આની ઉપરની બાજુની મધુનાડીઓ છે. ગુહ્ય આદેશ જ મધુકર છે, (પ્રણવરૂપ) બ્રહ્મ જ પુષ્પ છે તથા તે (સોમાદિરૂપ) અમૃત જ આપ છે. ॥ ૧ ॥

ते वा एते गुह्या आदेशा एतद्ब्रह्माभ्यतपꣳस्तस्याभितप्तस्य यशस्तेज इन्द्रियं वीर्यमन्नाद्यꣳरसोऽजायत ॥ २ ॥

તે આ ગુહ્ય આદેશોએ જ આ (પ્રણવસંજ્ઞક) બ્રહ્મને અભિતપ્ત કર્યું. તે અભિતપ્ત બ્રહ્મથી જ યશ, તેજ, ઇન્દ્રિય, વીર્ય અને અન્નાદ્યરૂપ રસ ઉત્પન્ન થયો. ॥ ૨ ॥

तद्व्यक्षरत्तदादित्यमभितोऽश्रयत्तद्वा एतद्यदेतदादित्यस्य मध्ये क्षोभत इव ॥ ३ ॥

તે રસે વિશેષ રૂપે ગમન કર્યું અને તે આદિત્યના નજીક (ઉર્ધ્વ) ભાગમાં આશ્રિત થયો. આ જે આદિત્યના મધ્યમાં ક્ષુબ્ધ જેવો થાય છે તે જ આ (મધુ) છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ येऽस्योर्ध्वा रश्मय इत्यादि पूर्ववत् । गुह्या गोप्या रहस्या एवादेशा लोकद्वारीयादिविधय उपासनानि च कर्माङ्गविषयाणि मधुकृतः । ब्रह्मैव शब्दाधिकारात् प्रणवाख्यं पुष्पं समानमन्यत् । मध्येतदादित्यस्य मध्ये क्षोभत इव समाहितदृष्टैर्दृश्यते सञ्चलतीव ॥ १-३ ॥

શાંકરભાષ્ય :- 'अथ येऽस्योर्ध्वा रश्मयः' વગેરે મંત્રોનો અર્થ પૂર્વવત છે. ગુહ્ય-ગોપનીય અર્થાત્ રહસ્યભૂત જે આદેશ છે એટલે જે લોક દ્વારીય વગેરે વિધિઓ અને કર્મ અંગ સંબંધીની ઉપાસનાઓ છે તે જ મધુકર છે. બ્રહ્મ શબ્દનો અધિકાર હોવાથી. પ્રણવસંજ્ઞક બ્રહ્મ જ પુષ્પ છે. શેષ અર્થ પૂર્વવત્ છે. સમાહિત દૃષ્ટિ પુરુષને આ આદિત્યના મધ્યમાં જે ક્ષુભિત અર્થાત્ સંચલિત જેવો થતો જોવામાં આવે છે તે જ મધુ છે. ॥ ૧-૩ ॥

ते वा एते रसानाꣳरसा वेदा हि रसास्तेषामेते रसास्तानि वा एतान्यमृतानाममृतानि वेदा ह्यमृतास्तेषामेतान्यमृतानि ॥ ४ ॥

તે એ (પૂર્વોક્ત લોહિતાદિ રૂપ) રસોનો રસ છે, વેદ રસ અને એ તેનો પણ રસ છે. તે જ એ અમૃતોનું અમૃત છે - વેદ અમૃત છે અને એ તેમનું પણ અમૃત છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- ते वा एते यथोक्ता रोहितादिरूपविशेषा रसानां रसाः । केषां रसानाम् ? इत्याह—वेदा हि यस्माल्लोकनिष्यन्दत्वात्सारा इति रसास्तेषां रसानां कर्मभावमापन्नानामप्येते रोहितादिविशेषा रसा अत्यन्तसारभूता इत्यर्थः तथामृतानाममृतानि वेदा ह्यमृताः नित्यत्वात्, तेषामेतानि रोहितादीनि रूपाण्यमृतानि । रसानां रसा इत्यादि कर्मस्तुतिरेषा—यस्यैवंविशिष्टान्यमृतानि फलमिति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે એ પૂર્વોક્ત રોહિતાદિ રૂપ વિશેષ રસોનો રસ છે. કયા રસોનો રસ છે ? એવો પ્રશ્ન થવાથી શ્રુતિ કહે છે - કારણ કે લોકોના સારભૂત હોવાને કારણે વેદ સાર અર્થાત્ રસ છે અને કર્મભાવને પ્રાપ્ત થયેલા તે રસોના પણ એ રોહિતાદિ રૂપ વિશેષ રસ એટલે અત્યંત સારભૂત છે. તથા એ અમૃતોનું પણ અમૃત છે, કારણ કે વેદ નિત્ય હોવાને કારણે અમૃત છે, તેના પણ એ રોહિતાદિરૂપ અમૃત છે. 'रसानां रसः' (રસોનો રસ) વગેરે વાક્ય કર્મની સ્તુતિ માટે છે, અર્થાત્ આ વાક્યનું એવું તાત્પર્ય છે કે જે રસરૂપ કર્મનું આવું અમૃત રૂપ ફળ છે (તેના મહાત્મ્યનું ક્યાં સુધી વર્ણન કરવામાં આવે ?) ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये पञ्चमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ५ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના પાંચમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

षष्ठः खण्डः

तद्यत्प्रथमममृतं तद्वसव उपजीवन्त्यग्निना मुखेन न वै देवा अश्नन्ति न पिबन्त्येतदेवामृतं दृष्ट्वा तृप्यन्ति ॥ १ ॥

આમાં જે પહેલું અમૃત છે, તેનાથી વસુગણ અગ્નિપ્રધાન થઈને જીવન ધારણ કરે છે. દેવગણ ન તો ખાય છે અને ન તો પીવે છે, તે આ અમૃતને જોઈને તૃપ્ત થઈ જાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्र यत्प्रथमममृतं रोहितरूपलक्षणं तद्वसवः प्रातःसवनेशाना उपजीवन्त्यग्निना मुखेनाग्निना प्रधानभूते-नाग्निप्रधानाः सन्त उपजीवन्तीत्यर्थः । अन्नाद्यं रसोऽजायतेतिवचनात्कवलग्राहमश्नन्तीति प्राप्तम्, तत्प्रतिषिध्यते न वै देवा अश्नन्ति न पिबन्तीति । कथं तर्ह्युपजीवन्ति ? इत्युच्यते–एतदेव हि यथोक्तममृतं रोहितं रूपं दृष्ट्वोपलभ्य सर्वकरणैरनुभूय तृप्यन्ति, दृशेः सर्वकरणद्वारोपलब्ध्यर्थत्वात् । ★ ननु रोहितं रूपं दृष्ट्वेत्युक्तम् कथमन्येन्द्रियविषयत्वं रूपस्येति ? न, यशआदीनां श्रोत्रादिगम्यत्वात् । श्रोत्रग्राह्यं यशः । तेजोरूपं चाक्षुषम् । इन्द्रियं विषयग्रहणकार्यानुमेयं करणसामर्थ्यम् । वीर्यं बलं देहगत उत्साहः प्राणवत्ता अन्नाद्यं प्रत्यहमुपजीव्यमानं शरीरस्थितिकरं यद्भवति । रसो ह्येवमात्मकः सर्वः । यं दृष्ट्वा तृप्यन्ति सर्वे । देवा दृष्ट्वा तृप्यन्तीत्येतत्सर्वं स्वकरणैरनुभूय तृप्यन्तीत्यर्थः । आदित्यसंश्रयाः सन्तो वैगन्ध्यादिदेहकरणदोषरहिताश्च ॥ १ ॥

શાંકરભાષ્ય :- ત્યાં આમાં જે રોહિતરૂપવાળું પહેલું અમૃત છે તેના ઉપજીવી પ્રાતઃ સવનાધિકારી વસુગણ છે. તે અગ્નિમુખથી - પ્રધાનભૂત અગ્નિથી અર્થાત્ અગ્નિપ્રધાન થઈને આના ઉપજીવી બને છે. 'અન્નાદિ રસ ઉત્પન્ન થયો' આ વાક્યથી સિદ્ધ થાય છે કે તે તેને એક-એક કોળિયો લઇને ખાય છે. આનો 'દેવગણ ન તો ખાય છે અને ન તો પીએ જ છે' આ વાક્ય દ્વારા પ્રતિષેધ કરવામાં આવે છે.

તો પછી તે કેવી રીતે તેના ઉપજીવી થાય છે ? એવો પ્રશ્ન થવાથી કહેવામાં આવે છે - તે આ ઉપર્યુક્ત અમૃત અર્થાત્ રોહિતરૂપને જોઈને - ઉપલબ્ધ કરીને એટલે સમસ્ત ઈન્દ્રિયોથી આનો અનુભવ કરીને તૃપ્ત થઈ જાય છે, કારણ કે 'દૃશ્' ધાતુ સમસ્ત ઈન્દ્રિયો દ્વારા થતી ઉપલબ્ધિ(જ્ઞાન)ના અર્થમાં પ્રયુક્ત થાય છે.

પરંતુ અહીં તો કહેવામાં આવ્યું છે કે રોહિતરૂપને જોઈને (અર્થાત્ સંપૂર્ણ ઈન્દ્રિયોથી તેનો અનુભવ કરો) પછી રૂપ અન્ય ઈન્દ્રિયોનો વિષય કેવી રીતે હોઈ શકે ? (આ માટે કહે છે -) એવી વાત નથી, કારણ કે શ્રોત્રાદિ અન્ય ઈન્દ્રિયોના વિષય તો યશ વગેરે છે. યશ શ્રોત્રગ્રાહ્ય છે. ચક્ષુ ઈન્દ્રિયનો વિષય તેજોરૂપ છે. વિષયગ્રહણ રૂપ કાર્યથી અનુમિત થનારા કરણોના સામર્થ્યનું નામ 'ઈન્દ્રિય' છે, 'વીર્ય'નો અર્થ છે બળ - દેહગત ઉત્સાહ અથવા પ્રાણવત્તા. તથા 'અન્નાદ્ય' જેના આશ્રિત થઈને પ્રાણાદિ પ્રતિદિન જીવિત રહે છે અને જે શરીરની સ્થિતિ કરનારા છે, તે છે. આવી રીતે આ સર્વ કંઈ રસ છે, જેને જોઈને સર્વદેવ તૃપ્ત થાય છે. દેવગણ જોઈને તૃપ્ત થાય છે - આનો આશય આ છે કે આ સર્વેનો પોતાની ઈન્દ્રિયોથી અનુભવ કરીને તે તૃપ્ત થઈ જાય છે. તથા આદિત્યના આશ્રિત હોવાથી તે દુર્ગન્ધ વગેરે દેહ અને ઈન્દ્રિયોના દોષોથી રહિત પણ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- किं ते निरुद्यमा अमृतमुपजीवन्ति ? न, कथं तर्हि ?

શાંકરભાષ્ય :- તો શું તે ઉદ્યમહીન રહીને આ અમૃતના ઉપજીવી હોય છે ? ના, તો પછી કેવા પ્રકારે થાય છે ?

त एतदेव रूपमभिसंविशन्त्येतस्माद्रूपादुद्यन्ति ॥ २ ॥

તે દેવગણ આ રૂપને લક્ષિત કરીને જ ઉદાસીન થઈ જાય છે અને પછી આનાથી ઉત્સાહિત થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- एतदेव रूपमभिलक्ष्याधुना भोगावसरो नास्माकमिति बुद्ध्वाभिसंविशन्त्युदासते । यदा वै तस्यामृतस्य भोगावसरो भवेत्तदैतस्मादमृतभोगनिमित्तमित्यर्थः । एतस्माद्रूपादुद्यन्त्युत्साहवन्तो भवन्तीत्यर्थः । न ह्यनुत्साहवतामननुतिष्ठतामलसानां भोगप्राप्तिर्लोके दृष्टा ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ રૂપને જ લક્ષિત કરીને અર્થાત્ અત્યારે અમારા ભોગનો અવસર નથી - એમ જાણીને તે ઉદાસીન થઈ જાય છે. અને જ્યારે તે અમૃતના ભોગનો અવસર ઉપસ્થિત થાય છે ત્યારે આ અમૃતથી અર્થાત્ આ અમૃતના ભોગને માટે આ રૂપથી જ ઉત્સાહ યુક્ત થઈ જાય છે, કારણ કે જે અનુત્સાહી, અનુષ્ઠાનહીન અને આળસી છે, તેને લોકમાં ભોગોની પ્રાપ્તિ થતી જોવામાં આવતી નથી. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स य एतदेवममृतं वेद वसूनामेवैको भूत्वाग्निनैव मुखेनैतदेवामृतं दृष्ट्वा तृप्यति स एतदेव रूपमभिसंविशत्येतस्माद्रूपादुदेति ॥ ३ ॥

તે, જે આવી રીતે આ અમૃતને જાણે છે તે વસુઓમાંથી કોઈ એક થઈને અગ્નિની પ્રધાનતાથી તેને જોઈને તૃપ્ત થઈ જાય છે. તે આ રૂપને જ લક્ષ્યમાં રાખીને ઉદાસ થતો નથી અને આ રૂપથી ઉત્સાહિત થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स यः कश्चिदेतदेवं यथोदितमृङ् मधुकरतापरससंक्षरणमृग्वेदविहितकर्मपुष्पात्तस्य चादित्यसंश्रयणं रोहितरूपत्वं चामृतस्य प्राचीदिग्गतरश्मिनाडीसंस्थतां वसुदेवभोग्यतां तद्विदश्च वसुभिः सहैकतां गत्वाग्निना मुखेनोपजीवनं दर्शनमात्रेण तृप्तिं स्वभोगावसर उद्यमनं तत्कालापाये च संवेशनं वेद सोऽपि वसुवत्सर्वं तथैवानुभवति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- જે કોઈ પુરુષ આ યથોક્ત અમૃતને આવી રીતે (જાણે છે) અર્થાત્ ઋગ્વેદ વિહિત કર્મરૂપ પુષ્પથી ઋક્-શ્રુતિરૂપ મધુકરોના અભિતાપ દ્વારા આનું સંરક્ષણ હોવું, તેનું આદિત્યના આશ્રિત હોવું, રોહિતરૂપ હોવું, અમૃતના પૂર્વ દિગ્વર્તિની રશ્મિનાડીઓમાં રહેવું, વસુનામક દેવોના ભોગ્ય હોવું, તેને જાણનારાઓના વસુગણની સાથે એકતાને પ્રાપ્ત થઈને અગ્નિની પ્રધાનતાથી તેના આશ્રયે જીવન ધારણ કરવું, તેના દર્શનમાત્રથી તેનું (તેને જાણનારાઓનું) તૃપ્ત થવું, પોતાના ભોગ સમયે તેનું તેનાથી ઉત્સાહિત થવું અને ભોગ અવસરની સમાપ્તિ થતાં ઉદાસીન થઈ જવું એ જાણે છે તે પણ વસુઓ સમાન આ સર્વ વાતોનો તેવી રીતે અનુભવ કરે છે. ॥ ૩ ॥

कियन्तं कालं विदांस्तदमृतमुपजीवति ? इत्युच्यते–

વિદ્વાન કેટલા સમય સુધી તે અમૃતના આશ્રિત થઈને જીવન ધારણ કરે છે, આ બતાવવામાં આવે છે –

स यावदादित्यः पुरस्तादुदेता पश्चादस्तमता वसूनामेव तावदाधिपत्यꣳस्वाराज्यं पर्येता ॥ ४ ॥

જ્યાં સુધી આદિત્યપૂર્વ દિશાથી ઉદિત થાય છે અને પશ્ચિમ દિશામાં અસ્ત થાય છે ત્યાં સુધી તે (વિદ્વાન) વસુઓના આધિપત્ય અને સ્વારાજયને પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- स विद्वान्यावदादित्यः पुरस्तात्प्राच्यां दिश्युदेता पश्चात्प्रतीच्यामस्तमेता तावद्वसूनां भोगकालस्तावन्तमेव कालं वसूनामाधिपत्यं स्वाराज्यं पर्येता परितो गन्ता भवतीत्यर्थः । न यथा चन्द्रमण्डलस्थः केवलकर्मी परतन्त्रो देवानामन्नभूतः । किं तर्हि ? अयमाधिपत्यं स्वराड्भावं चाधिगच्छति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- જ્યાં સુધી આદિત્ય પૂર્વની બાજુ - પૂર્વ દિશામાં ઊગે અને પશ્ચિમની બાજુ અસ્ત થાય છે ત્યાં સુધી વસ્તુઓનો ભોગકાળ છે, તે વિદ્વાન તેટલા સમય સુધી વસુઓના આધિપત્ય અને સ્વારાજયને 'પર્યેતા' બધી બાજુથી પ્રાપ્ત થાય છે. આવો આનો ભાવાર્થ છે. જેવી રીતે ચંદ્ર મંડળમાં રહેલા કેવળ કર્મ પરાયણ પુરુષ દેવોના ભોગ્ય થઈને પરતંત્ર રહે છે, તેવી રીતે આ રહેતો નથી. તો પછી કેવી રીતે રહે છે ? આ તો આધિપત્ય અને સ્વારાજય ભાવને પ્રાપ્ત થઈ જાય છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये षष्ठखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના છઠ્ઠા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तमः खण्डः

अथ यद्द्वितीयममृतं तद्रुद्रा उपजीवन्तीन्द्रेण मुखेन न वै देवा अश्नन्ति न पिबन्त्येतदेवामृतं दृष्ट्वा तृप्यन्ति ॥ १ ॥

હવે જે બીજું અમૃત છે, રુદ્રગણ ઈન્દ્રપ્રધાન થઈને તેના આશ્રિત જીવનધારણ કરે છે. દેવગણ ન તો ખાય છે અને ન તો પીવે છે, તે આ અમૃતને જોઈને તૃપ્ત થઈ જાય છે. ॥ ૧ ॥

त एतदेव रूपमभिसंविशन्त्येतस्माद्रूपादुद्यन्ति ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તે આ જ રૂપને લક્ષિત કરીને ઉદાસીન થઈ જાય છે અને આનાથી ઉદ્યમશીલ થાય છે. ॥ ૨ ॥

स य एतदेवममृतं वेद रुद्राणामेवैको भूत्वेन्द्रेणैव मुखेनैतदेवामृतं दृष्ट्वा तृप्यति स एतदेव रूपमभिसंविशत्येतस्माद्रूपादुदेति ॥ ३ ॥

તે, જે આવી રીતે આ અમૃતને જ જાણે છે, રુદ્રોમાંથી જ કોઈ એક થઈને ઈન્દ્રની જ પ્રધાનતાથી આ અમૃતને જ જોઈને તૃપ્ત થઈ જાય છે. તે આ રૂપથી જ ઉદાસીન થઈ જાય છે અને આ રૂપથી ઉદ્યમશીલ થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ यद्द्वितीयममृतं तद्रुद्रा उपजीवन्तीत्यादिसमानम् ॥ १-३ ॥

શાંકરભાષ્ય :- 'अथ यद्द्वितीयममृतं तद्रुदा उपजीवन्ति' વગેરે શ્રુતિઓનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૧-૩ ॥

स यावदादित्यः पुरस्तादुदेता पश्चादस्तमेता द्विस्तावद्दक्षिणत उदेतोत्तरतोऽस्तमेता रुद्राणामेव तावदाधिपत्यꣳ-स्वाराज्यं पर्येता ॥ ४ ॥

જ્યાં સુધી આદિત્ય પૂર્વથી ઉદય પામે છે અને પશ્ચિમમાં અસ્ત થાય છે તેનાથી દ્વિગુણ સમય સુધી તે દક્ષિણથી ઉદય પામે છે અને ઉત્તરમાં અસ્ત થાય છે. આટલા સમય સુધી તે રુદ્રોના આધિપત્ય તેમજ સ્વારાજ્યને પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- स यावदादित्यः पुरस्तादुदेता पश्चादस्तमेता द्विस्तावत्ततो द्विगुणं कालं दक्षिणत उदेतोत्तरतोऽस्तमेता रुद्राणां तावद्भोगकालः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે આદિત્ય જ્યાં સુધી પૂર્વથી ઉદય પામે અને પશ્ચિમમાં અસ્ત થાય છે તેનાથી દ્વિગુણ સમય સુધી દક્ષિણથી ઉદય પામે અને ઉત્તરમાં અસ્ત થતો રહે છે. આટલો સમય રુદ્રોનો ભોગકાળ છે. (અર્થાત્ વસુઓની અપેક્ષાએ રુદ્રોનો ભોગકાળ દ્વિગુણ છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये सप्तमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ७ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના સાતમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टमः खण्डः

अथ यत्तृतीयममृतं तदादित्या उपजीवन्ति वरुणेन मुखेन न वै देवा अश्नन्ति न पिबन्त्येतदेवामृतं दृष्ट्वा तृप्यन्ति ॥ १ ॥

તે પછી જે ત્રીજું અમૃત છે, આદિત્યગણ વરુણપ્રધાન થઈને તેમના આશ્રિત જીવન ધારણ કરે છે. દેવગણ ન તો ખાય છે અને ન પીવે છે, તે આ અમૃતને જોઈને જ તૃપ્ત થઈ જાય છે. ॥ ૧ ॥

त एतदेव रूपमभिसंविशन्त्येतस्माद्रूपादुद्यन्ति ॥ २ ॥

તે આ રૂપને જ લક્ષિત કરીને ઉદાસીન થાય છે અને આનાથી ઉદ્યમશીલ થઈ જાય છે. ॥ ૨ ॥

स य एतदेवममृतं वेदादित्यानामेवैको भूत्वा वरुणेनैव मुखेनैतदेवामृतं दृष्ट्वा तृप्यति स एतदेव रूपमभिसंविशत्येतस्माद्रूपादुदेति ॥ ३ ॥

તે, જે આવી રીતે અમૃતને જાણે છે, આદિત્યોમાંથી જ કોઈ એક થઈને વરુણની જ પ્રધાનતાથી આ અમૃતને જોઈને તૃપ્ત થઈ જાય છે. તે આ રૂપથી ઉદાસીન થાય છે અને આનાથી ઉદ્યોગી થઈ જાય છે. ॥ ૩ ॥

स यावदादित्यो दक्षिणत उदेतोत्तरतोऽस्तमेता द्विस्तावत्पश्चादुदेता पुरस्तादस्तमेतादित्यानामेव तावदाधिपत्यꣳ-स्वाराज्यं पर्येता ॥ ४ ॥

તે આદિત્ય જેટલા સમય સુધી દક્ષિણથી ઉદય પામે છે અને ઉત્તરમાં અસ્ત થાય છે તેનાથી દ્વિગુણ સમય સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પશ્ચિમથી ઉદય પામે અને પૂર્વમાં અસ્ત થતો રહે છે. આટલા સમય સુધી તે આદિત્યોના જ આધિપત્ય અને સ્વારાજ્યને પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तथा पश्चादुत्तरत ऊर्ध्वमुदेता विपर्ययेणास्तमेता । पूर्वस्मात्पूर्वस्माद् द्विगुणोत्तरोत्तरेण कालेनेत्यपौराणं दर्शनम् । सवितुश्चतुर्दिशमिन्द्रयमवरुणसोमपुरीषूदयास्तमयकालस्य तुल्यत्वं हि पौराणिकैरुक्तम् । मानसोत्तरस्य मूर्धनि मेरोः प्रदक्षिणावृत्तेस्तुल्यत्वादिति । ★ अत्रोक्तः परिहार आचार्यैः । अमरावत्यादीनां पुरीणां द्विगुणोत्तरोत्तरेण कालेनोद्वासः स्यात् । उदयश्च नाम सवितुस्तन्निवासिनां प्राणिनां चक्षुर्गोचरापत्तिस्तदत्ययश्चास्तमनं न परमार्थत उदयास्तमने स्तः । तन्निवासिनां च प्राणिनामभावे तान्प्रति तेनैव मार्गेण गच्छन्नपि नैवोदेता नास्तमेतेति चक्षुर्गोचरापत्तेस्तदत्ययस्य चाभावात् । ★ तथामरावत्याः सकाशाद् द्विगुणं कालं संयमनी पुरी वसत्यतस्तन्निवासिनः प्राणिनः प्रति दक्षिणत इवोदेत्युत्तरतोऽस्तमेतीत्युच्यतेऽस्मद्बुद्धिं चापेक्ष्य, तथोत्तरास्वपि पुरीषु योजना । सर्वेषां च मेरुरुत्तरतो भवति । ★ यदामरावत्यां मध्याह्नगतः सविता तदा संयमन्यामुद्यन् दृश्यते, तत्र मध्याह्नगतो वारुण्यामुद्यन्दृश्यते, तथोत्तरस्याम्, प्रदक्षिणावृत्तेस्तुल्यत्वात् । इलावृतवासिनां सर्वतः पर्वतप्राकारनिवारितादित्य-रश्मीनां सवितोर्ध्वं इवोदेतावागस्तमेता दृश्यते । पर्वतोर्ध्वच्छिद्रप्रवेशात्सवितृप्रकाशस्य । ★ तथर्गाद्यमृतोपजीविनाममृतानां च द्विगुणोत्तरोत्तरवीर्यवत्त्वमनुमीयते भोगकालद्वैगुण्यलिङ्गेन । उद्यमनसंवेशनादि देवानां रुद्रादीनां विदुषश्च समानम् ॥ १-४ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે પૂર્વ-પૂર્વની અપેક્ષા ઉત્તરોત્તર દ્વિગુણ સમય સુધી પશ્ચિમ, ઉત્તર અને ઉપરની બાજુ સૂર્ય ઉદય પામે છે અને તેનાથી વિપરીત દિશાઓમાં અસ્ત થાય છે. પરંતુ આ તો પુરાણ દૃષ્ટિથી વિરુદ્ધ છે, કારણ કે પૌરાણિકોએ ચારે દિશાઓમાં ઈન્દ્ર, યમ, વરુણ અને સોમની પુરીઓમાં સૂર્યના ઉદય અને અસ્તનો કાળ સમાન બતાવ્યો છે, કારણ કે માનસોત્તર પર્વતના શિખર ઉપર જે સૂર્યના સુમેરુની ચારે બાજુએ ફરવાનો માર્ગ છે તે સર્વત્ર સમાન છે.

અહીં આચાર્યોએ આવી રીતે આ(આક્ષેપ)નો પરિહાર કર્યો છે - અમરાવતી વગેરે પુરીઓના ઉત્તરોત્તર દ્વિગુણ સમયમાં ઉદ્વાસ (નાશ) થાય છે. તે પુરીઓના નિવાસિયોની દૃષ્ટિમાં આવવું જ સૂર્યનો ઉદય છે અને તેમની દૃષ્ટિથી સંતાઈ જવું જ સૂર્યનો અસ્ત છે. વસ્તુતઃ સૂર્યના ઉદય અને અસ્ત છે જ નહીં. તે પુરીઓમાં નિવાસ કરનારા પ્રાણીઓનો અભાવ થઈ જવાથી તેના માટે સૂર્યદેવ તે જ માર્ગથી જતાં જતાં પણ ન તો ઉદય પામે છે અને ન અસ્ત જ થાય છે, કારણ કે તે સમયે સૂર્યનું કોઈની દૃષ્ટિનો વિષય થવું અથવા ન થવું સમાપ્ત થઈ જાય છે.

વળી અમરાવતી પુરીની અપેક્ષા દ્વિગુણ સમય સંયમની પુરીનો રહે છે. એટલે તેમાં રહેનારા પ્રાણિઓને માટે સૂર્ય જાણે દક્ષિણની બાજુથી ઉદય પામે છે અને ઉત્તરમાં અસ્ત પામી જાય છે - આ વાત આપણા લોકોની દૃષ્ટિને માટે કહેવામાં આવી છે. આવી રીતે આગળની અન્ય પુરીઓમાં પણ યોજના કરી લેવી જોઈએ. તથા મેરુ આ સર્વની ઉત્તર તરફ છે.

જ્યારે અમરાવતી પુરીમાં સૂર્ય મધ્યાહ્નમાં રહેલો હોય છે ત્યારે સંયમની પુરીમાં તે ઉદય થતો જોવામાં આવે છે, અને ત્યાં મધ્યાહ્નમાં રહેલો હોવાથી વરુણની પુરીમાં ઉદય પામતો જોઈ શકાય છે. આવી રીતે ઉત્તર દિશાવર્તિની પુરીના વિષયમાં સમજવું જોઈએ, કારણ કે તેની પરિક્રમાનું ચક્ર બધે સરખું છે. સૂર્ય રશ્મિઓના સર્વ બાજુથી પર્વતરૂપી પ્રાકાર કોટ દ્વારા રોકી લેવાના કારણે ઇલાવૃત ખંડમાં રહેનારાઓને આ માનો ઉપરની બાજુ ઉદય પામતો અને નીચેની બાજુ અસ્ત થતો જોવામાં આવે છે, કારણ કે ત્યાં સૂર્યનો પ્રકાશ પર્વતોના ઉપરના છિદ્ર દ્વારા જ પ્રવેશ કરે છે.

આવી રીતે ઋગાદિ અમૃતના આશ્રયે જીવન વ્યતીત કરનારા દેવોના પરાક્રમની ઉત્તરોત્તર દ્વિગુણતાનું તેના ભોગકાળના દ્વિગુણત્વરૂપ લિંગથી અનુમાન કરવામાં આવે છે. રુદ્રાદિ દેવો અને વિદ્વાનોના ઉદ્યમન અને સંવેશન સમાન હોય છે. ॥ ૧-૪ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये अष्टमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ८ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના આઠમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

नवमः खण्डः

अथ यच्चतुर्थममृतं तन्मरुत उपजीवन्ति सोमेन मुखेन न वै देवा अश्नन्ति न पिबन्त्येतदेवामृतं दृष्ट्वा तृप्यन्ति ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

હવે જે ચોથું અમૃત છે, મરુત્ ગણ સોમની પ્રધાનતાથી તેના આશ્રિત જીવન ધારણ કરે છે. દેવ ગણ ન તો ખાય છે, અને ન પીવે છે, તે આ અમૃતને જોઈને જ તૃપ્ત થઈ જાય છે. ॥ ૧ ॥

त एतदेव रूपमभिसंविशन्त्येतस्माद्रूपादुद्यन्ति ॥ २ ॥

તે આ રૂપને લક્ષિત કરીને જ ઉદાસીન થાય છે અને આનાથી ઉદ્યમશીલ થઈ જાય છે. ॥ ૨ ॥

स य एतदेवममृतं वेद मरुतामेवैको भूत्वा सोमेनैव मुखेनैतदेवामृतं दृष्ट्वा तृप्यति स एतदेव रूपमभिसंविशत्येतस्माद् रूपादुदेति ॥ ३ ॥

તે, જે આવી રીતે આ અમૃતને જાણે છે, મરુતોમાંથી જ કોઈ એક થઈને સોમની પ્રધાનતાથી અમૃતને જોઈને તૃપ્ત થઈ જાય છે. તે આ રૂપથી જ ઉદાસીન થાય છે અને આ રૂપથી ઉત્સાહિત થાય છે. ॥ ૩ ॥

स यावदादित्यः पश्चादुदेता पुरस्तादस्तमेता द्विस्तावदुत्तरत उदेता दक्षिणतोऽस्तमेता मरुतामेव तावदाधिपत्य स्वाराज्यं पर्येता ॥ ४ ॥

તે આદિત્ય જેટલા સમય સુધી પશ્ચિમથી ઉદય પામે અને પૂર્વમાં અસ્ત થાય છે તેનાથી દ્વિગુણ કાળ સુધી ઉત્તરથી ઉદય થતા અને દક્ષિણમાં અસ્ત થતો રહે છે. આટલા સમય સુધી તે મરુત ગણના જ આધિપત્ય અને સ્વરાજ્યને પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये नवमखण्डः सम्पूर्णः ॥ ९ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના નવમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

दशमः खण्डः

अथ यत्पञ्चममममृतं तत्साध्या उपजीवन्ति ब्रह्मणा मुखेन न वै देवा अश्नन्ति न पिबन्त्येतदेवामृतं दृष्ट्वा तृप्यन्ति ॥ १ ॥

હવે જે પાંચમું અમૃત છે, સાધ્ય ગણ બ્રહ્માની પ્રધાનતાથી તેને આશ્રયે જીવન ધારણ કરે છે. દેવગણ ન તો ખાય છે અને ન પીવે છે, ને આ અમૃતને જોઈને જ તૃપ્ત થઈ જાય છે. ॥ ૧ ॥

य एतदेव रूपमभिसंविशन्त्येतस्माद्रूपादुद्यन्ति ॥ २ ॥

તે આ રૂપને લક્ષિત કરીને જ ઉદાસીન થાય છે અને એનાથી ઉદ્યમશીલ થઈ જાય છે. ॥ ૨ ॥

स य एतदेवममृतं वेद साध्यानामेवैको भूत्वा ब्रह्मणैव मुखेनैतदेवामृतं दृष्ट्वा तृप्यति स एतदेव रूपमभिसंविशत्येतस्माद्रूपादुदेति ॥ ३ ॥

તે, જે આવી રીતે આ અમૃતને જાણે છે, સાધ્યગણમાંથી જ કોઈ એક થઈને બ્રહ્માની જ પ્રધાનતાથી આ અમૃતને જોઈને તૃપ્ત થઈ જાય છે. તે આ રૂપને લક્ષ્ય કરીને જ ઉદાસીન થાય છે અને આ રૂપથી ઉત્સાહિત થઈ જાય છે. ॥ ૩ ॥

स यावदादित्य उत्तरत उदेता दक्षिणतोऽस्तमेता द्विस्तावदूर्ध्व उदेतार्वाङ्स्तमेता साध्यानामेव तावदाधिपत्यꣳ-स्वाराज्यं पर्येता ॥ ४ ॥

તે આદિત્ય જ્યાં સુધી ઉત્તરથી ઉદય પામે છે અને દક્ષિણમાં અસ્ત થાય છે તેનાથી દ્વિગુણ સમય સુધી ઉપરની બાજુ ઉદય પામે છે અને નીચેની બાજુએ અસ્ત થાય છે. આટલા સમય સુધી તે સાધ્યોના આધિપત્ય અને સ્વારાજ્યને પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये दशमखण्डः सम्पूर्णः ॥ १० ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના દશમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

एकादशः खण्डः

शाङ्करभाष्यम् :- कृत्वैवमुदयास्तमनेन प्राणिनां स्वकर्मफलभोगनिमित्तमनुग्रहं तत्कर्मफलोपभोगक्षये तानि प्राणिजाता-न्यात्मनि संहृत्य–

શાંકરભાષ્ય :- આવી રીતે ઉદય અને અસ્ત દ્વારા પ્રાણીઓને પોતપોતાના કર્મ ફળ ભોગને માટે અનુગૃહિત કરીને, તેમના કર્મના ફળના ભોગનો ક્ષય થતાં તે પ્રાણિઓના પોતાનામાં ઉપસંહાર કરીને –

अथ तत ऊर्ध्व उदेत्य नैवोदेता नास्तमेतैकल एव मध्ये स्थाता तदेष श्लोकः ॥ १ ॥

હવે તેનાથી પછી તે ઊર્ધ્વગત થઈને ઉદય પામતાં ફરી ન તો ઉદય પામશે અને ન અસ્ત જ થશે, પણ એકલો જ મધ્યમાં રહેશે. તેના વિષયમાં આ શ્લોક છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ ततस्तस्मादनन्तरं प्राण्यनुग्रहकालादूर्ध्वः सन्नात्मन्युदेत्योद्गम्य यान्प्रत्युदेति तेषां प्राणिनामभावात्स्वात्मस्थो नैवोदेता नास्तमेतैकलोऽद्वितीयोऽनवयवो मध्ये स्वात्मन्येव स्थाता । ★ तत्र कश्चिद्विद्वान्वस्वादिसमानाचरणो रोहिताद्यमृतभोगभागी यथोक्तक्रमेण स्वात्मानं सवितारमात्मत्वेनोपेत्य समाहितः सन्नेतं मन्त्रं दृष्ट्वोत्थितोऽन्यस्मै पृष्टवते जगाद । यतस्त्वमागतो ब्रह्मलोकात्किं तत्राप्यहोरात्राभ्यां परिवर्तमानः सविता प्राणिनामायुः क्षपयति यथेहास्माकमित्येवं पृष्टः प्रत्याह–तत्तत्र यथापृष्टे यथोक्ते चार्थे एष श्लोको भवति तेनोक्तो योगिनेति श्रुतेर्वचनमिदम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે તેના પછી - પ્રાણીઓ પર અનુગ્રહ કરવાની વખતે પછી ઊર્ધ્વગત થાય - પોતાનામાં ઉદય પામે અર્થાત્ જે પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવાને માટે ઉદિત થાય છે તે પ્રાણીઓનો અભાવ થઈ જવાને કારણે પોતાનામાં જ રહીને તે ન તો ઉદય પામશે અને ન અસ્ત પણ થશે, પણ એકલો - અદ્વિતીય અર્થાત્ નિરવયવ થઈને મધ્યમાં - પોતાનામાં જ રહેશે.

ત્યાં (ક્રમમુક્તિમાં) જેનું આચરણ વસુ વગેરે સમાન છે અને જે રોહિતાદિ અમૃતભોગનું ભાજન છે એવા કોઈ વિદ્વાને ઉપર્યુક્ત ક્રમથી આત્મભૂત સૂર્યને આત્મરૂપથી ઉપલબ્ધ કરતાં કરતાં સમાહિત ચિત્ત થઈ આ મંત્રનો સાક્ષાત્કાર કરી વ્યુત્થાન થવાથી પોતાને પ્રશ્ન કરનારા એક બીજી વ્યક્તિને આવી રીતે કહ્યું હતું. તેને જ્યારે આ પૂછવામાં આવ્યું કે તમે બ્રહ્મલોકથી આવ્યા છો ? (એટલે બતાવો તો) શું ત્યાં પણ સૂર્ય દિવસ-રાત વિચરણ કરતો પ્રાણીઓના આયુષ્યને ક્ષીણ કરે છે જેવી રીતે તે અહીં અમારા આયુષ્યનો ક્ષય કરે છે ? ત્યારે તેણે ઉત્તર આપ્યો. 'આવી રીતે પૂછેલાં ઉપર્યુક્ત પ્રશ્નના વિષયમાં તે યોગી દ્વારા કહેલો આ શ્લોક છે.' આ શ્રુતિનું વાક્ય છે. ॥ ૧ ॥

न वै तत्र न निम्लोच नोदियाय कदाचन । देवास्तेनाहꣳ सत्येन मा विराधिषि ब्रह्मणेति ॥ २ ॥

ત્યાં ચોક્કસ એવું થતું નથી. ત્યાં (સૂર્યનો) ન કદી અસ્ત થાય છે અને ન ઉદય પામે છે. હે દેવગણ ! આ સત્યના દ્વારા હું બ્રહ્મથી વિરુદ્ધ ન થાઉં. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- न वै तत्र यतोऽहं ब्रह्मलोकादागतस्तस्मिन्न वै तत्रैतदस्ति यत्पृच्छसि । न हि तत्र निम्लोचास्तमगमत्सविता न चोदियायोद्गतः कुतश्चित्कदाचन कस्मिंश्चिदपि काल इति । ★ उदयास्तमयवर्जितो ब्रह्मलोक इत्यनुपपन्नमित्युक्तः शपथमिव प्रतिपेदे । हे देवाः साक्षिणो यूयं शृणुत यथा मयोक्तं सत्यं वचस्तेन सत्येनाहं ब्रह्मणा ब्रह्मस्वरूपेण मा विराधिषि मा विरुध्येयमप्राप्तिर्ब्रह्मणो मम मा भूदित्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- જ્યાંથી - જે બ્રહ્મલોકમાંથી હું આવ્યો છું - ત્યાં તેમાં ચોક્કસ આ તમે જે કંઈ પૂછો છો તે નથી. ત્યાં ન તો સર્યાસ્ત થાય છે અને ન કદી - કોઈ પણ સમયે સૂર્ય ક્યાંયથી ઉદય પામે છે.

બ્રહ્મલોક સૂર્યના ઉદય અને અસ્તથી રહિત છે - આ વાત તો અસંગત છે - આવી રીતે કહેવામાં આવતાં તે જાણે સોગન લે છે - હે દેવગણ ! તમે સાક્ષી છો, સાંભળો - મેં જે સત્યવચન કહ્યું છે તે સત્ય દ્વારા હું બ્રહ્મથી-બ્રહ્મના વિરુદ્ધ ન થાઉં, અર્થાત્ મને બ્રહ્મની અપ્રાપ્તિ ન થાવ. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- सत्यं तेनोक्तमित्याह श्रुतिः–

શાંકરભાષ્ય :- તેણે સત્ય જ કહ્યું - આ વાત શ્રુતિ બતાવે છે –

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

न ह वा अस्मा उदेति न निम्लोचति सकृद्दिवा हैवास्मै भवति य एतामेवं ब्रह्मोपनिषदं वेद ॥ ३ ॥

જે આવી રીતે આ બ્રહ્મોપનિષદ(વેદના રહસ્ય)ને જાણે છે તેના માટે ન તો સૂર્યનો ઉદય થાય છે અને ન અસ્ત થાય છે. તેના માટે સર્વદા દિવસ રહે છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- न ह वा अस्मै यथोक्तब्रह्मविदे नोदेति न निम्लोचति नास्तमेति किन्तु ब्रह्मविदेऽस्मै सकृद्दिवा हैव सदैवाहर्भवति स्वयंज्योतिष्ट्वात् । य एतां यथोक्तां ब्रह्मोपनिषदं वेदगुह्यं वेद । एवं तन्त्रेण वंशादित्रयं प्रत्यमृतसम्बन्धं च यच्चान्यदवोचामैवं जानातीत्यर्थः । विद्वानुदयास्तमयकालापरिच्छेद्यं नित्यमजं ब्रह्म भवतीत्यर्थः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- આથી અર્થાત્ ઉપર્યુક્ત બ્રહ્મવેત્તાને માટે ન તો સૂર્ય ઉદય પામે છે અને ન તેનો અસ્ત થાય છે. પણ આ બ્રહ્મવેત્તાને માટે 'સકૃદિવા' સર્વદા દિવસ જ બનેલો રહે છે, કારણ કે તે સ્વયં પ્રકાશસ્વરૂપ હોય છે (એવું કોના માટે હોય છે ? એવો પ્રશ્ન થવાથી કહે છે) - જે આ ઉપર્યુક્ત બ્રહ્મોનિષદ્ - વેદના રહસ્યને જાણે છે, અર્થાત્ જે શાસ્ત્ર દ્વારા વંશાદિત્રય, પ્રત્યેક અમૃતની સાથે વસુ વગેરેનો સંબંધ અને તે ઉપરાંત જે કંઈ અમે કહ્યું છે તેને તેવી રીતે જાણે છે. તાત્પર્ય આ છે કે તે વિદ્વાન ઉદય અને અસ્ત રૂપ કાળથી અપરિચ્છેદ્ય નિત્ય અજન્મા બ્રહ્મ જ થઈ જાય છે. ॥ ૩ ॥

तद्धैतद्ब्रह्मा प्रजापतय उवाच प्रजापतिर्मनवे मनुः प्रजाभ्यस्तद्धैतदुद्दालकायारुणये ज्येष्ठाय पुत्राय पिता ब्रह्म प्रोवाच ॥ ४ ॥

તે આ મધુજ્ઞાન બ્રહ્માએ વિરાટ્ પ્રજાપતિને કહ્યું હતું, પ્રજાપતિએ મનુને કહ્યું અને મનુએ પ્રજાવર્ગ પ્રત્યે કહ્યું, તથા પોતાના જેષ્ઠ પુત્ર અરુણનંદન ઉદ્દાલકને તેના પિતાએ આ બ્રહ્મવિજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तद्धैतन्मधुज्ञानं ब्रह्मा हिरण्यगर्भो विराजे प्रजापतय उवाच । सोऽपि मनवे । मनुरिक्ष्वाक्वाद्याभ्यः प्रजाभ्यः प्रोवाचेति विद्यां स्तौति ब्रह्मादिविशिष्टक्रमागतेति । किं च तद्धैतन्मधुज्ञानमुद्दालकायारुणये पिता ब्रह्मविज्ञानं ज्येष्ठाय पुत्राय प्रोवाच ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે આ મધુજ્ઞાન બ્રહ્મા-હિરણ્યગર્ભે વિરાટ પ્રજાપતિને સંભળાવ્યું હતું. તેણે પણ મનુને સંભળાવ્યું અને મનુએ ઈક્ષ્વાકુ વગેરે પ્રજાવર્ગ(પોતાનાં સંતાન)ને સંભળાવ્યું - આવી રીતે 'આ વિદ્યા બ્રહ્માદિ વિશિષ્ટ પરંપરાથી આવી છે' એમ કહીને શ્રુતિ આ વિદ્યાની સ્તુતિ કરે છે. આટલું જ નહીં, આ મધુજ્ઞાન અરુણ પુત્ર ઉદ્દાલકને અર્થાત્ આ બ્રહ્મવિજ્ઞાન પિતાએ પોતાના જ્યેષ્ઠ પુત્રને સંભળાવ્યું હતું. ॥ ૪ ॥

इदं वाव तज्ज्येष्ठाय पुत्राय पिता ब्रह्म प्रब्रूयात् प्रणाय्याय वान्तेवासिने ॥ ५ ॥

એટલે આ બ્રહ્મવિજ્ઞાનનો પિતાએ પોતાના જ્યેષ્ઠ પુત્રને અથવા સુયોગ્ય શિષ્યને ઉપદેશ કરવો જોઈએ. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- इदं वाव तद्यथोक्तमन्योऽपि ज्येष्ठाय पुत्राय सर्वप्रियार्हाय ब्रह्म प्रब्रूयात् । प्रणाय्याय वा योग्यायान्तेवासिने शिष्याय ॥ ५ ॥

શાંકરભાષ્ય :- એટલે કોઈ બીજા વિદ્વાન પણ આ ઉપર્યુક્ત બ્રહ્મવિજ્ઞાન સર્વથી પ્રિય વસ્તુના પાત્ર પોતાના જ્યેષ્ઠ પુત્રને જ બતાવે, અથવા જે શિષ્ય સુયોગ્ય હોય તેને કહે. ॥ ૫ ॥

नान्यस्मै कस्मैचन यद्यप्यस्मा इमामद्भिः परिगृहीतां धनस्य पूर्णां दद्यादेतदेव ततो भूय इत्येतदेव ततो भूय इति ॥ ६ ॥

કોઈ બીજાને બતાવે નહીં, જો કે આ આચાર્યને આ સમુદ્ર પરિવેષ્ટિત અને ધનથી પરિપૂર્ણ આખી પૃથ્વી આપે (તો પણ કોઈ બીજાને આ વિદ્યાનો ઉપદેશ ન કરે, કારણ કે) તેનાથી આ વધારે છે, આ જ વધારે છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- नान्यस्मै कस्मैचन प्रब्रूयात्तीर्थद्वयमनुज्ञातमनेकेषां प्राप्तानां तीर्थानामाचार्यादीनाम् । कस्मात्पुनस्तीर्थसंकोचनं विद्यायाः कृतम् ? इत्याह—यद्यप्यस्मा आचार्याय इमां कश्चित्पृथिवीमद्भिः परिगृहीतां समुद्रपरिवेष्टितां समस्तामपि दद्यात्, यस्या

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

विद्याया निष्क्रयार्थम्, आचार्याय धनस्य पूर्णां संपन्नां भोगोपकरणैः, नासावस्य निष्क्रयः, यस्मात्ततोऽपि दानादेतदेव यन्मधुविद्यादानं भूयो बहुतरफलमित्यर्थः । द्विरभ्यास आदरार्थः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- કોઈ બીજાને આનો ઉપદેશ ન કરે - એમ કહીને શ્રુતિએ આચાર્ય (વિદ્યા આપીને વિદ્યા શીખનારા) વગેરે અનેક તીર્થો(વિદ્યાદાનના પાત્રો)માંથી કેવળ બે તીર્થ(જ્યેષ્ઠ પુત્ર અને યોગ્ય શિષ્ય)ના માટે જ આજ્ઞા આપી છે. પરંતુ આ વિદ્યાના પાત્રોનો સંકોચ કેમ કરવામાં આવ્યો છે ? આ માટે (શ્રુતિ) કહે છે - જો આ વિદ્યાનો બદલો ચુકવવાને માટે કોઈ પુરુષ આ આચાર્યને જળથી પરિગૃહીત અર્થાત્ સમુદ્રથી ઘેરાયેલી અને ધનથી પરિપૂર્ણ એટલે ભોગની સામગ્રીઓથી સંપન્ન આ આખી પૃથ્વી પણ આપે તો પણ તે આનો બદલો હોઈ શકે જ નહીં. કારણ કે તે દાનથી પણ આ મધુવિદ્યાનું દાન જ મોટું - અધિક ફળવાળું છે, આવું આનું તાત્પર્ય છે. દ્વિરુક્તિ વિદ્યાના આદરને માટે છે. ॥ ૬ ॥

इति छान्दोग्योपनिषदि द्वितीयाध्याये एकादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ ११ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના અગિયારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वादशः खण्डः

शाङ्करभाष्यम् :- यत एवमतिशयफलैषा ब्रह्मविद्यातः सा प्रकारान्तरेणापि वक्तव्येति गायत्री वा इत्याद्यारभ्यते । गायत्रीद्वारेण चोच्यते, ब्रह्मणः सर्वविशेषरहितस्य नेति नेतीत्यादिविशेषप्रतिषेधगम्यस्य दुर्बोधत्वात् । सत्स्वनेकेषुच्छन्दःसु गायत्र्या एव ब्रह्मज्ञानद्वारतयोपादानं प्राधान्यात् । सोमाहरणादितरच्छन्दोऽक्षराहरणेनेतरच्छन्दोव्याप्त्या च सर्वसवनव्यापकत्वाच्च यज्ञे प्राधान्यं गायत्र्याः । गायत्रीसारत्वाच्च ब्राह्मणस्य, मातरमिव हित्वा गुरुतरां गायत्रीं ततोऽन्यद्गुरुतरं न प्रतिपद्यते यथोक्तं ब्रह्मापीति । तस्यामत्यन्तगौरवस्य प्रसिद्धत्वात् । अतो गायत्रीमुखेनैव ब्रह्मोच्यते–

શાંકરભાષ્ય :- કારણ કે આવી રીતે બ્રહ્મવિદ્યા અતિશય ફળવતી છે એટલા માટે તેનું અન્ય પ્રકારે પણ વર્ણન કરવું જોઈએ, આનાથી 'गायत्री वा' વગેરે મંત્રનો આરંભ કરવામાં આવે છે. ગાયત્રી દ્વારા પણ બ્રહ્મનું જ નિરૂપણ કરવામાં આવે છે, કારણ કે 'नेति नेति' વગેરે પ્રકારે વિશેષોનો પ્રતિષેધ દ્વારા અનુભૂત થનારું સર્વવિશેષ રહિત બ્રહ્મ કઠિનતાથી સમજમાં આવનારું છે. અનેકો છંદોના રહેતાં પણ પ્રધાનતાને કારણે ગાયત્રીને જ બ્રહ્મજ્ઞાનના દ્વારરૂપે સ્વીકારવામાં આવે છે. સોમાહરણ કરવાથી અન્ય છંદોના અક્ષરોને લાવવાથી બીજા છંદોમાં વ્યાપ્ત રહેવાથી અને સર્વ સવનોમાં વ્યાપેલ હોવાથી યજ્ઞમાં ગાયત્રીની પ્રધાનતા છે. કારણ કે બ્રાહ્મણનો સાર ગાયત્રી જ છે, એટલા માટે ઉપર્યુક્ત બ્રહ્મ પણ માતા સમાન ગુરુતરા ગાયત્રીને છોડીને તેનાથી ઉત્કૃષ્ટતર કોઈ અન્ય આવલંબનને પ્રાપ્ત થતું નથી, કારણ કે તેમાં લોકનું અત્યંત ગૌરવ પ્રસિદ્ધ જ છે. એટલે ગાયત્રી દ્વારા જ બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવે છે –

गायत्री वा इदꣳसर्वं भूतं यदिदं किं च वाग्वै गायत्री वाग्वा इदꣳसर्वं भूतं गायति च त्रायते च ॥ १ ॥

ગાયત્રી જ એ સર્વ ભૂત-પ્રાણીવર્ગ છે. જે કંઈ પણ આ સ્થાવરજંગમ પ્રાણી છે તે ગાયત્રી જ છે. વાક્ જ ગાયત્રી છે અને વાક્ જ આ સર્વ પ્રાણી છે, કારણ કે આ જ ગાયત્રી તેનું ગાન (નામોચ્ચારણ) કરે અને તેનું (ભય વગેરેથી) રક્ષણ કરે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- गायत्री वा इत्यवधारणार्थो वैशब्दः । इदं सर्वं भूतं प्राणिजातं यत्किंच स्थावरं जङ्गमं वा तत्सर्वं गायत्र्येव । तस्याश्छन्दोमात्रायाः सर्वभूतत्वमनुपपन्नमिति गायत्रीकारणं वाचं शब्दरूपामापादयति गायत्रीम्, वाग्वै गायत्रीति । ★ वाग्वा इदं सर्वं भूतम् । यस्माद्वाक्शब्दरूपा सती सर्वं भूतं गायति शब्दयत्यसौ गौरसावश्च इति च, त्रायते च रक्षत्यमुष्मान्मा भैषीः, किं ते भयमुत्थितम्, इत्यादिना सर्वतो भयान्निवर्त्यमानो वाचा त्रातः स्यात् । यद्वाग्भूतं गायति च त्रायते च गायत्र्येव तद्गायति च त्रायते च वाचोऽनन्यत्वाद्गायत्र्याः । गानात्त्राणाच्च गायत्र्या गायत्रीत्वम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'गायत्री वै' આ પદમાં 'वै' શબ્દ નિશ્ચયાર્થક છે. એ સમસ્ત ભૂત અર્થાત્ આ જે કંઈ સ્થાવર-જંગમ પ્રાણી છે તે સર્વ ગાયત્રી જ છે. તે (ગાયત્રી) તો કેવળ છંદમાત્ર છે. તેનું સર્વભૂત રૂપ હોવું તો સંભવ નથી, એટલે 'वाग्वै गायत्री' એમ કરીને શ્રુતિ ગાયત્રીનું કારણ બનેલ શબ્દરૂપ વાક્ને જ ગાયત્રી કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

વાક્ જ આ સર્વભૂત સમુદાય છે, કારણ કે શબ્દરૂપ થયેલી વાક્ જ સમસ્ત ભૂતોનું ગાન - શબ્દ એટલે નામોલ્લેખ કરે છે, જેમ 'આ ગાય છે' 'આ અશ્વ છે' વગેરે, તથા આ જ ત્રાણ-રક્ષા કરે છે, જેમ 'આનાથી ડરીશ નહીં' 'તને શું ભય ઉત્પન્ન થયો છે ?' વગેરે વાક્યથી બધી બાજુથી ભયથી નિવૃત્ત કરવામાં આવતાં વાણી દ્વારા જ મનુષ્યની રક્ષા કરવામાં આવે છે. આવી રીતે તે વાણી જે પ્રાણીઓનું ગાન અને ત્રાણ કરે છે તે ગાન અને ત્રાણ ગાયત્રી દ્વારા જ કરવામાં આવે છે, કારણ કે ગાયત્રી વાણીથી ભિન્ન નથી. ગાન અને ત્રાણ કરવાને કારણે ગાયત્રીનું ગાયત્રીત્વ છે. ॥ ૧ ॥

या वै सा गायत्रीयं वाव सा येयं पृथिव्यस्याꣳहीदꣳसर्वं भूतं प्रतिष्ठितमेतामेव नातिशीयते ॥ २ ॥

જે તે ગાયત્રી છે તે આ જ છે, જો કે આ પૃથ્વી છે, કારણ કે આમાં આ સર્વભૂત રહેલાં છે અને આનું તે કદી અતિક્રમણ કરશે નહીં ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- या वै सैवंलक्षणा सर्वभूतरूपा गायत्री, इयं वाव सा येयं पृथिवी । कथं पुनरियं पृथिवी गायत्रीति ? उच्यते—सर्वभूतसम्बन्धात् । कथं सर्वभूतसम्बन्धः ? अस्यां पृथिव्यां हि यस्मात्सर्वं स्थावरं जङ्गमं च भूतं प्रतिष्ठितम्, एतामेव पृथिवीं नातिशीयते नातिवर्तत इत्येतत् । ★ यथा गानत्राणाभ्यां भूतसम्बन्धो गायत्र्याः, एवं भूतप्रतिष्ठानाद्भूतसम्बद्धा पृथिवी, अतो गायत्री पृथिवी ॥ २ ॥

શાંકરભાષ્ય :- જે આ આવા લક્ષણોવાળી સર્વભૂતરૂપ ગાયત્રી છે તે આ જ છે, કે જે આ પૃથ્વી છે. પરંતુ આ પૃથ્વી ગાયત્રી કેવી રીતે છે ? તો બતાવવામાં આવે છે - સંપૂર્ણ પ્રાણીઓથી સાથે આનો સંબંધ હોવાને કારણે આ ગાયત્રી છે. આનો સર્વ પ્રાણીઓથી કેવી રીતે સંબંધ છે ? કારણ કે આ પૃથ્વીમાં જ સમસ્ત સ્થાવર તથા જંગમ પ્રાણીઓ રહેલાં છે અને તે આ પૃથ્વીનું જ અતિક્રમણ અર્થાત્ અતિવર્તન કદી કરતાં નથી.

જેવી રીતે ગાન અને ત્રાણના કારણે ગાયત્રીનો પ્રાણીઓથી સંબંધ છે તેવી રીતે ભૂતોની પ્રતિષ્ઠા હોવાને કારણે પૃથ્વી ભૂતોથી સંબદ્ધ છે એટલે પૃથ્વી ગાયત્રી છે. ॥ ૨ ॥

या वै सा पृथिवीयं वाव सा यदिदमस्मिन्पुरुषे शरीरमस्मिन्हीमे प्राणाः प्रतिष्ठिता एतदेव नातिशीयन्ते ॥ ३ ॥

જે પણ આ પૃથ્વી છે તે આ જ છે. જો કે આ પુરુષમાં શરીર છે, કારણ કે આમાં એ પ્રાણ રહે છે અને આને જ તે કદી છોડતાં નથી. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- या वै सा पृथिवी गायत्री, इयं वाव सेदमेव, तत्किम् ? यदिदमस्मिन्पुरुषे कार्यकरणसंघाते जीवति शरीरं पार्थिवत्वाच्छरीरस्य । ★ कथं शरीरस्य गायत्रीत्वमिति ? उच्यते—अस्मिन्हीमे प्राणा भूतशब्दवाच्याः प्रतिष्ठिताः, अतः पृथिवीवद् भूतशब्दवाच्यप्राणप्रतिष्ठानाच्छरीरं गायत्री, एतदेव यस्माच्छरीरं नातिशीयन्ते प्राणाः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- જે પણ તે પૃથ્વીરૂપ ગાયત્રી છે તે આ નિશ્ચય આ જ છે, આ જ કોણ ? જે આ પુરુષમાં - ભૂત અને ઈન્દ્રિયોના સજીવ સંઘાતમાં શરીર છે, કારણ કે શરીર પૃથ્વીનો જ વિકાર છે.

શરીરનું ગાયત્રીત્વ કેવી રીતે છે ? તો કહેવામાં આવે છે, કારણ કે આમાં 'ભૂત' શબ્દ વાચ્ય પ્રાણ પ્રતિષ્ઠિત છે. એટલે પૃથ્વી સમાન 'ભૂત' શબ્દવાચ્ય પ્રાણોના અધિષ્ઠાન હોવાને કારણે શરીર ગાયત્રી છે, કારણ કે પ્રાણ આ શરીરનું અતિક્રમણ કરતો નથી. ॥ ૩ ॥

यद्वै तत्पुरुषे शरीरमिदं वाव तद्यदिदमस्मिन्नन्तःपुरुषे हृदयमस्मिन्हीमे प्राणाः प्रतिष्ठिता एतदेव नातिशीयन्ते ॥ ४ ॥

જે પણ આ પુરુષમાં શરીર છે તે આ જ છે જો કે આ અંતઃપુરુષમાં હૃદય છે, કારણ કે આમાં એ પ્રાણ પ્રતિષ્ઠિત છે અને આનું અતિક્રમણ કરતાં નથી. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- यद्वै तत्पुरुषे शरीरं गायत्रीदं वाव तत् । यदिदमस्मिन्नन्तर्मध्ये पुरुषे हृदयं पुण्डरीकाख्यमेतद्गायत्री ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

कथम् ? इत्याह–अस्मिन्हीमे प्राणाः प्रतिष्ठिताः, अतः शरीरवद्गायत्री हृदयम् । एतदेव च नातिशीयन्ते प्राणाः । **'प्राणो ह पिता प्राणो माता ।'** (छा.उप. ७-१५-१) **'अहिंसन्सर्वभूतानि'** (छा. उप. ८-१५-१) इति च श्रुतेः, भूतशब्दवाच्याः प्राणाः ॥ ४ ॥

शांकरभाष्य :- જે પણ આ પુરુષમાં શરીર રૂપ ગાયત્રી છે તે આ જ છે, જો કે આ અંતઃપુરુષ-મધ્યવર્તી પુરુષમાં પુંડરીક સંજ્ઞક (નામનું) હૃદય છે. તે ગાયત્રી છે. કેવી રીતે ? તો બતાવે છે - કારણ કે આમાં આ પ્રાણ પ્રતિષ્ઠિત છે. એટલે શરીર સમાન હૃદય ગાયત્રી છે, કારણ કે પ્રાણ આનું પણ અતિક્રમણ કરતાં નથી. **'પ્રાણ પિતા છે, પ્રાણ માતા છે.'** (છા.ઉપ. ૭-૧૫-૧) **'સંપૂર્ણ પ્રાણીઓની હિંસા ન કરવી'** (છા.ઉપ. ૮-૧૫-૧) વગેરે શ્રુતિઓ હોવાને કારણે પ્રાણ 'ભૂત' શબ્દવાચ્ય છે. ॥ ૪ ॥

सैषा चतुष्पदा षड्विधा गायत्री तदेतदृचाभ्यनूक्तम् ॥ ५ ॥

તે આ ગાયત્રી ચાર ચરણોવાળી અને છ પ્રકારની છે. તે આ (ગાયત્ર્યાખ્ય બ્રહ્મ) મંત્રો દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- सैषा चतुष्पदा षडक्षरपदा छन्दोरूपा सती भवति गायत्री षड्विधा वाग्भूतपृथिवीशरीरहृदयप्राणरूपा सती षड्विधा भवति । वाक्प्राणयोरन्यार्थनिर्दिष्टयोरपि गायत्रीप्रकारत्वम्, अन्यथा षड्विधसंख्यापूरणानुपपत्तेः । तदेतस्मिन्नर्थ एतद्गायत्र्याख्यं ब्रह्म गायत्र्यनुगतं गायत्रीमुखेनोक्तमृचापि मन्त्रेणाभ्यनूक्तं प्रकाशितम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તે આ ચાર પદોવાળી અને છ-છ અક્ષરોના પદોવાળી છે તથા વાક્, ભૂત, પૃથ્વી, શરીર, હૃદય અને પ્રાણરૂપા હોવાથી તે ષડ્વિધા - છ પ્રકારની છે. વાક્ અને પ્રાણનો જોકે અન્ય અર્થમાં નિર્દેશ કરવામાં આવ્યો છે, તો પણ તે ગાયત્રીના પ્રકાર રૂપે સ્વીકૃત કરવામાં આવે છે, અન્યથા ગાયત્રીના છ પ્રકારોની સંખ્યા પૂર્ણ થઈ શકતી નથી. આ જ અર્થમાં આ ગાયત્રી સંજ્ઞક બ્રહ્મ, જે ગાયત્રીના અનુગત અને ગાયત્રી દ્વારા જ પ્રતિપાદિત છે, ઋચા એટલે મંત્રથી પણ પ્રકાશિત કરવામાં આવેલ છે. ॥ ૫ ॥

तावानस्य महिमा ततो ज्यायाꣳश्च पूरुषः । पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवीति ॥ ६ ॥

(ઉપર જે કંઈ કહેવામાં આવ્યું છે) તેટલી જ આ(ગાયત્ર્યાખ્ય બ્રહ્મ)નો મહિમા છે, તથા (નિર્વિકાર) પુરુષ આનાથી પણ ઉત્કૃષ્ટ છે. સંપૂર્ણ ભૂત તેનું એક પાદ છે અને તેના (પુરુષ સંજ્ઞક) ત્રિપાદ્ અમૃત પ્રકાશમય સ્વાત્મામાં રહેલાં છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तावानस्य गायत्र्याख्यस्य ब्रह्मणः समस्तस्य महिमा विभूतिविस्तारः । यावांश्चतुष्पात्षड्विधश्च ब्रह्मणो विकारः पादो गायत्रीति व्याख्यातः । अतस्तस्माद्विकारलक्षणाद्गायत्र्याख्याद्वाचारम्भणमात्रात्ततो ज्यायान्महत्तरश्च परमार्थसत्यरूपोऽविकारः पूरुषः पुरुषः सर्वपूरणात्पुरि शयनाच्च । ★ तस्यास्य पादः सर्वा सर्वाणि भूतानि तेजोऽबन्नादीनि स स्थावरजङ्गमानि । त्रिपात्त्रयः पादा अस्य सोऽयं त्रिपात् । त्रिपादमृतं पुरुषाख्यं समस्तस्य गायत्र्यात्मनो दिवि द्योतनवति स्वात्मन्यवस्थितमित्यर्थ इति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- આ ગાયત્રી સંજ્ઞક સમસ્ત (પાદ વિભાગવિશિષ્ટ) બ્રહ્મની એટલી જ મહિમા અર્થાત્ વિભૂતિનો વિસ્તાર છે, જેટલા કે ચાર પાદવાળા અને છ પ્રકારના બ્રહ્મના વિકારભૂત એક પાદ ગાયત્રી છે, એમ કરીને નિરૂપણ કરવામાં આવ્યું છે. એટલે તે વિકારભૂત વાચારમ્ભણમાત્ર ગાયત્રી સંજ્ઞક બ્રહ્મથી પરમાર્થ સત્યસ્વરૂપ નિર્વિકાર પુરુષ ઉત્કૃષ્ટ મહત્તર છે, જે સર્વને પૂરિત કરવા અને શરીરરૂપ પુરમાં શયન કરવાને કારણે પુરુષ કહેવાય છે.

તેજ, અન્ન અને અપ વગેરે સંપૂર્ણ સ્થાવર-જંગમ પ્રાણી તે આ પુરુષનું એક પાદ છે. તથા તે ત્રિપાત્-જેના ત્રણ પાદ હોય તેને 'ત્રિપાત્' કહે છે - સમસ્ત ગાયત્રીરૂપ પુરુષના પુરુષસંજ્ઞક ત્રિપાદ્ અમૃત દિવિ - દ્યુતિમાનમાં એટલે પ્રકાશ-સ્વરૂપ સ્વાત્મામાં સ્થિત છે - આવું આનું તાત્પર્ય છે. ॥ ૬ ॥

यद्वै तद्ब्रह्मैतीदं वाव तद्योऽयं बहिर्धा पुरुषादाकाशो यो वै स बहिर्धा पुरुषादाकाशः ॥ ७ ॥ अयं वाव स योऽयमन्त पुरुष आकाशो यो वै सोऽन्तः पुरुष आकाशः ॥ ८ ॥ अयं वाव स योऽयमन्तर्हृदय आकाशस्तदेतत्पूर्णमप्रवर्ति पूर्णामप्रवर्तिनीꣳश्रियं लभते य एवं वेद ॥ ९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

જે પણ તે (ત્રિપાદ્ અમૃતરૂપ) બ્રહ્મ છે, તે આ જ છે, જોકે આ પુરુષથી બહાર આકાશ છે, અને જે પણ આ પુરુષથી બહાર આકાશ છે. તે આ જ છે. જોકે આ પુરુષની અંદર આકાશ છે, તથા જે પણ આ પુરુષની અંદર આકાશ છે. તે આ જ છે જો કે હૃદયની અંદર આકાશ છે. તે આ હૃદયાકાશ પૂર્ણ અને ક્યાંય પણ પ્રવૃત્ત ન થનારું છે. જે પુરુષ એવું જાણે છે તે પૂર્ણ અને ક્યાંય પ્રવૃત્ત ન થનારી સંપત્તિ પ્રાપ્ત કરે છે. ॥ ૭-૯ ॥

शाङ्करभाष्यम् :- यद्वै तत्त्रिपादमृतं गायत्री मुखेनोक्तं ब्रह्मेतीदं वाव तदिदमेव तद्योऽयं प्रसिद्धो बहर्धा बहिः पुरुषादाकाशो भौतिको यो वै स बहिर्धा पुरुषादाकाश उक्तः ॥ ७ ॥ अयं वाव स योऽयमन्तः पुरुषे शरीर आकाशः । यो वै सोऽन्तःपुरुष आकाशः ॥ ८ ॥ अयं वाव स योऽयमन्तर्हृदये हृदयपुण्डरीक आकाशः । ★ कथमेकस्य सत आकाशस्य त्रिधा भेद इति ? उच्यते—बाह्येन्द्रियविषये जागरितस्थाने नभसि दुःखबाहुल्यं दृश्यते ततोऽन्तःशरीरे स्वप्नस्थानभूते मन्दतरं दुःखं भवति स्वप्नान् पश्यतः । हृदयस्थे पुनर्नभसि न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं पश्यति । अतः सर्वदुःखनिवृत्तिरूपमाकाशं सुषुप्तस्थानम् । अतो युक्तमेकस्यापि त्रिधा भेदान्वाख्यानम् । ★ बहिर्धा पुरुषादारभ्याकाशस्य हृदये संकोचकरणं चेतःसमाधानस्थानस्तुतये यथा '**त्रयाणामपि लोकानां कुरुक्षेत्रं विशिष्यते । अर्धतस्तु कुरुक्षेत्रमर्धतस्तु पृथूदकम्**' इति तद्वत् । ★ तदेतद्धार्दाकाशाख्यं ब्रह्म पूर्णं सर्वगतं न हृदयमात्रपरिच्छिन्नमिति मन्तव्यम्, यद्यपि हृदयाकाशे चेतः समाधीयते । अप्रवर्ति न कुतश्चित्क्वचित्प्रवर्तितं शीलमस्येत्यप्रवर्ति तदनुच्छित्तिधर्मकम् । यथान्यानि भूतानि परिच्छिन्नान्युच्छित्तिधर्मकाणि न तथा हार्दं नभः । पूर्णामप्रवर्तिनीमनुच्छेदात्मिकां श्रियं विभूतिं गुणफलं लभते दृष्टम्, य एवं यथोक्तं पूर्णाप्रवर्तिगुणं ब्रह्म वेद जानातीहैव जीवंस्तद्भावं प्रतिपद्यत इत्यर्थः ॥ ९ ॥

શાંકરભાષ્ય :- જે પણ ગાયત્રી દ્વારા કહેવાયેલું તે ત્રિપાદ્ અમૃત બ્રહ્મ છે તે આ જ છે - તે ચોક્કસ આ જ છે. જોકે આ બહારની બાજુ - પુરુષથી બહાર પ્રસિદ્ધ ભૌતિક આકાશ છે. અને જે પણ આ પુરુષથી બહાર આકાશ બતાવવામાં આવ્યું છે. ॥ ૭ ॥ તે આ જ છે જે પુરુષ અર્થાત્ શરીરની અંદર આકાશ છે. જે પણ તે પુરુષની અંદર આકાશ છે. ॥ ૮ ॥ તે આ જ છે જે આ હૃદયની અંદર અર્થાત્ હૃદય પુંડરીકમાં આકાશ છે.

એક હોવાથી પણ આકાશનો ત્રણ પ્રકારનો વિભાગ કેમ છે ? આવો પ્રશ્ન થવાથી કહેવામાં આવે છે - જે બાહ્ય ઈન્દ્રિયોનો વિષય છે અને જેની જાગ્રત અવસ્થામાં ઉપલબ્ધિ થાય છે એવા આ આકાશમાં દુઃખનું બહુત્વ જોવામાં આવે છે. તેની અપેક્ષા, સ્વપ્નમાં ઉપલબ્ધ થનારા શરીર અંતર્ગત આકાશમાં સ્વપ્ન જોનારા પુરુષને ઘણું વધારે દુઃખ થાય છે. પરંતુ હૃદયસ્થ આકાશમાં જીવ ન તો કોઈ ભોગની ઇચ્છા કરે છે અને ન કોઈ સ્વપ્ન જુવે છે, એટલે સુષુપ્તિમાં ઉપલબ્ધ થનારું આકાશ સંપૂર્ણ દુઃખોનું નિવૃત્તિ રૂપ છે. એટલા માટે એક જ આકાશના ત્રણ વિભાગોનું કથન યોગ્ય જ છે.

પુરુષના બહિઃસ્થિત આકાશથી લઈને જે દેશમાં આકાશનો સંકોચ કરવામાં આવ્યો છે તે ચિત્તની એકાગ્રતાના સ્થાનની સ્તુતિ માટે છે, જેવી રીતે (સ્થાનની સ્તુતિ માટે જ આવું કહેવામાં આવે છે -) '**ત્રણે લોકોમાં કુરુક્ષેત્ર ઉત્કૃષ્ટ છે અને (દ્વિદળ ધાન્ય સમાન) અર્ધામાં કુરુક્ષેત્ર છે અને અર્ધામાં 'પૃથૂદક' (પુષ્કળ પાણી) છે**' તેવી રીતે (અહીં હૃદયાકાશની સ્તુતિ સમજવી જોઈએ).

તે આ હૃદયાકાશ સંજ્ઞક બ્રહ્મ પૂર્ણ-સર્વગત છે, તે કેવળ હૃદય ભાગમાં જ પરિચ્છિન્ન છે - આવું માનવું જોઈએ નહીં, જોકે ચિત્ત કેવળ હૃદયાકાશમાં જ સમાહિત કરવામાં આવે છે. તે અપ્રવર્તિ અર્થાત્ અવિનાશી સ્વભાવવાળું છે - જેનો કદી ક્યાંય પ્રવૃત્ત થવાનો સ્વભાવ ન હોય તેને અપ્રવર્તિ કહે છે. જેવી રીતે અન્ય પરિચ્છિન્ન ભૂતો ઉચ્છિત્તિ (વિનાશ) ધર્મવાળાં છે તેવી રીતે હૃદયાકાશ નાશવાન નથી. જે પુરુષ આવી રીતે ઉપર્યુક્ત પૂર્ણ અને અવિનાશી ગુણવિશિષ્ટ બ્રહ્મને જાણે છે તે પૂર્ણ અને અપ્રવર્તિની - કદી નષ્ટ ન થનારી શ્રી - વિભૂતિ આ દૃષ્ટ ગૌણ ફળને પ્રાપ્ત કરે છે. અર્થાત્ આ લોકમાં એટલે જીવિત રહીને જ તદ્રૂપતાને પ્રાપ્ત થઈ જાય છે. ॥ ૯ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

तस्य ह वा एतस्य हृदयस्य पञ्च देवसुषयः स योऽस्य प्राङ् सुषिः स प्राणस्तच्चक्षुः स आदित्यस्तदेतत्तेजोऽन्नाद्यमित्युपासीत तेजस्व्यन्नादो भवति य एवं वेद ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તે આ પ્રસિદ્ધ હૃદયના પાંચ દેવસુષિ છે. તેના જે પૂર્વ દિશાવર્તી સુષિ (છિદ્ર) છે તે પ્રાણ છે, તે ચક્ષુ છે, તે આદિત્ય છે, તે આ તેજ અને અન્નાદ્ય છે - આવી રીતે ઉપાસના કરો. જે આવી રીતે જાણે છે તે તેજસ્વી અને અન્નનો ભોક્તા થાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तस्य ह वा इत्यादिना गायत्र्याख्यस्य ब्रह्मण उपासनाङ्गत्वेन द्वारपालादिगुणविधानार्थमारभ्यते । यथा लोके द्वारपाला राज्ञ उपासनेन वशीकृता राजप्राप्त्यर्था भवन्ति तथेहापीति । ★ तस्येति प्रकृतस्य हृदयस्येत्यर्थः । एतस्यानन्तरनिर्दिष्टस्य पञ्च पञ्च संख्याका देवानां सुषयो देवसुषयः स्वर्गलोकप्राप्तिद्वारच्छिद्राणि, देवैः प्राणादित्यादिभी रक्ष्यमाणानीत्यतो देवसुषयः । तस्य स्वर्गलोकभवनस्य हृदयस्यास्य यः प्राङ् सुषिः पूर्वाभिमुखस्य प्रागंतं यच्छिद्रं द्वारं स प्राणः, तत्स्थस्तेन द्वारेण यः संचरति वायुविशेषः स प्रागनितीति प्राणः । ★ तेनैव संबद्धमव्यतिरिक्तं तच्चक्षुः, तथैव स आदित्यः **'आदित्यो ह वै बाह्यः प्राणः'** (प्र.उप. ३-८) इति श्रुतेश्चक्षूरूपप्रतिष्ठाक्रमेण हृदि स्थितः **'स आदित्यः कस्मिन्प्रतिष्ठित इति चक्षुषि'** (बृ.उप. ३-९-२०) इत्यादि हि वाजसनेयके । प्राणवायुदेवतैव ह्येका चक्षुरादित्यश्च सहाश्रयेण । वक्ष्यति च प्राणाय स्वाहेति हुतं हविः सर्वमेतत्तर्पयतीति । ★ तदेतत्प्राणाख्यं स्वर्गलोकद्वारपालत्वाद्ब्रह्म स्वर्गलोकं प्रतिपित्सुस्तेजश्चैतच्चक्षुरादित्यस्वरूपेणान्नाद्यत्वाच्च सवितुस्तेजोऽन्नाद्यमित्याभ्यां गुणाभ्यामुपासीत । ततस्तेजस्व्यन्नादश्चामयावित्वरहितो भवति य एवं वेद तस्यैतद्गुणफलम् । उपासनेन वशीकृतो द्वारपः स्वर्गलोकप्राप्तिहेतुर्भवतीति मुख्यं च फलम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- આ 'तस्य ह वा' વગેરે ખંડ દ્વારા ગાયત્રી સંજ્ઞક બ્રહ્મની ઉપાસનાના અંગરૂપથી દ્વારપાલાદિ ગુણોનું વિધાન કરવા માટે (આ ઉત્તર ગ્રંથ) આરંભ કરવામાં આવે છે. કારણ કે જેવી રીતે લોકમાં રાજાના દ્વારપાલ ઉપાસનાથી (ભેટ વગેરે આપીને) પોતાને આધીન કરી લેવામાં આવતાં રાજા સાથે ભેટ કરવામાં ઉપયોગી થાય છે તેવી રીતે અહીં પણ (આ ઉપાસના અંગોનો ઉપયોગ થાય છે).

'तस्य' અર્થાત્ તે પ્રકૃત હૃદયના, एतस्य - જેનું અવ્યવહિત પૂર્વમાં જ વર્ણન કરવામાં આવ્યું છે, પાંચ-પાંચ સંખ્યાવાળા દેવસુષિ - દેવોના સુષિ અર્થાત્ સ્વર્ગલોકની પ્રાપ્તિના દ્વારભૂત પાંચ છિદ્ર છે. તે પ્રાણ અને આદિત્ય વગેરે દેવોથી સુરક્ષિત છે એટલા માટે દેવસુષિ કહેવાય છે. સ્વર્ગલોકના ભવનરૂપ તે આ હૃદયના જે પ્રાઙ્સુષિ છે - પૂર્વાભિમુખ હૃદયના જે પૂર્વ દિશાવર્તી છિદ્ર એટલે દ્વાર છે તે પ્રાણ છે. જે તે હૃદયમાં જ રહેલ છે અને તેના દ્વારા સંચાર કરે છે તે વાયુ વિશેષ 'प्राक् अनिति' આ વ્યુત્પત્તિ અનુસાર પ્રાણ કહેવાય છે.

તે(પ્રાણ)થી જ સંબદ્ધ (જોડાયેલ) અને અભિન્ન ચક્ષુ છે. આવી રીતે તે આદિત્ય પણ છે જેમ કે **'આદિત્ય ચોક્કસ બાહ્ય પ્રાણ છે'** (પ્ર.ઉપ. ૩-૮) આ શ્રુતિથી પ્રમાણિત થાય છે. તે ચક્ષુ અને રૂપના પ્રતિષ્ઠાક્રમથી હૃદયમાં રહેલ છે. **'તે આદિત્ય શામાં રહેલ છે ? ચક્ષુમાં'** (બૃ.ઉપ. ૩-૯-૨૦) વગેરે વાજસનેય-શ્રુતિમાં કહ્યું છે. પ્રાણ વાયુરૂપ એક જ દેવ એક જ આશ્રયમાં રહેલ હોવાને કારણે ચક્ષુ અને આદિત્ય નામથી કહેવામાં આવે છે. 'प्राणाय स्वाहा' આવું કહીને આપવામાં આવેલું હવિ ચક્ષુરાદિ સંપૂર્ણ ઈન્દ્રિયોની તૃપ્તિ કરે છે - આવું આગળ કહીશું પણ ખરા.

તે આ પ્રાણ નામનું બ્રહ્મ સ્વર્ગલોકનું દ્વારપાળ છે એટલે સ્વર્ગ પ્રાપ્તિની ઇચ્છાવાળો પુરુષ, આ ચક્ષુ અને આદિત્યરૂપથી તથા અન્નાદ્ય રૂપથી સવિતાનું તેજ અને અન્નાદ્ય છે - આવી રીતે આ બે ગુણોથી આની ઉપાસના કરે. આનાથી તે તેજસ્વી અને અન્નાદ અર્થાત્ રુગ્ણત્વાદિથી રહિત થાય છે. જે આવું જાણે છે તેને તે ગૌણ ફળ પ્રાપ્ત થાય છે, પરંતુ મુખ્ય ફળ તો આ છે કે ઉપાસના દ્વારા પોતાના અધીન કરવામાં આવેલા તે દ્વારપાળ સ્વર્ગલોક પ્રાપ્તિનું કારણ બને છે. ॥ ૧ ॥

अथ योऽस्य दक्षिणः सुषिः स व्यानस्तच्छ्रोत्रस चन्द्रमास्तदेतच्छ्रीश्च यशश्चेत्युपासीत श्रीमान्यशस्वी भवति य एवं वेद ॥ २ ॥

હવે આનું જે દક્ષિણ છિદ્ર છે તે વ્યાન છે, તે શ્રોત્ર છે, તે ચંદ્રમા છે અને તે જ આ શ્રી અને યશ છે - આવી રીતે તેની ઉપાસના કરો. જે આવું જાણે છે તે શ્રીમાન અને યશસ્વી થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ योऽस्य दक्षिणः सुषिस्तत्स्थो वायुविशेषः स वीर्यवत्कर्म कुर्वन्विगृह्य वा प्राणापानौ नानावानितीति व्यानस्तत्संबद्धमेव च तच्छ्रोत्रमिन्द्रियं तथा स चन्द्रमाः–**'श्रोत्रेण सृष्टा दिशश्च चन्द्रमाश्च'** इति श्रुतेः । सहाश्रयौ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

पूर्ववत् । ★ तदेतच्छ्रीश्च विभूतिः श्रोत्रचन्द्रमसोर्ज्ञानान्नहेतुत्वम् अतस्ताभ्यां श्रीत्वम् । ज्ञानान्नवतश्च यशः ख्यातिर्भवतीति यशोहेतुत्वाद्यशस्त्वम्, अतस्ताभ्यां गुणाभ्यामुपासीतेत्यादि समानम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- તથા આનું જે દક્ષિણ છિદ્ર છે તેમાં રહેલ જે વાયુવિશેષ છે તે વીર્યવાન કર્મ કરતાં કરતાં ગમન કરે છે અથવા પ્રાણ અને અપાનથી વિરોધ કરીને અથવા અનેક પ્રકારે ગમન કરે છે, આ કારણે 'વ્યાન' કહેવાય છે. તેનાથી સંબદ્ધ જે ક્ષોત્ર છે તે ઈન્દ્રિય છે. તથા તેનાથી સંબદ્ધ તે ચંદ્રમા છે, જેમ કે **'(વિરાટ્ના) શ્રોત્ર દ્વારા દિશા અને ચંદ્રમા રચવામાં આવ્યા છે'** આ શ્રુતિથી સિદ્ધ થાય છે. પૂર્વવત્ (ચક્ષુ અને આદિત્ય સમાન) એ પણ એક જ આશ્રયવાળા છે.

તે આ (વ્યાનસંજ્ઞક બ્રહ્મ) શ્રી એટલે વિભૂતિ છે. શ્રોત્ર અને ચંદ્રમા ક્રમશઃ જ્ઞાન અને અન્નના હેતુ છે, એટલા માટે તેના દ્વારા વ્યાનનું શ્રીત્વ માનવામાં આવ્યું છે. જ્ઞાનવાન અને અન્નવાનનો યશ અર્થાત્ પ્રસિદ્ધિ થાય છે. એટલે યશનો હેતુ હોવાથી તેની યશઃસ્વરૂપતા છે. એટલે તે બે ગુણોથી યુક્ત તેની ઉપાસના કરો - વગેરે શેષ અર્થ પૂર્વવત્ છે. ॥ ૨ ॥

अथ योऽस्य प्रत्यङ् सुषिः सोऽपानः सा वाक्सोऽग्निस्तदेतद्ब्रह्मवर्चसमन्नाद्यमित्युपासीत ब्रह्मवर्चस्यन्नादो भवति य एवं वेद ॥ ३ ॥

હવે આનું જે પશ્ચિમ છિદ્ર છે તે અપાન છે, તે વાક્ છે, તે અગ્નિ છે અને તે જ તે બ્રહ્મતેજ તેમજ અન્નાદ્ય છે - આવી રીતે તેની ઉપાસના કરો. જે આવું જાણે છે તે બ્રહ્મતેજસ્વી અને અન્નનો ભોક્તા થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ योऽस्य प्रत्यङ् सुषिः पश्चिमस्तत्स्थो वायुविशेषः स मूत्रपुरीषाद्यपनयन्नधोऽनितीत्यपानः सा तथा वाक्, तत्संबन्धात्, तथाग्निः तदेतद्ब्रह्मवर्चसं वृत्तस्वाध्यायनिमित्तं तेजो ब्रह्मवर्चसम्, अग्निसंबन्धाद् वृत्तस्वाध्यायस्य । अन्नग्रसनहेतुत्वादपानस्यान्नाद्यत्वम् । समानमन्यत् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તથા આના જે પ્રત્યઙ્ સુષિ-પ્રત્યઙ્ એટલે પશ્ચિમ તેનામાં રહેલ જે વાયુ વિશેષ છે તે મળમૂત્રાદિને દૂર કરીને નીચેની બાજુ લઈ જાય છે. એટલા માટે 'અપાન' કહેવાય છે. તથા તે જ વાક્ અને અગ્નિ છે, કારણ કે આનો તે(સમષ્ટિ-અપાન)થી સંબંધ છે. તે આ બ્રહ્મતેજ છે - સદાચાર અને સ્વાધ્યાયના કારણે થનાર તેજનું નામ બ્રહ્મવર્ચસ્ છે, કારણ કે સદાચાર અને સ્વાધ્યાય અગ્નિથી સંબદ્ધ છે. અન્ન ગળવાનો હેતુ હોવાને કારણે અપાનનું અન્ન ભોક્તૃત્વ સ્વીકૃત કરવામાં આવ્યું છે. શેષ અર્થ પૂર્વવત્ છે. ॥ ૩ ॥

अथ योऽस्योदङ् सुषिः स समानस्तन्मनः स पर्जन्यस्तदेतत्कीर्तिश्च व्युष्टिश्चेत्युपासीत कीर्तिमान्व्युष्टिमान् भवति य एवं वेद ॥ ४ ॥

હવે આનું જે ઉત્તરીય છિદ્ર છે તે સમાન છે, તે મન છે, તે મેઘ છે અને તે જ આ કીર્તિ અને વ્યુષ્ટિ (દેહનું લાવણ્ય) છે - આવી રીતે તેની ઉપાસના કરો. જે આવી રીતે જાણે છે તે કીર્તિમાન અને વ્યુષ્ટિમાન થાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथ योऽस्योदङ् सुषिरुदग्गतः सुषिस्तत्स्थो वायुविशेषः सोऽशितपीते समं नयतीति समानः । तत्संबद्धं मनोऽन्तःकरणं स पर्जन्यो वृष्ट्यात्मको देवः पर्जन्यनिमित्ताश्चाप इति, **'मनसा सृष्टा आपश्च वरुणश्च'** इति श्रुतेः । ★ तदेतत्कीर्तिश्च, मनसो ज्ञानस्य कीर्तिहेतुत्वात्, आत्मपरोक्षं विश्रुतत्वं कीर्तिः, यशः स्वकरणसंवेद्यं विश्रुतत्वम् । व्युष्टिः कान्तिर्देहगतं लावण्यम् । ततश्च कीर्तिसंभवात्कीर्तिश्चेति । समानमन्यत् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- આનું જે ઉદઙ્ સુષિ-ઉત્તરવર્તી છિદ્ર છે તેનામાં રહેલો જે વાયુવિશેષ છે તે ખાધેલા પીધેલા અન્ન-જળને સમાન રૂપે (સંપૂર્ણ શરીરમાં) લઈ જાય છે, એટલા માટે 'સમાન' છે. તેનાથી સંબંધ રાખનારા મન-અંતઃકરણ અને તે પર્જન્ય એટલે વૃષ્ટિરૂપ દેવ છે, કારણ કે **('વિરાટ્ પુરુષના) મનથી અપ અને વરુણ રચવામાં આવ્યા છે'** આ શ્રુતિ અનુસાર અપ (જળ) મેઘથી થનાર છે.

અને આ (સમાન નામક બ્રહ્મ) જ કીર્તિ છે, કારણ કે મન એટલે જ્ઞાન જ કીર્તિનો હેતુ છે. પોતાની પાછળ જે વિખ્યાત થાય છે તેને કીર્તિ કહે છે. જે ખ્યાતિ પોતાની ઈન્દ્રિયોથી ગૃહીત કરી શકાય છે તેને યશ કહે છે. વ્યુષ્ટિ - કાન્તિ એટલે દેહગત સુંદરતાને કહે છે. તેનાથી પણ કીર્તિની ઉત્પત્તિ થાય છે એટલે તે પણ કીર્તિ છે. શેષ અર્થ પૂર્વવત્ છે. ॥ ૪ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अथ योऽस्योर्ध्वः सुषिः स उदानः स वायुः स आकाशस्तदेतदोजश्च महश्चेत्युपासीतौजस्वी महस्वान्भवति य एवं वेद ॥ ५ ॥

હવે આનું જે ઊર્ધ્વ છિદ્ર છે તે ઉદાન છે, તે વાયુ છે, તે આકાશ છે અને તે જ આ ઓજ અને મહઃ છે - આવી રીતે તેની ઉપાસના કરો. જે આવી રીતે જાણે છે તે ઓજસ્વી (બળવાન) અને મહસ્વાન (તેજસ્વી) થાય છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथ योऽस्योर्ध्वः सुषिः स उदान आ पादतलादारभ्योर्ध्वमुत्क्रमणादुत्कर्षार्थं च कर्म कुर्वन्ननितीत्युदानः स वायुस्तदाधारश्चाकाशः । तदेतद् वाय्वाकाशयोरोजोहेतुत्वादोजो बलं महत्वाच्च मह इति समानमन्यत् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તથા આનું જે ઊર્ધ્વ છિદ્ર છે તે દાન છે. પગના તળિયાથી લઈને ઉપરની બાજુ ઉત્ક્રમણ કરવાને કારણે અને ઉત્કર્ષને માટે કર્મ કરતાં કરતાં ચેષ્ટા કરે છે - એટલા માટે તે 'ઉદાન' છે. તે જ વાયુ અને તેના આધારભૂત આકાશ પણ છે. વાયુ અને આકાશ ઓજના હેતુ છે એટલે આ (ઉદાનસંજ્ઞક બ્રહ્મ) જ ઓજ-બલ છે અને મહત્તાને કારણે મહઃ પણ છે. શેષ અર્થ પૂર્વવત્ છે. ॥ ૫ ॥

ते वा एते पञ्च ब्रह्मपुरुषाः स्वर्गस्य लोकस्य द्वारपाः स य एतानेवं पञ्च ब्रह्मपुरुषान्स्वर्गस्य लोकस्य द्वारपान्वेदास्य कुले वीरो जायते प्रतिपद्यते स्वर्गं लोकं य एतानेवं पञ्च ब्रह्मपुरुषान्स्वर्गस्य लोकस्य द्वारपान्वेद ॥ ६ ॥

તે એ પાંચ બ્રહ્મ પુરુષ સ્વર્ગલોકના દ્વારપાળ છે તે જે કોઈ પણ સ્વર્ગલોકના દ્વારપાળ આ પાંચ બ્રહ્મપુરુષોને જાણે છે તેના કુળમાં વીર (પુત્ર) ઉત્પન્ન થાય છે. જે આવી રીતે સ્વર્ગલોકના દ્વારપાળ આ પાંચ પુરુષોને જાણે છે તે સ્વર્ગલોકને પ્રાપ્ત થાય છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- ते वा एते यथोक्ताः पञ्चसुषिसंबन्धात्पञ्च ब्रह्मणो हार्दस्य पुरुषा राजपुरुषा इव द्वारस्थाः स्वर्गस्य हार्दस्य लोकस्य द्वारपा द्वारपालाः । एतैर्हि चक्षुः श्रोत्रवाङ्मनः प्राणैर्बहिर्मुखप्रवृत्तैर्ब्रह्मणो हार्दस्य प्राप्तिद्वाराणि निरुद्धानि । प्रत्यक्षं ह्येतदजितकरणतया बाह्यविषयासङ्गानृतप्ररूढत्वान्न हार्दे ब्रह्मणि मनस्तिष्ठति । तस्मात्सत्यमुक्तमेते पञ्च ब्रह्मपुरुषाः स्वर्गस्य लोकस्य द्वारपा इति । ★ अतः स य एतानेवं यथोक्तगुणविशिष्टान् स्वर्गस्य लोकस्य द्वारपान् वेद उपास्त उपासनया वशीकरोति स राजद्वारपालानिवोपासनेन वशीकृत्य तैरनिवारितः प्रतिपद्यते स्वर्गं लोकं राजानमिव हार्दं ब्रह्म । ★ किं चास्य विदुषः कुले वीरः पुत्रो जायते वीरपुरुषसेवनात् । तस्य चर्णापाकरणेन ब्रह्मोपासनप्रवृत्तिहेतुत्वम् । ततश्च स्वर्गलोकप्रतिपत्तये पारम्पर्येण भवतीति स्वर्गलोकप्रतिपत्तिरेवैकं फलम् ॥ ६ ॥

શાંકરભાષ્ય :- તે જ આ, જેમ કે ઉપર બતાવવામાં આવ્યા છે, પાંચ સુષિઓના સંબંધને કારણે હૃદયસ્થ બ્રહ્મના પાંચ પુરુષ છે, અર્થાત્ દ્વારસ્થ રાજપુરુષો સમાન હૃદયસ્થ સ્વર્ગલોકના દ્વારપાળ છે. ચક્ષુ, શ્રોત્ર, વાક્, મન અને પ્રાણો દ્વારા બહારની બાજુ પ્રવૃત્ત થયેલા આના દ્વારા હૃદયસ્થિત બ્રહ્મની પ્રાપ્તિના દ્વાર રોકાયેલા છે. આ વાત પ્રત્યક્ષ જ છે કે અજિતેન્દ્રિયતાના કારણે બાહ્ય વિષયોની આસક્તિ રૂપ અનૃતથી વ્યાપ્ત રહેવાને કારણે મન હૃદયસ્થિત બ્રહ્મમાં સ્થિર થતું નથી. એટલે આ બરાબર જ કહ્યું છે કે એ પાંચ બ્રહ્મપુરુષ સ્વર્ગલોકના દ્વારપાળ છે.

માટે જે કોઈ આ ઉપર્યુક્ત ગુણવિશિષ્ટ સ્વર્ગલોકના દ્વારપાળોને આવી રીતે જાણે છે - ઉપાસના કરે છે અર્થાત્ ઉપાસના દ્વારા પોતાને અધીન કરે છે, તે રાજાના દ્વારપાલો સમાન આને ઉપાસના દ્વારા વશીભૂત કરીને આનાથી નિવારણ ન થતાં રાજાને પ્રાપ્ત હોવાને કારણે સમાન સ્વર્ગલોક એટલે હૃદયસ્થિત બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

વળી વીર પુરુષનું સેવન કરવાને કારણે આ વિદ્વાનના કુળમાં વીર પુત્ર ઉત્પન્ન થાય છે. તે પુત્ર પિતૃ-ઋણની નિવૃત્તિ કરીને તેને બ્રહ્મની ઉપાસનામાં પ્રવૃત્ત કરવાનો હેતુ થાય છે. એટલે તે પરંપરાથી તેની સ્વર્ગલોક પ્રાપ્તિનું પણ કારણ હોય છે, એટલા માટે સ્વર્ગલોકની પ્રાપ્તિ જ આનું એકમાત્ર ફળ છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- अथ यदसौ विद्वान्स्वर्गं लोकं वीरपुरुषसेवनात्प्रतिपद्यते, यच्चोक्तं **'त्रिपादस्यामृतं दिवि'** (ऋ.वे. १०-९०-३) इति तदिदं लिङ्गेन चक्षुःश्रोत्रेन्द्रियगोचरमापादयितव्यम्, यथाग्न्यादि धूमादिलिङ्गेन । तथा ह्येवमेवेदमिति यथोक्तेऽर्थे दृढा प्रतीतिः स्यात् । अनन्यत्वेन च निश्चय इति । अत आह–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- તથા આ વિદ્વાન વીર પુરુષનું સેવન કરવાથી જે સ્વર્ગલોકને પ્રાપ્ત થાય છે અને જે સ્વર્ગના **'આના ત્રણ પાદરૂપ અમૃત દ્યુલોકમાં છે'** (ऋ.વે. ૧૦-૯૦-૩) આવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે તેને હવે અનુમાપક લિંગ દ્વારા ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિયનો વિષય બનાવવો છે જેવી રીતે કે ધૂમાદિ લિંગથી અગ્નિ વગેરેની પ્રતીતિ કરાવવામાં આવે છે. આવું થવાથી જ ઉપર્યુક્ત પદાર્થના વિષયમાં 'આ આવો જ છે' એવી દૃઢ પ્રતીતિ થઈ શકે છે અને આવી રીતે તેના અભેદરૂપથી નિશ્ચય પણ થઈ શકે છે. એટલા માટે શ્રુતિ કહે છે –

अथ यदतः परो दिवो ज्योतिर्दीप्यते विश्वतः पृष्ठेषु सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेष्विदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योतिः ॥ ७ ॥

હવે આ દ્યુલોકથી ઉપર જે પરમ જ્યોતિ વિશ્વના પૃષ્ઠ ઉપર એટલે સર્વની ઉપર, જેનાથી ઉત્તમ બીજો કોઈ લોક નથી એવા ઉત્તમ લોકોમાં પ્રકાશિત થઈ રહી છે તે નિશ્ચય આ છે જો કે આ પુરુષની અંદર જ્યોતિ છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- यदतोऽमुष्माद्दिवो द्युलोकात्, परः परमिति लिङ्गव्यत्ययेन, ज्योतिर्दीप्यते, स्वयंप्रभं सदाप्रकाशत्वाद्दीप्यत इव दीप्यत इत्युच्यते, अग्न्यादिवज्ज्वलनलक्षणाया दीप्तेरसंभवात् । ★ विश्वतः पृष्ठेष्वित्येतस्य व्याख्यानं सर्वतः पृष्ठेष्विति, संसारादुपरीत्यर्थः, संसार एव हि सर्वः, असंसारिण एकत्वान्निर्भेदत्वाच्च । अनुत्तमेषु, तत्पुरुषसमासाशङ्कानिवृत्तय आह, उत्तमेषु लोकेष्विति, सत्यलोकादिषु हिरण्यगर्भादिकार्यरूपस्य परस्येश्वरस्यासन्नत्वादुच्यते, उत्तमेषु लोकेष्विति । ★ इदं वावेदमेव तद्यदिदमस्मिन् पुरुषेऽन्तर्मध्ये ज्योतिश्चक्षुःश्रोत्रग्राह्येण लिङ्गेनोष्णिम्ना शब्देन चावगम्यते । यत्त्वचा स्पर्शरूपेण गृह्यते तच्चक्षुषैव, दृढप्रतीतिकरत्वात्त्वचः, अविनाभूतत्वाच्च रूपस्पर्शयोः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આ દિવ અર્થાત્ દ્યુલોકથી ઉપર - અહીં 'परः' આ પુલિંગપદને નપુંસકલિંગમાં બદલીને 'परम्' સમજવું જોઈએ. જે જ્યોતિ દીપ્ત છે, નિત્ય પ્રકાશમાન હોવાથી તે જ્યોતિ સ્વયંપ્રકાશ છે. એટલે 'दीप्यते' આ પદથી તે જાણે દીપ્ત થાય છે - આવી રીતે કહેવામાં આવે છે, કારણ કે અગ્નિ વગેરેની જેમ તેમાં પ્રજ્વલિત થવા રૂપ દીપ્તિની કોઈ સંભવના નથી.

'विश्वतः पृष्ठेषु' આની વ્યાખ્યા 'सर्वतः पृष्ठेषु' એ પદ છે, અર્થાત્ સંસારથી ઉપર, કારણ કે સંસાર જ સર્વ છે, અસંસારી બ્રહ્મ તો એક અને ભેદરહિત છે. 'अनुत्तमेषु' આ પદમાં (જે ઉત્તમ ન હોય - એવો અર્થ કરીને થનારી) તત્પુરુષ સમાસની શંકાને નિવૃત્ત કરવાને માટે 'उत्तमेषु लोकेषु' એમ કહ્યું છે. સત્યલોકાદિમાં હિરણ્યગર્ભાદિ કાર્યરૂપ બ્રહ્મ સમીપ રહે છે, એટલા માટે તેના વિષયમાં 'उत्तमेषु लोकेषु' એમ કહેવામાં આવ્યું છે.

તે નિશ્ચય આ જ છે જો કે આ આ પુરુષની અંદર જ્યોતિ છે. જે ક્રમશઃ ચક્ષુ અને શ્રોત્રથી ગ્રહણ કરવા યોગ્ય ઉષ્ણતા અને શબ્દરૂપ લિંગથી જાણવામાં આવે છે. ત્વચા દ્વારા સ્પર્શરૂપથી જેનું ગ્રહણ કરવામાં આવે છે તે વસ્તુનું જાણે ચક્ષુથી જ ગ્રહણ થાય છે, કારણ કે ત્વચા તો કેવળ તેની દૃઢ પ્રતીતિ કરાવનારી છે, તથા રૂપ અને સ્પર્શ એ એકબીજા વિના રહી શકતા નથી. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- कथं पुनस्तस्य ज्योतिषो लिङ्गं त्वग्दृष्टिगोचरत्वमापद्यते ? इत्याह–

શાંકરભાષ્ય :- પરંતુ તે જ્યોતિનું અનુમાપક લિંગ ત્વગિન્દ્રિય(ચામડીરૂપી ઈન્દ્રિય)ની વિષમતાને કેવા પ્રકારે પ્રાપ્ત થાય છે ? આ વિષયમાં શ્રુતિ કહે છે –

तस्यैषा दृष्टिर्यत्रैतदस्मिञ्छरीरे सꣳस्पर्शेनोष्णिमानं विजानाति तस्यैषा श्रुतिर्यत्रैतत्कर्णावपिगृह्य निनदमिव नदथुरिवाग्नेरिव ज्वलत उपशृणोति तदेतद्दृष्टं च श्रुतं चेत्युपासीत चक्षुष्यः श्रुतो भवति य एवं वेद य एवं वेद ॥ ८ ॥

તે આ(હૃદયસ્થિત પુરુષ)ના આ જ દર્શનોપાય છે જ્યારે કે (મનુષ્ય) આ શરીરમાં સ્પર્શ દ્વારા ઉષ્ણતાને જાણે છે તથા આ જ તેનો શ્રવણોપાય છે જ્યારે કે આ કાનોને ઢાંકી દે તેવો નદથુ (બળદના ડચકારા) અને બળતા અગ્નિના શબ્દ સમાન શ્રવણ કરે છે, તે આ જ્યોતિ દૃષ્ટ અને શ્રુત છે - આવી રીતે આની ઉપાસના કરો. જે ઉપાસક આમ જાણે છે (આવી રીતે ઉપાસના કરે છે) તે દર્શનીય અને વિશ્રુત (વિખ્યાત) થાય છે. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- यत्र यस्मिन्काले, एतदिति क्रियाविशेषणम्, अस्मिञ्छरीरे हस्तेनालभ्य संस्पर्शेनोष्णिमानं रूपसहभाविनमुष्णस्पर्शभावं विजानाति, स ह्युष्णिमा नामरूपव्याकरणाय देहमनुप्रविष्टस्य चैतन्यात्मज्योतिषो लिङ्गमव्यभिचारात् । न हि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

जीवन्तमात्मानमुष्णिमा व्यभिचरति । **'उष्ण एव जीविष्यञ्छीतो मरिष्यन्'** इति हि विज्ञायते । मरणकाले च तेजः परस्यां देवतायामिति परेणाविभागत्वोपगमात् । अतोऽसाधारणं लिङ्गमौष्ण्यमग्नेरिव धूमः । अतस्तस्य परस्यैषा दृष्टिः साक्षादिव दर्शनं दर्शनोपाय इत्यर्थः । ★ तथा तस्य ज्योतिष एषा श्रुतिः श्रवणं श्रवणोपायोऽप्युच्यमानः । यत्र तदा पुरुषो ज्योतिषो लिङ्गं शुश्रूषति तदैतत्कर्णावपिगृह्यैतच्छब्दः क्रियाविशेषणम् । अपिहगृह्यापिधायेत्यर्थोऽङ्गुलिभ्यां प्रोर्णुत्य निनदमिव रथस्येव घोषो निनदस्तमिव शृणोति नदथुरिव ऋषभकूजितमिव शब्दो यथा चाग्नेर्बहिर्ज्वलत एवं शब्दमन्तःशरीर उपश्रृणोति । ★ यदेतज्ज्योतिर्दृष्टश्रुतलिङ्गत्वाद दृष्टं च श्रुतं चेत्युपासीत । यथोपासनाच्चक्षुष्यो दर्शनीयः श्रुतो विश्रुतश्च । यत्स्पर्शगुणोपासननिमित्तं फलं तद्रूपे संपादयति चक्षुष्य इति, रूपस्पर्शयोः सहभावित्वात्, इष्टत्वाच्च दर्शनीयतायाः । एवं च विद्यायाः फलमुपपन्नं स्यान्न तु मृदुत्वादिस्पर्शवत्त्वे । य एवं यथोक्तौ गुणौ वेद । स्वर्गलोकप्रतिपत्तिस्तूक्तमदृष्टं फलम् । द्विरभ्यास आदरार्थः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- 'यत्र' જે સમયે, एतत् આ 'विजानाति' આ ક્રિયાનું વિશેષણ છે, આ શરીરમાં હાથથી સ્પર્શ કરીને તે સ્પર્શ દ્વારા રૂપની સાથે રહેનારી ઉષ્ણતાને જાણવાનું છે, તે ઉષ્ણિમા જ નામરૂપનો વિભાગ કરવાને માટે દેહમાં અનુપ્રવિષ્ટ થયેલા ચૈતન્યાત્મજ્યોતિનું અનુમાન કરાવનારા લિંગ છે, કારણ કે તેનો કદી વ્યભિચાર થતો નથી. જીવિત શરીરનો ઉષ્ણતા કદી ત્યાગ કરતી નથી. **'જીવિત રહેનારા ઉષ્ણ જ હોય છે અને મરનારા શીત હોય છે'** - એમ જ જાણવામાં આવે છે. મરણ કાળમાં તેજ પરદેવમાં લીન થઈ જાય છે, કારણ કે તે વખતે પરદેવ સાથે તેનો અભેદ થઈ જાય છે, એટલે ધૂમ જેવી રીતે અગ્નિનો અનુમાપક છે તેવી રીતે ઉષ્ણતા જીવનનું અસાધારણ લિંગ છે. એટલા માટે તે પરદેવની આ દૃષ્ટિ એટલે સાક્ષાત્ દર્શન સમાન તેના દર્શનનું સાધન છે - આવું આનું તાત્પર્ય છે.

વળી આ તે જ્યોતિની શ્રુતિ-શ્રવણ એટલે સાંભળવાનો આગળ કહેવાવાનો ઉપાય છે. જ્યાં - જે સમયે પુરુષ આ જ્યોતિના લિંગને સાંભળવા ઇચ્છે છે તે વખતે 'एतत् कर्णावपिगृह्य' અહીં 'एतत्' શબ્દ 'अपिगृह्य' ક્રિયાનું વિશેષણ છે, અર્થાત્ કાનોને આ પ્રકારે ઢાંકીને-આંગળીઓથી બંધ કરીને નિનદ સમાન - રથના ઘોષને 'નિનદ' કહે છે, તેના સમાન શબ્દ સાંભળે છે અને નદથુ - બળદના ડચકારા સમાન અને જેવી રીતે બહાર બળતાં અગ્નિનો શબ્દ થાય છે તેવી રીતે શબ્દનું પોતાના શરીરની અંદર શ્રવણ કરે છે.

આવી રીતે આ જ્યોતિ દૃષ્ટ અને શ્રુત લિંગયુક્ત હોવાથી દૃષ્ટ અને શ્રુત છે - આમ આની ઉપાસના કરો. આ પ્રમાણે ઉપાસના કરવાથી તે ઉપાસક ચક્ષુષ્ય-દર્શનીય અને શ્રુત-વિખ્યાત થઈ જાય છે. સ્પર્શગુણ સંબંધિની ઉપાસનાથી જે ફળ મળે છે તેને શ્રુતિ 'चक्षुष्य' એમ કહીને રૂપમાં સંપાદન કરે છે, કારણ કે રૂપ અને સ્પર્શ એ બંને સાથે સાથે રહેનારા છે અને દર્શનીયતા સર્વને ઈષ્ટ પણ છે. આવી રીતે (દર્શનીયતા મળવાથી) જ આ વિદ્યાનું દૃષ્ટ ફળ ઉપપન્ન થઈ શકે છે, મૃદુત્વાદિ સ્પર્શયુક્ત થવાથી નહીં. આવી રીતે જે આ બંને ગુણોને જાણે છે (તેને આ ફળની પ્રાપ્તિ થાય છે) સ્વર્ગલોકની પ્રાપ્તિ તો આનું અદૃષ્ટ ફળ બતાવવામાં આવ્યું છે. 'य एवं वेद - य एवं वेद' આ દ્વિરુક્તિ આદર માટે છે. ॥ ૮ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्दशः खण्डः

शाङ्करभाष्यम् :- पुनस्तस्यैव त्रिपादमृतस्य ब्रह्मणोऽनन्तगुणवतोऽनन्तशक्तेरनेकभेदोपास्यस्य विशिष्टगुणशक्तिमत्त्वेनोपासनं विधित्सन्नाह–

શાંકરભાષ્ય :- હવે ફરી તે જ ત્રણ પાદવાળા, અમૃત અનંત ગુણવાન, અનંત શક્તિ અને અનેક પ્રકારથી ઉપાસનીય બ્રહ્મની વિશિષ્ટ ગુણયુક્ત અને શક્તિમાન રૂપે ઉપાસનાનું વિધાન કરવાની ઇચ્છાથી શ્રુતિ કહે છે –

सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत । अथ खलु क्रतुमयः पुरुषो यथाक्रतुरस्मिँल्लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत ॥ १ ॥

આ સર્વ સાચે જ બ્રહ્મ છે, આ તેનાથી ઉત્પન્ન થનાર, તેનામાં લીન થનાર અને તેનામાં ચેષ્ટા કરનાર છે - આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

રીતે શાંત (રાગદ્વેષરહિત) થઈને ઉપાસના કરો, કારણ કે પુરુષ ચોક્કસ જ ક્રતુમય - નિશ્ચયાત્મક છે, આ લોકમાં પુરુષ જેવો નિશ્ચયવાળો હોય છે તેવો જ અહીંથી મૃત્યુ પામીને જવાથી થાય છે. એટલે તે પુરુષે નિશ્ચય કરવો જોઈએ. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- सर्वं समस्तं खल्विति वाक्यालङ्कारार्थो निपातः । इदं जगन्नामरूपविकृतं प्रत्यक्षादिविषयं ब्रह्म कारणं वृद्धतमत्वाद्ब्रह्म । ★ कथं सर्वस्य ब्रह्मत्वम् ? इत्यत आह—तज्जलानिति, तस्माद् ब्रह्मणो जातं तेजोऽबन्नादिक्रमेण सर्वम्, अतस्तज्जम्, तथा तेनैव जननक्रमेण प्रतिलोमतया तस्मिन्नेव ब्रह्मणि लीयते तदात्मतया श्लिष्यत इति तल्लम्, तथा तस्मिन्नेव स्थितिकालेऽनिति प्राणिति चेष्टत इति । एवं ब्रह्मात्मतया त्रिषु कालेष्वविशिष्टं तद्व्यतिरेकेणाग्रहणात् । अतस्तदेवेदं जगत् । यथा चेदं तदेवैकमद्वितीयं तथा षष्ठे विस्तरेण वक्ष्यामः । ★ यस्माच्च सर्वमिदं ब्रह्म, अतः शान्तो रागद्वेषादिदोषरहितः संयतः सन्यत्तत्सर्वं ब्रह्म तद्वक्ष्यमाणैर्गुणैरुपासीत । ★ कथमुपासीत ? क्रतुं कुर्वीत क्रतुर्निश्चयोऽध्यवसाय एवमेव नान्यथेत्यविचलः प्रत्ययस्तं क्रतुं कुर्वीतोपासीतेत्यनेन व्यवहितेन संबन्धः । किं पुनः क्रतुकरणेन कर्तव्यं प्रयोजनम् ? कथं वा क्रतुः कर्तव्यः ? क्रतुकरणं चाभिप्रेतार्थसिद्धिसाधनं कथम् ? इत्यस्यार्थस्य प्रतिपादनार्थमथेत्यादिग्रन्थः । ★ अथ खल्विति हेत्वर्थः । यस्मात् क्रतुमयः क्रतुप्रायोऽध्यवसायात्मकः पुरुषो जीवः, यथाक्रतुर्यादृशः क्रतुरस्य सोऽयं यथाक्रतुर्यथाध्यवसायो यादृङ्निश्चयोऽस्मिँल्लोके जीवन्निह पुरुषो भवति, तथेतोऽस्माद्देहात्प्रेय मृत्वा भवति, क्रत्वनुरूपफलात्मको भवतीत्यर्थः । एवं ह्येतच्छास्त्रतो दृष्टम्—**'यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम्'** (भ.गी. ८-६) इत्यादि । यत एवं व्यवस्था शास्त्रदृष्टातः स एवं जानन्क्रतुं कुर्वीत यादृशं क्रतुं वक्ष्यामस्तम् । यत एवं शास्त्रप्रामाण्यादुपपद्यते क्रत्वनुरूपं फलम्, अतः स कर्तव्यः क्रतुः ॥ १ ॥

શાંકરભાષ્ય :- સર્વ-સમસ્ત 'ખલુ' આ નિપાત વાક્યની શોભા વધારવા માટે છે. આ અર્થાત્ નામ-રૂપમય વિકારને પ્રાપ્ત થનારા અને પ્રત્યક્ષાદિ પ્રમાણોનું વિષયભૂત જગત બ્રહ્મ-કારણ રૂપ જ છે. વૃદ્ધતમ (સર્વથી મોટા) હોવાને કારણે તે (જગતનું કારણ) બ્રહ્મ કહેવાય છે.

આ સર્વ બ્રહ્મરૂપ કેવી રીતે છે ? આવો પ્રશ્ન થવાથી શ્રુતિ કહે છે - 'तज्जलानिति' તેજ, અપ અને અન્નાદિ ક્રમથી સર્વ જગત તે બ્રહ્મથી ઉત્પન્ન થયું છે, એટલા માટે આ 'तज्ज' છે તથા તે જ જનનક્રમના વિપરીત ક્રમથી તે બ્રહ્મમાં જ લીન થાય છે અર્થાત્ તાદાત્મ્ય રૂપે તેમાં મળી જાય છે, એટલા માટે 'तल्ल' છે અને પોતાની સ્થિતિના સમયે તેનામાં અનન-પ્રાણન એટલે ચેષ્ટા કરે છે, એટલા માટે 'तदन' છે. આવી રીતે બ્રહ્માત્મરૂપે તે ત્રણે કાળમાં સમાન રહે છે, કારણ કે તેનું તે(બ્રહ્મ)ના વિના ગ્રહણ કરવામાં આવતું નથી, એટલે તે(બ્રહ્મ) જ આ સર્વ જગત છે, જેવી રીતે આ જગત **'તે એકમાત્ર અદ્વિતીય બ્રહ્મ જ છે'** તેનું આપણે છઠ્ઠા અધ્યાયમાં વિસ્તારપૂર્વક નિરૂપણ કરીશું.

કારણ કે આ સર્વ બ્રહ્મ છે, એટલે શાંત એટલે રાગ-દ્વેષથી રહિત - સંયતેન્દ્રિય થઈને તે જે સર્વ બ્રહ્મ છે તેની આગળ કહેવામાં આવનારા ગુણો દ્વારા ઉપાસના કરો.

તેની કેવી રીતે ઉપાસના કરવી જોઈએ ? (તો બતાવે છે -) ક્રતુ કરો - 'ક્રતુ' નિશ્ચય એટલે અધ્યવસાયને કહે છે અર્થાત્ આ આવું જ છે, આનાથી અન્ય પ્રકારનું નથી. આવી જે અવિચળ પ્રતીતિ છે તે જ ક્રતુ છે, તે ક્રતુને કરો - આવી રીતે તેનું વ્યવધાન યુક્ત 'उपासीत' આ ક્રિયાથી સંબંધ છે. પરંતુ તે ક્રતુના કરવાથી કયું પ્રયોજન સિદ્ધ કરવું છે ? અથવા કેવી રીતે તે ક્રતુ કરવો જોઈએ અને તે ક્રતુ કરવો કેવી રીતે અભીષ્ટ અર્થની સિદ્ધિનું સાધન છે ? આ સર્વ વિષયનું પ્રતિપાદન કરવા માટે જ 'अथ' વગેરે આગળનો ગ્રંથ છે.

'अथ खलु' આ પદસમુહ હેતુને માટે છે. કારણ કે પુરુષ એટલે જીવ ક્રતુમય-ક્રતુપ્રાય અર્થાત્ અધ્યવસાયાત્મક છે, એટલા માટે આ લોકમાં જીવતાં રહીને આ પુરુષ યથાક્રતુ - જેવી રીતે ક્રતુવાળો થાય છે અર્થાત્ જેવા પ્રકારે અધ્યવસાયવાળો - જેવા નિશ્ચયવાળો થાય છે, તેવો જ અહીંથી - આપણા દેહથી 'प्रेत्य' - મરીને થાય છે. તાત્પર્ય આ છે કે તે પોતાના નિશ્ચય અનુસાર ફળવાળો થાય છે, શાસ્ત્રથી પણ આ વાત એવી જ જોવામાં આવી છે - **'જે જે ભાવનું સ્મરણ કરતાં - કરતાં અંતમાં શરીર ત્યાગે છે (તે તે ભાવને પ્રાપ્ત થાય છે.)'** (ભ.ગી. ૮-૬) કારણ કે આવી વ્યવસ્થા શાસ્ત્ર પ્રતિપાદિત છે, એટલે આવી રીતે જાણનારા તે પુરુષ ક્રતુ કરે - જેવા પ્રકારના ક્રતુ અમે બતાવીએ છીએ, તેવું જ ક્રતુ કરે. કારણ કે આવી રીતે શાસ્ત્ર પ્રામાણ્યથી નિશ્ચયને અનુરૂપ જ ફળ મળવું સિદ્ધ થાય છે, એટલા માટે તેણે તે નિશ્ચય કરવો જોઈએ. ॥ ૧ ॥

❀

कथम् ? કેવી રીતે નિશ્ચય કરવો જોઈએ —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

मनोमयः प्राणशरीरो भारूपः सत्यसंकल्प आकाशात्मा सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः ॥ २ ॥

(તે બ્રહ્મ) મનોમય, પ્રાણશરીર, પ્રકાશસ્વરૂપ, સત્ય સંકલ્પ, આકાશ શરીર, સર્વકર્મા, સર્વકામ, સર્વગંધ, સર્વરસ આ સંપૂર્ણ જગતને સર્વ બાજુથી વ્યાપ્ત કરનાર, વાક્‌રહિત અને સંભ્રમશૂન્ય છે ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- मनोमयो मनःप्रायः, मनुतेऽनेनेति मनस्तत्स्ववृत्त्या विषयेषु प्रवृत्तं भवति, तेन मनसा तन्मयः, तथा प्रवृत्त इव तत्प्रायो निवृत्त इव च । अत एव प्राणशरीरः प्राणो लिङ्गात्मा विज्ञानक्रियाशक्तिद्वयसंमूर्छितः, **'यो वै प्राणः सा प्रज्ञा या वा प्रज्ञा स प्राणः'** (कौ.उप. ३-३) इति श्रुतेः । स शरीरं यस्य स प्राणशरीरः, **'मनोमयः प्राणशरीरनेता'** (मु.उप. २-२-७) इति च श्रुत्यन्तरात् । ★ भारूपः, भा दीप्तिश्चैतन्यलक्षणं रूपं यस्य स भारूपः । सत्यसंकल्पः, सत्या अवितथाः संकल्पा यस्य सोऽयं सत्यसंकल्पः । न यथा संसारिण इवानैकान्तिकफलः संकल्प ईश्वरस्येत्यर्थः । अनृतेन मिथ्याफलत्वहेतुना प्रत्यूढत्वात्संकल्पस्य मिथ्याफलत्वम् । वक्ष्यति–**'अनृतेन हि प्रत्यूढाः'** इति । ★ आकाशात्मा, आकाश इवात्मा स्वरूपं यस्य स आकाशात्मा । सर्वगतत्वं सूक्ष्मत्वं रूपादिहीनत्वं चाकाशतुल्यतेश्वरस्य । सर्वकर्मा, सर्वं विश्वं तेनेश्वरेण क्रियत इति जगत्सर्वं कर्मास्य स सर्वकर्मा, **'स हि सर्वस्य कर्ता'** (बृ.उप. ४-४-१३) इति श्रुतेः । सर्वकामः सर्वे कामा दोषरहिता अस्येति सर्वकामः, **'धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि'** (भ.गी. ७-११) इति स्मृतेः । ★ ननु कामोऽस्मीति वचनादिह बहुव्रीहिर्न संभवति सर्वकाम इति । ★ न, कामस्य कर्तव्यत्वाच्छब्दादिवत्पारार्थ्यप्रसङ्गाच्च देवस्य । तस्माद्यथेह सर्वकाम इति बहुव्रीहिस्तथा कामोऽस्मीति स्मृत्यर्थो वाच्यः । ★ सर्वगन्धः, सर्वे गन्धाः सुखकरा अस्य सोऽयं सर्वगन्धः । **'पुण्यो गन्धः पृथिव्याम्'** (भ.गी. ७-९) इति स्मृतेः । तथा रसा अपि विज्ञेया अपुण्यगन्धरसग्रहणस्य पाप्मसम्बन्धनिमित्तत्वश्रवणात् । **'तस्मात्तेनोभयं जिघ्रति सुरभि च दुर्गन्धि च । पाप्मना ह्येष विद्धः'** (छा.उप. १-२-२) इति श्रुतेः । न च पाप्मसंसर्ग ईश्वरस्य, अविद्यादिदोषस्यानुपपत्तेः । ★ सर्वमिदं जगदभ्यात्तोऽभिव्याप्तः । अततेर्व्याप्त्यर्थस्य कर्तरि निष्ठा । तथावाकी, उच्यतेऽनयेति वाक्, वागेव वाकः । यद्वा वचेर्घञन्तस्य करणे वाकः । स यस्य विद्यते स वाकी न वाकी अवाकी । वाक्यप्रतिषेधश्चात्रोपलक्षणार्थः । गन्धरसादिश्रवणादीश्वरस्य प्राप्तानि घ्राणादीनि करणानि गन्धादिग्रहणाय । अतो वाक्प्रतिषेधेन प्रतिषिध्यन्ते तानि । **'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स श्रृणोत्यकर्णः'** (श्वे.उप. ३-१९) इत्यादिमन्त्रवर्णात् । ★ अनादरोऽसंभ्रमः । अप्राप्तप्राप्तौ हि संभ्रमः स्यादनाप्तकामस्य । न त्वाप्तकामत्वान्नित्यतृप्तस्येश्वरस्य संभ्रमोऽस्ति क्वचित् ॥ २ ॥

શાંકરભાષ્ય :- મનોમય - મનઃપ્રાય, જેના દ્વારા જીવ મનન કરે છે તેને મન કહે છે, આ પોતાની વૃત્તિ દ્વારા વિષયોમાં પ્રવૃત્ત થયા કરે છે. તે મનના કારણે તે મનોમય છે, એટલે પુરુષ મનઃપ્રાય થઈને મન પ્રવૃત્ત થતાં પ્રવૃત્ત જેવો થાય છે અને (મન) નિવૃત્ત થવાથી નિવૃત્ત જેવો જ થઈ જાય છે. એટલા માટે તે પ્રાણ શરીર છે, **'જે પ્રાણ છે તે જ પ્રજ્ઞા છે અને જે પ્રજ્ઞા છે તે પ્રાણ છે'** (કૌ.ઉ. ૩-૩) આ શ્રુતિ અનુસાર વિજ્ઞાન અને ક્રિયા આ બે શક્તિઓથી મળીને બનેલું લિંગશરીર જ પ્રાણ છે, તે પ્રાણ જેનું શરીર છે તેને પ્રાણ શરીર કહે છે, જેમ કે **'આત્મા મનોમય અને પ્રાણરૂપ શરીરને (અન્ય દેહમાં) લઈ જનારા છે.'** (મુ.ઉ. ૨-૨-૭) આ અન્ય શ્રુતિથી સિદ્ધ થાય છે.

ભારૂપ - ભા - દીપ્તિ અર્થાત્ ચૈતન્ય જ જેનું રૂપ છે તેને ભારૂપ કહે છે. સત્ય સંકલ્પ - જેના સંકલ્પ સત્ય એટલે અમિથ્યા છે તે આ બ્રહ્મ સત્યસંકલ્પ છે. તાત્પર્ય આ છે કે સંસારી પુરુષ સમાન ઈશ્વરનો સંકલ્પ અનૈકાન્તિક (કદી થાય, કદી ન થાય એવા) ફળવાળા નથી. સંસારી જીવનો સંકલ્પ અનૃત અર્થાત્ મિથ્યા ફળરૂપ હેતુથી પ્રત્યૂઢવૃદ્ધિને પ્રાપ્ત થવાને કારણે મિથ્યા ફલવાળા થાય છે. **'તે અનૃતથી પ્રત્યૂઢ છે'** આવું આગળ વધીને શ્રુતિ કહેશે પણ.

આકાશાત્મા - જેનો આત્મા એટલે સ્વરૂપ આકાશ સમાન થાય તેને 'આકાશાત્મા' કહે છે. સર્વત્ર વ્યાપક, સૂક્ષ્મ તથા રૂપ વગેરેથી રહિત હોવું એ ઈશ્વરનું આકાશ સમાન થવું છે. સર્વકર્મા - તે ઈશ્વરના દ્વારા સર્વ એટલે વિશ્વનું નિર્માણ કરવામાં આવે છે - એટલા માટે આ સર્વ જગત તેનું કર્મ છે, એટલે તે ઈશ્વર સર્વકર્મા છે, જેમ કે **'તે જ સર્વનો કર્તા છે'** (બૃ.ઉ. ૪-૪-૧૩) આ શ્રુતિથી સિદ્ધ થાય છે. સર્વકામ - સંપૂર્ણ દોષરહિત કામ તે પરમાત્માના જ છે એટલા માટે તે સર્વકામ છે, જેમ કે **'હું પ્રાણીઓમાં ધર્મથી અવિરુદ્ધ કામ છું'** (ભ.ગી. ૭-૧૧) આ સ્મૃતિથી પ્રમાણિત થાય છે.

પૂર્વપક્ષી :- પરંતુ **'कामोऽस्मि'** (હું કામ છું) આવું વચન હોવાના કારણે 'सर्वकाम' આ પદમાં બહુવ્રીહિ સમાસ થઈ શકે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સિદ્ધાન્તી :- ના, કારણ કે કામનું કાર્યત્વ સ્વીકારવામાં આવ્યું છે. એટલા માટે શબ્દાદિ સમાન ભગવાનની પણ પરાર્થતાનો પ્રસંગ ઉપસ્થિત થશે. એટલે જેવી રીતે અહીં 'सर्वकामः' પદમાં બહુવ્રીહિ સમાસ કરવામાં આવ્યો છે તેવી રીતે 'कामोऽस्मि' આ સ્મૃતિનો અર્થ કરવો જોઈએ.

સર્વગંધ - સર્વ સુખકર ગંધ તેની જ છે એટલા માટે તે 'सर्वगंध' છે, જેમ કે **'પૃથ્વીમાં હું પવિત્ર ગંધ છું'** (ભ.ગી. ૭-૯) આ સ્મૃતિથી સિદ્ધ થાય છે. આવી રીતે પુણ્યરસ પણ તેના જ સમજવા જોઈએ. કારણ કે શ્રુતિએ અપુણ્યગંધ અને રસનું ગ્રહણ તો પાપ સંબંધના નિમિત્તથી બતાવ્યું છે, જેમ કે **'આનાથી તે(ઘ્રાણેન્દ્રિય)ના દ્વારા સુગંધ અને દુર્ગંધ બંનેને જ સૂંઘે છે, કારણ કે આ પાપથી વિદ્ધ છે.'** (છા.ઉપ. ૧-૨-૨) આ શ્રુતિ દ્વારા પ્રમાણિત થાય છે. પરંતુ ઈશ્વરનો પાપથી સંસર્ગ નથી, કારણ કે તેમાં અવિદ્યાદિ દોષ હોવા સંભવ નથી.

આ સંપૂર્ણ જગત તેનાથી સર્વત્ર વ્યાપ્ત કરવામાં આવ્યું છે. વ્યાપ્તિ અર્થવાળા 'अत्' ધાતુથી કર્તા અર્થમાં નિષ્ઠા (क्त) પ્રત્યય થવાથી 'आत्तः' પદ સિદ્ધ થાય છે. આવી રીતે તે અવાકી પણ છે, જેના દ્વારા બોલવામાં આવે છે તેને 'वाक्' કહે છે, 'वाक्' જ 'वाक' છે. અથવા 'वच्' ધાતુથી કરણ અર્થમાં 'घञ्' પ્રત્યય કરવાથી 'वाक' શબ્દ નિષ્પન્ન થાય છે. તે (वाक) જેનામાં હોય તેને 'वाकी' કહે છે, જે વાકી ન હોય તે જ 'अवाकी' કહેવાય છે. અહીં જે વાક્નો પ્રતિષેધ કરવામાં આવ્યો છે તે અન્ય ઈન્દ્રિયોનું પણ ઉપલક્ષણ કરવાને માટે છે. શ્રુતિમાં ગંધ અને રસાદિનો પ્રસંગ થવાથી તે ગંધાદિનું ગ્રહણ કરવાને માટે ઈશ્વરની ઘ્રાણાદિ ઈન્દ્રિયો હોવી સિદ્ધ થાય છે, એટલે વાક્ના પ્રતિષેધ દ્વારા તે સર્વનો પણ પ્રતિષેધ કરવામાં આવ્યો છે, જેમ કે **'હાથ-પગ વિનાનો જ તે વેગવાન અને ગ્રહણ કરનારો છે અને નેત્ર વિનાનો થઈને પણ જુવે અને કર્ણ વિનાનો થઈને પણ સાંભળે છે.'** (શ્વે.ઉપ. ૩-૧૯) વગેરે મંત્ર વર્ણથી સિદ્ધ થાય છે.

અનાદર અર્થાત્ અસંભ્રમ (આગ્રહ રહિત) છે. જે આપ્તકામ નથી તેને જ અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિના માટે આગ્રહ થઈ શકે છે. આપ્તકામ હોવાને કારણે નિત્યતૃપ્ત ઈશ્વરમાં ક્યાંય પણ સંભ્રમ નથી. ॥ ૨ ॥

❀

एष म आत्मान्तर्हृदयेऽणीयान्व्रीहेर्वा यवाद्वा सर्षपाद्वा श्यामाकाद्वा श्यामाकतण्डुलाद्वैष म आत्मान्तर्हृदये ज्यायान्पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान्दिवो ज्यायानेभ्यो लोकेभ्यः ॥ ३ ॥

હૃદય કમળની અંદર આ મારો આત્મા, ધાનથી, યવથી, સરસવથી, શ્યામાકથી અથવા શ્યામાકતંડુલથી પણ સૂક્ષ્મ છે તથા હૃદયકમળની અંદર આ મારો આત્મા પૃથ્વી, અંતરિક્ષ, દ્યુલોક અથવા આ સર્વ લોકોની અપેક્ષાથી પણ મોટો છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एष यथोक्तगुणो मे ममात्मान्तर्हृदये हृदयपुण्डरीकस्यान्तर्मध्येऽणीयानणुतरो व्रीहेर्वायवाद्वेत्याद्यत्यन्तसूक्ष्मत्व-प्रदर्शनार्थम् । श्यामाकाद्वा श्यामाकतण्डुलाद्वेति परिच्छिन्नपरिमाणादणीयानित्युक्तेऽणुपरिमाणत्वं प्राप्तमाशङ्क्य अतस्तत्प्रतिषेधायारभते— एष म आत्मान्तर्हृदये ज्यायान्पृशिव्या इत्यादिना । ज्यायःपरिमाणाच्च ज्यायस्त्वं दर्शयन्ननन्तपरिमाणत्वं दर्शयति मनोमय इत्यादिना ज्यायानेभ्यो लोकेभ्य इत्यन्तेन ॥ ३ ॥

શાંકરભાષ્ય :- આ ઉપર્યુક્ત ગુણ વિશિષ્ટ મારો આત્મા અંતર્હૃદય - હૃદયકમળની અંતઃ- અંદર વ્રીહિ(ધાન)થી, અથવા યવાદિથી પણ અણીયાન્ - સૂક્ષ્મતર છે, આ કથન આત્માની અત્યંત સૂક્ષ્મતા પ્રદર્શિત કરવાને માટે છે. તે શ્યામાક અને શ્યામાકતંડુલથી પણ સૂક્ષ્મ છે - આવી રીતે પરિચ્છિન્ન પરિમાણથી સૂક્ષ્મ બતાવવાથી તેનું અણુપરિમાણત્વ પ્રાપ્ત થાય છે - આવી આશંકા કરીને હવે તેનો પ્રતિષેધ કરવાને માટે 'एष म आत्मा ज्यायान्पृथिव्याः' વગેરે વાક્યથી શ્રુતિ આરંભ કરે છે. આવી રીતે સ્થૂલતર પદાર્થોની અપેક્ષાએ પણ તેની મહત્તા પ્રદર્શિત કરીને શ્રુતિ 'मनोमयः' અહીંથી લઈને 'ज्याया तेभ्यो लोकेभ्यः' અહીં સુધીના ગ્રંથ દ્વારા તેનું અનંત પરિમાણત્વ પ્રદર્શિત કરે છે. ॥ ૩ ॥

❀

सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादर एष म आत्मान्तर्हृदय एतद्ब्रह्मैतमितः प्रेत्याभिसंभवितास्मीति यस्य स्यादद्धा न विचिकित्सास्तीति ह स्माह शाण्डिल्यः शाण्डिल्यः ॥ ४ ॥

જે સર્વકર્મા, સર્વકામ, સર્વગંધ, સર્વરસ આ સર્વને બધી બાજુએથી વ્યાપ્ત કરનારા, વાક્રહિત અને સંભ્રમશૂન્ય છે તે મારો આત્મા હૃદય કમળના મધ્યમાં રહેલ છે. આ જ બ્રહ્મ છે. આ શરીરમાંથી મરીને જવાથી હું આને પ્રાપ્ત થઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

આવો જેનો નિશ્ચય છે અને જેને આ વિષયમાં કોઈ સંદેહ પણ નથી (તેને ઈશ્વરભાવની જ પ્રાપ્તિ થાય છે) આવું શાંડિલ્યે કહ્યું છે, શાંડિલ્યે કહ્યું છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- यथोक्तगुणलक्षण ईश्वरो ध्येयो न तु तद्गुणविशिष्ट एव । यथा राजपुरुषमानय चित्रगुं वेत्युक्ते न विशेषणस्याप्यानयने व्याप्रियते तद्वदिहापि प्राप्तमतस्तन्निवृत्त्यर्थं सर्वकर्मेत्यादि पुनर्वचनम् । तस्मान्मनोमयत्वादिगुणविशिष्ट एवेश्वरो ध्येयः । ★ अत एव षष्ठसप्तमयोरिव **'तत्त्वमसि'** (छा.उप. ६-८-१६) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ७-२५-२) इति नेह स्वाराज्येऽभिषिञ्चति, एष म आत्मैतद् ब्रह्मैतमितः प्रेत्याभिसंभावितास्मीति लिङ्गात्, न त्वात्मशब्देन प्रत्यगात्मैवोच्यते, ममेति षष्ठ्याः संबन्धार्थप्रत्यायकत्वात्, एतम् अभिसंभवितास्मीति च कर्मकर्तृत्वनिर्देशात् । ★ ननु षष्ठेऽप्यथ संपत्स्य इति सत्संपत्तेः कालान्तरितत्वं दर्शयति । न, आरब्धसंस्कारशेषस्थित्यर्थपरत्वात्, न कालान्तरितार्थता, अन्यथा तत्त्वमसीत्येतस्यार्थस्य बाधप्रसङ्गात् । यद्यप्यात्मशब्दस्य प्रत्यगर्थत्वं **सर्वं खल्विदं ब्रह्मेति** च प्रकृतम्, एष म आत्मान्तर्हृदय एतद्ब्रह्मेत्युच्यते, **तथाप्यन्तर्धानमीषदपिरत्यज्यैवैतमात्मानमितोऽस्माच्छरीरात्प्रेत्याभिसंभवितास्मी**त्युक्तम् । ★ यथाक्रतुरूपस्यात्मनः प्रतिपत्तास्मीति यस्यैवंविदः स्याद्भवेदद्धा सत्यमेवं स्यामहं प्रेत्यैवं न स्यामिति न च विचिकित्सास्ति, इत्येतस्मिन्नर्थे क्रतुफलसंबन्धे, स तथैवेश्वरभावं प्रतिपद्यते विद्वानित्येतदाह स्मोक्तवान्किल शाण्डिल्यो नामर्षिः । द्विरभ्यास आदरार्थः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- પૂર્વોક્ત ગુણોથી લક્ષિત થનારા ઈશ્વરનું જ ધ્યાન કરવું જોઈએ, તે ગુણોથી યુક્તનું નહીં, જેવી રીતે 'રાજપુરુષને અથવા ચિત્રગુને લાવો' આવું કહેવામાં આવતાં તેનાં વિશેષણ (રાજા અથવા ચિત્ર-વિચિત્ર ગાય)ને લાવવાની ચેષ્ટા કરવામાં આવતી નથી તેવી રીતે અહીં પણ નિર્ગુણ બ્રહ્મ જ (ઉપાસ્યરૂપે) પ્રાપ્ત થતું હતું. એટલે તેની નિવૃત્તિને માટે 'સર્વકર્મા' વગેરે વિશેષણોને ફરીથી કહેવામાં આવ્યા છે. એટલા માટે મનોમયત્વાદિ ગુણોથી યુક્ત ઈશ્વરનું જ ધ્યાન કરવું જોઈએ.

આ જ છઠ્ઠા અને સાતમા અધ્યાયોમાં શ્રુતિએ જેવી રીતે 'તત્ત્વમસિ' (**તું તે છે**) (છાં.ઉ. ૬-૮-૧૬) અને 'આત્મૈવેદં સર્વમ્' (**આ સર્વ આત્મા જ છે**) (છાં.ઉ. ૭-૨૫-૨) આ વાક્યો દ્વારા સાધકને સ્વારાજ્ય ઉપર અભિષિક્ત કર્યો છે તેવી રીતે તે અહીં કરતી નથી, 'આ મારો આત્મા છે' 'આ બ્રહ્મ છે, હું અહીંથી મરીને જવાથી આને પ્રાપ્ત થઈશ' વગેરે વાક્ય આ વિષયમાં કારણ છે. અહીં 'આત્મા' શબ્દથી પ્રત્યગાત્માનું જ નિરુપણ કરવામાં આવતું નથી, કારણ કે 'મમ' આ ષષ્ઠી તેના સંબંધાર્થની પ્રતીતિ કરાવનારી છે. તથા 'હું આને પ્રાપ્ત થઈશ' આ શબ્દો દ્વારા બ્રહ્મ અને આત્માના કર્મત્વ અને કર્તૃત્વનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

પૂર્વપક્ષી :- પરંતુ છઠ્ઠા અધ્યાયમાં પણ 'અથ સંપત્સ્યે' (દેહત્યાગના પછી સત્સ્વરૂપ થઈ જઈશ) આ વચનની શ્રુતિએ સત્સ્વરૂપ થવામાં કાળનું વ્યવધાન તો બતાવ્યું જ છે.

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે આ વચન પ્રારબ્ધ કર્મજનિત સંસ્કારોની સમાપ્તિ પર્યંત જીવની સ્થિતિ બતાવવાને માટે છે, આનું તાત્પર્ય કાળનું વ્યવધાન પ્રદર્શિત કરવામાં નથી, નહીં તો 'તું તે છે' આ વાક્યના અર્થનો બાધ થવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. જોકે અહીં 'આત્મા શબ્દ પ્રત્યગામાનો બોધક છે અને **'આ સર્વ ચોક્કસ બ્રહ્મ જ છે'** આ વાક્યથી બ્રહ્મનું પણ પ્રકરણ છે અને **'આ મારો આત્મા હૃદયની અંદર છે'** આવું પણ કહેવામાં આવ્યું છે, તો પણ **'થોડું પણ વ્યવધાન છોડીને હું મરીને આ શરીરથી જઈને આ આત્માને પ્રાપ્ત થઈશ'** આવો સાધકનો નિશ્ચય બતાવવામાં આવ્યો છે.

આવી રીતે જાણનારા જે વિદ્વાનને 'હું મારા નિશ્ચય અનુરૂપ સગુણ પરમાત્માને પ્રાપ્ત થનાર છું, હું અવશ્ય એવો જ થઈ જઈશ' આવો નિશ્ચય છે, અને જેને 'હું એવો થઈશ નહીં' આવી પોતાના ફળના સંબંધમાં શંકા નથી, તે વિદ્વાન તેવી રીતે ઈશ્વર ભાવને પ્રાપ્ત થઈ જાય છે - આવું શાંડિલ્ય નામના ઋષિએ કહ્યું છે. 'शाण्डिल्यः शाण्डिल्यः' આ દ્વિરુક્તિ આદરને માટે છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयायाये चतुर्दशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १४ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના ચૌદમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चदशः खण्डः

शाङ्करभाष्यम् :- 'अस्य कुले वीरो जायते' (छा.उप. ३-१३-६) इत्युक्तम् । न वीरजन्ममात्रं पितुस्त्राणाय, **'तस्मात्पुत्रमनुशिष्टं लोक्यमाहुः'** इति श्रुत्यन्तरात् । अतस्तद्दीर्घायुष्ट्वं कथं स्यादित्येवमर्थं कोशविज्ञानारम्भः । अभ्यर्हितविज्ञानव्यासङ्गादनन्तरमेव नोक्तं तदिदानीमेवारभ्यते–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- 'આના કુળમાં વીર પુત્ર થાય છે' - (છા.ઉપ. ૩-૧૩-૬ માં) આવું કહેવામાં આવ્યું છે. પરંતુ વીર પુત્રનો જન્મ માત્ર જ પિતાની રક્ષાનું કારણ થઈ શકતું નથી, જેમ કે 'એટલે અનુશાસિત પુત્રને (બ્રાહ્મણ લોક) લોક્ય (પુણ્યલોક પ્રાપ્ત કરાવનારા) કહે છે.' આ અન્ય શ્રુતિથી સિદ્ધ થાય છે. એટલે તેને દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે છે - આના માટે કોશવિજ્ઞાનનો આરંભ કરવામાં આવે છે. અભ્યર્હિત ઉપાસનાના પ્રતિપાદનમાં સંલગ્ન રહેવાને કારણે 'वीरो जायते' આ શ્રુતિ પછી જ આનું વર્ણન કર્યું નથી, એટલા માટે હવે આરંભ કરવામાં આવે છે –

अन्तरिक्षोदरः कोशो भूमिबुध्नो न जीर्यति दिशो ह्यस्य स्रक्तयो द्यौरस्योत्तरं बिलꣳस एष कोशो वसुधानस्तस्मिन्विश्वमिदꣳश्रितम् ॥ १ ॥

અંતરિક્ષ જેનું ઉદર છે તે કોશ પૃથ્વીરૂપ મૂળવાળો છે. તે જીર્ણ થતો નથી. દિશાઓ આનો કોણ (ખૂણો) છે, આકાશ ઉપરનું છિદ્ર છે તે આ કોશ વસુધાન છે. તેનામાં આ આખું વિશ્વ રહેલું છે. ॥ ૧ ॥

શાઙ્કરભાષ્યમ્ :- अन्तरिक्षमुदरमन्तःसुषिरं यस्य सोऽयमन्तरिक्षोदरः, कोशः कोश इवानेकधर्मसादृश्यात्कोशः स च भूमिबुध्नः, भूमिर्बुध्नो मूलं यस्य स भूमिबुध्नः, न जीर्यति न विनश्यति, त्रैलोक्यात्मकत्वात् । सहस्रयुगकालावस्थायी हि सः । ★ दिशो ह्यस्य सर्वाः स्रक्तयः कोणाः । द्यौरस्य कोशस्योत्तरमूर्ध्वं बिलम्, स एष यथोक्तगुणः कोशो वसुधानः, वसु धीयतेऽस्मिन्प्राणिनां कर्मफलाख्यमतो वसुधानः । तस्मिन्नन्तर्विश्वं समस्तं प्राणिकर्मफलं सह तत्साधनैरिदं यद्गृह्यते प्रत्यक्षादि प्रमाणैः श्रितमाश्रितं स्थितमित्यर्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- અંતરિક્ષ ઉદર છે - એટલે છિદ્ર જેનું તે આ અંતરિક્ષોદર કોશ, જે અનેક ધર્મોમાં સાદૃશ્ય રાખવાને કારણે કોશ સમાન કોશ છે, તે ભૂમિબુધ્ન-ભૂમિ છે બુધ્ન-મૂળ જેનું આવું ભૂમિબુધ્ન (પૃથ્વી મૂલક) છે, તે ત્રૈલોક્યરૂપ હોવાને કારણે જીર્ણ થતું નથી અર્થાત્ નાશને પ્રાપ્ત થતું નથી. કારણ કે તે તો સહસ્ર યુગ કાળ પર્યંત રહેનાર છે.

સમસ્ત દિશાઓ જ આની સ્રકિતઓ અર્થાત્ કોણ છે. દ્યુલોક આ કોશનું ઉપરનું છિદ્ર છે. તે આ પૂર્વોક્ત ગુણોવાળો કોશ વસુધાન છે, આમાં પ્રાણીઓના કર્મફળ સંજ્ઞક વસુનું આધાન કરવામાં આવે છે, એટલા માટે આ છે કે તે કોશની અંદર જ પ્રાણીઓના સંપૂર્ણ કર્મફળ જેનું પ્રત્યક્ષાદિ પ્રમાણોથી ગ્રહણ કરવામાં આવે છે તે પોતાના સાધનો સહિત શ્રિત-આશ્રિત અર્થાત્ રહેલ છે. ॥ ૧ ॥

तस्य प्राची दिग्जुहूर्नाम सहमाना नाम दक्षिणा राज्ञी नाम प्रतीची सुभूता नामोदीची तासां वायुर्वत्सः स य एतमेवं वायुं दिशां वत्सं वेद न पुत्ररोदꣳरोदिति सोऽहमेतमेवं वायुं दिशां वत्सं वेद मा पुत्र-रोदꣳरुदम् ॥ २ ॥

તે કોશની પૂર્વ દિશા 'જુહુ' નામવાળી છે, દક્ષિણ દિશા 'સહનામા' નામની છે, પશ્ચિમ દિશા 'રાજ્ઞી' નામવાળી છે, તથા ઉત્તર દિશા 'સુભૂતા' નામની છે. તે દિશાઓનો વાયુ વત્સ છે, તે જે આવી રીતે આ વાયુને દિશાઓના વત્સરૂપે જાણે છે પુત્રના નિમિત્તથી રોદન કરતો નથી. તે હું આવી રીતે આ વાયુને દિશાઓના વત્સરૂપે જાણું છું. એટલે હું પુત્રના કારણે રડું નહીં. ॥ ૨ ॥

શાઙ્કરભાષ્યમ્ :- तस्यास्य प्राची दिक्प्राग्गतो भागो जुहूर्नाम जुह्वत्यस्यां दिशि कर्मिणः प्राङ्मुखाः सन्त इति जुहूर्नाम । सहमाना नाम सहन्तेऽस्यां पापकर्मफलानि यमपुर्यां प्राणिन इति सहमाना नाम दक्षिणा दिक् । तथा राज्ञी नाम प्रतीची पश्चिमा दिक्, राज्ञी राज्ञा वरुणेनाधिष्ठिता संध्यारागयोगाद्वा । सुभूता नाम भूतिमद्भिरीश्वरकुबेरादिभिरधिष्ठितत्वात्सुभूता नामोदीची । ★ तासां दिशां वायुर्वत्सो दिग्जत्वाद्वायोः, पुरोवात इत्यादिदर्शनात् । यः कश्चित्पुत्रदीर्घजीवितार्थ्येवं यथोक्तगुणं वायुं दिशां वत्सममृतं वेद, स न पुत्ररोदं पुत्रनिमित्तं रोदनं न रोदिति पुत्रो न म्रियत इत्यर्थः । यत एवं विशिष्टं कोशदिग्वत्सविषयं विज्ञानमतः सोऽहं पुत्रजीवितार्थ्येवमेतं वायुं दिशां वत्सं वेद जाने । अतो मा पुत्ररोदं मा रुदं पुत्रमरणनिमित्तम् । पुत्ररोदो मम माभूदित्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આ કોશની પ્રાચી દિશા - પૂર્વની બાજુનો ભાગ, 'જુહુ' નામવાળા છે. કર્મઠ લોક આ દિશામાં પૂર્વાભિમુખ થઈને હવન કરે છે એટલા માટે આ 'જુહુ' નામવાળી છે. દક્ષિણ દિશા 'સહનામા' નામની છે. કારણ કે આ દિશામાં જીવ યમપુરીમાં પોતાના પાપકર્મોના ફળરૂપ દુઃખને સહન કરે છે, એટલા માટે દક્ષિણ દિશા 'સહનામા' નામવાળી છે. અને પ્રતીચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

એટલે પશ્ચિમ દિશા 'રાજ્ઞી' નામની છે, વરુણ રાજાથી અધિષ્ઠિત હોવાને કારણે અથવા સાયંકાલિક રાગ(લાલીમા)ના યોગથી પશ્ચિમ દિશા 'રાજ્ઞી' છે. ઉત્તર દિશા 'સુભૂતા' નામવાળી છે. ઈશ્વર, કુબેર વગેરે ભૂતિ સંપન્ન દેવોથી અધિષ્ઠિત હોવાને કારણે ઉત્તર દિશા 'સુભૂતા' નામવાળી છે.

તે દિશાઓનો વાયુ વત્સ છે, કારણ કે વાયુ દિશાથી જ ઉત્પન્ન થનાર છે. જેમ કે પૂર્વીય વાયુ વગેરે પ્રયોગોથી જોવામાં આવે છે. તે કોઈ પણ પુરુષ, જો કે પુત્રના દીર્ઘજીવનની કામનાવાળા છે, જો આવી રીતે પૂર્વોક્ત ગુણવાળા દિશાઓના વત્સ અમૃતરૂપ વાયુને જાણે છે તે પુત્રરોદ-પુત્ર નિમિત્તક રૂદન કરતાં નથી. અર્થાત્ તેનો પુત્ર મરતો નથી. કારણ કે કોશ અને દિશાઓના વત્સ સાથે સંબંધ રાખનારું વિજ્ઞાન આવા ગુણવાળું છે એટલે પોતાના પુત્રના જીવનની કામનાવાળો હું દિશાઓના વત્સરૂપ આ વાયુને આવી રીતે જાણું છું, એટલા માટે પુત્રરોદ - પુત્રના મરણથી થનારું રૂદન કરું નહીં અર્થાત્ મને પુત્રને માટે રોવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહીં. ॥ ૨ ॥

अरिष्टं कोशं प्रपद्येऽमुनामुनामुना प्राणं प्रपद्येऽमुनामुनामुना भूः प्रपद्येऽमुनामुनामुना भुवः प्रपद्येऽमुनामुनामुना स्वः प्रपद्येऽमुनामुनामुना ॥ ३ ॥

હું અમુક અમુક અમુક સહિત અવિનાશી કોશની શરણે છું, અમુક અમુક અમુક સહિત પ્રાણના શરણે છું, અમુક અમુક અમુક સહિત ભૂઃની શરણે છું, અમુક અમુક અમુક સહિત ભુવઃની શરણે છું, અમુક અમુક અમુક સહિત સ્વઃની શરણે છું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अरिष्टनविनाशिनं कोशं यथोक्तं प्रपद्ये प्रपन्नोऽस्मि पुत्रायुषे । अमुनामुनामुनेति त्रिर्नाम गृह्णाति पुत्रस्य । तथा प्राणं प्रपद्येऽमुनामुनामुना, भूःप्रपद्येऽमुनामुनामुना, भुवःप्रपद्येऽमुनामुनामुना, स्वः प्रपद्येऽमुनामुनामुना, सर्वत्र प्रपद्य इति त्रिर्नाम गृह्णाति पुनः पुनः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- પુત્રના દીર્ઘાયુના માટે હું પૂર્વોક્ત અરિષ્ટ-અવિનાશી કોશના શરણે છું. 'અમુના અમુના અમુના' આનું આ તાત્પર્ય છે કે ત્રણ ત્રણ વાર પોતાના પુત્રનું નામ લે છે અને અમુક અમુક અમુક સહિત પ્રાણના શરણે છું, અમુક અમુક અમુક સહિત ભૂઃની શરણે છું, અમુક અમુક અમુક સહિત ભુવઃની શરણે છું અને અમુક અમુક અમુક સ્વઃની શરણે છું. સર્વત્ર 'અમુક અમુક અમુક સહિત શરણે છું' એમ કહીને વારંવાર ત્રણ-ત્રણ વાર પુત્રનું નામ લે છે. ॥ ૩ ॥

स यदवोचं प्राणं प्रपद्य इति प्राणो वा इदꣳ सर्वं भूतं यदिदं किञ्च तमेव तत्प्रापत्सि ॥ ४ ॥ अथ यदवोचं भूः प्रपद्य इति पृथिवीं प्रपद्येऽन्तरिक्षं प्रपद्ये दिवं प्रपद्य इत्येव तदवोचम् ॥ ५ ॥ अथ यदवोचं भुवः प्रपद्य इत्यग्निं प्रपद्ये वायुं प्रपद्य आदित्यं प्रपद्य इत्येव तदवोचम् ॥ ६ ॥ अथ यदवोच स्वः प्रपद्य इत्यृग्वेदं प्रपद्ये यजुर्वेदं प्रपद्ये सामवेदं प्रपद्य इत्येव तदवोचं तदवोचम् ॥ ७ ॥

તે મેં જે કહ્યું કે 'હું પ્રાણના શરણે છું' નો આ જે કંઈ સંપૂર્ણ ભૂત સમુદાય છે તે પ્રાણ જ છે, તેની હું શરણે છું. ॥ ૪ ॥

મેં જે કહ્યું કે 'હું ભુઃની શરણે છું' આનાથી મેં આ જ કહ્યું છે કે 'હું પૃથ્વીની શરણે છું, અંતરિક્ષની શરણે છું અને દ્યુલોકની શરણે છું' ॥ ૫ ॥

પછી મેં જે કહ્યું કે 'હું ભુવઃની શરણે છું આનાથી આ કહેવામાં આવ્યું છે કે 'હું અગ્નિ શરણે છું, વાયુ શરણે છું, અને આદિત્ય શરણે છું' ॥ ૬ ॥ અને મેં જો કહ્યું કે 'હું સ્વઃની શરણે છું, આનાથી 'હું ઋગ્વેદની શરણે છું, યજુર્વેદની શરણે છું અને સામવેદની શરણે છું' આ જ મેં કહ્યું છે, આ જ મેં કહ્યું છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- स यदवोचं प्राणं प्रपद्य इति व्याख्यानार्थमुपन्यासः । प्राणो वा इद सर्वं भूतं यदिदं जगत् । **'यथा वारा नाभौ'** (छा.उप. ७-१५-१) इति वक्ष्यति । अतस्तमेव सर्वं तत्तेन प्राणप्रतिपादनेन प्रापत्सि प्रपन्नोऽभूवम् । तथा भूः प्रपद्य इति त्रींल्लोकान् भूरादीन्प्रपद्य इति तदवोचम् । अथ यदवोचं भुवः प्रपद्य इत्यग्न्यादीन्प्रपद्य इति तदवोचम् । अथ यदवोचं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स्वः प्रपद्य इत्यृग्वेदादीन्प्रपद्य इत्येव तदवोचमिति । उपरिष्टान्मन्त्राञ्जपेत्ततः पूर्वोक्तमजरं कोशं संदिग्वत्सं यथावद्ध्यात्वा । द्विर्वचनमादरार्थम् ॥ ४-७ ॥

શાંકરભાષ્ય :- 'તે મેં જે કહ્યું કે હું પ્રાણ શરણે છું' આની વ્યાખ્યા કરવાને માટે વિસ્તાર કરવામાં આવે છે. આ જેટલું પણ જગત છે સર્વ પ્રાણ જ છે, **'જેમ કે નાભિમાં આરા લાગેલા હોય છે (તેવી રીતે પ્રાણમાં સંપૂર્ણ ભૂત સમર્પિત છે.)'** (છાં.ઉ. ૭-૧૫-૧) આવું આગળ કહીશું પણ. એટલે તે પ્રાણની પ્રતિપત્તિ (શરણાગતિ) દ્વારા હું તે સર્વભૂત(વિરાટ્)ની જ શરણે છું. મેં જે આ કહ્યું કે 'હું ભુઃની શરણે છું' તેનાથી આ જ કહેવામાં આવ્યું કે હું પૃથ્વી વગેરે ત્રણ લોકોના શરણે છું, તથા મેં જે કહ્યું કે 'હું ભુવઃની શરણે છું' તેનાથી આ જ કહેવામાં આવ્યું છે કે 'હું અગ્નિ વગેરેની શરણે છું, અને એવું જે કહ્યું છે કે 'હું સ્વઃની શરણે છું' આનાથી આ જ કહેવામાં આવ્યું છે કે હું ઋગ્વેદાદિના શરણે છું.' તે પછી ઉપર્યુક્ત અજર કોશના દિશાઓના વત્સ સહિત વિધિપૂર્વક ધ્યાન કરીને ઉપરના મંત્રો જપો. 'तदवोचं तदवोचं' આ દ્વિરુક્તિ આદર માટે છે.

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये पचदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १५ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના પંદરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षोडशः खण्डः

शाङ्करभाष्यम् :- पुत्रायुष उपासनमुक्तं जपश्च । अथेदानीमात्मनो दीर्घजीवनायेदमुपासनं जपं च विदधदाह । जीवन्हि स्वयं पुत्रादिफलेन युज्यते, नान्यथा । इत्यत आत्मानं यज्ञं संपादयति पुरुषः—

શાંકરભાષ્ય :- પુત્રના આયુષ્ય માટે ઉપાસના અને જપ કહેવામાં આવ્યા. હવે પોતાના દીર્ઘાયુ માટે આ જપ અને ઉપાસનાનું વિધાન કરતાં કરતાં વેદ કહે છે. પુરુષ સ્વયં જીવિત રહેવાથી જ પુત્રાદિ ફળથી યુક્ત થાય છે, અને બીજા કોઈ પ્રકારે નહીં, આનાથી તે પોતાને યજ્ઞરૂપથી નિષ્પન્ન કરે છે –

पुरुषो वाव यज्ञस्तस्य यानि चतुर्विꣳशतिवर्षाणि तत्प्रातः सवनं चतुर्विꣳशत्यक्षरा गायत्री गायत्रं प्रातः सवनं तदस्य वसवोऽन्वायत्ताः प्राणा वाव वसव एते हीदꣳ सर्वं वासयन्ति ॥ १ ॥

નિશ્ચય પુરુષ જ યજ્ઞ છે. તેના (તેના આયુષ્યના) જે ચોવીસ વર્ષ છે, તે પ્રાતઃસવન છે. ગાયત્રી ચોવીસ અક્ષરોવાળી છે, અને પ્રાતઃસવન ગાયત્રી છંદથી જોડાયેલ છે. તે આ પ્રાતઃસવનના વસુગણ અનુગત છે. પ્રાણ જ વસુ છે, કારણ કે આ જ આણે સર્વને વસાવેલા છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- पुरुषो जीवनविशिष्टः कार्यकरणसंघातो यथाप्रसिद्ध एव । वावशब्दोऽवधारणार्थः । पुरुष एव यज्ञ इत्यर्थः । तथा हि सामान्यैः संपादयति यज्ञत्वम् । कथम् ? तस्य पुरुषस्य यानि चतुर्विंशतिवर्षाण्यायुषस्तत्प्रातःसवनं पुरुषाख्यस्य यस्य । ★ केन सामान्येन ? इत्याह—चतुर्विंशत्यक्षरा गायत्री छन्दो गायत्रं गायत्रीछन्दस्कं हि विधियज्ञस्य प्रातःसवनम् । अतः प्रातःसवनसंपन्नेन चतुर्विंशतिवर्षायुषा युक्तः पुरुषः अतो विधियज्ञसादृश्याद्यज्ञः । तथोत्तरयोरप्यायुषोः सवनद्वयसंपत्तिस्त्रिष्टुब्जगत्यक्षरसंख्यासामान्यतो वाच्या । ★ किं च तदस्य पुरुषयज्ञस्य प्रातःसवनं विधियज्ञस्येव वसवो देवा अन्वायत्ता अनुगताः, सवनदेवतात्वेन स्वामिन इत्यर्थः । पुरुषयज्ञेऽपि विधियज्ञ इवाग्न्यादयो वसवो देवाः प्राप्ता इत्यतो विशिनष्टि । प्राणा वाव वसवो वागादयो वायवश्च, ते हि यस्मादिदं पुरुषादिप्राणिजातमेते वासयन्ति । प्राणेषु हि देहे वसत्सु सर्वमिदं वसति, नान्यथा, इत्यतो वसनाद्वासनाच्च वसवः ॥ १ ॥

શાંકરભાષ્ય :- જીવનથી યુક્ત દેહ અને ઈન્દ્રિયોનો સંઘાત, જેમ કે પ્રસિદ્ધ છે તે જ 'પુરુષ' છે. 'वाव' શબ્દ નિશ્ચયાર્થક છે. એટલે તાત્પર્ય આ છે કે પુરુષ જ યજ્ઞ છે. હવે શ્રુતિ સદશતા બતાવીને પુરુષની યજ્ઞરૂપતા સિદ્ધ કરે છે. કેવી રીતે ? (તો બતાવે છે –) તે પુરુષના આયુષ્યના જે ચોવીસ વર્ષ છે, તે તે પુરુષ સંજ્ઞક યજ્ઞનું પ્રાતઃસવન છે.

તે કેવી સમતાના કારણે (પ્રાતઃસવન છે) ? તો કહે છે – ગાયત્રી છંદ ચોવીસ અક્ષરોવાળો છે અને વિધિયજ્ઞનું પ્રાતઃસવન પણ ગાયત્ર - ગાયત્રી છંદવાળું છે. એટલે પુરુષ પ્રાતઃસવન રૂપથી નિષ્પન્ન ચોવીસ વર્ષના આયુષ્યથી યુક્ત છે. આનાથી વિધિયજ્ઞ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સાથે સદશતા હોવાને કારણે તે યજ્ઞ છે. આવી રીતે પાછળની બંને આયુષ્યથી ત્રિષ્ટુપ અને જગતી છંદના અક્ષરોની સંખ્યામાં સમાનતા હોવાના કારણે તેના દ્વારા અન્ય બંને સવનોની નિષ્પત્તિ બતાવવી જોઈએ.

વળી વિધિયજ્ઞ સમાન આ પુરુષયજ્ઞના પ્રાતઃસવનના પણ વસુ દેવ અનુગત છે. તાત્પર્ય આ છે કે સવનદેવરૂપથી તે તેના સ્વામી છે. (આ કથનથી) વિધિયજ્ઞ સમાન પુરુષ યજ્ઞમાં પણ અગ્નિ વગેરે વસુ દેવ નિશ્ચિત થાય છે, એટલે શ્રુતિ તેની વિશેષતા (વિભિન્નતા) બતાવે છે. (પુરુષ યજ્ઞમાં) વાક્ વગેરે ઈન્દ્રિયો અને પ્રાણ વગેરે વાયુ વસુ છે, કારણ કે તે આ પુરુષ વગેરે પ્રાણીસમુદાયને વાસિત કરી રહ્યા છે. દેહમાં પ્રાણોના રહેતાં આ સર્વ વસેલું છે, બીજા કોઈ પ્રકારે નહીં, એટલે (દેહમાં) વસવા અથવા તેને વસાવવાને કારણે પ્રાણ વસુ છે. ॥ ૧ ॥

तं चेदेतस्मिन्वयसि किञ्चिदुपतपेत्स ब्रूयात्प्राणा वसव इदं मे प्रातःसवनं माध्यन्दिनꣳ सवनमनुसंतनुतेति माहं प्राणानां वसूनां मध्ये यज्ञो विलोप्सीयेत्युद्धैव तत एत्यगदो ह भवति ॥ २ ॥

જો આ પ્રાતઃસવન સંપન્ન આયુષ્યમાં તેને કોઈ રોગ વગેરે કષ્ટ પહોંચાડે તો તેને આવી રીતે કહેવું જોઈએ, 'હે પ્રાણરૂપ વસુગણ ! મારા આ પ્રાતઃસવનને માધ્યન્દિન સવનની સાથે એકરૂપ કરી દો, યજ્ઞ સ્વરૂપ હું આપ પ્રાણરૂપ વસુઓના મધ્યમાં વિલુપ્ત (નષ્ટ) ન થાઉં' ત્યારે તે કષ્ટથી મુક્ત થઈને તે નિરોગી થઈ જાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तं चेद्यज्ञसंपादिनमेतस्मिन्प्रातःसवनसंपन्ने वयसि किञ्चिद्व्याध्यादि मरणाशङ्काकारणमुपतपेद् दुःखमुत्पादयेत्स तदा यज्ञसंपादी पुरुष आत्मानं यज्ञं मन्यमानो ब्रूयाज्जपेदित्यर्थ इमं मन्त्रम्– ★ हे प्राणा वसव इदं मे प्रातःसवनं मम यज्ञस्य वर्तते तन्माध्यन्दिनं सवनमनुसंतनुतेति माध्यन्दिनेन सवनेनायुषा सहितमेकीभूतं संततं कुरुतेत्यर्थः । माहं यज्ञो युष्माकं प्राणानां वसूनां प्रातःसवनेशानां मध्ये विलोप्सीय विलुप्येय विच्छिद्येयेत्यर्थः । इतिशब्दो मन्त्रपरिसमाप्त्यर्थः । स तेन जपेन ध्यानेन च ततस्तस्मादुपतापादुदेत्युद्गच्छति । उद्गम्य विमुक्तः सन्नगदो हानुपतापो भवत्येव ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે યજ્ઞસંપાદકને જો પ્રાતઃસવનરૂપથી નિષ્પન્ન થયેલા આ આયુષ્યમાં મરણની શંકાના કારણભૂત કોઈ વ્યાધિ વગેરે કષ્ટ પહોંચાડે તો તે યજ્ઞ સંપાદન કરનારા પુરુષ પોતાને યજ્ઞ માનીને કહે - અર્થાત્ આ મંત્રને જપે.

'હે પ્રાણરૂપ વસુગણ ! આ મારા યજ્ઞના પ્રાતઃસવન વિદ્યમાન છે, આને માધ્યંદિનસવનરૂપે અનુસંતત કરો, અર્થાત્ આને માધ્ય દિનસવનરૂપ મારા આયુષ્યના સાથે એકીભૂત કરી દો. યજ્ઞ સ્વરૂપ હું પ્રાતઃસવનના અધિષ્ઠાતા આપ પ્રાણરૂપ વસુઓના મધ્યમાં વિલુપ્ત અર્થાત્ વિચ્છિન્ન ન થાઉં.' મૂળમાં 'इति' શબ્દ મંત્રની સમાપ્તિને માટે છે. તે જપ અને ધ્યાન દ્વારા તે તે કષ્ટથી છૂટી જાય છે અને તેનાથી છુટીને અગદસંતાપ શૂન્ય જ થઈ જાય છે. ॥ ૨ ॥

अथ यानि चतुश्चत्वारिꣳशद्वर्षाणि तन्माध्यन्दिनꣳ सवनं चतुश्चत्वारिꣳशदक्षरा त्रिष्टुप्त्रैष्टुभं माध्यन्दिनꣳसवनं तदस्य रुद्रा अन्वायत्ताः प्राणा वाव रुद्रा एते हीदꣳ सर्वꣳ रोदयन्ति ॥ ३ ॥ तं चेदेतस्मिन्वयसि किञ्चिदुपतपेत्स ब्रूयात्प्राणा रुद्रा इदं मे माध्यन्दिनꣳ सवनं तृतीयसवनमनुसंतनुतेति माहं प्राणानाꣳ रुद्राणां मध्ये यज्ञो विलोप्सीयेत्युद्धैव तत एत्यगदो ह भवति ॥ ४ ॥

આ પછી જે ચુમ્માલીસ વર્ષ છે, તે માધ્યંદિન સવન છે. ત્રિષ્ટુપ છંદ ચુમ્માલીસ અક્ષરોવાળો છે અને માધ્યંદિન સવન ત્રિષ્ટુપ છંદથી સંબદ્ધ છે. માધ્યંદિન સવનના રુદ્રગણ અનુગત છે. પ્રાણ જ રુદ્ર છે, કારણ કે આ જ આ સંપૂર્ણ પ્રાણીસમુદાયને રડાવે છે. જો તે(યજ્ઞકર્તા)ને આ આયુષ્યમાં કોઈ (રોગાદિ) સંતપ્ત કરે તો તેને આવી રીતે કહેવું જોઈએ, 'હે પ્રાણરૂપ રુદ્રગણ ! મારા આ મધ્યાહ્નકાલિક સવનને તૃતીય સવનની સાથે એકીરૂપ કરી દો. યજ્ઞ સ્વરૂપ હું પ્રાણરૂપ રુદ્રોના મધ્યમાં ક્યારેય વિચ્છિન્ન (નષ્ટ) ન થાઉં' એમ કહેવાથી તે તે કષ્ટથી છુટી જાય છે અને નીરોગી થઈ જાય છે. ॥ ૩-૪ ॥

शाङ्करभाष्यम् :- अथ यानि चतुश्चत्वारिंशद्वर्षाणीत्यादि समानम् । रुदन्ति रोदयन्तीति प्राणा रुद्राः क्रूरा हि ते मध्यमे वयस्यतो रुद्राः ॥ ३-४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- હવે જે ચુમ્માલીસ વર્ષ વગેરે છે તે પહેલાં જેવું જ છે. રડે છે અને રડાવે છે તે રુદ્ર પ્રાણો મધ્યમ વયમાં ક્રૂર છે તેથી રુદ્રો કહેવાય છે. ॥ ૩-૪ ॥

अथ यान्यष्टाचत्वारिꣳशद्वर्षाणि तत्तृतीयसवनमष्टाचत्वारिꣳशदक्षरा जगती जागतं तृतीयसवनं तदस्यादित्या अन्वायत्ताः प्राणा वावादित्या एते हीदꣳ सर्वमाददते ॥ ५ ॥ तं चेदेतस्मिन्वयसि किञ्चिदुपतपेत्स ब्रूयात् प्राणा आदित्या इदं मे तृतीयसवनमायुरनुसंतनुतेति माहं प्राणानामादित्यानां मध्ये यज्ञो विलोप्सीयेत्युद्धैव तत एत्यगदो हैव भवति ॥ ६ ॥

હવે જે અડતાળીસ વર્ષ છે, તે તૃતીય સવન છે. જગતી છંદ અડતાળીસ અક્ષરોવાળો છે તથા તૃતીય સવન જગતી છંદથી સંબંધ રાખે છે. આ સવનના આદિત્યગણ અનુગત છે. પ્રાણ જ આદિત્ય છે, કારણ કે આ સંપૂર્ણ શબ્દાદિ વિષયસમુહને ગ્રહણ કરે છે. તે ઉપાસકને જો આ આયુષ્યમાં કોઈ (રોગાદિ) સંતપ્ત કરે તો તેને આ રીતે કહેવું જોઈએ, 'હે પ્રાણરૂપ આદિત્યગણ ! મારા આ તૃતીય સવનને આયુષ્યની સાથે એકરૂપ કરી દો. યજ્ઞસ્વરૂપ હું પ્રાણરૂપ આદિત્યોના મધ્યમાં વિનષ્ટ ન થાઉં.' એમ કહેવાથી તે તે કષ્ટથી મુક્ત થઈને નીરોગી થઈ જાય છે. ॥ ૫-૬ ॥

शाङ्करभाष्यम् :- तथादित्याः प्राणाः । ते हीदं शब्दादिजातमाददतेऽत आदित्याः । तृतीयसवनमायुः षोडशोत्तरवर्षशतं समापयतानुसंतनुत यज्ञं समापयतेत्यर्थः । समानमन्यत् ॥ ५-६ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે પ્રાણ જ આદિત્ય છે. તે આ શબ્દાદિ વિષય સમૂહનું આદાન (ગ્રહણ) કરે છે, એટલા માટે આદિત્ય છે. (હે પ્રાણરૂપ આદિત્યગણ !) તૃતીય સવનને આયુષ્યરૂપથી અનુસંતત કરો અર્થાત્ એક સો સોળવર્ષ સુધી પૂર્ણ કરો એટલે આ યજ્ઞને સમાપ્ત કરો. બાકી સર્વ પૂર્વવત્ છે. ॥ ૫-૬ ॥

शाङ्करभाष्यम् :- निश्चिता हि विद्या फलायेत्येतद्दर्शयन्नुदाहरति–

શાંકરભાષ્ય :- નિશ્ચિતા વિદ્યા અવશ્ય ફળવતી હોય છે - આ વાતને પ્રદર્શિત કરતાં શ્રુતિ ઉદાહરણ આપે છે –

एतद्ध स्म वै तद्विद्वानाह महिदास ऐतरेयः स किं म एतदुपतपसि योऽहमनेन न प्रेष्यामीति स ह षोडशं वर्षशतमजीवत्प्रह षोडशं वर्षशतं जीवति य एवं वेद ॥ ७ ॥

આ પ્રસિદ્ધ વિદ્યાને જાણનારા ઐતરેય મહિદાસે કહ્યું હતું - '(હે રોગ !) તું મને કેમ કષ્ટ આપે છે, જો કે હું આ રોગદ્વારા મૃત્યુને પ્રાપ્ત થઈ શકતો નથી.' તે એક સો સોળ વર્ષ જીવિત રહ્યા હતા. જે આવી રીતે જાણે છે તે એક સો સોળ વર્ષ જીવિત રહે છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- एतद्यज्ञदर्शनं ह स्म वै किल तद्विद्वानाह महिदासो नामतः, इतराया अपत्यमैतरेयः । किं कस्मान्मे ममैतदुपतपनमुपतपसि स त्वं हे रोग, योऽहं यज्ञोऽनेन त्वत्कृतेनोपतापेन न प्रेष्यामि न मरिष्याम्यतो वृथा तव श्रम इत्यर्थः । इत्येवमाह स्मेति पूर्वेण संबन्धः । स एवंनिश्चयः सन् षोडशं वर्षशतमजीवत् । अन्योऽप्येवंनिश्चयः षोडशं वर्षशतं प्रजीवति य एवं यथोक्तं यज्ञसंपादनं वेद जानाति, स इत्यर्थः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આ પ્રસિદ્ધ યજ્ઞદર્શનને જાણનારા મહિદાસ નામના ઇતરાના પુત્ર ઐતરેયે કહ્યું 'હે રોગ ! તું મને આ સંતાપ કેમ આપે છે ? જો યજ્ઞરૂપ હું તારા આ સંતાપથી મૃત્યુને પ્રાપ્ત થઈશ નહીં - મરીશ નહીં, તાત્પર્ય આ છે કે એટલા માટે તારો આ શ્રમ વૃથા જ છે' - આવી રીતે કહ્યું હતું - આનો પૂર્વ સાથે સંબંધ છે. એવા નિશ્ચયવાળા થઈને તે એક સો સોળ વર્ષ જીવિત રહ્યા. એમ જ નિશ્ચયવાળો બીજો પુરુષ પણ, જે જેવી રીતે પૂર્વોક્ત યજ્ઞ સંપાદનને જાણે છે, એક સો સોળ વર્ષ જીવિત રહે છે. ॥ ૭ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये षोडशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १६ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના સોળમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सप्तदशः खण्डः

स यदशिशिषति यत्पिपासति यन्न रमते ता अस्य दीक्षाः ॥ १ ॥

તે (પુરુષ) જે ભોજન કરવાથી ઇચ્છા કરે છે, જે પીવાની ઇચ્છા કરે છે અને જે રમમાણ (પ્રસન્ન) થતો નથી - તે જ તેની દીક્ષા છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- स यदशिशिषतीत्यादियज्ञसामान्यनिर्देशः पुरुषस्य पूर्वेणैव संबध्यते । यदशिशिषत्यशितुमिच्छति, तथा पिपासति पातुमिच्छति, यन्न रमत इष्टाद्यप्राप्तिनिमित्तम्, यदेवंजातीयकं दुःखमनुभवति ता अस्य दीक्षाः, दुःखसामान्याद्विधियज्ञस्येव ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'તે જે ભોજન કરવાની ઇચ્છા કરે છે' વગેરે પુરુષનાં યજ્ઞથી સાદશ્યનું નિરૂપણ કરતા પૂર્વગ્રંથ સાથે સંબંધ રાખે છે. જે 'अशिशिषति' ખાવાની ઇચ્છા કરે છે, અને 'पिपासति' પીવાની ઇચ્છા કરે છે, અને જે ઇષ્ટ પદાર્થોની અપ્રાપ્તિના કારણે રમમાણ થતો નથી. અર્થાત્ જે આવા પ્રકારના દુઃખનો અનુભવ કરે છે, તે, દુઃખમાં સદશતા હોવાને કારણે વિધિયજ્ઞની દીક્ષા સમાન, આની દીક્ષા છે. ॥ ૧ ॥

अथ यदश्नाति यत्पिबति यद्रमते तदुपसदैरेति ॥ २ ॥

પછી તે જે ખાય છે, જે પીવે છે અને જે રતિનો અનુભવ કરે છે - તે ઉપસદોની સાદશતાને પ્રાપ્ત થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ यदश्नाति यत्पिबति यद्रमते रतिं चानुभवतीष्टादिसंयोगात्तदुपसदैः समानतामेति । उपसदां च पयोव्रतत्वमनिमित्तं सुखमस्ति । अल्पभोजनीयानि चाहान्यासन्नानीति प्रश्वासोऽतोऽशनादीनामुपसदां च सामान्यम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- પછી તે જે ભોજન કરે છે, પીવે છે અને ઇષ્ટ પદાર્થાદિના સંયોગથી રતિનો અનુભવ કરે છે - તે તે બધું ઉપસદોની સમાનતાને પ્રાપ્ત થાય છે. ઉપસદોને પયોવ્રતત્ત્વ વગેરે (કેવળ દુધ પાન) સંબંધી સુખ પ્રાપ્ત થાય છે. જે દિવસોમાં સ્વલ્પ આહાર પ્રાપ્ત થઈ શકે છે તે પાસે છે - આ જોઈને યજ્ઞકર્તાને આશ્વાસન થાય છે - એટલે ભોજનાદિની ઉપસદો સાથે સાદશતા છે. ॥ ૨ ॥

अथ यद्धसति यज्जक्षति यन्मैथुनं चरति स्तुतशस्त्रैरेव तदेति ॥ ३ ॥

હવે તે જે હસે છે, જે ભક્ષણ કરે ચે અને જે મૈથુન કરે છે - તે બધું સ્તુત શસ્ત્રની જ સમાનતાને પ્રાપ્ત થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ यद्धसति यज्जक्षति भक्षयति यन्मैथुनं चरति स्तुतशस्त्रैरेव तत्समानतामेति, शब्दवत्त्वसामान्यात् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- અને તે જે હસે છે, જે ભક્ષણ કરે છે, અને જે મૈથુન કરે છે તે સ્તુત શસ્ત્રની સમાનતાને પ્રાપ્ત થાય છે, કારણ કે શબ્દયુક્ત હોવાપણામાં તેની સમાનતા છે. ॥ ૩ ॥

अथ यत्तपो दानमार्जवमहिꣳ सा सत्यवचनमिति ता अस्य दक्षिणाः ॥ ४ ॥

હવે જે તપ, દાન, આર્જવ (સરળતા), અહિંસા અને સત્યવચન છે, તે જ આની દક્ષિણા છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथ यत्तपो दानमार्जवमहिंसासत्यवचनमिति ता अस्य दक्षिणाः, धर्मपुष्टिकरत्वसामान्यात् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- હવે પુરુષના જે તપ, દાન, આર્જવ, અહિંસા અને સત્યભાષણ (વગેરે ગુણ) છે, તે જ આની દક્ષિણા છે, કારણ કે ધર્મની પુષ્ટિ કરવામાં (દક્ષિણાની સાથે) તેની સમાનતા છે. ॥ ૪ ॥

यस्माच्च यज्ञः पुरुषः— કારણ કે પુરુષ યજ્ઞ છે —

तस्मादाहुः सोष्यत्यसोष्टेति पुनरुत्पादनमेवास्य तन्मरणमेवावभृथः ॥ ५ ॥

આનાથી કહે છે કે 'પ્રસુતા થશે' અથવા 'પ્રસુતા થઈ' તે એનો પુનર્જન્મ જ છે, અને મરણ જ અવભૃથ સ્નાન છે. ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- तस्मात्तं जनयिष्यति माता यदा, तदाहुरन्ये सोष्यतीति तस्य मातरं यदा च प्रसूता भवंति, तदाऽसोष्ट पूर्णिकेति, विधियज्ञ इव सोष्यति सोमं देवदत्तोऽसोष्ट सोमं यज्ञदत्त इति, अतः शब्दसामान्याद्वा पुरुषो यज्ञः । पुनरुत्पादनमेवास्य तत्पुरुषाख्यस्य यज्ञस्य यत्सोष्यत्यसोष्टेतिशब्दसंबन्धित्वं विधियज्ञस्येव । किं च तन्मरणमेवास्य पुरुषयज्ञस्यावभृथः, समाप्ति-सामान्यात् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- આનાથી જ્યારે માતા તેને જન્મ આપનારી થાય છે, ત્યારે બીજા લોકો તેની માતાના વિષયમાં કહે છે. કે 'આ પ્રસુતા થશે' અને જ્યારે તે પ્રસુતા થાય છે ત્યારે 'આ પ્રસુતા થઈ અર્થાત્ પૂર્ણિકા થઈ' એવું કહે છે, જેમ કે વિધિયજ્ઞમાં 'દેવદત્ત સોમાભિષવ (સોમરસનું પાન અથવા સંધાન) કરશે' અથવા 'યજ્ઞદત્તે સોમાભિષવ કર્યું' એવું કહે છે. આવી રીતે 'सोष्यति' અને 'असोष्ट' શબ્દોમાં સમાનતા હોવાને કારણે પુરુષ યજ્ઞ છે. વિધિયજ્ઞ સમાન આ પુરુષસંજ્ઞક યજ્ઞના જે 'सोष्यति' અને 'असोष्ट' આ શબ્દોથી સંબદ્ધ થવાના છે તે પુનરુત્પાદન છે, અને મરણ આ પુરુષસંજ્ઞક યજ્ઞનું અવભૃથસ્નાન છે, કારણકે સમાપ્તિની બાબતમાં આ (મરણ અને અવભૃથસ્નાન) બંનેની તુલ્યતા છે. ॥ ૫ ॥

तद्धैतद्घोर आङ्गिरसः कृष्णाय देवकीपुत्रायोक्त्वोवाचापिपास एव स बभूव सोऽन्तवेलायामेतत्त्रयं प्रतिपद्ये ताक्षितमस्यच्युतमसि प्राणसꣳ शितमसीति तत्रैते द्वे ऋचौ भवतः ॥ ६ ॥

ઘોર અંગિરસ ઋષિ, દેવકીપુત્ર કૃષ્ણને (આ યજ્ઞ દર્શન) સંભળાવી, જેનાથી (તે અન્ય વિદ્યાઓના વિષયમાં) તૃષ્ણાહીન થઈ ગયા હતા, કહ્યું - 'તેને અંતકાળે આ ત્રણ મંત્રોનો જપ કરવો જોઈએ (૧) તુ અક્ષિત (અક્ષય) છે, (૨) અચ્યુત છે અને (૩) અતિ સૂક્ષ્મ પ્રાણ છે.' તથા આના વિષયમાં આ બે ઋચાઓ છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तद्धैतद्यज्ञदर्शनं घोरो नामत आङ्गिरसो गोत्रतः कृष्णाय देवकीपुत्राय शिष्यायोक्त्वोवाच तदेतत्त्रयमित्यादिव्यवहितेन संबन्धः । स चैतद्दर्शनं श्रुत्वापिपास एवान्याभ्यो विद्याभ्यो बभूव । इत्थं च विशिष्टेयं विद्या यत्कृष्णस्य देवकीपुत्रस्यान्यां विद्यां प्रति तृड्विच्छेदकरीति पुरुषयज्ञविद्यां स्तौति । ★ घोर आङ्गिरसः कृष्णायोक्त्वेमां विद्यां किमुवाच ? इति तदाह-स एवं यथोक्तयज्ञविदन्तवेलायां मरणकाल एतन्मन्त्रत्रयं प्रतिपद्येत जपेदित्यर्थः । किं तत् ? अक्षितमक्षीणमक्षतं वासीत्येकं यजुः । सामर्थ्यादादित्यस्थं प्राणं चैकीकृत्याह—तथा तमेवाहाच्युतं स्वरूपादप्रच्युतमसीति द्वितीयं यजुः । प्राणसंशितं प्राणश्च स संशितं सम्यक्तनूकृतं च सूक्ष्मं तत्त्वमसीति तृतीयं यजुः । तत्रैतस्मिन्नर्थे विद्यास्तुतिपरे द्वे ऋचौ मन्त्रौ भवतः, न जपार्थे, त्रयं प्रतिपद्येतेति त्रित्वसंख्याबाधनात्, पञ्चसंख्या हि तदा स्यात् ॥ ६ ॥

શાંકરભાષ્ય :- આ યજ્ઞ દર્શનને આંગિરસ ગોત્રવાળા ઘોર નામના ઋષિએ પોતાના શિષ્ય દેવકીપુત્ર કૃષ્ણ પ્રત્યે કહીને ફરી કહ્યું. આ વાક્યનો 'तदेत त्त्रयम्' આ વ્યવધાન યુક્ત વાક્ય સાથે સંબંધ છે અને તે કૃષ્ણ તો આ યજ્ઞદર્શનનું શ્રવણ કરીને ફરીથી અન્ય વિદ્યાઓ પ્રત્યે તૃષ્ણા રહિત થઈ ગયા. 'આ વિદ્યા એવી વિશિષ્ટ ગુણવાળી છે કે તે અન્ય વિદ્યાઓ પ્રત્યે દેવકીપુત્ર કૃષ્ણની તૃષ્ણાનું છેદન કરનારી બની ગઈ.' આવું કહીને શ્રુતિ પુરુષ યજ્ઞવિદ્યાની સ્તુતિ કરે છે.

ઘોર આંગિરસે કૃષ્ણ પ્રત્યે આ વિદ્યા કહીને શું કહ્યું - એ કહે છે - પૂર્વોક્ત યજ્ઞવિદ્યાને જાણનારા તે પુરુષ અંતિમ સમય - મરણકાળ ઉપસ્થિત હોવાથી આ ત્રણ મંત્રોને પ્રતિપન્ન થાય અર્થાત્ આનો જપ કરે. તે મંત્ર કયા છે ? 'તુ અક્ષિત-અક્ષીણ અથવા અક્ષય છે' આ એક યજુ છે. પ્રસંગના સામર્થ્યથી આ કથન આદિત્યસ્થ પુરુષ અને પ્રાણની એકતા સ્વીકારીને કરવામાં આવ્યું છે અને તેના પ્રત્યે શ્રુતિ કહે છે - 'તું અચ્યુત-સ્વરૂપે ચ્યુત થનાર નથી' આ બીજો યજુ છે. 'તું પ્રાણસંશિત - જે પ્રાણ સંશિત - સમ્યક્ પ્રકારે તનુ એટલે સૂક્ષ્મ કરવામાં આવ્યા છે તે તું છે' આ ત્રીજો યજુ છે. આ અર્થમાં આ વિદ્યાની સ્તુતિ કરનારી બે ઋચાઓ એટલે બે મંત્ર છે, પરંતુ તે જપને માટે નથી. કારણ કે પહેલાં જે 'त्रयं प्रतिपद्येत' (ત્રણનો જપ કરો) એવી વિધિ કરવામાં આવી છે તેની 'ત્રણ' સંખ્યાનો બાધ થઈ જશે અને ત્યારે 'પાંચ' સંખ્યા થઈ જશે. ॥ ૬ ॥

आदित्प्रत्नस्य रेतसः । उद्वयं तमसस्परि ज्योतिः पश्यन्त उत्तरꣳ स्वः पश्यन्त उत्तरं देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तममिति ज्योतिरुत्तममिति ॥ ७ ॥[1]

१. 'आदित्प्रत्नस्य रेतसे' ज्योतिष्पश्यन्ति वासरम् । परो यदिध्यते दिवा ॥ (ऋ.वे. ८-१-३०) આ એક મંત્ર છે અને ज्योतिष्पश्यन्त उत्तरम् । देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥ (ऋ.वे. १-५०-१०) વગેરે બીજો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પુરાતન કારણનો પ્રકાશ જુવે છે, આ સર્વત્ર વ્યાપ્ત પ્રકાશ, જે પરબ્રહ્મમાં સ્થિત પરમ તેજ દેદીપ્યમાન છે, તેનો છે. (હવે બીજા મંત્રનો અર્થ કરે છે -) અજ્ઞાનરૂપ અંધકારથી પર ઉત્કૃષ્ટ જ્યોતિને જોતાં જોતાં અને આત્મીય ઉત્કૃષ્ટ તેજને જોતાં જોતાં આપણે સંપૂર્ણ દેવોમાં પ્રકાશમાન સર્વોત્તમ જ્યોતિઃસ્વરૂપ સૂર્યને પ્રાપ્ત થયાં જ્યોતિને પ્રાપ્ત થયા. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- आदिदित्यत्राकारस्यानुबन्धस्तकारोऽनर्थक इच्छब्दश्च । प्रत्नस्य चिरन्तनस्य पुराणस्येत्यर्थः, रेतसः कारणस्य बीजभूतस्य जगतः सदाख्यस्य ज्योतिः प्रकाशं पश्यन्ति । आशब्द उत्सृष्टानुबन्धः पश्यन्तीत्यनेन संबध्यते । किं तज्ज्योतिः पश्यन्ति ? वासरमहरहरिव तत्सर्वतो व्याप्तं ब्राह्मणो ज्योतिः । ★ निवृत्तचक्षुषो ब्रह्मविदो ब्रह्मचर्यादिनिवृत्तिसाधनैः शुद्धान्तःकरणा आ समन्ततो ज्योतिः पश्यन्तीत्यर्थः । परः परमिति लिङ्गव्यत्ययेन, ज्योतिष्परत्वात्, यदिध्यते दीप्यते दिवि द्योतनवति परस्मिन्ब्रह्मणि वर्तमानम्, तेन ज्योतिषेद्धः सविता तपति चन्द्रमा भाति विद्युद्विद्योतते ग्रहतारागणा विभासन्ते । ★ किं चान्यो मन्त्रदृगाह यथोक्तं ज्योतिः पश्यन्—उद्वयं तमसोऽज्ञानलक्षणात्परि परस्तादिति शेषः । तमसो वापनेतृ यज्ज्योतिरुत्तरमादित्यस्थं परिपश्यन्तो वयमुदगन्मेति व्यवहितेन संबन्धः । तज्ज्योतिः स्वः स्वमात्मीयमस्मद्धृदि स्थितम्, आदित्यस्थं च तदेकं ज्योतिः । यदुत्तरमुत्कृष्टतरमूर्ध्वतरं वापरं ज्योतिरपेक्ष्य पश्यन्त उदगन्म वयम् । ★ कमुदगन्म ? इत्याह—देवं द्योतनवन्तं देवेषु सर्वेषु सूर्यं रसानां रश्मीनां प्राणानां च जगत ईरणात्सूर्यस्तमुदगन्म गतवन्तो ज्योतिरुत्तमं सर्वज्योतिर्भ्य उत्कृष्टतममहो प्राप्ता वयमित्यर्थः । इदं तज्ज्योतिर्यदृग्भ्यां स्तुतं यद्यजुस्त्रयेण प्रकाशितम् । द्विरभ्यासो यज्ञकल्पनापरिसमाप्त्यर्थः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- 'आत् इत्' આમાં આકારની પાછળનો તકાર - અને 'इत्' શબ્દ અર્થ રહિત છે. 'प्रत्नस्य' ચિરંતન એટલે પુરાતન 'रेतसः' કારણના અર્થાત્ જગતના બીજભૂત સત્ સંજ્ઞક બ્રહ્મના 'ज्योतिः' - પ્રકાશને જુવે છે. પોતાના અનુબંધ તકારથી રહિત 'आ' શબ્દ 'पश्यन्ति' આ ક્રિયાપદ સાથે સંબદ્ધ છે. તે કઈ જ્યોતિને જુવે છે ? આ માટે શ્રુતિ કહે છે - વાસર અર્થાત્ દિવસ સમાન સર્વત્ર વ્યાપ્ત તે બ્રહ્મની જ્યોતિને જુવે છે.

તાત્પર્ય આ છે કે જેની ઈન્દ્રિયો વિષયોથી નિવૃત્ત થઈ ગઈ છે તે બ્રહ્મચર્ય વગેરે નિવૃત્તિના સાધનો દ્વારા શુદ્ધચિત્ત થયેલા બ્રહ્મવેત્તા તે જ્યોતિને ચારેબાજુથી જુવે છે. જે જ્યોતિ 'दिवि' દ્યોતનવાન પરબ્રહ્મમાં દેદીપ્યમાન છે, અને જે જ્યોતિથી દીપ્ત થઈને સૂર્ય તપે છે, ચંદ્રમા પ્રકાશિત થાય છે, વિજળી ચમકે છે અને ગ્રહ અને તારાગણ વિશેષ રૂપે ભાસે છે. અહીં 'परः' આ શબ્દ (નપુસકલિંગ) 'ज्योतिः' ની સાથે જોડાયેલ છે, એટલા માટે આનું લિંગ બદલીને 'परम्' એવું સમજવું જોઈએ.

અને ઉપર્યુક્ત જ્યોતિને જોનારા એક બીજા મંત્રદ્રષ્ટા કહે છે - અજ્ઞાનરૂપ અંધકારથી અતીત (જે પરમ તેજ છે) અથવા અંધકારની નિવૃત્તિ કરનારા જે સૂર્યમંડલમાં રહેલું ઉત્કૃષ્ટ તેજ છે તેને જોતાં જોતાં અમે પ્રાપ્ત થયા. આવી રીતે આનો વ્યવધાન યુક્ત ક્રિયા સાથે સંબંધ છે. તે જ્યોતિ 'स्व' આત્મીય અર્થાત્ આપણાં અંતઃકરણમાં રહેલું તેજ અને આદિત્યમાં રહેલું તેજ એક જ છે, જે અન્ય તેજોની અપેક્ષાએ ઉત્તર - ઉત્કૃષ્ટતર અર્થાત્ ઉર્ધ્વતર તેજને જોતાં જોતાં આપણે પ્રાપ્ત થયા.

કોને પ્રાપ્ત થયાં ? - એમ શ્રુતિ બતાવે છે - સમસ્ત દેવોમાં દેવ અર્થાત્ દ્યોતનવાન સૂર્યને પ્રાપ્ત થયાં, જે રસ, કિરણ અને સંસારના પ્રાણોને પ્રેરિત કરવાને કારણે સૂર્ય કહેવાય છે. તે ઉત્તમ જ્યોતિને - સંપૂર્ણ જ્યોતિઓમાં ઉત્કૃષ્ટતમ જ્યોતિને પ્રાપ્ત થયા, અહો ! (આશ્ચર્ય છે કે) આપણે તેને પ્રાપ્ત થયા - આવું આનું તાત્પર્ય છે. આ જ તે જ્યોતિ છે જેની બે ઋચાઓએ સ્તુતિ કરી છે અને જે ઉપર્યુક્ત ત્રણ યજુઃ શ્રુતિઓ દ્વારા પ્રકાશિત છે. 'ज्योतिरुत्तमं ज्योतिरुत्तमम्' આ દ્વિરુક્તિ યજ્ઞ કલ્પનાની સમાપ્તિ સૂચિત કરવાને માટે છે.

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये सप्तदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १७ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના સત્તરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टादशः खण्डः

शाङ्करभाष्यम् :- मनोमय ईश्वर उक्त आकाशात्मेति च ब्रह्मणो गुणैकदेशत्वेन । अथेदानीं मनआकाशयोः समस्तब्रह्मदृष्टि-विधानार्थं आरम्भो मनो ब्रह्मेत्यादि—

શાંકરભાષ્ય :- (ચૌદમા ખંડના બીજા મંત્રમાં) ઈશ્વરને ગુણોના એકદેશને કારણે મનોમય અને આકાશાત્મા કહેવામાં આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

છે. હવે આનાથી આગળ મન અને આકાશમાં સમસ્ત બ્રહ્મદૃષ્ટિનું વિધાન કરવાને માટે મનો બ્રહ્મ વગેરે(અઢારમા ખંડ)નો આરંભ કરવામાં આવે છે –

मनो ब्रह्मेत्युपासीतेत्यध्यात्ममथाधिदैवतमाकाशो ब्रह्मेत्युभयमादिष्टं भवत्यध्यात्मं चाधिदैवतं च ॥ १ ॥

'મન બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરવી જોઈએ. આ અધ્યાત્મદૃષ્ટિ છે. અને 'આકાશ બ્રહ્મ છે' આ અધિદૈવત દૃષ્ટિ છે. આવી રીતે અધ્યાત્મ અને અધિદૈવત બંનેનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- मनो मनुतेऽनेनेत्यन्तःकरणं तद्ब्रह्म परमित्युपासीतेति, एतदात्मविषयं दर्शनमध्यात्मम् । अथाधिदैवतं देवताविषयमिदं वक्ष्यामः । आकाशो ब्रह्मेत्युपासीत । एवमुभयमध्यात्ममधिदैवतं चोभयं ब्रह्मदृष्टिविषयमादिष्टमुपदिष्टं भवति, आकाशमनसोः सूक्ष्मत्वात् मनसोपलभ्यत्वाच्च ब्रह्मणो योग्यं मनो ब्रह्मदृष्टेः आकाशश्च, सर्वगतत्वात्सूक्ष्मत्वादुपाधिहीनत्वाच्च ॥ १ ॥

શાંકરભાષ્ય :- મન - જેનાથી મનન કરે છે તે અંતઃકરણને મન કહે છે. તે પરબ્રહ્મ છે - એવી ઉપાસના કરવી જોઈએ. આ આત્મવિષયક દર્શન અધ્યાત્મ છે. હવે આ અધિદૈવત - દેવતા વિષયક દર્શન કહે છે. આકાશ બ્રહ્મ છે - આવી ઉપાસના કરવી જોઈએ. આવી રીતે અધ્યાત્મ અને અધિદૈવત બંને પ્રકારની બ્રહ્મદૃષ્ટિના વિષયમાં આદેશ-ઉપદેશ કરવામાં આવે છે, કારણ કે આકાશ અને મન બંને જ સૂક્ષ્મ છે. આના સિવાય, બ્રહ્મ મનથી ઉપલબ્ધ કરી શકાય છે, એટલા માટે પણ મન બ્રહ્મદૃષ્ટિને યોગ્ય છે, તથા સર્વગત, સૂક્ષ્મ અને ઉપાધિહીન હોવાને કારણે (આકાશ પણ બ્રહ્મદૃષ્ટિને યોગ્ય છે) ॥ ૧ ॥

तदेतच्चतुष्पाद्ब्रह्म । वाक्पादः प्राणः पादश्चक्षुः पादः श्रोत्रं पाद इत्यध्यात्मम् । अथाधिदैवतमग्निः पादो वायुः पाद आदित्यः पादो दिशः पाद इत्युभयमेवादिष्टं भवत्यध्यात्मं चैवाधिदैवतं च ॥ २ ॥

તે આ (મન એવી સંજ્ઞાવાળું) બ્રહ્મ ચાર પાદવાળું છે. વાક્ પાદ છે, પ્રાણ પાદ છે, ચક્ષુપાદ છે અને શ્રોત્ર પાદ છે. આ અધ્યાત્મ છે. હવે અધિદૈવત કહે છે - અગ્નિ પાદ છે, વાયુ પાદ છે, આદિત્ય પાદ છે અને દિશાઓ પાદ છે. આવી રીતે અધ્યાત્મ અને અધિદૈવત બંનેનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तदेतन्मनआख्यं चतुष्पाद्ब्रह्म, चत्वारः पादा अस्येति । कथं चतुष्पात्त्वं मनसो ब्रह्मणः ? इत्याह– वाक्प्राणश्चक्षुः श्रोत्रमित्येते पादा इत्यध्यात्मम् । अथाधिदैवतमाकाशस्य ब्रह्मणोऽग्निर्वायुरादित्यो दिश इत्येते । एवमुभयमेव चतुष्पाद्ब्रह्मादिष्टं भवत्यध्यात्मं चैवाधिदैवतं च ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આ મનઃસંજ્ઞક બ્રહ્મ ચતુષ્પાદ છે. જેના ચાર પાદ હોય તેને ચતુષ્પાદ કહે છે. આ મનોબ્રહ્મ ચતુષ્પાદ કેવી રીતે છે ? આ શ્રુતિ બતાવે છે - વાક્, પ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર - આ આના પાદ છે. આ અધ્યાત્મ દૃષ્ટિ છે. હવે અધિદૈવત બતાવે છે - આકાશ એવી સંજ્ઞાવાળા બ્રહ્મના અગ્નિ, વાયુ, આદિત્ય અને દિશાઓ એ પાદ છે. આવી રીતે અધ્યાત્મ અને અધિદૈવત બંને પ્રકારના ચતુષ્પાદ બ્રહ્મનો આદેશ કરવામાં આવ્યો. ॥ ૨ ॥

तत्र– તેમાં –

वागेव ब्रह्मणश्चतुर्थः पादः । सोऽग्निना ज्येतिषा भाति च तपति च । भाति च तपति च कीर्त्या यशसा ब्रह्मवर्चसेन य एवं वेद ॥ ३ ॥

વાક્ જ બ્રહ્મનું ચોથું પાદ છે, તે અગ્નિરૂપ જ્યોતિથી દીપ્ત થાય છે અને તપે છે. જે આવું જાણે છે તે કીર્તિ, યશ અને બ્રહ્મતેજને કારણે દેદીપ્યમાન થાય છે અને તપે છે ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- वागेव मनसो ब्रह्मणश्चतुर्थः पाद इतरपादत्रयापेक्षया । वाचा हि पादेनेव गवादि वक्तव्यविषयं प्रति तिष्ठति । अतो मनसः पाद इव वाक् । तथा प्राणो घ्राणः पादः । तेनापि गन्धविषयं प्रति च क्रामति । तथा चक्षुः पादः श्रोत्रं पाद इत्येवमध्यात्मं चतुष्पात्त्वं मनसो ब्रह्मणः । ★ अथाधिदैवतमग्निवाय्वादित्यदिश आकाशस्य ब्रह्मण उदर इव गोः पादा विलग्ना उपलभ्यन्ते । तेन तस्याकाशस्याग्न्यादयः पादा उच्यन्ते । एवमुभयमध्यात्मं चैवाधिदैवतं चतुष्पादादिष्टं भवति ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तत्र वागेव मनसो ब्रह्मणश्चतुर्थः पादः । सोऽग्निनादिदैवतेन ज्योतिषा भाति च दीप्यते तपति च संतापं चौष्ण्यं करोति । ★ अथवा तैलघृताद्याग्नेयाशनेनेद्धा वाग्भाति च तपति च वदनायोत्साहवती स्यादित्यर्थः । विद्वत्फलम्—भाति च तपति च कीर्त्या यशसा ब्रह्मवर्चसेन य एवं यथोक्तं वेद ॥ ३ ॥

શાંકરભાષ્ય :- વાક્ જ મનરૂપી બ્રહ્મનું, અન્ય ત્રણ પાદોની અપેક્ષા ચોથું પાદ છે. જેવી રીતે ગાય વગેરે જીવ પાદ દ્વારા ઈષ્ટ સ્થાન ઉપર જઈને ઉપસ્થિત થાય છે તેવી રીતે વાણીથી જ મન વક્તવ્ય વિષય ઉપર રોકાઈ જાય છે, એટલે વાક્ મનનો પાદ છે. આવી રીતે પ્રાણ - ઘ્રાણ પણ તેનો પાદ છે. તેના દ્વારા પણ તે ગંધરૂપ વિષય પ્રત્યે જાય છે. એવી જ રીતે ચક્ષુ પાદ છે અને શ્રોત્ર પણ પાદ છે. આવી રીતે આ મનરૂપી બ્રહ્મનું અધ્યાત્મ ચતુષ્પાદત્વ છે.

હવે અધિદૈવત દૃષ્ટિ આવી રીતે છે - જેવી રીતે ગાયના ઉદરથી પગ જોડાયેલા રહે છે તેવી રીતે આકાશરૂપ બ્રહ્મના ઉદરમાં અગ્નિ, વાયુ, આદિત્ય અને દિશાઓ - આ જોવામાં આવે છે. એટલા માટે આ અગ્નિ વગેરે તે આકાશરૂપ બ્રહ્મના પાદ કહેવામાં આવે છે. આવી રીતે અધ્યાત્મ અને અધિદૈવત બંને પ્રકારના ચતુષ્પાદ બ્રહ્મનો ઉપદેશ કરવામાં આવે છે. તેમાં વાક્ જ તે મનરૂપ બ્રહ્મનું ચોથું પાદ છે. તે અગ્નિરૂપ અધિદૈવત જ્યોતિથી ભાસિત-દીપ્ત થાય છે અને તપે છે અર્થાત્ સંતાપ એટલે ઉષ્ણતા પેદા કરે છે.

અથવા તેલ અને ઘી વગેરે આગ્નેય (તેજોમય) પદાર્થોના ભક્ષણથી દીપ્ત થયેલી વાક્ પ્રકાશિત થાય છે અને તપે છે, અર્થાત્ બોલવાને માટે ઉત્સાહયુક્ત હોય છે. આવી રીતની ઉપાસના કરનારાઓને પ્રાપ્ત થનારા ફળ - જે પૂર્વોક્ત અર્થને જાણે છે તે કીર્તિ, યશ અને બ્રહ્મતેજથી પ્રકાશિત થાય છે અને તપે છે. ॥ ૩ ॥

प्राण एव ब्रह्मणश्चतुर्थः पादः । स वायुना ज्योतिषा भाति च तपति च । भाति च तपति च कीर्त्या यशसा ब्रह्मवर्चसेन य एवं वेद ॥ ४ ॥

પ્રાણ જ મનોમય બ્રહ્મનું ચોથું પાદ છે, તે વાયુરૂપ જ્યોતિથી પ્રકાશિત થાય અને તપે છે. જે આવી રીતે જાણે છે તે કીર્તિ, યશ અને બ્રહ્મતેજથી પ્રકાશિત થાય છે અને તપે છે. ॥ ૪ ॥

चक्षुरेव ब्रह्मणश्चतुर्थः पादः । स आदित्येन ज्योतिषा भाति च तपति च । भाति च तपति च कीर्त्या यशसा ब्रह्मवर्चसेन य एवं वेद ॥ ५ ॥

ચક્ષુ જ બ્રહ્મનું ચોથું પાદ છે. તે આદિત્યરૂપ જ્યોતિથી પ્રકાશિત થાય છે અને તપે છે. જે આવી રીતે જાણે છે તે કીર્તિ, યશ અને બ્રહ્મતેજથી પ્રકાશિત થાય અને તપે છે. ॥ ૫ ॥

श्रोत्रमेव ब्रह्मणश्चतुर्थः पादः । स दिग्भिर्ज्योतिषा भाति च तपति च । भाति च तपति च कीर्त्या यशसा ब्रह्मवर्चसेन य एवं वेद य एवं वेद ॥ ६ ॥

શ્રોત્ર જ બ્રહ્મનું ચોથું પાદ છે. તે દિશારૂપ જ્યોતિથી પ્રકાશિત થાય અને તપે છે. જે આવી રીતે જાણે છે તે કીર્તિ, યશ અને બ્રહ્મતેજથી પ્રકાશિત થાય છે અને તપે છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तथा प्राण एव ब्रह्मणश्चतुर्थः पादः । स वायुना गन्धाय भाति च तपति च । तथा चक्षुरादित्येन रूपग्रहणाय श्रोत्रं दिग्भिः शब्दग्रहणाय । विद्याफलं समानम् । सर्वत्र ब्रह्मसंपत्तिरदृष्टं फलं य एवं वेद । द्विरुक्तिर्दर्शन-समाप्त्यर्था ॥ ४-६ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે પ્રાણ જ બ્રહ્મનું ચોથું પાદ છે. તે વાયુ દ્વારા ગંધ ગ્રહણને માટે પ્રકાશિત થાય છે અને તપે છે. આવી રીતે ચક્ષુ રૂપ ગ્રહણને માટે આદિત્ય દ્વારા અને શ્રોત્ર શબ્દ ગ્રહણને માટે દિશાઓ દ્વારા તપે છે. આવી રીતે ઉપાસનાનું ફળ સર્વત્ર સમાન છે. જે એવું જાણે છે તેને સર્વત્ર બ્રહ્મ પ્રાપ્તિ રૂપ અદૃષ્ટ ફળ મળે છે. 'य एवं वेद, य एवं वेद' આ દ્વિરુક્તિ વિદ્યાની સમાપ્તિને માટે છે. ॥ ૪-૬ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याये अष्टादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १८ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના અઢારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

एकोनविंशः खण्डः

शाङ्करभाष्यम् :- आदित्यो ब्रह्मणः पाद उक्त इति तस्मिन्सकलब्रह्मदृष्ट्यर्थमिदमारभ्यते–

શાંકરભાષ્ય :- આદિત્યને બ્રહ્મનું પાદ બતાવવામાં આવ્યું છે, એટલે તેમાં સમસ્ત બ્રહ્મની દૃષ્ટિ કરવા આ ખંડનો આરંભ કરવામાં આવે છે –

आदित्यो ब्रह्मेत्यादेशस्तस्योपव्याख्यानमसदेवेदमग्र आसीत् । तत्सदासीत्तत्समभवत्तदाण्डं निरवर्तत सत्संवत्सरस्य मात्रामशयत तन्निरभिद्यत ते आण्डकपाले रजतं च सुवर्णं चाभवताम् ॥ १ ॥

આદિત્ય બ્રહ્મ છે – એવો ઉપદેશ છે, તેની વ્યાખ્યા કરવામાં આવે છે. પહેલાં આ અસત્ જ હતું. તે સત (કાર્યાભિમુખ) થયું. તે અંકુરિત થયું. તે એક ઈંડામાં પરિણત થઈ ગયું. તે એક વર્ષ પર્યંત તેવી રીતે સૂઈ રહ્યું. પછી તે ફુટ્યું, તે બંને ઈંડાના ખંડ રજત અને સુવર્ણરૂપ થઈ ગયા. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- आदित्यो ब्रह्मेत्यादेश उपदेशस्तस्योपव्याख्यानं क्रियते स्तुत्यर्थम् । असदव्याकृतनामरूपमिदं जगदशेषमग्रे प्रागवस्थायामुत्पत्तेरासीन्न त्वसदेव, **'कथमसतः सज्जायेत'** इत्यसत्कार्यत्वस्य प्रतिषेधात् । ★ नन्विहासदेवेति विधानाद्विकल्पः स्यात् । ★ न, क्रियास्विव वस्तुनि विकल्पानुपपत्तेः । ★ कथं तर्हीदमसदेवेति ? ★ नन्ववोचामाव्याकृतनामरूपत्वादसदिवासदिति । ★ नन्वेवशब्दोऽवधारणार्थः । ★ सत्यमेवम्, न तु सत्त्वाभावमवधारयति । ★ किं तर्हि ? ★ व्याकृतनामरूपाभावमवधारयति, नामरूपव्याकृतविषये सच्छब्द प्रयोगो दृष्टः । तच्च नामरूपव्याकरणमादित्यायत्तं प्रायशो जगतः । तदभावे ह्यन्धं तम इदं न प्रज्ञायेत किञ्चन, इत्यतस्तत्स्तुतिपरे वाक्ये सदपीदं प्रागुत्पत्तेर्जगदसदेवेत्यादित्यं स्तौति ब्रह्मदृष्ट्यर्हत्वाय । आदित्यनिमित्तो हि लोके सदिति व्यवहारः, यथासदेवेदं राज्ञः कुलं सर्वगुणसंपन्ने पूर्णवर्मणि राजन्यसतीति तद्वत् । न च सत्त्वमसत्त्वं वेह जगतः प्रतिपिपादयिषितम्, आदित्यो ब्रह्मेत्यादेशपरत्वात् । उपसंहरिष्यत्यन्ते **'आदित्यं ब्रह्मेत्युपास्ते'** इति । ★ तत्सदासीत्, तदसच्छब्दवाच्यं प्रागुत्पत्तेः स्तिमितमनिस्पन्दमसदिव सत्कार्याभिमुखमीषदुपजातप्रवृत्ति सदासीत् ततो लब्धपरिस्पन्दं तत्समभवदल्पतरनामरूपव्याकरणेनाङ्कुरीभूतमिव बीजम् । ततोऽपि क्रमेण स्थूलीभवत्तदद्भ्य आण्डं समवर्तत संवृत्तम् । आण्डमिति दैर्घ्यं छान्दसम् । ★ तदण्डं संवत्सरस्य कालस्य प्रसिद्धस्य मात्रां परिमाणमभिन्नस्वरूपमेवाशयत स्थितं बभूव । तत्ततः संवत्सरपरिमाणात्कालादूर्ध्वं निरभिद्यत निर्भिन्नं वयसामिवाण्डम् । तस्य निर्भिन्नस्याण्डस्य कपाले द्वे रजतं च सुवर्णं चाभवतां संवृत्ते ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'આદિત્ય બ્રહ્મ છે' આ આદેશ - ઉપદેશ છે. તે આદિત્યનું સ્તુતિને માટે ઉપાખ્યાન કરવામાં આવે છે. પહેલાં અર્થાત્ પોતાની ઉત્પત્તિથી પૂર્વની અવસ્થામાં આ સંપૂર્ણ જગત અસત્ - જેનાં નામ રૂપોની અભિવ્યક્તિ થઈ નથી એવું હતું, સર્વથા અસત્ (શૂન્ય) જ ન હતું, કારણ કે **'અસત્થી સત્ની ઉત્પત્તિ કેવી રીતે થઈ શકે ?'** આવી રીતે (આગળ છઠ્ઠા અધ્યાયમાં) શ્રુતિએ અસત્ કાર્યત્વનો પ્રતિષેધ કર્યો છે.

પૂર્વપક્ષી :- પરંતુ અહીં 'असदेव आसीत्' આવું વિધાન હોવાને કારણે વિકલ્પ હોઈ શકે છે.

સિદ્ધાન્તી :- ના, ક્રિયાત્મક વસ્તુમાં વિકલ્પ યોગ્ય નથી.

પૂર્વપક્ષી :- તો પછી 'इदम् असत् एव' આ વાક્ય કેમ કહેવામાં આવ્યું છે ?

સિદ્ધાન્તી :- અમે કહી ચૂક્યા છીએ ને કે નામરૂપની અભિવ્યક્તિથી રહિત હોવાને કારણે માનો અસત્ની જેમ 'असत्' હતું.

પૂર્વપક્ષી :- પરંતુ 'एव' શબ્દ તો નિશ્ચયાર્થક છે.

સિદ્ધાન્તી :- આ તો બરાબર છે, પરંતુ એ સત્તાના અભાવનો નિશ્ચય કરતો નથી.

પૂર્વપક્ષી :- તો પછી શું કરે છે ?

સિદ્ધાન્તી :- વ્યક્ત નામરૂપના અભાવનો નિશ્ચય કરે છે. 'सत्' શબ્દનો પ્રયોગ, જેનાં નામ-રૂપ વ્યક્ત થઈ ગયા છે તે પદાર્થોના વિષયમાં જોવામાં આવે છે, અને જગતના નામ-રૂપની અભિવ્યક્તિ પ્રાયઃ આદિત્યને અધીન છે, કારણ કે તેના અભાવમાં ઘોર અંધકાર રૂપ થયેલાં આ જગતમાં કંઈ જ જાણવામાં આવતું નથી. એટલા માટે આદિત્યના સ્તવનપરક વાક્યમાં, સત્ હોવાથી પણ 'ઉત્પત્તિથી પહેલાં આ જગત અસત્ જ હતું' આમ કહીને શ્રુતિ, આ સૂચિત કરવાને માટે કે આદિત્ય બ્રહ્મદૃષ્ટિને માટે યોગ્ય છે, તેની સ્તુતિ કરે છે. લોકમાં આદિત્યના કારણે જ 'सत्' એવો વહેવાર થાય છે, જેવી રીતે 'સર્વગુણ સંપન્ન રાજા પૂર્ણવર્માના ન રહેવાથી આ રાજવંશ નહીવત્ રહી ગયો છે' એવું કહેવામાં આવે છે તેવી રીતે અહીં સમજવું જોઈએ. આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સિવાય અહીં આ વાક્યથી જગતની સત્તા અથવા અસત્તાનું પ્રતિપાદન કરવું યોગ્ય પણ નથી, કારણ કે આ મંત્ર 'આદિત્ય બ્રહ્મ છે' એવો આદેશ કરવાને માટે જ છે, અને અંતમાં પણ **'આદિત્ય બ્રહ્મ છે'** આવી રીતે ઉપાસના કરે છે – એવું કહીને શ્રુતિ આનો ઉપસંહાર કરશે.

'तत्सदासीत्' તે, 'असत्' શબ્દથી કહેવામાં આવશે તે તત્ત્વ, જે ઉત્પત્તિથી પહેલાં સ્તબ્ધ, સ્પંદનરહિત અને અસત્ સમાન હતું. सत् એટલે કાર્યાભિમુખ થઈને કંઈક પ્રવૃત્તિ ઉત્પન્ન થવાથી 'सत्' થઈ ગયું. પછી તેનાથી પણ કંઈક સ્પંદન પ્રાપ્ત કરીને તે થોડા જ નામરૂપની અભિવ્યક્તિને કારણે અંકુરિત થયેલા બીજ સમાન થઈ ગયું. તે અવસ્થાથી પણ તે ક્રમશઃ કંઈક વધુ સ્થૂળ થતાં થતાં જળથી ઇંડાના રૂપમાં પરિણત થઈ ગયું. 'आण्डम्' આ દીર્ઘ પ્રયોગ વૈદિક છે.

તે ઇંડું સંવત્સર નામથી પ્રસિદ્ધ કાળની માત્રા એટલે પરિમાણ સુધી (અર્થાત્ પુરા એકવર્ષ) તેવી રીતે - એક રૂપે પડ્યું રહ્યું. તે પછી એક વર્ષ પરિમાણ કાળના પછી તે પક્ષીઓના ઇંડાની જેમ ફુટી ગયું. તે ફુટેલા ઇંડાના જે બે ખંડ હતા તે રજત અને સુવર્ણરૂપ થઈ ગયા. ॥ ૧ ॥

तद्यद्रजतꣳ सेयं पृथिवी यत्सुवर्णꣳ सा द्यौर्यज्जरायु ते पर्वता यदुल्बꣳ समेघो नीहारो या धमनयस्ता नद्यो यद्वास्तेयमुदकꣳ स समुद्रः ॥ २ ॥

તેમાં જે ખંડ રજત હતો તે આ પૃથ્વી છે અને જે સુવર્ણ હતો તે દ્યુલોક છે. તે ઈંડાનો જે જરાયુ ભાગ હતો તે પર્વત છે, ઉલ્બ હતો તે મેઘો સહિત ઝાકળ છે, જે ધમનીઓ હતી તે નદીઓ છે તથા જે વસ્તિગત જળ હતું તે સમુદ્ર છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तत्तयोः कपालयोर्यद्रजतं कपालमासीत्, सेयं पृथिवी पृथिव्युपलक्षितमधोऽण्डकपालमित्यर्थः । यत्सुवर्णं कपालं सा द्यौर्द्युलोकोपलक्षितमूर्ध्वं कपालमित्यर्थः । यज्जरायु गर्भपरिवेष्टनं स्थूलमण्डस्य द्विशकलीभावकाल आसीत्, ते पर्वता बभूवुः । यदुल्बं सूक्ष्मं गर्भपरिवेष्टनम्, तत्सह मेघैः समेघो नीहारोऽवश्यायो बभूवेत्यर्थः । या गर्भस्य जातस्य देहे धमनयः शिराः, ता नद्यो बभूवुः । यत्तस्य वस्तौ भवं वास्तेयमुदकम्, स समुद्रः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે ખંડોમાં જે રજતમય ખંડ હતો તે જ આ પૃથ્વી અર્થાત્ પૃથ્વીરૂપે ઉપલક્ષિત નીચેનો અંડાર્ધ છે, અને જે સુવર્ણમય ખંડ હતો તે द्यौः અર્થાત્ દ્યુલોકરૂપે ઉપલક્ષિત ઉપરનો અંડાર્ધ છે. તથા બે ખંડોમાં વિભક્ત થવાના સમયે તે ઇંડાનો જે જરાયુ-સ્થૂળ ગર્ભવેસ્ટન ભાગ હતો તે પર્વત સમુહ થયો, જે ઉલ્બ-સૂક્ષ્મ ગર્ભવેસ્ટન ભાગ હતો તે મેઘો સહિત નિહાર-અવશ્યાય અર્થાત્ ઝાકળ થયો, જે ઉત્પન્ન થયેલ તે ગર્ભના શરીરની ધમનિઓ(રક્તવાહિની) નાડીઓ હતી, તે નદીઓ થઈ અને જે તેના વસ્તિસ્થાન(મૂત્રાશય)માં ઉત્પન્ન થયેલ વાસ્તેય-જળ હતું તે સમુદ્ર થયું. ॥ ૨ ॥

अथ यत्तदजायत सोऽसावादित्यस्तं जायमानं घोषा उलूलवोऽनूदतिष्ठन्त्सर्वाणि च भूतानि सर्वे च कामास्तस्मात्तस्योदयं प्रति प्रत्यायनं प्रति घोषा उलूलवोऽनूत्तिष्ठन्ति सर्वाणि च भूतानि सर्वे च कामाः ॥ ३ ॥

હવે તેનાથી જે ઉત્પન્ન થયાં તે આ આદિત્ય છે. તેના ઉત્પન્ન થતાં જ ખૂબ મોટો શબ્દ થયો. અને તેનાથી સંપૂર્ણ પ્રાણી અને બધા ભોગ થયા છે. આનાથી તેનો ઉદય અને અસ્ત થવાથી દીર્ઘ શબ્દ યુક્ત ઘોષ ઉત્પન્ન થાય છે અને સંપૂર્ણ પ્રાણી અને બધા ભોગ પણ ઉત્પન્ન થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ यत्तदजायत गर्भरूपं तस्मिन्नण्डे, सोऽसावादित्यः, तमादित्यं जायमानं घोषाः शब्दा उलूलव उरूरवो विस्तीर्णरवा उदतिष्ठन्नुत्थितवन्तः, ईश्वरस्येवेह प्रथमपुत्रजन्मनि, सर्वाणि च स्थावरजङ्गमानि भूतानि सर्वे व तेषां भूतानां कामाः काम्यन्त इति विषयाः स्त्रीवस्त्रान्नादयः । ★ यस्मादादित्यजन्मनिमित्ता भूतकामोत्पत्तिस्तस्मादद्यत्वेऽपि तस्यादित्यस्योदयं प्रति प्रत्यायनं प्रत्यस्तगमनं च प्रति, अथवा पुनः पुनः प्रत्यागमनं प्रत्यायनं तत्प्रति तन्निमित्तीकृत्येत्यर्थः, सर्वाणि च भूतानि सर्वे च कामा घोषा उलूलवश्चानूत्तिष्ठन्ति, प्रसिद्धं ह्येतदुदयादौ सवितुः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- પછી તે ઇંડામાં જે ગર્ભરૂપે ઉત્પન્ન થયું તે આ આદિત્ય છે. તે આદિત્યના ઉત્પન્ન થવાથી ઉલૂલવ-ઉરૂરવ એટલે સુદૂર વ્યાપી શબ્દવાળો ઘોષ - શબ્દ ઉપસ્થિત થયો - ઉત્પન્ન થયો, જેવી રીતે કે લોકમાં કોઈ રાજાને ત્યાં પ્રથમ પુત્રજન્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

થવાથી (ઉત્સવપૂર્ણ કોલાહલ થયા કરે છે) અને તે જ સમયે સઘળા સ્થાવર-જંગમ પણ અને તે જીવોનાં કામ-જેની કામના કરવામાં આવે છે તે સ્ત્રી, વસ્ત્ર તેમજ અન્ન વગેરે વિષયો ઉત્પન્ન થયા.

કારણ કે પ્રાણીવર્ગ અને તેના ભોગોની ઉત્પત્તિ આદિત્યના જન્મને કારણે થઈ છે એટલા માટે આજકાલ પણ તે સૂર્યદેવના ઉદય પ્રત્યે અને પ્રત્યાયન અર્થાત્ પ્રત્યસ્ત ગમન (અસ્ત) પ્રત્યે અથવા પુનઃ પુનઃ પ્રત્યાગમન જ પ્રત્યાયન છે, તેના પ્રત્યે અર્થાત્ તેને નિમિત્ત બનાવીને સંપૂર્ણભૂત, બધા ભોગો અને દીર્ઘ શબ્દયુક્ત ઘોષ ઉત્પન્ન થાય છે. સૂર્યના ઉદય વગેરે સમયે એ સર્વ પ્રસિદ્ધ જ છે. ॥ ૩ ॥

स य एतमेवं विद्वानादित्यं ब्रह्मेत्युपास्तेऽभ्याशो ह यदेनꣳ साधवो घोषा आ च गच्छेयुरुप च निम्रेडेरन्नि-म्रेडेरन् ॥ ४ ॥

તે જે આવી રીતે જાણનારા થઈને આદિત્યની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે તેની સમીપ તરત સુંદર ઘોષ આવે છે અને તેને સુખ આપે છે, સુખ આપે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- स यः कश्चिदेतमेवं यथोक्तमहिमानं विद्वान्सन्नादित्यं ब्रह्मेत्युपास्ते स तद्भावं प्रतिपद्यत इत्यर्थः । किञ्च दृष्टं फलमभ्याशः क्षिप्रं तद्विदः, यदिति क्रियाविशेषणम्, एनमेवंविदं साधवःशोभना घोषाः, साधुत्वं घोषादीनां यदुपभोगे पापानुबन्धाभावः । आ च गच्छेयुरागच्छेयुश्च, उप च निम्रेडेरन्नुपनिम्रेडेरंश्च न केवलमागमनमात्रं घोषाणामुपसुखयेयुश्चोपसुखं च कुर्युरित्यर्थः । द्विरभ्यासोऽध्यायपरिसमाप्त्यर्थ आदरार्थश्च ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે જે કોઈ આ આદિત્યને એવા મહિમાવાળા જાણીને તેની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે, તે તદ્રૂપ થઈ જાય છે - આવો આનો ભાવાર્થ છે અને તેને આ દૃષ્ટફળ પણ મળે છે - આવી રીતે જાણનારા તે ઉપાસક સમીપ અભ્યાશ :- શીઘ્ર જ સાધુ-સુંદર ઘોષ આવીને પ્રાપ્ત થાય છે. મૂળમાં 'यत्' શબ્દ ક્રિયાવિશેષણ છે. ઘોષાદિની સાધુતા આ છે કે તેનો ઉપભોગ કરવાથી પાપ સાથે સંબંધ થતો નથી. તે ઘોષ આવે છે અને તેને સુખ આપે છે, તેને સુખ આપે છે. તાત્પર્ય આ છે કે ઘોષોનું કેવળ આગમન થતું નથી તે તેને સુખ પણ આપે છે, સુખ પણ આપે છે. 'निम्रेडेरन्निम्रेडेरन्' આ દ્વિરુક્તિ અધ્યાયની સમાપ્તિ સૂચિત કરવા અને આદરનું પ્રદર્શન માટે છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि तृतीयाध्याय एकोनविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १९ ॥

છાંદોગ્યોપનિષદ્માં તૃતીય અધ્યાયના ઓગણીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

इति श्रीमद्गोविन्दभगवत्पूज्यपादशिष्यपरमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकरभगवत्पादकृतौ छान्दोग्योपनिषद्विवरणे तृतीयोऽध्यायः सम्पूर्णः ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चतुर्थोऽध्यायः

प्रथमः खण्डः

शाङ्करभाष्यम् :- वायुप्राणयोर्ब्रह्मणः पाददृष्ट्यध्यासः पुरस्ताद्वर्णितः । अथेदानीं तयोः साक्षाद्ब्रह्मत्वेनोपास्यत्वायोत्तरमारभ्यते । सुखावबोधार्थाख्यायिका विद्यादानग्रहणविधिप्रदर्शनार्था च । श्रद्धान्नदानानुद्धतत्वादीनां च विद्याप्राप्तिसाधनत्वं प्रदर्श्यत आख्यायिकया–

શાંકરભાષ્ય :- વાયુ અને પ્રાણમાં બ્રહ્મની પાદ દૃષ્ટિના અધ્યાસનું વર્ણન પહેલાં (ત્રીજા અધ્યાયમાં) કરવામાં આવ્યું. હવે તે તેનો સાક્ષાત્ બ્રહ્મરૂપે ઉપાસ્યત્વ બતાવાને માટે આગળનું પ્રકરણ આરંભ કરવામાં આવે છે. અહીં જે આખ્યાયિકા છે તે સરળતાથી સમજવા માટે તથા વિદ્યાના દાન અને ગ્રહણની વિધિ પ્રદર્શિત કરવાને માટે છે. વળી આ આખ્યાયિકા દ્વારા શ્રદ્ધા, અન્નદાન અને અનુદ્ધતત્વ (વિનય) વગેરેનું વિદ્યા પ્રાપ્તિમાં સાધનત્વ પણ પ્રદર્શિત કરવામાં આવે છે –

ॐ जानश्रुतिर्ह पौत्रायणः श्रद्धादेयो बहुदायी बहुपाक्य आस । स ह सर्वत आवसथान्मापयाञ्चक्रे सर्वत एव मेऽत्स्यन्तीति ॥ १ ॥

ॐ જનશ્રુતિની સંતાન પરંપરામાં ઉત્પન્ન તેમજ તેના પુત્રના પૌત્ર શ્રદ્ધાપૂર્વક આપનારા તેમજ બહુ દાન કરવાવાળા હતા અને તેના ત્યાં (દાન કરવાને માટે) બહુ જ અન્ન પકવવામાં આવતું હતું. તેને આ આશયથી કે લોકો બધી જગ્યાએ મારું જ અન્ન ખાશે, (એમ માની તેણે) સર્વત્ર નિવાસસ્થાનો (ધર્મશાળાઓ) બનાવી દીધા હતાં. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- जानश्रुतिर्जनश्रुतस्यापत्यम्, ह ऐतिह्यार्थः, पुत्रस्य पौत्रः पौत्रायणः स एव श्रद्धादेयः श्रद्धापुरःसरमेव ब्राह्मणादिभ्यो देयमस्येति श्रद्धादेयः । बहुदायी प्रभूतं दातुं शीलमस्येति बहुदायी । बहुपाक्यो बहु पक्तव्यमहन्यहनि गृहे यस्यासौ बहुपाक्यः । भोजनार्थिभ्यो बह्वस्य गृहेऽन्नं पच्यत इत्यर्थः । एवंगुणसम्पन्नोऽसौ जानश्रुतिः पौत्रायणो विशिष्टे देशे काले च कस्मिंश्चिदास बभूव । ★ स ह सर्वतः सर्वासु दिक्षु ग्रामेषु नगरेषु चावसथानेत्य वसन्ति येष्वित्यावसथास्तान्मापयाञ्चक्रे कारितवानित्यर्थः । सर्वत एव मे ममान्नं तेष्वावसथेषु वसन्तोऽत्स्यन्ति भोक्ष्यन्त इत्येवमभिप्रायः ॥ १ ॥

શાંકરભાષ્ય :- જાનશ્રુતિના - જનશ્રુતના અપત્ય (વંશધર), 'ह' આ નિપાત ઇતિહાસનો દ્યોતક છે, પુત્રના પૌત્રને પૌત્રાયણ કહે છે, તે જ શ્રદ્ધાદેય હતા, તેની પાસે જે કંઈ હતું તે બ્રાહ્મણ વગેરેને શ્રદ્ધાપૂર્વક આપવાને માટે હતું, એટલા માટે તેને શ્રદ્ધાદેય કહેવામાં આવ્યા છે, બહુદાયી - જેનો સ્વભાવ પુષ્કળ દાન કરવાનો હતો અને બહુપાક્ય - જેનાં ઘરમાં નિત્ય બહુ પાક્ય - પકાવેલું અન્ન રહેતું હતું અર્થાત્ જેના ઘેર ભોજનાર્થિઓને માટે પુષ્કળ અન્ન પકવવામાં આવતું હતું - એવું હતું, આવા ગુણોથી યુક્ત તે જનશ્રુતની સંતતિમાં જન્મેલો તેનો પ્રપૌત્ર કોઈ વિશિષ્ટ દેશ અને કાળમાં થયો હતો.

પ્રસિદ્ધ છે, તેણે બધી બાજુ સમસ્ત દિશાઓમાં ગામ અને નગરોની અંદર આવસથો (ધર્મશાળાઓ) - જેમાં આવીને યાત્રી રહે છે તે આવસથ કહેવાય છે - નિર્માણ કરાવ્યા અર્થાત્ બનાવડાવ્યાં હતાં. આનાથી તેનો આ અભિપ્રાય હતો કે તે ધર્મશાળામાં નિવાસ કરનારા લોકો સર્વત્ર મારું જ અન્ન-ભોજન કરશે. ॥ ૧ ॥

तत्रैवं सति राजनि तस्मिन् धर्मकाले हर्म्यतलस्थे–

ત્યાં આવી રીતે રહેતાં રહેતાં તે રાજા જ્યારે એકવાર ગરમીના વખતે પોતાના મહેલની છત ઉપર બેઠા હતાં –

अथ ह हँसा निशायामतिपेतुस्तद्धेवꣳ हꣳ सो हꣳ समभ्युवाद हो होऽयि भल्लाक्ष भल्लाक्ष जानश्रुतेः पौत्रायणस्य समं दिवा ज्योतिराततं तन्मा प्रसाङ्क्षीस्तत्त्वा मा प्रधाक्षीरिति ॥ २ ॥

તે સમયે રાત્રિમાં ત્યાંથી હંસ ઉડીને ગયા. તેમનામાંથી એક હંસે બીજા હંસને કહ્યું – 'અરે ઓ ભલ્લાક્ષ ! ઓ ભલ્લાક્ષ ! જો જાનશ્રુતિ પૌત્રાયણનું તેજ દ્યુલોક સમાન ફેલાયેલું છે, તું તેનો સ્પર્શ ન કર, તે તને ભસ્મ ન કરી દે.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ ह हंसा निशायां रात्रावतिपेतुः । ऋषयो देवता वा राज्ञोऽन्नदानगुणैस्तोषिताः सन्तो हंसरूपा भूत्वा राज्ञो दर्शनगोचरेऽतिपेतुः पतितवन्तः । तत्तस्मिन्काले तेषां पततां हंसानामेकः पृष्ठतः पतन्नग्रतः पतन्तं हंसमभ्युवादाभ्युक्तवान् हो होऽयीति भो भो इति सम्बोध्य भल्लाक्ष भल्लाक्षेत्यादरं दर्शयन्यथा पश्य पश्याश्चर्यमिति तद्वत् । भल्लाक्षेति मन्ददृष्टित्वं सूचयन्नाह ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अथवा सम्यग्ब्रह्मदर्शनाभिमानवत्त्वात्तस्यासकृदुपालब्धस्तेन पीड्यमानोऽमर्षितया तत्सूचयति भल्लाक्षेति । ★ जानश्रुतेः पौत्रायणस्य समं तुल्यं दिवा द्युलोकेन ज्योतिः प्रभास्वरमन्नदानादिजनितप्रभावजमाततं व्याप्तं द्युलोकस्पृगित्यर्थः । दिवाह्ना वा समं ज्योतिरित्येतत् । तन्मा प्रसाङ्क्षीः सङ्गनं सक्तिं तेन ज्योतिषा सम्बन्धं मा कार्षीरित्यर्थः । तत्प्रसङ्गनेन तज्ज्योतिस्त्वा त्वां मा प्रधाक्षीर्मा दहत्वित्यर्थः । पुरुषव्यत्ययेन मा प्रधाक्षीदिति ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે વખતે નિશા અર્થાત્ રાત્રિમાં ત્યાંથી હંસ ઉડીને ગયા. રાજાના અન્નદાન સંબંધી ગુણોથી સંતુષ્ટ થયેલાં ઋષિ અથવા દેવ હંસરૂપ થઈને રાજાની દૃષ્ટિ સામે થઈને ઉડ્યા. તે વખતે ઊડીને જતાં તે હંસોમાંથી પાછળ ઉડતા એક હંસે આગળ ઉડતાં, આગળ ઉડીને જતાં, બીજા હંસને 'અરે ઓ ભલ્લાક્ષ ! અરે ઓ ભલ્લાક્ષ !' આવી રીતે સંબોધન કરતાં કરતાં અને જેમ કે, 'જુઓ, જુઓ, મોટું આશ્રય છે' વગેરે કથનમાં જોવામાં આવે છે, તેવી રીતે 'ભલ્લાક્ષ ! ભલ્લાક્ષ !' આમ કહીને પોતાના કથન પ્રત્યે આદર પ્રદર્શિત કરતાં કરતાં કહ્યું. 'ભલ્લાક્ષ' આમ કહીને તેની મંદ દૃષ્ટિતાને સૂચિત કરતાં કરતાં તે બોલ્યા. અથવા સમ્યક્ બ્રહ્મ જ્ઞાનના અભિમાનથી યુક્ત હોવાના કારણે તે(આગળ ઉડનારા હંસ)થી નિરંતર છેડછાડ કરવાથી પીડિત થઈને ક્રોધવશ તેને 'ભલ્લાક્ષ' કહીને સૂચિત કરે છે. (શું સૂચિત કરે છે ? આ બતાવે છે –)

જાનશ્રુતિ પૌત્રાયણની જ્યોતિ - અન્નદાનાદિથી ઉત્પન્ન થયેલ પ્રભાવથી પ્રાપ્ત થયેલી કાંતિ-દ્યુલોક સમાન ફેલાયેલી છે, અર્થાત્ દ્યુલોકનો સ્પર્શ કરનારી છે. અથવા આનું આ પણ તાત્પર્ય હોઈ શકે છે કે દિવા એટલે દિવસ સમાન છે. તેનાથી પ્રસંગ-સંજન એટલે સક્તિ ન કરીશ અર્થાત્ તે જ્યોતિ સાથે સંબંધ ન કરીશ. તેનો સંગ કરવાથી તે જ્યોતિ તને ભસ્મ અર્થાત્ દગ્ધ ના કરી નાંખે. અહીં પુરુષનું પરિવર્તન કરીને ('मा प्रधाक्षीः' ના સ્થાનમાં) 'मा प्रधाक्षीत्' એવો પાઠ સમજવો જોઈએ. ॥ ૨ ॥

तमु ह परः प्रत्युवाच कम्वर एनमेतत्सन्तꣳ सयुग्वानमिव रैक्वमात्थेति यो नु कथꣳ सयुग्वा रैक्व इति ॥ ३ ॥

તેનાથી બીજા (અગ્રગામી) હંસે કહ્યું - 'અરે ! કયા મહત્ત્વથી યુક્ત રહેનારા આ રાજા પ્રત્યે આવી રીતે સમ્માનિત વચન કહી રહ્યો છું ? શું તું આને ગાડીવાળા રૈકવ જેવો બતાવે છે ?' (આ માટે તેણે પૂછ્યું -) 'આ ગાડીવાળો રૈકવ કેવો છે ?' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तमेवमुक्तवन्तं पर इतरोऽग्रगामी प्रत्युवाचारे निकृष्टोऽयं राजा वराकस्तं कमु एनं सन्तं केन माहात्म्येन युक्तं सन्तमिति कुत्सयत्येनमेवं सबहुमानमेतद्वचनमात्थ ? रैक्वमिव सयुग्वानं सह युग्वना गन्त्र्या वर्तत इति सयुग्वा रैक्व, तमिवात्थैनम् ? अननुरूपमस्मिन्, न युक्तमीदृशं वक्तुं रैक्व इवेत्यभिप्रायः । इतरश्चाह–यो नु कथं त्वयोच्यते सयुग्वा रैक्वः । इत्युक्तवन्तं भल्लाक्ष आह–शृणु यथा स रैक्वः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે કહેતાં તે હંસને બીજા આગળ ચાલનારા હંસે કહ્યું - 'અરે ! આ બિચારા રાજા તો બહુ જ તુચ્છ છે. ભલા કયા રૂપમાં વર્તમાન - કેવા મહત્ત્વથી યુક્ત રહેનારા આ રાજા પ્રત્યે તું આવી રીતે આ અત્યંત સમ્માનપૂર્ણ શબ્દ (વાત) કરી રહ્યો છે - એવું કહીને તે તેની અવજ્ઞા કરે છે - શું તું આને ગાડીવાળા રૈક્વ સમાન (બતાવે છે ?) જે યુગ્વા અર્થાત્ ગાડી સાથે રહે છે તેને સયુગ્વા કહે છે, એવો જે રૈક્વ છે તેના સમાન તું આને બતાવી રહ્યો છે ? આ કથન આને અનુરૂપ નથી, અર્થાત્ 'આ રૈક્વ જેવો છે' આવું કહેવું યોગ્ય નથી. આ માટે બીજાએ કહ્યું - 'જેના વિષયમાં તમે કહી રહ્યા છો તે ગાડીવાળા રૈક્વ કેવા છે ?' આવું કહેનારા તે હંસને ભલ્લાક્ષે કહ્યું 'જેવો તે રૈક્વ છે, તેવું સાંભળ.' ॥ ૩ ॥

यथा कृतायविजितायाधरेयाः संयन्त्येवमेनꣳ सर्वं तदभिसमेति यत्किञ्च प्रजाः साधु कुर्वन्ति यस्तद्वेद यत्स वेद स मयैतदुक्त इति ॥ ४ ॥

જેવી રીતે (દ્યૂતક્રીડામાં) કૃત નામના પાસા દ્વારા જીતનારા પુરુષને અધીન તેનાથી નિમ્ન શ્રેણીના બધા પાસા થઈ જાય છે તેવી રીતે પ્રજા જે કંઈ સત્કર્મ કરે છે તે સર્વ તે (રૈક્વ)ને પ્રાપ્ત તાય છે. જે વાત તે રૈક્વ જાણે છે તેને તો કોઈપણ જાણે છે તેના વિષયમાં પણ મેં આ તને કહ્યું. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- यथा लोके कृतायः कृतो नामायो द्यूतसमये प्रसिद्धश्चतुरङ्कः, स यदा जयति द्यूते प्रवृत्तानां तस्मै विजिताय तदर्थमितरे त्रिद्व्येकाङ्का अधरेयास्त्रेताद्वापरकलिनामानः संयन्ति संगच्छन्तेऽन्तर्भवन्ति । चतुरङ्के कृताये त्रिद्व्येकाङ्कानां

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

विद्यमानत्वात्तदन्तर्भवन्तीत्यर्थः । यथायं दृष्टान्तः, एवमेनं रैक्वं कृतायस्थानीयं त्रेताद्यस्थानीयं सर्वं तदभिसमेत्यन्तर्भवति रैक्वे । किं तत् ? यत्किञ्च लोके सर्वाः प्रजाः साधु शोभनं धर्मजातं कुर्वन्ति तत्सर्वं रैक्वस्य धर्मेऽन्तर्भवति । तस्य च फले सर्वप्राणिधर्मफलमन्तर्भवतीत्यर्थः । ★ तथान्योऽपि कश्चिद्यस्तद्वेद्यं वेद, किं तत् ? यद्वेद्यं स रैक्वो वेद तद्वेद्यमन्योऽपि यो वेद तमपि सर्वप्राणिधर्मजातं तत्फलं च रैक्वमिवाभिसमेतीत्यनुवर्तते । स एवंभूतोऽरैक्वोऽपि मया विद्वानेतदुक्त एवमुक्तः, रैक्ववत्स एव कृतायस्थानीयो भवतीत्यभिप्रायः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે લોકમાં દ્યૂતક્રીડા સમયે જે ચાર અંકવાળા કૃત નામના પાસા પ્રસિદ્ધ છે, જ્યારે દ્યૂતમાં પ્રવૃત્ત થયેલા પુરુષોના તે કૃત નામના પાસા જય પ્રાપ્ત કરે છે તો તેના દ્વારા વિજય પ્રાપ્ત કરનારાઓને જ ત્રણ, બે અને એક અંકથી યુક્ત ત્રેતા, દ્વાપર અને કલિ નામના નીચેના પાસા પણ પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ તેને અધીન થઈ જાય છે, તાત્પર્ય આ છે કે ચાર અંકથી યુક્ત કૃત નામના પાસામાં ત્રણ, બે અને એક અંકવાળા પાસા પણ વિદ્યમાન રહેવાને કારણે તે પણ તેના અંતર્ગત થઈ જાય છે. જેવું આ દૃષ્ટાંત છે, તેવી રીતે કૃત સ્થાનીય આ રૈક્વને ત્રેતાદિ સ્થાનીય તે સઘળું પ્રાપ્ત થઈ જાય છે - બધું તે રૈક્વની અંતર્ગત થઈ જાય છે. તે શું છે ? તે આ કે જે કંઈ લોકમાં પ્રજા સાધુ - શોભન એટલે ધર્મકાર્ય કરે છે તે બધું રૈક્વના ધર્મમાં સમાઈ જાય છે. તાત્પર્ય આ છે કે સમસ્ત પ્રાણીઓના ધર્મફળ તેના ધર્મફળની અંદર આવી જાય છે સમાઈ જાય છે.

વળી બીજો પુરુષ પણ, જે કોઈ એ વેદ્યને જાણે છે - તે વેદ્ય શું છે ? જેનાથી તે રૈક્વ જાણે છે તે વેદ્યને બીજો પણ જે કોઈ જાણે છે તેને પણ રૈક્વ સમાન સમસ્ત પ્રાણીઓનો ધર્મસમૂહ અને તેનું ફળ પ્રાપ્ત થઈ જાય છે, આવી રીતે અહીં 'सर्वं तदभिसमेति' આ પૂર્વ વાક્યનું અનુવર્તન થાય છે. તે આવા રૈક્વથી ભિન્ન વિદ્વાન પણ મેં આવું કરીને બતાવી દીધો. તાત્પર્ય આ છે કે રૈકવ સમાન તે જ કૃત નામના પાસાના જેવો બની છે. ॥ ૪ ॥

तदु ह जानश्रुतिः पौत्रायण उपशुश्राव । स ह संजिहान एव क्षत्तारमुवाचाङ्गारे ह सयुग्वानमिव रैक्व मात्थेति यो कथꣳसयुग्वा रैक्व इति ॥ ५ ॥ यथा कृताय विजितायाधरेयाः संयन्त्येवमेनꣳ सर्वं तदभिसमेति यत्किञ्च प्रजाः साधु कुर्वन्ति यस्तद्वेद यत्स वेद स मयैतदुक्त इति ॥ ६ ॥

આ વાતને જાનશ્રુતિ પૌત્રાયણે સાંભળી લીધી. (બીજા દિવસે સવારે) ઊઠતાં જ તેણે સેવકને કહ્યું - 'અરે ભાઈ ! તું ગાડીવાળા રૈક્વ જેવી શું મારી સ્તુતિ કરે છે ?' (આ માટે સેવકે પૂછ્યું -) 'આ જે ગાડીવાળો રૈકવ છે, કેવો છે ? ॥ ૫ ॥ (રાજાએ કહ્યું -) 'જેવી રીતે કૃત નામના પાસા દ્વારા જીતનારા પુરુષના આધીન તેનાથી નિમ્નવર્તી સમસ્ત પાસા થઈ જાય છે તેવી રીતે તે રૈક્વને જે કંઈ પ્રજા સત્કર્મ કરે છે, તે સર્વ પ્રાપ્ત થઈ જાય છે અને જે કંઈ તે (રૈક્વ) જાણે છે તેને જે કોઈ જાણે છે તેના વિષયમાં પણ આ કથન દ્વારા મેં બતાવી દીધું.' ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तदु ह तदेतदीदृशं हंसवाक्यमात्मनः कुत्सारूपमन्यस्य विदुषो रैक्वादेः प्रशंसारूपमुपशुश्राव श्रुतवान्हर्म्यतलस्थो राजा जानश्रुतिः पौत्रायणः । तच्च हंसवाक्यं स्मरन्नेव पौनःपुन्येन रात्रिशेषमतिवाहयामास । ★ ततः स वन्दिभी राजा स्तुतियुक्ताभिर्वाग्भिः प्रतिबोध्यमान उवाच क्षत्तारं संजिहान एव शयनं निद्रां वा परित्यजन्नेव, हेऽङ्गवत्सारे ह सयुग्वानमिव रैक्वमात्थ किं माम् ? स एव स्तुत्यर्हो नाहमित्याभिप्रायः । अथवा सयुग्वानं रैक्वमात्थ गत्वा मम तद्दिदृक्षाम्, तदेवशब्दोऽवधारणार्थोऽनर्थको वा वाच्यः । ★ स च क्षत्ता प्रत्युवाच रैक्वानयनकामो राज्ञोऽभिप्रायज्ञः । यो नु कथं सयुग्वा रैक्व इति राज्ञैवं चोक्त आनेतुं तच्चिह्नं ज्ञातुमिच्छन् यो नु कथं सयुग्वा रैक्व इत्यवोचत् । स च भल्लाक्षवचनमेवावोचत् ॥ ५-६ ॥

શાંકરભાષ્ય :- મહેલની છત ઉપર રહેલા રાજા જાનશ્રુતિ પૌત્રયણે પોતાની નિંદા રૂપ અને રૈક્વ વગેરે કોઈ બીજા વિદ્વાનની પ્રશંસારૂપ આ આવી રીતનું હંસનું વચન સાંભળી લીધું. અને તે હંસના વચનને પુનઃ પુનઃ સ્મરણ કરતાં કરતાં તેણે બાકીની રાત્રિ વિતાવી.

પછી બંદીજનો દ્વારા સ્તુતિયુક્ત વાક્યોથી જગાડતાં રાજાએ શય્યા અથવા નિંદ્રાનો ત્યાગ કરતાં સેવકને પૂછ્યું - 'હે વત્સ ! અરે ! શું તું મને ગાડીવાળા રૈક્વ જેવો બતાવી રહ્યો છું ?' તાત્પર્ય આ છે કે સ્તુતિને યોગ્ય તો તે છે, હું નથી, અથવા તું જઈને ગાડીવાળા રૈક્વને જોવાની મારી ઇચ્છા સાંભળ. આવો અર્થ થવાથી 'सयुग्वानम् इव' આમાં 'इव' શબ્દ નિશ્ચયાર્થક અથવા અર્થહીન કહેવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

રાજાના અભિપ્રાયને જાણનારા તે સેવકે રૈક્વને લાવવાની ઇચ્છાથી પૂછ્યું - 'આ જે ગાડીવાળો રૈક્વ છે, કેવો છે ?' અર્થાત્ રાજાના આવી રીતે કહેવાથી તેને લાવવા માટે તેના ચિહ્ન જાણવાની ઇચ્છાથી તેણે 'આ જે ગાડીવાળા રૈક્વ છે, કેવા છે ?' એમ કહ્યું. ત્યારે રાજાએ ભલ્લાક્ષનું વચન જ તેને કહી દીધું. ॥ ૫-૬ ॥

तस्य स्मरन्–

स ह क्षत्तान्विष्य नाविदमिति प्रत्येयाय तꣳ होवाच यत्रारे ब्राह्मणस्यान्वेषणा तदेनमर्च्छेति ॥ ७ ॥

તે સેવક તેની શોધ કરવા માટે 'હું તેને પામી શક્યો નહીં' એવું કહેતાં કહેતાં પાછો આવ્યો. ત્યારે તેને રાજાએ કહ્યું - 'અરે ! જ્યાં બ્રાહ્મણની શોધ કરવામાં આવે છે ત્યાં તેની પાસે જા.' ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- स ह क्षत्ता नगरं ग्रामं वा गत्वान्विष्य रैक्वं नाविदं न व्यज्ञासिषमिति प्रत्येयाय प्रत्यागतवान् । तं होवाच क्षत्तारमरे यत्र ब्राह्मणस्य ब्रह्मविद एकान्तेऽरण्ये नदीपुलिनादौ विविक्ते देशेऽन्वेषणानुमार्गणं भवति तत्तत्रैनं रैक्वमर्च्छ ऋच्छ गच्छ तत्र मार्गणं कुर्वित्यर्थः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- તે સેવક નગર અથવા શોધવાને માટે ગામમાં જઈને 'મેં રૈક્વને જાણ્યા નથી - ઓળખ્યા નથી.' એમ કહીને પાછો આવ્યો. ત્યારે રાજાએ તે સેવકને કહ્યું - 'અરે ! જ્યાં એકાંત જંગલમાં - નદીના કિનારે વગેરે શૂન્ય સ્થાનોમાં બ્રાહ્મણ - બ્રહ્મવેત્તાઓની શોધ કરવામાં આવે છે ત્યાં આ રૈક્વની પાસે 'ઋચ્છ' અર્થાત્ જા એટલે ત્યાં જઈને તેમની શોધ કર. ॥ ૭ ॥

इत्युक्तः– આવી રીતે કહેવાથી –

सोऽधस्ताच्छकटस्य पामानं कषमाणमुपोपविवेश तꣳ हाभ्युवाद त्वं नु भगवः सयुग्वा रैक्व इत्यहꣳह्यरा ३ इति ह प्रतिजज्ञे स ह क्षत्ताविदमिति प्रत्येयाय ॥ ८ ॥

તેણે એક ગાડીની નીચે ચામડી ખંજવાળતાં રૈક્વને જોયા. તે તેની પાસે બેસી ગયો અને બોલ્યો - 'ભગવન્ ! શું આપ જ ગાડીવાળા રૈક્વ છો ?' ત્યારે રૈક્વે 'અરે ! હાં, હું જ છું' એવું કહીને સ્વીકાર કર્યો. ત્યારે તે સેવક આમ સમજીને કે મેં તેને ઓળખી લીધો છે, પાછો આવ્યો. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- क्षत्तान्विष्य तं विजने देशेऽधस्ताच्छकटस्य गन्त्र्याः पामानं खर्जूं कषमाणं कण्डूयमानं दृष्ट्वा 'अयं नूनं सयुग्वा रैक्वः' इत्युपसमीप उपविवेश विनयेनोपविष्टवान् । तंच रैक्वं हाभ्युवादोक्तवान्–त्वमसि हे भगवो भगवन् सयुग्वा रैक्व इति । एवं पृष्टोऽहमस्मि ह्यरा ३ अर इति हानादर एव प्रतिजज्ञेऽभ्युपगतवान् । स तं विज्ञायाविदं विज्ञातवानस्मीति प्रत्येया प्रत्यागत इत्यर्थः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- તે સેવક નિર્જન સ્થાનમાં શોધવાથી તેને એક ગાડીની નીચે ચામડી ખંજવાળતા જોઈને 'નિશ્ચય આ જ ગાડીવાળા રૈક્વ છે' એવો નિશ્ચય કરીને તેની પાસે નમ્રતાપૂર્વક બેસી ગયો, તથા તે રૈક્વને પૂછ્યું, 'હે ભગવન્ ! ગાડીવાળા રૈક્વ આપ જ છો ?' આવી રીતે પૂછવાથી 'અરે ! હાં, હું જ છું,' આવી રીતે 'અરે' કહીને તેણે અનાદર જ પ્રગટ કર્યો. ત્યારે સેવક તેને જાણીને કે 'હવે મેં રૈક્વને જાણી લીધા - ઓળખી લીધા' એમ સમજીને પાછો આવ્યો. ॥ ૮ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये प्रथमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના પ્રથમ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वितीयः खण्डः

तदु ह जानश्रुतिः पौत्रायणः षट्शतानि गवां निष्कमश्वतरीरथं तदादाय प्रतिचक्रमेतꣳ हाभ्युवाद ॥ १ ॥

ત્યારે તે જાનશ્રુતિ (રાજા) પૌત્રાયણ સો ગાયો, એક હાર અને ગધેડીઓથી જોડેલો રથ લઈને તેની પાસે આવ્યા અને બોલ્યા. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- तत्तत्र ऋषेर्गार्हस्थ्यं प्रत्यभिप्रायं बुद्ध्वा धनार्थितां च उ ह एव जानश्रुतिः पौत्रायणः षट्शतानि गवां निष्कं कण्ठहारमश्वतरीरथमश्वतरीभ्यां युक्तं रथं तदादाय धनं गृहीत्वा प्रतिचक्रमे रैक्व प्रति गतवान् । तं च गत्वाभ्युवाद हाभ्युक्तवान् ॥ १ ॥

શાંકરભાષ્ય :- ત્યારે (સેવકના કથનથી) ઋષિના ગૃહસ્થાશ્રમ સંબંધી અભિપ્રાય અને ધનની ઇચ્છા જાણીને તે જાનશ્રુતિ પૌત્રાયણ છસો ગાયો, નિષ્ક-ગળાનો હાર અને એક અશ્વતરી રથ - બે અશ્વતરીઓ(ગધેડીઓ)થી જોડેલો રથ - આ આટલું ધન લઈને રૈક્વની પાસે ગયા. અને તેની પાસે જઈને અભિવાદન કર્યું અને કહ્યું. ॥ ૧ ॥

रैक्वेमानि षट्शतानि गवामयं निष्कोऽयमश्वतरीरथोऽनु म एतां भगवो देवताꣳ शाधि यां देवतामुपास्स इति ॥ २ ॥

'હે રૈક્વ ! આ છસો ગાયો, આ હાર અને આ બે ગધેડીઓથી જોડેલો રથ હું (આપના માટે) લાવ્યો છું. (આપ તેનો સ્વીકાર કરો અને) 'હે ભગવન્ ! આપ મને તે દેવનો ઉપદેશ આપો, જેની આપ ઉપાસના કરો છો.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- हे रैक्व गवां षट् शतानीमानि तुभ्यं मयानीतानि, अयं निष्कोऽश्वतरीरथश्चायमेतद्धनमादत्स्व, भगवोऽनुशाधि च मे मामेताम्, यां च देवतां त्वमुपास्से तद्देवतोपदेशेन मामनुशाधीत्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'હે રૈક્વ ! હું આપને માટે આ છસો ગાય લાવ્યો છું અને આ હાર અને બે ગધેડીઓથી જોડેલો રથ પણ લાવ્યો છું, આ ધનને લઈ લો, અને હે ભગવન્ ! મને એ દેવનો ઉપદેશ આપો જેની આપ ઉપાસના કરો છો, અર્થાત્ તે દેવનો ઉપદેશ કરીને મારું અનુશાસન કરો. ॥ ૨ ॥

तमु ह परः प्रत्युवाचाह हारेत्वा शूद्र तवैव सह गोभिरस्त्विति । तदु ह पुनरेव जानश्रुतिः पौत्रायणः सहस्रं गवां निष्कमश्वतरीरथं दुहितरं तदादाय प्रतिचक्रमे ॥ ३ ॥

તે રાજાને બીજા(અર્થાત્ રૈક્વ)એ કહ્યું - 'હે શૂદ્ર ! ગાયો સહિત આ હારયુક્ત રથ તારી પાસે જ રાખ.' ત્યારે આ જાનશ્રુતિ પૌત્રયણ એક હજાર ગાયો, એક હાર, ગધેડીઓથી જોડેલો રથ અને પોતાની કન્યા - આટલું ધન લઈને ફરીથી તેની પાસે આવ્યા. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तमेवमुक्तवन्तं राजानं प्रत्युवाच परो रैक्वः, अहेत्ययं निपातो विनिग्रहार्थो योऽन्यत्रेह त्वनर्थकः, एवशब्दस्य पृथक्प्रयोगात् । हारेत्वा हारेण युक्ता इत्वा गन्त्री सेयं हारेत्वा गोभिः सह तवैवास्तु तवैव तिष्ठतु, न ममापर्याप्तेन कर्मार्थमनेन प्रयोजनमित्यभिप्रायः, हे शूद्रेति । ★ ननु राजासौ क्षत्तृसम्बन्धात्स ह क्षत्तारमुवाचेत्युक्तम् । विद्याग्रहणाय च ब्राह्मणसमीपोपगमाच्छूद्रस्य चानधिकारात्कथमिदमननुरूपं रैक्वेणोच्यते हे शूद्रेति ? ★ तत्राहुराचार्याः—हंसवचनश्रवणाच्छुगेनमाविवेश, तेनासौ शुचा, श्रुत्वा रैक्वस्य महिमानं वा आद्रवतीति ऋषिरात्मनः परोक्षज्ञतां दर्शयञ्शूद्रेत्याहेति । शूद्रवद्वा धनेनैवैनं विद्याग्रहणायोपजगाम न च शुश्रूषया, न तु जात्यैव शूद्र इति । ★ अपरे पुनराहुरल्पं धनमाहृतमिति रुषैवैनमुक्तवाञ्छूद्रेति । लिङ्गं च ब्रह्महरण उपादानं धनस्येति । ★ तदु हर्षेर्मतं ज्ञात्वा पुनरेव जानश्रुतिः पौत्रायणो गवां सहस्रमधिकं जायां चर्षेरभिमतां दुहितरमात्मनस्तदादाय प्रतिचक्रमे क्रान्तवान् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે કહીને તે રાજાને તે બીજી વ્યક્તિ - રૈક્વે કહ્યું - 'અહ' આ નિપાત બીજી જગ્યાએ 'વિનિગ્રહ' અર્થમાં પ્રયુક્ત થાય છે, પરંતુ અહીં 'એવ' શબ્દનો અલગ પ્રયોગ હોવાને કારણે નિરર્થક છે. હારથી યુક્ત જે ઈત્વા - ગાડી તેને 'હારેત્વા' કહે છે, તે આ ગાયો સહિત 'હારેત્વા' તારો જ રહે. તાત્પર્ય આ છે કે હે શૂદ્ર ! જે કર્મ માટે અપર્યાપ્ત છે એવા આ ધનથી મને કોઈ પ્રયોજન નંથી.'

પૂર્વપક્ષી :- ક્ષત્તા(સેવક)થી સંબંધ હોવાને કારણે આ જાનશ્રુતિ તો રાજા છે, કારણ કે 'સ હ ક્ષત્તારમુવાચ' (તેણે સેવકને કહ્યું) એવું પહેલાં કહેવાઈ ગયું છે. અને શૂદ્રનો અધિકાર ન હોવાને કારણે બ્રાહ્મણ પાસે વિદ્યા ગ્રહણ માટે જવાને કારણે પણ (આ ક્ષત્રિય જ જણાય છે) પછી રૈક્વે 'હે શૂદ્ર' એવો અનુચિત શબ્દ કેમ કહ્યો ?

સિદ્ધાન્તી :- આ વિષયમાં આચાર્યો એવું કહે છે કે હંસનું વચન સાંભળીને આ જાનશ્રુતિમાં શોકનો આવેશ આવી ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

હતો. શોકથી અથવા રૈક્વની મહિમા સાંભળીને તે દ્રવીભૂત થઈ રહ્યો હતો, એટલા માટે ઋષિએ પોતાની પરોક્ષજ્ઞતા (દૂરથી જાણવાની શક્તિ) પ્રદર્શિત કરવાને માટે તેને 'શૂદ્ર' કહીને સંબોધિત કર્યો. અથવા તે શુદ્ર સમાન કેવળ ધન દ્વારા જ વિદ્યા ગ્રહણ કરવાને માટે તેની સમીપ ગયો હતો, શુશ્રૂષા દ્વારા ગ્રહણ કરવા ગયો ન હતો (એટલા માટે તેને 'શૂદ્ર' કહ્યા હોય) તે જાતિથી જ શૂદ્ર હોય - એવી વાત (અહીં) નથી.

પરંતુ અન્ય લોકો એમ કહે છે કે તે થોડું ધન લાવ્યા હતા એટલા માટે રોષવશ તેને શૂદ્ર કહ્યા હતા, ખૂબ જ ધન લાવવાથી તેને ગ્રહણ કરી લે આ વાતને સૂચિત કરે છે.

ત્યારે ઋષિનો અભિપ્રાય સમજીને રાજા જાનશ્રુતિ પૌત્રાયણ પહેલાંથી અધિક કરીને એક હજાર ગાયો તથા ઋષિની અભીષ્ટ પત્નીરૂપા પોતાની એક કન્યા લઈને ફરીથી તેમની પાસે ગયા. ॥ ૩ ॥

तꣳ हाभ्युवाद रैक्वेदꣳ सहस्रं गवामयं निष्कोऽयमश्वतरीरथ इयं जायायं ग्रामो यस्मिन्नास्सेऽन्वेव मा भगवः शाधीति ॥ ४ ॥ तस्या ह मुखमुपोद्गृह्णन्नुवाचाजहारेमाः शूद्रानेनैव मुखेनालापयिष्यथा इति ते हैते रैक्वपर्णा नाम महावृषेषु यत्रास्मा उवास स तस्मै होवाच ॥ ५ ॥

વળી તે(રૈક્વ)ને કહ્યું - હે રૈક્વ ! આ એક સહસ્ર (હજાર) ગાયો, આ હાર, આ ખચ્ચરોથી જોડેલો રથ, આ પત્ની અને આ ગામ જેમાં કે આપ છો, (એ બધું) લઈ લો અને હે ભગવન્ ! મને અવશ્ય અનુશાસિત કરો. ॥ ૪ ॥

ત્યારે તે(રાજકન્યા)ના મુખને જ (વિદ્યાગ્રહણનું દ્વાર) સમજીને રૈક્વે કહ્યું - 'અરે શૂદ્ર ! તું આ (ગાયો વગેરે) લાવ્યો છે (તો ઠીક છે) તું આ વિદ્યાગ્રહણના દ્વારેથી જ મને ભાષણ કરાવે છે.' આવી રીતે જ્યાં તે રૈક્વ રહેતાં હતાં તે રૈક્વપર્ણ નામનું ગામ મહાવૃષ દેશમાં પ્રસિદ્ધ છે. ત્યારે તેણે તેને કહ્યું. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- रैक्वेदं गवां सहस्रमयं निष्कोऽयमश्वतरीरथ इयं जायार्थं मम दुहितानीतायं च ग्रामो यस्मिन्नास्से तिष्ठसि स च त्वदर्थे मया कल्पितः । तदेतत्सर्वमादायानुशाध्येव मा मां हे भगवः । ★ इत्युक्तस्तस्या जायार्थमानीताया राज्ञो दुहितुर्हैव मुखं द्वारं विद्याया दाने तीर्थमुपोद्गृह्णञ्जानन्नित्यर्थः । **'ब्रह्मचारी धनदायी मेधावी श्रोत्रियः प्रियः । विद्यया वा विद्यां प्राह तानि तीर्थानि षण्मम'** इति विद्याया वचनं विज्ञायते हि । ★ एवं जानन्नुपोद्गृह्णन्नुवाचोक्तवान्—आजहाराहृतवान्भवान्यदिमा गा यच्चान्यद्धनं तत्साध्विति वाक्यशेषः । शूद्रेति पूर्वोक्तानुकृतिमात्रं न तु कारणान्तरापेक्षया पूर्ववत् । अनेनैव मुखेन विद्याग्रहण-तीर्थेनालापयिष्यथा आलापयसीति मां भाणयसीत्यर्थः । ★ ते हैते ग्रामा रैक्वपर्णा नाम विख्याता महावृषेषु देशेषु यत्र येषु ग्रामेषूवासोषितावान्रैक्वः, तानसौ ग्रामानदादस्मै रैक्वाय राजा । तस्मै राज्ञे धनं दत्तवते ह किलोवाच विद्यां स रैक्वः ॥ ४-५ ॥

શાંકરભાષ્ય :- (અને રૈક્વને કહ્યું -) 'હે રૈક્વ ! આ એક હજાર ગાયો, આ હાર, આ ખચ્ચરોથી યુક્ત રથ અને આ પત્ની અર્થાત્ આપની ભાર્યા થવાને માટે મારી કન્યા લાવ્યો છું, અને જેમાં આપ રહો છો તે ગામ પણ મેં આપને માટે જ નિશ્ચિત કરી દીધું છે. હે ભગવન્ ! આ સર્વને ગ્રહણ કરીને મને ઉપદેશ આપી જ દો.'

આમ કહેવામાં આવતાં ભાર્યા થવાને માટે લાવવામાં આવેલી તે રાજકન્યાના મુખને જ વિદ્યા દાનનું દ્વાર અર્થાત્ તીર્થ જાણીને (રૈક્વે કહ્યું -) આવું આનું તાત્પર્ય છે. આ વિષયમાં વિદ્યાનું આ વચન પ્રસિદ્ધ છે - **'બ્રહ્મચારી, ધન આપનારા, બુદ્ધિમાન, શ્રોત્રિય, પ્રિય અને જે વિદ્યાના બદલામાં વિદ્યાનો ઉપદેશ કરે છે - આ છ મારાં તીર્થ છે.'**

આવું જાણીને અર્થાત્ ગ્રહણ કરીને રૈક્વે કહ્યું - 'તું જે આ ગાયો અને અન્ય ધન લાવ્યો છે, આ બરાબર જ છે, - આવું વાક્યશેષ છે. અહીં જે 'શુદ્ર' એવું સંબોધન છે આ પૂર્વોક્તનું અનુકરણ માત્ર જ છે, પૂર્વવત્ કોઈ અન્ય કારણની અપેક્ષાએ નથી. આ મુખ એટલે વિદ્યાગ્રહણના દ્વારથી જ તું મારાથી આલાપ અર્થાત્ સંભાષણ કરાવે છે.'

તે આ રૈક્વપર્ણ નામથી પ્રસિદ્ધ નામ મહાવૃષ દેશમાં છે, જે ગામોમાં રૈક્વ રહેતાં હતાં, તે ગામ રાજાએ આ રૈક્વને આપી દીધું. આવી રીતે ધન આપનારા તે રાજાને રૈક્વે વિદ્યાનો ઉપદેશ કર્યો. ॥ ૪-૫ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये द्वितीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ २ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના દ્વિતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तृतीयः खण्डः

वायुर्वाव संवर्गो यदा वा अग्निरुद्वायति वायुमेवाप्येति यदा सूर्योऽस्तमेति वायुमेवाप्येति यदा चन्द्रोऽस्तमेति वायुमेवाप्येति ॥ १ ॥

વાયુ જ સંવર્ગ છે. જ્યારે અગ્નિ ઓલવાય છે તો વાયુમાં જ લીન થાય છે, જ્યારે સૂર્ય અસ્ત થાય છે તો વાયુમાં જ લીન થાય છે અને જ્યારે ચંદ્ર અસ્ત થાય છે તો વાયુમાં જ લીન થઈ જાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- वायुर्वाव संवर्गो वायुर्बाह्यो वावेत्यवधारणार्थः । संवर्गः संवर्जनात्संग्रहणात्संग्रसनाद्वा संवर्गः । वक्ष्यमाणा अग्न्याद्या देवता आत्मभावमापादयतीत्यतः संवर्गः । संवर्जनाख्यो गुणो ध्येयो वायुवत्, कृतायान्तर्भावदृष्टान्तात् । कथं संवर्गत्वं वायोः ? इत्याह–यदा यस्मिन्काले वा अग्निरुद्वायत्युद्वासनं प्राप्नोत्युपशाम्यति तदासावग्निर्वायुमेवाप्येति वायुस्वाभाव्यमपिगच्छति । तथा यदा सूर्योऽस्तमेति वायुमेवाप्येति । यदा चन्द्रोऽस्तमेति वायुमेवाप्येति । ★ ननु कथं सूर्याचन्द्रमसोः स्वरूपावस्थितयोर्वायावपिगमनम् ? ★ नैष दोषः, अस्तमनेऽदर्शन प्राप्तेर्वायुनिमित्तत्वात्, वायुना ह्यस्तं नीयते सूर्यः, चलनस्य वायुकार्यत्वात् । अथवा प्रलये सूर्याचन्द्रमसोः स्वरूपभ्रंशे तेजोरूपयोर्वायावेवापिगमनं स्यात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- વાયુ જ સંવર્ગ છે. અહીં 'વાયુ' શબ્દથી બાહ્યવાયુ અભિપ્રેત છે. 'વાવ' આ નિપાત નિશ્ચયાર્થક છે. સંવર્જન-સંગ્રહણ અથવા સંગ્રસન કરવાને કારણે તે સંવર્ગ છે. આગળ કહેવામાં આવનારા અગ્નિ વગેરે દેવોને વાયુ પોતાના સ્વરૂપમાં મેળવી દે છે એટલા માટે તે સંવર્ગ છે. કૃત નામના પાસામાં જેમ અન્ય પાસાઓનો અંતર્ભાવ થઈ જાય છે તે જ દૃષ્ટાંત અનુસાર વાયુ સમાન સંવર્જન સંજ્ઞક ગુણનું ચિંતન કરવું જોઈએ. વાયુની સંવર્ગતા કેવા પ્રકારે છે ? આ વિષયમાં શ્રુતિ કહે છે - જ્યારે અર્થાત્ જે વખતે અગ્નિ ઉદ્વાસનને પ્રાપ્ત થાય છે અર્થાત્ શાંત થઈ જાય છે તે વખતે આ અગ્નિ વાયુમાં જ લીન થઈ જાય છે અર્થાત્ વાયુના સ્વભાવને પ્રાપ્ત થઈ જાય છે. અને જે સમયને સૂર્ય અસ્ત થાય છે તે પણ વાયુમાં જ લીન થઈ જાય છે અને જ્યારે ચંદ્રમા અસ્ત તાય છે તે પણ વાયુમાં જ લીન થઈ જાય છે.

પૂર્વપક્ષી :- પોતાના સ્વરૂપમાં રહેલા સ્થિત સૂર્ય અને ચંદ્ર વાયુમાં કેવી રીતે લય થઈ જાય છે ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી. કારણ કે આના અસ્ત થઈ જવાથી અદર્શનને પ્રાપ્ત થવું વાયુને કારણે થાય છે. સૂર્ય વાયુ દ્વારા જ અસ્તને પ્રાપ્ત કરાવવામાં આવે છે, કારણ કે ગતિ વાયુનું જ કાર્ય છે અથવા પ્રલયકાળમાં તેજોરૂપ સૂર્ય અને ચંદ્રના સ્વરૂપનો નાશ થવાથી પણ તેઓનું વાયુમાં જ ગમન થઈ શકે છે. ॥ ૧ ॥

तथा– તથા –

यदाप उच्छुष्यन्ति वायुमेवापियन्ति वायुर्ह्येवैतान् सर्वान्संवृङ्क्त इत्यधिदैवतम् ॥ २ ॥

જે વખતે જળ સૂકાય છે તે વાયુમાં જ લીન થઈ જાય છે. વાયુ જ આ સર્વ જળોને પોતાનામાં લીન કરી દે છે. આ અધિદૈવત દૃષ્ટિ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- यदाप उच्छुष्यन्त्युच्छोषमाप्नुवन्ति तदा वायुमेवापियन्ति । वायुर्हि यस्मादेवैतानग्न्याद्यान्महाबलान्संवृङ्क्ते, अतो वायुः संवर्गगुणं उपास्य इत्यर्थः इत्यधिदैवतं देवतासु संवर्गदर्शनमुक्तम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- જ્યારે જળ સૂકાય છે - શોષણને પ્રાપ્ત થાય છે તે સમયે તે પણ વાયુમાં જ લીન થઈ જાય છે. કારણ કે વાયુ આ અગ્નિ વગેરે મહાબળવાન તત્ત્વોને પોતાનામાં લીન કરી લે છે, એટલા માટે વાયુની સંવર્ગ ગુણરૂપે ઉપાસના કરવી જોઈએ - આ આનું તાત્પર્ય છે. આવી રીતે આ અધિદૈવત દેવોમાં સંવર્ગ દૃષ્ટિ કહેવામાં આવી. ॥ ૨ ॥

अथाध्यात्मं प्राणो वाव संवर्गः स यदा स्वपिति प्राणमेव वागप्येति प्राणं चक्षुः प्राणꣳ श्रोत्रं प्राणं मनः प्राणो ह्येवैतान्सर्वान्संवृङ्क्त इति ॥ ३ ॥

હવે અધ્યાત્મદર્શન કહેવામાં આવે છે - પ્રાણ જ સંવર્ગ છે. જે વખતે તે પુરુષ સૂવે છે, પ્રાણને જ વાક્ ઇન્દ્રિય પ્રાપ્ત થઈ જાય છે, પ્રાણને જ ચક્ષુ, પ્રાણને જ શ્રોત્ર અને પ્રાણને જ મન પ્રાપ્ત થઈ જાય છે. પ્રાણ જ આ બધાને પોતાનામાં લીન કરી લે છે. ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- अथानन्तरमध्यात्ममात्मनि संवर्गदर्शनमिदमुच्यते—प्राणो मुख्यो वाव संवर्गः । स पुरुषो यदा यस्मिन्काले स्वपिति प्राणमेव वागप्येति वायुमिवाग्निः । प्राणं चक्षुः प्राणं श्रोत्रं प्राणं मनः प्राणो हि यस्मादेवैतान्वागादीन्सर्वान्संवृङ्क्त इति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- હવે આગળ આ અધ્યાત્મ અર્થાત્ આત્મામાં સંવર્ગદર્શન કહેવામાં આવે છે, મુખ્ય પ્રાણ જ સંવર્ગ છે. આ પુરુષ જે વખતે સૂવે છે તે વખતે પ્રાણને જ વાક્ ઈન્દ્રિય પ્રાપ્ત થઈ જાય છે, જેવી રીતે કે અગ્નિ વાયુને તથા પ્રાણને ચક્ષુ, પ્રાણને શ્રોત્ર અને પ્રાણને મન પ્રાપ્ત થઈ જાય છે. કારણકે પ્રાણ જ આ વાક્ વગેરે સર્વને પોતાનામાં લીન કરી લે છે. ॥ ૩ ॥

तौ वा एतौ द्वौ संवर्गौ वायुरेव देवेषु प्राणः प्राणेषु ॥ ४ ॥

તે એ બે જ સંવર્ગ છે - દેવોમાં વાયુ અને ઈન્દ્રિયોમાં પ્રાણ. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तौ वा एतौ द्वौ संवर्गौ संवर्जनगुणौ वायुरेव देवेषु संवर्गः प्राणः प्राणेषु वागादिषु मुख्यः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે એ બે જ સંવર્ગ - સંવર્જન ગુણવાળા છે - દેવોમાં વાયુ જ સંવર્ગ છે તથા વાક્ વગેરે પ્રાણોમાં (ઈન્દ્રિયોમાં) મુખ્ય પ્રાણ. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथैतयोः स्तुत्यर्थमियमाख्यायिकारभ्यते—

શાંકરભાષ્ય :- હવે આ(વાયુ અને પ્રાણ)ની સ્તુતિ માટે આખ્યાયિકા આરંભ કરવામાં આવે છે –

अथ ह शौनकं च कापेयमभिप्रतारिणं च काक्षसेनिं परिविष्यमाणौ ब्रह्मचारी बिभिक्षे तस्मा उ ह न ददतुः ॥ ५ ॥

એકવાર કપિ ગોત્રજ શૌનક અને કક્ષસેનના પુત્ર અભિપ્રતારીને, જ્યારે કે તેમને ભોજન પીરસવામાં આવી રહ્યું હતું એક બ્રહ્મચારીએ ભિક્ષા માંગી, પરંતુ તેમણે તેને ભિક્ષા આપી નહીં. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- हेत्यैतिह्यार्थः, शौनकं च शुनकस्यापत्यं शौनकं कापेयं कपिगोत्रमभिप्रतारिणं च नामतः कक्षसेनस्यापत्यं काक्षसेनिं भोजनायोपविष्टौ परिविष्यमाणौ सूपकारैर्ब्रह्मचारी ब्रह्मविच्छौण्डो बिभिक्षे भिक्षितवान् । ब्रह्मचारिणो ब्रह्मविन्मानितां बुद्ध्वा तं जिज्ञासमानो तस्मा उ भिक्षां न ददतुर्न दत्तवन्तौ ह किमयं वक्ष्यतीति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'ह' નિપાત ઐતિહ્ય(પૂર્વે થયેલી વાતનું)નો ઘોતક છે. શૌનક શુનકનો પુત્ર શૌનક કે જે કાપેય-કપિના ગોત્રમાં ઉત્પન્ન થયા હતા, તેનાથી અને કક્ષસેનના પુત્ર કાક્ષસેનિ, જે નામથી અભિપ્રતારિ હતા, તેનાથી, જ્યારે કે તે બંને ભોજનને માટે બેઠા હતાં અને રસોઈયાઓ દ્વારા તેમને ભોજન પીરસવામાં આવી રહ્યું હતું, પોતાને બ્રહ્મવેત્તાઓમાં શૂરવીર સમજનારા એક બ્રહ્મચારીએ ભિક્ષા માંગી. બ્રહ્મચારીના 'હું બ્રહ્મવેત્તા છું' એવા અભિમાનને જાણીને આ જાણવાની ઈચ્છાથી કે 'જોઈએ આ શું કહે છે ?' તેમણે ભિક્ષા ન આપી. ॥ ૫ ॥

स होवाच महात्मनश्चतुरो देव एकः कः स जगार भुवनस्य गोपास्तं कापेय नाभिपश्यन्ति मर्त्या अभिप्रतारिन्बहुधा वसन्तं यस्मै वा एतदन्नं तस्मा एतन्न दत्तमिति ॥ ६ ॥

તેણે કહ્યું - ભુવનોના રક્ષક તે એક દેવ પ્રજાપતિ ચાર મહાત્માઓને ગળી ગયા. હે કાપેય ! હે અભિપ્રતારિન ! મનુષ્ય અનેક પ્રકારે નિવાસ કરીને તે એક દેવને ન જોતાં, તથા જેના માટે આ અન્ન છે તેને જ આપવામાં ન આવ્યું. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- स होवाच ब्रह्मचारी महात्मनश्चतुर इति द्वितीयाबहुवचनम् । देव एकोऽग्न्यादीन्वायुर्वागादीन् प्राणः, कः स प्रजापतिर्जगार ग्रसितवान् कः स जगारेति प्रश्नमेके । भुवनस्य भवन्त्यस्मिन् भूतानीति भुवनं भूरादिः सर्वो लोकस्तस्य गोपा गोपायिता रक्षिता गोप्तेत्यर्थः । तं कं प्रजापतिं हे कापेय नाभिपश्यन्ति न जानन्ति मर्त्या मरणधर्माणोऽविवेकिनो वा हेऽभिप्रतारिन्बहुधाध्यात्माधिदैवताधिभूतप्रकारैर्वसन्तम् । यस्मै वा एतदहन्यहन्यन्नमदनायाह्रियते संस्क्रियते च तस्मै प्रजापतय एतदन्नं न दत्तमिति ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

શાંકરભાષ્ય :- તે બ્રહ્મચારીએ કહ્યું - 'महात्मनः' આ પદ (દ્વિતીય) વિભક્તિનું બહુવચન છે. તે એક જ દેવ કઃ પ્રજાપતિ અર્થાત્ વાયુ અગ્નિ વગેરેને અને પ્રાણ વાગાદિને ગળી ગયા. કોઈ કોઈનો મત છે કે જેણે ગળ્યા છે તે એક દેવ કોણ છે ? આવી રીતે આ એક પ્રશ્ન છે. તે ભુવનના - જેમાં ભૂત (પ્રાણી) વગેરે હોય છે તે ભુર્લોક વગેરે સમસ્ત લોકોને ભુવન કહે છે, તેના ગોપા - ગોપાયિતા અર્થાત્ રક્ષા કરનારા છે. હે કાપેય ! તે કઃ અર્થાત્ પ્રજાપતિને અથવા હે અભિપ્રતારિન્ ! અનેક પ્રકારે એટલે અધ્યાત્મ, અધિદૈવત અને અધિભૂત ભેદથી વાસ કરીને રહેલા - તે દેવને મર્ત્ય-મરણધર્મા અથવા અવિવેકી પુરુષ જાણતાં નથી. અને જેના ભક્ષણને માટે દરરોજ આ અન્નનું આહરણ - સંસ્કાર કરવામાં આવે છે તે પ્રજાપતિને જ અન્ન આપવામાં આવ્યું નહીં. ॥ ૬ ॥

तदु ह शौनकः कापेयः प्रतिमन्वानः प्रत्येयायात्मा देवानां जनिता प्रजानाꣳ हिरण्यदꣳष्ट्रो बभसोऽनसूरिर्महान्तमस्य महिमानमाहुरनद्यमानो यदनन्नमत्तीति वै वयं ब्रह्मचारिन्नेदमुपास्महे दत्तास्मै भिक्षामिति ॥ ७ ॥

તે વાક્યનું કપિગોત્ર ઉત્પન્ન શૌનકે મનન કર્યું અને પછી તે(બ્રહ્મચારી)ની પાસે આવીને કહ્યું - 'જે દેવતાઓના આત્મા, પ્રજાઓના ઉત્પત્તિ કર્તા, હિરણ્યદંષ્ટ્ર, ભક્ષણશીલ અને મેધાવી છે, જેનો મોટો મહિમા કહેવામાં આવ્યો છે, જે સ્વયં બીજાઓથી ખાઈ ન શકાનારા અને જે વસ્તુતઃ અન્ન નથી તેને પણ ભક્ષણ કરી જાય છે, હે બ્રહ્મચારિન્ ! તેની અમે ઉપાસના કરીએ છીએ. (એમ કહીને તેણે સેવકોને આજ્ઞા કરી) 'આ બ્રહ્મચારીને ભિક્ષા આપો.' ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- तदु ह—ब्रह्मचारिणो वचनं शौनकः कापेयः प्रतिमन्वानो मनसालोचयन्ब्रह्मचारिणं प्रत्येयायाजगाम। गत्वा चाह यं त्वमवोचो न पश्यन्ति मर्त्या इति तं वयं पश्याम, कथम् ? आत्मा सर्वस्य स्थावरजङ्गमस्य, किञ्च देवानामग्न्यादीनामात्मनि संहृत्य ग्रसित्वा पुनर्जनितोत्पादयिता वायुरूपेणाधिदैवतमग्न्यादीनाम् । अध्यात्मं च प्राणरूपेण वागादीनां प्रजानां च जनिता । ★ अथवात्मा देवानामग्निवागादीनां जनिता प्रजानां स्थावरजङ्गमानाम् । हिरण्यदंष्टोऽमृतदंष्ट्रोऽभग्नदंष्ट्र इति यावत् । बभसो भक्षणशीलः । अनसूरिः सूरिर्मेधावी न सूरिरसूरिस्तत्प्रतिषेधोऽनसूरिः सूरिरेवेत्यर्थः । महान्तमतिप्रमाणमप्रमेयस्य प्रजापतेर्महिमानं विभूतिमाहुर्ब्रह्मविदः । यस्मात्स्वयमन्यैरनद्यमानोऽभक्ष्यमाणो यदनन्नमग्निवागादिदेवतारूपमत्ति भक्षयतीति । वा इति निरर्थकः । वयं हे ब्रह्मचारिन् आ इदमेवं यथोक्तलक्षणं ब्रह्मवयमा उपास्महे । वयमिति व्यवहितेन सम्बन्धः । अन्ये न वयमिदमुपास्महे, किं तर्हि ? परमेव ब्रह्मोपास्महे इति वर्णयन्ति । दत्तास्मै भिक्षामित्यवोचद् भृत्यान् ॥ ७ ॥

શાંકરભાષ્ય :- કવિ ગોત્ર ઉત્પન્ન શૌનક, બ્રહ્મચારીના તે વચનની મનથી આલોચના કરીને, બ્રહ્મચારીની પાસે ગયા તથા જઈને આવી રીતે બોલ્યા - 'જેના વિષયમાં તમે કહ્યું કે મર્ત્યગણ તેને જોતાં નથી તેને અમે જોઈએ છીએ.' કેવી રીતે જુવે છે ? તે સંપૂર્ણ સ્થાવર-જંગમનો આત્મા અને અગ્નિ વગેરે દેવોના ઉત્પત્તિકર્તા અર્થાત્ અધિદૈવત વાયુરૂપે પોતાનામાં લીન કરીને અગ્નિ વગેરેના ફરીથી ઉત્પન્ન કરનારા અને અધ્યાત્મ પ્રાણરૂપે વાગાદિ પ્રજાઓની ઉત્પત્તિ કરનારા છે.

અથવા એમ સમજો કે એ અગ્નિ અને વાક્ વગેરે દેવોનો આત્મા અને સ્થાવર-જંગમ પ્રજાઓનો ઉત્પત્તિકર્તા છે. હિરણ્યદંષ્ટ્ર-અમૃતદંષ્ટ્ર અર્થાત્ જેની દાઢો કદો તૂટતી નથી, 'बभसः' - ભક્ષણશીલ, 'अनसूरिः' - સૂરિ મેધાવીને કહે છે, જે સૂરિ હોય નહીં તે 'असूरि' છે એનો નિષેધ એટલે તે સૂરિ (મેધાવી) જ છે એવો અર્થ થાય. બ્રહ્મવેત્તા લોકો આ પ્રજાપતિની મહતી - અતિ પ્રમાણવાળી અર્થાત્ અપ્રમેય મહિમા-વિભૂતિ બતાવે છે, કારણ કે આ સ્વયં બીજાઓથી અભક્ષ્યમાણ - ખાઈ ન શકાય તેવા અને જે અગ્નિ વગેરે દેવરૂપ અન્ન (બીજાઓનું અન્ન નહીં) તેનું અદન-ભક્ષણ કરે છે. 'वै' આ અવ્યય નિરર્થક છે. હે બ્રહ્મચારિન્ ! અમે આ ઉપર્યુક્ત લક્ષણોવાળા બ્રહ્મની જ ઉપાસના કરીએ છીએ. 'उपास्महे' આ ક્રિયાનો વ્યવધાન યુક્ત 'वयम्' આ કર્તા સાથે સંબંધ છે. કોઈ કોઈ ('ब्रह्मचारिन्नेदमुपास्महे' આનો 'ब्रह्मचारिन् न इदम् उपास्महे' આવો પદચ્છેદ કરીને) અમે આ બ્રહ્મની ઉપાસના નથી કરતાં, તો કોની કરો છો ? પરબ્રહ્મની જ ઉપાસના કરીએ છીએ આવી વ્યાખ્યા કરે છે. પછી તેણે સેવકોને કહ્યું કે 'આને ભિક્ષા આપો.' ॥ ૭ ॥

तस्मा उ ह ददुस्ते वा एते पञ्चान्ये पञ्चान्ये दश सन्तस्तत्कृतं तस्मात्सर्वासु दिक्ष्वन्नमेव दश कृतꣳ सैषाविराडन्नादि तयेदꣳ सर्वं दृष्टꣳ सर्वमस्येदं दृष्टं भवत्यन्नादो भवति य एवं वेद य एवं वेद ॥ ८ ॥

ત્યારે તેમણે ભિક્ષા આપી દીધી. તે એ (અગ્ન્યાદિ અને વાયુ) પાંચ (વાગાદિથી) અન્ય છે તથા આનાથી (વાગાદિ અને પ્રાણ) એ પાંચ અન્ય છે આવી રીતે આ સર્વ દસ થાય છે. આ દસ કૃત (કૃત નામના પાસાથી ઉપલક્ષિત દ્યૂત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

છે. એટલે સંપૂર્ણ દિશાઓમાં આ અન્ન જ દસ કૃત છે. આ વિરાટ જ અન્નાદી (અન્ન ભક્ષણ કરનારા) છે. તેના દ્વારા આ સર્વ દેખાઈ આવે છે. જે આવું જાણે છે તેના દ્વારા આ સર્વ જોઈ લેવામાં આવે છે અને તે અન્ન ભક્ષણ કરનારા થાય છે. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- तस्मा उ ह ददुस्ते हि भिक्षाम् । ते वै ये ग्रस्यन्तेऽग्न्यादयो यश्च तेषां ग्रसिता वायुः पञ्चान्ये वागादिभ्यः तथान्ये तेभ्यः पञ्चाध्यात्मं वागादयः प्राणश्च, ते सर्वे दश भवन्ति संख्यया, दश सन्तस्तत्कृतं भवति ते । चतुरङ्क एकाय एवं चत्वारस्त्र्यङ्काय एवं त्रयोऽपरे द्व्यङ्काय एवं द्वावन्यावेकाङ्काय एवमेकोऽन्य इति । एवं दश सन्तस्तत्कृतं भवति । ★ यत एवम्, तस्मात्सर्वासु दिक्षु दशस्वप्यग्न्याद्या वागाद्याश्च दशसंख्यासामान्यादन्नमेव । **'दशाक्षरा विराट्' 'विराडन्नम्'** इति हि श्रुतिः । अतोऽन्नमेव दशसंख्यत्वात् । तत एव दश कृतं कृतेऽन्तर्भावाच्चतुरङ्कायत्वेनेत्यवोचाम । सैषा विराड् दशसंख्या सत्यन्नं चान्नादी—अन्नादिनी च कृतत्वेन । कृते हि दशसंख्यान्तर्भूतातोऽन्नमन्नादिनी च सा । ★ तथा विद्वान्दशदेवतात्मभूतः सन्विराट्त्वेन दशसंख्यान्नं कृतसंख्ययान्नादी च । तथान्नान्नादिन्येदं सर्वं जगद्दशदिक्संस्थं दृष्टं कृतसंख्याभूतयोपलब्धम् । एवं-विदोऽस्य सर्वं कृतसंख्याभूतस्य दशदिक्संबद्धं दृष्टमुपलब्धं भवति । किञ्चान्नादश्च भवति य एवं वेद यथोक्तदर्शी । द्विरभ्यास उपासनसमाप्त्यर्थः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- ત્યારે તેમણે ભિક્ષા આપી દીધી. તે આ અગ્નિ વગેરે, જો કે ભક્ષણ કરવામાં આવે છે અને જે તેને ભક્ષણ કરનાર વાયુ છે - તે પાંચે વાગાદિથી ભિન્ન છે અને તેનાથી વાગાદિ અને પ્રાણ - આ પાંચ અધ્યાત્મ જુદાં છે. આ સર્વ સંખ્યામાં દસ થાય છે અને દસ હોવાને કારણે એ કૃત છે. તેમાંથી એક પાસો ચાર અંકોવાળો હોય છે, તેવી રીતે (અગ્નિ વગેરે અને વાગાદિ - આ) ચાર છે. જેવી રીતે ત્રણ અંકોવાળા પાસા હોય છે તેવી રીતે (અગ્ન્યાદિ અને વાગાદિમાંથી એક-એકને છોડીને) શેષ અન્ન છે. જેવી રીતે બે અંકવાળા પાસા હોય છે તેવી રીતે (બે-બેને છોડીને) અન્ય અન્ન છે અને જેવી રીતે એક અંકવાળા પાસા હોય છે તેવી રીતે આનાથી ભિન્ન (વાયુ અને પ્રાણ - આ અન્નાદી) છે. એવી રીતે (૪, ૩, ૨, ૧) આ સર્વ મળીને દસ હોવાને કારણે જ કૃત છે.

કારણ આવું છે, એટલા માટે સંપૂર્ણ એટલે દસ દિશાઓમાં અગ્ન્યાદિ અને વાગાદિ - આ દસ સંખ્યામાં સમાન હોવાને કારણે અન્ન જ છે. **'વિરાટ દસ અક્ષરોવાળું છે' 'વિરાટ અન્ન છે'** આવી શ્રુતિ પણ છે. એટલે દસ સંખ્યાવાળા હોવાને કારણે આ (અગ્ન્યાદિ અને વાગાદિ) અન્ન જ છે. એટલા માટે આ દસ કૃત છે કારણ કે ચાર અંકોવાળા હોવાથી કૃત નામના પાસામાં સર્વ પાસાઓનો અંતર્ભાવ થઈ જાય છે - આવું અમે પહેલાં કદી ચૂક્યા છીએ. તે આ વિરાટ દેવ દસ સંખ્યાવાળા હોઈને અન્ન અને અન્નાદી - અન્નાદિની અર્થાત્ અન્ન ભક્ષણ કરનાર છે, કારણ કે તે કૃતરૂપા છે. કૃતમાં દસ સંખ્યાનો અંતર્ભાવ છે. એટલા માટે આ અન્ન અને અન્નાદિની છે.

આવી રીતે જાણનાર ઉપાસક દસ દેવો સાથે તાદાત્મ્ય સાધીને દસ સંખ્યાના કારણે વિરાટરૂપે અન્ન અને કૃતરૂપથી અન્નાદી થઈ જાય છે. આવી રીતે કૃત સંખ્યાભૂત તે અન્ન અને અન્નાદિની દ્વારા દસે દિશાઓથી સંબદ્ધ આ સર્વ જગત દૃષ્ટ અર્થાત્ ઉપલબ્ધ કરી લેવામાં આવ્યું છે. આવી રીતે જાણનારા કૃત સંખ્યાભૂત આ વિદ્વાનોને દસે દિશાઓ સાથે જોડાઈ સર્વ કંઈ દૃષ્ટ એટલે ઉપલબ્ધ થઈ જાય છે. તથા પૂર્વોક્ત દૃષ્ટિવાળા જે ઉપાસક આવી રીતે જાણે છે તે અન્નાદ (અન્નનું ભક્ષણ કરનાર) પણ હોય છે. ('य एवं वेद, य एवं वेद') આ દ્વિરુક્તિ ઉપાસનાની સમાપ્તિને માટે છે.

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये तृतीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ ३ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના તૃતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्थः खण्डः

शाङ्करभाष्यम् :- सर्वं वागाद्यग्न्यादि चान्नान्नादत्वसंस्तुतं जगदेकीकृत्य षोडशधा प्रविभज्य तस्मिन्ब्रह्मदृष्टिर्विधातव्येत्यारभ्यते । श्रद्धातपसोर्ब्रह्मोपासनाङ्गत्वप्रदर्शनायाख्यायिका ।

શાંકરભાષ્ય :- અન્ન અને અન્નાદરૂપે સારી રીતે સ્તુતિ કરાયેલા વાગાદિ અને અગ્ન્યાદિરૂપ સંપૂર્ણ જગતને કારણરૂપે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

કરીને પછી તેના સોળ વિભાગ કરીને તેમાં બ્રહ્મદૃષ્ટિનું વિધાન કરવાનું છે, આના માટે હવે આરંભ કરવામાં આવે છે. અહીં જે આખ્યાયિકા છે તે શ્રદ્ધા અને તપનું બ્રહ્મોપાસનાનું અંગત્વ પ્રદર્શિત કરવાને માટે છે.

सत्यकामो ह जाबालो जबालां मातरमामन्त्रयाञ्चक्रे ब्रह्मचर्यं भवति विवत्स्यामि किंगोत्रो न्वहमस्मीति ॥ १ ॥

જબાલાના પુત્ર સત્યકામે પોતાની માતા જબાલાને નિવેદન કર્યું - 'હું બ્રહ્મચર્યપૂર્વક (ગુરુકુળમાં) નિવાસ કરવા ઇચ્છું છું, (બતાવો) હું કયા ગોત્રનો છું ?' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- सत्यकामो ह नामतः, हशब्द ऐतिह्यार्थः, जबालाया अपत्यं जाबालो जबालां स्वां मातरमामन्त्रयाञ्चक्र आमन्त्रितवान् । ब्रह्मचर्यं स्वाध्यायग्रहणाय हे भवति विवत्स्याम्याचार्यकुले किंगोत्रोऽहं किमस्य मम गोत्रं सोऽहं किंगोत्रो न्वहमस्मीति ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'હ' શબ્દ ઇતિહાસનો દ્યોતક છે. જબાલાના પુત્રે, જે નામે સત્યકામ હતો, પોતાની માતા જબાલાને આમંત્રિત - સંબોધિત (કરીને નિવેદન) કર્યું - 'હે પૂજનીય ! હું સ્વાધ્યાય ગ્રહણને માટે બ્રહ્મચર્યપૂર્વક આચાર્યકુળમાં નિવાસ કરીશ. હું કયા ગોત્રનો છું ? મારું કયું ગોત્ર છે ? અર્થાત્ હું કયા ગોત્રવાળો છું ?' ॥ ૧ ॥

एवं पृष्टा– આવી રીતે પૂછવામાં આવતાં –

सा हैनमुवाच नाहमेतद्वेद तात यद्गोत्रस्त्वमसि ब्रह्मचरन्ती परिचारिणी यौवने त्वामलभे साहमेतन्न वेद यद्गोत्रस्त्वमसि जबाला तु नामाहमस्मि सत्यकामो नाम त्वमसि स सत्यकाम एव जाबालो ब्रुवीथा इति ॥ २ ॥

તેણે તેને કહ્યું 'હે તાત ! તું કયા ગોત્રનો છે તે હું જાણતી નથી. પહેલાં હું પતિના ઘેર આવેલા બહુ જ અતિથિઓની સેવા-કરનારી પરિચારિકા હતી. (પરિચર્યામાં સંલગ્ન હોવાને ગોત્ર વગેરેની બાજુ મારું ધ્યાન ન હતું) તે જ દિવસોમાં યુવાવસ્થામાં જ્યારે મેં તને પ્રાપ્ત કર્યો (તારા પિતા પરલોકવાસી થઈ ગયા, એટલે તેમને પણ પૂછી શકી નહીં) એટલા માટે હું આ નથી જાણતી કે તું કયા ગોત્રવાળો છે ? હું તો જબાલા નામવાળી છું અને તું સત્યકામ નામવાળો છે. એટલે તું પોતાને 'સત્યકામ જાબાલ' કહેજે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- जबाला सा हैनं पुत्रमुवाच–नाहमेतत्तव गोत्रं वेद, हे तात यद्गोत्रस्त्वमसि । कस्मान्न वेत्सि ? इत्युक्ताह–बहु भर्तृगृहे परिचर्याजातमतिथ्यभ्यागतादि चरन्त्यहं परिचारिणी परिचरन्तीति परिचरणशीलैवाहं परिचरणचित्ततया गोत्रादिस्मरणे मम मनो नाभूत् । यौवने च तत्काले त्वामलभे लब्धवत्यस्मि । तदैव ते पितोपरतः । अतोऽनाथाहं साहमेतन्न वेद यद्गोत्रस्त्वमसि । जबाला तु नामाहमस्मि सत्यकामो नाम त्वमसि स त्वं सत्यकाम एवाहं जाबालोऽस्मीत्याचार्याय ब्रुवीथाः, यद्याचार्येण पृष्ट इत्यभिप्रायः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે જબાલાએ પોતાના તે પુત્રને કહ્યું - 'હે તાત્ ! જે ગોત્રવાળો તું છે હું આ તારા ગોત્રને જાણતી નથી.' કેમ નથી જાણતી ? આવી રીતે કહેવામાં આવતાં તે બોલી - 'પતિના ઘરમાં અતિથિ અને અભ્યાગતાદિઓની બહુ જ સેવા ચાકરી કરનારી હું પરિચારિકા - પરિચર્યા કરનારી અર્થાત્ શુશ્રુષાપરાયણા હતી. પરિચર્યામાં મન લાગેલું રહેવાથી ગોત્રાદિને યાદ રાખવામાં મારું મન હતું નહીં. અને તે વખતે યુવાવસ્થામાં જ મેં તને પ્રાપ્ત કરી લીધો હતો. તે વખતે તારા પિતાનો દેહાંત થઈ ગયો. એટલા માટે હું અનાથા થઈ ગઈ અને આથી મને આની કંઈ ખબર નથી કે તું કયા ગોત્રવાળો છે. હું તો જબાલા નામવાળી છું અને તું સત્યકામ જ છે, એટલે તાત્પર્ય આ છે કે જો આચાર્ય તને પૂછે તો તું આ જ કહી દેજે કે 'હું (સત્યકામ) જાબાલ છું' ॥ ૨ ॥

स ह हारिद्रुमतं गौतममेत्योवाच ब्रह्मचर्यं भगवति वत्स्याम्युपेयां भगवन्तमिति ॥ ३ ॥

તેણે હારિદ્રુમત ગૌતમની પાસે જઈને કહ્યું - 'હું પૂજ્ય શ્રીમાનના ત્યાં બ્રહ્મચર્યપૂર્વક વાસ કરીશ. આ માટે આપની પાસે આવ્યો છું.' ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- स ह सत्यकामो हारिद्रुमतं हरिद्रुमतोऽपत्यं हारिद्रुमतं गौतमं गोत्रत एत्य गत्वोवाच ब्रह्मचर्यं भगवति पूजावति त्वयि वत्स्याम्यत उपेयामुपगच्छेयं शिष्यतया भगवन्तम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે સત્યકામે, જે ગોત્રથી ગૌતમ હતાં, તે હારિદ્રુમત - હરિદ્રુમાનના પુત્રની પાસે જઈને કહ્યું – 'આપ ભગવન્ - પૂજ્યવરને ત્યાં હું બ્રહ્મચર્યપૂર્વક નિવાસ કરીશ, એટલા માટે હું આપની પાસે આવ્યો છું. - શિષ્યભાવથી ગમન કરું છું.' ॥ ૩ ॥

इत्युक्तवन्तम्– આવી રીતે કહેનારા –

तꣳ होवाच किंगोत्रो नु सोम्यासीति स होवाच नाहमेतद्वेद भो यद्गोत्रोऽहमस्म्यपृच्छं मातरꣳ सा मा प्रत्यब्रवीद्बह्वहं चरन्ती परिचारिणी यौवने त्वामलभे साहमेतन्न वेद यद्गोत्रस्त्वमसि जबाला तु नामाहमस्मि सत्यकामो नाम त्वमसीति सोऽहꣳ सत्यकामो जाबालोऽस्मि भो इति ॥ ४ ॥

તેને (ગૌતમે) કહ્યું - 'હે સૌમ્ય ! તું કયા ગોત્રવાળો છે ?' તેણે કહ્યું - 'ભગવન્ ! હું કયા ગોત્રવાળો છું તેને જાણતો નથી. મેં માતાને પૂછ્યું હતું, તેણે મને આ ઉત્તર આપ્યો કે 'પહેલાં હું પતિના ઘેર આવેલા બહુ જ અતિથિઓની સેવા કરનારી પરિચારિકા હતી. યુવાવસ્થામાં મેં તને પ્રાપ્ત કર્યો એટલા માટે હું આ નથી જાણતી કે તું કયા ગોત્રવાળો છે ? હું જબાલા નામવાળી છું અને તું સત્યકામ નામવાળો છે.' એટલે હે (ગુરો) ! હું સત્યકામ જાબાલ છું' ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तं होवाच गौतमः-किंगोत्रो नु सोम्यासि ? इति, विज्ञातकुलगोत्रः शिष्य उपनेतव्यः, इति पृष्टः प्रत्याह सत्यकामः । स होवाच नाहमेतद्वेद भोः, यद्गोत्रोऽहमस्मि, किं त्वपृच्छं पृष्टवानस्मि मातरम्, सा मया पृष्टा मां प्रत्यब्रवीन्माता–बह्वहं चरन्तीत्यादि पूर्ववत् । तस्या अहं वचः स्मरामि, सोऽहं सत्यकामो जाबालोऽस्मि भो इति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તેને ગૌતમે કહ્યું - હે સૌમ્ય ! તું કયા ગોત્રવાળો છે ? કારણ કે જેના કુળ અને ગોત્રની જાણ હોય તેને જ શિષ્ય તરીકે સ્વીકારવો જોઈએ.' આવી રીતે પૂછવામાં આવતાં સત્યકામે ઉત્તર આપ્યો. તે બોલ્યો - ભગવન્ ! હું જે ગોત્રવાળો છું, તેને જાણતો નથી, પરંતુ મેં માતાને પૂછ્યું હતું, મારા દ્વારા પૂછવામાં આવતાં માતાએ મને સામો જવાબ આપ્યો 'હું બહુ જ અતિથિઓની સેવા કરનારી' વગેરે પૂર્વવત્ સમજવું જોઈએ. મને તેના તે વચન યાદ છે, એટલે હે (ગુરો) ! હું સત્યકામ જાબાલ છું.' ॥ ૪ ॥

तꣳ होवाच नैतदब्राह्मणो विवुक्तु मर्हति समिधꣳ सोम्याहरोप त्वा नेष्ये न सत्यादगा इति । तमुपनीय कृशानामबलानां चतुःशता गा निराकृत्योवाचेमाः सोम्यानुसंव्रजेति ता अभिप्रस्थापयन्नुवाच नासहस्रेणावर्तेयेति स ह वर्षगणं प्रोवास ता यदा सहस्रꣳसंपेदुः ॥ ५ ॥

તેને (ગૌતમે) કહ્યું, 'આવું અબ્રાહ્મણ - જે બ્રાહ્મણ ન હોય તે-બોલી શકે નહીં. હે સોમ્ય ! તું સમિધા લઈ આવ, હું તને શિષ્ય તરીકે સ્વીકારીશ. તું સત્યથી દૂર ગયો નથી.' તેનો સ્વીકાર કરીને ચારસો ગાયો જુદી તારવીને કહ્યું, 'હે સોમ્ય ! આ(ગાયો)ની પાછળ પાછળ (ચરાવવા માટે) તું જા' તેણે જતી વખતે કહ્યું.' 'આની સંખ્યા એક હજારની નહીં થાય ત્યાં સુધી હું પાછો આવીશ નહીં.' તે વર્ષો સુધી - લાંબા સમય સુધી (બહાર વનમાં) રહ્યો. જ્યાં સુધી ગાયો એક હજાર થઈ. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- तं होवाच गौतमो नैतद्वचोऽब्राह्मणो विशेषेण वक्तुमर्हत्यार्जवार्थसंयुक्तम् । ऋजवो हि ब्राह्मणा नेतरे स्वभावतः । यस्मान्न सत्याद्ब्राह्मणजातिधर्मादगा नापेतवानसि, अतो ब्राह्मणं त्वामुपनेष्येऽतः संस्कारार्थं होमाय समिधं सोम्याहरेत्युक्त्वा तमुपनीय कृशानामबलानां गोयूथान्निराकृत्यापकृष्य चतुःशता चत्वारि शतानि गवामुवाचेमा गाः सोम्यानुसंव्रजागच्छ । ★ इत्युक्तस्ता अरण्यं प्रत्यभिप्रस्थापयन्नुवाच नासहस्रेणापूर्णेन सहस्रेण नावर्तेय न प्रत्यागच्छेयम् । स एवमुक्त्वा गा अरण्यं तृणोदकबहुलं द्वन्द्वरहितं प्रवेश्य स ह वर्षगणं दीर्घं प्रोवास प्रोषितवान् । ताः सम्यग्गावो रक्षिता यदा यस्मिन्काले सहस्रं संपेदुः संपन्ना बभूवुः ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- તેને ગૌતમે કહ્યું - આવું સરલ અર્થયુક્ત વચન વિશેષતઃ કોઈ અબ્રાહ્મણ બોલી શકે નહીં, કારણ કે બ્રાહ્મણ તો સ્વભાવતઃ જ સરલ હોય છે, બીજા લોકો નહીં. કારણ કે તું બ્રાહ્મણ જાતિના ધર્મ સત્યથી વિચલિત અર્થાત્ ભ્રષ્ટ થયો નથી, એટલે હું તારા જેવા બ્રાહ્મણના ઉપનયન સંસ્કાર કરીશ. એટલા માટે હે સૌમ્ય ! સંસ્કારાર્થ હોમ કરવાને માટે તું સમિધ લઈ આવ.' આવું કહીને તેના ઉપનયન કરીને પછી તેમના ગાયોના જૂથમાંથી ચાર સો કૃશ અને નિર્બલ ગાયો અલગ કરીને તેને કહ્યું - 'હે સૌમ્ય ! તું આ ગાયોનું અનુગમન કર - આની પાછળ-પાછળ જા.'

આવી રીતે કહેવાથી તેને વન તરફ હાંકતાં સત્યકામે કહ્યું - 'એક સહસ્ર થયા વિના અર્થાત્ આની એક સહસ્ર સંખ્યા પુરી થયા વિના હું પાછો આવીશ નહીં' આવું કહીને તે એ ગાયોને એક વનમાં, જેમાં કે તૃણ (ઘાસ) અને જળની અધિકતા હતી અને જે સર્વથા દ્વંદ્વ રહિત હતું, લઈ ગયો અને વર્ષો સુધી - બહુ જ કાળ પર્યંત, જ્યાં સુધી કે સમ્યક્ પ્રકારે રક્ષા કરવામાં આવેલી તે ગાયો એક સહસ્ર થઈ, ત્યાં રહ્યો. ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये चतुर्थखण्डभाष्यं सम्पूर्णम् ॥ ४ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના ચતુર્થ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चमः खण्डः

शाङ्करभाष्यम् :- तमेतं श्रद्धातपोभ्यां सिद्धं वायुदेवता दिक्सम्बन्धिनी तुष्टा सत्यृषभमनुप्रविश्यर्षभभावमापन्नानुग्रहाय ।

શાંકરભાષ્ય :- શ્રદ્ધા અને તપથી સિદ્ધ થયેલા તે આ સત્યકામથી દિક્ સંબંધિની વાયુદેવતા સંતુષ્ટ થઈને ઋષભ(સાંઢ)માં અનુપ્રવિષ્ટ થયા અર્થાત્ તેના ઉપર અનુગ્રહ કરવાને ઋષભ ભાવને પ્રાપ્ત થયા.

अथ हैनमृषभोऽभ्युवाद सत्यकाम ३ इति भगव इति ह प्रतिशुश्राव प्राप्ताः सोम्य सहस्रꣳस्मः प्रापय न आचार्यकुलम् ॥ १ ॥

હવે તેને સાંઢે 'હે સત્યકામ !' એમ કહ્યું તેણે 'હે ભગવન્ !' એવો ઉત્તર આવ્યો. (તે બોલ્યો) 'હે સૌમ્ય ! અમે એક સહસ્ર થઈ ગયા છીએ, હવે તું અમને આચાર્યકુળમાં પહોંચાડી દે.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- किं च–अथ हैनमृषभोऽभ्युवादाभ्युक्तवान्सत्यकाम ३ इति सम्बोध्य, तमसौ सत्यकामो भगव इति ह प्रतिशुश्राव प्रतिवचनं ददौ । प्राप्ताः सोम्य सहस्रं स्मः, पूर्णा तव प्रतिज्ञा, अतः प्रापय नोऽस्मानाचार्यकुलम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે તેને સાંઢે 'સત્યકામ !' આવી રીતે સંબોધન કરીને કહ્યું. તેને સત્યકામે 'ભગવન્ !' એમ કહીને પ્રતિવચન-પ્રત્યુત્તર આપ્યો. (સાંઢે કહ્યું) 'હે સૌમ્ય ! અમે એક સહસ્ર થઈ ગયા છીએ, તારી પ્રતિજ્ઞા પૂરી થઈ ગઈ, એટલે હવે તું અમને આચાર્ય કુળમાં પહોંચાડી દે.' ॥ ૧ ॥

ब्रह्मणश्च ते पादं ब्रवाणीति ब्रवीतु मे भगवानिति तस्मै होवाच प्राची दिक्कला प्रतीची दिक्कला दक्षिणा दिक्कलोदीची दिक्कलैष वै सोम्य चतुष्कलः पादो ब्रह्मणः प्रकाशवान्नाम ॥ २ ॥

'(શું) હું તને બ્રહ્મનો એક ચરણ બતાવું ?' ત્યારે (સત્યકામે) કહ્યું - 'ભગવન્ મને બતાવો.' તેણે તેને કહ્યું - 'પૂર્વ દિક્કલા, પશ્ચિમ દિક્કલા, દક્ષિણ દિક્કલા અને ઉત્તર દિક્કલા, હે સૌમ્ય ! આ બ્રહ્મનું 'પ્રકાશવાન' નામનું ચાર કળાઓવાળું ચરણ છે.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अहं ब्रह्मणः परस्य ते तुभ्यं पादं ब्रवाणि कथयानि ? इत्युक्तः प्रत्युवाच–ब्रवीतु कथयतु मे मह्यं भगवान् । इत्युक्त ऋषभस्तस्मै सत्यकामाय होवाच–प्राची दिक्कला ब्रह्मणः पादस्य चतुर्थो भागः तथा प्रतीची दिक्कला दक्षिणा दिक्कलोदीची दिक्कलैष वै सोम्य ब्रह्मणः पादश्चतुष्कलश्चतस्रः कला अवयवा यस्य सोऽयं चतुष्कलः पादो ब्रह्मणः प्रकाशवान्नाम प्रकाशवानित्येव नामाभिधानं यस्य । तथोत्तरेऽपि पादास्त्रयश्चतुष्कला ब्रह्मणः ॥ २ ॥

શાંકરભાષ્ય :- (શું) હું તને પરબ્રહ્મનો એક ચરણ બતાવું - કહું ?' એમ કહેવામાં આવતાં સત્યકામે ઉત્તર આપ્યો -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

'ભગવન્ મને બતાવો.' આવી રીતે કહેવામાં આવતાં સાંઢે તે સત્યકામને કહ્યું - 'પૂર્વ દિક્કલા તે બ્રહ્મના પાદનો ચોથો ભાગ છે. આવી રીતે પશ્ચિમ દિક્કલા, દક્ષિણ દિક્કલા અને ઉત્તર દિક્કલા છે - હે સૌમ્ય ! આ બ્રહ્મનો ચતુષ્કલપાદ છે - જેમાં ચાર કલાઓ-અવયવ છે એવો આ બ્રહ્મનો પ્રકાશવાન નામનો અર્થાત્ 'प्रकाशवान्' આ જ જેનું નામ છે (એવો એક પાદ છે.). આવી રીતે બ્રહ્મના આગળના ત્રણ પાદ પણ ચાર કલાઓવાળા જ છે.' ॥ ૨ ॥

स य एतमेवं विद्वाꣳश्चतुष्कलं पादं ब्रह्मणः प्रकाशवानित्युपास्ते प्रकाशवानस्मिँल्लोके भवति प्रकाशवतो ह लोकाञ्जयति य एतमेवं विद्वाꣳश्चतुष्कलं पादं ब्रह्मणः प्रकाशवानित्युपास्ते ॥ ३ ॥

તે, જે આને આવી રીતે જાણનારો પુરુષ બ્રહ્મના આ ચતુષ્કલ પાદની 'प्रकाशवान्' આ ગુણથી યુક્ત ઉપાસના કરે છે, આ લોકમાં પ્રકાશવાન થાય છે અને પ્રકાશવાન લોકોને જીતી લે છે, જો કે આને આવી રીતે જાણનારા પુરુષ બ્રહ્મના આ ચતુષ્કલ પાદની 'प्रकाशवान्' તરીકે ઉપાસના કરે છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स यः कश्चिदेवं यथोक्तमेतं ब्रह्मणश्चतुष्कलं पादं विद्वान्प्रकाशवानित्यनेन गुणेन विशिष्टमुपास्ते तस्येदं फलं प्रकाशवानस्मिँल्लोके भवति प्रख्यातो भवतीत्यर्थः । तथादृष्टं फलं प्रकाशवतो ह लोकान्देवादिसम्बन्धिनो मृतः सञ्जयति प्राप्नोति । य एतमेवं विद्वांश्चतुष्कलं पादं ब्रह्मणः प्रकाशवानित्युपास्ते ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે, જે કોઈ વિદ્વાન બ્રહ્મના આ ચતુષ્કલ પાદની આવી રીતે 'प्रकाशवान्' આ ગુણથી યુક્ત ઉપાસના કરે છે તેને આ ફળ મળે છે કે તે આ લોકમાં પ્રકાશવાન અર્થાત્ વિખ્યાત થાય છે. અને અદૃષ્ટફળ આ હોય છે કે તે મર્યા પછી દેવાદિથી સંબદ્ધ પ્રકાશવાન લોકોને જીતી લે છે, પ્રાપ્ત કરે છે જે વિદ્વાન આવી રીતે બ્રહ્મના આ ચતુષ્કલ પાદની 'प्रकाशवान्' આ રૂપે ઉપાસના કરે છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये पञ्चमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ५ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના પાંચમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षष्ठः खण्डः

अग्निष्टे पादं वक्तेति स ह श्वोभूते गा अभिप्रस्थापयाञ्चकार । ता यत्राभि सायं बभूवुस्तत्राग्निमुपसमाधाय गा उपरुध्य समिधमाधाय पश्चादग्नेः प्राङुपोपविवेश ॥ १ ॥

'અગ્નિ તને (બીજો) પાદ બતાવશે' - આવું (કહીને વૃષભ મૌન થઈ ગયો). બીજા દિવસે તેણે ગાયોને (ગુરુકુલ બાજુ) હાંકી દીધી. તે સંધ્યાકાળે જ્યાં એકત્ર થયેલી તે અગ્નિ પ્રજ્વલિત કરીને ગાયોને રોકીને સમિધાધાન કરીને અગ્નિના પશ્ચિમે પૂર્વાભિમુખ થઈને બેસી ગયો ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- सोऽग्निस्ते पादं वक्तेत्युपरामर्षभः । स सत्यकामो ह श्वोभूते परेद्युर्नैत्यकं नित्यं कर्म कृत्वा गा अभि प्रस्थापयाञ्चकाराचार्यकुलं प्रति । ताः शनैश्चरन्त्य आचार्यकुलाभिमुख्यः प्रस्थिता यत्र यस्मिन्काले देशेऽभि सायं निशायामभिसम्ब-भूवुरेकत्राभिमुख्यः संभूताः । तत्राग्निमुपसमाधाय गा उपरुध्य समिधमाधाय पश्चादग्नेः प्राङुपोपविवेश ऋषभवचो ध्यायन् ॥ १ ॥

શાંકરભાષ્ય :- તે સાંઢ 'અગ્નિ તને (બીજો) પાદ બતાવશે' - એમ કહીને મૌન થઈ ગયો. બીજા દિવસે સત્યકામ નૈત્યક-નિત્યકર્મ કર્યા પછી ગાયોને ગુરુકુળ તરફ હાંકી. તે ગુરુકુળ તરફ ધીરે-ધીરે ચાલતી જે વખતે અને જે સ્થાનમાં અભિ સાયમ્-રાતમાં એકત્રિત થયેલી તે અગ્નિ સ્થાપિત કરીને ગાયોને રોકીને સમિધાધાન કરીને સાંઢના વચનોનું ધ્યાન કરતો કરતો અગ્નિની પશ્ચિમે પૂર્વાભિમુખ થઈને બેસી ગયો. ॥ ૧ ॥

तमग्निरभ्युवाद सत्यकाम ३ इति भगव इति ह प्रतिशुश्राव ॥ २ ॥

તેને અગ્નિએ 'સત્યકામ !' એમ કહ્યું. ત્યારે તેણે 'ભગવન્ !' એવો પ્રત્યુત્તર આપ્યો ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- तमग्निरभ्युवाद सत्यकाम ३ इति सम्बोध्य, तमसौ सत्यकामो भगव इति ह प्रतिशुश्राव प्रतिवचनं ददौ ॥ २ ॥

શાંકરભાષ્ય :- તેને અગ્નિએ 'સત્યકામ !' આવી રીતે સંબોધન કરીને કહ્યું. તેને સત્યકામે 'ભગવન્ !' એવો પ્રત્યુત્તર આપ્યો. ॥ ૨ ॥

ब्रह्मणः सोम्य ते पादं ब्रवाणीति ब्रवीतु मे भगवानिति तस्मै होवाच पृथिवी कलान्तरिक्षं कला द्यौः कला समुद्रः कलैष वै सोम्य चतुष्कलः पादो ब्रह्मणोऽनन्तवान्नाम ॥ ३ ॥

'હે સૌમ્ય ! હું તને બ્રહ્મનો એક પાદ બતાવું ?' (સત્યકામે કહ્યું -) 'ભગવન્ મને બતાવો.' ત્યારે તેણે તેને કહ્યું - 'પૃથ્વી કલા છે, અંતરિક્ષ કલા છે, દ્યુલોક કલા છે અને સમુદ્ર કલા છે. હે સૌમ્ય ! આ બ્રહ્મનો ચતુષ્કલ પાદ 'અનંતવાન' નામવાળો છે.' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- ब्रह्मणः सोम्य ते पादं ब्रवाणीति ब्रवीतु मे भगवानिति तस्मै होवाच—पृथिवी कलान्तरिक्षं कला द्यौः कला समुद्रः कलेत्यात्मगोचरमेव दर्शनमग्निरब्रवीत् । एष वै सोम्य चतुष्कलः पादो ब्रह्मणोऽनन्तवान्नाम ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'હે સૌમ્ય ! હું તને બ્રહ્મનો એક પાદ બતાવું ?' (સત્યકામે કહ્યું -) 'ભગવન મને બતાવો.' ત્યારે તેણે તેને કહ્યું - 'પૃથ્વી કલા છે, અંતરિક્ષ કલા છે, દ્યુલોક કલા છે અને સમુદ્ર કલા છે' - આવી રીતે અગ્નિએ પોતાને સંબદ્ધ દર્શનનું નિરૂપણ કર્યું - 'હે સૌમ્ય ! આ બ્રહ્મના ચાર કલાઓવાળો પાદ 'અનંતવાન' નામવાળો છે' ॥ ૩ ॥

स य एतमेवं विद्वाꣳश्चतुष्कलं पादं ब्रह्मणोऽनन्तवानित्युपास्तेऽनन्तवानस्मिँल्लोके भवत्यनन्तवतो ह लोकाञ्जयति य एतमेवं विद्वाꣳश्चतुष्कलं पादं ब्रह्मणोऽनन्तवानित्युपास्ते ॥ ४ ॥

તે, જે આને આવી રીતે જાણનારો પુરુષ બ્રહ્મના આ ચતુષ્કલ પાદની 'અનંતવાન' આ ગુણથી યુક્ત થઈ ઉપાસના કરે છે તે આ લોકમાં અનંતવાન થાય છે અને અનંતવાન લોકોને જીતી લે છે, જો કે આને આવી રીતે જાણનારો પુરુષ બ્રહ્મના આ ચતુષ્કલ પાદની 'અનંતવાન' આ ગુણથી જોડાઈને ઉપાસના કરે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- स यः कश्चिद्यथोक्तं पादमनन्तवत्त्वेन गुणेनोपास्ते स तथैव तद्गुणो भवत्यस्मिँल्लोके मृतश्चानन्तवतो ह लोकान्स जयति य एतमेवमित्यादि पूर्ववत् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે, જે કોઈ પુરુષ ઉપર્યુક્ત પાદની અનંતવત્ત્વ ગુણથી ઉપાસના કરે છે તે આ લોકમાં તેવી રીતે - તેવા ગુણવાળો થઈ જાય છે, અને મર્યા પછી અનંતવાન લોકને જીતી લે છે, જો કે આને આવી રીતે જાણનારા પુરુષ - વગેરે બાકીનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये षष्ठखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના છઠ્ઠા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तमः खण्डः

हꣳ सस्ते पादं वक्तेति स ह श्वोभूते सा अभिप्रस्थापयाञ्चकार ता यत्राभि सायं बभूवुस्तत्राग्निमुपसमाधाय गा उपरुध्य समिधमाधाय पश्चादग्नेः प्राङुपोपविवेश ॥ १ ॥ तꣳ हꣳ स उपनिपत्याभ्युवाद सत्यकाम ३ इति भगव इति ह प्रतिशुश्राव ॥ २ ॥

'હંસ તને (ત્રીજો) પાદ બતાવશે' એવું (કહીને અગ્નિદેવ ગયા) બીજા દિવસે તેણે ગાયોને આચાર્યકુળ, તરફ હાંકી દીધી. તે સંધ્યાકાળે જ્યાં એકત્રિત થઈ તે તેજ જગ્યાએ અગ્નિ પ્રજ્વલિત કરીને ગાયોને રોકી અને સમિધાન કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

અગ્નિની પશ્ચિમે પૂર્વાભિમુખ થઈને બેઠો. ॥ ૧ ॥ ત્યારે હંસે તેની પાસે ઉતરીને કહ્યું - 'હે સત્યકામ !' તેણે ઉત્તર આપ્યો - 'હે ભગવન્.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- सोऽग्निर्हंसस्ते पादं वक्तेत्युक्त्वोपरराम । हंस आदित्यः, शौक्ल्यात्पतनसामान्याच्च । स ह श्वोभूत इत्यादि समानम् ॥ १-२ ॥

શાંકરભાષ્ય :- તે અગ્નિ 'હંસ તને ત્રીજો પાદ બતાવશે' એવું કહીને ઉપરત થઈ ગયા. શુક્લતા અને ઉડવામાં સમાનતા હોવાને કારણે અહીં આદિત્યને હંસ કહ્યા છે. 'स ह श्वोभूते' વગેરે વાક્યનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૧-૨ ॥

ब्रह्मणः सोम्य ते पादं ब्रवाणीति ब्रवीतु मे भगवानिति तस्मै होवाचाग्निः कला सूर्यः कला चन्द्रः कला विद्युत्कलैष वै सोम्य चतुष्कलः पादो ब्रह्मणो ज्योतिष्मान्नाम ॥ ३ ॥

(હંસે કહ્યું -) 'હે સૌમ્ય ! હું તને બ્રહ્મનો પાદ બતાવું ?' (સત્યકામ બોલ્યો -) 'ભગવન્ મને બતાવો.' ત્યારે તેણે તેને કહ્યું - 'અગ્નિ કલા છે, સૂર્ય કલા છે, ચંદ્રમા કલા છે અને વિદ્યુત કલા છે. હે સૌમ્ય ! આ બ્રહ્મનો ચતુષ્કલ પાદ 'જ્યોતિષ્માન' નામવાળો છે.' ॥ ૩ ॥

स य एतमेवं विद्वाꣳश्चतुष्कलं पादं ब्रह्मणो ज्योतिष्मानित्युपास्ते ज्योतिष्मानस्मिँल्लोके भवति ज्योतिष्मतो ह लोकाञ्जयति य एतमेवं विद्वाꣳश्चतुष्कलं पादं ब्रह्मणो ज्योतिष्मानित्युपास्ते ॥ ४ ॥

જે કોઈ આને આવી રીતે જાણનારો પુરુષ બ્રહ્મના આ ચતુષ્કલ પાદને 'જ્યોતિષ્માન' એવા ગુણથી યુક્ત ઉપાસના કરે છે તે આ લોકમાં જ્યોતિષ્માન થાય છે તથા જ્યોતિષ્માન લોકોને જીતી લે છે, જે કોઈ આને આવી રીતે જાણનારો પુરુષ બ્રહ્મના આ ચતુષ્કલ પાદને 'જ્યોતિષ્માન' એવા ગુણથી યુક્ત થઈ ઉપાસના કરે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अग्निः कला सूर्यः कला चन्द्रः कला विद्युत्कलैष वै सोम्येति ज्योतिर्विषयमेव च दर्शनं प्रोवाचातो हंसस्यादित्यत्वं प्रतीयते । विद्वत्फलम्—ज्योतिष्मान्दीप्तियुक्तोऽस्मिँल्लोके भवति । चन्द्रादित्यादीनां ज्योतिष्मत एव च मृत्वा लोकाञ्जयति, समानमुत्तरम् ॥ ३-४ ॥

શાંકરભાષ્ય :- 'અગ્નિ કલા છે, સૂર્ય કલા છે, ચંદ્ર કલા છે, વિદ્યુત કલા છે, હે સૌમ્ય' આ વગેરે વાક્યોથી તેણે જ્યોતિર્વિષયક દર્શનનું જ નિરૂપણ કર્યું છે, આનાથી હંસનું આદિત્યત્વ પ્રતીત થાય છે. આવા પ્રકારના વિદ્વાનને પ્રાપ્ત થનારનું ફળ - તે આ લોકમાં જ્યોતિષ્માન - દીપ્તિયુક્ત થાય છે તથા મર્યા પછી ચંદ્ર તેમજ આદિત્યના જ્યોતિષ્માન લોકોને જ જીતી લે છે. આગળનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૩-૪ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये सप्तमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ७ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના સાતમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टमः खण्डः

मद्गुष्टे पादं वक्तेति स ह श्वोभूते गा अभिप्रस्थापयाञ्चकार ता यत्राभि सायं बभूवुस्तत्राग्निमुपसमाधाय गा उपरुध्य समिधमाधाय पश्चादग्नेः प्राङुपोपविवेश ॥ १ ॥

'મદ્ગુ (જળચર પક્ષી) તને (ચોથું) પાદ બતાવશે' એમ (કહીને હંસ ચાલ્યો ગયો). બીજા દિવસે તેણે ગાયોને ગુરુકુળ તરફ હંકારી દીધી. તે સંધ્યા કાળે જ્યાં એકત્રિત થઈ ત્યાં જ અગ્નિ પ્રજ્વલિત કરીને ગાયોને રોકીને સમિધાધાન કરીને અગ્નિની પાછળ પૂર્વાભિમુખ થઈને બેસી ગયો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- हंसोऽपि मद्गुष्टे पादं वक्तेत्युपरराम । मदगुरुदकचरः पक्षी स चाप्सम्बन्धात्प्राणः । स ह श्वोभूत इत्यादि पूर्ववत् ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- હંસ પણ 'મદ્‌ગુ તને (ચોથું) પાદ બતાવશે' એમ કહીને ચાલ્યો ગયો. 'મદ્રુ' જળચર પક્ષીને કહે છે, જળ સાથે સંબંધ હોવાને કારણે તે પ્રાણ જ છે. 'स ह श्वोभूते' વગેરે વાક્યોનું તાત્પર્ય પૂર્વવત્ છે. ॥ ૧ ॥

तं मद्गुरुपनिपत्याभ्युवाद सत्यकाम ३ इति भगव इति ह प्रतिशुश्राव ॥ २ ॥

મદ્‌ગુએ તેની પાસે ઉતરીને કહ્યું - 'સત્યકામ' ત્યારે તેણે ઉત્તર આપ્યો - 'હે ભગવન્.' ॥ ૨ ॥

ब्रह्मणः सोम्य ते पादं ब्रवाणीति ब्रवीतु मे भगवानिति तस्मै होवाच प्राणः कला चक्षुः कला श्रोत्रं कला मनः कलैष वै सोम्य चतुष्कलाः पादो ब्रह्मण आयतनवान्नाम ॥ ३ ॥

(મદ્‌ગુ બોલ્યો) 'હે સૌમ્ય ! હું તને બ્રહ્મનો પાદ બતાવું ?' (સત્યકામ બોલ્યો -) 'ભગવન્ મને બતાવો.' ત્યારે તે તેને બોલ્યો – 'પ્રાણ કલા છે, ચક્ષુ કલા છે, શ્રોત્ર કલા છે અને મન કલા છે. હે સૌમ્ય ! આ બ્રહ્મના ચતુષ્કલ પાદ 'આયતનવાન્' નામવાળો છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स च मद्गुः प्राणः स्वविषयमेव च दर्शनमुवाच प्राणः कलेत्याद्यायतनवानित्येवं नाम । आयतनं नाम मनः सर्वकरणोपहतानां भोगानां तद्यस्मिन्पादे विद्यत इत्यायतनवान्नाम पादः ॥ २-३ ॥

શાંકરભાષ્ય :- તે મદ્‌ગુ એટલે પ્રાણે પણ 'પ્રાણ કલા છે' વગેરે 'आयतनवान्' આ નામવાળો પાદ છે' એમ કહીને પોતાનાથી સંબદ્ધ દર્શનનું જ નિરૂપણ કર્યું. સમસ્ત ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરવામાં આવેલા ભોગોનું આયતન મન જ છે, તે જે પાદમાં વિદ્યમાન છે તે પાદ 'આયતનવાન' નામવાળો છે. ॥ ૨-૩ ॥

स य एतमेवं विद्वाꣳश्चतुष्कलं पादं ब्रह्मण आयतनवानित्युपास्त आयतनवानस्मिँल्लोके भवत्यायतनवतो ह लोकाञ्जयति य एतमेवं विद्वाꣳश्चतुष्कलं पादं ब्रह्मण आयतनवानित्युपास्ते ॥ ४ ॥

તે, જે આને આવી રીતે જાણનારો પુરુષ બ્રહ્મના આ ચતુષ્કલ પાદની 'आयतनवान' એવા ગુણોથી યુક્ત થઈને ઉપાસના કરે છે તે આ લોકમાં 'आयतनवान' થાય છે અને આયતનવાન લોકોને જીતી લે છે, જે કોઈ કે આને આવી રીતે જાણનારો પુરુષ બ્રહ્મના ચતુષ્કલ પાદની 'आयतनवान' એવા ગુણોથી યુક્ત ઉપાસના કરે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तं पादं तथैवोपास्ते यः स आयतनवानाश्रयवानस्मिँल्लोके भवति । तथायतनवत एव सावकाशाँल्लोकान्मृतो जयति । य एतमेवमित्यादि पूर्ववत् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે પાદની જે તેવી રીતે ઉપાસના કરે છે તે આ લોકમાં 'आयतनवान' - આશ્રયવાળા થાય છે તથા મર્યા પછી આયતનવાન - અવકાશયુક્ત લોકોને જ જીતે છે. 'य एतमेवम्' વગેરે વાક્યોનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्यायेऽष्टमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ८ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં ચતુર્થ અધ્યાયના આઠમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

नवमः खण्डः

स एवं ब्रह्मवित्सन्– આવી રીતે તે બ્રહ્મવેત્તા થઈને –

प्राप हाचार्यकुलं तमाचार्योऽभ्युवाद सत्यकाम ३ इति भगव इति ह प्रतिशुश्राव ॥ १ ॥

(એ) આચાર્ય કુળમાં પહોંચ્યો. તેને આચાર્યે કહ્યું - 'સત્યકામ !' ત્યારે તેણે ઉત્તર આપ્યો - 'ભગવન્.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- प्राप ह प्राप्तवानाचार्यकुलम् । तमाचार्योऽभ्युवाद सत्यकाम ३ इति । भगव इति ह प्रतिशुश्राव ॥ १ ॥

શાંકરભાષ્ય :- (એ) આચાર્ય કુળમાં પહોંચ્યો. તેને આચાર્યે 'सत्यकाम !' એમ કહ્યું. ત્યારે તેણે 'ભગવન્ !' એવો ઉત્તર આપ્યો. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ब्रह्मविदिव वै सोम्य भासि को नु त्वानुशशासेत्यन्ये मनुष्येभ्य इति ह प्रतिजज्ञे भगवाꣳ स्त्वेव मे कामे ब्रूयात् ॥ २ ॥

'હે સૌમ્ય ! તું બ્રહ્મવેત્તા - જેવો ભાસે છે, તને કોણે ઉપદેશ આપ્યો છે ?' એવું (આચાર્યએ પુછ્યું). ત્યારે તેણે ઉત્તર આપ્યો 'મનુષ્યોથી ભિન્ન (દેવો) એ મને ઉપદેશ આપ્યો છે. હવે મારી ઇચ્છા અનુસાર આપ પૂજ્યપાદ જ મને વિદ્યાનો ઉપદેશ આપો.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- ब्रह्मविदिव वै सोम्य भासि । प्रसन्नेन्द्रियः प्रहसितवदनश्च निश्चिन्तः कृतार्थो ब्रह्मविद्भवति अत आचार्यो ब्रह्मविदिव भासीति को न्विति वितर्कयन्नुवाच कस्त्वामनुशशासेति । ★ स चाह सत्यकामोऽन्ये मनुष्येभ्यो देवता मामनुशिष्टवत्यः, कोऽन्यो भगवच्छिष्यं मां मनुष्यः सन्ननुशासितुमुत्सहेतेत्यभिप्रायः । अतोऽन्ये मनुष्येभ्य इति ह प्रतिजज्ञे प्रतिज्ञातवान् । भगवांस्त्वेव मे कामे ममेच्छायां ब्रूयात्किमन्यैरुक्तेन नाहं तद्गणयामीत्यभिप्रायः ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'હે સૌમ્ય ! તું બ્રહ્મવેત્તા - જેવો ભાસે છે.' કૃતાર્થ બ્રહ્મવેત્તા પ્રસન્નેન્દ્રિય, હાસયુક્ત મુખવાળો અને ચિંતારહિત હોય છે. આનાથી આચાર્યે કહ્યું કે 'તું બ્રહ્મવેત્તા - જેવો ભાસે છે', અને 'को नु' આવી રીતે વિતર્ક કરતાં કરતાં પૂછ્યું 'તને કોણે ઉપદેશ આપ્યો છે ?'

તે (સત્યકામે) કહ્યું - 'મનુષ્યોથી અન્ય દેવોએ મને ઉપદેશ આપ્યો છે.' તાત્પર્ય આ છે કે 'મનુષ્ય હોવાથી તો મને શ્રીમાનના શિષ્યને ઉપદેશ કરવાનું સાહસ જ કોણ કરી શકે છે ?' એટલે તેણે આ જ પ્રતિજ્ઞા કરી કે મને મનુષ્યોથી અન્યે ઉપદેશ કર્યો છે. 'હવે મારી ઇચ્છા અનુસાર ભગવન્ જ મને ઉપદેશ આપે, બીજાઓના કહ્યા સાથે મારે શું લેવાદેવા ?' અભિપ્રાય આ છે કે 'હું તેને કંઈ પણ ગણતો નથી.' ॥ ૨ ॥

❀

किं च– અને વળી –

श्रुतꣳ ह्येव मे भगवद्दृशेभ्य आचार्याद्धैव विद्या विदिता साधिष्ठं प्रापतीति तस्मै हैतदेवोवाचात्र ह न किञ्चन वीयायेति वीयायेति ॥ ३ ॥

'મેં આપ જેવા ઋષિઓ પાસેથી સાંભળ્યું છે કે આચાર્યથી જાણવામાં આવેલી વિદ્યા જ અતિશય સાધુતાને પ્રાપ્ત થાય છે.' ત્યારે આચાર્યએ તેને તે જ વિદ્યાનો ઉપદેશ કર્યો. તેમાં કંઈ જ ન્યૂનતા ન આવી, ન્યૂનતા ન આવી. (અર્થાત્ તેની વિદ્યા પૂર્ણ જ રહી.) ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- श्रुतं हि यस्मान्मम विद्यत एवास्मिन्नर्थे भगवद्दृशेभ्यो भगवत्समेभ्य ऋषिभ्यः, आचार्याद्धैव विद्या विदिता साधिष्ठं साधुतमत्वं प्रापति प्राप्नोतीत्यतो भगवानेव ब्रूयादित्युक्त आचार्योऽब्रवीत्तस्मै तामेव दैवतैरुक्तां विद्याम् । अत्र ह न किञ्चन षोडशकलविद्यायाः किञ्चिदेकदेशमात्रमपि न वीयाय न विगतमित्यर्थः । द्विरभ्यासो विद्यापरिसमाप्त्यर्थः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'કારણ કે આ વિષયમાં ભગવન્ - શ્રીમાનના જેવા ઋષિઓ પાસેથી મેં આ સાંભળ્યું છે કે આચાર્યથી જાણવામાં આવેલી વિદ્યા જ અતિશય સાધુતાને પ્રાપ્ત થાય છે. એટલે હવે શ્રીમાન જ મને ઉપદેશ આપે.' આવું કહેવામાં આવતાં આચાર્યે તેને દેવો દ્વારા કહેવામાં આવેલી તે જ (વિદ્યા)નો ઉપદેશ કર્યો. તેમાં અર્થાત્ તે ષોડશ કલાઓવાળી વિદ્યામાંથી કંઈપણ - તેનો એકદેશ પણ - વ્યયયુક્ત એટલે ચાલ્યો ગયો નહીં' 'वीयाय वीयाय' આ દ્વિરુક્તિ વિદ્યાની સમાપ્તિને માટે છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये नवमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ९ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના નવમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

❀

दशमः खण्डः

शाङ्करभाष्यम् :- पुनर्ब्रह्मविद्यां प्रकारान्तरेण वक्ष्यामीत्यारभते गतिं च तद्विदोऽग्निविद्यां च । आख्यायिका पूर्ववच्छ्रद्धातपसोर्ब्रह्मविद्यासाधनत्वप्रदर्शनार्था ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- ફરીથી બીજા પ્રકારે બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરવું છે, એટલા માટે અને બ્રહ્મવેત્તાની ગતિ અને અગ્નિવિદ્યા પણ બતાવવી છે, એટલા માટે શ્રુતિ આરંભ કરે છે. અહીં જે આખ્યાયિકા છે તે પૂર્વવત્ શ્રદ્ધા અને તપનું બ્રહ્મવિદ્યામાં સાધનત્વ પ્રદર્શિત કરવા માટે છે.

उपकोसलो ह वै कामलायनः सत्यकामे जाबाले ब्रह्मचर्यमुवास तस्य ह द्वादशवर्षाण्यग्नीन्परिचचार स ह स्मान्यानन्तेवासिनः समावर्तयꣳ स्तꣳ ह स्मैव न समावर्तयति ॥ १ ॥

ઉપકોશલ નામથી પ્રસિદ્ધ કમલનો પુત્ર-કામલાયન સત્યકામ જાબાલને ત્યાં બ્રહ્મચર્ય ગ્રહણ કરીને રહેતો હતો. તેણે બાર વર્ષ સુધી તે આચાર્યના અગ્નિઓની સેવા કરી, આચાર્યે અન્ય બ્રહ્મચારીઓના સમાવર્તન સંસ્કાર કરી દીધા, પરંતુ કેવળ આના જ કર્યા નહીં. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- उपकोसलो ह वै नामतः कमलस्यापत्यं कामलायनः सत्यकामे जाबाले ब्रह्मचर्यमुवास । तस्य ह ऐतिह्यार्थः । तस्याचार्यस्य द्वादशवर्षाण्यग्नीन्परिचचाराग्नीनां परिचरणं कृतवान् । स ह स्माचार्योऽन्यान्ब्रह्मचारिणः स्वाध्यायं ग्राहयित्वा समावर्तयंस्तमेवोपकोसलमेकं न समावर्तयति स्म ह ॥ १ ॥

શાંકરભાષ્ય :- કમલના પુત્ર કામલાયને જેનું નામ ઉપકોસલ હતું, સત્યકામ જાબાલને ત્યાં બ્રહ્મચર્યપૂર્વક વાસ કર્યો. 'तस्य ह' આમાં 'ह' ઐતિહ્યને માટે છે. તેણે બાર વર્ષ સુધી તે આચાર્યના અગ્નિઓની પરિચર્યા - સેવા કરી. પરંતુ તે આચાર્યએ અન્ય બ્રહ્મચારીઓનું તો સ્વાધ્યાય ગ્રહણ કરાવીને સમાવર્તન કરી દીધું, પરંતુ તે ઉપકોસલનું જ સમાવર્તન કર્યું નહીં. ॥ ૧ ॥

तं जायोवाच तप्तो ब्रह्मचारी कुशलमग्नीन्परिचचारीन्मा त्वाग्नयः परिप्रवोचन्प्रब्रूह्यस्मा इति तस्मै हाप्रोच्यैव प्रवासाञ्चक्रे ॥ २ ॥

તે (આચાર્ય)ને તેમની પત્નીએ કહ્યું - 'આ બ્રહ્મચારી ખૂબ તપસ્યા કરી ચૂક્યો છે, તેણે સારી રીતે અગ્નિઓની સેવા કરી છે. (જુઓ) અગ્નિઓ આપની નિંદા ન કરે. એટલે આને વિદ્યાનો ઉપદેશ આપી દો !' પરંતુ તે તેને ઉપદેશ આપ્યા વિના જ બહાર ચાલ્યા ગયા. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तमाचार्यं जायोवाच तप्तो ब्रह्मचारी कुशलं सम्यगग्नीन्परिचचारीत्परिचरितवान् । भगवांश्चाग्निषु भक्तं न समावर्तयति । अतोऽस्मद्भक्तं न समावर्तयतीति ज्ञात्वा त्वामग्नयो मा परिप्रवोचन्गर्हा तव मा कुर्युः । अतः प्रब्रूह्यस्मै विद्यामिष्टामुपकोसलायेति । तस्मा एवं जाययोक्तोऽपि हा प्रोच्यैवानुक्त्वैव किञ्चित्प्रवासाञ्चक्रे प्रवसितवान् ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આચાર્યને તેની પત્નીએ કહ્યું - 'આ બ્રહ્મચારીએ ખૂબ તપસ્યા કરી છે, આણે અગ્નિઓની સારી રીતે સેવા કરી છે ! પરંતુ શ્રીમાન તો અગ્નિઓમાં ભક્તિ રાખનારા આનું સમાવર્તન જ કરતાં નથી.' એટલે 'આ અમારા ભક્તનું સમાવર્તન કરતાં નથી' - આવું જાણીને અગ્નિઓ આપનો પરિવાદ - આપની નિંદા ન કરે, એટલા માટે આ ઉપકોસલને આની અભીષ્ટ વિદ્યાનો ઉપદેશ કરી દો.' પરંતુ, સ્ત્રી દ્વારા આવી રીતે કહેવામાં આવતાં પણ, તે તેને કંઈપણ કહ્યા વિના જ બહાર ચાલ્યા ગયા. ॥ ૨ ॥

स ह व्याधिनानशितुं दध्रे तमाचार्यजायोवाच ब्रह्मचारिन्नशान किं नु नाश्नासीति । स होवाच बहव इमऽस्मिन्पुरुषे कामा नानात्यया व्याधिभिः प्रतिपूर्णोऽस्मि नाशिष्यामीति ॥ ३ ॥

તે ઉપકોસલે માનસિક ખેદથી અનશન કરવાનો નિશ્ચય કર્યો. તેને આચાર્ય પત્નીએ કહ્યું - 'અરે બ્રહ્મચારીન્ ! તું ભોજન કર, ભોજન કેમ કરતો નથી ?' તે બોલ્યો - 'આ મનુષ્યમાં ખૂબ જ કામનાઓ રહે છે જે વસ્તુના સ્વરૂપનું ઉલ્લંઘન કરીને અનેક વિષયો તરફ જનારી છે. હું તે જ નાનાત્યય (બહુમુખી) માનસિક ચિંતાઓથી પરિપૂર્ણ છું એટલા માટે ભોજન નહીં કરું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स होपकोसलो व्याधिना मानसेन दुःखेनानशितुमनशनं कर्तुं दध्रे धृतवान्मनः । तं तूष्णीमग्न्यागारेऽवस्थितमाचार्यजायोवाच हे ब्रह्मचारिन्नशान भुङ्क्ष्व किं नु कस्मान्नु कारणान्नाश्नासीति । ★ स होवाच बहवोऽनेकेऽस्मिन्पुरुषेऽकृतार्थे प्राकृते कामा इच्छाः कर्तव्यं प्रति नानात्ययोऽतिगमनं येषां व्याधीनां कर्तव्यचिन्तानां ते नानात्यया व्याधयः कर्तव्यताप्राप्तिनिमित्तानि चित्तदुःखानीत्यर्थः । तैः प्रतिपूर्णोऽस्मि, अतो नाशिष्यामीति ॥ ३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- તે ઉપકોસલે વ્યાધિ - માનસિક દુઃખથી અનશન કરવાનો મનમાં નિશ્ચય કર્યો. ત્યારે અગ્નિશાળામાં ચૂપચાપ બેઠેલા તેને આચાર્યપત્નીએ કહ્યું - 'હે બ્રહ્મચારીન્ ! અશન - ભોજન કર, કેમ, કયા કારણે ભોજન કરતો નથી ?'

તે બોલ્યો - 'આ અકૃતાર્થ સાધારણ પુરુષમાં અનેક કામનાઓ-ઇચ્છાઓ રહે છે, કર્તવ્ય સંબંધિની ચિંતાઓનો અત્યય - અતિગમન કરનારી નાનાત્યય કામના રૂપ વ્યાધિઓ એટલે કર્તવ્યતાની અપ્રાપ્તિના નિમિત્તરૂપ માનસિક દુઃખો છે. હું તેનાથી પરિપૂર્ણ છું, એટલા માટે ભોજન કરીશ નહીં. ॥ ૩ ॥

❀

उक्त्वा तूष्णीभूते ब्रह्मचारिणि– આમ કહીને બ્રહ્મચારી જ્યારે ચૂપ થઈ ગયો ત્યારે –

अथ हाग्नयः समूदिरे तप्तो ब्रह्मचारी कुशलं न पर्यचारीद्धन्तास्मै प्रब्रवामेति तस्मै होचुः प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्मेति ॥ ४ ॥

પછી અગ્નિઓએ એકત્રિત થઈને કહ્યું - 'આ બ્રહ્મચારી તપસ્યા કરી ચૂક્યો છે. તેણે અમારી સારી રીતે સેવા કરી છે. અચ્છા, અમે આને ઉપદેશ કરીએ' આવો નિશ્ચય કરીને તે તેને બોલ્યા - 'પ્રાણ જ બ્રહ્મ છે, 'क' બ્રહ્મ છે, 'ख' બ્રહ્મ છે.' ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथ हाग्नयः शुश्रूषयावर्जिताः कारुण्याविष्टाः सन्तस्त्रयोऽपि समूदिरे संभूयोक्तवन्तः । हन्तेदानीमस्मै ब्रह्मचारिणेऽस्मद्भक्ताय दुःखिताय तपस्विने श्रद्दधानाय सर्वेऽनुशास्मोऽनुप्रब्रवाम ब्रह्मविद्यामिति । एवं संप्रधार्य तस्मै होचुरुक्तवन्तः– प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्मेति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- પછી તેની સેવાથી અનુકૂળ થયેલા કરુણાથી વ્યાપ્ત એવા ત્રણે અગ્નિઓએ એકઠા મળીને કહ્યું - 'અચ્છા, હવે અમારા ભક્ત આ દુઃખિત, તપસ્વી તેમજ શ્રદ્ધાળુ બ્રહ્મચારીને અમે બધા શિક્ષા આપીએ-- આને અમે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપીએ-' આવો નિશ્ચય કરીને તેઓએ તેને કહ્યું - 'પ્રાણ બ્રહ્મ છે, 'क' બ્રહ્મ છે, 'ख' બ્રહ્મ છે.' ॥ ૪ ॥

❀

स होवाच विजानाम्यहं यत्प्राणो ब्रह्म कं च तु खं च न विजानामीति ते होचुर्यद्वाव कं तदेव खं यदेव खं तदेव कमिति प्राणं च हास्मै तदाकाशं चोचुः ॥ ५ ॥

તે બોલ્યો - 'આ તો હું જાણું છું કે પ્રાણ બ્રહ્મ છે, પરંતુ 'क' અને 'ख' ને જાણતો નથી.' ત્યારે તેઓ બોલ્યા - 'નિશ્ચય જે 'क' છે. તે જ 'ख' છે અને જે 'ख' છે તે જ 'क' છે.' આવી રીતે તેઓએ તેને પ્રાણ અને તેના (આશ્રયભૂત) આકાશનો ઉપદેશ કર્યો. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- स होवाच ब्रह्मचारी विजानाम्यहं यद्भवद्भिरुक्तं प्रसिद्धपदार्थकत्वात्प्राणो ब्रह्मेति, यस्मिन्सति जीवनं यदपगमे च न भवति, तस्मिन्वायुविशेषे लोके रूढः, अतो युक्तं ब्रह्मत्वं तस्य । तेन प्रसिद्धपदार्थकत्वाद्विजानाम्यहं यत्प्राणो ब्रह्मेति । कं च तु खं च न विजानामीति । ★ ननु कंखंशब्दयोरपि सुखाकाशविषयत्वेन प्रसिद्धपदार्थकत्वमेव कस्माद्– ब्रह्मचारिणोऽज्ञानम् । ★ नूनं सुखस्य कंशब्दवाच्यस्य क्षणप्रध्वंसित्वात्खंशब्दवाच्यस्य चाकाशस्याचेतनस्य कथं ब्रह्मत्वमिति मन्यते, कथं च भवतां वाक्यमप्रमाणं स्यादिति, अतो न विजानामीत्याह । ★ तमेवमुक्तवन्तं ब्रह्मचारिणं ते हाग्नय ऊचुः । यद्वाव यदेव वयं कमवोचाम तदेव खमाकाशमिति । एवं खेन विशेष्यमाणं कं विषयेन्द्रियसंयोगजात्सुखान्निवर्तितं स्यान्नीलेनेव विशेष्यमाणमुत्पलं रक्तादिभ्यः । यदेव खमित्याकाशमवोचाम तदेव च कं सुखमिति जानीहि । एवं च सुखेन विशेष्यमाणं खं भौतिकादचेतनात्खान्निवर्तितं स्यान्नीलोत्पलवदेव । सुखमाकाशस्थं नेतरल्लौकिकम् । आकाशं च सुखाश्रयं नेतरद्भौतिक– मित्यर्थः । ★ नन्वाकाशं चेत्सुखेन विशेषयितुमिष्टमस्त्वन्यतरदेव विशेषणं यद्वाव कं तदेव खमित्यतिरिक्तमितरत् । यदेव खं तदेव कमिति पूर्वविशेषणं वा । ★ ननु सुखाकाशयोरुभयोरपि लौकिकसुखाकाशाभ्यां व्यावृत्तिरिष्टेत्यवोचाम । सुखेनाकाशे विशेषिते व्यावृत्तिरुभयोरर्थप्राप्तैवेति चेत्सत्यमेवं किं तु सुखेन विशेषितस्यैवाकाशस्य ध्येयत्वं विहितं न त्वाकाशगुणस्य विशेषणस्य सुखस्य ध्येयत्वं विहितं स्यात् । विशेषणोपादानस्य विशेष्यनियन्तृत्वेनैवोपक्षयात् । अतः खेन सुखमपि विशेष्यते ध्येयत्वाय । ★ कुतश्चैतन्निश्चीयते ? ★ कं शब्दस्यापि ब्रह्मशब्दसम्बन्धात्मकं ब्रह्मेति । यदि हि सुखगुणविशिष्टस्य खस्य ध्येयत्वं विवक्षितं स्यात्कं खं ब्रह्मेति ब्रूयुरग्नयः प्रथमम् । न चैवमुक्तवन्तः, किं तर्हि ? कं ब्रह्म खं ब्रह्मेति । अतो ब्रह्मचारिणो मोहापनयनाय कंखंशब्दयोरितरेतरविशेषणविशेष्यत्वनिर्देशो युक्त एव यद्वाव कमित्यादिः । ★ तदेतदग्निभिरुक्तं वाक्यार्थमस्मद्बोधाय श्रुतिराह–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

प्राण च हास्मै ब्रह्मचारिणे तस्याकाशस्तदाकाशः प्राणस्य संबन्ध्याश्रयत्वेन हार्द आकाश इत्यर्थः, सुखगुणवत्त्वनिर्देशात्तं चाकाशं सुखगुणविशिष्टं ब्रह्म तत्स्थं च प्राणं ब्रह्मसंपर्कादेव ब्रह्मेत्युभयं प्राणं चाकाशं च समुच्चित्य ब्रह्मणी ऊचुरग्नय इति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તે બ્રહ્મચારી બોલ્યો - 'આપે જે કહ્યું કે પ્રાણ બ્રહ્મ છે, તે તો પ્રસિદ્ધ પદાર્થવાળા હોવાને કારણે આ તો હું જાણું છું જેના રહેવાથી જીવન રહે છે અને જેના ચાલ્યા જવાથી જીવન પણ રહેતું નથી. લોકોમાં પણ તે વાયુ વિશેષમાં જ 'પ્રાણ' શબ્દ રૂઢ છે. એટલે તેનું બ્રહ્મરૂપ હોવું યોગ્ય છે. એટલે પ્રસિદ્ધ પદાર્થ યુક્ત હોવાને કારણે આ તો હું જાણું છું કે 'પ્રાણ બ્રહ્મ છે' પરંતુ 'ક' અને 'ખ' ને હું જાણતો નથી.'

પૂર્વપક્ષી :- સુખ અને આકાશ વિષયક હોવાને કારણે 'ક' અને 'ખ' શબ્દ પણ તો પ્રસિદ્ધ પદાર્થવાળા જ છે, પછી બ્રહ્મચારીને તેનું અજ્ઞાન કેમ રહ્યું ?

સિદ્ધાન્તી :- નિશ્ચય બ્રહ્મચારી આ જ માને છે કે 'ક' શબ્દનું વાચ્ય સુખ ક્ષણ પ્રધ્વંસી હોવાને કારણે અને 'ખ' શબ્દનું વાચ્ય આકાશ અચેતન હોવાને કારણે કેવી રીતે બ્રહ્મ હોઈ શકે છે ? (આથી) આપનું વચન પણ કેવી રીતે અપ્રમાણિક હોય ? આનાથી તેણે કહ્યું કે 'હું જાણતો નથી.' આવું કહેતાં તે બ્રહ્મચારીને અગ્નિઓએ કહ્યું - 'અમે જેને 'ક' એમ કહીને પોકારીએ છીએ તે જ 'ખ' એટલે આકાશ છે. આવી રીતે જેમ 'નીલ' આ વિશેષણથી યુક્ત કમળ રક્ત (લાલ) કમળ વગેરેથી વિલગ કરવામાં આવે છે, તેવી રીતે 'ખ' શબ્દથી વિશેષિત 'ક' વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી થનારા સુખથી જુદું કરવામાં આવે છે. જેને અમે 'ખ' - આકાશ કહીએ છીએ તેને તું 'ક' સુખ જાણ. આવી રીતે નીલોત્પલ સમાન સુખથી વિશેષિત કરાવમાં આવેલાં 'ખ' (આકાશ) ભૌતિક અચેતન 'ખ' થી જુદું કરવામાં આવે છે. તાત્પર્ય આ છે કે આકાશસ્થિત સુખ બ્રહ્મ છે, અન્ય લૌકિક સુખ નહીં તથા સુખનો આશ્રિત એવું આકાશ બ્રહ્મ છે અન્ય ભૌતિક આકાશ નહીં.

પૂર્વપક્ષી :- જો અહીં આકાશને સુખ દ્વારા વિશેષિત કરવું યોગ્ય છે તો કોઈપણ એક વિશેષણ રહી શકે છે, અર્થાત્ 'यद्वाव क तदेव खम्' આવું એક વિશેષણ રહી જાય. બીજું 'यदेव खं तदेव कम्' આ વિશેષણ અધિક છે. અથવા જો 'यदेव खं तदेव कम्' આ જ રહે તો પહેલું વિશેષણ અધિક છે.

સિદ્ધાન્તી :- પરંતુ આ સુખ અને આકાશ બંનેની લૌકિક સુખ અને આકાશથી વ્યાવૃત્તિ અભીષ્ટ છે - આવું અમે પહેલાં કહી ચૂક્યા છીએ. જો કહો કે સુખ દ્વારા આકાશના વિશેષિત હોવાથી બંનેની વ્યાવૃત્તિ સ્વતઃ સિદ્ધ જ છે તો આ બરાબર છે, પરંતુ આનાથી સુખથી વિશેષિત આકાશનું જ ધ્યેયત્વ વિહિત થશે, આકાશગુણથી યુક્ત વિશેષણભૂત સુખનું ધ્યેયત્વ વિહિત થશે નહીં, કારણ કે વિશેષણનું ગ્રહણ પોતાના વિશેષ્યનું નિયંત્રણ કરીને જ સમાપ્ત થઈ જાય છે. એટલા માટે (સુખનું પણ) ધ્યેયત્વ પ્રતિપાદન કરવાને માટે આકાશથી સુખને પણ વિશેષિત કરવામાં આવ્યું છે.

પૂર્વપક્ષી :- પરંતુ આવો કેવી રીતે નિશ્ચય કરવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- 'બ્રહ્મ' શબ્દથી 'ક' શબ્દનો પણ સંબંધ હોવાને કારણે 'ક' બ્રહ્મ છે - આવો નિશ્ચય થાય છે. જો સુખ ગુણ વિશિષ્ટ આકાશનું જ ધ્યેયત્વ બતાવવું ઈષ્ટ હોત તો અગ્નિગણ પહેલાં 'कं खं ब्रह्म' સુખ સ્વરૂપ આકાશ બ્રહ્મ છે આવું કહેત. પરંતુ તેમણે આવું કહ્યું નહીં, તો શું કહ્યું ? - 'ક' બ્રહ્મ છે 'ખ' બ્રહ્મ છે એમ કહ્યું છે. એટલે બ્રહ્મચારીના મોહની નિવૃત્તિને માટે 'यद्वाव कम्' વગેરે રૂપથી 'ક' અને 'ખ' બંને શબ્દોને એકબીજાના વિશેષણવિશેષ્ય રૂપે બતાવવા યોગ્ય જ છે.

અગ્નિઓના કહેલાં આ વાક્યના અર્થને શ્રુતિ આપણા જ્ઞાન માટે કહે છે - અગ્નિઓએ તે બ્રહ્મચારીને પ્રાણ અને 'તદાકાશ' - તેના આકાશના અર્થાત્ આશ્રયરૂપે પ્રાણથી સંબદ્ધ હૃદયાકાશનો ઉપદેશ કર્યો, અને સુખ ગુણ વિશિષ્ટતા બતાવવાથી તે આકાશને સુખ ગુણ વિશિષ્ટ બ્રહ્મ અને તેનામાં રહેલાં પ્રાણને બ્રહ્મના સંપર્કને કારણે જ બ્રહ્મ બતાવ્યું. આવી રીતે પ્રાણ અને આકાશ આ બંનેનો સમુચ્ચય કરીને અગ્નિઓએ બે બ્રહ્મ બતાવ્યાં. ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये दशमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १० ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના દશમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकादशः खण्डः

शाङ्करभाष्यम् :- सम्भूयाग्नयो ब्रह्मचारिणे ब्रह्मोक्तवन्तः ।

શાંકરભાષ્ય :- (આવી રીતે) સર્વ અગ્નિઓએ મળીને બ્રહ્મચારીને બ્રહ્મનો ઉપદેશ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अथ हैनं गार्हपत्योऽनुशशास पृथिव्यग्निरन्नमादित्य इति । य एष आदित्ये पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति ॥ १ ॥

હવે ફરીથી તેને ગાર્હપત્યાગ્નિએ શિક્ષા આપી - 'પૃથ્વી, અગ્નિ, અન્ન અને આદિત્ય (આ મારા ચાર શરીર છે). આદિત્યના અંતર્ગત જે આ પુરુષ દેખાય છે તે હું છું, તે હું જ છું.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरं प्रत्येकं स्वस्वविषयां विद्यां वक्तुमारेभिरे । तत्रादावेनं ब्रह्मचारिणं गार्हपत्योऽग्निरनुशशास । पृथिव्यग्निरन्नमादित्य इति ममैताश्चतस्रस्तनवः । तत्र य आदित्य एष पुरुषो दृश्यते सोऽहमस्मि गार्हपत्योऽग्निर्यश्च गार्हपत्योऽग्निः स एवाहमादित्ये पुरुषोऽस्मीति । पुनः परावृत्त्या स एवाहमस्मीति वचनम् । ★ पृथिव्यन्नयोरिव भोज्यत्वलक्षणयोः सम्बन्धो न गार्हपत्यादित्ययोः । अत्तृत्वपक्तृत्वप्रकाशनधर्मा अविशिष्टा इत्यत एकत्वमेवानयोरत्यन्तम् । पृथिव्यन्नयोस्तु भोज्यत्वेनाभ्यां सम्बन्धः ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે તેઓમાંથી પ્રત્યેકે પોતપોતાનાથી સંબદ્ધ વિદ્યાનું નિરૂપણ કરવાનું શરૂ કર્યું. તેમાંથી સર્વ પ્રથમ તે બ્રહ્મચારીને ગાર્હપત્યાગ્નિએ શિક્ષા આપી - 'પૃથ્વી, અગ્નિ, અન્ન અને આદિત્ય - આ મારા ચાર શરીર છે. તેમાં આદિત્યમાં જે પુરુષ દેખાય છે તે હું ગાર્હપત્યાગ્નિ છું અને આ જે ગાર્હપત્યાગ્નિ છે તે જ હું આદિત્યમાં પુરુષ છું.' 'તે જ હું છું' આ વાક્ય (પૂર્વવાક્યની) પુનરાવૃત્તિ કરીને કહેવામાં આવ્યું છે.

ભોજ્યત્વજ્ઞાન લક્ષણવાળા પૃથ્વી અને અન્નના જેવો ગાર્હપત્યાગ્નિ અને આદિત્યનો સંબંધ નથી. આ બંનેમાં ભોક્તૃત્વ, પાચકત્વ અને પ્રકાશત્વ આ ધર્મ સમાનરૂપે છે, એટલે આ બંનેનો અત્યંત અભેદ છે. પૃથ્વી અને અન્નનો તો આની સાથે ભોજ્યરૂપે સંબંધ છે. ॥ ૧ ॥

स य एतमेवं विद्वानुपास्तेऽपहते पापकृत्यां लोकी भवति सर्वमायुरेति ज्योग्जीवति नास्यावरपुरुषाः क्षीयन्त उप वयं तं भुञ्जामोऽस्मिꣳश्च लोकेऽमुष्मिꣳश्च य एतमेवं विद्वानुपास्ते ॥ २ ॥

તે પુરુષ, જે આને આવી રીતે જાણીને આની ઉપાસના કરે છે, પાપકર્મોને નષ્ટ કરી દે છે, લોકવાન બને છે, પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત કરે છે, ઉઙ્ગ્વળ જીવન વ્યતીત કરે છે, તથા તેના ઉત્તરવર્તી સંતાન પરંપરામાં ઉત્પન્ન પુરુષ ક્ષીણ થતાં નથી. અને તેનું અમે આ લોક અને પર લોકમાં પણ પાલન કરીએ છીએ જો આવી રીતે જાણીને આની ઉપાસના કરે છે (તેને પૂર્વોક્ત ફળની પ્રાપ્તિ થાય છે.) ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स यः कश्चिदेवं यथोक्तं गार्हपत्यमग्निमन्नान्नादत्वेन चतुर्धा प्रविभक्तमुपास्ते सोऽपहते विनाशयति पापकृत्यां पापं कर्म । लोकी लोकवांश्चास्मदीयेन लोकेनाग्नेयेन तद्वान्भवति यथा वयम् । इह च लोके सर्वं वर्षशतमायुरेति प्राप्नोति । ज्योगुज्ज्वलं जीवति नाप्रख्यात इत्येतत् । न चास्यावराश्च ते पुरुषाश्चास्य विदुषः सन्ततिजा इत्यर्थः । न क्षीयन्ते सन्तत्युच्छेदो न भवतीत्यर्थः । किं च तं वयमुपभुञ्जामः पालयामोऽस्मिंश्च लोके जीवन्तममुष्मिंश्च परलोके । य एतमेवं विद्वानुपास्ते यथोक्तं तस्यैतत्फलमित्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે પુરુષ, જે કોઈ કે આવી રીતે ભોગ્ય અને ભોક્તારૂપે ચાર પ્રકારોમાં વિભક્ત થયેલાં પૂર્વોક્ત ગાર્હપત્યાગ્નિની ઉપાસના કરે છે તે પાપ કર્મોનો નાશ કરી દે છે અને અમારા આગ્નેય લોક દ્વારા તેવી જ રીતે લોકી-લોકવાન થાય છે જેવી રીતે કે અમે છીએ. આ લોકમાં પણ તે સંપૂર્ણ - સો વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરે છે. જ્યોક્ - ઉઙ્ગ્વળ જીવન વ્યતીત કરે છે અર્થાત્ અપ્રસિદ્ધ થઈને નથી જીવતો અને તેના અવર પુરુષ જે અવર - પશ્ચાદ્વર્તી એટલે સંતતિમાં ઉત્પન્ન થયેલા પુરુષ છે તે ક્ષીણ થતાં નથી અર્થાત્ આની સંતતિનો ઉચ્છેદ થતો નથી. આ જ નહીં, આ લોકમાં જીવિત રહીને તથા પરલોકમાં પણ અમે તેનું પાલન કરીએ છીએ. તાત્પર્ય આ છે કે જે વિદ્વાન આવી રીતે આની ઉપાસના કરે છે તેને પૂર્વોક્ત ફળ પ્રાપ્ત થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये एकादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ ११ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના અગિયારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

द्वादशः खण्डः

अथ हैनमन्वाहार्यपचनोऽनुशशासापो दिशो नक्षत्राणि चन्द्रमा इति । य एष चन्द्रमसि पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति ॥ १ ॥

હવે તેને અન્વાહાર્યપચન(દક્ષિણાગ્નિ)એ શિક્ષા આપી - 'જળ, દિશા, નક્ષત્ર અને ચંદ્રમા (આ મારાં ચાર શરીર છે) ચંદ્રમામાં જે આ પુરુષ જોવામાં આવે છે તે હું છું, તે હું છું.' ॥ ૧ ॥

स य एतमेवं विद्वानुपास्तेऽपहते पापकृत्यां लोकी भवति सर्वमायुरेति ज्योग्जीवति नास्यावरपुरुषाः क्षीयन्त उप वयं तं भुञ्जामोऽस्मिꣳश्च लोकेऽमुष्मिꣳश्च य एतमेवं विद्वानुपास्ते ॥ २ ॥

તે પુરુષ જે આને આવી રીતે જાણીને આ(ચાર ભાગોમાં વિભક્ત અગ્નિ)ની ઉપાસના કરે છે, પાપકર્મોનો નાશ કરી દે છે, લોકવાન થાય છે, પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત કરે છે અને ઉજ્જ્વળ જીવન વ્યતીત કરે છે. તેની પાછળ થનારા પુરુષ (વંશજ) ક્ષીણ થતાં નથી અને આ લોક અને પરલોકમાં પણ અમે તેનું પાલન કરીએ છીએ, જો કે આવી રીતે જાણીને આની ઉપાસના કરે છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ हैनमन्वाहार्यपचनोऽनुशशास दक्षिणाग्निरापो दिशो नक्षत्राणि चन्द्रमा इत्येता मम चतस्रस्तनवश्चतुर्धा-हमन्वाहार्यपचन आत्मानं प्रविभज्यावस्थितः । तत्र य एष चन्द्रमसि पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति पूर्ववत् । ★ अन्नसम्बन्धाज्ज्योतिष्ट्वसामान्याच्चान्वाहार्यपचनचन्द्रमसोरेकत्वं दक्षिणदिक्सम्बन्धाच्च । अपां नक्षत्राणां च पूर्ववदन्नत्वेनैव संबन्धः । नक्षत्राणां चन्द्रमसो भोग्यत्वप्रसिद्धेः । अपामन्नोत्पादकत्वादन्नत्वं दक्षिणाग्नेः पृथिवीवद्गार्हपत्यस्य । समानमन्यत् ॥ १-२ ॥

શાંકરભાષ્ય :- ફરીથી તેને અન્વાહાર્યપચન - દક્ષિણાગ્નિએ શિક્ષા આપી - 'જળ, દિશા, નક્ષત્ર અને ચંદ્રમા - આ મારાં ચાર શરીર છે. હું પોતાને ચાર પ્રકારે વિભક્ત કરીને અન્વાહાર્યપચન રૂપે રહેલો છું. તેમાંથી ચંદ્રમાં જે આ પુરુષ દેખાય છે તે હું છું, તે જ હું છું' – આવું પૂર્વવત્ સમજવું જોઈએ.

અન્ન સાથે સંબંધ હોવાને કારણે, જ્યોતિષ્ટ્વમાં સમાનતા હોવાથી અને દક્ષિણ દિશાથી સંબંધ હોવાને કારણે અન્વાહાર્યપચન અને ચંદ્રમાની એકતા છે. જળ અને નક્ષત્રોનો તો પૂર્વવત્ અન્નરૂપે જ સંબંધ છે, કારણ કે નક્ષત્રોની ચંદ્રમાના ભોગ્યરૂપે પ્રસિદ્ધિ છે અને અન્નના ઉત્પત્તિકર્તા હોવાને કારણે જળને પણ આવી રીતે દક્ષિણાગ્નિનું અન્નત્વ પ્રાપ્ત છે જેમ પૃથ્વીને ગાર્હપત્યાગ્નિનું. બાકીનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૧-૨ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

अथ हैनमाहवनीयोऽनुशशास प्राण आकाशो द्यौर्विद्युदिति । एष विद्युति पुरुषो दृश्यते सोऽहमस्मि स एवाहमस्मीति ॥ १ ॥

તેના પછી તેને આહવનીયાગ્નિએ ઉપદેશ કર્યો - પ્રાણ, આકાશ, દ્યુલોક અને વિદ્યુત્ (આ મારાં ચાર શરીર છે). આ જે વિદ્યુતમાં પુરુષ જોવામાં આવે છે તે હું છું તે જ હું છું. ॥ ૧ ॥

स य एतमेवं विद्वानुपास्तेऽपहते पापकृत्यां लोकी भवति सर्वमायुरेति ज्योग्जीवति नास्यावरपुरुषाः क्षीयन्त उप वयं तं भुञ्जामोऽस्मिꣳश्च लोकेऽमुष्मिꣳश्च य एतमेवं विद्वानुपास्ते ॥ २ ॥

તે પુરુષ, જે આને આવી રીતે જાણીને આ(ચતુર્ધા વિભક્ત અગ્નિ)ની ઉપાસના કરે છે, પાપકર્મને નષ્ટ કરી દે છે, લોકવાન થાય છે, પૂર્ણ આયુષ્યને પ્રાપ્ત થાય છે તથા ઉજ્જ્વળ જીવન વ્યતીત કરે છે. તેના પશ્ચાદ્વર્તી પુરુષ (વંશજ) ક્ષીણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

થતાં નથી અને તેમનું અમે આ લોક અને પરલોકમાં પણ પાલન કરીએ છીએ જો કે આને આવી રીતે જાણીને આની ઉપાસના કરે છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ हैनमाहवनीयोऽनुशशास प्राण आकाशो द्यौर्विद्युदिति ममाप्येताश्चतस्रस्तनवः । य एष विद्युति पुरुषो दृश्यते सोऽहमस्मीत्यादि पूर्ववत्सामान्यात् । दिवाकाशयोस्त्वाश्रयत्वाद्विद्युदाहवनीययोर्भोग्यत्वेनैव सम्बन्धः । समानमन्यत् ॥ १-२ ॥

શાંકરભાષ્ય :- તેના પછી તેને આહવનીયાગ્નિએ ઉપદેશ કર્યો - 'પ્રાણ, આકાશ, દ્યુલોક અને વિદ્યુત - આ મારા પણ ચાર શરીર છે. આ જે વિદ્યુતમાં પુરુષ દેખાય છે તે હું છું' વગેરે અર્થ પહેલાંના જ સમાન હોવાને કારણે પૂર્વવત્ છે. દ્યુલોક અને આકાશની સાથે વિદ્યુત્ અને આહવનીયનો ભોગ્યરૂપે જ સંબંધ છે, કારણ કે આ ક્રમશઃ આના આશ્રય છે. શેષ અર્થ પૂર્વવત્ છે. ॥ ૧-૨ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्दशः खण्डः

ते होचुरुपकोसलैषा सोम्य तेऽस्मद्विद्यात्मविद्या चाचार्यस्तु ते गति वक्तेत्याजगाम हास्याचार्यस्तमाचार्योऽभ्युवादोपकोसल ३ इति ॥ १ ॥

તેમણ કહ્યું - 'ઉપકોસલ ! હે સોમ્ય ! આ પોતાની વિદ્યા અને આત્મવિદ્યા તને કહી. આચાર્ય તને (આના ફળની પ્રાપ્તિનો) માર્ગ બતલાવશે.' તેના પછી તેના આચાર્ય આવ્યા. તેને આચાર્યે કહ્યું – 'ઉપકોસલ.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- ते पुनः सम्भूयोचुर्होकोसलैषा सोम्य ते तवास्मद्विद्याग्निविद्येत्यर्थः । आत्मविद्या पूर्वोक्ता प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्मेति च । आचार्यस्तु ते गतिं वक्ता विद्याफलप्राप्तय इत्युक्त्वोपरेमुरग्नयः । आजगाम हास्याचार्यः कालेन । तं च शिष्यमाचार्योऽभ्युवादोपकोसल ३ इति ॥ १ ॥

શાંકરભાષ્ય :- તેઓએ ફરીથી એક સાથે કહ્યું - 'ઉપકોસલ ! હે સોમ્ય ! આ અમે તારા પ્રત્યે અમારી વિદ્યા અર્થાત્ અગ્નિવિદ્યા અને આત્મવિદ્યા - જે પહેલાં 'પ્રાણો બ્રહ્મ કં બ્રહ્મ ખં બ્રહ્મ' વગેરે રૂપે કહેવામાં આવી છે તે કહી દીધી. હવે આ વિદ્યાના ફળની પ્રાપ્તિને માટે આચાર્ય તને માર્ગ બતાવશે.' આવું કહીને અગ્નિગણ ઉપરત થઈ ગયા. કાલાન્તરમાં તેના આચાર્ય આવ્યા ત્યારે આચાર્યએ તે પોતાના શિષ્યને કહ્યું – 'ઉપકોસલ !' ॥ ૧ ॥

भगव इति ह प्रतिशुश्राव ब्रह्मविद इव सोम्य ते मुखं भाति को नु त्वानुशशासेति को नु मानुशिष्याद्धो इतीहापेव निह्नुत इमे नूनमीदृशा अन्यादृशा इतीहाग्नीनभ्यूदे किं नु सोम्य किलतेऽवोचन्निति ॥ २ ॥

તેણે 'ભગવન્ !' એવો ઉત્તર આપ્યો. (આચાર્ય બોલ્યા -) 'હે સોમ્ય ! તારું મુખ બ્રહ્મજ્ઞાની જેવું જણાય છે, તને કોણે ઉપદેશ કર્યો છે ?' 'મને કોણ ઉપદેશ કરે' એમ કહીને તે જાણે કે તેને સંતાડવા લાગ્યો. (ફરીથી અગ્નિઓની તરફ સંકેત કરીને બોલ્યો –) 'નિશ્ચય આણે (ઉપદેશ કર્યો છે) જે અન્ય પ્રકારના હતા અને હવે આવા છે' - એમ કહીને તેણે અગ્નિઓને બતાવ્યા. (ત્યારે આચાર્યએ પૂછ્યું -) 'હે સોમ્ય તેમણે તને શું બતાવ્યું છે ?' ॥ ૨ ॥

इदमिति ह प्रतिजज्ञे लोकान्वाव किल सोम्य तेऽवोचन्नहं तु ते तद्वक्ष्यामि यथा पुष्करपलाश आपो न श्लिष्यन्त एवमेवंविदि पापं कर्म न श्लिष्यत इति ब्रवीतु मे भगवानिति तस्मै होवाच ॥ ३ ॥

ત્યારે તેણે 'આ બતાવ્યું છે' એમ કહીને ઉત્તર આપ્યો. (આ માટે આચાર્યએ કહ્યું -) 'હે સોમ્ય ! તેમણે તો તને કેવળ લોકોનો જ ઉપદેશ કર્યો છે, હવે હું તને તે બતાવું છું જેને જાણનારાનો પાપકર્મનો તેવી રીતે સંબંધ થતો નથી જેમ કમળપત્રનો જળ સાથે સંબંધ હોતો નથી.' તે બોલ્યો - 'ભગવન્ મને બતાવે.' ત્યારે આચાર્યએ તેને કહ્યું. ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- भगव इति ह प्रतिशुश्राव । ब्रह्मविद इव सोम्य ते मुखं प्रसन्नं भाति, को नु त्वानुशशासेत्युक्तः प्रत्याह—को नु मानुशिष्यादनुशासनं कुर्याद्भो भगवंस्त्वयि प्रोषित इतीहापेव निह्नुतेऽपनिह्नुत इवेति व्यवहितेन सम्बन्धः, न चापनिह्नुते न च यथावदग्निभिरुक्तं ब्रवीतीत्यभिप्रायः । ★ कथम् ? इमेऽग्नयो मया परिचरिता उक्तवन्तो नूनं यतस्त्वां दृष्ट्वा वेपमाना इवेदृशा दृश्यन्ते पूर्वमन्यादृशाः सन्त इतीहाग्नीनभ्यूदेऽभ्युक्तवान्काक्काग्नीन्दर्शयन् । किं नु सोम्य किल ते तुभ्यमवोचन्नग्नय इति पृष्ट इत्येवमिदमुक्तवन्त इत्येवं ह प्रतिजज्ञे प्रतिज्ञातवान्प्रतीकमात्रं किञ्चिन्न सर्वं यथोक्तमग्निभिरुक्तमवोचत् । ★ यत आहाचार्यो लोकान्वाव पृथिव्यादीन्हे सोम्य किल तेऽवोचन्न ब्रह्म साकल्येन । अहं तु ते तुभ्यं तद्ब्रह्म यदिच्छसि त्वं श्रोतुं वक्ष्यामि, शृणु तस्य मयोच्यमानस्य ब्रह्मणो ज्ञानमाहात्म्यम्—यथा पुष्करपलाशे पद्मपत्र आपो न श्लिष्यन्त एवं यथा वक्ष्यामि ब्रह्मैवंविदि पापं कर्म न श्लिष्यते न सम्बध्यत इत्येवमुक्तवत्याचार्य आहोपकोसलो ब्रवीतु मे भगवानिति तस्मै होवाचाचार्यः ॥ २-३ ॥

શાંકરભાષ્ય :- તેણે 'ભગવન્' એમ ઉત્તર આપ્યો. ફરીથી આચાર્ય દ્વારા 'હે સોમ્ય ! તારું મુખ બ્રહ્મવેત્તા જેવું પ્રસન્ન જણાય છે, તો તને કોણે ઉપદેશ કર્યો છે.' આમ કહેવામાં આવતાં તે બોલ્યો - 'ભગવન્ ! આપના બહાર ચાલ્યા જાવાથી ભલા મને કોણ ઉપદેશ કરે ?' આવી રીતે જાણે કે તે (અગ્નિના કથનને) છુપાવવા લાગ્યો. 'અપ ઇવ નિહ્નુતે' આમાં 'અપ' ઉપસર્ગનો 'ઇવ' દ્વારા વ્યવધાનયુક્ત 'નિહ્નુતે' ક્રિયાની સાથે સંબંધ છે, એટલે 'અપનિહ્નુતે ઇવ' એમ સમજવું જોઈએ. તાત્પર્ય આ છે કે તે અગ્નિના કથનને ન તો જેમનું તેમ બતાવે છે અને ન તેને (સર્વથા) સંતાડે જ છે.

'તે કેવી રીતે ? જુઓ મારા દ્વારા પરિચર્યા કરેલાં આ અગ્નિઓએ જ મને ઉપદેશ આપ્યો છે, કારણ કે હવે આપને જોઈને એ આવી રીતે કાંપતાં હોય તેવા દેખાય છે, જ્યારે પહેલાં એ અન્ય પ્રકારના હતાં' આવી રીતે કાકુવચન (વ્યંગ્યોક્તિ) દ્વારા તેણે અગ્નિઓને બતાવ્યા. પછી 'હે સૌમ્ય ! અગ્નિઓએ તને શું બતાવ્યું છે ?' આવી રીતે પૂછવામાં આવતાં 'તે જ કહ્યું છે' એમ કહ્યું, અર્થાત્ કંઈક પ્રતીકમાત્ર જ બતાવ્યું, અગ્નિઓનો કહેલો બધો ઉપદેશ યથાવત કહ્યો નહીં.

આચાર્યએ કહ્યું, 'હે સૌમ્ય ! અગ્નિઓએ તને પૃથ્વી વગેરે લોક જ બતાવ્યાં છે, બ્રહ્મનો પૂર્ણતયા ઉપદેશ આપ્યો નથી. હવે હું તને તે બ્રહ્મનો ઉપદેશ આપીશ જેને તું સાંભળવા ઇચ્છે છે. મારા દ્વારા કહેવામાં આવેલાં તે બ્રહ્મના જ્ઞાનના મહાત્મ્યને સાંભળીને - જેવી રીતે પુષ્કર પલાશ-કમલપત્ર-માં જળ શ્લિષ્ટ-સંબદ્ધ થતું નથી તેવી રીતે બ્રહ્મનો જે હું ઉપદેશ આપીશ તેને જાણનારાઓમાં પાપકર્મનો સંબંધ થતો નથી.' આચાર્યના આવી રીતે કહેવાથી ઉપકોસલે કહ્યું - 'ભગવાન્ મને બતાવે.' ત્યારે આચાર્યએ તેને કહ્યું. ॥ ૨-૩ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये चतुर्दशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १४ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના ચૌદમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चदशः खण्डः

य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति । तद्यद्यप्यस्मिन्सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छति ॥ १ ॥

'આ જે નેત્રમાં પુરુષ દેખાય છે આ આત્મા છે' - એવું તેણે કહ્યું. 'આ અમૃત છે, અભય છે અને બ્રહ્મ છે.' (પુરુષના સ્થાનરૂપ નેત્રમાં) જો ઘૃત (ઘી) અથવા જળ નાંખો તો તે પલકોમાં જ જતું રહે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- य एषोऽक्षिणि पुरुषो दृश्यते निवृत्तचक्षुर्भिर्ब्रह्मचर्यादिसाधनसम्पन्नैः शान्तैर्विवेकिभिर्दृष्टैर्द्रष्टा, **'चक्षुषश्चक्षुः'** (के.उप. १-२) इत्यादिश्रुत्यन्तरात् । ★ नन्वग्निभिरुक्तं वितथं यत आचार्यस्तु ते गतिं वक्तेति गतिमात्रस्य वक्तेत्यवोचन्भविष्यद्विषयापरिज्ञानं चाग्नीनाम् । ★ नैष दोषः, सुखाकाशस्यैवाक्षिणि दृश्यत इति द्रष्टुरनुवादात् । एष आत्मा प्राणिनामिति होवाचैवमुक्तवानेतद्यदेवात्मतत्त्वमवोचाम एतदमृतममरणधर्म्यविनाश्यत एवाभयं यस्य हि विनाशाशङ्का तस्य भयोपपत्तिस्तदभावाद्भयमत एवैतद् ब्रह्म बृहदनन्तमिति । ★ किञ्चास्य ब्रह्मणोऽक्षिपुरुषस्य माहात्म्यं तत्तत्र पुरुषस्य स्थानेऽक्षिणि यद्यप्यस्मिन्सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छति पक्ष्मावेव गच्छति न चक्षुषा सम्बध्यते पद्मपत्रेणेवोदकम् । स्थानस्याप्येतन्माहात्म्यं किं पुनः स्थानिनोऽक्षिपुरुषस्य निरञ्जनत्वं वक्तव्यमित्यभिप्रायः ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- 'જેના બાહ્ય ઈન્દ્રિયગ્રામ નિવૃત્ત થઈ ગયા છે તે બ્રહ્મચર્યાદિ સાધનસંપન્ન, શાંતાત્મા વિવેકીઓ દ્વારા જે આ નેત્રના અંતર્ગત દૃષ્ટિનો દ્રષ્ટા પુરુષ જોવામાં આવે છે, જેમ કે **'તે ચક્ષુઓનું ચક્ષુ છે'** (કેન.ઉપ. ૧-૨) એવી બીજી શ્રુતિથી પ્રમાણિત થાય છે.' (તે પ્રાણીઓનો આત્મા છે - એવું આચાર્યએ કહ્યું.)

પૂર્વપક્ષી :- (આચાર્યના આ કથનથી) અગ્નિઓનું કથન મિથ્યા પ્રમાણિત થાય છે, કારણકે તેમણે તો **'आचार्यस्तु ते गतिः वक्ता'** એવું કહીને 'કેવળ ગતિમાત્ર કહેવાશે.' એટલું જ કહ્યું હતું. તથા આનાથી અગ્નિઓનું ભવિષ્યના વિષય સંબંધી જ્ઞાન ન થવું સિદ્ધ થાય છે.

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે એમ કહીને આચાર્યે (અગ્નિઓના બતાવેલા) સુખાકાશરૂપ દ્રષ્ટાનું જ 'જે નેત્રમાં દેખાય છે' આવી રીતે અનુવાદ કર્યો છે. આ પ્રાણીઓના આત્મા છે 'इति होवाच' આવી રીતે કહ્યું. જે આત્મતત્ત્વનું વર્ણન અમે પહેલાં કરી ચૂક્યા છીએ તે જ આ અમૃત-અમરણધર્મા એટલે અવિનાશી છે, આનાથી અભય પણ છે, કારણ કે જેના નાશની શંકા હોય છે તેને ભય હોઈ શકે છે, એટલે તેનો અભાવ હોવાને કારણે આ અભય છે. આનાથી આ બ્રહ્મ-બૃહત્ એટલે અનંત છે.

વળી આ બ્રહ્મ-નેત્રસ્થ પુરુષનું એવું માહાત્મ્ય છે કે આ પુરુષના સ્થાનભૂત નેત્રમાં જો ઘી અથવા જળ નાંખવામાં આવે તો તે અહીં-તહીં પલકોમાં જ જતું રહે છે, પદ્મ સાથે જેમ જળ તેમ નેત્ર સાથે તેનો સંબંધ થતો નથી. જ્યારે કે સ્થાનનું પણ એવું મહાત્મ્ય છે તો સ્થાની નેત્રસ્થ પુરુષની નિઃસંગતાના વિષયમાં તો કહેવું જ શું છે ? આ તેનો અભિપ્રાય છે. ॥ ૧ ॥

एतꣳ संयद्वाम इत्याचक्षत एतꣳ हि सर्वाणि वामान्यभिसंयन्ति सर्वाण्येनं वामान्यभिसंयन्ति य एवं वेद ॥ २ ॥

આને 'संयद्वाम' એમ કહે છે, કારણ કે સંપૂર્ણ સેવવા યોગ્ય વસ્તુઓ સર્વ તરફથી આને જ પ્રાપ્ત થાય છે, જે આવી રીતે જાણે છે તેને સંપૂર્ણ સેવવા યોગ્ય વસ્તુઓ સર્વ તરફથી પ્રાપ્ત થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- एतं यथोक्तं पुरुषं संयद्वाम इत्याचक्षते । कस्मात् ? यस्मादेतं सर्वाणि वामानि वननीयानि संभजनीयानि शोभनान्यभिसंयन्त्यभिसंगच्छन्तीत्यतः संयद्वामः । तथैवंविदमेनं सर्वाणि वामान्यभिसंयन्ति य एवं वेद ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ પૂર્વોક્ત પુરુષને 'संयद्वाम्' એમ કહે છે. કેમ ? કારણ કે સંપૂર્ણ વામ-વનનીય-સંભજનીય અર્થાત્ શોભન પદાર્થ સર્વ તરફથી આને જ પ્રાપ્ત થાય છે, એટલા માટે આ સંયદ્વામ છે. આવી રીતે આમ જાણનાર પુરુષને - જે આને આમ જાણે છે તેને, સંપૂર્ણ શોભન પદાર્થ સર્વ તરફથી પ્રાપ્ત થાય છે. ॥ ૨ ॥

एष उ एव वामनीरेष हि सर्वाणि वामानि नयति सर्वाणि वामानि नयति य एवं वेद ॥ ३ ॥

આ જ વામની છે. કારણ કે આ જ સંપૂર્ણ વામોનું વહન કરે છે. જે આવું જાણે છે તે સંપૂર્ણ વામોને વહન કરે છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एष उ एव वामनीर्यस्मादेष हि सर्वाणि वामानि पुण्यकर्मफलानि पुण्यानुरूपं प्राणिभ्यो नयति प्रापयति वहति चात्मधर्मत्वेन । विदुषः फलं सर्वाणि वामानि नयति य एवं वेद ॥ ३ ॥

શાંકરભાષ્ય :- આ જ વામની છે, કારણ કે આ જ પોતાના ધર્મરૂપે પ્રાણીઓના પ્રત્યે તેના પુણ્યાનુસાર સંપૂર્ણ વામ-પુણ્ય કર્મફળોનું વહન કરે છે. આના વિદ્વાનને મળનારું ફળ - જે આવું જાણે છે તે સંપૂર્ણ વામોનું (પુણ્યકર્મફળોનું) વહન કરે છે. ॥ ૩ ॥

एष उ एव भामनीरेष हि सर्वेषु लोकेषु भाति सर्वेषु लोकेषु भाति य एवं वेद ॥ ४ ॥

આ જ ભામની છે, કારણ કે આ જ સંપૂર્ણ લોકોમાં ભાસિત થાય છે. જે આમ જાણે છે તે સંપૂર્ણ લોકોમાં ભાસમાન થાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- एष उ एव भामनीरेष हि यस्मात्सर्वेषु लोकेष्वादित्यचन्द्राग्न्यादिरूपैर्भाति दीप्यते । **'तस्य भासा सर्वमिदं विभाति'** (क.उप. ५-१६) इति श्रुतेः, अतो भामानि नयतीति भामनीः । य एवं वेदासावपि सर्वेषु लोकेषु भाति ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- આ જ ભામની છે, કારણ કે સંપૂર્ણ લોકોમાં આદિત્ય, ચંદ્ર અને અગ્નિ વગેરેના રૂપોમાં આ જ ભાસિત-દીપ્ત થાય છે. **'તેના પ્રકાશથી સર્વ પ્રકાશિત છે.'** (ક.ઉપ. ૫-૧૬) આ શ્રુતિથી આ જ સિદ્ધ થાય છે. એટલે ભામો(પ્રકાશો)નું વહન કરે છે એટલા માટે ભામની છે. જે એમ જાણે છે તે પણ સંપૂર્ણ લોકોમાં ભાસિત થાય છે. ॥ ૪ ॥

अथ यदु चैवास्मिञ्छव्यं कुर्वन्ति यदि च नार्चिषमेवाभिसंभवन्त्यर्चिषोऽहरह्न आपूर्यमाणपक्षमापूर्यमाण-पक्षाद्यान्षडुदङ्ङेति मासाः स्तान्मासेभ्यः संवत्सरं संवत्सरादादित्यमादित्याच्चन्द्रमसं चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽ-मानवः स एनान्ब्रह्म गमयत्येव देवपथो ब्रह्मपथ एतेन प्रतिपद्यमाना इमं मानवमावर्तं नावर्तन्ते नावर्तन्ते ॥ ५ ॥

હવે (શ્રુતિ પૂર્વોક્ત બ્રહ્મવેત્તાની ગતિ બતાવે છે) આના માટે શવકર્મ કરો અથવા ન કરો, તે અર્ચિરભિમાની દેવોને જ પ્રાપ્ત થાય છે. પછી અર્ચિરભિમાની દેવોથી દિવસાભિમાની દેવોને, દિવસાભિમાનીથી શુકલપક્ષાભિમાની દેવોને અને શુકલપક્ષાભિમાની દેવોથી ઉત્તરાયણના છ મહિનાઓને પ્રાપ્ત થાય છે. મહિનાઓથી સંવત્સરને, સંવત્સરથી આદિત્યને, આદિત્યથી ચંદ્રમાને અને ચંદ્રમાથી વિદ્યુતને પ્રાપ્ત થાય છે. ત્યાંથી અમાનવ પુરુષ તેને બ્રહ્મને પ્રાપ્ત કરાવી દે છે. આ દેવમાર્ગ-બ્રહ્મમાર્ગ છે. આનાથી જનારા પુરુષો આ માનવમંડળમાં પાછા આવતાં નથી, પાછા આવતાં નથી. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथेदानीं यथोक्तब्रह्मविदो गतिरुच्यते—यद् यदि उ चैवास्मिन्नेवंविदि शव्यं शवकर्म मृते कुर्वन्ति यदि च न कुर्वन्ति ऋत्विजः सर्वथाप्येवंवित्तेन शवकर्मणाकृतेनापि प्रतिबद्धो न न ब्रह्म प्राप्नोति न च कृतेन शवकर्मणास्य कश्चनाभ्यधिको लोकः । **'न कर्मणा वर्धते नो कनीयान्'** (बृ.उप. ४-४-२३) इति श्रुत्यन्तरात् । ★ शवकर्मण्यनादरं दर्शयन्विद्यां स्तौति न पुनः शवकर्मैवंविदो न कर्तव्यमिति । अक्रियमाणे हि शवकर्मणि कर्मणां फलारम्भे प्रतिबन्धः कश्चिदनुमीयतेऽन्यत्र, यत इह विद्या फलारम्भकाले शवकर्म स्याद्वा न वेति विद्यावतोऽप्रतिबन्धेन फलारम्भं दर्शयति । ये सुखाकाशमक्षिस्थं संयद्वामो वामनीर्भामनीरित्येवंगुणमुपासते प्राणसहितामग्निविद्यां च, तेषामन्यत् कर्म भवतु मा वा भूत्सर्वथापि तेऽर्चिषमेवाभिसंभवन्त्यर्चिरभिमानिनीं देवतामभिसंभवन्ति प्रतिपद्यन्त इत्यर्थः । ★ अर्चिषोऽर्चिर्देवताया अहरहरभिमानिनीं देवतामह्न आपूर्यमाणपक्षं शुक्लपक्षदेवतामापूर्यमाणपक्षाद्यान्षण्मासानुदङ्ङुत्तरां दिशमेति सविता तान्मासानुत्तरायणदेवतां तेभ्यो मासेभ्यः संवत्सरं संवत्सरदेवतां ततः संवत्सरादादित्यमादित्याच्चन्द्रमसं चन्द्रमसो विद्युतं तत्तत्रस्थांस्तान् पुरुषः कश्चिद्ब्रह्मलोकादेत्यामानवो मानव्यां सृष्टौ भवो मानवो न मानवोऽमानवः स पुरुष एनान्ब्रह्म सत्यलोकस्थं गमयति गन्तृगन्तव्यगमयितृत्वव्यपदेशेभ्यः । सन्मात्रब्रह्मप्राप्तौ तदनुपपत्तेः । ब्रह्मैव सन्ब्रह्माप्येतीति हि तत्र वक्तुं न्याय्यम् । सर्वभेदनिरासेन सन्मात्रप्रतिपत्तिं वक्ष्यति । न चादृष्टो मार्गोऽगमनायोपतिष्ठते । **'स एनमविदितो न भुनक्ति'** इति श्रुत्यन्तरात् । ★ एष देवपथः, देवैरर्चिरादिभिर्गमयितृत्वेनाधिकृतैरुपलक्षितः पन्था देवपथ उच्यते । ब्रह्म गन्तव्यं तेन चोपलक्षित इति ब्रह्मपथः । एतेन प्रतिपद्यमाना गच्छन्तो ब्रह्मेमं मानवं मनुसम्बन्धिनं मनोः सृष्टिलक्षणमावर्तं नावर्तन्त आवर्तन्तेऽस्मिञ्जननमरणप्रबन्धचक्रारूढा घटीयन्त्रवत्पुनः पुनरित्यावर्तस्तं न प्रतिपद्यन्ते । नावर्तन्त इति द्विरुक्तिः सफलाया विद्यायाः परिसमाप्तिप्रदर्शनार्था ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હવે ઉપર્યુક્ત બ્રહ્મવેત્તાની ગતિ બતાવવામાં આવે છે - આવી રીતે જાણનારા આ ઉપાસકના માટે તેનું મૃત્યુ થવાથી ઋત્વિક્ ગણ શવકર્મ કરે અથવા ના કરે તે શવકર્મના ન કરવાથી પણ આવી રીતે જાણનારા તે ઉપાસક સર્વથા પ્રતિબદ્ધ થઈને બ્રહ્મને પ્રાપ્ત થતાં નથી - એવું થતું નથી અને તે શવકર્મ ન કરવાથી આને કોઈ બ્રહ્મથી ઉત્કૃષ્ટ લોક જ પ્રાપ્ત થાય છે, જેમ કે **'આ કર્મથી ન તો વધે છે અને ન તો ઘટે છે'** (બૃ.ઉપ. ૪-૪-૨૩) આ એક અન્ય શ્રુતિથી પ્રમાણિત થાય છે.

શવકર્મ પ્રત્યે અનાદર પ્રદર્શિત કરતાં કરતાં આ મંત્ર કેવળ વિદ્યાની સ્તુતિ કરે છે, આવી રીતે જાણનારાના શવકર્મ કરવું જોઈએ નહીં આ બતાવતો નથી. આ વિદ્વાન સિવાય અન્ય કોઈને માટે તો શવકર્મ ન કરવાથી તેના કર્મફળના આરંભમાં કંઈક પ્રતિબંધ હોવાનું અનુમાન કરવામાં આવે છે. કારણ કે અહીં શ્રુતિ ઉપાસનાનું ફળ આરંભ થવાના સમયે કેવળ ઉપાસકના માટે જ - તેનું શવકર્મ કરવામાં આવે અથવા ન કરવામાં આવે - આમ અપ્રતિબંધપૂર્વક ફળનો આરંભ બતાવે છે. જે લોકો નેત્રમાં રહેલાં સંયદ્વામ, વામની અને ભામની વગેરે ગુણોથી યુક્ત સુખાકાશની ઉપાસના કરે છે તથા પ્રાણસહિત અગ્નિવિદ્યાની ઉપાસના કરે છે - તેનું અન્ય કર્મ હોય અથવા ન હોય - તે સર્વથા અર્ચિરભિમાની દેવોને જ પ્રાપ્ત થાય છે - આવું આનું તાત્પર્ય છે.

અર્ચિઃ- અર્ચિરભિમાની દેવથી આ અહ્નઃ- અહરભિમાની (દિવસાભિમાની) દેવને, અહરભિમાની દેવથી આપૂર્યમાણ પક્ષ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શુક્લ પક્ષદેવને, શુક્લ પક્ષથી ષડુદક્ - જે છ મહિનામાં સૂર્ય ઉત્તર દિશામાં ચાલે છે તે મહિનાઓને અર્થાત્ ઉત્તરાયણદેવને, તે ઉત્તરાયણના છ મહિનાઓથી સંવત્સર - સંવત્સરાભિમાની દેવને પ્રાપ્ત થાય છે. પછી સંવત્સરથી આદિત્યને, આદિત્યથી ચંદ્રમાને અને ચંદ્રમાથી વિદ્યુત્‌ને પ્રાપ્ત થાય છે. ત્યાં રહેલાં તે ઉપાસકોને કોઈ અમાનવ જે માનવી સૃષ્ટિમાં હોય છે તેને 'માનવ' કહે છે, જે માનવ ન હોય તેનું નામ 'અમાનવ' છે, એવો કોઈ અમાનવ પુરુષ બ્રહ્મલોકમાંથી આવીને સત્યલોકમાં રહેલાં બ્રહ્મની પાસે પહોંચાડી દે છે. ગમન કરનારા, ગન્તવ્ય સ્થાન અને ગમન કરનારનો ઉલ્લેખ થવાને કારણે (અહીં કાર્યબ્રહ્મ જ અભિપ્રેત છે) કારણ કે સત્તામાત્ર બ્રહ્મની પ્રાપ્તિમાં આ કંઈ જ કહી શકાય નહીં. ત્યાં તો આ જ કહેવું ન્યાય્ય છે કે 'તે બ્રહ્મરૂપ થયેલો જ બ્રહ્મને પ્રાપ્ત થાય છે.' આગળ છઠ્ઠા (અધ્યાયમાં) શ્રુતિ સંપૂર્ણ ભેદના બાધ દ્વારા સન્માત્ર બ્રહ્મની પ્રાપ્તિનો ઉલ્લેખ કરશે એ જોવામાં ન આવેલાં (એકત્વરૂપ) માર્ગ તો મોક્ષમાં ઉપયોગી જ થતો નથી. જેમ કે **'તે (પરમાત્મા) ન જાણવા છતાં આ અધિકારીનું (મુક્તિ પ્રદાન કરીને) પાલન કરતાં નથી'** આ અન્ય શ્રુતિથી પ્રમાણિત થાય છે.

આ દેવમાર્ગ છે - ઉપાસકને પહોંચાડવા માટે અધિકાર પ્રાપ્ત દેવોથી ઉપલક્ષિત હોવાને કારણે આ માર્ગ દેવમાર્ગ કહેવાય છે. અને બ્રહ્મ ગન્તવ્ય (પ્રાપ્તવ્ય) સ્થાન છે, તેનાથી ઉપલક્ષિત થાય છે, એટલા માટે આ બ્રહ્મમાર્ગ છે. આના દ્વારા બ્રહ્મને પ્રાપ્ત થયાં અર્થાત્ જનારા ઉપાસક આ માનવ-મનુસંબંધી અર્થાત્ મનુની સૃષ્ટિરૂપ આવર્તમાં પાછા આવતાં નથી. જેમાં જન્મ-મરણના પ્રવાહરૂપ ચક્ર ઉપર ચઢેલાં પ્રાણી ઘટીયંત્ર સમાન ફરી ફરી આવર્તન કરે છે તે આ લોકને 'આવર્ત' કહે છે, આને તે પ્રાપ્ત થતાં નથી. 'नावर्तन्ते नावर्तन्ते' આ દ્વિરુક્તિ ફળ સહિત વિદ્યાની પરિસમાપ્તિ પ્રદર્શિત કરવાને માટે છે. ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये पञ्चदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १५ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં ચતુર્થ અધ્યાયના પંદરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षोडशः खण्डः

शाङ्करभाष्यम् :- रहस्यप्रकरणे प्रसङ्गादारण्यकत्वसामान्याच्च यज्ञे क्षत उत्पन्ने व्याहृतयः प्रायश्चित्तार्था विधातव्यास्तदभिज्ञस्य चर्त्विजो ब्रह्मणो मौनमित्यत इदमारभ्यते–

શાંકરભાષ્ય :- રહસ્ય(ઉપાસના)ના પ્રકરણમાં (માર્ગોપદેશનો) પ્રસંગ હોવાને કારણે, (પૂર્વોત્તર પ્રકરણોનું) આરણ્યકત્વમાં સાદૃશ્ય હોવાને કારણે, અને યજ્ઞોમાં કોઈ ક્ષતિ થઈ હોવાથી તેના પ્રાયશ્ચિત માટે વ્યાહૃતિઓનું વિધાન કરવાનું છે - તથા પ્રાયશ્ચિતને જાણનારા ઋત્વિક્ બ્રહ્માને માટે મૌનનું વિધાન કરવાનું છે - એટલા માટે આ પ્રકરણનો આરંભ કરવામાં આવે છે.

एष ह वै यज्ञो योऽयं पवत एष ह यन्निदꣳ सर्वं पुनाति । यदेष यन्निदꣳ सर्वं पुनाति तस्मादेष एव यज्ञस्तस्य मनश्च वाक्च वर्तनी ॥ १ ॥

આ જે ચાલે છે ચોક્કસ તે યજ્ઞ જ છે. આ ચાલતાં ચોક્કસ એ સંપૂર્ણ જગતને પવિત્ર કરે છે, કારણ કે આ જતાં જતાં આ સમસ્ત સંસારને પવિત્ર કરી દે છે માટે આ જ યજ્ઞ છે. મન અને વાક્ - આ બંને આના માર્ગ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- एष ह वा एष वायुर्योऽयं पवतेऽयं यज्ञः । ह वा इति प्रसिद्धार्थावद्योतकौ निपातौ । वायुप्रतिष्ठो हि यज्ञः प्रसिद्धः श्रुतिषु, **'स्वाहा वाते धाः'** (यजु. २-२१, ८-२१) **'अयं वै यज्ञो योऽयं पवते'** इत्यादिश्रुतिभ्यः । वात एव हि चलनात्मकत्वात्क्रियासमवायी । **'वात एव यज्ञस्यारम्भको वातः प्रतिष्ठा'** इति च श्रवणात् । ★ एष ह यन्नाच्छंश्चलन्निदं सर्वं जगत्पुनाति पावयति शोधयति । न ह्यचलतः शुद्धिरस्ति । दोषनिरसनं चलतो हि दृष्टं न स्थिरस्य । यद्यस्माच्च यन्नेष इदं सर्वं पुनाति यस्मादेष एव यज्ञो यत्पुनातीति । ★ तस्यास्यैवं विशिष्टस्य यज्ञस्य वाक्च मन्त्रोच्चारणे व्यापृता, मनश्च यथाभूतार्थज्ञाने व्यापृतम्, ते एते वाङ्मनसे वर्तनी मार्गौ याभ्यां यज्ञस्तायमानः प्रवर्तते ते वर्तनी । **'प्राणापानपरिचलनवत्या हि वाचश्चित्तस्य चोत्तरोत्तरक्रमो यद्यज्ञः'** इति हि श्रुत्यन्तरम् । अतो वाङ्मनसाभ्यां यज्ञो वर्तते इति वाङ्मनसे वर्तनी उच्येते यज्ञस्य ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'एष ह वै' આ વાયુ જે કે ચાલે છે, યજ્ઞ છે. 'ह' અને 'वै' એ પ્રસિદ્ધ પદાર્થના દ્યોતક નિપાત છે. શ્રુતિયોમાં યજ્ઞ વાયુરૂપ પ્રતિષ્ઠાવાળા જ પ્રસિદ્ધ છે. જેમકે **'આ યજ્ઞ આપના હાથોમાં સોંપું છું આપ તેને વાયુ દેવમાં સ્થાપિત કરો.'**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(યજુ. ૨-૨૧ અને ૮-૨૧), **'આ નિશ્ચય યજ્ઞ જ છે જો કે ચાલે છે'** વગેરે શ્રુતિઓથી પ્રમાણિત થાય છે. ચલનાત્મકત્વરૂપ ગુણવાળા હોવાને કારણે વાયુનો જ ક્રિયાથી સમવાયસંબંધ છે, જેમ કે શ્રુતિ કહે છે - **'વાયુ જ યજ્ઞનો આરંભક છે અને વાયુ તેની પ્રતિષ્ઠા છે.'**

આ ચાલતાં ચાલતાં ગમન કરતાં કરતાં આ સંપૂર્ણ જગતને પવિત્ર - શુદ્ધ કરી દે છે. જે ચાલતાં નથી તેની શુદ્ધિ થતી નથી. દોષ નિવૃત્તિ ગતિશીલની જ જોવામાં આવે છે, સ્થિરની નહીં કારણ કે આ ચાલતાં ચાલતાં આ સંપૂર્ણ જગતને પવિત્ર કરી દે છે એટલા માટે આ જ યજ્ઞ છે, કારણ કે પવિત્ર કરે છે.

તે આ પ્રકારની વિશેષતાવાળા યજ્ઞના મંત્રોચ્ચારણમાં પ્રવૃત્ત વાણી અને યથાર્થ વસ્તુના જ્ઞાનમાં પ્રવૃત્ત મન - એ બંને અર્થાત્ વાણી અને મન - 'વર્તની' - માર્ગ છે. જેના દ્વારા વિસ્તૃત કરેલો યજ્ઞ પ્રવૃત્ત થાય છે તેને 'વર્તની' કહે છે. **'પ્રાણ અને અપાન આ બંનેના યોગથી જેનું પરિશીલન થાય છે તે વાણી અને મનનું જે પૂર્વાપર કર્મ છે તે જ યજ્ઞ છે'** - એવું એક બીજી શ્રુતિ કહે છે. આવી રીતે કારણ કે વાણી અને મનથી યજ્ઞ પ્રવૃત્ત થાય છે, એટલા માટે વાણી અને મન યજ્ઞના માર્ગ કહેવામાં આવ્યા છે. ॥ ૧ ॥

तयोरन्यतरां मनसा सꣳ स्करोति ब्रह्मा वाचा होताध्वर्युरुद्गातान्यतराꣳ स यत्रोपाकृते प्रातरनुवाके पुरा परिधानीयाया ब्रह्मा व्यववदति ॥ २ ॥ अन्यतरामेव वर्तनी सꣳ स्करोति हीयतेऽन्यतरा स यथैकपादव्रजन्थो वैकेन चक्रेण वर्तमानो रिष्यत्येवमस्य यज्ञो रिष्यति यज्ञ रिष्यन्तं यजमानोऽनुरिष्यति स इष्ट्वा पापीयान् भवति ॥ ३ ॥

તેમાંથી એક માર્ગના બ્રહ્મા મનના દ્વારા સંસ્કાર કરે છે અને હોતા, અધ્વર્યુ અને ઉદ્‌ગાતા એ વાણી દ્વારા બીજા માર્ગના સંસ્કાર કરે છે. જો પ્રાતરનુવાકનો આરંભ થતાં પરિધાનીયા ઋચાના ઉચ્ચારણ પહેલા બ્રહ્મા બોલે છે તો તે કેવળ એક માર્ગના જ સંસ્કાર કરે છે, બીજો માર્ગ નષ્ટ થઈ જાય છે. જેવી રીતે એક પગથી ચાલનારા પુરુષ અથવા એક પૈડાંથી ચાલનાર રથ નષ્ટ થઈ જાય છે તેવી રીતે આનો યજ્ઞ પણ નાશ પામે છે. યજ્ઞના નષ્ટ થયા પછી યજમાનનો નાશ થાય છે. આવા પ્રકારના યજ્ઞ કરવાથી તે વધુ પાપી-અધિક પાપી થઈ જાય છે. ॥ ૨-૩ ॥

शाङ्करभाष्यम् :- तयोर्वर्तन्योरन्यतरां वर्तनीं मनसा विवेकज्ञानवता संस्करोति ब्रह्मर्त्विग्वाचा वर्तन्या होताध्वर्युरुद्गातेत्येते त्रयोऽप्यृत्विजोऽन्यतरां वाग्लक्षणां वर्तनीं वाचैव संस्कुर्वन्ति । तत्रैवं सति वाङ्मनसे वर्तनी संस्कार्ये यज्ञे । ★ अथ स ब्रह्मा यत्र यस्मिन्काल उपाकृते प्रारब्धे प्रातरनुवाके शस्त्रे पुरा पूर्वं परिधानीयाया ऋचो ब्रह्मैतस्मिन्नन्तरे काले व्यववदति मौनं परित्यजति यदि तदान्यतरामेव वाग्वर्तनीं संस्करोति । ब्रह्मणासंस्क्रियमाणा मनोवर्तनी हीयते विनश्यति छिद्रीभवत्यन्यतरा, स यज्ञो वाग्वर्तन्यैवान्यतरया वर्तितुमशक्नुवन्रिष्यति । कथमिव ? इत्याह—स यथैकपात्पुरुषो व्रजन्गच्छन्नध्वानं रिष्यति, रथो वैकेन चक्रेण वर्तमानो गच्छन्रिष्यति, एवमस्य यजमानस्य कुब्रह्मणा यज्ञो रिष्यति विनश्यति । यज्ञं रिष्यन्तं यजमानोऽनुरिष्यति, यज्ञप्राणो हि यजमानः, अतो युक्तो यज्ञरेषे रेषस्तस्य । स तं यज्ञमिष्ट्वा तादृशं पापीयान्पापतरो भवति ॥ २-३ ॥

શાંકરભાષ્ય :- તે બંને માર્ગોમાંથી કોઈ એક માર્ગના બ્રહ્મા નામના ઋત્વિક વિવેકજ્ઞાનયુક્ત ચિત્તદ્વારા સંસ્કાર કરે છે તથા હોતા, અધ્વર્યુ અને ઉદ્‌ગાતા એ ત્રણે ઋત્વિક્ પણ બીજા વાક્‌નામના માર્ગના વાણી દ્વારા જ સંસ્કાર કરે છે. એટલે આવું થવાને કારણે યજ્ઞમાં વાક્ અને મન બંને જ માર્ગોના સંસ્કાર કરવા જોઈએ.

હવે આ બ્રહ્મા જે કાળમાં પ્રાતરનુવાક શસ્ત્રનો પ્રારંભ થઈ ગયો હોય તે સમયથી પરિધાનીયા ઋચાના ઉચ્ચારણ પહેલાં બોલી ઊઠે છે - જો મૌન છોડી દે છે તો એક અર્થાત્ વાક્‌રૂપ માર્ગના જ સંસ્કાર કરે છે. આવી રીતે બ્રહ્મા દ્વારા સંસ્કાર શૂન્ય થયેલા એક મનરૂપ માર્ગ વિનષ્ટ અર્થાત્ છિદ્રયુક્ત થઈ જાય છે. ત્યારે તે યજ્ઞ એકમાત્ર વાગ્વર્તનીથી જ રહેવામાં અસમર્થ થવાને કારણે નષ્ટ થઈ જાય છે. કેવી રીતે નષ્ટ થઈ જાય છે ? આ (શ્રુતિ) કહે છે - જેવી રીતે માર્ગમાં એક પગે ચાલનારા મનુષ્ય પડી જાય છે અથવા એક પૈડાથી ચાલનાર રથ નાશ પામે છે તેવી રીતે કુત્સિત બ્રહ્મા દ્વારા આ યજમાનનો યજ્ઞ નષ્ટ થઈ જાય છે. યજ્ઞના નષ્ટ થયા પછી યજમાનનો પણ નાશ થાય છે, કારણ કે યજમાનનો તો યજ્ઞ જ પ્રાણ છે, એટલા માટે યજ્ઞના નાશ થવાથી તેનો નાશ થવો ઉચિત જ છે. તે આવા પ્રકારના તે યજ્ઞનું યજન કરવાથી પાપીયાન્ - અધિકતર પાપી થાય છે. ॥ ૨-૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अथ यत्रोपाकृते प्रातरनुवाके न पुरा परिधानीयाया ब्रह्मा व्यववदत्युभे एव वर्तनी सꣳ स्कुर्वन्ति न हीयतेऽन्यतरा ॥ ४ ॥ स यथोभयपाद्व्रजन्रथो वोभाभ्यां चक्राभ्यां वर्तमानः प्रतितिष्ठत्येवमस्य यज्ञः प्रतितिष्ठति यज्ञं प्रतितिष्ठन्तं यजमानोऽनुप्रतितिष्ठति स इष्ट्वा श्रेयान् भवति ॥ ५ ॥

હવે જે પ્રાતરનુવાકનો આરંભ થયા પછી પરિધાનીયા ઋચાથી પહેલાં બ્રહ્મા બોલતાં નથી તો (સમસ્ત ઋત્વિક મળીને) બંને માર્ગના સંસ્કાર કરી દે છે. ત્યારે બીજો કોઈ પણ માર્ગ નષ્ટ થતો નથી. જેવી રીતે બંને પગથી ચાલનારા પુરુષ અથવા બંને પૈડાંથી ચાલનાર રથ સ્થિર રહે છે આવી રીતે આનો યજ્ઞ સ્થિર રહે છે, યજ્ઞના સ્થિર રહેવાથી યજમાન પણ સ્થિર રહે છે. આ (એવા) યજ્ઞ કરીને શ્રેષ્ઠ થાય છે. ॥ ૪-૫ ॥

शाङ्करभाष्यम् :- अथ पुनर्यत्र ब्रह्मा विद्वान्मौनं परिगृह्य वाग्विसर्गमकुर्वन्वर्तते यावत्परिधानीयाया न व्यववदति तथैव सर्वर्त्विज उभे एव वर्तनी संस्कुर्वन्ति न हीयतेऽन्यतरापि । किमिव ? इत्याह पूर्वोक्तविपरीतौ दृष्टान्तौ । एवमस्य यजमानस्य यज्ञः स्ववर्तनीभ्यां वर्तमानः प्रतितिष्ठति स्वेनात्मनाविनश्यन्वर्तत इत्यर्थः । यज्ञं प्रतितिष्ठन्तं यजमानोऽनुप्रतितिष्ठति । स यजमान एवं मौनविज्ञानवद् ब्रह्मोपेतं यज्ञमिष्ट्वा श्रेयान्भवति श्रेष्ठो भवतीत्यर्थः ॥ ४-५ ॥

શાંકરભાષ્ય :- હવે અહીં વિદ્વાન્ બ્રહ્મા મૌન ગ્રહણ કર્યા પછી પરિધાનીયા ઋચા પર્યન્ત વાણીનો ઉચ્ચાર નહીં કરીને રહે છે, મૌનનો ત્યાગ કરતાં નથી, અને તેની જેમ અન્ય સર્વ ઋત્વિક્ પણ (નિયમબદ્ધ) રહે છે. ત્યાં તે સર્વ બંને માર્ગના સંસ્કાર કરી દે છે. ત્યારે કોઈપણ માર્ગ નષ્ટ થતો નથી. કેવી રીતે નષ્ટ થતો નથી ? આમાં શ્રુતિ પહેલાંથી વિપરીત દૃષ્ટાંત આપે છે. તાત્પર્ય આ છે કે તેવી રીતે પોતાના બંને માર્ગોમાં થયેલા આ યજમાનો યજ્ઞ પ્રતિષ્ઠિત થાય છે, અર્થાત્ પોતાના સ્વરૂપથી નષ્ટ નહીં થઈને રહે છે. યજ્ઞના પ્રતિષ્ઠિત રહેવાથી યજમાન પણ તેની જ જેમ પ્રતિષ્ઠિત રહે છે. આવા પ્રકારના મૌનવિજ્ઞાનયુક્ત બ્રહ્મવાળા તે યજમાન યજ્ઞ કરીને શ્રેયાન્ થાય છે અર્થાત્ શ્રેષ્ઠ બને છે. ॥ ૪-૫ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये षोडशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १६ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના સોળમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तदशः खण्डः

शाङ्करभाष्यम् :- अत्र ब्रह्मणो मौनं विहितम्, तद्रेषे ब्रह्मत्वकर्मणि चाथान्यस्मिंश्च हौत्रादिकमरिषे व्याहृतिहोमः प्रायश्चित्तमिति तदर्थं व्याहृतयो विधातव्या इत्याह–

શાંકરભાષ્ય :- અહીં બ્રહ્માના મૌનનું વિધાન કરવામાં આવ્યું, તેના ભ્રંશ થવાથી બ્રહ્મત્વ કર્મનો વિનાશ થવાથી અથવા અન્ય કોઈ હૌત્રાદિ કર્મનો વિનાશ થવાથી વ્યાહૃતિહોમ એ પ્રાયશ્ચિત છે, તેના માટે વ્યાહૃતિઓનું વિધાન કરવું જોઈએ, માટે શ્રુતિ કહે છે –

प्रजापतिर्लोकानभ्यतपत्तेषां तप्यमानानाꣳ रसान् प्रावृहदग्निं पृथिव्या वायुमन्तरिक्षादादित्यं दिवः ॥ १ ॥

પ્રજાપતિએ લોકોને લક્ષ્ય બનાવીને તપ કર્યું. તે તપ કરતાં કરતાં લોકોથી તેમણે રસ કાઢ્યો. પૃથ્વીથી અગ્નિ, અંતરિક્ષથી વાયુ અને દ્યુલોકથી આદિત્યને ઉદ્ધૃત કર્યા. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- प्रजापतिर्लोकानभ्यतपल्लोकानुद्दिश्य तत्र सारजिघृक्षया ध्यानलक्षणं तपश्चकार । तेषां तप्यमानानां लोकानां रसान्साररूपान्प्रावृहदुद्धृतवाञ्जग्राहेत्यर्थः कान् ? अग्निं रसं पृथिव्याः, वायुमन्तरिक्षात्, आदित्यं दिवः ॥ १ ॥

શાંકરભાષ્ય :- પ્રજાપતિએ લોકોને અર્થાત્ લોકોને લક્ષ્ય બનાવીને તેમાંથી સાર ગ્રહણ કરવાની ઇચ્છાથી ધ્યાનરૂપ તપ કર્યું. આવી રીતે તપ કરતાં કરતાં તે લોકોના સારરૂપ રસોને 'પ્રાવૃહત્' ઉદ્ધૃત અર્થાત્ ગ્રહણ કર્યા. કયા (રસોને ગ્રહણ કર્યા) ? પૃથ્વીથી અગ્નિરૂપી રસ, અંતરિક્ષથી વાયુરૂપી રસ અને દ્યુલોકથી આદિત્યરૂપી રસ ગ્રહણ કર્યા. ॥ ૧ ॥

स एतास्तिस्रो देवता अभ्यतपत्तासां तप्यमानानाꣳरसान्प्रावृहदग्नेर्ऋचो वायोर्यजूꣳषि सामान्यादित्यात् ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

(પછી) તેણે આ ત્રણ દેવોને લક્ષ્ય કરીને તપ કર્યું. તે તપ કરતાં કરતાં દેવોથી તેમણે રસ કાઢ્યો. અગ્નિથી ઋક્, વાયુથી યજુઃ અને આદિત્યથી સામ ગ્રહણ કર્યા. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- पुनरप्येवमेवाग्न्याद्याः स एतास्तिस्रो देवता उद्दिश्याभ्यतपत् । ततोऽपि सारं रसं त्रयीविद्यां जग्राह ॥ २ ॥

શાંકરભાષ્ય :- પછી પણ તેવી રીતે તેમણે અગ્નિ વગેરે ત્રણ દેવોને લક્ષ્ય બનાવીને તપ કર્યું. તેમાંથી પણ ત્રયીવિદ્યારૂપ - રસ ગ્રહણ કર્યા. ॥ ૨ ॥

स एतां त्रयीं विद्यामभ्यतपत्तस्यास्तप्यमानाया रसान्प्रावृहद्भूरित्यृग्भ्यो भुवरिति यजुर्भ्यः स्वरिति सामभ्यः ॥ ३ ॥ तद्यद्युक्तो रिष्येद्भूः स्वाहेति गार्हपत्ये जुहुयादृचामेव तद्रसेनर्चां वीर्येणर्चां यज्ञस्य विरिष्टिं संदधाति ॥ ४ ॥

(તે પછી) તેમણે આ ત્રયીવિદ્યાને લક્ષ્ય કરીને તપ કર્યું. તે તપ કરતી વિદ્યાથી તેમણે રસ કાઢ્યો. ઋક્ શ્રુતિઓથી ભૂઃ, યજુઃ શ્રુતિઓથી ભુવઃ અને સામશ્રુતિઓથી સ્વઃ આ રસોને ગ્રહણ કર્યા. તે યજ્ઞમાં જો ઋક્ શ્રુતિઓના સંબંધથી ક્ષતિ હોય તો 'ભૂઃ સ્વાહા' એમ કહીને ગાર્હપત્યાગ્નિમાં હવન કરવો. આવી રીતે તે ઋચાઓના રસથી ઋચાઓના વીર્ય દ્વારા ઋક્ સંબંધી યજ્ઞની ક્ષતિની પૂર્તિ કરે છે. ॥ ૩-૪ ॥

शाङ्करभाष्यम् :- स एतां पुनरभ्यतपत्त्रयीं विद्याम् । तस्यास्तप्यमानाया रसं भूरिति व्याहृतिमृग्भ्यो जग्राह, भुवरिति व्याहृतिं यजुर्भ्यः, स्वरिति व्याहृतिं सामभ्यः । अतएव लोकदेववेदरसा महाव्याहृतयः अतस्तत्तत्र यज्ञे यद्युक्त ऋक्सम्बन्धादृङ्निमित्तं रिष्येद्यज्ञः क्षतं प्राप्नुयाद्भूःस्वाहेति गार्हपत्ये जुहुयात्, सा तत्र प्रायश्चित्तिः । कथम् ? ऋचामेव, तदिति क्रियाविशेषणम्, रसेनर्चां वीर्येणौजसर्चां यज्ञस्य ऋक्सम्बन्धिनो यज्ञस्य विरिष्टिं विच्छिन्नं क्षतरूपमुत्पन्नं संदधाति प्रतिसंधत्ते ॥ ३-४ ॥

શાંકરભાષ્ય :- પછી તેમણે આ ત્રયી વિદ્યાને લક્ષ્ય કરીને તપ કર્યું. તે તપ કરતી વિદ્યાના રસ 'ભૂઃ' આ વ્યાહૃતિઓને ઋક્ શ્રુતિઓથી ગ્રહણ કર્યા. અને 'ભુવઃ' આ વ્યાહૃતિને યજુઃ શ્રુતિઓથી અને 'સ્વઃ' આ વ્યાહૃતિને સામશ્રુતિઓથી ગ્રહણ કર્યા. આનાથી એ મહાવ્યાહૃતિઓ લોક, દેવ અને વેદની સારભૂત છે. એટલા માટે જો તે યજ્ઞમાં ઋક્થી - ઋક્ના સંબંધથી ઋક્ના કારણે ક્ષતિ થાય તો 'ભુઃ સ્વાહા' એમ કહીને ગાર્હપત્યાગ્નિમાં હવન કરવો. તે અવસ્થામાં તે પ્રાયશ્ચિત છે. કેવી રીતે ? ઋચાઓના જ રસથી ઋચાઓના વીર્ય - ઓજ દ્વારા તે યજ્ઞના સંબંધી વિરિષ્ટવિચ્છેદ - અર્થાત્ ઉત્પન્ન થયેલી ક્ષતિની પૂર્તિ કરે છે. 'ऋचामेव तत्' આમાં 'तत्' આ ક્રિયાવિશેષણ છે. ॥ ૩-૪ ॥

अथ यदि यजुष्टो रिष्येद्भुवः स्वाहेति दक्षिणाग्नौ जुहुयाद्यजुषामेव तद्रसेन यजुषां वीर्येण यजुषां यज्ञस्य विरिष्टिं संदधाति ॥ ५ ॥

હવે જે યજુઃ શ્રુતિઓના કારણે ક્ષતિ હોય તો 'સ્વઃ સ્વાહા' એમ કહીને દક્ષિણાગ્નિમાં હવન કરે. આવી રીતે તે યજુઓના રસથી યજુઓના વીર્ય દ્વારા યજ્ઞની યજુઃ સંબંધી ક્ષતિની પૂર્તિ કરે છે. ॥ ૫ ॥

अथ यदि सामतो रिष्येत्स्वः स्वाहेत्याहवनीये जुहुयात्साम्नामेव तद्रसेन साम्नां वीर्येण साम्नां यज्ञस्य विरिष्टिं संदधाति ॥ ६ ॥

હવે જો સામશ્રુતિઓના કારણે ક્ષતિ હોય તો 'ભુવઃ સ્વાહા' એમ કહીને આહવનીય અગ્નિમાં હવન કરે. આવી રીતે તે સામના રસથી સામના વીર્ય દ્વારા યજ્ઞની સામ સંબંધી ક્ષતિની પૂર્તિ કરે છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- अथ यदि यजुष्टो यजुर्निमित्तं रिष्येद्भुवः स्वाहेति दक्षिणाग्नौ जुहुयात् । तथा सामनिमित्ते रेषे स्वः स्वाहेत्याहवनीये जुहुयात् । तथा पूर्ववद्यज्ञं संदधाति । ब्रह्मनिमित्ते तु रेषे त्रिष्वग्निषु तिसृभिर्व्याहृतिभिर्जुहुयात् । त्रय्या हि विद्यायाः स रेषः । **'अथ केन ब्रह्मत्वमित्यनयैव त्रय्या विद्यया'** इति श्रुतेः । न्यायान्तरं वा मृग्यं ब्रह्मत्वनिमित्ते रेषे ॥ ५-६ ॥

શાંકરભાષ્ય :- હવે જો યજુર્નિમિત્તક ક્ષતિ હોય તો 'ભુવઃ સ્વાહા' એમ કહીને દક્ષિણાગ્નિમાં હવન કરે. અને સામ સંબંધી ક્ષતિ હોવાથી 'સ્વઃ' સ્વાહા એમ કહીને આહવનીય અગ્નિમાં હવન કરે. આવી રીતે તે પૂર્વવત્ (ઋક્ સંબંધી ક્ષતિમાં કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આવેલાં અનુસાર) યજ્ઞક્ષતિની પૂર્તિ કરી લે છે. બ્રહ્માના કારણે યજ્ઞમાં ક્ષતિ થાય તો ત્રણે અગ્નિઓમાં ત્રણે વ્યાહૃતિઓ દ્વારા હવન કરે, કારણ કે (તેના દ્વારા થનારા) તે યજ્ઞક્ષતિ તો ત્રયીવિદ્યાની જ ક્ષતિ છે. જેમ કે **'બ્રહ્મત્વ કોના દ્વારા સિદ્ધ થાય છે ? આ ત્રયીવિદ્યાથી જ'** આ શ્રુતિથી સિદ્ધ થાય છે. અથવા બ્રહ્મત્વના કારણે થનાર યજ્ઞક્ષતિ માટે કોઈ બીજો ન્યાય શોધવો જોઈએ. ॥ ૫-૬ ॥

तद्यथा लवणेन सुवर्णꣳ संदध्यात्सुवर्णेन रजतꣳ रजतेन त्रपु त्रपुणा सीसꣳ सीसेन लोहं लोहेन दारु दारु चर्मणा ॥ ७ ॥ एवमेषां लोकानामासां देवतानामस्यास्त्रय्या विद्याया वीर्येण यज्ञस्य विरिष्टिꣳ संदधाति भेषजकृतो ह वा एष यज्ञो यत्रैवंविद्ब्रह्मा भवति ॥ ८ ॥

આ વિષયમાં (એમ સમજવું જોઈએ કે) જેવી રીતે લવણ(ક્ષાર)થી સુવર્ણને, સુવર્ણથી ચાંદીને, ચાંદીથી તાંબાને, તાંબાથી સીસાને, સીસાથી લોખંડને અને લોખંડથી લાકડાને અથવા ચામડાથી લાકડાને જોડવામાં આવે છે તેવી રીતે આ લોક, દેવતા અને ત્રયીવિદ્યાના વીર્યથી યજ્ઞની ક્ષતિનું પ્રતિસંધાન કરવામાં આવે છે. જેમાં આવી રીતે જાણનારા બ્રહ્મા હોય છે તે યજ્ઞ ચોક્કસ જ માનો ઔષધિઓ દ્વારા સંસ્કૃત થાય છે. ॥ ૭-૮ ॥

शाङ्करभाष्यम् :- तद्यथा लवणेन सुवर्णं संदध्यात् क्षारेण टङ्कणादिना । खरे मृदुत्वकरं हि तत् । सुवर्णेन रजतमशक्यसंधानं संदध्यात् । रजतेन तथा त्रपु, त्रपुणा सीसं सीसेन लोहं लोहेन दारु दारु चर्मणा चर्मबन्धनेन । एवमेषां लोकानामासां देवतानामस्यास्त्रय्या विद्याया वीर्येण रसाख्येनौजसा यज्ञस्य विरिष्टिं संदधाति । भेषजकृतो ह वा एष यज्ञः, रोगार्त इव पुमांश्चिकित्सकेन सुशिक्षितेनैष यज्ञो भवति । कोऽसौ ? यत्र यस्मिन्यज्ञ एवंविद्यथोक्तव्याहृतिहोमप्रायश्चित्तविद्ब्रह्मर्त्विग्भवति स यज्ञ इत्यर्थः ॥ ७-८ ॥

શાંકરભાષ્ય :- તે સંબંધમાં (એમ સમજવું જોઈએ કે) જેવી રીતે લવણ ટંકણ વગેરે ક્ષારથી સુવર્ણને જોડવામાં આવે છે, કારણ કે તે કઠિન સુવર્ણને મૃદુ કરનાર છે, સુવર્ણથી ચાંદીને - જેનું જોડાણ અત્યંત કઠિન છે - જોડે છે, આવી રીતે ચાંદીથી તાંબુ, તાંબાથી સીસું, સીસાથી લોખંડ અને લોખંડથી લાકડું, લાકડાને ચામડા સાથે ચામડાના બંધનથી જોડવામાં આવે છે, તેવી રીતે આ લોક, દેવ અને ત્રયીવિદ્યાના વીર્ય-રસસંજ્ઞક ઓજથી યજ્ઞક્ષતિની પૂર્તિ કરે છે. સુશિક્ષિત ચિકિત્સકના દ્વારા (નિરોગી કરવામાં આવેલાં) રોગાર્ત પુરુષની જેમ આ યજ્ઞ ચોક્કસ જ માનો ઔષધીઓ દ્વારા સુસંસ્કૃત થાય છે - કયો યજ્ઞ ? જ્યાં અર્થાત્ યજ્ઞમાં આવી રીતે જાણનારા એટલે પૂર્વોક્ત વ્યાહૃતિ હોમરૂપ પ્રાયશ્ચિત જાણનાર બ્રહ્મા ઋત્વિક્ હોય છે તે યજ્ઞ - આવું આનું તાત્પર્ય છે. ॥ ૭-૮ ॥

किं च– તથા

एष ह वा उदक्प्रवणो यज्ञो यत्रैवंविद्ब्रह्मा भवत्येवंविदꣳ ह वा एषा ब्रह्माणमनुगाथा यतो यत आवर्तते तत्तद्गच्छति ॥ ९ ॥

જ્યાં આવી રીતે જાણનારા બ્રહ્મા હોય છે તે યજ્ઞ ઉદક્પ્રવણ થાય છે. આવી રીતે જાણનારા બ્રહ્માના ઉદ્દેશ્યથી આ વાર્તા પ્રસિદ્ધ છે કે 'જ્યાં જ્યાં કર્મ આવૃત હોય છે ત્યાં તે પહોંચી જાય છે.' ॥ ૯ ॥

शाङ्करभाष्यम् :- एष ह वा उदक्प्रवण उदङ्निम्नो दक्षिणोच्छ्रायो यज्ञो भवति, उत्तरमार्गप्रतिपत्तिहेतुरित्यर्थः, यत्रैवंविद्ब्रह्मा भवति । एवंविदं ह वै ब्रह्माणमृत्विजं प्रत्येषानुगाथा ब्रह्मणः स्तुतिपरा यतो यत आवर्तते कर्म प्रदेशादृत्विजां यज्ञः क्षतीभवंस्तत्तद्यज्ञस्य क्षतरूपं प्रतिसंदधत्प्रायश्चित्तेन गच्छति परिपालयतीत्येतत् ॥ ९ ॥

શાંકરભાષ્ય :- જ્યાં આવી રીતે જાણનારા બ્રહ્મા હોય છે તે યજ્ઞ ઉદક્પ્રવણ ઉત્તરની બાજુ ઝૂકેલા અને દક્ષિણ બાજુ ઉપર ઉપસેલા - અર્થાત્ ઉત્તરમાર્ગની પ્રાપ્તિનો હેતુ હોય છે. આવી રીતે જાણનારા બ્રહ્મા ઋત્વિક્ના વિષયમાં જ બ્રહ્માની સ્તુતિ કરનારી આ અનુગાથા છે - જે જે પ્રદેશથી કર્મ આવૃત્ત થાય છે અર્થાત્ હોતા વગેરે ઋત્વિજોના યજ્ઞ ક્ષતિયુક્ત હોય છે તે તે યજ્ઞની ક્ષતિની પ્રાયશ્ચિતથી પૂર્તિ કરતાં કરતાં બ્રહ્મા જાય છે અર્થાત્ યજ્ઞકર્તાની સર્વ પ્રકારે રક્ષા કરે છે. ॥ ૯ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

मानवो ब्रह्मैवैक ऋत्विक्कुरूनश्वाभिरक्षत्येवंविद्ध वै ब्रह्मा यज्ञं यजमान सर्वा श्चर्त्विजोऽभिरक्षति तस्मादेवंविदमेव ब्रह्माणं कुर्वीत नानेवंविदं नानेवंविदम् ॥ १० ॥

એક માનવ મૌનને કારણે મનન કરતા કે જ્ઞાની હોવાને કારણે બ્રહ્મા જ ઋત્વિક્ છે. જેવી રીતે યુદ્ધમાં ઘોડી યોદ્ધાઓની રક્ષા કરે છે તેવી રીતે એવું જાણનારા બ્રહ્મા યજ્ઞ, યજમાન અને અન્ય સમસ્ત ઋત્વિજોની પણ બધી બાજુએથી રક્ષા કરે છે. એટલે આવી રીતે જાણનારાને પણ બ્રહ્મા બનાવો, એવું ન જાણનારાને નહીં, એવું ન જાણનારાને નહીં. ॥ ૧૦ ॥

शाङ्करभाष्यम् :- मानवो ब्रह्मा मौनाचरणान्मननाद्वा ज्ञानवत्त्वात्ततो ब्रह्मैवैकर्त्विक्कुरून्कर्तृन् योद्धनारूढानश्वा बडवा यथाभिरक्षत्येवंविद् ह वै ब्रह्मा यज्ञं यजमानं सर्वांश्च ऋत्विजोऽभिरक्षति तत्कृतदोषापनयनात् । यत एवं विशिष्टो ब्रह्मा विद्वान्, तस्मादेवंविदम् एव यथोक्तव्याहृत्यादिविदं ब्रह्माणं कुर्वीत, नानेवंविदं कदाचनेति । द्विरभ्यासोऽध्यायपरिसमाप्त्यर्थः ॥ १० ॥

શાંકરભાષ્ય :- મૌનાચરણ કરવાથી અથવા મનન કરવાને કારણે બ્રહ્મા માનવ છે. એટલે જ્ઞાનવાન હોવાને કારણે બ્રહ્મા જ એક ઋત્વિક્ છે. જેવી રીતે યુદ્ધમાં ઘોડી 'कुरून्' કર્તાઓની એટલે પોતાની પીઠ પર ચઢેલાં યોદ્ધાઓની સર્વ પ્રકારે રક્ષા કરે છે તેવી રીતે આવું જાણનારા બ્રહ્મા પણ યજ્ઞ. યજમાન અને સમસ્ત ઋત્વિજોની, તેણે કરેલાં દોષોની નિવૃત્તિ કરીને, સર્વ બાજુથી રક્ષા કરે છે. કારણ કે વિદ્વાન બ્રહ્મા આવા વિશિષ્ટ ગણ સંપન્ન હોય છે એટલા માટે આવી રીતે - ઉપર્યુક્ત વ્યાહૃતિ વગેરેના જ્ઞાન રાખનારાને જ બ્રહ્મા બનાવો, આવી રીતે ન જાનારાને કદી ન બનાવો. 'नानेवंविदं नानेवंविदम्' આ દ્વિરુક્તિ અધ્યાયની સમાપ્તિને માટે છે. ॥ ૧૦ ॥

इति छान्दोग्योपनिषदि चतुर्थाध्याये सप्तदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १७ ॥

છાંદોગ્યોપનિષદ્માં ચતુર્થ અધ્યાયના સત્તરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

इति श्रीमद्गोविन्दभगवत्पूज्यपादशिष्यपरमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकरभगवत्पादकृतौ छान्दोग्योपनिषद्विवरणे चतुर्थोऽध्यायः सम्पूर्णः ॥ २ ॥



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पञ्चमोऽध्यायः

प्रथमः खण्डः

शाङ्करभाष्यम् :- सगुणब्रह्मविद्याया उत्तरा गतिरुक्ता । अथेदानीं पञ्चमेऽध्याये पञ्चाग्निविदो गृहस्थस्योर्ध्वरेतसां च श्रद्धालूनां विद्यान्तरशीलिनां तामेव गतिमनूद्यान्या दक्षिणदिक्संबन्धिनी केवलकर्मिणां धूमादिलक्षणा पुनरावृत्तिरूपा, तृतीया च ततः कष्टतरा संसारगतिः, वैराग्यहेतोर्वक्तव्या इत्यारभ्यते । प्राणः श्रेष्ठो वागादिभ्यः प्राणो वाव संवर्ग इत्यादि च बहुशोऽतीते ग्रन्थे प्राणग्रहणं कृतम्, स कथं श्रेष्ठो वागादिषु सर्वैः संहत्यकारित्वाविशेषे, कथं च तस्योपासनमिति तस्य श्रेष्ठत्वादिगुणविधित्सयेद-मनन्तरमारभ्यते–

શાંકરભાષ્ય :- (આગળના અધ્યાયમાં) સગુણ બ્રહ્મવિદ્યાની ઉત્તર (ઉત્તરાયણ માર્ગ રૂપા) ગતિ કહેવામાં આવી. હવે પાંચમા અધ્યાયમાં પંચાગ્નિવેત્તા ગૃહસ્થ અને અન્ય વિદ્યાઓમાં નિષ્ઠા રાખનારા શ્રદ્ધાળુ ઊર્ધ્વરેતાઓની તે જ ગતિનો અનુવાદ કરી કેવળ કર્મ પરાયણ પુરુષોની તેનાથી અલગ દક્ષિણ દિશાનો સંબંધ રાખનારી ધૂમાદિલક્ષણા પુનરાવૃત્તિ રૂપા ગતિ અને ત્રીજી તેનાથી પણ ક્લિષ્ટતર સંસારગતિનું વૈરાગ્ય માટે વર્ણન કરવાનું છે - એ માટે હવેના ગ્રંથનો પ્રારંભ કરવામાં આવે છે. વાગાદિની અપેક્ષાઓ પ્રાણ શ્રેષ્ઠ છે, કારણ કે પહેલાંના ગ્રંથમાં **'પ્રાણ જ સંવર્ગ છે'** વગેરે અનેક પ્રકારે પ્રાણને ગ્રહણ કરવામાં આવેલાં છે. 'બધાની સાથે મળીને કાર્ય કરવામાં સમાનતા હોવાથી છતાં પણ તે વાગાદિ ઈન્દ્રિયોમાં શ્રેષ્ઠ કેમ છે ? અને કેમ તેની ઉપાસના કરવી જોઈએ ?' આ શંકાની નિવૃત્તિને માટે તેના શ્રેષ્ઠત્વ વગેરે ગુણોના વિધાન કરવાની ઇચ્છાથી આ હવેનો ગ્રંથ આરંભ કરવામાં આવે છે –

यो ह वै ज्येष्ठं च श्रेष्ठं च वेद ज्येष्ठश्च ह वै श्रेष्ठश्च भवति प्राणो वाव ज्येष्ठश्च श्रेष्ठश्च ॥ १ ॥

જે જ્યેષ્ઠ અને શ્રેષ્ઠને જાણે છે તે જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ થઈ જાય છે. ચોક્કસ જ પ્રાણ જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यो ह वै कश्चिज्ज्येष्ठं च प्रथमं वयसा श्रेष्ठं च गुणैरभ्यधिकं वेद, स ज्येष्ठश्च ह वै श्रेष्ठश्च भवति । फलेन पुरुषं प्रलोभ्याभिमुखीकृत्याह–प्राणो वाव ज्येष्ठश्च वयसा वागादिभ्यः । गर्भस्थे हि पुरुषे प्राणस्य वृत्तिर्वागादिभ्यः पूर्वं लब्धात्मिका भवति, यया गर्भो विवर्धते । चक्षुरादिस्थानावयवनिष्पत्तौ सत्यां पश्चाद्वागादीनां वृत्तिलाभ इति प्राणो ज्येष्ठो वयसा भवति । श्रेष्ठत्वं तु प्रतिपादयिष्यति 'सुहय' इत्यादिनिदर्शनेन । अतः प्राण एव ज्येष्ठश्च श्रेष्ठश्चास्मिन्कार्यकरणसंघाते ॥ १ ॥

શાંકરભાષ્ય :- જે કોઈ જ્યેષ્ઠ - આયુષ્યમાં પ્રથમ અને શ્રેષ્ઠ-ગુણોથી અધિક જાણે છે તે ચોક્કસ જ જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ થઈ જાય છે. આવી રીતે ફળ દ્વારા પુરુષને પ્રલોભિત કરીને તેને પ્રાણોપાસનાની અભિમુખ કરીને શ્રુતિ કહે છે - વાગાદિની અપેક્ષાએ પ્રાણ જ આયુમાં જ્યેષ્ઠ છે, કારણ કે પુરુષના ગર્ભસ્થ હોવાથી વાગાદિની અપેક્ષા પ્રાણની વૃત્તિ પહેલાં લબ્ધસ્વરૂપ હોય છે, જેનાથી ગર્ભ વધે છે. વાગાદિની વૃત્તિઓનો લાભ તો ચક્ષુરાદિ ગોલક અને અવયવોના નિષ્પન્ન થઈ જવાના કારણે થાય છે, એટલા માટે આયુષ્યની દૃષ્ટિએ પ્રાણ જ્યેષ્ઠ છે. તથા તેની શ્રેષ્ઠતાનો તો 'સુહયઃ' વગેરે દૃષ્ટાંત દ્વારા (બારમા મંત્રમાં) પ્રતિપાદન કરવામાં આવશે. એટલે આ કાર્યકારણ સંઘાતમાં પ્રાણ જ જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ છે. ॥ ૧ ॥

यो ह वै वसिष्ठं वेद वसिष्ठो ह स्वानां भवति वाग्वाव वसिष्ठः ॥ २ ॥

જે કોઈ વસિષ્ઠને જાણે છે તે સ્વજાતિઓમાં વસિષ્ઠ હોય છે, ચોક્કસ જ વાક્ વસિષ્ઠ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- यो ह वै वसिष्ठं वसितृतममाच्छादयितृतमं वसुमत्तमं वा यो वेद स तथैव वसिष्ठो ह भवति स्वानां ज्ञातीनाम् । कस्तर्हि वसिष्ठः ? इत्याह–वाग्वाव वसिष्ठः, वाग्मिनो हि पुरुषा वसन्त्यभिभवन्त्यन्यान्वसुमत्तमाश्च, अतो वाग्वसिष्ठः ॥ २ ॥

શાંકરભાષ્ય :- જે કોઈ વસિષ્ઠ - અત્યંત વસનારા અર્થાત્ આચ્છાદન કરનારાના અથવા અત્યંત વસુમાન(ધનવાન)ને જાણે છે તે તેવી રીતે પોતાની જ્ઞાતિઓમાં વસિષ્ઠ થાય છે. હવે તો વસિષ્ઠ કોણ છે ? આ માટે શ્રુતિ કહે છે - નિશ્ચય જ વાક્ વસિષ્ઠ છે, કારણ કે વાગ્મી (શ્રેષ્ઠ વકતા) લોકો જ વાસ કરે છે અર્થાત્ બીજાનો પરાભવ કરે છે અને અધિક ધનવાન પણ હોય છે એટલે વાક્ વસિષ્ઠ છે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

यो ह वै प्रतिष्ठां वेद प्रति ह तिष्ठत्यस्मिꣳश्च लोकेऽमुष्मिꣳश्च चक्षुर्वाव प्रतिष्ठा ॥ ३ ॥

જે કોઈ પ્રતિષ્ઠાને જાણે છે તે આ લોક અને પરલોકમાં પ્રતિષ્ઠિત થાય છે, ચક્ષુ જ પ્રતિષ્ઠા છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- यो ह वै प्रतिष्ठां वेद स अस्मिँल्लोकेऽमुष्मिश्च परे प्रतितिष्ठति ह । का तर्हि प्रतिष्ठा ? इत्याह—चक्षुर्वाव प्रतिष्ठा । चक्षुषा हि पश्यन्समे च दुर्गे च प्रतितिष्ठति यस्मात्, अतः प्रतिष्ठा चक्षुः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- જે કોઈ પ્રતિષ્ઠાને જાણે છે તે આ લોક અને પરલોકમાં પ્રતિષ્ઠિત થાય છે. માટે તો પ્રતિષ્ઠા શું છે ? આ માટે શ્રુતિ કહે છે - ચક્ષુ જ પ્રતિષ્ઠા છે, કારણ કે ચક્ષુથી જોઈને જ પુરુષ સમ અને વિષમ પ્રદેશમાં પ્રતિષ્ઠિત થાય છે. એટલા માટે ચક્ષુ પ્રતિષ્ઠા છે. ॥ ૩ ॥

यो ह वै संपदं वेद सꣳ हास्मै कामाः पद्यन्ते दैवाश्च मानुषाश्च श्रोत्रं वाव संपत् ॥ ४ ॥

જે કોઈ સંપદને જાણે છે તેને દૈવ અને મનુષ્ય કામ (ભોગ) સમ્યક્ પ્રકારે પ્રાપ્ત થાય છે. શ્રોત્ર જ સંપદ છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- यो ह वै संपदं वेद तस्मा अस्मै दैवाश्च मानुषाश्च कामाः संपद्यन्ते ह । का तर्हि संपद् ? इत्याह—श्रोत्रं वाव संपत् । यस्माच्छ्रोत्रेण वेदा गृह्यन्ते तदर्थविज्ञानं च, ततः कर्माणि क्रियन्ते, ततः कामसंपत् । इत्येवं कामसंपद्धेतुत्वाच्छ्रोत्रं वा संपत् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- જે કોઈ સંપદ્‌ને જાણે છે તેને દૈવ અને મનુષ્ય ભોગ સારી રીતે પ્રાપ્ત થાય છે. માટે તો સંપદ્ શું છે ? આ માટે શ્રુતિ કહે છે - શ્રોત્ર જ સંપદ્ છે, કારણ કે શ્રોત્રથી વેદ અને તેના અર્થનું વિશેષ જ્ઞાન ગ્રહણ કરવામાં આવે છે, પછી કર્મ કરવામાં આવે છે અને તે પછી ભોગોની પ્રાપ્તિ થાય છે. આવી રીતે ભોગોની પ્રાપ્તિનો હેતુ હોવાને કારણે શ્રોત્ર જ સંપદ્ છે. ॥ ૪ ॥

यो ह वा आयतनं वेदायतनꣳ ह स्वानां भवति मनो ह वा आयतनम् ॥ ५ ॥

જે આયતનને જાણે છે તે સ્વજાતિઓનું આયતન (આશ્રય) થાય છે. ચોક્કસ જ મન આયતન છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- यो ह वा आयतनं वेदायतनं ह स्वानां भवत्याश्रयो भवतीत्यर्थः । किं तदायतनम् ? इत्याह मनो ह वा आयतनम् । इन्द्रियोपहृतानां विषयाणां भोक्त्रर्थानां प्रत्ययरूपाणां मन आयतनमाश्रयः, अतो मनो ह वा आयतनमित्युक्तम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- જે આયતનને જાણે છે તે સ્વજનોનું આયતન બને છે અર્થાત્ તેઓનું આશ્રય સ્થાન બની જાય છે. તે આયતન શું છે ? આ માટે શ્રુતિ કહે છે - મન જ આયતન છે. ઈન્દ્રિયો દ્વારા લાવવામાં આવેલાં એટલે ભોક્તાના પ્રત્યય રૂપ વિષયોનું મન જ આયતન એટલે આશ્રય સ્થાન છે. એટલા માટે મન જ આયતન છે - એમ કહેવામાં આવ્યું છે. ॥ ૫ ॥

अथ ह प्राणा अहꣳ श्रेयसि व्यूदिरेऽहꣳ श्रेयानस्म्यहꣳ श्रेयानस्मीति ॥ ६ ॥

એકવાર પ્રાણ (ઈન્દ્રિયો સાથે) 'હું શ્રેષ્ઠ છું, હું શ્રેષ્ઠ છું' આવી રીતે પોતાની શ્રેષ્ઠતા માટે વિવાદ કરવા લાગ્યો. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- अथ ह प्राणा एवं यथोक्तगुणाः सन्तः अहंश्रेयसि 'अहं श्रेयानस्मि अहꣳ श्रेयानस्मि' इत्येतस्मिन्प्रयोजने व्यूदिरे नाना विरुद्धं चोदिर उक्तवन्तः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- એકવાર આવી રીતે પૂર્વોક્ત ગુણોથી યુક્ત પ્રાણ પોતાની શ્રેષ્ઠતાને માટે 'હું શ્રેષ્ઠ છું, હું શ્રેષ્ઠ છું' આ પ્રયોજનતી વિવાદ કરવા લાગ્યો અર્થાત્ ખૂબ જ વિરુદ્ધ વાતો કરવા લાગ્યો. ॥ ૬ ॥

ते ह प्राणाः प्रजापतिं पितरमेत्योचुर्भगवन्को नः श्रेष्ठ इति तान्होवाच यस्मिन्व उत्क्रान्ते शरीरं पापिष्ठतरमिव दृश्येत स वः श्रेष्ठ इति ॥ ७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તે પ્રાણોએ પોતાના પિતા પ્રજાપતિ પાસે જઈને કહ્યું - ભગવન્ ! 'અમારામાં કોણ શ્રેષ્ઠ છે ?' પ્રજાપતિએ તેમને કહ્યું - 'તમારામાંથી જેના નિકળી જવાથી શરીર અત્યંત પાપિષ્ઠ - જેવું દેખાવા લાગે તે ૪ તમારામાં શ્રેષ્ઠ છે.' ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- ते ह ते हैवं विवदमाना आत्मनः श्रेष्ठत्वविज्ञानाय प्रजापतिं पितरं जनयितारं कश्चिदेत्योचुरुक्तवन्तः- हे भगवन्को नोऽस्माकं मध्ये श्रेष्ठोऽभ्यदिको गुणैः ? इत्येवं पृष्टवन्तः । तान्पितोवाच ह–यस्मिन्वो युष्माकं मध्य उत्क्रान्ते शरीरमिदं पापिष्ठमिवातिशयेन जीवतोऽपि समुपत्क्रान्तप्राणं ततोऽपि पापिष्ठतरमिवातिशयेन दृश्येत कुणपमस्पृश्यमशुचि दृश्येत, स वो युष्माकं श्रेष्ठः, इत्यवोचत्काक्वा तद्दुःखं परिजिहीर्षुः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આમ વિવ'દ કરતાં તે પોતાની શ્રેષ્ઠતાને વિશેષરૂપે જાણવા માટે પ્રજાપતિ - પોતાના પિતા એટલે જન્મદાતાની પાસે જઈને બોલ્યા - 'હે ભગવન્ ! અમારા બધામાં કોણ શ્રેષ્ઠ છે ?' અર્થાત્ ગુણોના કારણે કોણ સર્વથી ઉપર છે - એમ પૂછ્યું. તેઓને પિતાએ કહ્યું - 'તમારામાંથી જેના જવાથી (ઉત્ક્રમણ કરવાથી) આ શરીર અતિશય પાપિષ્ઠ જેવું અર્થાત્ જીવતું રહેવા છતાં પણ પ્રાણહીન અને તેનાથી પણ અત્યંત નિકૃષ્ટ જેવું દેખાય અને શબ સમાન અસ્પૃશ્ય તેમજ અપવિત્ર જણાય તો તે તમારામાં શ્રેષ્ઠ છે.' આવી રીતે તેમના દુઃખની નિવૃત્તિ ઇચ્છતાં પ્રજાપતિએ કાકુને (અર્થાત્ સ્વરભંગ રૂપ ઉપાય વિશેષથી) ઉત્તર આપ્યો. ॥ ૭ ॥

तथोक्तेषु पित्रा प्राणेषु– પ્રાણો પ્રત્યે પિતા દ્વારા આવી રીતે કહેવામાં આવતાં –

सा ह वागुच्चक्राम सा संवत्सरं प्रोष्य पर्येत्योवाच कथमशकतर्ते मज्जीवितुमिति ? यथा कला अवदन्तः प्राणन्तः प्राणेन पश्यन्तश्चक्षुषा शृण्वन्तः श्रोत्रेण ध्यायन्तो मनसैवमिति प्रविवेश ह वाक् ॥ ८ ॥

તે વાક્ ઈન્દ્રિયે ઉત્ક્રમણ કર્યું. તેણે એક વર્ષ પ્રવાસ કર્યા પછી ફરી પાછા આવીને પૂછ્યું - 'મારા વિના તમે કેવી રીતે જીવિત રહી શક્યા ?' (તેમણે કહ્યું) - 'જેવી રીતે મૂંગા લોકો બોલ્યા વિના પ્રાણથી પ્રાણન ક્રિયા કરતાં, આંખોથી જોતાં, કાનથી સાંભળતાં અને મનથી ચિંતન કરતાં જીવતાં રહે છે તેવી રીતે (અમે પણ જીવતાં રહ્યાં).' આવું સાંભળીને વાક્ ઈન્દ્રિયે શરીરમાં પ્રવેશ કર્યો. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- सा ह वागुच्चक्रामोत्क्रान्तवती । सा चोत्क्रम्य संवत्सरमात्रं प्रोष्य स्वव्यापारान्निवृत्ता सती पुनः पर्येत्येतरान्प्राणानुवाच-कथं केन प्रकारेणाशकत शक्तवन्तो यूयं मदृते मां विना जीवितुं धारयितुमात्मानमिति ते होचुर्यथा कला इत्यादि । कला मूका यथा लोकेऽवदन्तो वाचा जीवन्ति । कथम् ? प्राणन्तः प्राणेन पश्यन्तश्चक्षुषा शृण्वन्तः श्रोत्रेण ध्यायन्तो मनसैवं सर्वकरणचेष्टां कुर्वन्त इत्यर्थः, एवं वयमजीविष्मेत्यर्थः । आत्मनोऽश्रेष्ठतां प्राणेषु बुद्ध्वा प्रविवेश ह वाक्पुनः स्वव्यापारे प्रवृत्ता बभूवेत्यर्थः ॥ ८ ॥

શાંકરભાષ્ય :- તે વાક્ ઈન્દ્રિયે ઉત્ક્રમણ કર્યું અને તેણે ઉત્ક્રમણ કરીને કેવળ એક વર્ષ પ્રવાસ કર્યા પછી - પોતાના ધર્મથી નિવૃત્ત રહ્યા પછી-પાછા આવીને અન્ય પ્રાણોને કહ્યું - 'તમે લોકો મારા વિના કેમ કેવી રીતે જીવતાં રહી શક્યા ?' ત્યારે તેમણે 'જેવી રીતે મૂંગા' વગેરે ઉત્તર આપ્યો. જેવી રીતે 'કલા' - મૂંગા લોકો સંસારમાં વાણીથી બોલ્યા વિના પણ જીવતાં રહે છે - કેવી રીતે ? પ્રાણથી પ્રાણન કરતાં કરતાં, આંખોથી જોતાં, કાનથી સાંભળતાં અને મનથી ચિંતન કરતાં, તાત્પર્ય આ છે કે આવી રીતે સમગ્ર ઈન્દ્રિયોની ચેષ્ટાઓ કરતાં જીવતાં રહે છે તેવી રીતે અમે પણ જીવતાં રહ્યાં. ત્યારે પ્રાણોમાં પોતાની અશ્રેષ્ઠતા સમજીને વાક્ ઈન્દ્રિયે પ્રવેશ કર્યો, અર્થાત્ તે ફરીથી પોતાના વ્યાપારમાં (કર્મમાં) પ્રવૃત્ત થઈ ગઈ. ॥ ૮ ॥

चक्षुर्होच्चक्राम तत्संवत्सरं प्रोष्य पर्येत्योवाच कथमशकतर्ते मज्जीवितुमिति ? यथान्धा अपश्यन्तः प्राणन्तः प्राणेन वदन्तो वाचा शृण्वन्तः श्रोत्रेण ध्यायन्तो मनसैवमिति प्रविवेश ह चक्षुः ॥ ९ ॥

(પછી) ચક્ષુએ ઉત્ક્રમણ કર્યું. તેણે એક વર્ષ પ્રવાસ કર્યા પછી પાછા ફરીને પૂછ્યું - 'મારા વિના તમે કેવી રીતે જીવતાં રહી શક્યાં ?' (તેમણે કહ્યું -) જેવી રીતે આંધળા લોકો જોયાં વિના પ્રાણથી પ્રાણન કરતાં, વાણીથી બોલતાં, કાનથી સાંભળતાં અને મનથી ચિંતન કરતાં જીવતાં રહે છે તેવી રીતે (અમે પણ જીવતાં રહ્યાં) આવું સાંભળીને ચક્ષુએ પ્રવેશ કર્યો. ॥ ૯ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

श्रोत्रꣳ होच्चक्राम तत्संवत्सरं प्रोष्य पर्येत्योवाच कथमशकतर्ते मज्जीवितुमिति ? यथा बधिरा अशृण्वन्त प्राणन्तः प्राणेन वदन्तो वाचा पश्यन्तश्चक्षुषा ध्यायन्तो मनसैवमिति प्रविवेश ह श्रोत्रम् ॥ १० ॥

(પછી) શ્રોત્રે ઉત્ક્રમણ કર્યું. તેણે એક વર્ષ પ્રવાસ કર્યા પછી પાછા આવીને પૂછ્યું - 'મારા વિના તમે કેવી રીતે જીવતાં રહી શક્યાં ?' (તેમણે કહ્યું -) જેવી રીતે બહેરાં મનુષ્ય સાંભળ્યા વિના પ્રાણથી પ્રાણન કરે, વાણીથી બોલે, આંખથી જુએ અને મનથી ચિંતન કરીને જીવતાં રહે છે, તેવી રીતે (અમે પણ જીવતાં રહ્યાં).' આ સાંભળીને શ્રોત્રે શરીરમાં પ્રવેશ કર્યો. ॥ ૧૦ ॥

मनो होच्चक्राम तत्संवत्सरं प्रोष्य पर्येत्योवाच कथमशकतर्ते मज्जीवितुमिति ? यथा बाला अमनसः प्राणन्तः प्राणेन वदन्तो वाचा पश्यन्तश्चक्षुषा शृण्वन्तः श्रोत्रेणैवमिति प्रविवेश ह मनः ॥ ११ ॥

(તે પછી) મને ઉત્ક્રમણ કર્યું. તેણે એક વર્ષ પ્રવાસ કરીને પછી પાછા આવીને કહ્યું - મારા વિના તમે કેવી રીતે જીવતાં રહી શક્યા ?' (તેમણે કહ્યું -) 'જેવી રીતે બાળકો, જેમનું મન વિકસિત હોતું નથી, પ્રાણથી પ્રાણન ક્રિયા કરતાં, વાણીથી બોલતાં, નેત્રથી જોતાં અને કાનથી સાંભળતાં જીવતાં રહે છે તેવી રીતે (અમે પણ જીવતાં રહ્યાં).' આ સાંભળીને મને પણ પ્રવેશ કર્યો. ॥ ૧૧ ॥

शाङ्करभाष्यम् :- समानमन्यत्, चक्षुर्होच्चक्राम श्रोत्रं होच्चक्राम मनो होच्चक्रामेत्यादि । यथा बाला अमनसोऽप्ररूढमनस इत्यर्थः ॥ ९-११ ॥

શાંકરભાષ્ય :- ચક્ષુએ ઉત્ક્રમણ કર્યું, શ્રોત્રે ઉત્ક્રમણ કર્યું. તેમજ મને ઉત્ક્રમણ કર્યું વગેરે બાકી સર્વ શ્રુતિઓનું તાત્પર્ય સમાન છે જેવી રીતે બાળક 'અમના' અપ્રરૂઢમના અર્થાત્ જેનું મન વિકસિત થયું નથી, આવું આનું તાત્પર્ય છે. ॥ ૯-૧૧ ॥

एवं परीक्षितेषु वागादिषु– આવી રીતે વાગાદિની પરીક્ષા થઈ ગયા પછી –

अथ ह प्राण उच्चिक्रमिषन्स यथा सुहयः षड्वीशशङ्कून्संखिदेदेवमितरान्प्राणान्समखिदत्तꣳ हाभिसमेत्योचुर्भगवन्नेधि त्वं नः श्रेष्ठोऽसि मोत्क्रमीरिति ॥ १२ ॥

હવે પ્રાણે ઉત્ક્રણ કરવાની ઇચ્છા કરી. તેણે, જેવી રીતે સારો ઘોડો પોતાના પગ બાંધવાના ખીલાને ઉખાડી નાંખે છે તેવી રીતે અન્ય પ્રાણોને પણ ઉખાડી નાખ્યા. ત્યારે તે સર્વએ તેની સામે જઈને કહ્યું - ભગવન્ ! આપ (અમારા સ્વામી) છો, આપ જ આપણા સર્વમાં શ્રેષ્ઠ છો, આપ ઉત્ક્રણ ન કરો. ॥ ૧૨ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरं ह स मुख्यः प्राण उच्चिक्रमिषन्नुत्क्रमितुमिच्छन्क्रिमकरोत् ? इत्युच्यते–यथा लोके सुहयः शोभनोऽश्वः षड्वीशशङ्कून्पादबन्धनकीलान् परीक्षणायारूढेन कशया हतः सन्संखिदेत्समुत्खनेत्समुत्पाटयेत्, एवमितरान्वागादीन्प्राणान्समखिदत्समुद्धृतवान् । ते प्राणाः संचालिताः सन्तः स्वस्थाने स्थातुमनुत्सहमाना अभिसमेत्य मुख्यं प्राणं तमूचुः–हे भगवन्नेधि भव नः स्वामी, तस्मात्त्वं नोऽस्माकं श्रेष्ठोऽसि, मा चास्माद्देहादुत्क्रमीरिति ॥ १२ ॥

શાંકરભાષ્ય :- હવે પછી આપણા તે મુખ્ય પ્રાણે ઉત્ક્રમણ કરવાની ઇચ્છા કરતાં શું કર્યું ? તો કહેવામાં આવે છે - લોકમાં જેવી રીતે સારો ઘોડો પોતાની પરીક્ષા માટે ઉપર ચઢેલા મનુષ્ય દ્વારા ચાબુકથી મારવામાં આવતાં પગ બાંધવાના ખીલાને ઉખેડી નાંખે છે તેવી રીતે તેણે વાક્ વગેરે અન્ય પ્રાણોને ઉખાડી નાંખી અર્થાત્ (શરીરની) બહાર કાઢી નાંખી. (આવી રીતે) વિચલિત કરવામાં આવતાં તે પ્રાણ પોતાના ગોલકોમાં સ્થિત રહેવામાં અસમર્થ હોવાને કારણે મુખ્ય પ્રાણના સન્મુખ જઈને તેને કહ્યું - 'હે ભગવન્ ! એધિ - 'પધારો' આપ અમારા સ્વામી છો, કારણ કે આપણા સર્વમાં આપ શ્રેષ્ઠ છો અને આ શરીરથી આપ ઉત્ક્રમણ ન કરો. ॥ ૧૨ ॥

अथ हैनं वागुवाच यदहं वसिष्ठोऽस्मि त्वं तद्वसिष्ठोऽसीत्यथ हैनं चक्षुरुवाच यदहं प्रतिष्ठास्मि त्वं तत्प्रतिष्ठासीति ॥ १३ ॥ अथ हैनꣳ श्रोत्रमुवाच यदहꣳ सम्पदस्मि त्वं तत्सम्पदसीत्यथ हैनं मन उवाच यदहमायतनमस्मि त्वं तदायतनमसीति ॥ १४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પછી તેને વાક્ ઈન્દ્રિયે કહ્યું - હું જો વસિષ્ઠ છું તો તમે વસિષ્ઠ છો.' તે પછી તેને ચક્ષુએ કહ્યું - 'હું જો પ્રતિષ્ઠા છું તો તમે પ્રતિષ્ઠા છો.' ॥ ૧૩ ॥ પછી શ્રોત્રએ તેને કહ્યું - હું જો સંપદ છું તો તમે સંપદ છો.' તે પછી તેણે મને કહ્યું - 'હું જો આયતન છું તો તમે આયતન છો.' ॥ ૧૪ ॥

शाङ्करभाष्यम् :- अथ हैनं वागादयः प्राणस्य श्रेष्ठत्वं कार्येणापादयन्त आहुर्बलिमिव हरन्तो राज्ञे विशः । कथम् ? वाक् तावदुवाच–यदहं वसिष्ठोऽस्मि, यदिति क्रियाविशेषणम्, यद्वसिष्ठत्वगुणास्मीत्यर्थः' त्वं तद्वसिष्ठस्तेन वसिष्ठत्वगुणेन त्वं तद्वसिष्ठोऽसि तद्गुणस्त्वमित्यर्थः । अथवा तच्छब्दोऽपि क्रियाविशेषणमेव । त्वत्कृतस्त्वदीयोऽसौ वसिष्ठत्वगुणोऽज्ञानान्ममेति मयाभिमत इत्येतत् । तथोत्तरेषु योज्यं चक्षुःश्रोत्रमनःसु ॥ १३-१४ ॥

શાંકરભાષ્ય :- તે પછી વૈશ્ય (વેપારી) લોકો જેવી રીતે રાજાને ભેટ સમર્પણ કરે છે તેવી રીતે વાગાદિ ઈન્દ્રિયોએ પોતાના કાર્યથી પ્રાણની શ્રેષ્ઠતા સંપાદન કરતાં કહ્યું. કેવી રીતે કહ્યું ? - પહેલાં વાણી બોલી - 'હું જે વસિષ્ઠ છું', અહીં મૂળમાં 'यत्' શબ્દ ક્રિયાવિશેષણ છે, અર્થાત્ 'હું જે વસિષ્ઠત્વ ગુણવાળી છું તો તમે પણ વસિષ્ઠ છો - તે વસિષ્ઠત્વ ગુણથી તદ્વસિષ્ઠ છો અર્થાત્ તમે તે ગુણવાળા છો.' અથવા 'तत्' શબ્દ પણ ક્રિયાવિશેષણ જ છે. ત્યારે આનું આ તાત્પર્ય હશે કે 'તમારું કરેલું અર્થાત્ તમારો જે આ વસિષ્ઠત્વ ગુણ છે તે અજ્ઞાનથી 'મારો છે' એમ મેં સમજી લીધું છે.' આવી રીતે આગળના ચક્ષુ, શ્રોત્ર અને મનના વિષયમાં યોજના કરી લેવી જોઈએ. ॥ ૧૩-૧૪ ॥

शाङ्करभाष्यम् :- श्रुतेरिदं वचो युक्तमिदं वागादिभिर्मुख्यं प्राणं प्रत्यभिहितं यस्मात्–

શાંકરભાષ્ય :- વાક્ વગેરે ઈન્દ્રિયો દ્વારા મુખ્ય પ્રાણના પ્રત્યે કહેલું જે આ શ્રુતિનું વિધાન છે તે ઠીક જ છે, કારણ કે –

न वै वाचो न चक्षूꣳषि न श्रोत्राणि न मनाꣳसीत्याचक्षते प्राणा इत्येवाचक्षते प्राणो ह्येवैतानि सर्वाणि भवति ॥ १५ ॥

(લોકમાં સમગ્ર ઈન્દ્રિયોને) ન વાક્, ન ચક્ષુ, ન ક્ષોત્ર અને ન મન જ કહે છે, પરંતુ 'પ્રાણ' એમ કહે છે, કારણ કે આ સર્વ પ્રાણ જ છે. ॥ ૧૫ ॥

शाङ्करभाष्यम् :- न वै लोके वाचो न चक्षूंषि न श्रोत्राणि न मनांसीति वागादीनि करणान्याचक्षते लौकिका आगमज्ञा वा, किं तर्हि ? प्राणा इत्येवाचक्षते कथयन्ति । यस्मात् प्राणो ह्येवैतानि सर्वाणि वागादीनि करणजातानि भवत्यतो मुख्यं प्राणं प्रत्यनुरूपमेव वागादिभिरुक्तमिति प्रकरणार्थमुपसंजिहीर्षति । ★ ननु कथमिदं युक्तं चेतनावन्त इव पुरुषा अहंश्रेष्ठतायै विवदन्तोऽन्योन्यं स्पर्धेरन् ? इति । न हि चक्षुरादीनां वाचं प्रत्याख्याय प्रत्येकं वदनं सम्भवति, तथापगमो देहात्पुनः प्रवेशो ब्रह्मगमनं प्राणस्तुतिर्वोपपद्यते । ★ तत्राग्न्यादिचेतनावद्देवतवताधिष्ठितत्वाद्वागादीनां चेतनावत्त्वं तावत्सिद्धमागमतः । तार्किकसमयविरोध इति चेद् देहे एकस्मिन्ननेकचेतनावत्त्वे, न, ईश्वरस्य निमित्तकारणत्वाभ्युपगमात् । ये तावदीश्वरमभ्युपगच्छन्ति तार्किकास्ते मनआदिकार्यकरणानामाध्यात्मिकानां बाह्यानां च पृथिव्यादीनामीश्वराधिष्ठितानामेव नियमेन प्रवृत्तिमिच्छन्ति रथादिवत् । न चास्माभिरग्न्याद्याश्चेतनावत्योऽपि देवता अध्यात्मं भोक्त्र्योऽभ्युपगम्यन्ते, किं तर्हि ? कार्यकरणवतीनां हि तासां प्राणैकदेवताभेदानामध्यात्माधिभूताधिदैवभेदकोटिविकल्पानामध्यक्षतामात्रेण नियन्तेश्वरोऽभ्युपगम्यते, स ह्यकरणः । **'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः'** (श्वे.उप. ३-१९) इत्यादि मन्त्रवर्णात् । **'हिरण्यगर्भं पश्यत जायमानम्'** (श्वे.उप. ४-१२) । **'हिरण्यगर्भं जनयामास पूर्वम्'** (श्वे.उप. ३-४) इत्यादि च श्वेताश्वतरीयाः पठन्ति । ★ भोक्ता कर्मफलसम्बन्धी देहे तद्विलक्षणो जीव इति वक्ष्यामः । वागादीनां चेह संवादः कल्पितो विदुषोऽन्वयव्यतिरेकाभ्यां प्राणश्रेष्ठता निर्धारणार्थम्, यथा लोके पुरुषा अन्योन्यमात्मनः श्रेष्ठतायै विवदमानाः कञ्चिद्गुणविशेषाभिज्ञं पृच्छन्ति को नः श्रेष्ठो गुणैः ? इति, तेनोक्ता एकैकश्येनादः कार्यं साधयितुमुद्यच्छत, येनादः कार्यं साध्यते स वः श्रेष्ठः, इत्युक्तास्तथा एवोद्यच्छन्त आत्मनोऽन्यस्य वा श्रेष्ठतां निर्धारयन्ति, तथेमं संव्यवहारं वागादिषु कल्पितवती श्रुतिः, कथं नाम विद्वान्वागादीनामेकैकस्याभावेऽपि जीवनं दृष्टं न तु प्राणस्येति प्राणश्रेष्ठतां प्रतिपद्येतेति । ★ तथा च श्रुतिः कौषीतकिनाम्, **'जीवति वागपेतो मूकान्हि पश्यामो जीवति चक्षुरपेतोऽन्धान्हि पश्यामो जीवति श्रोत्रापेतो बधिरान्हि पश्यामो जीवति मनोऽपेतो बालान्हि पश्यामो जीवति बाहुच्छिन्नो जीवत्यूरुच्छिन्नः'** (कौ.उप. ३-३) इत्याद्या ॥ १५ ॥

શાંકરભાષ્ય :- લોકમાં આ વાક્ વગેરે (સમસ્ત) ઈન્દ્રિયોને લૌકિક અથવા શાસ્ત્રજ્ઞ પુરુષ ન તો વાક્ કહે છે અને ન ચક્ષુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ન ક્ષોત્ર અને ન મન જ કહે છે. તો પછી શું કહે છે ? બસ 'પ્રાણ' એમ જ કહે છે, કારણ કે પ્રાણ જ આ સમગ્ર વાગાદિ ઈન્દ્રિય સમુદાય થઈ જાય છે, એટલે મુખ્ય પ્રાણ પ્રત્યે વાગાદિ ઈન્દ્રિયો દ્વારા બરાબર જ કહેવામાં આવ્યું છે – આવી રીતે શ્રુતિ આ પ્રકરણના અર્થનો ઉપસંહાર કરતા ઇચ્છે છે.

પૂર્વપક્ષી :- પરંતુ આ કેવી રીતે સંભવી શકે ? કે વાગાદિ પ્રાણોએ ચેતનાયુક્ત પુરુષો સમાન પોતાની શ્રેષ્ઠતા માટે વિવાદ કરીને એકબીજાની સાથે સ્પર્ધા કરી ? કારણ કે વાક્ સિવાય અન્ય ચક્ષુ વગેરે ઈન્દ્રિયોમાંથી કોઈનું પણ બોલવું સંભવ નથી અને ન તેનું દેહમાંથી ચાલ્યા જવું, તેમાં ફરીથી પ્રવેશ કરવો, બ્રહ્મા પાસે જવું અથવા પ્રાણની સ્તુતિ કરવી જ સંભવ છે.

સિદ્ધાન્તી :- તેમાં અમારું આ કથન છે કે અગ્નિ વગેરે ચેતન દેવોથી અધિષ્ઠિત હોવાને કારણે વાગાદિ ઈન્દ્રિયોની ચેતનતા તો શાસ્ત્રથી સિદ્ધ છે. જો કહે કે આવી રીતે એક જ દેહમાં અને ચેતનાવાનોના રહેવાથી તાર્કિકોના મત સાથે વિરોધ થશે - તો એમ કહેવું બરાબર નથી, કારણ કે તેમણે ઈશ્વરની નિમિત્તકારણતા સ્વીકારી લીધી છે. તાર્કિક લોકો જે ઈશ્વરનો સ્વીકાર કરે છે તો તે રથ વગેરે સમાન ઈશ્વરથી અધિષ્ઠિત થઈને જ મન વગેરે આધ્યાત્મિક ભૂત તેમજ ઈન્દ્રિયોની તથા પૃથ્વી વગેરે બાહ્ય પદાર્થોની નિયત પ્રવૃત્તિ માને છે. તથા અમે લોકો તો અગ્નિ વગેરે ચેતન દેવોને પણ અધ્યાત્મ (શરીરાન્તર્વર્તી) ભોક્તા માનતા નથી. તો શું માનો છે ? - અમે તો અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ ભેદથી કરોડો વિકલ્પોવાળા એકમાત્ર પ્રાણદેવના ભેદસ્વરૂપ તે દેહેન્દ્રિયવાન દેવોના ઈશ્વરને અધ્યક્ષતામાત્રથી નિયંતા માનીએ છીએ કારણ કે તે (ઈશ્વર) અકરણ (ઈન્દ્રિયાદિ રહિત) છે. જેમ કે **'તે હાથ પગ વગર જ વેગવાન અને ગ્રહણ કરનાર છે અને નેત્ર વગરનો થઈને પણ જુએ છે અને કર્ણ વગરનો થઈને પણ સાંભળે છે.'** (શ્વે.ઉપ. ૩-૧૯) આ મંત્રવર્ણથી પ્રમાણિત થાય છે. આ સિવાય શ્વેતાશ્વતર શાખાઓવાળાનો આ પણ પાઠ છે કે - **'ઉત્પન્ન થતાં હિરણ્ય ગર્ભને જુઓ'** (શ્વે.ઉપ. ૪-૧૨) અને **'પહેલાં હિરણ્ય ગર્ભને ઉત્પન્ન કર્યો'** (શ્વે.ઉપ. ૩-૪) વગેરે.

(આ શરીરમાં) તે ઈશ્વર અને દેવોથી વિલક્ષણ કર્મફળમાં સંબંધ રાખનાર જીવ ભોક્તા છે - એવું અમે (પછી) કહીશું. વાગાદિનો સંવાદ તો અહીં ઉપાસક પ્રત્યે અન્વય તેમજ વ્યતિરેકથી પ્રાણની શ્રેષ્ઠતાનો નિર્ણય કરાવવાને માટે કલ્પવામાં આવ્યો છે. જેવી રીતે લોકમાં મનુષ્ય પોતાની શ્રેષ્ઠતા માટે એક-બીજાથી વાદવિવાદ કરતાં કોઈ વિશેષ ગુણજ્ઞને પૂછે છે કે 'અમારામાં ગુણોની દૃષ્ટિએ કોણ શ્રેષ્ઠ છે ?' અને તેના આ પ્રમાણે કહેવાથી કે 'આ કાર્યને સિદ્ધ કરવાને માટે તમે એકએક કરીને ઉદ્યોગ કરો જેનાથી આ કાર્ય સિદ્ધ થઈ જાય, તે જ તમારામાં શ્રેષ્ઠ છે' તેવી રીતે ઉદ્યોગ કરીને પોતાની અથવા કોઈ બીજાની શ્રેષ્ઠતાનો નિર્ણય કરે છે - તેવી રીતે શ્રુતિએ વાગાદિમાં આ વ્યવહારની કલ્પના કરી છે, જેનાથી કે 'વાગાદિમાંથી એક-એકના અભાવમાં પણ જીવન જોવામાં આવ્યું છે પરંતુ પ્રાણના અભાવમાં જોવામાં આવ્યું નથી' એવું જોઈને ઉપાસક કોઈપણ પ્રકારે પ્રાણની શ્રેષ્ઠતા સમજી જાય.

એવી જ કૌષીતકિબ્રાહ્મણોપનિષદની શ્રુતિ પણ છે - **'મનુષ્ય વાણી વિના જીવતો રહે છે, કારણ કે આપણે મૂંગાને જોઈએ છીએ, નેત્ર વિના જીવતો રહે છે, કારણ કે આપણે આંધળાને જોઈએ છીએ, શ્રોત્ર વિના જીવતો રહે છે, કારણ કે આપણે બહેરાને જોઈએ છીએ, મન વિના જીવતો રહે છે, કારણ આપણે બાળકોને જોઈએ છીએ અને હાથ કપાઈ જતાં જીવતો રહે છે, ઊરુ કપાઈ જવાથી જીવતો રહે છે'** (કૌ.ઉપ. ૩-૩) વગેરે ॥ ૧૫ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये प्रथमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના પ્રથમ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वितीयः खण्डः

स होवाच किं मेऽन्नं भविष्यतीति यत्किञ्चिदिदमा श्वभ्य आ शकुनिभ्य इति होचुस्तद्वा एतदनस्यान्नमनो ह वै नाम प्रत्यक्षं न ह वा एवंविदि किञ्चनानन्नं भवतीति ॥ १ ॥

તેણે કહ્યું - 'મારો ખોરાક (અન્ન) કયો હશે ?' ત્યારે વાગાદિએ કહ્યું - 'કુતરા અને પક્ષીઓથી માંડીને સર્વ જીવોનો જે કંઈ ખોરાક છે (સર્વ તમારો ખોરાક છે) તો આ સર્વ અન(પ્રાણ)નો ખોરાક છે.' 'અનઃ' આ પ્રાણનું પ્રત્યક્ષ નામ છે. આવી રીતે જાણનાર માટે પણ કંઈ અનન્ન (અભક્ષ્ય) હોતું નથી. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- स होवाच मुख्यः प्राणः किं मेऽन्नं भविष्यतीति । मुख्यं प्राणं प्रष्टारमिव कल्पयित्वा वागादीन्प्रतिवक्तॄनिव कल्पयन्ती श्रुतिराह—यदिदं लोकेऽन्नजातं प्रसिद्धमा श्वभ्यः श्वभिः सहा शकुनिभ्यः सह शकुनिभिः सर्वप्राणिनां यदन्नं तत्तवान्नमिति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

होचुर्वागादय इति । प्राणस्य सर्वमन्नं प्राणोऽत्ता सर्वस्यान्नस्येत्येवं प्रतिपत्तये कल्पिताख्यायिकारूपाद्व्यावृत्त्य स्वेन श्रुतिरूपेणाह— तद्वा एतद्यत्किञ्चिल्लोके प्राणिभिरन्नमद्यतेऽनस्य प्राणस्य तदन्नं प्राणेनैव तदद्यत इत्यर्थः । सर्वप्रकारचेष्टाव्याप्तिगुणप्रदर्शनार्थं मन इति प्राणस्य प्रत्यक्ष नाम । प्राद्युपसर्गपूर्वत्वे हि विशेषगतिरेव स्यात् । तथा च सर्वान्नानामत्तुर्नामग्रहणमितीदं प्रत्यक्षं नामान इति सर्वान्नानामत्तुः साक्षादभिधानम् । ★ न ह वा एवंविदि यथोक्तप्राणविदि प्राणोऽहमस्मि सर्वभूतस्थः सर्वान्नानामत्तेति, तस्मिन्नेवंविदि ह वै किञ्चन किञ्चिदपि प्राणिभिराद्यं सर्वैरनन्नमनाद्यं न भवति सर्वमेवंविद्यन्नं भवतीत्यर्थः, प्राणभूतत्वाद्विदुषः । **'प्राणाद्वा एष उदेति प्राणेऽस्तमेति'** (बृ.उप. १-५-२३) इत्युपक्रम्य **'एवंविदो ह वा उदेति सूर्य एवं विद्यस्तमेति'** इति श्रुत्यन्तरात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- તે મુખ્ય પ્રાણે કહ્યું - મારો ખોરાક કયો હશે ? (આવી રીતે) મુખ્ય પ્રાણને જાણે પ્રશ્નકર્તા બનાવીને વાગાદિને ઉત્તરદાતા જેમ કલ્પના કરીને શ્રુતિ કહે છે - 'આ લોકમાં કુતરાઓ સહિત અને પક્ષીઓ સહિત સંપૂર્ણ પ્રાણીઓનો આ જે કંઈ ખોરાક પ્રસિદ્ધ છે તે જ તારો ખોરાક છે' એવું વાગાદિએ કહ્યું. આવી રીતે સર્વ કાંઈ પ્રાણનો ખોરાક છે અને પ્રાણ આ ખોરાકનો ભોકતા છે - આ વાતને સમજાવવા માટે કલ્પિત આખ્યાયિકારૂપે નિવૃત્ત થઈને ગ્રંથ પોતાની શ્રુતિરૂપે કહે છે - આ જે કંઈ ખોરાક આ લોકમાં પ્રાણીઓ દ્વારા ખવાય છે તે અન એટલે પ્રાણનો જ ખોરાક છે, અર્થાત્ તે પ્રાણથી ખવાય છે.' પ્રાણનો સર્વ પ્રકારની ચેષ્ટામાં વ્યાપ્તિરૂપ ગુણ પ્રદર્શિત કરવા માટે તેનું 'અન' આ પ્રત્યક્ષ નામ છે, કારણ કે 'પ્ર' વગેરે ઉપસર્ગ પૂર્વમાં રહેવાથી તેની વિશેષ ગતિ જ સિદ્ધ થાય છે. આવી રીતે સંપૂર્ણ ખોરાકને ભક્ષણ કરનારા પ્રાણનું નામ ગ્રહણ કરવામાં આવ્યું છે એટલે તેનું 'અન' આ પ્રત્યક્ષ નામ છે. અર્થાત્ આ સર્વાન્નભક્ષી પ્રાણનું સાક્ષાત્ નામ છે.

આવી રીતે જાણનારા - ઉપર્યુક્ત પ્રાણવેત્તા માટે, અર્થાત્ જે આ જાણે છે કે હું સંપૂર્ણ ભૂતોમાં રહેલ સર્વ અન્નના ભોક્તા પ્રાણ છે, તેના માટે કંઈપણ, સમગ્ર પ્રાણીઓ દ્વારા ભક્ષિત થનાર કોઈ પણ અન્ન, અભક્ષ્ય હોતું નથી. તાત્પર્ય આ છે કે આવી રીતે જાણનાર માટે સર્વ અન્ન છે, કારણ કે તે વિદ્વાન પ્રાણ સ્વરૂપ થઈ જાય છે, જેમકે એક બીજી શ્રુતિમાં પણ **'પ્રાણથી જ આ સૂર્ય ઊગે છે અને પ્રાણમાં જ અસ્ત થાય છે'** (બૃ.ઉપ. ૧-૫-૨૩)' એવો ઉપક્રમ કરીને **'આવી રીતે જાણનારાથી જ સૂર્ય ઊગે છે અને એવા જાણનારામાં જ અસ્ત થઈ જાય છે.'** (એવો ઉપસંહાર કરવામાં આવ્યો છે). ॥ ૧ ॥

स होवाच किं मे वासो भविष्यतीत्याप इति होचुस्तस्माद्वा एतदशिष्यन्तः पुरस्ताच्चोपरिष्टाच्चाद्भिः परिदधति लम्भुको ह वासो भवत्यनग्नो ह भवति ॥ २ ॥

તેણે કહ્યું - 'મારું વસ્ત્ર કયું હશે ?' ત્યારે વાગાદિ બોલ્યા - 'જળ.' આનાથી ભોજન કરનાર પુરુષ ભોજન પહેલાં અને પછી આનું જળથી આચ્છાદન કરે છે. (આવું કરવાથી) તે વસ્ત્ર પ્રાપ્ત કરનાર અને અનગ્ન થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स होवाच पुनः प्राणः, पूर्ववदेव कल्पना, किं मे वासो भविष्यति ? इति, आप इति होचुर्वागादयः । यस्मात्प्राणस्य वास आपः, तस्माद्वा एतदशिष्यन्तो भोक्ष्यमाणा भुक्तवन्तश्च ब्राह्मणा विद्वांस एतत्कुर्वन्ति, किम् ? अद्भिर्वासस्थानीयाभिः पुरस्ताद्भोजनात्पूर्वमुपरिष्टाच्च भोजनादूर्ध्वं च परिदधति परिधानं कुर्वन्ति मुख्यस्य प्राणस्य । लम्भुको लम्भनशीलो वासो ह भवति, वाससो लब्धैव भवतीत्यर्थः । अनग्नो ह भवति, वाससो लम्भुकत्वेनार्थसिद्धैवानग्नतेत्यनग्नो ह भवतीत्युत्तरीयवान् भवतीत्येतत् । ★ भोक्ष्यमाणस्य भुक्तवतश्च यदाचमनं शुद्ध्यर्थं विज्ञातं तस्मिन् प्राणस्य वास इति दर्शनमात्रमिह विधीयते । अद्भिः परिदधतीति नाचमनान्तरम् । यथा लौकिकैः प्राणिभिरद्यमानमन्नं प्राणस्येति दर्शनमात्रम्, तद्वत् । किं मेऽन्नं किं मे वास इत्यादिप्रश्नप्रतिवचनयोस्तुल्यत्वात् । यद्याचमनमपूर्वं तादर्थ्येन क्रियेत तदा कृम्याद्यन्नमपि प्राणस्येति भक्ष्यत्वेन विहितं स्यात् । तुल्ययोर्विज्ञानार्थयोः प्रश्नप्रतिवचनयोः प्रकरणस्य विज्ञानार्थत्वादर्धजरतीयो न्यायो न युक्तः कल्पयितुम् । ★ यत्तु प्रसिद्धमाचमनं प्रायत्यार्थं प्राणस्यानग्नतार्थं च न भवतीत्युच्यते, न तथा वयमाचमनमुभयार्थं ब्रूमः, किं तर्हि ? प्रायत्यार्थाचमनसाधनभूता आपः प्राणस्य वास इति दर्शनं चोद्यत इति ब्रूमः । तत्राचमनस्योभयार्थत्वप्रसङ्गदोषचोदनानुपपन्ना । वासोऽर्थ एवाचमने तद्दर्शनं स्यादिति चेत् ? न, वासोज्ञानार्थवाक्ये वासोऽर्थापूर्वाचमनविधाने तत्रानग्नतार्थत्वदृष्टिविधाने च वाक्यभेदः । आचमनस्य तदर्थत्वमन्यार्थत्वं चेति प्रमाणाभावात् ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે પ્રાણે ફરીથી કહ્યું - આ કલ્પના પણ પહેલાંની જેમ જ છે. - 'મારું વસ્ત્ર કયું હશે ?' આ માટે વાગાદિએ કહ્યું - 'જળ.' કારણ કે જળ પ્રાણનું વસ્ત્ર છે. આનાથી ભોજન કરનાર વિદ્વાન આ કરે છે, શું કરે છે ? ભોજન પહેલાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

પછી તે વસ્ત્રસ્થાનીય જળથી મુખ્ય પ્રાણનું પરિધાન (આચ્છાદન) કરે છે. (એવું કરવાથી) તે લમ્ભુક-વસ્ત્રોનું લમ્ભનશીલ અર્થાત્ વસ્ત્રોને પ્રાપ્ત કરનાર જ થાય છે અને અનગ્ન થાય છે. વસ્ત્રોને પ્રાપ્ત કરનાર હોવાથી અનગ્નતા અર્થતઃ સિદ્ધ જ છે એટલે અનગ્ન થાય છે આનો અભિપ્રાય આ છે ઉત્તરીય વસ્ત્રથી યુક્ત થાય છે.

ભોજન આરંભ કરનાર અને ભોજન કરી લેનારના જે આચમન શુદ્ધિ માટે વિદિત છે તેમાં 'આ પ્રાણનું વસ્ત્ર છે' એવી દૃષ્ટિમાત્રનું વિધાન કરવામાં આવ્યું છે. 'જળથી પરિધાન કરે છે' એવું કહીને કોઈ બીજા આચમનનું વિધાન કરવામાં આવ્યું નથી. જેવી રીતે લૌકિક પ્રાણીઓ દ્વારા ખવાનાર અન્ન પ્રાણનું છે - અહીં જેવી રીતે કેવળ દૃષ્ટિમાત્રનું વિધાન કરવામાં આવ્યું છે તેવી જ રીતે આને સમજવું જોઈએ, કારણ કે 'મારું અન્ન શું છે ? મારું વસ્ત્ર કયું છે ?' વગેરે પ્રશ્ન અને તેના ઉત્તર બંને સમાન છે. જો (આ શ્રુતિ અનુસાર) પ્રાણ માટે અપૂર્વ - નવીન આચમનનું વિધાન માની લેવામાં આવે તો કૃમિ વગેરે અન્નના પણ પ્રાણના ભક્ષ્યરૂપે વિધાન સમજવામાં આવશે. આવી રીતે સમાન રૂપે વિજ્ઞાનાર્થક પ્રશ્ન અને ઉત્તરોનું આ પ્રકરણ વિજ્ઞાનરૂપ પ્રયોજનને માટે જ હોવાને કારણે અહીં અર્ધજરતીય ન્યાયની કલ્પના કરવી ઉચિત નથી.

વળી એવું જે કહેવામાં આવે છે કે 'શુદ્ધિને માટે કરવામાં આવતું પ્રસિદ્ધ આચમન પ્રાણની નગ્નતાના નિવારણ માટે હોઈ શકે નહીં' તેના વિષયમાં અમારે એ કહેવું છે કે આવી રીતે અમે આચમનને બંને પ્રયોજનો માટે બતાવતાં નથી. તો પછી શું કહો છો ? – અમારું કથન તો આ છે કે શુદ્ધિને માટે કરવામાં આવતાં આચમનના સાધનભૂત જળ પ્રાણનું વસ્ત્ર છે – એવી દૃષ્ટિનું વિધાન કરવામાં આવ્યું છે. તેમાં આચમનના બે પ્રયોજનોની સિદ્ધિ માટે હોવારૂપ દોષની શંકા કરવી ઉચિત નથી. જો કહો કે 'એવી દૃષ્ટિ કરવી તો ત્યારે ઉચિત થતી જ્યારે કે આચમન પ્રાણના વસ્ત્ર માટે જ કરવામાં આવતું' – તો આ બરાબર નથી, કારણ કે વસ્ત્ર દૃષ્ટિના માટે પ્રવૃત્ત થયેલા વાક્યમાં વસ્ત્ર માટે નવીન આચમનનું વિધાન અને તેમાં પ્રાણની નગ્નતાના નિવારણ રૂપ પ્રયોજનની દૃષ્ટિનું વિધાન માનવાથી વાક્યભેદરૂપ દોષ થશે, કારણ કે આચમનના 'वासोऽर्थत्व' અને કો 'अन्यार्थत्व'માં કોઈ પ્રમાણ નથી. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तदेतत्प्राणदर्शनं स्तूयते, कथम् ?

શાંકરભાષ્ય :- તે આ પ્રાણદર્શનની સ્તુતિ કરવામાં આવે છે, કેવી રીતે ?

तद्धैतत्सत्यकामो जाबालो गोश्रुतये वैयाघ्रपद्यायोक्त्वोवाच यद्यप्येतच्छुष्काय स्थाणवे ब्रूयाज्जायेरन्नेवास्मिञ्छाखाः प्ररोहेयुः पलाशानीति ॥ ३ ॥

તે આ(પ્રાણ દર્શન)ને સત્યકામ જાબાલે વૈયાઘ્રપદ્ય ગોશ્રુતિ સમક્ષ નિરૂપિત કરીને કહ્યું - 'જો આને શુષ્ક સ્થાણુને કહીએ તો તેમાં શાખા ઉત્પન્ન થઈ જશે અને પાન ફૂટી આવશે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तद्धैतत्प्राणदर्शनं सत्यकामो जाबालो गोश्रुतये नाम्ना वैयाघ्रपद्याय व्याघ्रपदोऽपत्यं वैयाघ्रपद्यस्तस्मै गोश्रुत्याख्यायोक्त्वोवाचान्यदपि वक्ष्यमाणं वचः । किं तदुवाच ? इत्याह–यद्यपि शुष्काय स्थाणव एतद्दर्शनं ब्रूयात्प्राणविज्जायेरन्नुत्पद्येरन्नेवास्मिन्स्थाणौ शाखाः प्ररोहेयुश्च पलाशानि पत्राणि । किमु जीवते पुरुषाय ब्रूयादिति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે આ પ્રાણદર્શનને સત્યકામ જાબાલે ગોશ્રુતિને નામથી વૈયાઘ્રપદ્યને - વ્યાઘ્રપદના પુત્રને વૈયાઘ્રપદ્ય કહે છે, તે ગોશ્રુતિ નામવાળાને કહીને વધુ આગળ કહેવામાં આવનાર વચન કહ્યું. તેણે શું કહ્યું ? તો કહે છે - જો પ્રાણવેત્તા પુરુષ આ દર્શનને શુષ્ક સ્થાણું પ્રત્યે કહે તો તે સ્થાણુમાં શાખાઓ ઉત્પન્ન થઈ જાય અને પાન નિકળી આવે. જો જીવિત પુરુષને કહે ત્યારે તો કહેવું જ શું છે ? ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- यथोक्तप्राणदर्शनविद इदं मन्थाख्यं कर्मारभ्यते–

શાંકરભાષ્ય :- ઉપર્યુક્ત પ્રાણદર્શનના જ્ઞાતાના માટે આ મન્થ નામના કર્મનો આરંભ કરવામાં આવે છે –

अथ यदि महज्जिगमिषेदमावास्यायां दीक्षित्वा पौर्णमास्याः रात्रौ सर्वौषधस्य मन्थं दधिमधुनोरुपमथ्य ज्येष्ठाय श्रेष्ठाय स्वाहेत्यग्नावाज्यस्य हुत्वा मन्थे संपातमवनयेत् ॥ ४ ॥

હવે જો તે મહત્ત્વને પ્રાપ્ત થવા ઇચ્છે તો તેણે અમાવાસ્યાએ દીક્ષિત થઈને પૂર્ણિમાની રાત્રિએ સર્વૌષધ કે દહીં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

મધ સંબંધી મન્થનું મંથન કરીને 'ज्येष्ठाय श्रेष्ठाय स्वाहा' એમ કહીને અગ્નિમાં ઘીનો હવન કરીને મન્થ પર તેનો અવશેષ નાંખવો જોઈએ. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरं यदि महन्महत्त्वं जिगमिषेद्गन्तुमिच्छेन्महत्त्वं प्राप्तं यदि कामयेतेत्यर्थः, तस्येदं कर्म विधीयते । महत्त्वे हि सति श्रीरुपनमते । श्रीमतो ह्यर्थप्राप्तं धनं ततः कर्मानुष्ठानं ततश्च देवयानं पितृयाणं वा पन्थानं प्रतिपत्स्यत इत्येतत्प्रयोजनमुररीकृत्य महत्त्वप्रेप्सोरिदं कर्म न विषयोपभोगकामस्य । तस्यायं कालादिविधिरुच्यते– ★ अमावास्यायां दीक्षित्वा दीक्षित इव भूमिशयनादि नियमं कृत्वा तपोरूपं सत्यवचनं ब्रह्मचर्यमित्यादिधर्मवान्भूत्वेत्यर्थः । न पुनर्दैक्षमेव कर्मजातं सर्वमुपादत्ते, अतद्विकारत्वान्मन्थाख्यस्य कर्मणः । **'उपसद्व्रती'** (बृ.उप. ६-३-१) इति श्रुत्यन्तरात्पयोमात्रभक्षणं च शुद्धिकारणं तप उपादत्ते । पौर्णमास्यां रात्रौ कर्मारभते । सर्वौषधस्य ग्राम्यारण्यानामोषधीनां यावच्छक्त्यल्पमल्पमुपादाय तद्वितुषीकृत्याममेव पिष्टं दधिमधुनोरौदुम्बरे कंसाकारे चमसाकारे वा पात्रे श्रुत्यन्तरात्प्रक्षिप्योपमथ्याग्रतः स्थापयित्वा ज्येष्ठाय श्रेष्ठाय स्वाहेत्यग्नावावसथ्य आज्यस्यावापस्थाने हुत्वा स्रुवसंलग्नं मन्थे संपातमवनयेत्संस्रवमधः पातयेत् ॥ ४ ॥

શાંકરભાષ્ય : હવે આના પછી જો તે મહત્ એટલે મહત્ત્વને પ્રાપ્ત થવા ઇચ્છે અર્થાત્ મહત્ત્વ પ્રાપ્તિની કામના રાખતો હોય તો તેના માટે આ કર્મનું વિધાન કરવામાં આવે છે, કારણ કે મહત્ત્વ પ્રાપ્ત થવાથી જ લક્ષ્મી પાસે આવે છે, કારણ કે શ્રીમાનને ધન તો સ્વતઃ પ્રાપ્ત થાય જ છે, તેનાથી કર્માનુષ્ઠાન થાય છે અને તેનાથી દેવયાન અથવા પિતૃયાણ માર્ગ પ્રાપ્ત થવો સંભવિત છે – આ ઉદ્દેશ્યને લક્ષ્યમાં રાખીને જ મહત્ત્વપ્રાપ્તિની ઇચ્છાવાળા માટે - વિષયોપભોગની કામનાવાળા માટે નહીં - આ કર્મનો આરંભ કરવામાં આવે છે. તેની આ કાલાદિ વિધિ કહેવામાં આવે છે –

અમાવાસ્યાના દિવસે દીક્ષિત થઈને - દીક્ષિત પુરુષના સમાન ભૂમિશયન વગેરે નિયમ કરીને અર્થાત્ તપઃસ્વરૂપ સત્યવચન, બ્રહ્મચર્ય વગેરે ધર્મવાળા થઈને, પૂર્ણિમાની રાત્રિએ આ કર્મનો આરંભ કરે છે. (આ કર્મમાં દીક્ષિત થનાર પુરુષ) દીક્ષા સંબંધી (મૌજીબંધનાદિ) સમગ્ર કર્મોનું ગ્રહણ કરતાં નથી, કારણ કે આ મન્થા (મન્થ નામનું) કર્મ કોઈ અન્ય કર્મનો વિકાર નથી. 'उपसद्व्रती भूत्वा' (બૃ. ઉ. ૬-૩-૧) એવી બીજી શ્રુતિ હોવાને કારણે તે શુદ્ધિનું કારણભૂત કેવળ પયોભક્ષણ તપનો સ્વીકાર કરે છે. સર્વૌષધ અર્થાત્ યથાશક્તિ ગ્રામ્ય અને વન્ય સમસ્ત ઔષધિઓનો થોડો થોડો ભાગ લઈને તેને તુષરહિત કરીને તેને કાચી પીઠીને એક બીજી શ્રુતિ અનુસાર દહીં અને મધ સહિત કંસાકાર અથવા ચમસાકાર ગુલરના પાત્રમાં કાઢીને તેનું મંથન કરીને તે પોતાની આગળ રાખીને 'ज्येष्ठाय श्रेष्ठाय स्वाहा' એમ બોલતાં આવસથ્યાગ્નિમાં આવાપસ્થાનમાં ઘીની આહુતિ આપો અને સ્રુવમાં લાગેલા બાકીના હવિને મંથમાં લઈ લો અર્થાત્ તે ઘીની ધારાને મંથમાં પધરાવી દો. ॥ ૪ ॥

वसिष्ठाय स्वाहेत्यग्नावाज्यस्य हुत्वा मन्थे संपातमवनयेत्प्रतिष्ठायै स्वाहेत्यग्नावाज्यस्य हुत्वा मन्थे संपातमवनयेत्संपदे स्वाहेत्यग्नावाज्यस्य हुत्वा मन्थे संपातमवनयेदायतनाय स्वाहेत्यग्नावाज्यस्य हुत्वा मन्थे संपातमवनयेत् ॥ ५ ॥

(આવી રીતે) 'वसिष्ठाय स्वाहा' આ મંત્રથી અગ્નિમાં ઘીની આહુતિ આપીને મંથમાં ઘીનું પ્રવાહી નાંખો, 'प्रतिष्ठायै स्वाहा' આ મંત્રથી અગ્નિમાં ઘીની આહુતિ આપીને મંથમાં ઘીનું પ્રવાહી નાંખો. 'संपदे स्वाहा' આ મંત્રથી અગ્નિમાં ઘીની આહુતિ આપીને મંથમાં ઘીનું પ્રવાહી પધરાવો. અને 'आयतनाय स्वाहा' આ મંત્રથી અગ્નિમાં ઘીની આહુતિ આપીને મંથમાં ઘીનું પ્રવાહી પધરાવો. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- समानमन्यत्, वसिष्ठाय प्रतिष्ठायै संपदे आयतनाय स्वाहेति प्रत्येकं तथैव संपातमवनयेद्धुत्वा ॥ ५ ॥

શાંકરભાષ્ય :- બાકીનો અર્થ પૂર્વવત્ છે, 'वसिष्ठाय, प्रतिष्ठायै, संपदे' અને 'आयतनाय स्वाहा' એમ કહીને પ્રત્યેક મંત્રના પછી આહુતિ આપીને તેવી રીતે ઘીનું પ્રવાહી (મંથમાં) પધરાવો. ॥ ૫ ॥

अथ प्रतिसृप्याञ्जलौ मन्थमाधाय जपत्यमो नामास्यमा हि ते सर्वमिदꣳ स हि ज्येष्ठः श्रेष्ठो राजाधिपतिः स मा ज्यैष्ठ्यꣳ श्रैष्ठ्यꣳ राज्यमाधिपत्यं गमयत्वहमेवेदꣳ सर्वमसानीति ॥ ६ ॥

હવે અગ્નિથી થોડા દૂર ખસીને મંથને અંજલિમાં લઈને તે 'अमो नामासि' વગેરે મંત્રનો જપ કરો. (अमो नामासि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

વગેરે મંત્રોના અર્થ –) હે મંથ ! તું અમ નામવાળો છે, કારણ કે આ આખું જગત (પ્રાણભૂત) તારી સાથે રહેલું છે. તે તું જ્યેષ્ઠ, શ્રેષ્ઠ, રાજા (દીપ્તિમાન) અને સર્વનો અધિપતિ છે. તે તું મને જ્યેષ્ઠત્વ, શ્રેષ્ઠત્વ, રાજ્ય અને આધિપત્યને પ્રાપ્ત કરાવ. હું જ આ સર્વરૂપ થઈ જાઉં. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- अथ प्रतिसृप्याग्नेरीषदपसृत्याञ्जलौ मन्थमाधाय जपतीमं मन्त्रम् अमो नामास्यमा हि ते । अम इति प्राणस्य नाम, अन्नेन हि प्राणः प्राणिति देह इत्यतो मन्थद्रव्यं प्राणस्यान्नत्वात्प्राणत्वेन स्तूयतेऽमो नामासीति । कुतः ? यतोऽमा सह हि यस्मात्ते तव प्राणभूतस्य सर्वं समस्तं जगदिदमतः स हि प्राणभूतो मन्थो ज्येष्ठः श्रेष्ठश्च । अत एव च राजा दीप्तिमानधिपतिश्चाधिष्ठाय पालयिता सर्वस्य । स मा मामपि मन्थः प्राणो ज्यैष्ठ्यादिगुणपूगमात्मनो गमयत्वहमेवेदं सर्वं जगदसानि भवानि प्राणवत् । इतिशब्दो मन्त्रपरिसमाप्त्यर्थः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- હવે પછી પ્રતિસર્પણ કરો - અગ્નિથી જરા દૂર જઈને મંથને અંજલિમાં લઈને આ મંત્રનો જપ કરતાં રહો - 'અમો નામાસિ અમા હિ તે' વગેરે. 'અમ' આ પ્રાણનું નામ છે, અન્નના કારણે જ પ્રાણ શરીરમાં પ્રાણન ક્રિયા કરે છે. આનાથી મંથ દ્વારા પ્રાણનું અન્ન હોવાને કારણે 'અમો નામાસિ' વગેરે મંત્ર દ્વારા પ્રાણરૂપથી સ્તુતિ પામે છે. તું કયા 'અમ' નામવાળો છે ? - કારણ કે પ્રાણભૂત તારી સાથે જ આ સર્વ જગત છે, એટલે તે (તું) પ્રાણભૂત મંથ જ જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ છે. આનાથી તું રાજા-દીપ્તિમાન અને અધિપતિ સહુનું અધિષ્ઠાન થઈને પાલન કરનારો છે. તે મન્થરૂપ પ્રાણ મને પણ પોતાના જ્યેષ્ઠત્વ વગેરે ગુણ સમુહોને પ્રાપ્ત કરાવી આપે. પ્રાણ સમાન હું પણ આ સંપૂર્ણ જગત સ્વરૂપ થઈ જાઉં. इति શબ્દ મંત્રની સમાપ્તિ માટે છે. ॥ ૬ ॥

अथ खल्वेतयर्चा पच्छ आचामति । तत्सवितुर्वृणीमह इत्याचामति । वयं देवस्य भोजनमित्याचामति । श्रेष्ठं सर्वधातममित्याचामति । तुरं भगस्य धीमहीति सर्वं पिबति । निर्णिज्य कंसं चमसं वा पश्चादग्नेः संविशति चर्मणि वा स्थण्डिले वा वाचंयमोऽप्रसाहः । स यदि स्त्रियं पश्येत्समृद्धं कर्मेति विद्यात् ॥ ७ ॥

હવે તે આ ઋચાથી પાદશઃ (તે મંથનું) ભક્ષણ કરે છે. **'तत्सवितुर्वृणीमहे' એવું કહીને ભક્ષણ કરે છે, 'वयं देवस्य भोजनम्' એવું કહીને ભક્ષણ કરે છે. 'श्रेष्ठ सर्वधातमम्' એમ કરીને ભોજન કરે છે, અને 'तुरं भगस्य धीमहि' એમ કહીને કંસ (કટોરો) અથવા સમસ ને ધોઈને બધો મંથલેપ પી જાય છે. તે પછી તે અગ્નિની પાછળ ચર્મ અથવા સ્થણ્ડિલ (પવિત્ર યજ્ઞભૂમિ) ઉપર વાણીનો સંયમ કરીને (અનિષ્ટ સ્વપ્ન દર્શનથી) અભિભૂત થયાં વિના શયન કરે છે. તે સમયે જો તે (સ્વપ્નમાં) સ્ત્રીને જુએ તો એવું સમજે કે કર્મ સફળ થઈ ગયું. ॥ ૭ ॥**

शाङ्करभाष्यम् :- अथानन्तरं खल्वेतया वक्ष्यमाणयर्चा पच्छः पादश आचामति भक्षयति मन्त्रस्यैकैकेन पादेनैकैकं ग्रासं भक्षयति । तद्भोजनं सवितुः सर्वस्य प्रसवितुः प्राणमादित्यं चैकीकृत्योच्यते, आदित्यस्य वृणीमहे प्रार्थयेमहि मन्थरूपम् । येनान्नेन सावित्रेण भोजनेनोपभुक्तेन वयं सवितृस्वरूपापन्ना भवेमेत्यभिप्रायः । देवस्य सवितुरिति पूर्वेण सम्बन्धः श्रेष्ठं प्रशस्यतमं सर्वान्नेभ्यः सर्वधातमं सर्वश्य जगतो धारयितृतममतिशयेन विधातृतममिति वा । सर्वथा भोजनविशेषणम् । तुरं त्वरं तूर्णं शीघ्रमित्येतत् । भगस्य देवस्य सवितुः स्वरूपमिति शेषः । धीमहि चिन्तयेमहि विशिष्टभोजनेन संस्कृताः शुद्धात्मानः सन्त इत्यभिप्रायः । अथवा भगस्य श्रियः कारणं महत्त्वं प्राप्तुं कर्म कृतवन्तो वयं तद्धीमहि चिन्तयेमहीति सर्वं च मन्थलेपं पिबति निर्णिज्य प्रक्षाल्य कंसं कंसाकारं चमसं चमसाकारं वौदुम्बरं पात्रम् । ★ पीत्वाचम्य पश्चादग्नेः प्राक्शिराः संविशति चर्मणि वाजिने स्थण्डिले केवलायां वा भूमौ, वाचंयमो वाग्यतः सन्नित्यर्थः, अप्रसाहो न प्रसह्यते नाभिभूयते स्त्र्याद्यनिष्टस्वप्नदर्शनेन यथा तथा संयतचित्तः सन्नित्यर्थः, स एवंभूतो यदि स्त्रियं पश्येत्स्वप्नेषु तदा विद्यात्समृद्धं ममेदं कर्मेति ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આના પછી તે આ કહેવામાં આવેલી ઋચાથી પાદશઃ આચમન-ભક્ષણ કરે છે, અર્થાત્ આ મંત્રના એક-એક પાદથી એક-એક કોળિયો ભક્ષણ કરે છે. અમે સવિતા-સર્વનો પ્રસવ કરાવનાર આદિત્યના તે મંથરૂપ ભોજનની પ્રાર્થના કરીએ છે - અહીં પ્રાણ અને આદિત્યને એક માનીને એવું કહેવામાં આવ્યું છે - જે અન્ન અર્થાત્ સવિતા દેવથી ઉપભોગ કરવામાં આવેલાં ભોજન દ્વારા અમે સૂર્ય સ્વરૂપને પ્રાપ્ત થઈશું - એવો આનો અભિપ્રાય છે. 'देवस्य सवितुः' આવી રીતે 'देवस्य' પદનો પહેલાં (सवितुः પદ) થી સંબંધ છે. શ્રેષ્ઠ - સમસ્ત અન્નોની અપેક્ષા પ્રશસ્યતમ, 'सर्वधातमम्' - સમગ્ર જગતના ઉત્કૃષ્ટ ધારયિતા અથવા સંપૂર્ણ જગતના અતિશય વિધાતા (ઉત્પત્તિકર્તા) (- આવી રીતે કંઈપણ અર્થ કરવામાં આવે) આ સર્વથા ભોજનનું વિશેષણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

અમે તુર - ત્વર - તૂર્ણ અર્થાત્ તરત જ ભર્ગ સવિતા દેવના સ્વરૂપનું - 'સ્વરૂપ' શબ્દ અહીં શેષ છે, ધ્યાન-ચિંતન કરે છે, તાત્પર્ય આ છે કે તે વિશિષ્ટ ભોજનથી સંસ્કારયુક્ત અને શુદ્ધચિત્ત થઈને અમે તેના સ્વરૂપનું ધ્યાન કરીએ છીએ. અથવા ભગ એટલે શ્રીના કારણભૂત મહત્ત્વને પ્રાપ્ત કરવાને માટે કર્મ કરનાર અમે તેનું ધ્યાન - ચિંતન કરીએ છીએ. એવું કહીને કંસ-કંસાકાર અથવા ચમસ-ચમસાકાર ગૂલરના પાત્રને ધોઈને બધો મંથલેપ પી જાય છે.

મંથલેપને પીને આચમન કર્યા પછી અગ્નિની પાછળ ચર્મ (મૃગાદિના) ચામડા પર અથવા સ્થંડિલ - કેવળ ભૂમિ ઉપર જ પૂર્વ બાજુએ માથું કરીને વાંચયમ અર્થાત્ સંયતવાક્ થઈને અને અપ્રસાહ એટલે આવી રીતે સંયતચિત્ત થઈને કે જેનાથી સ્ત્રી વગેરે અનિષ્ટ સ્વપ્ન જોવાથી વિકૃત ન થઈ જાય એમ સૂઈ જાય છે. એવી અવસ્થામાં જો તે સ્વપ્નમાં સ્ત્રીને જુએ તો આ સમજે કે મારું આ કર્મ સમૃદ્ધ થઈ ગયું. ॥ ૭ ॥

तदेष श्लोको यदा कर्मसु काम्येषु स्त्रिय स्वप्नेषु पश्यति समृद्धिं तत्र जानीयात्तस्मिन्स्वप्ननिदर्शने तस्मिन्स्वप्ननिदर्शने ॥ ८ ॥

આ વિષયમાં આ શ્લોક છે - જ્યારે કામ્ય કર્મોમાં સ્વપ્નમાં સ્ત્રીને જુએ તો તે સ્વપ્નદર્શન થવાથી તે કર્મમાં સમૃદ્ધિ સમજવી, સ્વપ્ન જોવાથી (સમૃદ્ધિ સમજવી). ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- तदेतस्मिन्नर्थ एष श्लोको मन्त्रोऽपि भवति । यदा कर्मसु काम्येषु कामार्थेषु स्त्रियं स्वप्नेषु स्वप्नदर्शनेषु स्वप्नकालेषु वा पश्यति समृद्धिं तत्र जानीयात् । कर्मणां फलनिष्पत्तिर्भविष्यतीति जानीयादित्यर्थः । तस्मिन् स्त्र्यादिप्रशस्तस्वप्नदर्शने सतीत्यभिप्रायः । द्विरुक्तिः कर्मसमाप्त्यर्था ॥ ८ ॥

શાંકરભાષ્ય :- તે આ અર્થમાં આ શ્લોક - મંત્ર પણ છે. જ્યારે કે કામ્ય-કામનાઓને માટે કરવામાં આવેલાં કર્મોમાં સ્વપ્નમાં - સ્વપ્નદર્શનમાં અથવા સ્વપ્ન કાળમાં સ્ત્રીને જુએ તો તેમાં સમૃદ્ધિ સમજવી, અર્થાત્ તે કર્મોનું ફળ પ્રાપ્ત થશે એવું જાણો. તાત્પર્ય આ છે કે તે સ્ત્રી વગેરે પ્રશસ્ત સ્વપ્નદર્શનના થવાથી (કર્મની સફળતા સમજો). 'तस्मिन्स्वप्ननिदर्शने तस्मिन्स्वप्ननिदर्शने' આ દ્વિરુક્તિ કર્મની સમાપ્તિ માટે છે. ॥ ૮ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये द्वितीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ २ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના દ્વિતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

तृतीयः खण्डः

शाङ्करभाष्यम् :- ब्रह्मादिस्तम्बपर्यन्ताः संसारगतयो वक्तव्या वैराग्यहेतोर्मुमुक्षूणामित्यत आख्यायिकारभ्यते–

શાંકરભાષ્ય :- મુમુક્ષુ પુરુષોના વૈરાગ્ય માટે બ્રહ્માથી લઈને તણખલા પર્યંત સંસારની ગતિઓનું વર્ણન કરવું જોઈએ - એટલા માટે આ આખ્યાયિકાનો આરંભ કરવામાં આવે છે –

श्वेतकेतुर्हारुणेयः पञ्चालानाꣳ समितिमेयाय तꣳ ह प्रवाहणो जैवलिरुवाच कुमारानु त्वाशिषत्पितेत्यनु हि भगव इति ॥ १ ॥

આરુણિનો પુત્ર શ્વેતકેતુ પંચાલદેશીય લોકોની સભામાં આવ્યો. તેને જીવકના પુત્ર પ્રવાહણે કહ્યું – 'હે કુમાર ! શું પિતાએ તને શિક્ષા આપી છે ?' આ માટે તેણે કહ્યું - 'હા, ભગવન્ !' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- श्वेतकेतुर्नामतः, ह इत्यैतिह्यार्थः, अरुणस्यापत्यमारुणिस्तस्यापत्यमारुणेयः पञ्चालानां जनपदानां समितिं सभामेयायाजगाम । तमागतवन्तं ह प्रवाहणो नामतो जीवलस्यापत्यं जैवलिरुवाचोक्तवान् । हे कुमारानु त्वा त्वामशिषदन्वशिषत्पिता ? किमनुशिष्टस्त्वं पित्रेत्यर्थः । इत्युक्तः स आह–अनु हि अनुशिष्टोऽस्मि भगव इति सूचयन्नाह ॥ १ ॥

શાંકરભાષ્ય :- શ્વેતકેતુ નામવાળો - 'ह' આ નિપાત ભૂતકાળ (દર્શાવવા) માટે છે - અરુણના પુત્રને આરુણિ કહે છે, તેનો પુત્ર આરુણેય પંચાલ દેશના લોકોની સભામાં આવ્યો. તે આવેલાને પ્રવાહણ નામવાળા જીવલના પુત્ર જૈવલિએ કહ્યું - 'હે કુમાર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શું પિતાએ તને અનુશાસિત (શિક્ષિત) કર્યો છે ?' અર્થાત્ 'શું પિતાએ તને શિક્ષા આપી છે ?' આવું કહેવામાં આવતાં તેણે કહ્યું - 'હા, ભગવન્ ! હું અનુશાસિત કરવામાં આવ્યો છું' - આ પ્રકારે સૂચિત કરીને તેણે ઉત્તર આપ્યો. ॥ ૧ ॥

तं होवाच – यद्यनुशिष्टोऽसि – તેણે તેને કહ્યું - જો તને શિક્ષા આપવામાં આવી છે તો –

वेत्थ यदितोऽधि प्रजाः प्रयन्तीति ? न भगव इति । वेत्थ यथा पुनरावर्तन्त ३ इति ? न भगव इति । वेत्थ पंथोर्देवयानस्य पितृयाणस्य च व्यावर्तना ३ इति ? न भगव इति ॥ २ ॥

'શું તને ખબર છે કે આ લોકમાંથી પ્રજા ક્યાં જાય છે ?' (શ્વેતકેતુ) 'ભગવન્ ! ના.' (પ્રવાહણ-) 'શું તું જાણે છે કે તે ફરીથી આ લોકમાં કેવી રીતે આવે છે ?' (શ્વેતકેતુ) 'ના, ભગવન્ !' (પ્રવાહણ-) 'દેવયાન અને પિતૃયાણ - આ બંને માર્ગનું એક-બીજાથી જુદાં પડવાનું સ્થાન તને ખબર છે ?' (શ્વેતકેતુ-) 'ના ભગવન્ !' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- वेत्थ यदितोऽस्माल्लोकादधि ऊर्ध्वं यत्प्रजाः प्रयन्ति यद्गच्छन्ति, तत्किं जानीषे ? इत्यर्थः । न भगव इत्याहेतरः, न जानेऽहं तद्यत्पृच्छसि । एवं तर्हि, वेत्थ जानीषे यथा येन प्रकारेण पुनरावर्तन्त इति न भगव इति प्रत्याह । वेत्थ पथोर्मार्गयोः सहप्रयाणयोर्देवयानस्य पितृयाणस्य च व्यावर्तना व्यावर्तनमितरेतरवियोगस्थानं सह गच्छताम् ? इत्यर्थः । न भगव इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'શું તું જાણે છે કે અહીંથી - આ લોકથી ઉપર પ્રજા ક્યાં જાય છે ? તાત્પર્ય આ છે કે શું તને આની ખબર છે ?' આ માટે બીજા (શ્વેતકેતુ) એ કહ્યું - 'ભગવન્ ! ના, આપ જે કંઈ પૂછો છો તે હું જાણતો નથી.' 'સારું તો જેવી રીતે તે આ લોકમાં જાય છે તે તને શું ખબર છે ?' આ માટે તેણે ઉત્તર આપ્યો - 'ભગવન્ ! ના.' 'શું તને સાથે જનારા દેવયાન અને પિતૃયાણ આ બંને માર્ગોની વ્યાવર્તના-વ્યાવર્તન અર્થાત્ આ માટે સાથે જનારા પુરુષોના એકબીજાથી અલગ થવાના સ્થાનની ખબર છે ?' 'ભગવન્ ! ના.' ॥ ૨ ॥

वेत्थ यथासौ लोको न संपूर्यत ३ इति न भगव इति । वेत्थ यथा पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्तीति ? नैव भगव इति ॥ ३ ॥

(પ્રવાહણ-) 'તને ખબર છે, આ પિતૃલોક ભરાતો કેમ નથી ?' (શ્વેતકેતુ-) 'ભગવન્ ! ના.' (પ્રવાહણ-) 'શું તું જાણે છે કે પાંચમી આહુતિના હવન કર્યા પછી જળ (સોમધૃતાદિ રસ) 'પુરુષ' સંજ્ઞાને કેવી રીતે પ્રાપ્ત થાય છે ?' (શ્વેતકેતુ-) 'ના, ભગવન્ ! ના.' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- वेत्थ यथासौ लोकः पितृसम्बन्धी–यं प्राप्य पुनरावर्तन्ते, बहुभिः प्रयद्भिरपि येन कारणेन न सम्पूर्यत इति ? न भगवत इति प्रत्याह । वेत्थ यथा येन क्रमेण पञ्चभ्यां पञ्चसंख्याकायामाहुतौ हुतायामाहुतिनिर्वृत्ता आहुतिसाधनाश्चायः पुरुषवचसः पुरुष इत्येवं वचोऽभिधानं यासां हूयमानानां क्रमेण षष्ठाहुतिभूतानां ताः पुरुषवचसः पुरुषशब्दवाच्या भवन्ति पुरुषाख्यां लभन्ते ? इत्यर्थः । इत्युक्तो नैव भगव इत्याह, नैवाहमत्र किञ्चन जानीमीत्यर्थः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'શું તું જાણે છે કે આ પિતૃગણસંબંધી લોક, જેને પ્રાપ્ત કરીને પછી પાછા આવે છે બહુ લોકોના જવાથી પણ કયા કારણે ભરાતો નથી ?' 'ભગવન્ ! ના.' એવો તેણે ઉત્તર આપ્યો. 'શું તને ખબર છે કે કેવી રીતે - કયા ક્રમથી પાંચમી - પાંચ સંખ્યાવાળી આહુતિના હોમી દીધા પછી આહુતિમાં રહેનારા આહુતિના સાધનભૂત આપ (જળ) પુરુષવાચી થઈ જાવ છો ? તાત્પર્ય આ છે કે હવન કરવામાં આવેલી જે છઠ્ઠી આહુતિભૂત દ્રવ્યોનો 'પુરુષ' આ જ વચન એટલે નામ છે તે પુરુષવાચી કેવી રીતે થઈ જાય છે ? અર્થાત્ પુરુષસંજ્ઞા કેવી રીતે પ્રાપ્ત કરે છે ?' આમ કહેવામાં આવતાં તેણે આ જ કહ્યું - 'ભગવન્ ! ના, અર્થાત્ હું આ વિષયમાં કંઈ જાણતો નથી. ॥ ૩ ॥

अथानु किमनुशिष्टोऽवोचथा यो हीमानि न विद्यात्कथꣳ सोऽनुशिष्टो ब्रुवीतेति । स हायस्तः पितुरर्धमेयाय तꣳ होवाचाननुशिष्य वाव किल मा भगवानब्रवीदनु त्वाशिषमिति ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

'તો પછી તું પોતાને 'મને શિક્ષા આપી છે' એવું કેમ બોલતો હતો ? જે આ વાતોને નથી જાણતો તે પોતાને શિક્ષિત કેવી રીતે કહી શકે ?' ત્યારે તે ત્રાસીને પોતાના પિતાના ઘેર આવ્યો અને તેમને કહ્યું - 'શ્રીમાને મને શિક્ષા આપ્યા વિના જ કહી દીધું હતું કે મેં તને શિક્ષા આપી દીધી છે.' ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथैवमज्ञः सन्किमनु कस्मात्त्वमनुशिष्टोऽस्मीत्यवोचथा उक्तवानसि ? यो हीमानि मया पृष्टान्यर्थजातानि न विद्यान्न विजानीयात्कथं स विद्वत्स्वनुशिष्टोऽस्मीति ब्रुवीत ? इत्येवं स श्वेतकेतुं राज्ञायस्त आयासितः सन्पितुरर्धं स्थानमेयायागतवान् तं च पितरमुवाच–अननुशिष्यानुशासनमकृत्वैव मा मां किल भगवान्समावर्तनकालेऽब्रवीदुक्तवाननु त्वाशिषमन्वशिषं त्वामिति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'તો પછી આવી રીતે અજ્ઞ હોવાથી પણ તેં 'મને શિક્ષા આપી છે' એવું કેમ કહ્યું ? જે પુરુષ આ મારી પૂછવામાં આવેલી વાતોને જાણતો નથી તે વિદ્વાનોમાં 'મને શિક્ષા આપી દીધી છે' એવું કેવી રીતે કહી શકે છે ?' આવી રીતે રાજાથી આયસ્ત-પીડિત થઈ તે શ્વેતકેતુ પોતાના પિતાના અર્ધ એટલે સ્થાન ઉપર આવ્યો અને તે પોતાના પિતા પાસે બોલ્યો - 'શ્રીમાને અનુશાસન કર્યા વિના જ સમાવર્તન સંસ્કાર સમયે મને કહી દીધું હતું કે 'મેં તને શિક્ષા આપી દીધી છે.' ॥ ૪ ॥

यतः– કારણ કે –

पञ्च मा राजन्यबन्धुः प्रश्नानप्राक्षीत्तेषां नैकञ्चनाशकं विवक्तुमिति स होवाच यथा मा त्वं तदैतानवदो यथाहमेषां नैकञ्चन वेद यद्यहमिमानवेदिष्यं कथं ते नावक्ष्यमिति ॥ ५ ॥

'તે ક્ષત્રિયબંધુએ મને પાંચ પ્રશ્ન પૂછ્યા હતાં, પરંતુ હું તેમાંથી એકનું પણ વિવેચન કરી શક્યો નહીં.' તેણે કહ્યું - 'તેં તે સમયે (આવતાં જ) જેવા એ પ્રશ્ન મને સંભળાવ્યા છે તેમાંથી હું એકને પણ જાણતો નથી. જો હું આને જાણતો હોત તો તને કેમ ના બતાવત ?' ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- पञ्च पञ्चसंख्याकान्प्रश्नान् राजन्यबन्धू राजन्या बन्धवोऽस्येति राजन्यबन्धुः स्वयं दुर्वृत्त इत्यर्थः । अप्राक्षीत्पृष्टवान्, तेषां प्रश्नानां नैकञ्चन एकमपि नाशकं न शक्तवानहं विवक्तुं विशेषेणार्थतो निर्णेतुमित्यर्थः । ★ स होवाच पिता–यथा मा मां वत्स त्वं तदागतमात्र एवैतान् प्रश्नानवद उक्तवानसि–तेषां नैकञ्चनाशकं विवक्तुमिति, तथा मां जानीहि, त्वदीयाज्ञानेन लिङ्गेन मम तद्विषयमज्ञानं जानीहीत्यर्थः । कथम् ? यथाहमेषां प्रश्नानामेकञ्चनैकमपि न वेद न जान इति, यथा त्वमेवाङ्गैतान् प्रश्नान्न जानीषे तथाहमप्येतान्न जान इत्यर्थः । अतो मय्यन्यथाभावो न कर्तव्यः । कुत एतदेवम् ? यतो न जाने, यद्यहमिमान्प्रश्नानवेदिष्यं विदितवानस्मि, कथं ते तुभ्यं प्रियाय पुत्राय समावर्तनकाले पुरा नावक्ष्यं नोक्तवानस्मि ? ॥ ५ ॥

શાંકરભાષ્ય :- 'રાજન્યબંધુએ - રાજન્ય (ક્ષત્રિય લોકો) જેના બંધુ હોય તેને રાજન્યબંધુ કહે છે અર્થાત્ જે સ્વયં દુરાચારી છે એવા તે રાજન્યબંધુએ મને પાંચ-ગણતરીના પાંચ પ્રશ્ન પૂછ્યા હતાં, પરંતુ હું તે પ્રશ્નોમાંથી એકનું પણ વિવેચન કરી શક્યો નહીં, અર્થાત્ તેનો વિશેષરૂપે અર્થતઃ નિર્ણય કરી શક્યો નહીં.'

ત્યારે તે પિતાએ કહ્યું - 'હે વત્સ ! તેં તે સમયે આવતાં જેવા પ્રશ્નો મને કહ્યા છે તેમાંથી હું એકનું પણ વિવેચન કરી શક્યો નહીં. એવો જ તું મને રામજ, અર્થાત્ પોતાના અજ્ઞાનરૂપ લિંગથી તું તે વિષયમાં મારું અજ્ઞાન સમજી લે, આવું કેમ ? કારણ કે આ પ્રશ્નોમાંથી હું એકને પણ જાણતો નથી.' તાત્પર્ય આ છે કે હે તાત ! જેવી રીતે તું આ પ્રશ્નોને જાણતો નથી તેવી રીતે હું પણ જાણતો નથી. 'એટલે મારા પ્રત્યે તારે અન્યથાબુદ્ધિ કરવી જોઈએ નહીં', પરંતુ આ વાત આમ કેમ સમજવામાં આવે ? કારણ કે હું આને જાણતો નથી, જો હું આ પ્રશ્નોને જાણતો હોત તો પહેલાં સમાવર્તન સંસ્કાર સમયે મારા પ્રિયપુત્ર તને કેમ ના કહેત ? ॥ ૫ ॥

इत्युक्त्वा– આમ કહીને –

स ह गौतमो राज्ञोऽर्धमेयाय तस्मै ह प्राप्तायार्हाञ्चकार स ह प्रातः सभाग उदेयाय तꣳ होवाच मानुषस्य भगवन्गौतम वित्तस्य वरं वृणीथा इति । स होवाच तवैव राजन्मानुषं वित्तं यामेव कुमारस्यान्ते वाचमभाषथास्तामेव मे ब्रूहीति स ह कृच्छ्री बभूव ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ત્યારે તે ગૌતમ રાજાના સ્થાન ઉપર આવ્યા. રાજાએ પોતાના ત્યાં આવેલાં તેમની પૂજા કરી. (બીજા દિવસે) સવાર થતાં જ રાજાની સભામાં પહોંચતાં જ તે ગૌતમ તેમની પાસે ગયા. તેમણે તેમને પૂછ્યું – 'હે ભગવન્ ગૌતમ ! મનુષ્ય સંબંધી ધન તમારી પાસે જ રહો. આપે મારા પુત્ર પ્રત્યે જે વાત (પ્રશ્નરૂપે) કહી હતી તે જ મને બતાવો.' ત્યારે તે સંકટમાં પડી ગયા. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- स ह गौतमो गोत्रतः, राज्ञो जैवलेरर्धं स्थानमेयायागतवान् । तस्मै ह गौतमाय प्राप्तायार्हामर्हणां चकार कृतवान् । स च गौतमः कृतातिथ्य उषित्वा परेद्युः प्रातःकाले सभागे सभां गते राज्ञ्युदेयाय । भजनं भागः पूजा सेवा सह भागेन वर्तमानो वा सभागः पूज्यमानोऽन्यैः स्वयं गौतम उदेयाय राजानमुद्गतवान् । ★ तं होवाच गौतमं राजा–मानुषस्य भगवन्गौतमं मनुष्यसम्बन्धिनो वित्तस्य ग्रामादेर्वरं वरणीयं कामं वृणीथाः प्रार्थयेथाः । स होवाच गौतमः–तवैव तिष्ठतु राजन्मानुषं वित्तम्, यामेव कुमारस्य मम पुत्रस्यान्ते समीपे वाचं पञ्चप्रश्नलक्षणामभाषथा उक्तवानसि तामेव वाचं मे मह्यं ब्रूहि कथयेत्युक्तो गौतमेन राजा सह कृच्छ्री दुःखी बभूव–कथं न्विदमिति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- તે ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન મુનિ રાજા જૈવલિકના સ્થાન પર આવ્યા. પોતાના ત્યાં આવેલાં તે ગૌતમની તેણે અર્હા - પૂજા કરી. આવી રીતે આતિથ્યસત્કારથી સત્કૃત તે ગૌતમ તે દિવસે નિવાસ કરીને બીજા દિવસે સવારે જ રાજાના સભાગત થવા માટે સભામાં પહોંચીને તેમની સમીપ ગયા. અથવા ('सभागः' પાઠ માનીને આવો અર્થ થઈ શકે છે-) ભાગ-ભજન અર્થાત્ પૂજા-સેવાને કહે છે જે ભાગથી યુક્ત અર્થાત્ બીજાથી પૂજાયેલાં હતાં તે ગૌતમ સ્વયં રાજાની પાસે ગયા.

તે ગૌતમને રાજાએ કહ્યું - 'હે ભગવન્ ! આપ મનુષ્ય સંબંધી ગ્રામાદિ ધનનું વરણ કરવા યોગ્ય વર ઇચ્છાનુસાર માંગી લો.' તે ગૌતમે કહ્યું - 'હે રાજન્ ! આ મનુષ્યસંબંધી ધન તમારી પાસે જ રહે. તમે કુમાર અર્થાત્ મારા પુત્ર પ્રત્યે જે પાંચ પ્રશ્નરૂપ વાત કરી હતી તે જ મને કહો.' ગૌતમના આવી રીતે કહેવાથી તે રાજા આમ કહેતાં કે 'આ કેવી રીતે થઈ શકે ?' 'कुच्छ्री' - દુઃખી થઈ ગયા. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- स ह कृच्छ्रीभूतोऽप्रत्याख्येयं ब्राह्मणं मन्वानो न्यायेन विद्या वक्तव्येति मत्वा–

શાંકરભાષ્ય :- આવી રીતે દુઃખી થયેલા તે રાજાએ 'બ્રાહ્મણનું પ્રત્યાખ્યાન ન કરવું જોઈએ.' આમ માનીને તથા 'વિદ્યાનો નિયમ અનુસાર જ ઉપદેશ કરવો જોઈએ.' આ સમજીને –

तꣳ ह चिरं वसेत्याज्ञापयाञ्चकार तꣳ होवाच यथा मा त्वं गौतमावदो यथेयं न प्राक् त्वत्तः पुरा विद्या ब्राह्मणान्गच्छति तस्मादु सर्वेषु लोकेषु क्षत्रस्यैव प्रशासनमभूदिति तस्मै होवाच ॥ ७ ॥

તેને 'અહીં ચિરકાલ સુધી રહો' એવી આજ્ઞા આપી, અને તમને કહ્યું - 'હે ગૌતમ ! જેવી રીતે તમે મને કહ્યું છે (તેનાથી તમે આ સમજો કે) પૂર્વકાળમાં તમને પહેલાં આ વિદ્યા બ્રાહ્મણોની પાસે ગઈ નહીં. આનાથી સંપૂર્ણ લોકોમાં (આ વિદ્યા દ્વારા) ક્ષત્રિયોનું જ (શિષ્યો પ્રત્યે) અનુશાસ થતું રહ્યું છે.' આમ કહીને તેણે ગૌતમને કહ્યું – ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- तं ह गौतमं चिरं दीर्घकालं वसेत्येवमाज्ञापयाञ्चकाराज्ञप्तवान् । यत्पूर्वं प्रत्याख्यातवान्राजा विद्यां यच्च पश्चाच्चिरं वसेत्याज्ञप्तवान्, तन्निमित्तं ब्राह्मणं क्षमापयति हेतुवचनोक्त्या । ★ तं होवाच राजा सर्वविद्यो ब्राह्मणोऽपि सन्यथा येन प्रकारेण मा मां हे गौतमावदस्त्वं तामेव विद्यालक्षणां वाचं मे ब्रूहीत्यज्ञानात्तेन त्वं जानीहि । तत्रास्ति वक्तव्यं यथा येन प्रकारेणेयं विद्या प्राक् त्वत्तो ब्राह्मणान्न गच्छति न गतवती । न च ब्राह्मणा अनया विद्ययानुशासितवन्तः । तथैतत्प्रसिद्धं लोके यतस्तस्मादु पुरा पूर्वं सर्वेषु लोकेषु क्षत्रस्यैव क्षत्रजातेरेवानया विद्यया प्रशासनं प्रशास्तृत्वं शिष्याणामभूद्बभूव । क्षत्रियपरम्परयैवेयं विद्यैतावन्तं कालमागता, तथाप्यहमेतां तुभ्यं वक्ष्यामि त्वत्सम्प्रदानादूर्ध्वं ब्राह्मणान्गमिष्यति । अतो मया यदुक्तं तत्क्षन्तुमर्हसीत्युक्त्वा तस्मै होवाच विद्यां राजा ॥ ७ ॥

શાંકરભાષ્ય :- તે ગૌતમને તેણે 'અહીં ચિરકાલ સુધી રહો' એવી આજ્ઞા આપી. રાજાએ પહેલાં જે વિદ્યાનું પ્રત્યાખ્યાન કર્યું અને પછી તેને 'ચિર કાલ સુધી રહો' એવી આજ્ઞા આપી, તેનું કારણ બતાવતાં તે બ્રાહ્મણ પાસે ક્ષમા માંગે છે.

રાજાએ તેને કહ્યું - સર્વ વિદ્યા સંપન્ન બ્રાહ્મણ હોવાથી પણ 'હે ગૌતમ ! તમે જેવી રીતે મને 'તે વિદ્યા રૂપ વાણીને જ મારા પ્રત્યે કહો' આવી રીતે અજ્ઞાનપૂર્વક કહ્યું છે આનાથી તમે આ જાણો. તેમાં આ કારણ બતાવવું છે કે જેનાથી આ વિદ્યા તમારા પહેલાં બ્રાહ્મણોમાં ગઈ નથી અને આ વિદ્યા દ્વારા બ્રાહ્મણોને ઉપદેશ જ કર્યો નથી, કારણ કે આવી રીતે આ વાત આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

લોકમાં પ્રસિદ્ધ છે. આનાથી પૂર્વકાળમાં સમસ્ત લોકોમાં ક્ષત્રિયનું જ - ક્ષત્રિયજાતિનું જ આ વિદ્યા દ્વારા શિષ્યોનું શાસન-શિક્ષકત્વ રહ્યું છે. અર્થાત્ ક્ષત્રિયોની પરંપરાથી જ આટલા સમય સુધી આ વિદ્યા આવી છે. તો પણ હું તમારા પ્રત્યે આનો ઉપદેશ કરીશ. તમને આપ્યા પછી આ બ્રાહ્મણોની પાસે જશે. એટલા માટે મેં જે કંઈ કહ્યું છે તેને ક્ષમા કરો. આમ કહીને રાજાએ તેને વિદ્યાનો ઉપદેશ કર્યો. ॥ ૭ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये तृतीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ ३ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના તૃતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्थः खण्डः

शाङ्करभाष्यम् :- पञ्चम्यामाहुतावाप इत्ययं प्रश्नः प्राथम्येनापाक्रियते । तदपाकरणमन्वितरेषामपाकरणमनुकूलं भवेदिति । अग्निहोत्राहुत्योः कार्यारम्भो यः स उक्तो वाजसनेयके । तं प्रति प्रश्नाः, उत्क्रान्तिराहुत्योर्गतिः प्रतिष्ठा तृप्तिः पुनरावृत्तिर्लोकं प्रत्युत्थायीति । तेषां चापाकरणमुक्तं तत्रैव–**'ते वा एते आहुती हुते उत्क्रामतस्ते अन्तरिक्षमाविशतस्ते अन्तरिक्षमेवाहवनीयं कुर्वाते वायुं समिधं मरीचीरेव शुक्लामाहुतिं ते अन्तरिक्षं तर्पयतस्ते तत उत्क्रामतः'** इत्यादि, एवमेव पूर्ववद्दिवं तर्पयतस्ते तत आवर्तेते । इमामाविश्य तर्पयित्वा पुरुषमाविशतः । ततः स्त्रियमाविश्य लोकं प्रत्युत्थायी भवतीति । ★ तत्राग्निहोत्राहुत्योः कार्यारम्भमात्रमेवंप्रकारं भवतीत्युक्तम् । इह तु तं कार्यारम्भमग्निहोत्रापूर्वविपरिणामलक्षणं पञ्चधा प्रविभज्याग्नित्वेनोपासनमुत्तरमार्ग-प्रतिपत्तिसाधनं विधित्सन्नाह । असौ वाव लोको गौतमाग्निरित्यादि । ★ इह सायंप्रातरग्निहोत्राहुती हुते पयआदिसाधने श्रद्धा-पुरःसरे आहवनीयाग्निसमिद्धूमार्चिरङ्गारविस्फुलिङ्गभाविते कर्त्रादिकारकभाविते चान्तरिक्षक्रमेणोत्क्रम्य द्युलोकं प्रविशन्त्यौ सूक्ष्मभूते अप्समवायित्वादप्शब्दवाच्ये श्रद्धाहेतुत्वाच्च श्रद्धाशब्दवाच्ये । तयोरधिकरणोऽग्निः, अन्यच्च तत्संबद्धं समिदादीत्युच्यते । या चासावग्न्यादिभावना हुत्योः सापि तथैव निर्दिश्यते ।

શાંકરભાષ્ય :- હવે 'પાંચમી આહુતિમાં આપ (જળ) પુરુષ સંજ્ઞક કેમ બની જાય છે ?' આ પ્રશ્નનું સર્વ પ્રથમ નિરાકરણ કરવામાં આવે છે, કારણ કે તેનું નિરાકરણ થવાથી જ અન્ય પ્રશ્નોનું નિરાકરણ સુગમ થઈ જશે. અગ્નિહોત્રની (પ્રાતઃકાલિક અને સાયંકાલિક) બંને આહુતિઓનો જે કાર્યનો આરંભ છે તે વાજસનેપોપનિષદમાં બતાવવામાં આવ્યો છે. ત્યાં તે(કાર્યારંભ) વિષયમાં તે બંને આહુતિઓની ઉત્ક્રાન્તિ, ગતિ, પ્રતિષ્ઠા, તૃપ્તિ, પુનરાવૃત્તિ અને લોકોના પ્રત્યે ઉત્થાન કરવું - આ છ પ્રશ્ન છે. ત્યાં તેનું નિરાકરણ પણ આવી રીતે બતાવવામાં આવ્યું છે - **'તે એ આહુતિઓ હવન કરવામાં આવતાં (અપૂર્વરૂપ થઈને ઉત્ક્રમણ કરીને યજમાનને આવૃત કરીને તેની સાથે) ઉત્ક્રમણ કરતાં કરતાં અંતરિક્ષલોકમાં પ્રવેશ કરે છે, અને અંતરિક્ષલોકને જ આહવનીય, વાયુને સમિધ અને કિરણોને શુક્લ આહુતિ બનાવે છે. આવી રીતે એ અંતરિક્ષ લોકને તૃપ્ત કરે છે પછી ત્યાંથી (યજમાનના ઉત્ક્રમણ કરવાથી) તે ઉત્ક્રમણ કરે છે'** વગેરે રૂપે આવી રીતે પહેલાંની જેમ દ્યુલોકને (દ્યુલોકસ્થ યજમાનને ફળ પ્રદાન દ્વારા) તૃપ્ત કરે છે. તે પછી (પ્રારબ્ધ ક્ષય થવાથી યજમાનના પુનરાવર્તન કરવાથી) તે ત્યાંથી પાછી આવે છે, અને આ લોકમાં પ્રવેશ કરીને આને તૃપ્ત કર્યા પછી (રેતઃસેકમાં સમર્થ) પુરુષમાં પ્રવેશ કરે છે. પછી સ્ત્રીમાં પ્રવેશ કરીને તે પરલોક પ્રત્યે (લૌકિક કર્મ કરાવતાં) ઉત્થાન કરનારી થાય છે.

ત્યાં (વાજસનેયોપનિષદમાં) તો આ બતાવવામાં આવ્યું છે કે અગ્નિહોત્રની આહુતિઓનો કેવળ કાર્યારંભ માત્ર આવી રીતે થાય છે, પરંતુ અહીં અગ્નિહોત્રના અપૂર્વના વિપરિણામ રૂપ તે કાર્યારંભને પાંચ પ્રકારે વિભક્ત કરીને તેમાં ઉત્તરમાર્ગની પ્રાપ્તિના સાધનભૂત અગ્નિ ભાવથી ઉપાસનાનું વિધાન કરવાની ઇચ્છાથી શ્રુતિ 'असौ वाव लोको गौतमाग्निः' વગેરે કથન કરે છે.

આ લોકમાં જળ વગેરે જેના સાધન છે, જે શ્રદ્ધાપૂર્વક નિષ્પન્ન કરવામાં આવે છે, જેમાં આહવનીય અગ્નિ, સમિધ્, ધૂમ, અર્ચિ, અંગાર અને વિસ્ફુલિંગની અને કર્તા વગેરે કારકની ભાવના કરવામાં આવી છે, તે અગ્નિહોત્રની સાયંકાલિક તેમજ પ્રાતઃકાલિક બે આહુતિઓ અંતરિક્ષ ક્રમથી ઉત્ક્રમણ કરીને દ્યુલોકમાં પ્રવેશ કરતાં કરતાં સૂક્ષ્મ તેમજ અપસમવાયિની (જળમયી) હોવાને કારણે 'अप्' શબ્દથી વાચ્ય છે અને શ્રદ્ધાજનિત હોવાને કારણે 'श्रद्धा' શબ્દથી વાચ્ય છે. અહીં તેના આશ્રયભૂત અગ્નિ અને તેનાથી સંબદ્ધ જે સમિધ વગેરે છે તેનું વર્ણન કરવામાં આવે છે અને તે આહુતિઓમાં જે અગ્નિ વગેરેની ભાવના છે તેનો પણ તેવી રીતે નિર્દેશ કરવામાં આવ્યો છે –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

असौ वाव लोको गौतमाग्निस्तस्यादित्य एव समिद्रश्मयो धूमोऽहरर्चिश्चन्द्रमा अङ्गारा नक्षत्राणि विस्फुलिङ्गाः ॥ १ ॥

હે ગૌતમ ! આ પ્રસિદ્ધ (દ્યુ) લોક જ અગ્નિ છે. તેનું આદિત્ય જ સમિધ છે, કિરણો ધૂમ છે, દિવસ જ્વાળા છે, ચંદ્રમા અંગારા છે અને નક્ષત્ર વિસ્ફુલિંગ (તણખાઓ) છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- असौ वाव लोकोऽग्निर्हे गौतम यथाग्निहोत्राधिकरणमाहवनीय इह तस्याग्नेर्द्युलोकाख्यस्यादित्य एव समित्, तेन हीद्धोऽसौ लोको दीप्यते, अतः समिन्धनात्समिदादित्यः । रश्मयो धूमस्तदुत्थानात्, समिधो हि धूम उत्तिष्ठति । अहरर्चिः प्रकाशसामान्यात्, आदित्यकार्यत्वाच्च । चन्द्रमा अङ्गाराः, अहःप्रशमेऽभिव्यक्तेः अर्चिषो हि प्रशमेऽङ्गारा अभिव्यज्यन्ते । नक्षत्राणि विस्फुलिङ्गाश्चन्द्रमसोऽवयवा इव विप्रकीर्णत्वसामान्यात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે ગૌતમ ! જેવી રીતે આ લોકમાં આહવનીયાગ્નિ અગ્નિહોત્રનું અધિકરણ છે તેવી રીતે આ પ્રસિદ્ધ લોક જ અગ્નિ છે. તે દ્યુલોકસંજ્ઞક અગ્નિનું આદિત્ય જ સમિધ છે, તેનાથી સારી રીતે દીપ્ત થયેલો આ લોક દેદીપ્યમાન થાય છે, એટલે સારી રીતે ઈંધણ (દીપન) કરવાને કારણે આદિત્ય સમિધ (ઇંધણ), તેમાંથી નીકળવાને કારણે કિરણો ધૂમ છે, કારણ કે સમિધથી જ ધૂમ નીકળ્યા કરે છે. પ્રકાશમાં સમાનતા અને આદિત્યનું કાર્ય હોવાના કારણે દિવસ જ્વાળા છે. ચંદ્રમા અંગાર છે, કારણ કે આ દિવસના શાંત થઈ જવાથી અભિવ્યક્ત થાય છે, લૌકિક અંગારા પણ જ્વાળાના શાંત થઈ જવાથી જ પ્રગટ થયા કરે છે. તથા ચંદ્રમાના અવયવો સમાન નક્ષત્ર ગણ વિસ્ફુલિંગ છે, કારણ કે આમ તેમ ઉડતાં રહેવામાં (વિસ્ફુલિંગોની સાથે) તેની સમાનતા છે. ॥ ૧ ॥

तस्मिन्नेतस्मिन्नग्नौ देवाः श्रद्धां जुह्वति तस्या आहुतेः सोमो राजा संभवति ॥ २ ॥

તે આ (દ્યુલોકરૂપ) અગ્નિમાં દેવગણ શ્રદ્ધાનો હવન કરે છે. તે આહુતિથી સોમ રાજાની ઉત્પત્તિ થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्मिन्नेतस्मिन्यथोक्तलक्षणेऽग्नौ देवा यजमानप्राणा अग्न्यादिरूपा अधिदैवतम् । श्रद्धामग्निहोत्राहुतिपरिणामावस्थारूपाः सूक्ष्मा आपः श्रद्धाभाविताः श्रद्धा उच्यन्ते । पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्तीत्यपां होम्यतया प्रश्ने श्रुतत्वात् । **'श्रद्धा वा आपः, श्रद्धामेवारभ्य प्रणीय प्रचरन्ति'**, इति च विज्ञायते । तां श्रद्धामब्रूपां जुह्वति । ★ तस्या आहुतेः सोमो राजापां श्रद्धाशब्दवाच्यानां द्युलोकाग्नौ हुतानां परिणामः सोमो राजा संभवति । **यथर्ग्वेदादिपुष्परसा ऋगादिमधुकरोपनीतास्त आदित्ये यशआदिकार्यं रोहितादिरूपलक्षणमारभन्त** इत्युक्तं तथेमा अग्निहोत्राहुतिसमवायिन्यः सूक्ष्माः श्रद्धाशब्दवाच्या आपो द्युलोकमनुप्रविश्य चान्द्रं कार्यमारभन्ते फलरूपमग्निहोत्राहुत्योः । ★ यजमानाश्च तत्कर्तार आहुतिमया आहुतिभावनाभाविता आहुतिरूपेण कर्मणाकृष्टाः श्रद्धाप्समवायिनो द्युलोकमनुप्रविश्य सोमभूता भवन्ति । तदर्थं हि तैरग्निहोत्रं हुतम् । अत्र त्वाहुतिपरिणाम एव पञ्चाग्निसंबन्धक्रमेण प्राधान्येन विवक्षित उपासनार्थं न यजमानानां गतिः । तां त्वविदुषां धूमादिक्रमेणोत्तरत्र वक्ष्यति विदुषां चोत्तरां विद्याकृताम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આ ઉપર્યુક્ત લક્ષણોવાળા અગ્નિમાં દેવગણ - (અધ્યાત્મ દૃષ્ટિથી) યજમાનના પ્રાણ અને અધિદૈવતરૂપે અગ્નિ વગેરે દેવગણ શ્રદ્ધાનો હવન (હવન કરે છે) અગ્નિહોત્રની આહુતિઓની પરિણામાવસ્થારૂપ સૂક્ષ્મ જળ શ્રદ્ધારૂપે ભાવિત હોવાને કારણે શ્રદ્ધા કહેવામાં આવે છે. (અહીં 'શ્રદ્ધા' શબ્દથી જળનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો છે.) કારણ કે 'પાંચમી આહુતિ આપવામાં આવતાં જળ 'પુરુષ' શબ્દવાચી થઈ જાય છે' આ પ્રશ્નમાં જળ હોમ્યદ્રવ્ય રૂપે સાંભળવામાં આવ્યું હતું. આના સિવાય આ પ્રસિદ્ધ પણ છે કે **'શ્રદ્ધા જ જળ છે અને શ્રદ્ધાથી આરંભ કરીને જ લોકો સામગ્રી ભેગી કરીને કર્મ કરે છે.'** તે જળરૂપા શ્રદ્ધાનો જ હવન કરે છે.

તે આહુતિથી સોમ રાજા થાય છે અર્થાત્ 'શ્રદ્ધા' શબ્દવાચ્ય જળના દ્યુલોકરૂપ અગ્નિમાં હવન કરવામાં આવતાં તેના પરિણામરૂપ દીપ્તિમાન ચંદ્રમા થાય છે. જેવી રીતે (અ. ૩ ખંડ ૧ માં) આ કહેવામાં આવ્યું છે કે **'ઋગ્વેદાદિ પુષ્પના રસ ઋગાદિ ભમરાઓ દ્વારા લઈ જવામાં આવતાં આદિત્યમાં જેવી રીતે રોહિતાદિ રૂપ યશ વગેરે કાર્ય આરંભ કરે છે'** તેવી રીતે અગ્નિહોત્રની આહુતિઓથી સંબદ્ધ આ 'શ્રદ્ધા' શબ્દવાચ્ય સૂક્ષ્મ જળ દ્યુલોકમાં પ્રવેશીને અગ્નિહોત્રની આહુતિઓના ફળ રૂપ ચંદ્રમા સંબંધી કાર્યનો આરંભ કરે છે.

અને તે હવનના કરનારા યજમાન આહુતિમય - આહુતિની ભાવનાથી ભાવિત આહુતિ રૂપ કર્મથી આકર્ષિત થઈને શ્રદ્ધા રૂપ જળથી પૂર્ણ થઈને દ્યુલોકમાં પ્રવેશ કરીને ચંદ્રમા રૂપ થઈ જાય છે, કારણ કે તેના માટે તેમણે અગ્નિહોત્ર કર્યો હતો, પરંતુ અહીં તો ઉપાસના માટે પ્રધાનતયા પાંચ અગ્નિઓના સંબંધમાં આહુતિઓનું પરિણામ જ બતાવવું અભીષ્ટ છે, યજમાનોની ગતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

નહીં, તેનું તો શ્રુતિ આગળ ચાલીને ધૂમાદિ ક્રમથી અવિદ્વાનોની ગતિનું તથા વિદ્યાથી પ્રાપ્ત થનાર વિદ્વાનોની ઉત્તરમાર્ગીય ગતિનું વર્ણન કરશે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये चतुर्थखण्डभाष्यं सम्पूर्णम् ॥ ४ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પાંચમા અધ્યાયના ચતુર્થ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पुस्तकालय
129357
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

पञ्चमः खण्डः

द्वितीयहोमपर्यायार्थमाह– હવે શ્રુતિ દ્વિતીય હોમના પર્યાયના અર્થનું વર્ણન કરે છે –

पर्जन्यो वाव गौतमाग्निस्तस्य वायुरेव समिदभ्रं धूमो विद्युदर्चिरशनिरङ्गारा ह्रादनयो विस्फुलिङ्गाः ॥ १ ॥

હે ગૌતમ ! પર્જન્ય જ અગ્નિ છે, તેનો વાયુ જ સમિધ છે, વાદળ ધૂમ છે, વિદ્યુત્ જ્વાળા છે, વજ્ર અંગારા છે અને ગર્જના વિસ્ફુલિંગ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- पर्जन्यो वाव पर्जन्य एव गौतमाग्निः पर्जन्यो नाम वृष्ट्युपकरणाभिमानी देवताविशेषः । तस्य वायुरेव समित् । वायुना हि पर्जन्योऽग्निः समिध्यते, पुरोवातादिप्राबल्ये वृष्टिदर्शनात् । अभ्रं धूमो धूमकार्यत्वाद् धूमवच्च लक्ष्यमाणत्वात् । विद्युदर्चिः, प्रकाशसामान्यात् । अशनिरङ्गाराः, काठिन्याद्विद्युत्सम्बन्धाद्वा । ह्रादनयो विस्फुलिङ्गाः, ह्रादनयो गर्जितशब्दा मेघानां विप्रकीर्णत्वसामान्यात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'હે ગૌતમ ! 'पर्जन्यो वाव' પર્જન્ય જ અગ્નિ છે' - વૃષ્ટિના જે સાધન છે તેના અભિમાની દેવવિશેષનું નામ 'પર્જન્ય' છે. તેનો વાયુ જ સમિધ છે. કારણ કે પર્જન્યરૂપ અગ્નિ વાયુથી જ પ્રદીપ્ત થાય છે, જેમ કે પૂર્વીય વાયુ વગેરેની પ્રબળતા થવાથી જ વૃષ્ટિ થતી જોવામાં આવતાં સિદ્ધ થાય છે. ધૂમનું કાર્ય હોવું અને ધૂમડા જેવું જોવામાં આવતું હોવાને કારણે વાદળ ધૂમ છે. પ્રકાશમાં સમાનતા હોવાને કારણે વિદ્યુત્ (વીજળી) જ્વાળા છે. કઠિનતાને કારણે અથવા વિદ્યુતથી સંબંધ રાખવાને કારણે વજ્ર અંગાર છે. ગર્જના વિસ્ફુલિંગ છે. મેઘોની ગર્જનાના શબ્દોને 'હ્રદનિ' કહે છે. વિપ્રકીર્ણત્વ(આમ-તેમ ફેલાયેલા રહેવાથી)માં સમાનતા હોવાને કારણે તે વિસ્ફુલિંગ છે. ॥ ૧ ॥

तस्मिन्नेतस्मिन्नग्नौ देवाः सोमꣳ राजानं जुह्वति तस्या आहुतेर्वर्षं संभवति ॥ २ ॥

તે અગ્નિમાં દેવગણ રાજા સોમનો હવન કરે છે, તે આહુતિથી વર્ષા થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्मिन्नेतस्मिन्नग्नौ देवाः पूर्ववत्सोमं राजानं जुह्वति । तस्या आहुतेर्वर्षं संभवति । श्रद्धाख्या आपः सोमाकारपरिणता द्वितीये पर्याये पर्जन्याग्निं प्राप्य वृष्टित्वेन परिणमन्ते ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે અગ્નિમાં દેવગણ પૂર્વવત્ રાજા સોમનો હવન કરે છે. તે આહુતિથી વર્ષા થાય છે. શ્રદ્ધા સંજ્ઞક આપ આ દ્વિતીય પર્યાયમાં સોમના આકારમાં પરિણત થઈ પર્જન્યાગ્નિને પ્રાપ્ત થઈ વૃષ્ટિરૂપમાં પરિણત થઈ જાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये पञ्चमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ५ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પાંચમા અધ્યાયના પાંચમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षष्ठः खण्डः

पृथिवी वाव गौतमाग्निस्तस्याः संवत्सर एव समिदाकाशो धूमो रात्रिरर्चिर्दिशोऽङ्गारा अवान्तरदिशो विस्फुलिङ्गाः ॥ १ ॥

હે ગૌતમ ! પૃથ્વી જ અગ્નિ છે. તેનો સંવત્સર જ સમિધ છે, આકાશ ધૂમ છે, રાત્રિ જ્વાળા છે, દિશાઓ અંગારા છે અને અવાન્તર દિશાઓ વિસ્ફુલિંગ છે. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- पृथिवी वाव गौतमाग्निरित्यादि पूर्ववत् । तस्याः पृथिव्याख्यस्याग्नेः संवत्सर एव समित्, संवत्सरेण हि कालेन समिद्धा पृथिवी व्रीह्यादिनिष्पत्तये भवति । आकाशो धूमः, पृथिव्या इवोत्थित आकाशो दृश्यते, यथाग्नेर्धूमः । रात्रिर्रार्चिः, पृथिव्या ह्यप्रकाशात्मिकाया अनुरूपा रात्रिः, तमोरूपत्वात्, अग्नेरिवानुरूपमर्चिः । दिशोऽङ्गाराः, उपशान्तत्वसामान्यात् । अवान्तरदिशो विस्फुलिङ्गाः, क्षुद्रत्वसामान्यात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'હે ગૌતમ ! પૃથ્વી જ અગ્નિ છે' વગેરે પૂર્વવત્ સમજવું જોઈએ. તે પૃથ્વીસંજ્ઞક અગ્નિના સંવત્સર જ સમિધ છે, કારણ કે સંવત્સર રૂપ કાળથી સમિદ્ધ થઈને અર્થાત્ પુષ્ટિ મેળવીને જ પૃથ્વી ધાન્યાદિની નિષ્પત્તિમાં સમર્થ થાય છે. આકાશ ધૂમ છે, કારણ કે આકાશ પૃથ્વીથી ઉપર ઉઠેલું દેખાય છે, જેવી રીતે કે અગ્નિથી ધુમાડો ઉપર ઉઠતો દેખાય છે, રાત્રિ જ્વાળા છે, અપ્રકાશાત્મિકા પૃથ્વીના અનુરૂપ જ રાત્રિ જ્વાળા છે, કારણ કે તે તમોરૂપા છે, માટે (પૃથ્વીરૂપ) અગ્નિ સમાન આ તેના અનુરૂપ જ્વાળા છે. ઉપશાંતિમાં સમાનતા હોવાને કારણે દિશાઓ અંગારા છે અને ક્ષુદ્રત્વમાં સમાનતા હોવાને કારણે અવાન્તર દિશાઓ (ખૂણાઓ) વિસ્ફુલિંગ છે. ॥ ૧ ॥

तस्मिन्नेतस्मिन्नग्नौ देवा वर्षं जुह्वति तस्या आहुतेरन्नꣳ संभवति ॥ २ ॥

તે આ અગ્નિમાં દેવગણ વર્ષાનો હવન કરે છે, તે આહુતિઓથી અન્ન થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्मिन्नित्यादि समानम् । तस्या आहुतेरन्नं व्रीहियवादि संभवति ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'तस्मिन्नेतस्मिन्' વગેરે શ્રુતિનો અર્થ પૂર્વવત્ છે. તે તે આહુતિથી વ્રીહિ - યવાદિ રૂપ અન્ન થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये षष्ठखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના છઠ્ઠા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तमः खण्डः

पुरुषो वाव गौतमाग्निस्तस्य वागेव समित्प्राणो धूमो जिह्वार्चिश्चक्षुरङ्गाराः श्रोत्रं विस्फुलिङ्गाः ॥ १ ॥

હે ગૌતમ ! પુરુષ જ અગ્નિ છે. તેની વાક્ જ સમિધ છે, પ્રાણ ધૂમ છે, જિહ્વા જ્વાળા છે, ચક્ષુ અંગારા છે અને શ્રોત્ર વિસ્ફુલિંગ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- पुरुषो वाव गौतमाग्निः । तस्य वागेव समित्, वाचा हि मुखेन समिध्यते पुरुषो न मूकः । प्राणो धूमः, धूम इव मुखान्निर्गमनात् । जिह्वार्चिर्लोहितत्वात् । चक्षुरङ्गाराः, मास आश्रयत्वात् । श्रोत्रं विस्फुलिङ्गाः, विप्रकीर्णत्व-साम्यात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે ગૌતમ ! પુરુષ જ અગ્નિ છે, તેની વાક્ જ સમિધ છે, કારણ કે વાણી રૂપ મુખ દ્વારા જ પુરુષ સુશોભિત થાય છે, મૂંગો પુરુષ શોભતો નથી. પ્રાણ ધૂમ છે, કારણ કે તે ધૂમ સમાન મુખથી નીકળે છે, લાલ હોવાને કારણે જિહ્વા જ્વાળા છે, પ્રકાશનો આશ્રય હોવાને કારણે નેત્ર અંગારા છે અને વિપ્રકીર્ણત્વમાં સમાનતા હોવાથી શ્રોત્ર વિસ્ફુલિંગ છે. ॥ ૧ ॥

तस्मिन्नेतस्मिन्नग्नौ देवा अन्नं जुह्वति तस्या आहुते रेतः संभवति ॥ २ ॥

તે આ અગ્નિમાં દેવગણ અન્નનો હોમ કરે છે. તે આહુતિથી વીર્ય ઉત્પન્ન થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- समानमन्यत् । अन्नं जुह्वति व्रीह्यादिसंस्कृतम् । तस्या आहुते रेतः संभवति ॥ २ ॥

શાંકરભાષ્ય :- શેષ અર્થ પૂર્વવત્ છે. દેવગણ આમાં વ્રીહિ વગેરેથી સારી રીતે તૈયાર કરેલાં અન્નનો હવન કરે છે. તે આહુતિથી વીર્ય ઉત્પન્ન થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये सप्तमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના સાતમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अष्टमः खण्डः

योषा वाव गौतमाग्निस्तस्या उपस्थ एव समिद्यदुपमन्त्रयते स धूमो योनिरर्चिर्यदन्तः करोति तेऽङ्गारा अभिनन्दा विस्फुलिङ्गाः ॥ १ ॥

હે ગૌતમ ! સ્ત્રી જ અગ્નિ છે. તેનું ઉપસ્થ જ સમિધ છે, પુરુષ જે ઉપમંત્રણ કરે છે તે ધૂમ છે, યોનિ જ્વાળા છે અને જે અંદરની બાજુ કરે છે તે અંગારા છે અને તેનાથી જે સુખ મળે છે તે વિસ્ફુલિંગ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- योषा वाव गौतमाग्निः । तस्या उपस्थ एव समित्, तेन हि सा पुत्राद्युत्पादनाय समिध्यते । यदुपमन्त्रयते स धूमः, स्त्रीसंभवादुपमन्त्रणस्य । योनिरर्चिर्लोहितत्वात् । यदन्तः करोति तेऽङ्गार अग्निसंबन्धात् । अभिनन्दाः सुखलवा विस्फुलिङ्गाः क्षुद्रत्वात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે ગૌતમ ! સ્ત્રી જ અગ્નિ છે. તેના ઉપસ્થ જ સમિધ છે, કારણ કે તેનાથી તે પુત્રાદિ ઉત્પન્ન કરવા માટે સમિદ્ધ બને છે. પુરુષ જે ઉપમંત્રણ કરે છે તે ધૂમ છે, કારણ કે ઉપમંત્રણની પ્રવૃત્તિ સ્ત્રીમાં જ થાય છે. લોહિતવર્ણ હોવાને કારણે યોનિ જ્વાળા છે અને જે અંદરની બાજુ કરે છે તે અગ્નિના સંબંધને કારણે અંગારા છે અને અભિનંદ-સુખના કણમાત્ર શુદ્ર હોવાને કારણે વિસ્ફુલિંગ છે. ॥ ૧ ॥

तस्मिन्नेतस्मिन्नग्नौ देवा रेतो जुह्वति तस्या आहुतेर्गर्भः संभवति ॥ २ ॥

તે આ અગ્નિમાં દેવગણ વીર્યનો હોમ કરે છે, તે આહુતિથી ગર્ભ ઉત્પન્ન થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्मिन्नेतस्मिन्नग्नौ देवा रेतो जुह्वति, तस्या आहुतेर्गर्भः संभवतीति, एवं श्रद्धासोमवर्षान्नरेतोहवनपर्यायक्रमेणाप एव गर्भीभूतास्ताः । तत्रापामाहुतिसमवायित्वात्प्राधान्यविवक्षाः आपः पञ्चम्यामाहुतौ पुरुषवचसो भवन्तीति । न त्वाप एव केवलाः सोमादिकार्यमारभन्ते, न चापोऽत्रिवृत्कृताः सन्तीति । त्रिवृत्कृतत्वेऽपि विशेषसंज्ञालाभो दृष्टः पृथिवीयमिमा आपोऽयमग्निरित्यन्यतम-बाहुल्यनिमित्तः । तस्मात्समुदितान्येव भूतान्यब्बाहुल्यात्कर्मसमवायीनि सोमादिकार्यारम्भकाण्याप इत्युच्यन्ते । दृश्यते च द्रवबाहुल्यं सोमवृष्ट्यन्नरेतोदेहेषु । बहुद्रवं च शरीरं यद्यपि पार्थिवम् । तत्र पञ्चम्यामाहुतौ हुतायां रेतोरूपा आपो गर्भीभूताः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આ અગ્નિમાં દેવગણ વીર્યનું હવન કરે છે, તે આહુતિથી ગર્ભ ઉત્પન્ન થાય છે - આવી રીતે શ્રદ્ધા, સોમ, વર્ષા, અન્ન અને રેતઃ રૂપ આહુતિઓના હવનના પર્યાયક્રમથી આ જળ જ ગર્ભરૂપમાં પરિણત થાય છે. તેમાં આહુતિઓથી સંબદ્ધ હોવાના કારણે શ્રુતિને જળની જ પ્રધાનતા બતાવવી અભીષ્ટ છે, આનાથી તેણે કહ્યું છે કે પાંચમી આહુતિમાં જળ પુરુષવાચી થઈ જાય છે. કેવળ જળ જ સોમાદિ કાર્યનો આરંભ કરી દેતાં હોય - આ વાત નથી, અને ન જળ અત્રિવૃત્કૃત (પૃથ્વી, જળ અને તેજ આ ત્રણેના સંમિશ્રણથી રહિત) થાય - એવી જ વાત છે. ત્રિવૃત્કૃત થવાથી પણ એક-એક ભૂતની બહુલતાને કારણે તેમાંથી પ્રત્યેકને 'આ પૃથ્વી છે, આ જળ છે, આ અગ્નિ છે' આવી રીતે અલગ અલગ નામ પ્રાપ્ત થતું જોવામાં આવે છે. એટલે જળની બહુલતાને કારણે કર્મમાં સંમિલિત થયેલાં બધાં ભૂત સોમાદિ કાર્ય આરંભ કરનારા 'જળ' કહેવામાં આવે છે. આના સિવાય સોમ, વૃષ્ટિ, અન્ન, વીર્ય અને દેહમાં દ્રવત્વની બહુલતા પણ જોવામાં આવે છે. શરીર જો કે પાર્થિવ હોય છે, તો પણ તેમાં દ્રવની અધિકતા હોય છે. તેમાં પાંચમી આહુતિમાં હોમાતું હોવાથી વીર્યરૂપ જળ ગર્ભમાં પરિણત થઈ જાય છે. (અર્થાત્ 'પુરુષ' શબ્દવાચી થઈ જાય છે) ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्यायेऽष्टमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ८ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના આઠમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

नवमः खण्डः

इति तु पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्तीति स उल्बावृतो गर्भो दश वा नव वा मासानन्तः शयित्वा यावद्वाथ जायते ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આવી રીતે પાંચમી આહુતિના આપ્યા પછી આપ 'પુરુષ' શબ્દવાચી બને છે. તે જરાયુથી આવૃત થયેલ ગર્ભ દસ અથવા નવ મહિને અથવા જ્યાં સુધી (પૂર્ણાંગ થતો નથી ત્યાં સુધી માતાની કુક્ષમાં) અંદર જ શયન કરી લીધા પછી ફરી ઉત્પન્ન થાયે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- इति त्वेवं तु पञ्चम्यमाहुतावापः पुरुषवचसो भवन्तीति व्याख्यात एकः प्रश्नः यत्तु द्युलोकादिमां प्रत्यावृत्तयोराहुत्योः पृथिवीं पुरुषं स्त्रियं क्रमेणाविश्य लोकं प्रत्युत्थायी भवतीति वाजसनेयक उक्तं तत्प्रासङ्गिकमिहोच्यते । इह च प्रथमे प्रश्न उक्तम् **'वेत्थ यदितोऽधि प्रजाः प्रयन्तीति ?'** तस्य चायमुपक्रमः । ★ स गर्भोऽपां पञ्चमः परिणामविशेष आहुतिकर्मसमवायिनीनां श्रद्धाशब्दवाच्यानामुल्बावृत उल्बेनजरायुणावृतो वेष्टितो दश वा नव वा मासानन्तर्मातुः कुक्षौ शयित्वा यावद्वा यावता कालेन न्यूनेनातिरिक्तेन वाथानन्तरं जायते । ★ उल्बावृत इत्यादि वैराग्यहेतोरिदमुच्यते । कष्टं हि मातुः कुक्षौ मूत्रपुरीषवातपित्तश्लेष्मादिपूर्णे तदनुलिप्तस्य गर्भस्योल्बाशुचिपटावृतस्य लोहितरेतोऽशुचिबीजस्य मातुरशितपीतरसानुप्रवेशेन विवर्धमानस्य निरुद्धशक्तिबलवीर्यतेजः प्रज्ञाचेष्टस्य शयनम् । ततो योनिद्वारेण पीड्यमानस्य कष्टतरा निःसृतिर्जन्मेति वैराग्यं ग्राहयति । मुहूर्तमप्यसह्यं दश वा नव वा मासानतिदीर्घकालमन्तः शयित्वेति च ॥ १ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે પાંચમી આહુતિમાં જળ પુરુષવાચી થઈ જાય છે - આ એક પ્રશ્નની વ્યાખ્યા થઈ અને વાજસનેયશ્રુતિમાં જે દ્યુલોકથી પૃથ્વી તરફ આવેલી બે આહુતિઓના વિષયમાં આ કહેવામાં આવ્યું છે કે તે ક્રમશઃ પૃથ્વી, પુરુષ અને સ્ત્રીમાં પ્રવેશ કરીને પરલોક પ્રતિ ઉત્થાન કરનાર થાય છે. તેનું પણ પ્રસંગવશ અહીં વર્ણન કરી દેવામાં આવે છે. અહીં જે પહેલાં પ્રશ્નમાં કહેવામાં આવ્યું છે કે 'શું તમે જાણો છો કે આ પ્રજા (મર્યા પછી) અહીંથી ક્યાં જાય છે ?' તેનો આ ઉપક્રમ છે.

આહુતિ કર્મથી સંબદ્ધ 'શ્રદ્ધા' શબ્દવાચ્ય જળનું પાંચમું પરિણામવિશેષ તે ગર્ભ ઉલ્બાવૃત - ઉલ્બ અર્થાત્ જરાયુ સંજ્ઞક ગર્ભવેષ્ટન ચામડીથી આવૃત-વેષ્ટિત થયેલો દસ અથવા નવ મહિના સુધી અથવા જેટલા પણ ઓછા અથવા અધિક સમયમાં પૂર્ણાંગ થાય, માતાની કુક્ષિમાં શયન કર્યા પછી ફરી ઉત્પન્ન થાય છે.

ઉલ્બાવૃત વગેરે આ સર્વ કથન વૈરાગ્ય માટે છે. ઉલ્બરૂપ અપવિત્ર વસ્ત્રથી વીંટળાયેલા, રજ અને વીર્યરૂપ અપવિત્ર બીજવાળા, માતાના ખાધેલાં અને પીવામાં આવેલાં પદાર્થોના રસના પ્રવેશથી વૃદ્ધિ પામનાર અને જેનાં શક્તિ, બળ, વીર્ય, તેજ, બુદ્ધિ અને ચેષ્ટા - આ સર્વ નિરુદ્ધ (અવિકસિત) રહે છે તે ગર્ભનું માતાની મળ-મૂત્ર-વાત-પિત્ત તેમજ કફાદિથી ભરેલી કુક્ષિમાં શયન કરવું કષ્ટમય જ છે. તેનાથી પણ અધિક કષ્ટ યોનિદ્વારથી પીડિત થયેલા ગર્ભનો બહાર નીકળવા રૂપ જન્મ છે, આવી રીતે શ્રુતિ વૈરાગ્યનું ગ્રહણ કરાવે છે. આના સિવાય જે એક મુહૂર્તને માટે પણ અસહ્ય છે તે માતૃકુક્ષિમાં દશ અથવા નવમાસના દીર્ઘકાળ પર્યંત શયન કર્યા પછી (જન્મ લેવો પણ વૈરાગ્યનો જ હેતુ છે) ॥ ૧ ॥

स जातो यावदायुषं जीवति तं प्रेतं दिष्टमितोऽग्नय एव हरन्ति यत एवेतो यतः संभूतो भवति ॥ २ ॥

આવી રીતે ઉત્પન્ન થતાં તે આયુષ્ય પર્યંત જીવતો રહે છે. પછી મરવા માટે કર્મવશ પરલોકને પ્રસ્થિત થયેલા તે જીવને અગ્નિ પ્રત્યે જ લઈ જાય છે, જ્યાંથી કે તે આવ્યો હતો અને જેનાથી ઉત્પન્ન થયો હતો. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स जातो यावदायुषं पुनः पुनर्घटीयन्त्रवद्गमनागमनाय कर्म कुर्वन्कुलालचक्रवद्वा तिर्यग्भ्रमणाय यावत्कर्मणोपात्तमायुस्तावज्जीवति । तमेनं क्षीणायुषं प्रेतं मृतं दिष्टं कर्मणा निर्दिष्टं परलोकं प्रति यदि चेज्जीवन्वैदिके कर्मणि ज्ञाने वाधिकृतस्तमेनं मृतमितोऽस्माद् ग्रामादग्नयेऽग्न्यर्थमृत्विजो हरन्ति पुत्रा वान्त्यकर्मणे । यत एवेत आगतोऽग्नेः सकाशाच्छ्रद्धाद्याहुतिक्रमेण, यतश्च पञ्चभ्योऽग्निभ्यः संभूत उत्पन्नो भवति, तस्मा एवाग्नये हरन्ति स्वामेव योनिमग्निमापादयन्तीत्यर्थः ॥ २ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે ઉત્પન્ન થયેલો તે જ્યાં સુધી આયુષ્ય હોય છે ઘટીકા યંત્ર સમાન ફરી-ફરી આવાગમન માટે અથવા કુંભારના ચાકડાની જેમ ચારે બાજુથી ચક્કર કાપવા માટે કર્મ કરતાં કરતાં કર્મ દ્વારા જેટલું આયુષ્ય પ્રાપ્ત કરેલ હોય છે તેટલો જીવિત રહે છે. પછી જેનું આયુષ્ય ક્ષીણ થઈ ગયું છે એવા આ પ્રેત-મૃત તેમજ દિષ્ટ - કર્મ દ્વારા પરલોક પ્રત્યે નિયુક્ત કરેલા આ જીવને - કારણ કે જો તે જીવિત રહે તો કર્મ અથવા જ્ઞાનનો અધિકારી થાત એટલે તે મરેલાં પ્રાણીને અહીંથી - આ ગામમાંથી ઋત્વિક્ અથવા પુત્રગણ અંત્યેષ્ટિ કર્મ માટે અગ્નિ પાસે લઈ જાય છે, જે અગ્નિથી કે શ્રદ્ધા વગેરે આહુતિઓના ક્રમથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તે અહીં આવ્યા હતા અને જે પાંચ અગ્નિઓથી તે ઉત્પન્ન થયો છે તે અગ્નિ પાસે જ તે આને લઈ જાય છે. તાત્પર્ય આ છે કે તે પોતાની યોનિભૂત અગ્નિને જ પ્રાપ્ત કરાવી આપે છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये नवमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ९ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના નવમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

दशमः खण्डः

शाङ्करभाष्यम् :- वेत्थ यदितोऽधि प्रजा प्रयन्तीत्ययं प्रश्नः प्रत्युपस्थितोऽपाकर्तव्यतया ।

શાંકરભાષ્ય :- હવે, 'શું તું જાણે છે કે આ લોકથી ઉપર પ્રજા ક્યાં જાય છે ?' એવા આ પ્રશ્નના નિરાકરણ માટે પ્રસ્તુત કરવામાં આવે છે.

तद्य इत्थं विदुः । ये चेमेऽरण्ये श्रद्धा तप इत्युपासते तेऽर्चिषमभिसंभवन्त्यर्चिषोऽहरह्न आपूर्यमाणपक्षमापूर्यमाणपक्षाद्यान्षडुदङ्ङेति मासाꣳ स्तान् ॥ १ ॥ मासेभ्यः संवत्सरꣳ संवत्सरादादित्यमादित्याच्चन्द्रमसं चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानवः स एनान्ब्रह्म गमयत्येष देवयानः पन्था इति ॥ २ ॥

તે જે કે આવી રીતે જાણે છે અને તે જે કે વનમાં શ્રદ્ધા અને તપ આની ઉપાસના કરે છે (પ્રાણ પ્રયાણ પછી) અર્ચિના અભિમાની દેવોને પ્રાપ્ત થાય છે, અર્ચિના અભિમાની દેવોથી દિવસાભિમાની દેવોને, દિવસાભિમાનીઓથી શુક્લપક્ષાભિમાની દેવોને, શુક્લપક્ષાભિમાનીઓથી જે છ મહિનામાં સૂર્ય ઉત્તરની બાજુ જાય છે, તે છ મહિનાઓને. ॥ ૧ ॥ તે મહિનાઓથી સંવત્સરને, સંવત્સરથી આદિત્યને, આદિત્યથી ચંદ્રમાને અને ચંદ્રમાથી વિદ્યુતને પ્રાપ્ત થાય છે. ત્યાં એક અમાનવ પુરુષ છે, તે તેમને બ્રહ્મ(કાર્યબ્રહ્મ)ને પ્રાપ્ત કરાવી દે છે. આ દેવયાન માર્ગ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्र लोकं प्रत्युत्थितानामधिकृतानां गृहमेधिनां य इत्थमेवं यथोक्तं पञ्चाग्निदर्शनं द्युलोकाद्यग्निभ्यो वयं क्रमेण जाता अग्निस्वरूपाः पञ्चाग्न्यात्मान इत्येवं विदुर्जानीयुः । ★ कथमवगम्यत इत्थं विदुरिति गृहस्था एवोच्यन्ते नान्य इति ? ★ गृहस्थानां ये त्वनित्थंविदः केवलेष्टापूर्तदत्तपरास्ते धूमादिना चन्द्रं गच्छन्तीति वक्ष्यति । ये चारण्योपलक्षिता वैखानसाः परिव्राजकाश्च श्रद्धा तप इत्युपासते तेषां चेत्थंविद्भिः सहार्चिरादिना गमनं वक्ष्यति पारिशेष्यादग्निहोत्राहुतिसंबन्धाच्च गृहस्था एव गृह्यन्त इत्थं विदुरिति । ★ ननु ब्रह्मचारिणोऽप्यगृहीता ग्रामश्रुत्यारण्यश्रुत्या चानुपलक्षिता विद्यन्ते कथं पारिशेष्य सिद्धिः । ★ नैष दोषः, पुराणस्मृतिप्रामाण्यादूर्ध्वरेतसां नैष्ठिकब्रह्मचारिणामुत्तरेणार्यम्णः पन्थाः प्रसिद्धः । अतस्तेऽप्यरण्यवासिभिः-सह गमिष्यन्ति । उपकुर्वाणकास्तु स्वाध्यायग्रहणार्था इति न विशेषनिर्देशार्हाः । ★ ननूर्ध्वरेतस्त्वं चेदुत्तरमार्गप्रतिपत्तिकारणं पुराणस्मृतिप्रामाण्यादिष्यत इत्थंवित्त्वमनर्थकं प्राप्तम् । ★ न, गृहस्थान्प्रत्यर्थवत्त्वात् । ये गृहस्था अनित्थंविदस्तेषां स्वभावतो दक्षिणो धूमादिः पन्थाः प्रसिद्धस्तेषां य इत्थं विदुः सगुणं वान्यद् ब्रह्मविदुः, **'अथ यदु चैवास्मिञ्शव्यं कुर्वन्ति यदि च नार्चिषमेव'** (छा.उप. ४-१५-५) इति लिङ्गादुत्तरेण ते गच्छन्ति । ★ ननूर्ध्वरेतसां गृहस्थानां च समान आश्रमित्वे ऊर्ध्वरेतसामेवोत्तरेण पथा गमनं न गृहस्थानामिति न युक्तमग्निहोत्रादिवैदिककर्मबाहुल्ये च सति । ★ नैष दोषः, अपूता हि ते । शत्रुमित्रसंयोगनिमित्तं हि तेषां रागद्वेषौ तथा धर्माधर्मौ हिंसानुग्रहनिमित्तौ । हिंसानृतमायाब्रह्मचर्यादि च बह्वशुद्धिकारणमपरिहार्यं तेषाम्, अतोऽपूताः । अपूतत्वान्नोत्तरेण पथा गमनम् । हिंसानृतमायाब्रह्मचर्यादिपरिहाराच्च शुद्धात्मानो हीतरे शत्रुमित्ररागद्वेषादिपरिहाराच्च विरजसस्तेषां युक्त उत्तरः पन्थाः । ★ तथा च पौराणिकाः **'ये प्रजामीषिरेऽधीरास्ते श्मशानानि भेजिरे । ये प्रजां नेषिरे धीरास्तेऽमृतत्वं हि भेजिरे'** इत्याहुः । ★ इत्थंविदां गृहस्थानामरण्यवासिनां च समानमार्गत्वेऽमृतत्वफले च सत्यरण्यवासिनां विद्यानर्थक्यं प्राप्तम् । तथा च श्रुतिविरोधः **'न तत्र दक्षिणा यन्ति नाविद्वांसस्तपस्विनः'** इति **'स एनमविदितो न भुनक्ति'** इति च विरुद्धम् । ★ न, आभूतसंप्लवस्थानस्यामृतत्वेन विवक्षितत्वात् । तत्रैवोक्तं पौराणिकैः **'आभूतसंप्लवं स्थानममृतत्वं हि भाष्यते'** इति । यच्चात्यन्तिकममृतत्वम्, तदपेक्षया **'न तत्र दक्षिणा यन्ति' 'स एनमविदितो न भुनक्ति'** इत्याद्याः श्रुतयः, इत्यतो न विरोधः । ★ **'न च पुनरावर्तन्ते'** इति **'इमं मानवमावर्तं नावर्तन्ते'** (छा.उप. ४-१५-५) इत्यादिश्रुतिविरोध इति चेत् । ★ न, **'इमं**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

मानवम्' इति विशेषणात् **'तेषामिह न पुनरावृत्तिरस्ति'** इति च । यदि ह्येकान्तेनैवनावर्तेरन्निमं मानवमिहेति च विशेषणमनर्थकं स्यात् । इममिहेत्याकृतिमात्रमुच्यत इति चेत्, न, अनावृत्तिशब्देनैव नित्यानावृत्त्यर्थस्य प्रतीतत्वादाकृतिकल्पनानर्थिका । अत इममिहेति च विशेषणार्थवत्त्वायान्यत्रावृत्तिः कल्पनीया । ★ न च **'सदेकमेवाद्वितीयम्'** इत्येवं प्रत्ययवतां मूर्धन्यनाड्यार्चिरादिमार्गेण गमनम्, **'ब्रह्मैव सन्ब्रह्माप्येति'** (बृ.उप. ४-४-६) । **'तस्मात्तत्सर्वमभवत्'** (बृ.उप. १-४-१०) । **'न तस्य प्राणा उत्क्रामन्ति । अत्रैव समवलीयन्ते'** (बृ.उप. ४-४-६) इत्यादि श्रुतिशतेभ्यः । ★ ननु तस्माज्जीवादुच्चिक्रमिषोः प्राणा नोत्क्रामन्ति सहैव गच्छन्तीत्ययमर्थः कल्प्यत इति चेत् ? ★ न, **'अत्रैव समवलीयन्ते'** इति विशेषणानर्थक्यात्, **'सर्वे प्राणा अनूत्क्रामन्ति'** (बृ.उप. ४-४-२) इति च प्राणैर्गमनस्य प्राप्तत्वात् । तस्मादुत्क्रामन्तीत्यनाशङ्क्यैवैषा । ★ यदापि मोक्षस्य संसारगतिवैलक्षण्यात्प्राणानां जीवेन सहागमनमाशङ्क्य तस्मान्नोत्क्रामन्तीत्युच्यते, तदाप्यत्रैव समवलीयन्त इति विशेषणमनर्थकं स्यात् । न च प्राणैर्वियुक्तस्य गतिरुपपद्यते जीवत्वं वा । सर्वगतत्वात्सदात्मनो निरवयवत्वात् प्राणसंबन्धमात्रमेव ह्यग्निविस्फुलिङ्गवज्जीवत्वभेदकारणमित्यतस्तद्वियोगे जीवत्वं गतिर्वा न शक्या परिकल्पयितुं श्रुतयश्चेत्प्रमाणम् । ★ न च सतोऽणुरवयवः स्फुटितो जीवाख्यः सद्रूपं छिद्रीकुर्वन् गच्छतीति शक्यं कल्पयितुम् । तस्मात् **'तयोर्ध्वमायन्नमृतत्वमेति'** इति सगुणब्रह्मोपासकस्य प्राणैः सह नाड्या गमनम्, सापेक्षमेव चामृतत्वम्, न साक्षान्मोक्ष इति गम्यते, **'तदपराजिता पूस्तदैरं मदीयं सरः'** इत्याद्युक्त्वा **'तेषामेवैष ब्रह्मलोकः'** इति विशेषणात् । ★ अतः पञ्चाग्निविदो गृहस्था ये चेमेऽरण्ये वानप्रस्थाः परिव्राजकाश्च सह नैष्ठिकब्रह्मचारिभिः श्रद्धा तप इत्येवमाद्युपासते श्रद्दधानास्तपस्विनश्चेत्यर्थः । उपासनशब्दस्तात्पर्यार्थः, **'इष्टापूर्ते दत्तमित्युपासते'** इति यद्वत् । श्रुत्यन्तराद्ये च सत्यं ब्रह्म हिरण्यगर्भाख्यमुपासते ते सर्वेऽर्चिषमर्चिरभिमानिनीं देवतामभिसंभवन्ति प्रतिपद्यन्ते समानमन्यच्चतुर्थगतिव्याख्यानेन । एष देवयानः पन्था व्याख्यातः सत्यलोकावसानः, नाण्डाद्बहिः, **'यदन्तरा पितरं मातरं च'** (बृ.उप. ६-२-२) इति मन्त्रवर्णात् ॥ १-२ ॥

શાંકરભાષ્ય :- ત્યાં આ લોક પ્રત્યે ઉત્થિત થયેલા અધિકારી ગૃહસ્થોમાં જે આવી રીતે અથવા ઉપર્યુક્ત પંચાગ્નિવિદ્યાને જાણે છે અર્થાત્ જે એવું સમજે છે કે દ્યુલોકાદિ અગ્નિઓથી ક્રમશઃ ઉત્પન્ન થયેલા આપણે લોકો અગ્નિ સ્વરૂપ એટલે પંચાગ્નિમય છીએ. (તે અર્ચિના અભિમાની દેવોને પ્રાપ્ત થાય છે.)

પૂર્વપક્ષી :- 'इत्यं विदुः' (આ સામાન્ય નિર્દેશ)થી આ કેવી રીતે જાણી શકાય કે અહીં ગૃહસ્થોના વિષયમાં જ કહેવામાં આવ્યું છે. બીજાઓના માટે નહીં ?

સિદ્ધાન્તી :- ગૃહસ્થોમાં જે એમ જાણનારા નથી, બલ્કિ કેવળ ઈષ્ટાપૂર્ત તેમજ દત્ત કર્મોમાં જ લાગેલા રહે છે તે ધૂમાદિ દ્વારા ચંદ્રમાને જ પ્રાપ્ત થાય છે - એવું શ્રુતિ આગળ કહેશે, અને જે 'અરણ્ય' પદથી ઉપલક્ષિત વાતપ્રસ્થ તેમજ સંન્યાસી 'શ્રદ્ધા અને તપ' આની ઉપાસના કરે છે તેના તો આવી રીતે જાણનારાઓની સાથે ગમન કરવાનું શ્રુતિ આગળ કહેશે, એટલે પરિશેષથી અને અગ્નિહોત્રની આહુતિઓનો સંબંધ હોવાને કારણે પણ 'इत्यं विदुः' આ કથનથી ગૃહસ્થોનું જ ગ્રહણ થાય છે.

પૂર્વપક્ષી :- જેનું ગ્રામશ્રુતિ અને અરણ્યશ્રુતિ બંનેથી જ ગ્રહણ થતું નથી તે બ્રહ્મચારી લોકો પણ તો રહી જાય છે. પછી તમારા પરિશેષની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, પુરાણ અને સ્મૃતિઓથી ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારીઓનો સૂર્ય સંબંધી ઉત્તર માર્ગ પ્રસિદ્ધ છે, એટલે તે પણ અરણ્યવાસીઓની સાથે જ જશે. અને ઉપકુર્વાણક બ્રહ્મચારી તો સ્વાધ્યાય ગ્રહણને માટે હોય છે, એટલે તે વિશેષ નિર્દેશને યોગ્ય નથી.

પૂર્વપક્ષી :- જો પુરાણ અને સ્મૃતિઓની પ્રમાણતા ઉત્તરાયણની પ્રાપ્તિનું કારણ ઊર્ધ્વરેતા હોવું માનવામાં આવે છે ત્યારે તો આવી રીતે પંચાગ્નિ વિદ્યાનું જ્ઞાન વ્યર્થ સિદ્ધ થાય છે.

સિદ્ધાન્તી :- એવી વાત નથી કારણ કે ગૃહસ્થો માટે તે સાર્થક છે. જે ગૃહસ્થ એવું જાણનારા નથી તેમના માટે સ્વભાવતઃ ધૂમાદિ દક્ષિણ માર્ગ પ્રસિદ્ધ છે, પરંતુ તેઓમાં જે એમ જાણનારા છે અથવા જે આનાથી અલગ સગુણબ્રહ્મના ઉપાસક છે તે **'આ(સગુણ બ્રહ્મોપાસક)ના માટે પ્રેતકર્મ કરે છે અથવા નથી કરતા (છતાં) અર્ચિરાદિ માર્ગને જ પ્રાપ્ત થાય છે.'** (છા.ઉપ. ૪-૧૫-૫) આ શ્રુતિરૂપ લિંગ અનુસાર ઉત્તર માર્ગથી જ જાય છે.

પૂર્વપક્ષી :- ઊર્ધ્વરેતા અને ગૃહસ્થ - એ બંને આશ્રમી હોવા સમાન જ છે. એટલે તેમનામાં કેવળ ઊર્ધ્વરેતાઓના જ ઉત્તરાયણમાર્ગે ગમન થાય છે, ગૃહસ્થોનું અગ્નિહોત્રાદિ વૈદિક કર્મોની બહુલતા હોવાથી પણ થતું નથી - આ બરાબર નથી.

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે તે અપવિત્ર હોય છે. શત્રુ અને મિત્રોનો સંયોગ રહેવાને કારણે તેમનામાં રાગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

દ્વેષ રહે છે અને હિંસા અને કૃપાના કારણે ધર્માધર્મ પણ રહે જ છે. તેમના માટે હિંસા, અનૃત, કપટ અને અબ્રહ્મચર્ય વગેરે બહુ જ અશુદ્ધિના કારણ અનિવાર્ય જ છે, એટલા માટે તે અપવિત્ર છે. અપવિત્ર હોવાને કારણે તેમનું ઉત્તર માર્ગે ગમન થઈ શકતું નથી. પરંતુ બીજા વાનપ્રસ્થાદિ હિંસા, અનૃત, માયા અને અબ્રહ્મચર્યનો ત્યાગ કરી દેવાના કારણે શુદ્ધચિત્ત થઈ જાય છે, શત્રુ મિત્ર સંબંધી ભાવ અને રાગદ્વેષનો ત્યાગ કરી દેવાથી તે મળહીન થઈ જાય છે, એટલે તેમના માટે ઉત્તરમાર્ગ બરાબર જ છે.

અને પૌરાણિક લોકો પણ એવું કહે છે કે **'જે મંદમતિ પુરુષોને સંતાનની ઇચ્છા કરી તેઓ શ્મશાનને જ પ્રાપ્ત થયાં, પરંતુ જે બુદ્ધિમાનોએ સંતાનની ઇચ્છા કરી નથી તે અમરત્વને પ્રાપ્ત થયાં.'**

પૂર્વપક્ષી :- આવી રીતે જાણનારા ગૃહસ્થ અને વનવાસીઓને સમાન માર્ગ અને અમૃતસ્વરૂપ ફળ પ્રાપ્ત થવાથી તો વનવાસીઓના જ્ઞાનની વ્યર્થતા સિદ્ધ થાય છે અને એવા હોવાથી **'ત્યાં દક્ષિણમાર્ગી અને અજ્ઞાની તપસ્વી જતાં નથી.'** આ શ્રુતિથી વિરોધ થાય છે અને **'પોતાનું જ્ઞાન ન હોવાથી તે (પરમાત્મા) આ જીવનું (મોક્ષદાન દ્વારા) પાલન કરતાં નથી'** આ કથન પણ વિપરીત થઈ જાય છે.

સિદ્ધાન્તી :- ના, કારણ કે અહીં અમૃતત્વથી ભૂતોનાં પ્રલય પર્યંત રહેવું જ અભિપ્રેત છે. આ જ સંબંધે પૌરાણિકોએ કહ્યું છે કે **'ભૂતોના પ્રલય સુધી રહેવું અમૃતત્વ જ કહેવાય છે.'** પરંતુ જે આત્યંતિક અમૃતત્વ છે તેની અપેક્ષાથી **'ત્યાં દક્ષિણમાર્ગી જતાં નથી' 'પોતાનું જ્ઞાન ન હોવાને કારણે તે (પરમાત્મા) આ જીવના (મોક્ષ પ્રદાન દ્વારા) પાલન કરતાં નથી.'** વગેરે શ્રુતિઓ છે, માટે આનાથી કોઈ વિરોધ નથી.

પૂર્વપક્ષી :- પરંતુ (એવું માને તો) **'તે પછી પાછા આવતાં નથી' 'આ માનવ આવર્તમાં પછી આવતાં નથી'** (છા.ઉપ. ૪-૧૫-૫) વગેરે શ્રુતિથી વિરોધ થાય છે.

સિદ્ધાન્તી :- આવું કહેવું બરાબર નથી, કારણ કે 'इमं मानवम्' આવું વિશેષણ છે અને આ પણ કહેવામાં આવ્યું છે કે **'તેની અહીં પુનરાવૃત્તિ થતી નથી.'** જો તેની સર્વથા પુનરાવૃત્તિ ન થાય તો 'इमं मानवम्' અને 'इह' - એ વિશેષણો વ્યર્થ થઈ જતાં. જો કહે કે 'इमम्' અને 'इह' આ શબ્દોથી આકૃતિ માત્ર બતાવવામાં આવી છે (અર્થાત્ કોઈ દેશકાળ વિશેષનો નિયમ ન કરવાના તેના નિત્ય મોક્ષનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે) - તો આવું કહેવું બરાબર નથી, કારણ કે નિત્ય અનાવૃત્તિ રૂપ અર્થની પ્રતીતિ તો 'अनावृत्ति' શબ્દથી જ થઈ જાય છે, માટે તેમાં આકૃતિની કલ્પના નિરર્થક જ છે. એટલા માટે 'इमम्' અને 'इह' આ વિશેષણોની સાર્થકતા માટે તેની અન્યત્ર આવૃત્તિ માનવી જોઈએ.

આના સિવાય જેનો એવો અનુભવ છે કે **'એકમાત્ર અદ્વિતીય સત્ જ છે'** તેના શીર્ષસ્થાનીય નાડી દ્વારા અર્ચિરાદિ માર્ગથી ગમન પણ હોતું નથી, જેવી રીતે કે **'તે બ્રહ્મ જ થઈને બ્રહ્મને પ્રાપ્ત થાય છે'** (બૃ.ઉપ. ૪-૪-૬). **'આનાથી તે સર્વ કંઈ થઈ ગયો'** (બૃ.ઉપ. ૧-૪-૧૦). **'તેના પ્રાણ ઉત્ક્રમણ કરતાં નથી, અહીં જ લીન થઈ જાય છે'** (બૃ.ઉપ. ૪-૪-૬) વગેરે સેંકડો શ્રુતિઓથી પ્રમાણિત થાય છે.

પૂર્વપક્ષી :- જો આ શ્રુતિનો એવો અર્થ માનવામાં આવે કે ઉત્ક્રમણ કરવાની ઇચ્છાવાળા તે જીવની પાસેથી પ્રાણ ઉત્ક્રમણ કરતાં નથી, ઉલટા તેની સાથે જ જાય છે, તો ?

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે આવું માનવાથી **'અહીં જ લીન થઈ જાય છે'** આ વિશેષણ વ્યર્થ થઈ જશે અને આના સિવાય **'સર્વ પ્રાણ તેનું અનુગમન કરે છે'** (બૃ.ઉપ. ૪-૪-૨) આ શ્રુતિથી પ્રાણો સહિત જીવનું ગમન સિદ્ધ પણ થઈ જાય છે. એટલે 'પ્રાણ ઉત્ક્રમણ કરે છે' આ વિષયમાં કોઈ શંકા થઈ શકે જ નહીં.

આના સિવાય સંસારગતિથી મોક્ષની વિલક્ષણતા હોવાને કારણે જ્યારે કે જીવની સાથે પ્રાણોના ન જવાની આશંકા કરીને એવું કહેવામાં આવે છે કે તે તેનાથી ઉત્ક્રમણ જ કરતાં નથી. (અર્થાત્ જીવ પ્રાણો વિના જ ચાલ્યો જાય છે) તો તે સમયે પણ 'તે અહીં લીન થઈ જાય છે.' આ વિશેષણ વ્યર્થ થઈ જાય છે, કારણ કે પ્રાણોથી વિયુક્ત થયેલા પ્રાણીની ગતિ અથવા જીવત્વ સંભવ જ નથી. કારણ કે સદાત્મા તો સર્વગત અને નિરવયવ છે, પ્રાણથી સંબંધ હોવો જ અગ્નિના વિસ્ફુલિંગ સમાન જીવભાવરૂપ ભેદનું કારણ છે. એટલે જો શ્રુતિને પ્રમાણ માનવામાં આવે તો પ્રાણોનો વિયોગ થઈ જવાથી ચિદાત્માના જીવત્વ અથવા ગતિની કલ્પના કરી શકાતી નથી.

આના સિવાય એવી કલ્પના પણ કરી ન શકાય કે સદાત્માના તેનાથી અલગ થયેલા અણુમાત્ર અવયવ જીવસંજ્ઞક છે અને તે સદાત્માને છિદ્રયુક્ત કરતાં કરતાં જાય છે. એટલે **'તે મૂર્ધન્ય નાડીથી ઉપરની તરફ જતાં અમરત્વને પ્રાપ્ત થાય છે'** આવી રીતે સગુણ બ્રહ્મોપાસકના પ્રાણોની સાથે મૂર્ધન્ય નાડીથી જવું સાપેક્ષ અમૃતત્વ જ છે, સાક્ષાત્ મોક્ષ નથી - આમ જાણવામાં આવે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

કારણ કે શ્રુતિએ 'તે અપરાજિતા નગરી છે, તે હર્ષોત્પાદક સરોવર છે' એમ કહીને 'તે (સગુણ બ્રહ્મોપાસકો)ને જ આ બ્રહ્મલોક મળે છે' આવું વિશેષણ આપ્યું છે.

એટલે પંચાગ્નિવેત્તા ગૃહસ્થ અને જે આ વનવાસી - નૈષ્ઠિક બ્રહ્મચારીઓ સહિત વાનપ્રસ્થ અને સંન્યાસી 'શ્રદ્ધા અને તપ' વગેરેની ઉપાસના કરે છે અર્થાત્ શ્રદ્ધાળુ તેમજ તપસ્વી છે. જેમ કે 'इष्टापूर्ते दत्तमित्युपासतें' આ શ્રુતિમાં છે તેના સમાન અહીં 'उपासन' શબ્દ તત્પરતાના અર્થમાં છે. અને એક અન્ય શ્રુતિ અનુસાર જે હિરણ્યગર્ભસંજ્ઞક સત્ય બ્રહ્મની ઉપાસના કરે છે તે સર્વ અર્ચિ એટલે અર્ચિ સમાન દેવને પ્રાપ્ત થાય છે. બાકી સર્વ ચતુર્થ અધ્યાયના અંતર્ગત (ઉપકોશલ વિદ્યામાં (છાં.ઉ. ૪-૧૫-૫માં) બતાવવામાં આવેલી) ગતિની વ્યાખ્યા સમાન છે. આ સત્યલોકમાં સમાપ્ત થનારા દેવયાન માર્ગની વ્યાખ્યા કરવામાં આવી. આ માર્ગની બ્રહ્માંડની બહાર ગતિ નથી, જેમ કે જે **'પિતા (દ્યુલોક) અને માતા (પૃથ્વી)ની વચ્ચે છે'** (બૃ.ઉ. ૬-૨-૨) આ મંત્રથી સિદ્ધ થાય છે. ॥ ૧-૨ ॥

अथ य इमे ग्राम इष्टापूर्ते दत्तमित्युपासते ते धूममभिसंभवन्ति धूमाद्रात्रिꣳ रात्रेरपरपक्षमपरपाद्यान्षड् दक्षिणैति मासाꣳ स्तान्नैते संवत्सरमभिप्राप्नुवन्ति ॥ ३ ॥

હવે જે આ ગૃહસ્થ લોકો ગામમાં ઈષ્ટ, પૂર્ત અને દત્ત - એવી ઉપાસના કરે છે તે ધૂમને પ્રાપ્ત થાય છે, ધૂમથી રાત્રિને, રાત્રિથી કૃષ્ણપક્ષને, અને કૃષ્ણ પક્ષથી જે છ મહિનાઓમાં સૂર્ય દક્ષિણમાર્ગથી જાય છે તેને પ્રાપ્ત થાય છે. એ લોકો સંવત્સરને પ્રાપ્ત થતાં નથી. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथेत्यर्थान्तरप्रस्तावनार्थः, य इमे गृहस्था ग्रामे, ग्राम इति गृहस्थानामसाधारणं विशेषणमरण्यवासिभ्यो व्यावृत्त्यर्थम्, यथा, वानप्रस्थपरिव्राजकानामरण्यं विशेषणं गृहस्थेभ्यो व्यावृत्त्यर्थम्, तद्वत्, इष्टापूर्ते इष्टमग्निहोत्रादि वैदिकं कर्म, पूर्तं वापीकूपतडागारामादिकरणम्, दत्तं बहिर्वेदि यथाशक्त्यर्हेभ्यो द्रव्यसंविभागो दत्तम्, इत्येवंविधं परिचरणपरित्राणाद्युपासते, इतिशब्दस्य प्रकारदर्शनार्थत्वात् । ते दर्शनवर्जितत्वाद्धूमं धूमाभिमानिनीं देवतामभिसंभवन्ति प्रतिपद्यन्ते । ★ तयातिवाहिता धूमाद्रात्रिं रात्रिदेवतां रात्रेरपरपक्षदेवतामेव कृष्णपक्षाभिमानिनीमपरपक्षाद्यान्षण्मासान्दक्षिणा दक्षिणां दिशमेति सविता, तान्मासान्दक्षिणायन-षण्मासाभिमानिनीर्देवताः प्रतिपद्यन्त इत्यर्थः । संघचारिण्यो हि षण्मासदेवता इति मासानिति बहुवचनप्रयोगस्तासु । नैते कर्मिणः प्रकृता संवत्सरं संवत्सराभिमानिनीं देवतामभिप्राप्नुवन्ति । ★ कुतः पुनः संवत्सरप्राप्तिप्रसङ्गो यतः प्रतिषिध्यते ? ★ अस्ति हि प्रसङ्गः, संवत्सरस्य ह्येकस्यावयवभूते दक्षिणोत्तरायणे, तत्रार्चिरादिमार्गप्रवृत्तानामुदगयनमासेभ्योऽवयविनः संवत्सरस्य प्राप्तिरुक्ता । अत इहापि तदवयवभूतानां दक्षिणायनमासानां प्राप्तिं श्रुत्वा तदवयविनः संवत्सरस्यापि पूर्ववत्प्राप्तिरापन्नाः, इत्यतस्तत्प्राप्तिः प्रतिषिध्यते नैते संवत्सरमभिप्राप्नुवन्तीति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'अथ' આ શબ્દ બીજા વિષયની પ્રસ્તાવના માટે છે, જે આ ગૃહસ્થગણ ગામમાં - જેવી રીતે 'अरण्यम्' આ વાનપ્રસ્થ અને પરિવ્રાજકોના ગૃહસ્થોથી વ્યાવૃત્તિ કરવાને માટે અસાધારણ વિશેષણ હતું, તેવી રીતે 'ग्रामे' આ વનવાસીઓથી વ્યાવૃત્તિ કરવાને માટે ગૃહસ્થોનું અસાધારણ વિશેષણ છે. 'इष्टापूर्त' અગ્નિહોત્ર વગેરે વૈદિક કર્મને 'इष्ट' કહે છે અને વાપી, કૂપ, તડાગ તેમજ બગીચા વગેરે બનાવવાનું નામ પૂર્ત છે, અને વેદીથી બહાર દાનપાત્ર વ્યક્તિઓને યથાશક્તિ ધન આપવું 'दत्त' કહેવાય છે. આવી રીતે જે પરિચર્યા (ગુરુશુશ્રુષા) તેમજ પરિત્રાણ (ધર્મરક્ષા) વગેરેનું તત્પરતાપૂર્વક સેવન કરે છે - કારણ કે અહીં 'इति' શબ્દ અનુષ્ઠાનનો પ્રકાર પ્રદર્શિત કરવા માટે છે - તે ઉપાસના શૂન્ય હોવાને કારણે ધૂમ - ધૂમાભિમાની દેવોને પ્રાપ્ત થાય છે.

તે ધૂમાભિમાની દેવોથી અતિવાહિત (આગળ લઈ જવાના) થયેલાં તે ધૂમને રાત્રિએ - રાત્રિદેવને, રાત્રિથી અપરપક્ષ એટલે કૃષ્ણપક્ષથી જે છ મહિનાઓમાં સૂર્ય દક્ષિણ દિશાની તરફ થઈને ચાલે છે તે મહિનાઓને અર્થાત્ દક્ષિણાયનના છ મહિનાઓના અભિમાની દેવને પ્રાપ્ત થાય છે - આવું આનું તાત્પર્ય છે, તે ષણ્માસાભિમાની દેવ એક સંઘમાં રહેનારા છે, એટલા માટે તેમના માટે 'मासान्' એવા બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અહીં જેનું પ્રકરણ છે, તે એ કર્મકાંડી સંવત્સરને - સંવત્સરાભિમાની દેવને પ્રાપ્ત થતાં નથી.

પૂર્વપક્ષી :- પરંતુ અહીં સંવત્સર પ્રાપ્તિનો પ્રસંગ જ ક્યાં હતો જે પ્રતિષેધ કરવામાં આવ્યો ?

સિદ્ધાન્તી :- પ્રસંગ છે, દક્ષિણાયણ અને ઉત્તરાયણ - એ એક જ સંવત્સરના બે અવયવ છે, તેમાં અર્ચિ વગેરે માર્ગે જનારા પુરુષોની ઉત્તરાયણના મહિનાઓથી પોતાના અવયવી સંવત્સરની પ્રાપ્તિ બતાવવામાં આવી છે. એટલા માટે અહીં પણ તેનાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

અવયવભૂત દક્ષિણાયણના મહિનાઓની પ્રાપ્તિ સાંભળીને પૂર્વવત્ તેના અવયવી સંવત્સરની પણ પ્રાપ્તિ થઈ જાય છે, આનાથી 'તે સંવત્સને પ્રાપ્ત થતાં નથી' - એવું કહીને તેની પ્રાપ્તિનો પ્રતિષેધ કરવામાં આવે છે. ॥ ૩ ॥

मासेभ्यः पितृलोकं पितृलोकादाकाशमाकाशाच्चन्द्रमसमेष सोमो राजा तद्देवानामन्नं तं देवा भक्षयन्ति ॥ ४ ॥

દક્ષિણાયણના મહિનાઓથી પિતૃલોકને, પિતૃલોકથી આકાશને અને આકાશથી ચંદ્રમાને પ્રાપ્ત થાય છે. આ ચંદ્રમા રાજા સોમ છે. તે દેવોનું અન્ન છે, દેવલોકો તેનું ભક્ષણ કરે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- मासेभ्यः पितृलोकं पितृलोकादाकाशमाकाशाच्चन्द्रमसम् । कोऽसौ यस्तैः प्राप्यते चन्द्रमाः ? य एष दृश्यतेऽन्तरिक्षे सोमो राजा ब्राह्मणानाम्, तदन्नं देवानाम्, तं चन्द्रमसमन्नं देवा इन्द्रादयो भक्षयन्ति । अतस्ते भूमादिना गत्वा चन्द्रभूताः कर्मिणो देवैर्भक्ष्यन्ते । ★ नन्वनर्थायेष्टादिकरणं यद्यन्नभूता देवैर्भक्ष्येरन् । ★ नैष दोषः—अन्नमित्युपकरणमात्रस्य विवक्षितत्वात्, न हि ते कवलोत्क्षेपेण देवैर्भक्ष्यन्ते, किं तर्हि ? उपकरणमात्रं देवानां भवन्ति ते स्त्रीपशुभृत्यादिवत् । दृष्टश्चान्नशब्द उपकरणेषु स्त्रियोऽन्नं पशवोऽन्नं विशोऽन्नं राज्ञामित्यादि । न च तेषां स्त्र्यादीनां पुरुषोपभोग्यत्वेऽप्युपभोगो नास्ति । तस्मात्कर्मिणो देवानामुपभोग्या अपि सन्तः सुखिनो देवैः क्रीडन्ति । शरीरं च तेषां सुखोपभोगयोग्यं चन्द्रमण्डल आप्यमारभ्यते । तदुक्तं पुरस्तात्—श्रद्धाशब्दा आपो द्युलोकाग्नौ हुताः सोमो राजा संभवतीति । ★ ता आपः कर्मसमवायिन्य इतरैश्च भूतैरनुगता द्युलोकं प्राप्य चन्द्रत्वमापन्नाः शरीराद्यारम्भिका इष्टाद्युपासकानां भवन्ति । अन्त्यायां च शरीराहुतावग्नौ हुतायामग्निना दह्यमाने शरीरे तदुत्था आपो धूमेन सहोर्ध्वं यजमानमावेष्ट्य चन्द्रमण्डलं प्राप्य कुशमृत्तिकास्थानीया बाह्यशरीरारम्भिका भवन्ति । तदारब्धेन च शरीरेणेष्टादिफलमुपभुञ्जाना आस्ते ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે દક્ષિણાયણના મહિનાઓથી પિતૃલોકને, પિતૃલોકથી આકાશને અને આકાશથી ચંદ્રમાને પ્રાપ્ત થાય છે. તેમના દ્વારા જે પ્રાપ્ત કરવામાં આવે છે તે આ ચંદ્રમા કોણ છે ? આ જે આકાશમાં જોવામાં આવે છે અને જે સોમ બ્રાહ્મણોનો રાજા છે તે દેવોનું અન્ન છે, તે ચંદ્રમારૂપ અન્નનું ઈન્દ્રાદિ દેવો ભક્ષણ કરે છે. એટલે ધૂમાદિ માર્ગથી જઈને ચંદ્રમારૂપ થયેલા તે કર્મી દેવોથી ભક્ષિત થાય છે.

પૂર્વપક્ષી :- જો તે અન્નરૂપ થઈને દેવો દ્વારા ભક્ષિત થાય છે તો ઈષ્ટાદિ કર્મોનું કરવું અનર્થને માટે જ છે ?

સિદ્ધાન્તી :- આ દોષ નથી, કારણ કે 'અન્ન' આ શબ્દથી કેવળ ઉપભોગની સામગ્રી જ વિવક્ષિત છે. તે દેવોના દ્વારા ગ્રાસની જેમ ઉઠાવીને ખાવામાં આવતાં નથી, તો પછી શું થાય છે ? તે સ્ત્રી, પશુ તેમજ સેવકાદિ સમાન દેવોના કેવળ ઉપકરણમાત્ર હોય છે. 'અન્ન' શબ્દનો ઉપકરણોના અર્થમાં પણ પ્રયોગ જોવામાં આવે જ છે, જેમકે 'રાજાઓનું અન્ન સ્ત્રીઓ છે' વગેરે. પુરુષના ઉપભોગ્ય હોવાથી પણ તે સ્ત્રી વગેરેને ઉપભોગ પ્રાપ્ત થતાં ન હોય - આવી વાત નથી. એટલે કર્મી લોકો દેવોના ઉપભોગ્ય હોવાથી પણ સુખી થઈને દેવોની સાથે ક્રીડા કરે છે. અને તેના સુખોપભોગ યોગ્ય જલીય શરીર ચંદ્રમંડળમાં આરંભ થાય છે. પહેલાં આ વાત કહેવામાં પણ આવી ગઈ છે કે 'શ્રધ્ધા' શબ્દવાચ્ય જળનો દ્યુલોકરૂપ અગ્નિમાં હવન કરવામાં આવતાં સોમ રાજાની ઉત્પત્તિ થાય છે.

તે કર્મસંબંધી જળ અન્ય ભૂતોથી અનુગત થઈ દ્યુલોકમાં પહોંચીને ચંદ્રમાને પ્રાપ્ત થઈ ઈષ્ટાદિ કર્મોની ઉપાસના કરનારા પુરુષોના શરીરાદિનો આરંભ કરનારા થાય છે. પછી શરીરરૂપ અંતિમ આહુતિમાં હુત હોવાથી જ્યારે અગ્નિ દ્વારા શરીર દગ્ધ થવા લાગે છે તો તેનાથી ઉત્પન્ન થનારા જળ ધૂમની સાથે યજમાનને આચ્છાદિત કરીને ઉપર ચંદ્રમંડળમાં પહોંચી કુશ તેમજ મૃત્તિકાસ્થાનીય બાહ્ય શરીરનો આરંભ કરનાર થાય છે. તેમનાથી આરંભ થયેલા શરીરથી જ તે ઈષ્ટાદિ કર્મોનું ફળ ભોગવતાં ત્યાં રહે છે. ॥ ૪ ॥

तस्मिन्यावत्संपातमुषित्वाथैतमेवाध्वानं पुनर्निवर्तन्ते यथैतमाकाशमाकाशाद्वायुं वायुर्भूत्वा धूमो भवति धूमो भूत्वाभ्रं भवति ॥ ५ ॥

ત્યાં કર્મોના ક્ષય સુધી રહીને તે ફરી આ જ માર્ગે જેવી રીતે ગયા હતા તેવી રીતે પાછા આવે છે. (તે પહેલાં) આકાશને પ્રાપ્ત થાય છે અને આકાશથી વાયુને, વાયુ થઈને તે ધૂમ થાય છે અને ધૂમ થઈને અભ્ર થાય છે. ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- यावत्तदुपभोगनिमित्तस्य कर्मणः क्षयः, संपतन्ति येनेति संपातः कर्मणः क्षयो यावत्संपातं यावत्कर्मणः क्षय इत्यर्थः, तावत्तस्मिंश्चन्द्रमण्डल उषित्वाथानन्तरमेतमेव वक्ष्यमाणमध्वानं मार्गं पुनर्निवर्तन्ते । **'पुनर्निवर्तन्त'** इति प्रयोगात्पूर्वमप्यसकृच्चन्द्रमण्डलं गता निवृत्ताश्चासन्निति गम्यते । तस्मादिह लोकं इष्टादिकर्मोपचित्य चन्द्रं गच्छन्ति, तत्क्षये चावर्तन्ते, क्षणमात्रमपि तत्र स्थातुं न लभ्यते, स्थितिनिमित्तकर्मक्षयात्, स्नेहक्षयादिव प्रदीपस्य । ★ तत्रं किं येन कर्मणा चन्द्रमण्डलमारूढस्तस्य सर्वस्य क्षये तस्मादवरोहति किं वा सावशेष इति । ★ किं ततः ? ★ यदि सर्वस्यैव क्षयः कर्मणश्चन्द्रमण्डलस्थस्यैव मोक्षः प्राप्नोति, तिष्ठतु तावत्तत्रैव मोक्षः स्यान्न वेति, तत आगतस्येहं शरीरोपभोगादि न संभवति । ततः शेषेणेत्यादिस्मृतिविरोधश्च स्यात् । ★ नन्विष्टापूर्तदत्तव्यतिरेकेणापि मनुष्यलोके शरीरोपभोगनिमित्तानि कर्माण्यनेकानि संभवन्ति, न च तेषां चन्द्रमण्डल उपभोगः, अतोऽक्षीणानि तानि । यन्निमित्तं चन्द्रमण्डलमारूढस्तान्येव क्षीणानीत्यविरोधः । शेषशब्दश्च सर्वेषां कर्मत्वसामान्यादविरुद्धः । ★ अत एव च तत्रैव मोक्षः स्यादिति दोषाभावः, विरुद्धानेकयोन्युपभोगफलानां च कर्मणामेकैकस्य जन्तोरारम्भकत्वसंभवात् । न चैकस्मिञ्जन्मनि सर्वकर्मणां क्षय उपपद्यते, ब्रह्महत्यादेश्चैकैकस्य कर्मणोऽनेकजन्मारम्भकत्वस्मरणात् । स्थावरादिप्राप्तानां चात्यन्तमूढानामुत्कर्षहेतोः कर्मण आरम्भकत्वासंभवात् । गर्भभूतानां च स्रंसमानानां कर्मासंभवे संसारानुपपत्तिः । तस्मान्नैकस्मिञ्जन्मनि सर्वेषां कर्मणामुपभोगः । ★ यत्तु कैश्चिदुच्यते सर्वकर्माश्रयोपमर्देन प्रायेण कर्मणां जन्मारम्भकत्वम् । तत्र कानिचित्कर्माण्यनारम्भकत्वेनैव तिष्ठन्ति कानिचिज्जन्मारभन्त इति नोपपद्यते, मरणस्य सर्वकर्माभिव्यञ्जकत्वात्स्वगोचराभिव्यञ्जकप्रदीपवदिति । तदसत् सर्वस्य सर्वात्मकत्वाभ्युपगमात् । न हि सर्वस्य सर्वात्मकत्वे देशकालनिमित्तावरुद्धत्वात्सर्वात्मनोपमर्दः कस्यचित्क्वचिदभिव्यक्तिर्वा सर्वात्मनोपपद्यते । तथा कर्मणामपि साश्रयाणां भवेत् । ★ यथा च पूर्वानुभूतमनुष्यमयूरमर्कटादिजन्माभिसंस्कृता विरुद्धानेकवासना मर्कटत्वप्राकेण कर्मणा मर्कटजन्मारभमाणेन नोपमृद्यन्ते तथा कर्माण्यप्यन्यजन्मप्राप्तिनिमित्तानि नोपमृद्यन्त इति युक्तम् । यदि हि सर्वाः पूर्वजन्मानुभववासना उपमृद्येरन्मर्कटजन्मन्यारब्धे मर्कटस्य जातमात्रस्य मातुः शाखायाः शाखान्तरगमने मातुरुदरसंलग्नत्वादिकौशलं न प्राप्नोति, इह जन्मन्यनभ्यस्तत्वात्, न चातीतानन्तरजन्मनि मर्कटत्वमेवासीत्तस्येति शक्यं वक्तुम्, **'तं विद्याकर्मणी समन्वारभेते पूर्वप्रज्ञा च'** (बृ.उप. ४-४-२) इति श्रुतेः । तस्माद्वासनावन्नाशेषकर्मोपमर्द इति शेषकर्मसंभवः । यत एवं तस्माच्छेषेणोपभुक्तात्कर्मणः संसार उपपद्यत इति न कश्चिद्विरोधः । ★ कोऽसावध्वा यं प्रति निवर्तन्ते ? इत्युच्यते—यथेतं यथागतं निवर्तन्ते । ★ ननु मासेभ्यः पितृलोकं पितृलोकादाकाशमाकाशाच्चन्द्रमसमिति गमनक्रम उक्तो न तथा निवृत्तिः । किं तर्हि ? आकाशाद्वायुमित्यादि, कथं यथेतमित्युच्यते ? ★ नैष दोषः, आकाशप्राप्तेस्तुल्यत्वात्पृथिवीप्राप्तेश्च । न चात्र यथेतमेवेति नियमोऽनेवंविधमपि निवर्तन्ते पुनर्निवर्तन्त इति तु नियमः । अत उपलक्षणार्थमेतद्यथेतमिति अतो भौतिकमाकाशं तावत्प्रतिपद्यन्ते । ★ यास्तेषां चन्द्रमण्डले शरीरारम्भिका आप आसंस्तास्तेषां तत्रोपभोगनिमित्तानां कर्मणां क्षये विलीयन्ते, घृतसंस्थानमिवाग्निसंयोगे । ता विलीना अन्तरिक्षस्था आकाशभूता इव सूक्ष्मा भवन्ति । ता अन्तरिक्षाद्वायुर्भवन्ति । वायुप्रतिष्ठा वायुभूता इतश्चामुतश्चोह्यमानास्ताभिः सह क्षीणकर्मा वायुभूतो भवति । वायुर्भूत्वा ताभिः सहैव धूमो भवति । धूमो भूत्वाभ्रम् अब्भरणमात्ररूपो भवति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- જ્યાં સુધી તે ચંદ્રલોકના ઉપભોગોના નિમિત્તભૂત કર્મનો ક્ષય થાય છે – જેના દ્વારા સંપતન થાય છે તેને સંપાત અર્થાત્ કર્મનો ક્ષય કહે છે, યાવત્સમ્પાત અર્થાત્ જ્યાં સુધી કર્મનો ક્ષય થાય છે ત્યાં સુધી તે ચંદ્રમંડળમાં નિવાસ કર્યા પછી આ આગળ કહેવામાં આવતાં માર્ગમાં જ ફરી પાછા આવે છે. 'પુનર્નિવર્તન્તે' (ફરી પાછા આવે છે) આવો પ્રયોગ થવાથી આ જાણવામાં આવે છે કે પહેલાં પણ કેટલીય વાર ચંદ્રમંડળને પ્રાપ્ત થઈને પાછા ફર્યા છે, એટલે તે આ લોકમાં ઈષ્ટાદિ કર્મ કરીને ચંદ્રમંડળને પ્રાપ્ત થાય છે, અને તેનો ક્ષય થતાં પછી પાછા આવે છે. તેવા સમયે ત્યાંની સ્થિતિના નિમિત્તભૂત કર્મોનો ક્ષય થઈ જવાના કારણે તે સ્થાને તેનું એક ક્ષણ પણ રોકાવાનું થઈ શકતું નથી, જેવી રીતે કે તેલનો ક્ષય થતાં દીપક રહી શકતો નથી.

પૂર્વપક્ષી :- જે કર્મ દ્વારા તે ચંદ્રમંડળ પર આરૂઢ થાય છે શું તે સર્વનો ક્ષય થવાથી તે તેનાથી ઉતરે છે અથવા કંઈક બાકી રહી જતાં જ ઉતરી આવે છે ?

સિદ્ધાન્તી :- આનાથી તમારે શું લેવાનું છે ?

પૂર્વપક્ષી :- જો બધા જ કર્મનો ક્ષય થઈ જાય તો ચંદ્રમંડળમાં રહીને જ તેનો મોક્ષ સિદ્ધ થઈ જાય છે, અને 'ત્યાં રહીને જ મોક્ષ થાય છે અથવા થતો નથી.' આ વિચારને રાખીએ તો પણ ત્યાંથી આવવાથી આ લોકમાં તેના શરીરોપભોગ વગેરે સંભવી શકતાં નથી અને 'ततः शेषेण' (ભુક્તાવશેષ કર્મોથી જન્મ લે છે) વગેરે સ્મૃતિથી પણ વિરોધ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સિદ્ધાન્તી :- આ મનુષ્યલોકમાં ઈષ્ટ, પૂર્ત અને દત્ત – આ કર્મોથી અલગ બીજા પણ અનેક શરીરોપભોગના નિમિત્તભૂત કર્મ હોઈ શકે છે, તેનો ચંદ્રમંડળમાં ફલોપભોગ પણ થતો નથી, એટલા માટે તે અક્ષીણ જ રહે છે. જે કર્મોના કારણે તે ચંદ્રમંડળ પર આરુઢ થાય છે તેનો જ ત્યાં ક્ષય પણ થાય છે - આવી રીતે આમાં કોઈ વિરોધ નથી. બધા કર્મોનું કર્મત્વ સમાન હોવાને કારણે (ઉપર્યુક્ત સ્મૃતિમાં) 'શેષ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એટલા માટે તે પણ વિરુદ્ધ નથી.

એટલા માટે 'તેનો ત્યાં જ મોક્ષ થઈ જવો જોઈએ.' એવો પણ દોષ આવી શકે નહીં, કારણ કે એક-એક જીવના એવા કર્મોનું આરંભકત્વ સંભવ હોઈ જ શકે છે જેના ફળ અનેક વિરુદ્ધ યોનિઓમાં ભોગવવામાં આવે. એક જ જન્મમાં સમસ્ત કર્મોનો ક્ષય થવો સંભવ નથી, કારણ કે સ્મૃતિઓમાં 'બ્રહ્મહત્યા વગેરે એક એક કર્મ અનેક જન્મોના આરંભક છે' એવું બતાવવામાં આવ્યું છે. અને જે સ્થાવરાદિ યોનિઓને પ્રાપ્ત થયેલાં અત્યંત મૂઢ જીવ છે તેમના ઉત્કર્ષના હેતુભૂત કર્મોના આરંભકત્વ તો અસંભવ જ છે. (આના સિવાય કોઈ કોઈ એવું પણ સમજવા લાગશ કે) ગર્ભરૂપ થઈને ક્ષીણ થયેલાં જીવોના કોઈ કર્મ ન હોવાને કારણે તેને સંસારની પ્રાપ્તિ થવી જ અસંભવ છે. એટલે એક જ જન્મમાં સમસ્ત કર્મોનો ઉપભોગ થઈ શકતો નથી.

કંઈક લોકોનું જે એવું કથન છે કે '(સંચિત-) કર્મ પ્રાયઃ સંપૂર્ણ (પ્રારબ્ધ) કર્મોના આશ્રય(શરીર)નો નાશ કરીને જન્મના આરંભક હોય છે, તે અવસ્થામા કંઈક કર્મ તો જન્મના અનારંભક રૂપે જ સ્થિત રહે છે અને કંઈક જન્મનો આરંભ કરે છે - આ વાત સંભવ નથી, કારણ કે મરણ તો પોતાના વિષયના અભિવ્યંજક દીપક સમાન બધા જ કર્મોનો અભિવ્યંજક છે ?' - તો તેનું આ કથન બરાબર નથી, કારણ કે (મધુ બ્રાહ્મણમાં) બધાના સર્વાત્મકત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એટલે બધાનું સર્વાત્મકત્વ હોવાથી દેશ, કાળ અને નિમિત્તથી અવરુદ્ધ હોવાને કારણે કોઈ પદાર્થના સર્વથા નાશ અથવા સર્વથા અભિવ્યક્તિ કદી થઈ શકતી નથી. એવું જ કર્મ અને તેના આશ્રયના વિષયમાં પણ થશે (અર્થાત્ તેનો પણ સર્વથા નાશ અથવા સર્વથા આવિર્ભાવ થતો નથી).

જેવી રીતે પહેલાં અનુભવ કરેલાં મનુષ્ય, મયૂર તેમજ વાનર વગેરે જન્મોમાં સંપાદિત કરેલી અનેક વિરુદ્ધ વાસનાઓ વાનરત્વની પ્રાપ્તિ કરાવનારા વાનર જન્મના આરંભક કર્મથી ક્ષીણ ન થતી નથી તેવી રીતે અન્ય જન્મની પ્રાપ્તિના નિમિત્તભૂત કર્મ પણ ક્ષીણ થતાં નથી – આ બરાબર જ છે. જો વાનર જન્મના નિમિત્તભૂત કર્મથી પૂર્વજન્મના અનુભવની સમસ્ત વાસનાઓ ક્ષીણ થઈ જાય તો વાનર જન્મનો આરંભ થવાથી તત્કાલ ઉત્પન્ન થયેલાં વાનરને માતાના એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર જતી વખતે તેના પેટે ચોંટીને રહેવા વગેરેની કુશળતા પ્રાપ્ત ન હોય, કારણ કે આ જન્મમાં તો તેનો અભ્યાસ થયો નથી અને એવું પણ કહી ન શકાય કે આના પૂર્વવર્તી જન્મમાં પણ તેને વાનરત્વ જ પ્રાપ્ત હતું. **'વિદ્યા અને કર્મ તેનું અનુગમન કરે છે અને પૂર્વ જન્મની વાસના પણ'** (બૃ.ઉ. ૪-૪-૨) આ શ્રુતિથી પણ આ જ સિદ્ધ થાય છે. એટલે વાસના સમાન સમસ્ત કર્મોનો પણ ક્ષય થતો નથી, એટલા માટે શેષ કર્મોનું રહેવું સંભવ છે. કારણ કે આવી વાત છે એટલા માટે ઉપભુક્ત થયેલાં કર્મોથી બચેલાં કર્મ દ્વારા સંસારની પ્રાપ્તિ થવી ઉચિત જ છે – આવી રીતે કોઈ વિરોધ આવતો નથી.

તે કયો માર્ગ છે જેના પ્રત્યે તે પાછા આવે છે ? આ માટે શ્રુતિ આ કહે છે કે જે માર્ગે ગયા હતાં તેનાથી જ પાછા આવે છે.

પૂર્વપક્ષી :- ગમનનો ક્રમ તો આવી રીતે બતાવવામાં આવ્યો હતો કે માસોથી પિતૃલોકને, પિતૃલોકતી આકાશને અને આકાશથી ચંદ્રમાને પ્રાપ્ત થાય છે, પરંતુ નિવૃત્તિ આવી રીતે બતાવવામાં આવતી નથી. તો કેવી રીતે બતાવવામાં આવે છે ? – આકાશથી વાયુને પ્રાપ્ત થાય છે વગેરે રૂપે બતાવવામાં આવે છે, પછી 'જે માર્ગે ગયા હતા તેનાથી પાછા આવે છે' – આવું કેવી રીતે કહેવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે આકાશની પ્રાપ્તિ અને પૃથ્વીની પ્રાપ્તિ એ બંને દશાઓમાં સમાન છે. આના સિવાય આમાં એવા નિયમ પણ નથી કે જે માર્ગે ગયા હતાં તેનાથી જ પાછા આવે, કોઈ અન્ય પ્રકારે પણ પાછા જ આવી શકે છે. નિયમ તો ફક્ત એટલો જ છે કે તે ફરી પાછા આવે છે. એટલે 'જે માર્ગે ગયા હતાં' વગેરે કથન ફક્ત ઉપલક્ષણમાત્ર છે. એટલે ભૌતિક આકાશને તો તે પ્રાપ્ત થાય જ છે.

ચંદ્રમંડળમાં જે તેમનાં શરીરનો આરંભ કરનાર જળ હોય છે તે ત્યાંના ઉપભોગના નિમિત્તભૂત કર્મોનો ક્ષય થવાથી વિલીન થઈ જાય છે, જેવી રીતે કે અગ્નિનો સંયોગ થવાથી ઘૃતનો પિંડ વિલીન થઈ જાય છે. તે અંતરિક્ષસ્થ જળ વિલીન થઈને આકાશભૂત સમાન સૂક્ષ્મ થઈ જાય છે. અંતરિક્ષથી વાયુરૂપ થઈ જાય છે. તે વાયુમાં રહીને વાયુરૂપ થયેલો આમ-તેમ લઈ જવામાં આવે છે અને તેની જ સાથે, જેના કર્મ ક્ષીણ થઈ ગયા છે તે જીવ વાયુરૂપ થઈ જાય છે. વાયુ થઈને તે જળ સહિત જ ધૂમ થઈ જાય છે અને ધૂમ થઈને અભ્ર-જળભરણમાત્ર રૂપ થઈ જાય છે. ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अभ्रं भूत्वा मेघो भवति मेघो भूत्वा प्रवर्षति त इह व्रीहियवा ओषधिवनस्पतयस्तिलमाषा इति जायन्तेऽतो वै खलु दुर्निष्प्रपतरं यो यो ह्यन्नमत्ति यो रेतः सिञ्चति तद्भूय एव भवति ॥ ६ ॥

તે અભ્ર થઈને મેઘ થાય છે. મેઘ થઈને વરસે છે, ત્યારે તે જીવ આ લોકમાં ધાન, જવ, ઔષધિ, વનસ્પતિ, તલ અને અડદ વગેરે થઈને ઉત્પન્ન થાય છે. આવી રીતે આ નિષ્ક્રમણ નિશ્ચય જ અત્યંત કષ્ટપ્રદ છે. તે અન્નને જે-જે ભક્ષણ કરે છે અને જે-જે વીર્ય સેવન કરે છે, તદ્રુપ જ તે જીવ થઈ જાય છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- अभ्रं भूत्वा ततः सेचनसमर्थो मेघो भवति, मेघो भूत्वोन्नतेषु प्रदेशेष्वथ प्रवर्षति, वर्षधारारूपेण शेष-कर्मा पततीत्यर्थः । त इह व्रीहियवा ओषधिवनस्पतयस्तिलमाषा इत्येवंप्रकारा जायन्ते । क्षीणकर्मणामनेकत्वाद्बहुवचननिर्देशः । मेघादिषु पूर्वेष्वेकरूपत्वादेकवचननिर्देशः । ★ यस्माद्गिरितटदुर्गनदीसमुद्रारण्यमरुदेशादिसंनिवेशसहस्राणि वर्षधाराभिः पतितानाम्, अतस्तस्माद्धेतोर्वै खलु दुर्निष्प्रपतरं दुर्निष्करणं दुर्निःसरणम् । यतो गिरितटादुदकस्रोतसोह्यमाना नदीः प्राप्नुवन्ति, ततः समुद्रं ततो मकरादिभिर्भक्ष्यन्ते, तेऽप्यन्येन, तत्रैव च सह मकरेण समुद्रे विलीनाः समुद्राम्भोभिर्जलधरैराकृष्टाः पुनर्वर्षधाराभिर्मरुदेशे शिलातटे वागम्ये पतितास्तिष्ठन्ति, कदाचिद्व्यालमृगादिपीता भक्षिताश्चान्यैः, तेऽप्यन्यैरित्येवंप्रकाराः परिवर्तेरन्, कदाचिदभक्ष्येषु जातास्तत्रैव शुष्येरन्, भक्ष्येष्वपि स्थावरेषु जातानां रेतःसिग्देहसंबन्धो दुर्लभ एव, बहुत्वात्स्थावराणाम् इत्यतो दुर्निष्क्रमणत्वम् । ★ अथवा-तोऽस्माद्व्रीहियवादिभावाद्दुर्निष्प्रपतरं दुर्निर्गमतरम् । दुर्निष्प्रपतरमिति तकार एको लुप्तो द्रष्टव्यः । व्रीहियवादिभावो दुर्निष्प्रपतस्तस्मादपि दुर्निष्प्रपताद्रेतः सिग्देहसंबन्धो दुर्निष्प्रपततर इत्यर्थः, यस्मादूर्ध्वरेतोभिर्बालैः पुंस्त्वरहितैः स्थविरैर्वाभक्षिता अन्तराले शीर्यन्ते, अनेकत्वादन्नादानाम् । तदाचित्काकतालीयवृत्त्यारेतःसिग्भिर्भक्ष्यन्ते यदा, तदा रेतःसिग्भावं गतानां कर्मणो वृत्तिलाभः । ★ कथम् ? यो यो ह्यन्नमत्त्यनुशयिभिः संश्लिष्टं रेतःसिक्, यश्च रेतः सिञ्चत्यृतुकाले योषिति तद्भूय एव तदाकृतिरेव भवति, तदवयवाकृतिभूयस्त्वं भूय इत्युच्यते, रेतोरूपेण योषितो गर्भाशयेऽन्तःप्रविष्टोऽनुशयी रेतसो रेतःसिगाकृतिभावितत्वात्, **'सर्वेभ्योऽङ्गेभ्यस्तेजः संभूतम्'** (ऐ.उप. ४-१) इति हि श्रुत्यन्तरात् । अतो रेतःसिगाकृतिरेव भवतीत्यर्थः । तथा हि—पुरुषात्पुरुषो जायते गोर्गवाकृतिरेव न जात्यन्तराकृतिः, तस्माद्युक्तं तद्भूय एव भवतीति । ★ ये त्वन्येऽनुशयिभ्यश्चन्द्रमण्डलमनारुह्यैहैव पापकर्मभिर्घोरैर्व्रीहियवादिभावं प्रतिपद्यन्ते, न पुनर्मनुष्यादिभावम्, तेषां नानुशयिनामिव । दुर्निष्प्रपतरम् । कस्मात् ? कर्मणा हि तैर्व्रीहियवादिदेह उपात्त इति तदुपभोगनिमित्तक्षये व्रीह्यादिस्तम्बदेहविनाशे यथाकर्मार्जितं देहान्तरं नवं नवं जलूकावत्संक्रमन्ते सविज्ञाना एव, **'सविज्ञानो भवति सविज्ञानमेवान्ववक्रामति'** (बृ.उप. ४-४-२) इति श्रुत्यन्तरात् । यद्यप्युपसंहृतकरणाः सन्तो देहान्तरं गच्छन्ति तथापि स्वप्नवद्देहान्तरप्राप्तिनिमित्तकर्मोद्भावितवासनाज्ञानेन सविज्ञाना एव देहान्तरं गच्छन्ति, श्रुतिप्रामाण्यात् । ★ तथार्चिरादिना धूमादिना च गमनं स्वप्न इवोद्भूतविज्ञानेन, लब्धवृत्तिकर्मनिमित्तत्वाद्गमनस्य । न तथानुशयिनां व्रीह्यादिभावेन जातानां सविज्ञानमेव रेतःसिग्योषिद्देहसंबन्ध उपपद्यते, न हि व्रीह्यादिलवनकण्डनपेषणादौ च सविज्ञानानां स्थितिरस्ति । ★ ननु चन्द्रमण्डलादप्यवरोहतां देहान्तरगमनस्य तुल्यत्वाज्जलूकावत्सविज्ञानतैव युक्ता, तथा सति घोरो नरकानुभव इष्टापूर्तादिकारिणां चन्द्रमण्डलादारभ्य प्राप्तो यावद्ब्राह्मणादिजन्म, तथा च सत्यनर्थायैवेष्टापूर्ताद्युपासनं विहितं स्यात्, श्रुतेश्चाप्रामाण्यं प्राप्तम्, वैदिकानां कर्मणामनर्थानुबन्धित्वात् । ★ न, वृक्षारोहणपतनवद्विशेषसंभवात् । देहाद्देहान्तरं प्रतिपित्सोः कर्मणो लब्धवृत्तित्वात्कर्मणोद्भावितेन विज्ञानेन सविज्ञानत्वं युक्तम् । वृक्षाग्रमारोहत इव फलं जिघृक्षोः, तथार्चिरादिना गच्छतां सविज्ञानत्वं भवेत्, धूमादिना च चन्द्रमण्डलमारुरुक्षताम् । न तथा चन्द्रमण्डलादवरुरुक्षतां वृक्षाग्रादिव पततां सचेतनत्वम् । ★ यथा च मुद्गराद्यभिहतानां तदभिघातवेदनानिमित्तसंमूर्च्छित-प्रतिबद्धकरणानां स्वदेहेनैव देशाद्देशान्तरं नीयमानानां विज्ञानशून्यता दृष्टा, तथा चन्द्रमण्डलान्मानुषादिदेहान्तरं प्रत्यवरुरुक्षतां स्वर्ग-भोगनिमित्तकर्मक्षयान्मृदिताब्देहानां प्रतिबद्धकरणानाम् । अतस्तेऽपरित्यक्तदेहबीजभूताभिरद्भिर्मूर्छिता इवाकाशादिक्रमेणेमामवरुह्य कर्मनिमित्तजातिस्थावरदेहैः संश्लिष्यन्ते । प्रतिबद्धकरणतयानुद्भूतविज्ञाना एव । ★ तथा लवनकण्डनपेषणसंस्कारभक्षणरसादि-परिणामरेतःसेककालेषु मूर्छितवदेव, देहान्तरारम्भकस्य कर्मणोऽलब्धवृत्तित्वात् । देहबीजभूताप्संबन्धापरित्यागेनैव सर्वास्ववस्थासु वर्तन्त इति जलूकावच्चेतनावत्त्वं न विरुध्यते । अन्तराले त्वविज्ञानं मूर्छितवदेवेत्यदोषः । ★ न च वैदिकानां कर्मणां हिंसा-युक्तत्वेनोभयहेतुत्वं शक्यमनुमातुम्, हिंसायाः शास्त्रचोदितत्वात् **'अहिंसन्सर्वभूतान्यन्यत्र तीर्थेभ्यः'** इति श्रुतेः शास्त्रचोदिताया हिंसाया नाधर्महेतुत्वमभ्युपगम्यते । अभ्युगतेऽप्यधर्महेतुत्वे मन्त्रैर्विषादिवत्तदपनयोपपत्तेर्न दुःखकार्यारम्भकत्वोपपत्तिर्वैदिकानां कर्मणां मन्त्रेणेव विषभक्षणस्येति ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- અભ્ર થઈને તેના પછી તે વર્ષા કરવામાં સમર્થ મેઘ થાય છે. પછી મેઘ થઈને ઊંચા સ્થાનોમાં વૃષ્ટિ કરે છે અર્થાત્ કર્મોના શેષ રહેવાને કારણે વર્ષાની ધારાઓના રૂપમાં વર્ષી જાય છે. તે જીવ આ લોકમાં ધાન, જવ, ઔષધિ, વનસ્પતિ, તલ અને અડદ વગેરે પ્રકારે ઉત્પન્ન થાય છે. ક્ષીણકર્મા જીવોની અનેકતા હોવાને કારણે અહીં ('તે जायन्ते' વગેરે રૂપથી) બહુવચનનો નિર્દેશ કરવામાં આવ્યો છે, આનાથી પહેલાં મેઘ વગેરેમાં એકરૂપ હોવાને કારણે એકવચનનો નિર્દેશ થયો છે.

કારણ કે વર્ષાની ધારાઓ દ્વારા પડેલાં જીવોના પર્વતતટ, કિલ્લા, નદી, સમુદ્ર, વન તેમજ મરુસ્થલ વગેરે હજારો સ્થાન છે, એટલે આ બધા કારણોથી તેના આ દુર્નિષ્પ્રપતર - દુર્નિષ્ક્રમણ અર્થાત્ કષ્ટમય નિસરણ છે, કારણ કે જળના પ્રવાહ દ્વારા ગિરિતટથી લઈ જવામાં આવતાં તે (જીવ) નદીને પ્રાપ્ત થાય છે અને તેનાથી સમુદ્રને, અને તેના પછી મગર વગેરેથી ખાવામાં આવે છે અને તે પણ બીજાઓથી ભક્ષિત થાય છે. અને ત્યાં સમુદ્રમાં જ જો મગર સાથે લીન થઈ ગયા તો સમુદ્રના જળ સાથે મેઘોથી આકર્ષિત થઈને પછી વર્ષાની ધારાઓ દ્વારા મરુભૂમિ, શિલાતટ અથવા અગમ્ય સ્થાનોમાં પડીને ત્યાં રહે છે, કદી સર્પ તેમજ મૃગાદિથી પીવામાં આવે છે અથવા બીજા જીવો દ્વારા ભક્ષિત થાય છે અને તે પણ કોઈ અન્ય જીવો દ્વારા ખાઈ જવામાં આવે છે (આવી રીતે તે અનુશયી જીવ પરિવર્તિત થઈને રહે છે). કદી અભક્ષ્યોમાં ઉત્પન્ન થવાથી તે ત્યાં સુકાઈ જાય છે. ભક્ષ્યોમાં પણ સ્થાવરોમાં ઉત્પન્ન થયેલાં જીવોને વીર્ય સિંચન કરનારા શરીરનો સંબંધ પ્રાપ્ત થવો એ તો કઠિન જ છે, કારણ કે સ્થાવરોની સંખ્યા બહુ જ છે. એટલા માટે અનુશયી જીવનું નિષ્ક્રમણ દુઃખમય જ છે.

અથવા એમ સમજો કે આ વ્રીહિયવાદિ ભાવથી જીવનો છુટકારો થવો બહુ જ કઠિન છે. 'दुर्निष्प्रपततरम्' આ પદમાં એક તકાર લુપ્ત સમજવો જોઈએ. એટલે તાત્પર્ય આ છે કે વ્રીહિયવાદિ ભાવ દુર્નિષ્પ્રપત છે અને તે દુર્નિષ્પ્રપતથી વીર્યસેચન કરનારાં શરીરનો સંબંધ દુર્નિષ્પ્રપતતર છે. કારણ કે અન્ન ભક્ષણ કરનારા અનેક હોવાને કારણે ઊર્ધ્વરિતા, બાળક, નપુંસક અથવા વૃદ્ધ પુરુષો દ્વારા ખવાતાં તે પેટની અંદર જ નષ્ટ થઈ જાય છે. જે વખતે કાકતાલીય ન્યાયથી તે ક્યારે વીર્યસેચન કરનારા પુરુષો દ્વારા ભક્ષિત કરવામાં આવે છે. તે વખતે વીર્ય સેચકરૂપતાને પ્રાપ્ત થયેલાં તે જીવોને કર્મોની વૃત્તિનો લાભ થાય છે.

કેવી રીતે વૃત્તિલાભ થાય છે ? - જે - જે વીર્યસેચક અનુશયી જીવોથી યુક્ત અન્ન ભક્ષણ કરે છે અને પછી ઋતુકાળમાં સ્ત્રીમાં વીર્ય સેચન કરે છે તે જીવ તદ્રૂપ અર્થાત્ તેના આકારનો થઈ જાય છે. તેના અવયવોની આકૃતિની અધિકતા છે ભૂય એવું કહેવામાં આવે છે. આવી રીતે વીર્યરૂપે સ્ત્રીના ગર્ભાશયમાં પ્રવિષ્ટ થયેલો જીવ તદ્રૂપ થઈ જાય છે, કારણ કે વીર્ય વીર્યસેચન કરનારાની આકૃતિથી ભાવિત હોય છે, જેમ કે **'પુરુષના સંપૂર્ણ અંગોથી તેજ (વીર્ય) ઉત્પન્ન થયું.'** (ઐ.ઉપ. ૪-૧) આ અન્ય શ્રુતિથી પ્રમાણિત થાય છે. એટલા માટે તાત્પર્ય આ છે કે તે વીર્યસેચન કરનારાની જ આકૃતિના થઈ જાય છે. આનાથી પુરુષથી પુરુષ અને બળદથી બળદના આકારવાળા જ પ્રાણી થાય છે, અન્ય જાતિની આકૃતિવાળા થતાં નથી. એટલે તે તદ્રૂપ જ થાય છે - આ કથન બરાબર જ છે.

પરંતુ જે અનુશયી જીવોથી અલગ પ્રાણી પોતાના ઘોર પાપકર્મોના કારણે ચંદ્ર મંડળ ઉપર આરુઢ થયા વિના જ વ્રીહિયવાદિ ભાવને પ્રાપ્ત થાય છે, મનુષ્યાદિ ભાવને પ્રાપ્ત થતાં નથી, તેના વ્રીહિ-યવાદિ ભાવથી નિષ્ક્રમણ થવું બહુ કષ્ટપ્રદ નથી. કેમ નથી ? કારણ કે તેમણે કર્મના કારણે જ વ્રીહિયવાદિ દેહ પ્રાપ્ત કર્યો છે, એટલે તે ઉપભોગના નિમિત્તનો ક્ષય થવાથી વ્રીહિ વગેરે સ્તંબ દેહનો નાશ થઈ જવાને કારણે તે જાણી જોઈને એક તણખલાંથી બીજા તણખલાં ઉપર જનારી જીવડાં જેમ પોતાના કર્માનુસાર ઉપાર્જિત અન્ય નવા નવા શરીરમાં વિજ્ઞાનયુક્ત રહીને જ સંક્રમણ કરે છે. જેમ કે **'તે સવિજ્ઞાન વિજ્ઞાનનાળો થાય છે અને સવિજ્ઞાન રહીને જ અન્ય શરીરમાં સંક્રમણ કરે છે'** (બૃ.ઉપ. ૪-૪૨) આ અન્ય શ્રુતિથી પણ સિદ્ધ થાય છે. જે પણ જીવ ઈન્દ્રિયોનો ઉપસંહાર (હૃદયમાં લય) થઈ જવાથી જ દેહાન્તરમાં જાય છે, તો પણ આ શ્રુતિ પ્રમાણથી તે સ્વપ્ન સમાન દેહાન્તરની પ્રાપ્તિના નિમિત્તભૂત કર્મથી ઉત્પન્ન થયેલી વાસનાના વિજ્ઞાનથી સવિજ્ઞાન થતાં જ દેહાન્તરને પ્રાપ્ત થાય છે.

આવી રીતે ઉપાસકોના અર્ચિ વગેરે માર્ગથી અને સકામ કર્મીઓનું ધૂમ વગેરે માર્ગે જે ગમન કરે છે તે પણ સ્વપ્ન સમાન ઉદ્ભૂત વાસનાત્મક વિજ્ઞાનથી સવિજ્ઞાન થયેલાં જીવોનો જ થાય છે, કારણ કે તે ગમન લબ્ધવૃત્તિ (પોતાનું ફળ આપવા માટે ઉન્મુખ) કર્મના કારણે થાય છે. પરંતુ વ્રીહિ-યવાદિ રૂપથી ઉત્પન્ન થયેલાં અનુશયી જીવોના જે વીર્યનો આધાન કરનારા પુરુષ અથવા સ્ત્રીના દેહ સાથે સંબંધ થાય છે તે તેના સવિજ્ઞાન રહેતાં જ થાય, આ સંભવ નથી, કારણ કે વ્રીહિ વગેરેના કાપવાથી, કૂટવાથી અથવા પીસવામાં સવિજ્ઞાન જીવોની સ્થિતિ રહી શકતી નથી.

પૂર્વપક્ષી :- ચંદ્ર મંડળથી ઉતરનાર જીવોનું દેહાન્તર ગમન પણ એવું જ હોવાને કારણે તેની પણ જીવડાંની જેમ સવિજ્ઞાનતા જ માનવી ઉચિત છે. એવું થતાં ઇષ્ટ-પૂર્ત વગેરે કર્મ કરનારાઓને ચંદ્રમંડલથી લઈને જ્યાં સુધી બ્રાહ્મણ વગેરે જન્મની પ્રાપ્તિ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં સુધી ઘોર નરકનો અનુભવ થવો સિદ્ધ થાય. આવી અવસ્થામાં ઇષ્ટ-પૂર્ત વગેરે ઉપાસના અનર્થને માટે જ વિહિત માનવામાં આવે છે અને આવી રીતે વૈદિક કર્મના અનર્થકારી થવાને કારણે શ્રુતિની અપ્રમાણિકતા સિદ્ધ થાય.

સિદ્ધાન્તી :- ના, (એવી વાત નથી), કારણ કે વૃક્ષ પર ચઢવા અને ઉપરથી પડવા સમાન આ અવસ્થાઓમાં અંતર રહેવું સંભવ છે. એક દેહથી બીજા દેહને પ્રાપ્ત કરાવવાની ઇચ્છાવાળા કર્મ લબ્ધવૃત્તિ હોવાને કારણે તે કર્મો દ્વારા ઉત્પન્ન કરેલા વિજ્ઞાનથી તે જીવનું સવિજ્ઞાન રહેવું ઉચિત છે. ફળ લેવાની ઇચ્છાથી વૃક્ષ પર ચઢનારા મનુષ્યની જેવી રીતે સવિજ્ઞાનતા સંભવ છે, એવી રીતે અર્ચિરાદિ માર્ગથી જનારા તથા ધૂમાદિ માર્ગથી ચંદ્રમંડળ ઉપર આરૂઢ થનારા જીવોની પણ સવિજ્ઞાનતા સંભવે છે. પરંતુ આવી રીતે વૃક્ષના અગ્રભાગેથી પડનારા પુરુષો સમાન ચંદ્રમંડળથી પડનારાઓની સચેતનતા સંભવ નથી.

જેવી રીતે કે મુદ્ગરાદિથી આહત (હથોડા વગેરેથી મારવામાં આવેલો) પુરુષ જેની સંપૂર્ણ ઇન્દ્રિયો તેના આઘાતોની વેદનાને કારણે મૂર્ચ્છિત અથવા પ્રતિબદ્ધ (કુંઠિત) થઈ જાય છે, પોતાના દેહથી જ એક સ્થાનથી બીજા સ્થાન પર લઈ જતી વખતે વિજ્ઞાન શૂન્ય (અચેત) જોવામાં આવે છે, તેવી રીતે સ્વર્ગભોગના નિમિત્તભૂત કર્મોનો ક્ષય થઈ જવાથી જેના જલીય શરીર નષ્ટ થઈ ગયા છે અને સંપૂર્ણ ઇન્દ્રિયો અવરુદ્ધ થઈ ગઈ છે તે ચંદ્રમંડળથી મનુષ્યાદિ દેહાન્તરો પ્રત્યે પડનારા અનુશયી જીવોની (વિજ્ઞાનશૂન્યતા ઉચિત જ છે). એટલે દેહના બીજભૂત જળના પરિત્યક્ત ન થવાથી તે તેના સહિત જ મૂર્છિત થયેલા જેવી આકાશાદિ ક્રમથી આ પૃથ્વી પર ઉતરીને પોતાના કર્માનુસાર જાતિવાળા સ્થાવર શરીરોમાં ભળી જાય છે અને ઇન્દ્રિયો પ્રતિબદ્ધ રહેવાને કારણે અનુદ્ભૂત વિજ્ઞાન (અચેત) જ રહે છે.

આવી રીતે તે કાપવાથી, કૂટવાથી, પીસવાથી, પકાવવાથી, ખાવું રસાદિ રૂપમાં પરિણત થવાથી અને વીર્ય સેચકના સમયે પણ મૂર્ચ્છિત જેવા જ રહે છે, કારણ કે તેના દેહાન્તરનો આરંભ કરનારા કર્મ અલબ્ધવૃત્તિ રહે છે. તે સમસ્ત અવસ્થાઓમાં દેહના બીજભૂત જળનો સંબંધ ન છોડતાં જ વિદ્યમાન રહે છે, એટલે જીવડાંની જેમ તેના ચેતનાયુક્ત હોવામાં પણ કોઈ વિરોધ આવતો નથી. વચ્ચે જે વિજ્ઞાન શૂન્ય દશા રહે છે તે મૂર્ચ્છિત સમાન છે, એટલા માટે તેમાં કોઈ દોષ નથી.

વળી વૈદિક કર્મોનું હિંસાથી યુક્ત હોવાને કારણે ઉભય હેતુત્વનું અનુમાન કરવું શક્ય નથી. કારણ ત્યાં હિંસાનું વિધાન શાસ્ત્ર દ્વારા કરાયું છે. **'સર્વભૂતોની હિંસા તીર્થો સિવાય અન્યત્ર કરવી નહીં'** એવ શ્રુતિ છે. તેથી શાસ્ત્ર દ્વારા વિહિત હિંસા અધર્મનું કારણ છે એવું સ્વીકારી શકાય નહીં. એમાં અધર્મનો હેતુ છે એવું સ્વીકારવામાં આવે તો પણ મંત્રથી ઝેરનું જેમ દૂર કરવું શક્ય છે તેમ વૈદિક કર્મોમાં દુઃખના કાર્યનો આરંભ શક્ય નથી. ઝેરના ભક્ષણની જેમ (ઝેર ખાય પણ મંત્રથી એ દૂર થઈ જાય છે તેમ આ કર્મોના ફળરૂપે આવતું દુઃખ શાસ્ત્ર વિધાનને કારણે દૂર થઈ જાય છે.) ॥ ६ ॥

तद्य इह रमणीयचरणा अभ्याशो ह यत्ते रमणीयां योनिमापद्येरन्ब्राह्मणयोनिं वा क्षत्रिययोनिं वा वैश्ययोनिं वाथ य इह कपूयचरणा अभ्याशो ह यत्ते कपूयां योनिमापद्येरञ्श्वयोनिं वा सूकरयोनिं वा चण्डालयोनिं वा ॥ ७ ॥

તે (અનુશયી જીવો)માં જે સારા આચરણવાળા થાય છે તે શીઘ્ર ઉત્તમ યોનિને પ્રાપ્ત થાય છે. તે બ્રાહ્મણ યોનિ, ક્ષત્રિય યોનિ અથવા વૈશ્ય યોનિ પ્રાપ્ત કરે છે અને જે અશુભ આચરણવાળા થાય છે તે તત્કાળ અશુભ યોનિને પ્રાપ્ત થાય છે. તે કૂતરાની યોનિ, સૂકર યોનિ અથવા ચાંડાળયોનિને પ્રાપ્ત કરે છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्र तेष्वनुशयिनां य इह लोके रमणीयं शोभनं चरणं शीलं येषां ते रमणीयचरणा रमणीयचरणेनोपलक्षितः शोभनोऽनुशयः पुण्यं कर्म येषां ते रमणीयचरणा उच्यन्ते । क्रौर्यानृतमायावर्जितानां हि शक्य उपलक्षयितुं शुभानुशयसद्भावः । तेनानुशयेन पुण्येन कर्मणा चन्द्रमण्डले भुक्तशेषेणाभ्याशो ह क्षिप्रमेव, यदिति क्रियाविशेषणम्, ते रमणीयां क्रौर्यादिवर्जितां योनिमापद्येरन्प्राप्नुयुर्ब्राह्मणयोनिं वा क्षत्रिययोनिं वा वैश्ययोनिं वा स्वकर्मानुरूपेण । ★ अथ पुनर्ये तद्विपरीताः कपूयचरणोपलक्षित-कर्माणोऽशुभानुशया अभ्याशो ह यत्ते कपूयां यथाकर्म योनिमापद्येरन्कपूयामेव धर्मसंबन्धवर्जितां जुगुप्सितां योनिमापद्येरञ्श्वयोनिं वा सूकरयोनिं वा चाण्डालयोनिं वा स्वकर्मानुरूपेणैव ॥ ७ ॥

શાંકરભાષ્ય :- તત્ - ત્યાં. તે અનુશયી જીવોમાં જેમનું આ લોકમાં રમણીય-શુભચરણ-શીલ હોય છે તે શુદ્ધાચારી જીવ-જેના રમણીય ચરણથી ઉપલક્ષિત શુભ અનુશય એટલે પુણ્ય કર્મ હોય છે - તે રમણીય ચરણ કહેવાય છે. જે લોકો ક્રૂરતા, અસત્ય અને કપટથી રહિત છે, તેમનામાં શુભાનુશયનું અસ્તિત્વ જોવામાં આવે છે. ચંદ્રમંડળના ભોગથી બચેલાં તે પુણ્ય અનુશય એટલે કર્મથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તે અભ્યાસ - તરત જ રમણીય - ક્રૂરતા વગેરેથી રહિત યોનિને પ્રાપ્ત થાય છે. અહીં 'यत्' શબ્દ ક્રિયાવિશેષણ છે. પોતાના કર્મો અનુસાર તે બ્રાહ્મણયોનિ, ક્ષત્રિયયોનિ અથવા શુદ્રયોનિને પ્રાપ્ત કરે છે.

પરંતુ તેનાથી વિપરીત જે કપૂયચરણથી ઉપલક્ષિત કર્મવાળા અર્થાત્ અશુભ અનુશયવાળા થાય છે તે શીઘ્ર જ પોતાના કર્માનુસાર કપૂયયોનિને પ્રાપ્ત થાય છે. કપૂય - ધર્મ સંબંધથી રહિત અર્થાત્ નિંદનીય યોનિને જ પ્રાપ્ત થાય છે. તે પણ પોતાના કર્મો અનુસાર જ કુતરાની યોનિ, સૂકર યોનિ અથવા ચાંડાળ યોનિ પ્રાપ્ત કરે છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- ये तु रमणीयचरणा द्विजातयस्ते स्वकर्मस्थाश्चेदिष्टादिकारिणस्ते धूमादिगत्या गच्छन्त्यागच्छन्ति च पुनः पुनर्घटीयन्त्रवत् । विद्यां चेत्प्राप्नुयुस्तदार्चिरादिना गच्छन्ति । यदा तु न विद्यासेविनो नापीष्टादिकर्म सेवन्ते तदा–

શાંકરભાષ્ય :- પરંતુ જે શુભાચરણસીલ દ્વિજાતિ છે તે જો પોતાના કર્મોમાં રહીને ઈષ્ટાદિ કર્મ કરનારા થાય છે તો ઘટીકા યંત્ર સમાન ધૂમાદિ માર્ગે પુનઃ પુનઃ આવતાં જતાં રહે છે અને જો તેમને (ઉપાસનાત્મક) વિદ્યાની પ્રાપ્ત થઈ જાય છે તો અર્ચિ વગેરે માર્ગે આવે છે અને જે સમયે તે ન તો ઉપાસના કરનાર થાય છે અને ન (ઈષ્ટાદિ) કર્મોનું જ સેવન કરે છે ત્યારે –

अथैतयोः पथोर्न कतरेण च न तानीमानि क्षुद्राण्यसकृदावर्तीनि भूतानि भवन्ति जायस्व म्रियस्वेत्येतत्तृतीयꣳ स्थानं तेनासौ लोको न सम्पूर्यते तस्माज्जुगुप्सेत तदेष श्लोकः ॥ ८ ॥

આમાંના કોઈપણ માર્ગે જતાં નથી. તે આ શુદ્ર અને વારંવાર આવનારા અને જનારા પ્રાણીઓ થાય છે. 'ઉત્પન્ન થાવ અને મરો' આ તેનું તૃતીય સ્થાન હોય છે. આ જ કારણે આ પરલોક ભરાતો નથી. એટલે (આ સંસારગતિથી) ઘૃણા કરવી જોઈએ. આ વિષયમાં આ મંત્ર છે. ॥ ૮ ॥

शाङ्करभाष्यम् :- अथैतयोः पथोर्यथोक्तयोरर्चिर्धूमादिलक्षणयोर्न कतरेण अन्यतरेण च नापियन्ति । तानीमानि भूतानि क्षुद्राणि दंशमशककीटादीन्यसकृदावर्तीनि भवन्ति । अत उभयमार्गपरिभ्रष्टा ह्यसकृज्जायन्ते म्रियन्ते चेत्यर्थः । तेषां जननमरण-सन्ततेरनुकरणमिदमुच्यते । जायस्व म्रियस्वेतीश्वरनिमित्तचेष्टोच्यते । जननमरणक्षणेनैव कालयापना भवति, न तु क्रियासु शोभनेषु भोगेषु वा कालोऽस्तीत्यर्थः । ★ एतत्क्षुद्रजन्तुलक्षणं तृतीयं पूर्वोक्तौ पन्थानावपेक्ष्य स्थानं संसरताम्, येनैवं दक्षिणमार्गगा अपि पुनरागच्छन्ति, अनधिकृतानां ज्ञानकर्मणोरगमनमेव दक्षिणेन पथेति, तेनासौ लोको न सम्पूर्यते । ★ पञ्चमस्तु प्रश्नः पञ्चाग्निविद्यया व्याख्यातः । प्रथमो दक्षिणोत्तरमार्गाभ्यामपाकृतः । दक्षिणोत्तरयोः पथोर्व्यावर्तनापि–मृतानामग्नौ प्रक्षेपः समानः, ततो व्यावर्तना, अन्येऽर्चिरादिना यन्ति, अन्ये धूमादिना, पुनरुत्तरदक्षिणायने षण्मासान्प्राप्नुवन्तः संयुज्य पुनर्व्यावर्तन्ते, अन्ये संवत्सरमन्ये मासेभ्यः पितृलोकम्–इति व्याख्याता । पुनरावृत्तिरपि क्षीणानुशयानां चन्द्रमण्डलादाकाशादिक्रमेणोक्ता । अमुष्य लोकस्यापूरणं स्वशब्देनैवोक्तम्, तेनासौ लोको न सम्पूर्यत इति । ★ यस्मादेवं कष्टा संसारगतिस्तस्माज्जुगुप्सेत । यस्माच्च जन्ममरणजनितवेदनानुभवकृतक्षणाः क्षुद्रजन्तवो ध्वान्ते च घोरे दुस्तरे प्रवेशिताः सागर इवागाधेऽप्लवे निराशाश्चोत्तरणं प्रति, तस्माच्चैवंविधां संसारगतिं जुगुप्सेत बीभत्सेत घृणी भवेत्, मा भूदेवंविधे संसारमहोदधौ घोरे पात इति । तदेतस्मिन्नर्थ एष श्लोकः पञ्चाग्निविद्यास्तुतये ॥ ८ ॥

શાંકરભાષ્ય :- તે આ પૂર્વોક્ત અર્ચિ વગેરે અને ધૂમાદિ માર્ગોમાંથી કોઈપણ એક દ્વારા જતાં નથી. તે એ શુદ્ર પ્રાણી ડાંસ, મચ્છર અને કીડા વગેરે વારંવાર આવનાર-જનારા જીવ થાય છે. એટલે તાત્પર્ય આ છે કે તે આ બંનેય માર્ગોથી પરિભ્રષ્ટ થઈને વારંવાર જન્મતાં-મરતાં રહે છે. આ તેમના જન્મ-મરણની અવિચ્છિન્ન પરંપરાનું અનુકરણ કહેવામાં આવે છે. 'જન્મ લો અને મરો' આ ઈશ્વર-નિમિત્ત ચેષ્ટા બતાવવામાં આવે છે. અર્થાત્ તેનો સમય જન્મ લેવામાં અને મરવામાં જ જાય છે, કર્મ કરવામાં અથવા ભોગ ભોગવવાને માટે તેને અવકાશ જ મળતો નથી.

જન્મ-મરણ પરંપરામાં પડેલાં જીવોનું પહેલાં બે માર્ગોની અપેક્ષાએ આ શુદ્ર જીવરૂપ ત્રીજું સ્થાન છે. કારણ કે આવી રીતે દક્ષિણ માર્ગગામી પણ પાછા આવે છે અને જ્ઞાન અને કર્મના અનધિકારીઓનું તો દક્ષિણ માર્ગે ત્યાં જવાનું પણ થતું નથી, એટલા માટે આ પરલોક ભરાતો નથી.

(ઉપર્યુક્ત પ્રશ્નોમાંથી) પાંચમા પ્રશ્નની વ્યાખ્યા પંચાગ્નિ વિદ્યા દ્વારા કરવામાં આવી, પ્રથમ પ્રશ્નનું અપાકરણ દક્ષિણ તેમજ ઉત્તર માર્ગના વર્ણનથી કરવામાં આવ્યું. અને મરેલાં ઉપાસક અને કર્મઠ આમને અગ્નિમાં નાંખવા એક સમાન હોય છે, ત્યાંથી આગળ તેમનો વિયોગ થાય છે. તેમાંથી એક અર્ચિ વગેરે માર્ગથી જાય છે અને બીજા ધૂમાદિ માર્ગથી. પછી ઉત્તરાયણ અને દક્ષિણાયન - આ છ-છ મહિનાઓને પ્રાપ્ત થઈને તે એકવાર મળીને પછી વિખુટા પડી જાય છે. તેમનામાંથી એક તો સંવત્સરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

પ્રાપ્ત થાય છે અને બીજા માસાભિમાની પિતૃલોકમાં જાય છે - આવી રીતે દક્ષિણ અને ઉત્તર માર્ગોની વ્યાવર્તના-વ્યાવૃત્તિની પણ વ્યાખ્યા કરવામાં આવી. જેનું અનુશય (કર્મ) ક્ષીણ થઈ ગયું છે, તે જીવોની ચંદ્રમંડળથી આકાશાદિ ક્રમે પુનરાવૃત્તિ બતાવવામાં આવી. આ પરલોકની અપૂર્તિનું તો 'तेनासौ लोको न सम्पूर्यते' એવા પ્રત્યક્ષ શબ્દોથી જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કારણ કે આવી રીતે સંસારગતિ અત્યંત કષ્ટમયી છે, એટલા માટે તેનાથી ઘૃણા કરવી જોઈએ. કારણ કે જન્મ-મરણથી થનારી વેદનાના અનુભવમાં જ જેમનો સમય જાય છે તે શુદ્ર જીવ નૌકા વિનાના અગાધ સાગર સમાન, જેને પાર કરવામાં તે નિરાશ રહે છે, અતિ દુસ્તર ઘોર અજ્ઞાનાંધકારમાં પ્રવેશ કરી જાય છે, એટલા માટે આ પ્રકારની સંસાર ગતિમાં જુગુપ્સા - બીભત્સના અર્થાત્ ઘૃણા કરવી જોઈએ કે આવી રીતના ઘોર સંસાર-મહાસાગરમાં અમારું પતન ન થાય. તે જ અર્થમાં પંચાગ્નિ વિદ્યાની સ્તુતિ માટે આ મંત્ર છે. ॥ ૮ ॥

स्तेनो हिरण्यस्य सुरां पिबꣳश्च गुरोस्तल्पमावसन्ब्रह्महा चैते पतन्ति चत्वारः पञ्चमश्चाचरꣳ स्तैरिति ॥ ९ ॥

સુવર્ણનો ચોર, મદ્ય પાન કરનાર, ગુરુસ્ત્રીગામી, બ્રહ્મહત્યારો આ ચારે પતિત હોય છે અને પાંચમો તેઓની સાથે સંસર્ગ કરનારો પણ. ॥ ૯ ॥

शाङ्करभाष्यम् :- स्तेनो हिरण्यस्य ब्राह्मणसुवर्णस्य हर्ता । सुरां पिबन्ब्राह्मणः सन् । गुरोश्च तल्पं दारानावसन् । ब्रह्महा ब्राह्मणस्य हन्ता चेत्येते पतन्ति चत्वारः पञ्चमश्च तैः सहाचरन्निति ॥ ९ ॥

શાંકરભાષ્ય :- સુવર્ણનો ચોર અર્થાત્ બ્રાહ્મણનું સોનું ચોરનાર, બ્રાહ્મણ થઈને મદિરા પાન કરનાર, ગુરુના તલ્પ એટલે પત્ની સાથે સહવાસ કરનાર અને બ્રહ્મહા-બ્રાહ્મણની હત્યા કરનાર - આ ચાર પતિત હોય છે અને પાંચમો તેમની સાથે આચરણ (વ્યવહાર) કરનાર. ॥ ૯ ॥

अथ ह य एतानेवं पञ्चाग्नीन्वेद न सह तैरप्याचरन्पाप्मना लिप्यते शुद्धः पूतः पुण्यलोको भवति य एवं वेद य एवं वेद ॥ १० ॥

પરંતુ જે આવી રીતે આ પંચાગ્નિઓને જાણે છે તે તેમની સાથે આચરણ (સંસર્ગ) કરીને પણ પાપથી લિપ્ત થતાં નથી. તે શુદ્ધ, પવિત્ર અને પુણ્યલોકનો ભાગી થાય છે, જે આવી રીતે જાણે છે, જે આવી રીતે જાણે છે. ॥ ૧૦ ॥

शाङ्करभाष्यम् :- अथ ह पुनर्यो यथोक्तान्पञ्चाग्नीन्वेद, स तैरप्याचरन्महापातकिभिः सह न पाप्मना लिप्यते, शुद्ध एव । तेन पञ्चाग्निदर्शनेन पावितो यस्मात्पूतः, पुण्यो लोकः प्राजापत्यादिर्यस्य सोऽयं पुण्यलोको भवति । य एवं वेद यथोक्तं समस्तं पञ्चभिः प्रश्नैः पृष्टमर्थजातं वेद । द्विरुक्तिः समस्तप्रश्ननिर्णयप्रदर्शनार्था ॥ १० ॥

શાંકરભાષ્ય :- પરંતુ જે ઉપર્યુક્ત પંચાગ્નિઓને જાણે છે તે આ મહાપાપીઓની સાથે આચરણ (વ્યવહાર) કરીને પણ પાપથી લિપ્ત થતો નથી, શુદ્ધ જ રહે છે, કારણ કે તે પંચાગ્નિ વિદ્યાથી તે પવિત્ર થઈ જાય છે એટલા માટે પુણ્યલોક - જે બ્રહ્મલોક વગેરે પવિત્ર લોકની પ્રાપ્તિ થાય છે એવો પુણ્યલોક થઈ જાય છે, જે કે આવી રીતે જાણે છે અર્થાત્ પાંચ પ્રશ્નો દ્વારા પૂછવામાં આવેલાં ઉપર્યુક્ત સમસ્ત વિષયને જાણે છે. દ્વિરુક્તિ સમસ્ત પ્રશ્નોનો નિર્ણય પ્રદર્શિત કરવાને માટે છે. ॥ ૧૦ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये दशमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १० ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના દશમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकादशः खण्डः

शाङ्करभाष्यम् :- दक्षिणेन पथा गच्छतामन्नभाव उक्तः–**'तद्देवानामन्नम्' 'तं देवा भक्षयन्ति'** इति, क्षुद्रजन्तुलक्षणा च कष्टा संसारगतिरुक्ता । तदुभयदोषपरिजिहीर्षया वैश्वानरात्तृभावप्रतिपत्त्यर्थमुत्तरो ग्रन्थ आरभ्यते, **'अत्स्यन्नं पश्यसि प्रियम्'** इत्यादि-लिङ्गात् । आख्यायिका तु सुखावबोधार्था विद्यासंप्रदानन्यायप्रदर्शनार्था च ।

શાંકરભાષ્ય :- 'તે દેવોનું અન્ન છે' 'દેવો તેનું ભક્ષણ કરે છે' – આમ કહીને દક્ષિણ માર્ગે જનારાના અન્નભાવનું પ્રતિપાદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં આવ્યું અને ક્ષુદ્રજંતુરૂપ સંસારની કષ્ટમયી ગતિ પણ બતાવવામાં આવી. તે બંને દોષોને ત્યાગવાની ઇચ્છાથી વૈશ્વાનર સંજ્ઞક ભોક્તૃત્વની પ્રાપ્તિ માટે આગળનો ગ્રંથ આરંભ કરવામાં આવે છે - જેમ કે - 'તુ અન્ન ભક્ષણ કરે છે, પ્રિયને જુએ છે' વગેરે લિંગોથી જાણી શકાય છે. અહીં જે આખ્યાયિકા છે તે સરળતાથી સમજાવવા માટે અને વિદ્યાપ્રદાનની ઉચિત વિધિ પ્રદર્શિત કરવાને માટે છે.

प्राचीनशाल औपमन्यवः सत्ययज्ञः पौलुषिरिन्द्रद्युम्नो भाल्लवेयो जनः शार्कराक्ष्यो बुडिल आश्वतराश्विस्ते हैते महाशाला महाश्रोत्रियाः समेत्य मीमाꣳ साञ्चक्रुः को न आत्मा किं ब्रह्मेति ॥ १ ॥

ઉપમન્યુનો પુત્ર પ્રાચીનશાલ, પુલુષનો પુત્ર સત્યયજ્ઞ, ભલ્લવિના પુત્રનો પુત્ર ઈન્દ્રદ્યુમ્ન, શર્કરાક્ષનો પુત્ર જન અને અશ્વતરાશ્વનો પુત્ર બુડિલ - આ મહાગૃહસ્થો અને પરમ શ્રોત્રિય ભેગા થઈને પરસ્પર વિચાર કરવા લાગ્યા કે અમારો આત્મા કોણ છે અને બ્રહ્મ શું છે ? ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- प्राचीनशाल इति नामत उपमन्योरपत्यमौपमन्यवः । सत्ययज्ञो नामतः पुलुषस्यापत्यं पौलुषिः । तथेन्द्रद्युम्नो नामतो भल्लवेरपत्यं भाल्लविस्तस्यापत्यं भाल्लवेयः । जन इति नामतः शर्कराक्षस्यापत्यं शार्कराक्ष्यः । बुडिलो नामतोऽश्वतराश्वस्यापत्यमाश्वतराश्विः । पञ्चापि ते हैते महाशाला महागृहस्था विस्तीर्णाभिः शालाभिर्युक्ताः संपन्ना इत्यर्थः । महाश्रोत्रियाः श्रुताध्ययनवृत्तसंपन्ना इत्यर्थः । त एवंभूताः सन्तः समेत्य संभूय क्वचिन्मीमांसां विचारणां चक्रुः कृतवन्त इत्यर्थः । ★ कथम् ? को नोऽस्माकमात्मा ? किं ब्रह्म ? इत्यात्मब्रह्मशब्दयोरितरेतरविशेषणविशेष्यत्वम् । ब्रह्मेत्यध्यात्मपरिच्छिन्नमात्मानं निवर्तयत्यात्मेति चात्मव्यतिरिक्तस्यादित्यादिब्रह्मण उपास्यत्वं निवर्तयति । अभेदेनात्मैव ब्रह्म ब्रह्मैवात्मेत्येवं सर्वात्मा वैश्वानरो ब्रह्म स आत्मेत्येतत्सिद्धं भवति । **'मूर्धा ते व्यपतिष्यत्'** (छा.उप. ५-१२-२) **'अन्धोऽभविष्यः'** (५-१३-२) इत्यादिलिङ्गात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- જે નામથી પ્રાચીનશાલ હતા તે ઉપમન્યુના પુત્ર ઔપમન્યવ, પુલુષના પુત્ર પૌલુષિ જે નામથી સત્યયજ્ઞ હતા, ભલ્લવિના પુત્રને ભાલ્લવિ કહે છે, તેના પુત્ર ભાલ્લવેય જે નામથી ઈન્દ્રદ્યુમ્ન હતા, જન જેવા નામવાળો શર્કરાક્ષના પુત્ર શાર્કરાક્ષ્ય અને બુડિલ નામના અશ્વતરાશ્વના પુત્ર આશ્વતરાશ્વિ - આ પાંચેય મહાશાલ - મોટા કુટુંબી અર્થાત્ વિસ્તૃત શાળાઓથી યુક્ત અને મહાશ્રોત્રિય અર્થાત્ શ્રુત એટલે શાસ્ત્રાધ્યયન અને સદાચારથી સંપન્ન હતાં આવી રીતે તે બધા કોઈ સમયે અરસપરસ મળીને મીમાંસા અર્થાત્ વિચાર કરવા લાગ્યા.

કેવી રીતે વિચાર કરવા લાગ્યા ? – 'આપણો આત્મા કોણ છે ? બ્રહ્મ શું છે ?' અહીં 'આત્મા' અને 'બ્રહ્મ' શબ્દોનું પરસ્પર વિશેષણવિશેષ્ય ભાવ છે. 'બ્રહ્મ' આ શબ્દથી શ્રુતિ દેહ પરિચ્છિન્ન આત્માના ગ્રહણનું નિવારણ કરે છે અને 'આત્મા' આ શબ્દથી આત્માથી ભિન્ન આદિત્યાદિ બ્રહ્મના ઉપાસ્યત્વની નિવૃત્તિ કરે છે. એટલે બંનેનો અભેદ હોવાને કારણે આત્મા જ બ્રહ્મ છે અને બ્રહ્મ જ આત્મા છે, એટલે સર્વાત્મા વૈશ્વાનર બ્રહ્મ છે અને તે જ આત્મા છે - આ સિદ્ધ થાય છે. આ વાત (ખંડ - ૧૨ થી ૧૭ સુધી આવેલાં) **'તારું મસ્તક પડી જશે'** (છા.ઉપ. ૫-૧૨-૨) **'તું આંધળો થઈ જાત.'** (છા.ઉપ. ૫-૧૩-૨) વગેરે લિંગોથી જાણવામાં આવે છે. ॥ ૧ ॥

ते ह संपादयाञ्चक्रुरुद्दालको वै भगवन्तोऽयमारुणिः संप्रतीममात्मानं वैश्वानरमध्येति तꣳ हन्ताभ्यागच्छामेति तꣳ हाभ्याजग्मुः ॥ २ ॥

તે પૂજનીઓએ નિશ્ચય કર્યો કે આ અરુણનો પુત્ર ઉદ્દાલક આ સમયે આ વૈશ્વાનર આત્માને જાણે છે, એટલે આપણે તેમની પાસે જઈએ. એવો નિશ્ચય કરીને તે તેમની પાસે આવ્યા. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- ते ह मीमांसन्तोऽपि निश्चयमलभमानाः संपादयाञ्चक्रुः संपादितवन्त आत्मन उपदेष्टारम् । उद्दालको वै प्रसिद्धो नामतो भगवन्तः पूजावन्तोऽयमारुणिररुणस्यापत्यं संप्रति सम्यगिममात्मानं वैश्वानरमस्मदभिप्रेतमध्येति स्मरति । तं हन्तेदानीमभ्यागच्छामेत्येवं निश्चित्य तं हाभ्याजग्मुर्गतवन्तस्तमारुणिम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- વિચાર કરવાથી પણ કોઈ નિશ્ચય પ્રાપ્ત નહીં કરનારા તેઓએ – પોતાના ઉપદેશકને પ્રાપ્ત કર્યો. (તે બોલ્યા) 'આ સમયે ઉદ્દાલક નામથી પ્રસિદ્ધ આ અરુણનો પુત્ર આરુણિ તે અમારા અભિપ્રેત વૈશ્વાનર આત્માને 'અધ્યેતિ' - સ્મરણ રાખે એટલે જાણે છે. સારું તો, હવે તેમની પાસે જઈએ.' આવી રીતે નિશ્ચય કરીને તેઓ તે આરુણિની પાસે ગયા. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स ह संपादयाञ्चकार प्रक्ष्यन्ति मामिमे महाशाला महाश्रोत्रियास्तेभ्यो न सर्वमिव प्रतिपत्स्ये हन्ताहमन्यमभ्यनुशासानीति ॥ ३ ॥

તેઓએ નિશ્ચય કર્યો કે એ પરમ શ્રોત્રિય મહાગૃહસ્થ મને પ્રશ્ન કરશે, પરંતુ હું આને બરાબર રીતે બતાવી શકીશ નહીં, એટલે હું આને બીજા ઉપદેષ્ટા બતાવી દઉં. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स ह तान्दृष्ट्वैव तेषामागमनप्रयोजनं बुद्ध्वा संपादयाञ्चकार, कथम् ? प्रक्ष्यन्ति मां वैश्वानरमिमे महाशाला महाश्रोत्रियास्तेभ्योऽहं न सर्वमिव पृष्टं प्रतिपत्स्ये वक्तुं नोत्सहे । अतो हन्ताहमिदानीमन्यमेषामभ्यनुशासानि वक्ष्याम्युपदेष्टारमिति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તેઓને જોતાં જ તેણે તેમનું આવવાનું પ્રયોજન સમજીને (મનમાં) સ્થિર કર્યા. કેવી રીતે ? આ મહાગૃહસ્થો અને પરમ શ્રોત્રિયો મને વૈશ્વાનરના વિષયમાં પૂછશે. પરંતુ હું તેમને તેમણે પૂછેલી વાત બરાબર રીતે બતાવી શકીશ નહીં. એટલે તેમને હું કહેવા ઉત્સાહી નથી. તેથી હવે તેમને બીજા ઉપદેષ્ટાને માટે અનુશાસન કરું છું અર્થાત્ તેઓને બીજો ઉપદેશક બતાવી દઉં છું. ॥ ૩ ॥

एवं संपाद्य– એવો નિશ્ચય કરીને –

तान्होवाचाश्वपतिर्वै भगवन्तोऽयं कैकेयः संप्रतीममात्मानं वैश्वानरमध्येति त हन्ताभ्यागच्छामेति त हाभ्याजग्मुः ॥ ४ ॥

તેમણે તેઓને કહ્યું – 'હે પૂજનીયગણ ! આ સમયે કેકયકુમાર અશ્વપતિ આ વૈશ્વાનર સંજ્ઞક આત્માને સારી રીતે જાણે છે. ચાલો, આપણે તેમની પાસે જઈએ' એમ કહીને તે તેમની પાસે ગયા. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तान्होवाच–अश्वपतिर्वै नामतो भगवन्तोऽयं केकयस्यापत्यं कैकेयः संप्रति सम्यगिममात्मानं वैश्वानरमध्येतीत्यादि समानम् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તેમણે તેઓને કહ્યું - 'હે ભગવન્ ! (અત્યારે) આ સમયે કેકયના પુત્ર કૈકેય અશ્વપતિ આ વૈશ્વાનર આત્માને સારી રીતે સમજે છે' વગેરે અર્થ પૂર્વવત્ છે. ॥ ૪ ॥

तेभ्यो ह प्राप्तेभ्यः पृथगर्हाणि कारयाञ्चकार स ह प्रातः संजिहान उवाच 'न मे स्तेनो जनपदे न कदर्यो न मद्यपो नानाहिताग्निर्नाविद्वान्न स्वैरी स्वैरिणी कुतो' यक्ष्यमाणो वै भगवन्तोऽहमस्मि यावदेकैकस्मा ऋत्विजे धनं दास्यामि तावद्भगवद्भ्यो दास्यामि वसन्तु भगवन्त इति ॥ ५ ॥

પોતાની પાસે આવેલાં તે ઋષિઓનો રાજાએ અલગ અલગ સત્કાર કરાવ્યો. (બીજા દિવસે) સવારે ઊઠતાં જ તેઓએ કહ્યું - 'મારા રાજ્યમાં કોઈ ચોર નથી અને ન અદાતા, ન મદ્યપ, ન અનાહિતાગ્નિ, ન અવિદ્વાન અને ન પરસ્ત્રીગામી છે પછી કુલટા સ્ત્રી તો હોય જ ક્યાંથી ? હે પૂજ્યગણ ! હું પણ યજ્ઞ કરવાનો છું. હું એક-એક ઋત્વિક્‌ને જેટલું ધન આપીશ તેટલું જ તમને પણ આપીશ, એટલે આપ લોકો અહીં રહો.' ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- तेभ्यो ह राजा प्राप्तेभ्यः पृथक्पृथगर्हाण्यर्हणानि पुरोहितैर्भृत्यैश्च कारयाञ्चकार कारितवान् । स हान्येद्यु राजा प्रातः संजिहान उवाच विनयेनोपगम्यैतद्धनं मत्त उपादध्वमिति । तैः प्रत्याख्यातो मयि दोषं पश्यन्ति नूनं यतो न प्रतिगृह्णन्ति मत्तो धनमिति मन्वान आत्मनः सद्वृत्ततां प्रतिपिपादयिषन्नाह–न मे मम जनपदे स्तेनः परस्वहर्ता विद्यते । न कदर्योऽदाता सति विभवे । न मद्यपो द्विजोत्तमः सन् । नानाहिताग्निः शतगुः । नाविद्वानधिकारानुरूपम् । न स्वैरी परदारेषु गन्ता । अत एव स्वैरिणी कुतो दुष्टचारिणी न संभवतीत्यर्थः । ★ तैश्च न वयं धनेनार्थिन इत्युक्त आहाल्पं मत्वैते धनं न गृह्णन्तीति । यक्ष्यमाणो वै कतिभिरहोभिरहं हे भगवन्तोऽस्मि, तदर्थं क्लृप्तं धनं मया यावदेकैकस्मै यथोक्तमृत्विजे धनं दास्यामि तावत्प्रत्येकं भगवद्भ्योऽपि दास्यामि । वसन्तु भगवन्तः पश्यन्तु च मम यागम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- પોતાની પાસે આવેલા તે ઋષિઓનો તે રાજાએ પુરોહિત અને સેવકોથી અલગ-અલગ સત્કાર કરાવ્યો. બીજા દિવસે રાજાએ પ્રાતઃકાળે ઉઠતાં જ તેમની પાસે જઈને વિનયપૂર્વક કહ્યું - આપ લોકો મારી પાસેથી આ ધન ગ્રહણ કરો.' ત્યારે તેઓએ નિષેધ કરવાથી આમ વિચારીને કે નિશ્ચય જ આ મારામાં દોષ જુએ છે, કારણ કે મારી પાસેથી ધન લેતાં નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પોતાના સદાચારનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી તેમણે કહ્યું - 'મારા રાજ્યમાં કોઈ ચોર-બીજાનું ધન હરણ કરનાર નથી, ના કોઈ કદર્ય-સંપતિ હોય અને દાન ના કરે એવા નથી, ના કોઈ દ્વિજશ્રેષ્ઠ મદ્યપાન કરનાર છે, ના સહુ ગામવાળા હોઈને અનાહિતાગ્નિ છે, ના પોતાના અધિકાર અનુરૂપ કોઈ અવિદ્વાન છે અને ના કોઈ સ્વૈરી-પરસ્ત્રીઓ પ્રત્યે ગમન કરનારા છે, એટલે સ્વૈરિણી પણ કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ કોઈ દુરાંચારિણી સ્ત્રી હોવી પણ સંભવ નથી.'

પછી તેમના આમ કહેવાથી કે 'અમે ધનના અર્થી નથી' એમ સમજીને કે આ લોકો થોડું માનીને ધન લેતાં નથી, તેમણે કહ્યું – 'હે પૂજ્યગણ ! થોડા દિવસોમાં હું યજ્ઞાનુષ્ઠાન કરવાનો છું, તેના માટે મેં ધનનો સંકલ્પ કરી દીધો છે. તે સમયે શાસ્ત્રાજ્ઞાનુસાર હું જેટલું જેટલું ધન એક-એક ઋત્વિક્‌ને આપીશ તેટલું જ તમને દરેકને પણ આપીશ. એટલે આપ લોકો અહીં જ રહો અને મારો યજ્ઞ જુઓ.' ॥ ૫ ॥

❀

इत्युक्ताः– આવી રીતે કહેવામાં આવતાં –

ते होचुर्येन हैवार्थेन पुरुषश्चरेत्तꣳ हैव वदेदात्मानमेवेमं वैश्वानरꣳ संप्रत्यध्येषि तमेव नो ब्रूहीति ॥ ६ ॥

તેઓ બોલ્યા - 'પ્રયોજનથી કોઈ પુરુષ ક્યાંય જાય છે તો તે ઇચ્છે કે પોતાના તે પ્રયોજનને કહે. આ સમયે આપ વૈશ્વાનર આત્માને જાણો છો, તેનું આપ અમારા પ્રત્યે વર્ણન કરો.' ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- ते होचुः–येन हैवार्थेन प्रयोजनेन यं प्रति चरेद्गच्छेत्पुरुषस्तं हैवार्थं वदेत्, इदमेव प्रयोजनमागमनस्येत्ययं न्यायः सताम् । वयं च वैश्वानरज्ञानार्थिनः । आत्मानमेवेमं वैश्वानरं संप्रत्यध्येषि सम्यग्जानासि । अतस्तमेव नोऽस्मभ्यं ब्रूहि ॥ ६ ॥

શાંકરભાષ્ય :- તે બોલ્યા - જે અર્થ એટલે પ્રયોજનથી કોઈ પુરુષ કોઈની પાસે જાય તો તેણે પોતાનું તે પ્રયોજન બતાવી દેવું જોઈએ કે 'મારા આવવાનું કેવળ આ જ પ્રયોજન છે.' સત્પુરુષોનો એવો જ નિયમ છે. અમે લોકો પણ વૈશ્વાનરને જાણવાની ઇચ્છાવાળા છીએ. આ સમયે આપ આ વૈશ્વાનર આત્માને સારી રીતે જાણો છો, એટલે અમારા પ્રત્યે તેનું વર્ણન કરો. ॥ ૬ ॥

❀

इत्युक्तः– આવી રીતે કહેવામાં આવતાં –

तान्होवाच प्रातर्वः प्रतिवक्तास्मीति ते ह समित्पाणयः पूर्वाह्णे प्रतिचक्रमिरे तान्हानुपनीयैवैतदुवाच ॥ ७ ॥

તેમણે તેઓને કહ્યું – સારું, હું પ્રાતઃકાળે આપ લોકોને આનો ઉત્તર આપીશ.' ત્યારે બીજા દિવસે તે પૂર્વાહ્ણમાં હાથમાં સમિધાઓ લઈને રાજાની પાસે ગયા. તેમના ઉપનયન ન કરતાં જ રાજાએ તે વિદ્યાનો ઉપદેશ આપ્યો. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- तान्होवाच–प्रातर्वो युष्मभ्यं प्रतिवक्तास्मि प्रतिवाक्यं दातास्मीत्युक्तास्ते ह राज्ञोऽभिप्रायज्ञाः समित्पाणयः समिद्भारहस्ता अपरेद्युः पूर्वाह्णे राजानं प्रतिचक्रमिरे गतवन्तः । ★ यतः एवं महाशाला महाश्रोत्रिया ब्राह्मणाः सन्तो महाशालत्वाद्यभिमानं हित्वा समिद्भारहस्ता जातितो हीनं राजानं विद्यार्थिनो विनयेनोपजग्मुः, तथान्यैर्विद्योपादित्सुभिर्भवितव्यम् । तेभ्यश्चादाद्विद्यामनुपनीयैवोपनयनमकृत्वैव । तान्यथा योग्येभ्यो विद्यामदात्तथान्येनापि विद्या दातव्येत्याख्यायिकार्थः । एतद्वैश्वानरविज्ञानमुवाचेति वक्ष्यमाणेन संबन्धः ॥ ७ ॥

શાંકરભાષ્ય :- તેમણે તેઓને કહ્યું - 'હું આપ લોકોને આનો ઉત્તર પ્રાતઃકાળે આપીશ.' આવી રીતે કહેવામાં આવતાં તે મુનિગણ બીજે દિવસે પૂર્વાહ્ણમાં સમિત્પાણિ – હાથમાં સમિધાઓ લઈને રાજાની પાસે ગયા.

કારણ કે આવી રીતે મહાગૃહસ્થ અને પરમશ્રોત્રિય બ્રાહ્મણ હોવાથી પણ તે મહાગૃહસ્થત્વ વગેરેના અભિમાનને છોડીને હાથમાં સમિધાઓ લઈ વિદ્યાર્થી બની પોતાનાથી હીન જાતિવાળા રાજાની પાસે વિનયપૂર્વક ગયા હતા એટલા માટે વિદ્યોપાર્જનની ઇચ્છાવાળા બીજા પુરુષોએ પણ આવા જ બનવું જોઈએ. ત્યારે રાજાએ તેમનું ઉપનયન નહીં કરીને જ તેઓને શિક્ષા આપી દીધી. એટલે આ આખ્યાયિકાનું આ જ તાત્પર્ય છે કે જેવી રીતે તે યોગ્ય વિદ્યાર્થીઓને રાજાએ વિદ્યા આપી હતી તેવી રીતે બીજાઓએ પણ વિદ્યાદાન કરવું જોઈએ. (મૂળના 'एतत्' શબ્દનું) 'एतद् वैश्वानरविज्ञानम् उवाच' આવી રીતે કહેવાયેલા વિશ્વાનર વિજ્ઞાનથી સંબંધ છે. ॥ ૭ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये एकादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ ११ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પાંચમા અધ્યાયના અગિયારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

❀

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

द्वादशः खण्डः

स कथमुवाच ? इत्याह– તેમણે કેવા પ્રકારે ઉપદેશ આપ્યો ? તો બતાવે છે –

औपमन्यव कं त्वमात्मानमुपास्स इति । दिवमेव भगवो राजन्निति होवाचैष वै सुतेजा आत्मा वैश्वानरो यं त्वमात्मानमुपास्से तस्मात्तव सुतं प्रसुतमासुतं कुले दृश्यते ॥ १ ॥

(રાજા) – 'હે ઉપમન્યુકુમાર ! તમે કયા આત્માની ઉપાસના કરો છો ?' 'હે પૂજ્ય રાજન્ ! હું દ્યુલોકની જ ઉપાસના કરું છું' આવો તેમણે ઉત્તર આપ્યો. (રાજા-) 'તમે જે આત્માની ઉપાસના કરો છો આ નિશ્ચય જ, 'સુતેજા' નામે પ્રસિદ્ધ વૈશ્વાનર આત્મા છે, આનાથી તમારા કુળમાં સુત, પ્રસુત અને આસુત જોવામાં આવે છે.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- औपमन्यव हे कमात्मानं वै वैश्वानरं त्वमुपास्स इति पप्रच्छ । ★ नन्वयमन्याय आचार्यः सञ्शिष्यं पृच्छतीति । ★ नैष दोषः, **'यद्वेत्थ तेन मोपसीद ततस्त ऊर्ध्वं वक्ष्यामि'** (छा.उप. ७-१-१)इति न्यायदर्शनात् । अन्यत्राप्याचार्यस्याप्रतिभानवति शिष्ये प्रतिभोत्पादनार्थः प्रश्नो दृष्टोऽजातशत्रोः, **'क्वैष तदाभूत्कुत एतदागात्'** इति । ★ दिवमेव द्युलोकमेव वैश्वानरमुपास्से भगवो राजन्निति होवाच । एष वै सुतेजाः शोभनं तेजो यस्य सोऽयं सुतेजा इति प्रसिद्धो वैश्वानर आत्मा, आत्मनोऽवयवभूतत्वात् । यं त्वमात्मानमात्मैकदेशमुपास्से तस्मात्सुतेजसो वैश्वानरस्योपासनात्तव सुतमभिषुतं सोमरूपं कर्मणि प्रसुतं प्रकर्षेण च सुतमासुतं चाहर्गणादिषु तव कुले दृश्यतेऽतीव कर्मिणस्त्वत्कुलीना इत्यर्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'હે ઔપમન્યવ ! તમે કયા વૈશ્વાનર આત્માની ઉપાસના કરો છો ?' આવું રાજાએ પૂછ્યું.

પૂર્વપક્ષી :- પરંતુ આચાર્ય થઈને પણ શિષ્યને પૂછે છે - આ તો અનુચિત છે.

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે **'જે કંઈ તું જાણે છે તેને બતાવીને તું મારા પ્રત્યે ઉપસન્ન થાય, ત્યારે તેને આગળ હું તને બતાવીશ'** (છા.ઉપ. ૭-૧-૧) આવો ન્યાય જોવામાં આવે છે. આના સિવાય અન્યત્ર પણ આચાર્ય અજાતશત્રુના પોતાના પ્રતિભાશૂન્ય શિષ્યમાં પ્રતિભા ઉત્પન્ન કરવા માટે 'તો પછી અહીં કયાં ઉત્પન્ન થયા અને ક્યાંથી આવ્યા ?' આવો પ્રશ્ન કરતાં જોવામાં આવે છે.

'હે પૂજ્ય રાજન્ ! હું દ્યુલોકની જ અર્થાત્ દ્યુલોકરૂપ વૈશ્વાનરની જ ઉપાસના કરું છું' આવો તેણે ઉત્તર આપ્યો. (ત્યારે રાજાએ કહ્યું –) 'આ ઉત્તર જ 'સુતેજા' - જેનું તેજ શોભન છે એવો આ 'સુતેજા' નામથી પ્રસિદ્ધ વૈશ્વાનર આત્મા છે. કારણ કે આત્માનો અવયવભૂત છે, જે આત્મા અર્થાત્ આત્માના એક દેશની તમે ઉપાસના કરો છો તે જ સુતેજા વૈશ્વાનરની ઉપાસના કરવાથી અહીં – તમારા કુળમાં અહર્ગણ (એકાહાદિરૂપ જ્યોતિષ્ટોમ) વગેરેમાં 'સુત' – અભિષુત (કાઢવામાં આવેલો) સોમરૂપ લતાદ્રવ્ય, (અહીન) કર્મમાં પ્રસુત - વિશેષરૂપે કાઢવામાં આવેલા દ્રવ્ય અને (સત્રમાં) 'આસુત' (સર્વતોભાવેન કાઢવામાં આવેલાં) સોમરસ જોવામાં આવે છે. તાત્પર્ય આ છે કે તમારા કુટુંબી વડે જ કર્મનિષ્ઠ છે' ॥ ૧ ॥

अत्स्यन्नं पश्यसि प्रियमत्त्यन्नं पश्यति प्रियं भवत्यस्य ब्रह्मवर्चसं कुले य एतमेवमात्मानं वैश्वानरमुपास्ते मूर्धा त्वेष आत्मन इति होवाच मूर्धा ते व्यपतिष्यद्यन्मां नागमिष्य इति ॥ २ ॥

'તમે અન્ન ભક્ષણ કરો છો અને પ્રિયનું દર્શન કરો છો. જે આ વૈશ્વાનરની આવી રીતે ઉપાસના કરે છે તે અન્ન ભક્ષણ કરે છે, પ્રિયનું દર્શન કરે છે અને તેના કુળમાં બ્રહ્મતેજ થાય છે. આ વૈશ્વાનર આત્માનું મસ્તક છે.' એવું રાજાએ કહ્યું, અને આ પણ કહ્યું કે – 'જો તમે મારી પાસે ના આવતાં તો તમારું મસ્તક પડી જાત.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अत्स्यन्नं दीप्ताग्निः सन्पश्यसि च पुत्रपौत्रादि प्रियमिष्टम् । अन्योऽप्यत्त्यन्नं पश्यति च प्रियं भवत्यस्य सुतं प्रसुतमासुतमित्यादि कर्मित्वं ब्रह्मवर्चसं कुले यः कश्चिदेतं यथोक्तमेवं वैश्वानरमुपास्ते । मूर्धा त्वात्मनो वैश्वानरस्यैष न समस्तो वैश्वानरः । अतः समस्तबुद्ध्या वैश्वानरस्योपासनान्मूर्धा शिरस्ते विपरीतग्राहिणो व्यपतिष्यद्विपतितमभविष्यत्, यद्यदि मां नागमिष्यो नागतोऽभविष्यः । साध्वकार्षीर्यन्मामागतोऽसीत्यभिप्रायः ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'તમે દીપ્તાગ્નિ થઈને અન્ન ભક્ષણ કરો છો. અને પુત્ર-પૌત્રાદિ રૂપ પ્રિય-ઈષ્ટનું દર્શન કરો છો. બીજા પણ જે કોઈ આ ઉપર્યુક્ત વૈશ્વાનરની આવી રીતે ઉપાસના કરે છે તે પણ અન્ન ભક્ષણ કરે છે, પ્રિયનું દર્શન કરે છે અને તેના કુળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સુત, પ્રસુત તેમજ આસુત વગેરે કર્મિત્વરૂપ બ્રહ્મતેજ થાય છે. પરંતુ આ વૈશ્વાનર આત્માનું મસ્તક જ છે, સંપૂર્ણ વૈશ્વાનર નથી, એટલે આની સમસ્ત બુદ્ધિથી ઉપાસના કારવાને કારણે વિપરીત ગ્રહણ કરનારા તમારું મસ્તક પડી જાત, જો તમે મારી પાસે ના આવત અર્થાત્ મારી પાસે આગમન ના કરત. તાત્પર્ય આ છે કે તમે મારી પાસે ચાલ્યા આવ્યા તે સારું કર્યું. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

अथ होवाच सत्ययज्ञं पौलुषिं प्राचीनयोग्य कं त्वमात्मानमुपास्स इत्यादित्यमेव भगवो राजन्निति होवाचैष वै विश्वरूप आत्मा वैश्वानरो यं त्वमात्मानमुपास्से तस्मात्तव बहु विश्वरूपं कुले दृश्यते ॥ १ ॥

પછી તેણે પુલુષના પુત્ર સત્યયજ્ઞને કહ્યું – 'હે પ્રાચીન યોગ્ય ! તમે કયા આત્માની ઉપાસના કરો છો ?' તેઓ બોલ્યા - 'હે પૂજ્ય રાજન્ ! હું આદિત્યની જ ઉપાસના કરું છું.' (રાજાએ કહ્યું -) 'આ નિશ્ચય જ વિશ્વરૂપ વૈશ્વાનર આત્મા છે, જે આત્માની તમે ઉપાસના કરો છો, એનાથી તમારા કુળમાં ખૂબ જ વિશ્વરૂપ સાધન જોવામાં આવે છે.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ होवाच सत्ययज्ञं पौलुषिं हे प्राचीनयोग्य कं त्वमात्मानमुपास्से ? इत्यादित्यमेव भगवो राजन्निति होवाच । शुक्लनीलादिरूपत्वाद्विश्वरूपत्वमादित्यस्य, सर्वरूपत्वाद्वा, सर्वाणि रूपाणि हि त्वाष्ट्राणि यतोऽतो वा विश्वरूप आदित्यः, तदुपासनात्तव बहु विश्वरूपमिहामुत्रार्थमुपकरणं दृश्यते कुले ॥ १ ॥

શાંકરભાષ્ય :- પછી તેમણે પુલુષના પત્ર સત્યયજ્ઞને કહ્યું - 'હે પ્રાચીન યોગ્ય ! તમે કયા આત્માની ઉપાસના કરો છો ?' ત્યારે તેમણે 'હે પૂજ્ય રાજન્ ! હું આદિત્યની જ ઉપાસના કરું છું' એવો ઉત્તર આપ્યો. શુક્લનીલાદિ રૂપ હોવાને કારણે આદિત્યની વિશ્વરૂપતા છે, અથવા સર્વરૂપ હોવાને કારણે, અથવા બધા રૂપ ત્વષ્ટાના જ છે, એટલા માટે આદિત્ય વિશ્વરૂપ છે. તેમની ઉપાસનાને કારણે તમારા કુળમાં ખૂબ જ વિશ્વરૂપ ઐહિક અને પારલૌકિક સાધન જોવામાં આવે છે. ॥ ૧ ॥

किं च त्वामनु– અને તમારા પછી –

प्रवृत्तोऽश्वतरीरथो दासीनिष्कोऽत्स्यन्नं पश्यसि प्रियमत्त्यन्नं पश्यति प्रियं भवत्यस्य ब्रह्मवर्चसं कुले य एतमेवमात्मानं वैश्वानरमुपास्ते चक्षुष्ट्वेतदात्मन इति होवाचान्धोऽभविष्यो यन्मां नागमिष्य इति ॥ २ ॥

ખચ્ચરોથી જોડાયેલા રથ અને દાસીઓ સહિત હાર પ્રવૃત્ત છે. તમે અન્ન ભક્ષણ કરો છો અને પ્રિયનું દર્શન કરો છો. જે આવી રીતે આ વૈશ્વાનર આત્માની ઉપાસના કરે છે તે અન્ન ભક્ષણ કરે છે, પ્રિયનું દર્શન કરે છે અને તેમના કુળમાં બ્રહ્મતેજ થાય છે. પરંતુ આ આત્માના નેત્ર જ છે.' એમ રાજાએ કહ્યું અને આ પણ કહ્યું – 'જો તમે મારી પાસે ના આવતાં તો અંધ થઈ જતાં.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- प्रवृत्तोऽश्वतरीभ्यां युक्तो रथाऽश्वतरीरथो दासीनिष्को दासीभिर्युक्तो निष्को हारो दासीनिष्कः । अत्स्यन्नमित्यादि समानम् । चक्षुर्वैश्वानरस्य तु सविता । तस्य समस्तबुद्ध्योपासनादन्धोऽभविष्यश्चक्षुर्हीनोऽभविष्यो यन्मां नागमिष्य इति पूर्ववत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'અશ્વતરીરથ – બે ખચ્ચરોથી યુક્ત રથ અને દાસીનિષ્ક - દાસીઓથી યુક્ત નિષ્ક એટલે હાર પ્રવૃત્ત છે. અસ્ત્યન્નમ્ વગેરેનું તાત્પર્ય પૂર્વવત્ છે. પરંતુ સૂર્ય વૈશ્વાનરનું નેત્ર જ છે. તેની સમસ્ત બુદ્ધિથી ઉપાસના કરવાને કારણે, જો તમે મારી પાસે ના આવતાં તો અંધ થઈ જતાં' – આવું પૂર્વવત્ જાણવું જોઈએ. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

चतुर्दशः खण्डः

अथ होवाचेन्द्रद्युम्नं भाल्लवेयं वैयाघ्रपद्य कं त्वमात्मानमुपास्स इति वायुमेव भगवो राजन्निति होवाचैष वै पृथग्वर्त्मात्मा वैश्वानरो यं त्वमात्मानमुपास्से तस्मात्त्वां पृथग्बलय आयन्ति पृथग्रथश्रेणयोऽनुयन्ति ॥ १ ॥

તે પછી રાજાએ ભાલ્લવેય ઈન્દ્રદ્યુમ્નને કહ્યું - 'હે વૈયાઘ્રપદ્ય ! તમે કયા આત્માની ઉપાસના કરો છો ?' તે બોલ્યા – 'હે પૂજ્ય રાજન્ ! હું વાયુની જ ઉપાસના કરું છું.' (રાજાએ કહ્યું -) 'જે આત્માની તમે ઉપાસના કરો છો તે નિશ્ચય જ પૃથગ્વર્ત્મા વૈશ્વાનર આત્મા છે, આનાથી તમારા પ્રત્યે અલગ-અલગ ઉપહાર આવે છે અને તમારી પાછળ પૃથક્-પૃથક્ રથની પંક્તિઓ ચાલે છે.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ होवाचेन्द्रद्युम्नं भाल्लवेयं वैयाघ्रपद्य कं त्वमात्मानमुपास्से इत्यादि समानम् । पृथग्वर्त्मा नाना वर्त्मानि यस्य वायोरावहोद्वहादिभिर्भेदैर्वर्तमानस्य सोऽयं पृथग्वर्त्मा वायुः । तस्मात्पृथग्वर्त्मात्मनो वैश्वानरस्योपासनात्पृथङ्नानादिक्कास्त्वां बलयो वस्त्रान्नादिलक्षणा बलय आयन्त्यागच्छन्ति । पृथग्रथश्रेणयो रथपङ्क्तयोऽपि त्वामनुयन्ति ॥ १ ॥

શાંકરભાષ્ય :- તે પછી રાજાએ ભાલ્લવેય ઈન્દ્રદ્યુમ્નને કહ્યું - 'હે વૈયાઘ્રપદ્ય ! તમે કયા આત્માની ઉપાસના કરો છો ?' વગેરે પૂર્વવત્ સમજવું જોઈએ. પૃથગ્વર્ત્મા – આવહ, ઉદ્વહ વગેરે ભેદોથી વિદ્યમાન જે વાયુના અનેક માર્ગો છે તે વાયુ પૃથગ્વર્ત્મા છે. એટલે પૃથગ્વર્ત્મા વૈશ્વાનર આત્માની ઉપાસના કરવાને કારણે તમારી પાસે પૃથક્ – અનેક દિશાઓથી વસ્ત્ર તેમજ અન્નાદિરૂપ ઉપહાર આવે છે, અને પૃથક્-પૃથક્ રથની હાર-રથની પંક્તિઓ પણ તમારી પાછળ ચાલે છે.' ॥ ૧ ॥

अत्स्यन्नं पश्यसि प्रियमत्त्यन्नं पश्यति प्रियं भवत्यस्य ब्रह्मवर्चसं कुले य एतमेवमात्मानं वैश्वानरमुपास्ते प्राणस्त्वेष आत्मन इति होवाच प्राणस्त उदक्रमिष्यद्यन्मां नागमिष्य इति ॥ २ ॥

'તમે અન્ન ભક્ષણ કરો છો અને પ્રિયનું દર્શન કરો છો. જે કોઈ આવી રીતે આ વૈશ્વાનર આત્માની ઉપાસના કરે છે, આ અન્ન ભક્ષણ કરે છે. પ્રિયનું દર્શન કરે છે અને તેના કુળમાં બ્રહ્મતેજ થાય છે. પરંતુ આ આત્માના પ્રાણ જ છે.' – એમ રાજાએ કહ્યું અને આ પણ કહ્યું કે 'જો તમે મારી પાસે ન આવતાં તો તમારા પ્રાણ ઉત્ક્રમણ કરી જાત.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अत्स्यन्नमित्यादि समानम् । प्राणस्त्वेष आत्मन इति होवाच प्राणस्ते तवोदक्रमिष्यदुत्क्रान्तोऽभविष्यद्यन्मां नागमिष्य इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'अत्स्यन्नम्' વગેરે વાક્યનો અર્થ પૂર્વવત્ છે. 'પરંતુ આ આત્માના પ્રાણ જ છે' આવું રાજાએ કહ્યું અને આ પણ કહ્યું કે 'જો તમે મારી પાસે ના આવતાં તો તમારા પ્રાણ ઉત્ક્રમણ કરી જતાં અર્થાત્ ઉત્ક્રાન્ત થઈ જાત.' ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये चतुर्दशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १४ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના ચૌદમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चदशः खण्डः

अथ होवाच जनꣳ शार्कराक्ष्य कं त्वमात्मानमुपास्स इत्याकाशमेव भगवो राजन्निति होवाचैष वै बहुल आत्मा वैश्वानरो यं त्वमात्मानमुपास्से तस्मात्त्वं बहुलोऽसि प्रजया च धनेन च ॥ १ ॥

તે પછી રાજાએ જનને કહ્યું – 'હે શાર્કરાક્ષ્ય ! તમે કયા આત્માની ઉપાસના કરો છો ?' તેણે કહ્યું – હે પૂજ્ય રાજન્ ! હું આકાશની જ ઉપાસના કરું છું.' (રાજા બોલ્યા -) 'આ નિશ્ચય જ બહુલ સંજ્ઞક વૈશ્વાનર આત્મા છે જેની કે તમે ઉપાસના કરો છો. આનાથી તમે પ્રજા અને ધનના કારણે બહુલ છો.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ होवाच जनमित्यादि समानम् । एष वै बहुल आत्मा वैश्वानरः । बहुलत्वमाकाशस्य सर्वगतत्वाद्बहुलगुणोपासनाच्च । त्वं बहुलोऽसि प्रजया च पुत्रपौत्रादिलक्षणया धनेन च हिरण्यादिना ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- 'પછી તેમણે જનને કહ્યું' વગેરે અર્થ પૂર્વવત્ છે. આ નિશ્ચય જ બહુલ સંજ્ઞક વૈશ્વાનર આત્મા છે. સર્વગત હોવાને કારણે તથા બહુલ ગુણરૂપે ઉપાસિત હોવાને કારણે આકાશનું બહુલત્વ (પૂર્ણત્વ) છે. આનાથી તમે પુત્ર-પૌત્રાદિ રૂપ પ્રજા અને સુવર્ણાદિ ધનથી બહુલ (પરિપૂર્ણ) છો.' ॥ ૧ ॥

अत्स्यन्नं पश्यसि प्रियमत्त्यन्नं पश्यति प्रियं भवत्यस्य ब्रह्मवर्चसं कुले य एतमेवमात्मानं वैश्वानरमुपास्ते संदेहस्त्वेष आत्मन इति होवाच संदेहस्ते व्यशीर्यद्यन्मां नागमिष्य इति ॥ २ ॥

'તમે અન્ન ભક્ષણ કરો છો અને પ્રિયનું દર્શન કરો છો. જે આવી રીતે આ વૈશ્વાનર આત્માની ઉપાસના કરે છે તે અન્ન ભક્ષણ કરે છે, પ્રિયનું દર્શન કરે છે અને તેના કુળમાં બ્રહ્મ તેજ થાય છે. પરંતુ આ આત્માનો સંદેહ (શરીરનો મધ્યભાગ) જ છે.' એમ રાજાએ કહ્યું અને આ પણ કહ્યું કે 'જો તમે મારી પાસે ના આવતાં તો તમારું સંદેહ (શરીરનો મધ્યભાગ) નષ્ટ થઈ જાત.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- संदेहस्त्वेष संदेहो मध्यमं शरीरं वैश्वानरस्य । दिहेरुपचयार्थत्वान्मांसरुधिरास्थ्यादिभिश्च बहुलं शरीरं तत्संदेहः, ते तव शरीरं व्यशीर्यच्छीर्णमभविष्यद्यन्मां नागमिष्य इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- પરંતુ આ વૈશ્વાનરના સંદેહ જ છે. શરીરના મધ્યભાગને સંદેહ કહે છે. કારણ કે 'दिह्' ધાતુ ઉપચય (વૃદ્ધિ) અર્થવાળો છે અને શરીર માંસ, રુધિર તેમજ અસ્થિ વગેરેથી બહુલ (ઉપચિત) છે એટલા માટે તે સંદેહ છે, તમારા તે સંદેહ અર્થાત્ શરીર નષ્ટ થઈ જાત, જો તમે મારી પાસે ન આવ્યા હોત. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये पञ्चदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १५ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના પંદરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षोडशः खण्डः

अथ होवाच बुडिलमाश्वतराश्विं वैयाघ्रपद्य कं त्वमात्मानमुपास्स इत्यप एव भगवो राजन्निति होवाचैष वै रयिरात्मा वैश्वानरो यं त्वमात्मानमुपास्से तस्मात्त्वꣳ रयिमान्पुष्टिमानसि ॥ १ ॥

પછી તેમણે અશ્વતરાશ્વના પુત્ર બુડિલને કહ્યું – 'હે વૈયાઘ્રપદ્ય ! તમે કયા આત્માની ઉપાસના કરો છો ?' તેમણે કહ્યું - હે પૂજ્ય રાજન્ ! હું તો જળની જ ઉપાસના કરું છું.' (રાજા બોલ્યા -) 'જેની તમે ઉપાસના કરો છો તે નિશ્ચય જ રયિસંજ્ઞક વૈશ્વાનર આત્મા છે, આનાથી તમે રયિમાન (ધનવાન) અને પુષ્ટિમાન થાવ.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ होवाच बुडिलमाश्वतराश्विमित्यादि समानम् । एष वै रयिरात्मा वैश्वानरो धनरूपः, अद्भ्योऽन्नं ततो धनमिति । तस्माद्रयिमान् धनवांस्त्वं पुष्टिमांश्च शरीरेण, पुष्टेश्चान्ननिमित्तत्वात् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'તે પછી રાજાને અશ્વતરાશ્વના પુત્ર બુડિલને કહ્યું' - વગેરે અર્થ પૂર્વવત્ છે. આ નિશ્ચય જ ધનરૂપ રયિ સંજ્ઞક વૈશ્વાનર આત્મા છે, કારણ કે જળથી અન્ન થાય છે અને અન્નથી ધન. આનાથી તમે રયિમાન એટલે ધનવાન થાવ અને શરીરથી પુષ્ટિમાન થાવ, કારણ કે પુષ્ટિ અન્નના કારણે થયા કરે છે. ॥ ૧ ॥

अत्स्यन्नं पश्यसि प्रियमत्त्यन्नं पश्यति प्रियं भवत्यस्य ब्रह्मवर्चसं कुले य एतमेवमात्मानं वैश्वानरमुपास्ते बस्तिस्त्वेष आत्मन इति होवाच बस्तिस्ते व्यभेत्स्यद्यन्मां नागमिष्य इति ॥ २ ॥

'તમે અન્ન ભક્ષણ કરો છો અને પ્રિયનું દર્શન કરો છો. જે પુરુષ આ વૈશ્વાનર આત્માની આવી રીતે ઉપાસના કરે છે તે અન્ન ભક્ષણ કરે છે, પ્રિયનું દર્શન કરે છે અને તેના કુળમાં બ્રહ્મ તે જ થાય છે. પરંતુ આ આત્માના બસ્તિ જ છે' – એમ રાજાએ કહ્યું અને આ પણ કહ્યું કે 'જો તમે મારી પાસે ના આવ્યા હોત તો તમારું બસ્તિ સ્થાન ફાટી જાત.' ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- बस्तिस्त्वेष आत्मनो वैश्वानरस्य बस्तिर्मूत्रसंग्रहस्थानं बस्तिस्ते व्यभेत्स्यद्भिन्नोऽभविष्यद्यन्मां नागमिष्य इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'આ વૈશ્વાનર આત્માના બસ્તિ છે, બસ્તિ મૂત્ર સંગ્રહના સ્થાનને કહે છે. જો તમે મારી પાસે ન આવ્યા હોત તો તમારું બસ્તિ ભિન્ન – વિદીર્ણ થઈ જાત' – એવું રાજાએ કહ્યું. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये षोडशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १६ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના સોળમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तदशः खण्डः

अथ होवाचोद्दालकमारुणिं गौतम कं त्वमात्मानमुपास्स इति पृथिवीमेव भगवो राजन्निति होवाचैष वै प्रतिष्ठात्मा वैश्वानरो यं त्वमात्मानमुपास्से तस्मात्त्वं प्रतिष्ठितोऽसि प्रजया च पशुभिश्च ॥ १ ॥

તે પછી રાજાએ અરુણના પુત્ર ઉદ્દાલકને કહ્યું – 'હે ગૌતમ ! તમે કયા આત્માની ઉપાસના કરો છો ?' તેમણે કહ્યું - 'હે પૂજ્ય રાજન્ ! હું તો પૃથ્વીની જ ઉપાસના કરું છું.' (રાજા બોલ્યા -) 'જેની તમે ઉપાસના કરો છો આ નિશ્ચય જ પ્રતિષ્ઠાસંજ્ઞક વૈશ્વાનર આત્મા છે. આનાથી તમે પ્રજા અને પશુઓને કારણે પ્રતિષ્ઠિત છો.' ॥ ૧ ॥

अत्स्यन्नं पश्यसि प्रियमत्त्यन्नं पश्यति प्रियं भवत्यस्य ब्रह्मवर्चसं कुले य एतमेवमात्मानं वैश्वानरमुपास्ते पादौ त्वेतावात्मन इति होवाच पादौ ते व्यम्लास्येतां यन्मां नागमिष्य इति ॥ २ ॥

'તમે અન્ન ભક્ષણ કરો છો અને પ્રિયનું દર્શન કરો છો. જે કોઈ આ વૈશ્વાનર આત્માની આવી રીતે ઉપાસના કરે છે તે અન્ન ભક્ષણ કરે છે, પ્રિયનું દર્શન કરે છે અને તેના કુળમાં બ્રહ્મતેજ થાય છે. પરંતુ આ આત્માના ચરણ જ છે' આવું તેમણે કહ્યું અને આ પણ કહ્યું કે 'જો તમે મારી પાસે ના આવ્યા હોત તો તમારા ચરણ શિથિલ થઈ જાત.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ होवाचोद्दालकमित्यादि समानम् । पृथिवीमेव भगवो राजन्निति होवाच । एष वै प्रतिष्ठा पादौ वैश्वानरस्य । पादौ ते व्यम्लास्येतां विम्लानावभविष्यतां श्लथीभूतौ यन्मां नागमिष्य इति ॥ १-२ ॥

શાંકરભાષ્ય :- 'ફરીથી ઉદ્દાલકને કહ્યું' વગેરે અર્થ પૂર્વવત્ છે. (ઉદ્દાલકે કહ્યું -) 'હે પૂજ્ય રાજન્ ! હું પૃથ્વીની જ ઉપાસના કરું છું.' (રાજા બોલ્યા -) 'આ નિશ્ચય જ વૈશ્વાનર આત્માની પ્રતિષ્ઠા એટલે તેના ચરણ છે. જો તમે મારી પાસે ના આવ્યા હોત તો તમારા ચરણ વિશેષ રૂપે મ્લાન અર્થાત્ શિથિલ થઈ જાત. ॥ ૧-૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये सप्तदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १७ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના સત્તરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टादशः खण्डः

तान्होवाचैते वै खलु यूयं पृथगिवेममात्मानं वैश्वानरं विद्वाꣳ सोऽन्नमत्थ यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमान-मात्मानं वैश्वानरमुपास्ते स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति ॥ १ ॥

રાજાએ તેમને કહ્યું - 'તમે આ બધા લોકો આ વૈશ્વાનર આત્માને અલગ જેવો જાણીને અન્ન ભક્ષણ કરો છો. જે કોઈ 'આ જ હું છું' આવી રીતે અભિમાનનો વિષય થનારા આ પ્રાદેશપાત્ર વૈશ્વાનર આત્માની ઉપાસના કરે છે તે સમસ્ત લોકોમાં, સમસ્ત પ્રાણિઓમાં અને સમસ્ત આત્માઓમાં અન્ન ભક્ષણ કરે છે.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तान्यथोक्तवैश्वानरदर्शनवतो होवाच–एते यूयम्, वै खल्वित्यनर्थकौ, यूयं पृथगिवापृथक्सन्तमिममेकं वैश्वानरमात्मानं विद्वाꣳसोऽन्नमत्थ, परिच्छिन्नात्मबुद्ध्येत्येतद्धस्तिदर्शन इव जात्यन्धाः । ★ यस्त्वेतमेवं यथोक्तावयवैर्द्युमूर्धादिभिः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

पृथिवीपादान्तेविशिष्टमेकं प्रादेशमात्रम्, प्रादेशैर्द्युमूर्धादिभिः पृथिवीपादान्तैरध्यात्मं मीयते ज्ञायत इति प्रादेशमात्रम् । मुखादिषु वा करणेष्वत्तृत्वेन मीयत इति प्रादेशमात्रम् । द्युलोकादिपृथिव्यन्तप्रदेशपरिमाणो वा प्रादेशमात्रः । प्रकर्षेण शास्त्रेणादिश्यन्त इति प्रादेशा द्युलोकादय एव तावत्परिमाणः प्रादेशमात्रः । ★ शाखान्तरे तु मूर्धादिश्चिबुकप्रतिष्ठ इति प्रादेशमात्रं कल्पयन्ति, इह तु न तथाभिप्रेतः, **'तस्य ह वा एतस्यात्मनः'** (छा.उप. ५-१८-२) इत्याद्युपसंहारात् । ★ प्रत्यगात्मतयाभिविमीयतेऽहमिति ज्ञायत इत्यभिविमानस्तमेतमात्मानं वैश्वानरम्—विश्वान्नरान्नयति पुण्यापापानुरूपां गतिं सर्वात्मैष ईश्वरो वैश्वानरो विश्वो नर एव वा सर्वात्मत्वात्, विश्वैर्वा नरैः प्रत्यगात्मतया प्रविभज्य नीयत इति वैश्वानरस्तमेवमुपास्ते यः, सोऽदन्नन्नादी; सर्वेषु लोकेषु द्युलोकादिषु सर्वेषु भूतेषु चराचरेषु सर्वेष्वात्मसु शरीरेन्द्रियमनोबुद्धिषु तेषु ह्यात्मकल्पनाव्यपदेशः प्राणिनाम्, अन्नमत्ति, वैश्वानरवित्सर्वात्मा सन्नन्नमत्ति, न यथाज्ञः पिण्डमात्राभिमानः सन्नित्यर्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- અહીં 'વૈ' અને 'ખલુ' એ બે નિપાત અર્થશૂન્ય છે. તે ઉપર્યુક્ત વૈશ્વાનર-દૃષ્ટિવાળાઓને રાજાએ કહ્યું - આ તમે લોકો પોતાનાથી અભિન્ન થઈને પણ આ વૈશ્વાનર આત્માને પૃથક્-પૃથક્ જાણીને અન્ન ભક્ષણ કરો છો. તાત્પર્ય આ છે કે જન્માંધ પુરુષોના હસ્તિદર્શન સમાન તમે પરિચ્છિન્ન આત્મબુદ્ધિથી તેને જાણો છો. પરંતુ જે કોઈ દ્યુલોક રૂપ મસ્તકથી લઈને પૃથ્વીરૂપ પાદ પર્યંત આ પૂર્વોક્ત અવયવોથી યુક્ત એક પ્રાદેશમાત્ર - જે પ્રત્યગાત્મામાં જ દ્યુમૂર્ધાથી લઈને પૃથ્વીપાદ પર્યંત પ્રાદેશો દ્વારા મિત થાય છે અર્થાત્ જાણી શકાય છે, તે પ્રાદેશમાત્ર આત્માની (ઉપાસના કરે છે). અથવા મુખ વગેરે કરણોમાં ભોક્તારૂપે મિત હોય છે એટલા માટે પ્રાદેશમાત્ર છે. અથવા દ્યુલોકથી લઈને પૃથ્વી પર્યંત પ્રદેશ જ તેનું પરિમાણ છે એટલા માટે પ્રાદેશમાત્ર છે. અથવા શાસ્ત્ર દ્વારા પ્રકર્ષથી આદિષ્ટ થાય છે એટલા માટે દ્યુલોક વગેરે પ્રાદેશ છે તેટલા જ પરિમાણવાળા હોવાથી પ્રાદેશમાત્ર છે.

અન્ય શાખામાં તો મૂર્ધાથી લઈને ચિબુક પર્યંત પ્રતિષ્ઠિત છે એટલા માટે તેને પ્રાદેશમાત્ર કલ્પે છે, પરંતુ અહીં તે આવી રીતે અભિપ્રેત નથી, કારણ કે **'તે આત્માના (દ્યુલોક જ મૂર્ધા છે)'** (છા.ઉપ. ૫-૧૮-૨) વગેરે (સાર્વાત્મ્ય) રૂપે ઉપસંહાર કરવામાં આવ્યો છે.

તે પ્રત્યગાત્મ રૂપે અભિવિમાન કરવામાં આવે છે અર્થાત્ 'મૈં' આવી રીતે જાણવામાં આવે છે, એટલા માટે અભિવિમાન છે, તે આ વૈશ્વાનર આત્માની - આ સર્વાત્મા ઈશ્વર સંપૂર્ણ પુરુષોને પુણ્યપાપાનુરૂપ ગતિને લઈ જાય છે એટલા માટે, અથવા સર્વાત્મા હોવાને કારણે વિશ્વ (સર્વ) નર સ્વરૂપ છે એટલા માટે 'વૈશ્વાનર' છે, અથવા સમસ્ત પુરુષો દ્વારા પોતાના પ્રત્યગાત્મારૂપે વિભક્ત કરીને લઈ જવામાં આવે છે એટલા માટે 'વૈશ્વાનર' છે – તેની જે આવી રીતે ઉપાસના કરે છે તે અન્ન ભક્ષણ કરતા અન્નાદી (અન્ન ખાનાર) થાય છે, દ્યુલોકાદિ સમસ્ત લોકોમાં, સંપૂર્ણ ચરાચર ભૂતોમાં અને શરીર, ઈન્દ્રિય, મન અને બુદ્ધિરૂપ સમસ્ત આત્માઓમાં - કારણ કે આમાં જ પ્રાણીઓની આત્મકલ્પનાનો નિર્દેશ કરવામાં આવે છે – અન્ન ભક્ષણ કરે છે. તાત્પર્ય આ છે કે વૈશ્વાનરવેત્તા સર્વાત્મા થઈને અન્ન ભક્ષણ કરે છે, અજ્ઞાનીઓ સમાન પિંડમાત્રમાં અભિમાન કરીને અન્ન ખાતા નથી. ॥ ૧ ॥

કસ્માદેવમ્ ? યસ્માત્– આવું કેમ ? કારણ કે –

तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाश्चक्षुर्विश्वरूपः प्राणः पृथग्वर्त्मात्मा संदेहो बहुलो बस्तिरेव रयिः पृथिव्येव पादावुर एव वेदिर्लोमानि बर्हिर्हृदयं गार्हपत्यो मनोऽन्वाहार्यपचन आस्यमाहवनीयः ॥ २ ॥

તે આ વૈશ્વાનર આત્માનું મસ્તક જ સુતેજા (દ્યુલોક) છે, ચક્ષુ વિશ્વરૂપ (સૂર્ય) છે, પ્રાણ પૃથગ્વર્ત્મા (વાયુ) છે, દેહનો મધ્યભાગ બહુલ (આકાશ) છે, બસ્તિ જ રયિ (જળ) છે, પૃથ્વી જ બંને ચરણ છે, વક્ષઃસ્થળ વેદી છે, લોમ દર્ભ છે, હૃદય ગાર્હપત્યાગ્નિ છે, મન અન્વાહાર્યપચન છે અને મુખ આહવનીય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्य ह वै प्रकृतस्यैवैतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाश्चक्षुर्विश्वरूपः प्राणः पृथग्वर्त्मात्मा संदेहो बहुलो बस्तिरेव रयिः पृथिव्येव पादौ । अथवा विध्यर्थमेतद्वचनमेवमुपास्य इति । ★ अथेदानीं वैश्वानरविदो भोजनेऽग्निहोत्रं संपिपादयिसन्नाह—एतस्य वैश्वानरस्य भोक्तुरुर एव वेदिराकारसामान्यात् । लोमानि बर्हिर्वेद्यामिवोरसि लोमान्यास्तीर्णानि दृश्यन्ते । हृदयं गार्हपत्यो हृदयाद्धि मनः प्रणीतमिवानन्तरीभवत्यतोऽन्वाहार्यपचनोऽग्निर्मनः । आस्यं मुखमाहवनीय इवाहवनीयो हूयतेऽस्मिन्नन्नमिति ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આ પ્રકૃત વૈશ્વાનર આત્માનું મસ્તક જ સુતેજા છે, ચક્ષુ વિશ્વરૂપ છે, પ્રાણ પૃથગ્વર્ત્મા રૂપ વાયુ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શરીરનો મધ્યભાગ બહુલ છે, બસ્તિ જ રયિ છે, અને પૃથ્વી જ ચરણ છે. અથવા આ વાક્ય વિધિ માટે છે, અર્થાત્ આવી રીતે તેની ઉપાસના કરવી જોઈએ.

હવે આથી આગળ વૈશ્વાનરવેત્તાના ભોજનમાં અગ્નિહોત્રનો નિશ્ચય કરવાની ઇચ્છાથી રાજા કહે છે - આ વૈશ્વાનર એટલે ભોક્તાનું વક્ષઃસ્થળ જ આકારમાં સમાન હોવાને કારણે વેદી છે, લોમ કુશાઓ છે કારણ કે વેદીમાં પથરાયેલાં કુશો સમાન તે વક્ષઃસ્થળ પર પથરાયેલાં જોવામાં આવે છે, હૃદય ગાર્હપત્યાગ્નિ છે કારણ કે મન હૃદયથી જ ઉત્પન્ન થઈને તેના અંતર્વર્તી થાય છે, એટલા માટે મન અન્વાહાર્યપચન અગ્નિ છે અને આસ્ય-મુખ આહવનીયાગ્નિ સમાન આહવનીય છે કારણ કે આમાં અન્નનું હવન થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये अष्टादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १८ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના અઢારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकोनविंशः खण्डः

तद्यद्भक्तं प्रथममागच्छेत्तद्धोमीयꣳ स यां प्रथमामाहुतिं जुहुयात्तां जुहुयात्प्राणाय स्वाहेति प्राणस्तृप्यति ॥ १ ॥

જે અન્ન પહેલાં આવે તેનો હવન કરવો જોઈએ, તે સમય તે ભોક્તા જે પહેલી આહુતિ આપે તેને 'प्राणाय स्वाहा' એમ કહીને આપે. આવી રીતે પ્રાણ તૃપ્ત થાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्रैवं सति यद्भक्तं भोजनकाल आगच्छेद्भोजनार्थम्, तद्धोमीयं तद्धोतव्यम्, अग्निहोत्रसंपन्मात्रस्य विवक्षितत्वान्नाग्निहोत्राङ्गेतिकर्तव्यताप्राप्तिरिह; स भोक्ता यां प्रथमामाहुतिं जुहुयात्तां कथं जुहुयात् ? इत्याह-प्राणाय स्वाहेत्यनेन मन्त्रेणाहुतिशब्दादवदानप्रमाणमन्नं प्रक्षिपेदित्यर्थः । तेन प्राणस्तृप्यति ॥ १ ॥

શાંકરભાષ્ય :- ત્યાં એવું થવાને કારણે ભોજન સમયે જે ભાત (અન્ન) આવે તેનાથી હવન કરવો જોઈએ. અહીં અગ્નિહોત્રની કલ્પના માત્ર વિવક્ષિત છે એટલા માટે અગ્નિહોત્રની અંગભૂત ઇતિકર્તવ્યતા(સહકારી સાધનો)ની પ્રાપ્તિ નથી. તે ભોક્તા જે પહેલી આહુતિ આપે તેને કેવી રીતે આપે ? તો શ્રુતિ બતાવે છે – 'प्राणाय स्वाहा' આ મંત્રથી. અહીં 'आहुति' શબ્દ હોવાને કારણે અવદાન પ્રમાણ (જેટલું કે આહુતિમાં વિહિત છે તેટલું) અન્ન (મુખમાં) મૂકો - આવું આનું તાત્પર્ય છે. તેનાથી પ્રાણ તૃપ્ત થાય છે. ॥ ૧ ॥

प्राणे तृप्यति चक्षुस्तृप्यति चक्षुषि तृप्यत्यादित्यस्तृप्यत्यादित्ये तृप्यति द्यौस्तृप्यति दिवि तृप्यन्त्यां यत्किं च द्यौश्चादित्यश्चाधितिष्ठतस्तत्तृप्यति तस्यानु तृप्तिं तृप्यति प्रजया पशुभिरन्नाद्येन तेजसा ब्रह्मवर्चसेनेति ॥ २ ॥

પ્રાણના તૃપ્ત થવાથી નેત્રેન્દ્રિય તૃપ્ત થાય છે, નેત્રેન્દ્રિયના તૃપ્ત થવાથી સૂર્ય તૃપ્ત થાય છે, સૂર્યના તૃપ્ત થવાથી દ્યુલોક તૃપ્ત થાય છે અને દ્યુલોકના તૃપ્ત થાવથી જે કોઈની ઉપર દ્યુલોક અને આદિત્ય (સ્વામીભાવથી) અધિષ્ઠિત છે તે તૃપ્ત થાય છે અને તેની તૃપ્તિ થવાથી સ્વયં ભોકતા પ્રજા, પશુ, અન્નાદ્ય, તેજ અને બ્રહ્મતેજ દ્વારા તૃપ્ત થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- प्राणे तृप्यति चक्षुस्तृप्यति, चक्षुरादित्यो द्यौश्चेत्यादि तृप्यति, यच्चान्यद्द्यौश्चादित्यश्च स्वामित्वेनाधितिष्ठतस्तच्च तृप्यति, तस्य तृप्तिमनु स्वयं भुञ्जानस्तृप्यत्येवं प्रत्यक्षम् । किञ्च प्रजादिभिश्च । तेजः शरीरस्था दीप्तिः, उज्ज्वलत्वं प्रागल्भ्यं वा; ब्रह्मवर्चसं वृत्तस्वाध्यायनिमित्तं तेजः ॥ २ ॥

શાંકરભાષ્ય :- પ્રાણના તૃપ્ત થવાથી નેત્રેન્દ્રિય તૃપ્ત થાય છે, આવી રીતે નેત્રેન્દ્રિય, આદિત્ય, દ્યુલોક વગેરે તૃપ્ત થાય છે અને બીજા પણ જે કોઈ ઉપર દ્યુલોક અને આદિત્ય સ્વામીભાવથી અધિષ્ઠિત છે તે સર્વ તૃપ્ત થાય છે. અને તેની તૃપ્તિ પછી સ્વયં ભોજન કરનારા પણ તૃપ્ત થાય છે. આ તો પ્રત્યક્ષ જ છે. આ જ નહીં, ભોકતા પ્રજાદિ દ્વારા પણ તૃપ્ત થાય છે. શરીરસ્થ દીપ્તિ, ઉજ્જ્વળતા અથવા પ્રગલ્ભતાનું નામ 'તેજ' છે અને સદાચાર તેમજ સ્વાધ્યાયના કારણે થનાર તેજ 'બ્રહ્મતેજ' છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये एकोनविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १९ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના ઓગણીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

विंशः खण्डः

अथ यां द्वितीयां जुहुयाद्व्यानाय स्वाहेति व्यानस्तृप्यति ॥ १ ॥ व्याने तृप्यति श्रोत्रं तृप्यति श्रोत्रे तृप्यति चन्द्रमास्तृप्यति चन्द्रमसि तृप्यति दिशस्तृप्यन्ति दिक्षु तृप्यन्तीषु यत्किं च दिशश्च चन्द्रमाश्चाधितिष्ठन्ति तत्तृप्यति तस्यानु तृप्तिं तृप्यति प्रजया पशुभिरन्नाद्येन तेजसा ब्रह्मवर्चसेनेति ॥ २ ॥

તે પછી જે બીજી આહુતિ આપે તેને 'व्यानाय स्वाहा' એમ કહીને આપવી જોઈએ. આનાથી વ્યાન તૃપ્ત થાય છે. ॥ ૧ ॥ વ્યાનના તૃપ્ત થવાથી શ્રોત્રેન્દ્રિય તૃપ્ત થાય છે, શ્રોત્રના તૃપ્ત થવાથી ચંદ્રમા તૃપ્ત થાય છે, ચંદ્રમાના તૃપ્ત થવાથી દિશાઓ તૃપ્ત થાય છે અને દિશાઓના તૃપ્ત થવાથી જે કોઈ ઉપર ચંદ્રમા અને દિશાઓ (સ્વામીભાવથી) અધિષ્ઠિત છે તે તૃપ્ત થાય છે. તેની તૃપ્તિ પછી તે ભોક્તા પ્રજા પશુ, અન્નાદ્ય, તેજ અને બ્રહ્મતેજ દ્વારા તૃપ્ત થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये विंशखण्डः सम्पूर्णः ॥ २० ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના વીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकविंशः खण्डः

अथ यां तृतीयां जुहुयात्तां जुहुयादपानाय स्वाहेत्यपानस्तृप्यति ॥ १ ॥ अपाने तृप्यति वाक्तृप्यति वाचि तृप्यन्त्यामग्निस्तृप्यत्यग्नौ तृप्यति पृथिवी तृप्यति पृथिव्यां तृप्यन्त्यां यत्किं च पृथिवी चाग्निश्चाधितिष्ठतस्तत्तृप्यति तस्यानु तप्तिं तृप्यति प्रजया पशुभिरन्नाद्येन तेजसा ब्रह्मवर्चसेनेति ॥ २ ॥

પછી તો ત્રીજી આહુતિ આપે તેને 'अपानाय स्वाहा' એમ કહીને આપવી જોઈએ. આનાથી અપાન તૃપ્ત થાય છે. ॥ ૧ ॥ અપાનના તૃપ્ત થવાથી વાગિન્દ્રિય તૃપ્ત થાય છે, વાક્‌ના તૃપ્ત થવાથી અગ્નિ તૃપ્ત થાય છે, અગ્નિના તૃપ્ત થવાથી પૃથ્વી તૃપ્ત થાય છે અને પૃથ્વીના તૃપ્ત થવાથી જે કોઈ ઉપર પૃથ્વી અને અગ્નિ (સ્વામીભાવથી) અધિષ્ઠિત છે તે તૃપ્ત થાય છે. તેમજ તેની તૃપ્તિ પછી ભોક્તા પ્રજા, પશુ, અન્નાદ્ય, તેજ અને બ્રહ્મતેજ દ્વારા તૃપ્ત થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये एकविंशखण्डः सम्पूर्णः ॥ २१ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના એકવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वाविंशः खण्डः

अथ यां चतुर्थीं जुहुयात्तां जुहुयात्समानाय स्वाहेति समानस्तृप्यति ॥ १ ॥ समाने तृप्यति मनस्तृप्यति मनसि तृप्यति पर्जन्यस्तृप्यति पर्जन्ये तृप्यति विद्युत्तृप्यति विद्युति तृप्यन्त्यां यत्किं च विद्युच्च पर्जन्यश्चाधितिष्ठतस्तत्तृप्यति तस्यानु तृप्तिं तृप्यति प्रजया पशुभिरन्नाद्येन तेजसा ब्रह्मवर्चसेनेति ॥ २ ॥

તે પછી જે ચોથી આહુતિ આપે તેને 'समानाय स्वाहा' એમ કહીને આપવી જોઈએ, આનાથી સમાન તૃપ્ત થાય છે. ॥ ૧ ॥ સમાનના તૃપ્ત થવાથી મન તૃપ્ત થાય છે, મનના તૃપ્ત થવાથી પર્જન્ય તૃપ્ત થાય છે, પર્જન્યના તૃપ્ત થવાથી વિદ્યુત્ તૃપ્ત થાય હે અને વિદ્યુતના તૃપ્ત થવાથી જે કોઈની ઉપર વિદ્યુત્ અને પર્જન્ય અધિષ્ઠિત છે તે તૃપ્ત થાય છે, તેમજ તેની તૃપ્તિ પછી ભોક્તા પ્રજા, પશુ અન્નાદ્ય, તેજ અને બ્રહ્મતેજ દ્વારા તૃપ્ત થાય છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये द्वाविंशखण्डः सम्पूर्णः ॥ २२ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના બાવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

त्रयोविंशः खण्डः

अथ यां पञ्चमीं जुहुयात्तां जुहुयादुदानाय स्वाहेत्युदानस्तृप्यति ॥ १ ॥ उदाने तृप्यति त्वक्तृप्यति त्वचि तृप्यन्त्यां वायुस्तृप्यति वायौ तृप्यत्याकाशस्तृप्यत्याकाशे तृप्यति यत्किं च वायुश्चाकाशश्चाधितिष्ठतस्तत्तृप्यति तस्यानु तृप्तिं तृप्यति प्रजया पशुभिरन्नाद्येन तेजसा ब्रह्मवर्चसेनेति ॥ २ ॥

તે પછી પાંચમી આહુતિ આપે તેને 'उदानाय स्वाहा' એમ કહીને આપવી જોઈએ. તેનાથી ઉદાન તૃપ્ત થાય છે. ॥ ૧ ॥ ઉદાનના તૃપ્ત થવાથી ત્વચા તૃપ્ત થાય છે ત્વચા તૃપ્ત થતાં વાયુ તૃપ્ત થાય છે. વાયુ તૃપ્ત થતા આકાશ તૃપ્ત થાય છે. આકાશ તૃપ્ત થતા જે કોઈની ઉપર વાયુ અને આકાશ અધિષ્ઠિત છે તે તૃપ્ત થાય છે અને તેની તૃપ્તિ પછી ભોકતા પ્રજા, પશુ, અનાદ્ય તેજ અને બ્રહ્મતેજ દ્વારા તૃપ્ત થાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ यां द्वितीयां तृतीयां चतुर्थीं पञ्चमीमिति समानम् ॥ १-२ ॥

શાંકરભાષ્ય :- अथ यां द्वितीयां तृतीयां चतुर्थीं पञ्चमी વગેરેનો અર્થ એકસરખો છે.

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये त्रयोविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २३ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં પાંચમા અધ્યાયના ત્રેવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्विंशः खण्डः

स य इदमविद्वानग्निहोत्रं जुहोति यथाङ्गारानपोह्य भस्मनि जुहुयात्तादृक्तत्स्यात् ॥ १ ॥

તે જે આ વૈશ્વાનર વિદ્યાને ન જાણીને હવન કરે છે તેમનો તે હવન એવો છે, જેમ કોઈ અંગારાઓને હટાવીને ભસ્મમાં હવન કરે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- स यः कश्चिदिदं वैश्वानरदर्शनं यथोक्तमविद्वान्सन्नग्निहोत्रं प्रसिद्धं जुहोति, यथाङ्गारानाहुतियोग्यानपोह्यानाहुतिस्थाने भस्मनि जुहुयात्, तादृक् तत्तुल्यं तस्य तदग्निहोत्रहवनं स्याद्वैश्वानरविदोऽग्निहोत्रमपेक्ष्येति प्रसिद्धाग्निहोत्रनिन्दया वैश्वानरविदोऽग्निहोत्रं स्तूयते ॥ १ ॥

શાંકરભાષ્ય :- તે જે કોઈ આ ઉપર્યુક્ત વૈશ્વાનર વિદ્યાને ન જાણનારા થઈને જ લોકપ્રસિદ્ધ અગ્નિહોત્ર કરે છે, તેમનો તે હવન વૈશ્વાનરોપાસકના અગ્નિહોત્રની અપેક્ષાએ એવો છે અર્થાત્ આના સદૃશ છે જેમકે આહુતિયોગ્ય અંગારોને હટાવીને કોઈ આહુતિ ન આપવા યોગ્ય સ્થાન-ભસ્મમાં આહુતિ આપે. આવી રીતે પ્રસિદ્ધ અગ્નિહોત્રની નિંદાદ્વારા વૈશ્વાનર ઉપાસકના અગ્નિહોત્રની સ્તુતિ કરવામાં આવે છે. ॥ ૧ ॥

अतश्चैतद्विशिष्टमग्निहोत्रम् । कथम् ? એટલા માટે પણ આ વિશિષ્ટ અગ્નિહોત્ર છે, શા માટે –

अथ य एतदेवं विद्वानग्निहोत्रं जुहोति तस्य सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मसु हुतं भवति ॥ २ ॥

હવે જે આ(વૈશ્વાનર)ને આવી રીતે જાણનારા પુરુષ અગ્નિહોત્રમાં હોમ કરે છે તેનું સમસ્ત લોક, સર્વભૂત અને સંપૂર્ણ આત્માઓમાં હવન થઈ જાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ य एतदेवं विद्वानग्निहोत्रं जुहोति तस्य यथोक्तवैश्वानरविज्ञानवतः सर्वेषु लोकेष्वित्याद्युक्तार्थम् । हुतमन्नमत्तीत्यनयोरेकार्थत्वात् ॥ २ ॥

શાંકરભાષ્ય :- કારણ કે જે આને આ પ્રકારે જાણનારા પુરુષ અગ્નિહોત્રમાં હોમ કરે છે તે ઉપર્યુક્ત વૈશ્વાનર વિદ્યાને જાણનારના 'सर्वेषु लोकेषु' વગેરે શબ્દોના અર્થ પહેલાં (છા.ઉપ. ૫-૧૮-૧ ના ભાષ્યમાં) કહેવામાં આવી ગયા છે, કારણ કે અહીંના 'हुतम्' અને ત્યાંના 'अन्नम् अत्ति' આ બંને પદોનો એક જ અર્થ છે. ॥ ૨ ॥

किं च– અને વળી –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तद्यथेषीकातूलमग्नौ प्रोतं प्रदूयेतैवꣳ हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते य एतदेवं विद्वानग्निहोत्रं जुहोति ॥ ३ ॥

જેવી રીતે (ईशिका-) કાશ નામના ઘાસની (तूलम्) સળી અગ્નિમાં નાંખવાથી તત્કાળ બળી જાય છે તેવી રીતે જે આવી રીતે જાણનારા થઈને અગ્નિહોત્રમાં હોમ કરે છે તેમના સમસ્ત પાપ ભસ્મ થઈ જાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तद्यथेषीकायास्तूलमग्रमग्नौ प्रोतं प्रक्षिप्तं प्रदूयेत प्रदह्येत क्षिप्रमेवं हास्य विदुषः सर्वात्मभूतस्य सर्वान्नानामत्तुः सर्वे निरवशिष्टाः पाप्मानो धर्माधर्माख्या अनेकजन्मसञ्चिता इह च प्राग्ज्ञानोत्पत्तेर्ज्ञानसहभाविनश्च प्रदूयन्ते प्रदह्येरन्वर्तमानशरीरारम्भक-पाप्मवर्जम्, लक्ष्यं प्रति मुक्तेषुवत्प्रवृत्तफलत्वात्तस्य न दाहः । य एतदेवं विद्वानग्निहोत्रं जुहोति भुङ्क्ते ॥ ३ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે કાસ નામના ઘાસની સળી અગ્નિમાં નાંખતાં તરત બળી જાય છે તેવી રીતે બધાના અંતરાત્માત્મભૂત અને સમસ્ત અન્નોના ભોક્તા એવા વિદ્વાનના અનેકો જન્મોમાં સંચિત થયેલાં અને આ જન્મમાં જ્ઞાનોત્પત્તિથી પહેલાં અને જ્ઞાનની સાથે-સાથે થનારા ધર્માધર્મસંજ્ઞક સમસ્ત - નિઃશેષ પાપ બળી જાય છે, કેવળ વર્તમાન શરીરનો આરંભ કરનારા પાપ રહી જાય છે, કારણ કે લક્ષ્ય પ્રત્યે છોડેલાં બાણ સમાન ફળ આપવામાં પ્રવૃત્ત થઈ જવાને કારણે તેમનો દાહ થઈ શકતો નથી. જે આ(વૈશ્વાનરદર્શન)ને આવી રીતે જાણનારા થઈને હવન કરે અથવા ભોજન કરે છે (તેને ઉપર્યુક્ત ફળ મળે છે.) ॥ ૩ ॥

तस्मादु हैवंविद्यद्यपि चण्डालायोच्छिष्टं प्रयच्छेदात्मनि हैवास्य तद्वैश्वानरे हुतꣳ स्यादिति तदेष श्लोकः ॥ ४ ॥

તેથી તે આવી રીતે જાણનારા જો ચાંડાળને ઉચ્છિષ્ટ પણ આપે તો પણ તેમનું તે અન્ન વૈશ્વાનર આત્મામાં હોમાયેલું ગણાશે. આ વિષયમાં આ મંત્ર છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- स यद्यपि चाण्डालायोच्छिष्टानर्हायोच्छिष्टं प्रयच्छेदुच्छिष्टं दद्यात्प्रतिषिद्धमुच्छिष्टदानं यद्यपि कुर्यादात्मनि हैवास्य चण्डालदेहस्थे वैश्वानरे तद्धुतं स्यान्नाधर्मनिमित्तमिति विद्यामेव स्तौति । तदेतस्मिन्स्तुत्यर्थे श्लोको मन्त्रोऽप्येष भवति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે જોકે ઉચ્છિષ્ટ દાન માટે અયોગ્ય ચાંડાળને ઉચ્છિષ્ટ પણ આપે અર્થાત્ પ્રતિષિદ્ધ ઉચ્છિષ્ટ દાન પણ કરે તો પણ તે ચાંડાળના દેહમાં રહેલાં વૈશ્વાનર આત્મામાં હોમાયેલું ગણાશે, અધર્મનો હેતુ થશે નહીં - એમ કહીને શ્રુતિ વિદ્યાની જ સ્તુતિ કરે છે. તે આ સ્તુતિના વિષયમાં આ શ્લોક એટલે મંત્ર પણ છે. ॥ ૪ ॥

यथेह क्षुधिता बाला मातरं पर्युपासत एवꣳ सर्वाणि भूतान्यग्निहोत्रमुपासत इत्यग्निहोत्रमुपासत इति ॥ ५ ॥

જેવી રીતે આ લોકમાં ભૂખ્યું બાળક બધી રીતે માતાની ઉપાસના કરે છે તેવી રીતે બધા પ્રાણી આ અગ્નિહોત્રની ઉપાસના કરે છે, અગ્નિહોત્રની ઉપાસના કરે છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- यथेह लोके क्षुधिता बुभुक्षिता बाला मातरं पर्युपासते कदा नो मातात्रं प्रयच्छतीति, एवं सर्वाणि भूतान्यन्नादान्येवंविदोऽग्निहोत्रं भोजनमुपासते कदा न्वसौ भोक्ष्यत इति, जगत्सर्वं विद्वद्भोजनेन तृप्तं भवतीत्यर्थः । द्विरुक्तिरध्यायपरि-समाप्त्यर्था ॥ ५ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે આ લોકમાં ક્ષુધિત-ભૂખ્યું બાળક બધી રીતે માતાની ઉપાસના કરે છે કે માતા અમને ક્યારે અન્ન આપશે ? તેવી રીતે અન્ન ભક્ષણ કરનારા સમસ્ત પ્રાણી આવી રીતે જાણનારાના અગ્નિહોત્ર અર્થાત્ ભોજનની ઉપાસના કરે છે કે આ ક્યારે ભોજન કરશે, કારણ કે વિદ્વાનના ભોજન કરવાથી આખું જગત તૃપ્ત થાય છે - આ આનું તાત્પર્ય છે. અહીં જે દ્વિરુક્તિ છે તે અધ્યાયની સમાપ્તિ માટે છે. ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि पञ्चमाध्याये चतुर्विंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २४ ॥

છાંદોગ્યોપનિષદ્માં પાંચમા અધ્યાયના ચોવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

इति श्रीमद्गोविन्दभगवत्पूज्यपादशिष्यपरमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकरभगवत्पादकृतौ छान्दोग्योपनिषद्विवरणे पञ्चमोऽध्यायः सम्पूर्णः ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

षष्ठोऽध्यायः

प्रथमः खण्डः

शाङ्करभाष्यम् :- श्वेतकेतुर्हारुणेय आसेत्याद्यध्यायसम्बन्धः—**'सर्वं खल्विदं ब्रह्म तज्जलान्'** इत्युक्तम्, कथं तस्माज्जगदिदं जायते तस्मिन्नेव च लीयतेऽनिति च तेनैवेत्येतद्वक्तव्यम् । अनन्तरं चैकस्मिन्भुक्ते विदुषि सर्वं जगत्तृप्तं भवतीत्युक्तम्, तदेकत्वे सत्यात्मनः सर्वभूतस्थस्य उपपद्यते नात्मभेदे । कथं च तदेकत्वमिति तदर्थोऽयं षष्ठोऽध्याय आरभ्यते । पितापुत्राख्यायिका विद्यायाः सारिष्ठत्वप्रदर्शनार्था ।

શાંકરભાષ્ય :- 'શ્વેતકેતુર્હારુણેય આસ' વગેરે મંત્રથી આરંભ થનારા અધ્યાયનો સંબંધ આવી રીતે છે — ઉપર આ કહી દેવામાં આવ્યું છે કે **'આ બધું ચોક્કસ બ્રહ્મ જ છે અને (બધાં) તેમાંથી ઉત્પન્ન થયા છે, તેમાં જ લીન થનાર છે અને તેમાં ચેષ્ટા કરી રહ્યા છે.'** હવે આ બતાવવું છે કે આ જગત કેવી રીતે તેમાંથી ઉત્પન્ન થાય છે, કેવી રીતે તેમાં લીન થાય છે અને કેવી રીતે તેમના દ્વારા ચેષ્ટા કરી રહ્યા છે ? હમણાં-હમણાં આ બતાવવામાં આવ્યું છે કે એક વિદ્વાનના ભોજન કરવાથી આખું જગત તૃપ્ત થઈ જાય છે. એમ સંપૂર્ણ ભૂતોમાં રહેલાં આત્માનું એકત્વ હોવાથી જ થઈ શકે છે, આત્માનો ભેદ થવાથી થઈ શકતું નથી. તેમનું એકત્વ કેવી રીતે છે ? આના માટે આ છઠ્ઠો અધ્યાય આરંભ કરવામાં આવે છે. અહીં જે પિતા અને પુત્રની આખ્યાયિકા છે તે આ વિદ્યાના સર્વાચ્ચ સારને પ્રદર્શિત કરવા માટે છે.

श्वेतकेतुर्हारुणेय आस तꣳ ह पितोवाच श्वेतकेतो वस ब्रह्मचर्यम् । न वै सोम्यास्मत्कुलीनोऽननूच्य ब्रह्मबन्धुरिव भवतीति ॥ १ ॥

અરુણનો સુપ્રસિદ્ધ પૌત્ર શ્વેતકેતુ હતો, તેને પિતાએ કહ્યું - 'હે શ્વેતકેતુ ! તું બ્રહ્મચર્ય વાસ કર, કારણ કે હે સૌમ્ય ! અમારા કુળમાં ઉત્પન્ન થયેલો કોઈ પુરુષ અધ્યયન કર્યા વિના બ્રહ્મબંધુ - જેવો હોતો નથી.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- श्वेतकेतुरिति नामतो हेत्यैतिह्यार्थः आरुणेयोऽरुणस्य पौत्र आस बभूव । तं पुत्रं हारुणिः पिता योग्यं विद्याभाजनं मन्वानस्तस्योपनयनकालात्ययं च पश्यन्नुवाच—हे श्वेतकेतोऽनुरूपं गुरुं कुलस्य नो गत्वा वस ब्रह्मचर्यम् । न चैतद्युक्तं यदस्मत्कुलीनो हे सोम्याननूच्यानधीत्य ब्रह्मबन्धुरिव भवतीति ब्राह्मणान् बन्धून्व्यपदिशति न स्वयं ब्राह्मणवृत्त इति ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'શ્વેતકેતુ' એવા નામવાળો, 'ह' આ નિપાત ઐતિહ્યનો દ્યોતક છે, આરુણેય - અરુણનો પૌત્ર હતો. તે પુત્રથી પિતા આરુણિએ, તેને યોગ્ય - વિદ્યાના પાત્ર જાણીને અને તેના ઉપનયન સંસ્કારના સમયનો અતિક્રમ થતો જોઈને, કહ્યું - 'હે શ્વેતકેતુ ! તું અમારા કુળને અનુરૂપ ગુરુની પાસે જઈને બ્રહ્મચર્ય વાસ કર. હે સૌમ્ય ! આ ઉચિત નથી કે આપણાં કુળમાં ઉત્પન્ન થઈને કોઈ અધ્યયન કર્યા વિના બ્રહ્મબંધુ - જેવો થઈ જાય. બ્રાહ્મણોને પોતાના બંધુ બતાવે છે પરંતુ સ્વયં બ્રાહ્મણોનું આચરણ કરતો નથી તેને બ્રહ્મબંધુ કહે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तस्यातः प्रवासोऽनुमीयते पितुः । येन स्वयं गुणवान्सन्पुत्रं नोपनेष्यति ।

શાંકરભાષ્ય :- આ પ્રસંગથી એવું અનુમાન થાય છે કે તેમના પિતા ઘરમાંથી બહાર જનારા છે, આનાથી ગુણવાન હોવાથી પણ તે સ્વયં પુત્રના ઉપનયન કરશે નહીં.

स ह द्वादशवर्ष उपेत्य चतुर्विꣳशतिवर्षः सर्वान् वेदानधीत्य महामना अनूचानमानी स्तब्ध एयाय । तꣳ ह पितोवाच श्वेतकेतो यन्नु सोम्येदं महामना अनूचानमानी स्तब्धोऽस्युत तमादेशमप्राक्ष्यः ॥ २ ॥

તે શ્વેતકેતુ બાર વર્ષની અવસ્થામાં ઉપનયન કરાવીને ચોવીસ વર્ષનો થવાથી સંપૂર્ણ વેદોનું અધ્યયન કરીને પોતાને બહુ બુદ્ધિમાન અને વ્યાખ્યા કરનારો માનવા લાગીને ઉદ્દંડ ભાવથી ઘેર આવ્યો. તેનાથી પિતાએ કહ્યું - 'હે સૌમ્ય ! તું જો આવો મહામના, પંડિતમન્ય અને અવિનીત છે તો શું તેં તે આદેશ પૂછ્યો છે ?' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स पित्रोक्तः श्वेतकेतुर्द्वादशवर्षः सन्नुपेत्याचार्यं यावच्चतुर्विंशतिवर्षो बभूव, तावत्सर्वान् वेदांश्चतुरोऽप्यधीत्य तदर्थं च बुद्ध्वा महामना महद्गम्भीरं मनो यस्यासममात्मानमन्यैर्मन्यमानं मनो यस्य सोऽयं महामना अनूचानमान्यनूचानमात्मानं मन्यत इत्येवंशीलो यः सोऽनूचानमानी स्तब्धोऽप्रणतस्वभाव एयाय गृहम् । ★ तमेवंभूतं हात्मनोऽननुरूपशीलं स्तब्धं मानिनं पुत्रं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

दृष्ट्वा पितोवाच सद्धर्मावतारचिकीर्षया । श्वेतकेतो यन्विदं महामना अनूचानमानी स्तब्धश्चासि कस्तेऽतिशयः प्राप्त उपाध्यायात् ? उतापरि तमादेशमादिश्यत इत्यादेशः केवलशास्त्राचार्योपदेशगम्यमित्येतत्, येन वा परं ब्रह्मादिश्यते स आदेशस्तमप्राक्ष्यः पृष्टवान-स्याचार्यम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- પિતાના કહેવાથી તે શ્વેતકેતુ બાર વર્ષની અવસ્થામાં ગુરુની પાસે જઈને જ્યાં સુધી કે ચોવીસ વર્ષનો થયો ત્યાં સુધી સંપૂર્ણ વેદોનું અધ્યયન કરીને અને તેનો અર્થ સમજીને મહામના – જેનું મન મહાન અર્થાત્ ગંભીર હોય એટલે જેનું મન પોતાનાને બીજા સમાન ન સમજનાર હોય તેમને મહામના કહે છે, અનૂચાનમાની – પોતાને મોટો પ્રવક્તા માનનાર અર્થાત્ જે એવા સ્વભાવાવળો હોય તેને અનૂચાનમાની કહે છે, અને સ્તબ્ધ - અવિનીત સ્વભાવવાળો થઈને ઘેર પાછો આવ્યો.

તે પોતાના પુત્રને આવી રીતના અર્થાત્ પોતાનાથી વિપરીત સ્વભાવવાળો, ઉદ્દંડ અને અભિમાની થયેલો જોઈને તેમાં સદ્ધર્મની પ્રવૃત્તિ કરવાની ઇચ્છાથી પિતાએ કહ્યું - હે શ્વેતકેતુ ! તું જો આવો મહામના, અનૂચાનમાની અને સ્તબ્ધ થઈ રહ્યો છું તો તને તારા ઉપાધ્યાયથી એવી શું વિશેષતા પ્રાપ્ત થઈ ગઈ છે ? શું તેં તે આદેશ પૂછ્યો છે' – જેનો ઉપદેશ કરવામાં આવે છે તેને આદેશ કહે છે, આનાથી આ સિદ્ધ થાય છે કે બ્રહ્મ કેવળ શાસ્ત્ર અને ગુરુના ઉપદેશથી જ જ્ઞેય છે. અથવા જેના દ્વારા પરબ્રહ્મનો ઉપદેશ કરવામાં આવે તેને આદેશ કહે છે - તો શું તેં તે આચાર્યને પૂછ્યું છે ? ॥ ૨ ॥

❀

तमादेशं विशिनष्टि– તે આદેશ માટે શ્રુતિ વિશેષણ આપે છે –

येनाश्रुत श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातमिति । कथं नु भगवः स आदेशो भवतीति ॥ ३ ॥

'જેના દ્વારા અશ્રુત શ્રુત થઈ જાય છે, અમત મત થઈ જાય છે અને અવિજ્ઞાત વિશેષ રૂપે જ્ઞાત થઈ જાય છે.' (આ સાંભળીને શ્વેતકેતુએ પૂછ્યું -) 'ભગવન્ ! તે આદેશ કેવો છે ?' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- येनादेशेन श्रुतेनाश्रुतमप्यन्यच्छ्रुतं भवत्यमतं मतमतर्कितं तर्कितं भवत्यविज्ञातं विज्ञातमनिश्चितं निश्चितं भवतीति । सर्वानपि वेदानधीत्य सर्वं चान्यद्वेद्यमधिगम्याप्यकृतार्थ एव भवति यावदात्मतत्त्वं न जानातीत्याख्यायिकातोऽवगम्यते । तदेतदद्भुतं श्रुत्वाह कथं न्वेतदप्रसिद्धमन्यविज्ञानेनान्यद्विज्ञातं भवतीत्येवं मन्वानः पृच्छति कथं नु केन प्रकारेण हे भगवः स आदेशो भवतीति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'જે આદેશ દ્વારા બીજું ના સાંભળેલું પણ સાંભળેલું થઈ જાય છે, અમત અર્થાત્ ના વિચારેલું મત - વિચારેલું થઈ જાય છે અને અવિજ્ઞાત - અનિશ્ચિત વિજ્ઞાત - નિશ્ચિત થઈ જાય છે.' આ આખ્યાયિકાથી આ જાણવામાં આવે છે કે સમસ્ત વેદોનું અધ્યયન અને અન્ય સંપૂર્ણ જ્ઞેય પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી પણ જ્યાં સુધી પુરુષ આત્મતત્ત્વને જાણતો નથી, ત્યાં સુધી અકૃતાર્થ જ રહે છે. આ વિચિત્ર પ્રશ્નને સાંભળીને શ્વેતકેતુએ આ વિચારીને કે આ અપ્રસિદ્ધ વાત કેવી રીતે થઈ શકે કે અન્ય વસ્તુના જ્ઞાનથી અન્ય સમસ્ત પદાર્થોનું પણ જ્ઞાન થઈ જાય, કહ્યું – 'હે ભગવન્ ! તે આદેશ કેવો - કેવા પ્રકારનો છે ?' ॥ ૩ ॥

❀

यथा स आदेशो भवति तच्छृणु– પિતા (કહે છે) - તે આદેશ જેવા પ્રકારે છે તો સાંભળ –

यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातꣳ स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ॥ ४ ॥

હે સૌમ્ય ! જેવી રીતે એક માટીના પિંડ દ્વારા સંપૂર્ણ મૃણમય પદાર્થોનું જ્ઞાન થઈ જાય છે કે વિકાર કેવળ વાણીના આશ્રયભૂત નામ માત્ર છે, સત્ય તો કેવળ માટી જ છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- हे सोम्य यथा लोक एकेन मृत्पिण्डेन करककुम्भादिकारणभूतेन विज्ञातेन सर्वमन्यत्तद्विकारजातं मृन्मयं मृद्विकारजातं विज्ञातं स्यात् । ★ कथं मृत्पिण्डे कारणे विज्ञाते कार्यमन्यद्विज्ञातं स्यात् ? ★ नैष दोषः कारणेनानन्यत्वात्कार्यस्य । यन्मन्यसेऽन्यस्मिन्विज्ञातेऽन्यन्न ज्ञायत इति, सत्यमेवं स्यात्, यद्यन्यत्कारणात्कार्यं स्यान्न त्वेवमन्यत्कारणात्कार्यम् । ★ कथं तर्हीदं लोक इदं कारणमयमस्य विकार इति ? ★ शृणु; वाचारम्भणं वागारम्भणं वागालम्बनमित्येतत् । कोऽसौ ? विकारो नामधेयं स्वार्थे धेयप्रत्ययः । वागालम्बनमात्रं नामैव केवलं न विकारो नाम वस्त्वस्ति परमार्थतो मृत्तिकेत्येव मृत्तिकैव तु सत्यं वस्त्वस्ति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- હે સૌમ્ય ! લોકમાં જેવી રીતે કમંડળ અને ઘટ વગેરેના કારણભૂત એક મૃત પિંડને જાણી લેવાથી જ તેના વિકારજાત સંપૂર્ણ મૃણમય અર્થાત્ માટીનો કાર્ય સમૂહ જાણી લેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પૂર્વપક્ષી :- માટીના પિંડરૂપ કારણનું જ્ઞાન થવાથી અન્ય કાર્યવર્ગનું જ્ઞાન કેવી રીતે થઈ શકે છે ?'

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે કાર્ય પોતાના કારણથી અભિન્ન હોય છે તમે જો એમ માનતા હો કે બીજાનું જ્ઞાન થવાથી બીજું જાણી શકાતું નથી, તો આ વાત તે વખતે તો બરાબર હોત જ્યારે કે કારણ કાર્યથી અલગ હોત, પરંતુ આવી રીતે કાર્ય પોતાના કારણથી અલગ નથી.

પૂર્વપક્ષી :- તો પછી લોકમાં એવું કેમ કહેવામાં આવે છે કે આ કારણ છે અને આ તેનો વિકાર (એટલે કાર્ય) છે ?

સિદ્ધાન્તી :- સાંભળો, આ વાચારમ્ભણ - વાગારમ્ભણ અર્થાત્ વાણી પર જ અવલંબિત છે. કોણ ? નામધેય વિકાર - 'નામધેય' પદમાં નામ શબ્દથી સ્વાર્થમાં 'ધ્યેય' પ્રત્યય થયો છે. વસ્તુતઃ વિકાર નામની કોઈ વસ્તુ નથી, આ તો કેવળ વાણી પર અવલંબિત નામમાત્ર જ છે. સત્ય વસ્તુ તો એકમાત્ર માટી જ છે. ॥ ૪ ॥

यथा सोम्यैकेन लोहमणिना सर्वं लोहमयं विज्ञातꣳ स्याद्वाचारम्भणं विकारो नामधेयं लोहमित्येव सत्यम् ॥ ५ ॥

હે સૌમ્ય ! જેવી રીતે એક લોહમણિ(સુવર્ણપિંડ)નું જ્ઞાન થવાથી સંપૂર્ણ લોહમય (સુવર્ણમય) પદાર્થ જાણી લેવામાં આવે છે, કારણ કે વિકાર વાણી પર અવલંબિત નામમાત્ર છે, સત્ય કેવળ સુવર્ણ જ છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- यथा सोम्यैकेन लोहमणिना सुवर्णपिण्डेन सर्वमन्यद्विकारजातं कटकमुकुटकेयूरादि विज्ञातं स्यात् । वाचारम्भणमित्यादि समानम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હે સૌમ્ય ! જેવી રીતે એક લોહમણિ – સુવર્ણપિંડ દ્વારા અન્ય કટક, મુગટ તેમજ કેયૂરાદિ સર્વ વિકાર જાત જાણી લેવામાં આવે છે. 'वाचारम्भणम्' વગેરે શબ્દોનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૫ ॥

यथा सोम्यैकेन नखनिकृन्तनेन सर्वं कार्ष्णायसं विज्ञातꣳ स्याद्वाचारम्भणं विकारो नामधेयं कृष्णायसमित्येव सत्यमेवꣳ सोम्य स आदेशो भवतीति ॥ ६ ॥

હે સૌમ્ય ! જેવી રીતે એક નખકૃન્તન(નવેણી-નખ કાપવાનું સાધન)ના જ્ઞાનથી સંપૂર્ણ લોખંડના પદાર્થ જાણી લેવામાં આવે છે, કારણ કે વિકાર વાણી પર અવલંબિત કેવળ નામ માત્ર છે, સત્ય કેવળ લોખંડ જ છે, હે સૌમ્ય ! એવો જ તે આદેશ પણ છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- यथा सोम्यैकेन नखनिकृन्तनेनोपलक्षितेन कृष्णायसुपिण्डेनेत्यर्थः, सर्वं कार्ष्णायसं कृष्णायसविकारजातं विज्ञातं स्यात्; समानमन्यत् । अनेकदृष्टान्तोपादानं दार्ष्टान्तिकानेकभेदानुगमार्थं दृढप्रतीत्यर्थं च, एवं सोम्य स आदेशो यो मयोक्तो भवति ॥ ६ ॥

શાંકરભાષ્ય :- હે સૌમ્ય ! જેવી રીતે એક નખકૃન્તનથી અર્થાત્ તેનાથી ઉપલક્ષિત લોહ પિંડથી સંપૂર્ણ કાર્ષ્ણાયસ - લોખંડના વિકાર સમૂહ જાણી લેવામાં આવે છે. બાકી સર્વ પૂર્વવત્ છે. અહીં જે અનેક દૃષ્ટાંત લેવામાં આવ્યા છે તે દાર્ષ્ટાન્તિકના અનેક ભેદોનું જ્ઞાન અને દૃઢ પ્રતીતિ કરાવવા માટે છે - હે સૌમ્ય ! એવો જ તે આદેશ છે જે કે મેં કહ્યો છે.' ॥ ૬ ॥

इत्युक्तवति पितर्यहितरः– પિતાના આવી રીતે કહેવાથી બીજો (શ્વેતકેતુ) બોલ્યા –

न वै नूनं भगवन्तस्त एतदवेदिषुर्यद्ध्येतदवेदिष्यन् कथं मे नावक्ष्यन्निति भगवाꣳ स्त्वेव मे तद्ब्रवीत्विति तथा सोम्येति होवाच ॥ ७ ॥

'ચોક્કસ જ તે મારા પૂજ્ય ગુરુદેવ આને જાણતા ન હતાં. જો તે જાણતા હોત તો મને કેમ ના કહેત ? હવે આપ જ મને તે બતલાવો.' ત્યારે પિતાએ કહ્યું - 'સારું સૌમ્ય ! બતલાવું છું.' ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- वै नूनं भगवन्तः पूजावन्तो गुरवो मम ये त एतद्यद्भवदुक्तं वस्तु नावेदिषुर्न विज्ञातवन्तो नूनम् । यद्यदि ह्यवेदिष्यन्विदितवन्त एतद्वस्तु कथं मे गुणवते भक्तायानुगताय नावक्ष्यन्नोक्तवन्तस्तेनाहं मन्ये न विदितवन्त इति । अवाच्यमपि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

गुरोर्न्यग्भावमवादीत्पुनर्गुरुकुलं प्रति प्रेषणभयात् । अतो भगवांस्त्वेव मे मह्यं तद्वस्तु येन सर्वज्ञत्वं ज्ञातेन मे स्यात्तद्ब्रवीतु कथयत्वित्युक्तः पितोवाच तथास्तु सोम्येति ॥ ७ ॥

શાંકરભાષ્ય :- 'ચોક્કસ મારા જે પૂજ્ય ગુરુદેવ હતાં, તે આપે કહેલી આ વાતને જાણતાં ન હતાં. જો તે જાણતા અર્થાત્ તેમને આ વાતની ખબર હોત તો મને ગુણવાન ભક્ત તેમજ પોતાના અનુગત શિષ્ય પ્રત્યે કેમ ના કહેત ? આનાથી હું સમજુ છું તેમને આની ખબર ન હતી.' કહેવા યોગ્ય ન હોવાથી પણ તેમણે ફરી ગુરુકુળમાં મોકલવાના ભયથી ગુરુનું લઘુત્વ કહી દીધું. એટલે હવે આપ જ મારા પ્રત્યે તે વસ્તુનું વર્ણન કરો જેનું જ્ઞાન થવાથી મને સર્વજ્ઞત્વ પ્રાપ્ત થઈ જાય. આવી રીતે કહેવાથી પિતાએ કહ્યું – 'સૌમ્ય ! સારું એમ જ થાવ.' ॥ ૭ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये प्रथमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १ ॥

છાંદોગ્યોપનિષદ્માં છઠ્ઠા અધ્યાયના પ્રથમ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वितीयः खण्डः

सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् । तद्धैक आहुरसदेवेदमग्र आसीदेकमेवाद्वितीयं तस्मादसतः सज्जायत ॥ १ ॥

હે સૌમ્ય ! આરંભમાં આ એકમાત્ર અદ્વિતીય સત્ જ હતું. તેના વિષયમાં કોઈએ એવું પણ કહ્યું કે આરંભમાં એકમાત્ર અદ્વિતીય અસત્ જ હતું. તે અસત્થી સત્ની ઉત્પત્તિ થાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- सदेव सदित्यस्तितामात्रं वस्तु सूक्ष्मं निर्विशेषं सर्वगतमेकं निरञ्जनं निरवयवं विज्ञानं यदवगम्यते सर्ववेदान्तेभ्यः । एवशब्दोऽवधारणार्थः । किं तदवध्रियत इत्याह–इदं जगन्नामरूपक्रियावद्विकृतमुपलभ्यते यत्तत्सदेवासीदित्यासीच्छब्देन संबध्यते । ★ कदा सदेवेदमासीदित्युच्यते ? ★ अग्रे जगतः प्रागुत्पत्तेः । ★ किं नेदानीमिदं सद्येनाग्र आसीदिति विशेष्यते ? ★ न । ★ कथं तर्हि विशेषणम् ? ★ इदानीमपीदं सदेव किं तु नामरूपविशेषणवदिदं शब्दबुद्धिविषयं चेतीदं च भवति । प्रागुत्पत्तेस्त्वग्रे केवलसच्छब्दबुद्धिमात्रगम्यमेवेति सदेवेदमग्र आसीदित्यवधार्यते । न हि प्रागुत्पत्तेर्नामवद्रूपवद्वेदमिति ग्रहीतुं शक्यं वस्तु सुषुप्तकाल इव । यथा सुषुप्तादुत्थितः सत्त्वमात्रमवगच्छति सुषुप्ते सन्मात्रमेव केवलं वस्त्विति तथा प्रागुत्पत्तेरित्यभिप्रायः । ★ यथेदमुच्यते लोके पूर्वाह्णे घटादि सिसृक्षुणा कुलालेन मृत्पिण्डं प्रसारितमुपलभ्य ग्रामान्तरं गत्वा प्रत्यागतोऽपराह्णे तत्रैव घटशरावाद्यनेकभेदभिन्नं कार्यमुपलभ्य मृदेवेदं घटशरावादि केवलं पूर्वाह्ण आसीदिति तथेहाप्युच्यते सदेवेदमग्र आसीदिति । एकमेवेति, स्वकार्यपतितमन्यन्नास्तीत्येकमेवेत्युच्यते । अद्वितीयमिति, मृद्व्यतिरेकेण; मृदो यथान्यद्घटाद्याकारेण परिणमयितृकुलालादिनिमित्तकारणं दृष्टं तथा सद्व्यतिरेकेण सतः सहकारिकारणं द्वितीयं वस्त्वन्तरं प्राप्तं प्रतिषिध्यतेऽद्वितीयमिति, नास्य द्वितीयं वस्त्वन्तरं विद्यत इत्यद्वितीयम् । ★ ननु वैशेषिकपक्षेऽपि सत्सामानाधिकरण्यं सर्वस्योपपद्यते, द्रव्यगुणादिषु सच्छब्दबुद्ध्यनुवृत्तेः; सद्द्रव्यं सन्गुणः सत्कर्मेत्यादिदर्शनात् । ★ सत्यमेवं स्यादिदानीम्, प्रागुत्पत्तेस्तु नैवेदं कार्यं सदेवासीदित्यभ्युपगम्यते वैशेषिकैः; प्रागुत्पत्तेः कार्यस्यासत्त्वाभ्युपगमात् । न चैकमेवं सदद्वितीयं प्रागुत्पत्तेरिच्छन्ति । तस्माद्वैशेषिकपरिकल्पितात्सतोऽन्यत्कारणमिदं सदुच्यते मृदादिदृष्टान्तेभ्यः । ★ तत्र हैतस्मिन्प्रागुत्पत्तेर्वस्तुनिरूपण एके वैनाशिका आहुर्वस्तु निरूपयन्तोऽसत्सदभावमात्रं प्रागुत्पत्तेरिदं जगदेकमेवाग्रेऽद्वितीयमासीदिति । सदभावमात्रं हि प्रागुत्पत्तेस्तत्त्वं कल्पयन्ति बौद्धाः । न तु सत्प्रतिद्वन्द्वि वस्त्वन्तरमिच्छन्ति; यथा सच्चासदिति गृह्यमाणं यथाभूतं तद्विपरीतं तत्त्वं भवतीति नैयायिकाः । ★ ननु सदभावमात्रं प्रागुत्पत्तेश्चेदभिप्रेतं वैनाशिकैः, कथं प्रागुत्पत्तेरिदमासीदसदेकमेवाद्वितीयं चेति कालसंबन्धः संख्यासंबन्धोऽद्वितीयत्वं चोच्यते तैः । ★ बाढं न युक्तं तेषां भावाभावमात्रमभ्युपगच्छताम् । असत्त्वमात्राभ्युपगमोऽप्ययुक्त एव, अभ्युपगन्तुरनभ्युपगमानुपपत्तेः । इदानीमभ्युपगन्ताभ्युपगम्यते न प्रागुत्पत्तेरिति चेत् ? न; प्रागुत्पत्तेः सदभावस्य प्रमाणाभावात् । प्रागुत्पत्तेरसदेवेति कल्पनानुपपत्तिः । ★ ननु कथं वस्त्वाकृतेः शब्दार्थत्वेऽसदेकमेवाद्वितीयमितिपदार्थवाक्यार्थोपपत्तिः, तदनुपपत्तौ चेदं वाक्यमप्रमाणं प्रसज्येतेति चेत् ? ★ नैष दोषः, सद्ग्रहणनिवृत्तिपरत्वाद्वाक्यस्य । सदित्ययं तावच्छब्दः सदाकृतिवाचकः । एकमेवाद्वितीयमित्येतौ च सच्छब्देन समानाधिकरणौ; तथेदमासीदिति च ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तत्र नञ् सद्वाक्ये प्रयुक्तः सद्वाक्यमेवावलम्ब्य सद्वाक्यार्थविषयां बुद्धिं सदेकमेवाद्वितीयमिदमासीदित्येवंलक्षणां ततः सद्वाक्यार्थान्निवर्त-यत्यश्वारूढ इवाश्वालम्बनोऽश्वं तदभिमुखविषयान्निवर्तयति तद्वत् । न तु पुनः सदभावमेवाभिधत्ते । अतः पुरुषस्य विपरीतग्रहणनिवृत्त्यर्थ-परमिदमसदेवेत्यादि वाक्यं प्रयुज्यते । दर्शयित्वा हि विपरीतग्रहणं ततो निवर्तयितुं शक्यत इत्यर्थवत्त्वादसदादिवाक्यस्य श्रौतत्वं प्रामाण्यं च सिद्धमित्यदोषः । तस्मादसतः सर्वाभावरूपात्सद्विद्यमानं जायत समुत्पन्नम् । अडभावश्छान्दसः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'सदेव' - 'सत्' આ અસ્તિત્વ માત્ર વસ્તુનું બોધક છે, જે કે સંપૂર્ણ વેદાંતોથી સૂક્ષ્મ, નિર્વિશેષ, સર્વગત, એક, નિરંજન, નિરવયવ અને વિજ્ઞાન સ્વરૂપ જાણવામાં આવે છે. 'एव' શબ્દ નિશ્ચયાર્થક છે. આનાથી કઈ વસ્તુનો નિશ્ચય કરવામાં આવે છે - આ (આરુણિ) બતાવે છે - આ જે નામરૂપ તેમજ ક્રિયાવાન વિકારી જગત જોવામાં આવે છે 'सत्' જ હતું - આવી રીતે 'आसीत्' (હતું) શબ્દથી 'सत्' શબ્દનો સંબંધ છે.

પૂર્વપક્ષી :- આ કયા સમયે सत् જ હતું - એવું કહેવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- આગળ અર્થાત્ જગતની ઉત્પત્તિ પૂર્વે.

પૂર્વપક્ષી :- તો શું આ વખતે આ सत् નથી જે 'આરંભમાં હતું' આવી રીતે વિશેષણ આપવામાં આવ્યું છે ?

સિદ્ધાન્તી :- ના, આવી વાત નથી.

પૂર્વપક્ષી :- તો પછી આ વિશેષણ કેમ આપવામાં આવ્યું છે ?

સિદ્ધાન્તી :- આ વખતે પણ આ सत् જ છે, પરંતુ નામરૂપ વિશેષણ યુક્ત અને ઈદં શબ્દ અને ઈદંબુદ્ધિનો વિષય હોવાને કારણે 'इदम्' (આ) આવી રીતે પણ નિર્દેશ કરવામાં આવે છે. પરંતુ ઉત્પત્તિના પૂર્વ આરંભમાં કેવળ सत् શબ્દ અને सद्बुद्धिનો જ વિષય હોવાને કારણે 'આ પહેલાં सत् જ હતું' આવી રીતે નિશ્ચય કરવામાં આવે છે. સુષુપ્તકાળ સમાન ઉત્પત્તિથી પૂર્વ આ નામયુક્ત અથવા રૂપયુક્ત છે આવી રીતે વસ્તુનું ગ્રહણ કરી શકાય નહીં. જેવી રીતે સૂઈને ઊઠેલો પુરુષ વસ્તુની સત્તા માત્રનો અનુભવ કરે છે અર્થાત્ કેવળ એટલું જ જાણે છે કે સુષુપ્તિમાં કેવળ સન્માત્ર વસ્તુ હતી, તેવી રીતે ઉત્પત્તિ પૂર્વે જગત હતું - આવો આપનો અભિપ્રાય છે.

જેવી રીતે લોકમાં ઘટાદિ બનાવવાની ઇચ્છાવાળા કુંભાર દ્વારા પૂર્વાહ્ન(દિવસમાં પૂર્વ ભાગ)માં માટીના પિંડને ફેલાયેલો જોઈને કોઈ પુરુષ કોઈ અન્ય ગામમાં જઈને મધ્યાહ્નોત્તર કાળમાં - બપોર પછીના સમયે પાછા આવતાં તે જ સ્થાનમાં ઘટ - શરાવ વગેરે અનેક ભેદોવાળાં માટીના કાર્યને જોઈને આ કહે છે કે પૂર્વાહ્નમાં એ ઘટ-શારાવાદિ કેવળ માટી જ હતાં તેવી રીતે અહીં પણ 'આ આરંભમાં કેવળ सत् જ હતું' એમ કહેવામાં આવે છે. આ એક જ હતું, અર્થાત્ પોતાના કાર્યવર્ગમાં પડેલું બીજું કાંઈ ન હતું, એટલા માટે 'એક જ હતું' એમ કહેવામાં આવે છે. અને અદ્વિતીય હતું, માટીથી અતિરિક્ત (બીજી વસ્તુ ન હતી) જેવી રીતે માટીને ઘટાદિ આકારમાં પરિણત કરનારા કુંભાર વગેરે નિમિત્તકારણ જોવામાં આવે છે તેવી રીતે सत्થી અલગ सत्નું સહકારી કારણરૂપ કોઈ બીજો પદાર્થ પ્રાપ્ત થાય તો તેનો 'અદ્વિતીય હતું' એમ કહીને પ્રતિષેધ કરવામાં આવે છે. અર્થાત્ આનાથી અલગ કોઈ બીજી વસ્તુ ન હતી, એટલા માટે આ અદ્વિતીય હતું.

પૂર્વપક્ષી :- પરંતુ सत्ની સાથે બધાનું સામાનાધિકરણ તો વૈશેષિક મતમાં પણ સંભવ છે, કારણ કે દ્રવ્ય તેમજ ગુણ વગેરેમાં सत् - શબ્દ અને सद्बुद्धिની અનુવૃત્તિ થાય છે, જેમ કે 'सद् द्रव्यम्' 'सद् गुणः' તેમજ 'सत् कर्म' વગેરે પ્રયોગોમાં જોવામાં આવે છે.

સિદ્ધાન્તી :- બરાબર છે, વર્તમાન કાળમાં તો એવું જ છે, પરંતુ ઉત્પત્તિથી પહેલાં આ કાર્ય सत् જ હતું - એવું વૈશેષિક મતાવલંબિઓને માન્ય નથી, કારણ કે ઉત્પત્તિથી પહેલાં તે કાર્યના અસત્ત્વનો સ્વીકાર કરે છે. ઉત્પત્તિથી પહેલાં એકમાત્ર અદ્વિતીય सत् જ હતું – એમ માનવું તેને અભીષ્ટ નથી. એટલે માટી વગેરેના દૃષ્ટાંતોથી આ વૈશેષિકો દ્વારા પરિકલ્પિત सत्ની અપેક્ષાએ બીજું सत् કારણ બતાવવામાં આવે છે.

આ વિષયમાં અર્થાત્ ઉત્પત્તિથી પહેલાં વસ્તુનું નિરુપણ કરવામાં એક એટલે વૈનાશિક (બૌદ્ધ) વસ્તુનું નિરૂપણ કરતાં કહે છે – 'ઉત્પત્તિથી પહેલાં આરંભમાં આ જગત એક અદ્વિતીય असत् અર્થાત્ सत्નો અભાવ માત્ર જ હતું.' બૌદ્ધ લોકો ઉત્પત્તિથી પહેલાં सत्ના અભાવમાત્રને જ તત્ત્વ માને છે. તે सत्ની વિરોધિની કોઈ બીજી વસ્તુ માનતા નથી, જેમ કે નૈયાયિકોનો મત છે કે ગૃહીત થનારી યથાભૂત વસ્તુ અને તેનાથી વિપરીત તત્ત્વ એ ક્રમશઃ 'सत्' અને 'असत्' છે.

પૂર્વપક્ષી :- જો વૈનાશિક ઉત્પત્તિથી પહેલાં सत्નો અભાવ માત્ર જ માને છે તો 'ઉત્પત્તિની પહેલાં આ એકમાત્ર અદ્વિતીય असत् જ હતું' એમ કહીને તે તેનો કાળ સંબંધ, સંખ્યા સંબંધ અને અદ્વિતીયત્વ કેવી રીતે નિરૂપણ કરે છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સિદ્ધાન્તી :- બરાબર છે, સત્‌ની અસત્તા માત્ર માનનારા તે લોકોનું એવું કહેવું ઉચિત નથી. આના સિવાય તેના અસત્તામાત્ર માનવું પણ અનુચિત જ છે, કારણ કે જે (એમ) માનનારા છે તેમનું ન માનવું સંભવ નથી. જો કહો કે આ વખતે તો માનનારા માની જ જાય છે ઉત્પત્તિથી પહેલાં જ માનવામાં આવતું નથી, તો એમ કહેવું બરાબર નથી, કારણ કે આવી રીતે ઉત્પત્તિથી પહેલાં સત્‌ના અભાવને સિદ્ધ કરનારા કોઈ પ્રમાણ રહેતું નથી, અને પછી 'ઉત્પત્તિથી પહેલાં અસત્ જ હતું' એવી કલ્પનાનું હોવું સંભવ નથી.

પૂર્વપક્ષી :- પરંતુ શબ્દનો અર્થ તો વસ્તુની આકૃતિ જ હોય છે, એવી અવસ્થામાં 'એકમાત્ર અદ્વિતીય અસત્ જ હતું' આ પદોનો અથવા આ વાક્યનો અર્થ કેવી રીતે બરાબર હોઈ શકે છે ? અને બરાબર ન હોય તો આ (શ્રુતિનાં) વાક્ય જ અપ્રામાણિક સિદ્ધ થાય.

સિદ્ધાન્તી :- અહીં આ દોષ આવતો નથી, કારણ કે આ વાક્ય કેવળ સત્‌ને ગ્રહણ કરવાની નિવૃત્તિ કરવા માત્રમાં જ તાત્પર્ય રાખે છે. 'सत्' આ શબ્દ તો સત્‌ની આકૃતિનો વાચક જ છે. 'એકમાત્ર અદ્વિતીય' આ બન્ને શબ્દ 'सत्' શબ્દ સાથે સમાનાધિકરણ રૂપે પ્રયુક્ત થયા છે. આવી રીતે इदम् અને 'आसीत्' શબ્દ પણ સમાનાધિકરણ છે. આવી અવસ્થામાં સદ્ વાક્યમાં પ્રયોગ કરવામાં આવેલો 'नञ्' સદ્ - વાક્યને જ આલંબન કરીને 'એકમાત્ર અદ્વિતીય સત્ જ હતું' એવી સદ્ વાક્યાર્થ સંબંધીની બુદ્ધિને, જેવી રીતે કે ઘોડા ઉપર ચઢેલો પુરુષ ઘોડાનો જ આશ્રય લઈને તેને તેની અભિમુખ વિષયોથી ફેરવે છે તેવી રીતે, સદ્ વાક્યના અર્થથી નિવૃત્ત કરી દે છે, તે સત્‌ના અભાવનું જ નિરૂપણ કરતાં નથી. એટલે પુરુષના વિપરીત ગ્રહણની નિવૃત્તિને માટે જ 'આ અસત્ જ હતું' વગેરે વાક્યનો પ્રયોગ કરવામાં આવ્યો છે. વિપરીત ગ્રહણને બતાવીને જ તેમાંથી નિવૃત્ત કરવું સંભવ છે. આવી રીતે અસત્ વગેરે વાક્ય સાર્થક હોવાને કારણે તેનું શ્રૌતત્વ અને પ્રામાણ્ય સિદ્ધ જ છે. એટલે આમાં કોઈ દોષ નથી. તે સર્વાભાવરૂપ અસત્‌થી સત્ અર્થાત્ વિદ્યમાન કાર્યજાત ઉત્પન્ન થયું. (મૂળમાં 'सज्जायत'ના સ્થાને 'सत् अजायत' એવું હોવું જોઈએ હતું, તો 'जायत' આ ક્રિયાપદમાં) અટ્‌નો અભાવ વૈદિક છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तदेतद्विपरीतग्रहणं महावैनाशिकपक्षं दर्शयित्वा प्रतिषेधति–

શાંકરભાષ્ય :- આવી રીતે આ વિપરીતગ્રહણ રૂપ મહાવૈનાશિકનો પક્ષ બતાવીને હવે (આરુણિ) તેનો પ્રતિષેધ કરે છે –

कुतस्तु खलु सोम्यैवꣳ स्यादिति होवाच कथमसतः सज्जायेतेति । सत्त्वेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ॥ २ ॥

'પરંતુ હે સૌમ્ય ! આવું કેવી રીતે થઈ શકે, ભલા અસત્‌થી સત્‌ની ઉત્પત્તિ કેવી રીતે થઈ શકે ? એટલે હે સૌમ્ય ! આરંભમાં આ એકમાત્ર અદ્વિતીય સત્ જ હતું' એવું (એ આરુણિ એ) કહ્યું. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- कुतस्तु प्रमाणात्खलु हे सोम्यैवं स्यात्, असतः सज्जायेतेत्येवं कुतो भवेत् ? न कुतश्चित्प्रमाणादेवं संभवतीत्यर्थः । यदपि बीजोपमर्देऽङ्कुरो जायमानो दृष्टोऽभावादेवेति, तदप्यभ्युपगमविरुद्धं तेषाम् । कथम् ? ये तावद्बीजावयवा बीजसंस्थानविशिष्टास्तेऽङ्कुरेऽप्यनुवर्तन्त एव, न तेषामुपमर्दोऽङ्कुरजन्मनि । यत्पुनर्बीजाकारसंस्थानम्, तद्बीजावयवव्यतिरेकेण वस्तुभूतं न वैनाशिकैरभ्युपगम्यते, यदङ्कुरजन्मन्युपमृद्येत । अथ तदस्त्यवयवव्यतिरिक्तं वस्तुभूतम्, तथा च सत्यभ्युपगमविरोधः । ★ अथ संवृत्याभ्युपगतं बीजसंस्थानरूपमुपमृद्यत इति चेत् ? केयं संवृतिर्नाम–किमसावभाव उत भाव इति ? यद्यभावः, दृष्टान्ताभावः । अथ भावः, तथापि नाभावादङ्कुरोत्पत्तिः; बीजावयवेभ्यो ह्यङ्कुरोत्पत्तिः । ★ अवयवा अप्युपमृद्यन्त इति चेत् ? न; तदवयवेषु तुल्यत्वात् । यथा वैनाशिकानां बीजसंस्थारूपोऽवयवी नास्ति, तथावयवा अपीति तेषामत्युपमर्दानुपपत्तिः । बीजावयवानामपि सूक्ष्मावयवास्तदवयवानामप्यन्ते सूक्ष्मतरावयवा इत्येवं प्रसङ्गस्यानिवृत्तेः सर्वत्रोपमर्दानुपपत्तिः । सद्बुद्ध्यनुवृत्तेः सत्त्वानिवृत्तिश्चेति तद्वादिनां सत एव सदुत्पत्तिः सेत्स्यति । न त्वसद्वादिनां दृष्टान्ताऽस्त्यसतः सदुत्पत्तेः । मृत्पिण्डाद्घटोत्पत्तिर्दृश्यते सद्वादिनां तद्भावे भावात्तदभावे चाभावात् । ★ यद्यभावादेव घट उत्पद्येत घटार्थिना मृत्पिण्डो नोपादीयेत । अभावशब्दबुद्ध्यनुवृत्तिश्च घटादौ प्रसज्येत न त्वेतदस्त्यतो नासतः सदुत्पत्तिः । ★ यदप्याहुर्मृद्बुद्धिर्घटबुद्धेर्निमित्तमिति मृद्बुद्धिर्घटबुद्धेः कारणमुच्यते, न तु परमार्थत एव मृद्घटो वास्तीति; तदपि मृद्बुद्धिर्विद्यमाना विद्यमानाया एव घटबुद्धेः कारणमिति नासतः तदुत्पत्तिः । ★ मृद्घटबुद्ध्योर्निमित्तनैमित्तिकतयानन्तर्यमात्रं न तु कार्यकारणत्वमिति चेत् ? न; बुद्धीनां नैरन्तर्ये गम्यमाने वैनाशिकानां बहिर्दृष्टान्ताभावात् । ★ अतः कुतस्तु खलु सोम्यैवं स्यादिति होवाच कथं केन प्रकारेणासतः सज्जायेतेति । असतः सदुत्पत्तौ न कश्चिदपि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

दृष्टान्तप्रकारोऽस्तीत्यभिप्रायः । एवमसद्वादिपक्षमुन्मथ्योपसंहरति सत्त्वेव सोम्येदमग्र आसीदिति स्वपक्षसिद्धिम् । ★ ननु सद्वादिनोऽपि सतः सदुत्पद्यत इति नैव दृष्टान्तोऽस्ति । घटाद्घटान्तरोत्पत्त्यदर्शनात् । ★ सत्यमेवं न सतः सदन्तरमुत्पद्यते किं तर्हि ? सदेव संस्थानान्तरेणावतिष्ठते । यथा सर्पः कुण्डलीभवति । यथा च मृच्चूर्णपिण्डघटकपालादिप्रभेदैः । ★ यद्येवं सदेव सर्वप्रकारावस्थं कथं प्रागुत्पत्तेरिदमासीदित्युच्यते । ★ ननु न श्रुतं त्वया सदेवेत्यवधारणमिदंशब्दवाच्यस्य ? ★ प्राप्तं तर्हि प्रागुत्पत्तेरसदेवासीन्नेदंशब्दवाच्यमिदानीमिदं जातमिति । ★ न; सत एवेदंशब्दबुद्धिविषयतयावस्थानाद्यथा मृदेव पिण्डघटादिशब्दबुद्धिविषयत्वेनावतिष्ठते तद्वत् । ★ ननु यथा मृद्वस्त्वेवं पिण्डघटाद्यपि तद्वत्सद्बुद्धेरन्यबुद्धिविषयत्वात्कार्यस्य सतोऽन्यद्वस्त्वन्तरं स्यात्कार्यजातं यथाश्वाद्गौः । ★ न; पिण्डघटादीनामितरेतरव्यभिचारेऽपि मृत्त्वाव्यभिचारात् । यद्यपि घटः पिण्डं व्यभिचरति पिण्डश्च घटं तथापि पिण्डघटौ मृत्त्वं न व्यभिचरतस्तस्मान्मृन्मात्रं पिण्डघटौ । व्यभिचरति त्वश्वं गौरश्वो वा गाम् । तस्मान्मृदादिसंस्थानमात्रं घटादयः । एवं सत्संस्थानमात्रमिदं सर्वमिति युक्तं प्रागुत्पत्तेः सदेवेति; वाचारम्भणमात्रत्वाद्विकारसंस्थानस्य । ★ ननु निरवयवं सत्, **'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्'** (श्वेता.उप. ६-१९) **'दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः'** (मु.उप. २-१-२) इत्यादिश्रुतिभ्यो निरवयवस्य सतः कथं विकारसंस्थानमुपपद्यते । ★ नैष दोषः, रज्ज्वाद्यवयवेभ्यः सर्पादिसंस्थानवद्बुद्धिपरिकल्पितेभ्यः सदवयवेभ्यो विकारसंस्थानोपपत्तेः **'वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्'** (छा.उप. ६-१-४) एवम् **'सदेव सत्यम्'** इति श्रुतेः । एकमेवाद्वितीयं परमार्थत इदं बुद्धिकालेऽपि ॥ २ ॥

શાંકરભાષ્ય :- પરંતુ હે સૌમ્ય ! આવું કયા પ્રમાણથી થઈ શકે ? અર્થાત્ અસત્‌થી સત્ ઉત્પન્ન થાય - એવું કેવી રીતે થઈ શકે છે ? તાત્પર્ય આ છે કે આવું કોઈ પણ પ્રમાણથી સંભવ નથી. તથા તે લોકો જે આ માને છે કે બીજનો નાશ થવાથી અભાવથી જ અંકુર ઉત્પન્ન થતાં જોવામાં આવે છે તે પણ તેમના જ સિદ્ધાંતથી વિરુદ્ધ છે. કેવી રીતે વિરુદ્ધ છે ? બીજના આકારથી યુક્ત જે બીજના અવયવ છે તેની અનુવૃત્તિ અંકુરમાં પણ હોય જ છે, અંકુરના ઉત્પન્ન થવાથી તેનો નાશ થઈ જતો નથી. અને જે બીજાકારના સંસ્થાન છે તેને તો વૈનાશિક પણ બીજના અવયવોથી અલગ કોઈ વસ્તુ માનતા નથી, જેનો અંકુરની ઉત્પત્તિ થવાથી નાશ થાય. જો કહો કે બીજાવયવોથી વ્યતિરિક્ત તે વાસ્તવિક સ્વરૂપથી છે તો આ તેની જ માન્યતાથી વિરુદ્ધ થશે.

જો કહો કે સંવૃત્તિ (લોકિક વ્યવહાર) દ્વારા માનવામાં આવેલ બીજ સંસ્થાનનું રૂપ નષ્ટ થાય છે તો આ બતાવો કે આ સંવૃત્તિ શું વસ્તુ છે. આ ભાવ છે કે અભાવ ? જો અભાવ છે તો (અભાવથી ભાવની ઉત્પત્તિ થવાનું) કોઈ દૃષ્ટાંત નથી. (એટલે અભાવ સ્વરૂપા સંવૃત્તિ બીજની સત્તાની સાધિકા હોઈ શકે નહીં) અને જો ભાવ છે તો પણ અભાવથી અંકુરની ઉત્પત્તિ થવી એ સિદ્ધ થતું નથી, કારણ કે અંકુરની ઉત્પત્તિ તો બીજના અવયવોથી જ થાય છે.

હવે જો એમ માનીએ કે અવયવોનો પણ નાશ થઈ જાય છે તો એમ કહેવું બરાબર નથી, કારણ કે આ દોષ અવયવી સમાન જ તેના અવયવોમાં પણ છે. જેવી રીતે વૈનાશિકોના મતે બીજ સંસ્થાનરૂપ અવયવી નથી તેવી રીતે અવયવ પણ નથી, એટલે તેનો નાશ થવો સંભવ નથી. બીજાવયવોના પણ સૂક્ષ્મ અવયવ હોવા જોઈએ અને તે અવયવોના પણ બીજા સૂક્ષ્મતર અવયવ હોવા જોઈએ - આવી રીતે પ્રસંગની અનિવૃત્તિ (અનવસ્થા દોષ) હોવાને કારણે સર્વત્ર નાશ થવો સંભવ નથી. અને સર્વત્ર સદ્બુદ્ધિની અનુવૃત્તિ હોવાને કારણે સત્ત્વની નિવૃત્તિ થશે નહીં. આવી રીતે સદ્વાદિઓના માનેલા સત્‌થી સત્‌ની ઉત્પત્તિ જ સિદ્ધ થશે. અસત્‌થી સત્‌ની ઉત્પત્તિ થવાથી અસદ્વાદિઓની પાસે કોઈ દૃષ્ટાંત પણ નથી. સદ્વાદિઓના મતે મૃત્તિકાના પિંડથી ઘટની ઉત્પત્તિ જોવામાં આવી છે, કારણકે તેની સત્તાના અસ્તિત્વથી ઘટની પણ સત્તા છે અને તેના અભાવ થવાથી ઘટનો પણ અભાવ થઈ જાય છે.

જો અભાવથી જ ઘટની ઉત્પત્તિ થાય તો ઘટ બનાવવાની ઇચ્છાવાળાને મૃત્તિકાનો પિંડ લેવાની આવશ્યકતા ન હોત અને ઘટાદિમાં 'અભાવ' શબ્દ અને અભાવ-બુદ્ધિની અનુવૃત્તિનો પણ પ્રસંગ ઉપસ્થિત થાત. પરંતુ એવું નથી. એટલા માટે અસત્‌થી સત્‌ની ઉત્પત્તિ થઈ શકતી નથી.

આના સિવાય તે લોકો જે એમ કહે છે કે 'મૃત્તિકાબુદ્ધિ ઘટબુદ્ધિનું નિમિત્ત છે, એટલે મૃદ્બુદ્ધિ જ ઘટબુદ્ધિનું કારણ કહેવામાં આવે છે, વસ્તુતઃ મૃત્તિકા અથવા ઘટ કશું જ નથી' આના અનુસાર પણ વિદ્યમાન મૃદ્બુદ્ધિ જ વિદ્યમાન ઘટબુદ્ધિનું કારણ છે, એટલે અસત્‌થી સત્‌ની ઉત્પત્તિ સિદ્ધ થતી નથી.

જો કહો કે મૃદ્ બુદ્ધિ અને ઘટબુદ્ધિ નિમિત્ત અને નૈમિત્તિકરૂપે આનન્તર્યમાત્ર છે, કાર્ય-કારણ ભાવ નથી તો એમ કહેવું પણ બરાબર નથી, કારણકે આ બુદ્ધિઓની નિરંતરતાનું જ્ઞાન કરાવવામાં વૈનાશિકોની પાસે કોઈ બાહ્ય દૃષ્ટાંત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

'એટલે હે સૌમ્ય ! આવું કેવી રીતે થઈ શકે ?' આમ આરુણિએ કહ્યું. અર્થાત્ અસત્થી સત્ની ઉત્પત્તિ કેવી રીતે - કેવા પ્રકારે થઈ શકે ? તાત્પર્ય આ છે કે અસત્થી સત્ની ઉત્પત્તિ થવામાં કોઈપણ દૃષ્ટાંતનો પ્રકાર નથી. આવી રીતે અસદ્વાદીના પક્ષનું ઉન્મંથન (નિરસન) કરીને આરુણિ - 'હે સૌમ્ય ! આરંભમાં આ સત્ જ હતું' આવી રીતે પોતાના પક્ષની સિદ્ધિનો ઉપસંહાર કરે છે.

પૂર્વપક્ષી :- પરંતુ સદ્વાદીના મતાનુસાર સત્થી સત્ની ઉત્પત્તિ થાય છે. આમાં પણ કોઈ દૃષ્ટાંત નથી, કારણ કે ઘટથી બીજા ઘટની ઉત્પત્તિ થતી જોવામાં આવતી નથી.

સિદ્ધાન્તી :- આ બરાબર છે, એક સત્થી બીજા સત્ની ઉત્પત્તિ થતી નથી. તો પછી શું થાય છે ? - સત્ જ એક બીજા આકારમાં આવીને રહે છે, જેવી રીતે કે સર્પ જ કુંડળી થઈ જાય છે અને જેમ મૃત્તિકા જ ચૂર્ણ, પિંડ, ઘટ, કપાલાદિ ભેદોમાં આવીને રહે છે.

પૂર્વપક્ષી :- જો આવી વાત છે તો સંપૂર્ણ પ્રકારોમાં રહેલ સત્ જ છે પછી આ કેમ કહેવામાં આવે છે કે આ ઉત્પત્તિથી પૂર્વે હતું ?

સિદ્ધાન્તી :- અરે ! શું તે સાંભળ્યું નથી કે 'સદેવ' આ પદ ઈદંશબ્દ વાચ્યનો નિશ્ચય કરાવવા માટે છે.

પૂર્વપક્ષી :- ત્યારે તો આ સિદ્ધ થાય છે કે ઉત્પત્તિથી પહેલાં અસત્ જ હતું, ઈદં શબ્દવાચ્ય ન હતું, આ હમણાં ઉત્પન્ન થયું છે.

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે જેવી રીતે મૃત્તિકા જ પિંડ તેમજ ઘટાદિ શબ્દ અને બુદ્ધિનો વિષય બનીને રહે છે તેવી રીતે સત્ જ ઈદંશબ્દ અને ઈદંબુદ્ધિના વિષયરૂપે રહે છે.

પૂર્વપક્ષી :- પરંતુ જેવી રીતે મૃત્તિકા વસ્તુ છે તેવી રીતે પિંડ અને ઘટાદિ પણ છે. તેના સમાન સત્નું કાર્ય સદ્બુદ્ધિથી અન્ય બુદ્ધિનો વિષય હોવાને કારણે તે સત્ની અપેક્ષાએ કોઈ બીજી વસ્તુ હોવી જોઈએ, જેવી રીતે કે અશ્વથી ગાય.

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે પિંડ અને ઘટાદિનો પરસ્પર વ્યભિચાર હોવાથી પણ તેમાં મૃત્તિકાત્વનો વ્યભિચાર નથી. પણ જો ઘટ પિંડથી અલગ રહે છે અને પિંડ ઘટથી, તો પણ પિંડ અને ઘટ બંને જ મૃત્તિકાત્વથી કદી અલગ ન હોય. એટલે પિંડ અને ઘટ વગેરે તો મૃત્તિકા માત્ર જ છે. પરંતુ અશ્વ ગાયને અને ગાય અશ્વને અલગ કરે છે, એટલા માટે ઘટાદિ કેવળ મૃત્તિકાદિના સંસ્થાન (આકાર) માત્ર છે. આવી રીતે આ સર્વ જગત સત્નું સંસ્થાન માત્ર છે, એટલે ઉત્પત્તિથી પહેલાં સત્ જ હતું - આ કથન બરાબર જ છે, કારણ કે વિકાર સંસ્થાન તો કેવળ વાણીના જ આશ્રિત છે.

પૂર્વપક્ષી :- પરંતુ **'પુરુષ નિષ્કલ, નિષ્ક્રિય, શાંત, નિર્મળ, નિર્લેપ છે'** (શ્વેતા.ઉપ. ૬-૧૯) અને **'દિવ્ય, અમૂર્ત, અંદર બહાર વર્તમાન અને અજન્મા છે.'** (મું.ઉપ. ૨-૧-૨) વગેરે શ્રુતિઓ અનુસાર સત્ નિરવયવ છે, તે નિરવયવ સત્નું વિકાર સંસ્થાન હોવું કેવી રીતે સંભવ છે ?

સિદ્ધાન્તી :- આમાં કોઈ દોષ નથી. કારણ કે રજ્જુ વગેરેના અવયવોથી સર્પાદિ આકારની પ્રતીતિ સમાન બુદ્ધિથી કલ્પના કરવામાં આવેલાં સત્ના અવયવોથી વિકાર સંસ્થાનનું પ્રતીત થવું સંભવ છે, જેમ કે કહ્યું છે – **'વિકાર વાણીના આશ્રિત કેવળ નામ માત્ર છે, મૃત્તિકા જ સત્ય છે'** (છા.ઉપ. ૬-૧-૪) એવી રીતે **'સત્ જ સત્ય છે'** આ શ્રુતિથી પ્રમાણિત થાય છે. વસ્તુતઃ ઈદંબુદ્ધિના સમયે પણ તે એકમાત્ર અદ્વિતીય જ છે. ॥ ૨ ॥

तदैक्षत बहु स्यां प्रजायेयेति तत्तेजोऽसृजत । तत्तेज ऐक्षत बहु स्यां प्रजायेयेति तदपोऽसृजत । तस्माद्यत्र क्व च शोचति स्वेदते वा पुरुषस्तेजस एव तदध्यापो जायन्ते ॥ ३ ॥

તેણે (સતે) ઈક્ષણ કર્યું, 'હું બહુ થઈ જાઉં - અનેક પ્રકારે ઉત્પન્ન થાઉં.' આવી રીતે (ઈક્ષણ કરીને) તેણે તેજ ઉત્પન્ન કર્યું. તે તેજે ઈક્ષણ કર્યું 'હું બહુ થઈ જાઉં અનેક પ્રકારે ઉત્પન્ન થાઉં, આવી રીતે (ઈક્ષણ કરીને) તેણે જળની રચના કરી. આનાથી જ્યાં કોઈ પુરુષ શોક (સંતાપ) કરે છે તેને પસીનો આવી જાય છે. તે વખતે તે તેજથી જ જળની ઉત્પત્તિ થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तत्सदैक्षतेक्षां दर्शनं कृतवत् । अतश्च न प्रधानं सांख्यपरिकल्पितं जगत्कारणम्; प्रधानस्याचेतनत्वाभ्युपगमात्, इदं तु सच्चेतनमीक्षितृत्वात् । तत्कथमैक्षत ? इत्याह–बहु प्रभूतं स्यां भवेयं प्रजायेय प्रकर्षेणोत्पद्येय । यथा मृद्घटाद्याकारेण, यथा वा रज्ज्वादि सर्पाद्याकारेण बुद्धिपरिकल्पितेन । ★ असदेव तर्हि सर्वं यद्गृह्यते रज्जुरिव सर्पाद्याकारेण । ★ न; सत

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

एव द्वैतभेदेनान्यथागृह्यमाणत्वान्नासत्त्वं कस्यचित्क्वचिदिति ब्रूमः । यथा सतोऽन्यद्वस्त्वन्तरं परिकल्प्य पुनस्तस्यैव प्रागुत्पत्तेः प्रध्वंसाच्चोर्ध्वमसत्त्वं ब्रुवते तार्किका न तथास्माभिः कदाचित्क्वचिदपि सतोऽन्यदभिधानमभिधेयं वा वस्तु परिकल्प्यते । सदेव तु सर्वमभिधानमभिधीयते च यदन्यबुद्ध्या । यथा रज्जुरेव सर्पबुद्ध्या सर्प इत्यभिधीयते यथा वा पिण्डघटादि मृदोऽन्यबुद्ध्या-पिण्डघटादिशब्देन अभिधीयते लोके । रज्जुविवेकदर्शिनां तु सर्पाभिधानबुद्धी निवर्तेते यथा च मृद्विवेकदर्शिनां घटादिशब्दबुद्धी तद्वत्सद्विवेकदर्शिनामन्यविकारशब्दबुद्धी निवर्तेते । **'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह'** (तै.उप. २-४) इति । **'अनिरुक्तेऽनिलयने'** (तै.उप. २-६-१) इत्यादि श्रुतिभ्यः । ★ एवमीक्षित्वा तत्तेजोऽसृजत तेजः सृष्टवत् । ★ ननु **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** (तै.उप. १) इति श्रुतिमिह कथं प्राथम्येन तस्मादेव तेजः सृज्यते तत एव चाकाशमिति विरुद्धम् । ★ नैष दोषः; आकाशवायुसर्गानन्तरं तत्सत्तेजोऽसृजतेतिकल्पनोपपत्तेः । अथ वाविवक्षित इह सृष्टिक्रमः । सत्कार्यमिदं सर्वमतः सदेकमेवाद्वितीयमित्येतद्विवक्षितम्, मृदादिदृष्टान्तात् । अथवा त्रिवृत्करणस्य विवक्षितत्वात्तेजोऽबन्नानामेव सृष्टिमाचष्टे तेज इति प्रसिद्धं लोके दग्धृ पक्तृ प्रकाशकं रोहितं चेति । ★ तत्सत्सृष्टं तेज ऐक्षत तेजोरूपसंस्थितं सदैक्षतेत्यर्थः । बहु स्यां प्रजायेयेति पूर्ववत् । तदपोऽसृजत । आपो द्रवाः स्निग्धाः स्यन्दिन्यः शुक्लाश्चेति प्रसिद्धा लोके । यस्मात्तेजसः कार्यभूता आपस्तस्माद्यत्र क्व च देशे काले वा शोचति संतप्यते स्वेदते प्रस्विद्यते वा पुरुषस्तेजस एव तत्तदापोऽधिजायन्ते ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે સતે ઈક્ષણ કર્યું, ઈક્ષણ અર્થાત્ દર્શન કર્યું. આનાથી સિદ્ધ થાય છે કે સાંખ્યે કલ્પના કરેલું પ્રધાન જગતનું કારણ નથી, કારણ કે પ્રધાનને અચેતન માનવામાં આવ્યું છે અને આ સત્ ઈક્ષણ કરવાને કારણે ચેતન છે. તેણે કેવી રીતે ઈક્ષણ કર્યું તો શ્રુતિ બતાવે છે – હું બહુ - અધિક થઈ જાઉં. 'प्रजायेय' - પ્રકર્ષથી ઉત્પન્ન થાઉં, જેવી રીતે કે ઘટાદિ આકારથી મૃત્તિકા અથવા બુદ્ધિથી કલ્પના કરવામાં આવેલાં સર્પાદિ આકારથી રજ્જુ ઉત્પન્ન થાય છે.

પૂર્વપક્ષી :- ત્યારે તો રજ્જુ જેવી રીતે સર્પાદિ આકારથી ગ્રહણ કરવામાં આવે છે તેવી રીતે જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે તે અસત્ જ છે.

સિદ્ધાન્તી :- ના, અમારું તો એવું કથન છે કે દ્વૈતભેદથી સત્ જ અન્યથા રૂપે ગૃહીત થવાને કારણે ક્યારેય કોઈ પદાર્થની અસત્તા નથી. (હવે આ વાતને વધારે સ્પષ્ટ કરે છે -) જેવી રીતે તાર્કિક લોકો સત્થી અલગ કોઈ અન્ય પદાર્થની કલ્પના કરીને પછી ઉત્પત્તિ પહેલી અને નાશ પછી તેની અસત્તા બતાવે છે તેવી રીતે અમારા દ્વારા ક્યારેય ક્યાંય પણ સત્થી અલગ કોઈ નામ અથવા નામની વિષયભૂત વસ્તુની કલ્પના કરી શકાતી નથી. બધાં નામ અને જે અન્ય બુદ્ધિથી કહેવામાં આવે છે તે સર્વ પદાર્થ સત્ જ છે, જેવી રીતે કે લોકોમાં રજ્જુ જ સર્પબુદ્ધિથી 'સર્પ' આવી રીતે કહેવામાં આવે છે અથવા જેવી રીતે મૃત્તિકાથી અન્યબુદ્ધિના કારણે પિંડ અને ઘટાદિને પિંડ તેમજ ઘટ વગેરે શબ્દોથી બોલાવવામાં આવે છે. જેવી રીતે રજ્જુનો વિવેક કરીને જોનારાઓની દૃષ્ટિમાં 'સર્પ' શબ્દ અને સર્પબુદ્ધ નિવૃત્ત થઈ જાય છે અને મૃત્તિકાનો વિવેક કરીને જોનારાઓની દૃષ્ટિમાં ઘટાદિ શબ્દ અને તત્ સંબંધીની બુદ્ધિનો નિરાસ થઈ જાય છે, તેવી રીતે સત્નો વિવેક કરીને જોનારાઓના માટે અન્ય વિકાર સંબંધી શબ્દ અને બુદ્ધિ નિવૃત્ત થઈ જાય છે, જેમ કે **'જ્યાંથી મન સહિત વાણી પહોંચ્યા વિના પાછી આવે છે'** (તૈ.ઉપ. ૨-૪) **'જે વાણીનો અવિષય અને અનાશ્રય છે તેમાં'** (તૈ.ઉપ. ૨-૬-૧) વગેરે શ્રુતિઓથી પ્રમાણિત થાય છે.

એવી રીતે ઈક્ષણ કરીને તેણે તેજની રચના કરી.

પૂર્વપક્ષી :- પરંતુ **'તે આ આત્માથી આકાશ ઉત્પન્ન થયું'** (તૈ.ઉપ. ૧) એવી પણ શ્રુતિ છે. પછી તેનાથી સર્વપ્રથમ તેજ રચવામાં આવ્યું અને તેનાથી આકાશ - આ વિરુદ્ધ કથન કેમ કરવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે અહીં એવી કલ્પના પણ કરવામાં આવી શકે છે કે આકાશ અને વાયુની રચના અનંતર તે સતે તેજની રચના કરી. અથવા આ પણ સંભવ છે કે અહીં સૃષ્ટિ ક્રમ બતાવવો ઈષ્ટ ન હોય. આ સર્વ જગત સત્નું કાર્ય છે, એટલા માટે એકમાત્ર અદ્વિતીય સત્ જ છે - આમ બતાવવું ઈષ્ટ હોય, કારણ કે અહીં મૃત્તિકા વગેરેનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. અથવા ત્રિવૃત્કરણ વિવક્ષિત હોવાને કારણે શ્રુતિ તેજ, અપ્ અને અન્નની જ સૃષ્ટિનું નિરૂપણ કરે છે. તેજ - આ દગ્ધ કરનાર, પકાવનાર, પ્રકાશક અને કંઈક લાલ રંગનું જગતમાં પ્રસિદ્ધ છે.

સત્ના રચેલા તે તેજે ઈક્ષણ કર્યું, અર્થાત્ તેજના રૂપે રહેલાં સત્ના 'હું બહુ થઈ જાઉં - અનેક પ્રકારે ઉત્પન્ન થાઉં.' આવી રીતે પૂર્વવત્ ઈક્ષણ કર્યું. તેણે જળની રચના કરી. જળ દ્રવરૂપ, સ્નિગ્ધ, વહેનાર અને શુક્લ વર્ણ આવી રીતે લોકોમાં પ્રસિદ્ધ છે. કારણ કે જળ તેજનું કાર્યભૂત છે, એટલા માટે જ્યારે ક્યાંય કોઈ દેશ અથવા કાળમાં પુરુષ શોક-સંતાપ કરે છે તો પસીનાથી યુક્ત થઈ જાય છે. તે વખતે તેજથી જ જળની ઉત્પત્તિ થાય છે. ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ता आप ऐक्षन्त बह्वयः स्याम प्रजायेमहीति ता अन्नमसृजन्त । तस्माद्यत्र क्व च वर्षति तदेव भूयिष्ठमन्नं भवत्यद्भ्य एव तदध्यन्नाद्यं जायते ॥ ४ ॥

તે જળે ઈક્ષણ કર્યું 'અને બહુ થઈ જઈએ - અનેક રૂપે ઉત્પન્ન થઈએ.' તેણે અન્નની રચના કરી. આનાથી જ્યાં ક્યાંય વર્ષા થાય છે ત્યાં ખૂબ જ અન્ન થાય છે. તે અન્નાદ્ય જળથી જ ઉત્પન્ન થાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- ता आप ऐक्षन्त पूर्ववदेवाबाकारसंस्थितं सदैक्षतेत्यर्थः । बह्वयः प्रभूताः स्याम भवेम प्रजायेम ह्युत्पद्येमहीति । ता अन्नमसृजन्त पृथिवीलक्षणम् । पार्थिवं ह्यन्नं तस्माद्यत्र क्व च वर्षति देशे तत्तत्रैव भूयिष्ठं प्रभूतमन्नं भवति । अतोऽद्भ्य एव तदन्नामद्यधिजायते । ता अन्नमसृजन्तेति पृथिव्युक्ता पूर्वमिह तु दृष्टान्तेऽन्नं च तदाद्यं चेति विशेषणाद्व्रीहियवाद्या उच्यन्ते । अन्नं च गुरु स्थिरं धारणं कृष्णं च रूपतः प्रसिद्धम् । ★ ननु तेजःप्रभृतिष्वीक्षणं न गम्यते हिंसादिप्रतिषेधाभावात्त्रासादिकार्यानुपलम्भाच्च । तत्र कथं तत्तेज ऐक्षतेत्यादि । ★ नैष दोषः, ईक्षितृकारणपरिणामत्वात्तेजः प्रभृतीनां सत् एवेक्षितुर्नियतक्रमविशिष्टकार्योत्पादकत्वाच्च तेजःप्रभृतीक्षत इवेक्षत इत्युच्यते भूतम् । ★ ननु सतोऽप्युपचरितमेवेक्षितृत्वम् । ★ न; सदीक्षणस्य केवलशब्दगम्यत्वान्न शक्यमुपचरितं कल्पयितुम् । तेजःप्रभृतीनां त्वनुमीयते मुख्येक्षणाभाव इति युक्तमुपचरितं कल्पयितुम् । ★ ननु सतोऽपि मृद्वत्कारणत्वादचेतनत्वं शक्यमनुमातुम् । अतः प्रधानस्यैवाचेतनस्य सतश्चेतनार्थत्वान्नियतकालक्रमविशिष्टकार्योत्पादकत्वाच्चैक्षतेवैक्षतेति शक्यमनुमातुमुपचरितमेवेक्षणम् । दृष्टश्च लोकेऽचेतने चेतनवदुपचारः । यथा कूलं पिपतिषतीति तद्वत्सतोऽपि स्यात् । ★ न; तत्सत्यं स आत्मेति तस्मिन्नात्मोपदेशात् । ★ आत्मोपदेशोऽप्युपचरित इति चेद्यथा ममात्मा भद्रसेन इति सर्वार्थकारिण्यनात्मन्यात्मोपचारस्तद्वत् । ★ न; तदस्मीति सत्सत्याभिसंधस्य **'तस्य तावदेव चिरम्'** इति मोक्षोपदेशात् । ★ सोऽप्युपचार इति चेत्, प्रधानात्माभिसंधस्य मोक्षसामीप्यं वर्तत इति मोक्षोपदेशोऽप्युपचरित एव; यथा लोके ग्रामं गन्तुं प्रस्थितः प्राप्तवानहं ग्राममिति ब्रूयात्त्वरापेक्षया तद्वत् । ★ न; येन विज्ञातेनाविज्ञातं विज्ञातं भवतीत्युपक्रमात् । सत्येकस्मिन्विज्ञाते सर्वं विज्ञातं भवति तदनन्यत्वात्सर्वस्याद्वितीयवचनाच्च । न चान्यद्विज्ञातव्यमवशिष्टं श्रावितं श्रुत्यानुमेयं वा लिङ्गतोऽस्ति येन मोक्षोपदेश उपचरितः स्यात् । सर्वस्य च प्रपाठकार्थस्योपचरितत्वपरिकल्पनायां वृथा श्रमः परिकल्पयितुः स्यात्पुरुषार्थसाधनविज्ञानस्य तर्केणैवाधिगतत्वात्तस्य । तस्माद्वेदप्रामाण्यान्न युक्तः श्रुतार्थपरित्यागः । अतश्चेतनावत् कारणं जगत इति सिद्धम् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે જળે ઈક્ષણ કર્યું, અર્થાત્ પહેલાંના જ સમાન જળરૂપમાં રહેલા સતે ઈક્ષણ કર્યું. 'અમે બહુ અધિક થઈ જઈએ, પ્રકર્ષથી ઉત્પન્ન થઈએ.' તેણે પૃથ્વીરૂપ અન્નની રચના કરી. અન્ન પૃથ્વીનો વિકાર છે, એટલા માટે જ્યાં ક્યાંય વર્ષા થાય છે ત્યાં ખૂબ જ અન્ન ઉત્પન્ન થાય છે. એટલા માટે તે અન્નાદ્ય જળથી જ ઉત્પન્ન થાય છે. 'તે અન્નની રચના કરી' એમ કહીને પહેલાં તો શ્રુતિએ 'અન્ન' શબ્દથી પૃથ્વી કહી છે અને હવે દૃષ્ટાંતમાં 'તે અન્ન અને આદ્ય' આવું વિશેષણ આપવાને કારણે (આદ્ય શબ્દથી) ધાન, જવ વગેરે કહે છે, અન્ન ભારે, સ્થિર, ધારણ કરનાર અને રૂપમાં કૃષ્ણ વર્ણનું હોય છે - એવું પ્રસિદ્ધ છે.

પૂર્વપક્ષી :- પરંતુ તેજ વગેરેમાં તો ઈક્ષણ થવું સમજમાં આવતું નથી, કારણ કે તેમાં હિંસા વગેરેના પ્રતિષેધનો અભાવ છે અને ત્રાસ વગેરે કાર્ય પણ જોવામાં આવતાં નથી. પછી શ્રુતિએ 'તેજે ઈક્ષણ કર્યું' વગેરે કથન કેવી રીતે કર્યું ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે તેજ વગેરે ભૂત ઈક્ષણ કરનારાના કારણના પરિણામ છે. ઈક્ષણ કરનારા સત્ જ નિયતક્રમ વિશિષ્ટ થઈને તેજ વગેરે ભૂતોને 'જાણે ઈક્ષણ કર્યું' એવા અર્થમાં 'ઈક્ષણ કર્યું' એમ કહેવામાં આવે છે.

પૂર્વપક્ષી :- પરંતુ સત્નું ઈક્ષણ પણ તો ઉપાચારથી જ છે.

સિદ્ધાન્તી :- ના, સત્ નું ઈક્ષણ કેવળ શબ્દગમ્ય છે, એટલા માટે તે ઉપચારથી છે - એવી કલ્પના કરી શકાતી નથી. તેજ વગેરેના મુખ્ય ઈક્ષણનો અભાવ તો અનુમાનથી સિદ્ધ છે, એટલા માટે તેને ઉપચરિત માનવું બરાબર જ છે.

પૂર્વપક્ષી :- પરંતુ મૃત્તિકાની સમાન કારણ હોવાથી સત્ના અચેતનત્વનું પણ અનુમાન કરવામાં આવી શકે છે. એટલા માટે અચેતન પ્રધાનરૂપ જે સત્ છે તે ચેતનના પ્રયોજન માટે છે અને નિયતકાળ ક્રમથી વિશિષ્ટ કાર્યનું ઉત્પાદક છે. આ કારણે તેણે ઈક્ષણ કરવા સમાન ઈક્ષણ કર્યું – આવી રીતે તેનું ઈક્ષણ ઉપચરિત જ છે, એવું અનુમાન કરવામાં આવી જ શકે છે. લોકોમાં અચેતનમાં ચેતન સમાન ઉપચાર થતો જોવામાં આવ જ છે, જેવી રીતે 'કિનારો નીચે પડવા ઇચ્છે છે' એવું કહેવામાં આવે છે તેવી રીતે સત્ નું ઈક્ષણ પણ ઔપચારિક હોઈ શકે છે.

સિદ્ધાન્તી :- આવું થઈ શકે નહીં, કારણ કે 'તે સત્ય છે, તે આત્મા છે' એમ કહીને તેમાં જ આત્માનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

પૂર્વપક્ષી :- જો 'ભદ્રસેન મારો આત્મા છે' આ વાક્યમાં જેવી રીતે આત્માનું સંપૂર્ણ કાર્ય કરનારા અનાત્મામાં આત્માનો ઉપચાર કરવામાં આવ્યો છે તેવી રીતે આ આત્મોપદેશ પણ ઉપચારથી જ છે એવું માનીએ તો ?

સિદ્ધાન્તી :- આવું કહેવું બરાબર નથી, કારણ કે 'તે સત્ હું છું' આવી રીતે સત્‌માં દૃઢ અભિનિવેશ કરનારાના માટે **'તેના મોક્ષમાં ત્યાં સુધી વાર છે (જ્યાં સુધી કે શરીર પતન ન થાય)'** આવી રીતે મોક્ષનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

પૂર્વપક્ષી :- જો આ પણ ઉપચાર જ હોય તો ? જેવી રીતે લોકોમાં ગામ બાજુ જનારા પુરુષ પોતાની શીઘ્રતાની અપેક્ષાથી કહી દે છે કે 'હું તો ગામમાં પહોંચી ગયો' તેવી રીતે પ્રધાનમાં આત્મબુદ્ધિ કરવાને માટે મોક્ષની સમીપતા હોવાને કારણે આ મોક્ષનો ઉપદેશ પણ ઉપચારથી જ હોય તો ?

સિદ્ધાન્તી :- ના, કારણ કે જેને જાણી લીધા પછી નહીં જાણેલું પણ જાણી લેવામાં આવે છે - એવો ઉપક્રમ કરવામાં આવ્યો છે. એક સત્‌ને જાણી લીધા પછી જ સર્વ કાંઈ જાણી લેવામાં આવે છે, કારણ કે બધા તેનાથી અભિન્ન છે અને તેને અદ્વિતીય પણ બતાવવામાં આવ્યું છે. તેના સિવાય બીજું કાંઈ વિજ્ઞાતવ્ય ન તો શ્રુતિથી સાંભળવામાં આવ્યું છે અને ન તો કોઈ લિંગથી જ અનુમાન કરવામાં આવે છે, જેના કારણે આ મોક્ષોપદેશને ઉપચરિત માનવામાં આવે અને બધા પ્રપાઠકના ઉપચરિતત્વ માનવામાં તો આ પ્રકારની કલ્પના કરનારાનો શ્રમ વ્યર્થ જ હશે, કારણ કે તેના સિદ્ધાંત અનુસાર પુરુષાર્થનું સાધનભૂત વિજ્ઞાન તો તર્કથી જ સિદ્ધ થઈ જાય છે. એટલા માટે વેદની પ્રમાણતા હોવાને કારણે આ શ્રુત (પ્રસિદ્ધ) અર્થનો ત્યાગ કરવો ઉચિત નથી. એટલા માટે આ સિદ્ધ થયું કે સંસારનું કારણ ચેતનાવાળું છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये द्वितीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ २ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના દ્વિતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

तृतीयः खण्डः

तेषां खल्वेषां भूतानां त्रीण्येव बीजानि भवन्त्याण्डजं जीवजमुद्भिज्जमिति ॥ १ ॥

તે આ (પક્ષી વગેરે) પ્રસિદ્ધ પ્રાણીઓના ત્રણ જ બીજ હોય છે - આંડજ, જીવજ અને ઉદ્ભિજ્જ. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तेषां जीवाविष्टानां खल्वेषां पक्ष्यादीनां भूतानाम्, एषामिति प्रत्यक्षनिर्देशान्न तु तेजःप्रभृतीनां तेषां त्रिवृत्करणस्य वक्ष्यमाणत्वादसति त्रिवृत्करणे प्रत्यक्षनिर्देशानुपपत्तिः । देवताशब्दप्रयोगाच्च तेजःप्रभृतिष्विमास्तिस्रो देवता इति । तस्मात्तेषां खल्वेषां भूतानां पक्षिपशुस्थावरादीनां त्रीण्येव नातिरिक्तानि बीजानि कारणानि भवन्ति । ★ कानि तानि ? इत्युच्यन्ते, आण्डजमण्डाज्जातमण्डजम्, अण्डजमेवाण्डजं पक्ष्यादि । पक्षिसर्पादिभ्यो हि पक्षिसर्पादयो जायमाना दृश्यन्ते । तेन पक्षी पक्षिणां बीजं सर्पः सर्पाणां तथान्यदप्यण्डाज्जातं तज्जातीयानां बीजमित्यर्थः । ★ नन्वण्डाज्जातमण्डजमुच्यतेऽतोऽण्डमेव बीजमिति युक्तं कथमण्डजं बीजमुच्यते । ★ सत्यमेवं स्यात्, यदि त्वदिच्छातन्त्रा श्रुतिः स्यात्; स्वतन्त्रा तु श्रुतिः, यत आहाण्डजाद्येव बीजं नाण्डादीति । दृश्यते चाण्डजाद्यभावे तज्जातीयसन्तत्यभावो नाण्डाद्यभावे । अतोऽण्डजादीन्येव बीजान्यण्डजादीनाम् । ★ तथा जीवाज्जातं जीवजं जरायुजमित्येतत्पुरुषपश्वादि । उद्भिज्जमुद्भिनत्तीत्युद्भित्स्थावरं ततो जातमुद्भिज्जं धाना वोद्भित्ततो जायत इत्युद्भिज्जं स्थावरबीजं स्थावराणां बीजमित्यर्थः । स्वेदजसंशोकजयोरण्डजोद्भिज्जयोरेव यथासंभवमन्तर्भावः । एवं ह्यवधारणं त्रीण्येव बीजानीत्युपपन्नं भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- જીવો દ્વારા આવિષ્ટ તે આ પક્ષી વગેરે પ્રાણીઓના - અહીં 'एषाम्' એવો પ્રત્યક્ષ નિર્દેશ હોવાને કારણે ('આ પક્ષી વગેરે ભૂતોના' એવો અર્થ કરવો જોઈએ) 'તે તેજ પ્રભૃતિ ભૂતોના' એવો અર્થ કરવો બરાબર નથી, કારણ કે આગળ ત્રિવૃત્‌કરણનું વર્ણન કરવામાં આવનાર છે અને ત્રિવૃત્‌કરણના ન હોવાથી જ પ્રત્યક્ષ નિર્દેશ બની શકતો નથી. આના સિવાય તેજઃ પ્રભૃતિના માટે 'इमाः तिस्रो देवताः' આવી રીતે 'દેવતા' શબ્દનો પ્રયોગ થવાથી પણ (અહીં 'ભૂત' શબ્દથી પક્ષી વગેરે જ વિવક્ષિત છે) - એટલા માટે તે આ પક્ષી, પશુ તેમજ સ્થાવર વગેરે પ્રસિદ્ધ ભૂતોના ત્રણ બીજ છે, આનાથી અધિક બીજકારણ નથી.

તે કયા છે ? તો બતાવવામાં આવે છે - આંડજ - ઇંડામાંથી ઉત્પન્ન થયેલાને અંડજ કહે છે, અંડજ જ આંડજ છે, અર્થાત્ પક્ષી વગેરે, કારણ કે પક્ષી તેમજ સર્પાદિથી પક્ષી અને સર્પાદિ ઉત્પન્ન થતાં જોવામાં આવે છે, એટલા માટે પક્ષીઓના બીજ પક્ષી છે અને સર્પોના સર્પ. આવી રીતે ઇંડામાંથી ઉત્પન્ન થયેલા અન્ય જીવ પણ પોત-પોતાની જાતિના બીજ છે - આવું આનું તાત્પર્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

પૂર્વપક્ષી :- પરંતુ ઇંડામાંથી ઉત્પન્ન થયેલાને અંડજ કહે છે, એટલા માટે ઇંડું જ બીજ છે - એવું કહેવું ઉચિત છે, તો પછી અંડને બીજ કેમ કહેવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- જો શ્રુતિ તમારી ઇચ્છાને અધીન હોત તો સાચે જ એવું જ થાય, પરંતુ શ્રુતિ સ્વતંત્ર છે, કારણ કે તેણે અંડજ વગેરેને બીજ બતાવ્યું છે, ઇંડા વગેરેને નહીં બતાવ્યું. આ વાત જોવામાં પણ આવે છે કે અંડજ વગેરેનો અભાવ થવાથી જ તે જાતિની સંતતિનો અભાવ થાય છે, ઇંડા વગેરેનો અભાવ થાવથી નહીં. એટલા માટે અંડજ આદિના બીજ અંડજાદિ જ છે.

આવી રીતે જીવથી ઉત્પન્ન થયેલા જીવ જ એટલે જરાયુજ પુરુષ તેમજ પશુ વગેરે તથા ઉદ્ભિજ્જ - જે પૃથ્વીને ઉપરની બાજુએ ભેદન કરે છે તેને ઉભિદ્ એટલે સ્થાવર કહે છે, તેનાથી ઉત્પન્ન થયેલાનું નામ ઉદ્ભિજ્જ છે, અથવા ધાના (બીજ) ઉદ્ભિદ્ છે તેનાથી ઉત્પન્ન થયેલા ઉદ્ભિજ્જ સ્થાવર બીજ અર્થાત્ સ્થાવરોનું બીજ છે. સ્વેદજ અને સંશોકજ (ઉષ્માથી ઉત્પન્ન થનારા) જીવોનો યથાસંભવ અંડજ અને ઉદ્ભિજ્જોમાં જ અંતર્ભાવ થશે, કારણ કે એમ માનવાથી જ 'ત્રણ જ બીજ છે' આ નિશ્ચય યોગ્ય થઈ શકે છે. ॥ ૬ ॥

सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्त्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति ॥ २ ॥

તે આ (સત્ નામના) દેવતાએ ઈક્ષણ કર્યું, 'હું આ જીવાત્મા રૂપે આ ત્રણ દેવોમાં અનુપ્રવેશ કરીને નામ અને રૂપની અભિવ્યક્તિ કરું.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- सेयं प्रकृता सदाख्या तेजोऽवन्नयोनिर्देवतोक्तैक्षतेक्षितवती यथापूर्वं बहु स्यामिति । तदेव बहुभवनं प्रयोजनं नाद्यापि निर्वृत्तमित्यत ईक्षां पुनः कृतवती बहुभवनमेव प्रयोजनमुररीकृत्य । ★ कथम् ? हन्तेदानीमहमिमा यथोक्तास्तेजआद्यास्तिस्रो देवता अनेन जीवेनेति स्वबुद्धिस्थं पूर्वसृष्ट्यनुभूतप्राणाधारणमात्मानमेव स्मरन्त्याहानेन जीवेनात्मनेति । प्राणधारणकर्त्रात्मनेति वचनात्स्वात्मनोऽव्यतिरिक्तेन चैतन्यस्वरूपतया विशिष्टेनेत्येतद्दर्शयति । अनुप्रविश्य तेजोऽबन्नभूतमात्रासंसर्गेण लब्धविशेषविज्ञाना सती नाम च रूपं च नामरूपे व्याकरवाणि विस्पष्टमाकरवाण्यसौ नामायमिदंरूप इति व्याकुर्यामित्यर्थः । ★ ननु न युक्तमिदमसंसारिण्याः सर्वज्ञाया देवताया बुद्धिपूर्वकमनेकशतसहस्रानर्थाश्रयं देहमनुप्रविश्य दुःखमनुभविष्यामीति संकल्पनमनुप्रवेशश्च स्वातन्त्र्ये सति । ★ सत्यमेवं न युक्तं स्याद्यदि स्वेनैवाविकृतेन रूपेणानुप्रविशेयं दुःखमनुभवेयमिति च संकल्पितवती, न त्वेनम्; कथं तर्हि ? अनेन जीवेनात्मनानुप्रविश्येति वचनात् । ★ जीवो हि नाम देवताया आभासमात्रम् । बुद्ध्यादिभूतमात्रासंसर्गजनित आदर्श इव प्रविष्टः पुरुषप्रतिबिम्बो जलादिष्विव च सूर्यादीनाम् । अचिन्त्यानन्तशक्तिमत्या देवताया बुद्ध्यादिसंबन्धश्चैतन्याभासो देवतास्वरूपविवेकाग्रहणनिमित्तः सुखी दुःखी मूढ इत्याद्यनेकविकल्पप्रत्ययहेतुः । ★ छायामात्रेण जीवरूपेणानुप्रविष्टत्वाद्देवता न दैहिकैः स्वतः सुखदुःखादिभिः संबध्यते । यथा पुरुषादित्यादय आदर्शोदकादिषुच्छायामात्रेणानुप्रविष्टा आदर्शोदकादिदोषैर्न संबध्यन्ते तद्वद् देवतापि । **'सूर्यो यथा सर्वलोकस्य चक्षुर्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः । एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः'** (क.उप. २-२-१२) । **'आकाशवत्सर्वगतश्च नित्यः'** इति हि काठके । **'ध्यायतीव लेलायतीव'** (बृह.उप. ४-३-७) इति च वाजसनेयके । ★ ननुच्छायामात्रश्चेज्जीवो मृषैव प्राप्तस्तथा परलोकेहलोकादि च तस्य । ★ नैष दोषः; सदात्मना सत्यत्वाभ्युपगमात् । सर्वं च नामरूपादि सदात्मनैव सत्यं विकारजातं स्वतस्त्वनृतमेव । **'वाचारम्भणं विकारो नामधेयम्'** इत्युक्तत्वात् । तथा जीवोऽपीति । यक्षानुरूपो हि बलिरिति न्यायप्रसिद्धिः । अतः सदात्मना सर्वव्यवहाराणां सर्वविकाराणां च सत्यत्वं सतोऽन्यत्वे चानृतत्वमिति न कश्चिद्दोषस्तार्किकैरिहानुषङ्क्तुं शक्यः । यथेतरेतरविरुद्धद्वैतवादाः स्वबुद्धिविकल्पमात्रा अतत्त्वनिष्ठा इति शक्यं वक्तुम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આ સત્ નામના તેજ, જળ અને અન્નના યોનિભૂત ઉપર્યુક્ત દેવને, જેમ કે પહેલાં ઈક્ષણ કર્યું હતું કે 'હું બહુ થાઉં' તેવી રીતે, ઈક્ષણ કર્યું. તે બહુ થવા રૂપ પ્રયોજન હજી સુધી સમાપ્ત થયું ન હતું, એટલા માટે બહુ થવા રૂપ પ્રયોજનને જ મનમાં રાખીને તેણે ફરીથી ઈક્ષણ કર્યું.

કેવી રીતે ઈક્ષણ કર્યું ? - 'જ્યારે હું આ ઉપર્યુક્ત તેજ વગેરે ત્રણ દેવોમાં આ બીજરૂપે - એવું કહીને શ્રુતિ પૂર્વસૃષ્ટિમાં અનુભૂત પ્રાણધારી આત્માનું સ્મરણ કરતાં કરતાં જ કહે છે કે આ જીવાત્મરૂપે - પ્રાણ ધારણ કરનારા આત્મા દ્વારા - આ કથનથી શ્રુતિ આ બતાવે છે કે પોતાના આત્માથી અભિન્ન અર્થાત્ ચૈતન્યસ્વરૂપતયા આત્માથી અવિશિષ્ટ જીવરૂપે અનુપ્રવેશ કરીને અર્થાત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તેજ, અપ્ અને અન્ન આ ભૂતમાત્રાઓના સંસર્ગથી, જેણે વિશેષ વિજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, એમ કહીને હું નામરૂપ-નામ અને રૂપોનું વ્યાકરણ - વ્યક્તિકરણ કરું, અર્થાત્ એ આ નામવાળા છે અને આ રૂપના છે - એવું અભિવ્યક્ત કરું.'

પૂર્વપક્ષી :- પરંતુ સ્વતંત્રતા હોવા છતાં પણ અસંસારી સર્વજ્ઞ દેવનો બુદ્ધિપૂર્વક એવો સંકલ્પ કરવો કે, સેંકડો-હજારો અનર્થોના આશ્રયભૂત શરીરમાં અનુપ્રવેશ કરીને દુઃખનો અનુભવ કરું, અને પછી તેમાં અનુપ્રવેશ કરવો સંભવ નથી.

સિદ્ધાન્તી :- બરાબર છે, જો તે એવો સંકલ્પ કરે કે પોતાના અવિકૃતરૂપથી જ અનુપ્રવેશ કરું અને દુઃખનો અનુભવ કરું ત્યારે તો એવું કરવું બરાબર નથી, પરંતુ આવી વાત નથી. તો પછી શું છે ? 'આ જીવાત્મારૂપે અનુપ્રવેશ કરું' આવું વચન હોવાને કારણે (તેનો સાક્ષાત્ પ્રવેશ સિદ્ધ થતો નથી).

જીવ તો તે દેવનો આભાસ માત્ર છે, જે દર્પણમાં પ્રવિષ્ટ થયેલા પુરુષના પ્રતિબિંબ સમાન તથા જળ વગેરેમાં પ્રવિષ્ટ થયેલા સૂર્યના આભાસ સમાન બુદ્ધિ વગેરે ભૂતમાત્રાઓના સંસર્ગથી ઉત્પન્ન થાય છે. અચિંત્ય તેમજ અનંત શક્તિયુક્ત તે દેવનો બુદ્ધિ વગેરેના સંબંધ રૂપ જે ચૈતન્યાભાસ છે તે જ તે દેવના સ્વરૂપનો વિવેક ગ્રહણ ન કરવાને કારણે સુખી, દુઃખી, મૂઢ વગેરે અનેક વિકલ્પોની પ્રતીતિનું કારણ બને છે.

છાયામાત્ર જીવરૂપે અનુપ્રવિષ્ટ હોવાને કારણે આ દેવનો સ્વયં દેહના સુખદુઃખાદિથી સંબંધ થતો નથી. જેવી રીતે દર્પણ અને જળ વગેરેમાં છાયામાત્રથી અનુપ્રવિષ્ટ થયેલા મનુષ્ય અને સૂર્ય વગેરે દર્પણ અને જળ વગેરેના દોષોથી લિપ્ત થતાં નથી તેવી રીતે તે દેવ પણ નિર્લિપ્ત રહે છે. **'જેવી રીતે સંપૂર્ણ લોકના ચક્ષુરૂપ સૂર્ય ચક્ષુના સંબંધથી બાહ્ય દોષોથી લિપ્ત થતો નથી તેવી રીતે સમસ્ત પ્રાણીઓનો એક જ અંતરાત્મા લૌકિક દુઃખોથી લિપ્ત થતો નથી. પણ તેનાથી બહાર રહે છે.'** (ક.ઉપ. ૨-૨-૧૨) **'અને તે આકાશની જેમ સર્વત્ર વ્યાપ્ત તેમજ નિત્ય છે.'** આવી રીતે કઠોપનિષદમાં અને **'જાણે ધ્યાન કરે છે, જાણે ચેષ્ટા કરે છે.'** (બૃહ.ઉપ. ૪-૩-૭) આવી રીતે બૃહદારણ્યકોપનિષદ્માં પણ કહ્યું છે.

પૂર્વપક્ષી :- જો જીવ છાયા માત્ર જ છે તો તે મિથ્યા જ સિદ્ધ થાય છે અને તેના પરલોક, ઈહલોક વગેરે પણ મિથ્યા જ ઠરે છે.

સિદ્ધાન્તી :- એવો દોષ નથી, કારણ કે સત્ સ્વરૂપથી તેનું સત્યત્વ સ્વીકારવામાં આવ્યું છે. સર્વ નામરૂપાદિ વિકારજાત સત્ સ્વરૂપથી જ સત્ય છે, સ્વયં તો તે મિથ્યા જ છે, કારણ કે **'વિકાર તો કેવળ કહેવાને માટે નામમાત્ર છે'** એમ કહેવાઈ ગયું છે, એવો જ જીવ પણ છે. 'જેવો યક્ષ તેવી જ બલિ' આ ન્યાય પ્રસિદ્ધ જ છે. એટલે સત્સ્વરૂપથી સંપૂર્ણ વ્યવહાર અને સર્વ વિકારોની સત્યતા છે અને સત્થી પૃથક્ માનવાથી તેનું મિથ્યાત્વ છે - આવી રીતે તાર્કિકો દ્વારા આ વિષયમાં કોઈ દોષનો પ્રસંગ ઉપસ્થિત કરી શકાય નહીં, જેમ આપણે કહી શકીએ છીએ કે એક-બીજાથી વિરુદ્ધ દ્વૈતવાદ પોતાની જ બુદ્ધિના વિકલ્પ માત્ર અને અતત્ત્વનિષ્ઠ છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- सैवं तिस्रो देवता अनुप्रविश्य स्वात्मावस्थे बीजभूते अव्याकृते नामरूपे व्याकरवाणीतीक्षित्वा –

શાંકરભાષ્ય :- આવી રીતે તેમાં તે ત્રણ દેવોમાં અનુપ્રવેશ કરીને અને આવી રીતે ઈક્ષણ કરીને 'હું મારા સ્વરૂપમાં સ્થિત અવ્યાકૃત નામરૂપોનું વ્યાકરણ કરું' –

तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणीति सेयं देवतेमास्तिस्रो देवता अनेनैव जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरोत् ॥ ३ ॥

'અને તેમનામાંથી એક-એક દેવને ત્રિવૃત્-ત્રિવૃત્ કરું' એમ વિચાર કરીને તે આ દેવે આ જીવાત્મ રૂપે જ તે ત્રણ દેવોમાં અનુપ્રવેશ કર્યો, કરીને નામ-રૂપનું વ્યાકરણ કર્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तासां च तिसृणां देवतानामेकैकां त्रिवृतं त्रिवृतं करवाणि । एकैकस्याः प्राधान्यं द्वयोर्द्वयोर्गुणभावोऽन्यथा हि रज्ज्वा इवैकमेव त्रिवृत्करणं स्यात्, न तु तिसृणां पृथक्पृथक्त्रिवृत्करणमिति । एवं हि तेजोऽबन्नानां पृथङ्नामप्रत्ययलाभः स्यात्तेज इदमिमा आपोऽन्नमिदमिति च सति च पृथङ्नामप्रत्ययलाभे देवतानां–सम्यग्व्यवहारस्य प्रसिद्धिः प्रयोजनं स्यात् । ★ एवमीक्षित्वा सेयं देवतेमास्तिस्रो देवता अनेनैव यथोक्तेनैवजीवेन सूर्यबिम्बवदन्तःप्रविश्य वैराजं पिण्डं प्रथमं देवादीनां च पिण्डाननुप्रविश्य यथासंकल्पमेव नामरूपे व्याकरोदसौ नामायमिदं रूप इति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'અને તે ત્રણ દેવોમાંથી એકએકને ત્રિવૃત્-ત્રિવૃત્ કરું.' એકએક દેવના ત્રિવૃત્ કરણમાં એકએકની પ્રધાનતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

અને બે-બેની ગૌણતા રહેલી છે, નહીં તો (ત્રણ વળવાળી) રસ્સી સમાન એક જ ત્રિવૃત્ કરણ થાય. ત્રણ દેવોના પૃથક્ પૃથક્ત્રિવૃત્ કરણ થાય નહીં. આવી રીતે જ તેજ, અપ્ અને અન્નને 'આ તેજ છે, આ જળ છે, આ અન્ન છે' એવા પૃથક્ પૃથક્ નામ અને પ્રતીતિની પ્રાપ્તિ થઈ શકે છે, અને પૃથક્ પૃથક્ નામ અને પ્રતીતિની પ્રાપ્તિ થવાથી જ દેવોના સમ્યક્ વ્યવહારની સિદ્ધિરૂપ પ્રયોજનની પૂર્તિ થઈ શકે છે.

આવી રીતે ઈક્ષણ કરીને તે દેવોએ આ ત્રણ દેવોમાં આ ઉપર્યુક્ત જીવરૂપે જ સૂર્યબિંબ સમાન અંદર પ્રવેશ કરીને અર્થાત્ પહેલાં વિરાટ્ પિંડમાં અને તેના પછી દેવાદિ પિંડોમાં અનુપ્રવેશ કરીને પોતાના સંકલ્પ અનુસાર જ નામ-રૂપોનું વ્યાકરણ કર્યું. અર્થાત્ આ પદાર્થ આ નામવાળા અને આ રૂપવાળા છે - આવી રીતે પદાર્થોનું વ્યક્તિકરણ કર્યું. ॥ ૩ ॥

तासां त्रिवृतं त्रिवृतमेकैकामकरोद्यथा तु खलु सोम्येमास्तिस्रो देवतास्त्रिवृत्त्रिवृदेकैका भवति तन्मे विजानीहीति ॥ ४ ॥

તે દેવે તેમનામાંથી પ્રત્યેકને ત્રિવૃત્ ત્રિવૃત્ કર્યા. હે સૌમ્ય ! જેવી રીતે આ ત્રણ દેવ એક એક કરીને પ્રત્યેક ત્રિવૃત્-ત્રિવૃત્ છે તે મારા દ્વારા જાણો. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तासां च देवतानां गुणप्रधानभावेन त्रिवृतं त्रिवृतमेकैकामकरोत्कृतवती देवता । तिष्ठतु तावद्देवतापिण्डानां नामरूपाभ्यां व्याकृतानां तेजोऽबन्नमयत्वेन त्रिधात्वं यथा तु बहिरिमाः पिण्डेभ्यस्तिस्रो देवतास्त्रिवृत्त्रिवृदेकैका भवति तन्मे मम निगदतो विजानीहि विस्पष्टमवधारयोदाहरणतः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે દેવે તે દેવોમાંથી એકએકને ગુણપ્રધાન ભાવથી ત્રિવૃત્ ત્રિવૃત્ કર્યા. હવે નામરૂપે યુક્ત થયેલા દેવો વગેરે પિંડોના તેજ, અપ્ અને અન્ન રૂપે ત્રિવિધત્વની વાત અલગ રહે, આ પિંડોથી બહાર પણ એ ત્રણ દેવો એક-એક કરીને કેવી રીતે ત્રિવૃત્-ત્રિવૃત્ છે તો મારા કથન દ્વારા જાણો અર્થાત્ ઉદાહરણ દ્વારા બરાબર સમજી લો. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये तृतीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ ३ ॥

છાંદોગ્યોપનિષદ્માં છઠ્ઠા અધ્યાયના તૃતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्थः खण्डः

शाङ्करभाष्यम् :- यत्तद्देवतानां त्रिवृत्करणमुक्तं तस्यैवोदाहरणमुच्यते, उदाहरणं नामैकदेशप्रसिद्ध्याशेषप्रसिद्ध्यर्थमुदाह्रियत इति । तदेतदाह–

શાંકરભાષ્ય :- તે દેવોનું જ ત્રિવૃત્કરણ કહેવામાં આવ્યું છે, તેનું ઉદાહરણ આપવામાં આવે છે, ઉદાહરણ તેને કહે છે, જે એકદેશની પ્રસિદ્ધિ દ્વારા સંપૂર્ણ દેશની પ્રસિદ્ધિને માટે કહેવામાં આવે છે. શ્રુતિ તે જ ઉદાહરણ આપે છે –

यदग्ने रोहित रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्यापागादग्नेरग्नित्वं वाचारम्भणं विकारो नामधेयं त्रीणि रूपाणीत्येव सत्यम् ॥ १ ॥

અગ્નિનું જે રોહિત (લાલ) રૂપ છે તે તેજનું જ રૂપ છે, જે શુક્લ રૂપ છે તે જળનું છે અને જે કૃષ્ણ છે તે અન્નનું છે. આવી રીતે અગ્નિથી તેનું અગ્નિત્વ નિવૃત્ત થઈ ગયું, કારણ કે (અગ્નિરૂપ) વિકાર વાણીથી કહેવાને માટે નામમાત્ર છે, કેવળ ત્રણ રૂપ છે - આ જ સત્ય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यदग्नेस्त्रिवृत्कृतस्य रोहितं रूपं प्रसिद्धं लोके तदत्रिवृत्कृतस्य तेजसो रूपमिति विद्धि । तथा यच्छुक्लं रूपमग्नेरेव तदपामत्रिवृत्कृतानां यत्कृष्णं तस्यैवाग्ने रूपं तदन्नस्य पृथिव्या अत्रिवृत्कृताया इति विद्धि । ★ तत्रैवं सति रूपत्रयव्यतिरेकेणाग्निरिति यन्मन्यसे त्वं तस्याग्नेरग्नित्वमिदानीमपागादपगतम् । प्राग्रूपत्रयविवेकविज्ञानाद्यग्निबुद्धिरासीत्ते साग्निबुद्धिरपगताग्निशब्दश्चेत्यर्थः । यथा दृश्यमानरक्तोपधानसंयुक्तः स्फटिको गृह्यमाणः पद्मरागोऽयमितिशब्दबुद्ध्योः प्रयोजको भवति प्रागुपधानस्फटिकयोर्विवेकविज्ञानात्तद्विवेकविज्ञाने तु पद्मरागशब्दबुद्धी निवर्तेते तद्विवेकविज्ञातुस्तद्वत् । ★ ननु किमत्र बुद्धिशब्दकल्पनया

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

क्रियते प्राग्रूपत्रयविवेककरणादग्निरेवासीत्तदग्नेरग्नित्वं रोहितादिरूपविवेककरणादपागादिति युक्तम्; यथा तन्त्वपकर्षणे पटाभावः । ★ नैवं बुद्धिशब्दमात्रमेव ह्यग्निर्यत आह वाचारम्भणमग्निर्नाम विकारो नामधेयं नाममात्रमित्यर्थः । अतोऽग्निबुद्धिरपि मृषैव किं तर्हि तत्र सत्यम् । त्रीणि रूपाणीत्येव सत्यम्, नाणुमात्रमपि रूपत्रयव्यतिरेकेण सत्यमस्तीत्यवधारणार्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- લોકમાં ત્રિવૃત્કૃત (ત્રણ તત્ત્વોથી મિશ્રિત) અગ્નિનું જે રોહિત રૂપ પ્રસિદ્ધ છે તે અત્રિવૃત્કૃત (કેવળ) તેજનું રૂપ છે - એવું જાણો. અને તે અગ્નિનું જ જે શુક્લ રૂપ છે તે ત્રણ તત્ત્વોના સંમિશ્રણથી રહિત કેવળ જળનું છે અને તેનું જે કૃષ્ણ રૂપ છે તે અન્નનું - અત્રિવૃત્કૃત પૃથ્વીનું રૂપ છે - આવું જાણો.

આવું થવાથી, તમે સમજતાં હતાં કે અગ્નિ આ ત્રણ રૂપોથી અલગ કોઈ વસ્તુ છે તો તે અગ્નિનું અગ્નિત્વ હવે જતું રહ્યું. તાત્પર્ય આ છે કે આ ત્રણ રૂપોનું વિશેષ જ્ઞાન થતાં પહેલાં તારી જે અગ્નિબુદ્ધિ હતી તે અગ્નિબુદ્ધિ અને 'અગ્નિ' શબ્દ હવે નિવૃત્ત થઈ ગયો. જેવી રીતે દેખાતાં લાલ રંગના ઉપાધાન (સમીપવર્તી પદાર્થ)થી મળેલો સ્ફટિક પ્રાપ્ત થતાં ઉપધાન અને સ્ફટિકનું પાર્થક્ય (જુદાપણું) જ્ઞાત થવા પહેલાં 'આ પદ્મરાગ છે' આવી રીતના શબ્દ અને બુદ્ધિનો પ્રયોજક હોય છે, પરંતુ તેનું પાર્થક્ય જ્ઞાત થવાથી તેમાં તે પાર્થક્યજ્ઞાનીના પદ્મરાગ શબ્દ અને પદ્મરાગ-બુદ્ધિ બંને નિવૃત્ત થઈ જાય છે તેવી રીતે (રૂપત્રયનો વિવેક થવાથી અગ્નિનું અગ્નિત્વ નિવૃત્ત થઈ જાય છે.)

પૂર્વપક્ષી :- પરંતુ અહીં (આ અગ્નિના સંબંધે) અગ્નિબુદ્ધિ અને અગ્નિ શબ્દ એવી અધિક કલ્પના કરીને શું લેવાનું છે ? રૂપત્રયનો વિવેક કરતાં પહેલાં અગ્નિ જ હતો. તે અગ્નિનું અગ્નિત્વ રોહિતાદિ રૂપોનો વિવેક કરવાથી નિવૃત્ત થઈ ગયું - એટલું જ કહેવું ઉચિત છે, જેવી રીતે કે તંતુઓને કાઢી લેવાથી પટનો અભાવ થઈ જાય છે.

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે અગ્નિ તો અગ્નિબુદ્ધિ અને અગ્નિ શબ્દ માત્ર જ છે, કારણ કે શ્રુતિ કહે છે **'અગ્નિરૂપ જે વિકાર છે તે વાણી ઉપર અવલંબિત નામધેય અર્થાત્ નામમાત્ર જ છે.'** એટલા માટે અગ્નિબુદ્ધિ પણ મિથ્યા જ છે. તો પછી તેમાં સત્ય શું છે ? બસ, ત્રણ રૂપ જ સત્ય છે - આ કથન આ વાતને નિશ્ચિત કરવાને માટે છે કે ત્રણ રૂપોના અતિરિક્ત અને કંઈ અણુમાત્ર પણ સત્ય નથી. ॥ ૧ ॥

તથા – આવી રીતે -

यदादित्यस्य रोहितꣳ रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्यापागादादित्यादादित्यत्वं वाचारम्भणं विकारो नामधेयं त्रीणि रूपाणीत्येव सत्यम् ॥ २ ॥ यच्चन्द्रमसो रोहितꣳ रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्यापागाच्चन्द्राच्चन्द्रत्वं वाचारम्भणं विकारो नामधेयं त्रीणि रूपाणीत्येव सत्यम् ॥ ३ ॥ यद्विद्युतो रोहितꣳ रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्यापागाद्विद्युतो विद्युत्त्वं वाचारम्भणं विकारो नामधेयं त्रीणि रूपाणीत्येव सत्यम् ॥ ४ ॥

આદિત્યનું જે રોહિત રૂપ છે તે તેજનું રૂપ છે, જે શુક્લ રૂપ છે તે જળનું છે અને જે કૃષ્ણરૂપ છે તે અન્નનું છે. આવી રીતે આદિત્યથી આદિત્યત્વ નિવૃત્ત થઈ ગયું, કારણ કે (આદિત્યરૂપ) વિકાર વાણી ઉપર અવલંબિત નામમાત્ર છે, ત્રણ રૂપ છે - એટલું જ સત્ય છે ॥ ૨ ॥ ચંદ્રમાનું જે રોહિત રૂપ છે તે તેજનું રૂપ છે, જે શુક્લ રૂપ છે તે જળનું છે અને જે કૃષ્ણ રૂપ છે તે અન્નનું છે. આવી રીતે આવી રીતે ચંદ્રમામાંથી ચંદ્રત્વ નિવૃત્ત થઈ ગયું, કારણ કે (ચંદ્રમારૂપ) વિકાર વાણી ઉપર અવલંબિત નામમાત્ર છે, ત્રણ રૂપ છે - એટલું જ સત્ય છે. ॥ ૩ ॥ વિદ્યુતનું જે રોહિત રૂપ છે તે તેજનું રૂપ છે, જે શુક્લ રૂપ છે તે જળનું છે અને જે કૃષ્ણ રૂપ છે તે અન્નનું છે. આવી રીતે વિદ્યુતથી વિદ્યુત્ત્વની નિવૃત્તિ થઈ ગઈ, કારણ કે (વિદ્યુતરૂપ) વિકાર વાણી ઉપર અવલંબિત નામ માત્ર છે, ત્રણ રૂપ છે - એટલું જ સત્ય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- यदादित्यस्य यच्चन्द्रमसो यद्विद्युत इत्यादि समानम् । ★ ननु यथा तु खलु सोम्येमास्तिस्रो देवता-स्त्रिवृत्त्रिवृदेकैका भवति तन्मे विजानीहीत्युक्त्वा तेजस एव चतुर्भिरप्युदाहरणैरग्न्यादिभिस्त्रिवृत्करणं दर्शितं नाबन्नयोरुदाहरणं दर्शितं त्रिवृत्करणे । ★ नैष दोषः; अबन्नविषयाण्यप्युदाहरणान्येवमेव च द्रष्टव्यानीति मन्यते श्रुतिः, तेजस उदाहरणमुपलक्षणार्थम् । रूपवत्त्वात्स्पष्टार्थत्वोपपत्तेश्च । गन्धरसयोरनुदाहरणं त्रयाणामसंभवात्; न हि गन्धरसौ तेजसि स्तः । स्पर्शशब्दयोरनुदाहरणं विभागेन दर्शयितुमशक्यत्वात् । ★ यदि सर्वं जगत्त्रिवृत्कृतमित्यग्न्यादिवत्त्रीणि रूपाणीत्येव सत्यमग्नेरग्नित्ववदपागाज्जगतो जगत्त्वम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

तथान्नस्याप्यप्शुङ्गत्वादाप इत्येव सत्यं वाचारम्भणमात्रमन्नम् । तथापामपि तेजःशुङ्गत्वाद्वाचारम्भणत्वं तेज इत्येव सत्यम् । तेजसोऽपि सच्छुङ्गत्वाद्वाचारम्भणत्वं सदित्येव सत्यमित्येषोऽर्थो विवक्षितः । ★ ननु वाय्वन्तरिक्षे त्वत्रिवृत्कृते तेजःप्रभृतिष्वनन्तर्भूतत्वादवशिष्येते । एवं गन्धरसशब्दस्पर्शाश्चावशिष्टा इति कथं सता विज्ञातेन सर्वमन्यदविज्ञातं विज्ञातं भवेत् ? तद्विज्ञाने वा प्रकारान्तरं वाच्यम् । ★ नैष दोषः; रूपवद्द्रव्ये सर्वस्य दर्शनात् । कथम् ? तेजसि तावद्रूपवति शब्दस्पर्शयोरप्युपलम्भाद्वाय्वन्तरिक्षयोस्तत्र स्पर्शशब्द-गुणवतोः सद्भावोऽनुनीयते । तथाबन्नयो रूपवतो रसगन्धान्तर्भाव इति । रूपवतां त्रयाणां तेजोऽबन्नानां त्रिवृत्करणप्रदर्शनेन सर्वं तदन्तर्भूतं सद्विकारत्वात्त्रीण्येव रूपाणि विज्ञातं मन्यते श्रुतिः । न हि मूर्तं रूपवद्द्रव्यं प्रत्याख्याय वाय्वाकाशयोस्तद्गुणयोर्गन्धरसयोर्वा ग्रहणमस्ति । ★ अथवा रूपवतामपि त्रिवृत्करणं प्रदर्शनार्थमेव मन्यते श्रुतिः । यथा तु त्रिवृत्कृते त्रीणि रूपाणीत्येव सत्यम्, तथा पञ्चीकरणेऽपि समानो न्याय इत्यतः सर्वस्य सद्विकारत्वात्सता विज्ञातेन सर्वमिदं विज्ञातं स्यात्सदेकमेवाद्वितीयं सत्यमिति सिद्धमेव भवति । तदेकस्मिन्सति विज्ञाते सर्वमिदं विज्ञातं भवतीति सूक्तम् ॥ २-४ ॥

શાંકરભાષ્ય :- જે આદિત્યનો, જે ચંદ્રમાનો, જે વિદ્યુતનો વગેરે અર્થ પૂર્વવત્ સમજવો જોઈએ.

પૂર્વપક્ષી :- પરંતુ 'હે સૌમ્ય ! જેવી રીતે આ ત્રણ દેવો એક એક કરીને પ્રત્યેક ત્રિવૃત્-ત્રિવૃત્ છે તે તે મારા દ્વારા જાણ.' એમ કહીને અગ્નિ વગેરે ચાર ઉદાહરણોથી તેજનું જ ત્રિવૃત્ કરણ બતાવવામાં આવ્યું છે, ત્રિવૃત્કરણમાં જળ અને અન્નનું તો ઉદાહરણ પ્રદર્શિત કરવામાં આવ્યું જ નથી.

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી. શ્રુતિ એમ માને છે કે જળ અને અન્ન વિષયક ઉદાહરણોને પણ આવી રીતે જાણવા જોઈએ. તેજનું ઉદાહરણ તેનું ઉપલક્ષણ કરવા માટે છે. તેના સિવાય, રૂપવાન હોવાને કારણે તેના દ્વારા સ્પષ્ટાર્થતા પણ સંભવ છે. ગંધ અને રસનું ઉદાહરણ એટલા માટે આપવામાં આવતું નથી કે આ ત્રણેમાં તેનું હોવું અસંભવ છે. તેજમાં ગંધ અને રસ છે જ નહીં. અને (ત્રિવિધ) સ્પર્શ અને (ત્રિવિધ) શબ્દને અલગ કરીને બતાવી શકાતું નથી એટલો તેનું પણ ઉદાહરણ આપ્યું નથી.

જો સર્વ જગત ત્રિવૃત્કૃત છે અને અગ્નિ વગેરે સમાન કેવળ ત્રણ જ રૂપ સત્ય છે તો અગ્નિના અગ્નિત્વ સમાન સંસારનું સંસારત્વ પણ નિવૃત્ત થઈ ગયું. અને અન્ન જળનું કાર્ય છે એટલા માટે જળ જ સત્ય છે, અન્ન કેવળ વાચારંભણ માત્ર છે, અને તેજનું કાર્ય હોવાને કારણે જળ પણ વાચારંભણ માત્ર જ છે, તેજ જ સત્ય છે અને તેજ પણ સત્નું કાર્ય છે એટલા માટે તે પણ વાચારંભણ જ છે, કેવળ સત્ જ સત્ય છે. આવી રીતે આનાથી આ જ અર્થ બતાવવો અભીષ્ટ છે.

પૂર્વપક્ષી :- પરંતુ વાયુ અને અંતરિક્ષ તો તેજ વગેરેની અંતર્ગત ન હોવાને કારણે અત્રિવૃત્ કૃત જ રહી જાય છે. આવી રીતે ગંધ, રસ, શબ્દ અને સ્પર્શ પણ બચી જાય છે, પછી એકમાત્ર સત્ને જાણી લેવાથી જ અને સર્વ અજ્ઞાત પદાર્થોનું જ્ઞાન કેવી રીતે થઈ શકે ? અથવા તેનું જ્ઞાન હોવા માટે શ્રુતિએ કોઈ બીજો પ્રકાર બતાવવો જોઈએ.

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી. કારણ કે રૂપવાન દ્રવ્યમાં સર્વ ગુણ જોવામાં આવે છે. કેવી રીતે ? (તો બતાવે છે-) રૂપવાન તેજમાં શબ્દ અને સ્પર્શની પણ ઉપલબ્ધિ હોવાને કારણે તેમાં સ્પર્શ અને શબ્દ ગુણવાળા વાયુ અને આકાશના સદ્ભાવકોનું પણ અનુમાન કરવામાં આવે છે અને રૂપવાન જળ અને અન્નમાં રસ તેમજ ગંધનો અંતરભાવ થઈ જાય છે, આવી રીતે તેજ, જળ અને અન્ન - આ ત્રણ સ્વરૂપવાનોનું ત્રિવૃત્કરણ પ્રદર્શિત કરવાથી શ્રુતિ એમ માને છે કે તેના અંતર્ગત બધું જ સત્ના જ કાર્ય હોવાને કારણે ત્રણ રૂપ જ સત્ય માનવામાં આવ્યા છે. કારણ કે રૂપવાન મૂર્ત પદાર્થોને છોડીને વાયુ અને આકાશના અને તેના ગુણ તેમજ ગંધ અને રસનું ગ્રહણ જ થઈ શકતું નથી.

અથવા આ સ્વરૂપવાન પદાર્થોના ત્રિવૃત્કરણને પણ શ્રુતિ પ્રદર્શનને માટે જ માને છે. જેવી રીતે ત્રિવૃત્કરણમાં ત્રણ રૂપ જ સત્ય છે તેવી રીતે પંચીકરણમાં પણ સમાન નિયમ જ સમજવો જોઈએ. આવી રીતે સર્વ કંઈ સત્નો જ વિકાર હોવાને કારણે સત્ના જ્ઞાનથી આ સર્વ કાંઈ જાણી લેવામાં આવે છે. એટલે એકમાત્ર અદ્વિતીય સત્ જ સત્ય છે - આ સિદ્ધ જ છે. એટલા માટે આ બરાબર જ કહ્યું છે કે તે એકને જાણી લેવાથી આ સર્વ જાણી લેવામાં આવે છે. ॥ ૨-૪ ॥

एतद्ध स्म वै तद्विद्वाꣳ स आहुः पूर्वे महाशाला महाश्रोत्रिया न नोऽद्य कश्चनाश्रुतममतमविज्ञातमुदाहरिष्यतीति ह्येभ्यो विदाञ्चक्रुः ॥ ५ ॥

આ ત્રિવૃત્કરણને જાણનારા પૂર્વવર્તી મહાગૃહસ્થ અને મહાશ્રોત્રિયોએ આ કહ્યું હતું કે આ વખતે અમારા કુળમાં કોઈ આજ અશ્રુત, અમત અથવા અવિજ્ઞાન છે - એવું કોઈ કહી શકશે નહીં, કારણ કે આ અગ્નિ વગેરેના દૃષ્ટાંત દ્વારા તેઓ સર્વ કંઈ જાણતાં હતાં. ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- एतद्विद्वांसो विदितवन्तः पूर्वेऽतिक्रान्ता महाशाला महाश्रोत्रिया आहुर्ह स्म वै किल । किमुक्तवन्तः ? इत्याह—न नोऽस्माकं कुलेऽद्येदानीं यथोक्तविज्ञानवतां कश्चन कश्चिदप्यश्रुतममतमविज्ञातमुदाहरिष्यति नोदाहरिष्यति, सर्वं विज्ञातमेवास्मत्कुलीनानां सद्विज्ञानवत्त्वादित्यभिप्रायः । ★ ते पुनः कथं सर्वं विज्ञातवन्तः ? इत्याह—एभ्यस्त्रिभ्यो रोहितादिरूपेभ्यस्त्रिवृत्कृतेभ्यो विज्ञातेभ्यः सर्वमप्यन्यच्छिष्टमेवमेवेति विदाञ्चक्रुर्विज्ञातवन्तो यस्मात्तस्मात्सर्वज्ञा एव सद्विज्ञानात्त आसुरित्यर्थः । अथवैभ्यो विदाञ्चक्रुरित्यग्न्यादिभ्यो दृष्टान्तेभ्यो विज्ञातेभ्यः सर्वमन्यद्विदाञ्चक्रुरित्येतत् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- આ (ત્રિવૃત્કરણ)ને જાણનારા પૂર્વવર્તી અર્થાત્ અતીતકાલીન મહાગૃહસ્થ અને મહાશ્રોત્રિયોએ કહ્યું હતું. શું કહ્યું હતું ? તો બતાવે છે - 'ઉપર્યુક્ત વિજ્ઞાનને જાણનારાઓ અમારા લોકોના કુળમાં આજ - આ જ સમયે કંઈ જ અશ્રુત, અમત અથવા અવિજ્ઞાત હોય, એવું કોઈપણ બતાવી શકાશે નહીં.' તાત્પર્ય આ છે કે સત્‌ના વિજ્ઞાનથી યુક્ત હોવાને કારણે અમારા કુટુંબીઓને સર્વ કંઈ જ્ઞાત જ છે.

પરંતુ તેમણે કેવી રીતે સર્વ કંઈ જાણ્યું છે, તો શ્રુતિ બતાવે છે - 'કારણ કે આ ત્રણ અર્થાત્ (આવી રીતે) જાણેલાં ત્રિવૃત્કૃત રોહિતાદિ રૂપો દ્વારા, અન્ય અવશિષ્ટ પદાર્થ પણ આવા જ છે - આવી રીતે તે જાણે છે, એટલે સત્‌ના વિજ્ઞાનને કારણે તે બધા સર્વજ્ઞ જ થઈ ગયા છે' — આવું આનું તાત્પર્ય છે. અથવા 'एभ्यः विदाञ्चक्रुः' આનું આ પણ તાત્પર્ય હોઈ શકે છે કે વિજ્ઞાત થયેલા આ અગ્નિ વગેરે દૃષ્ટાંતો દ્વારા તેઓ બીજા બધાને પણ જાણી ગયા છે. ॥ ૫ ॥

कथम् ? કેવી રીતે જાણી ગયા છે ?

यदु रोहितमिवाभूदिति तेजसस्तद्रूपमिति तद्विदाञ्चक्रुर्यदु शुक्लमिवाभूदित्यपा रूपमिति तद्विदाञ्चक्रुर्यदु कृष्णमिवाभूदित्यन्नस्य रूपमिति तद्विदाञ्चक्रुः ॥ ६ ॥ यद्विज्ञातमिवाभूदित्येतासामेव देवताना समास इति तद्विदाञ्चक्रुर्यथा नु खलु सोम्येमास्तिस्रो देवताः पुरुषं प्राप्य त्रिवृत्त्रिवृदेकैका भवति तन्मे विजानीहीति ॥ ७ ॥

જે કંઈ રોહિત - જેવા છે તે તેજનું રૂપ છે - આવું તેઓએ જાણ્યું છે, જે શુકલ જેવું છે તે જળનું રૂપ છે - આવું તેઓએ જાણ્યું છે અને જે કૃષ્ણ જેવું રૂપ છે તે અન્નનું રૂપ છે - આવું તેઓએ જાણ્યું છે ॥ ૬ ॥ અને જે કંઈ વિજ્ઞાત જેવું છે તે આ દેવોનો જ સમુદાય છે - આવું તેઓએ જાણ્યું છે. હે સૌમ્ય ! હવે તું મારા દ્વારા આ જાણ કે કેવી રીતે એ ત્રણ દેવ પુરુષોને પ્રાપ્ત થઈને તેમનામાંથી પ્રત્યેક ત્રિવૃત્ - ત્રિવૃત્ થઈ જાય છે. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- यदन्यद्रूपेण संदिह्यमाने कपोतादिरूपे रोहितमिव यद्गृह्यमाणमभूत्तेषां पूर्वेषां ब्रह्मविदाम्, तत्तेजसो रूपमिति विदाञ्चक्रुः । तथा यच्छुक्लमिवाभूद्गृह्यमाणं तदपां रूपम्, यत्कृष्णमिव गृह्यमाणं तदन्नस्येति विदाञ्चक्रुः । एवमेवात्यन्तदुर्लक्ष्यं यदु अप्यविज्ञातमिव विशेषतोऽगृह्यमाणमभूत्तदप्येतासामेव तिसृणां देवतानां समासः समुदाय इति विदाञ्चक्रुः । ★ एवं तावद्बाह्यं वस्त्वग्न्यादिवद्विज्ञातम्, तथेदानीं यथा नु खलु हे सोम्येमा यथोक्तास्तिस्रो देवताः पुरुषं शिरःपाण्यादिलक्षणं कार्यकरणसंघातं प्राप्य पुरुषेणोपयुज्यमानास्त्रिवृत्त्रिवृदेकैका भवति, तन्मे विजानीहि निगदत इत्युक्त्वाह ॥ ६-७ ॥

શાંકરભાષ્ય :- (અગ્નિ વગેરેની અપેક્ષાએ) અન્ય રૂપે સંદેહ કરવામાં આવતાં કપોતાદિરૂપમાં જે તે પૂર્વવર્તી બ્રહ્મવેત્તાઓ દ્વારા રોહિત - જેવું ગ્રહણ કરવામાં આવે છે તે તેજનું રૂપ છે - આવું તેઓએ જાણ્યું. અને જે શુકલ - જેવું ગ્રહણ કરવામાં આવતું હતું તે જળનું રૂપ છે અને જે કૃષ્ણ - જેવું ગ્રહણ કરવામાં આવતું હતું તે અન્નનું રૂપ છે - આવું તેઓએ જાણ્યું. આવી રીતે જે અત્યંત દુર્લક્ષ્ય અને અવિજ્ઞાત જેવું અર્થાત્ વિશેષ રૂપે ગ્રહણ કરવામાં આવતું હતું તે પણ આ ત્રણ દેવોનો જ સમુહ છે - આવું તેઓએ જાણ્યું હતું.

આવી રીતે તો બાહ્ય વસ્તુઓ અગ્નિ વગેરે સમાન જાણવામાં આવી. હવે હે સૌમ્ય ! જેવી રીતે તે ઉપર્યુક્ત ત્રણ દેવો મસ્તક અને હાથ વગેરે અંગોવાળા શરીર તેમજ ઈન્દ્રિયોના સંઘાતરૂપ પુરુષને પ્રાપ્ત થઈને પુરુષથી ઉપયોગ કરવામાં આવતી પ્રત્યેક ત્રિવૃત્-ત્રિવૃત્ થઈ જાય છે તે મારા દ્વારા - મારા કથન કરવામાં આવેલાં તું જાણ. આવું કહીને તે કહેવા લાગ્યા. ॥ ૬-૭ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये चतुर्थखण्डभाष्यं सम्पूर्णम् ॥ ४ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના ચતુર્થ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

पञ्चमः खण्डः

अन्नमशितं त्रेधा विधीयते तस्य यः स्थविष्ठो धातुस्तत्पुरीषं भवति यो मध्यमस्तन्माꣳ सं योऽणिष्ठ-स्तन्मनः ॥ १ ॥

ખાધેલું અન્ન ત્રણ પ્રકારનું થઈ જાય છે. તેનો જે અત્યંત સ્થૂળ ભાગ હોય છે, તે મળ થઈ જાય છે, જે મધ્યમ ભાગ છે તે માંસ થઈ જાય છે અને જે અત્યંત સૂક્ષ્મ હોય છે તે મન થઈ જાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अन्नमशितं भुक्तं त्रेधा विधीयते जाठरेणाग्निना पच्यमानं त्रिधा विभज्यते । कथम् ? तस्यान्नस्य त्रिधा विधीयमानस्य यः स्थविष्ठः स्थूलतमो धातुः स्थूलतमं वस्तु विभक्तस्य स्थूलोंऽशः, तत्पुरीषं भवति; यो मध्यमोंऽशो धातुरन्नस्य, तद्रसादिक्रमेण परिणम्य मांसं भवति; योऽणिष्ठोऽणुतमो धातुः, स ऊर्ध्वं हृदयं प्राप्य सूक्ष्मासु हिताख्यासु नाडीष्वनुप्रविश्य वागादिकरणसंघातस्य स्थितिमुत्पादयन्मनो भवति । मनोरूपेण विपरिणमन्मनस उपचयं करोति । ★ ततश्चान्नोपचितत्वान्मनसो भौतिकत्वमेव; न वैशेषिकतन्त्रोक्तलक्षणं नित्यं निरवयवं चेति गृह्यते । यदपि **'मनोऽस्य दैवं चक्षुः'** इति वक्ष्यति तदपि न नित्यत्वापेक्षया; किं तर्हि ? सूक्ष्मव्यवहितविप्रकृष्टादिसर्वेन्द्रियविषयव्यापकत्वापेक्षया । यच्चान्येन्द्रियविषयापेक्षयानित्यत्वम्, तदप्यापेक्षिकमेवेति वक्ष्यामः । **'सत्.....एकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) इति श्रुतेः ॥ १ ॥

શાંકરભાષ્ય : ખાધેલું અન્ન ત્રણ પ્રકારનું થઈ જાય છે અર્થાત્ જઠરાગ્નિ દ્વારા પચાવવામાં આવતાં તે ત્રણ ભાગમાં વિભક્ત થઈ જાય છે. તો કેવી રીતે ? – ત્રણ ભાગોમાં વિભક્ત થતાં થતાં તે અન્નનો જે સ્થવિષ્ઠ - સ્થૂળતમ ધાતુ - સહુથી સ્થૂળ વસ્તુ એટલે વિભક્ત થયેલા અન્નનો જે સ્થૂળ અંશ હોય છે તે મળ થઈ જાય છે. અને જે અન્નનો મધ્યમ અંશ એટલે મધ્યમ ધાતુ હોય છે તે રસાદિક્રમથી પરિણત થઈને માંસ થઈ જાય છે અને જે અણિષ્ઠ - અણુતમ ધાતુ હોય છે તે ઉપરની બાજુ હૃદયમાં પહોંચીને હિતા નામની સૂક્ષ્મ નાડીમાં પ્રવેશ કરી વાક્ વગેરે ઈન્દ્રિયસમુહની સ્થિતિ ઉત્પન્ન કરતાં કરતાં મન થઈ જાય છે. તે મનરૂપે વિપરિણામ(વિકાર)ને પ્રાપ્ત થતાં થતાં મનનો ઉપચય (વૃદ્ધિ) કરે છે.

આ કારણે ભૌતિક હોવું જ સિદ્ધ થવાથી મનનું ભૌતિક હોવું જ સિદ્ધ થાય છે. તે વૈશેષિક દર્શને કહેલા લક્ષણવાળા નિત્ય અને નિરવયવ છે - આવું સ્વીકારવામાં આવતું નથી. જે કહેવામાં આવે કે **'મન આનું દૈવ ચક્ષુ છે'** (છા.ઉપ. ૮-૧૨-૫) તે પણ મનના નિત્યત્વની અપેક્ષાથી નથી. તો પછી કઈ દૃષ્ટિએ છે ? તે કથન સૂક્ષ્મ, વ્યવહિત અને દૂરવર્તી વગેરે સર્વ પ્રકારની ઈન્દ્રિયોના વિષયોમાં વ્યાપક હોવાની અપેક્ષાએ છે. અને જે અન્ય ઈન્દ્રિયોની અપેક્ષાએ તેનું નિત્યત્વ છે તે પણ આપેક્ષિક જ છે - આવું અમે આગળ કહીશું, કારણ કે **'સત્...એકમાત્ર અને અદ્વિતીય છે.** (છા.ઉપ. ૬-૨-૧) એવી શ્રુતિ છે. (એટલે તેના સિવાય બીજું કંઈ પરમાર્થ - સત્ય હોઈ શકે નહીં). ॥ ૧ ॥

तथा– આવી રીતે –

आपः पीतास्त्रेधा विधीयन्ते तासां यः स्थविष्ठो धातुस्तन्मूत्र भवति यो मध्यस्तल्लोहितं योऽणिष्ठः स प्राणः ॥ २ ॥

પીધેલું પાણી ત્રણ પ્રકારનું થઈ જાય છે. તેનો જે સ્થૂળતમ ભાગ હોય છે તે મૂત્ર થઈ જાય છે, જે મધ્ય ભાગ છે તે રક્ત થઈ જાય છે અને જે સૂક્ષ્મભાગ છે તે પ્રાણ થઈ જાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- आपः पीतास्त्रेधा विधीयन्ते । तासां यः स्थविष्ठो धातुः, तन्मूत्रं भवति । यो मध्यमः, तल्लोहितं भवति । योऽणिष्ठः, स प्राणो भवति । वक्ष्यति हि **'आपोमयः प्राणो न पिबतो विच्छेत्स्यते'** इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- પીધેલું પાણી ત્રણ પ્રકારનું થઈ જાય છે, તેનો જે સ્થૂળતમ ભાગ હોય છે તે મૂત્ર થઈ જાય છે, જે મધ્યમ ભાગ છે તે રક્ત થઈ જાય છે અને જે સૂક્ષ્મતમ ભાગ છે તે પ્રાણ થઈ જાય છે. આગળ શ્રુતિ આમ કહેશે પણ કે **'પ્રાણ જળમય છે, જળપાન કરવાથી તારો પ્રાણ વિછિન્ન થશે નહીં.'** ॥ ૨ ॥

तथा– એમ જ –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तेजोऽशितं त्रेधा विधीयते तस्य यः स्थविष्ठो धातुस्तदस्थि भवति यो मध्यमः स मज्जा योऽणिष्ठः सा वाक् ॥ ३ ॥

ખાધેલું (ઘૃતાદિ) તેજ ત્રણ પ્રકારનું થઈ જાય છે. તેનો જે સ્થૂળતમ ભાગ હોય છે તે હાડકાં થઈ જાય છે, જે મધ્યમ ભાગ છે તે મજ્જા થઈ જાય છે અને જે સૂક્ષ્મતમ ભાગ છે તે વાક્ થઈ જાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तेजोऽशितं तैलघृतादि भक्षितं त्रेधा विधीयते । तस्य यः स्थविष्ठो धातुः, तदस्थि भवति । यो मध्यमः, स मज्जास्थ्यन्तर्गतः स्नेहः । योऽणिष्ठः, सा वाक् । तैलघृतादिभक्षणाद्धि वाग्विशदा भाषणे समर्था भवतीति प्रसिद्धं लोके ॥ ३ ॥

શાંકરભાષ્ય :- ખાધેલું તેજ અર્થાત્ ભક્ષણ કરેલું તેલ-ઘી વગેરે ત્રણ પ્રકારનું થઈ જાય છે. તેનો જે સ્થૂળતમ અંશ હોય છે તે હાડકાં થઈ જાય છે, જે મધ્યમ ભાગ છે તે મજ્જા-હાડકાંની અંદર રહેનાર સ્નિગ્ધ પદાર્થ થઈ જાય છે અને જે સૂક્ષ્મતમ અંશ છે તે વાક્ થઈ જાય છે. તેલ-ઘી વગેરેના ભક્ષણથી જ વાણી વિશદ અર્થાત્ ભાષણમાં સમર્થ થાય છે - આવું લોકમાં પ્રસિદ્ધ જ છે. ॥ ૩ ॥

यत एवम्– કારણ કે આવું છે –

अन्नमयꣳ हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वागिति भूय एव मा भगवान्विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ४ ॥

(એટલા માટે) હે સૌમ્ય ! મન અન્નમય છે, પ્રાણ જળમય છે અને વાક્ તેજોમયી છે. આમ કહેવામાં આવતાં શ્વેતકેતુ બોલ્યા - 'ભગવન્ ! આપ મને ફરીથી સમજાવો. ત્યારે આરુણિએ 'સારું સોમ્ય !' આમ કહ્યું. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अन्नमयं हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वाक् । ★ ननु केवलान्नभक्षिण आखुप्रभृतयो वाग्मिनः प्राणवन्तश्च तथाब्मात्रभक्ष्याः सामुद्रा मीनमकरप्रभृतयो मनस्विनो वाग्मिनश्च, तथा स्नेहपानामपि प्राणवत्त्वं मनस्वित्वं चानुमेयम्; यदि सन्ति, तत्र कथमन्नमयं हि सोम्य मन इत्याद्युच्यते ? ★ नैष दोषः, सर्वस्य त्रिवृत्कृतत्वात्सर्वत्र सर्वोपपत्तेः; न ह्यत्रिवृत्कृतमन्नमश्नाति कश्चित्, आपो वात्रिवृत्कृताः पीयन्ते, तेजो वात्रिवृत्कृतमश्नाति कश्चिदित्यन्नादानामाखुप्रभृतीनां वाग्मित्वं प्राणवत्त्वं चेत्याद्यविरुद्धम् । ★ इत्येवं प्रत्यायितः श्वेतकेतुराह भूय एव पुनरेव मा मां भगवानन्नमयं हि सोम्य मन इत्यादि विज्ञापयतु दृष्टान्तेनावगमयतु । नाद्यापि ममास्मिन्नर्थे सम्यङ्निश्चयो जातः । यस्मात्तेजोऽबन्नमयत्वेनाविशिष्टे देह एकस्मिन्नुपयुज्यमाना-न्यन्नाप्स्नेहजातान्यणिष्ठधातुरूपेण मनःप्राणवाच उपचिन्वन्ति स्वजात्यनतिक्रमेणेति दुर्विज्ञेयमित्यभिप्रायः; अतो भूय एवेत्याद्याह । ★ तमेवमुक्तवन्तं तथास्तु सोम्येति होवाच पिता–शृण्वत्र दृष्टान्तं यथैतदुपपद्यते यत्पृच्छसि ॥ ४ ॥

શાંકરભાષ્ય :- (એટલા માટે) હે સોમ્ય ! મન અન્નમય છે, પ્રાણ જળમય છે અને વાક્ તેજોમયી છે.

પૂર્વપક્ષી :- પરંતુ કેવળ અન્ન ભક્ષણ કરનારા ઉંદર વગેરે વાક્યુક્ત અને પ્રાણવાન જોવામાં આવે છે અને સમુદ્રમાં રહેનારા કેવળ જળમાત્ર ભક્ષણ કરનારા મત્સ્ય તેમજ મગર વગેરે મન અને વાણીથી યુક્ત હોય છે, આવી રીતે ઘૃતાદિ ન ખાનારાના પણ પ્રાણતત્ત્વ અને મનસ્વિત્વ અનુમાન કરી શકાય છે. જ્યારે એવા પણ જીવ છે તો 'હે સોમ્ય ! મન અન્નમય છે' વગેરે કથન કેવી રીતે કરવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી, કારણ કે સર્વ કંઈ ત્રિવૃત્કૃત હોવાને કારણે સર્વે વસ્તુઓમાં હોવું સંભવ છે. કોઈપણ જીવ અત્રિવૃત્કૃત અન્ન ભક્ષણ કરતાં નથી, ના અત્રિવૃત્કૃત જળ જ પીવામાં આવે છે અને ના કોઈ અત્રિવૃત્કૃત તેજને જ ખાય છે. આનાથી અન્નાદિ ભક્ષણ કરનારા ઉંદર વગેરે વાક્યુક્ત અને પ્રાણયુક્ત હોવું વગેરે વિરુદ્ધ નથી.

આવી રીતે પ્રતીતિ કરાવેલા શ્વેતકેતુએ કહ્યું - 'હે ભગવન્ ! 'अन्नमयं हि सोम्य मनः' વગેરે કથનને આપ મને ફરી સમજાવો - આને દૃષ્ટાંત આપીને મને ફરીથી હૃદયંગમ કરાવો. આ વિષયમાં હજી સુધી મારો નિશ્ચય બરાબર થયો નથી.' કારણ કે તેજ, જળ અને અન્નમયરૂપથી એક દેહમાં કોઈ વિશેષતા ન હોવાથી પણ એક જ દેહમાં ઉપયોગ કરવામાં આવેલાં અન્ન, જળ અને સ્નેહ વગેરે પોતાની જાતિનો અતિક્રમ ન કરતાં સૂક્ષ્મતમ રૂપે મન, પ્રાણ અને વાક્નું પોષણ કરે છે - આ જાણવું બહુ જ કઠિન છે - આવો તેનો અભિપ્રાય છે. આનાથી તેણે 'भूय एव' વગેરે કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આવી રીતે કહેનારા તે(શ્વેતકેતુ)ને પિતાએ કહ્યું – હે સોમ્ય ! બરાબર જે કંઈ તું પૂછે છે તે જેવી રીતે ઉપપન્ન (શક્ય) થઈ શકે છે આ વિષયમાં દૃષ્ટાંત શ્રવણ કર.' ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये पञ्चमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ५ ॥

છાંદોગ્યોપનિષદ્માં છઠ્ઠા અધ્યાયના પાંચમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षष्ठः खण्डः

दध्नः सोम्य मथ्यमानस्य योऽणिमा स ऊर्ध्वः समुदीषति तत्सर्पिर्भवति ॥ १ ॥

હે સોમ્ય ! મંથન કરવામાં આવેલાં દહીંનો જે સૂક્ષ્મ ભાગ હોય છે તે ઉપર એકઠું થઈ જાય છે તે ઘી થાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- दध्नः सोम्य मथ्यमानस्य योऽणिमाणुभावः स ऊर्ध्वः समुदीषति संभूयोर्ध्वं नवनीतभावेन गच्छति तत्सर्पिर्भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! મંથન કરવામાં આવતાં દહીંનો જે અણિમા-સૂક્ષ્માંશ હોય છે તે 'ऊर्ध्वः समुदीषति' એકઠો થઈને નવનીતરૂપે ઉપર આવી જાય છે, તે ઘી બને છે. ॥ ૧ ॥

यथायं दृष्टान्तः– જેમ કે આ દૃષ્ટાંત છે –

एवमेव खलु सोम्यान्नस्याश्यमानस्य योऽणिमा स ऊर्ध्वः समुदीषति तन्मनो भवति ॥ २ ॥

હે સોમ્ય ! એ રીતે ખાધેલા અન્નનો જે સૂક્ષ્મ અંશ છે તે સારી રીતે ઉપર આવે છે, તે મન બને છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- एवमेव खलु सोम्यान्नस्यौदनादेरश्यमानस्य भुज्यमानस्यौदर्येणाग्निना वायुसहितेन खजेनेव मथ्यमानस्य योऽणिमा स ऊर्ध्वः समुदीषति; तन्मनो भवति, मनोऽवयवैः सह संभूय मन उपचिनोतीत्येतत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- તેવી રીતે હે સોમ્ય ! અશ્યમાન અર્થાત્ ભક્ષણ કરવામાં આવતાં ભાત વગેરે અન્નનો જે સૂક્ષ્મ ભાગ હોય છે તે રવૈયા સમાન વાયુ સહિત જઠરાગ્નિ દ્વારા મથવામાં આવતાં ઉપર આવી જાય છે, તે મન થાય છે, અર્થાત્ મનના અવયવોની સાથે મળીને મનની પુષ્ટિ કરે છે. ॥ ૨ ॥

तथा– અને –

अपाꣳ सोम्य पीयमानानां योऽणिमा स ऊर्ध्वः समुदीषति स प्राणो भवति ॥ ३ ॥

હે સોમ્ય ! પીધેલાં જળનો જે સૂક્ષ્મ ભાગ હોય છે તે એકઠો થઈને ઉપર આવી જાય છે, તે પ્રાણ થાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अपां सोम्य पीयमानानां योऽणिमा स ऊर्ध्वः समुदीषति स प्राणो भवतीति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! પીધેલાં જળનો જે સૂક્ષ્મભાગ હોય છે તે એકઠો થઈને ઉપર આવી જાય છે, તે પ્રાણ બને છે– આવું (આરુણિએ કહ્યું.) ॥ ૩ ॥

एवमेव खलु– બરાબર આવી રીતે –

तेजसः सोम्याश्यमानस्य योऽणिमा स ऊर्ध्वः समुदीषति सा वाग्भवति ॥ ४ ॥

હે સોમ્ય ! ભક્ષણ કરેલાં તેજનો જે સૂક્ષ્મ ભાગ હોય છે તે એકઠો થઈને ઉપર આવી જાય છે અને તે વાણી બને છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- सोम्य तेजसोऽश्यमानस्य योऽणिमा स ऊर्ध्वः समुदीषति सा वाग्भवति ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! ભક્ષણ કરવામાં આવેલાં તેજનો જે સૂક્ષ્મ અંશ થાય છે તે અકઠો થઈને ઉપર આવી જાય છે અને તે વાણી થાય છે. ॥ ૪ ॥

अन्नमयꣳ हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वागिति भूय एव मा भगवान्विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ५ ॥

(આવી રીતે) 'હે સોમ્ય ! મન અન્નમય છે, પ્રાણ જળમય છે અને વાણી તેજોમયી છે' - આવું (આરુણિએ કહ્યું). (ત્યારે શ્વેતકેતુ બોલ્યા -) 'ભગવન્ ! મને ફરીથી સમજાવો' આ માટે આરુણિએ કહ્યું - 'હે સોમ્ય ! સારું.' ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अन्नमयं हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वागिति । युक्तमेव मयोक्तमित्यभिप्रायः । अतोऽप्तेजसोरस्त्वेतत्सर्वमेवम्, मनस्त्वन्नमयमित्यत्र नैकान्तेन मम निश्चयो जातः । अतो भूय एव मा भगवान्मनसोऽन्नमयत्वं दृष्टान्तेन विज्ञापयत्विति । तथा सोम्येति होवाच पिता ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! મન અન્નમય છે, પ્રાણ જળમય છે અને વાક્ તેજોમયી છે – આવી રીતે મારું આ કથન બરાબર જ છે – આવો આનો અભિપ્રાય છે. (આ માટે શ્વેતકેતુ બોલ્યા -) 'આપના કથન અનુસાર જળ અને તેજના વિષયમાં તો ભલે જ સર્વ કંઈ એવું જ હોય, પરંતુ હજી સુધી મને આ વાતનો પુરો નિશ્ચય થયો નથી કે મન અન્નમય છે. એટલે હે ભગવન્ ! મને મનનું અન્નમયત્વ ફરી દૃષ્ટાંત દ્વારા સમજાવો.' ત્યારે પિતાએ કહ્યું – 'સોમ્ય ! સારું.' ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये षष्ठखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં છઠ્ઠા અધ્યાયના છઠ્ઠા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तमः खण्डः

शाङ्करभाष्यम् :- अन्नस्य भुक्तस्य योऽणिष्ठो धातुः, स मनसि शक्तिमधात् । सान्नोपचिता मनसः शक्तिः षोडशधा प्रविभज्य पुरुषस्य कलात्वेन निर्दिदिक्षिता । तया मनस्यन्नोपचितया शक्त्या षोडशधा प्रविभक्तया संयुक्तस्तद्वान्कार्यकरणसंघातलक्षणो जीव विशिष्टः पुरुषः षोडशकल उच्यते; यस्यां सत्यां द्रष्टा श्रोता मन्ता बोद्धा कर्ता विज्ञाता सर्वक्रियासमर्थः पुरुषो भवति; हीयमानायां च यस्यां सामर्थ्यहानिः । वक्ष्यति च–**'अथान्नस्यायै द्रष्टा'** (छा.उप. ७-९-१) इत्यादि । सर्वस्य कार्यकरणस्य सामर्थ्यं मनःकृतमेव । मानसेन हि बलेन संपन्ना बलिनो दृश्यन्ते लोके ध्यानाहाराश्च केचित्, अन्नस्य सर्वात्मकत्वात्, अतोऽन्नकृतं मानसं वीर्यम् ।

શાંકરભાષ્ય :- ખાધેલા અન્નનો જે સૂક્ષ્મતમ અંશ હોય છે તેણે મનમાં શક્તિનો સંચાર કર્યો. અન્ન દ્વારા સંપન્ન થયેલી તે મનની શક્તિનો સોળ પ્રકારે વિભાગ કરીને પુરુષનો કલા રૂપે નિર્દેશ કરવો ઈષ્ટ છે. મનમાં અન્ન દ્વારા ઉપચિત (વધેલી) અને સોળ ભાગોમાં વિભક્ત થયેલી તે શક્તિથી સંયુક્ત તે શક્તિવાળો દેહ અને ઈન્દ્રિયોના સંઘાતરૂપ જીવ વિશિષ્ટ પુરુષ ષોડશકલ (સોળ કળાઓવાળો) કહેવાય છે, જે શક્તિના રહેવાથી જ પુરુષ દ્રષ્ટા, શ્રોતા, મન્તા, બોદ્ધા, કર્તા, વિજ્ઞાતા અને સમસ્ત ક્રિયાઓમાં સમર્થ થાય છે અને જેના ક્ષીણ થવાથી તેની શક્તિનો હ્રાસ થઈ જાય છે. આગળ જતાં શ્રુતિ આ પણ કહેશે કે **'જેને અન્નની પ્રાપ્તિ થાય છે તે જ પુરુષ (શક્તિ સંપન્ન હોવાથી) દ્રષ્ટા છે.'** (છા.ઉપ. ૭-૯-૧) વગેરે. સંપૂર્ણ ભૂત અને ઈન્દ્રિયોની શક્તિ મન દ્વારા જ છે. લોકોમાં મનોબળથી સંપન્ન પુરુષ બળવાન જોવામાં આવે છે અને કોઈ કોઈ કેવળ ધ્યાનાહારી પણ જોવામાં આવે છે, કારણ કે અન્ન સર્વ રૂપ છે, એટલે માનસિક બળ અન્નથી જ થાય છે.

षोडशकलः सोम्य पुरुषः पञ्चदशाहानि माशीः काममपः पिबापोमयः प्राणो न पिबतो विच्छेत्स्यत इति ॥ १ ॥

હે સોમ્ય ! પુરુષ સોળ કલાઓવાળો છે. તું પંદર દિવસ ભોજન કરીશ નહીં, કેવળ યથેચ્છ જળપાન કર. પ્રાણ જળમય છે, એટલા માટે જળ પીધાં કરવાથી તેનો નાશ થશે નહીં. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- षोडश कला यस्य पुरुषस्य सोऽयं षोडशकलःपुरुषः; एकच्चेत्प्रत्यक्षी कर्तुमिच्छसि पञ्चदशसंख्याकान्यहानि माशीरशनं मा कार्षीः, काममिच्छतोऽपः पिब; यस्मान्न पिबतोऽपस्ते प्राणो विच्छेत्स्यते विच्छेदमापत्स्यते यस्मादापोमयोऽब्विकारः प्राण इत्यवोचाम । न हि कार्यं स्वकारणोपष्टम्भमन्तरेणाविभ्रंशमानं स्थातुमुत्सहते ॥ १ ॥

શાંકરભાષ્ય :- સોળ કળાઓ જે પુરુષની છે તે પુરુષ સોળ કળાઓવાળો છે. જો તું આ વાતને પ્રત્યક્ષ કરવા ઇચ્છતો હોય તો પંદર દિવસ સુધી જળપાન કર, કારણ કે જળ પીતાં રહેવાથી તારા પ્રાણ વિછિન્ન થશે નહીં, કારણ પહેલાં અમે કહી ચૂક્યા છીએ કે પ્રાણ જળમય એટલે જળનો વિકાર છે, અને કોઈપણ કાર્ય પોતાના કારણના આશ્રય વિના અવિનષ્ટ રૂપે રહી શકતું નથી. ॥ ૧ ॥

स ह पञ्चदशाहानि नाशाथ हैनमुपससाद किं ब्रवीमि भो इत्यृचः सोम्य यजूꣳषि सामानीति स होवाच न वै मा प्रतिभान्ति भो इति ॥ २ ॥

તેણે પંદર દિવસ સુધી ભોજન કર્યું નહીં. તે પછી તે પેલા(આરુણિ)ની પાસે આવ્યા (અને બોલ્યા) - 'ભગવન્ ! શું કહું ?' (પિતાએ કહ્યું -) હે સોમ્ય ! ઋક્, યજુ અને સામનો પાઠ કરો' - ત્યારે તેમણે કહ્યું - 'ભગવન્ ! મને તેનું પ્રતિભાન (સ્ફુરણ) થતું નથી.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स हैवं श्रुत्वा मनसोऽन्नमयत्वं प्रत्यक्षीकर्तुमिच्छन्पञ्चदशाहानि नाशाशनं न कृतवान् । अथ षोडशेऽहनि हैनं पितरमुपससादोपगतवानुपगम्य चोवाच—किं ब्रवीमि भो इति । इतर आह—ऋचः सोम्य यजूंषि सामान्यधीष्वेति । एवमुक्तः पित्राह—न वै मा मामृगादीनि प्रतिभान्ति मम मनसि न दृश्यन्त इत्यर्थो हे भो भगवन्निति ॥ २ ॥

શાંકરભાષ્ય :- તેમણે આવું સાંભળીને મનની અન્નમયતાને પ્રત્યક્ષ કરવાની ઇચ્છાથી પંદર દિવસ ભોજન કર્યું નહીં. પછી સોળમા દિવસે તે પોતાના પિતાની પાસે આવ્યા અને આવીને બોલ્યા - 'પિતાજી ! શું બોલું ?' આ માટે પિતાએ કહ્યું - 'હે સોમ્ય ! ઋક્, યજુ અને સામવેદના મંત્રોનો પાઠ કરો.' પિતાના આવી રીતે કહેવાથી તે બોલ્યા - 'હે ભગવન્ ! મને ઋગાદિનું પ્રતિભાન નથી થતું, તાત્પર્ય આ છે કે મારા મનમાં તેની પ્રતીતિ થતી નથી.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- एवमुक्तवन्तं पिताह—शृणु तत्र कारणं येन ते तान्यृगादीनि न प्रतिभान्तीति ।

શાંકરભાષ્ય :- આવી રીતે કહીને તે પુત્રને પિતાએ કહ્યું - 'આ સંબંધે તું કારણ સાંભળ, જેનાથી કે તને તે ઋગાદિનું પ્રતિભાન થતું નથી.'

तꣳ होवाच यथा सोम्य महतोऽभ्याहितस्यैकोऽङ्गारखद्योतमात्रः परिशिष्टः स्यात्तेन ततोऽपि न बहु दहेदेवꣳ सोम्य ते षोडशानां कलानामेका कलातिशिष्टा स्यात्तयैतर्हि वेदान्नानुभवस्यशानाथ मे विज्ञास्यसीति ॥ ३ ॥

તેણે તેમને કહ્યું - હે સોમ્ય ! જેવી રીતે બહુ જ બળતણથી પ્રજ્વલિત થયેલા અગ્નિનો એક આગિયા જેટલો અંગારો રહી જાય તો તે તેનાથી અધિક દઝાડી શકતો નથી, તેવી રીતે હે સોમ્ય ! તારી સોળકળામાંથી કેવળ એક કલા રહી ગઈ છે. તેના દ્વારા આ વખતે તું વેદનો અનુભવ કરી શકીશ નહીં, બરાબર, હવે ભોજન કર, ત્યારે તું મારી વાત સમજી જઈશ.' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तं होवाच यथा लोके हे सोम्य महतो महत्परिमाणस्याभ्याहितस्योपचितस्येन्धनैरग्नेरेकोऽङ्गारः खद्योतमात्रः खद्योतपरिमाणः शान्तस्य परिशिष्टोऽवशिष्टः स्याद्भवेत्, तेनाङ्गारेण ततोऽपि तत्परिमाणादीषदपि न बहु दहेत्; एवमेव खलु सोम्य ते तवान्नोपचितानां षोडशानां कलानामेका कलावयवोऽतिशिष्टावशिष्टा स्यात्, तया त्वं खद्योतमात्राङ्गारतुल्ययैतर्हीदानीं वेदान्नानुभवसि न प्रतिपद्यसे श्रुत्वा च मे मम वाचमथाशेषं विज्ञास्यस्यशान भुङ्क्ष्व तावत् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તેને આરુણિએ કહ્યું - હે સોમ્ય ! લોકોમાં જેવી રીતે બળતણથી આધાન કરેલા - વધારેલા બહુ જ મોટા પરિમાણવાળા અગ્નિનું, તેના શાંત થઈ જવાથી કોઈ ખદ્યોત માત્ર - આગિયા જેટલા પરિમાણવાળા અંગારા રહી જાય તો તે અંગારા તેને - તેના પરિમાણથી થોડા જ પણ અધિક બાળી શકતા નથી, તેવી રીતે હે સોમ્ય ! તારી અન્નથી ઉપચિત થયેલી સોળ કળાઓમાંથી કેવળ એક કળા - એક ભાગ - રહી ગઈ છે. તે આગિયા જેટલા અંગારા જેવી એક કળાથી તું આ વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

વેદોનો અનુભવ કરી શકીશ નહીં - આ વખતે તને તેનું જ્ઞાન નહીં થઈ શકે. હવે પહેલાં તું ભોજન કર, ત્યારે તું મારું વચન સાંભળીને તું બધું જાણી જઈશ. ॥ ૩ ॥

स हाशाथ हैनमुपससाद तꣳ ह यत्किं च पप्रच्छ सर्वꣳ ह प्रतिपेदे ॥ ४ ॥

તેણે ભોજન કર્યું અને પછી તેમની (આરુણિની) પાસે આવ્યા. ત્યારે તેણે જે કંઈ પૂછ્યું તે સર્વ તેને ઉપસ્થિત થઈ ગયું. ॥ ૪ ॥

શાઙ્કરભાષ્યમ્ :- स ह तथैवाश भुक्तवान् । अथानन्तरं हैनं पितरं शुश्रूषुरुपससाद । तं होपगतं पुत्रं यत्किंचर्गादिषु पप्रच्छ ग्रन्थरूपमर्थजातं वा पिता, स श्वेतकेतुः सर्वं ह तत्प्रतिपेद ऋगाद्यर्थतो ग्रन्थतश्च ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તેમણે તેવી રીતે (પિતાના કથનાનુસાર) ભોજન કર્યું. તેના પછી તે સાંભળવાની ઇચ્છાથી તે પોતાના પિતાની પાસે આવ્યા. તેમણે પાસે આવેલા તે પુત્રને પિતાએ ઋગાદિમાં જે કંઈ ગ્રંથરૂપ અથવા અર્થસમુહ પૂછ્યો તે સર્વ ઋગાદિ શ્વેતકેતુએ ગ્રંથતઃ અને અર્થતઃ જાણી લીધું. ॥ ૪ ॥

तꣳ होवाच यथा सोम्य महतोऽभ्याहितस्यैकमङ्गारं खद्योतमात्रं परिशिष्टं तं तृणैरुपसमाधाय प्राज्वलयेत्तेन ततोऽपि बहु दहेत् ॥ ५ ॥

તેને (આરુણિએ) કહ્યું - હે સોમ્ય ! જેવી રીતે ખૂબ જ બળતણથી વધેલાં અગ્નિનો એક આગિયા જેટલો અંગારો રહી જાય અને તેને તણખલા સાથે સંપર્ક કરીને પ્રજ્વલિત કરવામાં આવે તો તે તેની (પોતાના પહેલાંના પરિમાણની) અપેક્ષાએ વધારે દાહક બની શકે છે. ॥ ૫ ॥

શાઙ્કરભાષ્યમ્ :- तं होवाच पुनः पिता यथा सोम्य महतोऽभ्याहितस्येत्यादि समानम्, एकमङ्गारं शान्तस्याग्नेः खद्योतमात्रं परिशिष्टं तं तृणैश्चूर्णैश्चोपसमाधाय प्राज्वलयेद्वर्धयेत् । तेनेद्धेनाङ्गारेण ततोऽपि पूर्वपरिमाणाद्बहु दहेत् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- પછી તેને પિતાએ કહ્યું - 'હે સોમ્ય ! જેવી રીતે 'महतोऽभ्याहितस्य' વગેરે પદોનો અર્થ પૂર્વવત્ સમજવો જોઈએ - શાંત થયેલા અગ્નિનો એક ખદ્યોત માત્ર અંગારો રહી જાય અને તેને તણખલું અને (લાકડાઓના) ભૂકાની સાથે સંપર્ક કરીને પ્રજ્વલિત કરવામાં આવે અર્થાત્ વધારવામાં આવે તો તે તે દીપ્ત થયેલા અંગારાથી તે પોતાના પૂર્વ પરિમાણની અપેક્ષાએ પણ અધિક દાહક બની શકે છે ' ॥ ૫ ॥

एवꣳ सोम्य ते षोडशानां कलानामेका कलातिशिष्टाभूत्सान्नेनोपसमाहिता प्राज्वाली तयैतर्हि वेदाननुभवस्यन्नमयꣳ हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वागिति तद्धास्य विजज्ञाविति विजज्ञाविति ॥ ६ ॥

આવી રીતે હે સોમ્ય ! તારી સોળ કળાઓમાંથી એક કળા અવશિષ્ટ રહી ગઈ હતી. તે અન્નદ્વારા વૃદ્ધિને પ્રાપ્ત અર્થાત્ પ્રજ્વલિત કરી દેવામાં આવી. હવે તેનાથી તું વેદોનો અનુભવ કરી રહ્યો છે. એટલે હે સોમ્ય ! મન અન્નમય છે, પ્રાણ જળમય છે અને વાક્ તેજોમયી છે.' આવી રીતે (શ્વેતકેતુ) તેના આ કથનને વિશેષ રૂપે સમજી ગયા, સમજી ગયા. ॥ ૬ ॥

શાઙ્કરભાષ્યમ્ :- एवं सोम्य ते षोडशानामन्नकलानां सामर्थ्यरूपाणामेका कलातिशिष्टाभूदतिशिष्टासीत् पञ्चदशाहान्यभुक्तवत एककेनाह्नैकैका कला चन्द्रमस इवापरपक्षे क्षीणा, सातिशिष्टा कला तवान्नेन भुक्तेनोपसमाहिता वर्धितोपचिता प्राज्वाली, दैर्घ्यं छान्दसम्, प्रज्वलिता वर्धितेत्यर्थः । प्राज्वालीदिति वा पाठान्तरम्, तदा तेनोपसमाहिता स्वयं प्रज्वलितवतीत्यर्थः । तया वर्धितयैतर्हीदानीं वेदाननुभवस्युपलभसे । ★ एवं व्यावृत्त्यनुवृत्तिभ्यामन्नमयत्वं मनसः सिद्धमित्युपसंहरत्यन्नमयं हि सोम्य मन इत्यादि । यथैतन्मनसोऽन्नमयत्वं तव सिद्धं तथापोमयः प्राणस्तेजोमयी वागित्येतदपि सिद्धमेवेत्यभिप्रायः । तदेतद्धास्य पितुरुक्तं मनआदीनामन्नादिमयत्वं विजज्ञौ विज्ञातवाञ्श्वेतकेतुः । द्विरभ्यासस्त्रिवृत्करणप्रकरणसमाप्त्यर्थः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે હે સોમ્ય ! તારી સામર્થ્યરૂપા અન્નની સોળ કળાઓમાંથી એક કળા અવશિષ્ટ રહી ગઈ હતી. પંદર દિવસ ભોજન ન કરવાથી કૃષ્ણપક્ષના ચંદ્રમા સમાન એક એક દિવસમાં તારી એક એક કળા ક્ષીણ થઈ ગઈ હતી, તે તે બચી ગયેલી કળા તારા ભક્ષણ કરેલા અન્ન દ્વારા ઉપસમાહિત-વર્ધિત, પુષ્ટ અર્થાત્ પ્રજ્વલિત કરી દેવામાં આવી. 'प्राज्वाली'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આ પદમાં દીર્ઘ ઈકાર છાંદસ છે અથવા 'प्राज्वालीत्' એવો પાઠાંતર સમજવો જોઈએ. તે અવસ્થામાં આનો એવો અર્થ થશે કે તેના દ્વારા આધાન થઈ જવાથી તે સ્વયં પ્રજવલિત થઈ ગઈ. તે વૃદ્ધિને પ્રાપ્ત થયેલી કલાથી જ તું આ સમયે વેદોનો અનુભવ કરે છે અર્થાત્ તને તેની ઉપલબ્ધિ થાય છે.

આવી રીતે વ્યાવૃત્તિ અને અનુવૃત્તિ બંને દ્વારા મનની અન્નમયતા સિદ્ધ છે. આનાથી 'अन्नमयं हि सोम्य मनः' વગેરે વાક્યથી શ્રુતિ તેનો ઉપસંહાર કરે છે. જેવી રીતે તને આ મનની અન્નમયતા સિદ્ધ થઈ છે તેવી રીતે પ્રાણ જળમય છે અને વાક્ તેજોમયી છે - આ પણ સિદ્ધ જ છે - આવું આનું તાત્પર્ય છે. આવી રીતે પિતાએ કરેલાં આ મન વગેરેના અન્નાદિમયત્વને શ્વેતકેતુ વિશેષ રૂપે સમજી ગયો. 'विजज्ञौ इति' આ પદોની દ્વિરુક્તિ ત્રિવૃત્કરણના પ્રકરણની સમાપ્તિ માટે છે. ॥ ६ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये सप्तमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ७ ॥

છાંદોગ્યોપનિષદ્માં છઠ્ઠા અધ્યાયના સાતમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टमः खण्डः

शाङ्करभाष्यम् :- यस्मिन्मनसि जीवेनात्मनानुप्रविष्टा परा देवता—आदर्श इव पुरुषः प्रतिबिम्बेन जलादिष्विव च सूर्यादयः प्रतिबिम्बैः, तन्मनोऽन्नमयं तेजोऽम्मयाभ्यां वाक्प्राणाभ्यां संगतमधिगतम् । यन्मयो यत्स्थश्च जीवो मननदर्शनश्रवणादिव्यवहाराय कल्पते तदुपरमे च स्वं देवतारूपमेव प्रतिपद्यते । ★ तदुक्तं श्रुत्यन्तरे—'**ध्यायतीव लेलायतीव सधीः स्वप्नो भूत्वेमं लोकमतिक्रामति**' (बृ.उप. ४-३-७) '**स वा अयमात्मा ब्रह्म विज्ञानमयो मनोमयः**' (बृ.उप. ४-४-५) इत्यादि '**स्वप्नेन शारीरम्**' (बृ.उप. ४-३-११) इत्यादि '**प्राणन्नेव प्राणो नाम भवति**' (बृ.उप. १-४-७) इत्यादि च । ★ तस्यास्य मनःस्थस्य मनआख्यां गतस्य मनउपशमद्वारेणेन्द्रियविषयेभ्यो निवृत्तस्य यस्यां परस्यां देवतायां स्वात्मभूतायां यदवस्थानं तत्पुत्रायाचिख्यासुः—

શાંકરભાષ્ય :- દર્પણમાં પ્રતિબિંબરૂપે પ્રવિષ્ટ થયેલા પુરુષ અને જળાદિકમાં આભાસરૂપે પ્રવિષ્ટ થયેલા સૂર્યાદિક સમાન જે મનમાં પરદેવ જીવાત્મારૂપે અનુપ્રવિષ્ટ થયેલો છે અને જેમાં સ્થિર થયો છે અને જેનાથી તાદાત્મ્યને પ્રાપ્ત થયેલો જીવ મનન, દર્શન તેમજ શ્રવણાદિ વ્યાપારમાં સમર્થ હોય છે અને જેના નિવૃત્ત થવાથી તે પોતાના પરદેવરૂપને જ પ્રાપ્ત થઈ જાય છે તે મન અન્નમય છે અને તેજોમયી વાક્ તેમજ જળમય પ્રાણની સાથે સંબદ્ધ છે - આવું જાણી શકાયું.

આ વિષયમાં અન્ય (વાજસનેય) શ્રુતિમાં પણ એવું કહ્યું છે - '**(મન અને પ્રાણથી સંબદ્ધ થયેલો આ આત્મા) જાણે ધ્યાન જેવું કરે છે ચેષ્ટા જેવું કરે છે, તે વાસનાયુક્ત થયેલ સ્વપ્નરૂપ થઈને આ લોકનું અતિક્રમણ કરી જાય છે**' (બૃ.ઉપ. ૪-૩-૭) '**તે આ આત્મા બ્રહ્મ વિજ્ઞાનમય અ ો મનોમય છે**' (બૃ.ઉપ. ૪-૪૫) વગેરે, અને '**સ્વપ્નથી શરીરને (નિશ્ચેષ્ટ કરીને)**' (બૃ.ઉપ. ૪-૩-૧૧) વગેરે તેમજ '**તે આત્મા પ્રાણન ક્રિયા કરવાથી પ્રાણ નામવાળો થઈ જાય છે.**' (બૃ.ઉપ. ૧-૪-૭) વગેરે પણ કહ્યું છે.

તે આ મનઃસ્થિત-મન સંજ્ઞાને પ્રાપ્ત થયેલા અને મનની નિવૃત્તિ દ્વારા ઈન્દ્રિયોના વિષયમાં નિવૃત્ત થયેલા જીવના જે પોતાના સ્વરૂપભૂત પરદેવમાં રહેવું છે, તેનું પોતાના પુત્ર પ્રત્યે વર્ણન કરવાની ઈચ્છાવાળા —

उद्दालको हारुणिः श्वेतकेतुं पुत्रमुवाच स्वप्नान्तं मे सोम्य विजानीहीति यत्रैतत्पुरुषः स्वपिति नाम सता सोम्य तदा सम्पन्नो भवति स्वमपीतो भवति तस्मादेनꣳ स्वपितीत्याचक्षते स्वꣳ ह्यपीतो भवति ॥ १ ॥

ઉદ્દાલક નામથી પ્રસિદ્ધ અરુણના પુત્રે પોતાના પુત્ર શ્વેતકેતુને કહ્યું - હે સોમ્ય ! તું મારા દ્વારા સ્વપ્નાન્ત (સુષુપ્તિ અથવા સ્વપ્ન સ્વરૂપ)ને વિશેષ રૂપે સમજી લે, જે અવસ્થામાં આ પુરુષ 'સૂએ છે' એવું કહેવામાં આવે છે, તે સમયે હે સોમ્ય ! તે સત્થી સંપન્ન થઈ જાય છે - આ પોતાના સ્વપ્નને પ્રાપ્ત થઈ જાય છે. આનાથી આને 'स्वपिति' એવું કહે છે, કારણ કે તે સમયે તે स्व - પોતાને જ अपीत - પ્રાપ્ત થઈ જાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- उद्दालको ह किलारुणिः श्वेतकेतुं पुत्रमुवाचोक्तवान्—स्वप्नान्तं स्वप्नमध्यम्, स्वप्न इति दर्शनवृत्तेः स्वप्नस्याख्या, तस्य मध्यं स्वप्नान्तं सुषुप्तमित्येतत् । अथवा स्वप्नान्तं स्वप्नसतत्त्वमित्यर्थः । तत्राप्यर्थात्सुषुप्तमेव भवतिं; स्वमपीतो भवतीति वचनात् । न ह्यन्यत्र सुषुप्तात्स्वमपीतिं जीवस्येच्छन्ति ब्रह्मविदः । ★ तत्र ह्यादर्शापनयने पुरुषप्रतिबिम्ब

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

आदर्शगतो यथा स्वमेव पुरुषमपीतो भवत्येवं मनआद्युपरमे चैतन्यप्रतिबिम्बरूपेण जीवेनात्मना मनसि प्रविष्टा नामरूपव्याकरणाय परा देवता सा स्वमेवात्मानं प्रतिपद्यते जीवरूपतां मनआख्यां हित्वा । अतः सुषुप्त एव स्वप्नान्तशब्दवाच्य इत्यवगम्यते । ★ यत्र तु सुप्तः स्वप्नान्पश्यति तत्स्वाप्नं दर्शनं सुखदुःखसंयुक्तमिति पुण्यापुण्यकार्यम् । पुण्यापुण्ययोर्हि सुखदुःखारम्भकत्वं प्रसिद्धम् । पुण्यापुण्ययोश्चाविद्याकामोपष्टम्भेनैव सुखदुःखतद्दर्शनकार्यारम्भकत्वमुपपद्यते नान्यथेत्यविद्याकामकर्मभिः संसारहेतुभिः संयुक्त एव स्वप्न इति न स्वमपीतो भवति **'अनन्वागतं पुण्येनानन्वागतं पापेन तीर्णो हि तदा सर्वाञ्छोकान्हृदयस्य भवति'** (बृ.उप. ४-३-२२) **'तद्वा अस्यैतदतिच्छन्दाः'** (बृ.उप. ४-३-२१) **'एष परम आनन्दः'** (बृ.उप. ४-३-३३) इत्यादिश्रुतिभ्यः । सुषुप्त एव स्वं देवतारूपं जीवत्वविनिर्मुक्तं दर्शयिष्यामीत्याह—स्वप्नान्तं मे मम निगदतो हे सोम्य विजानीहि विस्पष्टमवधारयेत्यर्थः । ★ कदा स्वप्नान्तो भवति ? इत्युच्यते—यत्र यस्मिन्काल एतन्नाम भवति पुरुषस्य स्वप्स्यतः प्रसिद्धं हि लोके स्वपितीति । गौणं चेदं नामेत्याह—यदा स्वपितीत्युच्यते पुरुषः, तदा तस्मिन्काले सता सच्छब्दवाच्या प्रकृतया देवतया सम्पन्नो भवति सङ्गत एकीभूतो भवति । मनसि प्रविष्टं मनआदिसंसर्गकृतं जीवरूपं परित्यज्य स्वं सद्रूपं यत्परमार्थसत्यमपीतोऽपि गतो भवति । अतस्तस्मात्स्वपितीत्येनमाचक्षते लौकिकाः । स्वमात्मानं हि यस्मादपीतो भवति । गुणनामप्रसिद्धितोऽपि स्वात्मप्राप्तिर्गम्यत इत्यभिप्रायः । ★ कथं पुनर्लौकिकानां प्रसिद्धा स्वात्मसम्पत्तिः । जाग्रच्छ्रमनिमित्तोद्भवत्वात्स्वापस्येत्याहुः । जागरिते हि पुण्यापुण्यनिमित्तसुखदुःखाद्यनेकायासानुभवाच्छ्रान्तोभवति; ततश्चायस्तानां करणानामनेकव्यापारनिमित्तग्लानानां स्वव्यापारेभ्य उपरमो भवति । श्रुतेश्च **'श्राम्यत्येव वाक् श्राम्यति चक्षुः'** (बृ.उप. १-५-२१) इत्येवमादि । तथा च **'गृहीता वाग् गृहीतं चक्षुर्गृहीतं श्रोत्रं गृहीतं मनः'** (बृ.उप. २-१-१७) इत्येवमादीनि करणानि प्राणग्रस्तानि; प्राण एकोऽश्रान्तो देहे कुलाये यो जागर्ति, तदा जीवः श्रमापनुत्तये स्वं देवतारूपमात्मानं प्रतिपद्यते । नान्यत्र स्वरूपावस्थानाच्छ्रमापनोदः स्यादिति युक्ता प्रसिद्धिर्लौकिकानां स्वं ह्यपीतो भवतीति । दृश्यते हि लोके ज्वरादिरोगग्रस्तानां तद्विनिर्मोके स्वात्मस्थानां विश्रमणं तद्वदिहापि स्यादिति युक्तम् । **'तद्यथा श्येनो वा सुपर्णो वा विपरिपत्य श्रान्तः'** (बृ.उप. ४-३-१९) इत्यादिश्रुतेश्च ॥ १ ॥

શાંકરભાષ્ય :- ઉદ્દાલક નામથી પ્રસિદ્ધ અરુણના પુત્રે પોતાના પુત્ર શ્વેતકેતુને કહ્યું - સ્વપ્નાન્ત - સ્વપ્નનો મધ્ય, 'સ્વપ્ન' આ દર્શનવૃત્તિ (અર્થાત્ જેમાં વાસનારૂપ વિષયોના દર્શનની વૃત્તિ રહે છે તે) સ્વપ્નનું નામ છે, તેના મધ્યને સ્વપ્નાન્ત અર્થાત્ સુષુપ્ત કહે છે. થવા 'સ્વપ્નાન્ત' આ શબ્દનું તાત્પર્ય 'સ્વાપ્નનું તત્ત્વ' એવું પણ થઈ શકે છે. એવું માનવાથી પણ અર્થતઃ સુષુપ્ત જ સિદ્ધ થાય છે, કારણ કે 'स्वमपीतो भवति' (પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઈ જાય છે) એવું શ્રુતિનું વાક્ય છે, બ્રહ્મવેત્તા લોકો સુષુપ્તાવસ્થાને છોડીને અને અન્ય કોઈ દશામાં જીવની સ્વરૂપ પ્રાપ્તિ સ્વીકાર કરતાં નથી.

જેવી રીતે દર્પણને ખસેડી લેતાં દર્પણમાં રહેલા પુરુષનું પ્રતિબિંબ સ્વયં પુરુષને જ પ્રાપ્ત થઈ જાય છે તેવી રીતે તે સુષુપ્તાવસ્થામાં જ મન વગેરેની નિવૃત્તિ થઈ જવાથી ચૈતન્યના પ્રતિબિંબરૂપે જીવાત્મ ભાવથી નામરૂપની અભિવ્યક્તિ કરવાને માટે મનમાં પ્રવિષ્ટ થયેલા તે પરદેવ મનસંજ્ઞક જીવરૂપતાને ત્યાગીને સ્વયં પોતાના સ્વરૂપને જ પ્રાપ્ત થઈ જાય છે. એટલે આનાથી આ જાણી શકાય છે કે 'स्वप्नान्त' શબ્દનો વાચ્ય 'સુષુપ્તિ' જ છે.

પરંતુ આ અવસ્થામાં સૂતેલો પુરુષ સ્વપ્ન જુએ છે તે સ્વપ્ન દર્શન સુખ-દુઃખથી યુક્ત હોય છે, એટલા માટે તે પુણ્યપાપનું કાર્ય છે, કારણ કે પુણ્ય-પાપ જ ક્રમશઃ સુખ-દુઃખના આરંભક રૂપે પ્રસિદ્ધ છે. પરંતુ પુણ્ય-પાપનું જે સુખ, દુઃખ અને તેના દર્શનરૂપ કાર્યનું આરંભક છે તે અવિદ્યા અને કામનાના આશ્રયથી જ સંભવ છે, બીજા કોઈ પ્રકારે નહીં, એટલા માટે સ્વપ્ન સંસારના હેતુભૂત અવિદ્યા, કામના અને કર્મ આનાથી સંયુક્ત જ છે, એટલે તે અવસ્થામાં જીવ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થતો નથી, જેમ કે **'(તે અવસ્થામાં) તે પુણ્યથી અસંબદ્ધ, પાપથી અસંબદ્ધ અને હૃદયના સંપૂર્ણ શોકને પાર કરેલો હોય છે.'** (બૃ.ઉપ. ૪-૩-૨૨) **'તેનું તે આ રૂપ અતિચ્છંદા (કામ, ધર્માધર્મ અને અવિદ્યાથી રહિત) છે'** (બૃ.ઉપ. ૪-૩-૩૩) વગેરે શ્રુતિઓથી સિદ્ધ થાય છે. એટલે **'હું સુષુપ્તિમાં જ જીવભાવથી રહિત પોતાના દેવસ્વરૂપને બતાવીશ'** એવું આરુણિએ કહ્યું. 'હે સોમ્ય ! મારા કથન દ્વારા તું સ્વપ્નાન્ત (સુષુપ્તાવસ્થા)ને વિશેષરૂપે જાણી લે' અર્થાત્ સ્પષ્ટતયા સમજી લે.

સ્વપ્નાન્ત ક્યારે થાય છે ? તો બતાવે છે - જે સમયે સૂતેલા પુરુષનું 'स्वपिति' એવું નામ હોય છે. લોકોમાં સ્વપિતિ (સૂવે છે) એવો વ્યવહાર પ્રસિદ્ધ છે. અને આ નામ ગૌણ (ગુણ સંબંધી) છે - આ આશયથી કહે છે - જે સમયે આ પુરુષ 'स्वपिति' એમ કહેવામાં આવે છે તે સમયે આ સત્થી - પ્રકરણ-પ્રાપ્ત 'સત્' શબ્દવાચ્ય દેવથી - સંપન્ન-સંગત અર્થાત્ એકીભૂત થઈ જાય છે. આ મનમાં પ્રવિષ્ટ થયેલાં મન વગેરેના સંસર્ગથી પ્રાપ્ત થયેલા જીવરૂપને ત્યાગીને પોતાના સદ્રુપને, જે કે પરમાર્થ સત્ય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પ્રાપ્ત થઈ જાય છે. આનાથી લૌકિક પુરુષ આને 'સ્વપિતિ' એવું કહીને પોકારે છે, કારણ કે આ 'સ્વમ્' આત્માને 'અપીતઃ' પ્રાપ્ત થઈ જાય છે. તાત્પર્ય આ છે કે આ ગૌણ નામની પ્રસિદ્ધિથી પણ પોતાના આત્માની પ્રાપ્તિ જાણી શકાય છે.

પરંતુ લૌકિક પુરુષોને સ્વાત્માની પ્રાપ્તિ કેવી રીતે જાણી શકાય ? (આવો પ્રશ્ન થવાથી) આચાર્યોએ કહ્યું છે કે - કારણ કે સુષુપ્તિ જાગ્રત અવસ્થાના થાકને કારણે થાય છે (એટલા માટે તેને લોકમાં સ્વાત્મપ્રાપ્તિ કહે છે). જાગ્રત અવસ્થામાં પુરુષ પુણ્ય-પાપના કારણે થનારા સુખ-દુઃખ વગેરે અનેક પ્રકારના શ્રમનો અનુભવ કરવાથી થાકી જાય છે. તેના કારણે પીડિત અર્થાત્ અનેક પ્રકારના વ્યાપાર રૂપ નિમિત્તે શિથિલ થયેલી ઈન્દ્રિયો પોતાના વ્યાપારોથી નિવૃત્ત થઈ જાય છે. **'વાક્ પણ થાકી જાય છે અને ચક્ષુ પણ થાકી જાય છે.'** (બૃ.ઉ. ૧-૫-૨૧) વગેરે શ્રુતિથી પણ આ જ સિદ્ધ થાય છે. આવી રીતે **'(સુષુપ્તિમાં વિજ્ઞાનમય આત્મા દ્વારા) વાક્ ગ્રહીત થઈ જાય છે, ચક્ષુ ગૃહીત થઈ જાય છે અને મન ગૃહીત થઈ જાય છે.'** (બૃ.ઉપ. ૨-૧-૧૭) આવી રીતે સર્વ ઈન્દ્રિયો પ્રાણથી ગૃહીત થઈ જાય છે. એક પ્રાણ જ અશ્રાન્ત રહે છે જે કે દેહ રૂપ ઘરમાં જાગતાં રહે છે. તે વખતે જીવ શ્રમની નિવૃત્તિ માટે પોતાના સ્વાભાવિક દેવરૂપને પ્રાપ્ત થઈ જાય છે, કારણ કે સ્વરૂપમાં રહેવા સિવાય એને ક્યાંક શ્રમની નિવૃત્તિ થઈ શકતી નથી - એટલા માટે તે સમયે તે પોતાને સ્વરૂપને પ્રાપ્ત થઈ જાય છે, આવી લૌકિક પુરુષોની પ્રસિદ્ધિ બરાબર જ છે. લોકમાં જ્વર વગેરે રોગોથી ગ્રસ્ત થયેલા પુરુષને તેનાથી છુટકારો મળવાથી સ્વસ્થ થઈને વિશ્રામ કરતાં જોવામાં આવે છે, એટલે આ પ્રસિદ્ધિ બરાબર જ છે. આ જ વાત **'જેવી રીતે બાજ અથવા કોઈ બીજું પક્ષી બધી બાજુ ઉડીને થાકી જવાથી'** (બૃ.ઉપ. ૪-૩-૧૯) વગેરે શ્રુતિથી પણ સિદ્ધ થાય છે. ॥ ૧ ॥

તત્રાયં દૃષ્ટાન્તો યથોક્તેઽર્થે– તે ઉપર્યુક્ત અર્થમાં આ દૃષ્ટાંત છે –

स यथा शकुनिः सूत्रेण प्रबद्धो दिशं दिशं पतित्वान्यत्रायतनमलब्ध्वा बन्धनमेवोपश्रयत एवमेव खलु सोम्य तन्मनो दिशं दिशं पतित्वान्यत्रायतनमलब्ध्वा प्राणमेवोपश्रयते प्राणबन्धनꣳ हि सोम्य मन इति ॥ २ ॥

જેવી રીતે દોરીમાં બંધાયેલું પક્ષી દિશા-વિદિશાઓમાં ઉડીને અન્યત્ર સ્થાન ન મળવાથી પોતાના બંધન સ્થાનનો જ આશ્રય લે છે આવી રીતે નિશ્ચય જ હે સોમ્ય ! આ મન દિશા-વિદિશાઓમાં ઉડીને અન્યત્ર સ્થાન ન મળવાથી પ્રાણનો જ આશ્રય લે છે. કારણ કે હે સોમ્ય ! મન પ્રાણરૂપી બંધનવાળું છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- स यथा शकुनिः पक्षी शकुनिघातकस्य हस्तगतेन सूत्रेण प्रबद्धः पाशितो दिशं दिशं बन्धनमोक्षार्थी सन्प्रतिदिशं पतित्वान्यत्र बन्धनादायतनमाश्रयं विश्रमणायालब्ध्वाप्राप्य बन्धनमेवोपश्रयते । एवमेव यथायं दृष्टान्तः—खलु हे सोम्य तन्मनस्तत्प्रकृतं षोडशकलमन्नोपचितं मनो निर्धारितम्, तत्प्रविष्टस्तत्स्थस्तदुपलक्षितो जीवस्तन्मन इति निर्दिश्यते । मञ्चाक्रोशनवत्स मनआख्योपाधिर्जीवोऽविद्याकामकर्मोपदिष्टां दिशं दिशं सुखदुःखादिलक्षणां जाग्रत्स्वप्नयोः पतित्वा गत्वानुभूयेत्यर्थः, अन्यत्र सदाख्यात्स्वात्मन आयतनं विश्रमणस्थानमलब्ध्वा प्राणमेव, प्राणेन सर्वकार्यकरणाश्रयेणोपलक्षिता प्राण इत्युच्यते सदाख्या परा देवता, **'प्राणस्य प्राणम्'** (बृ.उप. ४-४-१८) **'प्राणशरीरो भारूपः'** (छा.उप. ३-१४-२) इत्यादिश्रुतेः । अतस्तां देवतां प्राणं प्राणाख्यामेवोपश्रयते । प्राणो बन्धनं यस्य मनसस्तत्प्राणबन्धनं हि यस्मात्सोम्य मनः प्राणोपलक्षितदेवताश्रयम्, मन इति तदुपलक्षितो जीव इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે પારધીના હાથમાં પકડેલી દોરીથી બંધાયેલ - તેમાં ફસાયેલ પક્ષી તે બંધનથી મુક્ત થવાની ઇચ્છાથી દિશા-વિદિશાઓમાં ઉડીને વિશ્રામ કરવાને માટે બંધન સિવાય કોઈ બીજું આયતન-આશ્રય ન મેળવવાથી બંધન-સ્થાનનું જ અવલંબન લે છે, તેવી રીતે જેમ કે આ દૃષ્ટાંત છે, હે સોમ્ય ! નિશ્ચય જ તે મન - તે સોળ કળાઓવાળું પ્રકૃત મન જે કે અન્નથી ઉપચિત થયેલ નિશ્ચય કરવામાં આવ્યો છે, તેમાં પ્રવિષ્ટ થઈને તેમાં રહે તેના દ્વારા ઉપલક્ષિત થનારા જીવનો જ ત્યાં 'તન્મનઃ' (તે મન) આ કથન દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો છે. મંચનો આક્રોશ(બોલવા)ની જેમ તે મનસંજ્ઞક ઉપાધિવાળો જીવ જાગ્રત અને સ્વપ્નના સમયે અવિદ્યા, કામના અને કર્મ દ્વારા ઉપદિષ્ટ સુખ-દુઃખાદિ રૂપ દિશા-વિદિશાઓમાં ઉડીને-જઈને અર્થાત્ તેનો અનુભવ કરીને પોતાના સત્ સંજ્ઞક સ્વાત્માથી અતિરિક્ત બીજે ક્યાંય આશ્રય-વિશ્રામ સ્થાન ન મળતાં પ્રાણને જ સંપૂર્ણ કાર્ય અને કરણના આશ્રયભૂત પ્રાણ દ્વારા ઉપલક્ષિત થયેલા સત્-સંજ્ઞક પરાદેવ અહીં 'પ્રાણ' કહેવામાં આવ્યા છે; જેમ કે **'તે પ્રાણ પ્રાણને જે જાણે છે'** (બૃ.ઉપ. ૪-૪-૧૮) **'તે પ્રાણ શરીર અને પ્રકાશ સ્વરૂપ છે.'** (છા.ઉપ. ૩-૧૪-૨) વગેરે શ્રુતિથી સિદ્ધ થાય છે, એટલે તે પ્રાણ અર્થાત્ પ્રાણાખ્ય દેવનો જ આશ્રય કરે છે, કારણ કે હે સોમ્ય ! પ્રાણ જેનું બંધન છે તે મન પ્રાણબંધન છે, તાત્પર્ય આ છે કે મન એટલે તેનાથી ઉપલક્ષિત થનારા જીવ પ્રાણોપલક્ષિત દેવના જ આશ્રિત છે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- एवं स्वपितिनामप्रसिद्धिद्वारेण यज्जीवस्य सत्यस्वरूपं जगतो मूलम्, तत्पुत्रस्य दर्शयित्वाहान्नादि-कार्यकारणपरम्परयापि जगतो मूलं सद्दिदर्शयिषुः—

શાંકરભાષ્ય :- આવી રીતે 'स्वपिति' આ નામની પ્રસિદ્ધિ દ્વારા જીવનું જે સત્યસ્વરૂપ જગતનું મૂળ છે તેને પુત્રને બતાવીને અન્નાદિ કાર્યકારણ-પરંપરાથી પણ જગતના મૂળભૂત સત્‌ને બતાવવાની ઇચ્છાથી (આરુણિએ) કહ્યું —

अशनापिपासे मे सोम्य विजानीहीति यत्रैतत्पुरुषोऽशिशिषति नामाप एव तदशितं नयन्ते तद्यथा गोनायोऽश्वनायः पुरुषनाय इत्येवं तदप आचक्षतेऽशनायेति तत्रैतच्छुङ्गमुत्पतितꣳ सोम्य विजानीहि नेदममूलं भविष्यतीति ॥ ३ ॥

હે સોમ્ય ! તું મારા દ્વારા અશના (ભૂખ) અને પિપાસા(તરસ)ને જાણ. જે સમયે આ પુરુષ 'अशिशिषति' (ખાવા ઇચ્છે છે) એવા નામવાળો થાય છે, તે સમયે જળ જ તેના ભક્ષણ કરેલા અન્નને લઈ જાય છે. જેવી રીતે લોકમાં (ગાયને લઈ જનારને) ગૌનાય, (અશ્વને લઈ જનારને) અશ્વનાય અને (પુરુષને લઈ જનારા રાજા અથવા સેનાપતિને) પુરુષનાય કહે છે, તેવી રીતે જળને 'अशनाय' એમ કહીને પોકારે છે. હે સોમ્ય ! તે જળથી જ તું આ (શરીરરૂપ) શુંગ(અંકુર)ને ઉત્પન્ન થયેલો જાણ કારણ કે આ નિર્મૂળ (કારણ રહિત) હોઈ શકે નહીં. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अशनापिपासे अशितुमिच्छाशना, यालोपेन; पातुमिच्छा पिपासा ते अशनापिपासे अशनापिपासयोः सतत्त्वं विजानीहीत्येतत् । यत्र यस्मिन्काल एतन्नाम पुरुषो भवति, किं तत् ? अशिशिषत्यशितुमिच्छतीति तदा तस्य पुरुषस्य किंनिमित्तं नाम भवति ? इत्याह—यत्तत्पुरुषेणाशितमन्नं कठिनं पीता आपो नयन्ते द्रवीकृत्य रसादिभावेन विपरिणमयन्ते, तदा भुक्तमन्नं जीर्यति । अथ च भवत्यस्य नामाशिशिषतीति गौणम् । जीर्णे ह्यन्नेऽशितुमिच्छति सर्वो हि जन्तुः । ★ तत्रापामशितनेतृत्वादशनाया इति नाम प्रसिद्धमित्येतस्मिन्नर्थे । यथा गोनायो गां नयतीति गोनाय इत्युच्यते गोपालः, तथाश्वान्नयतीत्यश्वनायोऽश्वपाल इत्युच्यते, पुरुषनायः पुरुषान्नयतीति राजा सेनापतिर्वा, एवं तत्तदाप आचक्षते लौकिका अशनायेति विसर्जनीयलोपेन । ★ तत्रैवं सत्यद्भी रसादिभावेन नीतेनाशितेनान्नेन निष्पादितमिदं शरीरं वटकणिकायामिव शुङ्गोऽङ्कुर उत्पतित उद्गतः; तमिमं शुङ्गं कार्यं शरीराख्यं वटादिशुङ्गवदुत्पतितं हे सोम्य विजानीहि । किं तत्र विज्ञेयम् ? इत्युच्यते—शृण्विदं शुङ्गवत्कार्यत्वाच्छरीरं नामूलं मूलरहितं भविष्यति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- અશના પિપાસાથી - અશન(ભક્ષણ)ની ઇચ્છાને 'अशना' કહે છે, 'या' નો લોપ કરવાથી અશના શબ્દ બને છે (વસ્તુતઃ આ 'अशनाया' શબ્દ છે) અને પીવાની ઇચ્છા પિપાસા કહેવાય છે. આ જ અશનાપિપાસા છે, આ અશના-પિપાસાનું તત્ત્વ તું જાણી લે - આવું આનું તાત્પર્ય છે. જ્યારે અર્થાત્ જે સમયે આ પુરુષ આ નામવાળો થાય છે, કયા નામવાળો - 'अशिशिषति' અર્થાત્ ખાવા ઇચ્છે છે, તે સમયે પુરુષનું આ નામ કયા કારણે થાય છે ? તો બતાવે છે - તે પુરુષ દ્વારા ખાવામાં આવેલું જે કઠિન અન્ન હોય છે તેને તેનું પીધેલું જળ દ્રવીભૂત કરીને લઈ જાય છે અર્થાત્ રસાદિ રૂપે પરિણત કરી દે છે. ત્યારે તેનું ભક્ષણ કરેલું અન્ન પચે છે. તે પછી તેનું 'अशिशिषति' એવું ગૌણ નામ થાય છે, કારણ કે સર્વ જીવ અન્નના જીર્ણ થઈ જવાથી જ ભોજન કરવાની ઇચ્છા કરે છે.

અશિત(ભક્ષિત અન્ન)નો નેતા (લઈ જનાર) હોવાને કારણે જળનું 'अशनाया' એવું નામ પ્રસિદ્ધ છે. (આ વિષયમાં આ દૃષ્ટાંત છે -) જેવી રીતે 'गोनायः' ગાયને લઈ જાય છે એટલા માટે ગોવાળ 'गोनायः' કહેવાય છે, અને અશ્વોને લઈ જાય છે એટલા માટે અશ્વપાલને 'अश्वनायः' એમ કહેવામાં આવે છે અને પુરુષોને લઈ જાય છે એટલા માટે રાજા અથવા સેનાપતિ 'पुरुषनायः' કહેવાય છે. આવી રીતે તે સમયે (અશિતને લઈ જવાને કારણે) લૌકિક પુરુષ જળને 'अशनाय' એમ વિસર્ગનો લોપ કરીને કહે છે. (અર્થાત્ 'अशनायः' આ પદના વિસર્ગનો લોપ કરીને 'अशनाय' એમ કહે છે).

આ થવાથી જ જળ દ્વારા રસાદિ ભાવને પ્રાપ્ત થયેલ અન્ન દ્વારા નિષ્પન્ન થયેલું આ શરીર રૂપ અંકુર વડના બીજથી ઉત્પન્ન થનાર અંકુર સમાન ઉત્પન્ન થયું છે. હે સોમ્ય ! વટાદિના અંકુર સમાન ઉત્પન્ન થયેલા તે આ શરીર સંજ્ઞક શુંગ - કાર્યને તું જાણ. તેમાં શું વિજ્ઞેય છે ? - સાંભળ, અંકુર સમાન કાર્યરૂપ હોવાને કારણે આ શરીર અમૂલ - કારણ રહિત થઈ શકતું નથી. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- इत्युक्त आह श्वेतकेतुः—यद्येवं समूलमिदं शरीरं वटादिशुङ्गवत्तस्यास्य शरीरस्य क्व मूलं स्याद्भवेदित्येवं पृष्ट आह पिता—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- (આરુણિ દ્વારા) આવી રીતે કહેવામાં આવતાં શ્વેતકેતુ બોલ્યાં 'જો આવી રીતે વટાદિના અંકુર સમાન આ શરીર સમૂળ છે તો આનું મૂળ ક્યાં હોઈ શકે ?' આવી રીતે પૂછવામાં આવતાં પિતાએ કહ્યું –

तस्य क्व मूलꣳ स्यादन्यत्रान्नादेवमेव खलु सोम्यान्नेव शुङ्गेनापो मूलमन्विच्छाद्भिः सोम्य शुङ्गेन तेजो मूलमन्विच्छ तेजसा सोम्य शुङ्गेन सन्मूलमन्विच्छ सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः ॥ ४ ॥

અન્નને છોડીને તેનું મૂળ ક્યાં હોઈ શકે છે ? આવી રીતે હે સૌમ્ય ! તું અન્નરૂપ શુંગ દ્વારા જળરૂપ મૂળને શોધ અને હે સોમ્ય ! જળરૂપ શુંગ દ્વારા તેજોરૂપ મૂળને શોધ તથા તેજો રૂપ શુંગ દ્વારા સદ્રૂપ મૂળનું અનુસંધાન કર. હે સોમ્ય ! આવી રીતે આ સર્વ પ્રજા સન્મૂલક છે અને સત્ જ તેનો આશ્રય છે અને સત્ જ પ્રતિષ્ઠા છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तस्य क्व मूलं स्यादन्यत्रान्नादन्नं मूलमित्यभिप्रायः । कथम् ? आशितं ह्यन्नमद्भिर्द्रवीकृतं जाठरेणाग्निना पच्यमानं रसभावेन परिणमते । रसाच्छोणितं शोणितान्मांसं मांसान्मेदो मेदसोऽस्थीन्यस्थिभ्यो मज्जा मज्जयाः शुक्रम् । तथा योषिद्भुक्तं चान्नं रसादिक्रमेणैवं परिणतं लोहितं भवति । ताभ्यां शुक्रशोणिताभ्यामन्नकार्याभ्यां संयुक्ताभ्यामन्नेनैवं प्रत्यहं भुज्यमानेनापूर्यमाणाभ्यां कुड्यमिव मृत्पिण्डैः प्रत्यहमुपचीयमानोऽन्नमूलो देहशुङ्गः परिनिष्पन्न इत्यर्थः । ★ यत्तु देहशुङ्गस्य मूलमन्नं निर्दिष्टं तदपि देहवद्विनाशोत्पत्तिमत्त्वात्कस्माच्चिन्मूलादुत्पतितं शुङ्ग एवेति कृत्वाह-यथा देहशुङ्गोऽन्नमूल एवमेव खलु सोम्यान्नेन शुङ्गेन कार्यभूतेनापो मूलमन्नस्य शुङ्गस्यान्विच्छ प्रतिपद्यस्व । अपामपि विनाशोत्पत्तिमत्त्वाच्छुङ्गत्वमेवेति, अद्भिः सोम्य शुङ्गेन कार्येण कारणं तेजो मूलमन्विच्छ । तेजसोऽपि विनाशोत्पत्तिमत्त्वाच्छुङ्गत्वमिति, तेजसा सोम्य शुङ्गेन सन्मूलमेकमेवाद्वितीयं परमार्थसत्यम् । ★ यस्मिन्सर्वमिदं वाचारम्भणं विकारो नामधेयमनृतं रज्ज्वामिव सर्पादिविकल्पजातमध्यस्तमविद्यया तदस्य जगतो मूलमतः सन्मूलाः सत्कारणा हे सोम्येमाः स्थावरजङ्गमलक्षणाः सर्वाः प्रजा न केवलं सन्मूला एवेदानीमपि स्थितिकाले सदायतना सदाश्रया एव । न हि मृदमनाश्रित्य घटादेः सत्त्वं स्थितिर्वास्ति । अतो मृद्वत्सन्मूलत्वात्प्रजानां सदायतनं यासां ताः सदायतनाः प्रजाः, अन्ते च सत्प्रतिष्ठाः सदेव प्रतिष्ठा लयः समाप्तिरवसानं परिशेषो यासां ताः सत्प्रतिष्ठाः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- અન્નને છોડીને તેનું મુળ બીજે ક્યાં હોઈ શકે ? તાત્પર્ય આ છે કે અન્ન જ આનું મૂળ છે. કેવી રીતે ? – કારણ કે ખાધેલું અન્ન જ જળ દ્વારા દ્રવીભૂત થઈને જઠરાગ્નિ દ્વારા પચાવવામાં આવતાં રસ રૂપમાં પરિણત થઈ જાય છે. તે રસથી રક્ત, રક્તથી માંસ, માંસથી મેદ, મેદથી અસ્થિ, અસ્થિથી મજ્જા અને મજ્જાથી વીર્યરૂપમાં પરિણત થાય છે. આવી રીતે સ્ત્રી દ્વારા ખાધેલું અન્ન રસાદિના ક્રમે પરિણત થઈને રજ બને છે. તે પરસ્પર મળેલાં અન્નના કાર્ય અને પ્રતિદિન ખાવામાં આવનાર અન્નથી પુષ્ટ થયેલું વીર્ય અને રજથી મૃત્તિકાના પિંડની ભીંત જેવું પ્રતિદિન પુષ્ટ થનાર આ અન્નમૂલક દેહરૂપ અંકુર નિષ્પન્ન થયું છે - એવું આનું તાત્પર્ય છે.

આવી રીતે જે દેહરૂપ અંકુરનું મૂળ અન્ન બતાવવામાં આવ્યું છે તે પણ દેહ સમાન ઉત્પત્તિ-નાશવાળું હોવાને કારણે કોઈ મૂળથી ઉત્પન્ન થયેલું અંકુર જ છે - એમ માનીને આરુણિ કહે છે - 'હે સોમ્ય ! જેવી રીતે દેહરૂપ અંકુર અન્નમૂલક છે તેવી રીતે કાર્યભૂત અન્નરૂપ અંકુર દ્વારા તું અન્નરૂપ અંકુરના મૂળ જળને શોધ - પ્રાપ્ત કર. જળ પણ ઉત્પત્તિ-નાશવાન હોવાને કારણે અંકુરરૂપ જ છે, એટલે હે સોમ્ય ! જળરૂપ શુંગ એટલે કાર્ય દ્વારા તું તેના મૂળ કારણ તેજને શોધ. નાશોત્પત્તિમાન હોવાને કારણે તેજનું પણ શુંગત્વ જ છે, એટલે હે સોમ્ય ! તેજ રૂપ શુંગ દ્વારા તું એકમાત્ર અદ્વિતીય પરમાર્થ સત્ય સદ્રુપ મૂળની શોધ કર.

જે સદ્રૂપ મૂળમાં આ વાણી રૂપ આશ્રયવાળું નામરૂપ વિકાર રજ્જુમાં સર્પ સમાન અવિદ્યાથી અધ્યસ્ત છે તે જ આ જગતનું મૂળ છે. એટલે હે સોમ્ય ! આ સ્થાવર-જંગમરૂપ સંપૂર્ણ પ્રજા સન્મૂલક અને સદ્રુપ કારણવાળી છે. આ સન્મૂલક જ નથી, આ સમયે સ્થિતિકાળમાં પણ સદાયતના અર્થાત્ સદ્ રૂપ આશ્રયવાળી જ છે, કારણ કે મૃત્તિકાનો આશ્રય કર્યા વિના ઘટાદિની સત્તા અથવા સ્થિતિ છે જ નહીં. એટલે મૃત્તિકા સમાન સન્મૂલક હોવાને કારણે જે પ્રજાનું સત્ જ આયતન (આશ્રય) છે તે પ્રજા સદાયતના છે અને અંતમાં સત્ પ્રતિષ્ઠા છે - સત્ જેની પ્રતિષ્ઠા - લયસ્થાન - સમાપ્તિ - અવસાન અર્થાત્ પરિશેષ છે એવી તે પ્રજા સત્પ્રતિષ્ઠા છે. ॥ ૪ ॥

अथ यत्रैतत्पुरुषः पिपासति नाम तेज एव तत्पीतं नयते तद्यथा गोनायोऽश्वनायः पुरुषनाय इत्येवं तत्तेज आचष्ट उदन्येति तत्रैतदेव शुङ्गमुत्पतितꣳ सोम्य विजानीहि नेदममूलं भविष्यतीति ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

હવે, જે સમયે આ પુરુષ 'पिपासति' (પીવા ઇચ્છે છે) જેવા નામવાળો હોય છે તો તેના પીધેલાં જળને જ લઈ જાય છે. એટલે જેવી રીતે ગોનાય, અશ્વનાય તેમજ પુરુષનાય કહેવાય છે તેવી રીતે તે તેજને 'उदन्या' એમ કહીને પોકારે છે. હે સોમ્ય ! તે(જળરૂપ મૂળ)થી આ શરીરરૂપ અંકુર ઉત્પન્ન થયું છે - એવું જાણ, કારણ કે આ મૂળરહિત હોઈ શકે નહીં. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथेदानीमप्शुङ्गद्वारेण सतो मूलस्यानुगमः कार्य इत्याह—यत्र यस्मिन्काल एतन्नाम पिपासति पातुमिच्छतीति पुरुषो भवति । अशिशिषतीतिवदिदमपि गौणमेव नाम भवति । द्रवीकृतस्याशितस्यान्नस्य नेत्र्य आपोऽन्नशुङ्गं देहं क्लेदयन्त्यः शिथिलीकुर्युरब्बाहुल्याद्यदि तेजसा न शोष्यन्ते । नितरां च तेजसा शोष्यमाणास्वप्सु देहभावेन परिणममानासु पातुमिच्छा पुरुषस्य जायते । तदा पुरुषः पिपासति नाम । ★ तदेतदाह—तेज एव तत्तदा पीतमवादि शोषयद्देहगतलोहितप्राणभावेन नयने परिणमयति । तद्यथा गोनाय इत्यादि समानमेवं तत्तेज आचष्टे लोक उदन्येत्युदकं नयतीत्युदन्यम् । उदन्येतिच्छान्दसं तत्रापि पूर्ववत् अपामप्येतदेव शरीराख्यं शुङ्गं नान्यदित्येवमादि समानमन्यत् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હવે, આ સમયે જળરૂપ અંકુર દ્વારા સદ્રૂપ મૂળનું જ્ઞાન કરાવવાનું છે, આ અભિપ્રાયથી આરુણિ કહે છે - 'જે સમયે આ પુરુષ 'पिपासति' પીવા ઇચ્છે છે એવા નામવાળો થાય છે. 'अशिशिषति' આ નામ સમાન આ પણ તેનું નામ ગૌણ જ છે. ભક્ષણ કરવામાં આવેલું દ્રવીભૂત અન્નને લઈ જનારા જળ, જો તેને તેજ દ્વારા શોધિત ન કરવામાં આવત તો પોતાની બહુલતાને કારણે અન્નના અંકુરભૂત દેહને આર્દ્ર કરીને શિથિલ કરી દેત. દેહભાવમાં પરિણત થયેલાં જળના તેજ દ્વારા સર્વથા શોષિત કરવામાં આવતાં જ પુરુષને જળ પીવાની ઇચ્છા થાય છે. તે સમયે પુરુષ 'पिपासति' આ નામવાળો થાય છે.

તે વાતને શ્રુતિ આવી રીતે કહે છે - 'તે સમયે પીધેલું જળ વગેરેને તેજ જ સુકવીને દેહગત રક્ત તેમજ પ્રાણભાવને લઈ જાય છે અર્થાત્ તેને રક્ત તેમજ પ્રાણ રૂપમાં પરિણત કરી દે છે. તેના જેવી રીતે કે 'गोनाय' શબ્દ છે તેવી રીતે લોકો તે તેજને 'उदन्या' ઉદકને લઈ જવાને કારણે 'उदन्या' કહે છે. તેજના અર્થમાં પણ 'उदन्या' આ પ્રયોગ પૂર્વવત્ (જળના અર્થમાં 'अशनाया' સમાન) છાંદસ્ છે. જળનું પણ આ શરીર નામનું અંકુર જ છે - તેનાથી ભિન્ન નથી - વગેરે શેષ અર્થ પૂર્વવત્ છે. ॥ ૫ ॥

तस्य क्व मूलꣳ स्यादन्यत्राद्भ्योऽद्भिः सोम्य शुङ्गेन तेजो मूलमन्विच्छ तेजसा सोम्य शुङ्गेन सन्मूलमन्विच्छ सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठा यथा नु खलु सोम्येमास्तिस्रो देवताः पुरुषं प्राप्य त्रिवृत्त्रिवृदेकैका भवति तदुक्तं पुरस्तादेव भवत्यस्य सोम्य पुरुषस्य प्रयतो वाङ्मनसि सम्पद्यते मनः प्राणे प्राणस्तेजसि तेजः परस्यां देवतायाम् ॥ ६ ॥

હે સોમ્ય ! તે(જળના પરિણામ બનેલ શરીર)ના જળ સિવાય બીજે ક્યાં મૂળ હોઈ શકે ? હે પ્રિયદર્શન ! જળરૂપ અંકુર દ્વારા તું તેજોરૂપ મૂળની શોધ કર અને હે સોમ્ય ! આ સંપૂર્ણ પ્રજા સન્મૂલક અને સદ્રૂપ આયતન એ સદ્રૂપ પ્રતિષ્ઠા (લયસ્થાન)વાળી છે. હે સોમ્ય ! જેવી રીતે આ ત્રણેય દેવ પુરુષને પ્રાપ્ત થઈને તેમાંથી પ્રત્યેક ત્રિવૃત્-ત્રિવૃત્ થઈ જાય છે તે મેં પહેલાં જ કહી દીધું છે. હે સોમ્ય ! મરણને પ્રાપ્ત થતાં આ પુરુષની વાક્ મનમાં લીન થઈ જાય છે અને મન પ્રાણમાં, પ્રાણ તેજમાં અને તેજ પર દેવોમાં લીન થઈ જાય છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- सामर्थ्यात्तेजसोऽप्येतदेव शरीराख्यं शुङ्गम् । अतोऽप्शुङ्गेन देहेनापो मूलं गम्यते । अद्भिः शुङ्गेन तेजो मूलं गम्यते । तेजसा शुङ्गेन मन्मूलं गम्यते पूर्ववत् । एवं हि तेजोऽबन्नमयस्य देहशुङ्गस्य वाचारम्भणमात्रस्यान्नादिपरम्परया परमार्थसत्यं सन्मूलमभयमसंत्रासं निरायासं सन्मूलमन्विच्छेति पुत्रं गमयित्वाशिशिषति पिपासतीति नामप्रसिद्धिद्वारेण यदन्यदिहास्मिन् प्रकरणे तेजोऽबन्नानां पुरुषेणोपयुज्यमानानां कार्यकरणसंघातस्य देहशुङ्गस्य स्वजात्यसाङ्कर्येणोपचयकरत्वं वक्तव्यं प्राप्तं तदिहोक्तमेव द्रष्टव्यमिति पूर्वोक्तं व्यपदिशति । ★ यथा नु खलु येन प्रकारेणेमास्तेजोऽबन्नाख्यास्तिस्रो देवताः पुरुषं प्राप्य त्रिवृत्त्रिवृदेकैका भवति तदुक्तं पुरस्तादेव भवत्यन्नमशितं त्रेधा विधीयत इत्यादि तत्रैवोक्तम् । अन्नादीनामशितानां ये मध्यमा धातवस्ते सप्तधातुकं शरीरमुपचिन्वन्तीत्युक्तम् । मांसं भवति लोहितं भवति मज्जा भवत्यस्थि भवतीति । ये त्वणिष्ठा धातवो मनः प्राणं वाचं देहस्यान्तःकरणसंघातमुपचिन्वन्तीति चोक्तम्—तन्मनो भवति स प्राणो भवति सा वाग्भवतीति । ★ सोऽयं प्राणकरणसंघातो देहे विशीर्णे देहान्तरं जीवाधिष्ठितो येन क्रमेण पूर्वदेहात्प्रच्युतो गच्छति तदाहास्य हे सोम्य पुरुषस्य प्रयतो म्रियमाणस्य वाङ्मनसि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सम्पद्यते मनस्युपसंह्रियते । अथ तदाहुर्ज्ञातयो न वदतीति । मनःपूर्वको हि वाग्व्यापारः, **'यद्वै मनसा ध्यायति तद्वाचा वदति'** (नृ.पू.ता.उप. १-१) इति श्रुतेः । ★ वाच्युपसंहृतायां मनसि मनो मननव्यापारेण केवलेन वर्तते । मनोऽपि यदोपसंह्रियते तदा मनः प्राणे सम्पन्नं भवति—सुषुप्तकाल इव; तदा पार्श्वस्था ज्ञातयो न विजानातीत्याहुः । प्राणश्च तदोर्ध्वोच्छ्वासी स्वात्मन्युपसंहृत-बाह्यकरणः संवर्गविद्यायां दर्शनाद्धस्तपादादीन्विक्षिपन्मर्मस्थानानि निकृन्तन्निव उत्सृजन्क्रमेणापसंहृतस्तेजसि सम्पद्यते । तदाहुर्ज्ञातयो न चलतीति । मृतो नेति वा विचिकित्सन्तो देहमालभमाना उष्णं चोपलभमाना देह उष्णो जीवतीति । यदा तदप्यौष्ण्यलिङ्गं तेज उपसंह्रियते तदा तत्तेजः परस्यां देवतायां प्रशाम्यति । ★ तदैवं क्रमेणोपसंहृते स्वमूलं प्राप्ते च मनसि तत्स्थो जीवोऽपि सुषुप्तकालवन्निमित्तोपसंहारादुपसंह्रियमाणः सन्सत्याभिसन्धिपूर्वकं चेदुपसंह्रियते सदेव सम्पद्यते न पुनर्देहान्तराय सुषुप्तादिवोत्तिष्ठति । यथा लोके सभये देशे वर्तमानः कथञ्चिदिवाभयं देशं प्राप्तस्तद्वत् । इतरस्त्वनात्मज्ञस्तस्मादेव मूलात्सुषुप्तादिवोत्थाय मृत्वा पुनर्देह-जालमाविशति यस्मान्मूलादुत्थाय देहमाविशति जीवः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- ત્રિવૃત્કરણના સામર્થ્યથી આ જણાય છે કે તેજનું પણ આ શરીરસંજ્ઞક શુંગ (કાર્ય) છે. એટલે જળના કાર્યભૂત દેહ દ્વારા તેના મૂળ જળનું જ્ઞાન થાય છે, જળ રૂપ કાર્યથી તેના મૂળ તેજનું જ્ઞાન થાય છે અને તેજો રૂપ કાર્યથી તેના મૂળ સત્‌નું જ્ઞાન થાય છે - એવું પૂર્વવત્ સમજવું જોઈએ. આવી રીતે તેજ, જળ અને અન્નના વિકાર વાચારંભણમાત્ર દેહરૂપ કાર્યના પરમાર્થ સત્ય નિર્ભય નિસ્ત્રાસ અને નિરાયાસ સદ્‌રૂપ મૂળને અન્નાદિ પરંપરાથી તું જાણ - એવું પુત્રને સમજાવીને અને તેના સિવાય 'અશિશિષતિ' અને 'પિપાસતિ' આ નામોની પ્રસિદ્ધિ દ્વારા આ પ્રકરણમાં જે પુરુષ દ્વારા ઉપયોગમાં લેવામાં આવનાર તેજ, જળ અને અન્નનું પોતાની જાતિના સાંકર્ય ન કરતાં ભૂત અને ઇન્દ્રિયોના સંઘાતભૂત આ શરીરના પોષકત્વ બતાવવાનું પ્રાપ્ત થતું હતું તે પણ ઉપર બતાવી જ દીધું છે - એવું જાણવું જોઈએ - આ બતાવવા માટે આરુણિ પહેલાં કહેલાં પ્રસંગનો જ નિર્દેશ કરે છે.

હે સોમ્ય ! જેવી રીતે આ તેજ, જળ અને અન્નસંજ્ઞક ત્રણેય દેવ પુરુષોને પ્રાપ્ત થઈને એમનામાંથી પ્રત્યેક ત્રિવૃત્ - ત્રિવૃત્ થઈ જાય છે તે પહેલાં જ કહી દેવામાં આવ્યું છે. 'ખાધેલું અન્ન ત્રણ પ્રકારે થઈ જાય છે.' આ વાત ત્યાં કહેવામાં આવી છે. તે જ આ પણ બતાવવામાં આવ્યું કે ભક્ષણ કરેલાં અન્નાદિનો જે મધ્યમ ભાગ હોય છે તે સાત ધાતુઓવાળા શરીરનું પોષણ કરે છે, જેમ - 'માંસ હોય છે', 'લોહિત હોય છે', 'મજ્જા હોય છે', 'અસ્થિ હોય છે,' વગેરેને અને એ પણ બતાવવામાં આવ્યું છે કે તેનો જે સૂક્ષ્મતમ ભાગ હોય છે તે મન, પ્રાણ અને વાક્ આ દેહના અંતઃકરણ-સંઘાતનું પોષણ કરે છે, જેમ - 'તે મન હોય છે' 'તે પ્રાણ હોય છે,' 'તે વાક્ હોય છે' વગેરે.

તે આ પ્રાણ અને ઇન્દ્રિયોનો સંઘાત દેહના નષ્ટ થવાથી જીવથી અધિષ્ઠિત થયેલો જે ક્રમથી પૂર્વ દેહથી ચ્યુત થઈને અન્ય દેહને પ્રાપ્ત થાય છે તેનું વર્ણન આરુણિ કરે છે - 'હે સોમ્ય ! આ પુરુષના મરણ સમયે વાણી મનને પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ વાણીનો મનમાં ઉપસંહાર થઈ જાય છે. તે સમયે જાતિવાળા કહ્યા કરે છે કે 'આ બોલતો નથી' કારણ કે વાણીનો વ્યાપાર તો મનઃપૂર્વક જ થાય છે, જેમ કે **'જે વાત મનથી વિચારે છે તે વાણીથી બોલે છે'** (નૃ.પૂ.તા.ઉ. ૧-૧) આ શ્રુતિથી સિદ્ધ થાય છે.

વાણીનો મનમાં ઉપસંહાર થઈ જવાથી મન કેવળ મનનનો વ્યાપાર કરતું કરતું રહે છે - જે સમયે મનનો પણ ઉપસંહાર થાય છે તે સમયે મન પ્રાણમાં લીન થઈ જાય છે. ત્યારે આસપાસ બેઠેલાં જાતિવાળા કહે છે - 'હવે આ ઓળખતો નથી.' તે સમયે, જેણે બાહ્ય ઇન્દ્રિયોનો પોતાનામાં ઉપસંહાર કરી લીધો છે તે પ્રાણ ઊર્ધ્વોચ્છ્વાસી થઈને - કારણ કે સંવર્ગ વિદ્યામાં (પ્રાણ, વાગાદિને પોતાનામાં લીન કરી લે છે - એમ) બતાવવામાં આવ્યું છે - હાથપગ પછાડતો જાણે મર્મસ્થાનોનું છેદન કરીને બહિર્ગત થવાને માટે ક્રમશઃ ઉપસંહૃત થઈને તેજમાં લીન થઈ જાય છે. ત્યારે જાતિવાળા કહે છે - 'હવે હાલીચાલી શકતો નથી.' પછી આ શંકા કરીને કે હવે મર્યા છે કે નહીં તે દેહનો સ્પર્શ કરે છે અને દેહમાં ઉષ્ણતા જોઈને કહે છે 'હજી શરીર ગરમ છે, એટલે જીવે છે.' જે સમયે ઉષ્ણતા જ જેનું લિંગ છે તે તેજ પણ ઉપસંહૃત થઈ જાય છે ત્યારે તે તેજ પરદેવમાં પ્રશાંત થાય છે.

ત્યારે આવી રીતે ક્રમશઃ ઉપસંહૃત થઈને મનના પોતાના મૂળભૂત પરદેવને પ્રાપ્ત થઈને તેમાં સ્થિર જીવ પણ સુષુપ્તકાળ સમાન પોતાના નિમિત્ત(મન)નો ઉપસંહાર થઈ જવાના કારણે ઉપસંહૃત થતાં થતાં જો સત્યાનુસંધાનપૂર્વક ઉપસંહૃત થાય છે તો સત્ ને જ પ્રાપ્ત થઈ જાય છે, ઊંઘમાંથી ઊઠેલા પુરુષ સમાન ફરી દેહાન્તરને પ્રાપ્ત થતો નથી, જેવી રીતે કે લોકમાં ભયપૂર્ણ દેશમાં રહેનાર કોઈ પ્રાણી કોઈપણ પ્રકારે અભય દેશમાં પહોંચી જવાથી (ફરી પાછા ત્યાંથી આવતાં નથી) તેવી રીતે (તે પણ પાછો આવતો નથી). પરંતુ અન્ય જે અનાત્મજ્ઞ છે તે સૂતેલો જાગતાં પુરુષ સમાન મરણ પછી તે પોતાના મૂળથી, જે મૂળથી કે જીવ ઊઠીને દેહમાં પ્રવેશ કરે છે, ઊઠીને ફરી દેહપાશમાં પ્રવેશ કરે છે. ॥ ૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स य एषोऽणिमैतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳ स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान्विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ७ ॥

તે જે આ અણિમા છે એ તદ્રુપ જ આ સર્વ છે. તે સત્ય છે, તે આત્મા છે અને હે શ્વેતકેતુ ! તે જ તું છે. (આરુણિના આવી રીતે કહેવાથી શ્વેતકેતુ બોલ્યા -) 'ભગવન્ ! મને ફરી સમજાવો.' (ત્યારે આરુણિએ) 'સારું, સોમ્ય !' એમ કહ્યું. ॥ ૭ ॥

शाङ्करभाष्यम् :- स यः सदाख्य एष उक्तोऽणिमाणुभावो जगतो मूलमैतदात्म्यमेतत्सदात्मा यस्य सर्वस्य तदेतदात्म तस्य भाव ऐतदात्म्यम् । एतेन सदाख्येनात्मनात्मवत्सर्वमिदं जगत् । नान्योऽस्त्यस्यात्मा संसारी, **'नान्यदतोऽस्ति द्रष्टृ नान्यदतोऽस्ति श्रोतृ'** (बृ.उप. ३-८-११) इत्यादिश्रुत्यन्तरात् । ★ येन चात्मनात्मवत्सर्वमिदं जगत्तदेव सदाख्यं कारणं सत्यं परमार्थसत् । अतः स एवात्मा जगतः प्रत्यक्स्वरूपं सतत्त्वं याथात्म्यम् । आत्मशब्दस्य निरुपपदस्य प्रत्यगात्मनि गवादिशब्दवन्निरूढत्वात् अतस्तत्सत्त्वमसीति हे श्वेतकेतो । ★ इत्येवं प्रत्यायितः पुत्र आह भूय एव मा भगवान्विज्ञापयतु यद्भवदुक्तं तत्संदिग्धं ममाहन्यहनि सर्वाः प्रजाः सुषुप्ते सत्संपद्यन्त इत्येतद्येन सत्सम्पद्य न विदुः सत्सम्पन्ना वयमिति । अतो दृष्टान्तेन मां प्रत्यायत्वित्यर्थः । एवमुक्तस्तथास्तु सोम्येति होवाच पिता ॥ ७ ॥

શાંકરભાષ્ય :- આ જે સત્સંજ્ઞક અણિમા-અણુતા જગતનું મૂળ બતાવવામાં આવી છે 'एतदात्म्य' આ સર્વ છે - જે સર્વનો એતત્ (આ) સત્ આત્મા છે તેને 'एतदात्म' કહે છે. તેનો ભાવ 'एतदात्म्य' છે, અર્થાત્ આ સત્સંજ્ઞક આત્માથી આ સર્વ જગત આત્મવાન છે. તેનો આત્મા કોઈ બીજો સંસારી નથી, જેમ કે **'આનાથી અન્ય કોઈ દ્રષ્ટા નથી, આનાથી અન્ય કોઈ શ્રોતા નથી'** (બૃ.ઉપ. ૩-૮-૧૧) આ અન્ય શ્રુતિથી પ્રમાણિત થાય છે.

જે આત્માથી આ સર્વ જગત આત્મવાન છે તે જ સત્સંજ્ઞક કારણ સત્ય અર્થાત્ પરમાર્થ સત્ છે. એટલે તે આત્મા જ જગતના પ્રત્યેક સ્વરૂપ - સતત્ત્વ અર્થાત્ યથાત્મ્ય છે, કારણ કે જેવી રીતે ગાય વગેરે શબ્દ બળદ, ગાય વગેરે અર્થમાં રૂઢ છે તેવી રીતે ઉપપદરહિત 'આત્મા શબ્દ પ્રત્યગાત્મામાં રૂઢ છે. એટલે હે શ્વેતકેતુ ! તે સત્ તું છે.

આવી રીતે પ્રતીતિ કરાયેલા પુત્રે ફરીથી કહ્યું - 'ભગવન્ ! આપ મને ફરી સમજાવો. આપે જે કહ્યું છે તેમાં મને હજી સંદેહ જ છે - સંપૂર્ણ પ્રજા રોજ રોજ સુષુપ્તિમાં સત્ને પ્રાપ્ત થાય છે, એટલે આ વિષયમાં મને સંદેહ જ છે કે તે આ કેવી રીતે જાણતી નથી કે અમે સત્ને પ્રાપ્ત થઈ ગયા છીએ. એટલા માટે તાત્પર્ય આ છે કે આપ મને દ્રષ્ટાંત આપીને સમજાવો' આવી રીતે કહેવામાં આવતાં પિતાએ 'સોમ્ય ! સારું' એમ કહ્યું. ॥ ૭ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये अष्टमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ८ ॥

છાંદોગ્યોપનિષદ્માં છઠ્ઠા અધ્યાયના આઠમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

नवमः खण्डः

शाङ्करभाष्यम् :- यत्पृच्छस्यहन्यहनि सत्सम्पद्य न विदुः सत्सम्पन्नाः स्म इति तत्कस्मादित्यत्र शृणु दृष्टान्तम्—

શાંકરભાષ્ય :- તું જે પૂછે છે કે પ્રજા જે પ્રતિદિન સત્ને પ્રાપ્ત થઈને પણ આ જાણતી નથી કે અમે સત્ને પ્રાપ્ત થઈ ગયા છીએ, તો તેમનું આ અજ્ઞાન કયા કારણે છે ? આ વિષયમાં દ્રષ્ટાંત સાંભળ —

यथा सोम्य मधुं मधुकृतो निस्तिष्ठन्ति नानात्ययानां वृक्षाणाꣳ रसान्समवहारमेकताꣳ रसं गमयन्ति ॥ १ ॥

હે સોમ્ય ! જેવી રીતે મધમાખીઓ મધ નિષ્પન્ન (તૈયાર) કરે છે તો દરેક દિશાઓના વૃક્ષોનો રસ લાવીને એકતાને પ્રાપ્ત કરાવી દે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यथा लोके हे सोम्य मधुकृतो मधु कुर्वन्तीति मधुकृतो मधुकरमक्षिका मधु निस्तिष्ठन्ति मधु निष्पादयन्ति तत्पराः सन्तः । कथम् ? नानात्ययानां नानागतीनां नानादिक्कानां वृक्षाणां रसान्समवहारं समाहृत्यैकतामेकभावं मधुत्वेन रसान्गमयन्ति मधुत्वमापादयन्ति ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! જેવી રીતે લોકમાં મધુકૃત-મધુ કરે છે એટલા માટે જે મધુકૃત કહેવામાં આવે છે તે મધમાખીઓ તત્પર થઈને મધ તૈયાર કરે છે. કેવા પ્રકારે તૈયાર કરે છે ? નાનાત્યય અનેક ગતિઓવાળા (અનેક પ્રકારના) વિવિધ દિશાઓમાં રહેલાં વૃક્ષોનો રસ લાવીને તે રસોને મધરૂપે એકતાને પ્રાપ્ત કરાવી દે છે અર્થાત્ મધુત્વને પ્રાપ્ત કરાવી દે છે. ॥ ૧ ॥

ते यथा तत्र न विवेकं लभन्तेऽमुष्याहं वृक्षस्य रसोऽस्म्यमुष्याहं वृक्षस्य रसोऽस्मीत्येवमेव खलु सोम्येमाः सर्वाः प्रजाः सति सम्पद्य न विदुः सति सम्पद्यामह इति ॥ २ ॥

તે રસ જેવી રીતે તે મધમાં આવા પ્રકારનો વિવેક પ્રાપ્ત કરવી શકતો નથી કે 'હું આ વૃક્ષનો રસ છું અને હું આ વૃક્ષનો રસ છું' હે સોમ્ય ! બરાબર આવી રીતે આ સંપૂર્ણ પ્રજા સત્‌ને પ્રાપ્ત થઈને આ જાણતી નથી કે અમે સત્‌ને પ્રાપ્ત થઈ ગયા છીએ. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- ते रसा यथा मधुत्वेनैकतां गतास्तत्र मधुनि विवेकं न लभन्ते कथममुष्याहमाम्रस्य पनसस्य वा वृक्षस्य रसोऽस्मीति यथा हि लोके बहूनां चेतनावतां समेतानां प्राणिनां विवेकलाभो भवत्यमुष्याहं पुत्रोऽमुष्याहं नप्तास्मीति । ते च लब्धविवेकाः सन्तो न संकीर्तयन्ते न तथेहानेकप्रकारवृक्षरसानामपि मधुराम्लतिक्तकटुकादीनां मधुत्वे नैकतां गतानां मधुरादिभावेन विवेको गृह्यत इत्यभिप्रायः । ★ यथायं दृष्टान्त इत्येवमेव खलु सोम्येमाः सर्वाः प्रजा अहन्यहनि सति सम्पद्य सुषुप्तिकाले मरणप्रलययोश्च न विदुर्न विजानीयुः—सति सम्पद्यामह इति सम्पन्ना इति वा ॥ २ ॥

શાંકરભાષ્ય :- મધરૂપે એકતાને પ્રાપ્ત થયેલો તે રસ જેવી રીતે તે મધમાં (આવા પ્રકારનો) વિવેક પ્રાપ્ત કરતો નથી - કેવા પ્રકારનો ? - કે હું આ કેરી અથવા ફણસના વૃક્ષનો રસ છું, જેવી રીતે કે લોકમાં બહુ જ ચેતન પ્રાણીઓના એકત્રિત થવાથી આવા પ્રકારનો વિવેક થયા કરે છે કે 'હું આનો પુત્ર છું, આનો નાથિયો છું' વગેરે અને આવા પ્રકારનો વિવેક રાખવાને કારણે તે પરસ્પર મળતાં નથી, તેવી રીતે અહીં મધરૂપે એકતાને પ્રાપ્ત થયેલાં અનેક વૃક્ષોના મીઠા, ખાટાં, તીખાં અથવા કડવા રસોના મધુર વગેરે રૂપે વિવેક ગ્રહણ કરવામાં આવતો નથી - આવો આનો અભિપ્રાય છે.

જેમ કે આ દૃષ્ટાંત છે બરાબર આવી રીતે હે સોમ્ય ! આ સંપૂર્ણ પ્રજા નિત્ય પ્રતિ સુષુપ્તિ, મૃત્યુ અને પ્રલયકાળમાં સત્‌ને પ્રાપ્ત થઈને આ નથી જાણતી કે અમે સત્‌ને પ્રાપ્ત થઈ રહ્યા છીએ અથવા થઈ ગયા છીએ. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- यस्माच्चैवमात्मनः सद्रूपतामज्ञात्वैव सत्सम्पद्यते, अतः—

શાંકરભાષ્ય :- કારણ કે આવી રીતે તે પોતાની સદ્રુપતાને જાણ્યા વિના જ સત્‌ને પ્રાપ્ત થાય છે, એટલા માટે –

त इह व्याघ्रो वा सिꣳहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो वा दꣳशो वा मशको यद्यद्भवन्ति तदाभवन्ति ॥ ३ ॥

તે આ લોકમાં વાઘ, સિંહ, વરુ, ડુક્કર, કીડા, પતંગ, ડંખ મારનારા અથવા મચ્છર જે જે પણ (સુષુપ્તિ વગેરે પહેલાં) હોય છે તે જ પુનઃ (ફરીથી) થઈ જાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- त इह लोके यत्कर्मनिमित्तां यां यां जातिं प्रतिपन्ना आसुर्व्याघ्रादीनां व्याघ्रोऽहं सिंहोऽहमित्येवं ते तत्कर्मज्ञानवासनाङ्किताः सन्तः सत्प्रविष्टा अपि तद्भावेनैव पुनराभवन्ति पुनः सत आगत्य व्याघ्रो वा सिंहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो वा दंशो वा मशको वा यद्यत्पूर्वमिह लोके भवन्ति बभूवुरित्यर्थः, तदेव पुनरागत्य भवन्ति युगसहस्रकोट्यन्तरितापि संसारिणो जन्तोर्या पुरा भाविता वासना सा न नश्यतीत्यर्थः । **'यथाप्रज्ञं हि सम्भवाः'** इति श्रुत्यन्तरात् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે આ લોકમાં જે જે કર્મને કારણે વ્યાઘ્રાદિમાંથી જે જે જાતિને 'હું વાઘ છું, હું સિંહ છું' આવી રીતના અભિનિવેશથી પ્રાપ્ત થયેલાં હતાં તે કર્મ અને જ્ઞાનની વાસનાથી અંકિત થયેલાં તે સત્‌માં પ્રવિષ્ટ થઈને પણ તે જ ભાવથી ફરી ઉત્પન્ન થઈ જાય છે, અર્થાત્ સત્‌થી ફરીથી પાછા આવીને સિંહ, વૃક, વરાહ, કીટ, પતંગ, ડાંસ અથવા મચ્છર જે કંઈ તે પહેલાં આ લોકમાં હતાં તે જ ફરી પાછા આવીને થઈ જાય છે. તાત્પર્ય આ છે કે સહસ્રો કોટિ યુગનું અંતર પડી જાય તો પણ સંસારી જીવોની જે પૂર્વભાવિત વાસના હોય છે તે નષ્ટ થતી નથી. **'જન્મ પૂર્વ વાસના અનુસાર જ થાય છે'** આવી એક બીજી શ્રુતિ(થી પણ જ સિદ્ધ થાય) છે. ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- ताः प्रजा यस्मिन्प्रविश्य पुनराविर्भवति ये त्वितोऽन्ये सत्सत्यात्माभिसन्धा यमणुभावं सदात्मानं प्रविश्य नावर्तन्ते–

શાંકરભાષ્ય :- જેમાં પ્રવેશ કરીને તે પ્રજા ફરીથી આવિર્ભૂત થાય છે, અને તેનાથી અન્ય જે સદ્રૂપ સત્યાત્મામાં અભિનિવેશ રાખનારા છે તે જે અણુભાવ અર્થાત્ સત્યાત્મામાં પ્રવેશ કરીને ફરી પાછા આવતાં નથી –

स य एषोऽणिमैतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳ स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान्विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ४ ॥

તે જે આ અણિમા છે એ તદ્રૂપ આ સર્વ છે. તે સત્ય છે, તે આત્મા છે અને હે શ્વેતકેતુ ! તે તું છે. (આરુણિના આવી રીતે કહેવાથી શ્વેતકેતુ બોલ્યા -) 'ભગવન્ ! મને ફરીથી સમજાવો.' (ત્યારે આરુણિએ) 'સારું સોમ્ય !' એમ કહ્યું. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- स य एषोऽणिमेत्यादि व्याख्यातम् । तथा लोके स्वकीये गृहे सुप्त उत्थाय ग्रामान्तरं गतो जानाति स्वगृहादागतोऽस्मीत्येवं सत आगतोऽस्मीति च जन्तूनां कस्माद्विज्ञानं न भवतीति भूय एव मा भगवान्विज्ञापयत्वित्युक्तस्तथा सोम्येति होवाच पिता ॥ ४ ॥

શાંકરભાષ્ય :- 'स य एषोऽणिमा' વગેરે મંત્રની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી ગઈ છે. (શ્વેતકેતુ બોલ્યા -) 'જેવી રીતે લોકમાં પોતાના ઘરમાં સૂતેલો પુરુષ ઊઠીને ગ્રામાન્તરમાં જવાથી આ જાણે છે કે હું પોતાના ઘરમાં આવ્યો છું, આવી રીતે જીવોને એવું જ્ઞાન કેમ થતું નથી કે હું સત્‌ની પાસે આવ્યો છું', એટલે હે ભગવન્ ! મને ફરીથી સમજાવો. આવી રીતે કહેવાથી પિતાએ કહ્યું - 'સોમ્ય ! સારું.' ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये नवमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ९ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના નવમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

दशमः खण्डः

शृणु तत्र दृष्टान्तं यथा– આ વિષયમાં દૃષ્ટાંત સાંભળ. જેવી રીતે –

इमाः सोम्य नद्यः पुरस्तात्प्राच्यः स्यन्दन्ते पश्चात्प्रतीच्यस्ताः समुद्रात्समुद्रमेवापियन्ति स समुद्र एव भवति ता यथा तत्र न विदुरियमहमस्मीयमहमस्मीति ॥ १ ॥

હે સોમ્ય ! આ નદીઓ પૂર્વવાહિની થઈને પૂર્વ બાજુ વહે છે અને પશ્ચિમવાહિની થઈને પશ્ચિમ બાજુ તે સમુદ્રમાંથી નીકળીને ફરી સમુદ્રમાં જ મળી જાય છે અને તે સમુદ્ર જ બની જાય છે. તે સર્વ જેવી રીતે ત્યાં (સમુદ્રમાં) આ જાણતી નથી કે 'આ હું છું, આ હું છું.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- सोम्येमा नद्यो गङ्गाद्याः पुरस्तात्पूर्वां दिशं प्रति प्राच्यः प्रागञ्चनाः स्यन्दन्ते स्रवन्ति । पश्चात्प्रतीचीं दिशं प्रति सिन्ध्वाद्याः प्रतीचीमञ्चन्ति गच्छन्तीति प्रतीच्यस्ताः समुद्रादम्भोनिधेर्जलधरैराक्षिप्ताः पुनर्वृष्टिरूपेण पतिता गङ्गादिनदीरूपिण्यः पुनः समुद्रमम्भोनिधिमेवापियन्ति स समुद्र एव भवति । ता नद्यो यथा तत्र समुद्रे समुद्रात्मनैकतां गता न विदुर्न जानन्तीयं गङ्गाहमस्मीयं यमुनाहमस्मीति च ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! આ ગંગા વગેરે નદીઓ પ્રાચ્ય પૂર્વવાહિની થઈને પુરસ્તાત્ પૂર્વ દિશાની બાજુ વહે છે અને સિંધુ વગેરે, જે પશ્ચિમની બાજુ જાય છે એટલે પ્રતીચ્ય (પશ્ચિમવાહિની) છે, પશ્ચિમ દિશામાં વહે છે. તે સમુદ્ર - જળનિધિથી મેઘો દ્વારા આકૃષ્ટ થઈને વૃષ્ટિરૂપે વરસીને ગંગાદિરૂપે ફરી સમુદ્રમાં જ મળી જાય છે અને તે સમુદ્ર જ બની જાય છે. જેવી રીતે સમુદ્રમાં સમુદ્રરૂપે એકતાને પ્રાપ્ત થયેલી તે નદીઓ આ જાણતી નથી કે 'આ હું ગંગા છું, આ હું યમુના છું' વગેરે. ॥ ૧ ॥

एवमेव खलु सोम्येमाः सर्वाः प्रजाः सत आगम्य न विदुः सत आगच्छामह इति त इह व्याघ्रो वा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सिꣳहो वा वराहो वा कीटो वा पतङ्गो वा दꣳशो वा मशको वा यद्यद्भवन्ति तदाभवन्ति ॥ २ ॥ स य एषोऽणिमैतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳ स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान्विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ३ ॥

'બરાબર આવી જ રીતે હે સોમ્ય ! આ સંપૂર્ણ પ્રજાઓ સત્‌ના આવવાથી આ જાણતી નથી કે અમે સત્‌ની પાસેથી આવ્યા છીએ. આ લોકમાં તે વાઘ, સિંહ, શૂકર, કીટ, પતંગ, ડંખમાર અથવા મચ્છર જે જે પણ હોય છે તે જ ફરી થઈ જાય છે. ॥ ૨ ॥ તે જે આ અણિમા છે, એ તદ્રુપ જ આ સર્વ છે તે સત્ય છે, તે આત્મા છે, અને હે શ્વેતકેતુ ! તે તું છે.' (આરુણિના આવી રીતે કહેવાથી શ્વેતકેતુ બોલ્યા -) 'ભગવન્ ! મને ફરીથી સમજાવો.' (ત્યારે આરુણિએ) 'સારું, સોમ્ય !' એમ કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एवमेव खलु सोम्येमाः सर्वाः प्रजा यस्मात्सति सम्पद्य न विदुस्तस्मात्सत आगम्य न विदुः सत आगच्छामह आगता इति वा । त इह व्याघ्र इत्यादि समानमन्यत् । दृष्टं लोके जले वीचि तरङ्गफेनबुद्बुदादय उत्थिताः पुनस्तद्भावं गता विनष्टा इति । जीवास्तु तत्कारणभावं प्रत्यहं गच्छन्तोऽपि सुषुप्ते मरणप्रलययोश्च न विनश्यन्तीत्येतत् । भूय एव मा भगवान्विज्ञापयतु दृष्टान्तेन । तथा सोम्येति होवाच पिता ॥ २-३ ॥

શાંકરભાષ્ય :- બરાબર આવી રીતે હે સોમ્ય ! આ સંપૂર્ણ પ્રજાઓ સત્‌માં લીન થઈને (પોતાનું પાર્થક્યજ્ઞાન રહેતું નથી, એટલા માટે) તે સત્‌થી પાછા ફરવાથી આ જાણતી નથી કે અમે સત્‌ની પાસેથી આવ્યા છીએ. 'ते इह व्याघ्रः' વગેરે શેષ વાક્યનો અર્થ પૂર્વવત્ છે. (શ્વેતકેતુ બોલ્યા -) લોકમાં એમ જોવામાં આવ્યું છે કે જળમાં ઊઠેલા ભમરી, તરંગ, ફીણ તેમજ પરપોટાઓ વગેરે ફરીથી જળરૂપ થઈ જવાથી નષ્ટ થાય છે, પરંતુ જીવ તો પ્રતિદિન સુષુપ્તાવસ્થામાં અને મરણ અને પ્રલયના સમયે પોતાના કારણ ભાવને પ્રાપ્ત થઈને પણ નષ્ટ થતાં નથી - તો હે ભગવન્ ! આ વાતને મને દૃષ્ટાંત દ્વારા ફરી સમજાવો. ત્યારે પિતાએ કહ્યું - 'સોમ્ય ! સારું.' ॥ ૨-૩ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये दशमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १० ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના દશમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकादशः खण्डः

शृणु दृष्टान्तमस्य– આનું દૃષ્ટાંત સાંભળો –

अस्य सोम्य महतो वृक्षस्य यो मूलेऽभ्याहन्याज्जीवन्स्रवेद्यो मध्येऽभ्याहन्याज्जीवन्स्रवेद्याऽग्रेऽभ्याहन्याज्जीवन्स्रवेत्स एष जीवेनात्मनानुप्रभूतः पेपीयमानो मोदमानस्तिष्ठति ॥ १ ॥

હે સોમ્ય ! જો કોઈ આ મહાન વૃક્ષના મૂળમાં પ્રહાર કરે તો આ જીવતાં રહેવાથી પણ રસસ્રાવ કરશે ઝરશે, જો મધ્યમાં પ્રહાર કરે તો પણ આ જીવતાં રહેવાથી રસસ્રાવ કરશે અને જો તેના અગ્રભાગમાં પ્રહાર કરે તો પણ આ જીવતાં રહેવાથી જ રસસ્રાવ કરશે. આ વૃક્ષ જીવ-આત્માથી ઓતપ્રોત છે અને જળપાન કરતાં કરતાં આનંદપૂર્વક રહેલ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- हे सोम्य महतोऽनेकशाखादियुक्तस्य वृक्षास्यास्येत्यग्रतः स्थितं वृक्षं दर्शयन्नाह–यदि यः कश्चिदस्य मूलेऽभ्याहन्यात्परश्वादिना सकृद्घातमात्रेण न शुष्यतीति जीवन्नेव भवति तदा तस्य रसः स्रवेत् । तथा यो मध्येऽभ्याहन्याज्जीवन्स्रवेत्तथा योऽग्रेऽभ्याहन्याज्जीवन्स्रवेत्स एष वृक्ष इदानीं जीवेनात्मनानुप्रभूतोऽनुव्याप्तः पेपीयमानोऽत्यर्थं पिबन्नुदकं भौमांश्च रसान्मूलैर्गृह्णन्मोदमानो हर्षं प्राप्नुवंस्तिष्ठति ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! (આવી રીતે સંબોધિત કરીને) સામે રહેલા વૃક્ષને બતલાવીને કહે છે - આ મહાન - અનેક શાખાદિથી યુક્ત વૃક્ષના મૂળમાં જો કોઈ કુહાડી વગેરેથી પ્રહાર કરે તો એક જ પ્રહારથી આ સૂકાઈ જતું નથી, પણ જીવિત જ રહે છે, તે સમયે કેવળ તેનો થોડો રસ નીકળી જાય છે. અને જો કોઈ મધ્યમાં પ્રહાર કરે તો પણ આ જીવતું રહીને જ રસસ્રાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

કરી દે છે અને જો અગ્રભાગમાં પ્રહાર કરે તો પણ આ જીવતું રહીને જ રસસ્રાવ કરે છે. આ સમયે આ વૃક્ષ જીવ-આત્માથી અનુપ્રભૂત-પૂર્ણતઃ વ્યાપ્ત છે અને અત્યંત જળપાન કરતાં કરતાં અને પોતાના મૂળ દ્વારા પૃથ્વીના રસોને ગ્રહણ કરીને મોદમાન થાય છે - હર્ષ પામતું રહેલ છે. ॥ ૧ ॥

अस्य यदेकाꣳ शाखां जीवो जहात्यथ सा शुष्यति द्वितीयां जहात्यथ सा शुष्यति तृतीयां जहात्यथ सा शुष्यति सर्वं जहाति सर्वः शुष्यति ॥ २ ॥

જો આ વૃક્ષની એક શાખાને જીવ છોડી દે છે તો તે સૂકાઈ જાય છે, જો બીજીને છોડી દે છે તો તે સૂકાઈ જાય છે અને ત્રીજીને છોડી દે છે તો તે પણ સૂકાઈ જાય છે, આવી રીતે જો આખા વૃક્ષને છોડી દે છે તો આખું વૃક્ષ સૂકાઈ જાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्यास्य यदेकां शाखां रोगग्रस्तामाहतां वा जीवो जहात्युपसंहरति शाखायां विप्रसृतमात्मांशम्, अथ सा शुष्यति । वाङ्मनः प्राणकरणग्रामानुप्रविष्टो हि जीव इति तदुपसंहार उपसंह्रियते । जीवेन च प्राणयुक्तेनाशितं पीतं च रसतां गतं जीववच्छरीरं वृक्षं च वर्धयद्रसरूपेण जीवस्य सद्भावे लिङ्गं भवति । अशितपीताभ्यां हि देहे जीवस्तिष्ठति ते चाशितपीते जीवकर्मानुसारिणी इति । तस्यैकाङ्गवैकल्यनिमित्तं कर्म यदोपस्थितं भवति तदा जीव एकां शाखां जहाति शाखाया आत्मानमुपसंहरति । अथ तदा सा शाखा शुष्यति । ★ जीवस्थितिनिमित्तो रसो जीवकर्माक्षिप्तो जीवोपसंहारे न तिष्ठति । रसापगमे च शाखा शोषमुपैति तथा सर्वं वृक्षमेव यदायं जहाति तदा सर्वोऽपि वृक्षः शुष्यति । वृक्षस्य रसस्रवणशोषणादिलिङ्गाज्जीववत्त्वं दृष्टान्तश्रुतेश्च चेतनावन्तः स्थावरा इति बौद्धकाणादमतमचेतनाः स्थावरा इत्येतदसारमिति दर्शितं भवति ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે આ વૃક્ષની જો એક રોગગ્રસ્ત અથવા આહત શાખાને જીવ છોડી દે છે - તે શાખામાં વ્યાપ્ત જીવાંશ ઉપસંહૃત થઈ જાય છે તો તે સૂકાઈ જાય છે, કારણ કે વાણી, મન, પ્રાણ અને ઈન્દ્રિયગ્રામમાં જીવ અનુપ્રવિષ્ટ છે એટલા માટે તેનો ઉપસંહાર થવાથી તે પણ ઉપસંહૃત થઈ જાય છે. પ્રાણયુક્ત જીવ દ્વારા જ ભક્ષણ અને પાન કરેલાં અન્ન જળ રસભાવને પ્રાપ્ત થાય છે, તે રસરૂપે જીવયુક્ત શરીર અને સજીવ વૃક્ષની વૃદ્ધિ કરીને જીવના સદ્ભાવમાં લિંગ છે. ખાધેલાં પીધેલાં અન્ન-જળથી જ જીવ દેહમાં રહે છે. તે ખાન-પાન જીવના કર્માનુસાર થાય છે. જે સમયે તેના એક અંગની વિફળતાનું નિમિત્તભૂત કર્મ ઉપસ્થિત થાય છે તે સમયે જીવ એક શાખાને છોડી દે છે - તે એક શાખાથી પોતાનો ઉપસંહાર કરી લે છે. તે પછી ત્યારે તે શાખા સૂકાઈ જાય છે.

જીવના કર્માનુસાર પ્રાપ્ત થયેલો અને જીવની સ્થિતિના કારણે રહેનારો રસ જીવનો ઉપસંહાર થવાથી રહેતો નથી, અને રસ ગળી જવાથી શાખા સૂકાઈ જાય છે. આવી રીતે જ્યારે આ આખા વૃક્ષને છોડી દે છે તો આખું જ વૃક્ષ સૂકાઈ જાય છે. વૃક્ષના રસસ્રાવ તેમજ શોષણ વગેરે લિંગથી તેની સજીવતા સિદ્ધ થાય છે અને આ દૃષ્ટાંત શ્રુતિથી આ નિશ્ચિત થાય છે કે સ્થાવર ચેતનાયુક્ત હોય છે અને આનાથી આ પણ પ્રદર્શિત થઈ જાય છે કે 'સ્થાવર ચેતનાશૂન્ય હોય છે' એવા બૌદ્ધ અને કાણાદમત સારહીન છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- यथास्मिन्वृक्षदृष्टान्ते दर्शितं जीवेन युक्तो वृक्षोऽशुष्को रसपानादियुक्तो जीवतीत्युच्यते तदपेतश्च म्रियत इत्युच्यते–

શાંકરભાષ્ય :- જેવી રીતે કે આ વૃક્ષના દૃષ્ટાંતમાં આ બતાવવામાં આવ્યું છે કે જીવથી યુક્ત વૃક્ષ અશુષ્ક અને રસપાનાદિથી યુક્ત રહે છે, એટલા માટે 'તે જીવિત છે' – એમ કહેવામાં આવે છે અને તેના(જીવ)થી રહિત થઈ જવાથી 'મરી જાય છે' એમ કહેવામાં આવે છે –

एवमेव खलु सोम्य विद्धीति होवाच जीवापेतं वाव किलेदं म्रियते न जीवो म्रियत इति स य एषोऽणिमैतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳ स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान्विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ३ ॥

'હે સોમ્ય ! બરાબર આવી રીતે તું જાણ કે જીવથી રહિત થઈ જવાથી આ શરીર મરી જાય છે, જીવ મરતો નથી' – એવું (આરુણિએ) કહ્યું, 'તે જે આ અણિમા છે એ તદ્રુપ જ આ સર્વ છે. તે સત્ય છે, તે આત્મા છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

હે શ્વેતકેતુ ! તે જ તું છે' (આરુણિના આ પ્રમાણે કહેવાથી શ્વેતકેતુ બોલ્યા –) 'ભગવન્ ! મને ફરીથી સમજાવો.' (ત્યારે આરુણિએ) 'સારુ, સોમ્ય !' એમ કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एवमेव खलु सोम्य विद्धीति होवाच । जीवापेतं जीववियुक्तं वाव किलेदं शरीरं म्रियते न जीवो म्रियत इति । कार्यशेषे च सुप्तोत्थितस्य ममेदं कार्यशेषमपरिसमाप्तमिति स्मृत्वा समापनदर्शनात् । जातमात्राणां च जन्तूनां स्तन्याभिलाषभयादिदर्शनाच्चातीतजन्मान्तरानुभूतस्तनपानदुःखानुभवस्मृतिर्गम्यते अग्निहोत्रादीनां च वैदिकानां कर्मणामर्थवत्त्वान्न जीवो म्रियत इति । स य एषोऽणिमेत्यादि समानम् । ★ कथं पुनरिदमत्यन्तस्थूलं पृथिव्यादि नामरूपवज्जगदत्यन्तसूक्ष्मात्सद्रूपान्नामरूपरहितात् सतो जायत इत्येतद्दृष्टान्तेन भूय एव मा भगवान्विज्ञापयत्विति । तथा सोम्येति होवाच पिता ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'હે સોમ્ય ! બરાબર આવી રીતે તું જાણ કે જીવાપેત-જીવથી વિયુક્ત થયેલું આ શરીર જ મરે છે જીવ મરતો નથી' એવું (આરુણિએ) કહ્યું, 'કારણ કે કાર્ય શેષ રહી જવાથી જ સૂઈને ઊઠેલા પુરુષને 'મારું આ કામ બાકી રહી ગયું હતું' એવું સ્મરણ કરીને તેને સમાપ્ત કરતો જોવામાં આવે છે અને તત્કાળ ઉત્પન્ન થયેલા જીવોને સ્તનપાનની અભિલાષા અને ભય વગેરે થતાં જોઈને પૂર્વ જન્મોમાં અનુભવેલા સ્તનપાન અને દુઃખાનુભવની સ્મૃતિનું જ્ઞાન થાય છે. આના સિવાય અગ્નિહોત્ર વગેરે વૈદિક કર્મોની સાર્થકતા હોવાને કારણે પણ જીવ મરતો નથી.' 'स य एषोऽणिमा' વગેરે વાક્યોનો અર્થ પૂર્વવત્ છે.

'પરંતુ આ અત્યંત સ્થૂળ 'પૃથ્વી' વગેરે નામ અને રૂપોવાળો સંસાર અત્યંત સૂક્ષ્મ, સદ્રુપ, નામરૂપરહિત સત્‌થી કેવી રીતે ઉત્પન્ન થાય છે ? આ વાતને હે ભગવન્ ! મને દૃષ્ટાંત દ્વારા ફરી સમજાવો' – એવું શ્વેતકેતુ એ કહ્યું. ત્યારે પિતાએ કહ્યું - સૌમ્ય ! સારું.' ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये एकादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ ११ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના અગિયારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वादशः खण्डः

यद्येतत्प्रत्यक्षीकर्तुमिच्छसि– જો તું આ વાતને પ્રત્યક્ષ કરવા ઇચ્છતો હોય તો –

न्यग्रोधफलमत आहरेतीदं भगव इति भिद्धीति भिन्नं भगव इति किमत्र पश्यसीत्यण्व्य इवेमा धाना भगव इत्यासामङ्गैकां भिन्द्धीति भिन्ना भगव इति किमत्र पश्यसीति न किञ्चन भगव इति ॥ १ ॥

આ (સામેવાળા વટવૃક્ષ)થી એક વડનું ફળ લઈ આવ. (શ્વેતકેતુ-) 'ભગવન્ ! આ લઈ આવ્યો.' (આરુણિ-) 'આને તોડ.' (શ્વેતકેતુ-) 'ભગવન્ ! તોડી નાંખ્યું.' (આરુણિ-) 'આમાં શું દેખાય છે ?' (શ્વેતકેતુ-) 'ભગવન્ ! આમાં આ અણુ જેટલા દાણા છે.' (આરુણિ-) 'સારું વત્સ ! આમાંથી એકને તોડ.' (શ્વેતકેતુ-) તોડી નાંખ્યું ભગવન્ !' (આરુણિ-) આમાં શું દેખાય છે ?' (શ્વેતકેતુ-) કંઈ નહીં ભગવન્ !' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अतोऽस्मान्महतो न्यग्रोधात् फलमेकमाहरेत्युक्तस्तथा चकार स इदं भगव उपहृतं फलमिति दर्शितवन्तं प्रत्याह फलं भिन्द्धीति भिन्नमित्याहेतरः । तमाह पिता किमत्र पश्यसीत्युक्त आहाण्व्याऽणुतरा इवेमा धाना बीजानि पश्यामि भगव इति । आसां धानानामेकां धानामङ्ग हे वत्स भिन्द्धीत्युक्त आह भिन्ना भगव इति । यदि भिन्ना धाना तस्यां भिन्नायां किं पश्यसीत्युक्त आह न किञ्चन पश्यामि भगव इति ॥ १ ॥

શાંકરભાષ્ય :- આ મહાન વટવૃક્ષમાંથી એક ફળ લઈ આવ. એમ કહેવામાં આવતાં તેણે એમ જ કર્યું (અને બોલ્યા-) 'ભગવન્ ! હું આ ફળ લઈ આવ્યો.' આવી રીતે ફળ બતાવનાર તેને (આરુણિએ-) કહ્યું - આ ફળને તોડ.' આથી (શ્વેતકેતુ) બોલ્યા - તોડી નાખ્યું.' તેને પિતાએ કહ્યું - 'આમાં તું શું જુએ છે ?' આવી રીતે કહેવામાં આવતાં (શ્વેતકેતુ) બોલ્યા - 'ભગવન્ ! હું આમાં આ અણુ-અણુતર અત્યંત નાના દાણા - બીજ જોવું છું.' (આરુણિ-) 'હે વત્સ ! આ દાણાઓમાંથી તું એક દાણાને તોડ.' આવી રીતે કહેવામાં આવતાં તે બોલ્યા - 'ભગવન્ ! તોડી નાખ્યું.' (આરુણિ-) 'સારું, જો તેં દાણો તોડી નાંખ્યો તો તે તૂટેલા દાણામાં તું શું જુએ છે ?' એમ કહેવામાં આવતાં તે બોલ્યા - 'ભગવન્ ! હું કશું જોતો નથી. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

तꣳ होवाच यं वै सोम्यैतमणिमानं न निभालयस एतस्य वै सोम्यैषोऽणिम्न एवं महान्न्यग्रोधस्तिष्ठति श्रद्धत्स्व सोम्येति ॥ २ ॥

ત્યારે તેને (આરુણિએ) કહ્યું - 'હે સોમ્ય ! આ(વટબીજ)ની જે અણિમાને તું જોઈ શકતો નથી, હે સોમ્ય ! તે અણિમામાં જ આ આટલું મોટું વટવૃક્ષ ઊભું થયું છે. હે સોમ્ય ! તું (આ વાક્યમાં) શ્રદ્ધા રાખ.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तं पुत्रं होवाच वटधानायां भिन्नायां यं वटबीजाणिमानं हे सोम्यैतं न निभालयसे न पश्यसि । तथाप्येतस्य वै किल सोम्यैष महान्न्यग्रोधो बीजस्याणिम्नः सूक्ष्मस्यादृश्यमानस्य कार्यभूतः स्थूलशाखास्कन्धफलपलाशवांस्तिष्ठत्युत्पन्नः सन्नुत्तिष्ठतीति वोच्छब्दोऽध्याहार्यः । अतः श्रद्धत्स्व सोम्य सत् एवाणिम्नः स्थूलं नामरूपादिमत्कार्यं जगदुत्पन्नमिति । ★ यद्यपि न्यायागमाभ्यां निर्धारितोऽर्थस्तथैवेत्यवगम्यते तथाप्यत्यन्तसूक्ष्मेष्वर्थेषु बाह्य विषयासक्तमनसः स्वभावप्रवृत्तस्यासत्यां गुरुतरायां श्रद्धायां दुरवगमत्वं स्यादित्याह—श्रद्धत्स्वेति । श्रद्धायां तु सत्यां मनसः समाधानं बुभुत्सितेऽर्थे भवेत्ततश्च तदर्थावगतिः **'अन्यत्रमना अभूवम्'** (बृ.उप. १-५-३) इत्यादिश्रुतेः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે પુત્રને (આરુણિએ) કહ્યું - હે સોમ્ય ! વટના દાણાના તૂટવાથી જે વટબીજની અણિમાને તું જોતો નથી, તેથી હે સોમ્ય ! જો, નિશ્ચય તે જ બીજની જોવામાં ન આવનારી સૂક્ષ્મ અણિમાની કાર્યભૂત આ મોટી મોટી શાખા, સ્કંધ, ફળ અને પાનવાળું મહાન વટવૃક્ષ રહેલું છે - ઉત્પન્ન થઈને ઊભું થયું છે. આવી રીતે અહીં 'तिष्ठति' ક્રિયા પૂર્વે 'उत्' શબ્દનો અધ્યાહાર કરવો જોઈએ. એટલા માટે હે સોમ્ય ! વિશ્વાસ કર કે નામ-રૂપાદિમાન સ્થૂળ જગત અત્યંત સૂક્ષ્મ સત્‌થી જ ઉત્પન્ન થયું છે.'

જો કે યુક્તિ અને શાસ્ત્ર - આ બંનેથી નિશ્ચિત થયેલો અર્થ એવો જ છે, તેથી પણ ગુરુતર શ્રદ્ધા ન હોવાથી બાહ્ય વિષયોમાં આસક્ત ચિત્ત સ્વભાવથી જ પ્રવૃત્તિશીલ પુરુષનો (એવા) અત્યંત સૂક્ષ્મ વિષયમાં પ્રવેશ થવો બહુ જ કઠિન છે - એમ સમજીને આરુણિએ કહ્યું - 'શ્રદ્ધા રાખ.' કારણ કે શ્રદ્ધા હોવાથી જ જિજ્ઞાસિત વિષયમાં મનનું સમાધાન થઈ શકે છે અને ત્યારે તે વિષયનું જ્ઞાન થવું સંભવ છે, જેમ કે **'મારું મન બીજી બાજુ હતું (એટલા માટે હું જોઈ શક્યો નહી)'** (બૃ.ઉપ. ૧-૫-૩) વગેરે શ્રુતિથી પ્રમાણિત થાય છે. ॥ ૨ ॥

स य एषोऽणिमैतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳ स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान् विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ३ ॥

તે જે આ અણિમા છે તે એ તદ્રૂપ જ આ સર્વ છે. તે સત્ય છે, તે આત્મા છે અને હે શ્વેતકેતુ ! તે જ તું છે. (આરુણિના આવી રીતે કહેવાથી શ્વેતકેતુ બોલ્યા -) 'ભગવન્ ! મને ફરીથી સમજાવો.' (ત્યારે આરુણિએ) 'સારું, સોમ્ય' એમ કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स य इत्याद्युक्तार्थम् । यदि तत्सज्जगतो मूलं कस्मान्नोपलभ्यत इत्येतद्दृष्टान्तेन मा भगवान्भूय एव विज्ञापयत्विति । तथा सोम्येति होवाच पिता ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'स यः' વગેરે શ્રુતિનો અર્થ પહેલાં કહેવામાં આવી ગયો છે. 'તો તે સત્ જગતનું કારણ છે તો ઉપલબ્ધ કેમ થતું નથી ? હે ભગવન્ ! આ વાતને આપ દૃષ્ટાંત દ્વારા મને ફરીથી સમજાવો' એવું (શ્વેતકેતુએ કહ્યું). ત્યારે પિતાએ 'સોમ્ય ! સારું' એવો ઉત્તર આપ્યો. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

शाङ्करभाष्यम् :- विद्यमानमपि वस्तु नोपलभ्यते प्रकारान्तरेण तूपलभ्यत इति शृण्वत्र दृष्टान्तम् । यदि चेममर्थं प्रत्यक्षीकर्तुमिच्छसि—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- વિદ્યમાન હોવાથી પણ (કોઈ કોઈ) વસ્તુ ઉપલબ્ધ થતી નથી. હાં, પ્રકારાન્તરથી તેની ઉપલબ્ધિ થઈ શકે છે. આ વિષયમાં દૃષ્ટાંત સાંભળ, જો તું આ વાતને પ્રત્યક્ષ કરવા ઇચ્છતો હોય તો –

लवणमेतदुदकेऽवधायाथ मा प्रातरुपसीदथा इति सह तथा चकार तꣳ होवाच यद्दोषा लवणमुदकेऽवाधा अङ्ग तदाहरेति तद्धावमृश्य न विवेद ॥ १ ॥

આ મીઠાને જળમાં નાંખીને કાલ સવારે મારી પાસે આવજે. આરુણિના આવી રીતે કહેવાથી શ્વેતકેતુએ એવું જ કર્યું. ત્યારે આરુણિએ તેને કહ્યું – વત્સ ! રાત્રે તેં જે મીઠું પાણીમાં નાંખ્યું હતું તેને લઈ આવો.' પરંતુ તેના શોધવાથી તેને તેમાં ન જડ્યું. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- पिण्डरूपं लवणमेतद्घटादावुदकेऽवधाय प्रक्षिप्याथ मा मां श्वः प्रातरुपसीदथा उपगच्छेथा इति । स ह पित्रोक्तमर्थं प्रत्यक्षीकर्तुमिच्छंस्तथा चकार । तं होवाच परेद्युः प्रातर्यल्लवणं दोषा रात्रावुदकेऽवाधा निक्षिप्तवानस्यङ्ग हे वत्स तदाहरेत्युक्तस्तल्लवणमाजिहीर्षुर्ह किलावमृश्योदकेन विवेद न विज्ञातवान्; यथा तल्लवणं विद्यमानमेव सदप्सु लीनं संश्लिष्टमभूत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- આ પિંડરૂપ મીઠાને ઘડા વગેરેમાં જળમાં નાંખીને કાલ પ્રાતઃ કાળ મારી પાસે આવજે. શ્વેતકેતુએ પિતાએ કહેલી વાતને પ્રત્યક્ષ કરવાની ઇચ્છાથી એવું જ કર્યું. બીજા દિવસે સવારે જ આરુણિએ તેને કહ્યું - 'હે વત્સ ! રાતે તમે જે મીઠું પાણીમાં નાંખ્યું હતું તેને લઈ આવો.' આવી રીતે કહેવામાં આવતાં તેણે તે મીઠાને લઈ જવાની ઇચ્છાથી પાણીમાં શોધ્યું, પરંતુ તેને જડ્યું નહીં, કારણ કે તે મીઠું ત્યાં હાજર હોવા છતાં પણ જળમાં ઓગળી ગયું હતું અર્થાત્ જળમાં જ મળી ગયું હતું. ॥ ૧ ॥

यथा विलीनमेवाङ्गास्यान्तादाचामेति कथमिति लवणमिति मध्यादाचामेति कथमिति लवणमित्यन्तादाचामेति कथमिति लवणमित्यभिप्राप्यैतदथ मोपसीदथा इति तद्ध तथा चकार तच्छश्वत्संवर्तते तꣳ होवाचात्र वाव किल सत्सोम्य न निभालयसेऽत्रैव किलेति ॥ २ ॥

(આરુણિ -) 'જેવી રીતે તે મીઠું આમાં ઓગળી ગયું છે (એટલા માટે તું તેને આંખોથી જોઈ શકતો નથી, તેને જો જાણવા ઇચ્છતો હોય તો) આ જળનું ઉપરથી આચમન કર.' (તેના આચમન કરવાથી આરુણિએ પૂછ્યું – 'કેવું છે ?' (શ્વેતકેતુ-) 'ખારું છે.' (આરુણિ-) 'વચ્ચેથી આચમન કર' 'હવે કેવું છે ?' (શ્વેતકેતુ-) 'ખારું છે.' (આરુણિ-) 'નીચેથી આચમન કર' 'હવે કેવું છે ?' (શ્વેતકેતુ-) 'ખારું છે.' (આરુણિ-) 'સારું, હવે આ જળને ઢોળીને મારી પાસે આવ.' તેણે તેમજ કર્યું, (અને બોલ્યા -) 'તે જળમાં મીઠું હંમેશા જ વિદ્યમાન હતું.' ત્યારે તેને તેના પિતાએ કહ્યું - 'હે સોમ્ય ! (આવી રીતે) તે સત્ પણ નિશ્ચય જ અહીં વિદ્યમાન છે, તું તેને જોઈ શકતો નથી પરંતુ તે નિશ્ચય અહીં વિદ્યમાન છે.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- यथा विलीनं लवणं न वेत्थ तथापि तच्चक्षुषा स्पर्शनेन च पिण्डरूपं लवणमगृह्यमाणं विद्यत एवाप्सु, उपलभ्यते चोपायान्तरेण इत्येतत्पुत्रं प्रत्याययितुमिच्छन्नाहाङ्गास्योदकस्यान्तादुपरिगृहीत्वाचामेत्युक्त्वा पुत्रं तथा कृतवन्तमुवाच–कथमिति; इतर आह लवणं स्वादुत इति । तथा मध्यादुदकस्य गृहीत्वाचामेति, कथमिति, लवणमिति । तथान्तादधोदेशाद्गृहीत्वाचामेति, कथमिति, लवणमिति । ★ यद्येवम्, अभिप्रास्य परित्यज्यैतदुदकमाचम्याथ मोपसीदथा इति । तद्ध तथा चकार । लवणं परित्यज्य पितृसमीपमाजगामेत्यर्थः, इदं वचनं ब्रुवन्–तल्लवणं तस्मिन्नेवोदके–यन्मया रात्रौ क्षिप्तं शश्वन्नित्यं संवर्तते विद्यमानमेव सत्सम्यग्वर्तते । ★ इत्येवमुक्तवन्तं तं होवाच पिता–यथेदं लवणं दर्शनस्पर्शनाभ्यां पूर्वं गृहीतं पुनरुदके विलीनं ताभ्यामगृह्यमाणमपि विद्यत एवोपायान्तरेण जिह्वयोपलभ्यमानत्वात् । एवमेवात्रैवास्मिन्नेव तेजोऽबन्नादिकार्ये शुङ्गे देहे, वाव किलेत्याचार्योपदेशस्मरणप्रदर्शनार्थौ, सत्तेजोऽबन्नादिशुङ्गकारणं वटबीजाणिमवद्विद्यमानमेवेन्द्रियैर्नोपलभसे न निभालयसे यथात्रैवोदके दर्शनस्पर्शनाभ्यामनुपलभ्यमानं लवणं विद्यमानमेव जिह्वयोपलब्धवानसि, एवमेवात्रैव किल विद्यमानं सज्जगन्मूलमुपायान्तरेण लवणाणिमवदुपलप्स्यस इति वाक्यशेषः ॥ २ ॥

શાંકરભાષ્ય :- જેવી રીતે તે મીઠું વિલીન થઈ ગયું છે એટલા માટે તું તેને જાણી શકતો નથી. તો પણ તે પિંડરૂપ મીઠું દેખાતું ન હોવા છતાં પણ છે જળમાં જ, અને એક બીજા ઉપાયથી તેની ઉપલબ્ધિ પણ થઈ શકે છે - આ વાતની પુત્રને પ્રતીતિ કરાવવાની ઇચ્છાથી આરુણિએ કહ્યું – 'હે વત્સ ! આ જળના ઉપરના ભાગથી લઈને આચમન કર.' એવું કહીને પુત્રના એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

રીતે કરવાથી તે બોલ્યા – 'કેવું છે ?' (પુત્ર -) 'સ્વાદમાં ખારું છે.' (પિતા-) અને જળના મધ્ય ભાગમાંથી લઈને પણ આચમન કર 'કેવું છે ?' (પુત્ર-) 'ખારું છે.' (પિતા-) 'સારું, અંત-નીચેના ભાગમાંથી પણ લઈને આચમન કર' 'કેવું છે ?' (પુત્ર-) 'ખારું છે.'

(પિતા-) 'જો એવું છે તો આ જળને ઢોળીને આચમન કરીને મારી પાસે આવ.' તેણે એમ જ કર્યું, અર્થાત્ તે ખારા પાણીને ઢોળીને તે આ પ્રકારે કહેતાં કહેતાં પિતા પાસે આવ્યા કે રાત્રે મેં જે મીઠું તે જળમાં નાંખ્યું હતું તે તેમાં શાશ્વત્ - નિત્ય વર્તમાન છે અર્થાત્ તેમાં વિદ્યમાન હોઈને જ સમ્યક્ પ્રકારે રહેલું છે.

આવી રીતે કહીને તે પુત્રને પિતાએ કહ્યું – 'જેવી રીતે તે મીઠું પહેલાં દર્શન અને સ્પર્શથી ગૃહીત થયેલું પણ ફરીથી જળમાં વિલીન થવાથી તેનાથી ગૃહીત ન થવાથી પણ તેમાં વિદ્યમાન છે જ, કારણ કે ઉપાયાન્તરથી અર્થાત્ જીભ દ્વારા તેની ઉપલબ્ધિ થાય છે, આવી રીતે અહીં - તેજ, અપ્ અને અન્નના કાર્યભૂત આ શરીરરૂપ શુંગમાં - અહીં 'वाव' અને 'किल' આ બે નિપાત આચાર્યોપદેશનું સ્મરણ પ્રદર્શિત કરવાને માટે છે - તેજ, જળ અને અન્નાદિ શુંગના કારણભૂત સત્ને તું વટબીજની અણિમા સમાન વિદ્યમાન હોવા છતાં પણ ઈન્દ્રિયોથી ઉપલબ્ધ થતાં નથી - તને આ દેખાતું નથી. જેવી રીતે કે અહીં જળમાં દર્શન અને સ્પર્શથી ઉપલબ્ધ ન થનાર પણ તેમાં રહેલાં મીઠાને તેં જીભથી ઉપલબ્ધ કર્યું છે તેવી રીતે નિશ્ચય આ જ વિદ્યમાન જગતના મૂળભૂત સત્ને તું મીઠાની અણિમા સમાન અન્ય ઉપાયથી ઉપલબ્ધ કરી શકે છે - આ વાક્ય શેષ છે. ॥ ૨ ॥

स य एषोऽणिमैतदात्म्यमिद सर्वं तत्सत्य स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान्विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ३ ॥

તે જે આ અણિમા છે એ તદ્રૂપ આ સત્ય છે. તે સત્ય છે, તે આત્મા છે અને હે શ્વેતકેતુ ! તે તું છે. (આરુણિના આવી રીતે કહેવાથી શ્વેતકેતુ બોલ્યા -) 'ભગવન્ ! મને ફરી સમજાવો.' (ત્યારે આરુણિએ) 'સારું, સોમ્ય !' એવું કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स य इत्यादि समानम् । यद्येवं लवणाणिमवदिन्द्रियैरनुपलभ्यमानमपि जगन्मूलं सदुपायान्तरेणोपलब्धं शक्यते यदुपलम्भात्कृतार्थः स्यानानुपलम्भाच्चाकृतार्थः स्यामहम्, तस्यैवोपलब्धौ क उपाय इत्येतद्भूय एव मा भगवान्विज्ञापयतु दृष्टान्तेन तथा सोम्येति होवाच ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'स यः' વગેરે શ્રુતિનો અર્થ પૂર્વવત્ છે. 'જો આવી રીતે લવણની અણિમા સમાન ઈન્દ્રિયોથી ઉપલબ્ધ થનાર ન હોવાથી પણ તે જગતના મૂળભૂત સત્ કોઈ બીજા ઉપાયથી ઉપલબ્ધ થઈ શકે છે, જેની ઉપલબ્ધિથી કે હું કૃતાર્થ થઈ શકું છું અને જેને ઉપલબ્ધ ન કરવાથી અકૃતાર્થ જ રહીશ, તો તેની ઉપલબ્ધિ માટે કયો ઉપાય છે - આ વાતને હે ભગવાન્ ! આપ દૃષ્ટાંત દ્વારા મને ફરીથી પણ સમજાવો.' (ત્યારે આરુણિએ) 'હે સોમ્ય ! સારું' એવું કહ્યું. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં છઠ્ઠા અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्दशः खण्डः

यथा सोम्य पुरुषं गन्धारेभ्योऽभिनद्धाक्षमानीय तं ततोऽतिजने विसृजेत्स यथा तत्र प्राङ्वोदङ्वाधराङ्वा प्रत्यङ्वा प्रध्मायीताभिनद्धाक्ष आनीतोऽभिनद्धाक्षो विसृष्टः ॥ १ ॥

હે સોમ્ય ! જેવી રીતે (કોઈ ચોર) જેની આંખો બાંધેલી હોય એવા કોઈ પુરુષને ગાંધાર દેશથી લાવીને જનશૂન્ય સ્થાનમાં છોડી દો. તે જગ્યાએ જેવી રીતે તે પૂર્વ, ઉત્તર, દક્ષિણ અથવા પશ્ચિમ બાજુ મુખ કરીને બૂમ પાડે કે 'મને આંખ બાંધીને અહીં લાવવામાં આવ્યો છે અને આંખો બાંધીને જ છોડી મૂકવામાં આવ્યો છે.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यथा लोके हे सोम्य पुरुषं यं कश्चिद्गन्धारेभ्यो जनपदेभ्योऽभिनद्धाक्षं बद्धचक्षुषमानीय द्रव्यहर्ता तस्करस्तमभिनद्धाक्षमेव बद्धहस्तमरण्ये ततोऽप्यतिजनेऽतिगतजनेऽत्यन्तविगतजने देशे विसृजेत्स तत्र दिग्भ्रमोपेतो यथा प्राङ्वा प्रागञ्चनः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

प्राङ्मुखो वेत्यर्थः । तथोदङ्वाधराङ्वा प्रत्यङ्वा प्रध्मावीत शब्दं कुर्याद्विक्रोशेत्, अभिनद्धाक्षोऽहं गन्धारेभ्यस्तस्करेणानीतोऽभिनद्धाक्ष एव विसृष्ट इति ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! લોકમાં જેવી રીતે કોઈ દ્રવ્યનું હરણ કરનાર ચોર કોઈ પુરુષને જે અભિનદ્ધાક્ષ હોય અર્થાત્ જેની આંખો બાંધી દીધી હોય, ગાંધાર દેશમાંથી લાવીને વનમાં અને તેમાં પણ જે અતિજન-અતિગતજન અર્થાત્ અત્યંત જનશૂન્ય હોય એવા દેશમાં આંખો અને હાથ બાંધીને છોડી દે તો તે જગ્યાએ તે દિશાભ્રમથી યુક્ત થયેલો 'प्राङ्वा' - પૂર્વની બાજુ જતો અર્થાત્ પૂર્વાભિમુખ થયેલો અને ઉત્તર, દક્ષિણ અથવા પશ્ચિમ બાજુ મુખ કરીને આવી રીતે શબ્દો કહે અર્થાત્ બૂમ પાડે કે 'મને ગાંધાર દેશમાંથી આંખો બાંધીને અહીં ચોર લઈ આવ્યા છે અને આંખો બાંધીને જ છોડી દીધો છે.' ॥ ૧ ॥

एवं विक्रोशतः— આવી રીતે બૂમો પાડનાર —

तस्य यथाभिनहनं प्रमुच्य प्रब्रूयादेतां दिशं गन्धारा एतां दिशं व्रजेति स ग्रामाद्ग्रामं पृच्छन्पण्डितो मेधावी गन्धारानेवोपसम्पद्येतैवमेवेहाचार्यवान्पुरुषो वेद तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ सम्पत्स्य इति ॥ २ ॥

તે પુરુષના બંધનને છોડીને જેમ કોઈ કહે કે 'ગાંધાર દેશ આ દિશામાં છે, એટલે આ દિશામાં જા,' તો તે બુદ્ધિમાન અને સમજદાર પુરુષ એક ગામથી બીજું ગામ પૂછતો ગાંધારમાં જ પહોંચી જાય છે, આવી રીતે આ લોકમાં આચાર્યવાન પુરુષ જ (સત્‌ને) જાણે છે, તેના માટે (મોક્ષ થવામાં) એટલો જ વિલંબ છે જ્યાં સુધી કે તે (દેહબંધનથી) મુક્ત થતો નથી. તે પછી તો તે સત્સંપન્ન (બ્રહ્મને પ્રાપ્ત) થઈ જાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्य यथाभिनहनं यथा बन्धनं प्रमुच्य मुक्त्वा कारुणिकः कश्चिदेतां दिशमुत्तरतो गन्धारा एतां दिशं व्रजेति प्रब्रूयात्स एवं कारुणिकेन बन्धनान्मोक्षितो ग्रामाद्ग्रामान्तरं पृच्छन्पण्डित उपदेशवान्मेधावी परोपदिष्टग्रामप्रवेशमार्गावधारणसमर्थः सन्गान्धारानेवोपसम्पद्येत, नेतरो मूढमतिर्देशान्तरदर्शनतृड्वा । ★ यथायं दृष्टान्तो वर्णितः, स्वविषयेभ्यो गन्धारेभ्यः पुरुषस्तस्करैरभिनद्धाक्षोऽविवेको दिङ्मूढोऽशनायापिपासादिमान्व्याघ्रतस्कराद्यनेकभयानर्थव्रातयुतमरण्यं प्रवेशितो दुःखार्तो विक्रोशन्बन्धनेभ्यो मुमुक्षुस्तिष्ठति स कथञ्चिदेव कारुणिकेन केनचिन्मोक्षितः स्वदेशान्गान्धारानेवापन्नो निर्वृतः सुख्यभूत् । ★ एवमेव सतो जगदात्मस्वरूपात्तेजोऽबन्नादिमयं देहारण्यं वातपित्तकफरुधिरमेदोमांसास्थिमज्जाशुक्रकृमिमूत्रपुरीषवच्छीतोष्णाद्यनेकद्वन्द्वसुखदुःखवच्चेदं मोहपटाभिनद्धाक्षो भार्यापुत्रमित्रपशुबन्ध्वादिदृष्टानेकविषयतृष्णापाशितः पुण्यापुण्यादितस्करैः प्रवेशितः 'अहममुष्य पुत्रो ममैते बान्धवाः सुख्यहं दुःखी मूढः पण्डितो धार्मिको बन्धुमाञ्जातो मृतो जीर्णः पापी पुत्रो मे मृतो धनं मे नष्टं हा हतोऽस्मि कथं जीविष्यामि का मे गतिः किं मे त्राणम् ?' इत्येवमनेकशतसहस्रानर्थजालवान्विक्रोशन्कथञ्चिदेव पुण्यातिशयात्परमकारुणिकं कञ्चित्सद्ब्रह्मात्मविदं विमुक्तबन्धनं ब्रह्मिष्ठं यदासादयति । तेन च ब्रह्मविदा कारुण्याद्दर्शितसंसारविषयदोषदर्शनमार्गो विरक्तः संसारविषयेभ्यः 'नासि त्वं संसार्यमुष्य पुत्रत्वादिधर्मवान्' किं तर्हि ? 'सद् यत्तत्त्वमसि' इत्यविद्यामोहपटाभिनहनान्मोक्षितो गन्धारपुरुषवच्च स्वं सदात्मानमुपसंपद्य सुखी निर्वृतः स्यादित्येतमेवार्थमाहाचार्यवान् पुरुषो वेदेति । ★ तस्यास्यैवमाचार्यवतो मुक्ताविद्याभिनहनस्य तावदेव तावानेव कालश्चिरं क्षेपः सदात्मस्वरूपसम्पत्तेरिति वाक्यशेषः । कियान्कालश्चिरम् ? इत्युच्यते—यावन्न विमोक्ष्ये न विमोक्ष्यत इत्येतत् पुरुषव्यत्ययेन, सामर्थ्यात्; येन कर्मणा शरीरमारब्धं तस्योपभोगेन क्षयाद्देहपातो यावदित्यर्थः । अथ तदैव सत्सम्पत्स्ये सम्पत्स्यत इति पूर्ववत् । न हि देहमोक्षस्य सत्सम्पत्तेश्च कालभेदोऽस्ति, येनाथशब्द आनन्तर्यार्थः स्यात् । ★ ननु यथा सद्विज्ञानानन्तरमेव देहपातः सत्सम्पत्तिश्च न भवति कर्मशेषवशात्, यथाप्रवृत्तफलानि प्राग्ज्ञानोत्पत्तेर्जन्मान्तरसञ्चितान्यपि कर्माणि सन्तीति तत्फलोपभोगार्थं पतितेऽस्मिञ्शरीरान्तरमारब्धव्यम् । उत्पन्ने च ज्ञाने यावज्जीवं विहितानि प्रतिषिद्धानि वा कर्माणि करोत्येवेति तत्फलोपभोगार्थं चावश्यं शरीरान्तरमारब्धव्यम्; तत्श्च कर्माणि ततः शरीरान्तरमिति ज्ञानानर्थक्यं कर्मणां फलवत्त्वात् । ★ अथ ज्ञानवतः क्षीयन्ते कर्माणि तदा ज्ञानप्राप्तिसमकालमेव ज्ञानस्य सत्सम्पत्तिहेतुत्वान्मोक्षः स्यादिति शरीरपातः स्यात् । तथा चाचार्याभाव इत्याचार्यवान्पुरुषो वेदेत्यनुपपत्तिर्ज्ञानान्मोक्षाभावप्रसङ्गश्च । देशान्तरप्राप्तप्त्युपायज्ञानवदनैकान्तिकफलत्वं वा ज्ञानस्य । ★ न; कर्मणां प्रवृत्ताप्रवृत्तफलत्वविशेषोपपत्तेः । यदुक्तमप्रवृत्तफलानां कर्मणां ध्रुवफलवत्त्वाद्ब्रह्मविदः शरीरे पतिते शरीरान्तरमाब्धव्यमप्रवृत्तकर्मफलोपभोगार्थमिति, एतदसत्; विदुषः **'तस्य तावदेव चिरम्'** इति श्रुतेः प्रामाण्यात् । ★ ननु **'पुण्यो वै पुण्येन कर्मणा भवति'** (बृ.उप.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

३-२-१३) इत्यादि श्रुतेरपि प्रामाण्यमेव । ★ सत्यमेवम्, तथापि प्रवृत्तफलानामप्रवृत्तफलानां च कर्मणां विशेषोऽस्ति । कथम् ? यानि प्रवृत्तफलानि कर्माणि यैर्विद्वच्छरीरमारब्धम्, तेषामुपभोगेनैव क्षयः । यथारब्धवेगस्य लक्ष्यमुक्तेष्वादेर्वेगक्षयादेव स्थितिर्न तु लक्ष्यवेध-समकालमेव प्रयोजनं नास्तीति तद्वत् । अन्यानि त्वप्रवृत्तफलानीह प्राग्ज्ञानोत्पत्तेरूर्ध्वं च कृतानि वा क्रियमाणानि वातीतजन्मान्तरकृतानि वाप्रवृत्तफलानि ज्ञानेन दह्यन्ते प्रायश्चित्तेनेव । **'ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा'** (भ.गी. ४-३७) इति स्मृतेश्च । **'क्षीयन्ते चास्य कर्माणि'** (मुं.मु. २-२-६) इति चाथर्वणे । ★ अतो ब्रह्मविदो जीवनादिप्रयोजनाभावेऽपि प्रवृत्तफलानां कर्मणामवश्यमेव फलोपभोगः स्यादिति मुक्तेषुवत् **'तस्य तावदेव चिरम्'** इति युक्तमेवोक्तमिति यथोक्तदोषचोदनानुपपत्तिः । ज्ञानोत्पत्तेरूर्ध्वं च ब्रह्मविदः कर्माभावमवोचाम **'ब्रह्मसंस्थोऽमृतत्वमेति'** इत्यत्र तच्च स्मर्तुमर्हसि ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે પુરુષના અભિનહન-બંધનને છોડીને જેવી રીતે કોઈ કૃપાળુ પુરુષ કહે કે આ દિશામાં ઉત્તર તરફ ગાંધાર દેશ છે. એટલે આ દિશા તરફ જા, તો આવી રીતે તે કૃપાળુ પુરુષ દ્વારા બંધનમાંથી છોડાવેલો તે પંડિત-ઉપદેશવાન અને મેધાવી-બીજાના બતાવેલા ગામમાં પ્રવેશ કરીને માર્ગને થોડો થોડો સમજનાર સમર્થ પુરુષ એક ગામથી બીજા ગામને પૂછતો પૂછતો ગાંધાર દેશમાં જ પહોંચી જાય છે - બીજો મૂઢમતિ અથવા દેશાન્તર જોવાની તૃષ્ણાવાળો પહોંચી શકતો નથી.

જેવી રીતે આ દૃષ્ટાંત વર્ણન કરવામાં આવ્યું છે અર્થાત્ પોતાના દેશ ગાંધારથી ચોરો દ્વારા આંખે બાંધીને લાવાવમાં આવેલા વિવેકશૂન્ય, દિક્મૂઢ અને ભૂખતરસથી યુક્ત થયેલો વ્યાઘ્ર-ચોરો વગેરે અનેક ભય અને અનર્થ સમૂહથી ઘેરાયેલા વનમાં પ્રવેશ કરાવવામાં આવેલો પુરુષ દુઃખાર્ત થઈને બૂમો પાડતો બંધનોથી મુક્ત થવાને માટે ઉત્સુક હતો અને તે કોઈ કૃપાળુ દ્વારા તે બંધનોથી મુક્ત કરવામાં આવતાં કોઈ પ્રકારે પોતાના દેશ ગાંધારમાં પહોંચીને જ કૃતાર્થ એટલે સુખી થયો.

બરાબર આવી રીતે સંસારના આત્મસ્વરૂપ સત્થી તેજ, જળ અને અન્નાદિમય દેહરૂપ વનમાં જો કે વાત, પિત્ત, કફ, લોહી, મેદ, માંસ, અસ્થિ, મજ્જા, શુક્ર, કૃમિ અને મળ-મૂત્રથી પૂર્ણ અને શીતોષ્ણાદિ અનેક દ્વંદ્વ અને સુખ-દુઃખથી યુક્ત છે, આ જીવ મોહરૂપ વસ્ત્રથી બંધાયેલા નેત્રોવાળો થઈને તથા સ્ત્રી, પુત્ર, મિત્ર, પશુ અને બંધુ વગેરે દૃષ્ટ અને અદૃષ્ટ અનેક વિષય તૃષ્ણાઓથી બંધાયેલો પુણ્ય-પાપ રૂપ ચોરો દ્વારા પ્રવેશિત કરી દેવામાં આવતાં 'હું આનો પુત્ર છું, આ મારા બાંધવ છે, હું સુખી, દુઃખ, મૂઢ, પંડિત, ધાર્મિક અથવા બંધુમાન છું, હું ઉત્પન્ન થયો છું, મરું છું, જરાગ્રસ્ત છું, પાપી છું, મારો પુત્ર મરી ગયો છે, ધન નષ્ટ થઈ ગયું છે, હા ! હું મારી નાંખવાનાં આવ્યો, હવે કેવી રીતે જીવિત રહીશ ? મારી કઈ ગતિ થશે ? હવે મારો રક્ષક કોણ છે ?' આવી અનેક સેંકડો અનર્થ જાળોથી યુક્ત થઈને રડતાં જ્યારે પુણ્યની અધિકતા થવાથી કોઈ પ્રકારે કોઈ પરમ કૃપાળુ સદ્બ્રહ્માત્મજ્ઞ બંધનમુક્ત બ્રહ્મનિષ્ઠ મહાપુરુષને પ્રાપ્ત થાય છે અને તે બ્રહ્મવેત્તા દ્વારા દયાવશ સાંસારિક વિષયોના દોષ દર્શનનો માર્ગ બતાવવામાં આવતાં સાંસારિક વિષયોથી વિરકત થઈ જાય છે અને 'તું સંસારી નથી અને ન આના પુત્રત્વાદિ ધર્મવાળો જ છે, તો કોણ છે ? – જે સત્ તત્ત્વ છે તે જ તું છે' આવી રીતના ઉપદેશથી અવિદ્યામય મોહરૂપ વસ્ત્રના બંધનથી છોડાવીને ગાંધારદેશીય પુરુષ સમાન પોતાના સદાત્માને પ્રાપ્ત કરીને સુખી અને શાંત થઈ જાય છે - આ જ વાતને (આરુણિએ) 'आचार्यवान्पुरुषो वेद' આ વાક્યથી કહી છે.

આવી રીતે આચાર્યવાન અને અવિદ્યારૂપ બંધનથી મુક્ત થયેલા તે પુરુષને માટે સદાત્મસ્વરૂપની પ્રાપ્તિમાં - આટલું વાક્યશેષ જોડવું જોઈએ - તેટલા જ સમય સુધી વાર હોય અર્થાત્ કાલક્ષેપ હોય - કેટલા સમય સુધી વાર છે ? તો બતાવવામાં આવે છે - જ્યાં સુધી કે તે (દેહબંધનથી) મુક્ત થઈ જાય નહીં. અહીં પ્રસંગના સામર્થ્યથી 'विमोक्ष्ये' ને 'विमोक्ष्यते' આવી રીતે પ્રથમ પુરુષમાં બદલીને અર્થ કરવો જોઈએ. તાત્પર્ય આ છે કે જે કર્મથી તેના દેહનો આરંભ થયો હતો તેના ઉપભોગ દ્વારા ક્ષય થઈને જ્યાં સુધી દેહપાત થશે (ત્યાં સુધી વાર છે). દેહપાત થતાં તો તે તે સમયે સત્ને પ્રાપ્ત થઈ જશે. 'सम्पत्स्ये' ના સ્થાને 'सम्पत्स्यते' એવું પૂર્વવત્ પુરુષ પરિવર્ત કરી લેવું જોઈએ. દેહપાત અને સત્ની પ્રાપ્તિમાં કાળનું અંતર નથી, જેનાથી કે 'अथ' શબ્દ આનંતર્ય અર્થવાચી થાય.

પૂર્વપક્ષી :- પરંતુ જેવી રીતે પ્રારબ્ધ કર્મ અવશિષ્ટ રહેવાને કારણે સત્નું જ્ઞાન થયા પછી જ દેહપાત અને સત્ની પ્રાપ્તિ થતી નથી તેવી રીતે જ્ઞાનોત્પત્તિ પહેલાં અને જન્માન્તરોમાં કરેલાં બીજા પણ એવા સંચિત કર્મ છે જ જે હવે ફળ આપવામાં પ્રવૃત્ત થયાં નથી. એટલે તેનું ફળ ભોગવવા માટે આ શરીરનું પતન થવાથી બીજા શરીરને પ્રાપ્ત થવું આવશ્યક છે. જ્ઞાન ઉત્પન્ન થઈ જવાથી પણ પુરુષ જીવનપર્યંત વિહિત અથવા પ્રતિષિદ્ધ કર્મ કરે જ છે, એટલે તેનું ફળ ભોગવવા માટે પણ દેહાન્તરની પ્રાપ્તિ અવશ્ય થવી જોઈએ, તે સમયે ફરી કર્મ થશે અને તેનાથી ફરીથી દેહાન્તરની પ્રાપ્તિ થશે. આવી રીતે કર્મોનું ફળયુક્ત હોવાને કારણે જ્ઞાનની વ્યર્થતા સિદ્ધ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

અને જો આ માનો કે જ્ઞાનીના કર્મ ક્ષીણ થઈ જાય છે તો જ્ઞાન સત્સંપત્તિનો હેતુ હોવાને કારણે જ્ઞાનપ્રાપ્તિના સમયે જ મોક્ષ થઈ જશે, એટલે તે જ સમયે દેહપાત થઈ જવો જોઈએ. આમ થવાથી આચાર્યનો અભાવ થઈ જશે,એટલે 'આચાર્યવાન પુરુષને જ્ઞાન થાય છે' આ વાક્ય અનુપપન્ન થશે અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્તિના અભાવનો પ્રસંગ ઉપસ્થિત થશે. અથવા દેશાન્તરની પ્રાપ્તિના સાધનોના જ્ઞાન સમાન જ્ઞાનનું વ્યભિચારી ફળયુક્ત હોવું સિદ્ધ થશે.

સિદ્ધાન્તી :- આમ કહેવું બરાબર નથી,કારણકે કર્મોમાં પ્રવૃત્તફળત્વ અને અપ્રવૃત્તફળત્વ આ વિશેષતા હોવી સંભવ છે. એટલે તમે જે કહ્યું કે અપ્રવૃત્તફળકર્મ પણ નિશ્ચય ફળ આપનાર છે, એટલા માટે દેહપાત થયા પછી તે અપ્રવૃત્તફળ કર્મોના ફળ ભોગવવાને માટે દેહાન્તરનું પ્રાપ્ત થવું અવશ્યમ્ભાવી છે - તે બરાબર નથી, કારણ કે **'તે વિદ્વાનના મોક્ષમાં તો એટલો (દેહપાત થવા સુધીનો) જ વિલંબ છે'** આ શ્રુતિ પ્રમાણ છે.

પૂર્વપક્ષી :- પરંજુ **'પુણ્યકર્મથી પુરુષ પુણ્યવાન થાય છે'** (બૃ.ઉપ. ૩-૨-૧૩) આ શ્રુતિ પણ તો પ્રામાણિક જ છે.

સિદ્ધાન્તી :- સાચે એવું જ છે. તો પણ પ્રવૃત્તફળ અને અપ્રવૃત્તફળ કર્મોમાં કંઈક વિશેષતા છે. કેવી રીતે ? - જે પ્રવૃત્ત ફળકર્મ છે, જેનાથી કે વિદ્વાનના શરીરનો આરંભ થયો છે તેનો ક્ષય ફલોપભોગ દ્વારા જ થઈ શકે છે જેવી રીતે જેના વેગનો આરંભ થઈ ગયો છે તે લક્ષ્યની બાજુ છોડેલા બાણની સ્થિતિ તેના વેગનો ક્ષય થવાથી જ થઈ શકે છે, લક્ષ્યવેધ કરતાં જ તેને (આગળ જવાનું) કોઈ પ્રયોજન રહેતું નથી - એવી વાત નથી, તેવી રીતે અહીં સમજવું જોઈએ. જ્ઞાનીના જે અન્ય અપ્રવૃત્તફળકર્મ જ્ઞાનોત્પત્તિથી પહેલાં કરેલાં અથવા તેના પછી કરવામાં આવનાર હોય છે અથવા જે પૂર્વ જન્મમાં કરવામાં આવેલાં અપ્રવૃત્ત ફળકર્મ હોય છે તે પ્રાયશ્ચિતથી પાપો સમાન જ્ઞાનથી દગ્ધ થઈ જાય છે. **'જ્ઞાનાગ્નિ સંપૂર્ણ કર્મોને ભસ્મીભૂત કરી દે છે.'** (ભ.ગી. ૪-૩૭) આ સ્મૃતિથી આ જ પ્રમાણિત થાય છે, અને **'આના કર્મ ક્ષીણ થઈ જાય છે'** (મું.ઉપ. ૨-૨-૯) એવું અથર્વણ શ્રુતિમાં પણ કહ્યું છે.

એટલે બ્રહ્મવેત્તાને જીવનાદિનું પ્રયોજન ન હોવાથી પણ પ્રવૃત્તફળકર્મોનું ફળોપભોગ અવશ્ય થવાનું છે એટલા માટે છોડેલાં બાણ સમાન **'તેને (સત્‌ની પ્રાપ્તિમાં) ત્યાં સુધી વિલંબ છે જ્યાં સુધી કે તે દેહબંધનથી છુટતો નથી.'** આવું બરાબર જ કહ્યું છે, એટલે ઉપર્યુક્ત દોષની શંકા કરવી બરાબર નથી. 'ब्रह्मसंस्थोऽमृतत्वमेति' આ વાક્યની વ્યાખ્યાના સમયે જ્ઞાનોત્પત્તિ પછી તો અમે બ્રહ્મવેત્તાના કર્મનો અભાવ પ્રતિપાદન કર્યો છે, તેનું આ સમયે સ્મરણ કરવું જોઈએ. ॥ ૨ ॥

स य एषोऽणिमैतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳ स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान् विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ३ ॥

તે જે આ અણિમા છે એ તદ્રૂપ જ આ સર્વ છે. તે સત્ય છે, તે આત્મા છે અને હે શ્વેતકેતુ ? તે તું છે. (આરુણિના આવી રીતે કહેવાથી શ્વેતકેતુ બોલ્યા -) 'ભગવન્ ! મને ફરીથી સમજાવો.' (ત્યારે આરુણિએ) 'સારું સોમ્ય !' એમ કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स य इत्याद्युक्तार्थम् । आचार्यवान्विद्वान्येन क्रमेण सत्सम्पद्यते तं क्रमं दृष्टान्तेन भूय एव मा भगवान्विज्ञापयत्विति । तथा सोम्येति होवाच ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'स यः' વગેરે મંત્રનો અર્થ પહેલાં કહી દેવામાં આવ્યો છે. 'હે ભગવન્ ! આચાર્યવાન વિદ્વાન જે ક્રમથી સત્‌ને પ્રાપ્ત થાય છે તે ક્રમ અને દૃષ્ટાંત દ્વારા ફરીથી સમજાવો' એવું શ્વેતકેતુએ કહ્યું. ત્યારે આરુણિએ કહ્યું. 'સૌમ્ય ! સારું.' ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये चतुर्दशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १४ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના ચૌદમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चदशः खण्डः

पुरुषꣳसोम्योतोपतापिनं ज्ञातयः पर्युपासते जानासि मां जानासि मामिति । तस्य यावन्न वाङ्मनसि सम्पद्यते मनः प्राणे प्राणस्तेजसि तेजः परस्यां देवतायां तावज्जानाति ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

હે સોમ્ય ! (જવરાદિથી) સંતપ્ત (મુમૂર્ષુ) પુરુષને ચારે બાજુથી ઘેરીને તેના બાંધવગણ પૂછ્યા કરે છે - 'શું તું મને જાણે છે ? શું તું મને ઓળખે છે ?' જ્યાં સુધી તેની વાણી મનમાં લીન ન થાય અને મન પ્રાણમાં, પ્રાણ તેજમાં અને તેજ પરદેવમાં લીન થાય નહીં ત્યાં સુધી તે ઓળખી લે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- पुरुषं हे सोम्योतोपतापिनं ज्वराद्युपतापवन्तं ज्ञातयो बान्धवाः परिवार्योपासते मुमूर्षुजानासि मां तव पितरं पुत्रं भ्रातरं वा-इति पृच्छन्तः । तस्य मुमूर्षोर्यावन्न वाङ्मनसि सम्पद्यते मनः प्राणे प्राणस्तेजसि तेजः परस्यां देवतायामित्येतदुक्तार्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! ઉપતાપી - જરાદિથી અત્યંત સંતપ્ત થયેલા પુરુષને જ્ઞાતિજન-બાંધવગણ ઘેરી લઈને તે મુમૂર્ષુ પુરુષને 'શું તું મને તારા પિતા, પુત્ર અથવા ભાઈને ઓળખે છે ?' આવી રીતે પૂછીને તેની ચારે બાજુ બેસી જાય છે. તે મુમૂર્ષુની જ્યાં સુધી વાણી મનમાં લીન ન થાય અને મન પ્રાણમાં, પ્રાણ તેજમાં અને તેજ પરદેવમાં લીન ન થાય વગેરે વાક્યનો અર્થ પહેલાં કહી દેવામાં આવ્યો છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- संसारिणो यो मरणक्रमः स एवायं विदुषोऽपि सत्सम्पत्तिक्रम इत्येतदाह–

શાંકરભાષ્ય :- સંસારી જીવનો જે મરણક્રમ છે તે જ વિદ્વાનની સત્સંપત્તિનો ક્રમ છે. આ જ વાતને આરુણિ બતાવે છે –

अथ यदास्य वाङ्मनसि सम्पद्यते मनः प्राणे प्राणस्तेजसि तेजः परस्यां देवतायामथ न जानाति ॥ २ ॥

પછી જે સમયે તેની વાણી મનમાં લીન થઈ જાય છે અને મન પ્રાણમાં, પ્રાણ તેજમાં અને તેજ પરદેવમાં લીન થઈ જાય છે ત્યારે તે ઓળખતો નથી. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- परस्यां देवतायां तेजसि सम्पन्नेऽथ न जानाति । अविद्वांस्तु सत उत्थाय प्राग्भावितं व्याघ्रादिभावं देवमनुष्यादिभावं वा विशति । विद्वांस्तु शास्त्राचार्योपदेशजनितज्ञानदीपप्रकाशितं सद्ब्रह्मात्मानं प्रविश्य नावर्तत इत्येष सत्सम्पत्तिक्रमः । ★ अन्ये तु मूर्धन्यया नाड्योत्क्रम्यादित्यादि द्वारेण सद्गच्छन्तीत्याहुः, तदसत्; देशकालनिमित्तफलाभिसंधानेन गमनदर्शनात् । न हि सदात्मैकत्वदर्शिनः सत्याभिसन्धस्य देशकालनिमित्तफलाद्यनृताभिसंधिरुपपद्यते, विरोधात् । अविद्याकामकर्मणां च गमननिमित्तानां सद्विज्ञानहुताशनविप्लुष्टत्वाद्गमनानुपपत्तिरेव, '**पर्याप्तकामस्य कृतात्मनस्त्विहैव सर्वे प्रविलीयन्ति कामाः**' (मुं.उप. ३-२-२) इत्याद्याथर्वणे । नदीसमुद्रदृष्टान्तश्रुतेश्च ॥ २ ॥

શાંકરભાષ્ય :- પરદેવમાં તેજના લીન થઈ જવાથી પછી આ ઓળખતો નથી. પરંતુ જે અવિદ્વાન હોય છે તે તો સત્થી ઉત્થિત થઈને પહેલાં ભાવના કરેલાં વ્યાઘ્રાદિ ભાવ અને દેવ-મનુષ્યાદિ ભાવમાં પ્રવેશ કરે છે, પરંતુ વિદ્વાન શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશજનિત જ્ઞાનદીપકથી પ્રકાશિત સદ્બ્રહ્મરૂપ આત્મામાં પ્રવેશ કરીને ફરી પાછો આવતો નથી - આ જ સત્પ્રાપ્તિનો ક્રમ છે.

કેટલાક અન્ય મતાવલંબિઓએ જે કહ્યું છે કે 'મૂર્ધન્ય નાડીથી ઉત્ક્રમણ કરીને આદિત્યાદિ દ્વારા સત્ને પ્રાપ્ત થાય છે, તે બરાબર નથી, કારણ કે આવી રીતનું ગમન તો દેશ, કાળ, નિમિત્ત અને ફળના અભિનિવેશપૂર્વક જોવામાં આવે છે અને સદાત્માનું એકત્વ જોનારા સત્યનિષ્ઠ વિદ્વાનને દેશ, કાળ, નિમિત્ત અને ફળ વગેરે અસદ્વસ્તુઓનો અભિનિવેશ થવો સંભવ નથી. કારણ કે તેનો તે(સત્યનિષ્ઠા)નો વિરોધ છે. ગમનના નિમિત્તભૂત અવિદ્યા, કામના અને કર્મોના સદ્વિજ્ઞાનરૂપ અગ્નિથી ભસ્મ થઈ જવાને કારણે તેના ગમનની અનુપપત્તિ જ છે. '**પૂર્ણકામ કૃતકૃત્ય પુરુષની સંપૂર્ણ કામનાઓ અહીં લીન થઈ જાય છે**' (મું.ઉપ. ૩-૨-૨) એવું અથર્વણ શ્રુતિમાં કહ્યું છે, અને આના સિવાય નદી-સમુદ્ર-દૃષ્ટાંતની શ્રુતિ પણ છે. ॥ ૨ ॥

स य एषोऽणिमैतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳ स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति भूय एव मा भगवान्विज्ञापयत्विति तथा सोम्येति होवाच ॥ ३ ॥

તે જે આ અણિમા છે એ તદ્રૂપ જ આ સર્વ છે. તે સત્ય છે, તે આત્મા છે, અને હે શ્વેતકેતુ ! તે જ તું છે. (આરુણિના આવી રીતે કહેવાથી શ્વેતકેતુ બોલ્યા -) ભગવન્ ! મને ફરીથી સમજાવો.' ત્યારે (આરુણિએ) 'સારું, સોમ્ય !' એમ કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स य इत्यादि समानम् । यदि मरिष्यतो मुमुक्षतश्च तुल्या सत्सम्पत्तिस्तत्र विद्वान्सत्सम्पन्नो नावर्तत आवर्तते त्वविद्वानित्यत्र कारणं दृष्टान्तेन भूय एव मा भगवान्विज्ञापयत्विति । तथा सोम्येति होवाच ॥ ३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- 'स यः' વગેરે શ્રુતિનો અર્થ પૂર્વવત્ છે. 'જો મરનાર અને મુમુક્ષુની સત્સંપત્તિ એક જેવી છે તો વિદ્વાન તો સત્‌ને પ્રાપ્ત થઈને પાછો આવતો નથી અને અવિદ્વાન પાછો આવે છે - આમાં જે કારણ છે તેને હે ભગવન્ ! દૃષ્ટાંત દ્વારા મને ફરીથી સમજાવો' (- આવું શ્વેતકેતુએ કહ્યું). ત્યારે આરુણિએ કહ્યું - 'સોમ્ય ! સારું' ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये पञ्चदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १५ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના પંદરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षोडशः खण्डः

શૃણુ યથા– સાંભળ, જેવી રીતે –

पुरुषꣳ सोम्योत हस्तगृहीतमानयन्त्यपहार्षीत्स्तेयमकार्षीत्परशुमस्मै तपतेति स यदि तस्य कर्ता भवति तत एवानृतमात्मानं कुरुते सोऽनृताभिसन्धोऽनृतेनात्मानमन्तर्धाय परशुं तप्तं प्रतिगृह्णाति स दह्यतेऽथ हन्यते ॥ १ ॥

હે સોમ્ય ! (રાજકર્મચારી) કોઈ પુરુષને હાથ બાંધીને લાવે છે (અને કહે છે -) 'આણે ધનનું અપહરણ કર્યું છે, ચોરી કરી છે આના માટે પરશુ તપાવો.' તે જો તેનો (ચોરીનો) કરનારો હોય છે તો પોતાને મિથ્યાવાદી પ્રમાણિત કરે છે. તે મિથ્યાભિનિવેશવાળો પુરુષ પોતાને મિથ્યાત્વને સંતાડતો તપાવવામાં આવેલા પરશુને ગ્રહણ કરે છે, પરંતુ તે તેનાથી દાઝે છે અને મરી જાય છે. ॥ ૧ ॥

શાઙ્કરભાષ્યમ્ :- सोम्य पुरुषं चौर्यकर्मणि संदिह्यमानं निग्रहाय परीक्षणाय वोतापि हस्तगृहीतं बद्धहस्तमानयन्ति राजपुरुषाः । किं कृतवानयमिति पृष्टाश्चाहुरपहार्षीद्धनमस्यायम् । ते चाहुः किमपहरणमात्रेण बन्धनमर्हति ? अन्यथा दत्तेऽपि धने बन्धनप्रसङ्गात्; इत्युक्ताः पुनराहुः—स्तेयमकार्षीच्चौर्येण धनमुपहार्षीदिति । तेष्वेवं वदत्स्वितरोऽपहनुते नाहं तत्कर्तेति । ★ ते चाहुः संदिह्यमानं स्तेयमकार्षीस्त्वमस्य धनस्येति । तस्मिंश्चापह्नुवान् आहुः परशुमस्मै तपतेति शोधयत्वात्मानमिति । स यदि तस्य स्तैन्यस्य कर्ता भवति बद्धिश्चापह्नुते स एवं भूतस्तत एवानृतमन्यथाभूतं सन्तमन्यथात्मानं कुरुते । स तथानृताभिसन्धोऽनृतेनात्मानमन्तर्धाय व्यवहितं कृत्वा परशुं तप्तं मोहात्प्रतिगृह्णाति स दह्यतेऽथ हन्यते राजपुरुषैः स्वकृतेनानृताभिसन्धिदोषेण ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે સોમ્ય ! જે પુરુષના વિષયમાં ચોરી કરવાનો સંદેહ થાય છે તેને રાજકર્મચારી દંડ આપવા અથવા તેની પરીક્ષા કરવા માટે હાથ બાંધીને લાવે છે. 'આણે શું કર્યું છે ?' આવી રીતે પૂછવામાં આવતાં તે કહે છે કે 'આણે આ પુરુષનું ધન લીધું છે.' ત્યારે તે (ન્યાયાધીશ) કહે છે 'શું ધન લેવા માત્રથી તે બંધનને યોગ્ય થઈ ગયો, ત્યારે તો અન્ય કોઈ રીતે ધન આપવાથી પણ તેને લેનારને બંધનનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.' આવી રીતે કહેવામાં આવતાં તે ફરીથી કહે છે - 'આણે ચોરી કરી છે અર્થાત્ ચોરીથી ધન લીધું છે.' તેના આવી રીતે કહેવાથી તે પુરુષ 'હું ચોરી કરનારો નથી' એમ કહીને પોતાના કર્મને સંતાડે છે.

ત્યારે તે સંદેહ કરવામાં આવેલાં પુરુષને કહે છે - 'તેં આના ધનની ચોરી અવશ્ય કરી છે.' પછી પણ તેના સંતાડવાથી તે કહે છે - 'આના માટે પરશુ તપાવો - આવી રીતે આ પોતાને નિર્દોષ સિદ્ધ કરે.' જો તે પેલી ચોરીનો કરવાવાળો હોય છે અને ઉપરથી સંતાડે છે તો એમ થવાથી તે પોતાને અનૃત અર્થાત્ અન્યથા (ચોર) હોવાથી પોતાને અન્યથા પ્રદર્શિત કરે છે. આવી રીતે મિથ્યાભિનિવેશવાળો થઈને તે પોતાને મિથ્યાથી અંતર્હિત કરીને - સંતાડીને મોહવશ તપેલા પરશુને ગ્રણ કરે અને જલાવે છે. ત્યારે પોતાના કરેલા મિથ્યાભિનિવેશરૂપ દોષથી તે રાજ-પુરુષો દ્વારા મારી નાખવામાં આવે છે. ॥ ૧ ॥

अथ यदि तस्याकर्ता भवति तत एव सत्यमात्मानं कुरुते स सत्याभिसन्धः सत्येनात्मानमन्तर्धाय परशुं तप्तं प्रतिगृह्णाति स न दह्यतेऽथ मुच्यते ॥ २ ॥

હવે જો તે પેલી(ચોરી)નો કરનારો નથી હોતો તો તેનાથી તે પોતાને સત્યપ્રમાણિત કરે છે. તે સત્યાભિસંધ પોતાને સત્યથી આવૃત કરીને તે તપાવવામાં આવેલા પરશુને પકડી લે છે. તે તેનાથી બળતો નથી અને છોડી મૂકવામાં આવે છે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- अथ यदि तस्य कर्मणोऽकर्ता भवति, तत एव सत्यमात्मानं कुरुते । स सत्येन तया स्तैन्याकर्तृतयात्मानमन्तर्धाय परशुं तप्तं प्रतिगृह्णाति । स सत्याभिसन्धः सन्न दह्यते सत्यव्यवधानात्, अथ मुच्यते च मृषाभियोक्तृभ्यः । तप्तपरशुहस्ततलसंयोगस्य तुल्यत्वेऽपि स्तेयकर्त्रकर्त्रोरनृताभिसन्धो दह्यते न तु सत्याभिसन्धः ॥ २ ॥

શાંકરભાષ્ય :- હવે જો તે પેલા કર્મનો કરનારો ન હોય તો તે(ચોરીના અકર્તૃત્વ)ના જ દ્વારા તે પોતાને સત્ય પ્રમાણિત કરે છે. તે પેલી ચોરીની અકર્તૃતારૂપ સત્યથી પોતાને અંતર્હિત કરીને પેલા તપેલા પરશુને ગ્રહણ કરે છે અને સત્યાભિસંધ હોવાને કારણે સત્યનું વ્યવધાન થઈ જવાથી તે તેનાથી બળતો નથી. ત્યારે મિથ્યા અભિયોગ લગાવનાર તેને તત્કાળ છોડી દે છે. આવી રીતે તપેલી પરશુ અને હથેળીના સંયોગની સમાનતા હોવાથી પણ ચોરી કરનાર અને ન કરનારમાં મિથ્યાભિસંધિ કરનાર બળી જાય છે અને સત્યાભિસંધ બળતો નથી. ॥ ૨ ॥

स यथा तत्र नादाह्येतैतदात्म्यमिदꣳ सर्वं तत्सत्यꣳ स आत्मा तत्त्वमसि श्वेतकेतो इति तद्धास्य विजज्ञाविति विजज्ञाविति ॥ ३ ॥

તે જેવી રીતે તે (પરીક્ષાના) સમયે બળતો નથી (તેવી રીતે વિદ્વાનનું પુનરાવર્તન થતું નથી અને અવિદ્વાનનું થાય છે). આ સર્વ એતદ્રૂપ છે, તે સત્ય છે, તે આત્મા છે અને હે શ્વેતકેતુ ! તે તું છે. ત્યારે તે (શ્વેતકેતુ) તેને જાણી ગયો - તેને જાણી ગયો. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स यथा सत्याभिसन्धस्तप्तपरशुग्रहणकर्मणि सत्यव्यवहितहस्ततलत्वान्नादाह्येत न दह्येतेत्येतदेवं सद्ब्रह्मसत्याभिसन्धीतरयोः शरीरपातकाले च तुल्यायां सत्सम्पत्तौ विद्वान्सत्सम्पद्य न पुनर्व्याघ्रदेवादिदेहग्रहणायावर्तते । अविद्वांस्तु विकारानृताभिसन्धः पुनर्व्याघ्रादिभावं देवतादिभावं वा यथाकर्म यथाश्रुतं प्रतिपद्यते । ★ यदात्माभिसन्ध्यनभिसन्धिकृते मोक्षबन्धने यच्च मूलं जगतो यदायतना यत्प्रतिष्ठाश्च सर्वाः प्रजा यदात्मकं च सर्वं यच्चाजममृतमभयं शिवमद्वितीयं तत्सत्यं स आत्मा तवातस्तत्त्वमसि हे श्वेतकेतो इत्युक्तार्थमसकृद्वाक्यम् । ★ कः पुनरसौ श्वेतकेतुस्त्वं शब्दार्थः । योऽहं श्वेतकेतुरुद्दालकस्य पुत्र इति वेदात्मानमादेशं श्रुत्वा मत्वा विज्ञाय चाश्रुतममतमविज्ञातं विज्ञातुं पितरं पप्रच्छ कथं नु भगवः स आदेशो भवतीति । स एषोऽधिकृतः श्रोता मन्ता विज्ञाता तेजोऽबन्नमयं कार्यकरणसङ्घातं प्रविष्टा परैव देवता नामरूपव्याकरणायादर्श इव पुरुषः सूर्यादिरिव जलादौ प्रतिबिम्बरूपेण स आत्मानं कार्यकरणेभ्यः प्रविभक्तं सद्रूपं सर्वात्मानं प्राक् पितुः श्रवणान्न विजज्ञौ । अथेदानीं पित्रा प्रतिबोधितस्तत्त्वमसीतिदृष्टान्तैर्हेतुभिश्च तत्पितुरस्य ह किलोक्तं सदेवाहमस्मीति विजज्ञौ विज्ञातवान् । द्विर्वचनमध्यायपरिसमाप्त्यर्थम् । ★ किं पुनरत्र षष्ठे वाक्यप्रमाणेन जनितं फलमात्मनि ? ★ कर्तृत्वभोक्तृत्वयोरधिकृतत्वविज्ञाननिवृत्तिस्तस्यफलं यमवोचाम त्वंशब्दवाच्यमर्थं श्रोतुं मन्तुं चाधिकृतत्वमविज्ञातविज्ञानफलार्थम् । प्राक्चैतस्माद्विज्ञानादहमेवंकरिष्याम्यग्निहोत्रादीनि कर्माण्यहमत्राधिकृतः, एषां च कर्मणां फलमिहामुत्र च भोक्ष्ये कृतेषु वा कर्मसु कृतकर्तव्यः स्यामित्येवं कर्तृत्वभोक्तृत्वयोरधिकृतोऽस्मीत्यात्मनि यद्विज्ञानमभूत्तस्य, यत्सज्जगतो मूलमेकमेवाद्वितीयं तत्त्वमसीत्यनेन वाक्येन प्रतिबुद्धस्य निवर्तते, विरोधात् । न ह्येकस्मिन्नद्वितीय आत्मन्ययमहमस्मीति विज्ञाते ममेदमन्यदनेन कर्तव्यमिदं कृत्वास्य फलं भोक्ष्य इति वा भेदविज्ञानमुपपद्यते । तस्मात्सत्सत्याद्वितीयात्मविज्ञाने विकारानृतजीवात्मविज्ञानं निवर्तत इति युक्तम् । ★ ननु तत्त्वमसीत्यत्र त्वं शब्दवाच्येऽर्थे सद्बुद्धिरादिश्यते यथादित्यमनआदिषु ब्रह्मादिबुद्धिः । यथा च लोके प्रतिमादिषु विष्ण्वादिबुद्धिस्तद्वन्न तु सदेव त्वमिति । यदि सदेव श्वेतकेतुः स्यात्कथमात्मानं न विजानीयाद्येन तस्मै तत्त्वमसीत्युपदिश्यते । ★ न; आदित्यादिवाक्यवैलक्षण्यात् । आदित्यो ब्रह्मेत्यादावितिशब्दव्यवधानान्न साक्षाद्ब्रह्मत्वं गम्यते । रूपादिमत्त्वाच्चादित्यादीनामाकाशमनसोश्चेतिशब्दव्यवधानादेवाब्रह्मत्वम् । इह तु सत एवेह प्रवेशं दर्शयित्वा तत्त्वमसीति निरङ्कुशं सदात्मभावमुपदिशति । ★ ननु पराक्रमादिगुणः सिंहोऽसि त्वमितिवत्तत्त्वमसीति स्यात् । ★ न; मृदादिवत्सदेकमेवाद्वितीयं सत्यमित्युपदेशात् । न चोपचारविज्ञानात्तस्य तावदेव चिरमिति सत्सम्पत्तिरुपदिश्येत । मृषात्वादुपचारविज्ञानस्य त्वमिन्द्रो यम इतिवत् । ★ नापि स्तुतिरनुपास्यत्वाच्छ्वेतकेतोः । नापि सच्छ्वेतकेतुत्वोपदेशेन स्तूयेत । न हि राजा दासस्त्वमिति स्तुत्यः स्यात् । नापि सतः सर्वात्मन एकदेशविरोधो युक्तस्तत्त्वमसीति देशाधिपतेरिव ग्रामाध्यक्षस्त्वमिति । न चान्या गतिरिह सदात्मत्वोपदेशार्थान्तरभूता सम्भवति । ★ ननु सदस्मीति बुद्धिमात्रमिह कर्तव्यतया चोद्यते न त्वज्ञातं सदसीति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ज्ञाप्यत इति चेत् । ★ नन्वस्मिन्पक्षेऽप्यश्रुतं श्रुतं भवतीत्याद्यनुपपन्नम् । ★ न; सदस्मीतिबुद्धिविधेः स्तुत्यर्थत्वात् । ★ न; आचार्यवान्पुरुषो वेद तस्य तावदेव चिरमित्युपदेशात् । यदि हि सदस्मीति बुद्धिमात्रं कर्तव्यतया विधीयते न तु त्वं शब्दवाच्यस्य सद्रूपत्वमेव तदा नाचार्यवान्वेदेति ज्ञानोपायोपदेशो वाच्यः स्यात् । यथाग्निहोत्रं जुहुयादित्येवमादिष्वर्थप्राप्तमेवाचार्यवत्त्वमिति तद्वत् । तस्य तावदेव चिरमिति च क्षेपकरणं न युक्तं स्यात् । सदात्मतत्त्वेऽविज्ञातेऽपि सकृद्बुद्धिमात्रकरणे मोक्षप्रसङ्गात् । ★ न च तत्त्वमसीत्युक्ते नाहं सदितिप्रमाणवाक्यजनिता बुद्धिर्निवर्तयितुं शक्या नोत्पन्नेति वा शक्यं वक्तुम्, सर्वोपनिषद्वाक्यानां तत्परतयैवोपक्षयात् । यथाग्निहोत्रादिविधिजनिताग्निहोत्रादिकर्तव्यताबुद्धीनामतथार्थत्वमनुत्पन्नत्वं वा न शक्यते वक्तुं तद्वत् । ★ यत्तूक्तं सदात्मा सन्नात्मानं कथं न जानीयादिति, नासौ दोषः; कार्यकरणसङ्घातव्यतिरिक्तोऽहं जीवः कर्ता भोक्तेत्यपि स्वभावतः प्राणिनां विज्ञानादर्शनात्किमुतस्य सदात्मविज्ञानम् । कथमेवं सदात्मविज्ञानम् ? कथमेवं व्यतिरिक्तविज्ञानेऽसति तेषां कर्तृत्वादिविज्ञानं सम्भवति ? दृश्यते च । तद्वत्तस्यापि देहादिष्वात्मबुद्धित्वान्न स्यात्सदात्मविज्ञानम् । तस्माद्विकारानृताधिकृतजीवात्मविज्ञाननिवर्तकमेवेदं वाक्यं तत्त्वमसीति सिद्धमिति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે સત્યાભિસંધ પુરુષ જેવી રીતે તે તપેલ પરશુને ગ્રહણ કરવાના કર્મમાં હયેળીના સત્યથી વ્યવહિત રહેવાને કારણે બળતો નથી તેવી રીતે દેહપાત સમયે સદ્બ્રહ્મરૂપ સત્યમાં નિષ્ઠા રાખનારા અને તેમાં ભિન્ન અસન્નિવિષ્ટ પુરુષની સત્સંપત્તિમાં સમાનતા હોવાથી પણ જે વિદ્વાન છે તે વ્યાઘ્ર અથવા દેવાદિ શરીરોને ગ્રહણ કરવાને માટે પાછો આવતો નથી, પરંતુ અવિદ્વાન વિકારરૂપ અનૃતકર્મમાં અભિનિવિષ્ટ હોવાને કારણે પોતાના કર્મ અને જ્ઞાન અનુસાર ફરીથી વ્યાઘ્રાદિભાવ અથવા દિવાદિભાવને પ્રાપ્ત થઈ જાય છે.

જે આત્માની અભિસંધિ અને અનભિસંધિના કારણે મોક્ષ અને બંધન થાય છે, જે સંસારનું મૂળ છે, સંપૂર્ણ પ્રજા જેના આશ્રિત અને જેમાં પ્રતિષ્ઠિત છે, આખું જગત જે સ્વરૂપવાળું છે અને જે અજન્મા, અમૃત, અભય, શિવ અને અદ્વિતીય છે તે જ સત્ય છે અને તે જ તારો આત્મા છે, એટલે હે શ્વેતકેતુ ! તું તે છે. આવી રીતે આ વાક્યનો અર્થ કેટલીયવાર કહી દેવામાં આવ્યો છે.

(હવે અહીં પ્રશ્ન થાય છે કે) ત્વં શબ્દનો વાચ્ય આ શ્વેતકેતુ કોણ છે ? - જે 'હું શ્વેતકેતુ ઉદ્દાલકનો પુત્ર છું' એવું પોતાને માટે જાણતો હતો અને જેણે (પોતાના પિતાના) તે ઉપદેશનું શ્રવણ, મનન અને જ્ઞાન પ્રાપ્ત કરીને અશ્રુત, અમત અને અવિજ્ઞાતને જાણવાને માટે પિતાને પૂછ્યું હતું કે 'ભગવન્ ! તે આદેશ કેવા પ્રકારે છે ?' તે આ અધિકારી શ્રોતા, મંતા અને વિજ્ઞાતા દર્પણમાં પ્રતિફલિત થયેલા પુરુષ અને જળાદિમાં પ્રતિબિંત રૂપે પ્રવિષ્ટ થયેલા સૂર્યાદિ સમાન તેજ-જળ-અન્નમય દેહેન્દ્રિય સંઘાતમાં નામરૂપની અભિવ્યક્તિ કરવા માટે પ્રવિષ્ટ થયેલા પરદેવ જ છે. તે પિતાનો ઉપદેશ સાંભળતા પહેલાં પોતાને દેહ અને ઈન્દ્રિયોથી ભિન્ન સદ્રુપ સર્વાત્મા માનતો ન હતો. હવે 'તું તે છે' આવી રીતે દૃષ્ટાંત અને હેતુપૂર્વક પિતા દ્વારા સમજાવામાં આવતાં તે પિતાના આ કથનને કે 'હું સત્ જ છું' સમજી ગયો છે. 'વિજજ્ઞૌ ઇતિ' આ પદની દ્વિરુક્તિ અધ્યયની સમાપ્તિ સૂચવવા માટે કરવામાં આવી છે.

પૂર્વપક્ષી :- પરંતુ આ છઠ્ઠા અધ્યાયમાં વાક્યપ્રમાણથી આત્મામાં શું ફળ થયું ?

સિદ્ધાન્તી :- અમે અવિજ્ઞાતના વિજ્ઞાનરૂપ ફળ માટે શ્રવણ અને મનન કરવામાં અધિકૃત જે 'ત્વમ્' શબ્દ વાચ્ય અર્થનું વર્ણન કર્યું છે તેના પોતાનામાં (આરોપિત) કર્તૃત્વ ભોક્તૃત્વના અધિકૃતત્વ-વિજ્ઞાનની નિવૃત્તિ જ આનું ફળ છે. આ વિજ્ઞાન પહેલાં 'હું આવી રીતે અગ્નિહોત્રાદિ કર્મ કરીશ, હું આનો અધિકારી છું, અને આ કર્મોનું ફળ હું આ લોક અને પરલોકમાં ભોગવીશ અને આ કર્મો કરવાથી હું કૃતકૃત્ય થઈ જઈશ' આવી રીતે હું કર્તૃત્વ અને ભોક્તૃત્વનો અધિકારી છું - આવું જે તેને આત્મામાં વિજ્ઞાન હતું, તે - જે એકમાત્ર અદ્વિતીય સત્ જગતનું મૂળ છે તે જ તું છે - આ વાક્ય દ્વારા જાગી જવાથી નિવૃત્ત થઈ જાય છે, કારણ કે (પહેલાં મિથ્યા જ્ઞાનથી) આનો વિરોધ છે. કારણ, એકમાત્ર અદ્વિતીય આત્માના વિષયમાં 'આ હું છું' - આવું જ્ઞાન થઈ જવાથી 'મને પોતાનું આ અન્ય કર્તવ્ય આ સાધનથી કરવું જોઈએ, આને કરવાથી હું આનું ફળ ભોગવીશ.' આ પ્રકારની ભેદ બુદ્ધિ થવી સંભવ નથી. એટલે સદ્રુપ સત્ય અને અદ્વિતીય આત્માનું જ્ઞાન થવાથી વિકારરૂપ મિથ્યા જીવાત્મબુદ્ધિની નિવૃત્તિ થઈ જાય છે - આ કથન બરાબર જ છે.

પૂર્વપક્ષી :- પરંતુ જેવી રીતે આદિત્ય અને મન વગેરેમાં બ્રહ્માદિ બુદ્ધિનો અને લોકમાં પ્રતિમા વગેરેમાં વિષ્ણુ બુદ્ધિનો આરોપ કરવામાં આવે છે તેવી રીતે 'તત્ત્વમસિ' આ વાક્ય દ્વારા 'ત્વમ્' શબ્દના વાચ્યાર્થમાં તો સદ્બુદ્ધિનો આરોપ જ કરવામાં આવે છે. વસ્તુતઃ ત્વમર્થ સત્ જ નથી. જો શ્વેતકેતુ સત્ જ હોત તો પોતાને કેમ જાણતો ન હતો, જેનાથી કે તેને 'તું તે છે' આવી રીતનો ઉપદેશ કરવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સિદ્ધાન્તી :- આવી વાત નથી, કારણ કે 'आदित्यो ब्रह्मेत्युपासीत' વગેરે વાક્યોમાંથી આ વાક્યમાં વિલક્ષણતા છે. 'आदित्यो ब्रह्मेत्युपासीत' વગેરે વાક્યોમાં 'इति' શબ્દ નું વ્યવધાન રહેવાને કારણે તેનું સાક્ષાત્ બ્રહ્મત્વ જ્ઞાત થતું નથી. આના સિવાય આદિત્યાદિ રૂપવાન હોવાને કારણે અને આકાશ અને મનના 'इति' શબ્દથી વ્યવધાન હોવાને કારણે તે બ્રહ્મ હોઈ શકે નહીં. પરંતુ આ પ્રસંગમાં તો (આરુણિ) સત્‌ના જ આ (તેજોઽબન્નમયસંઘાત) માં પ્રવેશ બતાવીને 'તું તે છે' આવી રીતે નિરંકુશ સદાત્મભાવનો ઉપદેશ કરે છે.

પૂર્વપક્ષી :- જેવી રીતે પરાક્રમાદિ ગુણવાળા 'તું સિંહ છે' એવું કહેવામાં આવે છે તેવી રીતે 'તું બ્રહ્મ છે' આ વાક્ય પણ તો થઈ શકે છે ?

સિદ્ધાન્તી :- ના, કારણ કે **'મૃત્તિકા સમાન એકમાત્ર અદ્વિતીય સત્ જ સત્ય છે'** એવો ઉપદેશ કરવામાં આવ્યો છે. ઔપચારિક વિજ્ઞાન દ્વારા **'તેને હજી સુધી વાર છે'** આવી રીતે સત્‌ની પ્રાપ્તિનો ઉપદેશ કરવામાં આવી શકતો ન હતો, કારણ કે 'તું ઈન્દ્ર છે' 'તું યમ છે' વગેરે વિજ્ઞાનો સમાન ઔપચારિક વિજ્ઞાન તો મિથ્યા જ હોય છે.

આના સિવાય આ સ્તુતિ પણ થઈ શકે નહીં, કારણ કે શ્વેતકેતુ ઉપાસ્ય નથી. ન શ્વેતકેતુરૂપે ઉપદેશ આપીને સત્‌ની જ સ્તુતિ કરવામાં આવી શકે છે, કારણ કે 'તું દાસ છે' એમ કહીને રાજાની સ્તુતિ કરવામાં આવતી નથી. આના સિવાય દેશાધિપતિને 'તું ગ્રામાધ્યક્ષ છે' આવું કહેવા સમાન સર્વાત્મક સત્‌ને 'તું તે છે' આવું કહીને (શ્વેતકેતુરૂપ) એક દેશમાં નિરુદ્ધ કરવું પણ ઉચિત નથી. આનાથી અતિરિક્ત સત્‌ના આત્મત્વોપદેશથી અર્થાન્તરભૂત કોઈ અન્યગતિ આ વાક્યમાં સંભવ જ નથી.

પૂર્વપક્ષી :- જો એમ માનીએ કે અહીં 'હું સત્ છું' એવી બુદ્ધિનો જ કર્તવ્યરૂપે ઉપદેશ કરવામાં આવ્યો છે 'તું સત્ છે' એમ કહીને અજ્ઞાતનું જ્ઞાન કરવામાં આવ્યું નથી - તો ?

સિદ્ધાન્તી :- પરંતુ આ પક્ષને માનવાથી પણ 'અશ્રુત શ્રુત થઈ જાય છે' વગેરે કથન તો અનુપપન્ન જ રહેશે.

પૂર્વપક્ષી :- ના, આ કથનમાં 'હું સત્ છું' આવા પ્રકારની બુદ્ધિરૂપ વિધિની સ્તુતિને માટે થઈ શકે છે.

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે અહીં 'આચાર્યવાન્ પુરુષને જ્ઞાન થાય છે, તેને ત્યાં સુધી વાર છે' વગેરે ઉપદેશ આપવામાં આવ્યો છે. જો અહીં 'હું સત્ છું' આવી રીતની બુદ્ધિમાત્રના જ કર્તવ્યરૂપે વિધાન કરવામાં આવ્યું હોત 'त्वम्' શબ્દવાચ્ય જીવની સદ્રુપતાનો ઉપદેશ ન થાય તો 'આચાર્યવાન પુરુષને જ્ઞાન થાય છે' આવી રીતે જ્ઞાનના ઉપાયનો ઉપદેશ કરવામાં આવત નહીં. જેવી રીતે 'અગ્નિહોત્ર કરે' વગેરે વિધિઓમાં આચાર્યવત્ત્વ અર્થતઃ પ્રાપ્ત છે, તેવી રીતે અહીં પણ સમજી લેવાત. અને ન 'તેને હજી સુધી વાર છે' એમ કહીને કાલક્ષેપ કરવો જ ઉચિત હોઈ શકે છે, કારણ કે સદાત્મતત્ત્વનું જ્ઞાન ન હોવાથી પણ એક વાર સદ્બુદ્ધિ કરવાથી જ તેના મોક્ષનો પ્રસંગ ઉપસ્થિત થઈ જાત.

આના સિવાય જેવી રીતે અગ્નિહોત્રાદિ-જનિત અગ્નિહોત્રાદિ કર્તવ્યતા બુદ્ધિના અતથાર્થત્વ (અગ્નિહોત્ર પરક ન હોવું) અથવા અનુત્પન્નત્વ (ઉત્પન્ન જ ન થવું) કહી શકાતું નથી, તેવી રીતે 'તું તે છે' આવી રીતે કહેવામાં આવતાં 'હું સત્ છું' એવી પ્રમાણવાક્યજનિત બુદ્ધિ નિવૃત્ત કરી શકાતી નથી અને ન આ કહી શકાય છે કે તે ઉત્પન્ન જ થઈ નથી, કારણ કે સંપૂર્ણ ઉપનિષદ્ વાક્યોનું પર્યવસાન આ અર્થમાં થયું છે.

અને એવું જે કહ્યું કે 'સત્સ્વરૂપ હોવાથી પણ તે પોતાને (સદ્રૂપ) કેમ જાણતો નથી' તો આ દોષ પણ આવી શકતો નથી કારણ કે સ્વભાવતઃ તો પ્રાણીઓની એવી બુદ્ધિ પણ જોવામાં આવતી નથી કે હું દેહ અને ઈન્દ્રિયોના સંઘાતથી ભિન્ન કર્તાભોક્તા જીવ છું. પછી તેને સદાત્મ બુદ્ધિ ના હોય તો આશ્ચર્ય જ શું છે ? એવી અવસ્થામાં તેને સદાત્મ બુદ્ધિ થશે પણ કેવી રીતે ? આવી રીતે જ્યાં સુધી તેને દેહેન્દ્રિયાદિથી વ્યતિરિક્ત બુદ્ધિ ન હોય ત્યાં સુધી કતૃત્વાદિ બુદ્ધિનું હોવું પણ કેવી રીતે સંભવ થઈ શકે છે અને તે જ વાત જોવામાં પણ આવે છે. આવી રીતે તેને દેહાદિમાં આત્મબુદ્ધિ હોવાને કારણે સદાત્મબુદ્ધિ થતી નથી. એટલે આ સિદ્ધ થયું કે 'तत्त्वमसि' આ વાક્ય વિકારરૂપ મિથ્યા દેહાદિમાં અધિકૃત જીવાત્મ ભાવની નિવૃત્તિ કરનાર જ છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि षष्ठाध्याये षोडशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १६ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં છઠ્ઠા અધ્યાયના સોળમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

इति श्रीमद्गोविन्दभगवत्पूज्यपादशिष्यपरमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकरभगवत्पादकृतौ छान्दोग्योपनिषद्विवरणे षष्ठोऽध्यायः सम्पूर्णः ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सप्तमोऽध्यायः

प्रथमः खण्डः

शाङ्करभाष्यम् :- परमार्थतत्त्वोपदेशप्रधानपरः षष्ठोऽध्यायः सदात्मैकत्वनिर्णयपरतयैवोपयुक्तः, न सतोऽर्वाग्विकारलक्षणानि तत्त्वानि निर्दिष्टानीत्यतस्तानि नामादीनि क्रमेण निर्दिश्य तद्द्वारेणापि भूमाख्यं निरतिशयं तत्त्वं निर्देक्ष्यामीति शाखाचन्द्रदर्शनवदितीमं सप्तमं प्रपाठकमारभते । अनिर्दिष्टेषु हि सतोऽर्वाक्तत्त्वेषु सन्मात्रे च निर्दिष्टेऽन्यदप्यविज्ञातं स्यादित्याशङ्का कस्यचित्स्यात्सा मा भूदिति वा तानि निर्दिदिक्षति । ★ अथवा सोपानारोहणवत्स्थूलादारभ्य सूक्ष्मं सूक्ष्मतरं च बुद्धिविषयं ज्ञापयित्वा तदतिरिक्ते स्वाराज्येऽभिषेक्ष्यामीति नामादीनि निर्दिदिक्षति । ★ अथवा नामाद्युत्तरोत्तरविशिष्टानि तत्त्वान्यतितरां च तेषामुत्कृष्टतमं भूमाख्यं तत्त्वमिति तत्स्तुत्यर्थं नामादीनां क्रमेणोपन्यासः । ★ आख्यायिका तु परविद्यास्तुत्यर्था । कथम् ? नारदो देवर्षिः कृतकर्तव्यसर्वविद्योऽपि सन्ननात्मज्ञत्वाच्छुशोचैव किमु वक्तव्यमन्योऽल्पविज्जन्तुरकृतपुण्यातिशयोऽकृतार्थ इति । ★ अथवा नान्यदात्मज्ञानान्निरतिशयश्रेयः-साधनमस्तीत्येतत्प्रदर्शनार्थं सनत्कुमारनारदाख्यायिकारभ्यते, येन सर्वविज्ञानसाधनशक्तिसम्पन्नस्यापि नारदस्य देवर्षेः श्रेयो न बभूव येनोत्तमाभिजनविद्यावृत्तसाधनशक्तिसम्पत्तिनिमित्ताभिमानं हित्वा प्राकृतपुरुषवत्सनत्कुमारमुपससाद श्रेयःसाधनप्राप्तयेऽतः प्रख्यापितं भवति निरतिशयप्राप्तिसाधनत्वमात्मविद्याया इति ।

શાંકરભાષ્ય :- પ્રધાનતયા પરમાર્થતત્ત્વનો ઉપદેશ કરનારો છઠ્ઠો અધ્યાય સત્ (બ્રહ્મ) અને આત્માના એકત્વનો નિર્ણય કરવાને કારણે જ ઉપયોગી છે. તેમાં સત્‌થી નિમ્નતર વિકારરૂપ તત્ત્વોનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. એટલે તે નામાદિ તત્ત્વોનું ક્રમશઃ નિરૂપણ કરીને તેના દ્વારા પણ શાખાચંદ્રદર્શન સમાન ભૂમા સંજ્ઞક નિરતિશય તત્ત્વનો નિર્દેશ કરીશ - આ અભિપ્રાયથી શ્રુતિ આ સાતમો પ્રપાઠક આરંભ કરે છે. અથવા સત્‌થી નિમ્નતર તત્ત્વોનો નિર્દેશ ન થવાથી અને કેવળ સન્માત્રનું જ નિરૂપણ કરવામાં આવતાં કોઈને એવી આશંકા થઇ શકે છે કે હજી કંઈક વધારે પણ અવિજ્ઞાત છે, તે આશંકા ન થાય - આ આશયથી શ્રુતિ તેનો નિર્દેશ કરવા ઇચ્છે છે.

અથવા સીડીઓ ઉપર ચઢવા સમાન સ્થૂળથી આરંભ કરીને બુદ્ધિના સૂક્ષ્મ અને સૂક્ષ્મતર વિષયનું જ્ઞાન કરાવીને અધિકારીને તેનાથી અતિરિક્ત સ્વારાજ્ય પર અભિષિક્ત કરશે - આ અભિપ્રાયથી તે નામાદિનો નિર્દેશ કરવા ઇચ્છે છે.

અથવા નામાદિ ઉત્તરોત્તર વિશિષ્ટ તત્ત્વ છે, તે સર્વની અપેક્ષાએ ભૂમા નામનું તત્ત્વ અત્યંત ઉત્કૃષ્ટ છે - આવી રીતે તેની સ્તુતિને માટે નામાદિનો ક્રમશઃ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અહીં જે આખ્યાયિકા છે તે તો પરા વિદ્યાની સ્તુતિ માટે છે. કેવી રીતે ? જે પોતાના બધાં કર્તવ્ય પૂર્ણ કરી ચૂક્યા છે અને સર્વ વિદ્યા સંપન્ન હતાં તે દેવર્ષિ નારદને પણ અનાત્મજ્ઞ હોવાને કારણે શોક થયો જ, પછી જેણે અત્યંત પુણ્ય સંપાદન કર્યું નથી અને જે અકૃતાર્થ છે એવા કોઈ અન્ય અલ્પજ્ઞ જીવની તો વાત જ શું છે ?

અથવા આત્મજ્ઞાનથી વધીને બીજું કોઈ કલ્યાણનું સાધન નથી - આ પ્રદર્શિત કરવાને માટે સનત્કુમાર-નારદ-આખ્યાયિકાનો આરંભ કરવામાં આવે છે, જેનાથી કે સંપૂર્ણ વિજ્ઞાન રૂપ સાધનોની શક્તિથી સંપન્ન હોવાથી પણ દેવર્ષિ નારદનું કલ્યાણ થયું નહીં, આનાથી તે ઉત્તમ કુળ, વિદ્યા, આચાર અને અનેક પ્રકારના સાધનોની સામર્થ્યરૂપ સંપત્તિથી થનારા અભિમાનનો ત્યાગ કરીને શ્રેયઃસાધનની પ્રાપ્તિ માટે એક સાધારણ પુરુષની જેમ સનત્કુમારજીની પાસે ગયા. આનાથી શ્રેયઃ પ્રાપ્તિમાં આત્મવિદ્યાના નિરતિશય સાધનત્વનું સૂચન થાય છે.

ॐ अधीहि भगव इति होपससाद सनत्कुमारं नारदस्तꣳ होवाच यद्वेत्थ तेन नोपसीद ततस्त ऊर्ध्वं वक्ष्यामीति स होवाच ॥ १ ॥

હે ભગવન્ ! 'મને ઉપદેશ આપો' એમ કહેતાં નારદજી સનત્કુમારજીની પાસે ગયા. તેમને સનત્કુમારજીએ કહ્યું - 'તમે જે કંઈ જાણતા હો તે બતાવીને મારી પાસે ઉપદેશ લેવા આવો, ત્યારે હું તમને તેનાથી આગળ બતાવીશ.' ત્યારે નારદે કહ્યું. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अधीह्यधीष्व भगवो भगवन्निति ह किलोपससाद । अधीहि भगव इति मन्त्रः । सनत्कुमारं योगीश्वरं ब्रह्मिष्ठं नारद उपसन्नवान् । तं न्यायत उपसन्नं होवाच यदात्मविषये किञ्चिद्वेत्थ तेन तत्प्रख्यापनेन मामुपसीदेदमहं जान इति,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ततोऽहं भवतो विज्ञानात्ते तुभ्यमूर्ध्वं वक्ष्यामि, इत्युक्तवति स होवाच नारदः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'હે ભગવન્ ! મને અધ્યયન કરાવો' એમ કહેતાં નારદજી બ્રહ્મનિષ્ઠ યોગીશ્વર સનત્કુમારની પાસે ઉપસ્થિત થયાં અર્થાત્ (શિષ્યરૂપે) તેમની પાસે ગયાં. 'અધીહિ ભગવઃ' આ ઉપસત્તિનો મંત્ર છે. પોતાના પ્રત્યે નિયમાનુસાર ઉપસ્થિત થયેલા તે નારદજીને સનત્કુમારજીએ કહ્યું - 'તમે આત્માના વિષયમાં જે કંઈ જાણતા હો તેને બતાવીને અર્થાત્ એવું પ્રગટ કરીને મારી પાસે ઉપદેશ લેવાને માટે આવો, 'હું આ જાણું છું' ત્યારે હું તમને તમારા જ્ઞાનથી આગળ ઉપદેશ કરીશ.' સનત્કુમારજીનું આવું કહેવાથી નારદજી બોલ્યા. ॥ ૧ ॥

ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदꣳ सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पञ्चमं वेदानां वेदं पित्र्यं राशिं दैवं निधिं वाकोवाक्यमेकायनं देवविद्यां ब्रह्मविद्यां भूतविद्यां क्षत्रविद्यां नक्षत्रविद्याꣳ सर्पदेवजनविद्या-मेतद्भगवोऽध्येमि ॥ २ ॥

'ભગવન્ ! મને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને ચોથો અથર્વવેદ યાદ છે, (આના સિવાય) ઈતિહાસ-પુરાણરૂપ પાંચમો વેદ, વેદોનો વેદ (વ્યાકરણ), શ્રાદ્ધકલ્પ, ગણિત, ઉત્પાતજ્ઞાન, નિધિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિ, દેવવિદ્યા, બ્રહ્મવિદ્યા, ભૂતવિદ્યા, ક્ષત્રવિદ્યા, નક્ષત્રવિદ્યા, સર્પવિદ્યા (ગારુડમંત્ર) અને દેવજનવિદ્યા - નૃત્ય સંગીત વગેરે - હે ભગવન્ ! આ સર્વ હું જાણું છું. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- ऋग्वेदं भगवोऽध्येमि स्मरामि यद्वेत्थेति विज्ञानस्य पृष्टत्वात् । तथा यजुर्वेदं सामवेदमाथर्वणं चतुर्थं वेदं वेदशब्दस्य प्रकृतत्वादितिहासपुराणं पञ्चमं वेदं वेदानां भारतपञ्चमानां वेदं व्याकरणमित्यर्थः । व्याकरणेन हि पदादिविभागश ऋग्वेदादयो ज्ञायन्ते; पित्र्यं श्राद्धकल्पम्; राशिं गणितम्; दैवमुत्पातज्ञानम्; निधिं महाकालादिनिधिशास्त्रम्; वाकोवाक्यं तर्कशास्त्रम्; एकायनं नीतिशास्त्रम्; देवविद्यां निरुक्तम्; ब्रह्मण ऋग्यजुःसामाख्यस्य विद्यां ब्रह्मविद्यां शिक्षाकल्पच्छन्दश्चितयः; भूतविद्यां भूततन्त्रम्; क्षत्रविद्यां धनुर्वेदम्; नक्षत्रविद्यां ज्यौतिषम्; सर्पदेवजनविद्यां सर्पविद्यां गारुडं देवजनविद्यां गन्धयुक्तिनृत्यगीतवाद्यशिल्पादिविज्ञानानि । एतत्सर्वं हे भागवोऽध्येमि ॥ २ ॥

શાંકરભાષ્ય :- હે ભગવન્ ! હું ઋગ્વેદનું અધ્યયન કરી ચૂક્યો છું અર્થાત્ મને ઋગ્વેદ સ્મરણ છે (અહીં અધ્યયનવાચક પદનો સ્મરણ અર્થ કેમ કરવામાં આવ્યો છે ? ઉત્તર -) કારણ કે 'યદ્વેત્થ' એમ કહીને વિજ્ઞાનના વિષયમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે. અને યજુર્વેદ, સામવેદ અને ચોથો અથર્વણ વેદ જાણું છું, 'વેદ' શબ્દ પ્રસંગતઃ પ્રાપ્ત થવાને કારણે ઈતિહાસ-પુરાણરૂપ પાંચમો વેદ, મહાભારત સહિત પાંચ વેદોનો વેદ અર્થાત્ વ્યાકરણ - કારણ કે વ્યાકરણના દ્વારા જ પદાદિના વિભાગપૂર્વક ઋગ્વેદાદિનું જ્ઞાન થાય છે, પિત્ર્ય - શ્રાદ્ધકલ્પ, રાશિ-ગણિત, દૈવ-ઉત્પાત જ્ઞાન, નિધિ મહાકાલાદિ નિધિશાસ્ત્ર, વાકોવાક્ય તર્કશાસ્ત્ર, એકાયન-નીતિશાસ્ત્ર, દેવવિદ્યા-નિરુક્ત, બ્રહ્મવિદ્યા-બ્રહ્મ અર્થાત્ ઋગ્યજુઃ સામ સંજ્ઞક વેદોની વિદ્યા એટલે શિક્ષા, કલ્પ, છંદ અને ચિતિ, ભૂતવિદ્યા-ભૂતશાસ્ત્ર, ક્ષત્રવિદ્યા - ધનુર્વેદ, નક્ષત્રવિદ્યા-જ્યોતિષ, સર્પદેવ-જનવિદ્યા અર્થાત્ સર્પવિદ્યા-ગારુડ અને દેવજનવિદ્યા-ગંધયુક્ત અને નૃત્ય, ગાન, વાદ્ય અને શિલ્પાદિવિજ્ઞાન - આ સર્વ છે તે ભગવન્ ! હું જાણું છું. ॥ ૨ ॥

सोऽहं भगवो मन्त्रविदेवास्मि नात्मविच्छ्रुतꣳ ह्येव मे भगवद्दृशेभ्यस्तरति शोकमात्मविदिति सोऽहं भगवः शोचामि तं मा भगवाञ्छोकस्य पारं तारयत्विति त होवाच यद्वै किञ्चैतदध्यगीष्ठा नामैवैतत् ॥ ३ ॥

હે ભગવન્ ! તે હું કેવળ મંત્રવેત્તા જ છું, આત્મવેત્તા નથી. મેં આપના જેવાઓ પાસેથી સાંભળ્યું છે કે આત્મવેત્તા શોકને પાર કરી જાય છે, અને હે ભગવન્ ! હું શોક કરું છું, એવા મને હે ભગવન્ ! શોકથી પાર કરી દો. ત્યારે (સનત્કુમારે) તેમને કહ્યું - 'તમે આ જે કંઈ જાણો છો તે નામ (માત્ર) જ છે.' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- सोऽहं भगव एतत्सर्वं जानन्नपि मन्त्रविदेवास्मि शब्दार्थमात्रविज्ञानवानेवास्मीत्यर्थः । सर्वो हि शब्दोऽभिधानमात्रमभिधानं च सर्वं मन्त्रेष्वन्तर्भवति । मन्त्रविदेवास्मि मन्त्रवित्कर्मविदित्यर्थः । '**मन्त्रेषु कर्माणि**' इति हि वक्ष्यति; नात्मानं वेद्मि । ★ नन्वात्मापि मन्त्रैः प्रकाश्यत एवेति कथं मन्त्रविच्चेन्नात्मवित् । ★ न; अभिधानाभिधेयभेदस्य विकारत्वात् । न च विकार आत्मेष्यते । नन्वात्माप्यात्मशब्देनाभिधीयते; न, '**यतो वाचो निवर्तन्ते**' (तै.उप. २-४-१) । '**यत्र**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

नान्यत्पश्यति' (छा.उप. ७-२४-१) इत्यादिश्रुतेः । ★ कथं तर्ह्यात्मैवाधस्तात्स आत्मेत्यादिशब्दा आत्मानं प्रत्याययन्ति । ★ नैष दोषः; देहवति प्रत्यगात्मनि भेदविषये प्रयुज्यमानः शब्दो देहादीनामात्मत्वे प्रत्याख्यायमाने यत्परिशिष्टं सदवाच्यमपि प्रत्याययति । यथा सराजिकायां दृश्यमानायां सेनायां छत्रध्वजपताकादिव्यवहितेऽदृश्यमानेऽपि राजन्येष राजा दृश्यत इति भवति शब्दप्रयोगस्तत्र कोऽसौ राजेति राजविशेषनिरूपणायां दृश्यमानेतरप्रत्याख्यातेऽन्यस्मिन्नदृश्यमानेऽपि राजनि राजप्रतीतिर्भवेत्तद्वत् । ★ तस्मात्सोऽहं मन्त्रवित्कर्मविदेवास्मि कर्मकार्यं च सर्वं विकार इति विकारज्ञ एवास्मि नात्मविन्नात्मप्रकृतिस्वरूपज्ञ इत्यर्थः । अत एवोक्तम् **'आचार्यवान् पुरुषो वेद'** (छा.उप. ६-१४-२) इति । **'यतो वाचो निवर्तन्ते'** (तै.उप. २-४-१) इत्यादिश्रुतिभ्यश्च । ★ श्रुतमागमज्ञानमस्त्येव हि यस्मान्मे मम भगवद्दृशेभ्यो युष्मत्सदृशेभ्यस्तरत्यतिक्रामति शोकं मनस्तापमकृतार्थबुद्धितामात्मविदित्यतः सोऽहमनात्मवित्त्वाद्धे भगवः शोचाम्यकृतार्थबुद्ध्या संतप्ये सर्वदा तं मा मां शोकसागरस्य पारमन्तं भगवांस्तारयत्वात्मज्ञानोडुपेन कृतार्थबुद्धिमापादयत्वभयं गमयत्वित्यर्थः । ★ तमेवमुक्तवन्तं होवाच यद्वै किञ्चैतदध्यगीष्ठा अधीतवानसि, अध्ययनेन तदर्थज्ञानमुपलक्ष्यते, ज्ञानवानसीत्येतन्नामैवैतत् । **'वाचारम्भणं विकारो नामधेयम्'** (छा.उप. ६-१-४) इति श्रुतेः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- હે ભગવન્ ! તે હું આ સર્વ જાણીને પણ કેવળ મંત્રવેત્તા જ છું અર્થાત્ કેવળ શબ્દાર્થમાત્ર જાણનારો છું, કારણ કે બધા શબ્દ અભિધાનમાત્ર છે અને સંપૂર્ણ અભિધાન મંત્રોના અંતર્ગત છે. હું મંત્રવિત્ જ છું, મંત્રવિત્ અર્થાત્ કર્મવિત્, કારણ કે 'મંત્રોમાં કર્મ (એકરૂપ હોય છે)' આવું આગળ (ખંડ ૪ મંત્ર ૧માં) કહીશું. હું આત્માને જાણતો નથી.

પૂર્વપક્ષી :- પરંતુ આત્મા પણ તો મંત્રો દ્વારા પ્રકાશિત થાય જ છે, પછી નારદજી મંત્રવિત્ હોવાથી પણ આત્મવેત્તા કેમ નથી ?

સિદ્ધાન્તી :- એવી વાત નથી, કારણ કે નામ-નામીરૂપ જે ભેદ છે, તે તો વિકાર છે અને વિકારને આત્મા માની શકાય નહીં. જો કહો કે આત્મા પણ તો 'આત્મા' શબ્દથી કહેવામાં આવે છે તો આવું કહેવું બરાબર નથી, કારણ કે **'જ્યાંથી વાણી પાછી આવે છે'** (તૈ.ઉપ. ૨-૪-૧) **'જ્યાં કોઈ બીજો જોતો નથી'** (છા.ઉપ. ૭-૨૪-૧) વગેરે શ્રુતિથી (તેનું શબ્દવાચ્ય ન હોવું જ સિદ્ધ થાય છે).

પૂર્વપક્ષી :- તો પછી 'આત્મા જ નીચે છે' 'તે આત્મા છે' વગેરે શબ્દ કેવી રીતે આત્માની પ્રતીતિ કરાવે છે ?

સિદ્ધાન્તી :- આ કોઈ દોષ નથી. ભેદના વિષયભૂત દેહધારી પ્રત્યગાત્મામાં પ્રયોગ કરેલા ('આત્મા' - આ) શબ્દ, દેહાદિના આત્મત્વ નિરસ્ત થઈ જવાથી જે સન્માત્ર અવશિષ્ટ રહે છે તેને - જો કે તે (મુખ્ય વૃત્તિથી કોઈ શબ્દનો) વાચ્ય નથી તો પણ - (લક્ષણાથી) તેની પ્રતીતિ કરાવી દે છે, જેવી રીતે કે રાજા સહિત જોવામાં આવતી સેનામાં છત્ર, ધ્વજા અને પતાકા વગેરેની ઓટમાં રાજા જોવામાં ન આવતાં પણ 'આ રાજા જોવામાં આવે છે' આવો પ્રયોગ થાય છે, ફરીથી આવો પ્રશ્ન થવાથી કે 'આમાં રાજા કોણ છે' રાજા કહેવડાવનાર વિશેષ વ્યક્તિનું નિરૂપણ કરવાથી બીજા દૃશ્યમાન પુરુષોનું પ્રત્યાખ્યાન કરીને તેનાથી ભિન્ન રાજાના સાક્ષાત્ ન દેખાવાથી પણ રાજાની પ્રતીતિ થઈ જાય છે તેવી રીતે (અનાત્માનો બાધ કરીને આત્માની પ્રતીતિ થાય છે).

એટલે (નારદજી કહે છે -) તે હું મંત્રવેત્તા અર્થાત્ કર્મવેત્તા જ છું, કર્મનું કાર્ય જ બધો વિકાર છે, એટલે હું વિકારજ્ઞ જ છું - આત્મજ્ઞ અર્થાત્ આત્મારૂપ પ્રકૃતિ(કારણ)ના સ્વરૂપને જાણનારો નથી. આનાથી કહ્યું છે કે **'આચાર્યવાન પુરુષ (આત્માને) જાણે છે'** (છા.ઉપ. ૬-૧૪-૨) અને આ જ વાત **'જ્યાંથી વાણી પાછી આવે છે'** (તૈ.ઉપ. ૨-૪-૧) વગેરે શ્રુતિઓથી પણ પ્રમાણિત થાય છે.

કારણ કે મેં આપના જેવાઓ પાસેથી સાંભળ્યું છે - મને એવું શાસ્ત્રીય જ્ઞાન છે કે 'આત્મવેત્તા શોક-માનસિક તાપ અર્થાત્ અકૃતાર્થતા બુદ્ધિને તરી જાય છે - પાર કરી લે છે' અને હે ભગવન્ ! હું અનાત્મજ્ઞ હોવાને કારણે શોક કરું છું અર્થાત્ અકૃતાર્થ બુદ્ધિથી સર્વદા સંતપ્ત રહું છું. તે મને હે ભગવન્ ! આત્મજ્ઞાનરૂપી નૌકા દ્વારા શોક સાગરથી પાર - બીજીબાજુ પહોંચાડી દો - મને કૃતાર્થ બુદ્ધિ પ્રાપ્ત કરાવી દો અર્થાત્ અભયને પ્રાપ્ત કરાવી દો.

આવી રીતે કહેતાં કહેતાં તે(નારદજી)થી સનત્કુમારજીએ કહ્યું - 'તમે આ જે કંઈ અધ્યયન કર્યું છે - અધ્યયનથી તેના અર્થનું જ્ઞાન પણ ઉપલક્ષિત થાય છે - (એટલે આ છે કે) તમે જે કંઈ જાણો છો તે બધું નામ જ છે, કારણ કે **'વિકાર વાણી પર અવલંબિત કેવળ નામમાત્ર છે'** (છા.ઉપ. ૬-૧-૪) એવી શ્રુતિ છે. ॥ ૩ ॥

नाम वा ऋग्वेदो यजुर्वेदः सामवेद आथर्वणश्चतुर्थ इतिहासपुराणः पञ्चमो वेदानां वेदः पित्र्यो राशिर्दैवो

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

निधिर्वाकोवाक्यमेकायनं देवविद्या ब्रह्मविद्या भूतविद्या क्षत्रविद्या नक्षत्रविद्या सर्पदेवजनविद्या नामैवैतन्नामोपास्स्वेति ॥ ४ ॥

ઋગ્વેદ નામ છે અને યજુર્વેદ, સામવેદ, ચોથો આથર્વણ વેદ, પાંચમો વેદ ઇતિહાસ-પુરાણષ વેદોનો વેદ (વ્યાકરણ), શ્રાદ્ધકલ્પ, ગણિત, ઉત્પાતજ્ઞાન, નિધિજ્ઞાન, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, નિરુક્ત વેદવિદ્યા, ભૂતવિદ્યા, ધનુર્વેદ, જ્યોતિષ, ગારુડ, સંગીતાદિ કળા અને શિલ્પ વિદ્યા - આ બધા પણ નામ જ છે. તમે નામની ઉપાસના કરો. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- नाम वा ऋग्वेदो यजुर्वेद इत्यादि नामैवैतत् । नामोपास्स्व ब्रह्मेति ब्रह्मबुद्ध्या । यथा प्रतिमां विष्णुबुद्ध्योपास्ते तद्वत् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- ઋગ્વેદ નામ જ છે, અને યજુર્વેદ વગેરે વગેરે આ બધા પણ નામ જ છે. એટલે જેવી રીતે વિષ્ણુબુદ્ધિથી પ્રતિમાની ઉપાસના કરે છે તેવી રીતે તમે નામની 'આ બ્રહ્મ છે' એવી બુદ્ધિથી ઉપાસના કરો. ॥ ૪ ॥

स यो नाम ब्रह्मेत्युपास्ते यावन्नाम्नो गतं तत्रास्य कामचारो भवति यो नाम ब्रह्मेत्युपास्तेऽस्ति भगवो नाम्नो भूय इति नाम्नो वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ ५ ॥

તે જે કે નામની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે તેની જ્યાં સુધી નામની ગતિ હોય છે ત્યાં સુધી યથેચ્છ ગતિ થઈ જાય છે, જો કે નામની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે. (નારદ -) 'ભગવન્ ! શું નામથી પણ અધિક કંઈ છે ?' (સનત્કુમાર-) 'નામથી પણ અધિક છે.' (નારદ -) 'તો ભગવન્ ! મને તે જ બતાવો.' ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- स यस्तु नाम ब्रह्मेत्युपास्ते तस्य यत्फलं भवति तच्छृणु, यावन्नाम्नो गतं नाम्नो गोचरं तत्र तस्मिन्नामविषयेऽस्य यथाकामचारः कामचरणं राज्ञ इव स्वविषये भवति । यो नाम ब्रह्मेत्युपास्त इत्युपसंहारः । किमस्ति भगवो नाम्नो भूयोऽधिकतरं यद्ब्रह्मदृष्ट्यर्हमन्यदित्यभिप्रायः । सनत्कुमार आह नाम्नो वाव भूयोऽस्त्येवेत्युक्त आह यद्यस्ति तन्मे भगवान्ब्रवीत्विति ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તે જો કે 'નામ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે તેને જે ફળ મળે છે તે સાંભળો - જ્યાં સુધી નામની ગતિ અર્થાત્ નામનો વિષય હોય છે ત્યાં સુધી તે નામના વિષયમાં તેનો કામચાર-સ્વેચ્છાચરણ થઈ જાય છે, જેમ કે રાજાના પોતાના વિષય(અધિકૃત દેશ)માં, જે 'નામ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે - આ ઉપસંહાર છે. (નારદ -) 'ભગવન્ ! શું નામથી વધીને પણ કંઈ છે ? અર્થાત્ જે બ્રહ્મદૃષ્ટિના યોગ્ય હોય એવી કોઈ બીજી વસ્તુ પણ છે - એવો અભિપ્રાય છે ?' સનત્કુમારે કહ્યું - 'નામથી વધીને પણ છે જ.' આવી રીતે કહેવાથી નારદે કહ્યું - 'જો છે તો ભગવન્ ! મને તે જ બતાવો.' ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये प्रथमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના પ્રથમ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वितीयः खण्डः

वाग्वाव नाम्नो भूयसी वाग्वा ऋग्वेदं विज्ञापयति यजुर्वेदꣳ सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पञ्चमं वेदानां वेदं पित्र्य राशिं दैवं निधिं वाकोवाक्यमेकायनं देवविद्यां ब्रह्मविद्यां भूतविद्यां क्षत्रविद्यां नक्षत्रविद्या सर्पदेवजनविद्यां दिवं च पृथिवीं च वायुं चाकाशं चापश्च तेजश्च देवाꣳश्च मनुष्याꣳश्च पशूꣳश्च वयाꣳसि च तृणवनस्पतीञ्श्वापदान्याकीटपतङ्गपिपीलिकं धर्मं चाधर्मं च सत्यं चानृतं च साधु चासाधु च हृदयज्ञं चाहृदयज्ञं च यद्वै वाङ्नाभविष्यन्न धर्मो नाधर्मो व्यज्ञापयिष्यन्न सत्यं नानृतं न साधु नासाधु न हृदयज्ञो नाहृदयज्ञो वागेवैतत्सर्वं विज्ञापयति वाचमुपास्स्वेति ॥ १ ॥

વાક્ જ નામથી વધીને છે, વાક્ જ ઋગ્વેદને વિજ્ઞાપિત કરે છે અને યજુર્વેદ, સામવેદ, ચોથો આથર્વણ વેદ, પાંચમો વેદ ઇતિહાસ - પુરાણ, વેદોનો વેદ વ્યાકરણ, શ્રાદ્ધ કલ્પ, ગણિત, ઉત્પાતશાસ્ત્ર, નિધિજ્ઞાન, તર્કશાસ્ત્ર, નીતિ, નિરુક્ત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ૐ ૐ

વેદવિદ્યા, ભૂતવિદ્યા, ધનુર્વેદ, જ્યોતિષ, ગારુડ, સંગીતશાસ્ત્ર, દ્યુલોક, પૃથ્વી, વાયુ, આકાશ, જળ, તેજ, દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, તૃણ-વનસ્પતિ, શ્વાપદ (હિંસ્ર જંતુ), કીટ-પતંગ, પિપીલિકા પર્યન્ત પ્રાણી, ધર્મ અને અધર્મ, સત્ય અને અસત્ય, સાધુ અને અસાધુ, મનોજ્ઞ અને અમનોજ્ઞ જે કંઈ પણ છે (તેને વાક્ જ વિજ્ઞાપિત કરે છે) જો વાણી ન હોત તો ન ધર્મનું અને ન અધર્મનું જ જ્ઞાન થાત, અને ન સત્ય, ન અસત્ય, ન સાધુ, ન અસાધુ, ન મનોજ્ઞ અને ન અમનોજ્ઞનું જ જ્ઞાન થઈ શકત. વાણી જ આ બધાનું જ્ઞાન કરાવે છે, એટલે તમે વાક્‌ની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- वाग्वाव । वागितीन्द्रियं जिह्वामूलादिष्वष्टसु स्थानेषु स्थितं वर्णानामभिव्यञ्जकम् । वर्णाश्च नामेति नाम्नो वाग्भूयसीत्युच्यते । कार्याद्धि कारणं दृष्टं लोके यथा पुत्रात्पिता तद्वत् । ★ कथं च वाङ्नाम्नो भूयसी ? इत्याह—वाग्वा ऋग्वेदं विज्ञापयत्ययमृग्वेद इति । तथा यजुर्वेदमित्यादि समानम् । हृदयज्ञं हृदयप्रियम् । तद्विपरीतमहृदयज्ञम् । यद्यदि वाङ्नाभविष्यद्धर्मादि न व्यज्ञापयिष्यद्वागभावेऽध्ययनाभावोऽध्ययनाभावे तदर्थश्रवणाभावस्तच्छ्रवणाभावे धर्मादि न व्यज्ञापयिष्यन्न विज्ञातमभविष्यदित्यर्थः । तस्माद्वागेवैतच्छब्दोच्चारणेन सर्वं विज्ञापयत्यतो भूयसी वाङ्नाम्नस्तस्माद्वाचं ब्रह्मेत्युपास्स्व ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'વાગ્વાવ' વાક્ આ જિહ્વામૂળ વગેરે આઠ સ્થાનોમાં રહેલાં વર્ણોને અભિવ્યક્ત કરનારી ઈન્દ્રિય છે. વર્ણ જ નામ છે, આનાથી આ કહેવામાં આવે છે કે નામથી વાક્ ઉત્કૃષ્ટ છે. જેવી રીતે પુત્રથી પિતા ઉત્કૃષ્ટ હોય છે તેવી રીતે લોકમાં કાર્યથી જ કારણની ઉત્કૃષ્ટતા જોવામાં આવે છે.

નામની અપેક્ષાએ વાક્ કેમ ઉત્કૃષ્ટ છે તો બતાવે છે - વાક્ જ ઋગ્વેદને 'આ ઋગ્વેદ છે' આવી રીતે વિજ્ઞાપિત કરે છે. આવી રીતે યજુર્વેદ વગેરેને પણ - આ બધું પૂર્વવત્ સમજવું જોઈએ. અને હૃદયજ્ઞ-હૃદયને પ્રિય અને તેનાથી વિપરીત અહૃદયજ્ઞને પણ (વાક્ જ વિજ્ઞાપિત કરે છે). જો વાક્ ન હોત તો ધર્માદિ વિજ્ઞાપિત ન થાય. વાક્‌ના અભાવમાં અધ્યયનનો અભાવ થઈ જાત, અધ્યયનના અભાવમાં તેના અર્થ શ્રવણનો અભાવ થાત અને તેના શ્રવણના અભાવમાં ધર્માદિનું વિજ્ઞાન ન થાત અર્થાત્ ધર્માદિ વિજ્ઞાન ન હોત. એટલે શબ્દોચ્ચાર દ્વારા વાક્ જ આ બધાને વિજ્ઞાપિત કરે છે. એટલે વાક્ નામથી ઉત્કૃષ્ટ છે. એટલે તમે વાણીથી 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરો. ॥ ૧ ॥

स यो वाचं ब्रह्मेत्युपास्ते यावद्वाचो गतं तत्रास्य यथाकामचारो भवति यो वाचं ब्रह्मेत्युपास्तेऽस्ति भगवो वाचो भूय इति वाचो वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ २ ॥

તે જે વાણીની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે તેની જ્યાં સુધી વાણીની ગતિ છે ત્યાં સુધી સ્વેચ્છા ગતિ થઈ જાય છે, જો કે વાણીની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે. (નારદ -) 'ભગવન્ ! શું વાણીથી પણ વધીને કંઈ છે ?' (સનતકુમાર) 'વાણીથી પણ વધીને છે જ.' (નારદ -) 'ભગવન્ ! તે મને બતાવો. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- समानमन्यत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- બાકીની વ્યાખ્યા આગળના જેવી છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये द्वितीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ २ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં સાતમા અધ્યાયના દ્વિતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

तृतीयः खण्डः

मनो वाव वाचो भूयो यथा वै द्वे वामलके द्वे वा कोले द्वौ वाक्षौ मुष्टिरनुभवत्येवं वाचं च नाम च मनोऽनुभवति स यदा मनसा मनस्यति मन्त्रानधीयीयेत्यथाधीते कर्माणि कुर्वीयेत्यथ कुरुते पुत्राꣳश्च पशूꣳश्चेच्छेयेत्यथेच्छत इमं च लोकममुं चेच्छेयेत्यथेच्छते मनो ह्यात्मा मनो हि लोको मनो हि ब्रह्म मन उपास्स्वेति ॥ १ ॥

મન જ વાણીથી ઉત્કૃષ્ટ છે. જેવી રીતે બે આંબળા, બે બોર અથવા બે બહેડાં મુઠ્ઠીમાં આવી જાય છે આવી રીતે વાક્ અને નામનો મનમાં અંતર્ભાવ થઈ જાય છે. આ પુરુષ જે સમયે મનથી વિચાર કરે છે કે 'મંત્રોનો પાઠ કરું' ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પાઠ કરે છે, જે સમયે વિચારે છે 'કામ કરું' ત્યારે કામ કરે છે, જ્યારે વિચારે છે 'પુત્ર અને પશુઓની ઇચ્છા કરું' ત્યારે તેની ઇચ્છા કરે છે અને જ્યારે એવો સંકલ્પ કરે છે કે 'આ લોક અને પરલોકની કામના કરું' ત્યારે તેની કામના કરે છે. મન જ આત્મા છે, મન જ લોક છે અને મન જ બ્રહ્મ છે, તમે મનની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- मनो मनस्यनविशिष्टमन्तःकरणं वाचो भूयः । तद्धि मनस्यनव्यापारवद्वाचं वक्तव्ये प्रेरयति । तेन वाङ्मनस्यन्तर्भवति । यच्च यस्मिन्नन्तर्भवति तत्तस्य व्यापकत्वात्ततो भूयो भवति । यथा वै लोके द्वे वामलके फले द्वे वा कोले वदरफले द्वौ वाक्षौ बिभीतकफले मुष्टिरनुभवति मुष्टिस्ते फले व्याप्नोति मुष्टौ हि ते अन्तर्भवतः । एवं वाचं च नाम चामलकादिवन्मनोऽनुभवति । ★ स यदा पुरुषो यस्मिन्काले मनसान्तःकरणेन मनस्यति मनस्यनं विवक्षाबुद्धिः कथम् ? मन्त्रानधीयीयोच्चारयेयमित्येवं विवक्षां कृत्वाथाधीते तथा कर्माणि कुर्वीयेति चिकीर्षाबुद्धिं कृत्वाथ कुरुते पुत्रांश्च पशूंश्चेच्छेयेति प्राप्तीच्छां कृत्वा तत्प्रापर्त्युपायानुष्ठानेनाथेच्छते पुत्रादीन् प्राप्नोतीत्यर्थः । तथेमं च लोकममुं चोपायेनेच्छेयेति तत्प्राप्त्युपायानुष्ठाने-नाथेच्छते प्राप्नोति । ★ मनो ह्यात्मात्मनः कर्तृत्वं भोक्तृत्वं च सति मनसि नान्यथेति मनो ह्यात्मेत्युच्यते । मनो हि लोकः सत्येव हि मनसि लोको भवति तत्प्राप्त्युपायानुष्ठानं चेति मनो हि लोको यस्मात्तस्मान्मनो हि ब्रह्म । यत एवं तस्मान्मन उपास्स्वेति ॥ १ ॥

શાંકરભાષ્ય :- મન-મનન શક્તિ વિશિષ્ટ અંતઃકરણ વાણીથી ઉત્કૃષ્ટ છે. તે મનન-વ્યાપાર યુક્ત મન જ વાણીને વક્તવ્ય વિષયમાં પ્રેરિત કરે છે. એટલે વાક્ મનના અંતર્ગત છે, અને જે જેના અંતર્ગત હોય છે, તેની અપેક્ષાએ તે વ્યાપક હોવાને કારણે મોટું હોય છે. લોકમાં જેવી રીતે બે આંબળા બે કોલાં એટલે બે બોર અથવા બે અક્ષો - બહેડાંના ફળોની મુઠ્ઠી અનુભવ કરે છે - તે ફળોને મુઠ્ઠી વ્યાપ્ત કરી લે છે અર્થાત્ તે મુઠ્ઠીના અંતર્ગત થઈ જાય છે, તેવી રીતે તે આંબળા વગેરે સમાન વાણી અને નામ - આ બંનેને મન અનુભવ કરે છે.

તે (આ) પુરુષ જ્યારે - જે સમયે મન - અંતઃકરણથી મનસ્યન (કંઈક કહેવાની ઇચ્છા) કરે છે, મનસ્યનનો અર્થ છે વિવક્ષા-બુદ્ધિ (કંઈક કહેવાની ઇચ્છા અથવા વિચાર) કેવી રીતે ? આ બતાવે છે - 'હું મંત્રોનો પાઠ - ઉચ્ચારણ કરું,' આવી રીતે બોલવાની ઇચ્છા કરીને તે પાઠ કરે છે, 'હું કર્મ કરું' એવી ચિકીર્ષાબુદ્ધિ કરીને કર્મ કરે છે, અને 'હું પુત્ર અને પશુઓની ઇચ્છા કરું' આવી રીતે તેની પ્રાપ્તિની ઇચ્છા કરીને તેની પ્રાપ્તિના ઉપાયનું અનુષ્ઠાન કરીને તેની ઇચ્છા કરે છે અર્થાત્ તે પુત્રાદિને પ્રાપ્ત કરી લે છે. આવી રીતે 'હું આ લોક અને પરલોકને ઉપાય દ્વારા (પ્રાપ્ત કરવા) ઇચ્છું' એવા સંકલ્પપૂર્વક તેની પ્રાપ્તિના ઉપાય દ્વારા તેને ચાહે અર્થાત્ પ્રાપ્ત કરી લે છે.

મન જ આત્મા છે, કારણ કે મનના રહેવાથી જ આત્માનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ સિદ્ધ થાય છે, અન્યથા નહીં, આનાથી 'મન જ આત્મા છે' એમ કહેવામાં આવે છે. મન જ લોક છે, કારણ કે મનના રહેવાથી જ લોક અને તેની પ્રાપ્તિના ઉપાયનું અનુષ્ઠાન થાય છે. આવી રીતે કારણ કે મન જ લોક છે, એટલા માટે મન જ બ્રહ્મ છે. કારણ કે એવું છે એટલા માટે મનની ઉપાસના કરો. ॥ ૧ ॥

स यो मनो ब्रह्मेत्युपास्ते यावन्मनसो गतं तत्रास्य यथाकामचारो भवति यो मनो ब्रह्मेत्युपास्तेऽस्ति भगवो मनसो भूय इति मनसो वाव भूयोऽस्तीति तन्मे भगवान् ब्रवीत्विति ॥ २ ॥

તે જે કે મનની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે તેની જ્યાં સુધી મનની ગતિ છે ત્યાં સુધી સ્વેચ્છાગતિ થઈ જાય છે, જો કે મનની 'આ બ્રહ્મ છે' આવી ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું મનથી પણ વધીને કંઈ છે ?' (સનત્કુમાર-) 'મનથી વધીને પણ છે જ.' (નારદ -) ભગવન્ ! મારા પ્રત્યે તેનું વર્ણન કરો.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स यो मन इत्यादि समानम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'स यो मनः' વગેરે મંત્રોનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये तृतीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ ३ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના તૃતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

चतुर्थः खण्डः

संकल्पो वाव मनसो भूयान्यदा वै संकल्पयतेऽथ मनस्यत्यथ वाचमीरयति तामु नाम्नीरयति नाम्नि मन्त्रा एकं भवन्ति मन्त्रेषु कर्माणि ॥ १ ॥

સંકલ્પ જ મનથી વધીને છે. જે સમયે પુરુષ સંકલ્પ કરે છે ત્યારે તે મનસ્યન (બોલવાની ઇચ્છા) કરે છે અને પછી વાણીને પ્રેરિત કરે છે. તે તેને નામ પ્રત્યે પ્રવૃત્ત કરે છે. નામમાં બધાં મંત્ર એકરૂપ થઈ જાય છે અને મંત્રોમાં કર્મોનો અંતર્ભાવ થઈ જાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- संकल्पो वाव मनसो भूयान् । संकल्पोऽपि मनस्यनवदन्तःकरणवृत्तिः, कर्तव्याकर्तव्यविषयविभागेन समर्थनम् । विभागेन हि समर्थिते विषये चिकीर्षाबुद्धिर्मनस्यनं भवति । कथम् ? यदा वै संकल्पयते कर्तव्यादिविषयान् । विभजत इदं कर्तुं युक्तमिति । अथ मनस्यति मन्त्रानधीयीयेत्यादि । अथानन्तरं वाचमीरयति मन्त्राद्युच्चारणे । तां च वाचमु नाम्नि नामोच्चारणनिमित्तं विवक्षां कृत्वेरयति नाम्नि नामसामान्ये मन्त्राः शब्दविशेषाः सन्त एकं भवन्त्यन्तर्भवन्तीत्यर्थः । सामान्ये हि विशेषोऽन्तर्भवति । ★ मन्त्रेषु कर्माण्येकं भवन्ति, मन्त्रप्रकाशितानि कर्माणि क्रियन्ते नामन्त्रकमस्ति कर्म । यद्धि मन्त्रप्रकाशनेन लब्धसत्ताकं सत्कर्म ब्राह्मणेनेदं कर्तव्यमस्मै फलायेति विधीयते । याप्युत्पत्तिर्ब्राह्मणेषु कर्मणां दृश्यते सापि मन्त्रेषु लब्धसत्ताकानामेव कर्मणां स्पष्टीकरणम् । न हि मन्त्राप्रकाशितं कर्म किञ्चिद्ब्राह्मणे उत्पन्नं दृश्यते । त्रयीविहितं कर्मेति प्रसिद्धं लोके । त्रयीशब्दश्च ऋग्यजुःसामसमाख्या । **'मन्त्रेषु कर्माणि कवयो यान्यपश्यन्'** (मु.उप. १-२-१) इति । चाथर्वणे । तस्माद्युक्तं मन्त्रेषु कर्माण्येकं भवन्तीति ॥ १ ॥

શાંકરભાષ્ય :- સંકલ્પ જ મનથી વધીને છે. મનસ્યન સમાન સંકલ્પ પણ અંતઃકરણની વૃત્તિ જ છે, એટલે કર્તવ્ય અને અકર્તવ્ય વિષયોનું વિભાગપૂર્વક સમર્થન જ સંકલ્પ છે. આવી રીતે વિષયનું વિભાગપૂર્વક સમર્થન થવાથી જ ચિકીર્ષા બુદ્ધિ એટલે મનસ્યન થાય છે. તો કેવી રીતે ? - જે સમયે પુરુષ સંકલ્પ કરે છે અર્થાત્ 'આ કરવું જોઈએ' આવી રીતે કર્તવ્યાદિ વિષયોનો વિભાગ કરે છે ત્યારે તે વિચારે છે. 'હું મંત્રોનો પાઠ કરું' વગેરે. આ પછી તે મંત્રાદિના ઉચ્ચારણ કરવામાં વાણીને પ્રેરિત કરે છે. અને તે વાણીને નામમાં અર્થાત્ નામોચ્ચારણનિમિત્તક વિવક્ષા કરીને નામમાં પ્રેરિત કરે છે અને નામરૂપ સામાન્યમાં મંત્ર, જે શબ્દ વિશેષ જ છે, એક હોય છે અર્થાત્ તેના અંતર્ભૂત હોય છે. કારણ કે સામાન્યમાં વિશેષનો અંતર્ભાવ થાય છે.

મંત્રોમાં કર્મ એકરૂપ થઈ જાય છે. મંત્રોથી પ્રકાશિત કર્મ જ કરવામાં આવે છે, કોઈ પણ કર્મ મંત્રહીન નથી. (જો કહો કે કર્મોનું વિધાન તો બ્રાહ્મણ ભાગમાં પણ છે, તો એવું કેવી રીતે માની શકાય છે કે કર્મ મંત્ર પ્રકાશિત જ છે તો આવું કહેલું બરાબર નથી, કારણ કે) જે સત્કર્મને મંત્રોના પ્રકાશિત કરવાથી સત્તા પ્રાપ્ત થઈ છે બ્રાહ્મણોએ તેના 'આને અમુક ફળ માટે કરવું જોઈએ' આવી રીતે વિધાન કર્યું છે. આના સિવાય બ્રાહ્મણોમાં જે કર્મની ઉત્પત્તિ જોવામાં આવે છે તે પણ મંત્રમાં સત્તા પ્રાપ્ત કરેલા કર્મોનું જ સ્પષ્ટકરણ છે, મંત્રોથી અપ્રકાશિત કોઈપણ કર્મ બ્રાહ્મણ ભાગમાં ઉત્પન્ન થયેલું જોવામાં આવતું નથી. લોકમાં આ વાત પ્રસિદ્ધ છે કે 'કર્મ ત્રયીવિહિત છે' અને 'ત્રયી' શબ્દ ઋક્-યજુઃ-સામનું જ નામ છે. **'વિદ્વાનોએ જે કર્મોને મંત્રમાં જોયાં'** (મું.ઉપ. ૧-૨-૧) એવું આથર્વણોપનિષદમાં કહ્યું પણ છે. એટલે આમ કહેવું કે 'મંત્રમાં બધાં કર્મ એક રૂપ થઈ જાય છે' બરાબર જ છે. ॥ ૧ ॥

तानि ह वा एतानि संकल्पैकायनानि संकल्पात्मकानि संकल्पे प्रतिष्ठितानि समक्लृपतां द्यावापृथिवी समकल्पेतां वायुश्चाकाशं च समकल्पन्तापश्च तेजश्च तेषाꣳ संक्लृप्त्यै वर्षꣳ संकल्पते वर्षस्य संक्लृप्त्या अन्न संकल्पतेऽन्नस्य संक्लृप्त्यै प्राणाः संकल्पन्ते प्राणानाꣳ संक्लृप्त्यै मन्त्राः संकल्पन्ते मन्त्राणाꣳ संक्लृप्त्यै कर्माणि संकल्पन्ते कर्मणाꣳ संक्लृप्त्यै लोकः संकल्पते लोकस्य संक्लृप्त्यै सर्वꣳ संकल्पते स एष संकल्पः संकल्प-मुपास्स्वेति ॥ २ ॥

તે એ (મન વગેરે) એકમાત્ર સંકલ્પરૂપ લયસ્થાનવાળા, સંકલ્પમય અને સંકલ્પમાં જ પ્રતિષ્ઠિત છે. દ્યુલોક અને પૃથ્વીએ જાણે સંકલ્પ કર્યો છે. વાયુ અને આકાશે સંકલ્પ કર્યો છે. જળ અને તેજે સંકલ્પ કર્યો. તેના સંકલ્પને માટે વૃષ્ટિ સમર્થ થાય છે. (અર્થાત્ તે દ્યુલોકાદિના સંકલ્પથી વૃષ્ટિ થાય છે), વૃષ્ટિના સંકલ્પને માટે અન્ન સમર્થ થાય છે, અન્નના

F/17

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સંકલ્પને માટે પ્રાણ સમર્થ થાય છે, પ્રાણોના સંકલ્પને માટે મંત્ર સમર્થ હોય છે, મંત્રોના સંકલ્પ માટે કર્મ સમર્થ હોય છે, કર્મોના સંકલ્પને માટે લોક (ફળ) સમર્થ હોય છે અને લોકોના સંકલ્પને માટે બધું સમર્થ હોય છે. તે (આવો) આ સંકલ્પ છે, તમે સંકલ્પની ઉપાસના કરો. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तानि ह वा एतानि मनआदीनि संकल्पैकायनानि संकल्प एकोऽयनं गमनं प्रलयो येषां तानि संकल्पैकायनानि । संकल्पात्मकान्युत्पत्तौ संकल्पे प्रतिष्ठितानि स्थितौ समक्लृपताम्, संकल्पं कृतवत्याविव हि द्यौश्च पृथिवी च द्यावापृथिवी द्यावापृथिव्यौ निश्चले लक्ष्येते । तथा समकल्पेतां वायुश्चाकाशं चैतावपि संकल्पं कृतवन्ताविव । तथा समकल्पन्तापश्च तेजश्च स्वेन रूपेण निश्चलानि लक्ष्यन्ते यतः । ★ तेषां द्यावापृथिव्यादीनां संक्लृप्त्यै संकल्पनिमित्तं वर्षं संकल्पते समर्थीभवति । तथा वर्षस्य संक्लृप्त्यै संकल्पनिमित्तमन्नं संकल्पते । वृष्टेर्ह्यन्नं भवत्यन्नस्य संक्लृप्त्यै प्राणाः संकल्पन्ते । अन्नमया हि प्राणा अन्नोपष्टम्भकाः । **'अन्नं दाम'** (बृ.उप. २-२-१) इति हि श्रुतिः । ★ तेषां संक्लृप्त्यै मन्त्राः संकल्पन्ते । प्राणवान् हि मन्त्रानधीते नाबलः । मन्त्राणां हि संक्लृप्त्यै कर्माण्यग्निहोत्रादीनि संकल्पन्तेऽनुष्ठीयमानानि मन्त्रप्रकाशितानि समर्थीभवन्ति फलाय । ततो लोकः फलं संकल्पते कर्मकर्तृसमवायितया समर्थीभवतीत्यर्थः । लोकस्य संक्लृप्त्यै सर्वं जगत्संकल्पते स्वरूपावैकल्याय । एतद्धीदं सर्वं जगद्यत्फलावसानं तत्सर्वं संकल्पमूलम् । अतो विशिष्टः स एव संकल्पः । अतः संकल्पमुपास्स्वेत्युक्त्वा फलमाह तदुपासकस्य ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે એ મન વગેરે સંકલ્પકાયન છે - સંકલ્પ જ છે એક અયન - ગમન અર્થાત્ પ્રલયસ્થાન જેનું આવું સંકલ્પૈકાયન છે. તે ઉત્પત્તિના સમયે સંકલ્પમય છે અને સ્થિતિના સમયે સંકલ્પમાં પ્રતિષ્ઠિત છે. દ્યુલોક અને પૃથ્વીએ જાણે સંકલ્પ કર્યો છે, કારણ કે એ દ્યાવાપૃથ્વી - દ્યૌ અને પૃથ્વી નિશ્ચલ જોવામાં આવે છે તેમજ વાયુ અને આકાશ આ બંનેએ પણ જાણે સંકલ્પ કર્યો છે. આવી રીતે જળ અને તે જે પણ સંકલપ કર્યો છે, કારણ કે એ પણ પોતાના સ્વરૂપથી નિશ્ચલ જોવામાં આવે છે.

તે દ્યુલોક અને પૃથ્વી વગેરેની સંકલૃપ્તિ એટલે સંકલ્પને માટે વર્ષા સંકલ્પિત થતી અર્થાત્ સમર્થ હોય છે. અને વર્ષાની સંક્લૃપ્તિ - સંકલ્પને માટે અન્ન સમર્થ હોય છે, કારણ કે વૃષ્ટિથી જ અન્ન થાય છે. અન્નની સંક્લૃપ્તિ માટે પ્રાણ સમર્થ થાય છે, કારણ કે પ્રાણ અન્નમય છે અને અન્નના જ આશ્રયે રહેનારા છે. શ્રુતિ કહે છે **'(પ્રાણરૂપ શિશુને માટે) અન્ન દોરી છે.'** (બૃ.ઉપ. ૨-૨-૧).

તે પ્રાણોના સંકલ્પને માટે મંત્ર સમર્થ હોય છે, કારણ કે પ્રાણવાન્ (બળવાન) જ મંત્રોને વાંચી શકે છે, બળહીન નહીં. મંત્રોના સંકલ્પ માટે અગ્નિહોત્ર વગેરે કર્મ સમર્થ હોય છે, કારણ કે મંત્રો દ્વારા પ્રકાશિત કર્મ અનુષ્ઠાન કરવામાં આવતાં ફળ પ્રદાનમાં સમર્થ હોય છે. તેનાં લોક અર્થાત્ ફળ સંક્લૃપ્ત હોય છે, અર્થાત્ કર્મ અને કર્તાના સમવાયીરૂપે સમર્થ હોય છે. લોક(ફળ)ના સંકલ્પ માટે સંપૂર્ણ જગત પોતાના સ્વરૂપની અવિકલતામાં સમર્થ હોય છે. આવી રીતે ફળ પર્યંત જે આખું જગત છે તે બધું જ સંકલ્પમૂલક જ છે એટલે તે સંકલ્પ જ વિશિષ્ટ છે, એટલા માટે તમે સંકલ્પની ઉપાસના કરો. એમ કહીને સનત્કુમારજી તેના ઉપાસક માટે ફળ બતાવે છે. ॥ ૨ ॥

स यः संकल्पं ब्रह्मेत्युपास्ते क्लृप्तान् वै स लोकान्ध्रुवान्ध्रुवः प्रतिष्ठितान् प्रतिष्ठितोऽव्यथमानानव्यथमानोऽभिसिध्यति । यावत्संकल्पस्य गतं तत्रास्य यथाकामचारो भवति यः संकल्पं ब्रह्मेत्युपास्तेऽस्ति भगवः संकल्पाद्भूय इति संकल्पाद्वाव भूयोऽस्तीति तन्मे भगवान् ब्रवीत्विति ॥ ३ ॥

તે જો કે સંકલ્પની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે (વિધાતાના) રચેલાં ધ્રુવલોકોમાં સ્વયં ધ્રુવ થઈને, પ્રતિષ્ઠિત લોકોને સ્વયં પ્રતિષ્ઠિત થઈને અને વ્યથા ન મેળવનાર લોકોને સ્વયં વ્યથા ન આપતાં સર્વ પ્રકારે પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી સંકલ્પની ગતિ છે ત્યાં સુધી સ્વેચ્છાગતિ થઈ જાય છે, જે સંકલ્પની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું સંકલ્પથી પણ આગળ કંઈ છે ?' (સનત્કુમાર-) 'સંકલ્પથી વધીને પણ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મને તેનો ઉપદેશ કરો. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स यः संकल्पं ब्रह्मेति ब्रह्मबुद्ध्योपास्ते क्लृप्तान् वै धात्रास्येमे लोकाः फलमिति क्लृप्तान् समर्थितान संकल्पितान्स विद्वान्ध्रुवान् नित्यानत्यन्ताध्रुवापेक्षया ध्रुवश्च स्वयम् । लोकिनो ह्यध्रुवत्वे लोके ध्रुवक्लृप्तिर्व्यर्थेति ध्रुवः सन

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

प्रतिष्ठितानुपकरणसम्पन्नानित्यर्थः । पशुपुत्रादिभिः प्रतितिष्ठतीति दर्शनात्स्वयं च प्रतिष्ठित आत्मीयोपकरणसम्पन्नोऽव्यथमानानमित्रादि-त्रासरहितानव्यथमानश्च स्वयमभिमिध्यत्यभिप्राप्नोतीत्यर्थः । यावत्संकल्पस्य गतं संकल्पगोचरस्तत्रास्य यथाकामचारो भवति आत्मनः संकल्पस्य न तु सर्वेषां संकल्पस्येति । उत्तरफलविरोधात् । यः संकल्पं ब्रह्मेत्युपास्त इत्यादि पूर्ववत् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે જો કે સંકલ્પની 'બ્રહ્મ' આવી રીતે અર્થાત્ બ્રહ્મબુદ્ધિથી ઉપાસના કરે છે, કલૃપ્ત - વિધાતા દ્વારા 'આને આ લોક એટલે ફળ પ્રાપ્ત થાય' આવી રીતે સમર્થિત - સંકલ્પિત ધ્રુવ અર્થાત્ નિત્ય લોકોને, જે અન્ય અધ્રુવ લોકોની અપેક્ષાએ ધ્રુવ છે, સ્વયં ધ્રુવ થઈને, કારણ કે લોકવાન ભોક્તાના અધ્રુવ હોવાથી લોકોમાં ધ્રુવતાની કલ્પના કરવી વ્યર્થ છે, એટલે ધ્રુવ થઈને, પ્રતિષ્ઠિત અર્થાત્ સામગ્રી સંપન્ન (લોકોમાં) કારણ કે તે પશુ-પુત્રાદિથી પ્રતિષ્ઠિત હોય છે - એવું જોવામાં આવે છે, પોતે પણ પ્રતિષ્ઠિત - પોતાની સામગ્રીથી સંપન્ન થઈને અને અવ્યથમાન - શત્રુ વગેરેના ભયથી રહિત લોકોને સ્વયં પણ અવ્યથમાન - વ્યથિત ન થતો 'अभिसिध्यति' બધી રીતે પ્રાપ્ત કરે છે - આવું આનું તાત્પર્ય છે. જ્યાં સુધી સંકલ્પની ગતિ છે અર્થાત્ સંકલ્પનો વિષય છે ત્યાં સુધી આની સ્વેચ્છાગતિ થઈ જાય છે. જ્યાં સુધી તેના સંકલ્પની ગતિ હોય છે ત્યાં સુધી, ન તો બધાના સંકલ્પની ગતિ સુધી, કારણ કે (આવું ન માનવાથી) આગળ બતાવવામાં આવેલા ફળોથી વિરોધ આવશે. 'यः संकल्पं ब्रह्मेत्युपास्ते' વગેરે મંત્રનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये चतुर्थखण्डभाष्यं सम्पूर्णम् ॥ ४ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના ચતુર્થ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चमः खण्डः

चित्तं वाव संकल्पाद्भूयो यदा वै चेतयतेऽथसंकल्पयतेऽथ मनस्यत्यथ वाचमीरयति तामु नाम्नीरयति नाम्नि मन्त्रा एकं भवन्ति मन्त्रेषु कर्माणि ॥ १ ॥

ચિત્ત જ સંકલ્પથી ઉત્કૃષ્ટ છે. જે સમયે પુરુષ ચેતનાવાન હોય છે ત્યારે તે સંકલ્પ કરે છે, પછી મનન કરે છે, તે પછી વાણીને પ્રેરિત કરે છે, તેને નામમાં પ્રવૃત્ત કરે છે. નામમાં મંત્ર એકરૂપ થાય છે અને મંત્રોમાં કર્મ. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- चित्तं वाव संकल्पाद्भूयः, चित्तं चेतयितत्वं प्राप्तकालानुरूपबोधवत्त्वमतीतानागतविषयप्रयोजननिरूपणसामर्थ्यं च तत् संकल्पादपि भूयः । कथम् ? यदा वै प्राप्तं वस्त्विदमेवं प्राप्तमिति चेतयते तदादानाय वापोहाय वाथ संकल्पयतेऽथ मनस्यतीत्यादि पूर्ववत् ॥ १ ॥

શાંકરભાષ્ય :- ચિત્ત જ સંકલ્પમાં ઉત્કૃષ્ટ છે. ચિત્ત એટલે ચેતયિતૃત્વ - પ્રાપ્ત કાળ અનુરૂપ બોધયુક્ત હોવું અને ભૂત અને ભવિષ્યના વિષયોના પ્રયોજનોનું નિરૂપણ કરવામાં સમર્થ હોવું - આ સંકલ્પની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. આ કેવી રીતે ? (તો બતાવે છે -) જે સમયે પુરુષ પ્રાપ્ત થયેલી વસ્તુને 'આ આવી રીતની વસ્તુ પ્રાપ્ત થઈ છે.' આવી રીતે ચેતિત કરે છે, ત્યારે તે તેને ગ્રહણ કરવા અથવા ત્યાગવા માટે સંકલ્પ કરે છે. પછી મનસ્યન કરે છે - વગેરે શેષ અર્થ પૂર્વવત્ છે. ॥ ૧ ॥

तानि ह वा एतानि चित्तैकायनानि चित्तात्मानि चित्ते प्रतिष्ठितानि तस्माद्यद्यपि बहुविदचित्तो भवति नायमस्तीत्येवैनमाहुर्यदयं वेद यद्वा अयं विद्वान्नेत्थमचित्तः स्यादित्यथ यद्यल्पविच्चित्तवान्भवति तस्मा एवोत शुश्रूषन्ते चित्तꣳ ह्येवैषामेकायनं चित्तमात्मा चित्तं प्रतिष्ठा चित्तमुपास्स्वेति ॥ २ ॥

તે આ (સંકલ્પાદિ) એક માત્ર ચિત્તરૂપ લયસ્થાનવાળા, ચિત્તમય અને ચિત્તમાં જ પ્રતિષ્ઠિત છે. આનાથી જો કે કોઈ મનુષ્ય બહુજ્ઞ પણ હોય તો પણ જો તે અચિત્ત હોય છે તો લોકો કહેવા લાગે છે કે 'આ તો કંઈ પણ નથી, જો આ કંઈ જાણે અથવા વિદ્વાન હોય તો એવા અચિત્ત ન હોત.' અને જો કોઈ અલ્પજ્ઞ હોવાથી પણ ચિત્તવાન હોય તો તેનાથી તે બધું શ્રવણ કરવા ઇચ્છે છે. એટલે ચિત્ત જ તેનું એકમાત્ર આશ્રય છે, ચિત્ત જ આત્મા છે અને ચિત્ત જ પ્રતિષ્ઠા છે, તમે ચિત્તની ઉપાસના કરો. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- तानि संकल्पादीनि कर्मफलान्तानि चित्तैकायनानि चित्तात्मानि चित्तोत्पत्तीनि चित्ते प्रतिष्ठितानि चित्तस्थितानीत्यपि पूर्ववत् । किञ्च चित्तस्य माहात्म्यम् । यस्माच्चित्तं संकल्पादिमूलं तस्माद्यद्यपि बहुविद् बहुशास्त्रादिपरिज्ञानवान्सन्नचित्तो भवति प्राप्तादिचेतयितृत्वसामर्थ्यविरहितो भवति तं निपुणा लौकिका नायमस्ति विद्यमानोऽप्यसत्सम एवेत्येनमाहुः । ★ यच्चायं किञ्चिच्छास्त्रादि वेद श्रुतवांस्तदप्यस्य वृथैवेति कथयन्ति । कस्मात् ? यद्ययं विद्वान् स्यादित्थमेवमचित्तो न स्यात्तस्मादस्य श्रुतमप्यश्रुतमेवेत्याहुरित्यर्थः । अथाल्पविदपि यदि चित्तवान्भवति तस्मा एतस्मै तदुक्तार्थग्रहणायैवोतापि शुश्रूषन्ते श्रोतुमिच्छन्ति । तस्माच्च चित्तं ह्येवैषां संकल्पादीनामेकायनमित्यादि पूर्ववत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- સંકલ્પથી લઈને કર્મફળ પર્યન્ત તે સર્વ એકમાત્ર ચિત્તરૂપ લયસ્થાનવાળું, ચિત્તમય - ચિત્તથી ઉત્પન્ન થનાર અને ચિત્તમાં પ્રતિષ્ઠિત અર્થાત્ ચિત્તમાં જ રહેનારું છે - આવી રીતે પૂર્વવત્ જ સમજવું જોઈએ. આના સિવાય ચિત્તનો મહિમા આવી રીતે છે, કારણ કે ચિત્ત સંકલ્પાદિનું મૂળ છે એટલા માટે જો કોઈ પુરુષ બહુજ્ઞ બહુ જ શાસ્ત્રાદિનું પરિજ્ઞાન રાખનાર હોઈને પણ અચિત્ત અર્થાત્ પ્રાપ્ત વિષયાદિના યથાર્થ સ્વરૂપને જાણવાના સામર્થ્ય રહિત હોય તો નિપુણ લૌકિક પુરુષ તેના વિષયમાં 'આ કંઈ નથી - વિદ્યમાન હોવા છતાં પણ અસદ્રૂપ જ છે' એવું કહેવા લાગે છે.

તે એ પણ કહે છે કે 'આણે જે કંઈ શાસ્ત્રાદિ જાણ્યા અથવા સાંભળ્યા છે તે પણ આના માટે વ્યર્થ જ છે. કેમ વ્યર્થ છે ? જો આ વિદ્વાન હોત તો આ અચિત્ત (મૂઢ) ન હોત, એટલે તાત્પર્ય આ છે કે આનું શ્રવણ કરેલું પણ અશ્રુત જ છે' એવું તે કહે છે અને જો અલ્પવિત્ હોવાથી પણ તે ચિત્તવાન હોય છે તો તેનાથી તેની કહેલી વાતને ગ્રહણ કરવાને માટે જ તે સાંભળવાની ઇચ્છા કરે છે. એટલે ચિત્ત જ આ સંકલ્પાદિનું એકાયન છે વગેરે પૂર્વવત્ સમજવું જોઈએ. ॥ ૨ ॥

स यश्चित्तं ब्रह्मेत्युपास्ते चित्तान्वै स लोकान् ध्रुवान्ध्रुवःप्रतिष्ठितान्प्रतिष्ठितोऽव्यथमानानव्यथमानोऽभिसिध्यति । यावच्चित्तस्य गतं तत्रास्य यथाकामचारो भवति यश्चित्तं ब्रह्मेत्युपास्तेऽस्ति भगवश्चित्ताद्भूय इति चित्ताद्वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ ३ ॥

તે જો કે ચિત્તની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે (પોતાના માટે) ઉપચિત થયેલા ધ્રુવલોકોને સ્વયં ધ્રુવ થઈને, પ્રતિષ્ઠિત લોકોને સ્વયં પ્રતિષ્ઠિત થઈને અને વ્યથા ન પામનારા લોકોને સ્વયં વ્યથા ન મેળવતા સર્વ પ્રકારે પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી ચિત્તની ગતિ છે ત્યાં સુધી તેની સ્વેચ્છાગતિ થઈ જાય છે, જે કે ચિત્તની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું ચિત્તથી વધીને પણ કંઈ છે ?' (સનત્કુમાર-) 'ચિત્તથી વધીને પણ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મને તેનો ઉપદેશ કરો.' ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- चित्तानुपचितान्बुद्धिमद्गुणैः स चित्तोपासको ध्रुवानित्यादि चोक्तार्थम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- ચિત્ત અર્થાત્ બુદ્ધિયુક્ત ગુણોથી ઉપચિત ધ્રુવલોકોને તે ચિત્તોપાસક ધ્રુવ થઈને - વગેરે અર્થ પહેલાં કહેલાં સમાન છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये पञ्चमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ५ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના પાંચમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षष्ठः खण्डः

ध्यानं वाव चित्ताद्भूयो ध्यायतीव पृथिवी ध्यायतीवान्तरिक्षं ध्यायतीव द्यौर्ध्यायन्तीवापो ध्यायन्तीव पर्वता ध्यायन्तीव देवमनुष्यास्तस्माद्य इह मनुष्याणां महतां प्राप्नुवन्ति ध्यानापादाः शा इवैव ते भवन्त्यथ येऽल्पाः कलहिनः पिशुना उपवादिनस्तेऽथ ये प्रभवो ध्यानापादाः शा इवैव ते भवन्ति ध्यानमुपास्स्वेति ॥ १ ॥

ધ્યાન જ ચિત્તથી વધીને છે. પૃથ્વી જાણે ધ્યાન કરે છે, અંતરિક્ષ જાણે ધ્યાન કરે છે, દ્યુલોક જાણે ધ્યાન કરે છે, જળ જાણે ધ્યાન કરે છે, પર્વત જાણે ધ્યાન કરે છે અને દેવ તેમજ મનુષ્ય પણ જાણે ધ્યાન કરે છે. એટલે જે લોકો અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

મનુષ્યોમાં મહત્ત્વ પ્રાપ્ત કરે છે તે જાણે ધ્યાનના લાભનો જ અંશ પ્રાપ્ત કરે છે, પરંતુ જે શુદ્ર હોય છે તે કલહપ્રિય, ચાડીખોર અને બીજાના મોં સામે જ તેની નિંદા કરનારા હોય છે, અને જે સામર્થ્યવાન છે તે ધ્યાનના લાભનો જ અંશ પ્રાપ્ત કરનારા છે. એટલે તમે ધ્યાનની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- ध्यानं वाव चित्ताद्भूयः । ध्यानं नाम शास्त्रोक्तदेवताद्यालम्बनेष्वचलो भिन्नजातीयैरनन्तरितः प्रत्ययसन्तानः, एकाग्रतेति यमाहुः । दृश्यते च ध्यानस्य माहात्म्यं फलतः, कथम् ? यथा योगी ध्यायन्निश्चलो भवति ध्यानफललाभे । एवं ध्यायतीव निश्चला दृश्यते पृथिवी ध्यायतीवान्तरिक्षमित्यादि समानमन्यत् । देवाश्च मनुष्याश्च देवमनुष्या मनुष्या एव वा देवसमा देवमनुष्याः शमादिगुणसम्पन्ना मनुष्या देवस्वरूपं न जहतीत्यर्थः । ★ यस्मादेवं विशिष्टं ध्यानं तस्माद्य इह लोके मनुष्याणामेव धनैर्विद्यया गुणैर्वा महत्तां महत्त्वं प्राप्नुवन्ति धनादिमहत्त्वहेतुं लभन्त इत्यर्थः । ध्यानापादांशा इव ध्यानस्यापादनमापादो ध्यानफललाभ इत्येतत्, तस्यांशोऽवयवः कला काचिद्ध्यानफललाभकलावन्त इवैवेत्यर्थः; ते भवन्ति । निश्चला इव लक्ष्यन्ते न क्षुद्रा इव । ★ अथ ये पुनरल्पाः क्षुद्राः किञ्चिदपि धनादिमहत्त्वैकदेशमप्राप्तास्ते पूर्वोक्तविपरीताः कलहिनः कलहशीलाः पिशुनाः परदोषोद्भासको उपवादिनः परदोषं सामीप्ययुक्तमेव वदितुं शीलं येषां त उपवादिनश्च भवन्ति । ★ अथ ये महत्त्वं प्राप्ता धनादिनिमित्तं तेऽन्यान् प्रति प्रभवन्तीति प्रभवो विद्याचार्यराजेश्वरादयो ध्यानापादांशा इवेत्याद्युक्तार्थम् । अतो दृश्यते ध्यानस्य महत्त्वं फलतोऽतो भूयश्चित्तादतस्तदुपास्स्वेत्याद्युक्तार्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- ધ્યાન જ ચિત્તથી વધીને છે. દેવ વગેરે શાસ્ત્રોક્ત આલંબનમાં વિજાતીય વૃત્તિઓથી અવિચ્છિન્ન એક જ વૃત્તિના પ્રવાહનું નામ 'ધ્યાન' છે, જેને 'એકાગ્રતા' એવું પણ કહે છે. ફળથી પણ ધ્યાનનું મહાત્મ્ય જોવામાં પણ આવે છે. કેવી રીતે ? - જેવી રીતે ધ્યાન કરનાર યોગી ધ્યાનનું ફળ પ્રાપ્ત થવાથી નિશ્ચલ થઈ જાય છે. એવી રીતે પૃથ્વી ધ્યાન કરતી હોય તેવી નિશ્ચલ જોવામાં આવે છે, અને અંતરિક્ષ ધ્યાન કરતું હોય તેવું જોવામાં આવે છે - વગેરે. શેષ અર્થ આવી રીતે સમજવો જોઈએ. દેવ અને મનુષ્ય દેવમનુષ્ય કહેવામાં આવ્યા છે અથવા દેવતુલ્ય મનુષ્ય જ દેવમનુષ્ય છે. તાત્પર્ય આ છે કે શમાદિ ગુણોથી સંપન્ન પુરુષ દેવ ભાવનો કદી ત્યાગ કરતો નથી.

કારણ કે આવી રીતે ધ્યાન વિશિષ્ટ છે, એટલા માટે મનુષ્યોમાં પણ જે લોકો આ લોકમાં ધન, વિદ્યા અથવા ગુણોના કારણે મહત્તા-મહત્વ પ્રાપ્ત કરે છે અર્થાત્ મહત્ત્વના હેતુભૂત ધનાદિ પ્રાપ્ત કરે છે તે ધ્યાનાપદાંશ સમાન છે. ધ્યાનના આપાદનનું નામ છે 'ધ્યાનાપાદ' અર્થાત્ ધ્યાનના ફળની પ્રાપ્તિ, તેના એક અંશ - અવયવ એટલે કલાથી યુક્ત હોય છે, તાત્પર્ય આ છે કે તે જાણે ધ્યાન ફળના આંશિક લાભથી સંપન્ન થાય છે અને તે નિશ્ચલથી જોવામાં આવે છે - શુદ્ર પુરુષો સમાન જોવામાં આવતાં નથી.

અને જે અલ્પ - શુદ્ર અર્થાત્ ધનાદિ મહત્ત્વના એક અંશને પણ પ્રાપ્ત નથી તે ઉપર્યુક્ત મનુષ્યોથી વિપરીત કલહ જ કરનારા, પિશૂન-બીજાના દોષોને પ્રગટ કરનારા, અને ઉપવાદી - જેનો બીજાના દોષોને તેની સામે જ કહેવાનો સ્વભાવ હોય છે - એવા હોય છે.

અને જે લોકોએ ધ્યાનાદિના કારણે મહત્ત્વ પ્રાપ્ત કર્યું છે અને જે બીજાઓના પ્રત્યે પ્રભુ હોય છે, પ્રભુ અર્થાત્ વિદ્યાચાર્ય અથવા રાજેશ્વરાદિ હોય છે. જાણે તે ધ્યાનફળનો અંશ પ્રાપ્ત કરનાર છે - એવા (ધ્યાનાપાદાંશનો) અર્થ પહેલાં કહેવામાં આવી ગયો છે. એટલે ફળથી પણ ધ્યાનનું મહત્ત્વ પ્રતીત થાય છે. એટલા માટે આ (ધ્યાન) ચિત્તથી વધીને છે, એટલે તમે તેની ઉપાસના કરો - એવો પૂર્વવત્ અર્થ સમજવો જોઈએ. ॥ ૧ ॥

स यो ध्यानं ब्रह्मेत्युपास्ते यावद्ध्यानस्य गतं तत्रास्य यथाकामचारो भवति यो ध्यानं ब्रह्मेत्युपास्तेऽस्ति भगवो ध्यानाद्भूय इति ध्यानाद्वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ २ ॥

તે જે ધ્યાનની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે, જ્યાં સુધી ધ્યાનની ગતિ છે ત્યાં સુધી તેની સ્વેચ્છાગતિ થઈ જાય છે, જે ધ્યાનની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું ધ્યાનથી પણ ઉત્કૃષ્ટ કંઈ છે ?' સનત્કુમાર - ધ્યાનથી પણ ઉત્કૃષ્ટ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મને તેનો ઉપદેશ કરો. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये षष्ठखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના છઠ્ઠા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सप्तमः खण्डः

विज्ञानं वाव ध्यानाद्भूयो विज्ञानेन वा ऋग्वेदं विजानाति यजुर्वेदꣳ सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पञ्चमं वेदानां वेदं पित्र्यꣳ राशिं दैवं निधिं वाकोवाक्यमेकायनं देवविद्यां ब्रह्मविद्यां भूतविद्यां क्षत्रविद्यां नक्षत्रविद्याꣳ सर्पदेवजनविद्यां दिवं च पृथिवीं च वायुं चाकाशं चापश्च तेजश्च देवाꣳश्च मनुष्याꣳश्च पशूꣳश्च वयाꣳसि च तृणवनस्पतीञ्छ्वापदान्याकीटपतङ्गपिपीलिकं धर्मं चाधर्मं च सत्यं चानृतं च साधु चासाधु च हृदयज्ञं चाहृदयज्ञं चान्नं च रसं चेमं च लोकममुं च विज्ञानेनैव विजानाति विज्ञानमुपास्स्वेति ॥ १ ॥

વિજ્ઞાન જ ધ્યાનથી શ્રેષ્ઠ છે. વિજ્ઞાનથી જ પુરુષ ઋગ્વેદ સમજે છે અને વિજ્ઞાનથી જ તે યજુર્વેદ, સામવેદ, ચોથો આથર્વણ વેદ, વેદોમાં પાંચમો વેદ - ઇતિહાસપુરાણ, વ્યાકરણ, શ્રાદ્ધકલ્પ, ગણિત, ઉત્પાતજ્ઞાન, નિધિજ્ઞાન, તર્કશાસ્ત્ર, નીતિ, દેવવિદ્યા (નિરુક્ત), બ્રહ્મવિદ્યા, ભૂતવિદ્યા, ધનુર્વેદ, જ્યોતિષ, ગારુડ અને શિલ્પવિદ્યા, દ્યુલોક, પૃથ્વી, વાયુ, આકાશ, જળ, તેજ, દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, તૃણ, વનસ્પતિ, શ્વાપદ, કીડા-પતંગ-પિપીલિકા પર્યંત સંપૂર્ણ જીવ, ધર્મ, અધર્મ, સત્ય, અસત્ય, સાધુ, અસાધુ, મનોજ્ઞ, અમનોજ્ઞ, અન્ન, રસ અને આલોક અને પરલોકને જાણે છે. તમે વિજ્ઞાનની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- विज्ञानं वाव ध्यानाद्भूयः । विज्ञानं शास्त्रार्थविषयं ज्ञानं तस्य ध्यानकारणत्वाद्ध्यानाद्भूयस्त्वम् । कथं च तस्य भूयस्त्वमित्याह । विज्ञानेन वा ऋग्वेदं विजानात्ययमृग्वेद इति प्रमाणतया यस्यार्थज्ञानं ध्यानकारणम् । तथा यजुर्वेदमित्यादि समानम् । किञ्च पश्वारदींश्च धर्माधर्मौ शास्त्रसिद्धौ साध्वसाधुनी लोकतः स्मार्ते वादृष्टविषयं च सर्वं विज्ञानेनैव विजानातीत्यर्थः । तस्माद्युक्तं ध्यानाद्विज्ञानस्य भूयस्त्वम् । अतो विज्ञानमुपास्स्वेति ॥ १ ॥

શાંકરભાષ્ય :- વિજ્ઞાન જ ધ્યાન કરતાં શ્રેષ્ઠ છે. વિજ્ઞાન શાસ્ત્રાર્થ વિષયક જ્ઞાનને કહે છે, ધ્યાનનું કારણ હોવાને કારણે ધ્યાનની અપેક્ષાએ તેની શ્રેષ્ઠતા છે. તેની શ્રેષ્ઠતા કેવા પ્રકારે છે ? આ માટે બતાવે છે - વિજ્ઞાનથી જ પુરુષ ઋગ્વેદને 'આ ઋગ્વેદ છે' પ્રમાણરૂપે જાણે છે જેના અર્થજ્ઞાનનું કારણ ધ્યાન છે. વળી યજુર્વેદ વગેરે પૂર્વ જેમ સમાન છે. વળી પશુ વગેરેને, શાસ્ત્ર સિદ્ધ ધર્મ અને અધર્મને લોકદૃષ્ટિથી અથવા સ્મૃતિઓ દ્વારા નિર્ણીત શુભ અને અશુભને તેમજ સંપૂર્ણ અદૃષ્ટ વિષયને પણ તે વિજ્ઞાનથી જ જાણે છે - આવું આનું તાત્પર્ય છે. એટલે ધ્યાનથી વિજ્ઞાનની શ્રેષ્ઠતા યોગ્ય છે. એટલા માટે તમે વિજ્ઞાનની ઉપાસના કરો. ॥ ૧ ॥

स यो विज्ञानं ब्रह्मेत्युपास्ते विज्ञानवतो वै स लोकाञ्ज्ञानवतोऽभिसिध्यति यावद्विज्ञानस्य गतं तत्रास्य यथाकामचारो भवति यो विज्ञानं ब्रह्मेत्युपास्तेऽस्ति भगवो विज्ञानाद्भूय इति विज्ञानाद्वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ २ ॥

તે જો વિજ્ઞાનની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે તેને વિજ્ઞાનવાન તેમજ જ્ઞાનવાન લોકની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી વિજ્ઞાનની ગતિ છે ત્યાં સુધી તેની સ્વેચ્છાગતિ થઈ જાય છે. જો કે વિજ્ઞાનની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! વિજ્ઞાનથી પણ શ્રેષ્ઠ કંઈ છે ?' (સનત્કુમાર-) 'વિજ્ઞાનથી શ્રેષ્ઠ પણ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મને તે જ બતાવે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- शृणूपासनफलं विज्ञानवतो विज्ञानं येषु लोकेषु तान्विज्ञानवतो लोकाञ्ज्ञानवतश्चाभिसिध्यत्यभिप्राप्नोति । विज्ञानं शास्त्रार्थविषयं ज्ञानमन्यविषयं नैपुण्यं तद्वद्भिर्युक्तांल्लोकान् प्राप्नोतीत्यर्थः । यावद्विज्ञानस्येत्यादि पूर्ववत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ ઉપાસનાનું ફળ શ્રવણ કરો - વિજ્ઞાનવાન્ અર્થાત્ જે લોકોમાં વિજ્ઞાન છે તેને અને જ્ઞાનવાન લોકોને અભિસિદ્ધિ થાય છે - પ્રાપ્ત કરી લે છે. વિજ્ઞાન શાસ્ત્રાર્થ વિષયક અને અન્ય વિષય સંબંધી નિપુણતાનું નામ છે, તેનાથી સંપન્ન પુરુષોથી યુક્ત લોકોને પ્રાપ્ત કરી લે છે - એવું આનું તાત્પર્ય છે. 'यावद्विज्ञानस्य गतम्' વગેરે શેષ વાક્યનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये सप्तमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ७ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના સાતમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अष्टमः खण्डः

बलं वाव विज्ञानाद्भूयोऽपि ह शतं विज्ञानवतामेको बलवानाकम्पयते । स यदा बली भवत्यथोत्थाता भवत्युत्तिष्ठन् परिचरिता भवति परिचरन्नुपसत्ता भवत्युपसीदन् द्रष्टा भवति श्रोता भवति मन्ता भवति बोद्धा भवति कर्ता भवति विज्ञाता भवति । बलेन वै पृथिवी तिष्ठति बलेनान्तरिक्षं बलेन द्यौर्बलेन पर्वता बलेन देवमनुष्या बलेन पशवश्च वयाꣳसि च तृणवनस्पतयः श्वापदान्याकीटपतङ्गपिपीलिकं बलेन लोकस्तिष्ठति बलमुपास्स्वेति ॥ १ ॥

બળ જ વિજ્ઞાનની અપેક્ષાએ શ્રેષ્ઠ છે. સો વિજ્ઞાનીઓને પણ એક બળવાન હલાવી નાંખે છે. જે સમયે તે પુરુષ બળવાન હોય છે ત્યારે ઊઠનારા પણ હોય છે, ઊઠીને (અર્થાત્ ઊઠનારા હોઈને પણ) પરિચર્યા કરનારા હોય છે અને પરિચર્યા કરનારા હોવાથી પણ ઉપસદન (સમીપ ગમન) કરનારા હોય છે, અને ઉપસદન કરવાથી જ દર્શન કરનારા હોય છે, શ્રવણ કરનારા હોય છે, મનન કરનારા હોય છે. બોધવાન હોય છે, કર્તા હોય છે, તેમજ વિજ્ઞાતા હોય છે. બળથી જ પૃથ્વી રહેલી છે, બળથી જ અંતરિક્ષ, બળથી જ દ્યુલોક, બળથી જ પર્વત, બળથી જ દેવ અને મનુષ્ય, બળથી જ પશુ, પક્ષી, તૃણ, વનસ્પતિ, શ્વાપદ અને કીડા-પતંગ તેમજ પિપીલિકા પર્યંત સમસ્ત પ્રાણી રહેલાં છે અને બળથી જ લોક રહેલ છે. તમે બળની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- बलं वाव विज्ञानाद्भूयः । बलमित्यन्नोपयोगजनितं मनसो विज्ञेये प्रतिभानसामर्थ्यम् । अनशनात् **'ऋगादीनि न वै मा प्रतिभान्ति भोः'** (छा.उप. ६-७-२) इति श्रुतेः । शरीरेऽपि तदेवोत्थानादि सामर्थ्यं यस्माद्विज्ञानवतां शतमप्येकः प्राणी बलवानाकम्पयते यथा हस्ती मत्तो मनुष्याणां शतं समुदितमपि । ★ यस्मादेवमन्नाद्युपयोगनिमित्तं बलं तस्मात्स पुरुषो यदा बली बलेन तद्वान्भवत्यथोत्थातोत्थानस्य कर्तोत्तिष्ठंश्च गुरूणामाचार्यस्य च परिचरिता परिचरणस्य शुश्रूषायाः कर्ता भवति परिचरन्नुपसत्ता तेषां समीपगोऽन्तरङ्गः प्रियो भवतीत्यर्थः । ★ उपसीदंश्च सामीप्यं गच्छन्नेकाग्रतयाचार्यस्यान्यस्य चोपदेष्टुर्गुरोर्द्रष्टा भवति । ततस्तदुक्तस्य श्रोता भवति । तत इदमेभिरुक्तमेवमुपपद्यत इत्युपपत्तितो मन्ता भवति मन्वानश्च बोद्धा भवत्येवमेवेदमिति । तत एवं निश्चित्य तदुक्तार्थस्य कर्तानुष्ठाता भवति विज्ञातानुष्ठानफलस्यानुभविता भवतीत्यर्थः । किञ्च बलस्य माहात्म्यं बलेन वै पृथिवी तिष्ठतीत्याद्युज्ज्वर्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- બળ જ વિજ્ઞાનથી ઉત્કૃષ્ટ છે. અન્નના ઉપયોગથી પ્રાપ્ત થયેલી મનની વિજ્ઞેય પદાર્થના પ્રતિમાનની શક્તિનું નામ 'બળ' છે, કારણ કે અનશન કરવાને કારણે **'ભગવન્ ! મને ઋગાદિનું પ્રતિભાન થતું નથી.'** (છા.ઉપ. ૬-૭-૨) આવી (છઠ્ઠા અધ્યાયમાં શ્વેતકેતુના વાક્યરૂપ) શ્રુતિ છે. શરીરમાં પણ તે બળ જ ઊઠવા વગેરેનું સામર્થ્ય છે, કારણ કે સો વિજ્ઞાનવાનોને પણ એક જ બળવાન પ્રાણી આવી રીતે કંપાયમાન કરી દે છે જેમ એકત્રિત થયેલા બધા મનુષ્યોને એક મત્ત હાથી.

કારણ કે અન્નાદિના ઉપયોગને કારણે થનાર બળ એવું છે એટલા માટે આ પુરુષ જે સમયે બળવાન અર્થાત્ બળથી બળયુક્ત હોય છે તો તે ઉત્થાતા અર્થાત્ ઉત્થાન કરનારો થઈને તે ગુરુજન અને આચાર્યનો પરિચારક - પરિચર્યા એટલે શુશ્રૂષા કરનારો હોય છે. પરિચર્યા કરવાથી ઉપસત્તિ કરનારો - તેના સમીપે પહોંચનારો - તેના અંતરંગ અર્થાત્ પ્રિય થાય છે.

ઉપસન્ન થવા અર્થાત્ સમીપ જવાથી તે એકાગ્રભાવથી આચાર્ય અથવા કોઈ અન્ય ઉપદેશ કરનારા ગુરુનું દર્શન કરનાર થાય છે. પછી તે તેના કથનને (પણ કરનારો હોય છે.) તે પછી 'આનું આ કથન આ પ્રકારે ઉપપન્ન છે' આવી રીતે યુક્તિપૂર્વક મનન કરનારો થાય છે. અને મનન કરવાથી 'આ વાત એવી જ છે' આવી રીતે તેને જાણનારા થાય છે. પછી આવી રીતે નિશ્ચય કરીને તે તેની કહેલી વાતનો કર્તા - અનુષ્ઠાન કરનારો થાય છે, અને વિજ્ઞાતા અર્થાત્ અનુષ્ઠાનના ફળનો અનુભવ કરનારો થાય છે - આવું આનું તાત્પર્ય છે. આના સિવાય બળની મહિમા આવી રીતે છે - બળથી પૃથ્વી રહેલી છે - વગેરે શેષ અર્થ સરળ છે. ॥ ૧ ॥

स यो बलं ब्रह्मेत्युपास्ते यावद्बलस्य गतं तत्रास्य यथाकामचारो भवति यो बलं ब्रह्मेत्युपास्तेऽस्ति भगवो बलाद्भूय इति बलाद्वाव भूयोऽस्तीति तन्मे भगवान् ब्रवीत्विति ॥ २ ॥

તે જે બળની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે તેની, જ્યાં સુધી બળની ગતિ છે, સ્વેચ્છા ગતિ થઈ જાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

જે કે બળની આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું બળથી પણ ઉત્કૃષ્ટ કંઈ છે ?' (સનત્કુમાર-) 'બળથી ઉત્કૃષ્ટ પણ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મારા પ્રત્યે તેનું વર્ણન કરો. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्यायेऽष्टमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ८ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના આઠમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

नवमः खण्डः

अन्नं वाव बलाद्भूयस्तस्माद्यद्यपि दशरात्रीर्नाश्नीयाद्यद्यु ह जीवेदथवाद्रष्टाश्रोतामन्ताबोद्धाकर्ताविज्ञाता भवत्यथान्नस्यायै द्रष्टा भवति श्रोता भवति मन्ता भवति बोद्धा भवति कर्ता भवति विज्ञाता भवत्यन्नमुपास्स्वेति ॥ १ ॥

અન્ન જ બળથી ઉત્કૃષ્ટ છે. આનાથી જો દસ દિવસ ભોજન ન કરો અને જીવતાં પણ રહી જાય તો પણ તે અદ્દષ્ટા, અશ્રોતા, અમન્તા, અબોદ્ધા, અકર્તા અને અવિજ્ઞાતા થઈ જ જાય છે. પછી અન્નની પ્રાપ્તિ થવાથી જ તે દ્દષ્ટા થાય છે, શ્રોતા થાય છે, મનન કરનારો થાય છે, બોદ્ધા થાય છે, કર્તા થાય છે અને વિજ્ઞાતા થાય છે. તમે અન્નની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अन्नं वाव बलाद्भूयः; बलहेतुत्वात् । कथमन्नस्य बलहेतुत्वम् ? इत्युच्यते—यस्माद्बलकारणमन्नं तस्माद्यद्यपि कश्चिद्दशरात्रीनाश्नीयात्सोऽन्नोपयोगनिमित्तस्य बलस्य हान्या म्रियते न चेन्म्रियते यद्यु ह जीवेत् दृश्यन्ते हि मासमप्यनश्नन्तो जीवन्तोऽथवा स जीवन्नप्यद्रष्टा भवति गुरोरपि तत एवाश्रोतेत्यादि पूर्वविपरीतं सर्वं भवति । ★ अथ यदा बहून्यहान्यनशितो दर्शनादिक्रियास्वसमर्थः सन्नन्नस्यायी । आगमनमायोऽन्नस्य प्राप्तिरित्यर्थः सा यस्य विद्यते सोऽन्नस्यायी । 'आय' इत्येतद्वर्णव्यत्ययेन । अथान्नस्याया इत्यपि पाठ एवमेवार्थः । द्रष्टेत्यादिकार्यश्रवणात् । दृश्यते ह्यन्नोपयोगे दर्शनादिसामर्थ्यं न तदप्राप्तावतोऽन्नमुपास्स्वेति ॥ १ ॥

શાંકરભાષ્ય :- અન્ન જ બળથી ઉત્કૃષ્ટ છે, કારણ કે આ બળનું કારણ છે. અન્ન બળનું કારણ કેવી રીતે છે ? આ બતાવે છે - કારણ કે અન્ન બળનું કારણ છે એટલા માટે જો કોઈ પુરુષ દસ રાત સુધી ભોજન ન કરે તો તે અન્નના ઉપયોગથી થનાર બળના ક્ષીણ થઈ જવાના કારણે મરી જાય છે, અને જો ન મરે - જીવતો રહી જાય, કારણ કે મહિના સુધી ન ખાનારા પણ જીવતાં રહેલાં જોવામાં આવે છે, તો (આવી અવસ્થામાં) જીવતાં રહીને પણ તે ગુરુનું દર્શન ન કરનાર થઈ જાય છે. અને તેમની પાસેથી શ્રવણ કરનાર પણ રહેતો નથી - વગેરે બધી વાત પહેલાં કરતાં વિપરીત થઈ જાય છે.

પછી જ્યારે બહુ દિવસ ભોજન ન કરવાથી દર્શનાદિ ક્રિયાઓમાં અસમર્થ રહેવાથી અન્નનું આયી - આગમનનું નામ 'આય' અર્થાત્ 'અન્નની પ્રાપ્તિ' છે, તે જેવી રીતે થાય છે તેને 'અન્નનું આયી' કહે છે. શ્રુતિમાં જે 'આયૈ' એવો પાઠ છે તે 'આયી' નું વર્ણવ્યત્યય કરીને છે અને 'અન્નસ્યાયા' એવો પાઠ પણ આ જ અર્થમાં સમજવો જોઈએ, કારણ કે શ્રુતિ દ્દષ્ટા - શ્રોતા વગેરે કાર્યનું પ્રતિપાદન કરે છે. અન્નનો ઉપયોગ કરવાથી જ દર્શનાદિ શક્તિ જોવામાં આવે છે - તેની અપ્રાપ્તિ થવાથી નહીં. એટલે તમે અન્નની ઉપાસના કરો. ॥ ૧ ॥

स योऽन्नं ब्रह्मेत्युपास्तेऽन्नवतो वै स लोकान्पानवतोऽभिसिध्यति यावदन्नस्य गतं तत्रास्य यथाकामचारो भवति योऽन्नं ब्रह्मेत्युपास्तेऽस्ति भगवोऽन्नाद्भूय इत्यन्नाद्वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ २ ॥

તે જો કે અન્નની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે તેને અન્નવાન અને પાનવાન લોકોની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી અન્નની ગતિ છે ત્યાં સુધી તેની સ્વેચ્છા ગતિ થઈ જાય છે, જો કે અન્નની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું અન્નથી વધીને પણ કંઈ છે ?' (સનત્કુમાર-) અન્નથી વધીને પણ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મને તેનો ઉપદેશ કરો.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- फलं चान्नवतः प्रभूतान्नान्वै स लोकान्पानवतः प्रभूतोदकांश्चान्नपानयोर्नित्यसम्बन्धाल्लोकानभिसिध्यति । समानमन्यत् ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- (તેને પ્રાપ્ત થનાર) ફળ - તે અન્નવાન - અધિક અન્નવાળા અને પાનવાન - બહુ જળવાળા લોકોને, કરણ કે અન્ન અને જળનો નિત્ય સંબંધ છે, પ્રાપ્ત થાય છે. શેષ પૂર્વવત્ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये नवमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ९ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના નવમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

दशमः खण्डः

आपो वावान्नाद्भूयस्यस्तस्माद्यदा सुवृष्टिर्न भवति व्याधीयन्ते प्राणा अन्नं कनीयो भविष्यतीत्यथ यदा सुवृष्टिर्भवत्यानन्दिनः प्राणा भवन्त्यन्नं बहु भविष्यतीत्याप एवेमा मूर्ता येयं पृथिवी यदन्तरिक्षं यद्द्यौर्यत्पर्वता यद्देवमनुष्या यत्पशवश्च वयाꣳसि च तृणवनस्पतयः श्वापदान्याकीटपतङ्गपिपीलिकमाप एवेमा मूर्ता अप उपास्स्वेति ॥ १ ॥

જળ જ અન્નની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. આનાથી જ્યારે સુવૃષ્ટિ થતી નથી તો પ્રાણ (એટલા માટે) દુઃખી થઈ જાય છે કે અન્ન થોડું થશે અને જ્યારે સુવૃષ્ટિ થાય છે તો એમ વિચારીને કે ખૂબ અન્ન થશે પ્રાણ પ્રસન્ન થાય છે. આ જે પૃથ્વી છે મૂર્તિમાન જળ જ છે અને જે અંતરિક્ષ, જે દ્યુલોક, જે પર્વત, જે દેવ-મનુષ્ય, જે પશુ અને પક્ષી અને જે તૃણ, વનસ્પતિ, શ્વાપદ અને કીડા-પતંગ-પિપીલિકા પર્યંત પ્રાણી છે તે પણ મૂર્તિમાન જળ જ છે. એટલે તમે જળની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- आपो वावान्नाद्भूयस्योऽन्नकारणत्वात् । यस्मादेवं तस्माद्यदा यस्मिन्काले सुवृष्टिः सस्यहिता शोभना वृष्टिर्न भवति तदा व्याधीयन्ते प्राणा दुःखिनो भवन्ति । किन्निमित्तम् ? इत्याह—अन्नमस्मिन् संवत्सरे नः कनीयोऽल्पतरं भविष्यतीति । ★ अथ पुनर्यदा सुवृष्टिर्भवति तदानन्दिनः सुखिनो हृष्टाः प्राणाः प्राणिनो भवन्त्यन्नं बहु प्रभूतं भविष्यतीति । अप्सम्भवत्वान्मूर्तस्यान्नस्याप एवेमा मूर्ता मूर्तभेदाकारपरिणता इति मूर्ता येयं पृथिवी यदन्तरिक्षमित्यादि, आप एवेमा मूर्ता अतोऽप उपास्स्वेति ॥ १ ॥

શાંકરભાષ્ય :- અન્નનું કારણ હોવાને કારણે જળ જ અન્નની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. કારણ કે એવું છે, એટલા માટે જે સમયે સુવૃષ્ટિ - અન્નના માટે હિતાવહ સુંદર વૃષ્ટિ થતી નથી તે સમયે પ્રાણ વ્યથિત - દુઃખી થાય છે. શા માટે દુઃખી થાય છે ? આ શ્રુતિ બતાવે છે - આ વર્ષે અમારા માટે થોડું અન્ન થશે - એટલા માટે.

અને પછી જે સમયે સુવૃષ્ટિ થાય છે તે સમયે પ્રાણ અર્થાત્ પ્રાણી સુખી - હર્ષિત થાય છે કે (આ વખતે) ખૂબ જ એટલે ખૂબ અન્ન થશે. કારણ કે મૂર્ત અન્ન જળથી ઉત્પન્ન થયું છે એટલા માટે આ મૂર્ત અર્થાત્ મૂર્તિમાન ભેદના આકારમાં પરિણત થઈ જવાને કારણે જે મૂર્તિમતી છે તે આ પૃથ્વી અને અંતરિક્ષ વગેરે મૂર્તિમાન જળ જ છે. એટલે તમે જળની ઉપાસના કરો. ॥ ૧ ॥

स योऽपो ब्रह्मेत्युपास्त आप्नोति सर्वान्कामाꣳस्तृप्तिमान् भवति यावदपां गतं तत्रास्य यथाकामचारो भवति योऽपो ब्रह्मेत्युपास्तेऽस्ति भगवोऽद्भ्यो भूय इत्यद्भ्यो वाव भूयोऽस्तीति तन्मे भगवान् ब्रवीत्विति ॥ २ ॥

તે જે કે જળની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે, તે સંપૂર્ણ કામનાઓને પ્રાપ્ત કરી લે છે અને તૃપ્તિમાન થાય છે. જ્યાં સુધી જળની ગતિ છે ત્યાં સુધી તેની સ્વેચ્છા ગતિ થઈ જાય છે, જે કે જળની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શુ જળથી પણ શ્રેષ્ઠ કંઈ છે ?' (સનત્કુમાર-) 'જળથી શ્રેષ્ઠ પણ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મને તેનો ઉપદેશ કરો. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- फलं स योऽपो ब्रह्मेत्युपास्त आप्नोति सर्वान्कामान्काम्यान्मूर्तिमतो विषयानित्यर्थः । अप्संभवत्वाच्च तृप्तेरम्बूपासनात्तृप्तिमांश्च भवति । समानमन्यत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- (આ ઉપાસનાનું) ફળ - તે જે કે 'જળ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે સંપૂર્ણ કામનાઓને - કામ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

વસ્તુઓને અર્થાત્ મૂર્તિમાન વિષયોને પ્રાપ્ત કરી લે છે અને તૃપ્તિ પણ જળજનિત હોવાને કારણે જળની ઉપાસના કરવાથી તે તૃપ્તિમાન થાય છે. શેષ સર્વ પૂર્વવત્ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये दशमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १० ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના દશમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकादशः खण्डः

तेजो वावाद्भ्यो भूयस्तद्वा एतद्वायुमागृह्याकाशमभितपति तदाहुर्निशोचति नितपति वर्षिष्यति वा इति तेज एव तत्पूर्वं दर्शयित्वाथापः सृजते तदेतदूर्ध्वाभिश्च तिरश्चीभिश्च विद्युद्भिराह्लादाश्चरन्ति तस्मादाहुर्विद्योतते स्तनयति वर्षिष्यति वा इति तेज एव तत्पूर्वं दर्शयित्वाथापः सृजते तेज उपास्स्वेति ॥ १ ॥

તેજ જ જળની અપેક્ષાએ ઉત્કૃષ્ટતર છે. તે આ તેજ જે સમયે વાયુને નિશ્ચલ કરીને આકાશને બધી બાજુથી તપ્ત કરે છે તે સમયે લોકો કહે છે - 'ગરમી થઈ રહી છે, ખૂબ તાપ છે, વર્ષા થાય છે.' આવી રીતે તેજ જ પહેલાં પોતાને ઉદ્ભૂત થયેલા બતાવીને ફરી જળની ઉત્પત્તિ કરે છે. તે આ તેજ જ વર્ષાનો હેતુ છે. જ્યારે ઊર્ધ્વગામી અને તિર્યગ્ગામી વિદ્યુતના સહિત ગડગડાટના શબ્દ ફેલાઈ જાય છે, ત્યારે તેનાથી પ્રભાવિત થઈને લોકો કહે છે - 'વીજળી ચમકે છે, વાદળ ગર્જે છે, વર્ષા થશે.' આવી રીતે તેજ જ પહેલાં પોતાને પ્રદર્શિત કરીને પછી જળને ઉત્પન્ન કરે છે. એટલે તેજની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तेजो वावाद्भ्यो भूयः, तेजसोऽप्कारणत्वात् । कथमप्कारणत्वम् ? इत्याह—यस्मादब्योनिस्तेजस्तस्मात्तद्वा एतत्तेजो वायुमागृह्यावष्टभ्य स्वात्मना निश्चलीकृत्य वायुमाकाशमभितपत्याकाशमभिव्याप्तवत्तपति यदा तदाहुर्लौकिका निशोचति सन्तपति सामान्येन जगन्नितपति देहानतो वर्षिष्यति वा इति । प्रसिद्धं हि लोके कारणमभ्युद्यतं दृष्टवतः कार्यं भविष्यतीति विज्ञानम् । तेज एव तत्पूर्वमात्मानमुद्भूतं दर्शयित्वाथानन्तरमपः सृजतेऽतोऽप्स्रष्टृत्वाद्भूयोऽद्भ्यस्तेजः । ★ किञ्चान्यत्तदेतत्तेज एव स्तनयित्नुरूपेण वर्षहेतुर्भवति । कथम् ? ऊर्ध्वाभिश्चोर्ध्वगाभिर्विद्युद्भिस्तिरश्चीभिश्च तिर्यग्गताभिश्च सदाह्लादाः स्तनयनशब्दाश्चरन्ति । तस्मात्तद्दर्शनादाहुर्लौकिका विद्योतते स्तनयति वर्षिष्यति वा इत्याद्युक्तार्थम् । अतस्तेज उपास्स्वेति ॥ १ ॥

શાંકરભાષ્ય :- તેજ જ જળની અપેક્ષાએ ઉત્કૃષ્ટતર છે, કારણ કે તેજ જળનું કારણ છે. તે જળનું કારણ કેવી રીતે છે ? આ બતાવે છે - કારણ કે તેજ જળનું કારણ છે એટલા માટે તે આ તેજ જે સમયે વાયુને આગ્રહીત - આશ્રિત કરીને અર્થાત્ પોતાના દ્વારા વાયુને નિશ્ચલ કરીને આકાશને અભિતપ્ત કરે છે - આકાશને બધી બાજુથી વ્યાપ્ત કરીને સંતપ્ત કરે છે. તે સમયે લૌકિક પુરુષ કહે છે - 'જગત સામાન્ય રૂપે સંતપ્ત થઈ રહ્યું છે. દેહોમાં અત્યંત તાપ છે. એટલે વર્ષા થશે.' કારણને અભ્યુદિત થયેલા જોનારાઓને એવી બુદ્ધિ હોવી કે 'કાર્ય થશે' લોકમાં પ્રસિદ્ધ જ છે. (આવી રીતે) તેજ જ પહેલાં પોતાને ઉદ્ભૂત થતું બતાવીને ફરી તેના પછી જળ ઉત્પન્ન કરી દે છે. આવી રીતે જળના સ્રષ્ટા હોવાને કારણે જળની અપેક્ષાએ તેજ ઉત્કૃષ્ટતર છે.

આના સિવાય (બીજા પ્રકારે પણ) તેજ જ વીજળીના રૂપે વર્ષાનો હેતુ હોય છે. કેવી રીતે - ઊર્ધ્વા - ઊર્ધ્વગામિની અને તિરશ્ચી - તિર્યગ્ગામિની વીજળીઓ સહિત 'આહ્લાદ' - ગડગડાટનો શબ્દ ફેલાઈ જાય છે, એટલે આવું જોઈને લૌકિક પુરુષ કહે છે - 'વીજળી ચમકે છે, વાદળ ગર્જે છે, વર્ષા થશે.' વગેરે વાક્યનો અર્થ ઉપર કહેવામાં આવી ગયો છે. એટલે તમે તેજની ઉપાસના કરો. ॥ ૧ ॥

स यस्तेजो ब्रह्मेत्युपास्ते तेजस्वी वै स तेजस्वतो लोकान्भास्वतोऽपहततमस्कानभिसिध्यति यावत्तेजसो गतं तत्रास्य यथाकामचारो भवति । यस्तेजो ब्रह्मेत्युपास्तेऽस्ति भगवस्तेजसो भूय इति तेजसो वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ २ ॥

તે જે કે તેજની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે તે તેજસ્વી થઈને તેજ સંપન્ન, પ્રકાશમાન અને તમોહીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

લોકોને પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી તેજની ગતિ છે જ્યાં સુધી તેની સ્વેચ્છાગતિ થઈ જાય છે, જો કે તેજની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું તેજથી વધીને પણ કંઈ છે.' (સનત્કુમાર-) 'તેજથી વધીને પણ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મને તેનો ઉપદેશ આપો.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्य तेजस उपासनफलं तेजस्वी वै भवति । तेजस्वत एव च लोकान्भास्वतः प्रकाशवतोऽपहततमस्कान्बाह्याध्यात्मिकाज्ञानाद्यपनीततमस्कानभिसिध्यति । ऋज्वर्थमन्यत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે તેજની ઉપાસનાનું ફળ - તે નિશ્ચય તેજસ્વી થઈ જાય છે અને જે તેજ સંપન્ન જ લોક છે તે ભાસ્વાન્ - પ્રકાશવાન અને અપહતતમસ્ક - બાહ્ય - (રાત્રિ વગેરે) અને આધ્યાત્મિક - અજ્ઞાનાદિ એવા અંધકારોથી રહિત લોકોને પ્રાપ્ત કરી લે છે. બાકીનો અર્થ સરળ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये एकादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ ११ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના અગિયારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वादशः खण्डः

आकाशो वाव तेजसो भूयानाकाशे वै सूर्याचन्द्रमसावुभौ विद्युन्नक्षत्राण्यग्निराकाशेनाह्वयत्याकाशेन शृणोत्याकाशेन प्रतिशृणोत्याकाशे रमत आकाशे न रमत आकाशे जायत आकाशमभिजायत आकाशमुपास्स्वेति ॥ १ ॥

આકાશ જ તેજથી વધીને છે. આકાશમાં જ સૂર્ય, ચંદ્ર એ બંને અને વિદ્યુત્, નક્ષત્ર અને અગ્નિ રહેલાં છે. આકાશ દ્વારા જ એકબીજાને પોકારે છે, આકાશથી જ સાંભળે છે. આકાશથી જ પ્રતિશ્રવણ કરે છે, આકાશમાં જ રમણ કરે છે, આકાશમાં જ રમણ કરતાં નથી, આકાશમાં જ (બધા પદાર્થ) ઉત્પન્ન થાય છે અને આકાશ તરફ જ (બધા જીવ તેમજ અંકુરાદિ) વધે છે. તમે આકાશની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- आकाशो वाव तेजसो भूयान् । वायुसहितस्य तेजसः कारणत्वाद्व्योम्नो वायुमागृह्येति तेजसा सहोक्तो वायुरिति पृथगिह नोक्तस्तेजसः । कारणं हि लोके कार्याद्भूयो दृष्टम् । यथा घटादिभ्यो मृत्तथाकाशो वायुसहितस्य तेजसः कारणमिति ततो भूयान् । कथम् ? आकाशे वै सूर्याचन्द्रमसावुभौ तेजोरूपौ विद्युन्नक्षत्राण्यग्निश्च तेजोरूपाण्याकाशेऽन्तः । यच्च यस्यान्तर्वर्ति तदल्पं भूय इतरत् । ★ किञ्चाकाशेनाह्वयति चान्यमन्य आहूतश्चेतर आकाशेन शृणोत्यन्योक्तं च शब्दमन्यः प्रतिशृणोत्याकाशे रमते क्रीडत्यन्योन्यं सर्वस्तस्था न रमते चाकाशे वध्वादिवियोग आकाशे जायते न मूर्ते नावष्टब्धे । तथाकाशमभिलक्ष्याङ्कुरादि जायते न प्रतिलोमम् । अत आकाशमुपास्स्व ॥ १ ॥

શાંકરભાષ્ય :- આકાશ જ તેજથી વધીને છે, કારણ કે આકાશ વાયુસહિત તેજનું કારણ છે 'વાયુમાગૃહ્ય' આવું કહીને વાયુનું તેજની સાથે વર્ણન કરી દેવામાં આવી ગયું છે, એટલા માટે અહીં તેજથી અલગ તેનો પૃથક્ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. લોકમાં કાર્યની અપેક્ષાએ કારણ જ ઉત્કૃષ્ટ જ માનવામાં આવ્યું છે, જેવી રીતે કે ઘટાદિની અપેક્ષાએ માટી. આવી રીતે આકાશ વાયુ સહિત તેજનું કારણ છે, એટલા માટે તેનાથી મોટું છે. કેવી રીતે મોટું છે - આકાશમાં તેજ સ્વરૂપ સૂર્ય અને ચંદ્રમા - એ બંને છે અને આકાશની અંદર જ તેજોમય વિદ્યુત્, નક્ષત્ર અને અગ્નિ છે. જે જેની અંદર હોય છે તે નાનું હોય છે અને બીજું તેનાથી મોટું હોય છે.

આના સિવાય આકાશથી જ એક વ્યક્તિ બીજીને બોલાવે છે, કોઈના દ્વારા બોલાવાતાં આકાશથી જ બીજો પુરુષ સાંભળે છે અને બીજાએ કહેલાં શબ્દને આકાશ દ્વારા જ અન્ય પુરુષ સાંભળે છે. બધાં લોકો આકાશમાં જ એકબીજાની સાથે રમણ-ક્રીડા કરે છે અને વધૂ વગેરેનો વિયોગ થઈ જવાથી આકાશમાં રમણ નથી કરતો. આકાશમાં જ જીવ ઉત્પન્ન થાય છે, મૂર્ત પદાર્થમાં અથવા અવરુદ્ધ સ્થાનમાં નહીં અને આકાશને લક્ષ્ય કરીને જ અંકુરાદિ ઉત્પન્ન થાય છે, વિપરીત દશામાં નહીં. એટલા માટે તમે આકાશની ઉપાસના કરો. ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स य आकाशं ब्रह्मेत्युपास्त आकाशवतो वै स लोकान्प्रकाशवतोऽसम्बाधानुरुगायवतोऽभिसिध्यति यावदाकाशस्य गतं तत्रास्य यथाकामचारो भवति य आकाशं ब्रह्मेत्युपास्तेऽस्ति भगव आकाशाद्भूय इत्याकाशाद्वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ २ ॥

તે જે કે આકાશની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે તે આકાશવાન, પ્રકાશવાન, પીડારહિત અને વિસ્તીર્ણ ગતિવાળા લોકોને પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી આકાશની ગતિ છે ત્યાં સુધી તેની સ્વેચ્છા ગતિ થઈ જાય છે, જો કે આકાશની 'આ બ્રહ્મ છે' એવી ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું આકાશથી વધીને પણ કંઈ છે ?' (સનત્કુમાર-) 'આકાશથી વધીને પણ છે જ.' (નારદ-) 'ભગવન્ ! મને તેનો ઉપદેશ કરો.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- फलं शृण्वाकाशवतो वै विस्तारयुक्तान् स विद्वाँल्लोकान् प्रकाशवतः प्रकाशाकाशयोर्नित्यसम्बन्धात्प्रकाशवतश्च लोकान् सम्बाधान् सम्बाधनं सम्बाधः सम्बाधोऽन्योऽन्यपीडा तद्रहितानसम्बाधानुरुगायवतो विस्तीर्णगतीन्विस्तीर्णप्रचाराँल्लोकानभिसिध्यति । यावदाकाशस्येत्याद्युक्तार्थम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- (આનું) ફળ સાંભળો - તે વિદ્વાન આકાશવાન એટલે વિસ્તાર યુક્ત લોકોને અને 'પ્રકાશવાન' - કારણ કે પ્રકાશ અને આકાશનો નિત્ય સંબંધ છે એટલે પ્રકાશયુક્ત લોકોને 'असम्बाध' - સંબાધના એટલે સંબાધ અને સંબાધ પરસ્પરની પીડાને કહે છે, તેનાથી રહિત અસંબાધ અને 'उरुगायवान्' વિસ્તીર્ણ ગતિવાળા અર્થાત્ વિસ્તૃત પ્રચારવાળા લોકોને પ્રાપ્ત થાય છે 'यावदाकाशस्य' વગેરે વાક્યનો અર્થ પહેલાં કહેલાં સમાન છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

स्मरो वावाकाशाद्भूयस्तस्माद्यद्यपि बहव आसीरन्न स्मरन्तो नैव ते कञ्चन शृणुयुर्न मन्वीरन्न विजानीरन्यदा वाव ते स्मरेयुरथ शृणुयुरथ मन्वीरन्नथ विजानीरन्स्मरेण वै पुत्रान्विजानाति स्मरेण पशून्स्मरमुपास्स्वेति ॥ १ ॥

સ્મર (સ્મરણ) જ આકાશથી વધીને છે. આનાથી જોકે બહુ જ લોક (એક સ્થાન ઉપર) બેઠાં હોય તો પણ સ્મરણ ન કરવાથી તે ન કંઈ સાંભળી શકે છે, ન મનન કરી શકે છે અને ન જાણી પણ શકે છે. જે (સમયે તે) સ્મરણ કરે છે અને તે (જ સમયે) સાંભળી શકે છે, તે (જ સમયે) મનન કરી શકે છે અને તે (જ સમયે) જાણી શકે છે. સ્મરણ કરવાથી જ પુરુષ પુત્રોને ઓળખે છે અને સ્મરણથી જ પશુઓને, તમે (સ્મરણ)ની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- स्मरो वावाकाशाद्भूयः । स्मरणं स्मरोऽन्तःकरणधर्मः । स आकाशाद्भूयानिति द्रष्टव्यं लिङ्गव्यत्ययेन । स्मर्तुः स्मरणे हि सत्याकाशादि सर्वमर्थवत्, स्मरणवतो भोग्यत्वात् । असति तु स्मरणे सदप्यसदेव, सत्त्वकार्याभावात् । नापि सत्त्वं स्मृत्यभावे शक्यमाकाशादीनामवगन्तुमित्यतः स्मरणस्याकाशाद्भूयस्त्वम् । ★ दृश्यते हि लोके स्मरणस्य भूयस्त्वं यस्मात्, तस्माद्यद्यपि समुदिता बहव एकस्मिन्नासीरन्नुपविशेयुः, ते तत्रासीना अन्योन्यभाषितमपि न स्मरन्तश्चेत्स्युः, नैव ते कञ्चन शब्दं शृणुयुः, तथा न मन्वीरन्, मन्तव्यं चेत्स्मरेयुस्तदा मन्वीरन्, स्मृत्यभावान्न मन्वीरन्; तथा न विजानीरन् । यदा वाव ते स्मरेयुर्मन्तव्यं विज्ञातव्यं श्रोतव्यं च, अथ शृणुयुरथ मन्वीरन्नथ विजानीरन् । तथा स्मरेण वै—मम पुत्रा एते-इति पुत्रान्विजानाति, स्मरेण पशून् । अतो भूयस्त्वात्स्मरमुपास्स्वेति ॥ १ ॥

શાંકરભાષ્ય :- સ્મર જ આકાશથી વધીને છે. સ્મરણનું નામ 'સ્મર' છે, આ અંતઃકરણનો ધર્મ છે. તે આકાશની અપેક્ષાએ 'भूयान्' (વધીને) છે - એવું લિંગ પરિવર્તન કરીને સમજવું જોઈએ. સ્મરણ કરનારાની સ્મૃતિ થવાથી જ આકાશાદિ બધા સાર્થક થાય છે, કારણ કે તે સ્મૃતિમાનના જ ભોગ્ય છે. સ્મૃતિના ન હોવાથી તો વિદ્યમાન વસ્તુ પણ અવિદ્યમાન જ છે, કારણ કે તેની સત્તાના કાર્યનો અભાવ છે. સ્મૃતિનો અભાવ થવાથી આકાશાદિની સત્તાનું જ્ઞાન પણ થઈ શકતું નથી. આનાથી સ્મરણની આકાશથી ઉત્કૃષ્ટતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

કારણ કે લોકમાં સ્મૃતિની ઉત્કૃષ્ટતા જોવામાં આવે છે, એટલા માટે જો કે બહુ - જ લોકો એક સ્થાન પર બેઠા હોય તે એકબીજાથી ભાષણ કરતાં પણ, જો સ્મૃતિ યુક્ત ન હોય તો કોઈ શબ્દ સાંભળી શકાતો નથી. આવી રીતે મનન પણ કરી શકતો નથી. જો તે મંતવ્ય વિષયનું સ્મરણ કરે તો મનન કરી શકતાં હતાં, એટલે સ્મૃતિનો અભાવ થવાને કારણે મનન પણ કરી શકતાં નથી અને જાણી શકતાં પણ નથી. જે સમયે તે મંતવ્ય, વિજ્ઞાતવ્ય અથવા શ્રોતવ્ય વિષયનું સ્મરણ કરે છે ત્યારે તેને સાંભળી શકે, મનન કરી શકે અને જાણી શકે છે. આવી રીતે સ્મરણ કરવાથી જ 'આ મારા પુત્ર છે' આવી રીતે પુત્રોને જાણે છે અને સ્મરણથી જ પશુઓને (જાણે છે) એટલે ઉત્કૃષ્ટ હોવાને કારણે તમે સ્મરણની ઉપાસના કરો. ॥ ૧ ॥

स यः स्मरं ब्रह्मेत्युपास्ते यावत्स्मरस्य गतं तत्रास्य यथाकामचारो भवति यः स्मरं ब्रह्मेत्युपास्तेऽस्ति भगवः स्मराद्भूय इति स्मराद्वाव भूयोऽस्तीति तन्मे भगवान्ब्रवीत्विति ॥ २ ॥

તે જો કે (સ્મરણ)ની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે, તેની જ્યાં સુધી સ્મરની ગતિ છે ત્યાં સુધી સ્વેચ્છાગતિ થઈ જાય છે, જો કે સ્મરની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું સ્મરથી પણ શ્રેષ્ઠ કંઈ છે ?' (સનત્કુમાર-) સ્મરથી પણ શ્રેષ્ઠ છે જ.' (નારદ-) 'ભગવન્ મારા પ્રત્યે તેનું વર્ણન કરો.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- उक्तार्थमन्यत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- બાકી બધાનો અર્થ કહેવાઈ ગયો છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्दशः खण्डः

आशा वाव स्मराद्भूयस्याशेद्धो वै स्मरो मन्त्रानधीते कर्माणि कुरुते पुत्राꣳश्च पशूꣳश्चेच्छत इमं च लोकममुं चेच्छत आशामुपास्स्वेति ॥ १ ॥

આશા જ સ્મરણની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. આશાથી દીપ્ત થયેલું સ્મરણ જ મંત્રોનો પાઠ કરે છે, કર્મ કરે છે, પુત્ર અને પશુઓની ઈચ્છા કરે છે અને આ લોક અને પરલોકની કામના કરે છે. તમે આશાની ઉપાસના કરો. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- आशा वाव स्मराद्भूयसी । आशाप्राप्तवस्त्वाकाङ्क्षा, आशातृष्णा काम इति यामाहुः पर्यायैः; सा च स्मराद्भूयसी । ★ कथम् ? आशया ह्यन्तःकरणस्थया स्मरति स्मर्तव्यम् । आशाविषयरूपं स्मरन्नसौ स्मरो भवत्यत आशेद्ध, आशयाभिवर्धितः स्मरभूतः स्मरन्नृगादीन्मन्त्रानधीतेऽधीत्य च तदर्थं ब्राह्मणेभ्यो विधींश्च श्रुत्वा कर्माणि कुरुते तत्फलाशयैव पुत्रांश्च पशूंश्च कर्मफलभूतानिच्छतेऽभिवाञ्छत्याशयैव तत्साधनान्यनुतिष्ठति । इमं च लोकमाशेद्ध एव स्मरँल्लोकसंग्रहहेतुभिरिच्छते । अमुं च लोकमाशेद्धः स्मरंस्तत्साधनानुष्ठानेनेच्छतेऽत आशारशनावबद्धं स्मराकाशादि नामपर्यन्तं जगच्चक्रीभूतं प्रतिप्राणि । अत आशायाः स्मरादपि भूयस्त्वमित्यत आशामुपास्स्व ॥ १ ॥

શાંકરભાષ્ય :- આશા જ સ્મરણથી વધીને છે. આશા - અપ્રાપ્ત વસ્તુની ઈચ્છાનું નામ આશ છે, જેનું તૃષ્ણા અને કામ આ પર્યાયવાચી શબ્દોથી પણ નિરૂપણ કરવામાં આવે છે. તે સ્મરની અપેક્ષાએ વધીને છે.

કેવી રીતે ? - અંતઃકરણમાં રહેલી આશાથી જ મનુષ્ય સ્મરણીય વિષયનું સ્મરણ કરે છે. આશાના વિષયના રૂપનું સ્મરણ કરવાથી આ સ્મૃતિને પ્રાપ્ત કરે છે. એટલે આશાથી દીપ્ત - આશાથી વૃદ્ધિને પ્રાપ્ત થયેલા સ્મૃતિભૂત તે સ્મરણ કરતાં ઋગાદિ મંત્રોનું અધ્યયન કરે છે અને તેનું અધ્યયન કરીને અને બ્રાહ્મણોના મુખથી તેનો અર્થ તેમજ વિધિ સાંભળીને તેના ફળની આશાથી જ કર્મ કરે છે અને કર્મના ફળભૂત પુત્ર અને પશુઓની ઈચ્છા - કામના કરે છે તેમજ આશાથી જ તેના સાધનોનું અનુષ્ઠાન કરે છે. આશાથી સમિદ્ધ થયેલા જ તે લોકસંગ્રહરૂપ હેતુઓથી આ લોકનું સ્મરણ કરીને તેની ઈચ્છા કરે છે અને આશાથી સમિદ્ધ થયેલા જ તે પરલોકની, તેના સાધનોનું અનુષ્ઠાન કરીને ઈચ્છા કરે છે. આવી રીતે આશારૂપી રસ્સીથી બંધાયેલા આ સ્મર તેમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

આકાશથી લઈને નામ પર્યંત જગત પ્રત્યેક પ્રાણીમાં ચક્રની ભાંતિ ઘૂમી રહ્યો છે. એટલા માટે આશા સ્મરની અપેક્ષાએ પણ ઉત્કૃષ્ટ છે, એટલે તમે આશાની ઉપાસના કરો. ॥ ૧ ॥

स य आशां ब्रह्मेत्युपास्त आशयास्य सर्वे कामाः समृध्यन्त्यमोघा हास्याशिषो भवन्ति यावदाशाया गतं तत्रास्य यथाकामचारो भवति य आशां ब्रह्मेत्युपास्तेऽस्ति भगव आशाया भूय इत्याशाया वाव भूयोऽस्तीति तन्मे भगवन्ब्रवीत्विति ॥ २ ॥

તે જે આશાની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે તેની બધી કામનાઓ આશાથી સમૃદ્ધ થાય છે. તેની પ્રાર્થનાઓ સફળ થાય છે. જ્યાં સુધી આશાની ગતિ છે ત્યાં સુધી સ્વેચ્છાગતિ થઈ જાય છે, જે આશાની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે. (નારદ-) 'ભગવન્ ! શું આશાથી વધીને પણ કંઈ છે ?' (સનત્કુમાર-) 'આશાથી વધીને પણ છે જ.' (નારદ-) 'ભગવન્ મને તે બતાવો.' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- यस्त्वाशां ब्रह्मेत्युपास्ते शृणु तस्य फलम् । आशया सदोपासितयास्योपासकस्य सर्वे कामाः समृध्यन्ति समृद्धिं गच्छन्ति । अमोघा हास्याशिषः प्रार्थनाः सर्वा भवन्ति यत्प्रार्थितं सर्वं तदवश्यं भवतीत्यर्थः । यावदाशाया गतमित्यादि पूर्ववत् ॥ २ ॥

શાંકરભાષ્ય :- જે પુરુષ આશાની 'આ બ્રહ્મ છે' આવી રીતે ઉપાસના કરે છે તેનું ફળ સાંભળો. સર્વદા ઉપાસના કરેલી આશાથી તેના ઉપાસકની બધી કામનાઓ સમૃદ્ધ અર્થાત્ ઉન્નતિને પ્રાપ્ત થઈ જાય છે અને તેની બધી આશા - પ્રાર્થનાઓ સફળ થાય છે. તાત્પર્ય આ છે કે જે કંઈ તેનું પ્રાર્થિત હોય છે તે અવશ્ય સિદ્ધ થાય છે. 'यावदाशाया गतम्' વગેરે વાક્યનો અર્થ પૂર્વવત્ છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये चतुर्दशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १४ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના ચૌદમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चदशः खण्डः

शाङ्करभाष्यम् :- नामोपक्रममाशान्तं कार्यकारणत्वेन निमित्तनैमित्तिकत्वेन चोत्तरोत्तरभूयस्तयावस्थितं स्मृतिनिमित्तसद्भावमाशारशनापाशैर्विपाशितं सर्वं सर्वतो बिसमिव तन्तुभिर्यस्मिन्प्राणे समर्पितम्, येन च सर्वतो व्यापिनान्तर्बहिर्गतेन सूत्रे मणिगणा इव सूत्रेण ग्रथितं विधृतं च स एषः—

શાંકરભાષ્ય :- નામથી લઈને આશા પર્યંત કાર્યકારણ તેમજ નિમિત્ત-નૈમિત્તિક રૂપે ઉત્તરોત્તર વધીને રહેલ છે અને જેનો સદ્ભાવ સ્મૃતિના નિમિત્તરૂપે સિદ્ધ થાય છે તે આશારૂપ જાળના તંતુથી કમળનાળ સમાન બધી બાજુથી જકડાયેલો તે સંપૂર્ણ જગત જે પ્રાણમાં સમર્પિત છે અને બહાર-અંદર વ્યાપ્ત થયેલા જે સર્વગત સૂત્ર(પ્રાણ)ના દ્વારા દોરામાં મણિઓના સમાન આ બધું ગુંથાયેલું અને ધારણ કરાયેલું છે. તે આ –

प्राणो वा आशाया भूयान्यथा वा अरा नाभौ समर्पिता एवमस्मिन्प्राणे सर्वꣳ समर्पितम् । प्राणः प्राणेन याति प्राणः प्राणं ददाति प्राणाय ददाति । प्राणो ह पिता प्राणो माता प्राणो भ्राता प्राणः स्वसा प्राण आचार्यः प्राणो ब्राह्मणः ॥ १ ॥

પ્રાણ જ આશાથી વધીને છે. જેવી રીતે રથચક્રની નાભિમાં આરા સમર્પિત રહે છે તેવી રીતે આ પ્રાણમાં આખું જગત સમર્પિત છે. પ્રાણ પ્રાણ (પોતાની શક્તિ) દ્વારા ગમન કરે છે, પ્રાણ પ્રાણને આપે છે અને પ્રાણને માટે જ આપે છે. પ્રાણ જ પિતા છે, પ્રાણ માતા છે, પ્રાણ ભાઈ છે, પ્રાણ બહેન છે, પ્રાણ આચાર્ય છે અને પ્રાણ જ બ્રાહ્મણ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- प्राणो वा आशाया भूयान् कथमस्य भूयस्त्वम् ? इत्याह दृष्टान्तेन समर्थयंस्तद्भूयस्त्वम्—यथा वै लोके रथचक्रस्यारा रथनाभौ समर्पिताः सम्प्रोताः सम्प्रवेशिता इत्येतत्; एवमस्मिँल्लिङ्गसङ्घातरूपे प्राणे प्रज्ञात्मनि दैहिके मुख्ये यस्मिन

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

परा देवता नामरूपव्याकरणायादर्शादौ प्रतिबिम्बवज्जीवेनात्मनानुप्रविष्टा । यश्च महाराजस्येव सर्वाधिकारीश्वरस्य । **'कस्मिन्वह-मुत्क्रान्त उत्क्रान्तो भविष्यामि कस्मिन्वा प्रतिष्ठिते प्रतिष्ठास्यामीति स प्राणमसृजत'** (प्र.उप. ६-३) इति श्रुतेः । यस्तु च्छायेवानुगत ईश्वरम्, **'तद्यथा रथस्यारेषु नेमिरर्पितो नाभावरा अर्पिता एवमेवैता भूतमात्राः प्रज्ञामात्रास्वर्पिताः प्रज्ञामात्राः प्राणेऽर्पिताः स एष प्राण एव प्रज्ञात्मा'** (कौ.उप. ३-८) इति कौषीतकिनाम् । अत एवमस्मिन्प्राणे सर्वं यथोक्तं समर्पितम् । ★ अतः स एष प्राणोऽपरतन्त्रः प्राणेन स्वशक्त्यैव याति नान्यकृतं गमनादिक्रियास्वस्य सामर्थ्यमित्यर्थः । सर्वं क्रियाकारकफलभेदजातं प्राण एव न प्राणाद्बहिर्भूतमस्तीति प्रकरणार्थः । प्राणः प्राणं ददाति । यद्ददाति तत्स्वात्मभूतमेव । यस्मै ददाति तदपि प्राणायैव । अतः पित्राद्याख्योऽपि प्राण एव ॥ १ ॥

શાંકરભાષ્ય :- પ્રાણ જ આશાથી વધીને છે. આની ઉત્કૃષ્ટતા કેવા પ્રકારે છે ? આવી જિજ્ઞાસા થવાથી દૃષ્ટાંત દ્વારા તેની ઉત્કૃષ્ટતાનું સમર્થન કરતાં (સનત્કુમાર) કહે છે - લોકમાં જેવી રીતે રથના પૈડાનાં આરા રથની નાભિમાં સમર્પિત - સંપ્રોત અર્થાત્ સમ્યક્ પ્રકારે પ્રવેશિત રહે છે તેવી રીતે લિંગ સંઘાતરૂપે આ પ્રાણ એટલે પ્રજ્ઞાત્મામાં અર્થાત્ દૈહિક મુખ્ય પ્રાણમાં, જેમાં કે પરાદેવને નામરૂપની અભિવ્યક્તિ કરવાને માટે દર્પણાદિમાં પ્રતિબિંબ સમાન જીવરૂપે પ્રવેશ કર્યો છે, જે મહારાજના સર્વાધિકારી સમાન ઈશ્વરના સર્વાધિકારી છે, જેમ કે **'કોનું ઉત્ક્રમણ કરવાથી હું ઉત્ક્રમણ કરીશ અને કોના સ્થિર થવાથી સ્થિર રહીશ - એવું ઈક્ષણ કરીને તેણે પ્રાણની રચના કરી.'** (પ્ર.ઉપ. ૬-૩) આ શ્રુતિથી પ્રમાણિત થાય છે અને જે છાયા સમાન ઈશ્વરના અનુગામી છે જેમ કે કૌષિતકી બ્રાહ્મણોપનિષદ્‌ની શ્રુતિ છે કે **'જેવી રીતે રથના આરામાં નેમિ રહેલી છે એવી રીતે આ ભૂતમાત્રા પ્રજ્ઞા માત્રામાં રહેલી છે અને પ્રજ્ઞામાત્રા પ્રાણમાં રહેલી છે. તે આ પ્રાણ જ પ્રજ્ઞાત્મા છે.'** (કૌ.ઉપ. ૩-૮) આનાથી આ પ્રાણમાં જ ઉપર્યુક્ત બધું સમર્પિત છે.

એટલે તે આ અપરતંત્ર પ્રાણ પ્રાણથી અર્થાત્ પોતાની શક્તિથી જ ગમન કરે છે. તાત્પર્ય આ છે કે ગમનાદિ ક્રિયાઓમાં જે આનું સામર્થ્ય છે તે કોઈ અન્યના કારણે નથી. સંપૂર્ણ ક્રિયા, કારક અને ફળ રૂપ ભેદ સમુદાય પ્રાણ જ છે, પ્રાણથી બહાર આમાં કોઈ નથી – આવું આ પ્રકરણનું તાત્પર્ય છે. પ્રાણ પ્રાણ (શક્તિ) પ્રદાન કરે છે, તે જે કંઈ આપે છે તેના સ્વાત્મભૂત જ છે, જેને આપે છે તે દાન પણ પ્રાણને માટે જ હોય છે. એટલે પિતૃ વગેરે નામવાળા પણ પ્રાણ જ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- कथं पित्रादिशब्दानां प्रसिद्धार्थोत्सर्गेण प्राणविषयत्वमिति उच्यते । सति प्राणे पित्रादिषु पित्रादिशब्दप्रयोगात्तदुत्क्रान्तौ च प्रयोगाभावात् । कथं तत् ? इत्याह–

શાંકરભાષ્ય :- 'પિતૃ' વગેરે શબ્દોના પ્રસિદ્ધ અર્થનો ત્યાગ કરીને તેના પ્રાણ વિષયક હોવું કેવી રીતે સંભવ છે ? એવો પ્રશ્ન થવાથી કહેવામાં આવે છે – કારણ કે પ્રાણ રહેવાથી જ પિતા વગેરે માટે 'પિતૃ' વગેરે શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, તેના ઉત્ક્રમણ કરવાથી આવા પ્રકારનો પ્રયોગ પણ થતો નથી. કેવા પ્રકારે છે ? આ બતાવે છે –

स यदि पितरं वा मातरं वा भ्रातरं वा स्वसारं वाचार्यं वा ब्राह्मणं वा किञ्चिद्भृशमिव प्रत्याह धिक्त्वास्त्वित्येवैनमाहुः पितृहा वै त्वमसि मातृहा वै त्वमसि भ्रातृहा वै त्वमसि स्वसृहा वै त्वमस्याचार्यहा वै त्वमसि ब्राह्मणहा वै त्वमसीति ॥ २ ॥

જો કોઈ પુરુષ પોતાના પિતા, માતા, ભ્રાતા, ભગિની, આચાર્ય અથવા બ્રાહ્મણને માટે કોઈ અનુચિત વાત કહે છે તો (તેના સમીપવર્તી લોકો) તેને કહે છે - 'તને ધિક્કાર છે, તું નિશ્ચય જ પિતાને હણનર છે, તું તો માતાનો વધ કરનાર છે, તું તો ભાઈને મારનાર છે, તું તો બહેનની હત્યા કરનાર છે, તું તો આચાર્યનો ઘાત કરનાર છે, તું નિશ્ચય જ બ્રહ્મઘાતી છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- स यः कश्चित्पित्रादीनामन्यतमं यदि तं भृशमिव तदननुरूपमिव किञ्चिद्वचनं त्वङ्कारादि युक्तं प्रत्याह तदैनं पार्श्वस्था आहुर्विवेकिनो धिक्त्वास्तु धिगस्तु त्वामित्येवम् । पितृहा वै त्वं पितुर्हन्तेत्यादि ॥ २ ॥

શાંકરભાષ્ય :- જે કોઈ કે પિતા વગેરેમાંથી કોઈના પ્રત્યે જો કોઈ 'भृशमिव' - તેના અનનુરૂપ કોઈ ત્વંકારાદિ(અરે - તું વગેરે)થી યુક્ત વચન બોલે છે તો તેના સમીપવર્તી વિચારશીલ લોકો તેને 'धिक्त्वास्तु' તને ધિકાર છે – એમ કહે. 'તું નિશ્ચય જ પિતૃહા-પિતાને હણનાર છે' વગેરે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अथ यद्यप्येनानुत्क्रान्तप्राणाञ्छूलेन समासं व्यतिषंदहेन्नैवैनं ब्रूयुः पितृहासीति न मातृहासीति न भ्रातृहासीति न स्वसृहासीति नाचार्यहासीति न ब्राह्मणहासीति ॥ ३ ॥

પરંતુ જેના પ્રાણ ઉત્ક્રમણ કરી ગયા છે તે પિતા વગેરેને જો તે શૂળથી એકત્રિત અને છિન્ન-ભિન્ન કરીને બાળી મૂકે તો પણ તેને 'તું પિતૃહા છે' 'તું માતૃહા છે' 'તું ભ્રાતૃહા છે, 'તું બહેનની હત્યા કરનારો છે,' 'તું આચાર્યનો ઘાત કરનાર છે' અથવા 'તું બ્રહ્મઘાતી છે' એવું કંઈ કહેતાં નથી. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथैनानेवोत्क्रान्तप्राणांस्त्यक्तदेहानथ यद्यपि शूलेन समासं समस्य व्यतिषन्दहेद्व्यत्यस्य सन्दहेदेवमप्यतिक्रूरं कर्म समासव्यासादिप्रकारेण दहनलक्षणं तद्देहसम्बद्धमेव कुर्वाणं नैवैनं ब्रूयुः पितृ हेत्यादि । तस्मादन्वयव्यतिरेकाभ्यामवगम्यत एतत्पित्राद्याख्योऽपि प्राण एवेति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- પરંતુ પ્રાણ ચાલ્યાં જતાં - દેહનો ત્યાગ કરી દેવાથી તેને જો તે શૂળથી સમાસ - એકત્રિત કરીને વ્યતિષન્દહન કરે અર્થાત્ છિન્ન-ભિન્ન કરીને બાળે, તેના દેહથી સંબદ્ધ સમાસ-વ્યાસાદિ ક્રમે દહન કરવારૂપ એવું અત્યંત ક્રૂર કર્મ કરવાથી પણ તેને 'તું પિતૃહા છે' વગેરે કહેતાં નથી. એટલે અન્વય-વ્યતિરેકથી આ જ્ઞાત થાય છે કે આ પિતા વગેરે નામવાળા પણ પ્રાણ જ છે. ॥ ૩ ॥

तस्मात्– એટલે –

प्राणो ह्येवैतानि सर्वाणि भवति स वा एष एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नतिवादी भवति तं चेद्ब्रूयुरतिवाद्यसीत्यतिवाद्यस्मीति ब्रूयान्नापह्नुवीत ॥ ४ ॥

પ્રાણ જ એ બધા (પિતા વગેરે) છે. તે જે આવી રીતે જોનારા, આવી રીતે ચિંતન કરનારા અને જાણનારા છે અતિવાદી હોય છે. તેનાથી જો કોઈ કહે કે 'તું અતિવાદી છે' તો તેને કહેવું જોઈએ કે 'હાં, અતિવાદી છું' તેને સંતાડવું જોઈએ નહીં. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- प्राणो ह्येवैतानि पित्रादीनि सर्वाणि भवति चलानि स्थिराणि च । स वा एष प्राणविदेवं यथोक्तप्रकारेण पश्यन्फलतोऽनुभवन्नेवं मन्वान उपपत्तिभिश्चिन्तयन्नेवं विजानन्नुपपत्तिभिः संयोज्यैवमेवेति निश्चयं कुर्वन्नित्यर्थः । मननविज्ञानाभ्यां हि सम्भूतः शास्त्रार्थो निश्चितो दृष्टो भवेत् । अत एवं पश्यन्नतिवादी भवति नामाद्याशान्तमतीत्य वदनशीलो भवतीत्यर्थः । तं चेद्ब्रूयुस्तं यद्येवमतिवादिनं सर्वदा सर्वैः शब्दैर्नामाद्याशान्तमतीत्य वर्तमानं प्राणमेव वदन्त्येव पश्यन्तमतिवदनशीलमतिवादिनं ब्रह्म्हादिस्तम्बपर्यन्तस्य हि जगतः प्राण आत्माहमिति ब्रुवाणं यदि ब्रूयुरतिवाद्यसीति । बाढमतिवाद्यस्मीति ब्रूयान्नापह्नुवीत । कस्माद्धयसावपह्नुवीत यत्प्राणं सर्वेश्वरमयमहमस्मीत्यात्मत्वेनोपगतः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- પ્રાણ જ એ બધું ચર અને અચર પિતા વગેરે છે. તે આ પ્રાણવેત્તા આવી રીતે ઉપર્યુક્ત રીતે જોતાં જોતાં અર્થાત્ ફલતઃ અનુભવ કરતાં કરતાં, આવી રીતે મનન કરતાં કરતાં અર્થાત્ યુક્તિઓ દ્વારા ચિંતન કરતાં કરતાં અને આવી રીતે જાણીને એટલે ઉપપત્તિઓથી સંયુક્ત કરીને 'આ આવું જ છે' આવી રીતે નિશ્ચય કરીને, કારણ કે મનન અને વિજ્ઞાન દ્વારા નિષ્પન્ન થયેલો શાસ્ત્રનો અર્થ નિશ્ચિત જોવામાં આવે છે, એટલે આવી રીતે જોતાં જોતાં તે અતિવાદી થાય છે, તાત્પર્ય આ છે કે તેના નામથી લઈને આશા પર્યંત સંપૂર્ણ તત્ત્વોનું અતિક્રમણ કરીને બોલવાનો સ્વભાવ હોય છે.

તેને જો કહીએ, અર્થાત્ આવી રીતે અતિવદન કરનારા એટલે જે આવું જુએ છે કે બધા લોકો સર્વદા સંપૂર્ણ શબ્દો દ્વારા નામથી લઈને આશાપર્યંત તત્ત્વોનું અતિક્રમણ કરીને રહેલા પ્રાણનું જ વર્ણન કરે છે તે અતિવદનશીલ અતિવાદીએ, જે 'હું બ્રહ્માથી લઈને સ્તમ્બપર્યંત સંપૂર્ણ જગતનો પ્રાણ એટલે આત્મા છું' આવું કહેનારા છે, જો કહે કે 'તું અતિવાદી છે' તો તેને આમ કહેવું જોઈએ કે 'હા, હું અતિવાદી છું' તેને સંતાડવું જોઈએ નહીં, જો સર્વેશ્વર પ્રાણને 'આ હું છું' આવી રીતે આત્મભાવથી પ્રાપ્ત થઈ ગયો છે તે કેવી રીતે તે(અતિ વાદિત્વ)ને છુપાવશે ? (અર્થાત્ તેના માટે પોતાના અતિવાદિત્વને સંતાડવાનું કોઈ પ્રયોજન નથી). ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये पञ्चदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १५ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના પંદરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

षोडशः खण्डः

शाङ्करभाष्यम् :- स एष नारदः सर्वातिशयं प्राणं स्वमात्मानं सर्वात्मानं श्रुत्वा नातः परमस्तीत्युपरराम । न पूर्ववत्किमस्ति भगवः प्राणाद्भूय इति पप्रच्छ यतः । तमेवं विकारानृतब्रह्मविज्ञानेन परितुष्टमकृतार्थं परमार्थसत्यातिवादिनमात्मानं मन्यमानं योग्यं शिष्यं मिथ्याग्रहविशेषाद्विप्रच्यावयन्नाह भगवान्सनत्कुमारः । एष तु वा अतिवदति यमहं वक्ष्यामि न प्राणविदतिवादी परमार्थतः । नामाद्यपेक्षं तु तस्यातिवादित्वम् । यस्तु भूमाख्यं सर्वातिक्रान्तं तत्त्वं परमार्थसत्यं वेद सोऽतिवादीत्यत आह–

શાંકરભાષ્ય :- તે નારદજી બધાથી ઉત્કૃષ્ટ પોતાના આત્મા પ્રાણને જ સર્વાત્મા સાંભળીને આમ સમજીને કે આનાથી ઉપર બીજું કંઈ નથી. શાંત થઈ ગયા, કારણ કે પૂર્વવત્ તેમણે એવો પ્રશ્ન કર્યો નથી કે 'ભગવન્ ! પ્રાણથી વધીને શું છે ?' આવી રીતે વિકારરૂપ મિથ્યા બ્રહ્મના જ્ઞાનથી સંતુષ્ટ થયેલા, અકૃતાર્થ અને પોતાને પરમાર્થ સત્યાતિવાદી માનનારા તે યોગ્ય શિષ્યને તે મિથ્યાગ્રહ વિશેષથી ચલાયમાન કરીને, ભગવન્ સનત્કુમારે કહ્યું - 'હું જેનું આગળ વર્ણન કરીશ તે અતિવદન કરે છે, પરમાર્થતઃ પ્રાણવેત્તા અતિવાદી નથી. તેનું અતિવાદિત્વ તો નામાદિની અપેક્ષાથી જ છે. પરંતુ અતિવાદી તો તે જ છે જે ભૂમાસંજ્ઞક સર્વાતીત પરમાર્થસત્ય તત્ત્વને જાણે છે.' આ આશયથી જ કહે છે –

एष तु वा अतिवदति यः सत्येनातिवदति सोऽहं भगवः सत्येनातिवदानीति सत्यं त्वेव विजिज्ञासितव्यमिति सत्यं भगवो विजिज्ञास इति ॥ १ ॥

(સનત્કુમાર -) જે સત્ય (પરમાર્થ સત્ય આત્માના વિજ્ઞાન)ના કારણે અતિવદન કરે છે તે જ નિશ્ચય અતિવદન કરે છે. (નારદ-) ભગવન્ ! હું તો પરમાર્થ સત્ય વિજ્ઞાનના કારણે જ અતિવદન કરું છું. (સનત્કુમાર-) સત્યની જ તો વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ. (નારદ-) 'ભગવન્ ! હું વિશેષરૂપે સત્યની જિજ્ઞાસા કરું છું.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- एष तु वा अतिवदति यः सत्येन परमार्थसत्यविज्ञानवत्तयातिवदति सोऽहं त्वां प्रपन्नो भगवन्सत्येनातिवदानि । तथा मां नियुनक्तु भगवान् यथाहं सत्येनातिवदानीत्यभिप्रायः । यद्येवं सत्येनातिवदितुमिच्छसि सत्यमेव तु तावद्विजिज्ञासितव्यमित्युक्त आह नारदः । तथास्तु तर्हि सत्यं भगवो विजिज्ञासे विशेषेण ज्ञातुमिच्छेयं त्वत्तोऽहमिति ॥ १ ॥

શાંકરભાષ્ય :- (સનત્કુમાર-) પરંતુ અતિવદન તો તે જ કરે છે જે પરમાર્થસત્ય વિજ્ઞાનના કારણે અતિવદન કરે છે. (નારદ-) 'ભગવન્ ! તમારા શરણાગત એવો હું તો સત્યના જ કારણે અતિવદન કરું છું.' તાત્પર્ય આ છે કે ભગવાન મને આવી રીતે ઉપદેશ કરે જેનાથી કે હું સત્ય જ્ઞાનના કારણે અતિવદન કરું. 'જો આવી રીતે તું સત્ય દ્વારા અતિવદન કરવા ઇચ્છે છે તો સત્યની જ જિજ્ઞાસા કરવી જોઈએ.' - આમ કહેવામાં આવતાં નારદજી બોલ્યા - 'બરાબર છે, સારું તો ભગવન્ ! હું સત્યની વિજિજ્ઞાસા - આપના દ્વારા વિશેષરૂપે સત્યને જાણવાની ઇચ્છા કરું છું.' ॥ ૧ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये षोडशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १६ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના સોળમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तदशः खण्डः

यदा वै विजानात्यथ सत्यं वदति नाविजानन्सत्यं वदति विजानन्नेव सत्यं वदति विज्ञानं त्वेव विजिज्ञासितव्यमिति विज्ञानं भगवो विजिज्ञास इति ॥ १ ॥

જ્યારે પુરુષ સત્યને વિશેષરૂપે જાણે છે ત્યારે તે સત્ય બોલે છે, જાણ્યા વિના સત્ય બોલતો નથી, પરંતુ વિશેષરૂપે જાણનારા જ સત્યનું કથન કરે છે. એટલે વિજ્ઞાનની જ વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ. (નારદ-) 'ભગવન્ ! હું વિજ્ઞાનને વિશેષરૂપે જાણવા ઇચ્છું છું.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यदा वै सत्यं परमार्थतो विजानाति । इदं परमार्थतः सत्यमिति । ततोऽनृतं विकारजातं वाचारम्भणं हित्वा सर्वविकारावस्थं सदेवैकं सत्यमिति तदेवाथ वदति यद्वदति । ★ ननु विकारोऽपि सत्यमेव । **'नामरूपे सत्यं ताभ्यामयं**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

प्राणश्छन्नः' (बृ.उप. १-६-३) । **'प्राणा वै सत्यं तेषामेव सत्यम्'** (बृ.उप. २-१-२०) इति श्रुत्यन्तरात् । ★ सत्यम्, उक्तं सत्यत्वं श्रुत्यन्तरे विकारस्य न तु परमार्थापेक्षमुक्तम् । किं तर्हि ? इन्द्रियविषयाविषयत्वापेक्षं सच्च त्यच्चेति सत्यमित्युक्तम् । तद्द्वारेण च परमार्थसत्यस्योपलब्धिर्विवक्षितेति । प्राणा वै सत्यं तेषामेष सत्यमिति चोक्तम् । ★ इहापि तदिष्टमेव, इह तु प्राणविषयात्परमार्थसत्यविज्ञानाभिमानाद्व्युत्थाप्य नारदं यत्सदेव सत्यं परमार्थतो भूमाख्यं तद्विज्ञापयिष्यामीत्येष विशेषतो विवक्षितोऽर्थः । नाविजानन्सत्यं वदति । यस्त्वविजानन्वदति सोऽग्न्यादिशब्देनाग्न्यादीन्परमार्थसद्रूपान्मन्यमानो वदति । न तु ते रूपत्रयव्यतिरेकेण परमार्थतः सन्ति तथा तान्यपि रूपाणि सदपेक्षया नैव सन्तीत्यतो नाविजानन्सत्यं वदति । विजानन्नेव सत्यं वदति । ★ न च तत्सत्यविज्ञानमविजिज्ञासितमप्रार्थितं ज्ञायत इत्याह विज्ञानं त्वेव विजिज्ञासितव्यमिति । यद्येवं विज्ञानं भगवो विजिज्ञास इति । एवं सत्यादीनां चोत्तरोत्तराणां करोत्यन्तानां पूर्वपूर्वहेतुत्वं व्याख्येयम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- જ્યારે પુરુષ સત્યને પરમાર્થતઃ જાણે છે, અર્થાત્ 'આ પરમાર્થતઃ સત્ય છે' એમ જાણે છે તે વખતે તે વાણી પર અવલંબિત મિથ્યા વિકારજાતનો ત્યાગ કરીને સંપૂર્ણ વિકારમાં રહેલું એક સત્ય જ સત્ય છે - એમ સમજીને પછી જે કંઈ બોલે છે તેને જ બોલે છે.

પરંતુ વિકાર પણ તો સત્ય જ છે, કારણ કે **'નામ અને રૂપ સત્ય છે, તેના આ પ્રાણ આચ્છાદિત છે'** (બૃ.ઉપ. ૧-૬-૩) **'(વાગાદિ) પ્રાણ જ સત્ય છે, (મુખ્ય પ્રાણ) તેના પણ સત્ય છે,'** (બૃ.ઉપ. ૨-૧-૨૦) આ બીજી શ્રુતિથી પણ (આ જ સિદ્ધ થાય છે.) બરાબર છે. શ્રુત્યન્તરમાં વિકારનું સત્યત્વ અવશ્ય બતાવવામાં આવ્યું છે, પરંતુ તે પરમાર્થની અપેક્ષાએ બતાવવામાં આવ્યું નથી. તો પછી શું વાત છે ? - ઈન્દ્રિયોનો વિષય હોવો અને ન હોવો એની અપેક્ષાએ સત્ અને ત્યત્ છે, આવી રીતે ત્યાં સત્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને તેના દ્વારા ત્યાં પરમાર્થ સત્યની ઉપલબ્ધિ જ વિવક્ષિત છે. આનાથી ત્યાં આમ કહેવામાં આવ્યું છે કે '(વાગાદિ) પ્રાણ જ સત્ય છે. આ (મુખ્ય પ્રાણ) તેના પણ સત્ય છે.'

અહીં પણ તે ઈષ્ટ જ છે. પરંતુ અહીં વિશેષરૂપે સનત્કુમારજીએ આ જ અર્થ બતાવવો અભિષ્ટ છે કે નારદજીને પ્રાણવિષયક પરમાર્થ સત્ય વિજ્ઞાનના અભિમાનથી નિવૃત્ત કરીને જે ભૂમાસંજ્ઞક સત્ જ પરમાર્થ સત્ય છે, તેને વિશેષરૂપે સમજાવીશ. તેને વિશેષરૂપે જાણ્યા વિના કોઈ સત્ય બોલતાં નથી. જે કોઈ તેને જાણ્યા વિના બોલે છે તે 'અગ્નિ' વગેરે શબ્દથી અગ્નિ વગેરેને જ પરમાર્થ સદ્રૂપ સમજીને બોલે છે. પરંતુ પરમાર્થતઃ એ રૂપત્રય(રક્ત, શુકલ અને કૃષ્ણરૂપ)થી અતિરિક્ત નથી અને તે રૂપને પણ સત્ની અપેક્ષા તો છે જ નહીં. એટલે પરમાર્થને જાણ્યા વિના સત્ય બોલી શકતા નથી. સત્યનું વિશેષ જ્ઞાન થઈ જવાથી જ પુરુષ સત્ય બોલી શકે છે ?

પરંતુ આ સત્યવિજ્ઞાન જિજ્ઞાસા કર્યા વિના - પ્રાર્થના કર્યા વિના જાણી શકાતું નથી. આથી જ કહે છે કે 'વિજ્ઞાનની જ વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ.' (નારદ-) 'જો વાત આવી જ છે તો ભગવન્ ! હું વિજ્ઞાનને વિશેષરૂપે જાણવાની ઈચ્છા કરું છું.' આવી રીતે સત્યથી લઈને (આગળ બાવીસમાં ખંડમાં) 'करोति' સુધી ઉત્તરોત્તર પદાર્થોના પૂર્વ-પૂર્વ પદાર્થ કારણ છે - એવી વ્યાખ્યા કરવી જોઈએ. ॥ ૧ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमायाये सप्तदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १७ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના સત્તરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टादशः खण्डः

यदा वै मनुतेऽथ विजानाति नामत्वा विजानाति मत्वैव विजानाति मतिस्त्वेव विजिज्ञासितव्येति । मतिं भगवो विजिज्ञास इति ॥ १ ॥

(સનત્કુમાર-) 'જ્યારે મનુષ્ય મનન કરે છે ત્યારે તે વિશેષરૂપે જાણે છે, મનન કર્યા વિના કોઈ જાણતા નથી, પરંતુ તે મનન કર્યા પછી જ જાણે છે. એટલે મતિની જ વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ.' (નારદ-) 'ભગવન્ ! હું મતિના વિજ્ઞાનની ઈચ્છા કરું છું. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यदा वै मनुत इति । मतिर्मननं तर्को मन्तव्यविषय आदरः ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- જે સમયે મનન કરે છે વગેરે. 'મતિ' અર્થાત્ મનન - તર્ક-મંતવ્ય વિષયના પ્રત્યે આદર. ॥ ૧ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्यायेऽष्टादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १८ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના અઢારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकोनविंशः खण्डः

यदा वै श्रद्दधात्यथ मनुते नाश्रद्दधन्मनुते श्रद्दधदेव मनुते श्रद्धा त्वेव विजिज्ञासितव्येति । श्रद्धां भगवो विजिज्ञास इति ॥ १ ॥

(સનત્કુમાર-) 'જે સમયે મનુષ્ય શ્રદ્ધા કરે છે ત્યારે તે મનન કરે છે, શ્રદ્ધા કર્યા વિના કોઈ મનન કરે નહીં. પરંતુ શ્રદ્ધા કરનારા જ મનન કરે છે. એટલે શ્રદ્ધાની જ વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ.' (નારદ-) 'ભગવન્ ! હું શ્રદ્ધાના વિજ્ઞાનની ઇચ્છા કરું છું.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- आस्तिक्यबुद्धिः श्रद्धा ॥ १ ॥

શાંકરભાષ્ય :- આસ્તિક્ય બુદ્ધિનું નામ શ્રદ્ધા છે. ॥ ૧ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये एकोनविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १९ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના ઓગણીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

विंशः खण्डः

यदा वै निस्तिष्ठत्यथ श्रद्दधाति नानिस्तिष्ठञ्छ्रद्दधाति निस्तिष्ठन्नेव श्रद्दधाति निष्ठा त्वेव विजिज्ञासितव्येति । निष्ठां भगवो विजिज्ञास इति ॥ १ ॥

(સનત્કુમાર-) 'જ્યારે પુરુષની નિષ્ઠા હોય છે ત્યારે તે શ્રદ્ધા કરે છે. નિષ્ઠા વિના કોઈ શ્રદ્ધા કરે નહીં, પરંતુ નિષ્ઠા કરનારા જ શ્રદ્ધા કરે છે. એટલે નિષ્ઠાને જ વિશેષરૂપે જાણવાની ઇચ્છા કરવી જોઈએ.' (નારદ-) 'ભગવન્ ! હું નિષ્ઠાને વિશેષરૂપે જાણવા ઇચ્છું છું.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- निष्ठा गुरुशुश्रूषादिस्तत्परत्वं ब्रह्मविज्ञानाय ॥ १ ॥

શાંકરભાષ્ય :- નિષ્ઠા ગુરુ શુશ્રુષા વગેરેને કહે છે. તેમાં બ્રહ્મવિજ્ઞાનના માટે તત્પર રહેવું. ॥ ૧ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये विंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २० ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના વીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकविंशः खण्डः

यदा वै करोत्यथ निस्तिष्ठति नाकृत्वा निस्तिष्ठति कृत्वैव निस्तिष्ठति कृतिस्त्वेव विजिज्ञासितव्येति । कृतिं भगवो विजिज्ञास इति ॥ १ ॥

(સનત્કુમાર-) જ્યારે મનુષ્ય કરે છે ત્યારે તે નિષ્ઠા પણ કરવા લાગે છે, કર્યા વિના કોઈની નિષ્ઠા હોતી નથી, પુરુષ કરવાથી જ નિષ્ઠાવાન થાય છે. એટલે કૃતિની જ વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ. (નારદજી-) 'ભગવન્ ! હું કૃતિની વિશેષરૂપે જિજ્ઞાસા કરું છું.' ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

शाङ्करभाष्यम् :- यदा वै करोति । कृतिरिन्द्रियसंयमश्चित्तैकाग्रताकरणं च । सत्यां हि तस्यां निष्ठादीनि यथोक्तानि भवन्ति विज्ञानावसानानि ॥ १ ॥

શાંકરભાષ્ય :- જ્યારે મનુષ્ય કરે છે. 'કૃતિ' ઈન્દ્રિય સંયમ અને ચિત્તની એકાગ્રતાને કહે છે. તેના થવાથી જ ઉપર્યુક્ત (વિપરીત ક્રમથી) નિષ્ઠાથી લઈને વિજ્ઞાન પર્યન્ત સમસ્ત સાધન હોય છે. ॥ १ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये एकविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २१ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના એકવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

द्वाविंशः खण्डः

यदा वै सुखं लभतेऽथ करोति नासुखं लब्ध्वा करोति सुखमेव लब्ध्वा करोति सुखं त्वेव विजिज्ञासितव्यमिति । सुखं भगवो विजिज्ञास इति ॥ १ ॥

(સનત્કુમાર-) 'જ્યારે મનુષ્યને સુખ પ્રાપ્ત થાય છે ત્યારે તે કરે છે, સુખ મળ્યા વિના કોઈ કરતું નથી, પરંતુ સુખ મેળવીને (મેળવવાની આશાથી) જ કરે છે, એટલે સુખની જ વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ.' (નારદ-) 'ભગવન્ ! હું સુખની વિશેષરૂપે જિજ્ઞાસા કરું છું.' ॥ १ ॥

शाङ्करभाष्यम् :- सापि कृतिर्यदा सुखं लभते सुखं निरतिशयं वक्ष्यमाणं लब्धव्यं मयेति मन्यते तदा भवतीत्यर्थः । यथा दृष्टफलसुखाकृतिस्तथेहापि नासुखं लब्ध्वा करोति । भविष्यदपि फलं लब्ध्वेत्युच्यते तदुद्दिश्य प्रवृत्त्युपपत्तेः । ★ अथेदानीं कृत्यादिषूत्तरोत्तरेषु सत्सु सत्यं स्वयमेव प्रतिभासत इति न तद्विज्ञानाय पृथग्यत्नः कार्य इति प्राप्तं तत इदमुच्यते—सुखं त्वेव विजिज्ञासितव्यमित्यादि । सुखं भगवो विजिज्ञास इत्यभिमुखीभूतायाह ॥ १ ॥

શાંકરભાષ્ય :- તે કૃતિ પણ, જ્યારે સુખ મળે છે અર્થાત્ જ્યારે એમ માને છે કે મને આગળ બતાવવામાં આવનાર નિરતિશય સુખ પ્રાપ્ત થવું જોઈએ, ત્યારે થાય છે. જેવી રીતે લૌકિક કૃતિ દૃષ્ટફળ જ નિત્ય સુખ માટે હોય છે તેવી રીતે આ પ્રસંગમાં પણ કોઈ પણ સુખ મળ્યા વિના કરતાં નથી. જો કે તે ફળ ભવિષ્યત્કાલિક હોય છે તો પણ 'लब्ध्वा' (મેળવીને) એમ પૂર્વકાલિક ક્રિયારૂપે કહેવામાં આવે છે, કારણ કે તેના ઉદ્દેશ્યથી પ્રવૃત્તિ થવી સંભવ છે.

હવે આ પ્રાપ્ત થાય છે કે - કૃતિથી લઈને ઉત્તરોત્તર સાધનોના હોવાથી સત્યનો સ્વયં અનુભવ થઈ જશે, તેના વિજ્ઞાનને માટે પૃથક્ પ્રયત્ન કરવો જોઈએ નહીં. આનાથી આ કહેવામાં આવ્યું છે કે 'સુખની જ વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ.' વગેરે. પછી 'ભગવન્ ! હું સુખની વિશેષરૂપે જિજ્ઞાસા કરું છું' આવી રીતે (સુખવિજ્ઞાન પ્રત્યે) અભિમુખ થયેલા નારદજીને સનત્કુમારજી કહે છે. ॥ १ ॥

इति छान्दोयग्योपनिषदि सप्तमाध्याये द्वाविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २२ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના બાવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोविंशः खण्डः

यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखं भूमा त्वेव विजिज्ञासितव्य इति । भूमानं भगवो विजिज्ञास इति ॥ १ ॥

(સનત્કુમાર-) નિશ્ચય જે ભૂમા છે તે જ સુખ છે, અલ્પમાં સુખ નથી. સુખ ભૂમા જ છે. ભૂમાની જ વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ.' (નારદ-) ભગવન્ ! હું ભૂમાની વિશેષ રૂપે જિજ્ઞાસા કરું છું. ॥ १ ॥

शाङ्करभाष्यम् :- यो वै भूमा महन्निरतिशयं बह्विति पर्यायास्तत्सुखम् । ततोऽर्वाक्सातिशयत्वादल्पम् । अतस्तस्मिन्नल्पे

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सुखं नास्ति । अल्पस्याधिकतृष्णाहेतुत्वात् । तृष्णा च दुःखबीजम् । न हि दुःखबीजं सुखं दृष्टं ज्वरादि लोके । तस्माद्युक्तं नाल्पे सुखमस्तीति । अतो भूमैव सुखम् । तृष्णादिदुःखबीजत्वासम्भवाद्भूम्नः ॥ १ ॥

શાંકરભાષ્ય :- નિશ્ચય જે ભૂમા છે - મહાન, નિરતિશય અને બહુ - આ આના પર્યાય છે - તે જ સુખ છે. તેનાથી નીચેના પદાર્થ સાતિશય (ન્યૂનાધિક) હોવાને કારણે અલ્પ છે. એટલે તે અલ્પમાં સુખ નથી, કારણ કે અલ્પ તો અધિક તૃષ્ણાનો હેતુ છે અને તૃષ્ણા દુઃખનું બીજ છે. અને લોકમાં દુઃખના બીજભૂત જ્વરાદિ સુખરૂપ જોવામાં આવતાં નથી. એટલે 'અલ્પમાં સુખ નથી' આ કથન બરાબર છે. એટલા માટે ભૂમા જ સુખરૂપ છે, કારણકે ભૂમામાં દુઃખના બીજભૂત તૃષ્ણાદિનું હોવું સંભવ છે. ॥ ૧ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये त्रयोविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २३ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના ત્રેવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्विंशः खण्डः

किं लक्षणोऽसौ भूमेत्याह– આ ભૂમા ક્યા લક્ષણોવાળું છે તો બતાવે છે –

यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमाथ यत्रान्यत्पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पं यो वै भूमा तदमृतमथ यदल्पं तन्मर्त्यम् । स भगवः कस्मिन्प्रतिष्ठति इति । स्वे महिम्नि यदि वा न महिम्नीति ॥ १ ॥

(સનત્કુમાર-) 'જ્યાં કોઈ બીજા જોતાં નથી, કોઈ બીજું સાંભળતું નથી અને બીજા કંઈ જાણતો નથી તે ભૂમા છે. પરંતુ જ્યાં કોઈ બીજું જુએ છે, કોઈ બીજું સાંભળે છે તેમજ કોઈ બીજું જાણે છે તે અલ્પ છે. જે ભૂમા છે તે જ અમૃત છે અને જે અલ્પ છે તે મર્ત્ય છે.' (નારદ-) 'ભગવન્ ! તે (ભૂમા) શામાં પ્રતિષ્ઠિત છે ?' (સનત્કુમાર-) 'પોતાના મહિમામાં, અથવા પોતાના મહિમામાં પણ નથી.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यत्र यस्मिन्भूम्नि तत्त्वे नान्यद्द्रष्टव्यमन्येन करणेन द्रष्टान्यो विभक्तो दृश्यात्पश्यति तथा नान्यच्छृणोति । नामरूपयोरेवान्तर्भावाद्विषयभेदस्य, तद्ग्राहकयोरेवेह दर्शनश्रवणयोर्ग्रहणम्, अन्येषां चोपलक्षणार्थत्वेन । मननं त्वत्रोक्तं द्रष्टव्यं नान्यन्मनुत इति, प्रायशो मननपूर्वकत्वाद्विज्ञानस्य । तथा नान्यद्विजानाति; एवंलक्षणो यः भूमा । ★ किमत्र प्रसिद्धान्यदर्शनाभावो भूम्न्युच्यते नान्यत्पश्यतीत्यादिना ? अथान्यत्र पश्यत्यात्मानं पश्यतीत्येतत् ? ★ किं चातः ? ★ यद्यन्यदर्शनाद्यभावमात्रमित्युच्यते तदा द्वैतसंव्यवहारविलक्षणो भूमेत्युक्तं भवति । अथान्यदर्शनविशेषप्रतिषेधेनात्मानं पश्यतीत्युच्यते तदैकस्मिन्नेव क्रियाकारकफल-भेदोऽभ्युपगतो भवेत् । ★ यद्येवं को दोषः स्यात् ? ★ नन्वयमेव दोषः संसारानिवृत्तिः । क्रियाकारकफलभेदो हि संसार इति । आत्मैकत्व एव क्रियाकारकफलभेदः संसारविलक्षण इति चेत् ? न; आत्मनो निर्विशेषैकत्वाभ्युपगमे दर्शनादिक्रिया-कारकफलभेदाभ्युपगमस्य शब्दमात्रत्वात् । ★ अन्यदर्शनाद्यभावोक्तिपक्षेऽपि यत्रेत्यन्यन्न पश्यतीति च विशेषणे अनर्थके स्यातामिति चेत् ? दृश्यते हि लोके यत्र शून्ये गृहेऽन्यन्न पश्यतीत्युक्ते स्तम्भादीनात्मानं च न पश्यतीति न गम्यते । एवमिहापीति चेत् ? ★ न; तत्त्वमसीत्येकत्वोपदेशादधिकरणाधिकर्तव्यभेदानुपपत्तेः । तथा सदेकमेवाद्वितीयं सत्यमिति षष्ठे निर्धारितत्वात् । **'अदृश्येऽनात्म्ये'** (तै.उप. २-७-१) **'न संदृशे तिष्ठति रूपमस्य'** (क.उप. ६-९) **'विज्ञातारमरे केन विजानीयात्'** (बृ.उप. २-४-१४) इत्यादिश्रुतिभ्यः स्वात्मनि दर्शनाद्यनुपपत्तिः । ★ यत्रेति विशेषणमनर्थकं प्राप्तमिति चेत् ? ★ न, अविद्याकृतभेदापेक्षत्वात् । यथा सत्यैकत्वाद्वितीयत्वबुद्धिं प्रकृतामपेक्ष्य सदेकमेवाद्वितीयमिति संख्याद्यनर्हमप्युच्यते, एवं भूम्न्येकस्मिन्नेव यत्रेति विशेषणम् । अविद्यावस्थायामन्यदर्शनानुवादेन च भूम्नस्तदभावत्वलक्षणस्य विवक्षितत्वान्नान्यत्पश्यतीति विशेषणम् । तस्मात्संसारव्यवहारो भूम्नि नास्तीति समुदायार्थः । ★ अथ यत्राविद्याविषयेऽन्योऽन्येनान्यत्पश्यतीति तदल्पमविद्याकालभावीत्यर्थः । यथा स्वप्नदृश्यं वस्तु प्राक् प्रबोधात्तत्कालभावीति तद्वत् । तत एव तन्मर्त्यं विनाशि स्वप्नवस्तुवदेव तद्विपरीतो भूमा यस्तदमृतम् । तच्छब्दोऽमृतत्वपरः । ★ स ह्येवंलक्षणो भूमा हे भगवन् कस्मिन् प्रतिष्ठित इत्युक्तवन्तं नारदं प्रत्याह सनत्कुमारः–स्वे महिम्नीति; स्व आत्मीये महिम्नि माहात्म्ये विभूतौ प्रतिष्ठितो भूमा । यदि प्रतिष्ठामिच्छसि क्वचिद्यदि वा परमार्थमेव पृच्छसि न महिम्न्यपि प्रतिष्ठित इति ब्रूमः । अप्रतिष्ठितोऽनाश्रितो भूमा क्वचिदपीत्यर्थः ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

શાંકરભાષ્ય :- જ્યાં - જે ભૂમાતત્ત્વમાં દૃશ્યથી ભિન્ન કોઈ બીજા દ્રષ્ટા કોઈ બીજા દ્રષ્ટવ્ય વિષયને અન્ય ઈન્દ્રિય દ્વારા જોતાં નથી અને ન કાંઈ સાંભળે જ છે. વિષયભેદનો અંતર્ભાવ નામ અને રૂપમાં જ થઈ જાય છે, એટલે તેનું ગ્રહણ કરનારા દર્શન અને શ્રવણ આ બંને ઈન્દ્રિયોને જ અહીં અન્ય ઈન્દ્રિયોના ઉપલક્ષણાર્થ ગ્રહણ કરવામાં આવી છે. પરંતુ મનનના અહીં 'नान्यन्मनुते' એમ કહીને અલગ ઉલ્લેખ કરવામાં આવ્યો છે - એમ જાણવું જોઈએ, કારણ કે વિજ્ઞાન પ્રાયઃ મનનપૂર્વક થયા કરે છે અને જ્યાં કંઈ બીજું જાણતા પણ નથી - જે આવા લક્ષણોવાળું છે તે ભૂમા છે.

અહીં (એ વિચારવાનું છે કે) 'नान्यत्पश्यति' વગેરે વાક્યથી ભૂમામાં લોક પ્રસિદ્ધ અન્ય દર્શનનો અભાવ બતાવવામાં આવ્યો છે અથવા બીજાને જોતાં નથી, એટલા માટે પોતાને જ જુએ છે - આ બતાવવામાં આવ્યું છે.

પૂર્વપક્ષી :- આનાથી શું (હાનિલાભ) છે ?

સિદ્ધાન્તી :- જો આ વાક્ય દ્વારા બીજા પદાર્થના દર્શનાદિનો અભાવ જ બતાવવામાં આવ્યો હોય ત્યારે તો આ વાત કહેવામાં આવે છે કે ભૂમા દ્વૈતવ્યવહારથી વિલક્ષણ છે અને જો અન્ય દર્શન વિશેષનો પ્રતિષેધ કરીને આ કહેવામાં આવ્યું હોય કે તે પોતાને જુએ છે તો એકમાં જ ક્રિયાકારક અને ફળરૂપ ભેદ માનવાનું થઈ જાય છે.

પૂર્વપક્ષી :- જો એમ જ હોય તો તેમાં દોષ શું હશે ?

સિદ્ધાન્તી :- તેના સંસારની નિવૃત્તિ ન થવી - બસ આ જ દોષ છે, કારણ કે ક્રિયા, કારક અને ફળરૂપ ભેદ જ સંસાર છે. જો કહો કે આત્માનું એકત્વ થવાથી પણ તેમાં જે ક્રિયા, કારક અને ફળરૂપ ભેદ છે તે સંસારથી વિલક્ષણ છે તો એમ કહેવું બરાબર નથી, કારણ કે આત્માનું નિર્વિશેષ એકત્વ સ્વીકાર કરવાથી જે તેમાં દર્શાનાદિ ક્રિયા, કારક અને ફળરૂપ ભેદ સ્વીકાર કરવાનો છે તે તો શબ્દમાત્ર છે.

પૂર્વપક્ષી :- પરંતુ બીજા દર્શનાદિનો અભાવ પ્રતિપાદન કરવાના પક્ષમાં પણ 'यत्र' અને 'अन्यन्न पश्यति' આ બે વિશેષણ નિરર્થક થશે. લોકમાં આ જોવામાં આવે જ છે કે જ્યાં સૂના ઘરમાં 'બીજા કોઈને જોતાં નથી' આવું કહેવામાં આવે છે ત્યાં આ સમજવામાં આવતું નથી કે તે ઘરના સ્તંભાદિ અને પોતાને પણ જોતાં નથી. જો આવું અહીં પણ હોય તો ?

સિદ્ધાન્તી :- આવું ન હોઈ શકે, કારણ કે 'તું તે છે' આવી રીતે એકત્વનો ઉપદેશ થવાને કારણે આધાર - આધેયરૂપ ભેદનું હોવું સંભવ નથી. આવી રીતે છઠ્ઠા અધ્યાયમાં પણ આ નિશ્ચય કરવામાં આવી ગયો છે કે **'એકમાત્ર અદ્વિતીય સત્ જ સત્ય છે'** અને **'જોવામાં ન આવનારા શરીરરહિત...આત્મામાં'** (તૈ.ઉપ. ૨-૭-૧) **'આનું રૂપ દૃષ્ટિમાં આવતું નથી'** (ક.ઉપ. ૬-૯) **'અરે ! વિજ્ઞાતાને કોના દ્વારા જાણીએ'** (બૃ.ઉપ. ૨-૪-૧૪) વગેરે શ્રુતિઓથી પણ સ્વાત્મામાં દર્શનાદિનું થવું સંભવ નથી.

પૂર્વપક્ષી :- પરંતુ આવી રીતે 'यत्र' આ વિશેષણ વ્યર્થ સિદ્ધ થાય છે ?

સિદ્ધાન્તી :- ના, કારણ કે આ અવિદ્યાકૃત ભેદની અપેક્ષાએ છે. જેવી રીતે પ્રાસંગિક સત્ય એકત્વ અને અદ્વિતીયત્વ બુદ્ધિની અપેક્ષાએ - સંખ્યા વગેરેના યોગ્ય ન હોવાથી પણ - **'સત્ એક અને અદ્વિતીય છે'** એવું કહેવામાં આવે છે તેવી રીતે એક જ ભૂમામાં 'यत्र' આ વિશેષણ છે. અને અવિદ્યાવસ્થામાં અન્ય દર્શનનો અનુવાદ હોવાને કારણે ભૂમાને તેના અભાવત્વરૂપ લક્ષણવાળું બતાવવું ઈષ્ટ હોવાથી 'नान्यत्पश्यति' આવું વિશેષણ આપવામાં આવ્યું છે. એટલે સારાંશ આ છે કે ભૂમામાં સંસાર વ્યવહાર નથી.

પરંતુ જ્યાં અવિદ્યાના રાજ્યમાં અન્ય અન્યને અન્ય દ્વારા જુએ છે તે અલ્પ છે, તાત્પર્ય આ છે કે તે કેવળ અવિદ્યાના સમયે જ રહેનારા છે. જેવી રીતે સ્વપ્નમાં જોવામાં આવતી વસ્તુ જાગવાથી પૂર્વ સ્વપ્ન કાળમાં જ રહેનારી હોય છે તેવી રીતે (તેને જાણવું જોઈએ). આનાથી તે સ્વપ્નના પદાર્થ સમાન જ મર્ત્ય - વિનાશી છે. તેનાથી વિપરીત જે ભૂમા છે તે અમૃત છે. 'तत्' શબ્દ અમૃતત્વપરક છે (આનાથી નપુંસકલિંગનો પ્રયોગ કરવામાં આવ્યો છે).

તો હે ભગવન્ ! તે આવા લક્ષણોવાળું ભૂમા કોનામાં પ્રતિષ્ઠિત છે ?' આવી રીતે પૂછવામાં આવતાં નારદજીને સનત્કુમારે કહ્યું, - 'પોતાના મહિમામાં' તો તે ભૂમા 'स्वे' - પોતાના 'महिम्नि' - મહિમા અર્થાત્ વિભૂતિમાં પ્રતિષ્ઠિત છે. અને જો ક્યાંય તેની પ્રતિષ્ઠા જાણવા ઇચ્છતા હો - અથવા જો પરમાર્થતઃ જ પૂછતાં હો તો અમારું આ કથન છે કે તે પોતાના મહિમામાં પણ પ્રતિષ્ઠિત નથી. તાત્પર્ય આ છે કે 'ભૂમા અપ્રતિષ્ઠિત છે અર્થાત્ ક્યાંય પણ આશ્રિત નથી.' ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यदि स्वमहिम्नि प्रतिष्ठितो भूमा कथं तर्ह्यप्रतिष्ठ उच्यते, शृणु–

શાંકરભાષ્ય :- જો ભૂમા પોતાના મહિમામાં પ્રતિષ્ઠિત છે તો તેને અપ્રતિષ્ઠિત કેમ કહેવામાં આવે છે ? સાંભળો –

गो-अश्वमिह महिमेत्याचक्षते हस्तिहिरण्यं दासभार्यं क्षेत्राण्यायतनानीति नाहमेवं ब्रवीमि ब्रवीमीति होवाचान्यो ह्यन्यस्मिन्प्रतिष्ठित इति ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આ લોકમાં ગાય, અશ્વ વગેરેને મહિમા કહે છે અને હાથી, સુવર્ણ, દાસ, ભાર્યા, ક્ષેત્ર અને ઘર - આમનું નામ પણ મહિમા છે. પરંતુ આવું મારું કથન નથી, કારણ કે અન્ય પદાર્થ અન્યમાં પ્રતિષ્ઠિત હોય છે. હું તો આમ કહું છું' - આવું સનત્કુમારજીએ કહ્યું. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- गो-अश्वादीह महिमेत्याचक्षते । गवश्चाश्वाश्च गो-अश्वं द्वन्द्वैकवद्भावः । सर्वत्र गवाश्वादि महिमेति प्रसिद्धम् । तदाश्रितस्तत्प्रतिष्ठश्चैत्रो भवति यथा नाहमेवं स्वतोऽन्यं महिमानमाश्रितो भूमा चैत्रवदिति ब्रवीम्यत्र हेतुत्वेनान्यो ह्यन्यस्मिन्प्रतिष्ठित इति व्यवहितेन सम्बन्धः । किं त्वेवं ब्रवीमीति होवाच स एवेत्यादि ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ લોકમાં ગાય-અશ્વાદિને મહિમા કહે છે. ગાય અને અશ્વને 'ગોઅશ્વ' કહે છે. આ બંને શબ્દોના દ્વંદ્વ સમાસમાં એકવદ્ભાવ થાય છે. સર્વત્ર ગાય અને અશ્વ વગેરે જ મહિમા છે આવી રીતે પ્રસિદ્ધ છે. જેવી રીતે ચૈત્ર (નામનો કોઈ પુરુષ) તેના આશ્રિત અને તેનામાં પ્રતિષ્ઠિત થાય છે તેવી રીતે ચૈત્રના સમાન જ ભૂમા પણ પોતાનામાં ભિન્ન મહિમામાં આશ્રિત છે - આવું હું કહેતો નથી. અહીં 'કારણ કે અન્ય પદાર્થ અન્યમાં પ્રતિષ્ઠિત થાય છે' આ વ્યવધાન યુક્ત વાક્યથી આનો હેતુરૂપથી સંબંધ છે. પરંતુ હું તો આ કહું છું, આમ કહીને સનત્કુમારે 'स एव अधस्तात्' વગેરે કહ્યું. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये चतुर्विंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २४ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના ચોવીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चविंशः खण्डः

शाङ्करभाष्यम् :- कस्मात्पुनः क्वचिन्न प्रतिष्ठितः ? इत्युच्यते—यस्मात्—

શાંકરભાષ્ય :- તો પછી એવું કેમ કહેવામાં આવે છે કે તે ક્યાંય પ્રતિષ્ઠિત નથી ? તો બતાવે છે, કારણ કે –

स एवाधस्तात्स उपरिष्टात्स पश्चात्स पुरस्तात्स दक्षिणतः स उत्तरतः स एवेदꣳ सर्वमित्यथातोऽहङ्कारादेश एवाहमेवाधस्तादहमुपरिष्टादहं पश्चादहं पुरस्तादहं दक्षिणतोऽहमुत्तरतोऽहमेवेदꣳ सर्वमिति ॥ १ ॥

તે જ નીચે છે, તે જ ઉપર છે, તે જ પાછળ છે, તે જ આગળ છે, તે જ જમણી બાજુ છે, તે જ ડાબી બાજુ છે, અને તે જ આ સર્વ છે. હવે તેમાં જ અહંકારાદેશ કરવામાં આવે છે - હું જ નીચે છું હું જ ઉપર છું, હું જ પાછળ છું, હું જ આગળ છું, હું જ જમણી બાજુ છું, હું જ ડાબી બાજુ છું, અને હું જ આ સર્વ છું. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- स एव भूमाधस्तान्न तद्व्यतिरेकेणान्यद्विद्यते यस्मिन्प्रतिष्ठितः स्यात् तथोपरिष्टादित्यादि समानम् । सति भूम्नोऽन्यस्मिन्भूमा हि प्रतिष्ठितः स्यान्न तु तदस्ति । स एव तु सर्वम् । अतस्तस्मादसौ न क्वचित्प्रतिष्ठितः । ★ यत्र नान्यत्पश्यतीत्यधिकरणाधिकर्तव्यतानिर्देशात्स एवाधस्तादिति च परोक्षनिर्देशाद्द्रष्टुर्जीवादन्यां भूमा स्यादित्याशङ्का कस्यचिन्मा भूदित्यथातोऽनन्तरमहङ्कारादेशोऽहङ्कारेणादिश्यत इत्यहङ्कारादेशः । द्रष्टुरनन्यत्वदर्शनार्थं भूमैव निर्दिश्यतेऽहङ्कारेणाहमेवाधस्तादित्यादिना ॥ १ ॥

શાંકરભાષ્ય :- કારણ કે તે ભૂમા જ નીચે છે, તેમાં ભિન્ન કોઈ બીજી એવી વસ્તુ નથી જેના ઉપર તે પ્રતિષ્ઠિત હોય. આવી રીતે 'उपरिष्टात्' વગેરેનો અર્થ પણ સમજવો જોઈએ. ભૂમાથી અલગ કોઈ બીજો પદાર્થ હોય તો ભૂમા તેના ઉપર પ્રતિષ્ઠિત થાય, પરંતુ એવું નથી. સર્વ કંઈ આ જ છે.એટલે આનાથી આ ક્યાંય અન્યત્ર પ્રતિષ્ઠિત નથી.

'જ્યાં કંઈ બીજું જોતો નથી' આ વાક્યથી આધાર-આધેયતાનો નિર્દેશ થવાથી અને 'તે જ નીચે છે' વગેરે વાક્યથી પરોક્ષ નિર્દેશ થવાથી કોઈને એવી શંકા થઈ જાય નહીં કે ભૂમા દ્રષ્ટા જીવથી ભિન્ન છે એટલા માટે હવે - આના પછી અહંકારાદેશ કરવામાં આવે છે. અહંકારરૂપે આદેશ (ઉપદેશ) કરવામાં આવે છે એટલા માટે આને અહંકારાદેશ કહ્યો છે. દ્રષ્ટાથી અભિન્નત્વ બતાવવા માટે ભૂમાનો જ 'હું નીચે છું' વગેરે વાક્ય દ્વારા અહંકાર રૂપે નિર્દેશ કરવામાં આવે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अहङ्कारेण देहादिसङ्घातोऽप्यादिश्यतेऽविवेकिभिरित्यतस्तदाशङ्का मा भूदिति—

શાંકરભાષ્ય :- અવિવેકી લોકો અહંકારથી સંઘાતનો પણ આદેશ કરે છે, એટલે એવી આશંકા ન થાય એટલા માટે –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अथात आत्मादेश एव आत्मैवाधस्तादात्मोपरिष्टादात्मा पश्चादात्मा पुरस्तादात्मा दक्षिणत आत्मोत्तरत आत्मैवेदꣳ सर्वमिति । स वा एष एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरतिरात्मक्रीड आत्ममिथुन आत्मानन्दः स स्वराड्भवति तस्य सर्वेषु लोकेषु कामचारो भवति अथ येऽन्यथातो विदुरन्यराजानस्ते क्षय्यलोका भवन्ति तेषाꣳ सर्वेषु लोकेष्वकामचारो भवति ॥ २ ॥

હવે આત્મારૂપે જ ભૂમાનો આદેશ કરવામાં આવે છે. આત્મા જ નીચે છે, આત્મા જ ઉપર છે, આત્મા જ પાછળ છે, આત્મા જ આગળ છે, આત્મા જ જમણી બાજુ છે, આત્મા જ ડાબી બાજુ છે અને આત્મા જ આ બધું છે. તે આ આવી રીતે જોનારા, આવી રીતે મનન કરનારા અને વિશેષરૂપે આ પ્રકારે જાણનારા આત્મરતિ, આત્મક્રીડા, આત્મમિથુન અને આત્માનંદ હોય છે, તે સ્વરાટ્ છે. સંપૂર્ણ લોકમાં તેની યથેચ્છ ગતિ હોય છે. પરંતુ જે આનાથી વિપરીત જાણે છે તે અન્યરાટ્ (જેનો રાજા પોતાનાથી ભિન્ન કોઈ બીજો છે એવા) અને ક્ષય્યલોક (ક્ષયશીલ લોકોને પ્રાપ્ત થનારા) થાય છે. તેની સંપૂર્ણ લોકોમાં સ્વેચ્છાગતિ થતી નથી. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरमात्मादेश आत्मनैव केवलेन सत्स्वरूपेण शुद्धेनादिश्यते । आत्मैव सर्वतः सर्वमित्येवमेकमजं सर्वतो व्योमवत्पूर्णमन्यशून्यं पश्यन्स वा एष विद्वान्मननविज्ञानाभ्यामात्मरतिरात्मन्येव रती रमणं यस्य सोऽयमात्मरतिः । तथात्मक्रीडः । देहमात्रसाधना रतिर्बाह्यसाधना क्रीडा । लोके स्त्रीभिः सखिभिश्च क्रीडतीति दर्शनात् । न तथा विदुषः । किं तर्ह्यात्मविज्ञाननिमित्तमेवोभयं भवतीत्यर्थः । ★ मिथुनं द्वन्द्वजनितं सुखं तदपि द्वन्द्वनिरपेक्षं यस्य विदुषः । तथात्मानन्दः शब्दादिनिमित्त आनन्दोऽविदुषां न तथास्य विदुषः किं तर्ह्यात्मनिमित्तमेव सर्वं सर्वदा सर्वप्रकारेण च । देहजीवितभोगादिनिमित्तबाह्यवस्तुनिरपेक्ष इत्यर्थः । ★ स एवंलक्षणो विद्वाञ्जीवन्नेव स्वाराज्येऽभिषिक्तः पतितेऽपि देहे स्वराडेव भवति । यत एवं भवति तत एव तस्य सर्वेषु लोकेषु कामचारो भवति । प्राणादिषु पूर्वभूमिषु तत्रास्येति तावन्मात्रपरिच्छिन्नकामचारत्वमुक्तमन्यराजत्वं चार्थप्राप्तं सातिशयत्वाद्यथाप्राप्तस्वाराज्यकामचारत्वानुवादेन तत्तन्निवृत्तिरिहोच्यते स स्वराडित्यादिना । ★ अथ पुनर्येऽन्यथात उक्तदर्शनादन्यथा वैपरीत्येन यथोक्तमेव वा सम्यङ् न विदुस्तेऽन्यराजानो भवन्ति । अन्यः परो राजा स्वामी येषां तेऽन्यराजानस्ते किञ्च क्षय्यलोकाः क्षय्यो लोको येषां ते क्षय्यलोकाः । भेददर्शनस्याल्पविषयत्वात् । अल्पं च तन्मर्त्यमित्यवोचाम । तस्माद्ये द्वैतदर्शिनस्ते क्षय्यलोकाः स्वदर्शनानुरूपेणैव भवन्त्यत एव तेषां सर्वेषु लोकेष्वकामचारो भवति ॥ २ ॥

શાંકરભાષ્ય :- હવે આગળ આત્માદેશ છે અર્થાત્ કેવળ સત્ સ્વરૂપ શુદ્ધ આત્મા દ્વારા જ આદેશ કરવામાં આવે છે. બધી બાજુ બધું જ આત્મા જ છે. આવી રીતે આકાશ સમાન સર્વત્ર પૂર્ણ એક અજ અને અનન્ય આત્માને જોનારા તે આ વિદ્વાન મનન અને વિજ્ઞાનને કારણે આત્મરતિ - આત્મામાં જ જેની રતિ અર્થાત્ રમણ છે એવા આત્મરતિ અને આત્મક્રીડ હોય છે. રતિનું સાધન કેવળ દેહ છે અને ક્રીડા બાહ્ય સાધનવાળી હોય છે, કારણ કે લોકમાં 'સ્ત્રીઓ અને મિત્રની સાથે ક્રીડા કરે છે' એવો પ્રયોગ જોવામાં આવે છે, પરંતુ વિદ્વાનની ક્રીડા એવી હોતી નથી. તો કેવી હોય છે ? તેની તો આ (રતિ અને ક્રીડા) બંને જ આત્મવિજ્ઞાનના જ કારણે હોય છે.

મિથુન આ બેથી થનારું સુખ છે, તે પણ જે વિદ્વાન બેની અપેક્ષાથી રહિત છે (તેને આત્મા મિથુન કહે છે), અને આત્માનંદ અવિદ્વાનોનો આનંદ શબ્દાદિ વિષયજનિત હોય છે, વિદ્વાનનો આનંદ એવો હોતો નથી. તો કેવો હોય છે ? – તે બધું જ સર્વદા બધા જ પ્રકારે આત્માના જ કારણે હોય છે. તાત્પર્ય આ છે કે તે દેહ, જીવન અને ભોગાદિની નિમિત્તભૂત બાહ્ય વસ્તુઓની અપેક્ષાઓથી રહિત હોય છે.

આ રીતના લક્ષણોવાળા તે વિદ્વાન જીવિત રહીને જ સ્વારાજ્ય ઉપર અભિષિક્ત થઈ જાય છે અને દેહપાત (મૃત્યુ) થવાથી પણ સ્વરાટ્ જ થાય છે. કારણ કે આવા છે આનાથી તેની સંપૂર્ણ લોકોમાં યથેચ્છગતિ હોય છે. પ્રાણાદિ પૂર્વભૂમિકાઓમાં આ ઉપાસકની તેનાથી પરિચ્છિન્ન જ સ્વેચ્છાગતિ બતાવવામાં આવી હતી. એટલે સાતિશય હોવાને કારણે ત્યાં તેના અન્યરાજત્વ સ્વતઃ સિદ્ધ છે. હવે યથાપ્રાપ્ત સ્વારાજ્ય અને કામચારત્વનો અનુવાદ કરતાં કરતાં અહીં 'स स्वराड् भवति' વગેરે વાક્યથી તેની નિવૃત્તિનું નિરૂપણ કરવામાં આવે છે.

પરંતુ જે આનાથી અન્યથા - ઉપર્યુક્ત દૃષ્ટિથી અન્ય પ્રકારે અર્થાત્ આનાથી વિપરીત જાણે છે અથવા આને સમ્યક્ પ્રકારે જાણતાં નથી તે અન્યરાટ્ હોય છે. અન્ય અર્થાત્ પર (બીજો) છે રાજા-સ્વામી જેના તેને 'અન્યરાટ્' કહે છે. તેના સિવાય તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ક્ષય્યલોક - જેના લોક ક્ષય્ય (ક્ષય પામનાર) છે એવા તે ક્ષય્યલોક હોય છે, કારણ કે ભેદદૃષ્ટિ અલ્પવિષયક છે. અને જે અલ્પ છે તે મર્ત્ય છે - એવું અમે પહેલાં કહી દીધું છે. એટલે જે દ્વૈતદર્શી છે તેને પોતાની દૃષ્ટિ અનુરૂપ જ ક્ષય્યલોક હોય છે. એટલે તેની સંપૂર્ણ લોકોમાં સ્વેચ્છાગતિ થતી નથી. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये पञ्चविंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २५ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના પચ્ચીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षड्विंशः खण्डः

तस्य ह वा एतस्यैवं पश्यत एवं मन्वानस्यैवं विजानत आत्मतः प्राण आत्मत आशात्मतः स्मर आत्मत आकाश आत्मतस्तेज आत्मत आप आत्मत आविर्भावतिरोभावावात्मतोऽन्नमात्मतो बलमात्मतो विज्ञानमात्मतो ध्यानमात्मतश्चित्तमात्मतः सङ्कल्प आत्मतो मन आत्मतो वागात्मतो नामात्मतो मन्त्रा आत्मतः कर्माण्यात्मत एवेदꣳ सर्वमिति ॥ १ ॥

તે આવી રીતે જોનારા, આવી રીતે મનન કરનારા અને આવી રીતે જાણનારા આ વિદ્વાન માટે આત્માથી પ્રાણ, આત્માથી આશા, આત્માથી સ્મૃતિ, આત્માથી આકાશ, આત્માથી તેજ, આત્માથી જળ, આત્માથી આવિર્ભાવ અને તિરોભાવ, આત્માથી અન્ન, આત્માથી બળ, આત્માથી વિજ્ઞાન, આત્માથી ધ્યાન, આત્માથી ચિત્ત, આત્માથી સંકલ્પ, આત્માથી મન આત્માથી વાણી, આત્માથી નામ, આત્માથી મંત્ર, આત્માથી કર્મ અને આત્માથી જ આ સર્વ થઈ જાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तस्य ह वा एतस्येत्यादि स्वाराज्यं प्राप्तस्य प्रकृतस्य विदुष इत्यर्थः । प्राक्सदात्मविज्ञानात्स्वात्मनोऽन्य-स्मात्सतः प्राणादेर्नामान्तस्योत्पत्तिप्रलयावभूताम् । सदात्मविज्ञाने तु सतीदानीं स्वात्मत एव संवृत्तौ तथा सर्वोऽप्यन्यां व्यवहार आत्मत एव विदुषः ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'तस्य ह वा एतस्य' વગેરેનું આ તાત્પર્ય છે કે સ્વારાજ્યને પ્રાપ્ત થયેલાં આ પ્રકૃત વિદ્વાન માટે સત્‌નું આત્મસ્વરૂપે જ્ઞાન થવા પૂર્વે પ્રાણથી લઈને નામ પર્યંત પદાર્થોના ઉત્પત્તિ અને પ્રલય સ્વાત્માથી ભિન્ન સત્‌થી થાય છે. પરંતુ હવે સત્‌નું આત્મત્વ જાણી લેવાથી તે પોતાનો આત્મા જ થઈ ગયો. આવી રીતે વિદ્વાનનો બધો જ વ્યવહાર આત્માથી જ થવા લાગે છે. ॥ ૧ ॥

किञ्च—

तदेष श्लोको न पश्यो मृत्युं पश्यति न रोगं नोत दुःखताꣳ सर्वꣳह पश्यः पश्यति सर्वमाप्नोति सर्वश इति । स एकधा भावति त्रिधा भवति पञ्चधा सप्तधा नवधा चैव पुनश्चैकादशः स्मृतः शतं च दश चैकश्च सहस्राणि च विꣳशतिराहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षस्तस्मै मृदितकषायाय तमसस्पारं दर्शयति भगवान्सनत्कुमारस्तꣳ स्कन्द इत्याचक्षते तꣳ स्कन्द इत्याचक्षते ॥ २ ॥

આ વિષયમાં આ મંત્ર છે - વિદ્વાન ન તો મૃત્યુને જુએ છે, ન રોગને અને ન દુઃખત્વને પણ. તે વિદ્વાન બધાને (આત્મારૂપ જ) જુએ છે, એટલે બધાને પ્રાપ્ત થઈ જાય છે. તે એક હોય છે, પછી તે જ ત્રણ, પાંચ, સાત અને નવ રૂપ થઈ જાય છે. પછી તે જ અગિયાર કહેવાય છે અને તે જ સો, દશ, એક હજાર અને વીસ પણ થાય છે. આહારશુદ્ધિ (વિષયોપલબ્ધિ રૂપ વિજ્ઞાનની શુદ્ધિ) થવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે, અંતઃકરણની શુદ્ધિ થવાથી નિશ્ચલ સ્મૃતિ થાય છે અને સ્મૃતિની પ્રાપ્તિ થવાથી સંપૂર્ણ ગ્રંથિઓની નિવૃત્તિ થઈ જાય છે. (આવી રીતે) જેની વાસનાઓ ક્ષીણ થઈ ગઈ હતી તે(નારદજી)ને ભગવાન સનત્કુમારે અજ્ઞાનાંધકારનો પાર બતાવ્યો. તે (સનત્કુમાર)ને 'સ્કંદ' એમ કહે છે, 'સ્કંદ' એમ કહે છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तदेतस्मिन्नर्थ एष श्लोको मन्त्रोऽपि भवति—न पश्यः पश्यतीति । पश्यो यथोक्तदर्शी विद्वानित्यर्थः, मृत्युं मरणं रोगं ज्वरादि दुःखतां दुःखभावं चापि न पश्यति । सर्वं ह सर्वमेव स पश्यः पश्यत्यात्मानमेव सर्वम् । ततः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सर्वमाप्नोति सर्वशः सर्वप्रकारैरिति । ★ किञ्च स विद्वान्प्राक्सृष्टिप्रभेदादेकधैव च संस्त्रिधादिभेदैरनन्तभेदप्रकारो भवति सृष्टिकाले । पुनः संहारकाले मूलमेव स्वं पारमार्थिकमेकधाभावं प्रतिपद्यते स्वतन्त्र एवेति विद्याफलेन प्ररोचयन्स्तौति । ★ अथेदानीं यथोक्ताया विद्यायाः सम्यगवभासकारणं मुखावभासकारणस्येवादर्शस्य विशुद्धिकारणं साधनमुपदिश्यते । आहारशुद्धौ । आह्रियत इत्याहारः शब्दादिविषयविज्ञानं भोक्तुर्भोगायाह्रियते तस्य विषयोपलब्धिलक्षणस्य विज्ञानस्य शुद्धिराहारशुद्धी रागद्वेषमोहदोषैरसंसृष्टं विषयविज्ञानमित्यर्थः । ★ तस्यामाहारशुद्धौ सत्यां तद्वतोऽन्तःकरणस्य सत्त्वस्य शुद्धिर्नैर्मल्यं भवति, सत्त्वशुद्धौ च सत्यां यथावगते भूमात्मनि ध्रुवाविच्छिन्ना स्मृतिरविस्मरणं भवति । तस्यां च लब्धायां स्मृतिलम्भे सति सर्वेषामविद्याकृतानर्थपाशरूपाणामनेकजन्मान्तरानुभवभावनाकठिनीकृतानां हृदयाश्रयाणां ग्रन्थीनां विप्रमोक्षो विशेषेण प्रमोक्षणं विनाशो भवतीति । यत एतदुत्तरोत्तरं यथोक्तमाहारशुद्धिमूलं तस्मात्सा कार्येत्यर्थः । ★ सर्वं शास्त्रार्थमशेषत उक्त्वाख्यायिकामुपसंहरति श्रुतिः—तस्मै मृदितकषायाय वार्क्षादिरिव कषायो रागद्वेषादिदोषः सत्त्वस्य रञ्जनारूपत्वात्स ज्ञानवैराग्याभ्यासरूपक्षारेण क्षालितो मृदितो विनाशितो यस्य नारदस्य तस्मै योग्याय मृदितकषायाय तमसोऽविद्यालक्षात्पारं परमार्थतत्त्वं दर्शयति दर्शितवानित्यर्थः । कोऽसौ ? भगवान्—**'उत्पत्तिं प्रलयं चैव भूतानामागतिं गतिम् । वेत्ति विद्यामविद्यां च स वाच्यो भगवानिति'** (विष्णु पु. ६-५-७८) एवंधर्मा सनत्कुमारः । तमेव सनत्कुमारं देवं स्कन्द इत्याचक्षते कथयन्ति तद्विदः । द्विर्वचनमध्यायपरिसमाप्त्यर्थम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- આ વિષયમાં આ શ્લોક - મંત્ર પણ છે. પશ્ય જોતો નથી. પશ્ય અર્થાત્ ઉપર્યુક્ત પ્રકારે જોનારા વિદ્વાન મૃત્યુ - મરણ, જવરાદિ રોગ અને દુઃખત્વ એટલે દુઃખભાવને જોતો નથી. તે પશ્ય-વિદ્વાન બધાને જુએ છે અર્થાત્ બધાને આત્મરૂપ જ જુએ છે. આનાથી તે બધાને બધા પ્રકારે પ્રાપ્ત થાય છે.

અને તે વિદ્વાન સૃષ્ટિભેદ પૂર્વે એકરૂપ થઈને જ સૃષ્ટિકાળમાં ત્રિધા વગેરે અનંતભેદ-પ્રકારોવાળો થઈ જાય છે અને પછી સંહારકાળમાં પોતાના મૂળ પારમાર્થિક એકધાભાવને જ પ્રાપ્ત થઈ જાય છે, કારણ કે તે સ્વતંત્ર જ છે - આવી રીતે વિદ્યાના ફળ દ્વારા રુચિ ઉત્પન્ન કરીને સનત્કુમાર તેની સ્તુતિ કરે છે.

આના પછી હવે મુખાવભાસની હેતુભૂત દર્પણની વિશુદ્ધિ કરવા સમાન ઉપર્યુક્ત વિદ્યાના સમ્યક્ પ્રકારે પ્રતિફલિત થવાના હેતુભૂત સાધનનો ઉપદેશ કરવામાં આવે છે - 'आहारशुद्धौ' વગેરે. જેનું આહરણ કરવામાં આવે તેને 'આહાર' કહે છે, ભોક્તાના ભોગો માટે શબ્દાદિ વિષયવિજ્ઞાનનું આહરણ કરવામાં આવે છે, તે વિષયોપલબ્ધિરૂપ વિજ્ઞાનની શુદ્ધિ જ 'આહારશુદ્ધિ' છે, અર્થાત્ રાગદ્વેષ, મોહ વગેરે દોષો સાથે નહીં જોડાયેલું વિષય વિજ્ઞાન.

તે આહારશુદ્ધિના હોવાથી તેનાથી જોડાયેલ અંતઃકરણ એટલે સત્ત્વની શુદ્ધિ-નિર્મળતા થાય છે, અને અંતઃકરણની શુદ્ધિ થવાથી ઉપર્યુક્ત પ્રકારે જાણવામાં આવેલા ભૂમાત્મામાં ધ્રુવ-અવિચ્છિન્ન સ્મૃતિ એટલે અવિસ્મરણ થઈ જાય છે અને તેની પ્રાપ્તિ થવાથી - સ્મૃતિલબ્ધ થવાથી અનેક જન્મોમાં અનુભવ કરવામાં આવેલી ભાવનાઓથી કઠિન કરવામાં આવેલી અવિદ્યાકૃત અનર્થપાશરૂપ હૃદયસ્થિત ગ્રંથિઓના વિપ્રમોક્ષ - વિશેષરૂપે પ્રમોક્ષણ - વિનાશ થઈ જાય છે. આવી રીતે કારણ કે આ ઉપર કહેલું બધું જ ઉત્તરોત્તર આહાર શુદ્ધિમૂલક છે, એટલા માટે તે અવશ્ય કરવી જોઈએ — આવું આનું તાત્પર્ય છે.

શાસ્ત્રના સંપૂર્ણ અભિપ્રાયને સમ્યક્ પ્રકારે કહીને શ્રુતિ આખ્યાયિકાનો ઉપસંહાર કરે છે - તે મૃદિતકષાય - વૃક્ષાદિથી સંબંધ રાખનારા કષાય સમાન રાગદ્વેષાદિ દોષ અંતઃકરણના રંજક હોવાને કારણે કષાય છે. જ્ઞાન, વૈરાગ્ય અને અભ્યાસરૂપ ક્ષારથી જે નારદજીના તે કષાયનું ક્ષાલન - મર્દન અર્થાત્ વિનાશ કરવામાં આવી ગયો છે તે મુદિતકષાય યોગ્ય શિષ્ય નારદજીને અવિદ્યારૂપી અંધકારથી પાર પરમાર્થ તત્ત્વને બતાવ્યું. તે બતાવનારા કોણ હતા ? ભગવાન - 'જે ભૂતોની ઉત્પત્તિ, પ્રલય, આવવું-જાવું અને વિદ્યા-અવિદ્યાને જાણે છે તેને ભગવાન કહેવા જોઈએ' (વિષ્ણુપુરાણ. ૬-૫-૭૮) આવા ધર્મોવાળા સનત્કુમાર તે સનત્કુમારદેવને જ વિદ્વાન લોકો 'સ્કંદ' એમ કહે છે. 'तं स्कंद इत्याचक्षते' આની દ્વિરુક્તિ અધ્યાયની સમાપ્તિ સૂચવવા માટે છે. ॥ ૨ ॥

इति छान्दोग्योपनिषदि सप्तमाध्याये षड्विंशखण्डभाष्यं सम्पूर्णम् ॥ २६ ॥

છાંદોગ્યોપનિષદ્માં સાતમા અધ્યાયના છવ્વીસમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

इति श्रीमद्गोविन्दभगवत्पूज्यपादशिष्यपरमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकरभगवत्पादकृतौ छान्दोग्योपनिषद्विवरणे सप्तमोऽध्यायः सम्पूर्णः ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अष्टमोऽध्यायः

प्रथमः खण्डः

शाङ्करभाष्यम् :- यद्यपि दिग्देशकालादिभेदशून्यं **ब्रह्म सत्, एकमेवाद्वितीयमात्मैवेदं सर्वमिति** षष्ठसप्तमयोरधिगतं तथापीह मन्दबुद्धीनां दिग्देशादिभेदवद्वस्त्वित्येवं भाविता बुद्धिर्न शक्यते सहसा परमार्थविषया कर्तुमित्यनधिगम्य च ब्रह्म न पुरुषार्थसिद्धिरिति तदधिगमाय हृदयपुण्डरीकदेश उपदेष्टव्यः । ★ यद्यपि सत्यसम्यक्प्रत्ययैकविषयं निर्गुणं चात्मतत्त्वं तथापि मन्दबुद्धीनां गुणवत्त्वस्येष्टत्वात्सत्यकामादिगुणवत्त्वं च वक्तव्यम् । तथा यद्यपि ब्रह्मविदां स्त्र्यादिविषयेभ्यः स्वयमेवोपरमो भवति तथाप्यनेकजन्मविषयसेवाभ्यासजनिता विषयविषया तृष्णा न सहसा निवर्तयितुं शक्यत इति ब्रह्मचर्यादिसाधनविशेषो विधातव्यः । तथा यद्यप्यात्मैकत्वविदां गन्तृगमनगन्तव्याभावादविद्यादिशेषस्थितिनिमित्तक्षये गगन इव विद्युदुद्भूत इव वायुर्दग्धेन्धन इवाग्निः स्वात्मन्येव निवृत्तिस्तथापि गन्तृगमनादिवासितबुद्धीनां हृदयदेशगुणविशिष्टब्रह्मोपासकानां मूर्धन्यया नाड्या गतिर्वक्तव्येत्यष्टमः प्रपाठक आरभ्यते । ★ दिग्देशगुणगतिफलभेदशून्यं हि परमार्थसदद्वयं ब्रह्म मन्दबुद्धीनामसदिव प्रतिभाति । सन्मार्गस्थास्तावद्भवन्तु; ततः शनैः परमार्थसदपि ग्राहयिष्यामीति मन्यते श्रुतिः ।

શાંકરભાષ્ય :- જો કે છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં દિશા, દેશ અને કાલાદિ ભેદથી રહિત બ્રહ્મ **'સત્ એકમાત્ર અદ્વિતીય છે.' 'આત્મા જ આ બધું છે'** એવું જાણવામાં આવ્યું છે, તો પણ 'અહીં દિશા અને દેશ વગેરે ભેદયુક્ત વસ્તુ છે જ' - આવી રીતની ભાવનાથી યુક્ત મંદબુદ્ધિ પુરુષોની બુદ્ધિ અચાનક પરમાર્થ સંબંધી કરવામાં આવતી નથી અને બ્રહ્મને જાણ્યા વિના પુરુષાર્થની સિદ્ધિ થઈ શકતી નથી, એટલે તેનો અનુભવ થવા માટે હૃદયકમલરૂપ દેશનો ઉપદેશ કરવો આવશ્યક છે.

જો કે આત્મતત્ત્વ સત્, એકમાત્ર સમ્યક્ જ્ઞાનનો વિષય અને નિર્ગુણ છે, તો પણ મંદબુદ્ધિ પુરુષોને તેની સગુણતા જ ઈષ્ટ છે, એટલા માટે તેના સત્યસંકલ્પાદિ ગુણોથી યુક્ત હોવાનું પ્રતિપાદન કરવું આવશ્યક છે. આવી રીતે જો કે બ્રહ્મોપાસકોને સ્ત્રી વગેરે વિષયોથી સ્વયં જ ઉપરતિ હોય છે તો પણ અનેક જન્મોના વિષય સેવનના અભ્યાસથી ઉત્પન્ન થયેલી વિષય સંબંધી તૃષ્ણા સહસા નિવૃત્ત કરી શકાતી નથી, એટલા માટે બ્રહ્મચર્યાદિ સાધનવિશેષનું વિધાન કરવું પણ આવશ્યક છે, આવી રીતે જો કે આત્માનું એકત્વ જાણનારાઓની દૃષ્ટિમાં ગમન કરનારા, ગમનક્રિયા અને ગંતવ્ય દેશનો અભાવ થઈ જવાથી શરીરની સ્થિતિની નિમિત્તભૂત અવિદ્યા વગેરેનો ક્ષય થઈ જવાથી તેની વિદ્યુત્, વધેલા વાયુ અને જેનું ઈંધણ બળી ગયું છે તે અગ્નિના આકાશમાં લીન થઈ જવા સમાન પોતાના આત્મામાં જ નિવૃત્તિ થઈ જાય છે તો પણ જેની બુદ્ધિ ગંતા અને ગમનાદિની વાસનાથી યુક્ત છે પોતાના હૃદયદેશસ્થિત ગુણ વિશિષ્ટ બ્રહ્મની ઉપાસના કરનારા તે પુરુષોની શિરોગત નાડીથી થનારી ગતિનું પ્રતિપાદન કરવું આવશ્યક છે, એટલા માટે આઠમા પ્રપાઠકનો આરંભ કરવામાં આવે છે.

દિશા, દેશ, ગુણ, ગતિ અને ફલભેદથી શૂન્ય જે પરમાર્થ સત્ અદ્વિતીય બ્રહ્મ છે, તે મંદબુદ્ધિ પુરુષોને અસત્ સમાન પ્રતીત થાય છે, આ સન્માગમાં સ્થિર થાવ, ત્યારે ધીરે ધીરે હું તેને પરમાર્થ સત્‌ને પણ ગ્રહણ કરાવી દઈશ - એવું શ્રુતિ માને છે.

अथ यदिदमस्मिन्ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशस्तस्मिन्यदन्तस्तदन्वेष्टव्यं तद्वाव विजिज्ञासितव्यमिति ॥ १ ॥

હવે આ બ્રહ્મપુરની અંદર જે આ સૂક્ષ્મ કમલાકાર સ્થાન છે એમાં જે સૂક્ષ્મ આકાશ છે તેની અંદર જે વસ્તુ છે તેનું અન્વેષણ કરવું જોઈએ અને તેની જિજ્ઞાસા કરવી જોઈએ. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथानन्तरं यदिदं वक्ष्यमाणं दहरमल्पं पुण्डरीकं पुण्डरीकसदृशं वेश्मेव वेश्म द्वारपालादिमत्त्वात्; अस्मिन्ब्रह्मपुरे ब्रह्मणः परस्य पुरं राज्ञोऽनेकप्रकृतिमद्यथा पुरं तथेदमनेकेन्द्रियमनोबुद्धिभिः स्वाम्यर्थकारिभिर्युक्तमिति ब्रह्मपुरम् । पुरे च वेश्म राज्ञो यथा तथा तस्मिन् ब्रह्मपुरे शरीरे दहरं वेश्म ब्रह्मण उपलब्ध्यधिष्ठानमित्यर्थः, यथा विष्णोः शालग्रामः । ★ अस्मिन् हि स्वविकारशुङ्गे देहे नामरूपव्याकरणाय प्रविष्टं सदाख्यं ब्रह्म जीवेनात्मनेत्युक्तम् । तस्मादस्मिन्हृदयपुण्डरीके वेश्मन्युपसंहृतकरणैर्बाह्यविषयविरक्तैर्विशेषतो ब्रह्मचर्यसत्यसाधनाभ्यां युक्तैर्वक्ष्यमाणगुणवद्ध्यायमानैर्ब्रह्मोपलभ्यत इति प्रकरणार्थः । ★ दहरोऽल्पतरोऽस्मिन्दहरे वेश्मनि वेश्मनोऽल्पत्वात्तदन्तर्वर्तिनोऽल्पतरत्वं वेश्मनोऽन्तराकाश आकाशाख्यं ब्रह्म । **आकाशो वै नामेति** हि वक्ष्यति । आकाश इवाशरीरत्वात्सूक्ष्मत्वसर्वगतत्वसामान्याच्च । तस्मिन्नाकाशाख्ये यदन्तर्मध्ये तदन्वेष्टव्यम् । तद्वाव तदेव च विशेषेण जिज्ञासितव्यं गुर्वाश्रयश्रवणाद्युपायैरन्विष्य च साक्षात्करणीयमित्यर्थः ॥ १ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

શાંકરભાષ્ય :- અથ - આના પછી (આમ કહેવામાં આવે છે કે) આ જે આગળ કહેવામાં આવનાર દહર અર્થાત્ નાનું કમળ-સદશ ગૃહ છે - દ્વારપાલાદિથી યુક્ત હોવાને કારણે જે ગૃહના સમાન ગૃહ છે. તે આ બ્રહ્મપુરમાં - બ્રહ્મ એટલે પરમાત્માના પુરમાં, જેમ કે રાજાના અનેક પ્રજાઓથી યુક્ત પુર હોય છે તેવી રીતે આ (શરીર) પણ (આત્મારૂપ) પોતાના સ્વામીનો અર્થ સિદ્ધ કરનારી અનેક ઈન્દ્રિયો અને મન તેમજ બુદ્ધિથી યુક્ત એવું પુર છે, એટલે આ બ્રહ્મપુર છે. જેવી રીતે પુરમાં રાજાનું ભવન હોય છે તેવી રીતે તે બ્રહ્મપુરરૂપ શરીરમાં એક સૂક્ષ્મ ગૃહ અર્થાત્ બ્રહ્મની ઉપલબ્ધિનું અધિષ્ઠાન છે, જેવી રીતે કે શાલગ્રામ શિલા વિષ્ણુની ઉપલબ્ધિનું અધિષ્ઠાન હોય છે - આવું આનું તાત્પર્ય છે.

આ પોતાના વિકારભૂત કાર્ય - દેહમાં સત્ સંજ્ઞક બ્રહ્મ નામ-રૂપની અભિવ્યક્તિ કરવા માટે જીવાત્મભાવથી અનુપ્રવિષ્ટ છે - આ કહેવામાં આવી ગયું છે. આનાથી જેમણે આ હૃદયકમળરૂપ ભવનમાં પોતાના ઈન્દ્રિયવર્ગનો ઉપસંહાર કરી દીધો છે, તે બાહ્ય વિષયોથી વિરક્ત, વિશેષતઃ બ્રહ્મચર્ય તેમજ સત્યરૂપ સાધનોથી સંપન્ન અને આગળ બતાવવામાં આવનાર ગુણોથી યુક્ત પુરુષો દ્વારા ચિંતન કરવામાં આવતાં બ્રહ્મની ઉપલબ્ધિ થાય છે - આવું આ પ્રકરણનું તાત્પર્ય છે.

આ સૂક્ષ્મ ગૃહમાં દહર-અત્યંત સૂક્ષ્મ અંતરાકાશ એટલે આકાશસંજ્ઞક બ્રહ્મ છે. ગૃહ સૂક્ષ્મ હોવાને કારણે તેના અંતર્વર્તી આકાશનું સૂક્ષ્મતરત્વ સિદ્ધ થાય છે. **'આકાશ જ નામરૂપનું નિર્વાહ કરનાર છે'** આવું શ્રુતિ પણ કહેશે. આકાશ સમાન અશરીર હોવાને કારણે અને સૂક્ષ્મત્વ અને સર્વગતત્વમાં તેની સમાનતા હોવાને કારણે (તેને આકાશ કહેવામાં આવ્યું છે). તે આકાશસંજ્ઞક તત્ત્વની અંદર જે વસ્તુ છે, તેનું અન્વેષણ કરવું જોઈએ, અને તેની વિશેષરૂપે જિજ્ઞાસા કરવી જોઈએ, અર્થાત્ ગુરુના આશ્રય અને શ્રવણાદિ ઉપાયોથી અન્વેષણ કરીને તેનો સાક્ષાત્કાર કરવો જોઈએ - આવું આનું તાત્પર્ય છે. ॥ ૧ ॥

तं चेद्ब्रूयुर्यदिदमस्मिन्ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशः किं तदत्र विद्यते यदन्वेष्टव्यं यद्वाव विजिज्ञासितव्यमिति स ब्रूयात् ॥ २ ॥

તેના(ગુરુ)થી જો (શિષ્યગણ) કહે કે આ બ્રહ્મપુરમાં જે સૂક્ષ્મ કમલાકાર ગૃહ છે તેમાં જે અંતરાકાશ છે તેની અંદર કઈ વસ્તુ છે જેનું અન્વેષણ કરવું જોઈએ અથવા જેની જિજ્ઞાસા કરવી જોઈએ ? - તો (આવી રીતે પૂછનારા શિષ્યો પ્રત્યે) તે આચાર્ય આમ કહે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तं चेदेवमुक्तवन्तमाचार्यं यदि ब्रूयुरन्तेवासिनश्चोदयेयुः; कथम् ? यदिदमस्मिन्ब्रह्मपुरे परिच्छिन्नेऽन्तर्दहरं पुण्डरीकं वेश्म ततोऽप्यन्तरल्पतर एवाकाशः । पुण्डरीक एव वेश्मनि तावत्किं स्यात् । किं ततोऽल्पतरे खे यद्भवेदित्याहुः । दहरोऽस्मिन्नन्तराकाशः किं तदत्र विद्यते न किञ्चन विद्यत इत्यभिप्रायः । ★ यदि नाम बदरमात्रं किमपि विद्यते किं तस्यान्वेषणेन विजिज्ञासनेन वा फलं विजिज्ञासितुः स्यात् ? अतो यत्तत्रान्वेष्टव्यं विजिज्ञासितव्यं वा न तेन प्रयोजनमित्युक्तवतः स आचार्यो ब्रूयादिति श्रुतेर्वचनम् ॥ २ ॥

શાંકરભાષ્ય :- આવી રીતે કહેનારા તે આચાર્યને જો શિષ્યગણ કહે અર્થાત્ શંકા કરે, કેવી રીતે શંકા કરે ? - આ પરિચ્છિન્ન બ્રહ્મપુરમાં જે આ અંતર્વર્તી કમલાકાર સૂક્ષ્મ ગૃહ છે તેની અંદર તો તેનાથી પણ સૂક્ષ્મતર આકાશ છે. પહેલાં તો તે કમલાકાર ગૃહમાં જ કઈ વસ્તુ રહી શકે ? પછી તેનાથી પણ અલ્પતર આકાશમાં જે હોય એવી કઈ વસ્તુ હોઈ શકે ? - આવી રીતે જો તેઓ પૂછે. અભિપ્રાય આ છે કે આ હૃદય પુંડરીકની અંદર જે આકાશ છે તે સૂક્ષ્મ છે, તેમાં કઈ વસ્તુ હોઈ શકે ? અર્થાત્ કંઈ પણ ન હોઈ શકે.

જો બોર સમાન કોઈ વસ્તુ હોય તો પણ તેની શોધ અથવા જિજ્ઞાસા કરવાથી જિજ્ઞાસુને ફળ પણ શું મળશે ? એટલે ત્યાં જે શોધવા યોગ્ય અથવા જિજ્ઞાસા કરવા યોગ્ય વસ્તુ છે તેનાથી આપણે કોઈ પ્રયોજન નથી તો આવી રીતે કહેનારા શિષ્યોને આચાર્યએ આવી રીતે કહેવું જોઈએ - આ શ્રુતિનું વાક્ય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- शृणुत, तत्र यद्ब्रूथ पुण्डरीकान्तःस्थस्य खस्याल्पत्वात्तत्स्थमल्पतरं स्यादिति, तदसत् । न हि खं पुण्डरीकवेश्मगतं पुण्डरीकादल्पतरं मत्वावोचं दहरोऽस्मिन्नन्तराकाश इति । किन्तर्हि ? पुण्डरीकमल्पं तदनुविधायि तत्स्थमन्तःकरणं पुण्डरीकाकाशपरिच्छिन्नं तस्मिन्विशुद्धे संहृतकरणानां योगिनां स्वच्छ इवोदके प्रतिबिम्बरूपमादर्श इव च शुद्धे स्वच्छं विज्ञान-ज्योतिःस्वरूपावभासं तावन्मात्रं ब्रह्मोपलभ्यत इति दहरोऽस्मिन्नन्तराकाश इत्यवोचामान्तःकरणोपाधिनिमित्तम्; स्वतस्तु–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- સાંભળો, આ વિષયમાં તમે જે કહો છો કે હૃદય પુંડરીકાન્તર્ગત આકાશ સૂક્ષ્મ હોવાને કારણે તેના અંતર્વર્તી બ્રહ્મ હજી પણ સૂક્ષ્મ હશે, તે બરાબર નથી. મેં હૃદયપુંડરીકાન્તર્ગત આકાશને હૃદય કમળથી સૂક્ષ્મતર માનીને આ કહ્યું નથી કે આનું અંતર્વર્તી આકાશ સૂક્ષ્મ છે, તો કઈ વાત છે ? - હૃદયકમળ સૂક્ષ્મ છે તેનું અનુવર્તન કરનારા તેના અંતર્વર્તી અંતઃકરણ તે પુંડરીકાકાશથી પરિચ્છિન્ન છે. જેમણે પોતાની ઇન્દ્રિયોનો ઉપસંહાર કરી દીધો છે તે યોગીઓને તે વિશુદ્ધ અંતઃકરણમાં જળમાં પ્રતિબિંબ સમાન અને સ્વચ્છ દર્પણમાં રૂપ સમાન વિશુદ્ધ વિજ્ઞાન જ્યોતિઃ સ્વરૂપથી પ્રતીત થનાર બ્રહ્મ તેના જ બરાબર ઉપલબ્ધ થાય છે. આનાથી અંતઃકરણરૂપ ઉપાધિના કારણ અમે આ કહ્યું હતું કે આના અંતર્વર્તી આકાશ અંતઃકરણરૂપ ઉપાધિના કારણે સૂક્ષ્મ છે, સ્વયં તો –

यावान्वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाश उभे अस्मिन्द्यावापृथिवी अन्तरेव समाहिते उभावग्निश्च वायुश्च सूर्याचन्द्रमसावुभौ विद्युन्नक्षत्राणि यच्चास्येहास्ति यच्च नास्ति सर्वं तदस्मिन्समाहितमिति ॥ ३ ॥

જેટલું આ (ભૌતિક) આકાશ છે તેટલું જ હૃદયાન્તર્ગત આકાશ છે. દ્યુલોક અને પૃથ્વી - આ બંને લોક સમ્યક્ પ્રકારે આનાં અંદર જ રહેલાં છે. આવી રીતે અગ્નિ અને વાયુ - આ બંને, સૂર્ય અને ચંદ્રમા - આ બંને અને વિદ્યુત તેમજ નક્ષત્ર તથા આત્માનું જે કંઈ આ લોકમાં છે અને જે નથી તે બધું સમ્યક્ પ્રકારે આમાં રહેલું છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- यावान्वै प्रसिद्धः परिमाणतोऽयमाकाशो भौतिकस्तावानेषोऽन्तर्हृदय आकाशो यस्मिन्नन्वेष्टव्यं विजिज्ञासितव्यं चावोचाम । नाप्याकाशतुल्यपरिमाणत्वमभिप्रेत्य तावानित्युच्यते । किं तर्हि ? ब्रह्मणोऽनुरूपस्य दृष्टान्तान्तरस्याभावात् । कथं पुनर्नाकाशसममेव ब्रह्मेत्यवगम्यते । **'येनावृतं खं च दिवं महीं च'** (महानारा. उप. १-३) **'तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः ।'** (तै.उप. २-१-१) **'एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाशः ।'** (बृ.उप. ३-८-११) इत्यादिश्रुतिभ्यः । ★ किञ्चोभे अस्मिन्द्यावापृथिवी ब्रह्माकाशे बुद्ध्युपाधिविशिष्टे अन्तरेव समाहिते सम्यगाहिते स्थिते । यथा वा अरा नाभावित्युक्तं हि । तथोभावग्निश्च वायुश्चेत्यादि समानम् । यच्चास्यात्मन आत्मीयत्वेन देहवतोऽस्ति विद्यत इह लोके, तथा यच्चात्मीयत्वेन न विद्यते; नष्टं भविष्यच्च नास्तीत्युच्यते । न त्वत्यन्तमेवासत्, तस्य हृद्याकाशे समाधानानुपपत्तेः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- પરિમાણમાં જેટલું આ ભૌતિક આકાશ પ્રસિદ્ધ છે તેટલું જ આ હૃદયાન્તર્ગત આકાશ છે, જેના વિષયમાં અમે 'અન્વેષણ કરવું જોઈએ અને જિજ્ઞાસા કરવી જોઈએ' આવું કહ્યું હતું. (આ જ નહીં) બ્રહ્મને આકાશ સમાન પરિમાણવાળા માનીને પણ એવું કહી શકાય નહીં. તો પછી શું વાત છે ? - બ્રહ્મના અનુરૂપ કોઈ બીજું દૃષ્ટાંત ન હોવાને કારણે આવી રીતે કહેવામાં આવે છે. (પ્રશ્ન) પરંતુ બ્રહ્મ આકાશ સમાન જ નથી - આ કેવી રીતે જાણી શકાય ? (ઉત્તર) **'જેનાથી આકાશ, દ્યુલોક અને પૃથ્વીને આવૃત કરવામાં આવેલું છે.'** (મહાનારા ઉ. ૧-૩) **'તે આ આત્માથી આકાશ ઉત્પન્ન થયું.'** (તૈ.ઉપ. ૨-૧-૧) **'હે ગાર્ગી ! આકાશમાં જ આકાશ સ્થિત છે.'** (બૃ.ઉપ. ૩-૮-૧૧) વગેરે શ્રુતિઓથી આ વાત સિદ્ધ થાય છે.

આ જ નહીં, આ બુદ્ધિ ઉપાધિ વિશિષ્ટ બ્રહ્માકાશની અંદર જ દ્યુલોક અને પૃથ્વી સમાહિત - સમ્યક્ પ્રકારે રહેલાં છે, જેવી રીતે કે નાભિમાં આરા - એવું પહેલાં કહી જ દીધું છે. આવી રીતે અગ્નિ અને વાયુ - આ બંને પણ રહેલાં છે - વગેરે શેષ વાક્યનું તાત્પર્ય પણ આના સમાન છે. આ દેહવાન આત્માના આત્મીયરૂપે જે કંઈ પદાર્થ આ લોકમાં છે અને જે કંઈ આત્મીયરૂપે (આ સમયે) નથી, નષ્ટ થઈ ગયું છે. અથવા ભવિષ્યમાં થશે નહીં' - આવું કહેવાય છે. (તે બધું સમ્યક્ પ્રકારે આમાં જ રહેલું છે). અહીં અત્યંત અસત્ વસ્તુનો અભિપ્રાય નથી, કારણ કે તેની તો હૃદયાકાશમાં સ્થિતિ હોવી સંભવ જ નથી. ॥ ૩ ॥

तं चेद्ब्रूयुरस्मिꣳश्चेदिदं ब्रह्मपुरे सर्वꣳ समाहितꣳ सर्वाणि च भूतानि सर्वे च कामा यदैतज्जरा वाप्नोति प्रध्वꣳ सते वा किं ततोऽतिशिष्यत इति ॥ ४ ॥

તે આચાર્યને જો શિષ્યગણ કહે કે જો આ બધું સમાહિત છે અને સંપૂર્ણ ભૂત અને સમસ્ત કામનાઓ પણ સમ્યક્ પ્રકારે રહેલ છે તો જે સમયે આ વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થાય અથવા નષ્ટ થઈ જાય છે તે સમયે શું શેષ રહી જાય છે ? ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तं चेदेवमुक्तवन्तं ब्रूयुः पुनरन्तेवासिनोऽस्मिंश्चेद्यथोक्ते चेद्यदि ब्रह्मपुरे ब्रह्मपुरोपलक्षितान्तराकाश इत्यर्थः । इदं सर्वं समाहितं सर्वाणि च भूतानि सर्वे च कामाः । ★ कथमाचार्येणानुक्ताः कामा अन्तेवासिभिरुच्यन्ते ? ★ नैष दोषः; यच्चास्येहास्ति यच्च नास्तीत्युक्ता एव ह्याचार्येण कामाः । अपि च सर्वशब्देन चोक्ता एव कामाः । यदा यस्मिन्काल एतच्छरीरं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ब्रह्मपुराख्यं जरावलीपलितादिलक्षणा वयोहानिर्वाप्नोति शस्त्रादिना वा वृक्णं प्रध्वंसते विस्रंसते विनश्यति किं ततोऽन्यदतिशिष्यते ? ★ घटाश्रितक्षीरदधिस्नेहादिवद्घटनाशे देहनाशेऽपि देहाश्रयमुत्तरोत्तरं पूर्वपूर्वनाशान्नश्यतीत्यभिप्रायः । एवं प्राप्ते नाशे किं ततोऽन्यद्यथोक्तादतिशिष्यतेऽवतिष्ठते न किञ्चनावतिष्ठत इत्यभिप्रायः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- પરંતુ જો આવી રીતે કહેનારા તે આચાર્યને શિષ્યગણ કહે કે જો આ બ્રહ્મપુરમાં અર્થાત્ બ્રહ્મપુરલક્ષિત અંતરાકાશમાં આ બધુ સમ્યક્ પ્રકારે રહેલ છે અને સંપૂર્ણ ભૂત અને સમસ્ત કામનાઓ પણ રહેલી છે (તો જે સમયે આ વૃદ્ધ થાય અથવા નષ્ટ થઈ જાય છે તે સમયે શું - શું રહે છે ?)

પૂર્વપક્ષી :- આચાર્યએ જેનું નિરૂપણ ન કર્યું હોય તે કામનાઓને શિષ્યગણ કેમ (બ્રહ્મપુરમાં) રહેલી કહે છે ?

સિદ્ધાન્તી :- આ દોષ નથી 'આ લોકમાં જે કંઈ તેનું છે અને જે કંઈ તેનું નથી' આવી રીતે આચાર્યે કામનાઓના વિષયમાં કહ્યું જ છે. આના સિવાય 'સર્વ' શબ્દથી કામનાઓનું કથન થઈ જ જાય છે. જ્યારે - જે સમયે આ બ્રહ્મપુરસંજ્ઞક શરીરને કરચલી પડી જતાં અને વાળના સફેદ થઈ જવા વગેરે રૂપે વૃદ્ધાવસ્થા અપનાવે છે અથવા તેમની આયુ ક્ષયને પ્રાપ્ત થાય છે અથવા તે શસ્ત્રાદિથી કાપીને ધ્વંસ-વિસંસન એટલે નાશને પ્રાપ્ત થાય છે તો તેનાથી ભિન્ન અને શું શેષ (બાકી) રહે છે ?

અભિપ્રાય આ છે કે ઘટનો નાશ થવાથી ઘટસ્થિત દુધ, દહીં અને ઘૃતાદિના નાશ સમાન દેહનો નાશ થવાથી પણ દેહના આશ્રિત ઉત્તરોત્તર કાર્ય પૂર્વ-પૂર્વ કારણનો નાશ થવાને કારણે નષ્ટ થઈ જાય છે. આવી રીતે નાશ થવાથી ઉપર્યુક્ત નાશથી ભિન્ન બીજું શું રહી જાય છે ? અર્થાત્ કંઈપણ રહેતું નથી -આવું આનું તાત્પર્ય છે. ॥ ૪ ॥

एवमन्तेवासिभिश्चोदितः— શિષ્યો દ્વારા આવી રીતે પ્રશ્ન કરવાથી -

स ब्रूयान्नास्य जरयैतज्जीर्यति न वधेनास्य हन्यत एतत्सत्यं ब्रह्मपुरमस्मिन्कामाः समाहिता एष आत्मा-पहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसंकल्पो यथा ह्येवेह प्रजा अन्वाविशन्ति यथानुशासनं यं यमन्तमभिकामा भवन्ति यं जनपदं यं क्षेत्रभागं तं तमेवोपजीवन्ति ॥ ५ ॥

તેને કહેવું જોઈએ 'આ(દેહ)ની જરાવસ્થાથી આ (આકાશાખ્ય બ્રહ્મ) જીર્ણ થતું નથી. આના વધથી તેનો નાશ થતો નથી. આ બ્રહ્મપુર સત્ય છે, આમાં (સંપૂર્ણ) કામનાઓ સમ્યક્ પ્રકારે રહેલી છે, આ આત્મા છે, ધર્માધર્મથી શૂન્ય છે અને જરાહીન, મૃત્યુહીન, શોકરહિત, ભોજનની ઇચ્છાથી રહિત, પિપાસાશૂન્ય, સત્યકામ અને સત્યસંકલ્પ છે, જેવી રીતે આ લોકમાં પ્રજા રાજાની આજ્ઞાનું અનુવર્તન કરે છે તો તે જેવી જેવી સંનિહિત વસ્તુની કામના કરે છે અને જે જે દેશ અથવા ભૂભાગની ઇચ્છા કરે છે તેના તેના આધારે જીવન ધારણ કરે છે.' ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- स आचार्यो ब्रूयात्तन्मतिमपनयन् । कथम् ? अस्य देहस्य जरयैतद्यथोक्तमन्तराकाशाख्यं ब्रह्म यस्मिन् सर्वं समाहितं न जीर्यति देहवन्न विक्रियत इत्यर्थः । न चास्य वधेन शस्त्रादिघातेनैतद्धन्यते यथाकाशम्; किमु ततोऽपि सूक्ष्मतर-मशब्दमस्पर्शं ब्रह्म देहेन्द्रियादिदोषैर्नस्पृश्यत इत्यर्थः । ★ कथं देहेन्द्रियादिदोषैर्न स्पृश्यत इत्येतस्मिन्नवसरे वक्तव्यं प्राप्तं तत्प्रकृतव्यासङ्गो मा भूदिति नोच्यते । इन्द्रविरोचनाख्यायिकायामुपरिष्टाद्वक्ष्यामो युक्तितः । ★ एतत्सत्यमवितथं ब्रह्मपुरं ब्रह्मैव पुरं ब्रह्मपुरं शरीराख्यं तु ब्रह्मपुरं ब्रह्मोपलक्षणार्थत्वात् । तत्त्वनृतमेव, **'वाचारम्भणं विकारो नामधेयम्'** (छा.उप. ६-१-४) इति श्रुतेः । तद्विकारेऽनृतेऽपि देहशुद्धे ब्रह्मोपलभ्यत इति ब्रह्मपुरमित्युक्तं व्यावहारिकम् । सत्यं तु ब्रह्मपुरमेतदेव ब्रह्म; सर्वव्यवहारास्पदत्वात् । अतोऽस्मिन्पुण्डरीकोपलक्षिते ब्रह्मपुरे सर्वे कामा ये बहिर्भवद्भिः प्रार्थ्यन्ते तेऽस्मिन्नेव स्वात्मनि समाहिताः । अतस्तत्प्राप्त्युपायमेवानुतिष्ठत बाह्यविषयतृष्णां त्यजतेत्यभिप्रायः । ★ एष आत्मा भवतां स्वरूपम् शृणुत तस्य लक्षणम् । अपहतपाप्मा, अपहतः पाप्मा धर्माधर्माख्यो यस्य सोऽयमपहतपाप्मा । तथा विजरो विगतजरो विमृत्युश्च । ★ तदुक्तं पूर्वमेव न वधेनास्य हन्यत इति किमर्थं पुनरुच्यते ? ★ यद्यपि देहसम्बन्धिभ्यां जरामृत्युभ्यां न सम्बध्यते । अन्यथापि सम्बन्धस्ताभ्यां स्यादित्याशङ्कानिवृत्त्यर्थम् । ★ विशोको विगतशोकः । शोको नामेष्टादिवियोगनिमित्तो मानसः सन्तापः । विजिघत्सो विगताशनेच्छः । अपिपासोऽपानेच्छः । ★ नन्वपहतपाप्मत्वेन जरादयः शोकान्ताः प्रतिषिद्धा एव भवन्ति । कारणप्रतिषेधात् । धर्माधर्मकार्या हि त इति । जरादिप्रतिषेधेन वा धर्माधर्मयोः कार्याभावे विद्यमानयोरप्यसत्समत्वमिति पृथक्प्रतिषेधोऽनर्थकः स्यात् । ★ सत्यमेवं तथापि धर्मकार्यानन्दव्यतिरेकेण स्वाभाविकानन्दो यथेश्वरे **'विज्ञानमानन्दं ब्रह्म'** (बृ.उप. ३-९-२८) इति श्रुतेः । तथाधर्मकार्य-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

जरादिव्यतिरेकेणापि जरादिदुःखस्वरूपं स्वाभाविकं स्यादित्याशङ्क्यते । अतो युक्तस्तन्निवृत्तये जरादीनां धर्माधर्माभ्यां पृथक्प्रतिषेधः । जरादिग्रहणं सर्वदुःखोपलक्षणार्थम् । पापनिमित्तानां तु दुःखानामानन्त्यात्प्रत्येकं च तत्प्रतिषेधस्याशक्यत्वात्सर्वदुःखप्रतिषेधार्थं युक्तमेवापहतपाप्मत्ववचनम् । ★ सत्या अवितथाः कामा यस्य सोऽयं सत्यकामः । वितथा हि संसारिणां कामाः । ईश्वरस्य तद्विपरीताः । तथा कामहेतवः संकल्पा अपि सत्या यस्य स सत्यसंकल्पः । संकल्पाः कामाश्च शुद्धसत्त्वोपाधिनिमित्ता ईश्वरस्य चित्रगुवत् । न स्वतो नेति नेतीत्युक्तत्वात् । यथोक्तलक्षण एवात्मा विज्ञेयो गुरुभ्यः शास्त्रतश्चात्मसंवेद्यतया च स्वाराज्यकामैः । ★ न चेद्विज्ञायते को दोषः स्यादिति, शृणुतात्र दोषं दृष्टान्तेन । यथा ह्येवेह लोके प्रजा अन्वाविशन्त्यनुवर्तन्ते यथानुशासनं यथेह प्रजा अन्यं स्वामिनं मन्यमानाः स्वस्य स्वामिनो यथा यथानुशासनं तथा तथान्वाविशन्ति । किम् ? यं यमन्तं प्रत्यन्तं जनपदं क्षेत्रभागं चाभिकामा अर्थिन्यो भवन्त्यात्मबुद्ध्यनुरूपं तं तमेव च प्रत्यन्तादिमुपजीवन्तीति । एष दृष्टान्तोऽस्वातन्त्र्यदोषं प्रति पुण्यफलोपभोगे ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તે આચાર્યો તેમની (શિષ્યોની) બુદ્ધિની નિવૃત્તિ કરીને આવી રીતે કહેવું જોઈએ. કેવી રીતે કહેવું જોઈએ ? - આ દેહની જરાવસ્થાથી આ ઉપર્યુક્ત અંતરાકાશસંજ્ઞક બ્રહ્મ, જેમાં કે બધું જ રહેલું છે તે જીર્ણ થતું નથી, અર્થાત્ દેહ સમાન તેનો વિકાર થતો નથી, અને આના વધ અર્થાત્ શસ્ત્રાદિના પ્રહારથી જેમ આ નષ્ટ પણ થાય છે, તેમ (શસ્ત્રાદિના પ્રહારથી) આકાશનો નાશ થતો નથી, પછી તેનાથી પણ સૂક્ષ્મતર અશબ્દ તેમજ અસ્પર્શ બ્રહ્મનો દેહ તેમજ ઈન્દ્રિયાદિના દોષથી સ્પર્શ થતો નથી - આ વિષયમાં તો શું કહેવું ? આ તેનું તાત્પર્ય છે.

દેહ તેમજ ઈન્દ્રિયાદિના દોષોથી બ્રહ્મનો સ્પર્શ કેમ થતો નથી ? આ વાતનો ઉલ્લેખ કરવો આ અવસરે આવશ્યક છે પરંતુ પ્રકૃત - અત્યારે ચાલતી વાતનો ઉચ્છેદ ન થાય તે માટે એ કહેવામાં આવતું નથી. ઈન્દ્ર-વિરોચનની આખ્યાયિકામાં અમે એ યુક્તિપૂર્વક કહીશું.

આ બ્રહ્મપુર સત્ય એટલે અવિતથ (સાચું) છે. બ્રહ્મ એ જ પુર એટલે બ્રહ્મપુર (એટલે) શરીર નામનું બ્રહ્મપુર કારણ કે એ બ્રહ્મનું ઉપલક્ષણ છે અને એ મિથ્યા જ છે. **વાણીનો આશ્રિત વિકારમાત્ર છે** (છા.ઉપ. ૬-૧-૪) એવી શ્રુતિ છે. એ વિકારી અને મિથ્યા (અનૃત) હોવા છતાં આ દેહરૂપી અંકુર-કાર્યમાં બ્રહ્મ એ પ્રાપ્ત થાય છે માટે વ્યાવહારિક (રીતે) બ્રહ્મપુર કહ્યું છે. સત્યસ્વરૂપ બ્રહ્મપુર તો બ્રહ્મ છે કારણ કે એ સઘળા વ્યવહારોનો આશ્રય છે. માટે આ પુંડરીકથી ઉપલક્ષિત બ્રહ્મપુરમાં સઘળી કામનાઓ કે જેને આપ બહાર પ્રાપ્ત કરવા ઇચ્છો છો તે બધી તેની અંદર જ પોતાની અંદર જ રહેલી છે. આથી તેની પ્રાપ્તિના ઉપાયનું જ અનુષ્ઠાન કરવું જોઈએ. બાહ્ય વિષયોની તૃષ્ણાનો ત્યાગ કર એવો અભિપ્રાય છે.

આ આત્મા તારું સ્વરૂપ છે. એનું લક્ષણ સાંભળ તે અપહતપાપ્મા - જેનું ધર્મ-અધર્મ નામક પાપ દૂર થયું છે તે (બ્રહ્મ) અપહતાપાપ્મા છે. વળી એ વિજર - જરા ચાલી ગઈ છે તેવું અને વિમૃત્યુ - મૃત્યુ વિનાનું છે.

પૂર્વપક્ષી :- આ(શરીર)નો નાશ થાય તો પણ આ(આત્મા)નો નાશ નથી એ વાત પહેલાં કહેવાઈ ગઈ છે પછી ફરીથી એ અહીં શા માટે કહેવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- જો કે દેહસંબંધી વૃદ્ધાવસ્થા અને મૃત્યુ સાથે એનો સંબંધ નથી. તો પણ બીજી રીતે એનો તે બન્ને સાથે સંબંધ થાય એ આશંકા દૂર કરવા માટે આમ કહેવામાં આવ્યું છે.

વિશોક એટલે જેનો શોક ચાલ્યો ગયો છે તે શોક એટલે ઇષ્ટ વગેરેના વિયોગ નિમિત્તે (થતો) માનસિક સંતાપ. વિજિઘત્સ એટલે ચાલી ગયેલી જમવાની ઇચ્છાવાળો, અને અપિપાસ એટલે પીવાની ઇચ્છાથી રહિત.

પૂર્વપક્ષી :- અપહતપાપવાળા (એમ કહેવાથી) વૃદ્ધાવસ્થાથી આરંભી શોક સુધીના બધા વિશેષણોનો નિષેધ થઈ જ ગયો છે, કારણ કે એના કારણનો નિષેધ થઈ ગયો છે. કારણ કે એ બધા ધર્મ-અધર્મનું કાર્ય છે. અથવા વૃદ્ધાવસ્થા વગેરેના નિષેધથી ધર્મ-અધર્મનું કોઈ કાર્ય ન રહેવાથી, વિદ્યમાન હોય તો પણ તેઓનું અસત્સમત્વ સિદ્ધ થઈ જાય છે. માટે એ બન્નેનો જુદો જુદો નિષેધ નિરર્થક બનશે.

સિદ્ધાન્તી :- સાચું, તો પણ ધર્મનું કાર્ય એવા આનંદથી ભિન્ન એવો સ્વાભાવિક આનંદ ઈશ્વરમાં હોય છે, **'બ્રહ્મ વિજ્ઞાન અને આનંદસ્વરૂપ છે'** (બૃ.ઉપ. ૩-૯-૨૮) એવી શ્રુતિ છે. તેમ અધર્મના કાર્ય વૃદ્ધાવસ્થા વગેરેથી ભિન્ન સ્વાભાવિક વૃદ્ધાવસ્થાનું દુઃખ હોવાની સંભાવના છે. એવી શંકા કરવામાં આવે. માટે એની નિવૃત્તિ માટે ધર્મ-અધર્મથી વૃદ્ધાવસ્થા વગેરેનો પૃથક્ પ્રતિષેધ યોગ્ય છે. વૃદ્ધાવસ્થા વગેરેનું ગ્રહણ બધા દુઃખોનું ઉપલક્ષણ છે. પાપ જેનું નિમિત્ત છે એવા દુઃખો અનંત હોવાથી અને તેમાંથી દરેકનો પ્રતિષેધ કરવો અસંભવ હોવાથી સઘળા દુઃખોનો પ્રતિષેધ કરવા માટે अपहतपापत्वम् એવું વચન યોગ્ય છે.

સત્ય એટલે અવિતથ (ખોટી નહીં એવી) કામનાઓ જેની છે તે સત્યકામ. સંસારીઓની કામનાઓ વિતથ એટલે મિથ્યા હોય છે. ઈશ્વરનું તે(સંસારીઓ)થી ઉલટું છે. વળી જેના કામહેતુક સંકલ્પો પણ સત્ય છે તે સત્યસંકલ્પ છે. ઈશ્વરના સંકલ્પો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

કામનાઓ એની શુદ્ધસત્ત્વરૂપ ઉપાધિને કારણે, ચિત્રગુ (જેની પાસે ચિત્રવર્ણવાળી ગાયો હોય તે ચિત્રગુ કહેવાય છે)ની જેવા હોય છે. એ સ્વતઃ- પોતાની મેળે થતા નથી. કારણ 'નેતિ નેતિ' એવું કહેવામાં આવ્યું છે. સ્વારાજ્યની ઇચ્છાવાળાએ ગુરુ અને શાસ્ત્ર વડે ઉપર્યુક્ત લક્ષણવાળા આત્માને જ સ્વસ્વંવેદ્યરૂપે જાણવો જોઈએ.

જો તે જાણવામાં ન આવે તો કયો દોષ થાય તો અહીં દૃષ્ટાન્ત દ્વારા સાંભળો. આ લોકમાં જે રીતે પ્રજા રાજાની આજ્ઞા અનુસાર રહે છે - આ લોકમાં જેમ પોતાનાથી જુદા કોઈ બીજા સ્વામીને માનવાવાળી પ્રજા જેમ પોતાના સ્વામીની આજ્ઞા હોય તે પ્રકારે વર્તન કરતી હોય છે. કોનું અનુવર્તન કરે છે ? તે પોતાની બુદ્ધિ મુજબ જે જે પ્રત્યન્ત (વસ્તુની સંનિધિ) દેશ અથવા ક્ષેત્રભાગની કામના કરે છે તે તે પ્રત્યન્ત વગેરેની ઉપજીવિની બને છે. આ દૃષ્ટાન્ત પુણ્યફળના ઉપભોગમાં અસ્વાતન્ત્ર્યના દોષ પ્રત્યે છે. ॥ ૫ ॥

❀

अथान्यो दृष्टान्तस्तत्क्षयं प्रति तद्यथेहेत्यादिः— હવે એ(કર્મફળ)ના ક્ષય માટે તદ્યથેહ વગેરે દ્વારા બીજું દૃષ્ટાન્ત કહે છે –

तद्यथेह कर्मजितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यजितो लोकः क्षीयते तद्य इहात्मानमननुविद्य व्रजन्त्येताꣳश्च सत्यान्कामाꣳ स्तेषाꣳ सर्वेषु लोकेष्वकामचारो भवत्यथ य इहात्मानमनुविद्य व्रजन्त्येताꣳश्च सत्यान् कामाꣳ स्तेषाꣳ सर्वेषु लोकेषु कामचारो भवति ॥ ६ ॥

જેમ અહીં કર્મથી પ્રાપ્ત કરેલો લોક ક્ષીણ થાય છે તેમ પરલોકમાં પુણ્યથી પ્રાપ્ત કરેલો લોક ક્ષીણ થાય છે. જેઓ આ લોકમાં આત્માને અને એની સત્ય કામનાઓને જાણ્યા વિના (પરલોકમાં) સિધાવે છે તેઓની સઘળા લોકોમાં યથેચ્છ ગતિ થતી નથી. અને જે આ લોકમાં આત્માને તથા એની સત્ય કામનાઓને જાણીને (પરલોકમાં) સિધાવે છે તેમની સઘળા લોકોમાં યથેચ્છગતિ થાય છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्र यथेह लोके तासामेव स्वाम्यनुशासनानुवर्तिनीनां प्रजानां सेवादिजितो लोकः पराधीनोपभोगः क्षीयतेऽन्तवान्भवति । अथेदानीं दार्ष्टान्तिकमुपसंहरति एवमेवामुत्राग्निहोत्रादिपुण्यजितो लोकः पराधीनोपभोगः क्षीयत एवेति । उक्तो दोष एषामिति विषयं दर्शयति तद्य इत्यादिना । ★ तत्तत्रेहास्मिँल्लोके ज्ञानकर्मणोरधिकृता योग्याः सन्त आत्मानं यथोक्त-लक्षणं शास्त्राचार्योपदिष्टमननुविद्य यथोपदेशमनुस्वसंवेद्यतामकृत्वा व्रजन्ति देहादस्मात्प्रयन्ति । य एतांश्च यथोक्तान्सत्यान्सत्यसंकल्पकार्यांश्च स्वात्मस्थान् कामाननुविद्य व्रजन्ति तेषां सर्वेषुं लोकेष्वकामचारोऽस्वतन्त्रता भवति । यथा राजानुशासननानुवर्तिनीनां प्रजाना-मित्यर्थः । ★ अथ येऽन्य इह लोक आत्मानं शास्त्राचार्योपदेशमनुविद्य स्वात्मसंवेद्यतामापाद्य व्रजन्ति यथोक्तांश्च सत्यान्कामांस्तेषां सर्वेषु लोकेषु कामचारो भवति राज्ञ इव सार्वभौमस्येह लोके ॥ ६ ॥

શાંકરભાષ્ય :- જેમ અહીં આ લોકમાં પોતાના સ્વામીની આજ્ઞાનું અનુવર્તન (પાલન) કરનારી તે પ્રજાનો સેવા વગેરેથી પ્રાપ્ત કરેલો પરાધીન ઉપભોગવાળો લોક ક્ષીણ થાય છે, અંતવાળો બને છે. હવે શ્રુતિ દાર્ષ્ટાન્તિકનો ઉપસંહાર કરે છે - તે રીતે પરલોકમાં અગ્નિહોત્ર વગેરે પુણ્યકર્મથી પ્રાપ્ત કરેલો પરાધીન ઉપભોગવાળો લોક ક્ષીણ થાય છે. ઉક્ત દોષ એ આત્મવેત્તાઓને પ્રાપ્ત થાય છે એ તદ્યથેહ વગેરેથી (શ્રુતિ) દર્શાવે છે.

આ લોકમાં જ્ઞાન અને કર્મના અધિકારી યોગ્યતા પ્રાપ્ત કરીને જે લોકો શાસ્ત્ર અને આચાર્ય દ્વારા ઉપદેશ કરાયેલા ઉપર્યુક્ત લક્ષણવાળા આત્માને ઉપદેશ અનુસાર જાણ્યા વિના - સ્વાત્મસંવેદ્યતાને પ્રાપ્ત કર્યા વિના આ દેહમાંથી પ્રયાણ કરે છે અને જે આ ઉપર્યુક્ત સત્ય-સત્ય સંકલ્પના કાર્યભૂત પોતાના અંતઃકરણમાં રહેલા સત્યસંકલ્પવાળા(આત્મા)ને જાણ્યા વિના પ્રયાણ કરે છે એની સઘળા લોકોમાં અકામગતિ-અસ્વતન્ત્રતા થાય છે. જેવી રીતે રાજાની આજ્ઞા મુજબ વર્તન કરનારી પ્રજાઓની પરતન્ત્રતા હોય છે.

હવે જે બીજા લોકો આ સંસારમાં શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશ અનુસાર આત્માને જાણીને - સ્વાત્મસંવેદ્યતાને પ્રાપ્ત કરીને અને ઉપર્યુક્ત અન્ય કામનાઓને જાણીને (પરલોકમાં) પ્રયાણ કરે છે તેની આ લોકમાં સાર્વભૌમ રાજાની જેમ સંપૂર્ણ લોકોમાં યથેચ્છગતિ થાય છે. ॥ ૬ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये प्रथमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १ ॥

છાંદોગ્યોપનિષદ્‌માં આઠમા અધ્યાયના પ્રથમ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

❀

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

द्वितीयः खण्डः

शाङ्करभाष्यम् :- कथं सर्वेषु लोकेषु कामाचारो भवतीत्युच्यते । य आत्मानं यथोक्तलक्षणं हृदि साक्षात्कृतवान्वक्ष्यमाण-ब्रह्मचर्यादिसाधनसम्पन्नः संस्तत्स्थांश्च सत्यान् कामान्–

શાંકરભાષ્ય :- (સાધકની) સઘળા લોકોમાં કેવી રીતે પોતાની કામના અનુસાર ગતિ થાય તે હવે કહે છે. જેણે આગળ કહેવામાં આવનાર બ્રહ્મચર્ય વગેરેથી સંપન્ન થઈ પોતાની અંદર પહેલાં કહેલાં લક્ષણોવાળા આત્માનો સાક્ષાત્કાર કરેલ છે અને એમાં રહેનારી સત્ય કામનાઓને પ્રાપ્ત કરી છે (તેની ગતિ કહે છે) –

स यदि पितृलोककामो भवति संकल्पादेवास्य पितरः समुत्तिष्ठन्ति तेन पितृलोकेन सम्पन्नो महीयते ॥ १ ॥

જો તે પિતૃલોકની કામનાવાળો બને છે, તેના સંકલ્પમાત્રથી જ એના પિતૃઓ ઉપસ્થિત થઈ જાય છે તેથી એ પિતૃલોકથી સંપન્ન બની મહિમાવાળો થાય છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- स त्यक्तदेहो यदि पितृलोककामः पितरो जनयितारस्त एव सुखहेतुत्वेन भोग्यत्वाल्लोका उच्यन्ते तेषु कामो यस्य तैः पितृभिः सम्बन्धेच्छा यस्य भवति तस्य संकल्पमात्रादेव पितरः समुत्तिष्ठन्त्यात्मसम्बन्धितामापद्यन्ते । विशुद्ध-सत्त्वतया सत्यसंकल्पत्वादीश्वरस्येव तेन पितृलोकेन भोगेन सम्पन्नः सम्पत्तिरिष्टप्राप्तिस्तया समृद्धो महीयते पूज्यते वर्धते वा महिमानमनुभवति ॥ १ ॥

શાંકરભાષ્ય : એ જો દેહત્યજીને પિતૃલોકની કામનાવાળો બને છે - પિતૃઓ એટલે જન્મદાતાઓ સુખના હેતુરૂપ ભોગ્ય હોવાને કારણે તેને લોક કહેવાય છે. તેના પ્રત્યે જેની કામના થાય છે એટલે તે પિતૃઓ સાથે સંબંધ કરવાની ઇચ્છાવાળાને તેના સંકલ્પમાત્રથી પિતૃઓ સમુપસ્થિત થાય છે એટલે પોતાના સંબંધીઓના સાથને પ્રાપ્ત થાય છે. વિશુદ્ધ સત્ત્વ હોવાથી અને ઈશ્વરની જેમ સત્યસંકલ્પ હોવાથી તે પિતૃલોકના ભોગથી સંપન્ન થાય છે. સંપત્તિ એટલે ઇષ્ટની પ્રાપ્તિ તેનાથી સમૃદ્ધ બની મહિવાળો થાય છે, પૂજાય છે, વૃદ્ધિને પ્રાપ્ત કરે છે અથવા મહિમાને અનુભવે છે. ॥ ૧ ॥

अथ यदि मातृलोककामो भवति संकल्पादेवास्य मातरः समुत्तिष्ठन्ति तेन मातृलोकेन सम्पन्नो महीयते ॥ २ ॥

જો તે માતૃલોકની કામનાવાળો બને છે, તેના સંકલ્પમાત્રથી જ એની માતાઓ ઉપસ્થિત થઈ જાય છે. તેથી એ માતૃલોકથી સંપન્ન બની મહિમાવાળો થાય છે. ॥ ૨ ॥

अथ यदि भ्रातृलोककामो भवति संकल्पादेवास्य भ्रातरः समुत्तिष्ठन्ति तेन भ्रातृलोकेन सम्पन्नो महीयते ॥ ३ ॥

જો તે ભ્રાતૃલોકની કામનાવાળો બને છે તેના સંકલ્પમાત્રથી જ એના ભાઈઓ ઉપસ્થિત થઈ જાય છે તેથી એ ભ્રાતૃલોકથી સંપન્ન બની મહિમાવાળો થાય છે. ॥ ૩ ॥

अथ यदि स्वसृलोककामो भवति संकल्पादेवास्य स्वसारः समुत्तिष्ठन्ति तेन स्वसृलोकेन सम्पन्नो महीयते ॥ ४ ॥

હવે જો એ ભગિનીલોકની કામનાવાળો બને છે તો તેના સંકલ્પમાત્રથી એની ભગિનીઓ (બહેનો) ઉપસ્થિત થઈ જાય છે તેથી એ ભગિનિલોકથી સંપન્ન બની મહિમાવાળો થાય છે. ॥ ૪ ॥

अथ यदि सखिलोककामो भवति संकल्पादेवास्य सखायः समुत्तिष्ठन्ति तेन सखिलोकेन सम्पन्नो महीयते ॥ ५ ॥

હવે જો એ સખાઓના લોકની કામનાવાળો બને છે તો તેના સંકલ્પમાત્રથી એના સખાઓ (મિત્રો) ઉપસ્થિત થઈ જાય છે તેથી એ સખાઓના લોકથી સંપન્ન બની મહિમાવાળો થાય છે. ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अथ यदि गन्धमाल्यलोककामो भवति संकल्पादेवास्य गन्धमाल्ये समुत्तिष्ठतस्तेन गन्धमाल्यलोकेन सम्पन्नो महीयते ॥ ६ ॥

હવે જો એ ગંધમાલ્યલોકની કામનાઓવાળો બને છે તો તેના સંકલ્પમાત્રથી ગંધમાલ્ય વગેરે ઉપસ્થિત થઈ જાય છે. એ તેથી એ ગંધમાલ્યલોકથી સંપન્ન બની મહિવાળો થાય છે. ॥ ૬ ॥

अथ यद्यन्नपानलोककामो भवति संकल्पादेवास्यान्नपाने समुत्तिष्ठतस्तेनान्नपानलोकेन सम्पन्नो महीयते ॥ ७ ॥

હવે જો તે અન્નપાનલોકની કામનાઓવાળો થાય છે તો તેના સંકલ્પમાત્રથી જ અન્ન-પાન ઉપસ્થિત થઈ જાય છે, તેથી એ અન્નપાનલોકથી સંપન્ન બની મહિમાવાળો થાય છે. ॥ ૭ ॥

अथ यदि गीतवादित्रलोककामो भवति संकल्पादेवास्य गीतवादित्रे समुत्तिष्ठतस्तेन गीतवादित्रलोकेन सम्पन्नो महीयते ॥ ८ ॥

હવે જો એ ગીતવાદિત્રલોકની કામાવાળો બને છે તો તેના સંકલ્પમાત્રથી ગીત-વાદિત્ર ઉપસ્થિત થઈ જાય છે. તેથી એ ગીત-વાદિત્રલોકથી સંપન્ન બની મહિમાવાળો બને છે. ॥ ૮ ॥

अथ यदि स्त्रीलोककामो भवति संकल्पादेवास्य स्त्रियः समुत्तिष्ठन्ति तेन स्त्रीलोकेन सम्पन्नो महीयते ॥ ९ ॥

હવે જો એ સ્ત્રીલોકની કામનાવાળો બને છે તો તેના સંકલ્પમાત્રથી સ્ત્રીઓ ઉપસ્થિત થઈ જાય છે તેથી એ સ્ત્રીલોકથી સંપન્ન બની મહિમાવાળો બને છે. ॥ ૯ ॥

शाङ्करभाष्यम् :- समानमन्यत् । मातरो जनयित्र्याऽतीताः सुखहेतुभूताः सामर्थ्यात् । न हि दुःखहेतुभूतासु ग्रामसूकरादिजन्म-निमित्तासु मातृषु विशुद्धसत्त्वस्य योगिन इच्छा तत्सम्बन्धो वा युक्तः ॥ २-९ ॥

શાંકરભાષ્ય :- બાકીનું બધું સરખું છે. માતાઓ એટલે ભૂતકાળમાં જન્મ આપનારી માતાઓ યોગ્યતા અનુસાર સુખનું કારણ બની હોય છે. કારણ દુઃખનું કારણ બનેલી ગ્રામ સૂકર (સૂવર) વગેરે જન્મોનું કારણ બનનારી માતાઓ માટે વિશુદ્ધ ચિત્તવાળા યોગીઓની ઇચ્છા કે સંબંધ થવો યોગ્ય નથી. ॥ ૨-૯ ॥

यं यमन्तमभिकामो भवति यं कामं कामयते साऽस्य संकल्पादेव समुत्तिष्ठति तेन सम्पन्नो महीयते ॥ १० ॥

જે જે પ્રદેશની કામના કરવાવાળો એ થાય છે અને જે જે ભોગની કામના કરે છે તે તેના સંકલ્પમાત્રથી જ ઉપસ્થિત થાય છે અને તેનાથી સંપન્ન બની મહિમાવાળો થાય છે. ॥ ૧૦ ॥

शाङ्करभाष्यम् :- यं यमन्तं प्रदेशमभिकामो भवति । यं च कामं कामयते यथोक्तव्यतिरेकेणापि सोऽस्यान्तः प्राप्तुमिष्टः कामश्च संकल्पादेव समुत्तिष्ठत्यस्य । तेनेच्छाविघाततयाभिप्रेतार्थप्राप्त्या च सम्पन्नो महीयत इत्युक्तार्थम् ॥ १० ॥

શાંકરભાષ્ય :- જે જે અન્ત એટલે પ્રદેશની કામનાવાળો એ બને છે, જે જે કામનાની એ કામના કરે છે, ઉપર કહેલા જુદી કામનાઓની (પણ કામના કરે છે) તે તે અભિષ્ટ (ગમતા) અંત એટલે પ્રદેશ અને કામો તેની આગળ ઉપસ્થિત થાય છે. તેથી ઇચ્છાનો અવિઘાત (નાશ ન પામવું) અને અભિપ્રેત(ઇચ્છેલા)ની પ્રાપ્તિથી એ સંપન્ન બનીને મહિમાવાળો બને છે. આ વાત આગળ કરી દીધી છે. ॥ ૧૦ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये द्वितीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ २ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના દ્વિતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तृतीयः खण्डः

शाङ्करभाष्यम् :- यथोक्तात्मध्यानसाधनानुष्ठानं प्रति साधकानामुत्साहजननार्थमनुक्रोशन्त्याह—कष्टमिदं खलु वर्तते यत्स्वात्मस्थाः शक्यप्राप्या अपि—

શાંકરભાષ્ય :- ઉપર કહેલી આત્માનુસંધાનરૂપ સાધનાના અનુષ્ઠાનમાં સાધકોમાં ઉત્સાહ ઉત્પન્ન કરવા દયા દર્શાવતી શ્રુતિ કહે છે - ઘણી કષ્ટની વાત છે કે પોતાના આત્મામાં સ્થિર થવાની અવસ્થા પ્રાપ્ત કરવી શક્ય છે છતાં પણ –

त इमे सत्याः कामा अनृतापिधानास्तेषाꣳ सत्यानाꣳ सतामनृतमपिधानं यो यो ह्यस्येतः प्रैति न तमिह दर्शनाय लभते ॥ १ ॥

તે આ સત્ય કામનાઓ અનૃત-અપિધાન યુક્ત છે, તે સત્ય હોવા છતાં અનૃત-મિથ્યાત્વ-એનું અપિધાન આચ્છાદન છે કારણ જે પ્રાણી જે જે (લોકમાં) અહીંથી પ્રયાણ કરે છે તે તે (લોક) તેને અહીં જોવા મળતા નથી. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- त इमे सत्याः कामा अनृतापिधानास्तेषामात्मस्थानां स्वाश्रयाणामेव सतामनृतं बाह्यविषयेषु स्त्र्यन्नभोजनाच्छादनादिषु तृष्णा तन्निमित्तं च स्वेच्छाप्रचारत्वं मिथ्याज्ञाननिमित्तत्वादनृतमित्युच्यते । तन्निमित्तं सत्यानां कामानामप्राप्तिरित्यपिधानमिवापिधानम् । ★ कथमनृतापिधाननिमित्तं तेषामलाभः ? इत्युच्यते; यो यो हि यस्मादस्य जन्तोः पुत्रो भ्राता वेष्ट इतोऽस्माल्लोकात्प्रैति म्रियते तमिष्टं पुत्रं भ्रातरं वा स्वहृदयाकाशे विद्यमानमपीह पुनर्दर्शनायेच्छन्नपि न लभते ॥ १ ॥

શાંકરભાષ્ય :- એ તે સત્ય કામનાઓ અનૃતાપિધાન મિથ્યાત્વથી ઢંકાયેલી છે. પોતાને જ આશ્રયે રહેનારી એ આત્મસ્થિત કામનાઓ અનૃત (મિથ્યા ઢાંકણાવાળી છે) સ્ત્રી, અન્ન, ભોજન, વસ્ત્ર વગેરે બાહ્ય વિષયોમાં જે તૃષ્ણા છે એનાથી થનાર સ્વેચ્છાચાર મિથ્યાજનિત હોવાથી 'અનૃત' કહેવાય છે. એના નિમિત્તે સત્યકામનાઓની અપ્રાપ્તિ - (ન મળવું તેનાથી) અપિધાન-ઢાંકણની જેમ અપિધાન છે. મિથ્યા આચ્છાદનને લીધે એની પ્રાપ્તિ કેવી રીતે નથી થતી ? એ માટે કહે છે - આ જે જીવ જે જે પુત્ર ભાઈ અથવા ઈષ્ટ - ગમતા લોકો પરલોકમાં સિધાવે છે તે પોતાના હૃદયાકાશમાં હોવા છતાં પણ એ ઈષ્ટ પુત્ર કે ભાઈને ઈચ્છા કરવા છતાં આ લોકમાં ફરી જોવામાં આવતા નથી. ॥ ૧ ॥

अथ ये चास्येह जीवा ये च प्रेता यच्चान्यदिच्छन्न लभते सर्वं तदत्र गत्वा विन्दतेऽत्र ह्यस्यैते सत्याः कामा अनृतापिधानास्तद्यथापि हिरण्यनिधिं निहितमक्षेत्रज्ञा उपर्युपरि सञ्चरन्तो न विन्देयुरेवमेवेमाः सर्वाः प्रजा अहरहर्गच्छन्त्य एतं ब्रह्मलोकं न विन्दन्त्यनृतेन हि प्रत्यूढाः ॥ २ ॥

હવે આ લોકમાં પોતાના જીવતા કે (પરલોક) સિધાવેલા(પુત્ર વગેરે)ને અને જે અન્ય પદાર્થોને અહીં ઈચ્છા કરવા છતાં પ્રાપ્ત કરતો નથી એ બધા એના(હૃદયરૂપી આકાશમાં રહેલા બ્રહ્મ)માં જઈને પ્રાપ્ત કરી લે છે કારણ કે ત્યાં એના એ સત્યકામો અનૃતથી ઢંકાયેલા રહે છે. જેમ આ પૃથ્વીમાં ખાડાની અંદર સુવર્ણને શોધવામાં એ સ્થાનને નહીં જાણનારો પુરુષ એની ઉપરથી વિચરતો હોવા છતાં તેને જાણતો નથી એમ સમગ્ર પ્રજા નિત્યપ્રતિ બ્રહ્મલોકમાં જાય છે છતાં એને પ્રાપ્ત કરતી નથી. કારણ એ અનૃતથી એ હણાયેલો છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अथ पुनर्ये चास्य विदुषो जन्तोर्जीवा जीवन्तीह पुत्रा भ्रात्रादयो वा ये च प्रेता मृता इष्टाः सम्बन्धिनो यच्चान्यदिह लोके वस्त्रान्नपानादि रत्नादि वा वस्त्विच्छन्न लभते तत्सर्वमत्र हृदयाकाशाख्ये ब्रह्मणि गत्वा यथोक्तेन विधिना विन्दते लभते । अत्रास्मिन्हार्दाकाशे हि यस्मादस्यैते यथोक्ताः सत्याः कामा वर्तन्तेऽनृतापिधानाः । ★ कथमिव तदन्याय्यमित्युच्यते । तत्तत्र यथा हिरण्यनिधिं हिरण्यमेव पुनर्ग्रहणाय निधातृभिर्निधीयत इति निधिस्तं हिरण्यनिधिं निहितं भूमेरधस्तान्निक्षिप्तमक्षेत्रज्ञा निधिशास्त्रैर्निधिक्षेत्रमजानन्तस्ते निधेरुपर्युपरिसञ्चरन्तोऽपि निधिं न विन्देयुः शक्यवेदनमपि; एवमेवेमा अविद्यावत्यः सर्वा इमाः प्रजा यथोक्तं हृदयाकाशाख्यं ब्रह्मलोकं ब्रह्मैव लोको ब्रह्मलोकस्तमहरहः प्रत्यहं गच्छन्त्योऽपि सुषुप्तकाले न विन्दन्ति न लभन्ते एषोऽहं ब्रह्मलोकभावमापन्नोऽस्म्यद्येति । अनृतेन हि यथोक्तेन हि यस्मात्प्रत्यूढा हृताः स्वरूपादविद्यादिदोषैर्बहिरपकृष्टा इत्यर्थः । अतः कष्टमिदं वर्तते जन्तूनां यत्स्वायत्तमपि ब्रह्म न लभ्यत इत्यभिप्रायः ॥ २ ॥

શાંકરભાષ્ય :- હવે આ વિદ્વાન જંતુ(પ્રાણી)ને અહીં (આ લોકમાં) જીવતા પુત્ર, ભાઈ વગેરે અથવા જે પ્રેત મરેલા ઈષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

સંબંધી તથા આ લોકમાં જે વસ્ત્ર અન્ન-પાન વગેરે કે રત્ન વગેરે પદાર્થો ઇચ્છા કરવા છતાં પ્રાપ્ત કરતો નથી એ બધું આ હૃદયાકાશરૂપી બ્રહ્મમાં પહોંચીને ઉપરોક્ત વિધિથી પ્રાપ્ત કરી લે છે. કારણ ત્યાં એના એ હૃદયાકાશમાં ઉપરોક્ત સત્યકામ મિથ્યાત્વથી આચ્છાદિત થઈ રહે છે.

એ વાત અન્યાય-અસંગત કેવી રીતે ? તો કહે છે - જેમ સોનાનો ખજાનો - સોનું જ ફરીથી પ્રાપ્ત કરવાની ઇચ્છાથી એને ઢાંકનાર દ્વારા જમીન નીચે છુપાવવામાં આવે છે. એ રીતે મૂકેલા નિધિના સ્થાનને નહીં જાણનારો એ નિધિ ઉપરથી સંચરે છે છતાં તેને તે પ્રાપ્ત થવાની સંભાવના નથી. કારણ એ નિધિને એ જાણતો નથી. એ રીતે સંપૂર્ણપણે અવિદ્યા-અજ્ઞાનવાળી પ્રજા ઉપર દર્શાવેલ હૃદયકાશ નામના લોકને- બ્રહ્મ જ એ લોક છે તેને - સુષુપ્તિ કાળમાં દરરોજ જવા છતાં, 'આ હું એ સમયે બ્રહ્મલોકભાવને પ્રાપ્ત થઈ ગયો છું.' આ પ્રકારે પ્રાપ્ત કરતો નથી કારણ કે ઉપર્યુક્ત અનૃતથી એ પ્રત્યૂઢ એટલે હણાયેલો છે. એટલે અવિદ્યા વગેરે દોષોથી એને તેના સ્વરૂપની બહાર ખેંચી લેવામાં આવ્યો છે. માટે આ ઘણી કષ્ટની - દુઃખની વાત છે કે સ્વાયત્ત હોવા છતાં જીવોને બ્રહ્મની પ્રાપ્તિ થતી નથી. આવો આનો અભિપ્રાય છે. ॥ ૨ ॥

स वा एष आत्मा हृदि तस्यैतदेव निरुक्तꣳ हृद्यमिति तस्माद्धृदयमहरहर्वा एवंवित्स्वर्गं लोकमेति ॥ ३ ॥

તે આ આત્મા હૃદયમાં (રહેલો) છે આ જ તેની નિરુક્તિ (વ્યુત્પત્તિ) છે. એથી એ હૃદય છે. આમ જાણનારો (પુરુષ) દરરોજ સ્વર્ગમાં જાય છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- स वै यः 'आत्मापहतपाप्मा' इति प्रकृतो वैशब्देन तं स्मारयति, एष विवक्षित आत्मा हृदि हृदयपुण्डरीक आकाशशब्देनाभिहितः । तस्यैतस्य हृदयस्यैतदेव निरुक्तं निर्वचनं नान्यत् । हृद्ययमात्मा वर्तत इति यस्मात्तस्माद्धृदयम् । हृदयनामनिर्वचनप्रसिद्ध्यापि स्वहृदय आत्मेत्यवगन्तव्यमित्यभिप्रायः । अहरहर्वै प्रत्यहमेवंविद्धृद्ययमात्मेति जानन् स्वर्गं लोकं हार्दं ब्रह्मैति प्रतिपद्यते । ★ नन्वनेवंविदपि सुषुप्तकाले हार्दं ब्रह्म प्रतिपद्यत एव सुषुप्तकाले सता सोम्य तदा सम्पन्न इत्युक्तत्वात् । ★ बाढमेवं तथाप्यस्ति विशेषः । यथा जानन्नजानंश्च सर्वो जन्तुः सद्ब्रह्मैव तथापि तत्त्वमसीति प्रतिबोधितो विद्वान्सदेव नान्योऽस्मीति जानन्सदेव भवति । एवमेव विद्वानविद्वांश्च सुषुप्ते यद्यपि सत्सम्पद्यते तथाप्येवंविदेव स्वर्गं लोकमेतीत्युच्यते । देहपातेऽपि विद्याफलस्यावश्यंभावित्वादित्येष विशेषः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'અપહતપાપ્મા' એમ જેનું પ્રકરણ છે તે આત્માનું શ્રુતિ 'વૈ' શબ્દથી સ્મરણ કરાવે છે. આ વિવક્ષિત - જેના માટે કહેવાની ઇચ્છા છે તે - આત્મા હૃદયપુંડરીકમાં 'આકાશ' શબ્દથી કહેવાયો છે. આ હૃદયનું આ જ નિર્વચન-નિરુક્તિ છે, બીજું નહીં. હૃદયમાં આત્મા રહે છે માટે એ હૃદય છે. આમ હૃદય એ નામનું નિર્વચન પ્રસિદ્ધ હોવાથી 'આત્મા પોતાના હૃદયમાં છે' એવું જાણવું જોઈએ. એવો અભિપ્રાય છે. અહરહઃ- દરરોજ આ રીતે જાણનારો અર્થાત્ 'આ આત્મા હૃદયમાં છે' એમ જાણનારો પુરુષ સ્વર્ગલોક - હૃદયસ્થ બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

પૂર્વપક્ષી :- આ પ્રકારે નહીં જાણનારો પણ સુષુપ્તિકાળમાં બ્રહ્મને પ્રાપ્ત થાય છે કારણ કે સુષુપ્તિકાળમાં **'હે સોમ્ય ! એ સમયે તે સત્થી સંપન્ન બને છે'** એવું (પહેલાં) કહેવામાં આવ્યું છે.

સિદ્ધાન્તી :- ઠીક એવું જ છે. તો પણ અહીં વિશેષતા છે. જાણનાર કે નહીં જાણનાર સઘળા જીવો સદ્બ્રહ્મ જ છે તો પણ 'તત્ત્વમસિ- તે તું છે' એમ પ્રબોધિત - જાગૃત કરાયેલ કે બોધ અપાયેલ વિદ્વાન 'હું સદ્ (બ્રહ્મ) જ છું. બીજું કાંઈ નથી' એવું જાણીને સદ્ (બ્રહ્મ) જ બને છે. એવી જ રીતે વિદ્વાન કે અવિદ્વાન્ સુષુપ્તિમાં સત્(બ્રહ્મ)ને પ્રાપ્ત થાય છે તો પણ એ પ્રકારે (હું બ્રહ્મ છું એવું) જાણનાર જ સ્વર્ગ લોકને પ્રાપ્ત થાય છે એવું કહેવાય છે. દેહ પડી ગયા પછી પણ વિદ્યાનું ફળ અવશ્ય થનાર છે એ એની વિશેષતા છે. ॥ ૩ ॥

अथ य एष सम्प्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति तस्य ह वा एतस्य ब्रह्मणो नाम सत्यमिति ॥ ४ ॥

હવે આ જે સંપ્રસાદ છે તે આ શરીરથી ઉત્થાન કરીને પરમ જ્યોતિને પ્રાપ્ત થાય છે અને પોતાના (મૂળ) સ્વરૂપથી જોડાઈ જાય છે. આ આત્મા છે. એ અમૃત અને અભય છે એ બ્રહ્મ છે. એવું આચાર્યે કહ્યું તે આ બ્રહ્મનું નામ સત્ય છે. ॥ ૪ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- सुषुप्तकाले स्वेनात्मना सता सम्पन्नः सन्सम्यक् प्रसीदतीति जाग्रत्स्वप्नयोर्विषयेन्द्रियसंयोगजातं कालुष्यं जहातीति सम्प्रसादशब्दो यद्यपि सर्वजन्तूनां साधारणस्तथाप्येवंवित्स्वर्गं लोकमेतीति प्रकृतत्वादेष सम्प्रसाद इति संनिहितवद्यत्नविशेषात् । ★ सोऽथेदं शरीरं हित्वास्माच्छरीरात्समुत्थाय शरीरात्मभावनां परित्यज्येत्यर्थः । न त्वासनादिव समुत्थायेतीह युक्तम्; स्वेन रूपेणेति विशेषणात् । न ह्यन्यत उत्थाय स्वरूपं सम्पत्तव्यम् । स्वरूपमेव हि तन्न भवति प्रतिपत्तव्यं चेत्स्यात् । परं परमात्मलक्षणं विज्ञप्तिस्वभावं ज्योतिरूपसम्पद्य स्वास्थ्यमुपगम्येत्येतत् । स्वेनात्मीयेन रूपेणाभिनिष्पद्यते । प्रागेतस्याः स्वरूप-सम्पत्तेरविद्यया देहमेवापरं रूपमात्मत्वेनोपगत इति तदपेक्षयेदमुच्यते स्वेन रूपेणेति । ★ अशरीरता ह्यात्मनः स्वरूपम् । यत्स्वं परं ज्योतिःस्वरूपमापद्यते सम्प्रसाद एष आत्मेति होवाच । स ब्रूयादिति यः श्रुत्या नियुक्तोऽन्तेवासिभ्यः । किञ्चैतदमृतमविनाशि भूमा **'यो वै भूमा तदमृतम्'** (छा.उप. ७-२४-१) इत्युक्तम् । अत एवाभयं भूम्नो द्वितीयाभावादत एतद् ब्रह्मेति । ★ तस्य ह वा एतस्य ब्रह्मणो नामाभिधानम् । किं तत् ? सत्यमिति । सत्यं ह्यवितथं ब्रह्म । तत्सत्यं स आत्मेति ह्युक्तम् । अथ किमर्थमिदं नाम पुनरुच्यते ? तदुपासनविधिस्तुत्यर्थम् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- સુષુપ્તિના સમયે પોતાના આત્મા એવા સત્‌થી સંપન્ન થયેલ પુરુષ સમ્યક્‌રૂપથી - સારી રીતે - પ્રસન્ન થાય છે. તેથી એ જાગ્રત અને સ્વપ્નનો વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી જન્મનાર કાલિમાને ત્યજી દે છે એથી જો કે સંપ્રસાદ બધા જીવો માટે સાધારણ છે તો એ રીતે (બ્રહ્મને) જાણનાર સ્વર્ગલોકને પ્રાપ્ત થાય છે. એવું દર્શાવતું (વિદ્વાનને સ્પર્શતું) પ્રકરણ હોવાથી અહીં 'एष सम्प्रसादः' આવો પ્રયોગ આવ્યો છે. કારણ કે સંનિહિતની જેમ વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યો છે. (કારણ જે સંનિહિત એટલે નજીક હોય તેને માટે જ एषः એમ કહેવાય છે.)

તે (વિદ્વાન) હવે આ શરીરને ત્યજીને, શરીરથી ઉત્થાન કરીને, શરીર આત્મા છે એવા ભાવને ત્યજીને એવો અર્થ છે અહીં (ઉત્થાયનો અર્થ) આસન ઉપરથી ઊભો થાય છે એવો કરવો એ બરાબર નથી, કારણ અહીં 'स्वेन रूपेण - પોતાના રૂપથી' એવું વિશેષણ આપ્યું છે. બીજેથી ઊઠીને પોતાના રૂપની પ્રાપ્તિ થઈ શકતી નથી. જો એ પ્રાપ્તવ્ય હોય એટલે મેળવવાનું હોય તો તે સ્વરૂપ જ બની શકતું નથી. પર એટલે પરમાત્મરૂપ વિજ્ઞપ્તિસ્વરૂપ જ્યોતિને એ પ્રાપ્ત થઈ સ્વસ્થ - એટલે એ પોતાના આત્મીય રૂપથી સંપન્ન બની જાય છે. આ પહેલાં એ રૂપએ બીજું રૂપ એવા દેહને અવિદ્યાને કારણે આત્મસ્વરૂપે જાણતો હતો. તેની અપેક્ષાએ 'स्वेन रूपेण - પોતાના રૂપથી' એવું અહીં કહેવામાં આવ્યું છે.

અશરીરતા - શરીરરૂપે ન હોવું - એ આત્માનું સ્વરૂપ છે. જે પોતાના પર જ્યોતિ સ્વરૂપને પ્રાપ્ત થાય છે એ સંપ્રસાદને આ આત્મા છે એવું અહીં (આચાર્યે) કહ્યું છે. શ્રુતિએ જેને નિયુક્ત કર્યો છે તે આચાર્યે અંતેવાસીને-શિષ્યને આવું કહેવું જોઈએ. વળી આ અમૃત અવિનાશી ભૂમા છે. **'જે ભૂમા છે તે અમૃત છે'** (છા.ઉપ. ૭-૨૪-૧) એવું (શ્રુતિમાં) કહ્યું છે. આથી એ અભય છે, કારણ ભૂમાથી જુદી અન્ય કોઈ વસ્તુનો અભાવ છે. માટે એ બ્રહ્મ છે.

તે આ બ્રહ્મનું નામ એટલે અભિધાન છે. તે કયું છે ? સત્ય સત્ય એટલે અવિતથ (મિથ્યા નહીં તે) બ્રહ્મ છે **'તે સત્ય છે તે આત્મા છે'** (છા.ઉપ. ૬-૮-૭) માં કહ્યું છે. હવે એ નામ ફરીથી શા માટે કહેવાય છે ? એની ઉપાસના વિધિની સ્તુતિ કરવા માટે. ॥ ૪ ॥

तानि ह वा एतानि त्रीण्यक्षराणि सतीयमिति तद्यत्सत्तदमृतमथ यत्ति तन्मर्त्यमथ यद्यं तेनोभे यच्छति यदनेनोभे यच्छति तस्माद्यमहरहर्वा एवंवित्स्वर्गं लोकमेति ॥ ५ ॥

(સત્યમ્‌માં) 'સ' 'તી' અને 'યમ્' એ ત્રણ અક્ષરો છે તેમાં જે 'સ' છે તે અમૃત છે જે 'તી' છે તે મર્ત્ય (મરણશીલ) છે અને જે 'યમ્' છે તે બન્નેનું નિયમન કરનાર છે. તે જે આ બેનું નિયમન કરે છે માટે એ યમ્ છે. આવું જાણનાર દરરોજ સ્વર્ગલોકમાં જાય છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- तानि ह वा एतानि ब्रह्मणो नामाक्षराणि त्रीण्येतानि सतीयमिति सकारस्तकारो यमिति च । ईकारस्तकार उच्चारणार्थोऽनुबन्धः; ह्रस्वेनैवाक्षरेण पुनः प्रतिनिर्देशात् । तेषां तत्तत्र यत्सत्सकारस्तदमृतं सद्ब्रह्म; अमृतवाचकत्वादमृत एव सकारस्तकारान्तो निर्दिष्टः । अथ यत्ति तकारस्तन्मर्त्यम् । अथ यद्यमक्षरं तेनाक्षरेणामृतमर्त्याख्ये पूर्वे उभे अक्षरे यच्छति यमयति नियमयति वशीकरोत्यात्मनेत्यर्थः । ★ यद्यस्मादनेन यमित्येतेनोभे यच्छति तस्माद्यम् । संयते इव ह्येतेन यमा लक्ष्येते

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

ब्रह्मनामाक्षरस्यापीदममृतत्वादिधर्मवत्त्वं महाभाग्यं किमुत नामवत इत्युपास्यत्वाय स्तूयते ब्रह्मनामनिर्वचनेनैव । नामवतो वेत्तैवंवित् । अहरहर्वा एवंवित्स्वर्गं लोकमेतीत्युक्तार्थम् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તે એ બ્રહ્મના નામના ત્રણ અક્ષરો છે. 'સ' 'તી' અને યમ્ - એટલે સકાર, તકાર અને યમ્. (મૂળમાં તી છે ત્યાં) તકારમાં ઈકાર ઉચ્ચારણ માટેનો અનુબંધ (જોડાયેલ) છે. કારણ કે પછીથી એનો હ્રસ્વ અક્ષર (ઇ)થી નિર્દેશ કરવામાં આવ્યો છે. તેઓમાં જે સત્ એટલે સકાર છે તે અમૃત છે - સદ્ બ્રહ્મ છે. અમૃતનો વાચક હોવાથી સકારનો તકારાન્ત (જેના અંતમાં છે એવો) નિર્દેશ કરવામાં આવ્યો છે હવે જે તિ એટલે તકાર છે તે મર્ત્ય (મરણશીલ) છે. અને જે યમ્ અક્ષર છે તે અક્ષરથી પૂર્વે કહેલાં અમૃત અને મર્ત્ય એવા બન્ને અક્ષરોનું નિયમન થાય છે. નિયમન કરે છે એટલે વશ કરે છે એવો અર્થ છે.

કારણ કે આનાથી (એટલે યમ્ એનાથી પેલા) બન્નેનું નિયમન થાય છે માટે એ યમ્ છે. આ યમ વડે પેલા બે અક્ષરો જાણે કે સંયત-નિયમનમાં હોય એવું દેખાય છે. બ્રહ્મના નામના અક્ષરો પણ આ અમૃતત્વ વગેરે ધર્મવાળા હોવું એ મહાન ભાગ્ય છે તો પછી નામવાળા(એટલે નામી)ના વિષયમાં તો કહેવું જ શું ? આમ ઉપાસ્યત્વને માટે બ્રહ્મના નામનું નિર્વચન કરી તેની સ્તુતિ કરવામાં આવી છે. એ નામવાળા (નામી)ને જાણનારો એવંવિત્ - આવું જાણનાર કહેવાય છે. આ એવંવિત્ દરરોજ સ્વર્ગલોકમાં જાય છે એ અર્થ પહેલાં કહેવાઈ ગયો છે. ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये तृतीयखण्डभाष्यं सम्पूर्णम् ॥ ३ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના તૃતીય ખંડનું ભાષ્ય સંપૂર્ણ

चतुर्थः खण्डः

अथ य आत्मा स सेतुर्विधृतिरेषां लोकानामसम्भेदाय नैतꣳ सेतुमहोरात्रे तरतो न जरा न मृत्युर्न शोको न सुकृतं न दुष्कृतꣳ सर्वे पाप्मानोऽतो निवर्तन्तेऽपहतपाप्मा ह्येष ब्रह्मलोकः ॥ १ ॥

હવે આ જે આત્મા છે તે આ લોકોના અસંભેદ (અવિનાશ) માટે તેને વિશેષરૂપે ધારણ કરનાર સેતુ છે. આ સેતુનું અતિક્રમણ દિવસ અને રાત કરતાં નથી એને ન જરા, ન મૃત્યુ, ન શોક કે ન સુકૃત અથવા (ન તો) દુષ્કૃત પ્રાપ્ત થઈ શકે છે. સઘળા પાપો એનાથી નિવૃત્ત-દૂર થઈ જાય છે કારણ કે આ બ્રહ્મલોક પાપરહિત છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ य आत्मेति । उक्तलक्षणो यः सम्प्रसादस्तस्य स्वरूपं वक्ष्यमाणैरुक्तैरनुक्तैश्च गुणैः पुनः स्तूयते ब्रह्मचर्यसाधनसम्बन्धार्थम् । य एष यथोक्तलक्षण आत्मा स सेतुरिव सेतुः । विधृतिर्विधरणः । अनेन हि सर्वं जगद्वर्णाश्रमादिक्रियाकारकफलादिभेदनियमैः कर्तुरनुरूपं विदधता विधृतम् । अध्रियमाणं हीश्वरेणेदं विश्वं विनश्येद्यतस्तस्मात्स सेतुर्विधृतिः । ★ किमर्थं स सेतुरित्याह—एषां भूरादीनां लोकानां कर्तृकर्मफलाश्रयाणामसंभेदायाविदारणायाविनाशायेत्येतत् । किंविशिष्टश्चासौ सेतुरित्याह । नैतं सेतुमात्मानमहोरात्रे सर्वस्य जनिमतः परिच्छेदके सती नैतं तरतः । यथान्ये संसारिणः कालेनाहोरात्रादिलक्षणेन परिच्छेद्या न तथायं कालपरिच्छेद्य इत्यभिप्रायः । **'यस्मादर्वाक्संवत्सरोऽहोभिः परिवर्तते'** (बृ.उप. ४-४-१६) इति श्रुत्यन्तरात् । ★ अत एवैनं न जरा तरति न प्राप्नोति तथा न मृत्युर्न शोको न सुकृतं न दुष्कृतं सुकृतदुष्कृते धर्माधर्मौ । प्राप्तिस्त्र तरणशब्देनाभिप्रेता नातिक्रमणम् । कारणं ह्यात्मा । न शक्यं हि कारणातिक्रमणं कर्तुं कार्येण । अहोरात्रादि च सर्वं सतः कार्यम् । अन्येन ह्यन्यस्य प्राप्तिरतिक्रमणं वा क्रियेत । न तु तेनैव तस्य । न हि घटेन मृत्प्राप्यतेऽतिक्रम्यते वा । ★ यद्यपि पूर्वं य आत्मापहतपाप्मेत्यादिना पाप्मादिप्रतिषेध उक्त एव तथापीहायं विशेषो न तरतीति प्राप्तिविषयत्वं प्रतिषिध्यते । तत्राविशेषेण जराद्यभावमात्रमुक्तम् । अहोरात्राद्या उक्ता अनुक्ताश्चान्ये सर्वे पाप्मान उच्यन्तेऽतोऽस्मादात्मनः सेतोर्निवर्तन्तेऽप्राप्यैवेत्यर्थः । अपहतपाप्मा ह्येष ब्रह्मैव लोको ब्रह्मलोक उक्तः ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે જે આત્મા વગેરે ઉપર કહેવાયેલા લક્ષણવાળો જે સંપ્રસાદ છે, તેનું સ્વરૂપ કહેવામાં આવશે, અને નહીં કહેવાયેલાં ગુણોથી તેને બ્રહ્મચર્યરૂપી સાધનથી સંબંધ કરાવવા માટે તેની સ્તુતિ કરવામાં આવે છે. આ જે ઉપર કહેવાયેલા લક્ષણોવાળો આત્મા છે તે સેતુની જેમ સેતુ છે. વિધૃતિઃ એટલે વિશેષરૂપે ધારણ કરનાર. કર્તાને અનુરૂપ વિધાન કરનાર આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આત્માથી સમગ્ર જગત, વર્ણાશ્રમ વગેરે ક્રિયા, કારક અને ફળ વગેરે ભેદના નિયમો દ્વારા ધારણ કરાય છે, કારણ કે ઈશ્વર વડે ધારણ ન કરાવાથી આ વિશ્વ નાશ પામી જાય, માટે એ એને ધારણ કરનારો સેતુ છે.

શા માટે એને સેતુ કહ્યો તે કહે છે - કર્તા અને કર્મનો આધાર બનેલ આ ભૂ વગેરે લોકોના અસંભેદ એટલે અવિદારણ અર્થાત્ અવિનાશ માટે એ સેતુ છે. આ સેતુ કઈ વિશેષતાવાળો છે તે કહે છે - આ સેતુનું એટલે આત્માનું દિવસ અને રાત, સઘળા ઉત્પત્તિવાળા પદાર્થોના પરિચ્છેદક હોવા છતાં, અતિક્રમણ કરી શકતાં નથી. જે રીતે બીજા સંસારી (પદાર્થો) રાત અને દિવસરૂપી કાળથી પરિચ્છેદ્ય (માપી શકાય) છે તે રીતે આ સેતુ પરિચ્છેદ્ય નથી. **'જે(પરમાત્મા)થી નીચે સંવત્સર દિવસના રૂપમાં પરિવર્તિત થતો રહે છે.'** (બૃ.ઉપ. ૪-૪-૧૬) એવું અન્ય શ્રુતિમાં કહેલું છે.

માટે આ(આત્મા)ને વૃદ્ધાવસ્થા તરતી નથી એટલે પ્રાપ્ત થતી નથી. ન મૃત્યુ, ન શોક, ન સુકૃત, ન દુષ્કૃત એટલે ધર્મ અને અધર્મ (એને પ્રાપ્ત થાય છે). 'તરણ' શબ્દથી અહીં 'પ્રાપ્તિ' અભિપ્રેત છે. અતિક્રમણ નહીં, કારણ કે કાર્ય દ્વારા કારણનું અતિક્રમણ કરવું શક્ય નથી. દિવસ, રાત વગેરે સઘળું સત્નું કાર્ય છે. અથવા અન્યથી અન્યની પ્રાપ્તિ એટલે અતિક્રમણ કરાય છે, પણ તેના દ્વારા તેનું (એટલે આત્માથી આત્માનું) અતિક્રમણ કરાતું નથી. ઘડા દ્વારા માટીની પ્રાપ્તિ કે અતિક્રમણ કરી શકાતું નથી.

જો કે પહેલાં 'य अपहतपाप्मा' વગેરે (કથન)થી પાપ વગેરેનો પ્રતિષેધ કહેવાઈ ગયો છે છતાં પણ અહીં વિશેષતા એ છે કે 'न तरति' એમ કહીને આત્માના પ્રાપ્તિ વિષયત્વનો નિષેધ કરવામાં આવે છે. ત્યાં અવિશેષરૂપે - સમાનરૂપે જરા વગેરેનો અભાવમાત્ર કહેવામાં આવ્યો હતો. પહેલાં કહેવાયેલાં દિવસ અને રાત વગેરે તેમજ અન્ય અનુક્ત નહીં કહેવાયેલ સઘળી (બાબતો) પાપ કહેવામાં આવેલ છે. આથી તે બધા આ આત્મારૂપી સેતુને પ્રાપ્ત થયા વિના જ નિવૃત્ત થઈ જાય છે એવો અર્થ છે. કારણ કે આ બ્રહ્મલોક - જેમાં બ્રહ્મ જ લોક છે એ - અપહતપાપ્મા કહેવામાં આવેલ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यस्माच्च पाप्मकार्यमान्ध्यादिशरीरवतः स्यान्न त्वशरीरस्य–

શાંકરભાષ્ય :- જેથી પાપના કાર્ય એવાં અંધત્વ વગેરે શરીરધારીને પ્રાપ્ત થાય છે. શરીરરહિતને નહીં –

तस्माद्वा एतꣳ सेतुं तीर्त्वान्धः सन्ननन्धो भवति विद्धः सन्नविद्धो भवत्युपतापी सन्ननुपतापी भवति तस्माद्वा एतꣳ सेतुं तीर्त्वापि नक्तमहरेवाभिनिष्पद्यते सकृद्विभातो ह्येवैष ब्रह्मलोकः ॥ २ ॥

માટે આ સેતુને તરીને (પુરુષ) આંધળો હોવા છતાં આંધળો નથી થતો, વિદ્ધ (વીંધાયેલ) હોવા છતાં વિદ્ધ (વીંધાતો) નથી, ઉપતાપી થવા છતાં અનુતાપી થતો નથી. આ સેતુને તરીને પણ રાત પણ દિવસ બની જાય છે કારણ આ બ્રહ્મલોક હંમેશ પ્રકાશે છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तस्माद्वा एतमात्मानं सेतुं तीर्त्वा प्राप्यानन्धो भवति देहवत्त्वे पूर्वमन्धोऽपि सन् । तथा विद्धः सन्देहवत्त्वे स देहवियोगे सेतुं प्राप्याविद्धो भवति । तथोपतापीरोगाद्युपतापवान्सन्ननुपतापी भवति । किञ्च यस्मादहोरात्रे न स्तः सेतौ तस्माद्वा एतं सेतुं तीर्त्वा प्राप्य नक्तमपि तमोरूपं रात्रिरपि सर्वमहरेवाभिनिष्पद्यते । विज्ञप्त्यात्मज्योतिःस्वरूपमहरिवाहः सदैकरूपं विदुषः सम्पद्यत इत्यर्थः । सकृद्विभातः सदा विभातः सदैकरूपः स्वेन रूपेणैष ब्रह्मलोकः ॥ २ ॥

શાંકરભાષ્ય :- તેથી સેતુરૂપ આ આત્માને તરીને એટલે પ્રાપ્ત કરીને દેહધારી થવાથી પહેલાં આંધળો હોવા છતાં અનન્ધ એટલે દેખતો બની જાય છે. વળી દેહવાન - દેહધારી હોવા છતાં વિદ્ધ થવાથી દેહનો વિયોગ થવાથી આ સેતુને પ્રાપ્ત કરીને અવિદ્ધ થઈ જાય છે. વળી ઉપતાપી - રોગ વગેરે ઉપતાપોથી યુક્ત હોવા છતાં એ અનુપતાપી બને છે. અને વળી આ આત્મારૂપ સેતુમાં દિવસ અને રાતનો અભાવ છે. આથી આ સેતુને તરીને - પ્રાપ્ત કરીને અંધકારરૂપ રાત્રિ પણ સઘળી દિવસરૂપ બની જાય છે. વિદ્વાનને માટે એ દિવસની જેમ વિજ્ઞાનાત્મજ્યોતિ સ્વરૂપ દિવસ એટલે સર્વદા એકરૂપ થઈ જાય છે. એવો અર્થ છે. આ બ્રહ્મલોક પોતાના સ્વાભાવિકરૂપથી વિભાતિ એટલે સદા પ્રકાશિત અર્થાત્ સદા એકરૂપ છે. ॥ ૨ ॥

तद्य एवैतं ब्रह्मलोकं ब्रह्मचर्येणानुविन्दन्ति तेषामेवैष ब्रह्मलोकस्तेषाꣳ सर्वेषु लोकेषु कामचारो भवति ॥ ३ ॥

અહીં આવું હોવાથી આ બ્રહ્મલોકને બ્રહ્મચર્ય દ્વારા જે જાણે છે તેને જ આ બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે અને તેની સઘળા લોકોમાં ઈચ્છાનુસાર ગતિ થાય છે. ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- तत्तत्रैवं यथोक्तं ब्रह्मलोकं ब्रह्मचर्येण स्त्रीविषयतृष्णात्यागेन शास्त्राचार्योपदेशमनुविन्दन्ति स्वात्मसंवेद्यतामापादयन्ति ये तेषामेव ब्रह्मचर्यसाधनवतां ब्रह्मविदामेष ब्रह्मलोकः । नान्येषां स्त्रीविषयसम्पर्कजाततृष्णानां ब्रह्मविदामपीत्यर्थः । तेषां सर्वेषु लोकेषु कामचारो भवतीत्युक्तार्थम् । तस्मात्परमेतत्साधनं ब्रह्मचर्यं ब्रह्मविदामित्यभिप्रायः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- ત્યાં આવું હોવાથી જે પૂર્વે કહેલ બ્રહ્મલોકને બ્રહ્મચર્ય - સ્ત્રીવિષયક તૃષ્ણાના ત્યાગથી શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશ પછી જાણે છે એટલે સ્વાત્મ સંવેદ્યતાને પ્રાપ્ત કરે છે તે બ્રહ્મચર્યરૂપી સાધનથી સંપન્ન થયેલ બ્રહ્મોપાસકોને એ બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે. બીજા સ્ત્રીવિષયક સંપર્કથી ઉત્પન્ન થનાર તૃષ્ણાવાળા લોકો બ્રહ્મોપાસક હોય તો પણ આની પ્રાપ્તિ થતી નથી એવો અર્થ છે. તેઓની સઘળા લોકોમાં ઇચ્છાનુસાર ગતિ થાય છે. આવો અર્થ પહેલાં રહેવાઈ ગયો છે. માટે આ બ્રહ્મચર્ય બ્રહ્મોપાસકોનું ઉત્તમ સાધન છે એવું કહેવાનો અભિપ્રાય છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये चतुर्थखण्डभाष्यं सम्पूर्णम् ॥ ४ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના ચતુર્થ ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चमः खण्डः

शाङ्करभाष्यम् :- य आत्मा सेतुत्वादिगुणैः स्तुतस्तत्प्राप्तये ज्ञानसहकारिसाधनान्तरं ब्रह्मचर्याख्यं विधातव्यमित्याह । यज्ञादिभिश्च तत्स्तौति कर्तव्यार्थम्–

શાંકરભાષ્ય :- જે આત્માની સેતુ હોવાપણું વગેરે ગુણોથી સ્તુતિ કરાઈ તેની પ્રાપ્તિ માટે જ્ઞાનથી ભિન્ન જ્ઞાનનું સહકારી સાધન એવા બ્રહ્મચર્યનું વિધાન કરવું જરૂરી છે. માટે (શ્રુતિ) યજ્ઞ વગેરે રૂપે તેની સ્તુતિ કરે છે –

अथ यद्यज्ञ इत्याचक्षते ब्रह्मचर्यमेव तद्ब्रह्मचर्येण ह्येव यो ज्ञाता तं विन्दतेऽथ यदिष्टमित्याचक्षते ब्रह्मचर्यमेव तद्ब्रह्मचर्येण ह्येवेष्ट्वात्मानमनुविन्दते ॥ १ ॥

હવે જેને યજ્ઞ એમ રહે છે તે બ્રહ્મચર્ય જ છે. કારણ જે જ્ઞાતા છે એ બ્રહ્મચર્યથી એ(બ્રહ્મલોક)ની પ્રાપ્તિ કરે છે અને જેને 'ઇષ્ટ' એવું કહે છે તે બ્રહ્મચર્ય જ છે. તે બ્રહ્મચર્યથી પૂજન કરીને (સાધક) આત્માને પ્રાપ્ત કરે છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ यद्यज्ञ इत्याचक्षते लोके परमपुरुषार्थसाधनं कथयन्ति शिष्टास्तद्ब्रह्मचर्यमेव । यज्ञस्यापि यत्फलं तद्ब्रह्मचर्यवाँल्लभतेऽतो यज्ञोऽपि ब्रह्मचर्यमेवेति प्रतिपत्तव्यम् । कथं ब्रह्मचर्यं यज्ञ इत्याह । ब्रह्मचर्येणैव हि यस्माद्यो ज्ञाता स तं ब्रह्मलोकं यज्ञस्यापि पारम्पर्येण फलभूतं विन्दते लभते ततो यज्ञोऽपि ब्रह्मचर्यमेवेति । यो ज्ञातेत्यक्षरानुवृत्तेर्यज्ञा ब्रह्मचर्यमेव । ★ अथ यदिष्टमित्याचक्षते ब्रह्मचर्यमेव तत् । कथम्; ब्रह्मचर्येणैव साधनेन तमीश्वरमिष्ट्वा पूजयित्वाथवैषणामात्मविषयां कृत्वा तमात्मानमनुविन्दते । एषणादिष्टमपि ब्रह्मचर्यमेव ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે જેને 'યજ્ઞ' એમ કહેવામાં આવે છે તેને શિષ્ટો પરમ પુરુષાર્થનું સાધન એવું બ્રહ્મચર્ય જ કહે છે. યજ્ઞનું જે ફળ છે તે બ્રહ્મચર્યવાળો પ્રાપ્ત કરે છે, આથી યજ્ઞ પણ બ્રહ્મચર્ય જ એમ સમજવું જોઈએ. બ્રહ્મચર્ય યજ્ઞ કેવી રીતે ? તે કહે છે. કારણ કે બ્રહ્મચર્યથી જ જ્ઞાતા એ બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે જે પરંપરાથી યજ્ઞનું ફળ બનેલ છે માટે યજ્ઞ પણ બ્રહ્મચર્ય જ છે. 'यो ज्ञाता' એ અક્ષરોની અનુવૃત્તિ હોવાથી બ્રહ્મચર્ય જ યજ્ઞ છે.

હવે જે 'ઇષ્ટ' છે તે કહે છે. તે બ્રહ્મચર્ય જ છે. કેવી રીતે ? (સાધક) બ્રહ્મચર્યરૂપી સાધનથી જ ઈશ્વરનું યજન કરીને - પૂજન કરીને અથવા આત્મવિષયક એષણા કરીને તે આત્માને પ્રાપ્ત કરે છે. (એવી) એષણાને કારણે ઇષ્ટ બ્રહ્મચર્ય જ છે. ॥ ૧ ॥

अथ यत्सत्त्रायणमित्याचक्षते ब्रह्मचर्यमेव तद्ब्रह्मचर्येण ह्येव सत आत्मनस्त्राणं विन्दतेऽथ यन्मौनमित्याचक्षते ब्रह्मचर्यमेव तद्ब्रह्मचर्येण ह्येवात्मानमनुविद्य मनुते ॥ २ ॥

હવે જેને 'સત્ત્રાયણ' એમ કહે છે એ બ્રહ્મચર્ય જ છે કારણ કે બ્રહ્મચર્ય દ્વારા જ સત્-પરમાત્માથી પોતાનું ત્રાણ એટલે રક્ષણ પ્રાપ્ત કરે છે. વળી જેને 'મૌન' એમ કહે છે તે બ્રહ્મચર્ય જ છે કારણ બ્રહ્મચર્યથી જ આત્માને જાણીને (સાધક) મનન કરે છે. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- अथ यत्सत्त्रायणमित्याचक्षते ब्रह्मचर्यमेव तत्; तथा सतः परस्मादात्मन आत्मनस्त्राणं रक्षणं ब्रह्मचर्यसाधनेन विन्दते । अतः सत्त्रायणशब्दमपि ब्रह्मचर्यमेव तत् । अथ यन्मौनमित्याचक्षते ब्रह्मचर्यमेव तत्, ब्रह्मचर्येणैव साधनेन युक्तः सन्नात्मानं शास्त्राचार्याभ्यामनुविद्य पश्चान्मनुते ध्यायति । अतो मौनशब्दमपि ब्रह्मचर्यमेव ॥ २ ॥

શાંકરભાષ્ય :- હવે જેને 'સત્ત્રાયણ' એમ કહે છે તે બ્રહ્મચર્ય જ છે. અને સત્‌થી એટલે પરમાત્માથી પોતાનું ત્રાણ એટલે રક્ષણ બ્રહ્મચર્યરૂપી સાધનથી પ્રાપ્ત કરે છે. આથી સત્ત્રાયણ શબ્દ પણ બ્રહ્મચર્ય જ છે. હવે જેને 'મૌન' એમ કહે છે તે બ્રહ્મચર્ય જ છે. બ્રહ્મચર્યરૂપી સાધનથી જ યુક્ત બની શાસ્ત્ર અને આચાર્ય પાસેથી આત્માને જાણીને પછી મનન કરે છે એટલે ધ્યાન કરે છે. આથી મૌન શબ્દ પણ બ્રહ્મચર્ય જ છે. ॥ ૨ ॥

अथ यदनाशकायनमित्याचक्षते ब्रह्मचर्यमेव तदेष ह्यात्मा न नश्यति यं ब्रह्मचर्येणानुविन्दतेऽथ यदरण्यायनमित्याचक्षते ब्रह्मचर्यमेव तत्तदरश्च ह वै ण्यश्चार्णवौ ब्रह्मलोके तृतीयस्यामितो दिवि तेदैरंमदीयꣳ सरस्तदश्वत्थः सोमसवनस्तदपराजिता पूर्ब्रह्मणः प्रभुविमितꣳ हिरण्मयम् ॥ ३ ॥

હવે જેને 'અનાશકાયન' (નાશ નહીં થનાર) એમ કહે છે તે પણ બ્રહ્મચર્ય જ છે. કારણ જેને (સાધક) બ્રહ્મચર્ય દ્વારા પ્રાપ્ત થાય છે એ આ આત્મા નાશ પામતો નથી. અને જેને 'અરણ્યાયન' એમ કહે છે તે બ્રહ્મચર્ય જ છે. કારણ એ બ્રહ્મલોકમાં 'અર' અને 'ણ્ય' એમ બે સમુદ્રો છે. અહીંથી ત્રીજા દ્યુલોકમાં ઐરંમદીય સરોવર છે સોમસવન નામનું અશ્વત્થ છે. ત્યાં બ્રહ્માની અપરાજિતા નગરી છે અને પ્રભુનો વિશેષરૂપે તૈયાર કરેલ સુવર્ણનો મંડપ છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- अथ यदनाशकायनमित्याचक्षते ब्रह्मचर्यमेव तत् । यमात्मानं ब्रह्मचर्येणानुविन्दते स एष ह्यात्मा ब्रह्मचर्यसाधनवतो न नश्यति तस्मादनाशकायनमपि ब्रह्मचर्यमेव । ★ अथ यदरण्यायनमित्याचक्षते ब्रह्मचर्यमेव तत् । अरण्यशब्दयोर्णवयोर्ब्रह्मचर्यवतोऽयनादरण्यायनं ब्रह्मचर्यम् । यो ज्ञानाद्यज्ञ एषणादिष्टं सतस्त्राणात्सत्त्रायणं मननान्मौनमनशनादनाशकायनमरण्ययोर्गमनादरण्यायनमित्यादिभिर्महद्भिः पुरुषार्थसाधनैः स्तुतत्वाद्ब्रह्मचर्यं परमं ज्ञानस्य सहकारिकारणं साधनमित्यतो ब्रह्मविदा यत्नतो रक्षणीयमित्यर्थः । ★ तत्तत्र हि ब्रह्मलोकेऽरश्च ह वै प्रसिद्धौ ण्यश्चार्णवौ समुद्रौ समुद्रोपमे वा सरसी तृतीयस्यां भुवमन्तरिक्षं चापेक्ष्य तृतीया द्यौस्तस्यां तृतीयस्यामितोऽस्माल्लोकादारभ्य गण्यमानायां दिवि । तत्तत्रैव चैरमिरान्नं तन्मय ऐरो मण्डस्तेन पूर्णमैरं मदीयं तदुपयोगिनां मदकरं हर्षोत्पादकं सरः । तत्रैव चाश्वत्थो वृक्षः सोमसवनो नामतः सोमाऽमृतं तन्निस्रवोऽमृतस्रव इति वा । तत्रैव च ब्रह्मलोके ब्रह्मचर्यसाधनरहितैर्ब्रह्मचर्यसाधनवद्भ्योऽन्यैर्न जीयत इत्यपराजिता नाम पूः पुरी ब्रह्मणो हिरण्यगर्भस्य । ब्रह्मणा च प्रभुणा विशेषेण मतं निर्मितं तच्च हिरण्मयं सौवर्णं प्रभुविमितं मण्डपमिति वाक्यशेषः ॥ ३ ॥

શાંકરભાષ્ય :- હવે જેને 'અનાશકાયન' એમ કહે છે એ બ્રહ્મચર્ય જ છે. જે આત્માને બ્રહ્મચર્યથી પ્રાપ્ત કરે છે તે બ્રહ્મચર્યરૂપી સાધનવાળા સાધકનો આત્મા નાશ નથી પામતો માટે અનાશકાયન પણ બ્રહ્મચર્ય જ છે.

હવે જેને 'અરણ્યાયન' એમ કહે છે તે બ્રહ્મચર્ય જ છે. બ્રહ્મચર્યવાળો (સાધક) 'અર' અને 'ણ્ય' નામવાળા બે સમુદ્રો તરફ ગમન કરે છે માટે બ્રહ્મચર્ય અરણ્યાયન છે. જે જ્ઞાનને કારણે યજ્ઞ છે, એષણાને કારણે ઇષ્ટ છે સત્‌(બ્રહ્મ)થી રક્ષા કરાયેલ હોવાથી સત્ત્રાયણ છે, મનનને કારણે મૌન છે, નાશ નહીં થવાથી અનાશકાયન છે અને અર તથા ણ્યને કારણે એ અરણ્યાયન છે. આમ પુરુષાર્થના મહાન સાધનોથી સ્તુતિ કરાઈ હોવાથી બ્રહ્મચર્ય જ્ઞાનનું પરમ-ઉત્તમ સહકારી કારણ છે. માટે બ્રહ્મને જાણનારાએ એની પ્રયત્નપૂર્વક રક્ષા કરવી જોઈએ.

ત્યાં આ બ્રહ્મલોકમાં ત્રીજા એટલે આ લોકથી આરંભ કરવાથી ભૂર્લોક અને અંતરીક્ષની અપેક્ષાએ ત્રીજા એવા દ્યુલોકમાં પ્રસિદ્ધ 'અર' અને 'ણ્ય' એ બે સમુદ્ર અથવા સમુદ્ર જેવા બે સરોવરો છે. તથા ત્યાં અન્નને ઐર-ઇરા કહે છે તન્મય ઐર એટલે મંડ તેનાથી ભરેલું 'મદીય' - પોતાનો ઉપયોગ કરનારને મદ ઉત્પન્ન કરનાર - અર્થાત્ હર્ષ ઉપજાવનારું સરોવર છે. ત્યાં સોમસવન નામનું અશ્વત્થ વૃક્ષ છે. અથવા અમૃતને સોમ કહે છે તેનું સ્રવન કરાવનાર અમૃત વરસાવતું વૃક્ષ છે. ત્યાં બ્રહ્મલોકમાં બ્રહ્મચર્યરૂપી સાધન વિનાના એટલે બ્રહ્મચર્ય સાધનવાળાઓથી જુદા એવા(પુરુષો)થી ન જીતી શકાય તેવી બ્રહ્મા એટલે હિરણ્યગર્ભની અપરાજિતા નામની નગરી છે અને બ્રહ્મારૂપી પ્રભુથી વિશેષરૂપે મિત એટલે નિર્મિત એટલે પ્રભુનિર્મિત સોનાનો મંડપ છે એવો વાક્યશેષ છે. ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तद्य एवैतावरं च ण्यं चार्णवौ ब्रह्मलोके ब्रह्मचर्येणानुविन्दन्ति तेषामेवैष ब्रह्मलोकस्तेषाः सर्वेषु लोकेषु कामचारो भवति ॥ ४ ॥

આ(બ્રહ્મલોક)માં જે લોકો બ્રહ્મચર્ય દ્વારા આ 'અર' અને 'ણ્ય' બન્ને સમુદ્રોને પ્રાપ્ત કરે છે તેઓને આ બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. એની સઘળા લોકોમાં ઇચ્છાનુસાર ગતિ થાય છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्र ब्रह्मलोक एतावर्णवौ यावरण्याख्यावुक्तौ ब्रह्मचर्येण साधनेनानुविन्दन्ति ये तेषामेवैष यो व्याख्यातो ब्रह्मलोकस्तेषां च ब्रह्मचर्यसाधनवतां ब्रह्मविदां सर्वेषु लोकेषु कामचारो भवति नान्येषामब्रह्मचर्यपराणां बाह्यविषयासक्तबुद्धीनां कदाचिदपीत्यर्थः । ★ नन्वत्र त्वमिन्द्रस्त्वं यमस्त्वं वरुण इत्यादिभिर्यथा कश्चित् स्तूयते महार्ह एवमिष्टादिभिः शब्दैर्न स्त्र्यादि-विषयतृष्णानिवृत्तिमात्रं स्तुत्यर्हं किं तर्हि ज्ञानस्य मोक्षसाधनत्वात्तदेवेष्टादिभिः स्तूयत इति केचित् । न स्त्र्यादिबाह्यविषयतृष्णापहत-चित्तानां प्रत्यगात्मविवेकविज्ञानानुपपत्तेः । **'पराञ्चि खानि व्यतृणत्स्वयम्भूस्तस्मात्पराङ् पश्यति नान्तरात्मन्'** (क.उप. २-१-१) इत्यादिश्रुतिस्मृतिशतेभ्यः । ज्ञानसहकारिकारणं स्त्रयादिविषयतृष्णानिवृत्तिसाधनं विधातव्यमेवेति युक्तैव तत्स्तुतिः । ★ ननु च यज्ञादिभिः स्तुतं ब्रह्मचर्यमिति यज्ञादीनां पुरुषार्थसाधनत्वं गम्यते । ★ सत्यं गम्यते, न त्विह ब्रह्मलोकं प्रति यज्ञादीनां साधनत्वमभिप्रेत्य यज्ञादिभिर्ब्रह्मचर्यं स्तूयते । किं तर्हि ? तेषां प्रसिद्धं पुरुषार्थसाधनत्वमपेक्ष्य । यथेन्द्रादिभी राजा न तु यत्रेन्द्रादीनां व्यापारस्तत्रैव राज्ञ इति तद्वत् । ★ य इमेऽर्णवादयो ब्राह्मलौकिकाः संकल्पजाश्च पित्रादयो भोगास्ते किं पार्थिवा आप्याश्च यथेह लोके दृश्यन्ते तद्वदर्णववृक्षपूःस्वर्णमण्डपान्याहोस्विन्मानसप्रत्ययमात्राणीति । ★ किञ्चातो यदि पार्थिवा आप्याश्च स्थूलाः स्युः ? ★ हृद्याकाशे समाधानानुपपत्तिः । पुराणे च मनोमयानि ब्रह्मलोके शरीरादीनीति वाक्यं विरुध्येत । **'अशोकमहिमम्'** (बृ.उप. ५-१०-१) इत्याद्याश्च श्रुतयः । ★ ननु समुद्राः सरितः सरांसि वाप्यः कूपा यज्ञा वेदा मन्त्रादयश्च मूर्तिमन्तो ब्रह्माणमुपतिष्ठन्त इति मानसत्वे विरुध्येत पुराणस्मृतिः । ★ न; मूर्तिमत्त्वे प्रसिद्धरूपाणामेव तत्र गमनानुपपत्तेः । तस्मा-त्प्रसिद्धमूर्तिव्यतिरेकेण सागरादीनां मूर्त्यन्तरं सागरादिभिरुपात्तं ब्रह्मलोकगन्तृ कल्पनीयम् । तुल्यायां च कल्पनायां यथाप्रसिद्धा एव मानस्य आकारवत्यः पुंस्त्र्याद्या मूर्तयो युक्ताः कल्पयितुं मानसदेहानुरूप्यसम्बन्धोपपत्ते दृष्टा हि मानस्य एवाकारवत्यः पुंस्त्र्याद्या मूर्तयः स्वप्ने । ★ ननु ता अनृता एव, **'त इमे सत्याः कामाः'** (छा.उप. ८-३-१) इति श्रुतिस्तथा सति विरुध्येत । ★ न; मानसप्रत्ययस्य सत्त्वोपपत्तेः । मानसा हि प्रत्ययाः स्त्रीपुरुषाद्याकाराः स्वप्ने दृश्यन्ते । ★ ननु जाग्रद्वासनारूपाः स्वप्नदृश्या न तु तत्र स्त्र्यादयः स्वप्ने विद्यन्ते । ★ अत्यल्पमिदमुच्यते । जाग्रद्विषया अपि मानसप्रत्ययाभिनिर्वृत्ता एव सदीक्षाभिनिर्वृत्ततेजोऽबन्नमयत्वाज्जाग्रद्विषयाणाम् । संकल्पमूला हि लोका इति चोक्तम् **'समक्लृपतां द्यावापृथिवी'** (छा.उप. ७-४-१) इत्यत्र । सर्वश्रुतिषु च प्रत्यगात्मन उत्पत्तिः प्रलयश्च तत्रैव स्थितिश्च **'यथा वा अरा नाभौ'** (छा.उप. ७-१५-१) इत्यादिनोच्यते । तस्मान्मानसानां बाह्यानां च विषयाणामितरेतरकार्यकारणत्वमिष्यत एव बीजाङ्कुरवत् । यद्यपि बाह्या एव मानसा मानसा एव च बाह्या नानृतत्वं तेषां कदाचिदपि स्वात्मनि भवति । ★ ननु स्वप्ने दृष्टाः प्रतिबुद्धस्यानृता भवन्ति विषयाः । ★ सत्यमेवम्; जाग्रद्बोधापेक्षं तु तदनृतत्वं न स्वतः । तथा स्वप्नबोधापेक्षं च जाग्रद्दृष्टविषयानृतत्वं न स्वतः । विशेषाकारमात्रं तु सर्वेषां मिथ्याप्रत्ययनिमित्तमिति वाचारम्भणं विकारो नामधेयमनृतं त्रीणि रूपाणीत्येव सत्यम् । तान्यप्याकारविशेषतोऽनृतं स्वतः सन्मात्ररूपतया सत्यम् । प्राक्सदात्मप्रतिबोधात् स्वविषयेऽपि सर्वं सत्यमेव स्वप्नदृश्या इवेति न कश्चिद्विरोधः । तस्मान्मानसा एव ब्राह्मलौकिका अरण्यादयः संकल्पजाश्च पित्रादयः कामाः । ★ बाह्यविषयभोगवदशुद्धिरहितत्वाच्छुद्धसत्त्वसंकल्पजन्या इति निरतिशयसुखाः सत्याश्चेश्वराणां भवन्तीत्यर्थः । सत्सत्यात्मप्रतिबोधेऽपि रज्ज्वामिव कल्पिताः सर्पादयः सदात्मस्वरूपतामेव प्रतिपद्यन्त इति सदात्मना सत्या एव भवन्ति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- ત્યાં બ્રહ્મલોકમાં જે એ 'અર' અને 'ણ્ય' નામવાળા બે સમુદ્ર કહેવાયા છે એને જે બ્રહ્મચર્યરૂપી સાધનથી પ્રાપ્ત કરે છે તેઓને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે, જેની વ્યાખ્યા પહેલાં થઈ ગઈ છે. એ બ્રહ્મચર્યરૂપી સાધનથી સંપન્ન બ્રહ્મજ્ઞાનીઓની સઘળા લોકોમાં ઇચ્છાનુસાર ગતિ થાય છે. (પરંતુ) બ્રહ્મચર્યમાં નહીં રહેનારા બીજા બાહ્ય વિષયમાં આસક્ત બુદ્ધિવાળાઓની ઇચ્છાનુસાર ગતિ ક્યારેય થતી નથી એવો અર્થ છે.

પરંતુ અહીં કેટલાક લોકોનો મત છે કે જે રીતે 'તું ઇન્દ્ર છે, તું યમ છે, તું વર છે.' વગેરે વાક્યોથી કોઈ પરમપૂજનીય પુરુષની સ્તુતિ કરવામાં આવે છે તે રીતે ઇષ્ટ વગેરે શબ્દોથી કેવળ સ્ત્રી વગેરે વિષય સંબંધી તૃષ્ણાની નિવૃત્તિની સ્તુતિ બરાબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

નથી. તો પછી શું છે ? - જ્ઞાન મોક્ષનું સાધન છે માટે ઇષ્ટ વગેરે શબ્દોથી તેની સ્તુતિ કરાય છે. પરંતુ આ મત બરાબર નથી કારણ કે સ્ત્રી વગેરે બાહ્ય વિષયોની તૃષ્ણાથી જેનું ચિત્ત હરી લેવાયું છે તેને પ્રત્યગાત્મવિષયક વિવેક જ્ઞાન થવું શક્ય નથી. આ વાત **'સ્વયંભૂ બ્રહ્માએ ઇન્દ્રિયોને બહિર્મુખ બનાવીને હણી નાંખી છે આથી જીવ બાહ્યવિષયોને જુએ છે અંતરાત્માને નહીં.'** (ક.ઉપ. ૨-૧-૧) વગેરે સેંકડો શ્રુતિઓથી સિદ્ધ થાય છે. માટે જ્ઞાનનું સહકારી કારણ સ્ત્રી વગેરે વિષય સંબંધી તૃષ્ણાની નિવૃત્તિરૂપ સાધનનું વિધાન કરવું જોઈએ. એ માટે તેની સ્તુતિ કરવી યોગ્ય જ છે.

પૂર્વપક્ષી :- પરંતુ બ્રહ્મચર્યની યજ્ઞ વગેરે રૂપે સ્તુતિ કરાઈ છે. માટે યજ્ઞ વગેરેનું પુરુષાર્થ-સાધનત્વ સિદ્ધ થાય છે.

સિદ્ધાન્તી :- સાચી વાત, થાય છે, (પરંતુ) અહીં બ્રહ્મલોક પ્રત્યે યજ્ઞ વગેરેનું સાધનત્વ છે એવા અભિપ્રાયથી યજ્ઞ વગેરે દ્વારા બ્રહ્મચર્યની સ્તુતિ કરાતી નથી. તો પછી શું ? એની પ્રસિદ્ધ એવાં પુરુષાર્થના સાધનત્વની અપેક્ષાએ (એ કરાય છે), જેમ ઇન્દ્ર વગેરે રૂપે રાજાની (સ્તુતિ કરાય છે). આનાથી એવું અભિપ્રેત નથી કે જ્યાં ઇન્દ્ર વગેરેનો વ્યાપાર છે ત્યાં રાજાનો પણ છે. તેવી રીતે.

આ જે બ્રહ્મલોક સંબંધી સમુદ્ર વગેરે અને સંકલ્પથી ઉદ્ભવેલ પિતૃલોક વગેરેના ભોગ છે તે - જેમ આ લોકમાં સમુદ્ર વૃક્ષ, નગરી અને સોનાના મંડપ જોવામાં આવે છે તેની જેમ પૃથ્વી અને જળના વિકાર છે અથવા કેવળ શું તે માનસિક પ્રતીતિ માત્ર છે ?

પૂર્વપક્ષી :- જો તે પાર્થિવ-પૃથ્વીના અને આપ્ય એટલે જળના (વિકારરૂપ) સ્થૂળ પદાર્થો હોય તો પણ શું ?

સિદ્ધાન્તી :- તેઓનું હૃદયાકાશમાં રહેવું શક્ય નથી. વળી પુરાણમાં કહ્યું છે કે બ્રહ્મલોકમાં જે શરીર વગેરે છે તે મનોમય છે. આ વાક્યનો વિરોધ આવશે. **'શોકરહિત છે, ઠંડો નથી'** (બૃ.ઉપ. ૫-૧૦-૧) વગેરે શ્રુતિઓ પણ છે.

પૂર્વપક્ષી :- પરંતુ એમને માનસિક માનવાથી **'સમુદ્ર, નદીઓ, સરોવર, વાપી, કૂવો, યજ્ઞ વેદ અને મંત્ર વગેરે મૂર્તિમાન બનીને બ્રહ્મા સમક્ષ ઉપસ્થિત રહે છે'** એવી પુરાણ-સ્મૃતિનો વિરોધ થશે.

સિદ્ધાન્તી :- ના, કારણ કે ત્યાં મૂર્તિમાન હોવા છતાં (સમુદ્ર વગેરેના) પ્રસિદ્ધ રૂપોનું ત્યાં ગમન શક્ય નથી. માટે સમુદ્ર વગેરેના પ્રસિદ્ધ રૂપથી જુદું સાગર વગેરેથી ગ્રહણ કરાયેલું કોઈ બીજું રૂપ બ્રહ્મલોકમાં ગમન કરનારું છે. એવું કલ્પવું પડશે. જ્યારે કલ્પના સરખી હોય ત્યારે જેવી પ્રસિદ્ધ છે. આકારવાળી પુરુષ-સ્ત્રી વગેરેની મૂર્તિઓની માનસિક કલ્પના કરવી જોઈએ, કારણ માનસદેહ સાથે તેને અનુરૂપ તેનો જ સંબંધ થવો શક્ય છે. સ્વપ્નામાં પુરુષ અને સ્ત્રી વગેરેની મૂર્તિઓ માનસિક આકારવાળી જોવામાં આવે છે.

પૂર્વપક્ષી :- પરંતુ એ તો મિથ્યા જ છે એવું થવાથી **'તે સત્યકામ છે'** (છા.ઉપ. ૮-૩-૧) આ શ્રુતિ સાથે વિરોધ આવશે.

સિદ્ધાન્તી :- ના, માનસિક અનુભવ સત્ય હોવો સંભવ છે. સ્ત્રી-પુરુષ વગેરે આકારો સ્વપ્નામાં માનસિક પ્રતીતિરૂપે જ દેખાય છે.

પૂર્વપક્ષી :- સ્વપ્નામાં દેખાતા પદાર્થો જાગૃતની વાસનારૂપ હોય છે ત્યાં સ્ત્રી વગેરે સ્વપ્નામાં હોતા નથી.

સિદ્ધાન્તી :- આ તમે ઘણું ઓછું બતાવો છો. જાગૃતના વિષયો પણ માનસિક પ્રતીતિઓથી જ સર્જાયા હોય છે કારણ જાગ્રત સમયના વિષયો સત્‌ના ઇક્ષણથી ઉત્પન્ન થયેલ તેજ, જળ અને અન્નમય હોય છે. **'તેણે પૃથ્વી અને દ્યુલોકની કલ્પના કરી'** (છા.ઉપ. ૭-૪-૧) વગેરે સ્થળે (કહેલું છે કે બધું કલ્પનામૂલક છે). દરેક શ્રુતિઓમાં **'જેવી રીતે નાભિમાં આરાઓ રહેલાં છે'** (છા.ઉપ. ૭-૧૫-૧) વગેરેથી એ સઘળા(પદાર્થો)ની ઉત્પત્તિ પ્રત્યગાત્માથી કહેવામાં આવી છે. માટે બીજા અને અંકુરની જેમ માનસિક અને બાહ્ય વિષયોનું એક બીજા માટે કાર્ય-કારણરૂપ હોવું સ્વીકારાય છે (જેમ બીજ અંકુરનું અને અંકુર બીજનું કારણ છે તેમ).

પૂર્વપક્ષી :- પરંતુ સ્વપ્નામાં જોયેલા વિષયો જાગ્રત (પુરુષ) માટે મિથ્યા બની જાય છે.

સિદ્ધાન્તી :- સાચું એમ (જ) છે, પરંતુ એનું એ મિથ્યાત્વ જાગ્રત અવસ્થાના જ્ઞાનની અપેક્ષાએ હોય છે, સ્વયં નથી હોતું. વળી સ્વપ્ના બોધની અપેક્ષાએ જાગ્રતમાં જોયેલાં વિષયોનું મિથ્યાત્વ હોય છે, તે સ્વયં નથી હોતું. સઘળા પદાર્થોનો જે વિશેષ આકારમાત્ર છે તે મિથ્યા જ્ઞાનનું કારણ છે કારણ વાણી ઉપર આધારિત વિકાર નામમાત્ર અને મિથ્યા છે. (આથી) ત્રણ રૂપ જ સત્ય છે. એ પણ આકાર વિશેષ હોવાથી સ્વતઃ તો મિથ્યા જ છે. પરંતુ સન્માત્ર હોવાથી સત્ય છે. સત્ એવા આત્માના પ્રતિબોધ એટલે જ્ઞાનની પૂર્વે સ્વપ્નામાં દેખાતા પદાર્થોની જેમ પોતાના ક્ષેત્રમાં એ બધા સત્ય છે, માટે કોઈ પણ પ્રકારનો વિરોધ નથી. તેથી બ્રહ્મલોક સંબંધી અરણ્ય વગેરે અને સંકલ્પથી ઉત્પન્ન થતા પિતૃઓ વગેરે કામો માનસિક જ છે.

બાહ્ય, વિષય ભોગોની જેમ અશુદ્ધિ વિનાના હોવાથી એ શુદ્ધ અંતઃકરણના સંકલ્પથી ઉત્પન્ન થનારા છે માટે ઈશ્વરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

સંકલ્પો આત્યંતિક સુખમય અને સત્ય હોય છે. એવો અર્થ છે. સત્ જ વાસ્તવિક આત્મા છે તેવું જ્ઞાન થવાથી એ રજ્જુમાં કલ્પેલા સાપ વગેરેની જેમ સદાત્મરૂપે એ સત્ય જ બને છે. ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये पञ्चमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ५ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના પાંચમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

षष्ठः खण्डः

शाङ्करभाष्यम् :- यस्तु हृदयपुण्डरीकगतं यथोक्तगुणविशिष्टं ब्रह्म ब्रह्मचर्यादिसाधनसम्पन्नस्त्यक्तबाह्यविषयानृततृष्णः सन्नुपास्ते तस्येयं मूर्धन्यया नाड्या गतिर्वक्तव्येति नाडीखण्ड आरभ्यते–

શાંકરભાષ્ય :- જે (સાધક) હૃદયકમળમાં રહેલા ઉપર્યુક્ત ગુણોથી વિશિષ્ટ એવા બ્રહ્મની (સ્વયં) બ્રહ્મચર્ય વગેરે સાધનોથી સંપન્ન અને બાહ્ય મિથ્યા વિષયોની તૃષ્ણાથી રહિત થઈને ઉપાસના કરે છે તેની આ મૂર્ધન્ય નાડીથી થતી ગતિ કહેવી જોઈએ એમ (માનીને) હવે આ નાડીખંડનો આરંભ કરવામાં આવે છે -

अथ या एता हृदयस्य नाड्यस्ताः पिङ्गलस्याणिम्नस्तिष्ठन्ति शुक्लस्य नीलस्य पीतस्य लोहितस्येत्यसौ वा आदित्यः पिङ्गल एष शुक्ल एष नील एष पीत एष लोहितः ॥ १ ॥

'હવે આ જે હૃદયની નાડિયો છે તે પીળા રંગની અણુમાં રહે છે એ સફેદ, નીલ, પીળા અને લાલ રસની છે. કારણ આદિત્ય પીળા રંગનો છે, આ સફેદ છે, આ નીલો છે, આ પીળો છે અને આ લાલ રંગનો છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ या एता वक्ष्यमाणा हृदयस्य पुण्डरीकाकारस्य ब्रह्मोपासनस्थानस्य सम्बन्धिन्यो नाड्यो हृदयमांसपिण्डात्सर्वतो विनिःसृता आदित्यमण्डलादिव रश्मयस्ताश्चैताः पिङ्गलस्य वर्णविशेषविशिष्टस्याणिम्नः सूक्ष्मरसस्य रसेन पूर्णास्तदाकारा एव तिष्ठन्ति वर्तन्त इत्यर्थः । ★ तथा शुक्लस्य नीलस्य पीतस्य लोहितस्य च रसस्य पूर्णा इति सर्वत्राध्याहार्यम् । सौरेण तेजसा पित्ताख्येन पाकाभिनिर्वृत्तेन कफेनाल्पेन सम्पर्कात्पिङ्गलं भवति सौरं तेजः पित्ताख्यम् । तदेव च वातभूयस्त्वान्नीलं भवति । तदेव च कफभूयस्त्वाच्छुक्लम् । कफेन समतायां पीतम् । शोणितबाहुल्येन लोहितम् । वैद्यकाद्वा वर्णाविशेषा अन्वेष्टव्याः, कथं भवन्तीति ? ★ श्रुतिस्त्वाहादित्यसम्बन्धादेव तत्तेजसो नाडीष्वनुगतस्यैते वर्णविशेषा इति । कथम् ? असौ वा आदित्यः पिङ्गलो वर्णत एष आदित्यः शुक्लोऽप्येष नील एष पीत एष लोहित आदित्य एव ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે આ કહેવામાં આવનાર બ્રહ્મની ઉપાસનાને આશ્રયે રહેલ આ પુંડરીક આકારના હૃદયની સાથે જોડાયેલી નાડિયો આદિત્યમંડળના કિરણો જેવી એ હૃદયરૂપી માંસ-પીંડમાંથી બધી બાજુએ નીકળેલી છે તે પિંગલ નામની એક વર્ણવિશેષથી યુક્ત અણિમા એટલે સૂક્ષ્મ રસની બનેલી છે. અર્થ એ છે કે એ બધી રસથી ભરેલી તદાકાર બનીને રહેલી છે.

વળી એ શ્વેત, નીલ, પીળા અને લાલ રસથી ભરેલી છે, એમ બધે અધ્યાહાર કરી લેવું જોઈએ. પિત્ત નામના સૌર એટલે સૂર્યના તેજથી પરિપક્વ થઈ થોડાક કફનો સંપર્ક થવાથી પિત્ત નામના સૌરતેજથી તે પીળા રંગની થઈ જાય છે. તે જ વાયુની અધિકતાથી નીલા રંગની બને છે. તે જ કફની અધિકતાથી સફેદ થાય છે. અને કફ (તથા વાયુની) સમતાને કારણે તે પીળી થાય છે. લોહીના બાહુલ્યથી અધિકતાથી એ લાલ થાય છે. વૈદ્યક શાસ્ત્રમાંથી આ વિશિષ્ટ વર્ણો કેવી રીતે થાય છે એનું અન્વેષણ (શોધ) કરવું જોઈએ.

શ્રુતિએ તો કહ્યું છે કે સૂર્યના સંબંધથી જ નાડિયોમાં રહેલા તેજના આ વર્ણવિશેષો છે. કેવી રીતે ? આ આદિત્ય રંગથી પીળો છે. આ આદિત્ય સફેદ છે. આ નીલો છે, આ પીળો છે, આ લાલ છે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तस्याध्यात्मं नाडीभिः कथं सम्बन्ध इत्यत्र दृष्टान्तमाह–

શાંકરભાષ્ય :- તેનો અધ્યાત્મ-શરીરની અંદર-નાડિયો સાથે સંબંધ કેવી રીતે થાય છે તેનું દૃષ્ટાન્ત કહે છે.

तद्यथा महापथ आतत उभौ ग्रामौ गच्छतीमं चामुं चैवमेवैता आदित्यस्य रश्मय उभौ लोकौ गच्छन्तीमं चामुं चामुष्मादादित्यात्प्रतायन्ते ता आसु नाडीषु सृप्ता आभ्यो नाडीभ्यः प्रतायन्ते तेऽमुष्मिन्नादित्ये सृप्ताः ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તે જેમ કોઈ વિસ્તરેલો મહાપથ-મોટો રસ્તો બન્ને ગામો તરફ જાય છે તેમ સૂર્યના કિરણો જાય છે. આ પુરુષમાં અને એ આદિત્યમંડળમાં એમ બન્ને લોકોમાં જાય છે. તે આ આદિત્યમાંથી નીકળી છે તે નાડિયોમાં વ્યાપેલ છે અને જે નાડિયોથી નીકળે છે તે આ આદિત્યમાં વ્યાપ્ત છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्र यथा लोके महान्विस्तीर्णः पन्था महापथ आततो व्याप्त उभौ ग्रामा गच्छतीमं च संनिहितममुं च विप्रकृष्टं दूरम्, एवं यथा दृष्टान्तो महापथ उभौ ग्रामौ प्रविष्टः, एवमेवैता आदित्यस्य रश्मय उभौ लोकावमुं चादित्यमण्डलमिमं च पुरुषं गच्छन्त्युभयत्र प्रविष्टाः, यथा महापथः । ★ कथम् ? अमुष्मादादित्यमण्डलात्प्रतायन्ते संतता भवन्ति, ता अध्यात्ममासु पिङ्गलादिवर्णासु यथोक्तासु नाडीषु सृप्ता गताः प्रविष्टा इत्यर्थः । आभ्यो नाडीभ्यः प्रतायन्ते प्रवृत्ताः संतानभूताः सत्यस्तेऽमुष्मिन् रश्मीनामुभयलिङ्गत्वात्त इत्युच्यन्ते ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે અહીં જેમ લોકમાં મોટો વિસ્તરેલો માર્ગ મહાપથ - પ્રસરેલો વ્યાપેલો આ નજીકના અને આ દૂરના એમ બન્ને ગામો તરફ જાય છે, એમ જેમ દૃષ્ટાન્તમાં કહ્યું છે તેમ મહાપથ બન્ને ગામોમાં પ્રવેશે છે તેમ આ આદિત્ય એટલે સૂર્યની રશ્મિઓ અર્થાત્ કિરણો બન્ને લોકમાં - એ આદિત્ય મંડલમાં અને આ પુરુષમાં જાય છે. જેમ મહાપથ તેમ આ બન્ને જગ્યાએ પ્રવેશેલી છે.

કેવી રીતે ? એ આ આદિત્ય મંડલમાંથી ફેલાય છે. તે શરીરમાં એ ઉપર્યુક્ત પીળા વગેરે રંગવાળી નાડિયોમાં સૃપ્ત-ગયેલ એટલે પ્રવેશ કરે છે. આ નાડિયોમાંથી વિસ્તરીને પ્રવૃત્ત થયેલી તે પેલામાં પ્રવેશે છે. 'રશ્મિ' શબ્દ બન્ને લિંગનો હોવાથી અહીં 'તે' એમ કહ્યું છે. (પહેલાં ताः કહેલું છે). ॥ ૨ ॥

तद्यत्रैतत्सुप्तः समस्तः सम्प्रसन्नः स्वप्नं न विजानात्यासु तदा नाडीषु सृप्तो भवति तं न कश्चन पाप्मा स्पृशति तेजसा हि तदा सम्पन्नो भवति ॥ ३ ॥

જ્યારે આ (પુરુષ) સુતો હોય - સારી રીતે લીન થયો હોય, યોગ્ય રીતે સ્વપ્નામાં બીજું કાંઈ જાણતો નથી ત્યારે એ આ નાડિયોમાં પ્રવેશે છે ત્યાં તેને કોઈ પાપ સ્પર્શતું નથી, ત્યારે તે તેજથી સંપન્ન થાય છે (ભર્યો ભર્યો થાય છે). ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तत्तत्रैवं सति यत्र यस्मिन् काल एतत्स्वपनमयं जीवः सुप्तो भवति । स्वापस्य द्विप्रकारत्वाद्विशेषणं समस्त इति; उपसंहृतसर्वकरणवृत्तिरित्येतत् । अतो बाह्यविषयसम्पर्कजनितकालुष्याभावात्सम्यक् प्रसन्नः सम्प्रसन्नो भवति । अत एव स्वप्नं विषयाकाराभासं मानसं स्वप्नप्रत्ययं न विजानाति नानुभवतीत्यर्थः । यदैवं सुप्तो भवत्यासु सौरतेजःपूर्णासु यथोक्तासु नाडीशु तदा सृप्तः प्रविष्टा नाडीभिर्द्वारभूताभिर्हृद्याकाशं गतो भवतीत्यर्थः । न ह्यन्यत्र सत्सम्पत्तेः स्वप्नादर्शनमस्तीति सामर्थ्यान्नाडीष्विति सप्तमी तृतीयया परिणम्यते । ★ तं सता सम्पन्नं न कश्चन न कश्चिदपि धर्माधर्मरूपः पाप्मा स्पृशतीति स्वरूपावस्थितत्वात्तदात्मनः । देहेन्द्रियविशिष्टं हि सुखदुःखकार्यप्रदानेन पाप्मा स्पृशतीति न तु सत्सम्पन्नं स्वरूपावस्थं कश्चिदपि पाप्मा स्प्रष्टुमुत्सहते; अविषयत्वात् । अन्यो ह्यन्यस्य विषयो भवति न त्वन्यत्वं केनचित्कुतश्चिदपि सत्सम्पन्नस्य । स्वरूपप्रच्यवनं त्वात्मनो जाग्रत्स्वप्नावस्थां प्रति गमनं बाह्यविषयप्रतिबोधोऽविद्याकामकर्मबीजस्य ब्रह्मविद्याहुताशादाहनिमित्तमित्यवोचाम षष्ठ एव तदिहापि प्रत्येतव्यम् । ★ यदैवं सुप्तः सौरेण तेजसा हि नाड्यन्तर्गतेन सर्वतः सम्पन्नो व्याप्तो भवति । अतो विशेषेण चक्षुरादिनाडीद्वारैर्बाह्यविषयभोगायाप्रसृतानि करणान्यस्य तदा भवन्ति । तस्मादयं करणानां निरोधात्स्वात्मन्येवावस्थितः स्वप्नं न विजानातीति युक्तम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- ત્યાં એવું થતાં એટલે એ અવસ્થામાં આમ બને ત્યારે - જે સમયે આ જીવ સ્વપ્નાવસ્થામાં સૂતેલો હોય છે. નિદ્રાના બે પ્રકાર હોવાથી 'समस्त' એવું વિશેષણ છે. સઘળી ઈન્દ્રિયોની વૃત્તિનો ઉપસંહાર થઈ ગયો હોય એવો અર્થ છે. આથી બાહ્ય વિષયોના સંપર્કથી જન્મનાર પાપનો અભાવ હોવાથી તે સમ્યક્-સારી રીતે પ્રસન્ન એટલે સમ્પ્રસન્ન બને છે. માટે સ્વપ્ન-વિષયોના આકારથી ભાસિત થનાર માનસિક સ્વપ્નાના પ્રત્યયો-વિચારોને જાણતો નથી, અનુભવતો નથી એવો અર્થ છે. જ્યારે આમ સૂતેલો હોય છે, ત્યારે સૌર-સૂર્યના તેજથી પૂર્ણ ભરેલી ઉપર કહેલી નાડિયોમાં સૃપ્તઃ એટલે પ્રવેશેલો અર્થાત્ નાડીરૂપી દ્વારથી હૃદયાકાશમાં ગયેલો બને છે. સત્સંપત્તિ એટલે સત્‌ને પ્રાપ્ત થયા વિના બીજે ક્યાંય સ્વપ્નનું અદર્શન થતું નથી. આના સામર્થ્યથી 'नाडीषु' એવી જે સપ્તમી વિભક્તિ છે તે તૃતીય વિભક્તિ (नाडीभिः) પરિણમે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તે સત્‌થી સંપન્ન થયેલા(પુરુષ)ને કોઈ ધર્મ-અધર્મરૂપ પાપ સ્પર્શતું નથી. કારણ આત્મા પોતાના સ્વરૂપમાં રહેલો હોય છે દેહ અને ઇન્દ્રિયોથી (વિશિષ્ટ જે હોય) તેને સુખ અને દુઃખરૂપ કાર્યને આપનાર પાપનો સ્પર્શ થાય છે. સત્‌થી સંપન્ન થયેલા સ્વરૂપમાં રહેલા આત્માને સ્પર્શ કરવા કોઈ પાપ ઉત્સાહિત થતું નથી. કારણ હવે એ તેનો વિષય નથી. જે અન્ય હોય તે અન્યનો વિષય બને પણ જે સત્‌થી સંપન્ન છે તેને માટે કોઈનાથી કોઈપણ રીતે અન્યત્વ રહેતું નથી. આત્માનું જાગ્રત કે સ્વપ્નાવસ્થા પ્રત્યે ગમન એ અને બાહ્ય વિષયોનો અનુભવ થવો એટલે તેના સ્વરૂપમાંથી ચ્યુત થવું એ અવિદ્યારૂપ કામકર્મબીજનું બ્રહ્મવિદ્યારૂપી અગ્નિના નિમિત્તે હોય છે. એવું અમે છઠ્ઠા અધ્યાયમાં કહેલું છે. એનો અહીં પણ વિશ્વાસ કરવો જોઈએ.

જ્યારે આમ (જીવ) સૂઈ જાય છે ત્યારે બધી બાજુએથી નાડીની અંદર રહેલા તેજથી સંપન્ન એટલે વ્યાપ્ત થાય છે, આથી તેની ઇન્દ્રિયો બાહ્ય વિષયોના ભોગ માટે ચક્ષુ વગેરે નાડિયોથી વિશેષરૂપે અપ્રસૃત એટલે નિરુદ્ધ થઈ જાય છે. માટે ઇન્દ્રિયોનો નિરોધ થવાથી પોતાના સ્વરૂપમાં જ રહેલો તે સ્વપ્નું જોતો નથી એ યોગ્ય છે. ॥ ૩ ॥

तत्रैवं सति– ત્યાં આમ હોવાથી –

अथ यत्रैतदबलिमानं नीतो भवति तमभित आसीना आहुर्जानासि मां जानासि मामिति स यावदस्माच्छरीरादनुत्क्रान्तो भवति तावज्जानाति ॥ ४ ॥

જ્યારે આ (જીવ) શરીરની अबलिमानम्- દુર્બળતાને પ્રાપ્ત થાય છે ત્યારે તેની ચારે બાજુ બેઠેલાઓ તેને કહે છે, 'મને ઓળખે છે ? મને ઓળખે છે ?' તે જ્યાં સુધી આ શરીરમાંથી ઉત્ક્રમણ કરતો નથી ત્યાં સુધી એ તેઓને જાણે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- अथ यत्र यस्मिन् कालेऽबलिमानमबलभावं देहस्य रोगादिनिमित्तं जरादिनिमित्तं वा कृशीभावमेतन्नयनं नीतः प्रापितो देवदत्तो भवति मुमूर्षुर्यदा भवतीत्यर्थः, तमभितः सर्वतो वेष्टयित्वासीना ज्ञातय आहुर्जानासि मां तव पुत्रं जानासि मां पितरं चेत्यादि । स मुमूर्षुर्यावदस्माच्छरीरादनुत्क्रान्तोऽनिर्गतो भवति तावत्पुत्रादीञ्जानाति ॥ ४ ॥

શાંકરભાષ્ય :- હવે જે સમયે દેવદત્ત अबलिमानम् એટલે દેહના રોગને કારણે અથવા વૃદ્ધાવસ્થાને કારણે અબલભાવ-બળહીનતા કે દુર્બળતાને - કૃશતાને પ્રાપ્ત થાય છે એટલે જ્યારે મરવાની ઇચ્છાવાળો બને છે ત્યારે તેની ચારેબાજુ ઘેરીને બેઠેલા જ્ઞાતિજનો તેને કહે છે, 'મને તમારા દીકરાને જાણો છો ? મને તારા પિતાને જાણે છે ? વગેરે. એ મરવાની ઇચ્છાવાળો (જીવ) જ્યાં સુધી આ શરીરમાંથી અનુત્ક્રાન્ત રહે છે. એટલે બહાર નથી નીકળી જતો ત્યાં સુધી પુત્ર વગેરેને જાણે છે. ॥ ૪ ॥

अथ यत्रैतदस्माच्छरीरादुत्क्रामत्यथैतैरेव रश्मिभिरूर्ध्वमाक्रमते स ओमिति वा होद्वा मीयते स यावत्क्षिप्येन्मनस्तावदादित्यं गच्छत्येतद्वै खलु लोकद्वारं विदुषां प्रपदनं निरोधोऽविदुषाम् ॥ ५ ॥

હવે જ્યારે એ આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે એ (સૂર્યના) કિરણોથી ઉપરની બાજુ જાય છે તે એવું (બોલીને ઊર્ધ્વલોક અથવા અધોલોકમાં) જાય છે. તે જેટલી વારમાં મન જાય તેટલી વારમાં આદિત્યલોકમાં પહોંચી જાય છે. આ (આદિત્ય) સાચે જ વિદ્વાનો માટે (બ્રહ્મ) લોકનું દ્વાર છે અને અવિદ્વાન માટે નિરોધ સ્થાન (= રોકનારું) છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथ यत्र यदैतत्क्रियाविशेषणमित्यस्माच्छरीरादुत्क्रामति । अथ तदतैरेव यथोक्ताभी रश्मिभिरूर्ध्वमाक्रमते यथाकर्मजितं लोकं प्रत्यविद्वान् । इतरस्तु विद्वान्यथोक्तसाधनसम्पन्नः स ओमित्योङ्कारेणात्मानं ध्यायन्यथापूर्वं वा हैव । उद्धोर्ध्वं वा विद्वांश्चेदितरस्तिर्यङ्वेत्यभिप्रायः । मीयते प्रमीयते गच्छतीत्यर्थः । ★ स विद्वानुत्क्रमिष्यन्यावत्क्षिप्येन्मनो यावता कालेन मनसः क्षेपः स्यात्तावता कालेनादित्यं गच्छति प्राप्नोति क्षिप्रं गच्छतीत्यर्थो न तु तावतैव कालेनेति विवक्षितम् । ★ किमर्थमादित्यं गच्छतीत्युच्यते । एतद्वै खलु प्रसिद्धं ब्रह्मलोकस्य द्वारं य आदित्यस्तेन द्वारभूतेन ब्रह्मलोकं गच्छति विद्वान् । अतो विदुषां प्रपदनं प्रपद्यते ब्रह्मलोकमनेन द्वारेणेति प्रपदनम् । निरोधनं निरोधोऽस्मादादित्यादविदुषां भवतीति निरोधः । सौरेण तेजसा देह एव निरुद्धाः सन्तो मूर्धन्यया नाड्या नोत्क्रमन्त एवेत्यर्थः । विष्वङ्ङन्या इति श्लोकात् ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હવે અહીં જે 'एतत्' છે તે ક્રિયાવિશેષણ છે. આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે તે અવિદ્વાન એટલે અજ્ઞાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પોતાના કર્મો અનુસાર મેળવેલા લોકોમાં ઉપર્યુક્ત કિરણો દ્વારા ઉપર ચઢે છે બીજો ઉપર દર્શાવેલા સાધનોથી સંપન્ન વિદ્વાન ૐ એમ ૐકારથી આત્માનું ધ્યાન કરતો (જાય છે) વિદ્વાન ઊર્ધ્વ ઊર્ધ્વ લોકોમાં અને તેનાથી બીજો એટલે અવિદ્વાન અધોગતિ પ્રાપ્ત કરે છે. મીયતે એટલે પ્રાપ્ત કરે છે એવો અર્થ છે.

એ ઉત્ક્રમણ કરનારો વિદ્વાન જેટલીવાર(સમય)માં મન પહોંચે એટલે જેટલા સમયમાં મનને લઈ જવાય છે તેટલા સમયમાં તે આદિત્યમાં જાય છે એટલે પહોંચે છે એટલે ઝડપથી - તત્કાલ પહોંચે છે. અહીં તેટલા જ સમયમાં પહોંચે છે એવું વિવક્ષિત નથી. (કહેવાની ઇચ્છા નથી).

શા માટે આદિત્યમાં જાય છે એ કહે છે. એ બ્રહ્મલોકનું પ્રસિદ્ધ દ્વાર છે જે આ આદિત્ય છે તે દ્વારરૂપ બનેલા(આદિત્ય)થી વિદ્વાન બ્રહ્મલોકમાં જાય છે. આથી વિદ્વાનોની પ્રાપ્તિ - આ દ્વારથી બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે. નિરોધન એટલે નિરોધ. આ આદિત્ય દ્વારા અવિદ્વાનોનો નિરોધ થાય છે. અવિદ્વાનો સૂર્યના તેજથી દેહમાં જ નિરુદ્ધ થઈ મૂર્ધન્ય નાડીથી ઉત્ક્રમણ નથી કરતા એવો અર્થ છે. 'विष्वङ्' વગેરે આગળના શ્લોક-મંત્ર મુજબ. ॥ ૫ ॥

तदेष श्लोकः । शतं चैका च हृदयस्य नाड्यस्तासां मूर्धानमभिनिःसृतैका । तयोर्ध्वमायन्नमृतत्वमेति विष्वङ्ङन्या उत्क्रमणे भवन्त्युत्क्रमणे भवन्ति ॥ ६ ॥

આ તે માટેનો શ્લોક-મંત્ર છે. હૃદયની સો અને એક એટલે એકસોને એક નાડિયો છે. તેમાંની એક મસ્તક તરફ પ્રસરેલી છે. તેનાથી ઉપરની બાજુ જનારો (જીવ) અમરત્વ પામે છે. બાકીની આમ-તેમ જનારી નાડિયો ફક્ત ઉત્ક્રમણ માટે હોય છે, ઉત્ક્રમણ માટે હોય છે. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- तदेतस्मिन्यथोक्तेऽर्थ एष श्लोको मन्त्रो भवति शतं चैका चैकोत्तरशतं नाड्य हृदयस्य मांसपिण्डभूतस्य सम्बन्धिन्यः प्रधानतो भवन्ति, आनन्त्याद्देहनाडीनाम् । तासामेका मूर्धानमभिनिःसृता विनिर्गता तयोर्ध्वमायन्नाच्छन्नमृतत्वममृतभावमेति विष्वङ्नानागतयस्तिर्यग्विसर्पिण्य ऊर्ध्वगाश्चान्या नाड्यो भवन्ति संसारगमनद्वारभूता न त्वमृतत्वाय किं तर्ह्युत्क्रमण एवोत्क्रान्त्यर्थमेव भवन्तीत्यर्थः । द्विरभ्यासःप्रकरणसमाप्त्यर्थः ॥ ६ ॥

શાંકરભાષ્ય :- તે આ ઉપરોક્ત અર્થમાં આ શ્લોક એટલે મંત્ર છે. સો અને એક એટલે એકસો એક નાડિયો એટલે માંસના પિંડરૂપ બનેલ હૃદયની સાથે મુખ્યતયા સંબદ્ધ છે. (મુખ્યતયા એટલા માટે અહીં કહ્યું છે કે) દેહની અંદર અનંત નાડિયો છે. તેમાંની એક મસ્તક તરફ નીકળેલી-પ્રસરેલી છે. તેના દ્વારા ઉપરની બાજુ જનારો (જીવ) અમરતાને પ્રાપ્ત કરે છે. બીજી નાડિયો विष्वङ् એટલે અનેક ગતિવાળી - આમતેમ જનારી અને ઊર્ધ્વગામી છે. એ સંસારમાં જવાના દ્વારરૂપ બનેલી હોવાથી તે અમરત્વની પ્રાપ્તિ માટે નથી. તો પછી કેવી છે ? એ ઉત્ક્રમણ અર્થાત્ ઉત્ક્રમણ માટે જ હોય છે એવો અર્થ છે. (उत्क्रमणे भवति એવું) બે વાર કહ્યું છે તે પ્રકરણની સમાપ્તિ સૂચવવા માટે છે. ॥ ૬ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये षष्ठखण्डभाष्यं सम्पूर्णम् ॥ ६ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના છઠ્ઠા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

सप्तमः खण्डः

शाङ्करभाष्यम् :- अथ य एष सम्प्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेत्युक्तम् । तत्र कोऽसौ सम्प्रसादः ? कथं वा तस्याधिगमः ? यथा सोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते, येन स्वरूपेणाभिनिष्पद्यते स किं लक्षण आत्मा ? सम्प्रसादस्य च देहसम्बन्धीनि रूपाणि ततो यदन्यत्कथं स्वरूपमित्येतेऽर्था वक्तव्या इत्युत्तरो ग्रन्थ आरभ्यते । आख्यायिका तु विद्याग्रहणसम्प्रदानविधिप्रदर्शनार्था विद्यास्तुत्यर्था च । राजसेवितं पानीयमितिवत् ।

શાંકરભાષ્ય :- હવે જે આ સંપ્રસાદ છે જે આ શરીરથી ઉપર ઊઠીને પરમ જ્યોતિને પ્રાપ્ત કરી સ્વસ્વરૂપને પ્રાપ્ત થાય છે તે આ આત્મા છે - એવું (આચાર્યે) કહ્યું. એ અમૃત છે, અભય છે અને એ બ્રહ્મ છે એવું કહેવાયું છે. ત્યાં આ સંપ્રસાદ કોણ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

? અથવા તેની પ્રાપ્તિ કેવી રીતે થાય છે ? જે રીતે તે આ શરીરમાંથી ઉત્થાન કરીને પરમ જ્યોતિને પ્રાપ્ત થઈ સ્વસ્વરૂપથી નિષ્પન્ન થાય છે અને જે સ્વરૂપથી નિષ્પન્ન થાય છે તે આત્મા કેવાં લક્ષણવાળો છે ? સંપ્રસાદના જે દેહસંબંધી રૂપો છે તેનાથી જુદો કેવી રીતે જુદા સ્વરૂપનો છે ? આ વાત કહેવી જોઈએ એ માટે આ પછીના ગ્રંથનો આરંભ કરવામાં આવે છે. અહીં આખ્યાયિકા વિદ્યાના ગ્રહણ અને દાનની વિધિ દર્શાવવા તથા વિદ્યાની સ્તુતિ માટે છે. જેમ 'આ પાણી રાજા દ્વારા સેવિત છે' એવું કહેવાય તેની માફક –

य आत्मापहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसंकल्पः सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः स सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामान्यस्तमात्मानमनुविद्य विजानातीति ह प्रजापतिरुवाच ॥ १ ॥

આ આત્મા પાપરહિત, જરારહિત, મૃત્યુ વિનાનો, શોક વિનાનો, ક્ષુધા વિનાનો, પિપાસા વગરનો સત્યકામ અને સત્યસંકલ્પ છે તેને શોધવો જોઈએ અને તેને સારી રીતે જાણવો જોઈએ. જે એને શોધીને જાણી લે છે તે સઘળા લોકોને અને સઘળી કામનાઓને પ્રાપ્ત કરે છે એવું પ્રજાપતિએ કહ્યું. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- य आत्मापहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसंकल्पः, यस्योपासनायोपलब्ध्यर्थं हृदयपुण्डरीकमभिहितम्, यस्मिन्कामाः समाहिताः सत्या अनृतापिधानाः, यदुपासनसहभावि ब्रह्मचर्यं साधनमुक्तम्, उपासनफलभूतकामप्रतिपत्तये च मूर्धन्यया नाड्या गतिरभिहिता सोऽन्वेष्टव्यः शास्त्राचार्योपदेशैर्ज्ञातव्यः स विशेषेण ज्ञातुमेष्टव्यो विजिज्ञासितव्यः स्वसंवेद्यतामापादयितव्यः । ★ किं तस्यान्वेषणाद्विजिज्ञासनाच्च स्यात् ? इत्युच्यते–स सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामान्यस्तमात्मानं यथोक्तेन प्रकारेण शास्त्राचार्योपदेशेनान्विष्य विजानाति स्वसंवेद्यतामापादयति तस्यैतत्सर्वलोककामावाप्तिः सर्वात्मता फलं भवतीति ह किल प्रजापतिरुवाच । ★ अन्वेष्टव्यो विजिज्ञासितव्य इति चैष नियमविधिरेव नापूर्वविधिः । एवमन्वेष्टव्यो विजिज्ञासितव्य इत्यर्थः । दृष्टार्थत्वादन्वेषणविजिज्ञासनयोः । दृष्टार्थत्वं च दर्शयिष्यति नाहमत्र भोग्यं पश्यामीत्यनेनासकृत् । पररूपेण च देहादिधर्मैरवगम्यमानस्यात्मनः स्वरूपाधिगमे विपरीताधिगमनिवृत्तिदृष्टं फलमिति नियमार्थतैवास्य विधेर्युक्ता न त्वग्निहोत्रादीनामिवापूर्वविधित्वमिह सम्भवति ॥ १ ॥

શાંકરભાષ્ય :- જે આત્મા પાપરહિત, જરારહિત, મૃત્યુ વિનાનો, શોક વિનાનો, ક્ષુધા વિનાનો અને પિપાસા વગરનો સત્યકામ અને સત્યસંકલ્પ છે જેની ઉપાસના માટે એટલે ઉપલબ્ધિ-પ્રાપ્તિ માટે હૃદયપુંડરીક છે એવું કહેવાયું છે, જેની અંદર અનૃત-મિથ્યાત્વથી ઢંકાયેલી સઘળી કામનાઓ અને સત્યો રહેલાં છે જેની ઉપાસનાની સાથે રહેનારું બ્રહ્મચર્ય સાધન કહેવાયું છે. ઉપાસનાના ફળરૂપ બનેલ કામની પ્રાપ્તિ માટે મૂર્ધન્ય નાડી દ્વારા ગતિ દર્શાવાઈ છે, તેનું અન્વેષણ કરવું જોઈએ એટલે શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશથી તેને જાણવો જોઈએ. તેને વિશેષરૂપે સારી રીતે જાણવો ઇષ્ટ છે, તેથી તેને સારી રીતે જાણવો જોઈએ - સ્વસંવેદ્યતાને પ્રાપ્ત કરવી જોઈએ.

તેના અન્વેષણથી અને સારી રીતે જાણવાથી શું થાય ? તો કહે છે - તે સર્વ લોકને મેળવે છે, સઘળી કામનાઓને પ્રાપ્ત કરે છે, જે તે આત્માને ઉપર કહેલી રીતે શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશથી શોધીને જાણે છે, એટલે સ્વસંવેદ્યતાને પ્રાપ્ત કરે છે તેને આ સર્વ લોક અને કામનાઓની પ્રાપ્તિ સર્વાત્મતારૂપી ફળ મળે છે. એવું પ્રજાપતિએ કહ્યું.

'તેનું અન્વેષણ કરવું જોઈએ, તેને સારી રીતે જાણવો જોઈએ. આ નિયમવિધિ છે, અપૂર્વ વિધિ નથી. એનું આ રીતે અન્વેષણ કરવું જોઈએ. આમ સારી રીતે જાણવું જોઈએ. એવો અર્થ છે અન્વેષણ અને વિજિજ્ઞાસા (બન્ને) દૃષ્ટાર્થ છે. (એનું પરિણામ નજરે જોઈ શકાય તેવું છે) એનું દૃષ્ટાર્થત્વ 'હું અહીં ભોગ જોતો નથી' એમ (ઇન્દ્રના વાક્યથી) શ્રુતિ વારંવાર દર્શાવશે. દેહાદિ ધર્મોથી અવગમ્યમાન એટલે જ્ઞાત થનાર આત્માના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતાં વિપરીત જ્ઞાનની નિવૃત્તિ એ તેનું દૃષ્ટ ફળ છે. આથી તેની વિધિ નિયમાર્થક હોય તે જ યોગ્ય છે, અગ્નિહોત્ર વગેરેની જેમ એનું અપૂર્વવિધિ હોવું સંભવિત નથી. ॥ ૧ ॥

तद्धोभये देवासुरा अनुबुबुधिरे ते होचुर्हन्त तमात्मानमन्विच्छामो यमात्मानमन्विष्य सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामानितीन्द्रो हैव देवानामभिप्रवव्राज विरोचनोऽसुराणां तौ हासंविदानावेव समित्पाणी प्रजापतिसकाशमाजग्मतुः ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

તે બે દેવો અને અસુરોએ (પ્રજાપતિના કહેવા) પછી જાણ્યું. તેઓ કહેવા લાગ્યા - 'અમે એ આત્માને જાણવા ઇચ્છીએ છીએ. જે આત્માને જાણીને (સાધક) સર્વ મેળવે છે. સઘળી કામનાઓ પ્રાપ્ત કરે છે.' એમ (નિશ્ચય કરી) દેવોનો (રાજા) ઈન્દ્ર અને અસુરોનો (રાજા) વિરોચન (પ્રજાપતિ પાસે) ગયા. તે બન્ને પરસ્પર ઈર્ષ્યા કરતા હાથમાં સમિત્ લઈ પ્રજાપતિ પાસે ગયા. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तद्धोभय इत्याद्याख्यायिकाप्रयोजनमुक्तम् । तद्ध किल प्रजापतेर्वचनमुभये देवासुरा देवाश्चासुराश्च देवासुरा अनु परम्परागतं स्वकर्णगोचरापन्नमनुबुबुधिरेऽनुबुद्धवन्तः । ★ ते चैतत्प्रजापतिवचो बुद्ध्वा किमकुर्वन्नित्युच्यते–ते होचुरुक्तवन्तोऽन्योऽन्यं देवाः स्वपरिषद्यसुराश्च हन्त यद्यनुमतिर्भवतां प्रजापतिनोक्तं तमात्मानमन्विच्छामोऽन्वेषणं कुर्मो यमात्मानमन्विष्य सर्वांश्च कामानित्युक्त्वेन्द्रो हैव राजैव स्वयं देवानामितरान्देवांश्च भोगपरिच्छदं च सर्वं स्थापयित्वा शरीरमात्रेणैव प्रजापतिं प्रत्यभिप्रवव्राज प्रगतवांस्तथा विरोचनोऽसुराणाम् । ★ विनयेन गुरवोऽभिगन्तव्या इत्येतद्दर्शयति, त्रैलोक्यराज्याच्च गुरुतरा विद्येति । यतो देवासुरराजौ महार्हभोगार्हौ सन्तौ तथा गुरुमभ्युगतवन्तौ । तौ ह किलासंविदानावेवान्योऽन्यं संविदमकुर्वाणौ विद्याफलं प्रत्यन्योन्यमीर्ष्यां दर्शयन्तौ समित्पाणी समिद्धारहस्तौ प्रजापतिसकाशमाजग्मतुरागतवन्तौ ॥ २ ॥

શાંકરભાષ્ય :- 'તદ્ધોભય' વગેરે આખ્યાયિકાનું પ્રયોજન આગળ કહી દીધું છે. પરંપરાથી આવેલું અને (પોતપોતાના) કર્ણનો વિષય બનેલું પ્રજાપતિનું વચન તે દેવ અને અસુર બન્નેએ જાણી લીધું.

પ્રજાપતિનું એ વચન સાંભળીને તેઓએ શું કર્યું એ કહે છે - તે દેવો અને અસુરોએ પોતપોતાની પરિષદ(સભા)માં એક બીજાને કહ્યું, 'અરે ! જો આપની અનુમતિ હોય તો અમે પ્રજાપતિએ કહેલા તે આત્માનું અન્વેષણ કરીએ કે જે આત્માને જાણીને (સાધક) સઘળા લોકોને અને સઘળી કામનાને મેળવે છે.' એમ કહીને સ્વયં દેવોનો રાજા ઈન્દ્ર ભોગની સઘળી સામગ્રી દેવોમાં સ્થાપીને કેવળ શરીરથી પ્રજાપતિની પાસે ગયો, અને અસુરોનો (રાજા) વિરોચન પણ ગયો.

ગુરુજનો પાસે વિનયથી જવું જોઈએ એ વાત બતાવે છે - વિદ્યા ત્રણે લોકના રાજ્ય કરતાં વધુ મહત્ત્વની છે. આથી દેવો અને અસુરોના બન્ને રાજાઓ મહાન ભોગને યોગ્ય હતા છતાં (તે બધું છોડીને) ગુરુની સમીપ ગયા. કહેવાય છે (किल) કે તેઓ પરસ્પર असंविदानौ - સદ્ભાવ નહીં રાખતા એટલે વિદ્યાના ફળની બાબતમાં એક બીજા પ્રત્યે ઈર્ષ્યા દર્શાવતા સમિત્ પાણિ એટલે હાથમાં સમિધ લઈને પ્રજાપતિની પાસે ગયા. ॥ ૨ ॥

तौ ह द्वात्रिꣳशतं वर्षाणि ब्रह्मचर्यमूषतुस्तौ ह प्रजापतिरुवाच किमिच्छन्तावावास्तमिति तौ होचतुर्य आत्मापहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसंकल्पः सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः स सर्वाꣳश्च लोकानाप्नोति सर्वाꣳश्च कामान् यस्तमात्मानमनुविद्य विजानातीति भगवतो वचो वेदयन्ते तमिच्छन्तावावास्तमिति ॥ ३ ॥

તે બન્નેએ બત્રીસ વર્ષ સુધી બ્રહ્મચારી બનીને વાસ કર્યો પછી બૃહસ્પતિએ તેઓને કહ્યું, 'તમે કઈ ઇચ્છાથી રહ્યા છો ?' તે બન્નેએ કહ્યું. 'જે પાપરહિત, જરારહિત, મૃત્યુ વિનાનો, શોકરહિત, ક્ષુધારહિત, તૃષાહીન, સત્યકામ, સત્યસંકલ્પ છે તેને શોધવો જોઈએ. તેને વિશેષરૂપે જાણવો જોઈએ. જે તેને શોધીને જાણે છે તે સઘળા લોકોને પ્રાપ્ત કરે છે. સઘળી કામનાઓને મેળવે છે. ભગવાનના વાક્યને શિષ્ટજનો જણાવે છે તેને જાણવાની ઇચ્છાથી અમે અહીં રહ્યા છીએ. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तौ ह गत्वा द्वात्रिंशतं वर्षाणि शुश्रूषापरौ भूत्वा ब्रह्मचर्यमूषतुरुषितवन्तौ । अभिप्रायज्ञः प्रजापतिस्तावुवाच किमिच्छन्तौ किं प्रयोजनमभिप्रेत्येच्छन्तावावास्तमुषितवन्तौ युवामितीत्युक्तौ तौ होचतुः–य आत्मेत्यादि भगवतो वचो वेदयन्ते शिष्टा अतस्तमात्मानं ज्ञातुमिच्छन्तावावास्तमिति । यद्यपि प्राक् प्रजापतेः समीपागमनादन्योन्यमीर्ष्यायुक्तावभूतां तथापि विद्याप्राप्तिप्रयोजनगौरवात्त्यक्तरागद्वेषमोहेर्ष्यादिदोषावेव भूत्वोषतुर्ब्रह्मचर्यं प्रजापतौ । तेनेदं प्रख्यापितमात्मविद्यागौरवम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે બન્નેએ ત્યાં જઈને બત્રીસ વર્ષ સુધી સેવામાં પરાયણ થઈને બ્રહ્મચારી બનીને નિવાસ કર્યો. તેઓના અભિપ્રાયને જાણનારા પ્રજાપતિએ તેમને કહ્યું, 'શું ઇચ્છા કરતા - કયા પ્રયોજનના અભિપ્રાયથી - શું ચાહતા તમે અહીં રહ્યા છો ?' આમ કહેવામાં આવતાં તે બન્ને બોલ્યા, 'શિષ્ટ જનો ભગવાનનું - શ્રીમાનનું 'य आत्मा' વગેરે વાક્ય બતાવે છે. તે આત્માને જાણવા માટે અમે રહ્યા છીએ. જો કે પ્રજાપતિ પાસે આવતાં પહેલાં એક બીજા તરફ ઈર્ષ્યાવાળા હતા તો પણ વિદ્યાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

પ્રાપ્તિના પ્રયોજનના ગૌરવને કારણે (હવે) રાગ, દ્વેષ, મોહ, ઈર્ષ્યા વગેરે દોષોને ત્યજી દેનારા બનીને તે બન્નેએ બ્રહ્મચારી થઈને વાસ કર્યો હતો. આનાથી આત્મવિદ્યાના ગૌરવને જાહેર કરવામાં આવ્યું. ॥ ૩ ॥

तौ ह प्रजापतिरुवाच य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद् ब्रह्मेत्यथ योऽयं भगवोऽप्सु परिख्यायते यश्चायमादर्शे कतम एष इत्येष उ एवैषु सर्वेष्वन्तेषु परिख्यायत इति होवाच ॥ ४ ॥

તે બન્નેને પ્રજાપતિએ કહ્યું, 'જે આ આંખોમાં જે પુરુષ દેખાય છે તે આ આત્મા છે. એ અમૃત છે, એ અભય છે, એ બ્રહ્મ છે.' (પેલા બન્નેએ કહ્યું) 'ભગવન્ ! આ જે જળમાં જણાય છે અને જે દર્પણમાં દેખાય છે તેમાંથી આ ક્યાં (આત્મા) છે ? (ત્યારે પ્રજાપતિ) બોલ્યા ! આ એ જ સહુમાં જણાય છે તે (આત્મા છે). ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तावेवं तपस्विनौ शुद्धकल्मषौ योग्यावुपलक्ष्य प्रजापतिरुवाच ह । य एषोऽक्षिणि पुरुषो निवृत्तचक्षुर्भिर्मृदितकषायैर्दृश्यते योगिभिर्द्रष्टा । एष आत्मापहतपाप्मादिगुणो यमवोचं पुराहं यद्विज्ञानात्सर्वलोककामावाप्तिरेतदमृतं भूमाख्यम् । अत एवाभयमत एव ब्रह्म वृद्धतममिति । ★ अथैतत्प्रजापतिनोक्तमक्षिणि पुरुषो दृश्यत इति वचः श्रुत्वा छायारूपं पुरुषं जगृहतुः । गृहीत्वा च दृढीकरणाय प्रजापतिं पृष्टवन्तौ । अथ योऽयं हे भगवोऽप्सु परिख्यायते परिसमन्ताज्ज्ञायते यश्चायमादर्शे आत्मनः प्रतिबिम्बाकारः परिख्यायते खड्गादौ च कतम एष एषां भवद्भिरुक्तः किं वैक एव सर्वेष्विति । ★ एवं पृष्टः प्रजापतिरुवाच—एष उ एव यश्चक्षुषि द्रष्टा मयोक्त इति । एतन्मनसि कृत्वैषु सर्वेष्वन्तेषु मध्येषु परिख्यायत इति होवाच । ★ ननु कथं युक्तं शिष्ययोर्विपरीतग्रहणमनुज्ञातुं प्रजापतेर्विगतदोषस्याचार्यस्य सतः ? ★ सत्यमेवं नानुज्ञातम् । ★ कथम्— ★ आत्मन्यध्यारोपितपाण्डित्यमहत्त्वबोद्धृत्वौ हीन्द्रविरोचनौ तथैव च प्रथितौ लोके । तौ यदि प्रजापतिना मूढौ युवां विपरीतग्राहिणावित्युक्तौ स्यातां ततस्तयोश्चित्ते दुःखं स्यात्तज्जनिताच्च चित्तावसादात्पुनः प्रश्नश्रवणग्रहणावधारणं प्रत्युत्साहविघातः स्यादतो रक्षणीयौ शिष्याविति मन्यते प्रजापतिः । गृह्णीतां तावत्तदुदशरावदृष्टान्तेनापनेष्यामीति च । ★ ननु न युक्तमेष उ एवेत्यनृतं वक्तुम् । ★ न चानृतमुक्तम् । ★ कथम् ? ★ आत्मनोक्तोऽक्षिपुरुषो मनसि सन्निहिततरः शिष्यगृहीताच्छायात्मनः । **'सर्वेषां चाभ्यन्तरः'** इति श्रुतेः । तमेवावोचदेष उ एवेत्यतो नानृतमुक्तं प्रजापतिना तथा च तयोर्विपरीतग्रहणनिवृत्त्यर्थं ह्याह ॥ ४ ॥

શાંકરભાષ્ય :- તે બેન્નેને એ રીતે તપસ્વી, વિશુદ્ધ કલ્મષ એટલે (પાપ જવાથી શુદ્ધ થયેલા) અને (ઉપદેશ કરવા) યોગ્ય જાણીને પ્રજાપતિ બોલ્યા, 'જે આ આંખમાં પુરુષ વિષયોમાંથી પાછી વળેલી ઈન્દ્રિયોવાળા, નાશ પામેલા કષાય (પાપવાળા) યોગીઓ દ્વારા દ્રષ્ટા-પુરુષ દેખાય છે તે પાપરહિત વગેરે જેને માટે પૂર્વે મેં કહ્યું છે, તે આત્મા છે, જેને જાણવાથી સર્વલોક અને કામનાઓની પ્રાપ્તિ થાય છે. એ ભૂમા નામનું અમૃત છે. માટે જ એ અભય છે, બ્રહ્મ છે, એટલે વૃદ્ધતમ (સહુથી વધુ વૃદ્ધિ પામેલ) છે.

હવે પ્રજાપતિ દ્વારા કહેવાયેલ, 'આ આંખમાં જે પુરુષ દેખાય છે' એવું વચન સાંભળીને છાયારૂપ પુરુષને (આત્મા તરીકે) સ્વીકારી લીધો. સ્વીકારીને (પોતાના મંતવ્યને) દૃઢ કરવા માટે તે બન્નેએ પ્રજાપતિને પૂછ્યું. 'હે ભગવન્ ! હવે જે આ જળમાં 'परिख्यायते' 'परि' - એટલે ચારે બાજુથી 'ख्यायते' જણાય છે. જે આ અરિસામાં પોતાના પ્રતિબિંબના આકારે દેખાય છે કે તલવાર વગેરેમાં (જણાય છે) તેમાંથી આપે દર્શાવેલ આત્મા કયો છે ? શું એ આ બધામાં એક જ છે ?

આમ પૂછવામાં આવેલી પ્રજાપતિએ કહ્યું, મેં જે આંખની અંદર દ્રષ્ટા કહ્યો છે તે એ જ છે.' આ (વસ્તુ) મનમાં રાખીને તે બોલ્યા કે આ (દ્રષ્ટા) બધાની અંદર દેખાય છે.

પૂર્વપક્ષી :- નિર્દોષ આચાર્ય એવા પ્રજાપતિએ પોતાના શિષ્યોને (આત્માની બાબતમાં) વિપરીત ગ્રહણ-ઉલટું સમજવાનું અનુમોદન આપ્યું તે કેવી રીતે યોગ્ય ગણાય ?

સિદ્ધાન્તી :- સાચું છે, (પરંતુ પ્રજાપતિએ) એનું અનુમોદન નથી કર્યું.

પૂર્વપક્ષી :- કેવી રીતે ?

સિદ્ધાન્તી :- ઇન્દ્ર અને વિરોચન બંને એ પોતાના અંદર પાંડિત્ય, મહત્ત્વ અને જ્ઞાતૃત્વનો આરોપ કર્યો હતો અને તે રીતે તેઓ લોકમાં જાણીતા હતા. હવે જો તે બન્નેને તમે મૂર્ખ અને વિપરીત ગ્રહણ કરનારા છો' એવું કહ્યું હોત તો તેમના મનમાં દુઃખ થાત અને અને તેનાથી ઉત્પન્ન થયેલા માનસિક અવસાદથી ફરીથી પ્રશ્ન કરવા, સાંભળવા ગ્રહણ કરવા કે અવધારણ કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

માટે તેમના ઉત્સાહ ઉપર પ્રહાર થાત. આથી શિષ્યોનું રક્ષણ કરવું જોઈએ એમ પ્રજાપતિ માને છે. વિપરીત ગ્રહણ કરનાર તેઓને પાણી શકોરું વગેરેના દૃષ્ટાન્તથી હું એમની ભ્રાન્તિ દૂર કરીશ.

પૂર્વપક્ષી :- પરંતુ 'આ એ (આત્મા) છે' એવું જુઠું બોલવું બરાબર નથી.

સિદ્ધાન્તી :- ના, જુઠું નથી બોલ્યા.

પૂર્વપક્ષી :- કેવી રીતે ? શિષ્યોએ ગ્રહણ કરેલો છાયારૂપ આત્મા તેઓની અત્યન્ત નજીક છે 'સહુ કોઈની અંદર (આત્મા રહેલો છે) એવી શ્રુતિ છે. તે જ આ આત્મા છે એમ પ્રજાપતિએ કહ્યું છે તે જુઠું નથી કહ્યું. અને તેઓના વિપરીત ગ્રહણને દૂર કરવા માટે તેઓએ કહ્યું (જે હવે પછીના મંત્રમાં આવે છે.'). ॥ ૪ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये सप्तमखण्डबाष्यं सम्पूर्णम् ॥ ७ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના સાતમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

अष्टमः खण्डः

उदशराव आत्मानमवेक्ष्य यदात्मनो न विजानीथस्तन्मे प्रब्रूतमिति तौ होदशरावेऽवेक्षाञ्चक्राते तौ ह प्रजापतिरुवाच किं पश्यथ इति तौ होचतुः सर्वमेवेदमावां भगव आत्मानं पश्याव आ लोमभ्य आ नखेभ्यः प्रतिरूपमिति ॥ १ ॥

'પાણીથી ભરેલા શકોરામાં પોતાની જાતને જોઈને તમે આત્માની બાબતમાં જે ન જાણી શકો તે કહો' (એવું પ્રજાપતિએ કહ્યું) તે બન્ને એ જળથી ભરેલા શકોરાં જોયા. પ્રજાપતિએ પૂછ્યું. 'તમે શું જુઓ છો ?' તે બન્ને બોલ્યા, હે ભગવન્ ! આ રોમથી માંડી-નખથી માંડી સઘળા આત્માને પ્રતિબિંબરૂપે જોઈએ છીએ. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- उदशराव उदकपूर्णे शरावादावात्मानमवेक्ष्यानन्तरं यत्तत्रात्मानं पश्यन्तौ न विजानीथस्तन्मे मम प्रब्रूतमाचक्षीयाथामित्युक्तौ तौ ह तथैवोदशरावेऽवेक्षाञ्चक्राते अवेक्षणं चक्रतुस्तथा कृतवन्तौ । तौ ह प्रजापतिरुवाच किं पश्यथ इति ? ★ ननु तन्मे प्रब्रूतमित्युक्ताभ्यामुदशरावेऽवेक्षणं कृत्वाप्रजापतये न निवेदितमिदमावाभ्यां न विगदितमित्यनिवेदिते चाज्ञानहेतौ ह प्रजापतिरुवाच—किं पश्यथ इति ? तत्र कोऽभिप्राय इति । ★ उच्यते—नैव तयोरिदमावयोरविदितामत्याशङ्का-भूच्छायात्मन्यात्मप्रत्ययो निश्चित एवासीत् । येन वक्ष्यति—**'तौ ह शान्तहृदयौ प्रवव्रजतुः'** इति । न ह्यनिश्चितेऽभिप्रेतार्थे प्रशान्तहृदयत्वमुपपद्यते । तेन नोचतुरिदमावाभ्यामविदितमिति । विपरीतग्राहिणौ च शिष्यावनुपेक्षणीयाविति स्वयमेव पप्रच्छ किं पश्यथ इति ? विपरीतनिश्चयापनयाय च वक्ष्यति साध्वलङ्कृतावित्येवमादि । ★ तौ होचतुः—सर्वमेवेदमावां भगव आत्मानं पश्याव आ लोमभ्य आ नखेभ्यः प्रतिरूपमिति, यथैवावां हे भगवो लोमनखादिमन्तौ स्वः, एवमेवेदं लोमनखादिसहितमावयोः प्रतिरूपमुदशरावे पश्याव इति ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'उदशरावे - જળથી ભરેલાં શકોરામાં જાતને જોયાં પછી ત્યાં આત્માને જોવા છતાં જે તમે ન સમજી શકો તે મને કહો - જણાવો.' આમ કહેવામાં આવતાં તે બન્નેએ તે રીતે પાણીથી ભરેલાં શકોરામાં જોયું. એટલે તે પ્રમાણે કહ્યું. તે બન્નેને પ્રજાપતિએ પૂછ્યું. 'શું જુઓ છો ?'

પૂર્વપક્ષી :- પરંતુ 'तन्मे ब्रूत - એ મને કહેજો' આમ કહેવાયેલાં એ બેએ જળપૂર્ણ શકોરામાં જોઈને પ્રજાપતિને એવું નિવેદન નથી કર્યું કે, 'આ અમને સમજાયું નથી.' આમ અજ્ઞાનનું કારણ ન હોવાથી પણ પ્રજાપતિએ કહ્યું 'તમે શું જુઓ છો ?' તો એનો શું અભિપ્રાય છે ?

સિદ્ધાન્તી :- એનો ઉત્તર કહેવામાં આવે છે. તે બન્નેને એવી કોઈ શંકા નથી થઈ કે અમુક વાત અમે જાણતા નથી. છાયાત્મામાં એમની પ્રતીતિ નિશ્ચિત જ હતી. તેથી શ્રુતિ કહે છે. 'તે બન્ને શાંત હૃદયના થઈ ચાલ્યા ગયા.' અભિપ્રેત(વસ્તુ)નો નિશ્ચય ન થાય ત્યાં સુધી શાંતહૃદય થવું શક્ય નથી. માટે તેઓએ એમ નથી કહ્યું કે આ વાત અમને જણાઈ નથી. ઉલટું ગ્રહણ કરનારા બન્ને શિષ્યોની ઉપેક્ષા ન કરવી જોઈએ એમ માનીને (પ્રજાપતિએ) પોતે પૂછ્યું 'તમે શું જુઓ છો ? તેમના વિપરીત નિશ્ચયને દૂર કરવા એ હવે કહેશે साधु अलकृतौ વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

તે બન્ને બોલ્યા, 'હે ભગવન્ ! અમે બન્ને આત્માને રોમ અને નખ સુધી જેવો છે તેવો જોઈએ છીએ. હે ભગવન્ ! અમે રોમ અને નખવાળા છીએ તેવા રોમ અને નખ સહિત અમારી છાયાને અમે જળના શકોરામાં જોઈએ છીએ. ॥ ૧ ॥

तौ ह प्रजापतिरुवाच साध्वलङ्कृतौ सुवसनौ परिष्कृतौ भूत्वोदशरावेऽवेक्षेथामिति तौ ह साध्वलङ्कृतौ सुवसनौ परिष्कृतौ भूत्वोदशरावेऽवेक्षाञ्चक्राते तौ ह प्रजापतिरुवाच किं पश्यथ इति ॥ २ ॥

તે બન્નેને પ્રજાપતિએ કહ્યું, 'તમે બન્ને સારી રીતે (તમારી જાતને) શણગારીને, સુંદર વસ્ત્રો પહેરીને પરિષ્કૃત બની જળના શકોરામાં જુઓ. પછી તે બન્નેએ સારી રીતે (જાતને) શણગારી, સુંદર વસ્ત્રો પહેરી, પરિષ્કૃત બની જળ ભરેલા શકોરામાં જોયું. તેમને પ્રજાપતિએ પૂછ્યું, 'તમે શું જુઓ છો ?' ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- तौ ह पुनः प्रजापतिरुवाच—छायात्मनिश्चयापनयाय साध्वलङ्कृतौ यथा स्वगृहे सुवसनौ महार्हवस्त्रपरिधानौ परिष्कृतौ छिन्नलोमनखौ च भूत्वोदशरावे पुनरीक्षेथामिति । इह च नादिदेश यदज्ञातं तन्मे प्रब्रूतमिति । कथं पुनरनेन साध्वलङ्कारादि कृत्वोदशरावेऽवेक्षणेन तयोश्छायात्मग्रहोऽपनीतः स्यात् । ★ साध्वलङ्कारसुवसनादीनामागन्तुकामां छायाकरत्वमुदशरावे यथा शरीरसम्बद्धानामेवं शरीरस्यापिच्छायाकरत्वं पूर्वं बभूवेति गम्यते । शरीरैकदेशानां च लोमनखादीनां नित्यत्वेनाभिप्रेतानामखण्डितानां छायाकरत्वं पूर्वमासीत् । छिन्नेषु च तेषु नैव लोमनखादिच्छाया दृश्यतेऽतो लोमनखादिवच्छरीरस्याप्यागमापायित्वं सिद्धमित्युदशरावादौ दृश्यमानस्य तन्निमित्तस्य च देहस्यानात्मत्वं सिद्धम्, उदशरावादौ छायाकरत्वाद्देहसम्बद्धालङ्कारादिवत् । ★ न केवलमेतावदेतेन यावत्किञ्चिदात्मीयत्वाभिमतं सुखदुःखरागद्वेषमोहादि च कादाचित्कत्वान्नखलोमादिवदनात्मेति प्रत्येतव्यम् । एवमशेषमिथ्याग्रहापनयनिमित्ते साध्वलङ्कारादिदृष्टान्ते प्रजापतिनोक्ते श्रुत्वा तथा कृतवतोरपिच्छायात्मविपरीतग्रहो नापजगाम यस्मात्तस्मात्स्वदोषेणैव केनचित्प्रतिबद्धविवेकविज्ञानाविन्द्रविरोचनावभूतामिति गम्यते । तौ पूर्ववदेव दृढनिश्चयौ पप्रच्छ किं पश्यथ इति ॥ २ ॥

શાંકરભાષ્ય :- તે બન્નેને ફરીથી પ્રજાપતિએ કહ્યું, 'છાયાત્મામાં (આત્માના નિશ્ચયને) દૂર કરવા માટે તમે બન્ને જેવી રીતે પોતાના ઘરમાં કરો છો તેમ સારી રીતે જાતને શણગારી, સુંદર કિમતી વસ્ત્રો વગેરે ધારણ કરી, રોમ-નખ વગેરે કાપીને જળ ભરેલા શકોરામાં જુઓ, અહીં (પ્રજાપતિએ) એવો આદેશ નથી આપ્યો કે તમે જે ન જાણી શકો તે મને કહો. (કારણ) (જાણવા ઇચ્છા હતા કે) કેવી રીતે સુંદર અલંકાર વગેરે ધારણ કરીને જળભરેલા શકોરામાં જોવાથી તેમની છાયાત્મ બુદ્ધિ દૂર થઈ જાય.

જેમ શરીરથી જોડાયેલાં સુંદર અલંકારો અને સુંદર વસ્ત્રો એ આગન્તુક પદાર્થ જળ ભરેલા શકોરામાં પોતાની છાયા પ્રગટ કરે છે તેમ શરીર પણ છાયાના આકારનું થયું છે એમ સમજાશે. શરીરના એક ભાગરૂપ અને નિત્યસ્વરૂપ માનવામાં આવેલા અખંડિત રોમ અને નખ પણ પહેલાં છાયાના સર્જક હતા. પણ હવે એને કાપી નાખવાથી એ રોમ અને નખ વગેરે છાયામાં દેખાતા નથી. આથી રોમ અને નખની જેમ શરીર પણ આવનારું અને જનારું સાબિત થશે. આમ શકોરાના જળમાં દેખાનાર એના નિમિત્તરૂપ દેહનું પણ અનાત્મત્વ સિદ્ધ થાય છે. કારણ કે દેહસંબંધી અલંકાર વગેરેની જેમ શકોરના જળમાં છાયાપણું રહેલું છે.

આટલું જ કેવળ નહીં પણ સુખ, દુઃખ, રાગ, દ્વેષ અને મોહ વગેરે જે કોઈ આત્મીયરૂપથી માની લેવામાં આવ્યું છે તે પણ નખ અને રોમની જેમ ક્યારેક ક્યારેક રહેનારા હોવાને કારણે અનાત્મા જ છે એવું જાણવું જોઈએ. આ રીતે સંપૂર્ણપણે મિથ્યારૂપે સ્વીકારેલાની નિવૃત્તિના હેતુ બનેલ પ્રજાપતિનું કહેલું સુંદર અલંકાર વગેરેનું દૃષ્ટાન્ત સાંભળીને એમ થવાથી પણ તેમનું વિપરીત જ્ઞાન દૂર ન થયું. એથી એમ જણાય છે કે ઇન્દ્ર અને વિરોચનનું વિવેકવિજ્ઞાન કોઈક દોષથી પ્રતિબંધિત થઈ ગયું હતું. આથી પ્રજાપતિએ પહેલાંની જેમ દૃઢ નિશ્ચયથી એ બંનેને પૂછ્યું, 'તમે શું જુઓ છો ?' ॥ ૨ ॥

तौ होचतुर्यथैवेदमावां भगवः साध्वलङ्कृतौ सुवसनौ परिष्कृतौ स्व एवमेवेमौ भगवः साध्वलङ्कृतौ सुवसनौ परिष्कृतावित्येष आत्मेति होवाचैतदमृतमभयमेतद् ब्रह्मेति तौ ह शान्तहृदयौ प्रवव्रजतुः ॥ ३ ॥

એ બન્નેએ કહ્યું, 'હે ભગવન્ ! જેમ અમે બન્ને ઉત્તમ અલંકાર અને સુંદર વસ્ત્રોવાળા અને પરિષ્કૃત છીએ તેમ હે ભગવન્ ! એ બંને પણ ઉત્તમ અલંકાર, સુંદર વસ્ત્રોવાળા અને પરિષ્કૃત છે.' ત્યારે પ્રજાપતિએ કહ્યું, 'એ આત્મા છે, એ અમૃત અને અભય છે અને એ બ્રહ્મ છે' ત્યારે તે બન્ને શાન્ત હૃદયના બનીને (ત્યાંથી) ચાલ્યા ગયા. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- तौ तथैव प्रतिपन्नौ यथैवेदमिति पूर्ववद्यथा साध्वलङ्कारादिविशिष्टावावां स्व एवमेवेमौ छायात्मानाविति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सुतरां विपरीतनिश्चयौ बभूवतुः । यस्यात्मनो लक्षणं य आत्मापहतपाप्मेत्युक्त्वा पुनस्तद्विशेषमन्विष्यमाणयोर्य एषोऽक्षिणि पुरुषो दृश्यत इति साक्षादात्मनि निर्दिष्टे तद्विपरीतग्रहापनयायोदशारावसाध्वलङ्कारदृष्टान्तेऽप्यभिहित आत्मस्वरूपबोधाद्विपरीतग्रहो नापगतः । अतः स्वदोषेण केनचित्प्रतिबद्धविवेकविज्ञानसामर्थ्याविति मत्वा यथाभिप्रेतमेवात्मानं मनसि निधायैष आत्मेति होवाचैतदमृतमभय-मेतद्ब्रह्मेति प्रजापतिः पूर्ववत् । न तु तदभिप्रेतमात्मानम् । ★ य आत्मेत्याद्यात्मलक्षणश्रवणेनाक्षिपुरुषश्रुत्या चोदशरावाद्युपपत्त्या च संस्कृतौ तावत् । मद्वचनं सर्वं पुनः पुनः स्मरतोः प्रतिबन्धक्षयाच्च स्वयमेवात्मविषये विवेको भविष्यतीति मन्वानः पुनर्ब्रह्मचर्यादेशे च तयोश्चित्तदुःखोत्पत्तिं परिजिहीर्षन्कृतार्थबुद्धितया गच्छन्तावप्युपेक्षितवान्प्रजापतिः । तौ हेन्द्रविरोचनौ शान्तहृदयौ तुष्टहृदयौ कृतार्थबुद्धी इत्यर्थः । न तु शम एव शमश्चेत्तयोर्जातो विपरीतग्रहो विगतोऽभविष्यत्प्रवव्रजतुर्गतवन्तौ ॥ ३ ॥

શાંકરભાષ્ય :- તે બન્ને એ રીતે સમજ્યા યથૈવેદમ્ એટલે પૂર્વની જેમ જે રીતે અમે સાધુ-સુંદર અલંકાર વગેરેથી યુક્ત છીએ તેમ એ છાયાત્મા પણ છે. આમ તેઓ અત્યંત ઉલટા નિશ્ચયવાળા બની ગયા. જે આત્માનું લક્ષણ य अपहतपाप्मा - જે પાપરહિત છે વગેરે કહીને પછી એની વિશેષતાની જિજ્ઞાસાવાળાને 'આ જે આંખમાં રહેલ પુરુષ દેખાય છે,' તે આત્માનો સાક્ષાત્ નિર્દેશ કરવા છતાં અને એનાથી ઉલટા જ્ઞાનને દૂર કરવા માટે શકોરાના પાણી અને સુંદર-અલંકાર વગેરેનું ઉદાહરણ આપવા છતાં એ બન્નેનું આત્માના સ્વરૂપના જ્ઞાનથી વિપરીત એવો ગ્રહ સ્વીકાર (એટલે અજ્ઞાન) દૂર ન થયું. માટે આ બન્નેનું વિવેક-વિજ્ઞાનનું સામર્થ્ય (શક્તિ) પોતાના કોઈ દોષને કારણે પ્રતિબદ્ધ થઈ ગયું છે એવું માનીને પોતાના મનમાં જેવી રીતે માનેલ છે તે આત્માનો નિશ્ચય કરીને પહેલાની જેમ કહ્યું, 'આ આત્મા છે, તે અમૃત અને અભય છે.' તેઓએ માનેલા આત્માને માટે (આ કહ્યું) નથી.

'य आत्मा अपहतपाप्मा - આ જે આત્મા પાપરહિત' વગેરે આત્માનું લક્ષણ સાંભળીને આંખમાં રહેલા પુરુષને માટેની શ્રુતિથી અને શકોરાના પાણીની યુક્તિથી તો તેઓ સંસ્કારયુક્ત બની ગયા જ છે. તો મારી સઘળી વાતને વારંવાર સ્મરણ કરતા પ્રતિબંધનો ક્ષય થતાં તેઓને પોતાની મેળે આત્માના સંબંધમાં વિવેક થઈ જશે - એમ માનીને ફરીથી એમને બ્રહ્મચર્ય પાળવાનો આદેશ કરવાથી એમને જે દુઃખ થશે તેમાંથી તેઓને બચાવવા માટે પ્રજાપતિએ કૃતાર્થબુદ્ધિ બનીને જતા એવા એ બન્નેની ઉપેક્ષા કરી. એ ઈન્દ્ર અને વિરોચન શાંતહૃદયના - સંતુષ્ટ હૃદયના બનીને ત્યાંથી ચાલ્યા ગયા એવો અર્થ છે, પરંતુ આ શમ ન હોતો કારણ જો તેમને વાસ્તવિક શમ પ્રાપ્ત થયો હોત તો એમના વિપરિત ગ્રહણની નિવૃત્તિ થઈ ગઈ હોત. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एवं तयोर्गतयोरिन्द्रविरोचनयो राज्ञोर्भोगासक्तयोर्यथोक्तविस्मरणं स्यादित्याशङ्क्याप्रत्यक्षं प्रत्यक्षवचनेन च चित्तदुःखं परिजिहीर्षुः—

શાંકરભાષ્ય :- આ રીતે ગયેલાએ ભોગમાં આસક્ત રાજા ઈન્દ્ર અને વિરોચનને પહેલા કહેલા(આત્મલક્ષણ)નું વિસ્મરણ થઈ જશે એવી આશંકાથી પ્રત્યક્ષ વચનથી અપ્રત્યક્ષરૂપે એવા ચિત્તના દુઃખને દૂર કરવાની ઈચ્છાવાળા —

तौ हान्वीक्ष्य प्रजापतिरुवाचानुपलभ्यात्मानमनुविद्य व्रजतो यतर एतदुपनिषदो भविष्यन्ति देवा वासुरा वा ते पराभविष्यन्तीति स ह शान्तहृदय एव विरोचनोऽसुराञ्जगाम तेभ्यो हैतामुपनिषदं प्रोवाचात्मैवेह महय्य आत्मा परिचर्य आत्मानमेवेह महयन्नात्मानं परिचरन्नुभौ लोकाववाप्नोतीमं चामुं चेति ॥ ४ ॥

પ્રજાપતિએ તેઓને જોઈને કહ્યું, 'આ બંને આત્માને પ્રાપ્ત-કર્યા વિના - એનો સાક્ષાત્કાર કર્યા વિના જઈ રહ્યા છે. દેવ હોય કે અસુર જે કોઈ આવા નિશ્ચયવાળો થશે તેનો પરાભવ થશે.' આમાં જે વિરોચન હતો એ શાંતહૃદયથી અસુરો પાસે પહોંચ્યો તેઓને આ ઉપનિષદ્-જ્ઞાન કહ્યું, 'આ લોકમાં આત્મા(દેહ) જ પૂજનીય છે. અને આત્મા (દેહ) જ સેવન કરવા યોગ્ય છે. આત્મા(દેહ)ની જ પૂજા અને પરિચર્યા કરનાર પુરુષ આ (લોક અને પરલોક એમ) બન્ને લોકોને પ્રાપ્ત કરે છે. ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- तौ दूरं गच्छन्तावन्वीक्ष्य य आत्मापहतपाप्मेत्यादिवचनवदेतदप्यनयोः श्रवणगोचरत्वमेष्यतीति मत्वोवाच प्रजापतिः । अनुपलभ्य यथोक्तलक्षणमात्मानमननुविद्य स्वात्मप्रत्यक्षं चाकृत्वा विपरीतनिश्चयौ च भूत्वेन्द्रविरोचनावेतौ व्रजतो गच्छेयाताम् । अतो यतरे देवा वासुरा वा किं विशेषितेनैतदुपनिषद आभ्यां या गृहीतात्मविद्या सेयमुपनिषद्येषां देवानामसुराणां वा त एतदुपनिषद एवंविज्ञाना एतन्निश्चया भविष्यन्तीत्यर्थः । ते किं पराभविष्यन्ति श्रेयोमार्गात्पराभूता बहिर्भूता विनष्टा भविष्य-न्तीत्यर्थः । ★ स्वगृहं गच्छतोः सुरासुरराजयोर्योऽसुरराजः स ह शान्तहृदय एव सन्विरोचनोऽसुराञ्जगाम । गत्वा च तेभ्योऽसुरेभ्यः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शरीरात्मबुद्धिर्योपनिषत्तामेतामुपनिषदं प्रोवाचोक्तवान् । देहमात्रमेवात्मा पित्रोक्त इति । तस्मादात्मैव देह इह लोके महय्यः पूजनीयस्तथा परिचर्यः परिचरणीयस्तथात्मानमेवेह लोके देहं महयन् परिचरंश्चोभयलोकाववाप्नोतीमं चामुं च । इहलोकपरलोकयोरेव सर्वे लोकाः कामाश्चान्तर्भवन्तीति राज्ञोऽभिप्रायः ॥ ४ ॥

શાંકરભાષ્ય :- એ બન્નેને દૂર જતાં જોઈને 'य आत्मापहतपाप्मा' વગેરે વાક્યની જેમ એ વચન કાનમાં પડશે એમ માનીને પ્રજાપતિએ કહ્યું, 'આ ઇન્દ્ર અને વિરોચન ઉપર કહેવામાં આવેલા લક્ષણવાળા આત્માને જાણ્યા વિના - એને પોતાને પ્રત્યક્ષ કર્યા વિના વિપરીત નિશ્ચયવાળા બનીને જઈ રહ્યા છે. આથી દેવ કે અસુર આ ઉપનિષદવાળા - આવા જ્ઞાનવાળા બનશે.' આ બન્ને દ્વારા જે આત્મવિદ્યા ગ્રહણ કરવામાં આવી છે એ જે દેવ કે અસુરો આ વિદ્યા(ઉપનિષદ્)વાળા બનશે. આવા ઉપનિષદ્વાળા જે કોઈ હશે એનું શું થશે ? એનો પરાભવ થશે તેઓ કલ્યાણના માર્ગમાંથી બહાર નીકળી જશે. તેઓ વિનાશ પામશે એવો અર્થ છે.

પોતાના ઘરે જતા દેવ અને અસુરોના રાજામાંથી જે અસુરરાજ હતો તે વિરોચન શાંતહૃદયનો બની અસુરોની પાસે ગયો. જઈને તે અસુરોને જે દેહ જ આત્મા છે એવી બુદ્ધિવાળું ઉપનિષદ્ (જ્ઞાન) હતું તે ઉપનિષદ તેઓને કહ્યું 'કેવળ દેહ જ આત્મા છે એવું પ્રજાપતિએ કહ્યું છે' માટે આત્મા જ દેહ છે એ આ લોકમાં મહય્યઃ એટલે પૂજનીય છે પરિચર્યા કરવા યોગ્ય છે અને આ દેહરૂપી આત્માની પૂજા - સેવા કરવાથી આ લોક અને પરલોક બન્નેને (સાધક) પ્રાપ્ત કરે છે. આ લોક અને પરલોકમાં સઘળા લોકો અને કામનાઓ અંદર આવી જાય છે એવું કહેવાનો રાજા(વિરોચન)નો અભિપ્રાય છે. ॥ ૪ ॥

तस्मादप्यद्येहाददानमश्रद्दधानमयजमानमाहुरासुरो बतेत्यसुराणाꣳह्येषोपनिषत्प्रेतस्य शरीरं भिक्षया वसनेनालङ्कारेणेति सꣳस्कुर्वन्त्येतेन ह्यमुं लोकं जेष्यन्तो मन्यन्ते ॥ ५ ॥

માટે આ લોકમાં જે દાન નહીં આપનારા, શ્રદ્ધા નહીં રાખનારા અને યજન નહીં કરનારા પુરુષો છે તેને શિષ્ટજન 'અરે આ તો આસુર-આસુરી સ્વભાવવાળા છે એમ રહે છે. આ ઉપનિષદ - જ્ઞાન - અસુરોનું છે. તેઓ મરેલાના શરીરને ભિક્ષા, વસ્ત્ર અને અલંકારથી સુસજ્જિત કરે છે અને એનાથી અમે આ લોક અને પરલોકને જીતી લઈશું, પ્રાપ્ત કરીશું, એમ માને છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- तस्मात्तत्सम्प्रदायोऽद्याप्यनुवर्तत इतीह लोकेऽददानं दानमकुर्वाणमविभागशीलमश्रद्दधानं सत्कार्येषु श्रद्धारहितं यथाशक्त्ययजमानमयजनस्वभावमाहुरासुरः खल्वयं यत एवंस्वभावो बतेति खिद्यमाना आहुः शिष्टाः । असुराणां हि यस्मादश्रद्दधानतादिलक्षणैषोपनिषत् । ★ तयोपनिषदा संस्कृताः सन्तः प्रेतस्य शरीरं कुणपं भिक्षया गन्धमाल्यान्नादिलक्षणया वसनेन वस्त्रादिनाच्छादनादिप्रकारेणालङ्कारेण ध्वजपताकादिकरणेनेत्येवं संस्कुर्वन्त्येतेन कुणपसंस्कारेणामुं प्रेत्य प्रतिपत्तव्यं लोकं जेष्यन्तो मन्यन्ते ॥ ५ ॥

શાંકરભાષ્ય :- તેથી તે (અસુરોનો) સંપ્રદાય આજ પણ ચાલુ રહેલો છે કે આ લોકમાં દાન નહીં આપનાર, - એટલે બીજા સાથે સંવિભાગ નહીં કરવાના શીલવાળા, અશ્રદ્ધાવાળા એટલે સત્કાર્યોમાં શ્રદ્ધા નહીં રાખનારા અને અયજમાન એટલે યથાશક્તિ યજન નહીં કરનારા પુરુષને ખેદ અનુભવતા શિષ્ટજનો 'એ આવા સ્વભાવવાળા છે માટે અસુરો છે' એમ કહે છે. અસુરોનું જ આ અશ્રદ્ધાવાળા વગેરે લક્ષણોવાળું ઉપનિષદ્ એટલે જ્ઞાન છે.

એવા ઉપનિષદથી (જ્ઞાનથી) સંસ્કારયુક્ત બનીને તેઓ મરેલા(માણસ)ના શરીરને એટલે શબને ગંધ, માળા અને અન્નરૂપ ભિક્ષા વસ્ત્ર વગેરે આચ્છાદન (ઢાંકવાની) ક્રિયા અને ધજા-પતાકા વગેરે સંસ્કારોથી અલંકૃત કરે છે અને આ શબને કરેલા સંસ્કારોથી આ (જીવ) મરીને પોતાને પ્રાપ્ત કરવા યોગ્ય લોકને જીતી જશે (એટલે પ્રાપ્ત કરશે) એવું માને છે. ॥ ૫ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्यायेऽष्टमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ८ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના આઠમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

नवमः खण्डः

अथ हेन्द्रोऽप्राप्यैव देवानेतद्भयं ददर्श यथैव खल्वयमस्मिञ्छरीरे साध्वलङ्कृते साध्वलङ्कृतो भवति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

सुवसने सुवसनः परिष्कृते परिष्कृत एवमेवायमस्मिन्नन्धेऽन्धो भवति स्त्रामे स्त्रामः परिवृक्णे परिवृक्णोऽस्यैव शरीरस्य नाशमन्वेष नश्यति ॥ १ ॥

હવે ઈન્દ્રે દેવોની પાસે પહોંચ્યા વિના-પહોંચે તે પહેલાં આવો ભય જોયો (એટલે એને આવો ભય થયો) ખરેખર જેમ આ શરીરને સારી રીતે શણગારવામાં આવે ત્યારે તે (આત્મા) સારી રીતે અલંકૃત થાય, સારી રીતે વસ્ત્રો પહેરાવવામાં આવે ત્યારે તે સારા વસ્ત્રોવાળો થાય, પરિષ્કૃત કરવામાં આવે ત્યારે પરિષ્કૃત થાય એ જ રીતે આ શરીર અંધ થવાથી એ અંધ થાય, સ્રામ એટલે એક આંખવાળું થતાં એ એક આંખવાળો થાય. ખંડિત થવાથી ખંડિત થાય અને શરીરનો નાશ થતાં પછી એ નાશ પામે. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- अथ ह किलेन्द्रोऽप्राप्यैव देवान् दैव्याक्रौर्यादिसम्पदा युक्तत्वाद्गुरोर्वचनं पुनः पुनः स्मरन्नेव गच्छन्नेतद्वक्ष्यमाणं भयं स्वात्मग्रहणनिमित्तं ददर्श दृष्टवान् । उदशरावदृष्टान्तेन प्रजापतिना यदर्थो न्याय उक्तस्तदेकदेशो मघवतः प्रत्यभाद् बुद्धौ, येन च्छायात्मग्रहणे दोषं ददर्श । ★ कथम् ? यथैव खल्वयमस्मिञ्छरीरे साध्वलङ्कृते छायात्मापि साध्वलङ्कृतो भवति सुवसने च सुवसनः परिष्कृते परिष्कृतो यथानखलोमादिदेहावयवापगमे छायात्मापि परिष्कृतो भवति नखलोमादिरहितो भवति; एवमेवायं छायात्माप्यस्मिञ्छरीरे नखलोमादिभिर्देहावयवत्वस्य तुल्यत्वादन्धे चक्षुषोपगमेऽन्धो भवति स्त्रामे स्त्रामः । स्त्रामः किलैकनेत्रस्तस्यान्धत्वेन गतत्वात् । चक्षुर्नासिका वा यस्य सदा स्त्रवति स स्त्रामः । परिवृक्णश्छिन्नहस्तश्छिन्नपादो वा । स्त्रामे परिवृक्णे वा देहे छायात्मापि तथा भवति । तथास्य देहस्य नाशमन्वेष नश्यति ॥ १ ॥

શાંકરભાષ્ય :- હવે ઈન્દ્રે દેવોની પાસે પહોંચતા પહેલાં, કારણ કે એ અક્રૂરતા વગેરે દૈવી સંપત્તિથી જોડાયેલ હોવાથી ગુરુના વચનને વારંવાર યાદ કરીને, જતાં જતાં (રસ્તામાં) પોતે ગ્રહણ કરેલા આત્માના સ્વરૂપની બાબતમાં ભયને જોયો. શકોરાના પાણીના ઉદાહરણથી પ્રજાપતિએ જે ન્યાયની વાત કરી હતી તેનો એકદેશ ઈન્દ્રની બુદ્ધિમાં સ્ફુરિત થયો. જેનાથી તેને છાયાને આત્મારૂપે સ્વીકારવામાં દોષનું દર્શન થયું.

કેવી રીતે ? જેમ આ શરીરને સારી રીતે શણગારવામાં આવે ત્યારે છાયાત્મા પણ સારી રીતે શણગારાય છે, સારાં વસ્ત્રો પહેરાવાથી સારા વસ્ત્રોવાળો થાય છે, પરિષ્કૃત થતાં પરિષ્કૃત થાય છે, જેમ નખ રોમ વગેરે દેહના અવયવોને દૂર થતાં છાયાત્મા પણ પરિષ્કૃત થાય છે એટલે નખરોમ વગેરે વિનાનો બને છે. તેવી રીતે આ શરીરમાં નખ-રોમ વગેરેની દેહમાં રહેલાં ચક્ષુ વગેરે સાથે સમાનતા હોવાથી આંખથી આંધળો થવાથી આંધળો બને અને સ્રામ એટલે એક આંખવાળો (કાણો) થવાથી કાણો થાય છે. એક આંખ ચાલી જવાથી સ્રામ બને છે. અથવા આંખ કે નાક જેનું સદા સ્રવે એ સ્રામ કહેવાય. પરિવૃક્ણ એટલે જેના હાથ કે પગ કપાઈ ગયા હોય તે. દેહ સ્રામ કે પરિવૃક્ણ થાય ત્યારે છાયાત્મા પણ તેવો થાય અને આ દેહનો નાશ થાય ત્યારે તેનો નાશ થાય. ॥ ૧ ॥

अतः– માટે –

नाहमत्र भोग्यं पश्यामीति स समित्पाणिः पुनरेयाय तꣳह प्रजापतिरुवाच मघवन्यच्छान्तहृदयः प्राव्राजीः सार्धं विरोचनेन किमिच्छन् पुनरागम इति स होवाच यथैव खल्वयं भगवोऽस्मिञ्छरीरे साध्वलङ्कृते साध्वलङ्कृतो भवति सुवसने सुवसनः परिष्कृते परिष्कृत एवमेवायमस्मिन्नन्धेऽन्धो भवति स्त्रामे स्त्रामः परिवृक्णे परिवृक्णो-ऽस्यैव शरीरस्य नाशमन्वेष नश्यति नाहमत्र भोग्यं पश्यामीति ॥ २ ॥

'હું અહીં (છાયાત્મામાં) ભોગ્ય જોતો નથી. આથી એ સમિત્પાણિ બનીને ફરી પ્રજાપતિ પાસે (ઈન્દ્ર) પહોંચ્યા. એમને પ્રજાપતિએ કહ્યું, 'હે ઈન્દ્ર ! વિરોચનની સાથે શાન્તહૃદય થઈને ગયા હતા હવે કઈ ઈચ્છાથી ફરી આવ્યા છો ?' તેણે કહ્યું, 'હે ભગવાન્ ! જેમ આ (છાયાત્મા) શરીરને સારી રીતે શણગારવામાં આવે ત્યારે સારી રીતે શણગારાય છે. સુંદર વસ્ત્રો પહેરવાથી સારા વસ્ત્રોવાળો બને છે, પરિષ્કૃત કરતાં પરિષ્કૃત થાય છે. એ જ રીતે આ શરીર અંધ થતાં અંધ બને છે, સ્રામ થતાં સ્રામ અને પરિવૃક્ણ થતા પરિવૃક્ણ થાય છે. અને શરીરનો નાશ થતા નાશ પામે છે. મને અહીં કોઈ ભોગ્ય દેખાતું નથી. ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शाङ्करभाष्यम् :- नाहमत्रास्मिश्छायात्मदर्शने देहात्मदर्शने वा भोग्यं फलं पश्यामीति । एवं दोषं देहच्छायात्मदर्शनेऽध्यवस्य स समित्पाणिर्ब्रह्मचर्यं वस्तुं पुनरेयाय तं ह प्रजापतिरुवाच—मघवन्यच्छान्तहृदयः प्राव्राजीः प्रगतवानसि विरोचनेन सार्धं किमिच्छन् पुनरागम इति । विजानन्नपि पुनः पप्रच्छेन्द्राभिप्रायाभिव्यक्तये । यद्वेत्थ तेन मोपसीदेति यद्वत्तथा च स्वाभिप्रायं प्रकटमकरोद्यथैव खल्वयमित्यादि, एवमेवेति चान्वमोदत प्रजापतिः । ★ ननु तुल्येऽक्षिपुरुषश्रवणे देहच्छायामिन्द्रोऽग्रहीदात्मेति देहमेव तु विरोचनस्तत्किन्निमित्तम् । ★ तत्र मन्यन्ते—यथेन्द्रस्योदशरावादि प्रजापतिवचनं स्मरतो देवानप्राप्तस्यैवाचार्योक्तबुद्ध्या छायात्मग्रहणं तत्र दोषदर्शनं चाभूत् । न तथा विरोचनस्य, किं तर्हि ? देह एवात्मदर्शनं नापि तत्र दोषदर्शनं बभूव तद्वदेव । विद्याग्रहण-सामर्थ्यप्रतिबन्धदोषाल्पत्वबहुत्वापेक्षमिन्द्रविरोचनयोश्छायात्मदेहयोर्ग्रहणम् । इन्द्रोऽल्पदोषत्वाद्दृश्यत इति श्रुत्यर्थमेव श्रद्दधानतया जग्राहेतरश्छायानिमित्तं देहं हित्वा श्रुत्यर्थं लक्षणया जग्राह प्रजापतिनोक्तोऽयमिति दोषभूयस्त्वात् । यथा किल नीलानीलयोरादर्शे दृश्यमानयोर्वाससोर्यन्नीलं तन्महार्हमिति च्छायानिमित्तं वास एवोच्यते नच्छाया तद्वदिति विरोचनाभिप्रायः । स्वचित्तगुणदोषवशादेव हि शब्दार्थावधारणं तुल्येऽपि श्रवणे ख्यापितं दाम्यत दत्त दयध्वमिति दकारमात्रश्रवणाच्छ्रुत्यन्तरे । निमित्तान्यपि तदनुगुणान्येव सहकारीणि भवन्ति ॥ २ ॥

શાંકરભાષ્ય :- હું આ છાયાત્મદર્શન અથવા દેહાત્મદર્શનમાં કોઈ ભોગ્ય ફળ જોતો નથી. આમ દેહાત્મદર્શન કે છાયાત્મદર્શનમાં દોષ છે એવું નક્કી કરીને તે સમિત્પાણિ બની બ્રહ્મચર્યવાસ કરવા માટે ફરીથી (પ્રજાપતિ પાસે) આવ્યા. તેને પ્રજાપતિએ કહ્યું, 'હે ઇન્દ્ર ! તું વિરોચનની સાથે શાંતહૃદય બની પાછો ગયો હતો તો પછી કઈ ઇચ્છાથી ફરી આવ્યો છું ?' (પ્રજાપતિ) જાણતા હોવા છતાં તેનો અભિપ્રાય જાણવા માટે ફરીથી પ્રશ્ન કર્યો. (સાતમા અધ્યાયમાં સનત્કુમારે) **'તમે જે જાણતા હો તે કહો અને મારી પાસે આવો'** એમ (નારદને કહ્યું હતું) અને (નારદે) પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો હતો તેમ 'યથૈવ ખલ્વયમ્' વગેરેથી (ઇન્દ્રે) પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો અને પ્રજાપતિએ 'એવમેવ' (મંત્રે ૩) કહીને એને અનુમોદન આપ્યું.

પૂર્વપક્ષી :- અક્ષિપુરુષના જેવું એમ શ્રવણ કરીને ઇન્દ્રે દેહની છાયાને આત્મારૂપે સ્વીકારી અને વિરોચને સ્વયં દેહને સ્વીકાર્યો - આવું કેવા કારણથી થયું ?

સિદ્ધાન્તી :- તેમાં (શિષ્ટજનો) માને છે - જેમ ઇન્દ્રને પ્રજાપતિના જળપાત્ર વગેરેને લગતા વાક્યનું સ્મરણ કરતા-કરતા દેવતાઓની પાસે પહોંચ્યા વિના જ આચાર્યે દેખાડેલી દૃષ્ટિથી છાયાત્માનો સ્વીકાર થયો અને તેમાં દોષનું દર્શન થયું અને વિરોચનને એવું દર્શન ન થયું. તો શું થયું ? એની દેહમાં જ આત્મ દૃષ્ટિ થઈ અને તેમાં તેને કોઈ દોષનું દર્શન ન થયું તેવી રીતે વિદ્યાના ગ્રહણની ક્ષમતાના પ્રતિબંધક-અવરોધક દોષની ન્યૂનાધિકતા(ઓછાવત્તાપણા)ને કારણે ઇન્દ્ર અને વિરોચનને (અનુક્રમે) છાયાત્મા અને દેહાત્મ સંબંધી (ભાવનું) ગ્રહણ થયું. ઈન્દ્રમાં અલ્પદોષ હોવાથી શ્રદ્ધા ધારણ કરી 'દૃશ્યતે' એ શ્રુતિનો અર્થ ગ્રહણ કર્યો અને બીજા (વિરોચને) દોષની અધિકતાને લીધે શ્રુતિના અર્થને છોડી દઈને લક્ષણાથી 'પ્રજાપતિએ દેહના વિષયમાં કહ્યું છે.' એમ દેહનું (આત્મા તરીકે) ગ્રહણ કર્યું. જેમ દર્પણમાં નીલ અને અનીલ વસ્ત્રોમાં જે નીલ છે તે બહુ મૂલ્યવાન છે.' આ કથનથી છાયાનું નિમિત્ત બનેલ વસ્ત્ર જ કહેવાય છે. છાયા નહીં, તેમ (પ્રજાપતિના) આ કથનથી દેહ જ વિવક્ષિત છે - એવો વિરોચનનો અભિપ્રાય હતો. બીજી શ્રુતિ (બૃ. ૩૫. અધ્યાય ૫)માં કેવળ 'દ' નું શ્રવણ એક સરખું હોવા છતાં પોતાના ચિત્તના ગુણ-દોષને કારણે 'દમન કરો, દાન કરો, દયા કરો' એવું જુદું જુદું શબ્દના અર્થનું જ્ઞાન જોવામાં આવ્યું છે (તે રીતે અહીં પણ) પોતપોતાના ગુણો અનુસાર નિમિત્ત પણ સહકારી-સહાયક બની જાય છે. ॥ ૨ ॥

एवमेवैष मघवन्निति होवाचैतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि वसापराणि द्वात्रिꣳशतं वर्षाणीति स हापराणि द्वात्रिꣳशतं वर्षाण्युवास तस्मै होवाच ॥ ३ ॥

'હે ઇન્દ્રા ! એ એમ જ છે.' એમ પ્રજાપતિ એ કહ્યું. 'હું તારા માટે એની ફરી વ્યાખ્યા કરીશ. તું બીજા બત્રીસ વર્ષ (અહીં બ્રહ્મચર્ય) વાસ કર.' ઇન્દ્ર ત્યાં બીજા બત્રીસ વર્ષ રહ્યા. ત્યારે પ્રજાપતિએ કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एवमेवैष मघवन्सम्यक् त्वयावगतं नच्छायात्मेत्युवाच प्रजापतिर्यो मयोक्त आत्मा प्रकृत एतमेवात्मानं तु ते भूयः पूर्वं व्याख्यातमप्यनुव्याख्यास्यामि । यस्मात्सकृद्व्याख्यातं दोषरहितानामवधारणविषयं प्राप्तमपि नाग्रहीरतः केनचिद्दोषेण प्रतिबद्धग्रहणसामर्थ्यस्त्वमतस्तत्क्षपणाय वसापराणि द्वात्रिंशतं वर्षाणीत्युक्त्वा तथोषितवते क्षपितदोषाय तस्मै होवाच ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'હે ઇન્દ્ર ! એ એમ જ છે. તમે બરાબર કહ્યું છે છાયા આત્મા નથી.' એવું પ્રજાપતિએ કહ્યું. મેં તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

જે પ્રકૃત આત્મા કહ્યો હતો તે પહેલા વ્યાખ્યા કરવામાં આવી છે તેની હું ફરીથી વ્યાખ્યા કરીશ, કારણ જો કે દોષરહિત(પુરુષો)ને એકવાર વ્યાખ્યા કરવાથી અવધારણા - જ્ઞાનો વિષય થઈ જાય છે તો પણ કોઈ પ્રતિબદ્ધ ગ્રહણ સામર્થ્યને કારણે તું ગ્રહણ કરી ન શક્યો તેને દૂર કરવા માટે બીજા બત્રીસ વર્ષ વાસ કર એમ કહેવામાં આવતાં 'ભલે' એમ કહીને એ રીતે વસનાર દૂર થયેલા દોષવાળા તે(ઇન્દ્ર)ને (પ્રજાપતિએ) કહ્યું. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये नवमखण्डभाष्यं सम्पूर्णम् ॥ ९ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના નવમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

दशमः खण्डः

शाङ्करभाष्यम् :- य आत्मापहतपाप्मादिलक्षणो य एषोऽक्षिणीत्यादिना व्याख्यात एष सः । कोऽसौ ?

શાંકરભાષ્ય :- જે આત્મા પાપરહિત વગેરે લક્ષણવાળો છે અને જેની 'य एषोऽक्षिणि' વગેરે (વાક્યોથી) વ્યાખ્યા કરવામાં આવી છે તે આ છે તે કોણ છે ? -

य एष स्वप्ने महीयमानश्चरत्येष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति स ह शान्तहृदयः प्रवव्राज स हाप्राप्यैव देवानेतद्भयं ददर्श तद्यद्यपीदꣳ शरीरमन्धं भवत्यनन्धः स भवति यदि स्राममस्रामो नैवैषोऽस्य दोषेण दुष्यति ॥ १ ॥

'જે આ સ્વપ્નામાં પૂજાતો વિચરે છે તે આ આત્મા છે' એવું (પ્રજાપતિએ) કહ્યું, 'એ અમૃત, અભય અને એ બ્રહ્મ છે.' (એવું સાંભળીને તે (ઇન્દ્ર) શાંત હૃદયથી ચાલ્યો ગયો. પરંતુ દેવતાએ પ્રાપ્ત થયા વિના એને આ ભય જોયો. 'જો કે આ શરીર આંધળું થાય છે ત્યારે આ (સ્વપ્નાનું શરીર) આંધળું નથી થતું. જો એ સ્રામ થાય છે તો એ અસ્રામ રહે છે. તે આ દોષથી દુષિત થતો નથી. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- यः स्वप्ने महीयमानः स्त्र्यादिभिः पूज्यमानश्चरत्यनेकविधान् स्वप्नभोगाननुभवतीत्यर्थः । एष आत्मेति होवाचेत्यादि समानम् । स हैवमुक्त इन्द्रः शान्तहृदयः प्रवव्राज । स हाप्राप्यैव देवान् पूर्ववदस्मिन्नप्यात्मनि भयं ददर्श । कथम् ? तदिदं शरीरं यद्यप्यन्धं भवति स्वप्नात्मा योऽनन्धः स भवति । यदि स्राममिदं शरीरमस्रामश्च स भवति नवैष स्वप्नात्मास्य देहस्य दोषेण दुष्यति ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'જે સ્વપ્નામાં સ્ત્રી વગેરેથી મહીયાનઃ એટલે પૂજાતો વિચરે છે એટલે અનેક પ્રકારના સ્વપ્નના ભોગોને અનુભવે છે એ આત્મા છે.' એવું પ્રજાપતિએ કહ્યું. બાકી બધું પૂર્વવત્. તે (ઈન્દ્ર) આ પ્રમાણે કહેવામાં આવતાં. શાંત હૃદય બની ચાલ્યા ગયા. તેને દેવોને પ્રાપ્ત થયા વિના પહેલાંની જેમ આ આત્મામાં પણ ભયનું દર્શન થયું. કેવી રીતે ? તે આ શરીર અંધ બને તો પણ સ્વપ્નાત્મા અનંધ રહે છે. જો તે સ્રામ થાય તો આ શરીર અસ્રામ રહે છે. આ સ્વપ્નાત્મા શરીરના દોષોથી દુષિત થતો નથી. ॥ ૧ ॥

न वधेनास्य हन्यते नास्य स्राम्येण स्रामो घ्नन्ति त्वेवैनं विच्छादयन्तीवाप्रियवेत्तेव भवत्यपि रोदितीव नाहमत्र भोग्यं पश्यामीति ॥ २ ॥

આ દેહના વધથી હણાતો નથી અને એની સ્રામતાથી સ્રામ થતો નથી. કોઈ એને જાણે કે હણે છે. કોઈ જાણે કે તાડિત કરે છે એ જાણે કે અપ્રિયવેત્તા થાય છે અને જાણે કે રુદન કરે છે. હું અહીં ભોગને જોતો નથી. ॥ ૨ ॥

स समित्पाणिः पुनरेयाय तꣳह प्रजापतिरुवाच मघवन्यच्छान्तहृदयः प्राव्राजीः किमिच्छन्पुनरागम इति स होवाच तद्यद्यपीदं भगवः शरीरमन्धं भवत्यनन्धः स भवति यदि स्राममस्रामो नैवैषोऽस्य दोषेण दुष्यति ॥ ३ ॥

તે સમિત્પાણિ બનીને ફરી (પ્રજાપતિ પાસે) ગયો. તેને પ્રજાપતિએ કહ્યું, 'હે ઈન્દ્ર ! તું શાંતહૃદય બનીને ગયો હતો હવે શું ઈચ્છા કરીને ફરી આવ્યો છું.' તેણે કહ્યું, 'હે ભગવન્ ! આ શરીર અંધ થાય છે ત્યારે તે અનંધ રહે છે જો તે સ્રામ થાય તો અસ્રામ રહે છે, એ એના દોષથી દુષિત થતો નથી.' ॥ ૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

न वधेनास्य हन्यते नास्य स्राम्येण स्रामो घ्नन्ति त्वेवैनं विच्छादयन्तीवाप्रियवेत्तेव भवत्यपि रोदितीव नाहमत्र भोग्यं पश्यामीत्येवमेवैष मघवन्निति होवाचैतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि वसापराणि द्वात्रिंशतं वर्षाणीति स हापराणि द्वात्रिंशतं वर्षाण्युवास तस्मै होवाच ॥ ४ ॥

આના વધથી એનો વધ થતો નથી, ન આની સ્રામતાથી એ સ્રામ થાય છે. પરંતુ જાણે કે કાઈ મારતું હોય તો, કોઈ જાણે કે તાડન કરતું હોય તો એને કરણે માને કે એ કોઈ અપ્રિયવેત્તા હોય અને રડતો હોય તો એમાં કોઈ ફળ હું જોતો નથી.' ત્યારે પ્રજાપતિ બોલ્યા 'હે ઇન્દ્ર ! એ વાત એમ જ છે. હું તને (આત્મતત્ત્વની) ફરીથી વ્યાખ્યા કરી બતાવીશ. તું બત્રીસ વર્ષ (બ્રહ્મચર્ય) વાસ કર.' ॥ ૪ ॥

शाङ्करभाष्यम् :- नाप्यस्य वधेन स हन्यते छायात्मवन्न चास्य स्राम्येण स्रामः स्वप्नात्मा भवति । यदध्यायादावागममात्रेणोपन्यस्तं नास्य जरयैतज्जीर्यतीत्यादि, तदिह न्यायेनोपपादयितुमुपन्यस्तम् । ★ न तावदयं छायात्मवद्देहदोषयुक्तः, किन्तु घ्नन्ति त्वेवैनम् । एवशब्द इवार्थे । घ्नन्तीवैनं केचनेति द्रष्टव्यम्, न तु घ्नन्त्येवेति, उत्तरेषु सर्वेष्विवशब्ददर्शनात् । ★ नास्य वधेन हन्यत इति विशेषणाद्घ्नन्ति त्वेवेति चेत् ? नैवम्, प्रजापतिं प्रमाणीकुर्वतोऽनृतवादित्वापादनानुपपत्तेः । '**एतदमृतम्**' इत्येतत्प्रजापतिवचनं कथं मृषा कुर्यादिन्द्रस्तं प्रमाणीकुर्वन् । ★ ननु च्छायापुरुषे प्रजापतिनोक्ते '**अस्य शरीरस्य नाशमन्वेष नश्यति**' इति दोषमभ्यदधात्, तथेहापि स्यात् । ★ नैवम्; कस्मात् ? '**य एषोऽक्षिणि पुरुषो दृश्यते**' इति न च्छायात्मा प्रजापतिनोक्त इति मन्यते मघवान् । कथम् ? अपहतपाप्मादिलक्षणे पृष्टे यदि च्छायात्मा प्रजापतिनोक्त इति मन्यते तदा कथं प्रजापतिं प्रमाणीकृत्य पुनः श्रवणाय समित्पाणिर्गच्छेत् ? जगाम च । तस्मान्नच्छायात्मा प्रजापतिनोक्त इति मन्यते । तथा च व्याख्यातम्—द्रष्टाक्षिणि दृश्यत इति । ★ तथा विच्छादयन्तीव विद्रावयन्तीव, तथा च पुत्रादिमरणनिमित्तमप्रियवेत्तेव भवति । अपि च स्वयमपि रोदितीव । ★ नन्वप्रियं वेत्त्येव कथं वेत्तेवेति उच्यते ? ★ न; अमृताभयत्ववचनानुपपत्तेः । '**ध्यायतीव**' (बृ.उप. ४-३-७) इति च श्रुत्यन्तरात् । ★ ननु प्रत्यक्षविरोध इति चेत् ? ★ न; शरीरात्मत्वप्रत्यक्षवद्भ्रान्तिसम्भवात् । ★ तिष्ठतु तावदप्रियवेत्तेव न वेति; नाहमत्र भोग्यं पश्यामि । स्वप्नात्मज्ञानेऽपीष्टं फलं नोपलभ इत्यभिप्रायः । ★ एवमेवैष तवभिप्रायेणेति वाक्यशेषः । आत्मनोऽमृताभयगुणवत्त्वस्याभिप्रेतत्वात् । ★ द्विरुक्तमपि न्यायतो मया यथावन्नावधारयति; तस्मात्पूर्ववदस्याद्यापि प्रतिबन्धकारणमस्तीति मन्वानस्तत्क्षपणाय वसापराणि द्वात्रिंशतं वर्षाणि ब्रह्मचर्यमित्यादिदेश प्रजापतिः । तथोषितवते क्षपितकल्मषायाह ॥ २-४ ॥

શાંકરભાષ્ય :- આ(છાયાત્મા)ની જેમ આ(દેહ)નો નાશ થવાથી એનો નાશ થતો નથી. સ્રામ્યતાથી આ સ્વપ્નાત્મા સ્રામ થતો નથી. જે આ અધ્યાયના આરંભમાં આગમ(શાસ્ત્ર)પ્રમાણથી કહ્યું છે કે 'આની વૃદ્ધાવસ્થાથી એ વૃદ્ધ થતો નથી.' વગેરેનો ન્યાયથી ઉપપાદન કરવા માટે અહીં એનો ઉલ્લેખ કર્યો છે.

આ છાયાત્માની જેમ દેહના દોષોથી જોડાતો નથી. પરંતુ જાણ કે કોઈ એને મારે છે અહીં એવ શબ્દ ઇવ ના અર્થમાં છે. આથી જાણે કે કોઈ એને મારે છે એમ અહીં સમજવું જોઈએ. કારણ કે પછી આવતાં બધા વાક્યોમાં 'ઇવ - જાણે કે' શબ્દ દેખાય છે.

જો કહો કે 'આ (દેહ)નો નાશ થવાથી નષ્ટ થતો નથી' એવું વિશેષણ હોવાથી 'એને કોઈ મારે છે' એવું માનવું જોઈએ ? તો એમ નથી. પ્રજાપતિને પ્રામાણિક માનનાર માટે એની ઉપર અસત્યવાદિત્વનો આરોપ કરવો શક્ય નથી. પ્રજાપતિને પ્રામાણિક માનનાર ઇન્દ્ર એમના 'આ અમૃત છે' એ વચનને અસત્ય કેવી રીતે કરી શકે ?

પૂર્વપક્ષી :- પ્રજાપતિએ કહેલા છાયાપુરુષમાં 'આના શરીરનો નાશ થવાથી પછી એ પણ નાશ પામે છે.' એવો દોષ (ઇન્દ્રે) બતાવ્યો હતો. તો અહીં પણ એવું થઈ શકે છે.

સિદ્ધાન્તી :- એવું નથી. કેમ ? 'આ જે નેત્રમાં પુરુષ દેખાય છે.' આ વાક્યથી પ્રજાપતિએ છાયાત્માનું નિરૂપણ નથી કર્યું એમ ઇન્દ્ર માને છે. 'અપહતપાપ્મા' વગેરે લક્ષણવાળા આત્માની બાબતમાં પ્રશ્ન કરવાથી પ્રજાપતિએ જો છાયાત્મા દર્શાવ્યો છે તો પ્રજાપતિને પ્રામાણિક માનીને પણ એ શ્રવણ કરવા માટે ફરીથી બ્રહ્મચારી બની તેમની પાસે કેવી રીતે જાત ? અને એ ગયા તો છે, માટે એ એવું માનતા હતા કે પ્રજાપતિએ છાયાત્માનું વર્ણન નથી કર્યું, અને અમે પણ 'જે દ્રષ્ટા આંખમાં દેખાય છે' એવી વ્યાખ્યા કરી છે.'

અને જાણે કે કોઈ એને વિચ્છાદિત-જાણે કે વિદ્રાવિત (તાડિત) કરતો હોય અને પુત્ર વગેરેના મરણને કારણે એ જાણે કે અપ્રિય અનુભવ કરવાવાળો થાય છે અને પોતે જાણે કે રડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પૂર્વપક્ષી :- એ અપ્રિય જાણે છે તો પછી 'જાણે કે અપ્રિય જાણે છે' એમ કેમ કહેવામાં આવે છે ?

સિદ્ધાન્તી :- ના, અમૃતત્વ અને અભયત્વનું વચન અનુપપન્ન બની જશે. વળી **'જાણે કે ધ્યાન કરે છે'** (બૃ.ઉપ. ૪-૩-૭) એવી શ્રુતિ પણ છે.

પૂર્વપક્ષી :- પણ (એવું માનવાથી) પ્રત્યક્ષ સાથે વિરોધ આવશે.

સિદ્ધાન્તી :- ના, શરીર આત્મા છે એવા પ્રત્યક્ષ અનુભવની જેમ અહીં પણ ભ્રાન્તિ સંભવે છે. માનો અપ્રિયવેત્તા હોય કે ન હોય એ વાત બાજુએ રહે. મને આમાં કોઈ ભોગ્ય દેખાતું નથી. સ્વપ્નશરીરને આત્મા માનવામાં પણ મને ઇચ્છિત ભોગ પ્રાપ્ત થતો નથી એવું કહેવાનું (ઇન્દ્રનું) તાત્પર્ય છે.

(પ્રજાપતિએ કહ્યું) 'આત્માનું અમૃત અને ગુણવાન હોવું અભિપ્રેત છે માટે તમારા અભિપ્રાય મુજબ આ વાત એવી જ છે.' અહીં 'एवमेवैष' આનાથી આગળ 'तवाभिप्रायेण' એ વાક્યશેષ છે. મેં બેવાર ન્યાયપૂર્વક કહ્યું છતાં આ બરાબર સમજતો નથી' માટે પહેલાંની જેમ હજુ પણ પ્રતિબદ્ધ કારણનું અસ્તિત્વ છે' એવું માનીને પ્રજાપતિએ એ(પ્રતિબન્ધકારણ)ને દૂર કરવા માટે ઇન્દ્રને 'બત્રીસ વર્ષ બ્રહ્મચર્યપૂર્વક વાસ કર' એવી આજ્ઞા કરી. આ રીતે રહેવાથી દોષ ક્ષીણ થતાં (પ્રજાપતિએ ઇન્દ્રને) કહ્યું. ॥ ૨-૪ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये दशमखण्डभाष्यं सम्पूर्णम् ॥ १० ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના દશમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

एकादशः खण्डः

पूर्ववदेतं त्वेव न इत्याद्युक्त्वा– પહેલાંની જેમ (હું ફરી વ્યાખ્યા કરીશ એવું) કહીને –

तद्यत्रैतत् सुप्तः समस्तः सम्प्रसन्नः स्वप्नं न विजानात्येष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति स ह शान्तहृदयः प्रवव्राज स हाप्राप्यैव देवानेतद्भयं ददर्श नाह खल्वयमेवꣳ सम्प्रत्यात्मानं जानात्ययमहमस्मीति नो एवेमानि भूतानि विनाशमेवापीतो भवति नाहमत्र भोग्यं पश्यामीति ॥ १ ॥

જ્યાં આ સુતેલો સારી રીતે આનંદિત સ્વપ્નનો અનુભવ કરતો નથી એ આત્મા છે' એવું પ્રજાપતિએ કહ્યું. 'એ અમૃત છે અભય છે અને બ્રહ્મ છે.' એમ (સાંભળીને) તે (ઇન્દ્ર) શાંતહૃદય બની ચાલવા માંડ્યો પણ દેવતાઓ પાસે પહોંચ્યા વિના તેને ભય દેખાયો, 'એ અવસ્થામાં ચોક્કસ જ્ઞાન થતું નથી કે 'આ હું છું' અને એ અન્ય ભૂતોને પણ જાણતો નથી એ સમયે જાણે કે વિનાશને પ્રાપ્ત થઈ જાય છે. આમાં મને ભોગ્યનું દર્શન થતું નથી.' ॥ ૧ ॥

શાઙ્કરભાષ્યમ્ :- तद्यत्रैतत्सुप्त इत्यादि व्याख्यातं वाक्यम् । अक्षिणि यो द्रष्टा स्वप्ने च महीयमानश्चरति स एष सुप्तः समस्तः सम्प्रसन्नः स्वप्नं न विजानात्येष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति स्वाभिप्रेतमेव । ★ मघवांस्तत्रापि दोषं ददर्श । कथम् ? नाहं नैव सुषुप्तस्थोऽप्यात्मा खल्वयं सम्प्रति सम्यगिदानीं चात्मानं जानाति नैवं जानाति । कथम् ? अयमहमस्मीति नो एवेमानि भूतानि चेति, यथा जाग्रति स्वप्ने वा । अतो विनाशमेव विनाशमिवेति पूर्ववद्द्रष्टव्यम् । अपीतोऽपिगतो भवति विनष्ट इव भवतीत्यभिप्रायः । ★ ज्ञाने हि सति ज्ञातुः सद्भावोऽवगम्यते नासति ज्ञाने । न च सुषुप्तस्य ज्ञानं दृश्यतेऽतो विनष्ट इवेत्यभिप्रायः । न तु विनाशमेवात्मनो मन्यतेऽमृताभयवचनस्य प्रामाण्यमिच्छन् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'तद्यत्रैतत् सुप्तः' વગેરેની વ્યાખ્યા કરી દીધી છે. નેત્રમાં રહેલો દ્રષ્ટા સ્વપ્નામાં પૂજિત થતો વિચરે છે એ હવે સૂઇ જવાથી દર્શનવૃત્તિથી રહિત અને અત્યંત આનંદિત બની સ્વપ્નને જોતો નથી એ આત્મા છે એ અમૃત છે. અભય છે, એ જ બ્રહ્મ છે.' આમ પ્રજાપતિએ પોતાના અભિપ્રાય મુજબ આત્માનું સ્વરૂપ દર્શાવ્યું.

ઇન્દ્રે તેમાં પણ દોષનું દર્શન કર્યું ? કેવી રીતે ? 'આ સુષુપ્તિમાં રહેલો આત્મા પણ એ અવસ્થામાં ચોક્કસ પોતાને આ રીતે જાણતો નથી.' કઈ રીતે તે નથી જાણતો ? 'આ હું છું' અને એ અન્ય ભૂતોને પણ જાણતો નથી. જેમ એ જાગ્રત કે સ્વપ્નાવસ્થામાં (જાણતો નથી). માટે વિનાશને પ્રાપ્ત થાય છે - જાણે કે નાશને પ્રાપ્ત થાય છે એમ પૂર્વની જેમ જોવું જોઈએ અહીં 'विनाशमेव ના સ્થાને विनाशमिव' એમ સમજવું જોઈએ.

જ્ઞાન હોય તો જ જ્ઞાતાની સત્તા (સદ્ભાવ) જાણી શકાય છે. આમ ન હોય તો નહીં. સુષુપ્ત(પુરુષ)ને જ્ઞાન થતું જોવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

આવતું નતી. માટે એ જાણે કે નાશ પામ્યો છે એવું કહેવાનો અભિપ્રાય છે. અમૃત અને અભયવચનનું પ્રામાણ્ય ઇચ્છનાર(ઇન્દ્ર) એ(અવસ્થા)માં આત્માનો સાક્ષાત્ વિનાશ નથી માનતા. ॥ ૧ ॥

स समित्पाणिः पुनरेयाय तꣳह प्रजापतिरुवाच मघवन्यच्छान्तहृदयः प्राव्राजीः किमिच्छन्पुनरागम इति स होवाच नाह खल्वयं भगव एव सम्प्रत्यात्मानं जानात्ययमहमस्मीति नो एवेमानि भूतानि विनाशमेवापीतो भवति नाहमत्र भोग्यं पश्यामीति ॥ २ ॥

એ સમિત્પાણિ બની ફરી (પ્રજાપતિ પાસે) ગયો એને પ્રજાપતિએ કહ્યું, 'હે ઇન્દ્ર ! તું શાંત હૃદય બની ગયો હતો હવે કઇ ઇચ્છાથી ફરી આવ્યો છું.' ઇન્દ્રે કહ્યું, 'હે ભગવન્ ! આ(અવસ્થા)માં ચોક્કસ એને આ જ્ઞાન નથી હોતું કે 'આ હું છું.' અને ન તો એ અન્ય ભૂતોને જાણે છે એ જાણે કે વિનાશને પ્રાપ્ત થઈ જાય છે. આમાં મને ભોગ્ય દેખાતું નથી. ॥ ૨ ॥

पूर्ववत्– પૂર્વની જેમ (આની વ્યાખ્યા કરવી) –

एवमेवैष मघवन्निति होवाचैतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि नो एवान्यत्रैतस्माद्वसापराणि पञ्च वर्षाणीति स हापराणि पञ्च वर्षाण्युवास तान्येकशतःसम्पेदुरेतत्तद्यदाहुरेकशतꣳ ह वै वर्षाणि मघवान्प्रजापतौ ब्रह्मचर्यमुवास तस्मै होवाच ॥ ३ ॥

'હે ઇન્દ્ર ! આ આમ જ છે.' પ્રજાપતિએ કહ્યું. 'હું આની તને ફરીથી વ્યાખ્યા કરીશ. આ (આત્મા) આનાથી જુદો નથી. હજુ પાંચ વર્ષ (બ્રહ્મચર્ય) વાસ કરો.' તેણે (ઇન્દ્રે) બીજા પાંચ વર્ષ (બ્રહ્મચર્ય) વાસ કર્યો. (બધું મળીને) એ એકસો અને એક વર્ષ થયા. આથી કહે છે કે ઇન્દ્રે પ્રજાપતિને ત્યાં એકસોને એક વર્ષ સુધી બ્રહ્મચર્યવાસ કર્યો. (પછી) તેને (પ્રજાપતિએ) કહ્યું. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- एवमेवेत्युक्त्वा यो मयोक्तस्त्रिभिः पर्यायैस्तमेवैतं नो एवान्यत्रैतस्मादात्मनोऽन्यं कञ्चन किं तर्ह्येतमेव व्याख्यास्यामि । स्वल्पस्तु दोषस्तवावशिष्टस्तत्क्षपणाय वसापराण्यन्यानि पञ्च वर्षाणीत्युक्तः स तथा चकार । तस्मै मृदितकषायादिदोषाय स्थानत्रयदोषसम्बन्धरहितमात्मनः स्वरूपमपहतपाप्मत्वादिलक्षणं मघवते तस्मै होवाच । ★ तान्येकशतं वर्षाणि सम्पेदुः सम्पन्नानि बभूवुः । यदाहुर्लोके शिष्टा एकशतं ह वै वर्षाणि मघवान् प्रजापतौ ब्रह्मचर्यमुवासेति । तदेतद्द्वात्रिंशतमित्यादिना दर्शितमित्याख्यायिकातोऽपसृत्य श्रुत्योच्यते । एवं किलैतदिन्द्रत्वादपि गुरुतरमिन्द्रेणापि महता यत्नेनैकोत्तरवर्षशतकृतायासेन प्राप्तमात्मज्ञानमतो नातः परं पुरुषार्थान्तरमस्तीत्यात्मज्ञानं स्तौति ॥ ३ ॥

શાંકરભાષ્ય :- 'આ આમ જ છે' એમ કહીને 'મેં ત્રણ પર્યાયોમાં જેનું વર્ણન કર્યું. એ આ આત્માનું - આત્માથી જુદા બીજા અન્ય આત્માનું ન હોતું તો પછી કોનું ? તેની હું વ્યાખ્યા કરીશ. તારો સ્વલ્પ-ઘણો ઓછો દોષ બાકી રહી ગયો છે. તેનો નાશ કરવા માટે બીજા પાંચ વર્ષ તું (બ્રહ્મચર્ય) વાસ કર. એમ કહેવામાં આવતાં તે (ઇન્દ્રે) તેમ કર્યું. આમ જેના કષાય વગેરે દોષ દૂર થઈ ગયા છે તે ઇન્દ્રને પ્રજાપતિએ જાગ્રત વગેરે ત્રણે અવસ્થાના દોષોના સંબંધથી રહિત આત્માનું અપહતપાપ્મત્વ વગેરે લક્ષણોવાળું સ્વરૂપ કહ્યું.

તે એકસો અને એક વર્ષ થયા - સંપન્ન થયા. લોકમાં (શિષ્ટો) કહે છે કે ઇન્દ્રે પ્રજાપતિને ત્યાં એકસોને એક વર્ષ સુધી બ્રહ્મચર્યવાસ કર્યો. આ દ્વાત્રિંશતમ્ એટલે બત્રીસ વગેરે વાક્યોથી કહેવાયેલી આખ્યાયિકાથી થોડા દૂર સરકીને શ્રુતિ કહી રહી છે. આ (વસ્તુ) ઇન્દ્રથી પણ વધુ મહત્ત્વની છે. કારણ ઇન્દ્રે પણ એકસો એક વર્ષ સુધી મહાન પ્રયત્નથી પ્રાપ્ત કરી માટે આનાથી વધુ સારો કોઈ પુરુષાર્થ નથી. આ રીતે શ્રુતિ અહીં આત્મજ્ઞાનની સ્તુતિ કરે છે. ॥ ૩ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये एकादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ ११ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના અગિયારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

द्वादशः खण्डः

मघवन्मर्त्यं वा इदꣳ शरीरमात्तं मृत्युना तदस्यामृतस्याशरीरस्यात्मनोऽधिष्ठानमात्तो वै सशरीरः प्रियाप्रियाभ्यां न ह वै सशरीरस्य सतः प्रियाप्रिययोरपहतिरस्त्यशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः ॥ १ ॥

'હે ઇન્દ્ર ! (માણસનું) આ શરીર મર્ત્ય-મરણશીલ છે, એ મૃત્યુથી ગ્રસ્ત-ઘેરાયેલું છે. એ અમૃત, એવા અશરીરી આત્માનું અધિષ્ઠાન (આધાર) છે. સશરીર (શરીરવાળો આત્મા) ચોક્કસ પ્રિય અને અપ્રિયથી ગ્રસ્ત છે. સશરીર હોય ત્યારે પ્રિય અને અપ્રિયનો નાશ થતો નથી અને અશરીર થાય ત્યારે પ્રિય કે અપ્રિય તેને સ્પર્શતાં નથી. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- मघवन्मर्त्यं वै मरणधर्मीदं शरीरम् । यन्मन्यसेऽक्ष्याधारादिलक्षणः सम्प्रसादलक्षण आत्मा मयोक्तो विनाशमेवापीतो भवतीति । शृणु तत्र कारणम् । यदिदं शरीरं वै यत्पश्यसि तदेतन्मर्त्यं विनाशि । तच्चात्तं मृत्युना ग्रस्तं सततमेव । कदाचिदेव म्रियत इति मर्त्यमित्युक्ते न तथा संत्रासो भवति यथा ग्रस्तमेव सदा व्याप्तमेव मृत्युनेत्युक्त इति वैराग्यार्थं विशेष इत्युच्यत आत्तं मृत्युनेति । कथं नाम देहाभिमानतो विरक्तः सन्निवर्तत इति । शरीरमप्यत्र सहेन्द्रियमनोभिरुच्यते । ★ तच्छरीरमस्य सम्प्रसादस्य त्रिस्थानतया गम्यमानस्यामृतस्य मरणादिदेहेन्द्रियमनोधर्मवर्जितस्येत्येतत् । अमृतस्येत्यनेनैवाशरीरत्वे सिद्धे पुनरशरीरस्येति वचनं वाय्वादिवत्सावयवत्वमूर्तिमत्त्वे मा भूतामिति । आत्मनो भोगाधिष्ठानम् । आत्मनो वा सत ईक्षितुस्तेजोऽबन्नादिक्रमेणोत्पन्नमधिष्ठानम् । जीवरूपेण प्रविश्य सदेवाधितिष्ठत्यस्मिन्निति वाधिष्ठानम् । ★ यस्येदमीदृशं नित्यमेव मृत्युग्रस्तं धर्माधर्मजनितत्वात्प्रियाप्रियवदधिष्ठानं तदधिष्ठितस्तद्वान् सशरीरो भवति । अशरीरस्वभावस्यात्मनस्तदेवाहं शरीरं शरीरमेव चाहमित्यविवेकात्मभावः सशरीरत्वमत एव सशरीरः सन्नात्तो ग्रस्तः प्रियाप्रियाभ्यां प्रसिद्धमेतत् । ★ तस्य च न ह वै सशरीरस्य सतः प्रियाप्रिययोर्बाह्यविषयसंयोगवियोगनिमित्तयोर्बाह्यविषयसंयोगवियोगौ ममेति मन्यमानस्यापहतिर्विनाश उच्छेदः संततिरूपयोर्नास्तीति । तं पुनर्देहाभिमानादशरीरस्वरूपविज्ञानेन निवर्तिताविवेकज्ञानमशरीरं सन्तं प्रियाप्रिये न स्पृशतः । स्पृशिः प्रत्येकं सम्बध्यत इति प्रियं न स्पृशत्यप्रियं न स्पृशतीति वाक्यद्वयं भवति । न म्लेच्छाशुच्यधार्मिकैः सह सम्भाषेतेति यद्वत् । धर्माधर्मकार्ये हि ते, अशरीरता तु स्वरूपमिति तत्र धर्माधर्मयोरसम्भवात्तत्कार्यभावो दूरत एवेत्यतो न प्रियाप्रिये स्पृशतः । ★ ननु यदि प्रियमप्यशरीरं न स्पृशतीति यन्मघवतोक्तं सुषुप्तस्थो विनाशमेवापीतो भवतीति तदेवेहाप्यापन्नम् । ★ नैष दोषः; धर्माधर्मकार्ययोः शरीरसम्बन्धिनोः प्रियाप्रिययोः प्रतिषेधस्य विवक्षितत्वात् । अशरीरं न प्रियाप्रिये स्पृशत इति । आगमापायिनोर्हि स्पर्शशब्दो दृष्टो यथा शीतस्पर्श उष्णस्पर्श इति । न त्वग्नेरुष्णप्रकाशयोः स्वभावभूतयोरग्निना स्पर्श इति भवति । तथाग्नेः सवितुर्वोष्णप्रकाशवत्स्वरूपभूतस्यानन्दस्य प्रियस्यापि नेह प्रतिषेधः **'विज्ञानमानन्दं ब्रह्म'** (बृ.उप. ३-९-२८) **'आनन्दो ब्रह्म'** (तै.उप. ३-६-१) इत्यादिश्रुतिभ्यः । इहापि भूमैव सुखमित्युक्तत्वात् । ★ ननु भूम्नः प्रियस्यैकत्वेऽसंवेद्यत्वात् स्वरूपेणैव वा नित्यसंवेद्यत्वान्निर्विशेषतेति नेन्द्रस्य तदिष्टम् । 'नाह खल्वयं सम्प्रत्यात्मानं जानात्ययमहमस्मीति नो एवेमानि भूतानि विनाशमेवापीतो भवति । नाहमत्र भोग्यं पश्यामि' इत्युक्तत्वात् । तद्धीन्द्रस्येष्टं यद्भूतानि चात्मानं च जानाति न चाप्रियं किञ्चिद्वेत्ति स सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामान्येन ज्ञानेन । ★ सत्यमेतदिष्टमिन्द्रस्येमानि भूतानि मत्तोऽन्यानि लोकाः कामाश्च सर्वं मत्तोऽन्येऽहमेषां स्वामीति; न त्वेतदिन्द्रस्य हितम् । हितं चेन्द्रस्य प्रजापतिना वक्तव्यम् । व्योमवदशरीरात्मतया सर्वभूतलोककामात्मत्वोपगमेन या प्राप्तिस्तद्धितमिन्द्राय वक्तव्यमिति प्रजापतिनाभिप्रेतम् । न तु रात्रो राज्याप्तिवदन्यत्वेन । तत्रैवं सति कं केन विजानीयादात्मैकत्वे 'इमानि भूतान्ययमहमस्मि' इति । ★ नन्वस्मिन्पक्षे **'स्त्रीभिर्वा यानैर्वा' 'स यदि पितृलोककामः' 'स एकधा भवति'** इत्याद्यैश्वर्यश्रुतयोऽनुपपन्नाः । ★ न; सर्वात्मनः सर्वफलसम्बन्धोपपत्तेरविरोधात् । मृद इव सर्वघटकरककुण्डाद्याप्तिः । ★ ननु सर्वात्मत्वे दुःखसम्बन्धोऽपि स्यादिति चेत् ? ★ न, दुःखस्याप्यात्मत्वोपगमादविरोधः । आत्मन्यविद्याकल्पनानिमित्तानि दुःखानि रज्ज्वामिव सर्पादिकल्पनानिमित्तानि । सा चाविद्याशरीरात्मैकत्वस्वरूपदर्शनेन दुःखनिमित्तोच्छिन्नेति दुःखसम्बन्धाशङ्का न सम्भवति । ★ शुद्धसत्त्वसंकल्पनिमित्तानां तु कामानामीश्वरदेहसम्बन्धः सर्वभूतेषु मानसानाम् । पर एव सर्वसत्त्वोपाधिद्वारेण भोक्तेति सर्वाविद्याकृतसंव्यवहाराणां पर एवात्मास्पदं नान्योऽस्तीति वेदान्तसिद्धान्तः । ★ **'य एषोऽक्षिणि पुरुषो दृश्यते'** इतिच्छायापुरुष एव प्रजापतिनोक्तः । स्वप्नसुषुप्तयोश्चान्य एव, न परोऽपहतपाप्मत्वादिलक्षणः, विरोधादिति केचिन्मन्यन्ते । छायाद्यात्मनां चोपदेशे प्रयोजनमाचक्षते– आदावेवोच्यमाने किल दुर्विज्ञेयत्वात्परस्यात्मनोऽत्यन्तबाह्यविषयासक्तचेतसोऽत्यन्तसूक्ष्मवस्तुश्रवणे व्यामोहो मा भूदिति । ★ यथा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

किल द्वितीयायां सूक्ष्मं चन्द्रं दिदर्शयिषुर्वृक्षं कञ्चित्प्रत्यक्षमादौ दर्शयति पश्यामुमेष चन्द्र इति । ततोऽयं ततोऽप्यन्यं गिरिमूर्धानं च चन्द्रसमीपस्थमेष चन्द्र इति । ततोऽसौ चन्द्रं पश्यति । एवमेतद् **'य एषोऽक्षिणि'** इत्याद्युक्तं प्रजापतिना त्रिभिः पर्यायैर्न पर इति । चतुर्थे तु पर्याये देहान्मर्त्यात्समुत्थायाशरीरतामापन्नो ज्योतिःस्वरूपं यस्मिन्नुत्तमपुरुषे स्त्र्यादिभिर्जक्षत्क्रीडन्रममाणो भवति स उत्तमः पुरुषः पर उक्त इति चाहुः । ★ सत्यं रमणीया तावदियं व्याख्या श्रोतुम् । न त्वर्थोऽस्य ग्रन्थस्यैवं सम्भवति । कथम् ? **'अक्षिणि पुरुषो दृश्यते'** इत्युपन्यस्य शिष्याभ्यां छायात्मनि गृहीते तयोस्तद्विपरीतग्रहणं मत्वा तदपनयायोदशरावोपन्यासः किं पश्यथ इति च प्रश्नः साध्वलङ्कारोपदेशश्चानर्थकः स्यात्, यदिच्छायात्मैव प्रजापतिनाक्षिणि दृश्यत इत्युपदिष्टः । किञ्च यदि स्वयमुपदिष्ट इति ग्रहणस्याप्यपनयनकारणं वक्तव्यं स्यात् । स्वप्नसुषुप्तात्मग्रहणयोरपि तदपनयकारणं च स्वयं ब्रूयात् । न चोक्तं तेन मन्यामहे नाक्षिणिच्छायात्मा प्रजापतिनोपदिष्टः । ★ किं चान्यदक्षिणि द्रष्टा चैद्दृश्यत इत्युपदिष्टः स्यात्तत इदं युक्तम् । एतं त्वेव त इत्युक्त्वा स्वप्नेऽपि द्रष्टुरेवोपदेशः । स्वप्ने न द्रष्टोपदिष्ट इति चेन्न; अपि रोदितीवाप्रियवेत्तेवेत्युपदेशात् । न च द्रष्टुरन्यः; कश्चित्स्वप्ने महीयमानश्चरति । **'अत्रायं पुरुषः स्वयंज्योतिः'** (बृ.उप. ४-३-९) इति न्यायतः श्रुत्यन्तरे सिद्धत्वात् । ★ यद्यपि स्वप्ने सधीर्भवति तथापि न धीः स्वप्नभोगोपलब्धिं प्रति करणत्वं भजते । किं तर्हि ? पटचित्रवज्जाग्रद्वासनाश्रया दृश्यैव धीर्भवतीति न द्रष्टुः स्वयंज्योतिष्ट्वबाधः स्यात् । ★ किञ्चान्यत्, जाग्रस्त्वप्नयोर्भूतानि चात्मानं च जानातीमानि भूतान्ययमहमस्मीति प्राप्तौ सत्यां प्रतिषेधो युक्तः स्यान्नाह खल्वयमित्यादि । तथा चेतनस्यैवाविद्यानिमित्तयोः सशरीरत्वे सति प्रियाप्रिययोरपहतिर्नास्तीत्युक्त्वा तस्यैवाशरीरस्य सतो विद्यायां सत्यां सशरीरत्वे प्राप्तयोः प्रतिषेधो युक्तोऽशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशत इति । एकश्चात्मा स्वप्नबुद्धान्तयोर्महामत्स्यवदसङ्गः सञ्चरतीति श्रुत्यन्तरे सिद्धम् । ★ यच्चोक्तं सम्प्रसादः शरीरात्समुत्थाय यस्मिन्स्त्र्यादिभि रममाणो भवति सोऽन्यः सम्प्रसादादधिकरणनिर्दिष्ट उत्तमः पुरुष इति, तदप्यसत्; चतुर्थेऽपि पर्याये **'एतं त्वेव ते'** इति वचनात् । यदि ततोन्योऽभिप्रेतः स्यात्पूर्ववत् **'एतं त्वेव ते'** इति न ब्रूयान्मृषा प्रजापतिः । ★ किञ्चान्यत्तेजोऽबन्नादीनां स्रष्टुः सतः स्वविकारदेहशुङ्गे प्रवेशं दर्शयित्वा प्रविष्टाय पुनस्तत्त्वमसीत्युपदेशो मृषा प्रसज्येत । तस्मिंस्त्वं स्त्र्यादिभी रन्ता भविष्यसीति युक्त उपदेशोऽभविष्यद्यदि सम्प्रसादादन्य उत्तमः पुरुषो भवेत् । तथा भूम्न्यहमेवेत्यादिश्यात्मैवेदं सर्वमिति नोपसमहरिष्यद्यदि भूमा जीवादन्योऽभविष्यत् । **'नान्योऽतोऽस्ति द्रष्टा'** (बृ.उप. ३-७-२३) इत्यादिश्रुत्यन्तराच्च । सर्वश्रुतिषु च परस्मिन्नात्मशब्दप्रयोगो नाभविष्यत्प्रत्यगात्मा चेत्सर्वजन्तूनां पर आत्मा न भवेत् । तस्मादेक एवात्मा प्रकरणी सिद्धः । ★ न चात्मनः संसारित्वम्; अविद्याध्यस्तत्वादात्मनि संसारस्य । न हि रज्जुशुक्तिकागगनादिषु सर्परजतमलादीनि मिथ्याज्ञानाध्यस्तानि तेषां भवन्तीति । एतेन सशरीरस्य प्रियाप्रिययोरपहतिर्नास्तीति व्याख्यातम् । यच्च स्थितमप्रियवेत्तेवेति नाप्रियवेत्तैवेति सिद्धम् । एवं च सति सर्वपर्यायेष्वेतदमृतमभयमेतद्ब्रह्मेति प्रजापतेर्वचनम् । यदि वा प्रजापतिच्छद्मरूपायाः श्रुतेर्वचनं सत्यमेव भवेत् । न च तत्कुतर्कबुद्ध्या मृषा कर्तुं युक्तम् । ततो गुरुतरस्यप्रमाणान्तरस्यानुपपत्तेः । ★ ननु प्रत्यक्षं दुःखाद्यप्रियवेत्तृत्वमव्यभिचार्यनुभूयत इति चेन्न; जरादिरहितो जीर्णोऽहं जातोऽहमायुष्मान् गौरः कृष्णो मृत-इत्यादिप्रत्यक्षानुभववत्तदुपपत्तेः । सर्वमप्येतत्सत्यमिति चेदस्त्येवैतदेवं दुरवगमं येन देवराजोऽप्युदशरावादिदर्शिताविनाशयुक्तिरपि मुमोहैवात्र विनाशमेवापीतो भवतीति । ★ तथा विरोचनो महाप्राज्ञः प्राजापत्योऽपि देहमात्रात्मदर्शनो बभूव । तथेन्द्रस्यात्मविनाशमयसागर एव वैनाशिका न्यमज्जन् । तथा सांख्या द्रष्टारं देहादिव्यतिरिक्तमवगम्यापि त्यक्तागमप्रमाणत्वान्मृत्युविषय एवान्यत्वदर्शने तस्थुः । तथान्ये काणादादिदर्शनाः कषायरक्तमिव क्षारादिभिर्वस्त्रं नवभिरात्मगुणैर्युक्तमात्मद्रव्यं विशोधयितुं प्रवृत्ताः । तथान्ये कर्मिणो बाह्यविषयापहृतचेतसो वेदप्रमाणा अपि परमार्थसत्यमात्मैकत्वं सविनाशमिवेन्द्रवन्मन्यमाना घटीयन्त्रवदारोहावरोहप्रकारैरनिशं बम्भ्रमति किमन्ये क्षुद्रजन्तवो विवेकहीनाः स्वभावत एव बहिर्विषयापहृतचेतसः । ★ तस्मादिदं त्यक्तसर्वबाह्यैषणैरनन्यशरणैः परमहंसपरिव्राजकैरत्याश्रमिभिर्वेदान्तविज्ञानपरैरेव वेदनीयं पूज्यतमैः प्राजापत्यं चेमं सम्प्रदायमनुसरद्भिरुपनिबद्धं प्रकरणचतुष्टयेन । तथानुशासत्यद्यापि त एव नान्य इति ॥ १ ॥

શાંકરભાષ્ય :- હે ઇન્દ્ર ! આ શરીર મર્ત્ય એટલે મરણરૂપી ધર્મવાળું છે. તું જે સમજે છે કે મારા દ્વારા દર્શાવાયેલ નેત્ર વગેરેનો આધાર બનેલ સમ્પ્રસાદરૂપ આત્મા વિનાશ પામે છે તો તેનું કારણ સાંભળ. આ જે શરીર તું જુએ છે તે મર્ત્ય એટલે વિનાશી છે. તે સતત મૃત્યુથી આત્ત એટલે ગ્રસ્ત જ છે, ક્યારેક એ મરશે એવું કહેવાથી એટલો ત્રાસ નથી થતો જેટલો મૃત્યુથી ગ્રસ્ત એટલે સદા વ્યાપ્ત છે એવું કહેવાથી થાય છે. આમ એ મૃત્યુથી આત્ત - ગ્રસ્ત છે એમ કહ્યું એ વિશેષરૂપે વૈરાગ્ય થાય તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

માટે કહ્યું છે. કેમે કરીને (સાધક) દેહના અભિમાનથી વિરક્ત બની નિવૃત્ત થાય. અહીં શરીર પણ મન અને ઇન્દ્રિયોસહિત કહેવામાં આવ્યું છે.

તે શરીર (જાગ્રત વગેરે) ત્રણ અવસ્થાથી સમજાનાર અમૃત, દેહ ઇન્દ્રિય અને મનના ધર્મોથી રહિત એવા સમ્પ્રસાદનું - આત્માનું અધિષ્ઠાન છે. આત્માનું અશરીરત્વ તો 'अमृतस्य' એવા પદથી સિદ્ધ છે પરંતુ अशरीरस्य એવું જે કહ્યું તે એ માટે કે વાયુ વગેરેની જેમ આત્માનો સાવયવત્વ (અવયવયવાળો છે) અને અમૂર્તિમત્વ (મૂર્તિવાળો નથી) એવું માનવાનો પ્રસંગ ન આવે. એ આત્માના ભોગનું અધિષ્ઠાન - આધાર છે. આત્માનું અથવા ઈક્ષણ કરનાર સત્‌નું તેજ, જળ અને અન્ન ક્રમે ઉત્પન્ન થતું અધિષ્ઠાન છે. અથવા આમાં જીવરૂપેથી પ્રવેશ કરીને સત્ જ અધિષ્ઠિત છે, આથી એ અધિષ્ઠાન છે.

જેનું આવું અધિષ્ઠાન સદાય મૃત્યુથી ગ્રસ્ત અને ધર્મ તથા અધર્મથી ઉદ્‌ભવેલ હોવાથી પ્રિય અને અપ્રિયવાળું છે તેમાં અધિષ્ઠિત થવાથી તેનાથી જોડાયેલો આ આત્મા સશરીર-શરીરવાળો બને છે. અશરીરસ્વાભાવવાળો આત્માના 'એ શરીર હું છું અથવા શરીર જ હું છું' એવો અવિવેકનો ભાવ (અસ્તિત્વ) એનું સશરીરત્વ છે. આથી શરીરવાળો હોવાથી એ પ્રિય અને અપ્રિયથી आत्त એટલે ગ્રસ્ત છે. આ પ્રસિદ્ધ છે.

બાહ્ય વિષયોનો સંયોગ અને વિયોગ મારા છે એવું માનનાર એ સશરીર રૂપ(આત્મા)નો બાહ્યવિષયો સાથેના સંયોગ અને વિયોગથી ઉત્પન્ન થનાર પ્રવાહરૂપ પ્રિય અને અપ્રિયની અપહતિ એટલે વિનાશ થતો નથી. તે ફરી દેહાભિમાન(હું દેહ છું એવા અભિમાન)થી ઉપર ઉઠીને અશરીરસ્વરૂપ વિજ્ઞાનથી જેનું અવિવેકજ્ઞાન દૂર થયું છે તે અશરીરરૂપ બનેલ આત્માને પ્રિય કે અપ્રિય સ્પર્શતાં નથી. 'स्पृश' એ ધાતુ સાથે પ્રિય અને અપ્રિય એમ બન્નેનો સંબંધ છે. એટલે प्रियं न स्पृशति - પ્રિયનો સ્પર્શ થતો નથી અને अप्रियं न स्पृशति - અપ્રિયનો સ્પર્શ થતો નથી એવાં બે વાક્યો બને છે, જેમ મ્લેચ્છ, અપવિત્ર અને અધાર્મિક સાથે બોલતો નથી. તેની જેમ (અહીં મ્લેચ્છા સાથે બોલતો નથી, અપવિત્ર સાથે બોલતો નથી અને અધાર્મિક સાથે બોલતો નથી એમ જુદાં જુદાં વાક્યો બને છે). એ પ્રિય અને અપ્રિય ધર્મ અને અધર્મનું કાર્ય છે, પણ અશરીરતાએ (આત્માનું) સ્વરૂપ છે તેથી ત્યાં ધર્મ અને અધર્મનો સંભવ ન હોવાથી તેના કાર્ય એવા(પ્રિય અને અપ્રિય)નો અભાવ છે. તેથી તે દૂર જ રહેતાં હોવાથી (આત્માને) પ્રિય કે અપ્રિય સ્પર્શતાં નથી.

પૂર્વપક્ષી :- પરંતુ જો (અશરીર આત્માને) પ્રિય સ્પર્શતું નથી તો ઇન્દ્રે જે કહ્યું કે 'સુષુપ્તિમાં રહેલો (પુરુષ) વિનાશને પ્રાપ્ત થાય છે.' એ વાત અહીં આવી પડશે.

સિદ્ધાન્તી :- એમાં દોષ નથી. ધર્મ અને અધર્મનું કાર્ય એવા શરીર સંબંધી પ્રિય અને અપ્રિયનો પ્રતિષેધ વિવક્ષિત (કહેવાની ઇચ્છા) છે તેથી. અશરીરને પ્રિય કે અપ્રિય સ્પર્શતાં નથી 'સ્પર્શ' શબ્દ આવનાર અને જનાર માટે વપરાતો દેખાય છે. જેમ કે શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ. અગ્નિનો સ્વભાવ બનેલા ઉષ્ણ અને પ્રકાશનો અગ્નિને સ્પર્શ થતો નથી. જેમ અગ્નિ કે સૂર્યના ઉષ્ણ અને પ્રકાશની જેમ આત્માનું સ્વરૂપ બનેલા આનંદ અને પ્રિયના સ્પર્શનો અહીં નિષેધ નથી. કારણ **'વિજ્ઞાન અને આનંદ બ્રહ્મ છે'** (બૃ.ઉપ. ૩-૯-૨૮) **'આનંદ બ્રહ્મ છે'** (તૈ.ઉપ. ૩-૬-૧) વગેરે શ્રુતિઓ છે. અહીં પણ ભૂમા અને સુખ છે એવું કહેવાયું છે.

પૂર્વપક્ષી :- પરંતુ ભૂમા અને પ્રિયની એકતાને કારણે પ્રિય એ ભૂમાનું સંવેદ્ય નથી અથવા નિત્ય સંવેદ્ય હોવાથી તે અવિશેષ (જુદું નહીં) છે માટે એ ઇન્દ્રને ઇષ્ટ નથી એણે કહ્યું છે. આમાં 'હું આ છું' એમ પોતાને જાણતો નથી. અને એ રીતે અન્ય ભૂતોને પણ જાણતો નથી. એ સમયે વિનાશને પ્રાપ્ત થાય છે. તેથી હું ભોગ્ય જોતો નથી.' ઇન્દ્રને તો એ જ ઇષ્ટ છે જે જ્ઞાનથી આત્મા અને સંપૂર્ણ ભૂતોને જાણે છે અને કોઈ પણ અપ્રિયને જાણતો નથી તે સઘળા લોકોને અને સહુ ભોગોને પ્રાપ્ત કરે છે.

સિદ્ધાન્તી :- સાચું છે, એ ઇન્દ્રને ઇષ્ટ છે કે આ ભૂતો મારાથી જુદાં છે અને એ સઘળા લોક અને કામનાઓ મારાથી જુદા છે અને હું એનો સ્વામી છું. પરંતુ આ ઇન્દ્રના હિતમાં નથી. ઇન્દ્રના હિતનું તો પ્રજાપતિએ કહેવું જોઈએ. આકાશની જેમ અશરીરરૂપે જે સઘળા ભૂતલોક અને કામનાઓને આત્મભાવ પ્રાપ્ત કરી એને મેળવવા ઇચ્છે છે એ હિતકર છે એવું ઇન્દ્રને માટે કહેવું જોઈએ એવું પ્રજાપતિને અભિપ્રેત છે. રાજાની રાજ્યપ્રાપ્તિની જેમ અન્યભાવથી પ્રાપ્તિની વાત (પ્રજાપતિને ઇષ્ટ) નથી. ત્યાં એમ આત્માનું એકત્વ હોવાથી 'કોણ કોને જાણશે' એ ભૂતો છે અને આ હું છું.'

પૂર્વપક્ષી :- આ પક્ષમાં **સ્ત્રીયો અથવા યાનોથી (ક્રિડા કરે છે), 'એ જો પિતૃલોકની કામનાવાળો છે' 'એ એકરૂપ બને છે'** વગેરે પહેલાં કહેલી ઐશ્વર્ય દર્શાવતી શ્રુતિઓ અયોગ્ય બની જશે.

સિદ્ધાન્તી :- ના, સર્વાત્મા વિદ્વાન માટે વિરોધ ન હોવાથી દરેક પ્રકારના ફળની પ્રાપ્તિ યોગ્ય હોવાથી (એ વાત બરાબર નથી) માટીની જેમ ઘડો, કમંડળ, કે કૂંડા વગેરે સઘળા વિકારોમાં એની પ્રાપ્તિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

પૂર્વપક્ષી : સર્વાત્મતા હોવાથી એને દુઃખનો પણ સંબંધ થશે ?

સિદ્ધાન્તી :- ના, દુઃખ પણ આત્મતત્ત્વને પ્રાપ્ત થઈ જવાથી તેનો પણ કોઈ વિરોધ નથી. આત્મામાં અવિદ્યાની કલ્પનાથી જન્મેલ દુઃખ રજ્જુમાં સાપની કલ્પના જન્મેલ સાપ જેવું છે. એ અવિદ્યા આત્માના અશરીરત્વ અને એકત્વના દર્શનથી છિન્ન થઈ જાય છે, આથી દુઃખના સંબંધની આશંકા શક્ય નથી.

શુદ્ધ સત્ત્વથી જન્મેલા સંકલ્પને કારણે પ્રાપ્ત થનાર સર્વભૂતોમાં માનસિક કામનાઓનો ઈશ્વરદેહથી સંબંધ છે. પર એટલે પરમાત્મા સર્વસત્ત્વ રૂપી ઉપાધિ દ્વારા ભોક્તા છે માટે સઘળા અવિદ્યાજનિત વ્યવહારોનું આસ્પદ (અધિષ્ઠાન) પરમાત્મા જ છે. બીજું કોઈ નહીં એવો વેદાન્તનો સિદ્ધાન્ત છે.

પૂર્વપક્ષી :- 'આ જે આંખમાં પુરુષ દેખાય છે' એમ પ્રજાપતિએ છાયા પુરુષ જ કહ્યો છે. સ્વપ્ન અને સુષુપ્તિમાં બીજો જ છે, એ અપહતપાપ્મા વગેરે લક્ષણવાળો પરમાત્મા નથી. કારણ બન્નેમાં વિરોધ હોવાથી એવું કેટલાક માને છે. છાયાત્મા વગેરેના ઉપદેશનું પ્રયોજન કહે છે કે બાહ્ય વિષયોમાં અત્યંત આસક્ત ચિત્તવાળાને અત્યન્ત સૂક્ષ્મ વસ્તુ કહેવાથી અત્યંત દુર્વિજ્ઞેય - જાણી ન શકાય તેવા - પરમાત્માની વાત સાંભળવાથી મોહ ન થાય (એ માટે એમ કહ્યું હતું).

જેમ બીજનો સૂક્ષ્મ ચંદ્ર દેખાડવાની ઇચ્છાવાળો પહેલાં સામે પ્રત્યક્ષ દેખાતા ઝાડને 'જો આ ચંદ્રમા છે' એમ કહીને બતાવે છે. પછી કોઈ(બીજા વૃક્ષ)ને અને પછી ચંદ્રની નજીક રહેલાં કોઈ પર્વતના શિખરને બતાવીને કહે છે આ ચંદ્ર છે પછી પેલો ચંદ્રને જુએ છે. એવી રીતે આ **'આ આંખમાં'** વગેરે કહીને પ્રજાપતિએ ત્રણ પર્યાયોથી (ક્રમોથી) જેનું વર્ણન કર્યું એ પરમાત્મા નથી. પણ ચોથા પર્યાયમાં આ મરણશીલ દેહથી ઉત્થાન કરી ઉત્તમ પુરુષમાં આ જ્યોતિસ્વરૂ અશરીરતાને પ્રાપ્ત થઈ સ્ત્રી વગેરે સાથે રહેલા ભક્ષણ, ક્રિયા અને રમણ કરતો રહેનાર જ ઉત્તમ પુરુષ પરમાત્મા કહેવાયો છે એવું એમણે કહ્યું છે.

સિદ્ધાન્તી :- સાચું આ વ્યાખ્યા સાંભળવી તો રમણીય લાગે છે, પરંતુ આ ગ્રંથનો આવો અર્થ સંભવિત નથી. કેમ ? **'આંખમાં પુરુષ દેખાય છે'** એવો ઉપન્યાસ કરીને, બન્ને શિષ્યો દ્વારા છાયાત્માનું ગ્રહણ કરાતાં, તેઓનું તે વિપરીત (ઉલટું) ગ્રહણ છે એ માનીને તેને દૂર કરવા માટે, શકોરાની વાતનો ઉપન્યાસ (ઉપક્રમ)' તમે શું જુઓ છો ?' એવો પ્રશ્ન અને સુંદર અલંકારવાળો ઉપદેશ બધું નકામું સિદ્ધ થાત, જો છાયાત્મા એ જ આંખમાં દેખાતો પુરુષ છે એવો પ્રજાપતિએ ઉપદેશ કર્યો હોત અને વળી પોતે જ ઉપદેશ કર્યો હતો એવા ગ્રહણને દૂર કરવાનું કારણ પણ દર્શાવવું પડત. સ્વપ્ન અને સુષુપ્તિમાં આત્માનું ગ્રહણ કરવાથી તેની નિવૃત્તિનું કારણ પણ એ સ્વયં કહેત પણ એવું એમણે કહ્યું નથી. તેથી અમે માનીએ છીએ કે 'આંખમાં છાયાત્મા છે એવો ઉપદેશ પ્રજાપતિએ કર્યો નથી.'

વળી જો 'दृश्यते' આ ક્રિયાપદથી આંખમાં રહેલ દ્રષ્ટાનો જ ઉપદેશ કર્યો હોત તો આ કથન યોગ્ય બની શકે. 'एतं त्वेव ते' એમ કહી સ્વપ્નામાં પણ દ્રષ્ટાનો જ ઉપદેશ કરવામાં આવ્યો છે. જો એમ કહો કે સ્વપ્નામાં દ્રષ્ટાનો ઉપદેશ નથી કર્યો તો આ કથન બરાબર નથી કારણ રડવા જેવું જાણે કે કરે છે, અપ્રિયવેત્તા જેવું જાણે કે કરે છે. એવું કહ્યું છે. દ્રષ્ટા સિવાય બીજો કોઈ સ્વપ્નામાં જાણે કે પૂજિત હોય તેમ વિચરતો નથી. કારણ **'આ અવસ્થામાં આ પુરુષ સ્વયંપ્રકાશ હોય છે** (બૃ.ઉપ. ૪-૩-૯) એવું એક બીજી શ્રુતિમાં યુક્તિપૂર્વક સિદ્ધ કર્યું છે.

જો કે સ્વપ્નામાં (આત્મા) સધી:- અંતઃકરણવાળો હોય છે તો પણ એ અંતઃકરણ સ્વપ્નના ભોગોની ઉપલબ્ધિ પ્રત્યે કારણત્વને પ્રાપ્ત થતું નથી. તો શું છે ? એ પટચિત્રની જેમ જાગતની વાસનાઓનું આશ્રયભૂત દશ્ય જ રહે છે. માટે એ અવસ્થામાં દષ્ટાના સ્વયંપ્રકાશત્વનો બાધ થઈ શકતો નથી.

આ ઉપરાંત બીજો (હેતુ પણ છે) જાગ્રત અને સ્વપ્નની અવસ્થાઓમાં આ ભૂતોને અને પોતાને 'આ ભૂત છે અને આ હું છું' એ રીતે જાણે છે. આવી વાત આવી પડવાથી (સુષુપ્તિમાં) 'એ પોતાને અને ભૂતોને જાણતો નથી' એવો પ્રતિષેધ યોગ્ય બને છે. વળી ચેતનને સશરીરત્વની પ્રાપ્તિ થવાથી અવિદ્યા જેનું નિમિત્ત છે તેવાં પ્રિય અને અપ્રિયનો નાશ થતો નથી એવું કહીને વિદ્યા પ્રાપ્ત થવાથી અશરીર બનેલા તેને સશરીરાવસ્થામાં પ્રાપ્ત થયેલા પ્રિય અને અપ્રિયનો અશરીર હોવાથી એને પ્રિય અને અપ્રિય સ્પર્શ નથી કરતાં' આમ પ્રતિષેધ કરવો યોગ્ય છે. સ્વપ્નામાં અને જાગ્રતમાં એક જ આત્મા મહાન મત્સ્યની જેમ અસંગની જેમ વિચરે છે એવું અન્ય (બૃહદારણ્યક) શ્રુતિમાં સિદ્ધ કરેલું છે.

વળી એ જે કહ્યું કે સમ્પ્રસાદ (સુષુપ્તાવસ્થાને પ્રાપ્ત થયેલો જીવ) આ શરીરથી સારી રીતે ઉત્થાન કરી જેમાં સ્ત્રી વગેરે સાથે રમણ કરતો રહે છે તે અધિકરણરૂપે નિર્દિષ્ટ ઉત્તમપુરુષથી જુદો છે એ પણ બરાબર નથી કારણ કે ચોથા પર્યાયમાં 'एतं त्वेव ते' એમ નિર્દેશ કર્યો છે. જો પ્રજાપતિને (મન) એનાથી જુદો કોઈ બીજો પુરુષ અભિમત હોય તો એ પહેલાની જેમ 'एतं त्वेव ते' એવું મિથ્યા વચન ન કહેત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

વળી બીજું (કારણ આ છે) કે (જો ઉત્તમ પુરુષને પૂર્વે કહેલા પુરુષથી જુદો માનશો તો) તેજ, જળ અને અન્ન વગેરેની રચના કરનાર સત્ પોતાનો વિકાર બનેલા દેહમાં પ્રવેશ દર્શાવી આ રીતે પ્રવેશ કરેલા તેને જો 'તું એ છે' એવો ઉપદેશ કર્યો છે, એ મિથ્યા સિદ્ધ થશે. જો ઉત્તમ પુરુષ સમ્પ્રસાદથી જુદો હોત તો 'એમાં તું સ્ત્રી વગેરે સાથે રમણ કરનારો બનીશ' એવો ઉપદેશ યોગ્ય બનત અને જો ભૂમા જીવથી જુદો હોત તો 'આ હું જ છું' એવો આદેશ કરીને 'આ બધું આત્મા છે' એવો ઉપસંહાર કરવામાં આવત. **'આનાથી જુદો કોઈ દ્રષ્ટા નથી'** (બૃ.ઉપ. ૩-૭-૨૩) આવું બીજી શ્રુતિથી પણ સિદ્ધ થાય છે. જો સઘળા જીવોનો પ્રત્યગાત્મા જ પરમાત્મા ન હોત તો સઘળી શ્રુતિઓમાં પરમાત્મા માટે 'આત્મા' શબ્દનો પ્રયોગ કરવામાં ન આવત. માટે એક જ આત્મા આ પ્રકરણનો વિષય છે એવું સિદ્ધ થાય છે.

વળી આત્માને સંસારી હોવાપણું નથી, કારણ સંસાર (તો) આત્મામાં અવિદ્યાને કારણે અધ્યસ્ત (આરોપિત) છે. રજ્જુ, શુક્તિ અને આકાશ વગેરેમાં મિથ્યા જ્ઞાનને કારણે અધ્યસ્ત (આરોપિત) કરાયેલ સાપ, ચાંદી કે મલિનતા તેના બની જતાં નથી. આથી 'સશરીરને પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિનો નાશ થતો નથી' આની વ્યાખ્યા થઈ ગઈ. (આમ) પહેલાં જે કહ્યું છે કે સ્વપ્નદ્રષ્ટા જાણે કે અપ્રિયને જાણનારો હોય છે, સાક્ષાત્ અપ્રિયવેત્તા નથી એ સિદ્ધ થઈ ગયું. અને આ સિદ્ધ થયા પછી બધા પર્યાયોમાં આ અમૃત અને અભય છે તથા એ બ્રહ્મ છે' એવું પ્રજાપતિનું વચન અથવા પ્રજાપતિના છદ્મરૂપ શ્રુતિનું વચન પણ સત્ય બની જાય છે, એને તર્કવાળી બુદ્ધિથી ખોટું પાડવું યોગ્ય નથી. કારણ એનાથી વધુ સારું (વજનદાર) પ્રમાણ મળવું અશક્ય છે.

જો એમ કહો કે દુઃખ વગેરે અપ્રિયવેત્તૃત્વ નિશ્ચિત છે કારણ એનો પ્રત્યક્ષ અનુભવ થાય છે તો તે બરાબર નથી. કારણ કે 'હું વૃદ્ધાવસ્થાથી રહિત છું, જરાગ્રસ્ત છું, જન્મ્યો છું, આયુષ્માન્ છું, ધોળો છું, મર્યો છું' વગેરે પ્રત્યક્ષ અનુભવોની જેમ એ (અપ્રિયવેત્તૃત્વ) પણ શક્ય છે. જો કહો કે આ બધું સત્ય છે તો વસ્તુતઃ આ વાત એવી જ દુર્ગમ છે કે કોઈના આત્માના અવિનાશના સંબંધમાં ઉદકપાત્ર વગેરે યુક્તિ બતાવવા છતાં પણ દેવરાજને એ મોહ રહ્યો કે એ અવસ્થામાં તો આ વિનાશને પ્રાપ્ત થાય છે.

વળી મહાન બુદ્ધિ મળી અને પ્રજાપતિનો પુત્ર હોવા છતાં વિરોચન કેવળ દેહમાં આત્માનું દર્શન કરનારો બન્યો. વૈનાશિક લોકો (બૌદ્ધો) ઇન્દ્રના આત્મવિનાશરૂપી ભયના સાગરમાં ડૂબી ગયા અને સાંખ્યો દ્રષ્ટા (આત્મા) બે દેહ વગેરેથી જુદો જાણીને પણ શાસ્ત્રપ્રમાણને ત્યજી દેવાથી મૃત્યુનો વિષય બનેલ ભેદદર્શનમાં પડી ગયા. તથા બીજા કાણાદ વગેરે દર્શનવાળા કષાયથી રંગેલા વસ્ત્રને ક્ષાર વગેરેથી શુદ્ધ કરવાની જેમ આત્માને નવ ગુણોથી યુક્ત આત્મદ્રવ્યને શુદ્ધ કરવામાં પ્રવૃત્ત થયા છે. વળી બાહ્યવિષયથી અપહૃત (કરાયેલા) ચિત્તવાળા કર્મકાંડીઓ વેદને પ્રમાણ માનનારા હોવા છતાં પણ ઇન્દ્રની જેમ પરમાર્થ સત્યસ્વરૂપ આત્મૈકત્વને પોતાના વિનાશ જેવો સમજીને ઘટીયન્ત્રની જેમ ઉપર-નીચે જતા રાત દિવસ ભટકે છે. બાકી સ્વભાવથી બાહ્ય વિષયોમાં આસક્તચિત્તવાળા બીજા વિવેકહીન ક્ષુદ્ર જન્તુઓ-જીવોનું તો કહેવું જ શું ?

માટે આ સંપૂર્ણ બાહ્ય એષણાઓ ત્યજી દેનારા, અનન્ય શરણવાળા, પ્રજાપતિના સંપ્રદાયનું અનુસરણ કરનારા વેદાન્તવિજ્ઞાન પરાયણ અત્યાશ્રમી પરમપૂજ્ય પરમહંસ પરિવ્રાજકો દ્વારા આ ચાર પ્રકરણોમાં ઉપનિબદ્ધ આત્મતત્ત્વ જાણવા જેવું છે, અને આ જ પણ એ એનો જ ઉપદેશ કરે છે, બીજાઓ નહીં. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तत्राशरीरस्य सम्प्रसादस्याविद्यया शरीरेणाविशेषतां सशरीरतामेव सम्प्राप्तस्य शरीरात्समुत्थाय स्वेन रूपेण यथाभिनिष्पत्तिस्तथा वक्तव्येति दृष्टान्त उच्यते–

શાંકરભાષ્ય :- ત્યાં જે રીતે અવિદ્યાવશ શરીરની સાથે અવિશેષતા એટલે સશરીરતાને પ્રાપ્ત થયેલા શરીર સમ્પ્રસાદની શરીરથી ઉત્થાન કરી પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે એ દર્શાવવું જોઈએ એ માટે દૃષ્ટાન્ત કહે છે –

अशरीरो वायुरभ्रं विद्युत् स्तनयित्नुरशरीराण्येतानि तद्यथैतान्यमुष्मादाकाशात्समुत्थाय परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यन्ते ॥ २ ॥

વાયુ અશરીર છે, આકાશ, વિદ્યુત્ અને મેઘધ્વનિ અશરીર છે. જે રીતે આ બધા એ આકાશમાંથી ઉત્થાન કરી સૂર્યની પર-ઉત્તમ જ્યોતિને પ્રાપ્ત થતાં પોતાના સ્વરૂપમાં પરિણત થઈ જાય છે. ॥ ૨ ॥

शाङ्करभाष्यम् :- अशरीरो वायुरविद्यमानं शिरःपाण्यादिमच्छरीरमस्येत्यशरीरः । किं चाभ्रं विद्युत्स्तनयित्नुरित्येतानि चाशरीराणि । तत्तत्रैवं सति वर्षादिप्रयोजनावसाने तथा अमुष्मादिति भूमिष्ठा श्रुतिर्द्युलोकसम्बन्धिनमाकाशदेशं व्यपदिशति । एतानि यथोक्ता-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

न्याकाशसमानरूपतामापन्नानि स्वेन वाय्वादिरूपेणागृह्यमाणान्याकाशाख्यतां गतानि । ★ यथा सम्प्रसादोऽविद्यावस्थायां शरीरात्मभावमेवापन्नस्तानि च तथाभूतान्यमुष्माद्द्युलोकसम्बन्धिन आकाशदेशात्समुत्तिष्ठन्ति वर्षणादिप्रयोजनाभिनिर्वृत्तये । कथम् ? शिशिरापाये सावित्रं परं ज्योतिः प्रकृष्टं ग्रैष्मकमुपसम्पद्य सावित्रमभितापं प्राप्येत्यर्थः । आदित्याभितापेन पृथग्भावमापादिताः सन्तः स्वेन स्वेन रूपेण पुरोवातादिवायुरूपेण स्तिमितभावं हित्वाभ्रमपि भूमिपर्वतहस्त्यादिरूपेण विद्युदपि स्वेन ज्योतिर्लतादिचपलरूपेण स्तनयित्नुरपि स्वेन गर्जिताशनिरूपेणेत्येवं प्रावृडागमे स्वेन स्वेन रूपेणाभिनिष्पद्यन्ते ॥ २ ॥

શાંકરભાષ્ય :- વાયુ અશરીર છે, મસ્તક, હાથ, પગવાળું શરીર જેનું નથી તે અશરીર અને વળી વાદળ, વીજળી અને મેઘની ગર્જના એ સહુ અશરીર છે. આમ હોવાથી જે રીતે વર્ષા વગેરે પ્રયોજની પૂર્તિ થવાથી એ બધા (આકાશથી ઉત્થાન પામી) આ રીતની ભૂમિમાં રહેલ દ્યુલોક સંબંધી આકાશનું પરોક્ષરૂપે શ્રુતિ નિર્દેશ કરે છે. આ પહેલાં કહેલાં વાયુ વગેરે આકાશ જેવા રૂપને પ્રાપ્ત કરી પોતાને વાયુ વગેરે રૂપથી ગૃહીત ન થતાં આકાશ સંજ્ઞાને પ્રાપ્ત થાય છે.

જેમ સંપ્રસાદ અવિદ્યા-અવસ્થામાં દેહાત્મભાવને પ્રાપ્ત થાય છે તેમ તદ્રૂપતાને પ્રાપ્ત થયેલા એ સહુ વર્ષા વગેરે પ્રયોજનની પૂર્તિ માટે આ દ્યુલોક સંબંધી આકાશ દેશમાંથી ઉત્થાન કરે છે. કેવી રીતે ? શિશિરઋતુનો અંત આવતાં સૂર્યનું પરમ તેજ - ગ્રીષ્મઋતુના પ્રકૃષ્ટ તેજને પ્રાપ્ત કરીને એટલે સૂર્યના અભિતાપને પ્રાપ્ત થઈ એ આદિત્યના અભિતાપથી વિભિન્ન ભાવને પ્રાપ્ત થઈ પોતપોતાના સ્વરૂપથી સંપન્ન થાય છે. તેમાં વાયુ પૂર્વવાયુ વગેરે પોતાના રૂપોથી, વાદળ આર્દ્રભાવને ત્યજીને ભૂમિ પર્વત અને હાથી વગેરે જેવા આકારોથી, વિદ્યુત્ જ્યોતિલતા વગેરે પોતાના ચંચળ રૂપથી અને મેઘધ્વનિ ગર્જન તથા વજ્રપાત વગેરે પોતાના રૂપવાળા થાય છે. આમ વર્ષાકાળ આવતાં એ બધા પોતપોતાના રૂપથી નિષ્પન્ન થાય છે. ॥ ૨ ॥

यथायं दृष्टान्तः— જેમ આ દૃષ્ટાન્ત છે —

एवमेवैष सम्प्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिपरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते स उत्तमपुरुषः स तत्र पर्येति जक्षत्क्रीडन्रममाणः स्त्रीभिर्वा यानैर्वा ज्ञातिभिर्वा नोपजनꣳ स्मरन्निदꣳ शरीरꣳ स यथा प्रयोग्य आचरणे युक्त एवमेवायमस्मिञ्छरीरे प्राणो युक्तः ॥ ३ ॥

આ રીતે આ સંપ્રસાદ આ શરીરથી ઉત્થાન કરી પરમ જ્યોતિને પ્રાપ્ત થઈ સ્વરૂપમાં સ્થિર થાય છે. એ ઉત્તમ પુરુષ છે. એ ત્યાં હસતો, રમત કરતો, સ્ત્રી, વાહન કે જ્ઞાતિજનો સાથે રમણ કરતો પોતાની સાથે ઉત્પન્ન થયેલ આ શરીરનું સ્મરણ ન કરતો બધી બાજુ વિચરે છે. જેમ ઘોડો કે બળદ ગાડીમાં જોતરાયેલ રહે છે તેમ આ પ્રાણ શરીરમાં જોતરાયેલો છે. ॥ ૩ ॥

शाङ्करभाष्यम् :- वाय्वादीनामाकाशादिसाम्यगमनवदविद्यया संसारावस्थायां शरीरसाम्यमापन्नोऽहममुष्य पुत्रो जातो जीर्णो मरिष्ये इत्येवं प्रकारं प्रजापतिनेव मघवान् यथोक्तेन क्रमेण नासि त्वं देहेन्द्रियादिधर्मा तत्त्वमसीति प्रतिबोधितः सन्स एष सम्प्रसादो जीवोऽस्माच्छरीरादाकाशादिव वाय्वादयः समुत्थाय देहादिविलक्षणमात्मनो रूपमवगम्य देहात्मभावनां हित्वेत्येतत् । स्वेन रूपेण सदात्मनैवाभिनिष्पद्यत इति व्याख्यातं पुरस्तात् । ★ स येन स्वेन रूपेण सम्प्रसादोऽभिनिष्पद्यते प्राक्प्रतिबोधात्तद्भ्रान्तिनिमित्तात्सर्पो भवति यथा रज्जुः पश्चात्कृतप्रकाशा रज्ज्वात्मना स्वेन रूपेणाभिनिष्पद्यते । एवं च स उत्तमपुरुष उत्तमश्चासौ पुरुषश्चेत्युत्तमपुरुषः स एवोत्तमपुरुषोऽक्षिस्वप्नपुरुषौ व्यक्तावव्यक्तश्च सुषुप्तः समस्तः सम्प्रसन्नोऽशरीरश्च स्वेन रूपेणेति । एषामेष स्वेन रूपेणावस्थितः क्षराक्षरौ व्याकृताव्याकृतावपेक्ष्योत्तमपुरुषः कृतनिर्वचनो ह्ययं गीतासु । ★ स सम्प्रसादः स्वेन रूपेण तत्र स्वात्मनि स्वस्थतया सर्वात्मभूतः पर्येति क्वचिदिन्द्राद्यात्मना जक्षद्धसन् भक्षयन् वा भक्ष्यानुच्चावचानीप्सितान् क्वचिन्मनोमात्रैः संकल्पादेव समुत्थितैर्ब्राह्मलौकिकैर्वा क्रीडन् स्त्र्यादिभी रममाणश्च मनसैव, नोपजनम्, स्त्रीपुंसयोरन्योन्योपगमेन जायत इत्युपजनमात्मभावेन वात्मसामीप्येन जायत इत्युपजनमिदं शरीरं तन्न स्मरन् । तत्स्मरणे हि दुःखमेव स्यात्; दुःखात्मकत्वात्तस्य । ★ नन्वनुभूतं चेन्न स्मरेदसर्वज्ञत्वं मुक्तस्य । ★ नैष दोषः; येन मिथ्याज्ञानादिना जनितं तच्च मिथ्याज्ञानादि विद्ययोच्छेदितमतस्तन्नानुभूतमेवेति न तदस्मरणे सर्वज्ञत्वहानिः । न ह्युन्मत्तेन ग्रहगृहीतेन वा यदनुभूतं तदुन्मादाद्यपगमेऽपि स्मर्तव्यं स्यात्तथेहापि संसारिभिरविद्यादोषवद्भिर्यदनुभूयते तत्सर्वात्मानमशरीरं न स्पृशति; अविद्यानिमित्ताभावात् । ★ ये तूच्छिन्नदोषैर्मृदितकषायैर्मानसाः सत्याः कामा अनृतापिधाना अनुभूयन्ते विद्याभिव्यङ्ग्यत्वात्, त एव मुक्तेन सर्वात्मभूतेन सम्बध्यन्त इत्यात्मज्ञानस्तुतये निर्दिश्यन्तेऽतः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

साध्वेतद्विशिनष्टि–'**य एते ब्रह्मलोके**' इति । यत्र क्वचन भवन्तोऽपि ब्रह्मण्येव हि ते लोके भवन्तीति सर्वात्मत्वाद्ब्रह्मण उच्यन्ते । ★ ननु कथमेकः सन्नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा । कामांश्च ब्राह्मलौकिकान् पश्यन्रमत इति च विरुद्धम् । यथैको यस्मिन्नेव क्षणे पश्यति स तस्मिन्नेव क्षणे न पश्यति । ★ नैष दोषः; श्रुत्यन्तरे परिहृतत्वात् । द्रष्टुर्दृष्टेरविपरिलोपात्पश्यन्नेव भवति; द्रष्टुरन्यत्वेन कामानामभावान्न पश्यति चेति । यद्यपि सुषुप्ते तदुक्तं मुक्तस्यापि सर्वैकत्वात्समानो द्वितीयाभावः । '**केन कं पश्येत्**' इति चोक्तमेव । ★ अशरीरस्वरूपोऽपहतपाप्मादिलक्षणः सन् कथमेष पुरुषोऽक्षिणि दृश्यत इत्युक्तः प्रजापतिना ? तत्र यथासावक्षिणि साक्षाद्दृश्यते तद्वक्तव्यमितीदमारभ्यते । तत्र को हेतुरक्षिणि दर्शन इत्याह– ★ स दृष्टान्तो यथा प्रयोग्यः प्रयोग्यपरो वा सशब्दः । प्रयुज्यत इति प्रयोग्योऽश्वो बलीवर्दो वा । यथा लोक आचरत्यनेनेत्याचरणो रथोऽनो वा तस्मिन्नाचरणे युक्तस्तदाकर्षणाय । एवमस्मिञ्छरीरे रथस्थानीये प्राणः पञ्चवृत्तिरिन्द्रियमनोबुद्धिसंयुक्तः प्रज्ञात्मा विज्ञानक्रिया-शक्तिद्वयसंमूर्च्छितात्मा युक्तः स्वकर्मफलोपभोगनिमित्तं नियुक्तः । '**कस्मिन्न्वहमुत्क्रान्त उत्क्रान्तो भविष्यामि कस्मिन्वा प्रतिष्ठिते प्रतिष्ठास्यामि**' इतीश्वरेण राज्ञेव सर्वाधिकारी दर्शनश्रवणचेष्टाव्यापारेऽधिकृतः । तस्यैव तु मात्रैकदेशश्चक्षुरिन्द्रियं रूपोपलब्धि-द्वारभूतम् ॥ ३ ॥

શાંકરભાષ્ય :- વાયુ વગેરે આકાશ વગેરેની સમાનતાને પ્રાપ્ત થાય છે તેમ અવિદ્યાવશ સાંસારિક અવસ્થામાં શરીરની સમાનતાને પ્રાપ્ત થયેલ, એટલે 'હું અમુકનો પુત્ર છું, જન્મ્યો છું, ઘરડો છું, હું મરીશ.' આ રીતે સમજનાર ઇન્દ્રને જેમ પ્રજાપતિએ સમજાવ્યું હતું એ જ ક્રમથી 'તું દેહ અને ઇન્દ્રિયોરૂપી ધર્મવાળો નથી, પરંતુ એ સત્ જ તું છે.' આમ સમજાવવામાં આવેલ એ સંપ્રસાદ-જીવ આકાશથી વાયુ વગેરેની જેમ, આ શરીરમાંથી સમુત્થાન કરી દેહ વગેરેથી વિલક્ષણ એવા આત્મસ્વરૂપને જાણીને એટલે દેહાત્મભાવને ત્યજીને પોતાના સ્વાભાવિક સત્સ્વરૂપમાં રહે છે. આવું આગળ વ્યાખ્યાન કરી દીધું છે.

તે સંપ્રસાદ પોતાના જે સ્વાભાવિક રૂપથી નિષ્પન્ન થાય છે - જેમ પ્રતિબોધ એટલે જ્ઞાન થતાં પહેલાં ભ્રાન્તિને કારણે રજ્જુ જેમ સાપ બની જાય છે અને પછી પ્રકાશ થતાં (અંધારું દૂર થતાં - અજ્ઞાન દૂર થતાં) પોતાના સ્વાભાવિક રૂપથી નિષ્પન્ન થાય છે એ રીતે એ ઉત્તમ પુરુષ - જે ઉત્તમ અને પુરુષ હોય તે ઉત્તમ પુરુષ - અક્ષિપુરુષ અને સ્વપ્નપુરુષ એ બંને વ્યક્ત છે. પરંતુ સુષુપ્ત પુરુષ પોતાના સ્વાભાવિક રૂપમાં રહીને સારી રીતે લીન, સંપ્રસન્ન અવ્યક્ત અને અશરીર છે. આમાં વ્યક્ત અને અવ્યક્ત જે ક્ષર અને અક્ષર પુરુષ છે એની અપેક્ષાએ એ સ્વાભાવિક રૂપમાં રહેલો ઉત્તમ પુરુષ છે. એનું નિરૂપણ (શ્રીમદ્ ભગવદ્) ગીતામાં કર્યું છે.

આ સંપ્રસાદ સ્વાભાવિક રીતે સ્વયં પોતાની અંદર રહીને આત્મનિષ્ઠ હોવાથી સહુનો અંતરાત્મા બનીને બધી બાજુ સંચરે છે. ક્યારેક ઇન્દ્ર વગેરે રૂપથી જક્ષત્ - હસતો અથવા મનોવાંછિત સારી-ખોટી ભોજનની સામગ્રીનું ભક્ષણ કરતો, ક્યારેક મનોમાત્ર-કેવળ સંકલ્પોથી ઉત્પન્ન થયેલા બ્રહ્મલોક સંબંધી ભોગો સાથે ક્રીડા કરતો અને સ્ત્રી વગેરે સાથે મનથી રમણ કરતો ઉપજનોને - જે સ્ત્રી પુરુષોના પરસ્પરના સહગમનથી ઉત્પન્ન થાય છે અથવા પોતાની સમીપતાથી ઉત્પન્ન થાય છે એવા શરીરનું નામ ઉપજન છે - તેનું સ્મરણ ન કરતો બધી બાજુએ સંચરે છે કારણ એના સ્મરણથી તો દુઃખ જ થાય - કારણ એ દુઃખાત્મક છે.

પૂર્વપક્ષી :- જો એ અનુભૂતનું સ્મરણ ન કરે તો મુક્ત પુરષની અસર્વજ્ઞતા (એ બધું નથી જાણતો એવું) સિદ્ધ થશે.

સિદ્ધાન્તી :- આ દોષ નથી. જે મિથ્યાજ્ઞાનથી શરીર વગેરેની ઉત્પત્તિ થઈ હતી એ મિથ્યાજ્ઞાન વગેરે જ્ઞાનથી ઉચ્છિન્ન થઈ ગયું. માટે હવે એ શરીરનો અનુભવ નથી માટે તેનું સ્મરણ ન કરવામાં સર્વજ્ઞતાની હાનિ થતી નથી. જે વસ્તુ ઉન્મત્ત-ગાંડા કે ગ્રહગ્રસ્ત દ્વારા અનુભવાઈ હોય તે ઉન્મત્તતાની નિવૃત્તિ થયા પછી પણ યાદ કરવી જોઈએ એવી વાત નથી. એ રીતે આ પ્રસંગમાં પણ જે શરીર વિદ્યા વગેરે દોષવાળા સંસારીઓથી અનુભવાય છે તે અશરીરી સર્વાત્માને સ્પર્શતું નથી કારણ તેમાં અવિદ્યારૂપી નિમિત્તનો અભાવ છે.

પરંતુ નાશ પામેલા દોષવાળા અને ક્ષીણ થયેલા રાગદ્વેષાદિ કષાયવાળા પુરુષોથી મિથ્યા વિષયાભિનિવેષરૂપી અનૃતને (અસત્યને-મિથ્યાને) કારણે અજ્ઞાનીના અનુભવમાં નહીં આવનાર જે માનસ સત્ય ભોગોનો અનુભવ કરવામાં આવે છે એ અવિદ્યાથી અભિવ્યક્ત થનાર હોવાથી આ રીતે ઉપર્યુક્ત સર્વાત્મભૂત વિદ્વાનથી સંબદ્ધ છે. આનાથી આત્મજ્ઞાનની સ્તુતિ માટે એનો નિર્દેશ કરવામાં આવ્યો છે માટે 'य एते ब्रह्मलोके' એવો જે નિર્દેશ કરવામાં આવ્યો છે તે બરાબર છે, કારણ બ્રહ્મ સર્વાત્મક છે માટે એ ક્યાંય રહે તો પણ બ્રહ્મલોકમાં જ છે. આમ કહેવાય છે.

પૂર્વપક્ષી :- 'આ કેવી રીતે એક હોઈ ન બીજું કાંઈ જુએ છે, ન બીજું કાંઈ સાંભળે છે, ન બીજું કાંઈ જાણે છે એ ભૂમા છે અને એ બ્રહ્મલોક સંબંધી ભાગોને જોતો રમણ કરે છે.' આ બંને કથનો પરસ્પર વિરોધી છે. જેમ એક પુરુષ જે ક્ષણે જુએ છે તે જ ક્ષણે જોતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

સિદ્ધાન્તી :- ના આ દોષ નથી. બીજી શ્રુતિઓમાં આ દૂર કરવામાં આવેલ છે. દ્રષ્ટાની દષ્ટિનો લોપ થયો ન હોવાથી એ જાણે કે જોતો રહે છે. દ્રષ્ટાથી ભિન્ન જુદાં એવાં કામનાઓનો અભાવ ન હોવાથી જોતો નથી. જો કે સુષુપ્તિમાં એ (દ્વૈતનો અભાવ) કહેવાયો છે તો પણ મુક્ત થયેલા માટે પણ સર્વ સમાનરૂપે દ્વૈતનો અભાવ છે. केन कं पश्येत् - એ કહેવાઈ ગયું જ છે.

આ (આત્મા) અશરીરરૂપ અને અપહતપાપ્મા વગેરે લક્ષણોવાળો હોવાથી નેત્રમાં દેખાય છે એવું પ્રજાપતિએ શા માટે કહ્યું ? ત્યાં જેવી રીતે આ આંખમાં સાક્ષાત્ દેખાય છે એ કહેવું જોઈએ એ માટે આ (આગળની વાતનો) આરંભ કરાય છે. ત્યાં આંખમાં દેખાવમાં કયું કારણ છે તે (દર્શાવવા) કહે છે –

તે દષ્ટાન્ત આ છે જેમ પ્રયોગ્ય અથવા 'स यथा प्रयोग्यः તેમાં 'सः' શબ્દ પ્રયોગ્ય પરક છે. પ્રયોજવામાં આવે તે પ્રયોગ્ય એટલે ઘોડો અથવા બળદ. જેમ લોકમાં ચારેબાજુથી ફરે છે આચરણ એટલે રથ કે ગાડું તેના ચારે બાજુ ખેંચવામાં જે જોડાય તે (ઘોડો કે બળદ) એ રીતે રથના સ્થાનમાં રહેલા આ શરીરમાં પાંચવૃત્તિઓવાળા પ્રાણ ઇન્દ્રિય મન અને બુદ્ધિથી જોડાયેલ પ્રજ્ઞાત્મા વિજ્ઞાન અને ક્રિયા (નામની) બે શક્તિથી જોડાયેલ છે. તે પોતાના કર્મના ફળના ભોગ માટે નિયુક્ત થયો છે. **'કયું ઉત્ક્રમણ થતાં હું ઉત્ક્રમણ કરીશ અને કોનાથી પ્રતિષ્ઠિત તાં હું પ્રતિષ્ઠિત થઈશ'** આ શ્રુતિ મુજબ રાજા જેમ સર્વાધિકારીને નિયુક્ત કરે છે તેમ ઈશ્વરે દર્શન, શ્રવણ અને ચેષ્ટા-ક્રિયા વગેરે વ્યાપારોમાં પ્રાણને અધિકારી બનાવ્યા છે. રૂપની ઉપલબ્ધિનું દ્વાર (બારણું) બનેલ નેત્રરૂપી ઇન્દ્રિય એની માત્રા એટલે એકદેશ છે. ॥ ૩ ॥

अथ यत्रैतकदाकाशमनुविषण्णं चक्षुः स चाक्षुषः पुरुषो दर्शनाय चक्षुरथ यो वेदेदं जिघ्राणीति स आत्मा गन्धाय घ्राणमथ यो वेदेदमभिव्याहराणीति स आत्माभिव्याहाराय वागथ यो वेददः शृणवानीति स आत्मा श्रवणाय श्रोत्रम् ॥ ४ ॥

હવે જેમાં આ ચક્ષુથી ઉપલક્ષિત આકાશ અનુગત છે તે ચાક્ષુષ પુરુષ છે, એની દર્શનક્રિયા રૂપનું ગ્રહણ કરવા માટે નેત્ર છે. હવે જે જાણે છે કે હું સૂંઘું છું તે આત્મા છે તેના ગંધ ગ્રહણ માટે નાક છે. જે એમ જાણે છે કે હું આ શબ્દનું ઉચ્ચારણ કરું છું તે આત્મા છે એના શબ્દના ઉચ્ચારણ માટે વાગ્ છે અને જે એમ જાણે છે કે હું શ્રવણ કરું છું તે આત્મા છે તેના શ્રવણ માટે શ્રોત્ર છે. ॥ ૪ ॥

શાઙ્કરભાષ્યમ્ :- अथ यत्र कृष्णतारोपलक्षितमाकाशं देहच्छिद्रमनुविषण्णमनुषक्तमनुगतं तत्र स प्रकृतोऽशरीर आत्मा चाक्षुषश्चक्षुषि भव इति चाक्षुषस्तस्य दर्शनाय रूपोपलब्धये चक्षुः करणम्; यस्य तद्देहादिभिः संहतत्वात्परस्य द्रष्टुरर्थे, सोऽत्र चक्षुषि दर्शनेन लिङ्गेन दृश्यते परोऽशरीरोऽसंहतः । 'अक्षिणि दृश्यते' इति प्रजापतिनोक्तं सर्वेन्द्रियद्वारोपलक्षणार्थम्; सर्वविषयोपलब्धा हि स एवेति । स्फुटोपलब्धिहेतुत्वात्तु 'अक्षिणि' इति विशेषवचनं सर्वश्रुतिषु **'अहमदर्शमिति तत्सत्यं भवति'** इति च श्रुतेः । ★ अथापि योऽस्मिन्देहे वेद कथम् ? इदं सुगन्धि दुर्गन्धि वा जिघ्राणीत्यस्य गन्धं विजानीयामिति स आत्मा तस्य गन्धाय गन्धविज्ञानाय घ्राणम् । अथ यो वेदेदं वचनमभिव्याहराणीति वदिष्यामीति स आत्माभिव्याहरणक्रियासिद्धये करणं वागिन्द्रियम् । अथ यो वेदेदं शृणवानीति स आत्मा श्रवणाय श्रोत्रम् ॥ ४ ॥

શાંકરભાષ્ય :- હવે જ્યાં કાળી કીકીથી ઉપલક્ષિત આકાશ દેહની અંદર રહેલા (આંખ માટેના) છિદ્રમાં અનુવિષણ્ણ - અનુષક્ત અનુગત (રહેલ) છે તે(અવસ્થા)માં આ પ્રકૃત અશરીર આત્મા ચાક્ષુષ-નેત્રમાં રહેનારો છે, માટે તે ચાક્ષુષ છે. એને જોવા માટે-રૂપની ઉપલબ્ધિ-પ્રાપ્તિ માટે ચક્ષુ-નેત્ર સાધન છે. દેહ વગેરે સાથે જોડાયેલ હોવાથી જેના પર દષ્ટાને માટે ચક્ષુ એ કારણ છે તે પર અશરીર આત્મા આ નેત્રની અંદર દર્શનરૂપી લિંગ(લક્ષણ)થી અસંહત જોવામાં આવે છે. 'આંખની અંદર દેખાય છે' આ વાત પ્રજાપતિએ સઘળી ઇન્દ્રિયોરૂપી દ્વારોના ઉપલક્ષણ માટે કહી છે કારણ સર્વ વિષયોને ઉપલબ્ધ કરાવનાર એ જ છે. (ચક્ષુ ઇન્દ્રિય) સ્પષ્ટ રીતે ઉપલબ્ધિનું કારણ હોવાથી 'अक्षिणि' એવું વિશેષ વચન શ્રુતિઓમાં છે **'મેં આ જોયું માટે એ સત્ય છે'** આવું શ્રુતિમાં છે.

હવે આ દેહમાં જે જાણે છે તે કેવી રીતે ? હું આ સુગંધી કે દુર્ગંધી સૂંઘું છું એટલે આની ગંધ હું જાણું છું એમ તે આત્મા તેના ગંધના જ્ઞાન માટે નાક છે. હવે જે એવું જાણે છે કે આ વચન હું ઉચ્ચારું છું. હું ઉચ્ચારીશ તે આ આત્મા છે શબ્દના ઉચ્ચારણની ક્રિયાની સિદ્ધિ માટે વાક્ ઇન્દ્રિય કરણ (સાધન) છે. હવે જે એમ જાણે છે કે હું આ સાંભળું છું તે આત્મા છે તેને શ્રવણ માટે શ્રોત્ર-કાન છે. ॥ ૪ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अथ यो वेदेदं मन्वानीति स आत्मा मनोऽस्य दैवं चक्षुः स वा एष एतेन दैवेन चक्षुषा मनसैतान्कामान्पश्यन्रमते ॥ ५ ॥

હવે જે એમ જાણે છે કે હું મનન કરું છું તે આત્મા છે મન તેનું દિવ્ય નેત્ર છે તે આ (આત્મા) આ દિવ્ય નેત્રથી મન વડે ભોગને જોતો રમણ કરે છે. ॥ ૫ ॥

शाङ्करभाष्यम् :- अथ यो वेदेदं मन्वानीति मननव्यापारमिन्द्रियासंस्पृष्टं केवलं मन्वानीति वेद स आत्मा मननाय मनः । 'यो वेद स आत्मा' इत्येवं सर्वत्र प्रयोगाद्वेदनमस्य स्वरूपमित्यवगम्यते । यथा 'यः पुरस्तात्प्रकाशयति स आदित्यो यो दक्षिणतो यः पश्चाद्य उत्तरतो य ऊर्ध्वं प्रकाशयति स आदित्यः' इत्युक्ते प्रकाशस्वरूपः स इति गम्यते । ★ दर्शनादिक्रियानिर्वृत्त्यर्थानि तु चक्षुरादिकरणानि । इदं चास्यात्मनः सामर्थ्यादवगम्यते आत्मनः सत्तामात्र एव ज्ञानकर्तृत्वं न तु व्यापृततया । यथा सवितुः सत्तामात्रमेव प्रकाशनकर्तृत्वं न तु व्यापृततयेति, तद्वत् । ★ मनोऽस्यात्मनो दैवमप्राकृतमितरेन्द्रियैरसाधारणं चक्षुश्चष्टे पश्यत्यनेनेति चक्षुः । वर्तमानकालविषयाणि चेन्द्रियाण्यतोऽदैवानि तानि । मनस्तु त्रिकालविषयोपलब्धिकरणं मृदितदोषं च सूक्ष्मव्यवहितादि-सर्वोपलब्धिकरणं चेति दैवं चक्षुरुच्यते । स वै मुक्तः स्वरूपापन्नोऽविद्याकृतदेहेन्द्रियमनोवियुक्तः सर्वात्मभावमापन्नः सन्नेषः व्योमवद्विशुद्धः सर्वेश्वरो मन उपाधिः सन्नेतेनैवेश्वरेण मनसैतान्कामान्सवितृप्रकाशवन्नित्यप्रततेन दर्शनेन पश्यन्रमते ॥ ५ ॥

શાંકરભાષ્ય :- હવે જે એમ જાણે છે કે હું મનન કરું છું (બાહ્ય) ઇન્દ્રિયોથી અસંસ્પૃષ્ટ એવા કેવળ મનથી મનન વ્યાપાર કરું છું તે આત્મા છે એના મનન માટે મન છે. 'જે જાણે છે તે આત્મા' એમ બધે પ્રયોગ હોવાથી વેદન એટલે જ્ઞાન તેનું સ્વરૂપ છે, એવું સમજાય છે. જેમ 'જે પૂર્વમાં પ્રકાશ કરે છે તે આદિત્ય, જે દક્ષિણથી જે પશ્ચિમથી, જે ઉત્તરથી જે ઊર્ધ્વ પ્રકાશ કરે છે તે આદિત્ય છે.' એમ કહેવામાં આવતાં તે (આદિત્ય) પ્રકાશ સ્વરૂપ છે એવું સમજાય છે.

દર્શન વગેરે ક્રિયાની નિષ્પત્તિ માટે નેત્ર વગેરે કરણો (ઇન્દ્રિયો) છે. આ આત્માના સામર્થ્યથી સમજી શકાય છે. આત્મામાં જ્ઞાનકર્તૃત્વ સત્તામાત્રમાં છે, તેની વ્યાપ્તતાને કારણે નથી. જેમ સૂર્યનું પ્રકાશકર્તૃત્વ સત્તામાત્ર છે, વ્યાપ્તતાને કારણે નથી તેવી રીતે.

મન આ આત્માનું દૈવી એટલે અપ્રાકૃત-ઇન્દ્રિયો કરતાં અસાધારણ નેત્ર છે. 'चष्टे अनेन' જેનાથી જુએ છે તેને ચક્ષુ કહે છે ઇન્દ્રિયો વર્તમાન કાળના વિષયોવાળી છે. આથી તે અદૈવ (દૈવી નથી તેવી) છે. પરંતુ મન તો ત્રણે કાળના વિષયોની ઉપલબ્ધિનું કારણ, ક્ષીણ દોષવાળું અને સૂક્ષ્મ તથા વ્યવહિત સહુ પદાર્થોની ઉપલબ્ધિનું સાધન છે. તેથી ચક્ષુ-નેત્રને દૈવ-દૈવી કહે છે. અને આ આત્મા સ્વરૂપમાં રહેલ હોવાથી મુક્ત અને અવિદ્યાથી સર્જાયેલા દેહ, ઇન્દ્રિય અને મનથી જુદો છે. સર્વાત્મભાવને પ્રાપ્ત થતાં એ આકાશની જેમ વિશુદ્ધ અને સર્વેશ્વર છે તથા મનરૂપી ઉપાધિવાળો હોવાથી એ આ ઇન્દ્રિયોનો સ્વામી મનથી જ સૂર્યની પ્રકાશની જેમ નિત્ય વિસ્તૃત દૃષ્ટિથી આ ભોગોને જોતો રમણ કરે છે. ॥ ૫ ॥

❀

कान्कामानिति विशिनष्टि । કયા કયા ભોગોને-કામનાઓને (જુએ છે) એ વિશેષ રીતે બતાવે છે -

य एते ब्रह्मलोके तं वा एतं देवा आत्मानमुपासते तस्मात्तेषाꣳ सर्वे च लोका आत्ताः सर्वे च कामाः स सर्वाꣳश्च लोकानाप्नोति सर्वाꣳश्च कामान्यस्तमात्मानमनुविद्य विजानातीति ह प्रजापतिरुवाच प्रजापतिरुवाच ॥ ६ ॥

જે આ (ભોગ) આ બ્રહ્મલોકમાં છે તેને જોતો રમણ કરે છે તે આત્માની દેવગણો ઉપાસના કરે છે તેના દ્વારા તેને સઘળા લોક અને સઘળા ભોગો પ્રાપ્ત છે. જે એ આત્માને શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશ મુજબ જાણીને સાક્ષાતરૂપથી અનુભવ કરે છે તે સંપૂર્ણલોક અને સઘળા ભોગોને પ્રાપ્ત કરે છે એવું પ્રજાપતિએ કહ્યું, પ્રજાપતિએ કહ્યું. ॥ ૬ ॥

शाङ्करभाष्यम् :- य एते ब्रह्मणि लोके हिरण्यनिधिवद्बाह्यविषयासङ्गानृतेनापिहिताः संकल्पमात्रलभ्यास्तानित्यर्थः । यस्मादेष इन्द्राय प्रजापतिनोक्त आत्मा तस्मात्ततः श्रुत्वा तमात्मानमद्यत्वेऽपि देवा उपासते । तदुपासनाच्च तेषां सर्वे च लोका आत्ताः प्राप्ताः सर्वे च कामाः । यदर्थं हीन्द्र एकशतं वर्षाणि प्रजापतौ ब्रह्मचर्यमुवास तत्फलं प्राप्तं देवैरित्यभिप्रायः । ★ तद्युक्तं देवानां महाभाग्यत्वान्न त्विदानीं मनुष्याणामल्पजीवितत्वान्मन्दतरप्रज्ञत्वाच्च सम्भवतीति प्राप्त इदमुच्यते—स सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामानिदानींतनोऽपि; कोऽसौ ? इन्द्रादिवद्यस्तमात्मानमनुविद्य विजानातीति ह सामान्येन किल प्रजापतिरुवाच । अतः सर्वेषामात्मज्ञानं तत्फलप्राप्तिश्च तुल्यैव भवतीत्यर्थः । द्विर्वचनं प्रकरणसमाप्त्यर्थम् ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- આ જે ભોગ સોનાના ખજાનાની જેમ બ્રહ્મલોકમાં બાહ્યવિષયોની આસક્તિરૂપે અનૃત-અસત્યથી આચ્છાદિત છે અર્થાત્ કેવલ સંકલ્પમાત્રથી પ્રાપ્ત થવા યોગ્ય છે એને એ જુએ છે. કારણ આ આત્માનો પ્રજાપતિએ ઇન્દ્રને ઉપદેશ કર્યો છે. માટે એને શ્રવણ કરીને આજ પણ દેવો એની ઉપાસના કરે છે. એની ઉપાસનાથી એને સઘળા લોક અને બધા ભોગ પ્રાપ્ત છે. જેને માટે ઇન્દ્રે પ્રજાપતિ પાસે એકસો એક વર્ષ સુધી બ્રહ્મચર્યવાસ કર્યો હતો તે ફળ દેવતાઓને પ્રાપ્ત થયું એવો અભિપ્રાય છે.

જે કહેવાયું કે દેવતા મહાન ભાગ્યશાળી છે માટે તેમને માટે (ભોગોની પ્રાપ્તિ) યોગ્ય છે પરંતુ હમણાં મનુષ્યોને તે મળવાનું શક્ય નથી કારણ તેઓ અલ્પજીવી અને અત્યંત મંદ બુદ્ધિવાળા છે એવી (શંકા) પ્રાપ્ત થતાં આ કહેવાય છે - તે (સાધક) સઘળા લોક અને બધા ભોગ પ્રાપ્ત કરે છે. આ કોણ ? જે ઇન્દ્ર વગેરેની જેમ એ આત્માને જાણીને સાક્ષાત્ અનુભવ કરે છે - આ રીતે સામાન્ય રૂપથી (બધા માટે) પ્રજાપતિએ કહ્યું. આથી આત્મજ્ઞાન અને એના ફળની પ્રાપ્તિ સહુને માટે સમાન છે એવું એનું તાત્પર્ય છે. 'પ્રજાપતિએ કહ્યું' એનું બેવાર કથન પ્રકરણની સમાપ્તિ સૂચવવા માટે છે. ॥ ६ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

श्यामाच्छबलं प्रपद्ये शबलाच्छ्यामं प्रपद्येऽश्व इव रोमाणि विधूय पापं चन्द्र इव राहोर्मुखात्प्रमुच्य धूत्वा शरीरमकृतं कृतात्मा ब्रह्मलोकमभिसम्भवामीत्यभिसम्भवामीति ॥ १ ॥

શ્યામ(બ્રહ્મ)થી શબલ (બ્રહ્મ)ને હું પ્રાપ્ત થાઉં અને શબલથી હું શ્યામને પ્રાપ્ત થાઉં. ઘોડો જેમ રોમને તેમ હું પાપને ઝાડીને, રાહુના મુખથી છૂટેલા ચંદ્રની જેમ શરીરને ત્યજીને કૃતકૃત્ય બની અકૃત (સર્જાયેલ નહીં તેવા) બ્રહ્મલોકને પ્રાપ્ત થાઉં છું. બ્રહ્મલોકને પ્રાપ્ત થાઉં છું. ॥ १ ॥

शाङ्करभाष्यम् :- श्यामाच्छबलं प्रपद्य इत्यादिमन्त्राम्नायः पावनो जपार्थश्च ध्यानार्थो वा । श्यामो गम्भीरो वर्णः श्याम इव श्यामो हार्द्रं ब्रह्मात्यन्तदुरवगाह्यत्वात्तद्धार्द्रं ब्रह्म ज्ञात्वा ध्यानेन तस्माच्छ्यामाच्छबलं शबल इव शबलोऽरण्याद्यनेककाममिश्रत्वाद्ब्रह्मलोकस्य शाबल्यम्, तं ब्रह्मलोकं शबलं प्रपद्ये मनसा शरीरपाताद्वोर्ध्वं गच्छेयम् । यस्मादहं शबलाद्ब्रह्मलोकान्नामरूपव्याकरणाय श्यामं प्रपद्ये हार्दभावं प्रपन्नोऽस्मीत्यभिप्रायः । अतस्तमेव प्रकृतिस्वरूपमात्मानं शबलं प्रपद्य इत्यर्थः । ★ कथं शबलं ब्रह्मलोकं प्रपद्ये ? इत्युच्यते—अश्व इव स्वानि लोमानि विधूय कम्पनेन श्रमं पांस्वादि च रोमतोऽपनीय यथा निर्मलो भवत्येवं हार्दब्रह्मज्ञानेन विधूय पापं धर्माधर्माख्यं चन्द्र इव च राहुग्रस्तस्तस्माद्राहोर्मुखात्प्रमुच्य भास्वरो भवति यथा—एवं धूत्वा प्रहाय शरीरं सर्वानर्थाश्रयमिहैव ध्यानेन कृतात्मा कृतकृत्यः सन्नकृतं नित्यं ब्रह्मलोकमभिसम्भवामीति । द्विर्वचनं मन्त्रसमाप्त्यर्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'શ્યામથી શબલને હું પ્રાપ્ત થાઉં' વગેરે મંત્ર પવિત્ર કરનાર જપ અથવા ધ્યાન માટે છે. શ્યામ ગંભીર વર્ણ છે. હૃદયમાં રહેલ બ્રહ્મ અત્યંત દુર્ગમ હોવાથી શ્યામ વર્ણ છે તે(બ્રહ્મ)ને જાણીને ધ્યાન દ્વારા શ્યામ બ્રહ્મથી શબલ બ્રહ્મને જે શબલ સમાન શબલ છે કારણ બ્રહ્મલોક અરણ્ય વગેરે અનેક કામનાઓથી યુક્ત છે માટે તેની શબલતા છે. તે બ્રહ્મલોકને હું મનથી પ્રાપ્ત થાઉં - શરીરના પડ્યા પછી ઊર્ધ્વ ઉપર જાઉં. જેથી હું નામરૂપની અભિવ્યક્તિ માટે શબલ બ્રહ્મલોકથી શ્યામને - હાર્દ ભાવને પ્રાપ્ત થાઉં એવો અભિપ્રાય છે. માટે એ પોતાના શબલ પ્રકૃતિરૂપ આત્માને પ્રાપ્ત થાઉં એવો અર્થ છે.

કેવી રીતે શબલ બ્રહ્મલોકને પ્રાપ્ત થાઉં ? તો કહે છે. જેમ ઘોડો પોતાના રોમને ઝાટકીને કંપનથી શ્રમ અને ધૂળને દૂર કરીને નિર્મળ થાય છે તેમ હાર્દબ્રહ્મના જ્ઞાનથી ધર્મ અને અધર્મ નામના પાપને ઝાટકીને દૂર કરીને, અને રાહુથી ગ્રસાયેલ ચંદ્ર તે રાહુના મુખમાંથી નીકળીને તેજસ્વી બને છે તેમ. સંપૂર્ણ અનર્થોનો આશ્રય બનેલ શરીરનો ત્યાગ કરીને ધ્યાનથી કૃતાત્મા-કૃતકૃત્ય થઈ અકૃત - એટલે નિત્ય એવા બ્રહ્મલોકને પ્રાપ્ત થાઉં. બે વખતની ઉક્તિ મન્ત્રની સમાપ્તિ સૂચવવા માટે છે. ॥ १ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

चतुर्दशः खण्डः

शाङ्करभाष्यम् :- आकाशो वा इत्यादि ब्रह्मणो लक्षणनिर्देशार्थम् आध्यानाय ।

શાંકરભાષ્ય :- 'आकाशो वै' વગેરે મંત્રથી ઉત્તમ ધ્યાન માટે બ્રહ્મના લક્ષણનો નિર્દેશ કરવા માટે છે –

आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म तदमृतꣳ स आत्मा प्रजापतेः सभां वेश्म प्रपद्ये यशोऽहं भवामि ब्राह्मणानां यशो राज्ञां यशो विशां यशोऽहमनुप्रापत्सि स हाहं यशसां यशः श्येतमदत्कमदत्कꣳ श्येतं लिन्दु माभिगां लिन्दु माभिगाम् ॥ १ ॥

આકાશ નામથી પ્રસિદ્ધ આત્મા નામ અને રૂપનું નિર્વહણ કરનાર છે એ જેની અંદર છે તે બ્રહ્મ છે. એ અમૃત છે. એ આત્મા છે. હું પ્રજાપતિના સભાગૃહમાં જાઉં છું હું યશ થાઉં. બ્રાહ્મણોનો યશ, રાજાઓ(ક્ષત્રિયો)નો યશ અને વૈશ્યોનો યશ પછી પ્રાપ્ત કરીશ તે હું યશોનો યશ થાઉં. હું દાંત વિના ભક્ષણ કરનાર લાલ વર્ણના પિચ્છિલ સ્ત્રીચિહ્નને પ્રાપ્ત ન થાઉં, ન થાઉં. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- आकाशो वै नाम श्रुतिषु प्रसिद्ध आत्मा; आकाश इवाशरीरत्वात्सूक्ष्मत्वाच्च । स चाकाशो नामरूपयोः स्वात्मस्थयोर्जगद्बीजभूतयोः सलिलस्येव फेनस्थानीययोर्निर्वहिता निर्वोढा व्याकर्ता । ते नामरूपे यदन्तरा यस्य ब्रह्मणोऽन्तरा मध्ये वर्तेते तयोर्वा नामरूपयोरन्तरा मध्ये यन्नामरूपाभ्यामस्पृष्टं यदित्येतत्तद्ब्रह्म नामरूपविलक्षणं नामरूपाभ्यामस्पृष्टं तथापि तयोर्निर्वोढृ एवंलक्षणं ब्रह्मेत्यर्थः । इदमेव मैत्रेयीब्राह्मणेनोक्तं चिन्मात्रानुगमात्सर्वत्र चित्स्वरूपतैवेति गम्यत एकवाक्यता । ★ कथं तदवगम्यते ? इत्याह–स आत्मा । आत्मा हि नाम सर्वजन्तूनां प्रत्यक्चेतनः स्वसंवेद्यः प्रसिद्धस्तेनैव स्वरूपेणात्रीयाशरीरा व्योमवत्सर्वगत आत्मा ब्रह्मेत्यवगन्तव्यम् । तच्चात्मा ब्रह्मामृतममरणधर्मा । ★ अत ऊर्ध्वं मन्त्रः । ब्रह्मेत्यवगन्तव्यम् । तच्चात्मा ब्रह्मामृतममरणधर्मा । ★ अत ऊर्ध्वं मन्त्रः । प्रजापतिश्चतुर्मुखस्तस्य सभां वेश्म प्रभुविमितं वेश्म प्रपद्ये गच्छेयम् । किञ्च यशोऽहं यशो नामात्माहं भवामि ब्राह्मणानाम् । ब्राह्मणा एव हि विशेषतस्तमुपासते ततस्तेषां यशो भवामि । तथा राज्ञां विशां च । तेऽप्यधिकृता एवेति तेषामप्यात्मा भवामि । तद्यशोऽहमनुप्रापस्त्यनुप्राप्तुमिच्छामि । स हाहं यशसामात्मनां देहेन्द्रियमनो-बुद्धिलक्षणानामात्मा । ★ किमर्थमहमेवं प्रपद्ये ? इत्युच्यते–श्येतं वर्णतः पक्वबदरसमं रोहितम् । तथादत्कं दन्तरहितमप्यदत्कं भक्षयितृ स्त्रीव्यञ्जनं तत्सेविनां तेजोबलवीर्यविज्ञानधर्माणामपहन्तृ विनाशयित्रित्येतत् । यदेवंलक्षणं श्येतं लिन्दु पिच्छलं तन्माभिगां माभिगच्छेयम् । द्विर्वचनमत्यन्तानर्थहेतुत्वप्रदर्शनार्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- આકાશ નામથી શ્રુતિઓમાં આત્મા પ્રસિદ્ધ છે એ આકાશની જેમ શરીરરહિત અને સૂક્ષ્મ છે તેથી. એ આકાશ (રૂપ આત્મા) જળમાં ફીણની જેમ પોતાની અંદર રહેલ નામ અને રૂપનો નિર્વાહિતા-નિર્વાહ કરનાર એટલે એને વ્યક્ત કરનાર છે. આ નામ અને રૂપ જેની અન્તરા એટલે મધ્યમાં છે અથવા જે નામ અને રૂપની અન્તરા - મધ્યમાં છે અને નામરૂપથી અસ્પૃષ્ટ છે એ બ્રહ્મ નામ અને રૂપથી વિલક્ષણ અને નામરૂપથી અસ્પૃષ્ટ છે તો પણ તેનો નિર્વાહ કરનાર છે, આવા લક્ષણવાળું બ્રહ્મ છે. આ વાત (બૃહદારણ્યકોપનિષદમાં) મૈત્રેયી બ્રાહ્મણમાં કહેવામાં આવી છે કે સર્વત્ર ચિન્માત્રની અનુગતિ હોવાથી સહુની ચિદ્રૂપતા છે એ પ્રકારે આ વાક્યોની એકવાક્યતા સમજાય છે.

તે કેવી રીતે સમજાય છે ? - તો કહે છે - 'स आत्मा' । આત્મા સઘળા જીવોનો પ્રત્યક્ચેતન અને સ્વસંવેદ્યરૂપે પ્રસિદ્ધ છે. તેના જ સ્વરૂપથી ઉન્નયન કરીને આ અશરીર અને આકાશની જેમ સર્વગત આત્મા બ્રહ્મ જ છે એમ સમજવું જોઈએ. એ આત્મા બ્રહ્મ અમૃત અને અમરણ ધર્મવાળો છે.

આની પછીનો મંત્ર છે. પ્રજાપતિ એટલે ચતુર્મુખ બ્રહ્મા તેની સભા એટલે પ્રભુવિમિત નામનું ઘર તેને હું પ્રાપ્ત થાઉં. હું બ્રાહ્મણોનો યશ-યશ નામનો આત્મા બનું કારણ બ્રાહ્મણો જ વિશેષરૂપે એની ઉપાસના કરે છે. માટે હું તેમનો યશ બનું. અને રાજા એટલે ક્ષત્રિય અને વૈશ્યનો (યશ બનું) તેઓ પણ અધિકારી છે તેથી તેમનો આત્મા હું બનું. તેઓનો યશ હું પ્રાપ્ત કરું - પ્રાપ્ત કરવાની હું ઈચ્છા રાખું છું. હું યશરૂપ આત્માઓનો એટલે દેહ ઇન્દ્રિય મન અને બુદ્ધિરૂપ આત્માઓનો આત્મા છું.

શા માટે હું આમ (આત્માઓને) પ્રાપ્ત થાઉં ? તો કહે છે - श्येतम् - રંગમાં પાકેલા બોર સમાન લાલ અને अदत्क - દાંત વિનાનું હોવાથી अदत्क ભક્ષણ કરનાર સ્ત્રી ચિહ્નને કારણ કે તે પોતાનું સેવન કરનારના તેજ, બલ, વીર્ય, વિજ્ઞાન અને ધર્મનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

શાંકરભાષ્ય :- આ જે ભોગ સોનાના ખજાનાની જેમ બ્રહ્મલોકમાં બાહ્યવિષયોની આસક્તિરૂપે અનૃત-અસત્યથી આચ્છાદિત છે અર્થાત્ કેવલ સંકલ્પમાત્રથી પ્રાપ્ત થવા યોગ્ય છે એને એ જુએ છે. કારણ આ આત્માનો પ્રજાપતિએ ઇન્દ્રને ઉપદેશ કર્યો છે. માટે એને શ્રવણ કરીને આજ પણ દેવો એની ઉપાસના કરે છે. એની ઉપાસનાથી એને સઘળા લોક અને બધા ભોગ પ્રાપ્ત છે. જેને માટે ઇન્દ્રે પ્રજાપતિ પાસે એકસો એક વર્ષ સુધી બ્રહ્મચર્યવાસ કર્યો હતો તે ફળ દેવતાઓને પ્રાપ્ત થયું એવો અભિપ્રાય છે.

જે કહેવાયું કે દેવતા મહાન ભાગ્યશાળી છે માટે તેમને માટે (ભોગોની પ્રાપ્તિ) યોગ્ય છે પરંતુ હમણાં મનુષ્યોને તે મળવાનું શક્ય નથી કારણ તેઓ અલ્પજીવી અને અત્યંત મંદ બુદ્ધિવાળા છે એવી (શંકા) પ્રાપ્ત થતાં આ કહેવાય છે - તે (સાધક) સઘળા લોક અને બધા ભોગ પ્રાપ્ત કરે છે. આ કોણ ? જે ઇન્દ્ર વગેરેની જેમ એ આત્માને જાણીને સાક્ષાત્ અનુભવ કરે છે - આ રીતે સામાન્ય રૂપથી (બધા માટે) પ્રજાપતિએ કહ્યું. આથી આત્મજ્ઞાન અને એના ફળની પ્રાપ્તિ સહુને માટે સમાન છે એવું એનું તાત્પર્ય છે. 'પ્રજાપતિએ કહ્યું' એનું બેવાર કથન પ્રકરણની સમાપ્તિ સૂચવવા માટે છે. ॥ ६ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये द्वादशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १२ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના બારમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

त्रयोदशः खण्डः

श्यामाच्छबलं प्रपद्ये शबलाच्छ्यामं प्रपद्येऽश्व इव रोमाणि विधूय पापं चन्द्र इव राहोर्मुखात्प्रमुच्य धूत्वा शरीरमकृतं कृतात्मा ब्रह्मलोकमभिसम्भवामीत्यभिसम्भवामीति ॥ १ ॥

શ્યામ(બ્રહ્મ)થી શબલ (બ્રહ્મ)ને હું પ્રાપ્ત થાઉં અને શબલથી હું શ્યામને પ્રાપ્ત થાઉં. ઘોડો જેમ રોમને તેમ હું પાપને ઝાડીને, રાહુના મુખથી છૂટેલા ચંદ્રની જેમ શરીરને ત્યજીને કૃતકૃત્ય બની અકૃત (સર્જાયેલ નહીં તેવા) બ્રહ્મલોકને પ્રાપ્ત થાઉં છું. બ્રહ્મલોકને પ્રાપ્ત થાઉં છું. ॥ १ ॥

शाङ्करभाष्यम् :- श्यामाच्छबलं प्रपद्य इत्यादिमन्त्राम्नायः पावनो जपार्थश्च ध्यानार्थो वा । श्यामो गम्भीरो वर्णः श्याम इव श्यामो हार्द्दं ब्रह्मात्यन्तदुरवगाह्यत्वात्तद्धार्द्दं ब्रह्म ज्ञात्वा ध्यानेन तस्माच्छ्यामाच्छबलं शबल इव शबलोऽरण्याद्यनेककाममिश्रत्वाद्ब्रह्मलोकस्य शाबल्यम्, तं ब्रह्मलोकं शबलं प्रपद्ये मनसा शरीरपाताद्वोर्ध्वं गच्छेयम् । यस्मादहं शबलाद्ब्रह्मलोकान्नामरूपव्याकरणाय श्यामं प्रपद्ये हार्दभावं प्रपन्नोऽस्मीत्यभिप्रायः । अतस्तमेव प्रकृतिस्वरूपमात्मानं शबलं प्रपद्य इत्यर्थः । ★ कथं शबलं ब्रह्मलोकं प्रपद्ये ? इत्युच्यते—अश्व इव स्वानि लोमानि विधूय कम्पनेन श्रमं पांस्वादि च रोमतोऽपनीय यथा निर्मलो भवत्येवं हार्दब्रह्मज्ञानेन विधूय पापं धर्माधर्माख्यं चन्द्र इव च राहुग्रस्तस्तस्माद्राहोर्मुखात्प्रमुच्य भास्वरो भवति यथा—एवं धूत्वा प्रहाय शरीरं सर्वानर्थाश्रयमिहैव ध्यानेन कृतात्मा कृतकृत्यः सन्नकृतं नित्यं ब्रह्मलोकमभिसम्भवामीति । द्विर्वचनं मन्त्रसमाप्त्यर्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- 'શ્યામથી શબલને હું પ્રાપ્ત થાઉં' વગેરે મંત્ર પવિત્ર કરનાર જપ અથવા ધ્યાન માટે છે. શ્યામ ગંભીર વર્ણ છે. હૃદયમાં રહેલ બ્રહ્મ અત્યંત દુર્ગમ હોવાથી શ્યામ વર્ણ છે તે(બ્રહ્મ)ને જાણીને ધ્યાન દ્વારા શ્યામ બ્રહ્મથી શબલ બ્રહ્મને જે શબલ સમાન શબલ છે કારણ બ્રહ્મલોક અરણ્ય વગેરે અનેક કામનાઓથી યુક્ત છે માટે તેની શબલતા છે. તે બ્રહ્મલોકને હું મનથી પ્રાપ્ત થાઉં - શરીરના પડ્યા પછી ઊર્ધ્વ ઉપર જાઉં. જેથી હું નામરૂપની અભિવ્યક્તિ માટે શબલ બ્રહ્મલોકથી શ્યામને - હાર્દ ભાવને પ્રાપ્ત થાઉં એવો અભિપ્રાય છે. માટે એ પોતાના શબલ પ્રકૃતિરૂપ આત્માને પ્રાપ્ત થાઉં એવો અર્થ છે.

કેવી રીતે શબલ બ્રહ્મલોકને પ્રાપ્ત થાઉં ? તો કહે છે. જેમ ઘોડો પોતાના રોમને ઝાટકીને કંપનથી શ્રમ અને ધૂળને દૂર કરીને નિર્મળ થાય છે તેમ હાર્દબ્રહ્મના જ્ઞાનથી ધર્મ અને અધર્મ નામના પાપને ઝાટકીને દૂર કરીને, અને રાહુથી ગ્રસાયેલ ચંદ્ર તે રાહુના મુખમાંથી નીકળીને તેજસ્વી બને છે તેમ. સંપૂર્ણ અનર્થોનો આશ્રય બનેલ શરીરનો ત્યાગ કરીને ધ્યાનથી કૃતાત્મા-કૃતકૃત્ય થઈ અકૃત - એટલે નિત્ય એવા બ્રહ્મલોકને પ્રાપ્ત થાઉં. બે વખતની ઉક્તિ મન્ત્રની સમાપ્તિ સૂચવવા માટે છે. ॥ १ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये त्रयोदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १३ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના તેરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

चतुर्दशः खण्डः

शाङ्करभाष्यम् :- आकाशो वा इत्यादि ब्रह्मणो लक्षणनिर्देशार्थम् आध्यानाय ।

શાંકરભાષ્ય :- 'आकाशो वै' વગેરે મંત્રથી ઉત્તમ ધ્યાન માટે બ્રહ્મના લક્ષણનો નિર્દેશ કરવા માટે છે –

आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म तदमृतꣳ स आत्मा प्रजापतेः सभां वेश्म प्रपद्ये यशोऽहं भवामि ब्राह्मणानां यशो राज्ञां यशो विशां यशोऽहमनुप्रापत्सि स हाहं यशसां यशः श्येतमदत्कमदत्कꣳ श्येतं लिन्दु माभिगां लिन्दु माभिगाम् ॥ १ ॥

આકાશ નામથી પ્રસિદ્ધ આત્મા નામ અને રૂપનું નિર્વહણ કરનાર છે એ જેની અંદર છે તે બ્રહ્મ છે. એ અમૃત છે. એ આત્મા છે. હું પ્રજાપતિના સભાગૃહમાં જાઉં છું હું યશ થાઉં. બ્રાહ્મણોનો યશ, રાજાઓ(ક્ષત્રિયો)નો યશ અને વૈશ્યોનો યશ પછી પ્રાપ્ત કરીશ તે હું યશોનો યશ થાઉં. હું દાંત વિના ભક્ષણ કરનાર લાલ વર્ણના પિચ્છિલ સ્ત્રીચિહ્નને પ્રાપ્ત ન થાઉં, ન થાઉં. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- आकाशो वै नाम श्रुतिषु प्रसिद्ध आत्मा; आकाश इवाशरीरत्वात्सूक्ष्मत्वाच्च । स चाकाशो नामरूपयोः स्वात्मस्थयोर्जगद्बीजभूतयोः सलिलस्येव फेनस्थानीययोर्निर्वहिता निर्वोढा व्याकर्ता । ते नामरूपे यदन्तरा यस्य ब्रह्मणोऽन्तरा मध्ये वर्तेते तयोर्वा नामरूपयोरन्तरा मध्ये यन्नामरूपाभ्यामस्पृष्टं यदित्येतत्तद्ब्रह्म नामरूपविलक्षणं नामरूपाभ्यामस्पृष्टं तथापि तयोर्निर्वोढृ एवंलक्षणं ब्रह्मेत्यर्थः । इदमेव मैत्रेयीब्राह्मणेनोक्तं चिन्मात्रानुगमात्सर्वत्र चित्स्वरूपतैवेति गम्यत एकवाक्यता । ★ कथं तदवगम्यते ? इत्याह–स आत्मा । आत्मा हि नाम सर्वजन्तूनां प्रत्यक्चेतनः स्वसंवेद्यः प्रसिद्धस्तेनैव स्वरूपेणान्नीयाशरीरा व्योमवत्सर्वगत आत्मा ब्रह्मेत्यवगन्तव्यम् । तच्चात्मा ब्रह्मामृतममरणधर्मा । ★ अत ऊर्ध्वं मन्त्रः । ब्रह्मेत्यवगन्तव्यम् । तच्चात्मा ब्रह्मामृतममरणधर्मा । ★ अत ऊर्ध्वं मन्त्रः । प्रजापतिश्चतुर्मुखस्तस्य सभां वेश्म प्रभुविमितं वेश्म प्रपद्ये गच्छेयम् । किञ्च यशोऽहं यशो नामात्माहं भवामि ब्राह्मणानाम् । ब्राह्मणा एव हि विशेषतस्तमुपासते ततस्तेषां यशो भवामि । तथा राज्ञां विशां च । तेऽप्यधिकृता एवेति तेषामप्यात्मा भवामि । तद्यशोऽहमनुप्रापस्त्यनुप्राप्तुमिच्छामि । स हाहं यशसामात्मनां देहेन्द्रियमनो-बुद्धिलक्षणानामात्मा । ★ किमर्थमहमेवं प्रपद्ये ? इत्युच्यते–श्येतं वर्णतः पक्वबदरसमं रोहितम् । तथादत्कं दन्तरहितमप्यदत्कं भक्षयितृ स्त्रीव्यञ्जनं तत्सेविनां तेजोबलवीर्यविज्ञानधर्माणामपहन्तृ विनाशयित्रित्येतत् । यदेवंलक्षणं श्येतं लिन्दु पिच्छलं तन्माभिगां माभिगच्छेयम् । द्विर्वचनमत्यन्तानर्थहेतुत्वप्रदर्शनार्थम् ॥ १ ॥

શાંકરભાષ્ય :- આકાશ નામથી શ્રુતિઓમાં આત્મા પ્રસિદ્ધ છે એ આકાશની જેમ શરીરરહિત અને સૂક્ષ્મ છે તેથી. એ આકાશ (રૂપ આત્મા) જળમાં ફીણની જેમ પોતાની અંદર રહેલ નામ અને રૂપનો નિર્વાહિતા-નિર્વાહ કરનાર એટલે એને વ્યક્ત કરનાર છે. આ નામ અને રૂપ જેની અન્તરા એટલે મધ્યમાં છે અથવા જે નામ અને રૂપની અન્તરા - મધ્યમાં છે અને નામરૂપથી અસ્પૃષ્ટ છે એ બ્રહ્મ નામ અને રૂપથી વિલક્ષણ અને નામરૂપથી અસ્પૃષ્ટ છે તો પણ તેનો નિર્વાહ કરનાર છે, આવા લક્ષણવાળું બ્રહ્મ છે. આ વાત (બૃહદારણ્યકોપનિષદમાં) મૈત્રેયી બ્રાહ્મણમાં કહેવામાં આવી છે કે સર્વત્ર ચિન્માત્રની અનુગતિ હોવાથી સહુની ચિદ્રૂપતા છે એ પ્રકારે આ વાક્યોની એકવાક્યતા સમજાય છે.

તે કેવી રીતે સમજાય છે ? - તો કહે છે - 'स आत्मा' । આત્મા સઘળા જીવોનો પ્રત્યક્ચેતન અને સ્વસંવેદ્યરૂપે પ્રસિદ્ધ છે. તેના જ સ્વરૂપથી ઉન્નયન કરીને આ અશરીર અને આકાશની જેમ સર્વગત આત્મા બ્રહ્મ જ છે એમ સમજવું જોઈએ. એ આત્મા બ્રહ્મ અમૃત અને અમરણ ધર્મવાળો છે.

આની પછીનો મંત્ર છે. પ્રજાપતિ એટલે ચતુર્મુખ બ્રહ્મા તેની સભા એટલે પ્રભુવિમિત નામનું ઘર તેને હું પ્રાપ્ત થાઉં. હું બ્રાહ્મણોનો યશ-યશ નામનો આત્મા બનું કારણ બ્રાહ્મણો જ વિશેષરૂપે એની ઉપાસના કરે છે. માટે હું તેમનો યશ બનું. અને રાજા એટલે ક્ષત્રિય અને વૈશ્યનો (યશ બનું) તેઓ પણ અધિકારી છે તેથી તેમનો આત્મા હું બનું. તેઓનો યશ હું પ્રાપ્ત કરું - પ્રાપ્ત કરવાની હું ઇચ્છા રાખું છું. હું યશરૂપ આત્માઓનો એટલે દેહ ઇન્દ્રિય મન અને બુદ્ધિરૂપ આત્માઓનો આત્મા છું.

શા માટે હું આમ (આત્માઓને) પ્રાપ્ત થાઉં ? તો કહે છે - श्येतम् - રંગમાં પાકેલા બોર સમાન લાલ અને अदत्क - દાંત વિનાનું હોવાથી અદત્ક ભક્ષણ કરનાર સ્ત્રી ચિહ્નને કારણ કે તે પોતાનું સેવન કરનારના તેજ, બલ, વીર્ય, વિજ્ઞાન અને ધર્મનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

હનન કરનાર - નાશ કરનાર છે. જે આવા લક્ષણોવાળું શ્વેત બિન્દુ - પિચ્છિલ સ્ત્રીચિહ્ન છે તેને પ્રાપ્ત ન થાઉં. બે વાર ઉલ્લેખ અત્યન્ત અનર્થ હેતુત્વને પ્રદર્શિત કરવા માટે છે. ॥ ૧ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये चतुर्दशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १४ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના ચૌદમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

पञ्चदशः खण्डः

तद्धैतद्ब्रह्मा प्रजापतय उवाच प्रजापतिर्मनवे मनुः प्रजाभ्य आचार्यकुलाद्वेदमधीत्य यथाविधानं गुरोः कर्मातिशेषेणाभिसमावृत्य कुटुम्बे शुचौ देशे स्वाध्यायमधीयानो धार्मिकान्विदधदात्मनि सर्वेन्द्रियाणि सम्प्रतिष्ठाप्याहिꣳ सन्सर्वभूतान्यन्यत्र तीर्थेभ्यः स खल्वेवं वर्तयन्यावदायुषं ब्रह्मलोकमभिसम्पद्यते न च पुनरावर्तते न च पुनरावर्तते ॥ १ ॥

આ(આત્મજ્ઞાન)ને બ્રહ્માએ પ્રજાપતિને કહ્યું. પ્રજાપતિએ મનુને કહ્યું. મનુએ પ્રજાને કહ્યું. નિયમ મુજબ ગુરુના કર્તવ્ય કર્મો પૂરાં કરી વેદનું અધ્યયન કરી આચાર્યકુળમાં સમાવર્તન કરી, કુટુંબમાં રહી પવિત્ર દેશમાં સ્વાધ્યાય કરનાર(પુત્ર અને શિષ્ય)ને ધાર્મિક કરી, સઘળી ઇન્દ્રિયોને પોતાની અંદર (અંતઃકરણમાં) પ્રસ્થાપિત કરી, શાસ્ત્રમુજબ કોઈપણ પ્રાણીની હિંસા ન કરી, આમ આયુષ્યની સમાપ્તિ સુધી વર્તન કરનાર (દેહાન્તે) બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે, તે ફરી પાછો આવતો નથી, ફરી પાછો આવતો નથી. ॥ ૧ ॥

शाङ्करभाष्यम् :- तद्धैतदात्मज्ञानं सोपकरणम् 'ओमित्येतदक्षरम्' इत्याद्यैः सहोपासनैस्तद्वाचकेन ग्रन्थेनाष्टाध्यायीलक्षणेन सह ब्रह्मा हिरण्यगर्भः परमेश्वरो वा तद्द्वारेण प्रजापतये कश्यपायोवाच, असावपि मनवे स्वपुत्राय, मनुः प्रजाभ्यः, इत्येवं श्रुत्यर्थसम्प्रदायपरम्परयागतमुपनिषद्विज्ञानमद्यापि विद्वत्स्ववगम्यते । ★ यथेह षष्ठाद्यध्यायत्रये प्रकाशितात्मविद्या सफलावगम्यते तथा कर्मणां न कश्चनार्थ इति प्राप्ते तदानर्थक्यप्राप्तिपरिजिहीर्षयेदं कर्मणो विद्वद्भिरनुष्ठीयमानस्य विशिष्टफलवत्त्वेनार्थवत्त्वमुच्यते— ★ आचार्यकुलाद्वेदमधीत्य सहार्थतोऽध्ययनं कृत्वा यथाविधानं यथास्मृत्युक्तैर्नियमैर्युक्तः सन्नित्यर्थः । सर्वस्यापि विधेः स्मृत्युक्तस्योपकुर्वाणकं प्रति कर्तव्यत्वे गुरुशुश्रूषायाः प्राधान्यप्रदर्शनार्थमाह—गुरोः कर्म यत्कर्तव्यं तत्कृत्वा कर्मशून्यो योऽतिशिष्टः कालस्तेन कालेन वेदमधीत्येत्यर्थः । एवं हि नियमवताधीतो वेदः कर्मज्ञानफलप्राप्तये भवति नान्यथेत्यभिप्रायः । ★ अभिसमावृत्य धर्मजिज्ञासां समापयित्वा गुरुकुलान्निवृत्य न्यायतो दारानाहृत्य कुटुम्बे स्थित्वा गार्हस्थ्ये विहिते कर्मणि तिष्ठन्नित्यर्थः । तत्रापि गार्हस्थ्यविहितानां कर्मणां स्वाध्यायस्य प्राधान्यप्रदर्शनार्थमुच्यते—शुचौ विविक्तेऽमेध्यादिरहिते देशे यथावदासीनः स्वाध्यायमधीयानो नैत्यकमधिकं च यथाशक्ति ऋगाद्यभ्यासं च कुर्वन्धार्मिकान्पुत्राञ्शिष्यांश्च धर्मयुक्तान्विदधद्धार्मिकत्वेन तान्नियमयन्नात्मनि स्वहृदये हार्दे ब्रह्मणि सर्वेन्द्रियाणि सम्प्रतिष्ठाप्योपसंहृत्येन्द्रियग्रहणात्कर्माणि च संन्यस्याहिंसन् हिंसां परपीडामकुर्वन् सर्वभूतानि स्थावरजङ्गमानि भूतान्यपीडयन्नित्यर्थः । ★ भिक्षानिमित्तमटनादिनापि परपीडा स्यादित्यत आह—अन्यत्र तीर्थेभ्यः । तीर्थं नाम शास्त्रानुज्ञाविषयस्ततोऽन्यत्रेत्यर्थः । सर्वाश्रमिणां चैतत्समानम् । तीर्थेभ्योऽन्यत्राहिंसैवेत्यन्ये वर्णयन्ति । कुटुम्ब एवैतत्सर्वं कुर्वन्स खल्वधिकृतो यावदायुषं यावज्जीवमेवं यथोक्तेन प्रकारेणैव वर्तयन् ब्रह्मलोकमभिसम्पद्यते देहान्ते । न च पुनरावर्तते शरीरग्रहणाय; पुनरावृत्तेः प्राप्तायाः प्रतिषेधात् । अर्चिरादिना मार्गेण कार्यब्रह्मलोकमभिसम्पद्य यावद्ब्रह्मलोकस्थितिस्तावत्तत्रैव तिष्ठति प्राक्ततो नावर्तत इत्यर्थः । द्विरभ्यास उपनिषद्विद्यापरिसमाप्त्यर्थः ॥ १ ॥

શાંકરભાષ્ય :- (શમ દમ વગેરે) સાધનોવાળા આ આત્મજ્ઞાનનું ઓમિત્યેદક્ષરમ્ વગેરે ઉપાસનાઓ સહિત તેનું વર્ણન કરનાર આઠ અધ્યાયવાળા ગ્રંથની સાથે બ્રહ્મા એટલે હિરણ્યગર્ભે અથવા પરમેશ્વરે પ્રજાપતિને એટલે કશ્યપને વર્ણન કર્યું હતું. તેમણે પણ પોતાના પુત્ર મનુને અને મનુએ પ્રજાને (આ ઉપદેશ કર્યો) એવી રીતે શ્રુતિના અર્થના સંપ્રદાયથી પરંપરાગત રીતે આવેલું આ ઉપનિષદનું વિજ્ઞાન આજે પણ વિદ્વાનોમાં (રહેલું) જણાય છે.

જેમ આ છ વગેરે ત્રણ અધ્યાયોમાં પ્રકાશિત કરેલી આત્મવિદ્યા સફલ માનવામાં આવે છે તે રીતે કર્મોનો કોઈ અર્થ નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

એમ પ્રાપ્ત થતાં તે(કર્મો)ની અનર્થતા પ્રાપ્ત થાય છે. તેથી તેને ત્યજવાની ઇચ્છાથી વિદ્વાનો દ્વારા આચરવામાં આવનાર કર્મો વિશિષ્ટ ફળથી યુક્ત હોવાથી એની સાર્થકતાનું નિરૂપણ કરવા માટે કહેવામાં આવે છે -

આચાર્યના કુળમાંથી વેદ ભણીને, એટલે જેમ (શાસ્ત્રોમાં) વિધાન કરવામાં આવ્યું છે તેમ જે રીતે સ્મૃતિમાં નિયમો બતાવ્યા છે તેનાથી યુક્ત થઈને એવો અર્થ છે. સ્મૃતિમાં કહેવામાં આવેલી બધી વિધિઓ ઉપકુર્વાણ એટલે બ્રહ્મચારી માટે કર્તવ્યરૂપ છે તેમાં ગુરુની સેવાની પ્રધાનતા દર્શાવવા (શ્રુતિ) કહે છે - ગુરુનું જે કરવા યોગ્ય કર્મ તે કરીને કર્મશૂન્ય જે સમય બાકી રહે તે કાળમાં વેદને ભણીને - વેદનું અધ્યયન કરીને એવો.અર્થ છે. આમ નિયમપૂર્વક વેદનું અધ્યયન કરનાર કર્મના જ્ઞાનના ફળની પ્રાપ્તિ માટે યોગ્ય બને છે. બીજી કોઈ રીતે નહીં.

अभिसमावृत्य એટલે ધર્મજિજ્ઞાસાને પૂરી કરી ગુરુકુળમાંથી નિયમાનુસાર નિવૃત્ત થઈ, પત્ની લાવીને કુટુંબમાં રહી એટલે ગૃહસ્થાશ્રમમાં (શાસ્ત્રે દર્શાવેલાં) વિહિત કર્મોમાં તત્પર રહે એવો અર્થ છે. ત્યાં પણ ગૃહસ્થાશ્રમ માટે વિહિત કર્મોમાં પણ સ્વાધ્યાય એટલે વેદના અધ્યયનનું મહત્ત્વ દર્શાવતાં કહે છે - શુચિ એટલે વિવિક્ત-અપવિત્રતાથી રહિત દેશમાં યોગ્ય રીતે બેસીને સ્વાધ્યાય-સ્વશાખાગત વેદનું અધ્યયન નિત્ય કરતો અને યથાશક્તિ ઋગ્વેદ વગેરેનું અધ્યયન કરતો ધાર્મિક પુત્રો અને શિષ્યોને ધર્મયુક્ત બનાવતો એટલે ધાર્મિકતાથી તેમનું નિયમન કરતો, આત્મામાં એટલે પોતાના હૃદયમાં રહેલા બ્રહ્મમાં સઘળી ઇન્દ્રિયોને સ્થાપીને એટલે ઉપસંહૃત કરી ઇન્દ્રિયોના નિગ્રહથી કર્મોનો સંન્યાસ કરી, अहिंसन् - હિંસા એટલે પરપીડા ન કરતો. એટલે સ્થાવર જંગમ સર્વ ભૂતોને પીડા ન કરતો એવો અર્થ છે.

ભિક્ષા નિમિત્તે ભ્રમણ કરવાથી પણ પરપીડા થાય માટે કહે છે - અન્યત્ર તીર્થોથી - તીર્થ એટલે શાસ્ત્રની આજ્ઞાનો વિષય એ સિવાય અન્યત્ર આ નિયમ દરેક આશ્રમોવાળા માટે સમાન - એક સરખો છે. બીજા (વિદ્વાનો) तीर्थभ्यः એટલે તીર્થ સિવાય બીજે અહિંસા રાખવી એવું વર્ણવે છે. પોતાના કુટુંબમાં જ આ બધું કરતો એ અધિકારી જયાં સુધી જીવન હોય ત્યાં સુધી ઉપર કહેલા પ્રકારે જ વર્તન કરતો દેહના અંતે બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે. ફરીથી પાછો શરીર ધારણ કરવા માટે આવતો નથી, પુનરાવૃત્તિની પ્રાપ્તિનો નિષેધ કર્યો હોવાથી. અર્ચિરાદિ માર્ગથી કાર્યબ્રહ્મલોકને પ્રાપ્ત કરી જયાં સુધી બ્રહ્મલોકનું અસ્તિત્વ છે ત્યાં સુધી ત્યાં જ રહે છે તેનો નાશ થાય તે પહેલાં પાછો આવતો નથી એવો અર્થ છે. 'न च पुनरावर्तते' એ જે બે વાર કહેવાયું છે તે ઉપનિષદ વિદ્યાની સમાપ્તિ સૂચવવા માટે છે. ॥ ૧ ॥

इति छान्दोग्योपनिषद्यष्टमाध्याये पञ्चदशखण्डभाष्यं सम्पूर्णम् ॥ १५ ॥

છાંદોગ્યોપનિષદ્માં આઠમા અધ્યાયના પંદરમા ખંડનું ભાષ્ય સંપૂર્ણ

इति श्रीमद्गोविन्दभगवत्पूज्यपादशिष्यपरमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकरभगवत्पादकृतौ छान्दोग्योपनिषद्भाष्ये अष्टमोऽध्यायः सम्पूर्णः ॥

॥ હરિ ૐ તત્ સત્ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मन्त्रानुक्रमणिका

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
अग्निर्हिङ्कारो वायुः	२	२०	१	६६
अग्निष्टे पादं वक्तेति	४	६	१	१३१
अजा हिङ्कारोऽवयः	२	१८	१	६४
अतो यान्यन्यानि	१	३	५	१६
अत्र यजमानः परस्तादायुषः	२	२४	६	७०
अत्र यजमानः परस्तादायुषः	२	२४	१०	७८
अत्स्यन्नं पश्यसि प्रियम्	५	१२	२	१८६
अत्स्यन्नं पश्यसि प्रियम्	५	१४	२	१८८
अत्स्यन्नं पश्यसि प्रियम्	५	१५	२	१८९
अत्स्यन्नं पश्यसि प्रियम्	५	१६	२	१८९
अत्स्यन्नं पश्यसि प्रियम्	५	१७	२	१९०
अथ खलु य उद्गीथः	१	५	१	२१
अथ खलु य उद्गीथः	१	५	५	२२
अथ खलु व्यानमेवोद्गीथम्	१	३	३	१५
अथ खलूद्गीथाक्षराणि	१	३	६	१६
अथ खल्वमुमादित्यꣳ	२	९	१	५४
अथ खल्वात्मसंमितमति.	२	१०	१	५७
अथ खल्वाशीः	१	३	८	१७
अथ खल्वेतयर्चा पच्छः	५	२	७	१६०
अथ जुहोति नमः	२	२४	१४	७९
अथ जुहोति नमो वायवे	२	२४	९	७८
अथ जुहोति नमोऽग्नये	२	२४	५	७७
अथ तत ऊर्ध्वः	३	११	१	९०
अथ प्रतिसृप्याञ्जलौ	५	२	६	१५९
अथ य आत्मा स सेतुः	८	४	१	२८६
अथ य इमे ग्रामे	५	१०	३	१७४
अथ य एतदेवम्	५	२४	२	१९४
अथ य एतदेवं विद्वान्	१	७	७	२८
अथ य एष सम्प्रसादः	८	३	४	२८४
अथ य एषोऽन्तरक्षिणि	१	७	५	२७
अथ यच्चतुर्थममृतम्	३	९	१	८८
अथ यत्तदजायत	३	१९	३	११६
अथ यत्तपो दानम्	३	१७	४	११०
अथ यत्तृतीयममृतम्	३	८	१	८७
अथ यत्पञ्चममृतम्	३	१०	१	८९
अथ यत्प्रथमास्तमिते	२	९	८	५७
अथ यत्प्रथमोदिते	२	९	३	५५
अथ यत्रैतत्पुरुषः	६	८	५	२२३
अथ यत्रैतदबलिमानम्	८	६	४	२९४
अथ यत्रैतदस्माच्छरीराद्	८	६	५	२९४

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
अथ यत्रैतदाकाशम्	८	१२	४	३१६
अथ यत्रोपाकृते	४	१६	४	१४७
अथ यत्सङ्गववेलायाꣳ	२	९	४	५५
अथ यत्सम्प्रति मध्यन्दिने	२	९	५	५६
अथ यत्सत्रायणमित्याचक्षते	८	५	२	२८८
अथ यदतः परो दिवः	३	१३	७	९९
अथ यदनाशकायनमित्याचक्षते	८	५	३	२८९
अथ यदवोचं भुवः	३	१५	६	१०६
अथ यवोचं भूः	३	१५	५	१०६
अथ यदवोचꣳस्वः	३	१५	७	१०६
अथ यदश्नाति	३	१७	२	११०
अथ यदास्य वाङ्मनसि	६	१५	२	२३८
अथ यदि गन्धमाल्यलोककामः	८	२	६	२८२
यथ यदि गीतवादित्रलोककामः	८	२	८	२८२
अथ यदि तस्याकर्ता	६	१६	२	२३९
अथ यदिदमस्मिन्ब्रह्मपुरे	८	१	१	२७५
अथ यदि भ्रातृलोककामः	८	२	३	२८१
अथ यदि महज्जिगमिषेद्	५	२	४	१५८
अथ यदि मातृलोककामः	८	२	२	२८१
अथ यदि यजुष्टो रिष्येत्	४	१७	५	१४८
अथ यदि सखिलोककामः	८	२	५	२८१
अथ यदि सामतो रिष्येत्	४	१७	६	१४८
अथ यदि स्त्रीलोककामः	८	२	९	२८२
अथ यदि स्वसृलोककामः	८	२	४	२८१
अथ यदु चैवास्मिञ्छव्यम्	४	१५	५	१४४
अथ यदूर्ध्वं मध्यन्दिनात्	२	९	६	५६
अथ यदूर्ध्वमपराह्णात्	२	९	७	५६
अथ यदेतदक्षणः शुक्लम्	१	७	४	२७
अथ यदेतदादित्यस्य	१	६	५	२४
अथ यदेवैतदादित्यस्य	१	६	६	२४
अथ यद्द्वितीयममृतम्	३	७	१	८६
अथ यद्धसति	३	१७	३	११०
अथ यद्यज्ञ इत्याचक्षते	८	५	१	२८८
अथ यद्यन्नपानलोककामः	८	२	७	२८२
अथ यद्यप्येनानुत्क्रान्त.	७	१५	३	२६४
अथ यद्येनमूष्मसूपालभेत	२	२२	४	६९
अथ या एता हृदयस्य	८	६	१	२९२
अथ यां चतुर्थीम्	५	२२	१	१९३
अथ यां तृतीयाम्	५	२१	१	१९३
अथ यां द्वितीयाम्	५	२०	१	१९३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
अथ यां पञ्चमीम्	५	२३	१	१९४
अथ यानि चतुश्चत्वारिꣳशत्	३	१६	३	१०८
अथ यान्यष्टाचत्वारिꣳशत्	३	१६	५	१०८
अथ ये चास्येह	८	३	२	२८३
अथ येऽस्य दक्षिणा रश्मयः	३	२	१	८२
अथ येऽस्य प्रत्यञ्चः	३	३	१	८२
अथ येऽस्योदञ्चः	३	४	१	८३
अथ येऽस्योर्ध्वा रश्मयः	३	५	१	८४
अथ यो वेदेदं मन्वानीति	८	१२	५	३१७
अथ योऽस्य दक्षिणः	३	१३	२	९६
अथ योऽस्य प्रत्यङ् सुषिः	३	१३	३	९७
अथ योऽस्योदङ् सुषिः	३	१३	४	९७
अथ योऽस्योर्ध्वः सुषिः	३	१३	५	९८
अथ सप्तविधस्य वाचि	२	८	१	५३
अथ ह हꣳसा निशायाम्	४	१	२	११८
अथ ह चक्षुरुद्गीथम्	१	२	४	१०
अथ ह प्राण उच्चिक्रमिषन्	५	१	१२	१५४
अथ ह प्राणा अहꣳश्रेयसि	५	१	६	१५२
अथ ह मन उद्गीथम्	१	२	६	१०
अथ ह य एतानेवम्	५	१०	१०	१८२
अथ ह य एवायं मुख्यः	१	२	७	१०
अथ ह वाचमुद्गीथम्	१	२	३	१०
अथ ह शौनकं च	४	३	५	१२५
अथ ह श्रोत्रमुद्गीथम्	१	२	५	१०
अथ हाग्रयः समूदिरे	४	१०	४	१३७
अथ हेन्द्रोऽप्राप्यैव	८	९	१	३०२
अथ हैनं गार्हपत्यः	४	११	१	१३९
अथ हैनं प्रतिहर्तोपससाद	१	११	८	४०
अथ हैनं प्रस्तोतोपससाद	१	११	४	३९
अथ हैनं यजमान उवाच	१	११	१	३८
अथ हैनं वागुवाच	५	१	१३	१५४
अथ हैनꣳ श्रोत्रमुवाच	५	१	१४	१५४
अथ हैनमन्वाहार्यपचनः	४	१२	१	१४०
अथ हैनमाहवनीयः	४	१३	१	१४०
अथ हैनमुद्गातोपससाद	१	११	६	४०
अथ हैनमृषभोऽभ्युवाद	४	५	१	१३०
अथ होवाच जनꣳशार्कराक्ष्य	५	१५	१	१८८
अथ होवाच बुडिलमाश्वतराश्विम्	५	१६	१	१८९
अथ होवाच सत्ययज्ञम्	५	१३	१	१८७
अथ होवाच होवाचेन्द्रद्युम्नम्	५	१४	१	१८८
अथ होवाचोद्दालकम्	५	१७	१	१९०
अथात आत्मदेश एव	७	२५	२	२७२
अथातः शौव उद्गीथः	१	१२	१	४१
अथाधिदैवतं य एवासौ	१	३	१	१४
अथाध्यात्मं प्राणो वाव	४	३	३	१२४
अथाध्यात्मं य एवायम्	१	५	३	२२

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
अथाध्यात्मं वागेवर्क्प्राणः	१	७	१	२६
अथानु किमनुशिष्टः	५	३	४	१६२
अथानेनैव ये चैतस्मात्	१	७	८	२९
अथावृत्तेषु द्यौर्हिङ्कारः	२	२	२	४८
अथैतयोः पथोर्न कतरेण	५	१०	८	१८१
अथोताप्याहुः	२	१	३	४७
अधीहि भगव इति	७	१	१	२४३
अनिरुक्तस्त्रयोदशः	१	१३	३	४४
अन्तरिक्षमेवर्ग्वायुः	१	६	२	२३
अन्तरिक्षोदरः कोशः	३	१५	१	१०५
अन्नं वाव बलाद्भूयः	७	९	१	२५६
अन्नमयꣳ हि सोम्य	६	५	४	२१४
अन्नमयꣳ हि सोम्य	६	६	५	२१६
अन्नमशितं त्रेधा विधीयते	६	५	१	२१३
अन्नमिति होवाच	१	११	९	४१
अन्यतरामेव वर्तनीम्	४	१६	३	१४६
अपां का गतिरित्यसौ	१	८	५	३१
अपाꣳ सोम्य पीयमानानाम्	६	६	३	२१५
अपाने तृप्यति वाक्तृप्यति	५	२१	२	१९३
अभिमन्थति स हिङ्कारः	२	१२	१	६०
अभ्रं भूत्वा मेघो भवति	५	१०	६	१७८
अभ्राणि संप्लवन्ते	२	१५	१	६३
अमृतत्वं देवेभ्यः	२	२२	२	६८
अयं वाव लोकः	१	१३	१	४३
अयं वाव स योऽयमन्तः	३	१२	८	९४
अयं वाव स योऽयमन्तर्हृदये	३	१२	९	९४
अरिष्टं कोशम्	३	१५	३	१०६
अशनापिपासे मे सोम्य	६	८	३	२२२
अशरीरो वायुरभ्रं विद्युत्	८	१२	२	३१३
असौ वा आदित्यः	३	१	१	८०
असौ वाव लोकः	५	४	१	१६६
अस्य यदेकाꣳ शाखाम्	६	११	२	२३०
अस्य लोकस्य का गतिः	१	९	१	३३
अस्य सोम्य महतो वृक्षस्य	६	११	१	२२९
आकाशो वाव तेजसः	७	१२	१	२५९
आकाशो वै नाम	८	१४	१	३१९
आगाता ह वै कामानाम्	१	२	१४	१४
आत्मानमन्तत उपसृत्य	१	३	१२	१८
आदित्प्रत्नस्य रेतसः	३	१७	७	१११
आदित्य इति होवाच	१	११	७	४०
आदित्य ऊकारः	१	१३	२	४४
आदित्यमथ वैश्वदेवम्	२	२४	१३	७९
आदित्यो ब्रह्मेत्यादेशः	३	१९	१	११५
आदिरिति द्व्यक्षरम्	२	१०	२	५८
आपः पीतास्त्रेधा विधीयन्ते	६	५	२	२१३
आपयिता ह वै कामानाम्	१	१	७	६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
आपो वावान्नाद्भूयस्यः	७	१०	१	२५७
आप्नोति हादित्यस्य	२	१०	६	५९
आशा वाव स्मराद्भूयसी	७	१४	१	२६१
इति तु पञ्चम्यामाहुतावापः	५	९	१	१६९
इदं वाव तज्ज्येष्ठाय	३	११	५	९१
इदमिति ह प्रतिजज्ञे	४	१४	३	१४१
इमाः सोम्य नद्यः	६	१०	१	२२८
इयमेवर्गग्निः	१	६	१	२३
उदशराव आत्मानमवेक्ष्य	८	८	१	२९९
उदाने तृप्यति त्वक्तृप्यति	५	२३	२	१९४
उद्गीथ इति त्र्यक्षरम्	२	१०	३	५८
उद्गृह्णाति तन्निधनम्	२	३	२	५०
उद्दालको हारुणिः	६	८	१	२१९
उद्यन्हिङ्कार उदितः	२	१४	१	६२
उपकोसलो ह वै	४	१०	१	१३६
उपमन्त्रयते स हिङ्कारः	२	१३	१	६१
ऋग्वेदं भगवोऽध्येमि	७	१	२	२४४
ऋतुषु पञ्चविधम्	२	५	१	५१
एकविꣳशत्यादित्यम्	२	१०	५	५८
एतꣳ संयद्वाम इत्याचक्षते	४	१५	२	१४३
एतद्ध स्म वै तद्विद्वा सः	६	४	५	२११
एतद्ध स्म वै तद्विद्वानाह	३	१६	७	१०९
एतमु एवाहमभ्यगासिषम्	१	५	२	२१
एतमु एवाहमभ्यगासिषम्	१	५	४	२२
एतमृग्वेदमभ्यतपꣳस्तस्याभि.	३	१	३	८०
एतेषां मे देहीति	१	१०	३	३६
एवं यथाश्मानमाखणमृत्वा	१	२	८	११
एवꣳ सोम्य ते षोडशानाम्	६	७	६	२१८
एवमेव खलु सोम्य	६	६	२	२१५
एवमेव खलु सोम्य	६	११	३	२३०
एवमेव खलु सोम्येमाः	६	१०	२	२२८
एवमेव प्रतिहर्तारमुवाच	१	१०	११	३८
एवमेवैष मघवन्निति	८	९	३	३०४
एवमेवैष मघवन्निति	८	११	३	३०८
एवमेवैष सम्प्रसादः	८	१२	३	३१४
एवमेवोद्गातारमुवाच	१	१०	१०	३८
एवमेषां लोकानामासाम्	४	१७	८	१४९
एष उ एव भामनीरेष हि	४	१५	४	१४३
एष उ एव वामनीरेष हि	४	१५	३	१४३
एष तु वा अतिवदति	७	१६	१	२६५
एष म आत्मान्तर्हृदये	३	१४	३	१०३
एए वै यजमानस्य	२	२४	१५	७९
एष ह वा उदक्प्रवणः	४	१७	९	१४९
एष ह वै यज्ञो योऽयम्	४	१६	१	१४५
एषां भूतानां पृथिवी रसः	१	१	२	३
ओ ३ मदा ३ मों ३ पिबा.	१	१२	५	४३
ओमित्येतदक्षरमुद्गीथमुपासीत	१	४	१	१९
ओमित्येतदक्षरमुद्गीथमुपासीत	१	१	१	२
औपमन्यव कं त्वम्	५	१२	१	१८६
कं ते काममागायानीत्येषः	१	७	९	२९
कतमा कतमकर्कतमत्	१	१	४	४
कल्पन्ते हास्मा ऋतवः	२	५	२	५१
कल्पन्ते हास्मै	२	२	३	४९
का साम्नो गतिरिति	१	८	४	३१
कुतस्तु खलु	६	२	२	२०१
क्व तर्हि यजमानस्य	२	२४	२	७६
गायत्री वा इदꣳसर्वम्	३	१२	१	९२
गो-अश्वमिह महिमेत्याचक्षते	७	२४	२	२७०
चक्षुरेव ब्रह्मणश्चतुर्थः	३	१८	५	११४
चक्षुरेवर्गात्मा	१	७	२	२६
चक्षुर्होच्चक्राम	५	१	९	१५३
चित्तं वाव सङ्कल्पाद्भूयः	७	५	१	२५१
जानश्रुतिर्ह पौत्रायणः	४	१	१	११८
तं चेदेतस्मिन्वयसि	३	१६	२	१०८
तं चेदेतस्मिन्वयसि	३	१६	४	१०८
तं चेदेतस्मिन्वयसि	३	१६	६	१०९
तं चेदब्रूयुरस्मिꣳश्चेदिदम्	८	१	४	२७७
तं चेद्ब्रुयुर्यदिदमस्मिन्	८	१	२	२७६
तं जायोवाच तप्तः	४	१०	२	१३६
तं जायोवाच हन्त	१	१०	७	३७
तं मद्गुरुपनिपत्याभ्युवाद	४	८	२	१३४
तꣳ हꣳ स उपनिपत्याभ्युवाद	४	७	२	१३२
तꣳ ह चिरं वसेत्याज्ञा.	५	३	७	१६४
तꣳ ह प्रवाहणः	१	८	८	३३
तꣳ ह शिलकः	१	८	६	३२
तꣳ हाङ्गिरा उद्गीथम्	१	२	१०	१२
तꣳ हाभ्युवाद रैक्वेदम्	४	२	४	१२३
तꣳ हैतमतिधन्वा	१	९	३	३४
तꣳ होवाच किंगोत्रः	४	४	४	१२९
तꣳ होवाच नैतदब्राह्मणः	४	४	५	१२९
तꣳ होवाच यं वै	६	१२	२	२३२
तꣳ होवाच यथा सोम्य	६	७	५	२१८
तꣳ होवाच यथा सोम्य	६	७	३	२१७
त इमे सत्याः कामाः	८	३	१	२८३
त इह व्याघ्रो वा सिꣳहो वा	६	९	३	२२७
त एतदेव रूपमभि.	३	६	२	८५
त एतदेव रूपमभि.	३	७	२	८६
त एतदेव रूपमभि.	३	८	२	८७
त एतदेव रूपमभि.	३	९	२	८९
त एतदेव रूपमभि.	३	१०	२	८९
तत्रोद्गातृनास्तावे	१	१०	८	३७
तथामुष्मिँल्लोके	१	९	४	३४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
तथेति ह समुपविविशुः	१	८	२	३०
तदुताप्याहुः साम्नैनमुपा.	२	१	२	४६
तदु ह जानश्रुतिः	४	१	५	१२०
तदु ह जानश्रुतिः	४	२	१	१२१
तदु ह शौनकः कापेयः	४	३	७	१२६
तदेतच्चतुष्पाद्ब्रह्म	३	१८	२	११३
तदेतन्मिथुनमोमिति	१	१	६	५
तदेष श्लोकः	८	६	६	२९५
तदेष श्लोको न पश्यः	७	२६	२	२७३
तदेष श्लोको यदा	५	२	८	१६१
तदेष श्लोको यानि	२	२१	३	६७
तदैक्षत बहु स्याम्	६	२	३	२०३
तद्धैतत्सत्यकामः	५	२	३	१५८
तद्धैतद्घोर आङ्गिरसः	३	१७	६	१११
तद्धैतद्ब्रह्मा प्रजापतये	३	११	४	९१
तद्धैतद्ब्रह्मा प्रजापतये	८	१५	१	३२०
तद्धोभये देवासुराः	८	७	२	२९६
तद्य इत्थं विदुः	५	१०	१	१७१
तद्य इह रमणीयचरणाः	५	१०	७	१८०
तद्य एवैतं ब्रह्मलोकम्	८	४	३	२८७
तद्य एवैतावरं च	८	५	४	२९०
तद्यत्प्रथममृतम्	३	६	१	८५
तद्यत्रैतत्सुप्तः	८	६	३	२९३
तद्यत्रैतत्सुप्तः	८	११	१	३०७
तद्यथा महापथ आततः	८	६	२	२९२
तद्यथा लवणेन	४	१७	७	१४९
तद्यथेषीकातूलमग्नौ	५	२४	३	१९५
तद्यथेह कर्मजितो लोकः	८	१	६	२८०
तद्यद्यृक्तो रिष्येद् भूः	४	१७	४	१४८
तद्यद्भक्तं प्रथममागच्छेत्	५	१९	१	१९२
तद्यद्रजतः सेयं पृथिवी	३	१९	२	११६
तद्वा एतदनुज्ञाक्षरं यद्धि	१	१	८	६
तद्व्यक्षरत्तदादित्यम्	३	१	४	८१
तद्व्यक्षरत्तदादित्यम्	३	२	३	८२
तद्व्यक्षरत्तदादित्यम्	३	३	३	८३
तद्व्यक्षरत्तदादित्यम्	३	४	३	८३
तद्व्यक्षरत्तदादित्यम्	३	५	३	८४
तमग्निरभ्युवाद सत्यकाम	४	६	२	१३१
तमु ह परः प्रत्युवाच	४	१	३	११९
तमु ह परः प्रत्युवाचाह	४	२	३	१२२
तयोरन्यतरां मनसा	४	१६	२	१४६
तस्मा आदित्याश्च	२	२४	१६	७९
तस्मा उ ह ददुस्ते	४	३	८	१२६
तस्मादप्यद्येहाददान.	८	८	५	३०२
तस्मादाहुः सोष्यति	३	१७	५	११०
तस्मादु हैवंविद्यद्यपि	५	२४	४	१९५

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
तस्माद्वा एतः सेतुम्	८	४	२	२८७
तस्मिन्निमानि सर्वाणि	२	९	२	५५
तस्मिन्नेतस्मिन्नग्नौ	५	४	२	१६६
तस्मिन्नेतस्मिन्नग्नौ	५	५	२	१६७
तस्मिन्नेतस्मिन्नग्नौ	५	६	२	१६८
तस्मिन्नेतस्मिन्नग्नौ	५	७	२	१६८
तस्मिन्नेतस्मिन्नग्नौ	५	८	२	१६९
तस्मिन्यावत्संपातम्	५	१०	५	१७५
तस्मै श्वा श्वेतः	१	१२	२	४२
तस्य क्व मूलः स्याद्	६	८	४	२२३
तस्य क्व मूलः स्याद्	६	८	६	२२४
तस्य प्राची दिग्जुहूर्नाम	३	१५	२	१०५
तस्य यथा कप्यासम्	१	६	७	२५
तस्य यथाभिनहनम्	६	१४	२	२३५
तस्य ये प्राञ्चो रश्मयः	३	१	२	८०
तस्यर्क्च साम च गेष्णौ	१	६	८	२५
तस्य ह वा एतस्य	३	१३	१	९५
तस्य ह वा एतस्यात्मनः	५	१८	२	१९१
तस्य ह वा एतस्यैवम्	७	२६	१	२७३
तस्या ह मुखमुपोद्गृह्णन्	४	२	५	१२३
तस्यैषा दृष्टिर्यत्रैतत्	३	१३	८	९९
त्रयी विद्या हिङ्कारस्त्रयः	२	२१	१	६६
त्रयो धर्मस्कन्धा यज्ञः	२	२३	१	७०
त्रयो होद्गीथे	१	८	१	२९
ता आप ऐक्षन्त	६	२	४	२०५
तानि वा एतानि यजूंष्येतम्	३	२	२	८२
तानि वा एतानि सामानि	३	३	२	८३
तानि ह वा एतानि	७	४	२	२४९
तानि ह वा एतानि	७	५	२	२५१
तानि ह वा एतानि	८	३	५	२८५
तानु तत्र मृत्युर्यथा	१	४	३	१९
तान्यभ्यतपत्तेभ्यः	२	२३	३	७५
तान्होवाच प्रातर्वः	५	११	७	१८५
तान्होवाचाश्वपतिर्वै	५	११	४	१८४
तान्होवाचेहैव	१	१२	३	४२
तान्होवाचैते वै खलु	५	१८	१	१९०
तावानस्य महिमा	३	१२	६	९४
तासां त्रिवृतं त्रिवृतमेकैकाम्	६	३	३	२०८
तासां त्रिवृतं त्रिवृतमेकैकाम्	६	३	४	२०९
तेजसः सोम्याश्यमानस्य	६	६	४	२१५
तेजो वावाद्भ्यो भूयः	७	११	१	२५८
तेजोऽशितं त्रेधा विधीयते	६	५	३	२१४
तेभ्यो ह प्राणेभ्यः	५	११	५	१८४
तेन तः ह बकः	१	२	१३	१३
तेन तः ह बृहस्पतिः	१	२	११	१३
तेन तः हायास्य	१	२	१२	१३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
तेनेयं त्रयी विद्या	१	१	९	६
तेनोभौ कुरुतो यश्चैतत्	१	१	१०	७
ते यथा तत्र न विवेकम्	६	९	२	२२७
ते वा एते गुह्याः	३	५	२	८४
ते वा एतेऽथर्वाङ्गिरसः	३	४	२	८३
ते वा एते पञ्च	३	१३	६	९८
ते वा एते रसानाꣳ रसाः	३	५	४	८४
तेषां खल्वेषां भूतानाम्	६	३	१	२०६
ते ह प्राणाः प्रजापतिम्	५	१	७	१५२
ते ह नासिक्यम्	१	२	२	९
ते ह यथैवेह	१	१२	४	४२
ते ह सम्पादयाञ्चक्रुरुद्दालकः	५	११	२	१८३
ते होचुरुपकोसलैषा	४	१४	१	१४१
ते होचुर्येन हैवार्थेन	५	११	६	१८५
तौ वा एतौ द्वौ	४	३	४	१२५
तौ ह द्वात्रिꣳशतं वर्षाणि	८	७	३	२९७
तौ ह प्रजापतिरुवाच	८	७	४	२९८
तौ ह प्रजापतिरुवाच	८	८	२	३००
तौ हान्वीक्ष्य प्रजापतिः	८	८	४	३०१
तौ होचतुर्यथैवेद.	८	८	३	३००
दध्नः सोम्य मथ्यमानस्य	६	६	१	२१५
दुग्धेऽस्मै वाग्दोहम्	१	१३	४	४४
दुग्धेऽस्मै वाग्दोहम्	२	८	३	५४
देवा वै मृत्योर्बिभ्यतः	१	४	२	१९
देवासुरा ह वै यत्र	१	२	१	८
द्यौरेवर्गादित्यः	१	६	३	२४
द्यौरेवोदन्तरिक्षं गीः	१	३	७	१७
ध्यानं वाव चित्ताद्भूयः	७	६	१	२५२
नक्षत्राण्येवर्क्चन्द्रमाः	१	६	४	२४
न वधेनास्य हन्यते	८	१०	२	३०५
न वधेनास्य हन्यते	८	१०	४	३०६
न वै तत्र न निम्लोच	३	११	२	९०
न वै नूनं भगवन्तस्ते	६	१	७	१९८
न वै वाचो न चक्षूꣳषि	५	१	१५	१५५
न स्विदेतेऽप्युच्छिष्टा इति	१	१०	४	३६
न ह वा अस्मा उदेति	३	११	३	९१
न हाप्सु प्रैत्यप्सुमान्	२	४	२	५०
नान्यस्मै कस्मैचन	३	११	६	९१
नाम वा ऋग्वेदो यजुर्वेदः	७	१	४	२४५
नाहमत्र भोग्यं पश्यामीति	८	९	२	३०३
निधनमिति त्र्यक्षरम्	२	१०	४	५८
नैवैतेन सुरभि न	१	२	९	१२
न्यग्रोधफलमत आहरेतीदम्	६	१२	१	२३१
पञ्च मा राजन्यबन्धुः	५	३	५	१६३
परोवरीयो हास्य भवति	२	७	२	५३
पर्जन्यो वाव गौतमाग्निः	५	५	१	१६७

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
पशुषु पञ्चविधꣳ	२	६	१	५१
पुरा तृतीयसवनस्योपा.	२	२४	११	७८
पुरा प्रातरनुवाकस्योपा.	२	२४	३	७७
पुरा माध्यन्दिनस्य	२	२४	७	७८
पुरुषꣳ सोम्योत	६	१६	१	२३९
पुरुषꣳ सोम्योतोपतापिनम्	६	१५	१	२३७
पुरुषो वाव गौतमाग्निः	५	७	१	१६८
पुरुषो वाव यज्ञस्तस्य	३	१६	१	१०७
पृथिवी वाव गौतमाग्निः	५	६	१	१६७
पृथिवी हिङ्कारोऽन्तरिक्षम्	२	१७	१	६४
प्रजापतिर्लोकानभ्यतपत्	२	२३	२	७५
प्रजापतिर्लोकानभ्यतपत्	४	१७	१	१४७
प्रवृत्तोऽश्वतरीरथः	५	१३	२	१८७
प्रस्तोतर्या देवता	१	१०	९	३७
प्राचीनशाल औपमन्यवः	५	११	१	१८३
प्राण इति होवाच	१	११	५	३९
प्राण एव ब्रह्मणश्चतुर्थः	३	१८	४	११४
प्राणे तृप्यति चक्षुस्तृप्यति	५	१९	२	१९२
प्राणेषु पञ्चविधं परोवरीयः	२	७	१	५२
प्राणो वा आशायाः	७	१५	१	२६२
प्राणो ह्येवैतानि सर्वाणि	७	१५	४	२६४
प्राप हाचार्यकुलम्	४	९	१	१३४
बलं वाव विज्ञानाद्भूयः	७	८	१	२५५
ब्रह्मणः सोम्य ते पादम्	४	६	३	१३२
ब्रह्मणः सोम्य ते पादम्	४	७	३	१३३
ब्रह्मणः सोम्य ते पादम्	४	८	३	१३४
ब्रह्मणश्च ते पादं ब्रवाणीति	४	५	२	१३०
ब्रह्मवादिनो वदन्ति	२	२४	१	७६
ब्रह्मविदिव वै सोम्य	४	९	२	१३५
भगव इति ह प्रतिशुश्राव	४	१४	२	१४१
भगवाꣳस्त्वेव मे	१	११	३	३९
भवन्ति हास्य पशवः	२	६	२	५२
मघवन्मर्त्यं वा इदम्	८	१२	१	३०९
मटचीहतेषु कुरुष्वाटिक्या	१	१०	१	३५
मद्गुष्टे पादं वक्तेति	४	८	१	१३३
मनो ब्रह्मेत्युपासीत	३	१८	१	११३
मनोमयः प्राणशरीरः	३	१४	२	१०२
मनो वाव वाचो भूयः	७	३	१	२४७
मनो हिङ्कारो वाक्	२	११	१	५९
मनो होच्चक्राम	५	१	११	१५४
मानवो ब्रह्मैवैक ऋत्विक्	४	१७	१०	१५०
मासेभ्यः पितृलोकम्	५	१०	४	१७५
मासेभ्यः संवत्सरम्	५	१०	२	१७१
यं यमन्तमभिकामः	८	२	१०	२८२
य आत्मापहतपाप्मा	८	७	१	२९६
य एते ब्रह्मलोके	८	१२	६	३१७

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
य एष स्वप्ने महीयमानः	८	१०	१	३०५
य एषोऽक्षिणि पुरुषः	४	१५	१	१४२
यच्चन्द्रमसो रोहितꣳ रूपम्	६	४	३	२१०
यत्र नान्यत्पश्यति	७	२४	१	२६९
यथा कृतायविजितायाधरेयाः	४	१	४	११९
यथा कृतायविजितायाधरेयाः	४	१	६	१२०
यथा विलीनमेवाङ्ग	६	१३	२	२३३
यथा सोम्य पुरुषम्	६	१४	१	२३४
यथा सोम्य मधु मधुकृतः	६	९	१	२२६
यथा सोम्यैकेन	६	१	४	१९७
यथा सोम्यैकेन नख.	६	१	६	१९८
यथा सोम्यैकेन लोह.	६	१	५	१९८
यथेह क्षुधिता बाला मातरम्	५	२४	५	१९५
यदग्ने रोहितꣳ रूपम्	६	४	१	२०९
यदादित्यस्य रोहितम्	६	४	२	२१०
यदाप उच्छुष्यन्ति	४	३	२	१२४
यदा वा ऋचमाप्नोति	१	४	४	२०
यदा वै करोत्यथ	७	२१	१	२६७
यदा वै निस्तिष्ठत्यथ	७	२०	१	२६७
यदा वै मनुतेऽथ	७	१८	१	२६६
यदा वै विजानात्यथ	७	१७	१	२६५
यदा वै श्रद्दधात्यथ	७	१९	१	२६७
यदा वै सुखं लभतेऽथ	७	२२	१	२६८
यदुदिति स उद्गीथः	२	८	२	५४
यदु रोहितमिवाभूदिति	६	४	६	२१२
यद्विज्ञातमिवाभूत्	६	४	७	२१२
यद्विद्युतो रोहितꣳरूपम्	६	४	४	२१०
यद्वै तत्पुरुषे शरीरमिदम्	३	१२	४	९३
यद्वै तद्ब्रह्मेतीदम्	३	१२	७	९४
यस्तद्वेद स वेद	२	२१	४	६७
यस्यामृचि तामृचम्	१	३	९	१८
यां दिशमभिष्टोष्यन्	१	३	११	१८
या वाक्सर्क्तस्मात्	१	३	४	१६
यावान्वा अयमाकाशः	८	१	३	२७७
या वै सा गायत्रीयम्	३	१२	२	९३
या वै सा पृथिवीयम्	३	१२	३	९३
येनच्छन्दसा	१	३	१०	१८
येनाश्रुतꣳ श्रुतम्	६	१	३	१९७
यो वै भूमा तत्सुखम्	७	२३	१	२६८
योषा वाव गौतमाग्निः	५	८	१	१६९
यो ह वा आयतनम्	५	१	५	१५२
यो ह वै ज्येष्ठं च श्रेष्ठं च	५	१	१	१५१
यो ह वै प्रतिष्ठा वेद	५	१	३	१५२
यो ह वै वसिष्ठं वेद	५	१	२	१५१
यो ह वै संपदं वेद	५	१	४	१५२
रैक्वेमानि षट्शतानि	४	२	२	१२२

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
लवणमेतदुदकेऽवधायाथ	६	१३	१	२३३
लो ३ कद्वारमपावा ३ र्णू	२	२४	४	७७
लो ३ कद्वारमपावा ३ र्णू	२	२४	८	७८
लो ३ कद्वारमपावा ३ र्णू	२	२४	१२	७९
लोकेषु पञ्चविधꣳ सामोपासीत	२	२	१	४७
लोम हिङ्कारस्त्वक्प्रस्तावः	२	१९	१	६५
वसन्तो हिङ्कारः	२	१६	१	६३
वसिष्ठाय स्वाहेत्यग्नावाज्यस्य	५	२	५	१५९
वागेव ब्रह्मणश्चतुर्थः	३	१८	३	११३
वागेवर्क् प्राणः	१	१	५	४
वाग्वाव नाम्नो भूयसी	७	२	१	२४६
वायुर्वाव संवर्गो यदा	४	३	१	१२४
विज्ञानं वाव ध्यानाद्भूयः	७	७	१	२५४
विनर्दि साम्नो वृणे	२	२२	१	६८
वृष्टौ पञ्चविधꣳ	२	३	१	४९
वेत्थ यथासौ लोको न	५	३	३	१६२
वेत्थ यदितोऽधि प्रजाः	५	३	२	१६२
व्याने तृप्यति श्रोत्रं तृप्यति	५	२०	२	१९३
श्यामाच्छबलं प्रपद्ये	८	१३	१	३१८
श्रुतꣳ ह्येव मे भगवद्दृशेभ्यः	४	९	३	१३५
श्रोत्रꣳहोच्चक्राम	५	१	१०	१५४
श्रोत्रमेव ब्रह्मणश्चतुर्थः	३	१८	६	११४
श्रोत्रमेवङ्र्मनः	१	७	३	२७
श्वेतकेतुर्हारुणेयः	५	३	१	१६१
श्वेतकेतुर्हारुणेयः	६	१	१	१९६
षोडशकलः सोम्य	६	७	१	२१६
संकल्पो वाव मनसः	७	४	१	२४९
स एतां त्रयीं विद्याम्	४	१७	३	१४८
स एतास्तिस्त्रो देवताः	४	१७	२	१४७
स एवाधस्तात्स उपरि.	७	२५	१	२७१
स एष परोवरीयानुद्गीथः	१	९	२	३४
स एष ये चैतस्मात्	१	७	६	२८
स एष रसानाꣳ रसतमः	१	१	३	३
स जातो यावदायुषम्	५	९	२	१७०
सत्यकामो ह जाबालः	४	४	१	१२८
सदेव सोम्येदमग्र	६	२	१	१९९
स ब्रूयान्नास्य जरयैतत्	८	१	५	२७८
समस्तस्य खलु	२	१	१	४६
समान उ एवायं चासौ	१	३	२	१५
समाने तृप्यति मनस्तृप्यति	५	२२	२	१९३
स य आकाशं ब्रह्मेत्युपास्ते	७	१२	२	२६०
स य आशां ब्रह्मेत्युपास्ते	७	१४	२	२६२
स य इदमविद्वानग्निहोत्रम्	५	२४	१	१९४
स य एतदेवं विद्वानक्षरम्	१	४	५	२०
स य एतदेवं विद्वान्	२	१	४	४७
स य एतदेवममृतं वेद	३	६	३	८६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय 129357 गुरुकुल कांगड़ी विश्वविद्यालय

ॐ ॐ

मन्त्रानुक्रम	अ.	ख.	मं.	पृ.
स य एतदेवममृतं वेद	३	७	३	८७
स य एतदेवममृतं वेद	३	८	३	८७
स य एतदेवममृतं वेद	३	९	३	८९
स य एतदेवममृतं वेद	३	१०	३	८९
स य एतमेवं विद्वाꣳश्चतुष्कलम्	४	५	३	१३१
स य एतमेवं विद्वाꣳश्चतुष्कलम्	४	६	४	१३२
स य एतमेवं विद्वाꣳश्चतुष्कलम्	४	७	४	१३३
स य एतमेवं विद्वाꣳश्चतुष्कलम्	४	८	४	१३४
स य एतमेवं विद्वानादित्यम्	३	१९	४	११७
स य एतमेवं विद्वानुपास्ते	४	११	२	१३९
स य एतमेवं विद्वानुपास्ते	४	१२	२	१४०
स य एतमेवं विद्वानुपास्ते	४	१३	२	१४०
स य एवमेतत्साम	२	२१	२	६७
स य एवमेतद्बृहदादित्ये	२	१४	२	६२
स य एवमेवतद्यज्ञायज्ञीयमङ्गेषु	२	१९	२	६५
स य एवमेतद्रथन्तरमग्नौ	२	१२	२	६१
स य एवमेतद्गायत्रम्	२	११	२	६०
स य एवमेतद्राजनं देवतासु	२	२०	२	६६
स य एवमेतद्वामदेव्यम्	२	१३	२	६१
स य एवमेतद्वैराजमृतुषु	२	१६	२	६३
स य एवमेतद्वैरूपम्	२	१५	२	६३
स य एवमेताः शक्वर्यो	२	१७	२	६४
स य एवमेता रेवत्यः	२	१८	२	६५
स य एषोऽणिमैतदात्म्यम्	६	८	७	२२६
स य एषोऽणिमैतदात्म्यम्	६	९	४	२२८
स य एषोऽणिमैतदात्म्यम्	६	१०	३	२२९
स य एषोऽणिमैतदात्म्यम्	६	१२	३	२३२
स य एषोऽणिमैतदात्म्यम्	६	१३	३	२३४
स य एषोऽणिमैतदात्म्यम्	६	१४	३	२३७
स य एषोऽणिमैतदात्म्यम्	६	१५	३	२३८
स यः संकल्पं ब्रह्मेत्युपास्ते	७	४	३	२५०
स यः स्मरं ब्रह्मेत्युपास्ते	७	१३	२	२६१
स यथा तत्र	६	१६	३	२४०
स यथा शुकनिः सूत्रेण	६	८	२	२२१
स यथोभयपाद्व्रजन्रथः	४	१६	५	१४७
स यदवोचं प्राणम्	३	१५	४	१०६
स यदशिशिषति	३	१७	१	११०
स यदि पितरं वा मातरम्	७	१५	२	२६३
स यदि पितृलोककामः	८	२	१	२८१
स यश्चित्तं ब्रह्मेत्युपास्ते	७	५	३	२५२
स यस्तेजो ब्रह्मेत्युपास्ते	७	११	२	२५८
स यावदादित्य उत्तरतः	३	१०	४	८९
स यावदादित्यः	३	६	४	८६
स यावदादित्यः पश्चात्	३	९	४	८९
स यावदादित्यः पुरस्तात्	३	७	४	८७
स यावदादित्यो दक्षिणतः	३	८	४	८७
स यो ध्यानं ब्रह्मेत्युपास्ते	७	६	२	२५३
स यो नाम ब्रह्मेत्युपास्ते	७	१	५	२४६
स योऽन्नं ब्रह्मेत्युपास्ते	७	९	२	२५६
स योऽपो ब्रह्मेत्युपास्ते	७	१०	२	२५७
स यो बलं ब्रह्मेत्युपास्ते	७	८	२	२५५
स यो मनो ब्रह्मेत्युपास्ते	७	३	२	२४८
स यो वाचं ब्रह्मेत्युपास्ते	७	२	२	२४७
स यो विज्ञानं ब्रह्मेत्युपास्ते	७	७	२	२५४
सर्वं खल्विदं ब्रह्म	३	१४	१	१००
सर्वकर्मा सर्वकामः	३	१४	४	१०३
सर्वास्वप्सु पञ्चविधꣳ	२	४	१	५०
सर्वे स्वरा इन्द्रस्यात्मनः	२	२२	३	६९
सर्वे स्वरा घोषवन्तः	२	२२	५	६९
स वा एष आत्मा हृदि	८	३	३	२८४
स समित्पाणिः पुनरेयाय	८	१०	३	३०५
स समित्पाणिः पुनरेयाय	८	११	२	३०८
स ह क्षत्तान्विष्य	४	१	७	१२१
स ह खादित्वातिशेषान्	१	१०	५	३६
स ह गौतमो राज्ञः	५	३	६	१६३
स ह द्वादशवर्ष उपेत्य	६	१	२	१९६
स ह पञ्चदशाहानि	६	७	२	२१७
स ह प्रातः संजिहानः	१	१०	६	३६
स ह व्याधिनानशितुम्	४	१०	३	१३६
स ह शिलकः	१	८	३	३०
स ह सम्पादयाञ्चकार	५	११	३	१८४
स ह हारिद्रुमतं गौतमम्	४	४	३	१२८
स हाशाथ हैनमुपससाद	६	७	४	२१८
स हेभ्यं कुल्माषान्खादन्तम्	१	१०	२	३५
स होवाच किं मेऽन्नम्	५	२	१	१५६
स होवाच किं मे वासः	५	२	२	१५७
स होवाच भगवन्तं वा	१	११	२	३९
स होवाच महात्मनः	४	३	६	१२५
स होवाच विजानाम्यहम्	४	१०	५	१३७
सा ह वागुच्चक्राम	५	१	८	१५३
सा हैनमुवाच नाहम्	४	४	२	१२८
सेयं देवतैक्षत	६	३	२	२०७
सैषा चतुष्पदा षड्विधा	३	१२	५	९४
सोऽधस्ताच्छकटस्य	४	१	८	१२१
सोऽहं भगवो मन्त्रविदेवास्मि	७	१	३	२४४
स्तेनो हिरण्यस्य सुराम्	५	१०	९	१८२
स्मरो वावाकाशाद्भूयः	७	१३	१	२६०
हꣳसस्ते पादं वक्तेति	४	७	१	१३२
हन्ताहमेतद्भगवतो वेदानीति	१	८	७	३२

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल काँगड़ी विश्वविद्यालय, हरिद्वार

वर्ग संख्या R 220 पटेल-द आगत संख्या 129357

पुस्तक विवरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित ३० वें दिन यह पुस्तक पुस्तकालय में वापस आ जानी चाहिए अन्यथा ५० पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा ।

R220,PAT-C
129357

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GURUKUL KANGRI LIBRARY

	Signature	Date
Access No.	[illegible]	8/6/13
Class No.		
Cat No.	[illegible]	10/7/13
Tag etc.		
E.A.R.		
Recomm. by.	DONATION	
Data Ent. by	[illegible]	10/6/13
Checked		



ગૌતમ વાડીલાલ પટેલ

(રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત)

જન્મ તારીખ : ૪-૮-૧૯૩૬

અધ્યયન

એમ.એ., પીએચ.ડી. (સંસ્કૃત)

અધ્યાપન

૩૭ વર્ષ સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ

સ્થાપક પ્રમુખ

સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ

પૂર્વ અધ્યક્ષ

સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય
સંસ્કૃત યુનિવર્સિટી રચના સમિતિ, ગુજરાત રાજ્ય
અખિલ ભારતીય સંસ્કૃત અકાદમી મહાસંમેલન, નવી દિલ્હી

સભ્ય

રાષ્ટ્રપતિના પ્રતિનિધિ - વિઝીટર્સ નોમિની, આસામ યુનિવર્સિટી, સિલ્ચર, આસામ
રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન, નવી દિલ્હી
કાર્યપરિષદ, શ્રી લાલબહાદૂર શાસ્ત્રી સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હી
પ્લાનીંગ કમિટી, શ્રી સાંદીપનિ રાષ્ટ્રિય વેદવિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈન, મ.પ્ર.
કાર્યકારિણી સમિતિ, મુમ્બાદેવી સંસ્કૃત પાઠશાળા, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ભારત

સભ્ય, એક્ઝીક્યૂટીવ અને એકેડેમિક કાઉન્સીલ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. વેરાવળ,
સભ્ય રાષ્ટ્રિય સંસ્કૃત પરિષદ, દિલ્હી

લેખક/સંપાદક કે સહસંપાદક : ૧૦૪ પુસ્તક

પ્રધાન સંપાદક : ૧૦૦ પુસ્તક

રેડિયો-ટી.વી. વાર્તાલાપ : ૨૦૦ થી વધુ

શોધપત્રો : ૧૦૦ થી વધુ

લેખો : ૩૦૦ થી વધુ

કટાર લેખક

ગુજરાત ટાઈમ્સ, ન્યૂયોર્ક, અમેરિકા

પૂર્વ કટાર લેખક

જનસત્તા, અમદાવાદ
ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ગુજરાતી આવૃત્તિ, અમદાવાદ

વિદેશ યાત્રા

નેપાળ, કેન્યા, આફ્રિકા, ઈટાલી, ઓસ્ટ્રિયા, નેધરલેન્ડ્ઝ, જર્મની, સ્વિત્ઝરલેન્ડ, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા

રસના વિષયો

વેદ, ઉપનિષદ, ભગવદ્ગીતા, ભાગવતપુરાણ, વાલ્મીકિ, વ્યાસ, ભાસ, કાલિદાસ, ભવભૂતિ, જગન્નાથ, આદિ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રકાર : નિર્મલા અને ગોપાલ પટેલ

સૌજન્ય :

દિપક પટેલ

U.S.A.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar